पुस्तक
५३ थी ५६

विविध ग्रंथमाळा

वर्ष ९ मुं
सं. १९७१

साचुं स्वर्ग.

લેખક:
વૈદ્ય અમૃતલાલ સુંદરજી પઢિયાર.

प्रकाशकः सस्तुं साहित्य वर्धक कार्यालय

સ્થળ -
મુંબઈ, ૨.

અને
અમદાવાદ.

विविध ग्रंथमाळाः पुस्तक ५३ थी ५६—वर्ष ५

સાચું સ્વર્ગ

લખનાર—

વૈદ્ય અમૃતલાલ સુંદરજી પઢિયાર

નિ૦ ચોરવાડ (કાઠિયાવાડ)

પ્રસિદ્ધ કર્તાઃ—

सस्तुं साहित्य वर्धक कार्यालय तरफथी

ભિક્ષુ—અખંડાનંદ, નિ૦ કાલબાદેવી—મુંબઈ.

આવૃત્તિ બીજી, પ્રત ૫૩૦૦—સં. ૧૯૭૧, ઈ. સ

મૂલ્ય—વાર્ષિક રૂ૦ ૦ાા

છૂટક એથ

અમદાવાદ

ધી "ડાયમંડ જ્યુબિલી" પ્રિન્ટીંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

વેદાન્તનો સર્વથી મહાન છતાં અતિ સરલ ગ્રંથ
રૂ. ૧૯) ને બદલે માત્ર ૬) માં ખરીદવાની ઉત્તમ તક

આદિકવિ શ્રી વાલ્મીકિ મુનિપ્રણીત

શ્રીમદ્ યોગવાસિષ્ઠ

મહારામાયણ-બે ભાગમાં.

મુંબઇની વેદધર્મસભા તરફથી આ ગ્રંથનું ઉત્તમ ભાષાંતર બે મ્હોટા ગ્રંથોના રૂપમાં વીશેક વર્ષપર રૂ. ૧૯) માં નીકળ્યું હતું, તેનીજ આ નવીન આવૃત્તિ તે સભાની પરવાનગીથી તેવાજ મ્હોટા ટાઇપમાં આ ખાતા તરફથી છપાતી હતી, તેનો પ્રથમ ભાગ બહાર પડી ચૂક્યો છે.

આ પ્રથમ ભાગમાં વૈરાગ્ય, મુમુક્ષુ, ઉત્પત્તિ, સ્થિતિ અને ઉપશમ, એ પાંચ પ્રકરણોનો સમાવેશ છે.

કદ—આ ગ્રંથમાળા કરતાં બેવડા કદનાં પૃષ્ઠ ૯૩૦નું થયું છે.

કાગળ—ગ્લેજ જાડા ૭૦ રતલી તથા છપાઈ પણ સુંદર છે.

વધારો—પ્રત્યેક શ્લોકના ભાષાંતરને અંતે તે તે શ્લોકના અંક, તેમજ કોઈ કોઈ શ્લોકનું રહી ગયેલું ભાષાંતર ઉમેરવામાં આવ્યું છે.

દસ્કત—આ લાઈનમાં છે તેવા મ્હોટા લેવામાં આવ્યા છે.

પૂઠાં—પાકાં સોનેરી કશાવવામાં આવ્યાં છે.

ઉપર પ્રમાણે છતાં આ ખાતાના સસ્તાપણાના ધોરણ મુજબ આ ભાગનું મૂલ્ય માત્ર રૂ. ૩) રાખ્યું છે. પ્રથમ વૈશાખ માસની આખર સુધીમાં મંગાવી લેનાર પાસે રૂ. ૦। કમી લેવાશે. પોષ્ટેજ ૦।ાે જૂદું. પૂરી કિંમત તથા રેલખર્ચના ૦।~ પ્રથમ મોકલી રેલ રસ્તે મંગાવનારને તેટલા જૂજ ખર્ચમાંજ આવશે. પ્રથમ નાણું મોકલ્યા સિવાય રેલ રસ્તે મોકલાશે નહિ.

બંને ભાગના માત્ર રૂ ૫, જ !

આ ગ્રંથનો બીજો ભાગ પણ આવતા શિયાળામાંજ બહાર પડનાર છે. તેનું કદ સુમારે ૧૧૫૦ પૃષ્ઠનું થઇ મૂલ્ય રૂ. ૩) પોષ્ટેજ ૦ાા રહેશે.

જેઓ અત્યારથીજ બંને ભાગના ગ્રાહક થશે તેમની પાસેથી હાલ પ્રથમ ભાગ સાથે રૂ. ૩) અને બીજા ભાગ સમયે રૂ. ૨) લેવાશે.

પોસ્ટ અગર રેલ્વે રસ્તે મંગાવનારે તેમજ બંને ભાગ ખરીદવા ઇચ્છનારે પણ મુંબઇ અને અમદાવાદના કાર્યાલય સાથેજ વ્યવહાર રાખવો.

માત્ર પહેલો ભાગ લેવા ઇચ્છનારને તે નીચે જણાવેલાં સ્થળોએ રૂ. ૩)થી અને પ્રથમ વૈશાખની આખર સુધી રૂ. ૨ાા થી મળી શકશે.

અમદાવાદ—**સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય** ઠે. સલાપોસરોડ,
,, **બુ. ઝવેરભાઈ ઉમેદભાઈ** ઠે. રીચીરોડ બાલાહનુમાન પાસે, તેમજ અન્ય સર્વ જાણીતા બુકસેલરો.
મુંબઈ— **સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય** ઠે. હાથી બિલ્ડીંગ, ભાંગવાડી કાલબાદેવી રોડ, **મુંબઈ નં. ૨**
,, બૉમ્બે સ્વદેશી સ્ટૉર્સ કું. લી. ઠે. બોરીબંદર.
,, એન. એમ. ત્રિપાઠીની કંપની ઠે. પ્રિન્સેસસ્ટ્રીટ.
,, અન્ય સર્વ જાણીતા બુકસેલરો.
સુરત— ચંદ્રપ્રકાશ ઑફીસ ઠે. ભાગાતળાવ.
ભરૂચ— બુ. દેશાઇ બ્રધર્સ. ઠે. કતોપોર દરવાજે.
વડોદરા— બુ. મોહનલાલ મનઃસુખરામ. ઠે. લહેરીપુરા.
નડીયાદ— ચુનીલાલ બોધાભાઇ. ઠે. અમદાવાદી બજાર.
ભાવનગર—બુ. અબદુલહુસેન આદમજી.
રાજકોટ— બુ. બેચર મેઘજી ઠે. પરાબજાર.

આ આખો ગ્રંથ અન્ય સ્થળેથી રૂ. ૧૦) માં પણ નીકળેલો છે; પરંતુ તેમાં લેવાયલા આ લખાણ જેવા ન્હાના ટાઇપ જોતાં તેથી દોઢા મ્હોટા ટાઇપવાળી આ આવૃત્તિનું મૂલ્ય કેટલું સસ્તું છે તે સ્પષ્ટજ છે.

રેલ્વેના ઉતારૂઓને ખાસ જાણવાયોગ્ય કેસ.

"રેલ્વેના મુસાફરો માટે એક ઘણો અગત્યનો મુકદમો થોડાક દિવસ ઉપર મદ્રાસ ઇલાકામાં ઉભો થયો હતો, જેનો ચુકાદો હમણાં આપવામાં આવ્યો છે. મદુરા જીલ્લાના એક ત્રીજા વર્ગના મુસાફરે ગાડીમાં બેસવા માટેની બેઠકો સઘળી ભરાઇ ગયેલી હોવાથી વધુ ઉતારૂઓને પેસવા દીધા નહોતા. આથી આ ઉતારૂઓએ તે બાબતની સ્ટેશન માસ્તરને ફરીયાદ કરી અને સ્ટેશન માસ્તરે કાયદો પોતાના હાથમાં લઇ આ મુસાફરને ગાડીમાંથી બહાર કઢાવી ફરીયાદ કરનારા ઉતારૂઓને ગાડીમાં જેમ તેમ કરી દાખલ કીધા. તે પછી સ્ટેશન માસ્તરે આ મુસાફરને મેજીસ્ટ્રેટ આગળ ઉભો કીધો અને મેજીસ્ટ્રેટે તેનો રૂ. ૨૫ નો દંડ કીધો હતો."

"પણ આ મુસાફર ત્રીજા વર્ગના મુસાફરોની માફક તદન બીકણુ નહોતો. તેણે આ મુકદમા સામે અપીલ કરી અને અપીલ સાંભળનાર જજે તુરતજ મેજીસ્ટ્રેટે કરેલી શિક્ષા રદ કીધી હતી. અપીલની સુનાવણી દરમ્યાન માલૂમ પડયું હતું કે જ્યારે આ મુસાફરે વધુ માણસો દાખલ થાય તે સામે વાંધો લીધો ત્યારે ટ્રેનમાં કાયદા કરતાં ૨૨૯ માણસો વધારે બેઠેલાં હતાં."

"હિંદની રેલ્વેઓની આવકનો ૯૦ ટકા જેટલો ફાળો ત્રીજા વર્ગના ઉતારૂઓ આપે છે, અને તેમ છતાં તે ઉતારૂઓને ટ્રેનમાં આટલી બધી અગવડોમાં કેમ ગખવામાં આવે છે તે સમજાતુ નથી. આ અગત્યના મુકદમાનું જે છેવટ આવ્યું છે તે ઉપરથી ત્રીજા વર્ગના મુસાફરો પણ પોતાના હક્કો સમજશે અને રેલ્વે સત્તાવાળાઓની આંખ ઉઘડશે કે રેલ્વેના કાયદાનો અમલ જેમ મુસાફરો કરવાને બંધાએલા છે, તેમ તેઓ પણ બંધાયલા છે."

જાણીતા દૈનિક પત્ર "**હિંદુસ્થાન**"ના એક અંકમાંથી ઉતારો.

નિવેદન

વિવિધ ગ્રંથમાળાના અંક ૫૩ થી ૫૬ તરીકે સાદર થતું 'સાચું સ્વર્ગ' જેમ આ માળાદ્વારા અત્યાર અગાઉ નીકળેલાં પુસ્તકો કરતાં કદમાં સર્વથી મ્હોટું છે, તેમ બાહ્ય દેખાવમાં પણ વિશેષ સુંદર જણાશે. ઉપયોગિતામાં પણ તે કેવું સરસ છે તે પ્રત્યેક વાંચક જાતેજ જોઇ શકશે. ગુર્જર વાંચક-સમાજને સામાજિક અને ભક્તિવિષયક 'સ્વર્ગ' નાં પુસ્તકો પોતાની સાદી અને સ્વાભાવિક છતાં સચોટ શૈલીમાં પૂરાં પાડીને પ્રસિદ્ધિમાં આવેલા વૈદ્ય અમૃતલાલ સુંદરજી પઢિયાર આ પુસ્તકના લેખક છે. આજથી શુમારે છ સાત વર્ષપર તેમણે કહાડેલી તેની પહેલી આવૃત્તિ વેચાઇ જવાથી હવે તેની પ્રત મળવી બંધ થનાર હતી. એક તો કેળવણીને અભાવે દેશમાં લખી વાંચી જાણનારજ થોડા; તેમાં વળી ઉત્તમ વાંચનના લાભ સમજનારા થોડા અને તેમને પણ દેશવ્યાપી ગરીબાઇનો અંતરાય નડે; એટલે પછી જે પુસ્તકની એક આવૃત્તિ ખપવામાંજ ૫ વર્ષ નીકળી જાય, તેની બીજી આવૃત્તિને દશ-પંદર કે વીશ વર્ષ વીતે એમાં નવાઇજ શી? આવા સંયોગમાં કરજ કરીને તેને છપાવવાનું કાર્ય તેના લેખકને માટે નિરાશાભરેલું નિવડી આવું ઉપકારક પુસ્તક જનવર્ગને સદાને માટે મળતું બંધ પડે એ દેખીતુંજ હતું; પરંતુ જનસમાજના સુભાગ્યયોગે એક ઉત્સાહી વ્યક્તિ સ્વેચ્છાથી નીકળી આવવાથી તેમ થતું અટક્યું, એટલુંજ નહિ પણ ઉલટું વધારે સારૂં પરિણામ આવ્યું છે. આ વ્યક્તિએ પોતાના આ પુસ્તક પ્રત્યેના અસામાન્ય સદ્‌ભાવ અને તેનો પ્રચાર અધિક થયેલો જોવાના ઉત્સાહને વશ થઇને આ પુસ્તક સાથે જોડાયલું તેના લેખકનું આર્થિક હિત પૂરૂં પાડવાનું માથે

લીધું અને આ ખાતાદ્વારા તે પુનઃ છપાવવાની ઇચ્છા જણાવી. પુસ્તકની ઉપયોગિતા આ લખનારની જાણમાંજ હોવાથી તેને 'બૃહદ્-ગ્રંથમાળા' દ્વારા છપાવવાનો વિચાર પ્રથમ તો આવ્યો; પણુ તેજ સમયે જિજ્ઞાસા સતેજ થવાને લીધે તે ગૃહસ્થને ત્યાંજ રાત્રિના ત્રીજા પ્રહર સુધી પુસ્તકનું પુનરાવલોકન કરી જોવામાં આવ્યું. પુસ્તકની ઉપયોગિતા આથી વધુ તાજી થતાં એમ લાગ્યું કે " આવું પુસ્તક 'બૃહદ્ ગ્રંથમાળા' માં નીકળી પાંચ સાત વર્ષે ખપી રહે તેના કરતાં 'વિવિધ ગ્રંથમાળા'માંજ પ્રકટ કર્યું હોય તો તે સત્વર અને બહોળા પ્રમાણુમાં પ્રચલિત થઇ જનસમાજના હક્કમાં અધિક હિતકર નીવડે, અને આ માળાનાં થોડાં ગ્રાહકોએ આ પુસ્તક પ્રથમ લીધેલું હશે તો પણ સેંકડે નેવું ગ્રાહકોને માટે તો તે નવુંજ થઈ પડશે." આમ વિચાર થવાથી વિવિધ ગ્રંથમાળા માટેની બીજી કેટલીક પસંદગી મુલ્તવી રાખીને તથા વિવિધતામાં થોડો ઘટાડો થવા દઇને પણ આ પુસ્તકને આ માળામાંજ સ્થાન આપવાનું વ્યાજબી ધારવામાં આવ્યું છે.

વાર્ષિક મૂલ્યના ધોરણે પોષ્ટેજ ખર્ચ બાદ કરતાં આ પુસ્તક વિવિધ ગ્રંથમાળાનાં ગ્રાહકોને માત્ર આઠ આનામાં અને પાકા પૂઠા સાથે બાર આનામાં પડી રહેશે, તે જોતાં આ પુસ્તકના લેખક પઢિયાર બંધુ પોતાનાં પુસ્તકો વધુ સસ્તા મૂલ્યે ફેલાય તેમ થવાની જે ભાવના વખતો વખત દર્શાવે છે તે પણ કેટલેક અંશે સફળ થયેલી જણાશે. પ્રથમના કરતાં ઉપલી કિંમત જો કે $\frac{1}{2}$ અને $\frac{1}{4}$ જેટલીજ છે; છતાં 'કેટલેક અંશે' એ શબ્દ વાપરવાનું કારણુ એટલુંજ કે દેશમાંનો ધનિક વર્ગ જો ઉત્તમ વાંચનના પ્રચારની ઉપકારતા સમજતો થઇ તે માર્ગે પોતાની ઉદારતાને વાળતાં શીખે, તો આવાં અને બીજાં અનેકવિધ ઉત્તમ પુસ્તકો અને માળાઓ હજી આથી પણ અર્ધા

કે ચોથા ભાગના મૂલ્યે તેઓ કહાડી—કૂહડાવી શકે તેમ છે; અને દેશના પ્રત્યેક ઘર અને ઝુંપડીમાં તેનો પ્રચાર કરી શકે તેમ છે.

ઉપર જણાવેલા સહાયક બંધુનું નામ તેમની નિષ્કામતાને માન આપીને અત્ર ન આપતાં એટલુંજ જણાવીશું કે તેઓ ગરીબ અવસ્થામાંથી પોતાની ઉત્તમ ગ્રહણશક્તિ અને ખંતવડે અભ્યાસમાં સર્વથી મોખરે રહી ગ્રેજ્યુએટ થઇ વિલાયત જઇ ત્યાંથી બેરીસ્ટરની પદવી મેળવીને તેમજ અર્થશાસ્ત્રના વિષયમાં સર્વથી ઉંચા નંબરે પાસ થઇને ગયા વર્ષમાંજ પાછા આવેલા છે. હાલ કલકત્તા યુનિવર્સિટીમાં તેઓ અર્થશાસ્ત્રના પ્રોફેસરની પદવી ધરાવવા ઉપરાંત મુંબઇ યુનિવર્સિટીમાં પરીક્ષક અને લેકચરર તરીકેનું કાર્ય પણ બજાવે છે. તેમની ઉક્ત ઉદારતા બદલ વાંચક વર્ગ તરફથી તેમજ આ ખાતા તરફથી તેમને ધન્યવાદ આપી ઇચ્છીશું કે તેમની લોકહિતની ભાવના અને ઉદારતા દિન પ્રતિદિન ખીલતી જઇ અનેક સત્કાર્યોમાં પરિણામ પામે; અને તેમનું જોઇને અન્ય સજ્જનો પોતાની ઉદારતાને આવા દેશકાળાનુકૂળ માર્ગોએ વાળતાં શીખે.

આ સંસ્થા તરફની બૃહદ્ ગ્રંથમાળાદ્વારા હાલમાં પ્રકટ થયેલ '**શ્રી યોગવાસિષ્ઠ મહારામાયણ**'નાં આ સાથે વહેંચાયલાં કાર્ડ તરફ તથા પુસ્તકની છેવટે કર્મવીર મહાત્મા ગોખલેના સ્વર્ગવાસ સંબંધે અપાયલા બે બોલ તેમજ ગ્રંથ સ્વીકારનો વિષય તથા ઉપયોગી જાહેર ખબરો તરફ વાંચક બંધુઓનું લક્ષ્ય ખેંચી ૐ તત્સત્ ॥

વિ. સં. ૧૯૭૧ ફાલ્ગુન.
માર્ચ ઇ. સ. ૧૯૧૫.

મંત્રી.

પ્રસ્તાવના

એક દોસ્તે પૂછ્યું કે, "આ પુસ્તકનું નામ શું?" ત્યારે મ્હેં કહ્યું કે, "સાચું સ્વર્ગ." એ સાંભળી તેણે કહ્યું કે, "ઓહો શું સાચું સ્વર્ગ! વાહરે વાહ! સાચું સ્વર્ગ! ત્યારે શું "ખોટું સ્વર્ગ" પણ થતું હશે?" મ્હેં કહ્યું કે, હા, ખોટું સ્વર્ગ પણ છે, અને આપણે સૌ હજુ સુધી ખોટા સ્વર્ગમાંજ પડેલાં છીએ. માટે સાચા સ્વર્ગમાં જવા સારૂ આપણે "સાચું સ્વર્ગ" વાંચવું જોઇએ.

એ સાંભળીને તેણે કહ્યું કે, "ખોટું સ્વર્ગ એટલે શું? ખોટું સ્વર્ગ વળી કેવું હોય?"

ત્યારે મ્હેં કહ્યું કે, ઉપનિષદ્‌માં કહ્યું છે કે, આ જગતમાં 'શ્રેય' અને 'પ્રેય' એવી બે વસ્તુ છે. તેમાં જેનાથી કલ્યાણ થાય તે શ્રેય કહેવાય છે, તે શ્રેયને હું સાચું સ્વર્ગ કહું છું; અને જે હમણાં વ્હાલું વ્હાલું લાગે પણ અંતે સારૂં હોય નહિ તે પ્રેય કહેવાય છે, એ પ્રેયને હું ખોટું સ્વર્ગ કહું છું. આપણે સૌ વધુ ભાગે હજુ સુધી એવાં ખોટાં સ્વર્ગમાંજ છીએ. જેમકેઃ—કૃપાળુ ઇશ્વરે આપણને જેટલી શક્તિ આપેલી છે તેટલી શક્તિ આપણે વાપરતા નથી, જેટલો પુરૂષાર્થ આપણે કરવો જોઇએ તેટલો પુરૂષાર્થ આપણે કરતા નથી અને જેટલું સામર્થ્ય આપણે મેળવી શકીએ તેટલું સામર્થ્ય આપણે મેળવતા નથી; પણ વિનાકારણ ઢીલાઢફ, પોચાપચ, ફીકાફચ અને નમાલા જેવા—નપુંસક જેવા રહીએ છીએ, અને તેમ છતાં એવી અપૂર્ણ સ્થિતિ આપણને ગમ્યા કરે છે, ને છેવટ સુધી એમાંજ પડ્યા રહીએ છીએ, એનું નામ ખોટું સ્વર્ગ છે. હવે દિન પ્રતિદિન સૌ લોકોને વધારે ચોખ્ખું સત્ય સમજાતું જાય છે, સત્યધર્મ સમજાતો

જાય છે, અને પોતાનું કર્તવ્ય સમજાતું જાય છે, છતાં પણ કાંઇ કાંઇ બ્હાનાં કહાડીને આપણા આત્માને નથી ગમતી તેવી બાબતોને આપણે વળગી રહીએ છીએ, અને આપણા કેટલીક જાતના બૂરા રિવાજોના તથા આપણી કેટલીક જાતની ખોટી ટેવોના કપોલકલ્પિત બચાવ કર્યા કરીએ છીએ, તથા પોલમપોલમાંજ પડ્યા રહીએ છીએ, ને એવી સ્થિતિનાં વખાણ કર્યા કરીએ છીએ, એનું નામ ખોટું સ્વર્ગ છે. હાલના વખતમાં બેસુમાર પાપ કરીને અને અતિશય હાય વૉય કરીને માણસો ધન મેળવે છે, અને તેમ છતાં પોતે મહામહેનતથી મેળવેલાં ધનનો લાભ લીધાવિના—પરમાર્થ કર્યાવિના ધોબીના કાંકરાની પેઠે એ ધનને તીજોરીમાં ભરી રાખે છે, અને પોતે જીવતા હોય ત્યારે પોતાને જે સગાંઓનાં મ્હોડાં જોવાં પણ ન ગમતાં હોય તેઓને મોજ કરાવવા સારૂ અહીં ધન મૂકીને પોતે ખાલી હાથે નરકમાં ચાલ્યા જાય છે, અને તેમ છતાં પોતાના મનમાં ગમે તેવા લોચા વાળીને એવી સ્થિતિ પસંદ કર્યા કરે છે, અને એમાં ને એમાંજ ઘણા માણસો પડ્યા રહે છે, એનું નામ ખોટું સ્વર્ગ છે. આપણા દેશને માટે, આપણા ધર્મને માટે, આપણા બંધુઓને માટે, આપણી બ્હેનોને માટે, આપણા રાજ્યને માટે અને આપણા આત્માને માટે આપણને હજુ ઘણુંએ કરવાનું છે, અને ઘણુંએ કરી શકીએ તેમ છીએ, છતાં પણ એ બધી બાબતો માટે આપણે કાંઈપણ ખાસ દરકાર રાખતા નથી, પણ ઉલટા ક્યારેક ક્યારેક એ બાબતોમાં આડા પડીએ છીએ, એટલુંજ નહિ પણ આપણે પોતે તો એવાં કાંઇ સારાં કામો નથી કરી શકતા, પણ જે ભલાં માણસો એવાં સારાં કામો કરતાં હોય તેઓની ઉપર પણ કાંઇક કાંઇક પથરા ફેંકીએ છીએ તથા દૂધમાંથી પોરા કાઢવા જેવું કર્યા કરીએ છીએ, અને તેમ છતાં એમાં ડહાપણ ને મ્હોટાઇ સમજ્યાં કરીએ છીએ, ને એમ કરવું એ

આપણને સારૂં સારૂં લાગ્યા કરે છે, એનું નામ ખોટું સ્વર્ગ છે. આપણે આપણા મનના ફાંટાઓની ગુલામગીરી કરવા સારૂ નમાલા રહી જઇએ છીએ, આપણા નજીવા નજીવા સ્વાર્થ સારૂ કરીને આપણે આપણું અખૂટ સામર્થ્ય ગુમાવી નાખી ભિખારી જેવા બની જઇએ છીએ, આપણી મૂર્ખાઇઓને ખાતર આપણે જગતને આગળ વધતું અટકાવીએ છીએ, આપણી ટેવો, આપણા રિવાજો અને આપણા આસપાસના સંજોગોને વળગી રહેવા સારૂ આપણે પોલમપોલ ચલાવીએ છીએ તથા આપણા હલકી જાતના ઉપરછરા મોજ—શોખ સારૂ કરીને આપણે સાચું સ્વર્ગ ગુમાવી નાખીએ છીએ, અને તેમ છતાં એ બધી ખરાબીઓ આપણને ગમ્યા કરે છે, એનું નામ ખોટું સ્વર્ગ છે. આવી ઘણીએ રીતે સેંકડો બાબતોમાં આપણે ખોટા સ્વર્ગમાંજ છીએ, માટે એમાંથી છુટવાના રસ્તા બતાવવા સારૂ પવિત્ર પ્રાચીન ઋષિયોના મહાસિદ્ધાંતો પ્રમાણે શ્રેયને હૃદયમાં રાખીને તથા નજર આગળ રાખીને આ સાચું સ્વર્ગ લખેલું છે. તેમાં મુખ્ય બાબતો એજ છે કેઃ—

માણસો અજ્ઞાનપણામાંથી છુટીને જ્ઞાનના આનંદો ભોગવે તેનું નામ સાચું સ્વર્ગ છે. પોતાનાં તથા પોતાના ભાઇબંધોનાં દુઃખો દૂર કરવાનાં કામોમાં માણસો પોતાની ચાલુ જીંદગી ગાળતાં શીખે તેનું નામ સાચું સ્વર્ગ છે. ધર્મની કપોલકલ્પિત જાળમાંથી છુટી માણસો સત્યધર્મ પાળતાં શીખે તેનું નામ સાચું સ્વર્ગ છે. પોતાના હૃદયની ઉત્તમ લાગણીઓને ખૂબ ખીલવવી તેનું નામ સાચું સ્વર્ગ છે. પોતાના દેશને અર્થે પોતાના સ્વાર્થનો ભોગ આપવો અને જરૂર પડે તો પોતાનાં માથાં આપવાં એનું નામ સાચું સ્વર્ગ છે. પોતાના દુઃખી ભાઇબંધોની સેવા કરવી એ દેવ પૂજવા બરાબર છે, એમ સમજવું ને એ પ્રમાણે વર્તવું, તેનું નામ સાચું સ્વર્ગ છે. દેશનાં

કલ્યાણનાં કોઇપણ ભલાં કામોમાં આગેવાનીથી ભાગ લેવો, તથા તેમાં પોતાનાથી જે જાતની બની શકે તે જાતની ખૂબ મદદ કરવી, તેનું નામ સાચું સ્વર્ગ છે. આપણા ઘરસંસારિક રિવાજોમાં, આપણાં રાજ્યોની રાજનીતિમાં, આપણા ધર્મોની ક્રિયાઓમાં અને આપણા આચાર–વિચારમાં જે સ્વાર્થીપણું, જે લેભાગુપણું, જે ગુલામગીરીપણું અને જે પોલમપોલપણું ઘુસી ગયું છે, તે બધાંને કાઢી નાખવાની ખૂબ તજવીજ કરવી, તેનું નામ સાચું સ્વર્ગ છે. માણસો પોતાના આત્માનું બળ સમજે અને પોતાનાં જોર ઉપર ઉભાં રહેતાં શીખે એવાં તેઓને બનાવવાં, તેનું નામ સાચું સ્વર્ગ છે; અને ભવિષ્યની પ્રજા માટે ઊંચી જાતનો વારસો મૂકી જવો તથા આખા દેશનાં બાળકોના હૃદયમાં ઉત્તમ પ્રકારનાં સંસ્કારવાળાં બી રોપવાં, એનું નામ સાચું સ્વર્ગ છે. ટુંકામાં એજ કે, દરેક માણસ પોતાનું કર્તવ્ય બજાવતાં શીખે અને સમસ્ત પ્રજામાં નવુંજીવન આવી જાય તેને હું સાચું સ્વર્ગ સમજું છું. આપણા દેશમાં એ જાતની લાગણીઓ જાગે, આપણા બંધુઓને એ જાતના રસ્તાઓ મળે તથા લાયક માણસો એ જાતનાં કામો કરી શકે એવું આ પુસ્તક લખેલું છે; માટે એનું નામ "સાચું સ્વર્ગ" પાડેલું છે.

મને ઘણાએ વિદ્વાન બંધુઓ કહે છે કે, "તમારાં પુસ્તકો બહુજ ઉપયોગી છે, અને તે બહુજ સારી અસર કરી શકે છે, કારણ કે તમારી લખવાની શૈલી ભભકભરેલી છે, તમારી ભાષા નાનાં બાળકો ને બૈરાંઓ પણ સમજી શકે તેવી બહુજ સ્હેલી છે, તમારી શબ્દરચના બહુ સારી છે, તમારાં દ્રષ્ટાંતો સૌને ગમી જાય તેવાં છે, અને તે ઉપરાઉપર એટલાં બધાં હોય છે કે સામા માણસ ઉપર તેની છાપ બેઠાવિના રહેજ નહિ, તમારા વિચારો ઉત્તમ છે, તેમાં કેટલાક નવા ને કેટલાક પ્રાચીન ઋષિયોના વખતના

છે, પણ એ બન્ને જાતના વિચારોને હાલના જમાનાની ફેશન પ્રમાણે તમે બહુ સારી રીતે ગોઠવી શકો છો, બીજા ઘણાઓના કરતાં તમે કાંઇક નવું નવું ને સ્હેલાઇથી બની શકે એવું કહો છો, તમારાં લખાણોમાં સ્વદેશપ્રેમ વહ્યા કરે છે, ભ્રાતૃભાવ ઉભરાયા કરે છે, આત્માની સ્વતંત્રતા ઝળક્યા કરે છે, નીતિ-ધર્મનો પ્રવાહ ચાલ્યો આવે છે, અને સૌને ગમી જાય એવું કાંઇક અંદરથી ચાલ્યું આવતું હોય એમ લાગ્યા કરે છે. બેશક, તમે આપણા બંધુઓને સારૂં તથા સસ્તું વાંચન આપીને તેઓને આગળ વધારવામાં કાંઇક મદદ કરો છો, અને ગરીબીમાં રહીને પણ આવી રીતે દેશની સેવા કર્યા કરો છો, એ બહુ ખુશીની વાત છે;" આમ કહેવાની સાથે કોઇ કોઇ મિત્રો એમ પણ કહે છે કે, "આટલું બધું છતાં પણ તમારી ભાષા બહુ ગામડી બની જાય છે, તેથી કોઇ કોઇ વિદ્વાનોને એ ભાષા ગમતી નથી, માટે જો તમે ઉંચી જાતની ભાષામાં લખો તો તમારા ગ્રંથો વિદ્વાનો પણ વાંચે." આ બાબતના ખુલાસામાં મ્હારે કહેવું જોઇએ કે, હું પોતે કાંઇ પંડિત હોવાનો દાવો કરતો નથી અને હું કાંઈ વિદ્વાનો માટે પુસ્તકો લખતો નથી, પણ હું તો મ્હારા જેવા સાધારણ જ્ઞાનવાળા મ્હારા બંધુઓ માટે તથા ખાસ કરીને ગામડાના અભણ લોકો તથા અજ્ઞાન બાઇઓ માટે પુસ્તકો લખું છું; કારણ કે વસ્તી ગણત્રી પ્રમાણે આપણા દેશમાં હજી માત્ર સેંકડે ત્રણ માણસો ભણેલાં છે, ને સત્તાણું માણસો અભણ છે, એ સત્તાણું અભણ માણસો માટે હું કામ કરૂં છું. હું કાંઇ થોડાક વિદ્વાનોને વંચાવવા સારૂ મ્હારાં પુસ્તકો લખતો નથી, કારણ કે હું એમ સમજું છું કે, વિદ્વાનોને માટે તો ઘણાંએ મેદાનો પડેલાં છે, જેમકેઃ—અંગ્રેજી ભણેલા ગ્રેજ્યુએટોને અંગ્રેજીમાંથી જોઇએ એટલો ખજાનો મળી શકે તેમ છે, સંસ્કૃત ભણેલા પંડિતો માટે પણ જ્ઞાનના

મ્હોટા ભંડારો ભરેલા છે, અને ફારસી, બંગાલી, જેપાનીઝ કે એવીજ બીજી કોઇ ભાષા જાણવાવાળા વિદ્વાનો માટે પણ જ્ઞાન મેળવવાનાં ઘણાંએ પુસ્તકો છે, પણ ગુજરાત–કાઠિયાવાડના અભણ ગરીબ ગામડીયા લોકો માટે તે લોકો સમજી શકે ને સુધરી શકે એવાં પુસ્તકો બહુજ થોડાં છે, માટે હું તો મ્હારાં એવાં ભાઇબ્હેનો સારૂ ગ્રંથો લખું છું; એટલે મ્હારી ઇચ્છા એવી છે કે જેમ બને તેમ ઉંચામાં ઉંચા વિચારોને સ્હેલામાં સ્હેલી ભાષામાં લખવા. આવો નિયમ રાખેલો હોવાથી મ્હારી ભાષા ગામઠી થઇ જાય એમાં કાંઇ નવાઇ નથી. પણ ગામઠી ભાષા હશે ત્યારેજ ગામડીયા લોકો તેનો લાભ લઇ શકશે; શાસ્ત્રીય ભાષા કાંઇ હાલમાં એ લોકોને કામની નથી. એ સોમાંના સત્તાણું બંધુઓને ખાતર હું ખાસ ચાહીને ગામઠી ભાષા લખું છું, કારણ કે કઠણ ભાષા લખવી એમાં કાંઇ મુશ્કેલી નથી, પણ સ્હેલી ભાષા લખવી એજ મુશ્કેલી છે, માટે હું તો સૌ લેખકોને એજ ભલામણ કરૂં છું કે, તમારાં પુસ્તકો બહુ લોકોમાં વંચાય તો સારૂં, એમ જો તમારી ઇચ્છા હોય અને પાછળ પડી ગએલા આપણા ગરીબ અભણ ગામડીયા બંધુઓને મદદ કરવાની તમારી ઇચ્છા હોય તો જેમ બને તેમ એ લોકો સમજી શકે તેવી સ્હેલામાં સ્હેલી ભાષામાં તમારે તમારા વિચારો બહાર પાડવા જોઇએ. તોજ તમારાં લખાણો વધારે ઉપયોગી થઇ શકશે.

આ કિંમતી પુસ્તક છપાવવામાં ભાવનગરના માનવંત દીવાન સાહેબ રા. રા. પ્રભાશંકર દલપતરામ પટ્ટણી સાહેબે મને બહુ સારી મદદ આપેલી છે, માટે તેઓ સાહેબનો માનપૂર્વક ઉપકાર માનું છું. એ સિવાય બીજા એક બહુજ સદ્‌ગુણી સદ્‌ગૃહસ્થે આ પુસ્તક છપાવવામાં મને બહુજ મ્હોટી મદદ કરેલી છે, ટુંકામાં એજ કે, જો એમની વખતસર મદદ ન મળી હોત તો હું આ વખતે આ પુસ્તક

બહાર પાડી શકત નહિ, માટે તે સદ્‌ગુણી બંધુનો સ્નેહપૂર્વક ઉપકાર માનું છું. તેમનું નામ જાહેર કરવાથી મને બહુ આનંદ થાત, પણ તે ભલાઇના નમુનારૂપ સદ્‌ગૃહસ્થ બંધુની ઇચ્છા એવી છે કે મ્હારે તેમનું નામ જાહેર કરવું નહિ, કારણ કે તેમને એવી જાતનાં બહારનાં નામની ઇચ્છા નથી, બહારનાં નામ કરતાં તેઓ પોતાના અંતઃકરણના સંતોષને વધારે કિંમતી સમજે છે, માટે તેમનું નામ જાહેરમાં મૂકી શકતો નથી.

છેવટે પરમદયાળુ મહાન ઇશ્વિર પ્રત્યે મ્હારી એજ પ્રાર્થના છે કે, હે પિતા ! આવી જાતનાં કાંઇક નવી ફેશનવાળાં, નવી ભભકવાળાં, કર્તવ્ય સમજાવનારાં, આત્મિક સાૈન્દર્યવાળાં, સ્વદેશપ્રેમવાળાં ને સ્વતંત્રતા સમજાવનારાં પુસ્તકો અમારા દેશમાં વધે તથા અમારાં ભાઇ બ્હેનો તેનો ખૂબ લાભ લે તેમ કર, અને એમાં હું પણ કાંઇક સેવા કરી શકું એવી કૃપા કર.

મુંબઇ, હનુમાનગલી.
તારીખ ૧૬-૩-૧૯૦૭.

વૈદ્ય અમૃતલાલ સુંદરજી પઢીયાર
ચોરવાડકર.

અનુક્રમણિકા

બાબત	પૃષ્ઠ

બાબત **પૃષ્ઠ**

ॐ

સાચું સ્વર્ગ.

સુખ ક્યાં છે?

પંડિતજી ને માસ્તર બેઠા બેઠા આડી અવળી વાતો કરતા હતા અને હું એક ચોક્કસ વિચારમાં બેઠેલી હતી, એટલામાં મહારાજે આવીને પૂછ્યું કે, કેમ બેટી, શું વિચાર કરે છે?

મ્હેં કહ્યું:–મહારાજ! હું રોઉં છું.

મહારાજે જરા અજબ થઇને પૂછ્યું:–શા માટે?

મ્હેં કહ્યું:–સુખને માટે.

મહારાજે કહ્યું:–એવી મૂર્ખાઇ તને કોણે શીખવી? શું રોવાથી સુખ થાય છે? જો એમ હોય તો હું પણ ત્હારી સાથે રોવા લાગું!

મ્હેં કહ્યું:–મહારાજ! હું શું કરૂં? સુખને માટે હું બહુ બહુ રખડી, ઘણા વિષયો ભોગવ્યા, ઘણાં તીર્થો કર્યાં, ઘણા પંડિતોને મળી, ઘણાં પુસ્તકો વાંચ્યાં અને ઘણીએ ઉપરછલી ભક્તિ કરી; પણ ક્યાંઇ મ્હારા આત્માને શાંતિ મળતી નથી, એટલે એની મેળે મેળે રોવું આવી જાય છે.

મહારાજે કહ્યું:–બેટી, સ્વાર્થમાટે રોઇને કોણે સુખ મેળવ્યું છે? જો સાચું સુખ મેળવવું હોય તો પોતાનું પોતાપણું ભૂલી જઇને બીજાંઓને માટે રોવું જોઇએ.

મ્હેં કહ્યું:–મહારાજ! એ કેમ બની શકે? બીજાંઓને માટે

રોવું કેમ આવી શકે? અને કદી બીજાંઓને માટે જરાતરા લાગણી થાય તોપણ પોતાનું પોતાપણું કેમ ભૂલી શકાય?

મહારાજે કહ્યું:—બેટી, જ્યાંસુધી એમ ન થાય ત્યાંસુધી "સાચું સ્વર્ગ" મેળવી શકાતું નથી. જો તને સાચું સુખ જોઈતું હોય તો ત્હારા સ્વાર્થને છોડી પરમાર્થને માટે રો.

મ્હેં કહ્યું:—હજી મ્હારા અંતરની ઇચ્છાઓ પાર પડી નથી તેથી હું પોતેજ રોઉંછું, અને મ્હારાજ સુખને માટે લોભણી બની બીજાંઓની પાસે કાંઈ કાંઈ ભીખ માગુંછું, ત્યારે હું બીજાંઓને કેમ સુખી કરી શકું? હું શું પરમાર્થ કરી શકું? અને હું કોઇને માટે શી રીતે રોઈ શકું?

આપણા દેશમાં તો રોવાનુંજ છે.

મહારાજે કહ્યું:—તું કોને માટે રોઈ શકે! બેટી, આપણા દેશમાં તો રોવાનુંજ છે, હસવાનું છે જ ક્યાં? જો તને સાચું સુખ જોઇતું હોય તો આપણા દેશની દરિદ્રતા માટે રો. આપણા ભાઈબંધોની રોજ રોજ અતિશય પાયમાલી થતી જાય છે તેને માટે રો. આપણી પ્રજા દિન–પ્રતિદિન નિર્બળ થતી જાયછે તેને માટે રો. આપણા બંધુઓમાં ધર્મને નામે જે હજારો વ્હેમો ઘુસી ગયા છે તેને માટે રો. આપણે ધંધા–રોજગાર વિનાના અને કર્ત્તવ્યભ્રષ્ટ થતા જઇએ છીએ તેને માટે રો. આપણી દુઃખીયારી વિધવાબ્હેનો પોતાની જીંદગી માત્ર આંસુ પાડવામાંજ કાઢે છે તેઓને માટે રો. આપણી જમીનના રસકસ રોજ રોજ ઓછા થતા જાય છે તેને માટે રો. આપણા લોકોમાં હલકી જાતના શોખ વધતા જાય છે અને તે પૂરા કરવા માટે પ્રજામાં ગુન્હાઓ વધતા જાય છે તેને માટે રો. આપણા દેશમાં ગરીબાઇને લીધે સગવડતા નહિ સચવાવાથી નવી નવી જાતના રોગ વધતા જાય છે તેને માટે રો. આપણા

બંધુઓ પરધર્મમાં વટલી જઇને પાછા આપણાજ ધર્મના દુશ્મનો બને છે તેને માટે રો. કામ કરી શકે તેવાં મજબૂત માણસોને પણ મજુરી મળી શકતી નથી, તેથી તેઓને દરિદ્રતામાં સબડવું પડે છે, તેને માટે રો. નિરાધાર રખડતાં બાળકો આશ્રય વિના જાહેર રસ્તાઓપર પડ્યાં પડ્યાં મરી જાય છે તેને માટે રો. આપણાં સુખ માટે રાજ્ય તરફની જે કેટલીક બેદરકારી છે તેને માટે રો. આપણા ઘણા શ્રીમંતોના ભેજામાં બહુ કાળ થયા જે ભુંસું ભરાઈ ગયું છે તેને માટે રો. મોજ–શોખમાં પડેલા, કર્ત્તવ્યહીન, નમાલા, પૂતળાં જેવા આપણા કેટલાક દેશીરાજાઓને માટે રો. આપણા ધર્મગુરૂઓ તથા આપણા શાસ્ત્રીઓમાં જે અંધશ્રદ્ધા બેસી ગયેલી છે તેને માટે રો. આપણી જૂદી જૂદી નાતોમાં કુસંપની જે હોળીઓ સળગે છે તેને માટે રો. આપણા દેશમાં જે બેસુમાર નાહકના ધરાર ભીખારીઓ પડેલા છે તેને માટે રો. જે ખરેખરા લાચારો છે તેઓની બહુજ બૂરી હાલત છે તેને માટે રો. વિદ્વાનોની, નવિન શોધકોની કે ગુણીઓની કદર થતી તથી તેને માટે રો; અને જો સાચું સુખ મેળવવું હોય તો આપણો પવિત્ર સનાતન આર્યધર્મ કે જે દિન પ્રતિદિન ઢીલો પડતો જાય છે તેને માટે રો. જો એવું રોતાં આવડે તો સાચું સુખ મેળવી શકીશ. એ વિના–એવી રીતે દેશને અર્થે રોયા વિના–કાંઇ સાચું સ્વર્ગ મેળવી શકાય નહિ. કેમ પંડિતજી! તમારો શું વિચાર છે?

હું ને મ્હારી વહુ ને એમાં આવ્યું સહુ!

પંડિતજીએ કહ્યું:—એ બધી વાત સાચી, પણ એમાં આપણે શું કરી શકીએ? નગારખાનામાં તુતીનો અવાજ કોણ સાંભળે? જ્યાં આભ ફાટયો છે ત્યાં થીગડું કેવી રીતે દઈ શકાય? મ્હારો ભાઈ

આજે બે બે વરસ થયા નોકરી–ચાકરી વિના રખડે છે, પણ તેનો તો હજી ક્યાંઈ પત્તો લાગતો નથી ને હું મુલકની ફિકર કરવા તે ક્યાં જાઉં? મ્હારા ઘરવાળી તો હજી સુધરી નથી ને હું જગતને સુધારવા તે ક્યાં જાઉં? મ્હારાં છોકરાંઓ હજી ફળીયામાં નાગાં ફરે છે ને ધૂળે રમે છે તેની કેળવણી માટે તો હું હજી કાંઈ કરી શકતો નથી ને બીજાંઓના ગુન્હા અટકાવવા તે હું ક્યાં જાઉં? મ્હારો સાળો વેપાર માટે જંગબાર ગયો હતો તે સારૂ તેને નાત બહાર મૂકેલો છે, તેને નાતમાં લેવા માટે નાત પાસે હું પાઘડી ઉતારીને પગે લાગું છું, ને પટેલીયાઓને ઘેરે ધક્કા ખાઈખાઇને મ્હારા જોડા પણ ફાટી ગયા, છતાં હજી તેનું સમાધાન થતું નથી ને એટલામાં વળી હું નાતોના જુલમ તોડવા સારૂ નાત સાથે લડવા તે ક્યાં જાઉં? જો કોઈ નાતીલો જાણે કે આ અમારી વિરૂદ્ધનું બોલે છે તો મ્હારા બારજ વાગેને! ઉલટું કામ માર્યું જાય. મ્હારા બાપ ઘરડું માણસ, અમે તો જાણીએ કે એ હવે નિરાંતે ઘેરે બેઠા બેઠા રોટલા ખાય તો સારૂં, પણ એનો જીવ રહે નહિ, તેથી દરરોજ ગામમાં માગવા ગયા વિના રહે નહિ અને હું ભીખ બંધ કરવાની વાતો કરૂં તે કેમ પાલવે? અને તમો કહો છો કે શ્રીમંતોના ભેજામાં ભુંસું ભરાઇ ગયું છે તે કાઢો, પણ મહારાજ! તમને કાંઈ ખબર છે? અમારે તો એ અક્કલના ઓથ-મીરો સાથેજ કામ છે, એટલે અમારાથી કાંઇ તેનું નામ લેવાય નહિ. જુઓ, હમણાંજ એક શેઠીયાને ત્યાં ભાગવતની કથા થવાની છે, તેમાં રૂપિયા બે હજારનો બંદાને તડાકો પડશે. હવે એ માણસ સાવ માંડી-વાળેલ પાનીયું છે, પણ મ્હારાથી કાંઇ ચું કે ચાં બોલાય તેમ છે? જો બોલું તો બાર વાગી જાય; માટે અમારાથી કાંઈ થાય નહિ. અમારા પગ નીચે આગ બળે છે તે નથી હોલવાતી ને લંકા હોલ-વવા તે હું ક્યાં જાઉં? "કાજી દુબળા કયું કે સારા શહેરકી ફિકર"

એવું કાંઈ આપણાથી બને નહિ. અમારૂં તો “ હું ને મ્હારી વહુ ને એમાં આવ્યું સહુ ” એવું ખાતું છે.

પંડિતજીનું સુખ.

પંડિતજીની આ વાતો સાંભળીને મહારાજે કહ્યું:—પંડિતજી, એમાં તમે નવું શું કહ્યું ? એવી સંસારી રગડાની વાતો તો સૌ જાણે છે; અમો તો તમારી તરફથી કંઇક નવું જાણવાની ઇચ્છા રાખીએ છીએ. હું તો જાણું કે તમે કાંઇક ધર્મનું છુટાપણું વધારે સારી રીતે સમજાવશો, અને પરમાર્થમાંજ ખરૂં સુખ છે, એમ સાબીત કરશો. એવી આશાથી મ્હેં તમારો અભિપ્રાય પૂછ્યો હતો.

પંડિતજીએ કહ્યું:–મહારાજ ! ધર્મના છુટાપણાની આશા અમારી તરફથી કદી પણ રાખવીજ નહિ. અમે તો ધરાર છુટાપણાના દુસ્મનોજ છીએ ! અમારી મ્હોતેર પેઢીમાંથી કોઇએ પણ છુટાપણાના વિચાર કીધા છે કે અમે કરીએ ? મા બાપ, એ વાત તો બોલશોજ માં. જો અમે એમ કરીએ તો તો અમારા સાવ બારજ વાગી જાય. હમણાથીજ અમે ત્રાંબીયાના તેર તો થઈ ગયા છીએ, ત્યારે લોકો ધર્મના છુટાપણામાં સમજે તો પછી અમારો ભાવ કોણ પૂછે ? માટે ભૂલ્યે ચૂક્યે પણ તમારે એ વાત તો નજ કાઢવી. એમાં તો અમે ધરાર વિરૂદ્ધ પડશું. પરમાર્થની બાબત ઠીક છે, એમાં તમને જરાક ટેકો આપીશું. પણ તેમાં પણ એટલી સરત કે જો અમારૂં કામ થતું હોય તો–અમારે ઘેરે સીધાં આવે તેમ હોય તો–કબૂલ છે; પણ જો તમે સાર્વજનિક ઉદારતાની વાતો કરો તો તે અમને કબૂલ નથી. અને તેમાં પણ તમે અમને પણ એમ કહો કે તમારે પણ કાંઇક કરવું જોઇએ, તો તે અમને જરાય પણ કબૂલ નથી; કારણ કે અમને તો વંશ–પરંપરાથી લેવાનોજ અભ્યાસ છે, આપવાની ખબરજ કોને છે ? અમારે

ઘેરે કોઈ બાવો કે ભીખારી ચપટી લોટ માગવા આવે તો મ્હારી દાદી તેને ધમકાવીને કહેતાં કે, "ચાલ્યો જા અહીંથી, જોતો નથી કે આ બ્રાહ્મણનું ઘર છે!" અને જો કોઈ સીધુ આપવા આવે તો તુરત ઉઠીને બારણાં સુધી સામાં જઇને કહેતાં કે, આવો આવો, અમે તો તમારા ગોર છીએ. તમારી મા તો અમારી બહુ ખબર રાખતાં ને તમે તો હવે મોટાં માણસ થઈ ગયાં. આવી રીતે અર્ધું સાચું અને અર્ધું ખોટું અષ્ટમપષ્ટમ બોલી સીધા ઉપર કાંઈ દક્ષણા મૂકાવે ત્યારે તેનો પલ્લો છોડતાં. આવી રીતના સંસ્કારો અમારામાં નાનપણથીજ નહિ પણ ગર્ભમાંથીજ બેસી ગયેલા છે, એટલે મહારાજ! અમારૂં સુખ તો જ્યાં ત્યાંથી હથેરી લેવામાં છે; અમારૂં સુખ કાંઇ આપી દેવામાં નથી. ખાલી તમારી પાસે ખોટી વાતો કરીએ ને હાએ હા કહીએ તેમાં શું વળે? આપવું પડે ત્યારે તો અમારે ને મ્હોતને ત્રણ તસુનું છેટું રહે. જો મને ખરૂં પુછો તો મ્હારૂં સુખ તો કાંઇક બીજુંજ છે. તમારી પેઠે "ઘર બાળીને તીરથ કરવામાં" કાંઇ મ્હારૂં સુખ નથી; તમારી પેઠે "પાડોશીને આટો આપો ને ઘરનાં ચાટે ઘંટી" એમ કરવામાં કાંઈ મ્હારૂં સુખ નથી; અને તમારી પેઠે જે આપણાં નથી તેને આપણાં ગણી કલ્પના સાથે રમ્યા કરવામાં કાંઈ મ્હારૂં ખરૂં સુખ નથી; પણ મ્હારૂં ખરૂં સુખ તો નાણાંમાં છે. રોજ ખાતાં પીતાં રૂપિયો આઠઆના જો પેટીમાં મૂકું તો જીવને નિરાંત વળે. તમારી પેઠે ભીખારીઓને અપાવવામાં મ્હારો દહાડો વળે નહિ. મ્હારૂં ખરૂં સુખ તો મ્હારી બાઇડીને રાજી રાખવામાં છે, કાંઇ અમલદારોની ભૂલો પકડવામાં નથી. મ્હારૂં સુખ તો મ્હારાં છોકરાંઓનાં સારે ઠેકાણે ધામધૂમથી લગન કરવામાં છે, કાંઈ ખેડુતોને મદદ કરવામાં નથી. મ્હારૂં સુખ તો મ્હારી કથા વંચાય, મને ખૂબ દોઢીયાં મળે ને ગામમાં મ્હારી બહુ વાહ વાહ થાય તેમાં છે, કાંઇ ધર્મગુરૂઓની સામે

થવામાં નથી. મ્હારૂં ખરૂં સુખ તો હું પાંચ માણસમાં પૂજાઉં ને ઘણા લોકો મ્હારૂં કહ્યું કરે તેમાં છે, કાંઈ બીજા ગરીબોની સેવા કરૂં તેમાં નથી. મ્હારૂં ખરૂં સુખ તો રોજ મનગમતાં પરબારાં મીષ્ટાન મળે તેમાં છે, કાંઈ વિદ્વાનોનું સન્માન કરવામાં નથી. મ્હારૂં ખરૂં સુખ તો મ્હારા સમોવડીયા શાસ્ત્રીઓને હરાવવામાં છે, કાંઈ પરદેશના રોગીયોની ફિકર કરવામાં નથી; અને મ્હારૂં ખરૂં સુખ તો એકાંતમાં તેજુરી ઉઘાડીને વારે વારે રૂપિયાની થેલી ગણવામાં છે, કાંઈ હિંદુસ્તાનને નામે હાય–વોય કરવામાં નથી. 'મ્હારો દેશ ને મ્હારા બંધુઓ' એમ કરવામાં મ્હારૂં શું વળે? અહિં તો જે હાથમાં આવે તે સાચું; બાકી ઉધારની વાત ન મળે. પછી આગળ જતાં લાભ થશે, પુન્ય થશે ને સ્વર્ગ મળશે, એ બધી વાતો તો બીજા આગળ કહેવાની, એ કાંઈ અમારે પાળવાની નહિ. મહારાજ! અમે તો રોકડીઆ; લાવ, લઉં ને મૂકું, એ ત્રણજ વાત અમે સમજીએ; આપવામાં અમે સમજીએ નહિ. કારણ કે મ્હેં તો જોઈ લીધું છે કે "દામ કરે કામ ને બીબી કરે સલામ." આજના વખતમાં "પૈસો એ દોઢ પરમેશ્વર છે" માટે જ્યાં ત્યાંથી તેને મેળવવાની વાત કરવી. આપવાની વાત આપણી પાસે ન મળે. તમે જાણો છો કે પંડિતજી ચીકાસદાર છે, માટે આપણે કાંઈક કઢાવીએ, પણ મહારાજ! એ આશા રાખવી નહિ. અહિં તો "ચમડી તૂટે પણ દમડી ન છૂટે" એવો હિસાબ છે. જો એમ ન હોત તો દોઢીયાનું મ્હોં દેખત કે? અને તમે સૌ પંડિતજી, પંડિતજી, કહીને બોલાવત ખરા કે? લ્યો, હવે રજા છે? આ તમારી પરમાર્થની વાતો સાંભળવામાં આજે ઉલટા શાક વિનાના રહીશું. બજારમાં શાક લેવા સારૂ નિકળ્યોતો ને અહિં તમારી પાસે બેસી રહ્યો. એમ કહીને પંડિતજી ઉઠવા લાગ્યા.

મ્હેં કહ્યું:–જરા બેસો તો ખરા, મહારાજજીની વાત તો સાંભળો.

શાક વહુ મંગાવી લેશે. એમાં તે એટલો બધો શું જીવ રાખો છો?

પંડિતજીએ કહ્યું:–વહુ બિચારી લોલસાં જેવી છે, એ શું મંગાવશે? એ તો ઘરમાં શાક પડયું હોય તોય ન કરે એવી છે, પણ મ્હારી કપુરી હુશીયાર છે, તે પાડોશમાંથી ગમે ત્યાંથી શાક માગી લાવશે.

મહારાજે કહ્યું:–હાય હાય! છોકરીને કોઈકને ઘેરે શાક માગવા મોકલશો! પચાસ હજારનો ઘેર માળો છે તોપણ એવી દાનત કે!

પંડિતજીએ કહ્યું:–એમાં શું? એમ શાકનાં દોઢીયાં ખરચીએ તો ક્યાં આરો આવે? કોળી કુંભારને માગવામાં શરમ, અમને બ્રાહ્મણને વળી માગવામાં શરમ કેવી? એ તો અમારો ધંધોજ છે. હું આવો મોટો માણસ છું તોપણ માગતાં શરમાતો નથી, ને છોકરી શરમાય, એ કેમ કામ આવે? જો એવી શરમ રાખે તો ઘરમાં ઉભી રહેવા પણ દઉં નહિ. ભાજીની એક બે ઝુડી માગીને વધારે લેવા સારૂ ખેંચતાણ કરતાં મારકીટમાં હું ખારવણોની ગાળો ખાઉં છું, ને છોકરાંઓ શરમાય તે કેમ કામ આવે?

આ સાંભળીને મહારાજે નિઃશ્વાસ નાંખીને કહ્યું કે, પ્રભુ દયા કર, દયા કર. અમોને દોરનારાઓના આ હાલ છે! અમોને ઉપદેશ કરનારાઓના આવા હાલ છે! અમારા ધર્મની લગામ જેઓના હાથમાંછે તેઓના આવા હાલ છે! અમારી ઉન્નતિ તે કેમ થશે? અરે ભારત! ત્હારી દુર્દશા તે ક્યારે મટશે? એમ કહીને મહારાજે ફરીથી નિઃશ્વાસ નાંખ્યો. ત્યારે મ્હેં કહ્યું કે, મહારાજજી! પંડિતજીએ પોતાનાં સુખની વાતો કહી એનો કાંઈક જવાબ તો આપો.

હાલમાં સ્વદેશપ્રેમરૂપે શિવે અવતાર લીધો છે.

મહારાજે કહ્યું:–બેટી, એમાં પંડિતજીનો કાંઈ વાંક નથી. આપણા

સર્વલોકોમાં એવી જાતનાજ સંસ્કારો બેસી ગયેલા છે, તેથીજ આપણી દુર્દશા છે. દેશના હિતમાંજ આપણું હિત છે, એમ જો આપણે સમજીએ, અને જો જમાના પ્રમાણેની સાર્વજનિક ઉદારતા આપણામાં હોય તો કદી પણ આપણા દેશની આવી અધમદશા હોય નહિ. સ્વદેશ એટલે શું ? સ્વદેશપ્રેમ એટલે શું ? સ્વદેશાભિમાન એટલે શું ? ધર્મ એટલે શું ? આપણા ધર્મની ઉત્તમતા એટલે શું ? અને ભ્રાતૃભાવ એટલે શું ? એ જો આપણે બરોબર રીતે સમજતાં હઇએ તો આપણું જીવન આવું નિર્માલ્ય હોય કે ? એ જો આપણે બરોબર સમજતાં હઇએ તો આપણા વિચારો આવા હલકા હોય કે ? એ જો આપણે બરોબર રીતે સમજતાં હઇએ તો આપણે મનુષ્યના રૂપમાં પશુ જેવાં હઇએ કે ? અને એ બધી વાતો જો આપણે બરોબર રીતે સમજતાં હઇએ તો આપણે આવી ગુલામગીરીની સ્થિતિમાં હઇએ કે ? નહિંજ; કારણ કે સ્વદેશપ્રેમમાં એવી વીજળી છે, સાચા ધર્મમાં એક એવું રસાયન છે, અને ભ્રાતૃભાવમાં એક એવું જાદુ છે કે એ ત્રણે વસ્તુ જ્યાં હોય ત્યાં દરિદ્રતા, ગુલામગીરી કે કર્ત્તવ્યભ્રષ્ટતા કદી પણ રહી શકેજ નહિ. પણ અફસોસ કે અત્યારે એ ત્રણમાંથી એકે તત્ત્વ આપણી પાસે પૂરેપૂરૂં નથી. જો એ ત્રિપુટીમાંથી એક પણ તત્ત્વ આપણી પાસે પૂરેપુરૂં હોય તો તે બીજા બેને આકર્ષણ કરી શકે; પણ અફસોસ કે એ ત્રિમૂર્તિમાંથી એક પણ મહાદેવની અત્યારે આપણે ઉપાસના કરતા નથી.

પંડિતજી! શિવ, બ્રહ્મા અને વિષ્ણુ એ ત્રણ આપણા પ્રાચીન મહાદેવોની વાત તો તમે જાણતા હશો. તે દેવોએ જ્યારે જાણ્યું કે કળિયુગમાં અમારૂં માન રહેશે નહિ ત્યારે તેઓએ શ્રીકૃષ્ણભગવાનના અવતાર પછી પોતાના પણ અવતાર બદલેલા છે. શાસ્ત્રમાં કહેલું છે કે જ્યારે શિવનું સન્માન ન થાય ત્યારે તે કોપાયમાન

થાય છે, અને દક્ષના યજ્ઞનો નાશ કર્યો હતો તેમ પ્રજાનો સંહાર કરે છે. એજ શિવે કળિયુગમાં સ્વદેશપ્રેમરૂપે અવતાર લીધેલો છે, એટલે જે પ્રજામાં સ્વદેશપ્રેમ ન હોય તે પ્રજાનો નાશ થાય છે, અને તે દેશની પાયમાલી થાય છે. તમે જુઓ કે જ્યારથી આપણા લોકોમાંથી સ્વદેશપ્રેમ ગયો ત્યારથી આપણે માથે દુર્દશા બેઠી છે કે નાહ? અને જે દેશમાં તથા જે પ્રજામાં સ્વદેશપ્રેમ છે તે પ્રજા સુખી અને તે દેશ આબાદ છે કે નહિ? જ્યારે આપણા દેશમાં શિવનું સન્માન હતું, એટલે કે સ્વદેશપ્રેમ હતો, ત્યારે પ્રાચીન ઋષિઓ પ્રાર્થના કરીને દીનતાપૂર્વક ઈશ્વર પાસે શું માગતા તે તમોને ખબર છે? એને માટે આપણા શાસ્ત્રોમાં ઠેકાણે ઠેકાણે કહેલું છે કેઃ—

* "હે પ્રભુ! અમને ફરી જન્મ આપીશ માં, સદા ત્હારા ચરણમાંજ—ત્હારી સેવામાંજ રાખજે; અને જો કદી જન્મ આપે તો આ પવિત્ર ભારતભૂમિમાંજ અમોને જન્મ આપજે. ઋષિઓનો સ્વદેશપ્રેમ કેવો હતો તે આ ઉપરથી જોવાનું છે, એટલુંજ નહિ પણ એ કરતાં પણ આપણા દેશનો મહિમા વધારે છે. પુરાણોમાં ઘણે ઠેકાણે એવું કહેલું છે કે સ્વર્ગના દેવતાઓને પણ સ્વર્ગનું સુખ છોડીને પવિત્ર ભરતખંડમાં આવવાની ઇચ્છા થતી હતી. માત્ર ઇચ્છા થતી હતી એટલુંજ નહિ પણ ચોકસ દેવતાઓ તો સ્વર્ગને છોડીને ખાસ આપણા દેશમાં આવ્યા હતા. સ્વર્ગ છોડવાના વાંક માટે તે દેવોને શિક્ષા થઈ હતી અને તે શિક્ષા પણ આપણા અખૂટ વૈભવવાળા પવિત્ર દેશમાં આવવા સારૂ તે દેવોએ કબૂલ રાખી હતી. ઋષિયોના મનમાં ભારતને માટે—સ્વદેશને માટે—પોતાની જન્મભૂમિને માટે—આવું પવિત્ર માન હતું. એની કાંઇક છાયા હજી પણ આપણા ધર્મમાં છે. આજે પણ વૈષ્ણવો ગાય છે કેઃ—

* "સંસારમાં સ્વર્ગ" નામના પુસ્તકમાંથી. પાનું ૩૩૩.

વ્રજ વહાલું રે વૈકુંઠ નહિ આવું,
ત્યાં નંદકુંવર ક્યાંથી લાવું ? (ટેક.)
વ્રજ વહાલું રે વૈકુંઠ નહિ આવું. વ્રજ વહાલું૦

સ્વર્ગના કરતાં વૈકુંઠનાં સુખ ઘણાં વધારે છે, ત્યાં જવાને પણ ગોપીઓ–ભક્ત–ના પાડે છે, કારણ કે તેઓને વ્રજ વહાલું છે–પોતાની જન્મભૂમિ વ્હાલી છે–પોતાનો સ્વદેશ વ્હાલો છે–પોતાના બંધુઓ વ્હાલા છે. તેઓને માટે–સ્વદેશને માટે–વૈકુંઠ પણ ગમતું નથી. વ્રજમાં–સ્વદેશમાં–શું સુખ છે તે માટે કહે છે કેઃ–

ત્યાં નંદકુંવર ક્યાંથી લાવું ?

વૈકુંઠમાં અહિંના આપણા બંધુઓ ક્યાંથી મળે ? પ્રભુને સાથે રાખીને–હૃદયમાં રાખીને–સત્સંગીઓની સાથે મળીને અહિં આપણે જે રૂડાં કર્મો કરીએ છીએ તે સુખ વૈકુંઠમાં ક્યાંથી મળે? કારણકે પુરાણોમાં કહેલું છે કે સ્વર્ગ અને વૈકુંઠ વગેરે તો ભોગભૂમિ છે, ને પૃથ્વી કર્મભૂમિ છે; માટે પ્રભુને સાથે રાખીને–પ્રભુને અંતરમાં રાખીને આપણા બંધુઓની સાથે મળીને જે કર્મો અહિં થાય તેનો આનંદ સ્વર્ગમાં પણ નથી અને વૈકુંઠમાં પણ નથી. માટેજ પ્રેમી ભક્તો–ઘાયલ ભક્તો–મસ્ત ભક્તો ગાય છે કેઃ—

વ્રજ વહાલું રે વૈકુંઠ નહિ આવું.

પ્રભુ ઉપરનો પ્રેમ, પોતાના બંધુઓ ઉપરનો પ્રેમ અને સ્વદેશપ્રેમ આ એકજ કડીમાં કેવો સ્પષ્ટ થઇ જાય છે, તે સહૃદયોજ સમજી શકે છે.

વ્રજની ગોપીઓને–મધુરી ગોપીઓને–પ્રેમીલી ગોપીઓને–રસિલી ગોપીઓને–વ્રજની આગળ–પોતાના સ્વદેશની આગળ–વૈકુંઠ તુચ્છ લાગ્યું. પોતાના ગરીબડા ગોવાળીયા બંધુઓને છોડી વૈકુંઠના મુક્તિ

પામેલા મહાત્માઓ પાસે જવું ગમ્યું નહિ, અને વૈકુંઠના કર્મ વિનાના ભોગ ભોગવવા ગમ્યા નહિ, પણ પ્રભુને સાથે રાખીને—પ્રભુને અંતરમાં રાખીને—પોતાના ઘરમાં રહીને દહીં વલોવવાનાં અને મહી વેચવાનાં કામ પણ જેને ગમ્યાં, તે ગોપીઓની ભ્રાતૃભાવની અને દેશસેવાની ભક્તિને ધન્ય છે! ધન્ય છે! અમે તેવીજ ભક્તિ માગીએ છીએ. બેટી, એ ભક્તિથી આ સંસારમાંજ સ્વર્ગ છે."

શરીરની સાથે દેશની સરખામણી.

પંડિતજી! આજે તમે એમ કહો છો કે હિંદુસ્તાન પડે ખાડમાં, અમોને તેની શું દરકાર છે? અમોને રોટીયાં મળે એટલે બસ. પણ હિંદુસ્તાન પોતેજ જ્યારે ખાડમાં પડશે ત્યારે તમોને રોટીયાં ક્યાંથી મળશે? એનું કાંઈ ધાર્યું? કૂવામાં હશે તો હવેડામાં આવશે, જો મુદ્દલ કૂવામાંજ નહિ હોય તો હવેડામાં ક્યાંથી આવશે, એ તો વિચાર કરો? જ્યારે હિંદુસ્તાનમાં અનાજ સસ્તું થશે ત્યારે તમને ચાહીને મોંઘું મળશે કે? જ્યારે હિંદમાં દૂધ સસ્તું હતું ત્યારે તમને એટલો વધારે લાભ થતો હતો કે નહિ? જ્યારે હિંદની લક્ષ્મી હિંદમાં રહેતી ત્યારે તમારા બાપ—દાદા હાલના કરતાં વધારે સમૃદ્ધિવાન હતા કે નહિ? જ્યારે હિંદમાં બળદો સસ્તા હતા ત્યારે તમારે તેને માટે વધારે પૈસા આપવા પડતા કે? અને જ્યારે આપણી ઉપર રાજ્યના કર ઓછા હતા ત્યારે આવી દરિદ્રતા હતી કે? નહિજ; કારણ કે દેશના હિતમાંજ આપણું હિત છે. દેશ એ એક મોટું શરીર છે, અને આપણે બધા—જૂદી જૂદી વ્યક્તિઓ—તે તેનાં જૂદાં જૂદાં અંગ છીએ. શરીર બિમાર પડે—મરવા પડે—ત્યારે જૂદાં જૂદાં નાનાં નાનાં અંગો કેવી રીતે સારાં રહી શકે? માફ કરજો, પણ કહેવા દો કે જ્યારે તમારા દાદા મરવા પડ્યા ત્યારે તેની આંગળીયો કામ કરી શકતી

હતી ખરી કે ? ત્યારે તેના રૂંવાટામાં તેજી હતી કે ? ત્યારે તેનો અવાજ બરોબર હતો કે ? ત્યારે તેની દષ્ટિ ચોકસ હતી કે ? ત્યારે તેની નાડી સરખી હતી કે ? અને ત્યારે તેની બુદ્ધિ સ્થિર હતી કે ? નહિજ; કારણ કે તે બધાનો શરીર સાથે સંબંધ છે. તેમજ આપણો સંબંધ દેશની સાથે છે, આપણો દેશ તે શરીર છે અને આપણે બધા તેનાં જૂદાં જૂદાં અંગો છીએ, એટલે જો દેશની દુર્દશા થશે તો આપણે કેવી રીતે આબાદ રહી શકશું ? દેશની પાયમાલી થાય અને આપણે સુખી રહી શકીએ એમ કદી પણ બનેજ નહિ, એને માટે દૂર શા માટે જવું જોઇએ ? છપ્પનના દુકાળનોજ દાખલો લ્યો: તમે તો ચિકાસદાર છો અને મુંબઇમાં રહ્યા હશો એટલે તમોને તેની કાંઇ બરોબર ખબર નહિ હોય, પણ ગામડાના ગરીબ લોકોના શું હાલ થયા છે એ કાંઈ તમોને ખબર છે ?

પંડિતજીએ કહ્યું:—પ્રભુ ! પ્રભુ ! દુકાળની વાતજ મૂકી દો, પ્રભુને કહીએ એવી આફત કોઈ દિવસ આપીશ માં. તે વખતે કૂતરાને મ્હોતે માણસો મરી ગયાં છે. લોકોએ દાગીના વેચ્યા, ઘરબાર વેચ્યાં, ઘરની ઘરવખરી વેચી અને આબરૂદાર માણસોએ મજુરી કરી, તોપણ પેટનું પૂરૂં થતું નહોતું. હજી એ વખતના ગીરવી મૂકેલા ઘણાએ દાગીના મ્હારે ત્યાં છે, પણ કોઈ છોડવી શકતાં નથી. હું જરા લોભીઓ છું તેથી ચાલતે પૈસા ન ખરચું, પણ એ વખતે જ્યારે મ્હારા સસરાની કાણે દેશમાં જવું પડયું ત્યારે ત્યાંની હાલત જોઇને મને બહુ દયા આવી ગઈ, તેથી મ્હેં પણ અહિં બંદર ઉપર ફાળો કરીને દશ ગુણ દાણાની મોકલી હતી.

મહારાજે કહ્યું:—જો દેશ આબાદ હોય તો એક વરસના દુકાળમાં લોકો એવા પાયમાલ થઈ જાય કે ? નહિજ. પણ જ્યાં તમારા જેવા પંડિતો પણ એવા વિચાર રાખે કે હિંદુસ્તાનની હાય–વોય અમે

તે શું કરવા કરીએ, ત્યાં પછી એવી અધર્મદશા થાય તેમાં નવાઈ શું ? કારણ કે શિવનું પૂજન કરવું એ બ્રાહ્મણોનો મુખ્ય ધર્મ છે. એ જ્યારે તમે છોડી દો ત્યારે રૂદ્ર કોપાયમાન થયા વગર કેમ રહે ? અને રૂદ્રના કોપનું ફળ એટલે કે સ્વદેશપ્રેમ વિનાની પ્રજાની સ્થિતિનું ફળ દેશની ખરાબી અને લોકોનો નાશ, એજ હોવું જોઇએ.

દેવને કેમ પ્રસન્ન કરવા ?

હાલમાં શિવે સ્વદેશપ્રેમરૂપે અવતાર લીધેલો છે તે બાબતના હજી તમોને વધારે પુરાવા જોઇએ છે ? તો સાંભળોઃ શિવનો સ્વભાવ તમોગુણી અને ઉગ્ર છે, તેથી જે પ્રજામાં સ્વદેશપ્રેમ હોય તેનામાં કુદરતી રીતે ઉગ્રતા આવી જાય છે. અમેરિકા અને ઈંગ્લંડની લડાઈ જુઓ ? ફ્રેંચોનો સ્વદેશપ્રેમ જુઓ ? સ્વદેશપ્રેમને માટે ઇંગ્રેજ પ્રજાનું વલણ જુઓ ? સ્વદેશપ્રેમને માટે ટ્રાન્સવાલના બોયરોનું ઝનુન જુઓ ? અને સ્વદેશપ્રેમ માટે જાપાનનો જુસ્સો જુઓ ? એ બધી ઉગ્રતા અને એ બધો સંહાર શિવના સ્વભાવને મળતો છે કે નહિ ? અરે દૂર શા માટે જવું જોઇએ ? આપણા દેશના મેવાડના બહાદૂર રજપૂતો અને દક્ષિણના યુક્તિબાજ મરાઠાઓ જ્યારે હર હર મહાદેવ કરીને સ્વદેશપ્રેમને માટે કૂદી પડતા હતા ત્યારે દેશમાં કાંઇક નવોજ રંગ હતો કે નહિ ? અને ત્યારે પ્રજામાં એક નવીજ જાતની વીજળી હતી કે નહિ ? એ બધું શાથી ? સ્વદેશપ્રેમરૂપી શિવના પૂજનથીજ. અત્યારે આપણે સ્વદેશપ્રેમ કેવી રીતે બતાવવાનો છે ? હથીયારથી નહિ, પણ હુન્નરથી સ્વદેશપ્રેમ બતાવવાનો આ સમય છે, કારણ કે શિવે પોતાનો અવતાર બદલી નાંખ્યો છે, માટે હવે હર હર મહાદેવ કરીને લડાઈમાં ઝીંપલાવવાનો આ સમય નથી, પણ હવે તો જે પ્રમાણેનું શિવનું સ્વરૂપ છે તે પ્રમાણેની તેની પૂજા કરવી

જોઇએ. તમો કહેશો કે શિવની પૂજામાં વળી ફેર શું? પણ પંડિતજી! તમારે જાણવું જોઇએ કે જ્યારે અવતાર બદલાય ત્યારે પૂજાની રીતિ પણ બદલાઈ જાયછે. જેમકેઃ રામાવતારમાં રામ એકપત્નીવ્રત હતા, પણ તેજ રામ કૃષ્ણાવતારમાં સોળ હજાર ગોપીઓની સાથે રાસ રમ્યા હતા. રામાવતારમાં રામે હથીયાર ધારણ કર્યાં હતાં પણ કૃષ્ણાવતારમાં તે મૂકી દીધાં હતાં. આવી રીતે એકના એક પ્રભુ જૂદા જૂદા અવતારમાં જૂદી જૂદી રીતે વરતેછે, તેમજ તેમની પૂજાની વિધિમાં પણ ફેર પડે છે. અગાઉના જમાનામાં જ્યારે લોકો ભોળા અને વિશ્વાસુ હતા ત્યારે શિવ માત્ર ભસ્મના ત્રિપુંડથીજ પ્રસન્ન થતા હતા, પણ હવે જીંદગી સુધી આખા શરીરે રાખ ચોળ્યા કરો તો પણ શિવ પ્રસન્ન થાય નહિ; કારણકે જેમ જમાનો બદલાયો તેમ શિવે પોતાનો અવતાર બદલાવેલો છે, માટે હવે તો આપણે શિવને ખુશી કરવા સારૂ ભસ્મના ત્રિપુંડને બદલે જેઓ વગર સમજે રાખ ચોપડી બાવા બની દેશની ઉપર બોજારૂપ થઇ પડેછે તેઓને સુધારવાનો પ્રયત્ન કરવો જોઇએ, કારણ કે

હવે ભભુત ભુંસે આરો આવવાનો નથી.

પંડિતજી! હું તમને પૂછુંછું કે, હવે ભભુત ભુંસે આરો આવશે કે? હવે ગાજરીયાં ખેંચે મોક્ષમાં જવાશે કે? અને હવે ચાંડલાથી કે ચરણામૃતથી પાર પડાશે કે? હવે તો બહારનાં તિલકોની સાથે, બહારનાં ધડીકમાં ભુંસાઈ જાય તેવાં તિલકોને બદલે ન ભુંસાય તેવાં અંતરનાં તિલકો કરો. અસલના વખતમાં તિલકો શા માટે કરવામાં આવતાં એ તમને ખબર છે? એ જો તમને ખબર હોય તો તમે બહારનાં તિલક-છાપામાંજ પડયા રહો નહિ, પણ તમે એ જાણતા નથી માટે જ તમે એવી ઊંડી બાબતોને ખોટા અર્થમાં મૂકી દો છો, અને તેને ધર્મનું રૂપ આપી

દો છો. કપાળમાં જે ઠેકાણે ત્રિપુંડ કરવામાં આવે છે તેટલા ભાગમાં કયાં કયાં સ્થાનો છે, એ તમને ખબર છે? ક્યાંથી ખબર હોય? કારણકે એ જાણવાની તમોને ક્યાં દરકાર છે? જો તમે ધર્મગુરૂઓ એવાં તત્ત્વ જાણવાની કાળજી રાખો તો આપણા મહાન્ સનાતન ધર્મની ખુબીઓ દાંભીકપણાના રૂપમાં શા માટે આવી જાય? પણ તમોને તો સત્ય જાણવાનીજ દરકાર નથી અને કદી કોઈ સત્ય સમજાવે તોપણ તે પાળવાની ઇચ્છાજ નથી, એટલે પછી ઉપાય શું? પણ પંડિતજી! યાદ રાખજો કે હવે ભભુત ભુંસે આરો આવે તેમ નથી. ભલે તમે અમારી વાતો હાલમાં કદી ન પાળો, તોપણ એ સમજો તોએ બસ છે. એ સમજશો તો એમાંથી ઇશ્વરનો મહિમા જાણી શકશો, અને જો ઇશ્વરનો મહિમા સમજશો તો કોઇક દિવસ પણ સત્યના રસ્તામાં આવી શકશો; માટે હમણાં કદી અમારી વાતો તમને વિરૂદ્ધ લાગે તોપણ પ્રભુને ખાતર તે સાંભળો.

તિલક કરવાની જગ્યોએ કપાળમાં રહેલી મહાન્શક્તિઓ:-

પંડિતજી! તમે તમારા કપાળમાં જે જગ્યાએ અત્યારે ચંદન ચોપડેલું છે તે જગ્યાએ કયા કયા મહાન્ ગુણો રહેલા છે એ તમને ખબર છે? માથું જોવાની વિદ્યા જાણવાવાળા કહે છે કે, એ ઠેકાણે બુદ્ધિબળનાં સ્થાનો છે, એ ઠેકાણે હુન્નર–કળાનાં સ્થાનો છે, અને એ ઠેકાણે મનુષ્યને જગતમાં આગળ વધારનારાં સ્થાનો છે. એટલા ભાગમાં સ્મરણશક્તિ, કારણો જાણવાની શક્તિ, સરખામણી કરવાની શક્તિ, ઉંડા ઉતરીને તપાસવાની શક્તિ, ઈજનિયરી શક્તિ, દેશાટન કરવાની શક્તિ, સમય ઓળખવાની શક્તિ, નિયમમાં રહેવાની શક્તિ, આનંદમાં રહેવાની શક્તિ, શરીર ખીલવવાની શક્તિ, સૌન્દર્ય સમજવાની શક્તિ અને એવીજ બીજી કેટલીક ઘણીજ અગત્યની શક્તિઓ રહેલી છે.

એ શક્તિઓને ખીલવી—તેનો લાભ લઇ જગતને આગળ વધારવાના ઇશ્વરીઉદ્દેશમાં મદદ કરવી, એ ભસ્મધારણનો હેતુ છે; કારણકે ભસ્મ ધારણ કરવાની જગ્યોએ એ બધાં સ્થાનો રહેલાં છે, માટે દરરોજ એ સદ્‌ગુણોને તથા એ શક્તિઓને યાદ કરવા સારૂ અને રોજ રોજ તેમાં કેટલો વધારો થતો જાય છે, તે સમજવા સારૂ એ સ્થાનો હમ્મેશાં યાદ આવે, અને હમ્મેશાં તેની ઉપર હાથ ફરે, તથા તે સ્થાનોને ઉત્તેજીત કરનારી નિર્દોષ દવા તેને હમ્મેશાં લગાડી શકાય તે સારૂ ઘણી જાતની ઔષધિ બાળીને બનાવેલી પવિત્રયજ્ઞની ઉત્તમ ભસ્મ તથા કેસર, ચંદન વગેરે સુગંધી દ્રવ્યો કપાળમાં લગાડવાની વિધિ છે. એ મૂળહેતુઓ ભૂલી જઇને, એ સદ્‌ગુણનાં સ્થાનોને ખીલવ્યા વિના અને એ શક્તિઓને વાપર્યા વિના તમારે તો માત્ર ભભકાદાર ટીલાં કરીનેજ તરી જવું છે! પણ યાદ રાખજો કે એમ કાંઇ પ્રભુને ઘેરે પોપાબાઇનું રાજ્ય નથી. માટે અમે તમને કહીએ છીએ કે, જો તમારે તમારૂં અને તમારા બંધુઓનું કલ્યાણ કરવું હોય તો બહારના તિલક—છાપામાં નહિ પડ્યા રહેતાં, તિલક—છાપાની જગ્યાએ કૃપાળુ ઇશ્વરે જે મહાનશક્તિઓ મૂકેલી છે તેને ખીલવો. જેમ વકીલ, બૅરિસ્ટર, ડૉકટર, અને શેઠીયાઓને ઘેરે તેમના નામનાં પાટીયાં મારેલાં હોય છે પણ એ પાટીયાંઓ પોતે કાંઈ શેઠીયા કે બૅરિસ્ટર હોતા નથી, તેમજ આપણાં તિલકો એ બહારનાં પાટીયાં જેવાં છે, તે બતાવેછે કે આ જગ્યાએ ફલાણી ફલાણી મહાશક્તિઓ રહે છે, પણ એ શક્તિઓ તે કાંઇ તિલક નથી; અને યાદ રાખજો કે બૅરિસ્ટર વિના બૅરિસ્ટરના નામનું પાટીયું કૉર્ટમાં જઇને કાંઈ કેસ જીતી આપે નહિ, અને ડૉકટર વિના ડૉકટરના નામનું પાટીયું કાંઇ રોગ મટાડી શકે નહિ, તેવીજ રીતે અંદરના સદ્‌ગુણોને ખીલવી, એ શક્તિઓને વાપર્યા વિના બહારનાં જેવાં ઉપરનાં તિલકોથી કાંઇ

શુક્રવાર થાય નહિ. માટે જો ઈશ્વરની સાચીસેવા કરવી હોય તો બહારના ડોળડીમાકમાં નહિ પડ્યા રહેતાં અંદરના સદ્દગુણોને ખીલવો અને જગતને તેનો લાભ આપો. એમ કર્યા વિના ભભુતને ભરોસે રહેવાથી ભલું થઈ જાય, એ વાત અમે તો માની શકતા નથી.

અગાઉના વખતમાં રૂદ્રાક્ષની માળા પહેરવાથી શિવ પ્રસન્ન થતા હતા, પણ હવે તો રૂદ્રાક્ષની માળાને બદલે આપણે અરસપરસની માળા પહેરવી જોઇએ. અસલના વખતમાં આકડા ધંતૂરાનાં ફૂલથી શિવ પ્રસન્ન થતા હતા, પણ હવે તો આપણે વિદ્યા-હુન્નરનાં ફૂલો ધરવાં જોઇએ, કારણકે શિવે સ્વદેશપ્રેમરૂપે અવતાર લીધેલો છે; એટલુંજ નહિ પણ જેમ જેમ દુનિયા સુધરતી જાય છે અને મનુષ્યજાતની બુદ્ધિ ખીલતી જાય છે તેમ તેમ આપણી ફરજો પણ વધતી જાય છે, એટલે હવે આકડાનાં ને ધંતૂરાનાં ફૂલથી કાંઇ શુક્રવાર થાય નહિ. હવે તો એ જંગલી ફૂલોને છોડીને આપણે કાંઇ વધારે સુંદર પુષ્પો શિવને આપવાં જોઇએ, એટલે કે કાંઇક વધારે રૂડી ફરજો બજાવવી જોઇએ. અગાઉના વખતમાં શિવ પાણીના લોટાથી ખુશી થતા હતા, કારણકે એ વખતે પ્રજા બાળક રૂપમાં હતી, એટલે બાળકની નાની ભેટ તેઓ પ્રેમથી સ્વીકારતા હતા અને તેના બદલામાં મોટું ફળ આપી દેતા હતા; પણ હવે તે પાણીના લોટાથી ખુશી થાય તેમ નથી. હવે તો તેને કૂવા, તળાવો અને નહેરો અર્પણ કરવી જોઇએ, કારણકે હવે આપણે બુદ્ધિ તથા વિદ્યામાં બાળકરૂપે નથી, માટે જેમ આપણું જ્ઞાન વધતું જાય છે તેમ આપણી ફરજો પણ વધવી જોઇએ.

અસલની પૂજામાં અને હાલની પૂજામાં ફેર પડવાનાં કારણો:-

મુસલમાનોના જુલમના વખતમાં ભોળા બ્રાહ્મણો શિવાલયમાં

જઇને બેં બેં કરતા તેથી પણ શિવ પ્રસન્ન થતા હતા, કારણકે એ વખતે કાંઇ છાપખાનાં નહોતાં, તેમ આજની પેઠે છૂટથી પુસ્તકો મળતાં નહોતાં અને જે થોડાં ઘણાં પુસ્તકો હાથનાં લખેલાં હતાં તે પણ મુસલમાનોના ભયને લીધે લોકો છુપાવતા હતા, એટલુંજ નહિ પણ હિંદુધર્મના ઘણા તહેવારો જાહેર રીતે ઘણા હાકેમો પાળવા દેતા નહોતા, માટે એ વખતે જ્યારે એક હાથમાં કુરાન અને બીજા હાથમાં તરવાર લઇને હિંદમાં હલ્લા થતા હતા ત્યારે શિવને ખાતર પોતાના જીવને જોખમે બેંબેં બોલનારાઓ પણ તરી ગયા હોય તો તેમાં કાંઇ નવાઈ નથી; પણ હવે તો એવો જમાનો આવતો જાય છે કે એવી રીતે એકલું બેં બેં બોલનારા બેવકૂફ ગણાશે. હવે કાંઇ માત્ર મંદિરમાંજ બેં બેં બોલવાનું નથી, હવે તો બેં બેંને બદલે સ્વદેશપ્રેમને માટે જાહેર સભાઓમાં ભાષણો આપવાં જોઇએ, લેખો લખવા જોઇએ, લોકોને સત્ય સમજાવવું જોઇએ અને પ્રજાના હિતને માટે કમ્મર બાંધવી જોઇએ. જેઓને વધારે બોલવાનું જ્ઞાન નહોતું અને જેઓને વધારે બોલવાની રાજ્ય તરફથી સત્તા નહોતી તેઓ શિવ પાસે બેં બેં બોલીને, તે રૂપે સ્પષ્ટ વાચા વિનાની પ્રાર્થના કરતા હતા કે, હે પ્રભુ! અમોને અમારા વિચારો જાહેર કરવાની છૂટ આપ, અમારા હાકેમો પાસે અમારાં દુઃખો રડવાની છૂટ આપ અને અમારા કલ્યાણના માર્ગ અમારા ભાઇબંધોને સમજાવવાની છૂટ આપ. આપણા દાદા અને પરદાદાઓ શિવ પાસે બેં બેં બોલતા તેનો આ હેતુ હતો, તે હેતુ શિવે કૃપા કરીને સફળ કર્યો છે, તે ભોળા લોકોના અંતરની પ્રાર્થના શિવે સાંભળી છે, તે સારૂજ શિવે સ્વદેશપ્રેમરૂપે અવતાર લઇને આપણને પ્રતાપી અંગ્રેજ સરકારના છૂટાપણાનું રાજ્ય તથા અનેક જાતનાં સાધનો આપેલાં છે; અને એ બધું સંજોગને આધારે મુંગા રહીને બેં બેં કરનારા આપણા વડીલોનાં જીગરની

પ્રાર્થનાનું ફળ છે, માટે હવે ફળ મળી ગયા પછી આપણે એ એમાં નહિ પડયા રહેતાં દેશહિતનો અને આત્મકલ્યાણનો કાંઇકિ વધારે સત્યરસ્તો પકડવો જોઇએ, એટલુંજ નહિ પણ આપણા પૂર્વજોની મહેનતના ફળનો આપણે સદુપયોગ કર્યો છે, એમ આપણા પિતૃઓની તથા પ્રભુની આપણાં કામોથી આપણે ખાત્રી કરી આપવી જોઇએ; કારણકે હવે જમાનો બદલાઈ ગયો છે, માટે એવું કર્યા વિના એકલાં એ એથી આપણો ઉદ્ધાર થાય તેમ નથી. જેમકે, રામના જમાનામાં વાંદરાંઓને હાથે પાણીમાં પથ્થરો તર્યા હતા, પણ કાંઈ આજે આપણે હાથે એમ પથ્થરો તરે નહિ, તેમજ એ એથી આપણા પૂર્વજોએ ભલે પોતાની સાર્થકતા કરી લીધી હોય, પણ આપણાથી કાંઇ તેમ થાય નહિ; આપણે તો શિવને પ્રસન્ન કરવા સારૂ તેની ઇચ્છા અનુસાર સ્વદેશાર્થે કમ્મર કસવી જોઇએ, અને આપણા ભાઇબંધોને માટે આપણી જીંદગી અર્પણ કરવી જોઈએ. તોજ પ્રભુને પ્રસન્ન કરી શકાશે.

પ્રભુને કઈ જાતના અવાજો ગમે છે?

પંડિતજી! તમને લાગશે કે સ્વામીજી આવી નાસ્તિકતાની વાતો કાં કરે? પણ નહિ ભાઈ, હું નાસ્તિકતાની ખાતર આ વાતો કરતો નથી, પણ સત્યને ખાતર કરૂં છું. મ્હારા પેટમાં બળે છે માટે કહું છું. તમારા જેવા અધિકારી માણસને સમજાવ્યાથી ભવિષ્યમાં કાંઇક પણ તેનું રૂડું ફળ થાય એવી આશાથી આ સત્યો હું તમોને કહું છું. એમાંથી મ્હારે બીજો કાંઈ કાંદો કાઢવાનો નથી. આવી સાચી વાતોથી હું ઘણા લોકોમાં અળખામણો થાઉં છું, તોપણ ફરજ બજાવવાને ખાતર હું સત્યને છુપાવી શકતો નથી. મને ખુલ્લી રીતે કહેવા દો કે તમે મંદિરમાં જઇને મહાદેવનો ઘંટ હલાવી આવો, તેથી કાંઈ હાલના

વખતમાં તમારૂં કલ્યાણ થાય નહિ. ઘંટ વગાડવાથી કલ્યાણ થતું તે ક્યારે અને તે કોનું ? જ્યારે પ્રજામાં અતિશય ધર્મભાવના હતી, જ્યારે ટાઇમ જાણવા માટે ઘડિયાળ જેવાં કાંઈ સાધનો નહોતાં અને જ્યારે ઘર ઘરનાં મંદિરો નહોતાં ત્યારે શિવાલયનો ઘંટ સાંભળીને લોકો જાણતા કે આરતિનો સમય થયો છે, તેથી સૌ લોકો પોતાન કામકાજ પડતાં મૂકીને મંદિરોમાં દોડતાં અને પ્રાર્થનામાં લાગી જતાં હતાં; એટલે એ વખતે માત્ર ઘંટ વાગવાથી પણ હજારો માણસોના દિલમાં ઇશ્વરની ભાવના ખડી થઇ જતી હતી, તેથી મંદિરોનો ઘંટ વગાડવામાં પુન્ય ગણાતું હતું. પણ આજે તેમાંનું કાંઇ છે કે ? એ વખતે—અસલના કાળમાં શિવના મંદિર સિવાય બીજા કોઈ દેવનાં મંદિરો નહોતાં, પણ આજે તો હનુમાન, ગણપતિ, દેવી અને ઠાકોરજીનાં એટલાં બધાં મંદિરો થઈ ગયાં છે, તથા જૈનોનાં અને ક્રિશ્ચીઅનોનાં દેવળમાં એવા મોટા ઘંટો વાગે છે કે મહાદેવના મંદિરનો ઘંટ તો બિચારો ક્યાંઈ દબાઈ જાય છે; એટલુંજ નહિ પણ આજે તો ઑફીસોમાં સિપાઇઓને બોલાવવા માટે પણ ઘંટડીઓ છે, અને રસ્તામાં ઠેકાણે ઠેકાણે ઘોડાગાડીઓના તથા બાઇસિકલોના ઘંટો પણ સંભળાય છે; એ સિવાય રસ્તા ઉપરના ઘડિયાળોના ઘંટો, જાહેરખબરવાળાઓના ઘંટો, ગાડાવાળાના બળદોની ડોકના ઘંટો, સ્ટેશન ઉપરના ઘંટો અને જૂદી જૂદી સ્કૂલોના ઘંટોના એટલાં બધા અવાજો આવે છે કે હવે તો આપણે ઘંટોના અવાજથી પણ કંટાળીએ છીએ. હવે મને કહો કે અસલની પેઠે ઘંટ સાંભળવાથી આજે આપણા મનમાં ઇશ્વરીભાવના આવે છે કે ? નહિજ. ત્યારે ઘંટ વગાડવાનું ફળ શું ? બીજું એ પણ જાણવું જોઇએ કે ઘંટ વગાડવાથી કોને ફળ થતું હતું ? તેઓનેજ કે જેઓ ઘરબાર વિનાના હતા, જેઓ ત્યાગી હતા, જેઓએ પ્રભુપ્રેમમાં મસ્ત થઈને પોતાનાં દુનિયા-

દારીનાં સુખોનો ભોગ આપ્યો હતો અને જેઓ બીજી રીતે પોતાના ભાઈબંધોની સેવા કરી શકે તેમ નહોતા. તેઓ ઘંટ વગાડીને એટલે કે પોતાના ભાઈબંધોના હૃદયમાં ઈશ્વરીભાવના જગાડીને મોટું ફળ મેળવી જતા હતા; પણ તમારા જેવા કે જેને ઘેર પચાસ હજાર રૂપિયાનાં મકાનો હોય, અને જેની બાયડીઓ પાંચ હજાર રૂપિયાના દાગીના પહેરી લટક મટક કરતી ચાલતી હોય, તેનાથી કાંઈ મહાદેવજીનો ઘંટ વગાડીને તરી જવાય નહિ. અસલના વખતમાં ઘંટ વાગવાથી જેમ ઈશ્વરીભાવના જાગૃત થતી તેમ હવે તો આપણે આપણા ભાઈબંધોમાં વિદ્યા—હુન્નરની જાગૃતિ લાવવી જોઈએ, આપણા દેશમાં ધર્મની જાગૃતિ લાવવી જોઇએ અને જેમ અસલના વખતમાં મંદિરોના ઘંટનો અવાજ સ્વર્ગના દેવતાઓ સુધી પહોંચતો, તેમ હાલના વખતમાં આપણી ફરિયાદો, આપણી હાજતો અને આપણી તંગીઓ રાજાઓ સુધી પહોંચાડવી જોઈએ; તથા સુધરેલી પ્રજાઓમાં કાયદાની રીતે ફેલાવવી જોઇએ. આવી રીતે લોકોમાં જાગૃતિ આવે એવું કાંઈ પણ કામ જો આપણે કરી શકીએ તોજ સદાશિવ પ્રસન્ન થશે. બાકી ખાલી ઘંટ હલાવવાથી કાંઈ વળે તેમ નથી. હાલમાં સ્વદેશપ્રેમરૂપે શિવે અવતાર લીધેલો છે, માટે શિવને પ્રસન્ન કરવા સારૂ સ્વદેશપ્રેમમાં આપણા બંધુઓને અર્થેજ આપણે આપણી જીંદગી અર્પણ કરવી જોઈએ. હું જાણું છું કે હાલ તુરતમાં તમે આ વાતો માનો તેમ નથી, કારણ કે હું જે કહું છું તેમાં તો પુરૂષાર્થ કરવાનો છે, તેમાં તો કાંઇક આપણા સ્વાર્થનો ભોગ આપવાનો છે, અને તેમાં તો સત્યને આગળ રાખીને ચાલવાનું છે, પણ તમે જે કરી રહ્યા છો તેમાં તો અલેલટપુપણું છે, તેમાં તો "હોતી હેં! ચલતી હેં!" એવું ખાતું છે, અને તેમાં તો સૌને રાજી રાખીને ચાલતી આવેલી રૂઢી પ્રમાણે જ કામ લેવાનું છે, તેમાં કાંઈ

પરસેવો ઉતરે તેમ નથી, એટલે તમે મ્હારી વાત માનશો નહિ, અને કદી માનશો તો પણ પાળશો નહિ, એ તો પ્રથમથી જ તમારી ખાત્રી છે, પણ અમારી વાત સાંભળો તો ખરા; કારણ કે ઇશ્વિરી-સત્યો સાંભળવામાં અને સંભળાવવામાં પણ મોટું પુન્ય છે. તમારા જેવા સંસ્કારી માણસોના મનમાં જો એવાં બીજો પડેલાં હોય તો વખત આવ્યે તમારા કોઇક યજમાન શેઠીયાના કે તમારા લાયક વિદ્યાર્થીના મનમાં તે જઈ શકે, એવી આશાથીજ ખાસ ચાહીને આ વાતો હું તમોને સંભળાવું છું.

ભાંગની લોટી.

પંડિતજી ! આગળના વખતમાં ભોળા બ્રાહ્મણો અને મસ્ત બાવાઓ શિવને ભાંગ ચડાવીને પોતે આગળ ચડી ગયા છે, અને હજી પણ કદાચ ખૂણે ખોચરેથી એવા કોઈ નીકળી આવે કે જેઓ ભાંગની લોટીમાંજ શિવને પ્રસન્ન કરી શકે, એમાં કાંઈ ખોટું નથી કે એમાં કાંઈ અશક્ય નથી. જેઓમાં એટલો વિશ્વાસ હોય, જેઓનાં અંતઃકરણ એવાં સરળ હોય, જેઓ બીજાં વધારે સારાં સાધનો વિનાના હોય અને જેઓનો ત્યાગ તથા પ્રભુપ્રેમ બળવાન હોય તેઓ ભાંગની લોટીના અર્પણથી પણ ચડી જાય તો એમાં કાંઈ નવાઈ નથી. પ્રભુ કયા માણસને કયે રસ્તે તારી દેશે, તે કાંઇ આપણાથી કહી શકાય નહિ; પણ તે સારૂ કરીને આપણાથી કાંઇ હવે ભાંગની ભેટમાં રહી જવાય નહિ, કારણ કે આપણા મગજમાં હજી કેટલો બધો કચરો ભરેલો છે, આપણા મનમાં હજી કેટલાં બધાં પાપ ભરેલાં છે, અને આપણા અંતરમાં હજી કેટલી બધી વાસનાઓ ભરેલી છે, તે કાંઇ આપણાથી છૂપું નથી. ભલે આપણે બીજાઓની આગળ ગમે તેવા સિદ્ધ બનીએ, પણ એકાંતમાં વિચાર કરીએ તો આપણી

પોલ પણ કાંઈ જેવી તેવી નથી. જ્યાં એવી પોલ હોય ત્યાં કાંઇ શિવને ભાંગ ચડાવ્યે આરો આવે નહિ. હવે તો શિવનો એવો હુકમ છે કે, જો તમારે મને રાજી કરવો હોય તો લોકોમાં ભ્રાતૃભાવનો કેફ ચડાવો, સ્વદેશપ્રેમનો કેફ ચડાવો, વિદ્યા–હુન્નરનો કેફ ચડાવો, અને સત્યધર્મનો કેફ ચડાવો. એવા સાચાકેફ વિના—એવી સાચી-સેવા વિના હું અર્ધી દુકાનીની ભાંગથી રાજી થઈ જાઉં તેમ નથી.

જ્યારે આપણા લોકોમાં એવી નિર્દોષતા હતી કે પવિત્ર પાણી વિના બીજી કોઈ પણ ચીજ તેઓ પી જાણતા નહોતા, એટલુંજ નહિ પણ ભાંગ જેવી સાધારણ કેફી ચીજને માટે પણ જ્યારે તેઓ એમ જાણતા કે એ તો શિવજ સહન કરી શકે, માટે તે શિવનેજ અર્પણ કરવી જોઇએ, આપણું તેમાં કામ નહિ; જ્યારે આવાં નિખાલસ દિલનાં માણસો હોય ત્યારે તેઓ પોતાની વિશુદ્ધભાવનાને લીધે ભાંગના અર્પણમાંથી પણ કોઇ મોટો લાભ મેળવી જતાં હોય તો એમાં કાંઇ નવાઇ નથી; પણ હવે જ્યારે યુરોપિયનોની કૃપાથી ભાંગનો દાદો આપણા દેશમાં દાખલ થયો છે, અને તે ઉડાવતાં પણ જ્યારે ઘણા લોકો ડરતા નથી ત્યારે બિચારા શિવ ભાંગના કેફમાં રહી જાય એ કાંઈ બનવા જોગ નથી. જ્યાં સુધી બબાની બાટલીની પધરામણી આપણા દેશમાં થઇ નહોતી ત્યાં સુધી વિજયાએ વિજય મેળવી લીધો હોય તો ભલે, પણ હવે જ્યારે ભાંગના દાદાનું રાજ્ય ચાલે છે, ત્યારે કાંઇ ભાંગની લોટીથી શુક્રવાર થાય નહિ. હવે એવી ભૂલમાં નહિ પડી રહેતાં શિવને માટે આપણે કાંઇક વધારે ઉત્તમ નિશો પસંદ કરવો જોઇએ. એ ઉત્તમ નિશો તે સ્વદેશપ્રેમ છે, એ ઉત્તમ નિશો તે ભ્રાતૃભાવ છે, અને એ ઉત્તમ નિશો તે સનાતન સત્યધર્મ છે; માટે શિવને અર્થે લોકોને એ જાતનો કેફ આપવાની જેટલી બને તેટલી તજવીજ કરો.

દેવનું નૈવેદ્ય.

પંડિતજી! યાદ રાખજો કે હવે કાંઇ સાકરની ગાંગડીનાં નૈવેધથી શિવ ખુશી થાય તેમ નથી. તમે દોઢીઆની સાકર લઇને મહિનો દિવસ ચલાવીને શિવને રાજી કરી દો એમ કાંઈ હવે બનવાનું નથી. સાકરની કટકીના નૈવેદ્યથી શિવ ખુશી થઇ જતા એ જમાનો તો ગયો. જ્યારે હિંદુસ્તાનમાં કોઇકજ ઠેકાણે સાકર બનતી, જ્યારે ગામડાંઓમાં સાકર મળતી નહોતી, જ્યારે કોઇ શ્રીમંતોજ વાર–તહેવારે સાકર વાપરતા હતા અને જ્યારે ગરીબોને સાકરની કાંઇ ચીજ મળે ત્યારે તેઓના મનમાં મોટા ઉત્સવ જેવું લાગતું હતું ત્યારે સાકરના નૈવેદ્યથી શિવ ખુશી થતા હોય તો તે જૂદી વાત છે; પણ આજે જ્યારે તમે તથા ઘાટી, ઘોડાવાળાઓ ધોબી અને હજામો પણ દિવસમાં બે વખત સાકરની ચા પીઓ છો, આજે જ્યારે તમે રોજ રોજ પરબારા સાકરીઆ માલ ઉડાવો છો, આજે જ્યારે રૂપિયાની બાર શેર સાકર મળે છે, આજે જ્યારે તમે સાડા ત્રણ રૂપિયાના બૂટ પહેરીને ફરો છો, આજે જ્યારે તમે પાન સોપારી કે બીડી તંબાકુમાં હાલતે ચાલતે બે ચાર આના ખરચી નાંખો છો, અને આજે જ્યારે તમે વાત કરતે કરતે પાવલી કે આઠ આના ગાડી ભાડામાં ખરચી નાંખો છો, ત્યારે કાંઈ સાકરની કણીમાં શિવ સમજી જાય નહિ.

જોઉં તમારી પીછોડી, એમ કહીને મહારાજે પીછોડી તરફ હાથ લંબાવ્યો, ત્યારે પંડિતજીએ પીછોડી સંકેલતે સંકેલતે કહ્યું કેઃ–મહારાજ! એ મ્હેં વેચાતી નથી લીધી, એ તો એક યજમાન મરી ગયો તેની પાછળ મળેલી છે.

પંડિતજીને લે લે પેં પેં થતા જોઇને મહારાજે કહ્યું કેઃ–પંડિતજી,

બ્હીઓ માં. એ કાંઈ હું તમારી પાસેથી પડાવી લેવા નથી માગતો, પણ હું તો માત્ર તેની કિંમત જાણવા ઇચ્છું છું.

ત્યારે પંડિતજીએ કહ્યું કેઃ—આ સેલું આપનાર ભોજા કુંભારે કહ્યું હતું કે તે ચાળીસ રૂપિયાનું છે, પણ હું ધારૂં છું કે તે પચીસેક રૂપિયાનું હશે.

મહારાજે કહ્યું:—જેઓ સાકરની ગાંગડીનું નૈવેદ્ય, શિવને ધરતા હતા તેઓની સવા હાથની લંગોટી પણ ફાટેલી હતી, એટલુંજ નહિ પણ લંગોટી બાંધવા માટે કમ્મરઉપર જે દોરડું બાંધ્યું હોય તે પણ ત્રણ ચાર ગાંઠોવાળું હોય, એ તમને ખબર છે કે? તેઓ કાંઈ પચીસ રૂપિયાના સેલાં વાપરતાં નહોતા; માટે હવે જેમ આપણી સમૃદ્ધિ વધી છે, આપણા વિવેકો વધ્યા છે, આપણા આડંબરો વધ્યા છે, અને આપણી વિદ્યા વધી છે તેમજ શિવ તરફની આપણી ફરજો પણ વધવી જોઇએ. શિવને ખુશી કરવા સારૂ હવે સાકરની ગાંગડીમાં નહિ પડ્યા રહેતાં હવે તો આપણે સદાવ્રતો ચલાવવાં જોઇએ, દવાખાનાં બંધાવવાં જોઇએ, સ્કૂલો તથા કૉલેજોને મદદ આપવી જોઇએ, હુન્નર—કળાને ઉત્તેજન આપવું જોઇએ, વિદ્વાનોનો સત્કાર કરવો જોઈએ, નવિન શોધકોને મદદ કરવી જોઈએ, ગરીબ ખેડૂતોને તેઓની જરૂરની હાજતો પ્રમાણેની સગવડો કરી આપવી જોઇએ અને જેમ બની શકે તેમ કોઈ પણ રીતે આપણા દેશને તથા આપણા ભાઇબંધોને આપણે વધુમાં વધુ ઉપયોગી થઈ શકીએ એવીજ ઇચ્છા રાખવી જોઇએ. તોજ સદાશિવ પ્રસન્ન થશે. એ વિના—પરમાર્થનો હાથ લંબાવ્યા વિના—ભ્રાતૃભાવની સાંકળમાં જોડાયા વિના સાકરની કટકી શિવને ધરીને પાછી પોતાનાજ મોઢામાં મૂકી દેવાથી કાંઈ આત્માનું કલ્યાણ થવાનું નથી. એ નક્કી સમજજો.

કાંઇક પણ ભલું કામ કરો.

તમે કહેશો કે એક માણસ કંઈ એટલું બધું કરી શકે નહિ, અને બધાં માણસો કાંઈ એવાં મોટાં કામો કરવાને શક્તિવાન હોય નહિ, એ વાત હું કબૂલ કરૂં છું, પણ મ્હારા કહેવાની મતલબ એવી છે કે કોઇને કોઈ રીતે-જેમ બને તેમ આપણાથી થાય તેટલી આપણા ભાઇબંધોને આપણે મદદ કરવી જોઇએ, પછી ફૂલ નહિ તો ફૂલની પાંખડી, પણ કાંઇક પણ કરવું જોઇએ. દરેક માણસે પૈસા આપવા જોઇએ એવું કાંઇ નથી, પણ આપણી ઉન્નતિને ખાતર દરેક માણસે આપણા દેશને અને આપણા બંધુઓને કોઇને કોઈ રૂપે પણ મદદગાર થઈ પડવાની ઇચ્છા તો રાખવીજ જોઇએ. માત્ર પૈસાથીજ મદદ કરી શકાય છે એમ કાંઇ નથી. મ્હારી પાસે પૈસા ક્યાં છે? બિલકુલ નથી, અને તોપણ મ્હારી ઇચ્છાના બળથી હું ઘણું કામ કરી શકું છું. હું ઉપદેશ કરૂંછું તે પણ એક દેશસેવા છે. આ દેવી ભાનુકિશોરી પાસે પૈસા ક્યાં છે? તે ગરીબ લાચારેની સારવાર કરે છે તે પણ દેશસેવા છે. તમારી ગાંઠેથી પૈસા ન છૂટે તો રહ્યું, પણ જે મંડળમાં તમે ફરો છો તેમાં કાંઇક સારા સંસ્કાર બેસે એવું તો કરો. તોપણ જાણે ઘણું થયું! તમારી પાસે જે બાઇઓ ભાગવતની કથા સાંભળવા આવે છે તેઓના દિલમાં સત્યધર્મની લાગણી જાગૃત થાય એટલું તો કરો. જે પાઠશાળામાં તમે ભણાવવા જાઓ છો તે વિદ્યાર્થીઓમાં કાંઇક સ્વદેશપ્રેમનાં બીજ રોપાય એવું તો કરો, અને જે ગૃહસ્થોમાં તમે ફરો છો તે ગૃહસ્થોના આચરણો સુધરે એવું કાંઇક તો કરો. પરમાર્થ ક્યાં એકજ રસ્તે થાય છે? મન-વચન-કર્મથી, અને તન-મન-ધનથી, એમ ઘણી રીતે પરમાર્થ થાય છે; માટે તમોને જે રીતે અનુકુળ પડે તે રીતે પણ કાંઇક કરો. એજ

અમારૂં કહેવું છે. હવે જમાનો બદલાયો છે, અને ભ્રાતૃભાવની સીડી વિના સ્વર્ગમાં જઇ શકાય તેમ નથી, માટે જેમ એ સીડી મજબૂત થાય તેમ આપણે કરવું જોઇએ.

પંડિતજી ! હવે આપણે ખુલ્લી રીતે સમજવું જોઇએ કે પાઇની અગરબત્તી લઈ તે એક એકના પાછા ચાર ચાર કટકા કરી આઠ દિવસ સુધી તે દેવ પાસે ચલાવીએ તેથી કાંઈ દુર્ગંધી દૂર થાય નહિ. એ ધૂપની સુગંધી ભલે જરાકવાર મંદિરમાં અસર કરે, પણ તે કાંઇ આપણા હૃદયમંદિરમાં અસર પહોંચાડી શકે નહિ. હવે તો શિવનો એવો હુકમ છે કે, જે વસ્તુ તમારા અંતર સુધી નથી પહોંચતી તે હું સ્વીકારતો નથી, માટે જો કોઈ પણ ચીજ આપણે પ્રભુને અર્પણ કરવી હોય તો તેની અસર પ્રથમ આપણા અંતઃકરણ સુધી થવી જોઇએ. જ્યાં સુધી આપણું અંતઃકરણ એ વસ્તુથી તૃપ્ત ન થાય ત્યાં સુધી તે વસ્તુથી પ્રભુ પ્રસન્ન થતા નથી; કારણ કે આપણા શાસ્ત્રોમાં કહ્યું છે કે, પ્રભુ ભાવના ભૂખ્યા છે, કાંઈ વસ્તુના ભૂખ્યા નથી. હવે હું તમને પૂછું છું કે, તમે મહાદેવ પાસે અગર-બત્તીનો કટકો પેટાવો તેની અસર તમારા અંતઃકરણ સુધી થાય છે કે? નહિજ. એવો ભક્તિભાવ તમારામાં ક્યાં છે? એવો ભગવદાવેશ તમારામાં ક્યાં છે? એવો અચળ વિશ્વાસ ક્યાં છે? અને એવી પવિત્રતા હાલની પ્રજામાંજ ક્યાં છે કે જેથી કરીને આપણી અગરબત્તીની સુગંધી પ્રભુ સુધી પહોંચી શકે? નહિજ પહોંચે. તેમ છતાં પણ આપણે એમાંજ રહી જઈએ—એટલામાંજ રહી જઇએ અને બીજાં વધારે સારાં કાર્યો કર્યા વગર એમાંજ જીંદગી ગુમાવી નાંખીએ તો તે મોટી મૂર્ખાઇ નહિ કે? માટે ભટ્ટજી મહારાજ ! હવે તો કાંઇક ચેતો. જમાનો બદલાઇ ગયો છે તે સામે કાંઇક જરાતરા તો જુઓ, નહિ તો રખડી પડશો. તમે અસલના

વખતના પૂર્વના પવનના સઢ ચડાવી મૂકેલા છે, પણ હવે પશ્ચિમનો પવન વાય છે, એ કાંઈ ખબર છે? એ પવન અટકાવવાનું તમારામાં બળ છે? ના, નથીજ. જ્યારે એ બળ તમારામાં નથી અને જ્યારે તમે સઢ પણ ફેરવતા નથી ત્યારે તમારા વહાણની શી વલે થશે, એ કાંઇક ખ્યાલ તો કરો. ભટ્ટજી મહારાજ! તમે અમારા વહાણના કેપ્ટનો છો, માટે વહાણ ક્યાં જવાં જોઇએ અને તેને બદલે ક્યાં જાય છે, એ તો જરા જુઓ? અસલ પૂર્વનો પવન હતો તેથી આપણા ઋષિ–મુનિયોએ તે બાજુના સઢ ચઢાવેલા હતા અને તે પ્રમાણે તમે ભૂદેવો વહાણો હંકારી જતા હતા, પણ હવે પશ્ચિમનો પવન થઈ ગયો છે, તેથી વહાણો પાછાં ફર્યાં છે, અને ખરાબાના ખાડા તરફ દોડતાં જાય છે, એ કાંઈ ખબર છે? હવે હું તમને પૂછું છું કે એ ખરાબાના ખાડા તરફ દોડ્યાં જતાં વહાણો દેવ પાસે અગરબત્તીનો કટકો સળગાવવાથી પાછાં ઠેકાણે આવશે કે? તમે કહેશો કે આપણી ખરાબી સાથે દેવને શું સંબંધ છે? પણ નહિ, પંડિતજી, તમારાથી એવો જવાબજ દેવાય નહિ. મહાજ્ઞાની ત્રિકાળદર્શી પ્રાચીન મુનિઓએ આપણાં પવિત્ર શાસ્ત્રો મારફત ખુલી રીતે કહેલું છે કે, **જે દેવ આપણું કલ્યાણ કરી શકે નહિ તે દેવ સાચો દેવજ નથી, અને જે ધર્મ આપણી ચાલુ જીંદગીને સુખી કરી શકે નહિ તે ધર્મ સાચો ધર્મજ નથી.** એ સારૂ તો તે પરોપકારી મહાત્માઓએ ધર્મનું લક્ષણજ એવું બાંધ્યું છે કે **યतोऽभ्युदयः श्रेयः सिद्धि स धर्मः। જેનાથી કલ્યાણ થાય, જેનાથી ભલું થાય, જેનાથી ઉન્નતિ થાય, તેનું નામ ધર્મ છે.** જો તમારી અગરબત્તી એમાંનું કાંઈ પણ ન કરી શકે તો તે અધૂરો ધર્મ છે, એમ તમારે કબૂલ કરવું જોઇએ. તમે કહેશો કે ધર્મ તો મુઆ પછી કલ્યાણ કરે, તો એ વાત અમોને કબૂલ નથી; કારણ કે

ઉંડાં રહસ્યોથી ભરેલાં આપણાં શાસ્ત્રોએ તથા પવિત્ર સાધુ–સંતોએ અમોને એમ શીખવેલું છે કે, ભગવદાવેશનું, પ્રભુપ્રેમનું અને ધર્મનું પ્રથમ ફળ એજ છે કે આ જીંદગીમાંજ આપણે સ્વર્ગ અનુભવવું* જોઈએ, આપણા કુટુંબ વચ્ચેજ આપણે કાંઇક ખરૂં સુખ ભોગવવું જોઇએ, અને આપણા કામકાજોમાંથીજ આપણે કાંઈક દિલાસો મેળવી શકીએ એમ થવું જોઇએ. એ ધર્મનું પહેલું ફળ છે; અને મુઆ પછી ફરીથી સારે ઠેકાણે જન્મ થવો, સ્વર્ગ પ્રાપ્તિ થવી અથવા મોક્ષ ગતિ થવી, એ ધર્મનું બીજું ફળ છે.

પ્રાચીન ઋષિઓની માફક હવે તો લોકોને આપણે એમજ સમજાવવું જોઇએ કે અહિંજ આપણને ધર્મનું પ્રથમ ફળ મળવું જોઇએ. મુઆ પછી ફળ મળે તે ધર્મ શું કામનો ? એ તો અધૂરો-ધર્મ છે. એવો અધૂરોધર્મ જેઓ અનાર્ય હોય તે ભલે પાળે, આપણે આર્યોથી કાંઈ એવા અધૂરાધર્મમાં પડયું રહેવાય નહિ. આપણે તો આપણાં રૂડાંકર્મોથી આપણા રોજના વ્યવહારમાંજ સિદ્ધ કરી આપવું જોઇએ કે અમે અમારી ચાલુજીંદગીમાંજ ધર્મનાં રૂડાંફળો ચાખીએ છીએ. આપણાં આચરણો સુધરે, આપણાં લક્ષણો સુધરે, આપણી રહેણી કરણી સુધરે, આપણે વધારે ઉદ્યોગી થઇ શકીએ અને આપણે આપણા ભાઈબંધોને કાંઇને કાંઈ મદદ કરવાનો દિલાસો લઈ શકીએ, તો એ કાંઇ થોડું છે કે ? શું એ ધર્મનું પ્રથમ ફળ નથી ? એવું એવું થોડું ઘણું કાંઈ પણ કર્યા વિના માત્ર દેવ પાસે અગરબત્તી પેટાવ્યેજ આરો આવે એમ કાંઈ વિદ્વાનો માની શકે નહિ. પંડિતજી ! હવે તો આપણી ફરજો વધી છે, માટે પ્રભુનો એવો હુકમ છે કે, જેમ તમે બહારની સુગંધી માટે અને બહારના

* સંસારમાં સ્વર્ગ કેમ અનુભવી શકાય, એ જો બરોબર રીતે જાણવું હોય તો "**સંસારમાં સ્વર્ગ**" વાંચો.

પ્રકાશ માટે મંદિરમાં ધૂપ-દીપ કરો છો, તેમ તમારા અંતરમાં જ્ઞાનનો પ્રકાશ થાય અને અંતરની મલિન વાસનાઓરૂપી દુર્ગંધ દૂર થાય તેમ કરો. તમે કહેશો કેઃ—

અમારામાં મલિન વાસનાઓ ક્યાં છે?

હું કાંઇ કોઈની વસ્તુ ચોરી લેવાની ઇચ્છા રાખતો નથી, હું કાંઇ હવે વ્યભિચારની ઇચ્છા રાખતો નથી, હું કાંઇ જુગાર રમવાની ઇચ્છા રાખતો નથી, હું કાંઇ અભક્ષ્યાભક્ષ્ય કરતો નથી, હું કાંઈ નાટક ચેટકનો પણ બહુ શોખ રાખતો નથી, હું કાંઈ જનાવરોને દુઃખ દેતો નથી, હું કાંઈ ખોટી સાક્ષી આપતો નથી અને હું કાંઇ લફંગા દોસ્તોની સાથે મળીને કોઇને ફસાવવાના પ્રપંચો રચતો નથી; ત્યારે મ્હારામાં શું મલિન વાસનાઓ છે? બેશક, તમારી એ બધી વાત ખરી છે, પણ તેમાં શું? આજુબાજુના સંજોગને લીધે અને સ્વાભાવિક રીતેજ એવું એવું તો તમારા જેવા ભલા માણસોમાં હોયજ, એમાં નવાઈ શું? એવા મોટા ગુન્હા તો નીચ માણસો કરે, તેની સાથે કાંઇ આપણી સરખામણી થાય નહિ. આપણામાં તો એક પવિત્ર આર્ય તરીકે એ કરતાં પણ ઘણા ઉંચા સદ્ગુણો હોવા જોઇએ. માત્ર પાપથી બચવું એટલુંજ બસ નથી, એતો અર્ધું અંગ છે; પણ તેની સાથે જ્યારે પુન્ય કરીએ ત્યારેજ પૂરૂં અંગ થાય છે. જેમકે, કોઈ મંદિરમાં આપણે કાંઇ દુર્ગંધી ન નાંખી આવીએ એમાં કાંઈ નવાઇ નથી અને એટલુંજ કાંઇ બસ નથી, પણ તે મંદિરમાં જ્યારે સુગંધી ફેલાવીએ ત્યારેજ સાચી ભક્તિ કહેવાય છે; તેમજ આપણે આપણા હૃદયમંદિરને મોટાં મોટાં પાપથી બચાવીએ એમાંજ કાંઈ આપણી ઉત્તમતા નથી, પણ જ્યારે નાનામાં નાના પાપથી પણ બચાવીએ અને તેની સાથે ધર્મ કરીએ ત્યારેજ આપણું કલ્યાણ થાય છે. તમે

કોઇની વસ્તુ ચોરી લેવા જતા નથી એ ખરૂં, પણ જ્યારે શ્રાવણ-માસમાં તમારે ઘેરે સીધાં ચાલ્યા આવે છે ત્યારે કેવા રાજી રાજી થઇ જાઓ છો? એ તો વિચારો. માત્ર રાજી થાઓછો એટલુંજ નહિ પણ તેમાંથી દશમો ભાગ પણ કોઇ ગરીબોને આપી શકો છો? એમાં તમે ક્યાં ઘી તોળવા ગયા હતા કે એમાં તમે ક્યાં ખેતરે રખોપું કરવા ગયા હતા? મફતનું ચાલ્યું આવે તેમાંથી તો કાંઇક ધર્મ કરો! ધર્માદાનો માલ એમનો એમ કેમ પચશે? એ તો જરા વિચારો. પણ નહિ, એ વિચાર હમણાં તમને નહિ આવે, કારણ કે આપણે પ્રભુ તરફની બહારની ફરજોમાં જેટલું ધ્યાન આપીએ છીએ તેટલું ધ્યાન અંતરની ફરજો તરફ એટલે કે દુનિયા તરફ—આપણા ભાઈ-બંધો તરફ—આપણે કેમ વરતવું તે તરફ આપતા નથી, તેથી આપણી ભક્તિ અધુરી રહી જાય છે, તેથી આપણાં કર્મો ઢીલાં હોય છે, અને તેથી આપણું જ્ઞાન કામમાં આવ્યા વિના માત્ર બોલવામાંજ રહી જાય છે; એટલુંજ નહિ પણ તેથી એમ થાય છે કે આપણી ભક્તિનું આપણને જે ફળ મળવું જોઇએ તે મળી શકતું નથી, પણ ઉલટાં આપણે દાંભિકપણામાં ને પોલમાંજ રહી જઇએ છીએ. એમ ન થાય અને આપણામાં કર્ત્તવ્યનું સાચું બળ આવે માટે આપણે અંતરનો ધર્મ પાળવો જોઇએ. અંતરના ધર્મનું બીજું નામ પરોપકાર છે, ભ્રાતૃ-ભાવ છે, અભેદમાર્ગ છે, અને એજ આર્યોનો સનાતનધર્મ છે. એ સિવાયનો જે બહારનાં મંદિરોનો ધર્મ છે તેતો માત્ર અંતરધર્મને મદદ કરવાને માટેજ છે. અંતરધર્મને ઢાંકી દેવા માટે કાંઇ બહારનો ધર્મ નથી, એ દરેક માણસે બરોબર ધ્યાનમાં રાખવું જોઇએ. આમ છે માટેજ હું તમોને કહુંછું કે મંદિરમાં અગરબત્તીનો કટકો પેટાવ્યે કાંઈ આરો આવે નહિ, પણ જ્યારે આપણા અંતરમાં આપણા પરમાર્થના કામોની સુગંધી ફેલાય, જ્યારે આપણા અંતરમાં આપણા

ગરીબ ભાઈબ'ધોના આશીર્વાદની સુગ'ધી ફેલાય, જ્યારે આપણા અંતરમાં ધર્મના બળથી ઉત્પન્ન થતો કુદરતી રાજીપો એની મેળે મેળે થયા કરે, જ્યારે આપણા અ'તરમાં આપણાં ભલાંકામો પોતેજ આપણને દિલાસો આપે, અને જ્યારે આપણા અ'તરમાં રહેલી આત્મિકજ્યોતિ સ્પષ્ટ થવા માંડે ત્યારેજ આપણું કલ્યાણ થઈ શકે છે. એવું થયા વિના કાંઈ બહારના ધૂપ–દીવાથી તરી જવાય નહિ, માટેજ અમે આંતર-ધર્મ એટલે કે ભ્રાતૃભાવ ઉપર ભાર મૂકીએ છીએ.

અમુક મોટું પાપ ન કરો તેથી શું થયું ?

હવે તમે વ્યભિચારની ઇચ્છા રાખતા નથી એ સાચી વાત છે, પણ અગાઉ જ્યારે કોઇ કોઇ વખતે ચોક્કસ સ'યોગમાં એવી ઇચ્છા થઈ ગયેલી છે તેનું શું પ્રાયશ્ચિત કરેલું છે ? જ્યાંસુધી એ પ્રાય-શ્ચિત ન કરો અને જ્યાં સુધી તમે જેમ હવે વ્યભિચારથી બચો છો તેમ તમારા ઘણા ભાઇબ'ધોને બચાવો નહિ ત્યાં સુધી તમારી ફરજ કાંઈ પૂરી થયેલી ગણાય નહિ; કારણકે હવે તો ભ્રાતૃભાવનો જમાનો આવતો જાય છે, એટલે આપણે આપણુંજ સાચવીને બેસીએ એમાં કાંઈ આપણું વળે નહિ, એ તો માત્ર લાચારીનો ઉપાય છે, એમ તો પશુ પક્ષીઓ અને અનાર્યો પણ કરે છે, ત્યારે આપણી ઉત્તમતા શું ? આપણે દુનિયાની સૌ પ્રજા કરતાં ઉત્તમ હોવાનો દાવો કરીએ, અને આપણાં આચરણો ઢીલાં ઢફ હોય તો એ કેમ ચાલી શકશે ? પ'ડિતજી, યાદ રાખજો કે હવે તિલક–છાપા ઉપરથી અને જનોઇ–ક'ઠી ઉપરથી ઉચ્ચ નીચની પરીક્ષા કરવાનો જમાનો ફરતો જાય છે; હવે તો લોકો કામ સામું જોતાં શીખતા જાય છે, માટે હવે તો જેનામાં વધારે ભલાઈ હશે, જેનામાં વધારે પરમાર્થ હશે, જેનામાં વધારે ભ્રાતૃભાવ હશે, જેનામાં વધારે સ્વદેશપ્રેમ હશે, જેનામાં સત્યધર્મ

પાળવાનું વધારે બળ હશે અને જેનામાં કામ કરવાની વધારે શક્તિ હશે તે આપણા કરતાં આગળ નીકળી જશે, અને આપણે પાછળ પડ્યા રહીશું; અને વખત આવ્યે આપણે તેઓને ધરાર નમવું પડશે, પછી ભાવે કે કભાવે પણ નમ્યા વિના છૂટકો નહિ થાય. એ વખતે "મીયાં પડ્યા પણ ટંગડી ઊંચી" એમ તમે તમારા મનમાં ભલે માન્યા કરો કે અમે ઊંચા છીએ, પણ દુનિયા તો પરમાર્થની સરતમાં આગળ નીકળી જનારને ઊંચા સમજશે, અને પ્રભુ તો તેનેજ ઇનામ આપશે. મ્હારો અનુભવ તો મને તેમ કહે છે, અને પ્રાચીન ઋષિઓ પણ એમજ કહે છે. જો કે હું જાણું છું કે આ વાત તમે માનશો નહિ, કારણકે તમારે તો કાંઇ કરવું નથી ને ઊંચા ગણાવું છે! બેશક, તમારા મનમાં ભલે તમે ગમે તેમ મોતીના ચોક પૂર્યા કરો અને ગમે તેમ તમે તમારા મનને છેતર્યા કરો, પણ હવે દુનિયા કાંઇ માનશે નહિ અને પ્રભુ કાંઇ કામ વિના ઇનામ આપી દેશે નહિ; માટે જો આપણે ઉચ્ચપણું સાચવી રાખવું હોય તો અંતરનો ધર્મ એટલે કે ભ્રાતૃભાવ વધારવો જોઇએ. એ વિના હવેના જમાનામાં ઉચ્ચપણું કાંઈ ટકી શકે તેમ નથી, કારણકે હવેના લોકો જાત તરફ અને કૂળ તરફ નહિ પણ કામ તરફ જોતાં શીખતા જાય છે, માટે આપણે ચેતવું જોઇએ.

પંડિતજી! તમારૂં ટટ્ટુ ક્યારે ચાલતું એ ખબર છે?

જ્યારે દાયરો જમાવીને દરબારો બેઠા હોય, અફીણના કસુંબા નીકળ્યા હોય તથા પછી હુકા પીતા પીતા પડ્યા હોય, અને જ્યારે ભાટ ચારણો કે બારોટોની વાતો ચાલી રહી હોય, જેમ મરજી પડે તેમ ફેંકાતું હોય, જ્યાં ત્યાં સારમાં સાર જૂદા જૂદા કૂળોની મોટાઇની ખુશામતભરી વાતો એજ મુખ્ય હોય, ત્યારે પછી કોઈ કહે કે "ભાઇ ભાઈ! દરબારની માણકીઘોડીની વાત શું કરવી! એની તો

કોઇ જોડજ ન મળે ! ત્યારે બીજો કહે કે અમારા રાજાને ત્યાં જે ઘોડો હતો તેની શું વાત ? આંખ મીંચીને ઉઘાડીએ ત્યાં તો બે ગાઉ નીકળી ગયો હોય ! એ ઘોડાને ખડ નહોતા ખવરાવતા હો, રોજ રોજ ગરમા ગરમ જલેબીજ, બીજી વાત નહિ ! ત્યારે ત્રીજો કહે કે મોતીશા શેઠને ત્યાં ઘોડો હતો એની પણ જોડી ન મળે ! પીરજાદા પાસે પાણીપંથો ઘોડો હતો તેની વછેરીની ઓલાદનો તે હતો ! હતો તો બઠ્ઠકડો, પણ એતો જાણે વીજળીનોજ સબાકો ! ધરતી ઉપર તો તેનો પગજ ઠરતો નહોતો. એ સાંભળીને એક બારોટે કહ્યું કે, મ્હારા દાદા પાસે એક ઘોડો હતો પણ તે તો દેવતાઇ ઘોડો ! એની વાત શું કરવી ! એનું નામજ પવનવેગી ! એ તો જાણે હવામાંજ ઉડતો હોય ! જંગબહાદૂરે તે ઘોડીને બદલે મ્હારા દાદાને ત્રણ ગામ ઇનામમાં આપવાનું કહ્યું; પણ મ્હારા દાદાએ કહ્યું કે, સો ગામ પણ એની ઉપરથી કુરબાન છે ! એ ઘોડાના વંશની બે વરસની વછેરી મ્હારી પાસે છે, એને માટે માનસિંહજીએ મને કહ્યું કે, બારોટ જો એ વછેરી આપો તો મ્હારો આ સોનાનો તોડો તમને આપું. ત્યારે મ્હેં કહ્યું કે, કૃપાનાથ ! દીકરીનાં માગાં હોય, ક્યાંય વહુનાં માગાં હોય ? એ તો અમારા ઘરની આબરૂ છે, એ વછેરી તે કાંય દેવાય ? એ તો વાતજ બોલશોમાં."

આવી રીતે જ્યારે માત્ર વાતો ઉપરથી, જાત ઉપરથી ને કૂળ ઉપરથી માલની કિંમત થતી હતી ત્યારે તમે ફાવી ગયા હો તે જૂદી વાત છે, પણ હવે તો સરતનાં મેદાનો તૈયાર છે. જે ઘોડો તેમાં આગળ નીકળી જાય તેને ઇનામ મળે છે. પછી તે ગમે તો કાઠીયાવાડી હોય, ગમે તો ઇરાની હોય, ગમે તો અરબ્બી હોય, ગમે તો ઑસ્ટ્રેલીયન હોય અને ગમે તો વિલાયતી હોય; પણ જે સરતમાં જીતે તેને ઇનામ મળે. તેમજ આ જમાનામાં તો જે ભલામાં ભલાં કામો

કરશે, જે વધારેમાં વધારે કામો કરશે અને જે દેશસેવામાં જીંદગી ગાળશે તેનુંજ નામ અમર થઈ શકશે, તેનેજ લોકો ચહાશે અને તેજ પ્રભુના કૃપાપાત્ર થઇ શકશે. માટે પંડિતજી ! જો જીતવું હોય તો નાત-જાતના રગડામાં બહુ પડ્યા ન રહેતાં ભાઇબંધીની સરતના મેદાનમાં આવી જાઓ, અને પછી એની મજા જુઓ.

પંડિતજી ! તમે કહો છો કે,

હું કાંઈ મારા મારી કરવા જતો નથી.

પણ એમાં શું નવાઈ ? તમે મારા મારી કરવા જતા નથી એ સાચી વાત, પણ જ્યારે તમે કોઈ જરૂરનો કાગળ લખતા હો ત્યારે તમારો નાનો છોકરો આવીને શાહીનો ખડીઓ ઢોળી નાંખે ત્યારે તમે તેના ઉપર ગુસ્સે થાઓ છો કે નહિ ? તમારી ઘરવાળી જ્યારે કોઈ વખત શાકમાં મીઠું નાંખવું ભૂલી જાય ત્યારે તમે મિજાજને કાબુમાં રાખી શકો છો કે ? તમારા રામાઘાટીને હાથે જ્યારે કોઇ વખત ચીમની ફૂટી જાય ત્યારે તમે તેની સાથે કઇ જાતનું **महिम्न** ભણવા મંડી જાઓ છો, એ તો જરા વિચારો ? નવાં કપડાં પહેરીને જ્યારે રસ્તામાંથી જતા હો ત્યારે દૈવયોગે કોઈની બારીમાંથી પાણીના છાંટા ઉડી જાય તો તમારૂં મ્હોંઢું કેવું થઈ જાય છે, તે કંઈ તમને ખબર છે ? એ વખતનો ફોટોગ્રાફ તમે જોયો છે ? કોઇનો પગ લપસી જવાથી તે પડી જાય ને શરમાઈ જાય ત્યારે તે જોઇને તમારૂં મ્હોઢું કેવું મલકાઈ જાય છે, એ કાંઈ ખબર છે ? જ્યારે તમારી નાત ભેળી થઈ હોય અને ત્યાં તમારી પાર્ટીની વિરૂદ્ધ હિલચાલ થતી હોય ત્યારે તમે કેવા તપી જાઓ છો, એ કાંઇ ખ્યાલ કરો છો ? તમારી વાંકા બોલી જે વેવાણ સાથે તમોને બનતું નથી તેનું નામ આવે છે ત્યારે તમે કેમ મ્હોઢું બગાડો છો, એતો જરા વિચારો ? પસંગોપાત તમારાં

માબાપ જ્યારે કાંઇ કહી લે ત્યારે કેમ તેલમાં માખી બૂડી જાય છે, એતો જરા તપાસો ? તમારી વહુ તમને બહુ વહાલી છે, તોપણ જ્યારે તેના માવતરની વાત આવે છે ત્યારે તેની મશ્કરી કરવામાં તમને કેવી મજાહ પડે છે, એતો અમને કહો ? ફળીયામાં છોકરાંઓ રમતાં હોય ત્યારે કોઇ બીજાં છોકરાંને હાથે તમારા છોકરાને વાગી જાય, તેથી તમારો છોકરો સહેજ રોઈ પડે, તો તમે બીજાં છોકરાંઓની સામે કેવા ડોળા કાઢો છો ને તેને કેવા ધમકાવો છો, એ તો જરા વિચારો ? તમે રેંકડામાં બેસીને વાલકેશ્વર કે મહાલક્ષ્મી જતા હો ત્યારે રસ્તામાં રેંકડાના બળદો ધીમા ચાલતા હોય તો તમે રેંકડાવાળા સાથે કેવી ઉંચી જાતનું ભાષણ કરો છો, એતો જરા કહો ? વહુના દાગીના સમા કરાવવા માટે તમારે સોનીને ઘેર જવું હોય, એ વખતે કોઈ નાતીલો આવીને કહે કે ફલાણી ડોશી મરી ગઈ છે, માટે આભડવા આવજો, ત્યારે તમારા મનમાં શું શું વિચારો આવે છે, એ તો જરા તપાસો ? તમે જાણતા હો કે આ યજમાન ચીકાસદાર છે, અને તેમ છતાં પણ તમને શ્રાદ્ધમાં સારૂં ધોતીયું ન આપે ત્યારે તમે તેને માટે કઇ જાતની ભાષા વાપરો છો, એતો જરા વિચારો ? તમારે બ્હારગામ જવું હોય ત્યારે કોઇ વખત તમારીજ કસુરથી તમે ટ્રેન ચૂકી જાઓ, અને પછી તે ગુસ્સામાં જે કોઇ ઝપાટામાં આવે તેની ઉપર તમે કેવા ઉતરી પડો છો, તે તો કાંઇ સમજો ? અને જ્યારે કોઈ સગાવહાલાંમાં, મિત્રોમાં કે ઓળખાણવાળાઓમાં પ્રસંગોપાત તમારી કાંઈ રેવડી થઇ જાય છે ત્યારે તમારા મનને કેવુંક કાબુમાં રાખો છો, એ તો જરા કહો ? પંડિતજી ! યાદ રાખજો કે આવી ઝીણી ઝીણી બાબતોમાં જ્યાં સુધી આપણે સુધરીએ નહિ, એવા પ્રસંગોમાં જ્યાં સુધી શાન્તિ રાખી શકીએ નહિ અને એવે વખતે જ્યાંસુધી ભલાઇ રાખીએ નહિ ત્યાં સુધી

આપણા સદ્‌ગુણો સાચા કહેવાય નહિ, ત્યાં સુધી આપણો ભ્રાતૃભાવ સાચો કહેવાય નહિ, ત્યાં સુધી આપણા ચપટી ચોખાથી કે નામને માટે ફાળામાં ભરેલા રૂપિયાથી કાંઇ ખરો પરમાર્થ થાય નહિ, અને જ્યાં સુધી એમ ન થાય ત્યાં સુધી માત્ર બહારની મારા મારી ન કરીએ તેથી કાંઇ સાચોધર્મ પાળ્યો કહેવાય નહિ. આ બધું સાચી ભાઇબંધીથી બની શકે છે, માટે હવે તો પંડિતજી! અંતરના ધર્મમાં આવો, ભ્રાતૃભાવના ધર્મમાં આવો, સ્વદેશસેવાના ધર્મમાં આવો; કારણ કે એજ સૌથી ઉત્તમ ધર્મ છે, અને એજ પ્રાચીન આર્યઋષિઓનો સનાતન ધર્મ છે.

અંતરની પવિત્રતા રાખો.

તમે કહેશો કે હું અભક્ષ્યાભક્ષ્ય કરતો નથી, પણ એમાં શું મોટી વાત? પવિત્ર બ્રાહ્મણોને માટે એમાં નવાઇ શું? એ તો તમારી વંશપરંપરાની રીત છે, એટલે કુદરતી રીતેજ એવા ભ્રષ્ટાચારમાં તમોને ગ્લાનિ લાગેજ, તેથી સ્વાભાવિક રીતેજ તમે એવા પાપમાંથી બચી શકો. એમાં તમારો પુરૂષાર્થ શું? નીચ માણસોને પણ જે ચીજની ગ્લાનિ લાગે છે, અને વંશપરંપરાની ટેવવાળા પણ જે ચીજોને મલિન સમજીને છોડતા જાય છે તે અપવિત્ર વસ્તુઓનો તમે બ્રાહ્મણો તિરસ્કાર કરો એમાં શું નવાઈ? તમારી ફરજ તો એ કરતાં ઘણી વધારે છે. તમે બહારની ખાવાપીવાની વસ્તુઓમાં વિચાર રાખો છો પણ અંતરમાંથી કાઢવાની વસ્તુઓમાં ક્યાં વિચાર રાખો છો? ખાવા પીવામાં વિચાર રાખવો એ બહારની પવિત્રતા છે, પણ અંતરમાંથી કાઢવાની બાબતમાં વિચાર રાખવો એ તો અંતરની પવિત્રતા છે. એ બાબતમાં આપણે મોળા છીએ તેનું શું ધાર્યું? બેશક, ઘણીવાર આપણને બહારની પવિત્રતા રાખતાં તો બહુ

સારી રીતે આવડે છે, પણ એ તો એક અંગ થયું, બીજું જમણું અંગ જે અંતરની પવિત્રતા છે તે આપણામાં ક્યાં છે ? એમાં કેટલી બધી પોલ ચાલે છે, એ તમને ખબર છે ?

શાક–ભાજીના ત્યાગનું બલૂન તે કેટલુંક ઉંચું ઉડી શકશે ?

પંડિતજી ! તમે બારસને દહાડે વખતે રીંગણાં તજી શકતા હશો પણ તમારા સમોવડીયા શાસ્ત્રીઓના ગુન્હા માફ કરી શકો છો ? તેના એક એક વચનને માટે તમે કેટલું કેટલું પીંજણું પીંજો છો અને એને માટે કેટલી બધી ગાંઠો વાળો છો, એ તો જરા તપાસો ? તમે આર્દ્રા નક્ષત્ર પછી આંબા નહિ ખાતા હો, કારણ કે એ વખતે આંબાનો સ્વાદ પણ સારો હોય નહિ અને તેના પૈસા પણ વધારે પડે, માટે આંબા તજી શકતા હશો, પણ ખુબસુરત સ્ત્રીઓનાં મ્હોડાં જોવાનો અને તેમની વાતો સાંભળવાનો મોહ તજી શકો છો ? ચોમાસામાં જીવડાવાળી થઇ ગયેલી ભાજી તમે તજી શકતા હશો, પણ બાળવિધવાઓના વરની પાછળનાં સરાવણાં ખાવાં તમે તજી શકો છો ? ચોક્કસ દિવસોએ તમે અડદની દાળ તજી શકશો, પણ તમારા નોકર સાથેની તમારી કઠોરતા તમે તજી શકશો કે ? વર્ષમાં થોડા દિવસ કાંઇ કંદમૂળને તમે તજી શકશો, પણ કેટલાક માણસોને માટે તમારા મનમાં જે અદેખાઇ ભરાઇ ગયેલી છે, તે તજી શકશો કે ? તમે કાંદા ખાતા નહિ હો, તેમાં દુર્ગંધી છે એટલે તમારા જેવા મોભાદાર માણસોને શોભા આપનારૂં લાગે નહિ, તેથી અથવા નાત રીત પ્રમાણે તમે તે નહિ ખાતા હો, એ ખરૂં છે, પણ જ્યારે તમોને કાંઈ જરા તરા માન મળે છે ત્યારે કેવા ફુલાઇ જાઓ છો, એ કાંઈ ખબર છે ? તમે કાંદા તજ્યા પણ અહંકાર તજી શક્યા છો ? વખાણ લેવાની ઇચ્છાને, માન લેવાની ઇચ્છાને અને મોટા ગણાવાની ઇચ્છાને

તજીને જેમ પ્રભુ રાખે તેમ રહેતાં શીખ્યા છો કે? અને પંડિતજી! તમે આખી જીંદગી સુધી લસણ તજ્યું હશે, પણ આખી જીંદગીમાં એક દિવસ પણ લોભ છોડયો છે કે? એક દિવસ પણ ખરા સંતોષમાં ગાળ્યો છે કે? એક દિવસ પણ તદ્દન પવિત્રતાથી કોઈ પણ જાતના વિકાર વિના પૂર્ણ શાન્તિથી ગાળ્યો છે કે? અને એક દિવસ પણ સ્વદેશપ્રેમમાં લદબદ થઇને સ્વદેશની સેવામાં તન્મય થવામાં ગાળ્યો છે કે? નહિજ. ત્યારે તમારા શાક-ભાજીના ત્યાગનું બલૂન તે આત્મોન્નતિના માર્ગમાં કેટલુંક ઉંચું ઉડી શકશે, તે મને કહો તો ખરા? અમે એમ નથી કહેતા કે એ નિયમ પાળવા ન જોઇએ, પણ અમારૂં કહેવું એટલુંજ છે કે અંતરના ધર્મને ભૂલી જઇને એવા બહારના ધર્મોમાંજ છેવટ સુધી પડયા રહેવાનો હવેનો સમય નથી; કારણ કે આપણી બુદ્ધિના પ્રમાણમાં અને આપણી આજુબાજુના સંયોગોના પ્રમાણમાં આપણી ફરજો વધી છે, માટે હવે આપણે આંતરધર્મમાં એટલે કે ભ્રાતૃભાવના ધર્મમાં આવવું જોઇએ.

શાસ્ત્રોના ખોટા અર્થ કરવા, એ પ્રભુની વિરૂદ્ધ ખોટી સાક્ષી પૂરવા જેવું છે.

તમે કહો છો કે હું કાંઈ ખોટી સાક્ષી આપતો નથી. બેશક, એટલું ખરૂં છે કે તમે કૉર્ટમાં જઇને પવિત્ર ન્યાયાસન આગળ સોગન ખાઇને ખોટી સાક્ષી આપતા નથી, પણ એમાં શું? એવી રીતની ખોટી સાક્ષીઓ તો માત્ર બાંડીયાઓજ આપે, તમે એવી રીતની ખોટી સાક્ષી ન પૂરો એમાં કાંઈ વિશેષતા કહેવાય નહિ. એવા નીચ માણસોની સાથે તમારી સરખામણી શા માટે કરવી જોઇએ? તમારે તો તમારા આચરણમાં એ કરતાં પણ કાંઇ વિશેષ ઉત્તમતા બતાવી આપવી જોઇએ. તમે ખોટી સાક્ષી પૂરતા નથી એ સાચી વાત, પણ

તમે શાસ્ત્રોના સાચા અર્થ કરો છો ખરા કે? શાસ્ત્રોના જે અર્થ અને જે હેતુઓ તમે સમજો છો તે તમે નિખાલસ દિલે તમારી કથા સાંભળનારાઓને કહો છો ખરા કે? કહો કે નહિજ. એ શું ગુન્હો નહિ કે? પંડિતજી! યાદ રાખજો કે જુઠી સાક્ષી પૂરવા કરતાં પણ એ બહુ મોટો ગુન્હો છે, કારણ કે જુઠી સાક્ષી પુરનારાઓ તો કોઇક હલકા માણસોનીજ વિરૂદ્ધમાં બોલે છે, અને એવી સાક્ષીથી તો બહુ થોડું નુકસાન થાય છે, પણ તમે તો આપણા પવિત્ર શાસ્ત્રકર્ત્તા મહાત્માઓની વિરૂદ્ધમાં, આપણા સનાતનધર્મની વિરૂદ્ધમાં અને ખુદ પ્રભુની વિરૂદ્ધમાં ખોટી સાક્ષી પૂરો છો. એ કેટલું બધું મ્હોટું પાપ છે, તે વિચારો તો ખરા?

નાત–જાતનાં લફરાંને લીધે અમારે પોલ ચલાવવી પડે છે.

પંડિતજીએ કહ્યું:–મહારાજજી! તમારી એ બધી વાત સાચી, પણ અમે કરીએ શું? "બોલીએ તો બાપ મરે ને ન બોલીએ તો મા મરે" એવા અમારા હાલ છે, એટલે ન બોલીને આજીવિકારૂપી બાપને જીવતો રાખીએ છીએ અને ધર્મરૂપી માને મરવા દઇએ છીએ. મહારાજ! તમે અમને ઠપકો આપો છો પણ જરા વિચાર તો કરો કે દેશકાળ ફરી ગયા, લોકાચાર બદલાઇ ગયા, રૂઢ્ઢીનાં રાજ્ય થઇ ગયાં અને કોઈ સત્યશોધક જાહેર હિમ્મતવાળા માણસો રહ્યા નહિ, એટલે અમે તે કરીએ શું? સાચું કહીએ તો ઉલટી અમારીજ રેવડી થાય અને વળી ભૂખે મરવું પડે તે જૂદું. માટે અમારે તો હાલના નવા નવા સંપ્રદાયો પ્રમાણે અને બૈરકશાસ્ત્ર પ્રમાણે ફરજીયાતપણે ચાલવું પડે છે. અમે જાણીએ છીએ કે હાલના નવિન મતોમાં બહુજ દાંભિકપણું છે, બહુજ ઉપલકપણું છે, બહુજ ડોળડીમાક ખાતું છે, અને બહુજ થોડું સત્ય છે; એટલુંજ નહિ પણ તેમાં અતિશય પક્ષાપક્ષ

છે, અને બહારની ક્રિયાઓને અતિશય માન આપવામાં આવે છે; તેઓ અતિશય લેભાગુ છે, અને ખરા સત્યથી બહુજ દૂર છે; પણ અફસોસ કે અમારે તેઓમાંથીજ રોટલા રળી ખાવાના છે, એટલે અમારે ધરાર પોલમપોલ ચાલવા દેવી પડે છે. બીજું એ પણ ખરૂં છે કે અમોને જન્મથીજ એવી પોલમપોલના સંસ્કાર પેસી ગયેલા છે, એટલે અમારી જે ભૂલો તમોને દેખાય છે તે ભૂલો અમોને સ્પષ્ટ રીતે દેખાતી નથી, અને જે થોડી ઘણી દેખાય છે તે પણ જેવી તમોને તે મોટી દેખાય છે, તેવી અમોને મોટી દેખાતી નથી, એટલે તેથી પણ અમે ગાફલ રહી જઇએ છીએ. આ બધી વાતો તમારી કૃપાથી હું થોડી. થોડી સમજું છું, પણ તે પાળવાનું મ્હારામાં બળ નથી. જો પાળવા જાઉં તો મ્હારા બાર વાગી જાય; કારણ કે આપણા લોકોમાં અંધશ્રદ્ધા છે, નાતોના જૂલમ છે, દરેક વાતમાં ધર્મનાં આડાં લાકડાંઓ છે, અને બહારનો વિચાર વિનાનો આચાર એટલો બધો વધી ગયો છે કે એમાંથી કોઇ પણ રીતે હાલમાં અમારા જેવાથી તો છૂટી શકાય તેમ નથી; એટલુંજ નહિ પણ

यद्यपि शुद्धं लोक विरुद्धं ना करणीयं नाचरणीयं ।

એવા વિચારના અમોને પરાણે પરાણે થવું પડે છે ને થઇ ગયા છીએ. તમે કહેશો કે શા માટે એવા વિચારના થવું પડે છે ? તો તેનો ખુલાસો સાંભળોઃ ઘણાં વર્ષો ઉપર હું જ્યારે બહુ જુવાન હતો ત્યારે એક વખત મ્હેં એવા વિચારો જણાવ્યા હતા કેઃ–" બ્રાહ્મણો બ્રાહ્મણોના હાથનું રાંધેલું ખાવાથી અભડાય નહિ." તે ઉપરથી મ્હારી નાની નાતમાં મોટી હોહા થઇ રહી હતી, મ્હારા બાપ સાથે મને મોટો કજીઓ થઇ પડયો હતો. જે ગૃહસ્થને ઘેરે હું જતો તેની ડોશીએ મને કહ્યું કે, " વ્યાસ, ગામમાં તમારી તો બહુ અપકીર્તિ થાય છે. કાલે ગોમતીબાઇએ મને કહ્યું કે, તમારો વ્યાસ તો વટ-

લેલો છે, એવા નાસ્તિકને તે બારણે કોણ બાંધે ? એ સાંભળીને મને તો બહુ શરમ લાગી. તમારે લીધે અમોને શરમાવું પડે છે. બાપે થોડા પૈસા મેળવી રાખ્યા માટે ફાટી જાઓમાં, એમ સુધરેલા થઇ જશો તો રખડી પડશો. ગામમાં કાંઇ બ્રાહ્મણનો ટોટો નથી, તમને યજમાન મળી રહેશે ને અમને ગોર મળી રહેશે, પણ બચ્ચા. ફરી ફરીને બ્રાહ્મણનો અવતાર નહિ મળે, માટે જરા વિચારીને ચાલો." આ વાત સાંભળીને હું તો એવો ટાઢોબોળ જેવો થઇ ગયો કે કાંઇ વાત ન પુછો. એ પછી હું મ્હારા દોસ્ત શાસ્ત્રીને ઘેરે ગયો. ત્યાં કાંઈ પ્રસંગને લીધે ચાર પાંચ શાસ્ત્રીઓ બેઠેલા હતા, તેઓ પણ મ્હારીજ વાતો કરતા હતા. ભરમમાં ને ભરમમાં મને એવી સંભળામણી કરતા કે મને તાળવે સટાકો જતો અને હું ઉભોને ઉભો બળી મરતો હતો. તેઓમાંથી એક જણે કહ્યું કે, "જ્યારે આપણું ઘર ફુટે, જ્યારે આપણામાંથીજ વર્ણસંકર પેદા થાય ત્યારે હવે શું કરીએ ? ત્યારે બીજાએ કહ્યું કે, શું કરીએ ? અરે, એવું કરીએ કે જન્મ સુધી યાદ રાખે ! એના ઘરમાં, એની નાતમાં અને એના યજમાનમાં એવી ગોપી ઘાલી દઇએ કે પાછો ઠેકાણેજ ન આવે ! વર્ણસંકર સારૂ જરા જરા અપ્ડમ તપ્ડમ કરવું પડે તોપણ શું થયું ? પણ એવાઓની તો ખોડ ભૂલાવી દઇએ ત્યારેજ આપણે સાચા !" આવી આવી વાતો સાભળીને મ્હારા તો હાંજાજ ગગડી જતા, અને હું તો ઢીલોઢફ થઇ જતો. એ પછી થોડા દિવસ સુધી હું જ્યાં જાઉં ત્યાં હડધૂત થતો. એ બધું સહન કરવાનું મ્હારામાં બળ નહોતું, તેથી છ મહિના હું દેશમાં ભાગી ગયો ત્યારે મ્હારો આરો આવ્યો ! માત્ર એક સાદી વાત બોલવામાં મ્હારા આવા હાલ થયા ત્યારથી આપણે તો શીખી ગયા છીએ કે પોલમાંજ મજા છે. જો સાચા થવા જઈશું તો ઉલટા માર્યા જઇશું. કારણ કે લોકોને એવું

ગમે છે એટલે અમે કરીએ શું ? તમારોજ દાખલો લ્યોને, તમે સાચા છો તો તમારો કોઇ ભાવ પુછે છે ? હું જાણું છું કે કોઇક દિવસ સાવ ભીક્ષા વિનાના પણ રહી જતા હશો. પણ અમે પોલમાં ને પોલમાં કેવા માલ ઉડાવીએ છીએ, એતો જરા જુઓ ? આજેજ ખીમા કુંભારનો માસિસો છે તેથી ઘેરે બાસુંદી–પૂરી છે. ચાલો બતાવું !

મ્હેં કહ્યું:—મહારાજજી ! પંડિતજીની પક્કાઇ જોઇ ? બાસુંદી-પૂરી તમોને બતાવવા તેડી જાય છે, જમાડવા નહિ હો ?

માસ્તરે કહ્યું:—કેમ જાણે સ્વામીજીએ બાસુંદી–પૂરી જોઇ ન હોય ! હાય હાય ! બ્રાહ્મણભાઈ તે બ્રાહ્મણભાઇજ ! પંડિતજી ! એટલો વિવેક પણ ન આવડયો ?

મહારાજે કહ્યું:—માસ્તર સાહેબ, એમાં પંડિતજીનો વાંક નથી, કારણ કે તેઓ આપણી પાસે કબૂલજ કરે છે કે અમે પોલમાંજ છીએ. અને પોલમાં પરમાર્થ કયાંથી હોય ? પરમાર્થ તો સત્ય–ધર્મ-માંજ હોય, અંતરના ધર્મમાંજ હોય. એ અંતરધર્મ આપણી આખી પ્રજામાંજ નથી ત્યારે પછી માત્ર પંડિતજીનોજ દોષ શું કાઢવો ? સૌ લોકો જ્યારે માત્ર બાહ્યાચારમાંજ–બચ્ચાંઓની માફક બહારની વસ્તુઓ સાથે ચોડાં કાઢવામાંજ–પોતાની જીંદગી ગુમાવી નાંખે છે ત્યાં સત્ય–પરમાર્થ કે ભ્રાતૃભાવની ઇશ્વરીસગાઇ ન હોય તેમાં નવાઇ શું ?

માસ્તરે પૂછ્યું:–મહારાજ ! એમ થવાનું કારણ શું ?

શામાટે આપણે બાહ્યાચારમાંજ રહી જઇએ છીએ ?

મહારાજે કહ્યું:–વિશ્વાસ શબ્દનો આપણે ખોટો અર્થ કર્યાએ છીએ અને તેનો ખોટો ઉપયોગ કરીએ છીએ, તેથી દરેક બાબતમાં આપણે અધૂરા–પોલમપોલવાળાજ–રહી જઇએ છીએ. માત્ર શાસ્ત્રીઓ અને ધર્મગુરૂઓમાંજ આ દોષ છે એમ નથી, પણ આપણી સમસ્ત

પ્રજામાં એ જાતના સંસ્કાર બેસી ગયેલા છે, એટલે આપણા કોઇ પણ કામમાં ખરેખરી ભભક દેખાતી નથી; કારણકે સત્યપ્રકાશ–સત્ય-ગરમી–સત્યવિજળી આંતરધર્મમાં છે, પણ વિશ્વાસના ખોટા ઉપયોગને લીધે આપણા દરેક કામમાં એ સત્યવિજળીના ઉપર બાહ્યાચારનો ને દાંભિકપણાનો પડદો આવી જાય છે, તેથી આપણાં દરેક કામની ભભક ભાગી જાય છે, આપણી જીંદગીની મીઠાશ ઉડી જાય છે, આપણી ધર્મભાવના જાગૃત છતાં પણ તે મોળી પડી જાય છે, અને આપણે કર્ત્તવ્ય બજાવવાને બદલે બહારની દેખાદેખીના ઉપરછરા વૈરાગ્ય તરફ ઢળી જઇએ છીએ. આ બધું વિશ્વાસના ખોટા ઉપયોગનું પરિણામ છે. એવા દાંભિકપણામાં પડ્યાં નહિ રહેતાં હવે તો આપણે સમજવું જોઇએ કે આ વિશ્વાસનો એટલે કે માની લેવાનો કે અંધ-શ્રદ્ધાનો જમાનો નથી, પણ હવે તો બુદ્ધિબળનો ને ગેરેન્ટીનો જમાનો આવતો જાય છે, માટે આપણાં કામો બહુજ ચોક્કસપણે અને આંતરના બળથી થવાં જોઇએ. આપણાં કામો રસકસ વિનાનાં, ઢીલાંઢફ ને ટુંકી અસરવાળાં થાય છે તેનું કારણ એજ છે કે વિશ્વાસના ખોટા ઉપયોગને લીધે જેમ દરેક બાબતમાં આપણે પોલમાંજ રમ્યા કરીએ છીએ, તેમજ વૈરાગ્યની બાબતમાં પણ આપણે આપણાજ અંતઃકરણને ઠગનાર દાંભિકપણા સાથેજ રમ્યા કરીએ છીએ, તેથીજ આપણાથી સત્યપરમાર્થ બની શકતો નથી.

વિશ્વાસ એટલે શું ?

આપણે હાલ જે વિશ્વાસમાં છીએ તે કર્ત્તવ્યહીન વિશ્વાસને અમે મુએલો વિશ્વાસ કહીએ છીએ. એવા મુએલા વિશ્વાસથી કોઈ પણ જાતની ઉન્નતિ કદી પણ થઇ શકે નહિ; કારણકે જ્યારે વિશ્વાસ પોતેજ મરી ગયેલો છે ત્યારે તે આપણામાં કેવીરીતે જાગૃતિ લાવી શકે ?

પ્રાચીન ઋષિઓએ પવિત્ર 'શ્રદ્ધા' શબ્દ ઉપર બહુ ભાર મૂકેલો છે, તેનું કારણ એ છે કે તેઓ શ્રદ્ધાનો અર્થ બહુ બહોળા રૂપમાં સમજતા હતા અને તે પ્રમાણે વર્તતા હતા, એટલે શ્રદ્ધામાં તેઓને અલૌકિક બળ દેખાતું હતું; પણ આજે શ્રદ્ધાનો એ અર્થ આપણે સમજતા નથી. જો કે કોઇ કોઇ વખત આપણને એવા અર્થનો ભાસ હજી પણ આવી જાય છે ખરો. જેમકેઃ આજે પણ જ્યારે કોઇ ગોર પોતાના યજમાન પાસે પાવલાને બદલે રૂપિયો માગવાની હઠ કરે ત્યારે તે યજમાન કહે છે કે, મહારાજ માફ કરો, અમારી શ્રદ્ધા નથી, એટલે કે તમે કહો છો તેટલું આપવાની અમારી શક્તિ નથી. એટલો ભાગ કરવા અમે ઇચ્છતા નથી. તમારી મરજી મુજબ આપવાથી તમે ધારો છો તેવું ફળ થશે એમ અમે માનતા નથી, તમારી ઇચ્છા પ્રમાણે આપી શકીએ એવી અમારામાં દઢતા નથી અને એટલો બધો પુરૂષાર્થ કરવા અમે ઇચ્છતા નથી. ટુંકામાં એટલુંજ કે અમારી મરજી નથી. હવે સમજ્યા પંડિતજી! શક્તિ એટલે પોતાની સ્થિતિ અને આજુબાજુના સંયોગ; ત્યાગ એટલે પ્રભુને અર્થે પોતાની વહાલી વસ્તુઓ આપી દેવાનું બળ; ફળની ઇચ્છામાં વિશ્વાસ એટલે કે અમુક કામ કરવાથી અમુક ફળ આ ભવમાં કે ભવિષ્યની જીંદગીમાં પણ થશેજ એવો શુદ્ધ વિશ્વાસ; દઢતા એટલે કર્ત્તવ્ય બજાવવાનું બળ, કર્ત્તવ્ય બજાવવાને ખાતર સ્વાર્થત્યાગ કરવાની અને જોખમો ખેડવાની શક્તિ; પુરૂષાર્થ એટલે જે ફરજો બજાવવાને માટે મનુષ્ય આ પૃથ્વીપર આવેલાં છે, તે ફરજો ઉત્તમમાં ઉત્તમ રીતે પૂરેપુરી બજાવવી; અને અંતરની ઇચ્છા એટલે કે પૂર્વના સંસ્કાર, પ્રારબ્ધના ભોગ, ચાલુ જીંદગીની રહેણી કરણી અને જેનાવડે ઉપલાં દરેક કામ થાય છે તે. આ બધાં કર્મોની ક્રિયાઓમાંથી જે રહસ્ય ઉત્પન્ન થાય તેને મહાન ઋષિઓ શ્રદ્ધા કહેતા હતા. અનુભવમાં કે

બુદ્ધિમાં પણ આવી શકે તેવી ચીજોને માત્ર માની લેવી એનુંજ નામ કાંઇ સાચી શ્રદ્ધા નથી. એવી જાતની શ્રદ્ધા તો વિદ્યાર્થીઓને શરૂઆતના પગથીયા તરીકે છે; એવી શ્રદ્ધાથી કાંઇ મોક્ષ મળે એમ આર્યશાસ્ત્રો સ્વીકારતાં નથી. આપણાં પવિત્ર શાસ્ત્રોનો તો એજ સિદ્ધાંત છે કે, જ્યારે પાપ બળી જવાથી અંતરની બધી ગાંઠો છૂટી જાય, જ્યારે અંતઃકરણ શુદ્ધ થવાથી બધા સંશયો કપાઇ જાય, જ્યારે જ્ઞાનથી ઇશ્વરને ઓળખાય અને જ્યારે શ્રદ્ધાથી હૃદયમાં તેનો સાક્ષાત્કાર થાય, ત્યારેજ ઉદ્ધાર થઇ શકે છે. એ વિના માત્ર અમુક વાતો માની લેવાથીજ કાંઈ ઉદ્ધાર થાય નહિ. એવી રીતે માની લેવું એ તો માત્ર શરૂઆતનાં પગથીયાં તરીકે છે, એ તો વિદ્યાર્થી અવસ્થાને માટે છે, સિદ્ધદશાને માટે કાંઈ એ નથી. માટે યાદ રાખજો કે જે અનુભવમાં ન આવી શકે અને પાયા વિના માત્ર માની લેવાનીજ વાતો હોય તે અધૂરો ધર્મ છે; તે અજ્ઞાનીઓનો ધર્મ છે; આર્યોનો ધર્મ તો હૃદયની સર્વ ગાંઠો છૂટી જાય અને આત્મસાક્ષાત્કાર થાય એજ છે. શ્રદ્ધાનો આવો સ્પષ્ટ અર્થ જાણ્યાથી હવે તમે સમજી શકશો કે એ જાતની શ્રદ્ધા આપણામાં નથી. આપણામાં તો માત્ર અમુક વાતો માની લેવાનીજ શ્રદ્ધા છે, પણ જે પ્રમાણે માનીએ છીએ તે પ્રમાણે પાળી બતાવવાનું આપણામાં જોર નથી, માટેજ અમે એવા વિશ્વાસને મુએલો વિશ્વાસ કહીએ છીએ. એને માટે એક સાધુ કહેતા કેઃ—

મુએલો વિશ્વાસ.

* "કોઈ એક માણસના ઘરમાં રાતે ચોર આવ્યો, ત્યારે તેની બાઇડીએ કહ્યું કે, ઘરમાં કાંઇ ખડખડ ભડભડ થાય છે. ધણીએ કહ્યું કે, હું સાંભળું છું. બાઇડીએ કહ્યું કે, બારી ઉઘડી. ધણીએ કહ્યું કે,

* 'સ્વર્ગના વિમાન' નામના પુસ્તકમાંથી.

હું જોઉં છું. બાઇડીએ કહ્યું કે, પેટીનું તાળું ઉઘડ્યું, તો કહે હું જાણું છું. પછી કહ્યું કે, માલ કાઢ્યો, તો કહે હું જાણું છું. ચોર બહાર નીકળે છે, તો કહે હું જાણું છું. ચોર ગયો તો કહે હું જાણું છું. ત્યારે બાઇડીએ કહ્યું કે, ધૂળ પડી ત્હારા જાણવામાં. એ જાણ્યું શું કામનું? એવું જાણ્યા કરતાં તો ન જાણ્યુંજ સારૂં. તેમજ માણસમાં ડહાપણ હોય, ચતુરાઇ હોય, પણ જો તેણે કામમાં ન લીધું તો એ શું કામનું? બહુ વાતો કરે, બહુ શાસ્ત્રો ભણે, બહુ દોડધામ કરે, બહુ તીર્થ કરે અને બહુ આભડછેટ પાળે, પણ જો અંતરના વિકારો ઓછા ન કરે તો એ જ્ઞાન શું કામનું? એમ તો ઉંદર પણ એકાંતમાં રહે છે, વાંદરાઓ ફળ--ફૂલ ખાઇને રહે છે, માછલાંઓ પાણીમાં ભીંજાએલાંજ રહે છે, ગધેડાઓ પણ રાખમાં લોટે છે, અને સાપ પણ ઘર બાંધતા નથી, પરન્તુ એથી કાંઇ મોક્ષ થાય નહિ. જ્ઞાન અનુભવમાં આવે ત્યારેજ કામનું છે. અનુભવમાં ન આવે ત્યાં સુધીનું જ્ઞાન તે આંધળું જ્ઞાન છે, અને ત્યાં સુધીનો વિશ્વાસ તે મુએલો વિશ્વાસ છે; માટે ભાઇઓ ! એવા મુએલા વિશ્વાસમાં પડી ન રહો."

આપણા વિશ્વાસની હાલમાં આવી સ્થિતિ છે, માટેજ આપણે આંતરધર્મમાં એટલે કે પરમાર્થની બાબતમાં આગળ વધી શકતા નથી; કારણ કે અમુક વાતો માની લેવી એતો બહુ સાધારણ બાબત છે. અમે જોયું છે કે સાવ મૂર્ખાઓ પણ ઘણીએ બાબતો માની શકે છે, અને આપણા જેવા આગળ વધેલાઓ માન્યા છતાં પણ ઘણી બાબતો પાળી શકતા નથી, માટે પાળવું એજ સૌથી કઠિન કામ છે. ચોર પણ સમજી શકે છે કે ચોરી કરવી એ ખરાબ કામ છે, વ્યભિચારી પણ સમજી શકે છે કે વ્યભિચાર કરવો એ પાપ છે, દારૂડીઓ પણ સમજે છે કે દારૂ પીવાથી ખરાબી થાય છે, બ્રાહ્મણો સમજે છે કે દાન લેવાથી બ્રહ્મતેજનો નાશ થાય છે, રાજાઓ સમજે છે કે

પોતાના મોજ—શોખને ખાતર પ્રજાને નીચોવી લેવાથી રાજ્ય નિર્બળ થઈ જાય છે, ગુરૂઓ સમજે છે કે પોતાનો માન-મર્તબો જાળવવા માટે શિષ્યોને આડેરસ્તે દોરવાથી તેઓ પાપના ભાગીદાર થાય છે, કારખાનાવાળાઓ સમજે છે કે કામદારોને તેઓની મહેનતના પ્રમાણમાં ઓછું રોજ આપવું એ અધર્મ છે, અને વેપારીઓ સમજે છે કે આડીઅવળી ધાલમેલ કરવી એ ગુન્હો છે; છતાં પણ તેઓ એ પ્રમાણે પાળતા નથી, એટલે એ માનેલું પણ શું કામનું? તેમજ આપણે પણ ધર્મની ઘણી વાતો માનીએ છીએ, પણ તે ક્યાં પાળીએ છીએ? માન્યા પ્રમાણે પાળવું એનું નામ સાચો વિશ્વાસ છે. માત્ર માનવું પણ પાળવું નહિ, એતો મુએલો વિશ્વાસ છે. એને માટે 'સંસારમાં સ્વર્ગ' નામના પુસ્તકમાં કહેલું છે કેઃ—

મુએલા વિશ્વાસનાં પરિણામઃ-

"આપણે શાસ્ત્રોનાં મોટાં મોટાં પોથાંઓ કાઢીને વારે વારે બતાવીએ છીએ કે અમારા ધર્મમાં આમ કહ્યું છે, ને અમારા ધર્મમાં આમ કહ્યું છે, તે બધી વાત ખરી, તમે કહો છો તે કરતાં પણ ઘણું વધારે તમારા ધર્મમાં કહેલું છે એ અમો માનીએ છીએ, પણ તે તમારા આચરણમાં ક્યાં? આપણે કહીએ છીએ કે અભેદ, પણ શેનો અભેદ? તમે કહેશો કે આત્માનો. પણ આત્માના અભેદમાં લોકોનું શું વળ્યું? તમારા મહારાજોએ અભેદ માન્યો, પણ દુકાળના વખતમાં ગરીબોને ખીચડું તો પાદરીઓએ ખવરાવ્યું, કોઈ મહારાજોએ ચપટી ચોખા દુકાળીઆઓને આપ્યા હતા કે? આપણે કહીએ છીએ કે **आत्मवत् सर्वभूतेषु** । પણ આપણાં આચરણમાં તે ક્યાં છે?"

"આપણા ધર્મના બંધુઓથી અને આપણા દેશના બંધુઓથી પણ આપણે અભડાઈ જઈએ તેમાં એ આચરણ ક્યાં છે? આપણે

ભાગવતની સપ્તાહ કરીને વ્યાસને બે હજાર રૂપિયા કરાવી આપીએ, પણ રસ્તા ઉપર મરવા પડેલી ગરીબ બુઢીયાંને કોઇ પુછેછે કે બાઇ કેમ છે? નહિ. કારણ કે તે હલકી જાતની છે, તેને અડતાં આપણે અભડાઇ જઇએ છીએ! પ્રભુ! પ્રભુ! આનું નામ સમાનભાવ કે? આનું નામ ભ્રાતૃભાવ કે? આપણે વારે વારે બોલીએ કે **आत्मौपम्येन सर्वत्र**। પણ આપણાં આચરણમાં તે ક્યાં છે? આપણા ગરીબ ખેડુતો ભુખે મરે છે તેને મદદ કરવામાં તે ક્યાં છે? આપણે રોજ રોજ પાઠ કરીએ છીએ કે **सर्वभूत हितेरताः**। પણ તે આપણી જીંદગીના રોજના વ્યવહારમાં ક્યાં છે? આપણા ભાઇબંધો ટુકડા રોટલા વિના પીડાય છે તેમાં તે ક્યાં છે? ધંધા-રોજગાર વિના રખડે છે તેને મદદ કરવામાં તે ક્યાં છે? **पंडिता समदर्शिनः**। એ સમદર્શનનો આપણા પંડિતોનો દાવો તેમના વ્યવહારમાં ક્યાં છે? જ્યાં સુધી આપણે ગરીબ લોકોને માટે જીગરની લાગણીથી કામ કરી બતાવીએ નહિ ત્યાં સુધી એ બધું પાંડિત્ય માત્ર બાંધેલી તરવારના જેવુંજ છે. એમ તરવાર બાંધી રાખવાથી કાંઇ શુક્રવાર થાય નહિ. બાંધવાનો વખત હવે વહી ગયો છે, હવે તો પરમાર્થની તરવાર ચલાવવાનો વખત આવ્યો છે, અને વખત છતાં પણ જો એ તરવાર આપણે નહિ વાપરીએ તો આપણી હાર નક્કી જ છે, એમાં કાંઈ શક નથી. માટે જેમ બને તેમ ભ્રાતૃભાવ વધારો; જેમ બને તેમ આપણા બંધુઓને ફાયદો થાય તેમ કરો."

પંડિતજી! ઉપર પ્રમાણે બોલવું કાંઇક ને પાળવું કાંઇકિ એમ શામાટે થાય છે? યાદ રાખજો કે આ બધાં મુએલા વિશ્વાસનાં પરિણામ છે, આ બધી ખરાબી બહારનાં દાંભીકપણાને આભારી છે; માટે હવે બહારના ધૂપ–દીપમાં નહિ પડયા રહેતાં આંતરધર્મમાં આવો. કેમ, આ વાત કાંઈ ગળે ઉતરે છે કે નહિ?

પંડિતજીએ કહ્યું:—મહારાજ ! મ્હેં તો અગાઉથીજ આપને કહી દીધેલું છે કે એ બધી વાત સાચી, પણ તે અમારાથી પળાય નહિ. જો એ પ્રમાણે પાળવા જઇએ તો અમારા બાર વાગી જાય. તમે જેમ કહો છો કે ધૂપ--દીપમાં શું વળે? જંગલી ફૂલોમાં શું વળે? અને ખાલી બેં બેં કરનારાઓ તો બેવકુફમાં ગણાશે. એ બધી વાતો સાચી, પણ જો હું એમ કહું તો મ્હારી તો લોકો પાઘડીજ ઉડાવી દે! એવી મૂર્તિપૂજાની વિરૂદ્ધની વાતો મ્હારાથી તે કેમ થાય? મ્હારે તો એમાંથીજ પેટ ભરવાનું છે, ને એ ઉપરજ અવતાર કાઢવાનો છે, એટલે મ્હારાથી કાંઈ થાય નહિ. તમે ભલે એને રમકડાં કહો, પણ અમારૂં તો એ સર્વસ્વ છે, કારણ કે અમારી આજીવિકા તેમાં છે; એટલુંજ નહિ પણ આપણી સમસ્ત પ્રજાના હૃદયના પડેપડમાં એ બાબત ગુંથાઇ ગએલી છે, એટલે ભ્રાતૃભાવની તમારી દરેક વાત સાચી છે, છતાં પણ મૂર્તિપૂજા અટકાવવાની બાબતમાં તમે ફતેહ મેળવી જાઓ, એમ હું માની શકતો નથી.

મૂર્તિપૂજા.

આમ વાત ચાલે છે એટલામાં મહારાજની ઓળખાણવાળા ચીરૂટ ને ચસ્માવાળા એક ફક્કડ જુવાન ત્યાં આવી ચડ્યા અને તેણે પૂછ્યું કે,—કેમ મહારાજજી! શું વિષય ચાલે છે? મહારાજે જરા હસીને કહ્યું:—આવો પ્રૉફેસર સાહેબ. તમારા જેવા બગડેલાઓને ગમે એવીજ વાતો થાય છે. એમ કહીને મહારાજે મ્હારી સામું જોઇને કહ્યું:—

જોયું બેટી, આ કેટલી મોટી ભૂલ? આવી સીધી વાત સમજવામાં પણ પંડિતજી જેવા વિદ્વાનો પણ ભૂલ કરે ત્યારે શાસ્ત્રનાં ઉંડાં રહસ્યો સમજવામાં સાધારણ લોકો ભૂલ કરે તેમાં શું નવાઇ? પંડિતજી!

તમે આવીજ રીતે શબ્દોના અર્થ કરો છો કે ? મ્હેં ક્યાં મૂર્તિ-પૂજાની ના પાડી ? હું પોતે હજી સુધી મૂર્તિપૂજક છું, અને જ્યાં સુધી નિર્ગુણઇશ્વરનું સ્વરૂપ બરાબર રીતે મ્હારા લક્ષમાં નહિ આવે ત્યા સુધી હું મૂર્તિ પૂજ્યાજ કરીશ; એટલુંજ નહિ પણ હું તો એમજ માનું છું કે જ્યારથી આ દુનિયા પેદા થઇ ત્યારથી આજ સુધીમાં કોઇ પણ સેકન્ડ એવી નથી આવી કે જેમાં આખી દુનિયામાંથી મૂર્તિપૂજા નાબૂદ થઈ હોય, તેમજ જ્યાં સુધી આ દુનિયા રહેશે ત્યાં સુધીમાં એક પણ સેકન્ડ એવી નહિ આવે કે જેમાં આખી દુનિયામાંથી મૂર્તિપૂજા નાબૂદ થાય ! પંડિતજી ! તમે તો માત્ર આપણાં પુરાણોજ જોયાં છે, પણ જેઓએ જગતના ઇતિહાસનો અને પ્રાચીન પ્રજાઓની જૂદી જૂદી જાતની ખાસીયતો તથા રીતભાતનો અભ્યાસ કરેલો છે તેઓ કહે છે કેઃ—

આજ દિવસ સુધી દુનિયાનો કોઇ પણ દેશ કે કોઈ પણ પ્રજા મૂર્તિપૂજા કર્યા વિના રહી નથી, એટલુંજ નહિ પણ હાલમાં દુનિયામાં જે પ્રજાઓ છે તે પણ કોઇને કોઈ રૂપમાં મૂર્તિપૂજા કર્યા વિના રહેતી નથી. જો કે આપણા લોકોના જેવી તેઓની મૂર્તિપૂજા હોતી નથી, તોપણ કોઈ ખાસ નવાજ રૂપમાં તેઓથી ફરજીયાત રીતે મૂર્તિપૂજા થઈ જાય છે. તેઓ હમ્મેશાં પોતાના મનમાં એમ માનતા હોય છે કે અમે મૂર્તિપૂજક નથી, અને તોપણ તેઓને ખબર ન પડે તેવી રીતે તેઓ મૂર્તિપૂજક હોય છે; કારણ કે મૂર્તિનું એકજ સ્વરૂપ નથી, એટલે કોઇને કોઈ રૂપે મનુષ્યસ્વભાવમાંથીજ એની મેળે મેળે પ્રસંગો-પાત મૂર્તિપૂજા નીકળી પડે છે. ચોવીસ કરોડ હિંદુઓ, વીસ કરોડથી વધારે રોમન કૅથોલિક ખ્રીસ્તિઓ અને પીસ્તાલીસ કરોડ બૌદ્ધો મૂર્તિ-પૂજક છે. જે ખ્રીસ્તિઓ મૂર્તિપૂજક નથી તેઓ ક્રૉસ આદિ નિશાનીઓને મૂર્તિપૂજાના જેટલુંજ માન આપે છે. અગ્નિપૂજા એ પણ એક જાતની

મૂર્તિપૂજાજ છે. શીખોએ મૂર્તિપૂજા કાઢી નાખી તો તેને બદલે પુસ્તકની પૂજા શરૂ થઇ છે, અને યાહુદીઓ તથા મુસલમાનોએ મૂર્તિપૂજા કાઢી નાખી પણ તેને બદલે તેઓમાં પીર–પેગમ્બરોની કબરો પૂજાય છે. આવી રીતે જૂદા જૂદા ધર્મમાં, જુદા જુદા દેશમાં અને જૂદી જૂદી પ્રજામાં જૂદી જૂદી રીતે મૂર્તિપૂજા થયા કરે છેજ. જો મૂર્તિપૂજાનો અર્થ આપણે એટલોજ કરીએ કે, ચોક્કસ આકારની મૂર્તિ બનાવીને તેની પૂજા કરવી તેનું નામ મૂર્તિપૂજા કહેવાય, તો એ અર્થ બહુ અધૂરો છે. જેઓ મૂર્તિપૂજાનો એવોજ અર્થ કરતા હોય તેઓ કદાચ એમ કહી શકે કે અમો મૂર્તિપૂજક નથી. બેશક, તેઓ મૂર્તિપૂજક નથી, પણ એને બદલે તેઓથી બીજી રીતે મૂર્તિપૂજક થઈ જવાય છે; કારણ કે મૂર્તિપૂજાની ઉત્પત્તિનો સંબંધ મનુષ્યના સ્વભાવની સાથે છે, એટલે મૂર્તિપૂજા મનુષ્યજાતમાંથી કદિ પણ નાબૂદ થઈ શકે તેમ નથી. મૂર્તિપૂજાનો સંબંધ મનુષ્યજાતના સ્વભાવની સાથે કેવી રીતે છે, એ સમજવા માટે તમારે જાણવું જોઇએ કે, પરમકૃપાળુ મહાન ઇશ્વરમાં એવી અલૌકિક, એવી દિવ્ય ને એવી અદ્ભૂત આકર્ષણવાળી શક્તિ છે કે દરેક મનુષ્ય કોઇ ને કોઈ રીતે પણ તેની તરફ ખેંચાયા વિના રહેતોજ નથી. એ કુદરતી ખેંચાણને લીધે મનુષ્યો ઇશ્વિર તરફ ખેંચાતાં જાય છે, પણ પોતાની સ્વાભાવિક અપૂર્ણતાને લીધે ઇશ્વરનાં સંપૂર્ણ શુદ્ધસ્વરૂપને તેઓ સહેલાઇથી જાણી શકતાં નથી, તેથી તેઓ પોતાની અપૂર્ણતાને લીધે પોતાની ભાવના પ્રમાણે એ સંપૂર્ણ શુદ્ધસ્વરૂપને જાણવા સારૂ માનસિક ચિત્રો ખડાં કરે છે, એ માનસિક ચિત્રોનું સ્થૂલરૂપ તે મૂર્તિપૂજા છે. એટલે યાદ રાખજો કે જો મનુષ્યજાતમાંથી ઇશ્વિર તરફનું ખેંચાણ નાબૂદ થાય, એ ખેંચાણથી ઉત્પન્ન થતી પ્રેમભાવનાઓ નાબૂદ થાય અને એ પ્રેમભાવનાઓમાંથી ઉત્પન્ન થતાં આનંદી માનસિક ચિત્રો જો નાબૂદ થાય તોજ જગતમાંથી મૂર્તિપૂજા

નાબૂદ થઈ શકે. જ્યાં સુધી એમ ન થાય ત્યાં સુધી કદિ પણ મનુષ્યજાતનાં અંતઃકરણમાંથી મૂર્તિપૂજાની લાગણી નાબૂદ થઇ શકે તેમ નથી, કારણ કે એનો સંબંધ ઇશ્વિરીસ્નેહની સાથે છે, એનો સંબંધ ભગવદાવેશની સાથે છે, અને એનો સંબંધ મનુષ્યના જ્ઞાનની સાથે છે, એટલે જે પ્રજા ધર્મમાં આગળ વધેલી હોય, શ્રદ્ધા—ભક્તિવાળી હોય અને પોતાની ફરજો બજાવવામાં કુશળ હોય તેઓમાં તો સ્વાભાવિક રીતેજ મૂર્તિપૂજા હોવી જોઇએ; કારણ કે મૂર્તિપૂજા એ જોકે બહારની વસ્તુ છે તોપણ તે અંતરપ્રેરણામાંથી થયેલી છે, એટલે જેટલે દરજ્જે જે પ્રજાઓનું જ્ઞાન વધ્યું અથવા ઘટયું હોય તે પ્રમાણે તેઓમાં ચડતા ઉતરતા પ્રકારની વધતી ઓછી મૂર્તિપૂજા હોય છે.

માસ્તરે કહ્યું:—મહારાજજી ! કોઇને કોઇ રૂપમાં જ્યારે આખી દુનિયા મૂર્તિપૂજક છે ત્યારે પછી

મૂર્તિપૂજા માટે ઝઘડાઓ કેમ થાય છે ?

મહારાજે કહ્યું:—દુનિયામાં કાંઈ એકજ બાજુ હોય નહિ. એવી બાબતોમાં મતભેદ ને વિવાદો તો હમ્મેશાં થયા છે ને થવાના જ. પણ તેથી કરીને કાંઈ મનુષ્યની પ્રકૃતિ બદલાઈ જાય નહિ. મૂર્તિપૂજાનો ખરો અર્થ અને ખરો હેતુ જો બધાં માણસો બરોબર રીતે સમજે તો પછી ખોટા ઝઘડાઓ થાય નહિ. પણ બધાં માણસોના મનની એ એક મુખ્ય નબળાઇ છે કે તેઓ પોતાનાજ મત—પંથમાં સર્વસ્વ માને છે, અને બાકીના સૌને જુઠ્ઠા કહે છે. આવી નબળાઇને છોડી દઇને દરેક જગ્યોએ ખાસ સત્યનેજ જોઇ શકે એવા મહાત્માઓ તો કોઇકજ હોય છે. પણ મતભેદમાં તો સૌ હોય છે, માટેજ દુનિયામાં ધર્મના ઝઘડાઓ થાય છે.

કોઈ પણ વસ્તુનો ઇશ્વર સાથે સંબંધ કલ્પી તે વસ્તુને ખાસ અતિશય માન આપવું તેનું નામ મૂર્તિપૂજા છે, એવો મૂર્તિપૂજાનો સામાન્ય અર્થ કરીએ તો આપણને ખુલ્લી રીતે સમજાય કે દુનિયાના દરેક ધર્મમાં અને દરેક પ્રજામાં એ પ્રમાણે બન્યા વિના રહેતું નથી; એટલુંજ નહિ પણ જો આપણે બધા એમ સમજીએ કે એ બધું ખાસ પ્રભુને અર્થેજ—આપણા અંતઃકરણની વૃત્તિઓને તૃપ્ત કરવાને માટેજ—કરવામાં આવે છે તોપછી ઘણા વિવાદો ઓછા થયા વિના રહે નહિ. પણ એમ સમજવાને બદલે "અમારૂં તેજ સાચું અને બીજાું બધું ખોટું" એવા દુરાગ્રહમાં ને અંધશ્રદ્ધામાં લોકો ફસાઇ જાય છે, તેથીજ ફોકટના વાદ ઉભા થાય છે.

મૂર્તિપૂજાનો સંબંધ અંતઃકરણ સાથે છે.

આપણે દેવ પાસે ધૂપ–દીપ કરીએ તે મુસલમાનોને ખોટું લાગે છે, પણ તેઓ પોતે પીર–પેગમ્બરોની કબરો પાસે લોબાનનો ધૂપ કરે ને ફૂલ ચડાવે એમાં તેઓને ખોટું લાગતું નથી. આપણે દેવ પાસે હાથ જોડીએ એ તેઓને ગમતું નથી, પણ મક્કાની મસ્જીદમાં "કાબા" નામે પવિત્ર ગણાતા પથ્થરને ચુંબન કરતાં તેઓને બહુ મજે પડે છે. આપણે યજ્ઞમાં નાળીએર કે કોહોળું હોમીએ ની તેઓ મશ્કરી કરે છે, પણ બકરી ઇદ વગેરે પ્રસંગોએ તેઓ કુરબાનીને અર્થે બકરાંઓ કાપે એમાં તેઓને ખોટું લાગતું નથી. આપણે રામકૃષ્ણાદિની સુંદર મૂર્તિઓ પાસે દંડવત્ પ્રણામ કરીએ એ તેઓને ગેરવ્યાજબી લાગે છે, પણ તાબૂતની આગળ કુટવું ને લોટવું એ તેઓને ગેરવ્યાજબી લાગતું નથી. આપણે ઘણાં વરસો સુધી બગડે નહિ એવું પવિત્ર ગંગાજળ લાવીએ એ તેઓને મૂર્ખાઈ ભરેલું લાગે છે, પણ તેઓ મક્કા પાસેથી પવિત્ર ગણાતા "

નામે કૂવાનું સહેજ ખારૂં પાણી ભરી લાવે એમાં તેઓ માન સમજે છે. હિંદુઓ પોતાના દેવની પાલખી ફેરવે એ જોઇને તેઓ હસે છે, પણ તેઓ હજરત મહમ્મદ સાહેબની દાઢીના એક બાલને પાલખીમાં બેસાડી તેનું સરઘસ કાઢે એમાં તેઓને હસવા જેવું લાગતું નથી. એવીજ રીતે ખ્રીસ્તિઓ ક્રૉસની સ્થાપના કરે, તેની આગળ મીણબતી પેટાવે, તેની પાસે ટોપી ઉતારે અને તેને હાથ લગાડી ચુમ્બન કરે એને તેઓ મૂર્તિપૂજા સમજતા નથી, પણ હિંદુઓ મંદિરમાં માત્ર દર્શન કરવા જાય એને તેઓ મૂર્તિપૂજા કહે છે, હિંદુઓ અગ્યારસ કે એવાંજ બીજાં કાંઈ વ્રત કરે એ તેઓને 'હંબગ' લાગે છે, પણ તેઓ શુક્રવારને દિવસે ચોક્કસ ચીજો ખાવી નહિ, વગેરે નિયમો પાળે એમાં તેઓને કાંઇ ખોટું લાગતું નથી. હિંદુઓ પોતાનાં તીર્થોમાં યાત્રા કરવા જાય એ તેઓને ગમતું નથી, પણ તેઓ જેરૂસેલમ; રોમ વગેરે સ્થળે યાત્રા કરવા જાય એમાં તેઓને વાંધો લાગતો નથી. હિંદુઓ 'જનોઈ' કે 'બ્રહ્મ-સંબંધ' લેવાની ક્રિયા કરે એ તેઓને ઢોંગ લાગે છે, પણ તેઓ 'બેપ્ટીઝમ' લે એમાં તેઓને ગેરવ્યાજબી લાગતું નથી, તથા યાહુ-દીયોને તેઓ સુન્નત કરાવે એમાં કાંઈ અયોગ્ય લાગતું નથી. હિંદુઓ રામકૃષ્ણાદિનાં અસલ ઠેકાણાંઓ તરફ માન ધરાવે એમાં તેઓને છીટ લાગે છે, પણ તેઓ ઈસુખ્રીસ્તના જાળવી રાખેલા ડગલા, ચાદર કે ક્રૉસના લાકડા માટે મરી પડે એમાં તેઓને કાંઇ ગેરવ્યાજબી લાગતું નથી; અને હિંદુઓ પોતાના દેવોની મૂર્તિઓને નમે એ તેઓને અયોગ્ય લાગે છે, પણ તેઓ સેન્ટોની કબરોને નમે તથા તે ઉપર ફૂલના ગજરાઓ ચ્હડાવે એમાં તેઓને કાંઈ અયોગ્ય લાગતું નથી. આવી રીતે દુનિયાની દરેક પ્રજાઓ માટે સમજવાનું છે, અને તેમાંથી એજ શીખવાનું છે કે, આવી રીતે બહારની વસ્તુઓને

પૂજવાની લાગણી માણસોના સ્વભાવમાંજ રહેલી છે, એટલે તે કોઈ પણ રીતે નાબૂદ થઈ શકે તેમ નથી. બધાં માણસો કોઇને કોઈ રૂપમાં પણ મૂર્તિપૂજા કર્યા વિના રહેવાનાં નથી, માટે આપણે બહારની વસ્તુઓ તરફ નહિ પણ સૌનાં ઇશ્વર તરફ ખેંચાઇ રહેલાં હૃદય તરફ જોઇને દુનિયાના સૌ ધર્મો તરફ ઉદારતાથી વર્તવું જોઈએ; કારણ કે ઉપલક નજરે જોતાં દેખાય છે તેમ મૂર્તિપૂજાનો સીધો સંબંધ કાંઈ બહારનીજ વસ્તુઓ સાથે નથી, પણ આપણા અંતઃકરણની સાથે છે, એટલે જેમ જીવને શરીર વિના ચાલતું નથી અને શરીરને વસ્ત્ર વિના ચાલતું નથી તેમ માણસોને મૂર્તિપૂજા વિના ચાલતું નથી. જો કે શરીર એ કાંઈ જીવ નથી અને વસ્ત્ર એ કાંઇ શરીર નથી, તેમજ મૂર્તિ એ ઇશ્વર નથી, તોપણ જેમ શરીર વિના જીવ કામ કરી શકે નહિ તેમ આપણે પણ પ્રથમ પગથીયારૂપ મૂર્તિપૂજા વિના ઇશ્વરને જાણી શકીએ નહિ. શરીરને જેમ કપડાંની જરૂર છે તેમ માણસોને મૂર્તિપૂજાની જરૂર છે. જો કે અમેરિકાના ઇંડીયનો ને આફ્રિકાના જંગલીઓ નાગા રહીને પણ જીવી શકે છે, તોપણ નગ્ન રહેવાથી તેઓનાં શરીરને ટાઢ તાપનાં બહુ દુઃખ ખમવાં પડે છે, એટલુંજ નહિ પણ નગ્ન રહ્યા છતાં પણ તેઓને પોતાનાં શરીર રંગવાનું તથા તે ઉપર એક જાતની માટી ચોપડવાનું મન થઇ જાય છે; તેમજ નાસ્તિકો, અજ્ઞાનીઓ, અને ઓછી ધર્મભાવનાવાળાઓ કદાચ સ્પષ્ટ મૂર્તિપૂજન વિના રહી શકે, પણ તેઓને પેલા નગ્ન જંગલીઓની માફક કષ્ટ સહન કરવું પડે છે, એટલે કે મૂર્તિપૂજકોની પેઠે સહેલાઇથી તેઓ ઇશ્વરીજ્ઞાન મેળવી શકતા નથી. અને તેમ છતાં પણ કોઇને કોઇ રૂપમાં તેઓથી મૂર્તિપૂજક તો થઇજ જવાય છે, કારણ કેઃ—

મૂર્તિપૂજા એ દુનિયાના સૌ ધર્મોનું પ્રથમ પગથીયું છે.

મૂર્તિપૂજા એ આપણી શ્રદ્ધાની સાબિતી છે, મૂર્તિપૂજા એ ઇશ્વરીભાવના જાગૃત રાખવાનું ઉત્તમ સાધન છે, મૂર્તિપૂજા એ પ્રભુપ્રેમને વધારવાનો રસ્તો છે, મૂર્તિપૂજામાં ભ્રાતૃભાવની ઈશ્વરીસગાઈ રહેલી છે, અને મૂર્તિપૂજામાં અંતરનો આનંદભર્યો દિલાસો છે; માટે અનંત બ્રહ્માંડના નાથ પરમકૃપાળુ પિતા મહાન પરમાત્માને અર્થે સ્વાભાવિક રીતેજ થઇ જતી મૂર્તિપૂજા દુનિયામાંથી કદિ પણ નાબૂદ થઈ શકે તેમ નથી.

મૂર્તિપૂજાની અસર.

પંડિતજી ! સર્વવ્યાપક મહાન ઇશ્વરને અર્થે ચોક્કસ જડવસ્તુઓ તરફ અંતરમાંથી કુદરતી રીતે ઉપજતી માનની લાગણી કે જેને લોકો મૂર્તિપૂજા કહે છે તેની વિરૂદ્ધ હું કેવી રીતે બોલી શકું ? કારણ કે એક ભક્તરાજ મહારાજ કહેતા કે, ભાઇ દર્શન તો ઉત્તમ અધિકારીઓને માટે છે. મ્હેં કહ્યું કે, એમ કેમ ? અમે તો એમ માનીએ છીએ કે મૂર્ખાઓને માટે મૂર્તિનાં દર્શન છે.

એ સાંભળીને એ ભકતે કહ્યું કે, " ત્યારે તમે હજી સાચા હરિજનોને જોયા નથી. ચાલો મ્હારી સાથે મંદિરમાં અને જુઓ કે મૂર્તિનાં દર્શનની શું અસર છે ? હજારો લોકો મૂર્તિને જોઇને પોતાનો અહંકાર છોડી દઇને માનપૂર્વક પ્રભુને નમી પડે છે, એ શું દર્શનની ખુબી નથી ? ભારેદંડથી અને ચાબુકોના મારથી પણ જે માણસો પોતાના અપરાધો કબૂલ ન કરે તે માણસો માત્ર મૂર્તિનાં દર્શન કરીને નિખાલસ દિલે પોતાના અપરાધો પ્રભુ પાસે કબૂલ કરવા માંડે, એ શું મૂર્તિનાં દર્શનની મ્હોટાઇ નથી ? માત્ર મૂર્તિને જોવાથીજ માણસોમાં દીનતા આવી જાય અને તે

દયાળુ પ્રભુ પાસે પોતાનાં પાપની માફી માગવા મંડી જાય, એ શું દર્શનનો ચમત્કાર નથી ? માત્ર મૂર્તિ પાસે જવાથીજ એટલો વખત માણસમાં કાંઇક ખાસ ઉત્તમતા આવી જાય એ શું દર્શનનું રહસ્ય નથી ? અને માત્ર મૂર્તિનાં દર્શનથીજ માણસો પાપ છોડવાના ને પુણ્ય કરવાના ઠરાવો કરે, એ શું મૂર્તિપૂજાની બલિહારી નથી ? ટુંકામાં મને તો એમજ લાગે છે કે, હું જ્યારે મંદિરમાં દર્શન કરવા જાઉં છું ત્યારે ત્યાંથી હું મ્હારામાં કાંઇક નવો 'પાવર' ભરીને આવું છું, જાણે નવું જીવન મેળવતો હોઉં એમ મને લાગે છે, અને દર્શન કરી આવવાથી જાણે હૃદયનો બોજો હલકો થયો હોય એવો અનુભવ મને થાય છે. આ કરતાં વધારે બીજું શું જોઇએ? માત્ર દર્શનથીજ માણસોને પ્રભુનું સ્મરણ થઈ જાય, પોતાનાં પાપની યાદી આવી જાય અને એ પાપની માફી માગવાનું મન થઈ જાય તથા નવાં પાપ નહિ કરવાના ઠરાવો થાય, પ્રભુને ખાતર પોતાના સ્વાર્થના ભોગ આપવાની કબૂલતો અપાય, મંદિરમાં જતાં રસ્તામાં પોતાના ગરીબ ભાઇબંધો તરફ ઉદારતાનો હાથ લંબાવાય અને જેમ ખાલી થઈ ગયેલી 'બૅટરી' માં નવી વીજળી ભરાય તેમ મનને શાન્તિ મળે તથા અંતરમાં નવું બળ મળે, એ કાંઈ દર્શનની મહત્તા ઓછી છે કે? ટુંકામાં એજ કે બહારની મૂર્તિનાં દર્શનથી અંતરની જ્યોતિ પ્રકાશિત થાય છે, માટે મૂર્તિપૂજાની જરૂર છે; અને એ પ્રમાણે મૂર્તિપૂજાથી ઘણાં લોકોને નવું જીવન મળે છે, તે સારૂ મૂર્તિપૂજા ઉત્તમ છે."

દર્શનની મહત્તા.

"માટી જોઇને જમીનની જાત પારખી આપે તે માણસને તમે ડાહ્યો સમજો, જમીન જોઇને પાણીનું સ્થાન નક્કી કરી આપે તેનાં તમે વખાણ કરો, ખડકના પથ્થર જોઇને તેની અંદર રહેલી ધાતુનું

અનુમાન કરી આપે તેને તમે ઇનામ આપો, રેખાઓ જોઇને મીન, મેખ ને વરખને નામે આંગળીઓના વેઢા ગણી ભૂત ભવિષ્યની અગડમ બગડમ વાતો કરે તેને તમે પગે લાગો, નાડી જોઈને રોગ પારખવાના ઢોંગ કરે તેના તમે દાસ બનો, પગલાં જોઇને ચોરી પકડે તેને તમે ખેતાબ આપો અને સેળભેળ થઇ ગએલી વસ્તુઓને જૂદી પાડી આપનાર રસાયનશાસ્ત્રીઓને તમે મોટા પગાર આપો, એ બધા ડાહ્યા; એ બધા માનને લાયક; એ બધા દુનિયાનું કલ્યાણ કરનારા; અને જે જડમૂર્તિમાંથી ઇશ્વરીતત્ત્વ ગ્રહણ કરી શકે તે મૂર્ખાઓ કાં ! ! ! વાહ વાહ વાહ ! માણસોનાં મનજ કાંઇ અજબ જેવાં છે ! જગતની વિચિત્રતા તે આનું નામ ! કેમ ભાઇ ! દર્શન ઉત્તમ અધિકારીઓને માટે છે એમ તમારી ખાત્રી થઇ કે નહિ ? પથ્થર, માટી, લાકડાં કે ધાતુઓની માત્ર જડમૂર્તિઓને જોવાથી પણ જેની અંતરજ્યોતિ જાગતી હોય, જેનાં હૃદય પ્રભુમય થતાં હોય અને જેઓ એમાંથી પણ નવુંજીવન મેળવી શકતાં હોય, તે ઉત્તમ અધિકારી ખરાં કે નહિ ?"

પંડિતજી ! એ મહાનભક્તની આ વાત સાંભળ્યા પછી હું મૂર્તિપૂજાનું ખરૂં રહસ્ય સમજ્યો છું, અને ત્યારથી હું ગળી ગયો છું. હવે એ બાબતમાં મને કાંઈ સંદેહ નથી.

ઈશ્વરનું નિર્ગુણસ્વરૂપ સાધારણ માણસોથી જાણી શકાતું નથી.

આ સિવાય મૂર્તિપૂજાનું બીજું પણ એક મુખ્ય કારણ છે, અને તે એજ કે ઇન્દ્રિય, મન અને બુદ્ધિથી પણ જે પર છે એવા અલૌકિક ઇશ્વરનું નિર્ગુણસ્વરૂપ સાધારણ માણસોથી જાણી શકાતું નથી. એ સ્વરૂપ તો કોઈ મહાત્માઓજ કે કોઈ દેવતાઓજ જોઈ શકે છે. શ્રીકૃષ્ણભગવાને પણ કહેલું છે કે:—

क्लेशोऽधिकतरस्तेषामव्यक्तासक्तचेतसाम् ।
अव्यक्ता हि गतिर्दुःखं देहवद्भिरवाप्यते ॥

गी० अ० १२ श्लो० ५.

ભાવાર્થઃ—"ઇશ્વરના નિર્ગુણસ્વરૂપમાં જેઓ મન લગાડે છે તેઓને બહુ દુઃખ થાય છે, કારણ કે જે પોતેજ દેહના અભિમાન વાળાઓ છે તેનાથી રૂપ રંગ વગરના નિરંજન નિરાકાર ઇશ્વરને પામી શકાવું બહુ મુશ્કેલ છે."

અર્જુન જેવા મહાનભક્તની આગળ શ્રીકૃષ્ણભગવાન પોતે જ્યારે આમ કહે છે ત્યારે હવે વિચાર કરો કે આપણા જેવાઓનો તે ઇશ્વરના નિર્ગુણસ્વરૂપમાં ક્યાંથી પત્તો લાગી શકે ? નજ લાગી શકે. માટેજ પ્રથમ સ્થૂલધ્યાન જમાવવાનું શિખવા સારૂ આપણને મૂર્તિપૂજા જેવાં શરૂઆતનાં પગથીયાંની જરૂર છે. એ પગથીયાંની મદદ વિના એકદમ ઉપલી સીડીએ પહોંચી શકાય તેમ નથી. જેઓ મૂર્તિપૂજારૂપી નીચલાં પગથીયાંની મદદ વિના ઉપર પહોંચવા સારૂ એકદમ કૂદકો મારવા જાય તે અધવચ રખડી મરે છે. એને માટે શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં કહ્યું છે કેઃ—

"અર્જુને શ્રી કૃષ્ણભગવાનને કહ્યું કે—હે પ્રભુ ! હું આપનું સર્વ-વ્યાપક ઐશ્વર્યવાળું સ્વરૂપ જોવા ઇચ્છું છું, માટે જો તે મ્હારાથી જોઇ શકાય તેમ હોય તો, હે યોગેશ્વર પ્રભુ ! આપનું તે અવ્યય-સ્વરૂપ દેખાડો.* ત્યારે પ્રભુએ કહ્યું કે—ત્હારી પોતાની સ્થૂલ આંખોથી એ સ્વરૂપ જોઇ શકાય તેમ નથી, માટે હું તને દેવતાઇ આંખો આપું છું, તેવડે એ અવ્યયસ્વરૂપને જો.‡ એ પછી નિર્ગુણ તો નહિજ પણ સગુણ ઇશ્વરનું વિશ્વરૂપ—વિરાટ્‌સ્વરૂપ જોઇને પણ અર્જુન ભય-ભીત થઈ ગયો; અને કહેવા લાગ્યો કે, હે પ્રભો ! આપનું આવું ભયંકર રૂપ દેખી ત્રણેલોક ભયથી દુઃખ પામી ગયા છે, અને મને

* અ. ૧૧ શ્લોક ૩–૪. ‡ અ. ૧૧ શ્લોક ૭.

ધીરજ કે શાંતિ રહેતી નથી.[1] આપનું આ સ્વરૂપ જોઇને હું દિગ્મૂઢ બની ગયો છું, અને મને ક્યાંઇ સુખ મળતું નથી; એટલુંજ નહિ પણ મ્હારૂં મન ભયથી બહુ પીડાય છે, માટે મ્હારી ઉપર કૃપા કરીને મને પાછું તમારૂં અસલનું નાનું રૂપ દેખાડો.[2] ત્યારે ભગવાને કહ્યું કે—આ મ્હારૂં જે રૂપ ત્હેં જોયું તે અતિ દુઃખે કરીને જોઈ શકાય તેવું છે, દેવતાઓ પણ હમ્મેશાં એ રૂપના દર્શનની ઇચ્છા રાખે છે, આવું મ્હારૂં પરમ વિશ્વસ્વરૂપ વેદથી, યજ્ઞથી, બહુ ભણવાથી, દાનથી, ક્રિયાઓથી કે ઉગ્ર તપશ્ચર્યાઓથી પણ માણસોથી જોઈ શકાતું નથી; માત્ર ત્હારી ઉપર કૃપા કરીને આત્મયોગથી આ વિશ્વરૂપ તનેજ દેખાડેલું છે[3]. મ્હારૂં આવું ઘોરરૂપ જોઇને તને પીડા ન થાઓ તથા દિગ્મૂઢપણું પણ ન થાઓ. એમ આશીર્વાદ તથા ધીરજ આપીને પછી ભગવાને પોતાનું પ્રથમનું સ્વરૂપ દેખાડ્યું.[4] ત્યારે એ સુંદર મનુષ્યરૂપ જોઇને અર્જુને કહ્યું કે—હવે હું સચેત થયો છું, ને હવે મને શાન્તિ મળી છે[5]."

પંડિતજી! ઇશ્વરનું સગુણ વિશ્વસ્વરૂપ જાણવામાં પણ આટલી બધી મુસ્કેલી છે, ત્યારે ઇશ્વરનું નિર્ગુણસ્વરૂપ જાણવામાં કેટલી બધી મુસ્કેલી હશે? એ ખ્યાલ તો કરો. યોગીરાજ મહાત્મા શ્રીકૃષ્ણભગવાનની સાથે હમ્મેશાં રહેનાર અર્જુન જેવો મહાનભક્ત પણ એ સ્વરૂપમાં ગુંચવાઈ ગયો છે, ત્યારે સાધારણ વ્યવહારિક લોકો, બૈરાં—છોકરાંઓ અને ઇશ્વર સંબંધી જ્ઞાનમાં જેઓ બહુજ પછાત હોય તેવા અજ્ઞાનવર્ગને એ નિર્ગુણસ્વરૂપનું જ્ઞાન કેવી રીતે થઇ શકે? નજ થાય. માટે શરૂઆતનાં પગથીયાં તરીકે પ્રભુપ્રેમમાંથી ઉત્પન્ન થતી સ્વભાવિક મૂર્તિપૂજાની જરૂર છે.

---

૧ અ૦ ૧૧ શ્લોક ૨૦—૨૪ ૨ અ૦ ૧૧ શ્લોક ૨૫—૪૫—૪૬. ૩ અ૦ ૧૧ શ્લોક ૪૭—૪૮—૫૨. ૪ અ૦ ૧૧ શ્લોક ૪૯—૫૦. ૫ અ૦ ૧૧ શ્લોક ૫૧.

વ્યવહારિક સાધારણ માણસોને ઇશ્વરના નિર્ગુણસ્વરૂપનું જ્ઞાન થવું એ કેટલું બધું મુસ્કેલ છે, તે સમજવા માટે તમારે શ્રીકૃષ્ણના તથા અર્જુનના દરેક શબ્દનું અવલોકન કરવું જોઇએ. જો એવી રીતે ઉંડા ઉતરીએ તો આપણને એમજ લાગી જાય કે પ્રભુ જેના સારથી હતા, પ્રભુ જેના દોરનાર હતા, એટલે કે જે ભગવદ્ ઇચ્છા પ્રમાણે ચાલનારા હતા તે અર્જુન જેવી ઉત્તમતા અમારામાં ક્યાંથી? ઇશ્વરનું અવ્યયરૂપ બતાવી શકે એવા શ્રીકૃષ્ણ જેવા અવતારી પુરૂષ આપણને ક્યાંથી મળી શકે? દિવ્યચક્ષુ આપણને કોણ આપી શકે? કદી દિવ્યચક્ષુ મળે તોપણ જે સ્વરૂપ જોઇને ભય ઉત્પન્ન થાય તે અવ્યયસ્વરૂપમાં આપણું મન કેમ ઠરી શકે? અને જ્યારે એ સ્વ-રૂપમાં મન ન ઠરે ત્યારે વળી પાછી નાનાં સ્વરૂપ માટે પ્રાર્થના કરવી પડે. આ બધું પણ ક્યારે થાય કે જ્યારે શ્રીકૃષ્ણ જેવા મહાત્મા યોગીરાજ મળે ત્યારે. પણ સૌનાં નશિબ એવાં ક્યાંથી હોય? એટલો પુરૂષાર્થ બધામાં ક્યાંથી હોય? એટલું જ્ઞાન બધામાં ક્યાંથી હોય? અને જ્યાં સુધી એ બધાં સાધનો ન હોય ત્યાં સુધી તો ભગવાન કહે છે કે, આવું મ્હારૂં પરમ વિશ્વસ્વરૂપ વેદથી, યજ્ઞથી, બધું ભણવાથી, દાનથી, ક્રિયાઓથી કે ઉગ્ર તપશ્ચર્યાઓ પણ માણસોથી જોઈ શકાય તેમ નથી; એટલુંજ નહિ પણ દેવતાઓ પણ હમ્મેશાં એ રૂપના દર્શનની ઇચ્છા રાખે છે.

હવે તમે વિચાર કરો કે જે દર્શન—જે તત્ત્વ દેવતાઓને પણ દુર્લભ છે, તે ઇશ્વરના અવ્યયસ્વરૂપનું જ્ઞાન આપણાં બાઇડી-છોકરાંઓને અને આપણા અજ્ઞાન બંધુઓને ક્યાંથી મળી શકે? નજ મળી શકે. માટે એ પરમતત્ત્વ કોઇકિ વખતે પણ સમજી શકીએ એવી ઉચ્ચભાવનાથી, શરૂઆતના અભ્યાસ સારૂ એક મધ્યબિન્દુ તરિકે આપણને સ્વાભાવિક મૂર્તિપૂજાની જરૂર છે. પંડિતજી! આવી રીતે

પ્રભુપ્રેમમાંથી સ્વાભાવિક રીતે નીકળી આવેલી મૂર્તિપૂજાની વિરૂદ્ધ હું કેવી રીતે બોલી શકું ?

પંડિતજીએ કહ્યું:-મહારાજજી, જો હમ્મેશાં આવો ઉપદેશ કરો તો તો અમે તમારા ચેલા થઈને રહીએ અને તો તો અમે તમારા પગ ધોઇને પીયે. આવી રીતે જ્યાં ત્યાંથી જો અમારૂં તળીયું સાજું કરતા હો તો તો માબાપ, તમારી પાલખી ઉપાડીને જાહેરમાં ફેરવીએ અને તમને દેવની પેઠે પૂજીએ !

મહારાજે કહ્યું:-પંડિતજી, ઉતાવળા ન થાઓ; હજી તો તમે એક ઉજળી બાજુ જોઇ છે, પણ

મૂર્તિપૂજાની બીજી અંધારી બાજુ

નો હેવાલ હજી તમે ક્યાં સાંભળ્યો છે ? એ સાંભળશો ત્યારે જો તમે મ્હોં નહિ બગાડો તો હું અજબ થઇશ.

પંડિતજીએ કહ્યું:-એ વળી શું છે ? માબાપ, કર્યું કારવ્યું ધોઈ કાં નાંખો ? આટલેથીજ હવે બસ કરોને ! બીજી બાજુનું અમને શું કામ છે ?

મહારાજે કહ્યું:-એમ તે કેમ બસ થાય ? તમને એનું કામ નથી પણ અમને તો એનુંજ કામ છે. એ અંધારી બાજુ જણાવવા સારૂ તો આ બધી વાતો થઇ છે, નહિતો એ બાબતોની આ જગ્યોએ કાંઈ જરૂર નહોતી. પંડિતજી ! તમારે જાણવું જોઇએ કે પરમાર્થના પેટામાં આ સવાલ નીકળેલો છે, દેવી ભાનુકિશોરી સુખ શોધવા માટે તરફડીયાં મારે છે, અને તે ન મળવાથી નિરાશ થઇને રૂએ છે, તેના જવાબમાં "પરમાર્થથીજ સાચું સુખ મળે છે" એ સિદ્ધ કરવાના મુદ્દામાંજ આ ચર્ચા ચાલેલી છે, એટલે મૂર્તિપૂજાની સ્વાભાવિકતાની સાથે તેની સાથે જોડાએલો પરમાર્થ જ્યાં સુધી ન જણાવાય

ત્યાં સુધી એ બાબત અધૂરીજ કહેવાય; માટે ખાસ જરૂરની બાબત છે તે તો હવે કહેવાશે. જો અમને તમારી પેઠે ચેલા-ચેલી કરવાની ઇચ્છા હોત કે પગ પૂજાવવાની મરજી હોત તો એ બાબત છૂપાવત, પણ ઈશ્વરકૃપાથી એવી ઉપાધિમાંથી છૂટીને અમે માત્ર સત્યનીજ ઇચ્છા રાખીએ છીએ, એટલે નિખાલસતાથી બેધડકપણે સાચી વાતો કહેવી જોઇએ.

આ સાંભળીને પંડિતજીએ જરા મ્હોં બગાડીને કહ્યું કે, સ્વામીજીનું પણ કાંઇ ઠેકાણું નથી, ઘડીકમાં આમ ને ઘડીકમાં આમ! વળી કાંઇક ભાંગરો વાટશે!

પંડિતજીની વાત ઉપર ધ્યાન આપ્યા વિના માસ્તરે પૂછ્યું:- મહારાજ! મૂર્તિપૂજાની સાથે પરમાર્થને શું સંબંધ છે?

મહારાજે કહ્યું:-મૂર્તિપૂજાની સાથે પરમાર્થને શું સંબંધ છે?

મૂર્તિપૂજાનું જીવનજ પરમાર્થ છે.

પરમાર્થની લાગણીમાંથીજ મૂર્તિપૂજા પેદા થયેલી છે, એટલે મૂર્તિપૂજાનો દાદો પરમાર્થ છે. મ્હેં અગાઉ કહેલુંજ છે કે પ્રભુપ્રેમમાંથીજ મૂર્તિપૂજાની ઉત્પત્તિ છે. હવે તમે મને કહો કે પ્રભુપ્રેમ બતાવવાનું પરમાર્થ સિવાય બીજું શું સાધન છે? પ્રભુપ્રેમ વધારવાનો તથા ફેલાવવાનો પરમાર્થ સિવાય બીજો કયો રસ્તો છે? અને પ્રભુપ્રેમને તૃપ્ત કરવાનો પરમાર્થ સિવાય બીજો કયો ઉપાય છે? માસ્તર સાહેબ, યાદ રાખજો કે પરમાર્થ સિવાયની ભક્તિ એ અધૂરી ભક્તિ છે, અને પરમાર્થ સિવાયની મૂર્તિપૂજા એ માત્ર "બચ્ચાં બાલાના ખેલ" જેવું છે. હજી સુધી આપણે પ્રાચીન ઋષિયોના યજ્ઞનાં વખાણ કાં કરીએ છીએ અને આપણી હાલની મૂર્તિપૂજાની મશ્કરી કાં થાય છે? એનું કારણ તમે જાણો છો?

અસલના યજ્ઞોમાં અને હાલની મૂર્તિપૂજામાં શું ફેર છે?

બ્રાહ્મણો યજ્ઞ કરવા સારૂ જૂદા જૂદા આકારના કુંડ બનાવતા તેમ આજે મૂર્તિઓ સારૂ જૂદી જૂદી જાતનાં આસનો બનાવવામાં આવે છે. યજ્ઞમાં જૂદી જૂદી જાતનાં લાકડાંઓ હોમતા તેમ આજે આપણે દેવને જૂદી જૂદી જાતનાં ફૂલો ચડાવીએ છીએ. ઋષિઓ યજ્ઞમાં ઘી હોમતા તેને બદલે આજે આપણે દેવને દૂધ ને પાણી અર્પણ કરીએ છીએ. તેઓ યજ્ઞમાં જવ, તલ, શાળ વગેરે હોમતા તેમ આજે આપણે દેવને નૈવેદ્ય ધરાવીએ છીએ. તેઓ યજ્ઞની પવિત્ર વિભૂતિ પોતાને શરીરે લગાવતા તેમ આજે આપણે ચરણામૃત લઇએ છીએ. તેઓ 'યજ્ઞનારાયણ' પાસે વેદના મંત્રો બોલતા તેમ આજે આપણે દેવ પાસે જૂદાં જૂદાં સ્તોત્રોનો પાઠ કરીએ છીએ તથા ભજન–કીર્તન કરીએ છીએ. તેઓ જેમ બ્રાહ્મણો પાસે યજ્ઞ કરાવતા તેમ આપણે પુજારીઓ પાસે દેવની પૂજા કરાવીએ છીએ. તેઓ જેમ યજ્ઞનો મંડપ શણગારતા તેમ આપણે મંદિરો શણગારીએ છીએ. તેઓ જેમ યજ્ઞકુંડની પવિત્રતા જાળવતા તેમ આપણે આપણા દેવની મૂર્તિને પવિત્ર રાખવા ઇચ્છીએ છીએ; અને તેઓ જેમ 'યજ્ઞનારાયણ' નો પ્રસાદ લેતા તેમ આપણે દેવોનો પ્રસાદ લઇએ છીએ. આવી રીતે પ્રાચીન યજ્ઞો એ પણ એક જાતની મૂર્તિપૂજા છે. હવે તમે મને કહો કે અસલના યજ્ઞોમાં અને હાલની આપણી મૂર્તિપૂજામાં ફેર શું છે? બેશક, એટલું તો ખરૂંજ કે દેશકાળ પ્રમાણે અને લોકરૂચિ પ્રમાણે વખત જતાં ધર્મના બહારના નિયમોમાં ફેરફાર થયા વિના તો રહેજ નહિ. એવી રીતે એનીએજ ભાવનાવાળું પણ જમાના પ્રમાણે ફેરફાર થયેલું યજ્ઞનું બીજું રૂપ તે આપણી હાલની મૂર્તિપૂજા છે; અને તેમ છતાં પણ એટલું તો કબૂલ કરવુંજ જોઇએ કે જે ઇનામ, જે આનંદ

અને જે રહસ્ય પ્રાચીન યજ્ઞોમાંથી મળતું, તે ઈનામ, તે આનંદ અને તે રહસ્ય આજે આપણી મૂર્તિપૂજામાંથી મળતું નથી.

હાલની આપણી મૂર્તિપૂજાની નિંદા થાય છે તેનું કારણ શું?

તેનું કારણ એજ કે અસલના યજ્ઞો પ્રભુને અર્થે બ્રહ્માર્પણવિધિથી થતા હતા અને હાલની આપણી મૂર્તિપૂજાના દેવો પોતેજ પ્રભુ બની ગયેલા છે, માટેજ "મૂર્તિપૂજા" એ શબ્દ પરદેશીઓની નજરમાં અપમાન ભરેલો થઇ પડેલો છે. અને એમ થાય તેમાં કાંઈ નવાઈ પણ નથી, કારણ કે મહાશક્તિવાળો ચક્રવર્તિ શહેનશાહ પોતે કાયમ હોય છતાં પણ તે માત્ર દૂર દેશ હોવાથી તેના સિપાઇને આપણે ખુદ શહેનશાહ માની લઈએ, તેને શહેનશાહના જેટલું માન આપીએ અને એ સિપાઈ સિવાય બીજો કોઈ શહેનશાહ નથી એમ કહીએ, એ શું ભૂલ નથી? એ શું મૂર્ખાઇ નથી? એ શું ખરા શહેનશાહનું અપમાન નથી? જે લોકો આવી રીતે કરે એટલે કે સિપાઈને શહેનશાહ માની બેસે તે લોકોની મૂર્ખાઇ ઉપર દુનિયા હસે, તેમાં નવાઇ શું? અને શક્તિ વિના શહેનશાહ બની ગયેલા "સિપાઇ"ની મશ્કરી થાય તેમાં પણ અજબ જેવું શું? સિપાઇને શહેનશાહ માનનારા જેમ શહેનશાહના ગુન્હેગાર છે, તેમજ શહેનશાહના સિપાઈને શહેનશાહને ખાતર જે યોગ્ય માન ન આપે, પણ ઉલટું તેનું અપમાન કરે, તેઓ પણ શહેનશાહના ગુન્હેગાર છે.

મૂર્તિપૂજાનો હેતુઃ-

આવી રીતે શહેનશાહના સિપાઇની પૂજા—આપણી મૂર્તિપૂજા તે ઇશ્વરનો હુકમ બતાવનારૂં સાધન છે, આપણી મૂર્તિપૂજા એ ઇશ્વરને ઓળખાવનારૂં શરૂઆતનું પગથીયું છે, આપણી મૂર્તિપૂજા એ ઇશ્વરને ઓળખાવનારૂં મધ્યબિન્દુ છે, ઇશ્વરી રસ્તાની સૂચના આપનારૂં

પાટીયું તે આપણી મૂર્તિપૂજા છે. ઇશ્વરની અને આપણી વચ્ચે મધ્યસ્થ રહેનારી ક્રિયાશક્તિ તે આપણી મૂર્તિપૂજા છે. જે ખડકથી આપણે સંભાળવાનું છે, અથવા જે બંદરે આપણે જવાનું છે, તે ખડકની અને તે બંદરની દીવાદાંડી તે આપણી મૂર્તિપૂજા છે. ભૂમીતિના સિદ્ધાન્તો સિદ્ધ કરવા માટે જેમ એક કલ્પિત બિન્દુ માનવામાં આવે છે, અને તે કલ્પિત બિન્દુથી પણ જેમ સત્યસિદ્ધાન્તો સિદ્ધ થાય છે, તેમ ઇશ્વરીસત્યો સમજવા માટે મૂર્તિપૂજા એ માત્ર એક કલ્પિત બિન્દુ છે, છતાં પણ સત્યજ્ઞાન બતાવવામાં તે જરૂરનું છે. ભણવું શીખવા માટે પ્રથમ જેમ મૂળાક્ષરોની આકૃતિઓ શીખવી પડે છે, તેમ ઇશ્વરીજ્ઞાનની શરૂઆતની નિશાની તે મૂર્તિપૂજા છે; અને જેને જોવાથી ઇશ્વર યાદ આવી જાય એવા ઇશ્વરના કીર્તિસ્થંભ તે આપણી મૂર્તિપૂજા છે. આટલું છતાં પણ પંડિતજી ! યાદ રાખજો કે મૂર્તિપૂજા એ માત્ર શરૂઆતનું પગથીયું છે, પામવાની વસ્તુ તે નથી. એ ઇશ્વરના કીર્તિસ્થંભ છે, પણ ઇશ્વર પોતે તે નથી. જેમ આપણે મહારાણીજીની યાદગીરી અર્થે ઉભાં કરેલાં તેનાં પુતળાં તરફ માનથી વર્તીએ છીએ, તેમજ સર્વશક્તિમાન ઇશ્વરનો મહિમા સમજાવવા માટે તેને અર્થે થતી મૂર્તિપૂજાને આપણે માન આપવું જોઈએ; કારણકે આપણે મૂર્તિઓની જડવસ્તુઓ તરફ કે મૂર્તિઓના ગમતા અણગમતા આકારોની તરફ જોવાનું નથી, પણ એ બધું જે વિશુદ્ધભાવનાઓમાંથી થાય છે તે ભાવનાઓ તરફ અને જેને અર્થે એ ઉત્તમભાવનાઓ થાય છે તે મહાનઇશ્વરની તરફ જોઇને તેની યાદગીરીની વસ્તુઓને આપણે માન આપવું જોઇએ. આપણે રાજા–રાણીનાં પુતળાંઓને માન આપીએ, આપણે કવિ–ચિતારાઓના ફોટોગ્રાફોને પ્રેમથી ઘરમાં રાખીએ અને આપણાં સગાંવ્હાલાઓની છબીઓને લૉકેટ કે ઘડિયાળના છેડામાં ખોસી છાતી ઉપર ને છાતી

ઉપર પ્હેરી રાખીએ, એ બધું વ્યાજબી ? અને સર્વવ્યાપક મહાન ઇશ્વરની યાદગીરીની પવિત્ર ચીજો તરફ માન ધરાવવું એ ગેરવ્યાજબી કાં ! આ કરતાં વધારે મૂર્ખાઇ બીજી કઇ ? અને આ કરતાં ઇશ્વરનું વધારે અપમાન બીજું શું ? સર્વશક્તિમાન અનંત બ્રહ્માંડના નાથ એક ઇશ્વરની પવિત્ર યાદગીરી વિના મૂર્તિપૂજા એ બીજું શું છે ? શું મૂર્તિ સામે જોવાથી એક મહાનઇશ્વર સિવાય બીજો કોઈ સેતાન યાદ આવી જાય છે ? જેમ દુનિયાની દરેક ચીજમાં ઇશ્વરનું ચૈતન્ય છે તેમ શું મૂર્તિમાં ઇશ્વરનું ચૈતન્ય નથી ? મહાનઇશ્વરની પવિત્ર યાદગીરી તરીકે કોઇ મૂર્તિને માન આપવાથી શું સત્યઇશ્વર સિવાય બીજો કોઈ નવો ઇશ્વર થઈ શકે તેમ છે ? અને સર્વશક્તિમાન એક ઇશ્વરને અર્થે ચોક્કસ પવિત્ર ચીજોને નમવાથી શું સર્વવ્યાપક ઈશ્વર આપણા હ્રદયમાંથી ભાગી જાય તેમ છે ? નહિજ. ત્યારે પછી મૂર્તિ-પૂજાની તરફ કેટલાકો શા માટે તિરસ્કાર ધરાવે છે ?

મૂર્તિપૂજાને કેટલું માન આપવું જોઇએ તે વિષે પ્રભુનો હુકમઃ-

તેનું કારણ એજ છે કે આપણા ઘણા લોકો મૂર્તિઓને સાધનબિન્દુ તરિકે નહિ પણ ઇશ્વર તરીકેજ માને છે, એટલે સામાવાળાઓને તે ઇશ્વરના અપમાન જેવું લાગે છે; અને એમ માનવું એ ખરેખરૂં ઇશ્વરનું અપમાનજ છે. શ્રીકૃષ્ણભગવાને પણ શ્રીમદ્‌ભગવદ્‌-ગીતામાં એ બાબત માટે કહેલુંછે કેઃ—

यत्तु कृत्स्नवदेकस्मिन् कार्ये सक्तमहैतुकम् ।
अतत्त्वार्थवदल्पं च तत्तामसमुदाहृतम् ॥

ગી० અ० ૧૮ શ્લો० ૨૨.

ભાવાર્થઃ—“ આ કામમાં કે આ વસ્તુમાંજ સર્વસ્વ છે, એમ જે લાગી ગયું હોય, (એટલે કે આ જડમૂર્તિમાંજ સર્વવ્યાપક,

સર્વશક્તિમાન, અનંતબ્રહ્માંડનો નાથ રહેલોછે, તથા આ શિવજી, પડદા પાછવાડે છૂપાઇ જનારા આ નાનકડા ઠાકોરજી કે આ સુંદર સ્વરૂપ રામ વિના બીજો કોઇ ઇશ્વર નથી, અને આ મૂર્તિ વિના બીજું કોઇ પણ અમારા આત્માનો ઉદ્ધાર કરી શકે તેમ નથી એવી ભ્રાંતિમાં રહેવું તે,) જે હેતુ વિનાનું હોય, તત્ત્વ વિનાનું હોય અને જે જ્ઞાન થોડું હોય, તેને તમોગુણી જ્ઞાન કહેછે."

પંડિતજી! પવિત્ર આર્યધર્મનો આ મહાનસિદ્ધાંત છે, માટે કોઈપણ દેવને, કોઇપણ મૂર્તિને કે કોઇપણ માણસને કદિ પણ ઇશ્વર સમજવાની ભૂલ કરશોમાં. અદસ્ય રહેલા દેવોને, સાધનબિન્દુ તરીકે પવિત્ર મૂર્તિઓને અને ઇશ્વરી જ્ઞાન–ધ્યાનમાં આગળ વધેલા ભક્ત–મહાત્માઓને તેઓના દરજ્જા પ્રમાણે માન આપવું એમાં કાંઈ ખોટું નથી, પણ તેઓને ઇશ્વર સમજવા એ તો મહા અનર્થછે, એ તો નહિ માફ થઈ શકે તેવો ગુન્હોછે, અને એમ માનવાથી તો ઉલટો મૂર્તિપૂજા તરફ લોકોનો અભાવ વધતો જાય છે. એવા તમોગુણી જ્ઞાનમાં આપણે કદિ પણ ફસાવું જોઇએ નહિ. સર્વશક્તિમાન, સર્વવ્યાપક, નિર્વિકાર, અખંડાનંદસ્વરૂપ ઇશ્વરનો અલૌકિક મહિમા યથાર્થ રીતે આપણે જાણતા નથી તેથીજ કોઈ માણસ કે કોઇ દેવની મૂર્તિને આપણે ઇશ્વિર માની લઇએ છીએ, પણ જો ઇશ્વરનું મ્હોટું માહાત્મ્ય આપણે સત્યરીતે સમજીએ તો આપણને એમ લાગ્યા વિના રહેજ નહિ કે "ઇશ્વર તે ઇશ્વરજ" છે; તેનો સમ્પૂર્ણ સમાવેશ કોઈ પણ સ્થૂલવસ્તુમાં કે કોઈ પણ મનુષ્યમાં કદિ પણ થઇ શકેજ નહિ. બેશક, એટલું ખરૂં કે કેટલાક દેવો તથા ઇશ્વરના કૃપાપાત્ર કોઇ કોઇ ભક્તો આપણા કરતાં ઘણી બાબતોમાં હજારોગણા વધારે શક્તિમાન હોઈ શકે, પણ તેથી કાંઈ તે ઇશ્વર કહેવાય નહિ. સર્વશક્તિમાન મહાનઇશ્વરની જૂદી જૂદી જાતની મહાનશક્તિઓથી

અજબ થઇને પ્રાચીન લોકોએ તે એક એક શક્તિનું એક એક દેવ તરીકે વર્ણન કરેલું છે. જેમકે—જગતને ઉત્પન્ન કરનારી ઈશ્વિરની જે શક્તિ તેનું નામ બ્રહ્માછે, પોષણ કરનારી જે શક્તિ છે તેનું નામ વિષ્ણુ છે, અને સંહાર કરનારી જે શક્તિ છે તેનું નામ રૂદ્ર છે; તેમજ ઇશ્વરની વરસાદ વરસાવનારી શક્તિનું નામ ઇંદ્રછે, મનુષ્યને તેઓનાં કર્મનો બદલો આપનાર એટલે કે ઇન્સાફ કરનારી શક્તિનું નામ યમછે, અને ગરમી તથા પ્રકાશ આપનાર શક્તિનું નામ અગ્નિછે. આવી રીતે ઋષિઓએ પ્રભુની જૂદી જૂદી શક્તિઓનું જૂદા જૂદા દેવ તરીકે વર્ણન કરેલુંછે, પણ યાદ રાખજો કે એ દેવો તે માત્ર પ્રભુનો એક એક ગુણછે, એ દેવો તે માત્ર પ્રભુની એક એક શક્તિ છે; સર્વશક્તિમાન પ્રભુ તો તેથી જૂદોજછે, એટલે કોઈ-પણ દેવની પ્રભુની સાથે સરખામણી થઇ શકેજ નહિ, ત્યારે માણસ તે શું બિસાતમાં ? માટે પંડિતજી ! શાસ્ત્રમાં કહેલા ઈશ્વરી અવતાર સિવાય કદિ પણ કોઇ પણ માણસને ઈશ્વર તરિકે માનવાની મહા ભયંકર ભૂલ કરશોમાં. એવી ભૂલોથીજ આપણો ધર્મ વગોવાયછે, એવી ભૂલોથીજ આપણા દેશની પડતી થઇછે, એવી ભૂલોથીજ આપણી સૌની અરસપરસની ભાઇબંધી તૂટતી જાયછે, અને એવી ભૂલોથીજ પ્રભુપ્રેમમાંથી તથા મનુષ્ય સ્વભાવમાંથી સ્વાભાવિક રીતે નીકળી આવેલી મૂર્તિપૂજા “ **રમકડાં** ”ના રૂપમાં આવી ગઇછે. માટે શ્રીકૃષ્ણભગવાને જેને તમોગુણી જ્ઞાન કહેલુંછે તે મૂર્ખાઈમાં ફસી ન જવાય એ સંભાળજો.

મૂર્તિપૂજાની અવગણના થાય છે તેનું બીજું કારણઃ-

એ સિવાય મૂર્તિપૂજાની અવગણના થાય છે તેનું બીજું કારણ એ છે કે આપણી હાલની મૂર્તિપૂજાની સાથે પરમાર્થની ખામી છે. પ્રાચીન ઋષિઓના પવિત્ર યજ્ઞોની સાથે મહાનપરમાર્થ જોડાએલો

રહેતો, એટલે તે યજ્ઞો દુનિયાદારીના વ્યવહારમાં ફળદાયી અને સ્વર્ગનું સુખ અપાવનારા તથા ઇશ્વરને ઓળખાવનારા થઈ પડતા હતા; પરન્તુ એની એજ ભાવનાવાળી હાલની આપણી મૂર્તિપૂજા નીરસ તથા બચ્ચાંબાલાના ખેલ જેવી હાસ્યાસ્પદ થઇ પડેલી છે. અને તેનું કારણ એજ છે કે તે આંતરધર્મ વિનાની એટલે કે ભ્રાતૃભાવ વિનાની-ઇશ્વરી સગાઇ વિનાની—પરમાર્થ વિનાની થઈ પડેલી છે, માટે તેની જનમંડળ ઉપર જોઇએ તેવી અસર થઈ શકતી નથી, પણ જો આપણી એનીએ મૂર્તિપૂજાની સાથે અસલના વખતની પેઠે પરમાર્થને જોડવામાં આવે તો તેની ખુબી કાંઇ ઓરજ થઈ પડે; કારણ કે જે ખરી ખુબી છે તે કાંઇ બહારની વસ્તુઓમાં નથી, પણ તે ખુબી તો આંતરધર્મમાં એટલે કે પરમાર્થમાં છે. યાદ રાખજો કે આપણા યજ્ઞોમાં ને આપણી મૂર્તિપૂજામાં જે કાંઈ તત્ત્વ છે તે બહારની સ્થૂલવસ્તુઓમાં નહિ, પણ આપણી ઉત્તમભાવનાઓમાં છે. એથી પણ આગળ વધીને કહીએ તો એ ઉત્તમભાવનાઓનું સ્થૂલરૂપ તે આપણો પરમાર્થ છે, કારણ કે આપણી ઉત્તમભાવનાઓને બતાવવાનું પરમાર્થ સિવાય બીજું શું સાધન છે ? આપણા હૃદયમાં કુદરતી રીતે જે ઇશ્વિરીસ્નેહ ભરેલો છે તે ઇશ્વરીસ્નેહ આપણને ભલાં કામો કરવાની પ્રેરણા કરે છે, માટે એ ભલાં કામો કરવાની આંતરપ્રેરણાનાં સ્થૂલરૂપને અમો ઉત્તમભાવનાઓ કહીએ છીએ. એ ઉત્તમભાવનાઓમાંથી પ્રાચીન યજ્ઞો પેદા થયા છે, અને તે યજ્ઞોનું જમાના અનુસાર ફેરવાએલું બીજું રૂપ તે આપણી હાલની મૂર્તિપૂજા છે; માટે ઇશ્વરી-સ્નેહ કે જેનું નામ પરમાર્થ છે, તેને મહાત્માઓ મૂર્તિપૂજાનો દાદો કહે છે.

ધર્મનાં મૂળતત્ત્વો:–

બેટી, જેમ આકાશની મહાન અખૂટ વિજળીમાંથી થોડી જૂદી પડી ગયેલી બીજી વિજળી કુદરતી રીતે મોટી વિજળી તરફ ખેંચાય છે,

તેમ પરમાત્માથી જૂદો પડી ગએલો આપણો આત્મા કુદરતી રીતેજ પ્રભુ તરફ ખેંચાય છે. એ ખેંચાણનું નામ ઈશ્વરીસ્નેહ છે, તથા એ કુદરતી આકર્ષણથી જે ગરમી ઉત્પન્ન થાય તેનું નામ ઈશ્વરીજ્ઞાન છે, અને ઈશ્વરીસ્નેહ તથા ઈશ્વરીજ્ઞાન એ બંને સાથે મળેલાં હોય તેનું નામ ધર્મ છે. આવી રીતે ઈશ્વરીસ્નેહ અને ઈશ્વરીજ્ઞાન એ બે તત્ત્વમાંથી ધર્મ ઉત્પન્ન થએલો હોવાથી ધર્મની મુખ્ય બે ફરજો છેઃ એક દુનિયાં તરફની અને બીજી પ્રભુ તરફની. દુનિયાં તરફની ફરજ ઈશ્વરીસ્નેહમાંથી પેદા થાય છે, અને પ્રભુ તરફની ફરજ ઈશ્વરી-જ્ઞાનમાંથી ઉત્પન્ન થાય છે; કારણ કે પ્રથમ આકર્ષણ ને પછી ગતિ છે, પ્રથમ સ્નેહ ને પછી જ્ઞાન છે. સ્નેહ પ્રથમ હોવાનું કારણ એ છે કે, જેમ થોડી છૂટી પડી ગએલી ન્હાની વિજળી બીજી મ્હોટી વિજળી તરફ કોઇ પણ જાતની ક્રિયા વિના પોતાની મેળેજ કુદરતી રીતેજ ખેંચાતી જાય છે તેમ આપણો આત્મા પરમાત્મા તરફ અલૌકિક આકર્ષણથી સ્વાભાવિક રીતેજ ખેંચાય છે. એ ખેંચાણનું નામ–એ આકર્ષણનું નામ–ઈશ્વરીસ્નેહ છે, માટે ઈશ્વરીસ્નેહ કે જેને આપણે પ્રભુપ્રેમ અથવા અથવા ભગવદ્‌આવેશ કહીએ છીએ તે કુદરતી છે; અને ઈશ્વરીજ્ઞાન એ ઈશ્વરીસ્નેહમાંથી સ્વાભાવિક રીતે ઉત્પન્ન થતો પ્રકાશ છે, કારણ કે જ્યાં આકર્ષણ છે ત્યાં કુદરતી રીતેજ ગતિ છે, એટલુંજ નહિ પણ એ આકર્ષણની ગતિથી જે ઘસારો લાગે છે તે ઘસારાથીજ પ્રકાશ ઉત્પન્ન થાય છે. એ પ્રકાશનુંજ નામ ઈશ્વરીજ્ઞાન અથવા બ્રહ્મ-જ્ઞાન છે. આવી રીતે હોવાથી સ્વાભાવિક રીતેજ પ્રથમ ઈશ્વરીસ્નેહ ને પછી ઈશ્વરીજ્ઞાન છે. એ બે મૂળસિદ્ધાંતજ આપણા પવિત્ર સના-તન આર્યધર્મનો પાયો છે.

પ્રભુપ્રેમ એટલે શું ?

સનાતન આર્યધર્મનું મૂળ ઈશ્વરીસ્નેહ ને ઈશ્વરીજ્ઞાન છે, એમ સમજ્યા પછી એ બે મૂળતત્ત્વનો ખરો અર્થ આપણે સમજવો જોઇએ.

ઇશ્વિરીસ્નેહ એટલે કે પ્રભુપ્રેમ જ્યારે કોઇ પણ માણસમાં આવવા માંડે છે ત્યારે તેના મનમાં શું શું વિચાર થાય છે, એ તમને ખબર છે? નહિ પંડિતજી, એ ખબર તમને ન હોય; કારણ કે તમે કાંઇ ભક્ત નથી, તમે તો માત્ર પેટ ભરવાનાં સાધન તરિકે ભાગવત ભણેલા છો, એટલે પ્રભુપ્રેમની ખુબી તમે જાણી શકો નહિ.

માસ્તરે કહ્યું:—પંડિતજી? તમારી તો આબરૂ ગઇ! મહારાજજીએ તો તમારી પરીક્ષા કરી લીધી!

પંડિતજીએ કહ્યું:—મહારાજ ખરૂં કહે છે. માત્ર હું એકજ નહિ, પણ ઘણું કરીને આપણા દેશના બધા પંડિતો પાંડિત્ય જણાવવાને ખાતરજ શાસ્ત્રો શીખે છે. કારણ કે—

પ્રભુપ્રેમનાં લક્ષણ જાણવાને હું બહુ અધીરી થઈ ગઇ હતી, તેથી મ્હેં વચ્ચે કહ્યું કે, હમણાં એ કૂટ છોડી દો, બહુ મજેનો વિષય આવ્યો છે, તે જરા સાંભળવા તો દો.

મહારાજે કહ્યું:—જેના હૃદયમાં પ્રેભુપ્રેમ આવે તેને એમ લાગે છે કે મ્હારી ઉપર પ્રભુની કૃપા થઇ ત્યારે મ્હારા હૃદયમાં પ્રભુપ્રેમ આવેલો છે. અહા: પ્રભુપ્રેમ કેવી ઉત્તમ વસ્તુ છે! કેવી અલૌકિક વસ્તુ છે! કેવો દૈવીપ્રસાદ છે! અરે! એ મહાપ્રસાદને શું હું એમજ ઢોળી નાંખીશ? નહિ નહિ, કદી પણ હું એમ થવા નહિ દઉં. હું એનો લાભ લઇશ અને જગતને તેનો લાભ આપીશ. પ્રભુપ્રેમ એટલે શું? એનો અર્થ કરતાં તે ભક્તને એમ લાગી જાય છે કે:—

"મ્હારી ઉપર કૃપા કરીને પ્રભુએ પોતાના પ્રકાશનું એક કિરણ મ્હારા હૃદયમાં મોકલ્યું છે. એ કિરણથી મ્હારામાં નવું બળ આવ્યું છે, એ કિરણથી મ્હારામાં નવું જીવન આવ્યું છે, અને એ કિરણથી જાણે સ્વર્ગ મ્હારી પાસે આવી ગયું છે; એટલુંજ નહિ પણ જાણે એ કિરણરૂપે હવે કોઈ દેવદૂત ઇશ્વરનો સંદેશો લઇને મ્હારા હૃદયમાં

આવ્યો હોય એમ મને લાગ્યા કરે છે. અરે ! ઇશ્વરના જે કિરણથી —જે પ્રેમથી—મ્હારી આવી ઉત્તમદશા થઇ તે પ્રેમને હું શું મ્હારા નજીવા સ્વાર્થ સારૂ છોડી દઇશ કે ? નહિજ. હવે તો એ પ્રભુપ્રેમ એ મ્હારૂં ધન છે, એ મ્હારો રસ્તો છે, એ મ્હારો ભોમિયો છે, એ મ્હારો શેઠ છે, અને એ મ્હારૂં સર્વસ્વ છે. હું તો તેનો દાસાનુદાસ છું, એ જેમ દોરવે તેમ જવા હું તૈયાર છું. અરે ! હું કેવો મૂર્ખ છું કે મ્હારા હૃદયમાં પ્રભુપ્રેમ આવ્યા છતાં હજી હું મ્હારા સ્વાર્થના વિચાર કરૂં છું ? પારસમણી મળવા છતાં હજી કોડીની ઇચ્છા રાખું છું ? હાય હાય ! મ્હારા જેવો નીચ તે બીજો કોણ ? હવે તે એ કાંઇ મને શોભે ? હવે તો એમજ થવું જોઇએ કે પ્રભુને ખાતર મ્હારે પોતાપણું ભૂલી જવું જોઇએ. પ્રભુ પોતે સર્વશક્તિમાન છતાં મ્હારા જેવા રંક ઉપર કૃપા કરીને તેણે પોતાનો પ્રકાશ મને આપ્યો ત્યારે હવે મ્હારે શા માટે નમાલો થઇને પડયું રહેવું જોઇએ ? મ્હોટા મહારાજાધિરાજ જેમ કોઈ ગરીબ માણસ ઉપર કૃપા કરીને તેને પોતાનો દીવાન બનાવી દે તેમ પ્રભુએ કૃપા કરીને મ્હારા હૃદયમાં પોતાનો પ્રેમ આપેલો છે ત્યારે હવે મ્હારે શા માટે દીન થઇને પડયું રહેવું જોઇએ ? પ્રભુનો પ્રેમ ! આહાઃ પ્રભુનો પ્રેમ ! એની તુલ્ય દુનિયામાં બીજી કઈ વસ્તુ છે ? પ્રભુ સર્વવ્યાપક છે તેમ તેનો પ્રેમ પણ સર્વવ્યાપક છે. એ અલૌકિકપ્રેમ જ્યારે મ્હારા હૃદયમાં આવ્યો ત્યારે હવે મ્હારે મ્હારા સ્વાર્થમાંજ શા માટે પડયું રહેવું જોઇએ ? એ દિવ્યપ્રેમ જ્યારે મ્હારા હૃદયમાં આવ્યો ત્યારે હવે મ્હારા કુટુંબમાંજ એ પ્રેમ શા માટે અટકી રહેવો જોઇએ ? એ મહાનપ્રસાદ જ્યારે મને મળ્યો ત્યારે તેનો લાભ મ્હારી જાતવાળાઓનેજ મળે ને બીજાઓને કાં ન મળે ? એ નવુંબળ જ્યારે આ હૃદયમાં આવ્યું ત્યારે મ્હારા એક ગામના ભલાનીજ વાતો કરીને હું કાં બેસી રહું ? અને ઇશ્વિરકૃપાથી જ્યારે તેના પ્રકાશનું કિરણ મને

મળ્યું—જ્યારે નવું જીવન મને મળ્યું—ત્યારે હું જગતને તેનો લાભ કાં ન આપું? શામાટે એ સર્વવ્યાપક પ્રેમને મ્હારે મ્હારા સ્વાર્થની ટુંકી હદમાં બાંધી રાખવો જોઇએ?" એટલુંજ નહિ પણ એ પછી વળી તેને એમ લાગી જાયછે કેઃ—

"પ્રભુપ્રેમના ઉભરાને લીધે માત્ર જરાવાર એવા આનંદના વિચાર કરી લેવા એમાં શું વળે? હવે કાંઇ ખાલી વિચારમાંજ રહી જવાય નહિ, હવે તો મ્હારામાં નવું બળ આવ્યું છે, નવો પ્રકાશ આવ્યો છે, અને નવું જીવન આવ્યું છે, માટે પ્રભુને અર્થે તથા મ્હારા ભાઇબિંધોને અર્થે મ્હારે મ્હારૂં બળિદાન આપવું જોઇએ. મ્હારૂં બળિદાન એટલે શું? મ્હારૂં બળિદાન કેવી રીતે થઇ શકે? એમજ કે પ્રભુને અર્થે મ્હારે મ્હારાપણું ભૂલી જઇને જગતની સેવામાં ખોવાઇ જવું જોઇએ. તેનું નામ સત્યબળિદાન છે. જગતની સેવામાં ખોવાઇ જવું એટલે કે સુખ—દુઃખની દરકાર કર્યા વિના, માન—અપમાનની સામે જોયા વિના અને નફા—ટોટાની લાલચ રાખ્યા વિના પ્રભુને અર્થે જગતના કલ્યાણમાં મચ્યું રહેવું, એનુંજ નામ સત્યબળિદાન છે, અને એજ પ્રભુપ્રેમનું લક્ષણ છે; કારણ કે ઇશ્વરી-સ્નેહનું બહાર દેખી શકાય એવું જે સ્થૂલરૂપ તેનુંજ નામ પરમાર્થ છે, એટલે જેના હૃદયમાં પ્રભુપ્રેમ આવે તેનું મન પરમાર્થ તરફ વળી જાયછે; અને એ વખતે તેને એમજ લાગી જાયછે કે, "હાય હાય! કાલ સવારે મરી જવું છે માટે કાંઇક સાર્થક તો કરી લઉં." એક ક્ષણ પણ ભલાં કામો કર્યા વિના જાય એ તેનાથી ખમાતું નથી. તેને એમજ લાગ્યા કરે છે કે પ્રભુને ખાતર પ્રભુનાં બાળકો માટે હું મ્હારા સ્વાર્થનો ભોગ આપું એવા દિવસ તે ક્યારે આવશે? પ્રભુને ખાતર હું આ જગતમાં કાંઇક પણ ભલાઇ કરી શકું એવી તક તે મને ક્યારે મળશે? જેમ અસલના મોટા મોટા ભક્તોએ

પોતાની જીંદગી ધર્મને અર્થે અર્પણ કરેલી હતી તેમ મ્હારી જીંદગી મ્હારા દેશ અને મ્હારા ધર્મને માટે અર્પણ કરી શકું એવું બળ તે મ્હારામાં ક્યારે આવશે ? બીજાઓનાં દુઃખ જોઇને મ્હારૂં હૃદય અંદરથી કંપે અને તે માત્ર કંપીનેજ ન રહી જાય, પણ એ દુઃખ મટાડવાના કાંઇક ઉપાયો કરવા માંડે એમ તે ક્યારે થશે ? બીજાંઓના આંસુથી ભીંજાએલા ગાલ સૂકાયા પહેલાં હું લુછી શકું એવા દિવસ તે ક્યારે આવશે ? પ્રભુ ! ત્હારે ખાતર—ત્હારો મહિમા વધારવાને ખાતર—હું મ્હારા સુખનો ભોગ આપું એમ તે ક્યારે બનશે ? મ્હારૂં સર્વસુખ ત્હારી સેવામાંજ આવી પડે એમ તે ક્યારે થશે ? અરે ! હવે તો પ્રભુને ખાતર હું મ્હારૂં હુંપણું ભૂલી જાઉં, પ્રભુનાં બાળકોને ખાતર હું મ્હારા સ્વાર્થ ઉપર પૂળો મૂકી દઉં, પ્રભુના જીવોના સુખને ખાતર હું દુઃખો ભોગવી લઉં અને હું માત્ર ઇશ્વરનોજ નહિ પણ ઇશ્વરને ખાતર જગતનો પણ દાસ બની જાઉં, એમ થવું જોઇએ; કારણ કે પ્રભુપ્રેમને લીધે હવે તો મને એમજ લાગેછે કે, આ આખું જગત એ મ્હારૂં કુટુંબ છે, મનુષ્યજાત એ મ્હારો આત્મા છે, બીજા જીવો એ મ્હારા કનિષ્ટ બંધુઓ છે, જળાશયો ને વનસ્પતિઓ એ મ્હારા શુભહેતુઓગાં ટેકો આપનારાં છે, પહાડો મ્હારા આનંદનાં સ્થાન છે, આકાશ મ્હારી શાન્તિનું છત્ર છે, અને પ્રભુપ્રેમને લીધે દેવો મ્હારા મદદગાર મુરબ્બીઓ છે. હવે દુઃખ ક્યાં રહ્યું ? જ્યાં જ્યાં મ્હારી નજર ફરેછે ત્યાં ત્યાં આનંદ આનંદ ને આનંદજ દેખાયછે. એ પ્રભુપ્રેમના આનંદના ઉભરાઓમાં હું શું ઇચ્છું છું ? એજ કે સૌ સુખી રહો, સૌ સુખી રહો, સૌ સુખી રહો; કોઇને પણ કાંઈ પણ અડચણ થાઓમાં; સૌ જીવોનું કલ્યાણ થાઓ; ક્યાંઇ પણ દુઃખ રહોમાં; અને એમ થવામાં હે પ્રભુ ! મ્હારૂં બળિદાન થવા દો; મને પણ નિમિત્ત માત્ર થવા દો.”

બેટી, જેના હૃદયમાં પ્રભુપ્રેમ આવે તેની તો હમ્મેશાં આવીજ ઈચ્છા હોયછે, કારણ કે પ્રભુપ્રેમનું બહાર દેખી શકાય એવું જે સ્થૂલરૂપ તેનુંજ નામ પરમાર્થ છે; માટે આજથી યાદ રાખજે કે પરમાર્થ વિના પ્રભુપ્રેમ હોયજ નહિ, અને પરમાર્થ વિનાના લુખા પ્રેમથી કાંઇ કલ્યાણ પણ થાય નહિ.

હાલમાં આપણા લોકો પ્રભુપ્રેમનો કેવો અર્થ કરે છે?

પ્રભુપ્રેમની આ વાતો સાંભળીને હું તો અજબજ થઈ ગઇ. મ્હારી તો આંખ્યોજ ઉઘડી ગઈ કે હાય હાય! ત્યારે આપણે તો હજી કાંઈ હિસાબમાંજ નથી! કાંઇ જરા તરા કરીને ફોકટજ મનમાં મરડાયા કરીએ છીએ! આવા આવા વિચારમાં હું તો હાથ જોડીને મહારાજના પગમાં પડી ગઇ. એટલામાં પંડિજીએ કહ્યું કે, મહારાજ! તમે તો ભારે કરો છો, આવી ખુબી તે કાઢો છો ક્યાંથી! પ્રભુપ્રેમનો આવો અર્થ તો ક્યાંઇ સાંભળ્યો નહોતો. મ્હારા પાડોસમાં એક મરજાદી શેઠીયો છે તે કહે છે કે, "જે દૈવીજીવ હોય ને જેની ઉપર ભગવતની કૃપા થાય તેનામાં પ્રભુપ્રેમ આવે." મ્હેં પૂછ્યું કે, પ્રભુપ્રેમનું લક્ષણ શું? ત્યારે તેણે કહ્યું કે, "તમે બ્રાહ્મણ છો તો પણ હજી ખાસાસેવકીમાં નથી સમજતા, ને આ અમારો ચાકર કોળી છે તો પણ ખાસાસેવકીમાં સમજે છે! એનું નામ પ્રભુપ્રેમ. પ્રભુપ્રેમ માથે તે કાંઈ શીંગડાં હોય?"

ખાસાસેવકી એટલે શું? એ કાંઇ હું સમજી નહિ, કારણ કે જૂદા જૂદા ધંધાઓને લગતા એવા ઘરગતુ શબ્દોનું હજી મને સ્પષ્ટ જ્ઞાન થયું નહોતું, તેથી મ્હેં મહારાજને પૂછ્યું કે, મહારાજજી! ખાસાસેવકી એટલે શું?

પ્રૉફેસરે કહ્યું:–મહારાજજીને એનો અર્થ બરાબર નહિ આવડે,

એનો અર્થ તો મનેજ કહેવા દો; કારણ કે મ્હારી કાકી મરજાદી હતી એટલે મને એ બાબતનો અનુભવ છે. ખાસા એટલે ખસી જવું, ને સેવકી એટલે ગુલામગીરી. પરમાર્થના રસ્તામાંથી—બાહ્યબંધીના મંડપમાંથી નીકળી જવું, છાંટાથી છોવાઈ જવું ને વાતવાતમાં અભડાઇ જવું, તેનું નામ ખાસા, અને સંબંધ વિનાની તથા અર્થ વિનાની ગુલામગીરી જેવી રૂઢીના વ્હેમની જાળમાં વિનાકારણ પોતાને હાથે કરીને ચાહીને બંધાઇ જવું તેનું નામ સેવકી !! બોલો, આવો અર્થ તમને કોઈને આવડશે ? જો એમાં કાંઇ ખોટું હોય તો મને કહો.

મહારાજે કહ્યું:—છેતો એમજ.

મ્હેં કહ્યું:—પ્રભુપ્રેમનો આવો અર્થ કરવાવાળા નમુનાઓ હિંદમાં છે કાં ?

મહારાજે કહ્યું:—પાંચ પચીસ નહિ, બસો પાંચસો નહિ, હજાર બે હજાર નહિ, પણ અર્ધું હિંદુસ્તાન એવું છે; અને તેથીજ આપણા દેશની આવી દુર્દશા છે.

ઇશ્વરીજ્ઞાનનો અર્થઃ-

મ્હેં કહ્યું:—પ્રભુ ! દયાકર, દયાકર; અમને એવી ખાસાસેવકીથી બચાવ. મહારાજજી ! હવે ઇશ્વરીજ્ઞાનનો અર્થ સમજાવવાની કૃપા કરો. એ ખુબી તો વળી કોણ જાણે શુંની શું હશે !

મહારાજે કહ્યું:—એ વિષય કઠિન છે. જેવો ઇશ્વરીસ્નેહનો ચોખ્ખો અર્થ થયો તેવો ઇશ્વરીજ્ઞાનનો સ્પષ્ટ અર્થ થવો મુશ્કેલ છે, કારણ કે સ્નેહનો તો મને અનુભવ છે, પણ જ્ઞાનમાં તો હજી મ્હારી શરૂઆત છે, એટલે એ વિષયને બહુ સ્પષ્ટ રીતે હું નહિ કહી શકું.

આ સાંભળીને પંડિતજીએ કહ્યું:—મહારાજ ! એમાં શું મુંઝાઓ છો ? ભાગવતના એકાદશસ્કંધમાં જ્ઞાનીઓનાં લક્ષણ કહેલાં છે, અને

ગીતામાં પણ સ્થિતપ્રજ્ઞનાં લક્ષણ કહેલાં છે, તે કહોને એટલે થયું !

મહારાજે કહ્યું:—એમ અલેલટપુપણે જવાબ દેવાની તમારી રીતિ અમોને ન શીખવો. પંડિતજી ! એક એક શબ્દ બોલવાની અને એક એક અક્ષર લખવાની આપણી ઉપર કેટલી મ્હોટી જવાબદારી છે એ કાંઈ તમે સમજોછો ? "દેખલો લાલ કીતાબ મેં ઐસા લીખા હૈ" એવું અમારાથી ન થાય. સત્યને જાણવા સારૂ તો દુનિયાદારી તજીને સંન્યાસ લીધો છે, માટે અમારે તો ઈશ્વરને હાજર નાજર જાણીને અમારા આત્મિકઅનુભવનીજ વાતો કહેવી જોઈએ. એમ કહીને મહારાજે કહ્યું કે, બેટી, આકર્ષણની સાથે કુદરતી રીતેજ ઈશ્વરીજ્ઞાનનો પ્રકાશ રહેલો છે. આમ હોવાથી આકર્ષણની ગતિથી જેમ ગરમીને કોઇ પણ રીતે જૂદી પાડી શકાય નહિ તેમ ઈશ્વરીસ્નેહથી ઈશ્વરીજ્ઞાનને કદિ પણ જૂદું પાડી શકાય નહિ. બેટી, આ નિયમો બહુ સમજવા જેવા છે; કારણ કે એ પાયા ઉપરજ આપણે ઇમારત ચણવાની છે.

આ સાંભળીને પંડિતજીને કંટાળો લાગ્યો, તેથી તેણે કહ્યું કે, મહારાજ ! હવે જાવા દોને એ ફીલસુફીને ! નિશાળમાં ભણતા હોય તે છોકરાંઓને ગતિનું અને આકર્ષણનું કામ; આપણે તે હવે એ માથાફોડ શું કરવા કરીએ ? આવીને આવી ફૂટમાં હું તો આજે શાક વિનાનો રહીશ. એમ કહીને પંડિતજી આળસ મરડવા લાગ્યા.

માસ્તરે કહ્યું:—કૃપા કરીને જરા સાંભળી લો, પછી તમારૂં ડહાપણ ચલાવજો.

મહારાજે એ વાતો ઉપર ધ્યાન આપ્યા વિના કહ્યું કે, બેટી, જો આકર્ષણ હોય તોજ ગતિ હોઇ શકે. આકર્ષણ વિના એની મેળે કદિ પણ ગતિ હોય નહિ, તેમજ ઈશ્વરીસ્નેહનું આકર્ષણ હોય એટલે કે પરમાર્થ હોય તોજ ઈશ્વરીજ્ઞાન થઇ શકે. ભ્રાતૃભાવ વિના—પર-

માર્થ વિના—કદિ પણ ઇશ્વરીજ્ઞાન થઈ શકેજ નહિ. આવી રીતે ઇશ્વરીસ્નેહ એટલે કે પરમાર્થ અને બ્રહ્મજ્ઞાનનો સંબંધ છે, માટેજ આપણા પંડિતજીની કથા સાંભળીને પોતાની સ્થિતિ પ્રમાણે અર્ધી દુકાની આપવાવાળી પરમાર્થી ડોશીયો જેટલા ઇશ્વરના નિયમો પાળી શકે છે તેટલા નિયમો કથા વાંચવાવાળા વ્યાસજી પોતે પાળી શકતા નથી; કારણ કે તેઓમાં પરમાર્થ નથી. કેમ પંડિતજી ! આ વાત સાચી કે ખોટી ?

પંડિતજીએ કહ્યું:—માબાપ, તમને ન પહોંચાય. તમારા આકર્ષણનો ભાર વળી મ્હારી ઉપર લાવીને ક્યાં નાંખ્યો ? હું તો જાણું કોણ જાણે શું ની શું વાત કરશો, ત્યાં તો પરભારી મ્હારી ઉપરજ ઉતારી ! પણ વાત સાવ સાચી છે હો. બાઇ, છૂટા હાથવાળી ભલી બાઇઓનાં હૈયાં એવાં ખિલી ગયેલાં હોય છે કે અમારી અક્કલ તેની પાસે કાંઇ કામ ન આવે. અમે તો માત્ર વાતોજ કરતા હોઇએ પણ તેતો પાળી બતાવતાં હોય. એવા કાંઈ નહિ તો પચાસ દાખલા મ્હેં જોએલા છે. એવે વખતે મને એમ લાગી જાય છે કે આ તે શું ? કાળા અક્ષરને કુટી મારે તેવા ગામડાના ગરીબ જંગલી લોકોમાં ને તેમાં પણ અજ્ઞાન ને વ્હેમી સ્ત્રીઓમાં આટલું બધું ઇશ્વરીજ્ઞાન ક્યાંથી ? મ્હેં અમારા ગામની પાસેનાં ગામડામાં એક કુંભારણ જોએલી છે, પણ શું તેની વાત કરૂં ? એ તો જાણે સાક્ષાત્

દયાની દેવી.

દયાની દેવીનોજ અવતાર ! છે તો સાધારણ સ્થિતિની અને આપણા પ્રમાણમાંજ તો તે ગરીબજ કહેવાય, પણ કોઇ ભીખારી તેને ઘેરથી નિરાશ થઇને પાછું ફરે નહિ ! જે જાય તેની સાથે એ બાઈ કાંઇ એવી અજબ જાતની મીઠાશથી બોલે કે સામું માણસ ખુશી

થયા વિના રહેજ નહિ. એના ચહેરામાં કાંઇક એવી શાંતિ છે કે એ ડોશીને જોઇયે ત્યારે કુદરતી આનંદ થયા વિના રહેજ નહિ. એની પાસે બેસીએ એટલો વખત આપણા વિકારો તો કયાંઇનાં કયાંઇ ભાગી જાય. જે બાવા સાધુ કે મુસાફરને રોટલા ખપે તેને માટે રોટલા તૈયાર, જેને લોટ જોઇએ તેને લોટ, જેને વાસણ જોઇએ તેને વાસણ, જેને ઉતારો જોઇએ તેને પોતાનાં ઢોરવાડમાં, ઓસરીમાં કે ફળિયામાં ઉતારો તૈયાર, જેને પાણી જોઇએ તેને નદીએથી પાણી ભરીને લાવી આપે, જેને છાણાં-લાકડાં જોઇએ તેને તે લાવી આપે. ભલા માણસ, કોઈ વાતની નાજ ન મળે! જયારે જોઇએ ત્યારે બે ચાર બાવા, સાધુ કે મુસાફર તો તેને ત્યાં પડયાજ હોય! તેમાં અજબ જેવું એ કે બધા ઉપર તેનો એક સરખો પ્રેમ; પોતાનાં છોકરાંઓ પણ સરખાં, ને ભીખમગા લંગોટીઆ આવે તે પણ સરખા! કોઈ ઉપર તેને મ્હારૂં ત્હારૂંજ ન મળે! ફળીયામાં બે ચાર કુતરાંઓ બેઠાં હોય, સામે બે ત્રણ ગધેડાં બાંધ્યાં હોય, સવાર સાંજનો વખત હોય તો ચાર પાંચ વાછરડાંઓની પણ કૂદાકૂદ થઈ રહી હોય, પવનનો ઝપાટો આવે ત્યારે પાસેના નીંભાડામાંથી ઝીણી ઝીણી રાખ ઉડતી હોય, વહુ દીકરીઓ ભીની માટી રગડતી હોય, છોકરાંઓ ઠામ ઘડતા હોય તેના ટપલાના અવાજના ભણકારા સંભળાતા હોય, અને ડોશી ઓસરીમાં બેઠી બેઠી રેંટીયો ચલાવી રૂ કાંતતી હોય, એટલામાં કોઈ મુસાફર આવીને કહે કે, ડોશી મા, હું સવારનો ભુખ્યોછું, એટલે તુરત ઉઠીને રોટલો આપે. એક વખત હું મ્હારા મામા સાથે લાડુ જમવા એ ગામમાં ગયો હતો ત્યારે એ ડોશીને મળ્યો હતો. એ પછી હવે તો જ્યારે જ્યારે દેશમાં જાઉં છું ત્યારે ત્યારે ખાસ ચાહીને હું ત્યાં જાઉં છું. અને જ્યારે ત્યાં જાઉં ત્યારે એની એ ધમાલ ને એવી ને એવી શાન્તિ! હું જાઉં ત્યારે મને દેખીને તરત હસ્તે મ્હોંએ કહે કે, "આવ દીકરા,

બેસ બેસ; ઘણે દહાડે આવ્યો હો." એમ કહીને બેસવા સારૂ ગોદડી પાથરી આપે. પછી તુરત પાણીનો લોટો ભરીને પાસે મૂકે ને સૌના ખુશીખબર પૂછે. હું કલાક અર્ધો કલાક બેસું એટલીવારમાં તો તે બિચારી ડોશીને દસ વીસ વખત ઉઠવું પડે, પણ તે થાકે નહિ કે તેને ગુસ્સો લાગે નહિ.

એક વખત મેળાનો દિવસ હતો ત્યારે એ બાઇને ત્યાં મ્હેં જે ધમાલ જોઇ તેની શું વાત કરૂં? આઠ દસ રસોઇના ચોકા તેને ત્યાં થયા હતા, તેમાંથી કોઇએ આવીને કહ્યું કે, માઈ, દેવતા ચઇએ. તેને દેવતા આપ્યો. એટલામાં એકે આવીને કહ્યું કે, માઇ, કડછી ચઇએ. તેને કડછી આપી. એટલામાં ત્રીજાએ આવીને કહ્યું કે, માઇ, નીમક ચઇએ. તેને મીઠું આપ્યું. એટલામાં ચોથાએ આવીને કહ્યું કે, માઈ, એક મૂર્તિ અબ નયા આ ગયા હૈ, ઉસકે લીએ આટા ચઇએ. તેને લોટ આપ્યો. એટલામાં એક જણે આવીને કહ્યું કે, મ્હારી પાસે વાસણ નથી, તમે કાંઇક આપો તો દાળ બનાવું. એને ટોપ આપ્યો. એટલામાં એક જણે કહ્યું કે, માઈ, જગ ભરનેકું ઘડા ચઇએ. તેને માટીનો ઘડો આપ્યો. એટલામાં એક જણાએ ડેલી બહારથી બૂમ પાડી કે, કુંભાર ભગત કીધર રહેતા હય? હમકું આજકી રાત્રિ ઉતારા ચઇએ. ફળિયું બધું મુસાફરોથી ભરાઇ ગયું હતું માટે તેને પાસેના બીજા ઘરમાં ઉતારો આપવા તે તેડી ગઇ. ત્યાંથી પાછી આવી એટલામાં એક બ્રાહ્મણે કહ્યું કે, બાઇ, પાણી જોઇએ. ત્યારે પોતાની સામે માટી રગડતી જુવાન છોકરીને કહ્યું કે, જા દીકરી પાણીનું બેડું ભરી આવ. તુરત તે પગ ધોઇને પાણી ભરવા ચાલી નીકળી. એટલામાં બે જણા આવીને કહેવા લાગ્યા કે, માઇ, લકડી ચઇએ. એટલે માટીના પીંડા વાળતી વહુને કહ્યું કે, વહુ દીકરા, કોડમાંથી છાણાનો સુંડલો ભરી આવો. તરત માટીવાળા

હાથેજ સુંડલો ઉપાડીને વહુ છાણાં લેવા ગઇ. તે છાણાં લઇને આવી એટલામાં કોઇએ આવીને કહ્યું કે, ડોશીમા રસોઈ તો થઇ ગઇ, પણ જમવા બેસવાની અગવડ છે, માટે ઢોરવાડમાંથી જરાવાર વાછરડાં છોડાવી લ્યો તો ઠીક. તુરતજ તેણે કહ્યું: વહુ જાઓ, વાછરડાંઓને ત્યાંથી છોડીને લીમડા હેઠે બાંધો. એટલામાં એક સૂરદાસે આવીને કહ્યું કે, હમકું સ્નાન કરના હૈ, ઘાટપર લેજાનેકી દયા કરના ચહીએ. તુરતજ ડોશીએ કહ્યું: વહુ, જુઓને, છે કોઇ છોકરૂં ? વહુએ કહ્યું: અહિંતો કોઇ નથી. ત્યારે ડોશીએ કહ્યું કે, સૂરદાસ, અહિં નાહી લ્યો, ચોખ્ખું પાણી તૈયાર છે. સૂરદાસે કહ્યું: હમ તીર્થ છોડકે ઇધિર નહિ નાહીંગે. અચ્છા, કોઈ નહિ હોવે તો કલ બાત, હમ કલ ભોજન કરેંગે; આજ ભગત કે ઘેર ભુખાહી પડે રહેંગે. એ સાંભળીને ડોશીએ કહ્યું: વહુ દીકરા, ભીખલાને બોલાવો, જુવો તે ચોરા પાસે રમતો હશે. વહુ તેને તેડવા ગઈ ને છોકરી પાણી ભરીને આવી. એટલામાં મોદી લાલા ઠક્કરે આવીને કહ્યું કે, બાઈ, તમે બોલ્યા બ્રાહ્મણને ઘઉંનો લોટ આપવાનું કહ્યું પણ ઘઉંનો લોટ તો મ્હારી દુકાનમાં તૈયાર નથી, આજે મેળો છે એટલે ચાર પાલીનો લોટ હતો તે બધો ખપી ગયો. એ સાંભળીને ડોશીએ કહ્યું કે, મહારાજને ઘઉંનો લોટ આપ્યા વિના તો નહિ ચાલે. દીકરી જોતો, કાંઇ થોડો ઘણો લોટ છે કે ? ન હોય તો પાલી ઘઉં દળી નાંખ. ઘરમાં લોટ હતો નહિ તેથી છોકરી દળવા બેઠી. એટલામાં એક વેવલી જેવી ચીંથરે હાલ બાઇ રોતી રોતી આવીને કહેવા લાગી કે, માઇ; મેરા બેટા નહિં મીલતા હૈ, ઇધરસેં દો કોસપર ગામ હૈ વહાંસે હમ ચલેથે. મૈં સીતારામ બાવાકે મંદિરમે સદાવ્રત લેનેકુ ગઈ, ઓર વો લડકા બોલા મૈં કુંભાર ભગત કે ઘરપર જાતાહું, વહાં મીલુંગા. અબ ઇધરતો નહિં હૈ. મૈં કયા કરૂં ? રસ્તા ભૂલ ગયા હોયગા. કોઇ

સાધુ પુસલાઇ કે લે જાયગા તો મૈં શિર પટકકે મરજાઉંગી. એમ કહીને તે રોવા લાગી. ડોશીએ કહ્યું: આજ કયે ગામથી નિકળ્યાં હતાં ? તેણે કહ્યું: માઇ, ગામકા નામ તો મ્હેં ભૂલ ગઇ. ઇધરસેં પંછમમે હૈ. ડોશીએ કહ્યું: છોકરો કેવડોક છે ? મ્હોટો છે કે ન્હાનો ? તેણે કહ્યું બડા હોય તો કયા ફિકર ? વોતો છ સાત બરસકા હૈ. મેરેકું વે એકહી લડકા હૈ. એ સાંભળી ચાકડો ચલાવતા પોતાના દીકરાને ડોશીએ કહ્યું: ભાઇ, આની સાથે સીમાડા સુધી જઇને તપાસ કરી આવ ને જો ન મળે તો પોલીસ પટેલને કહીને પાસેનાં બે ત્રણ ગામમાં ખબર કાઢવા માટે વેઠીયા દોડાવ. તુરત હાથ ધોઇને તે છોકરે એ બાઇની સાથે તેના છોકરાની શોધમાં નીકળી પડયો. એટલામાં એક જણે આવીને કહ્યું કે, માઇ, હમેરી ગૌ કલકી ભૂખી ખડી હૈ ઉસકુ થોડા ઘાસ મીલ જાવે તો બહુત આનંદ હો જાવે. ડોશીએ ઉઠીને પછવાડેના વાડામાંથી ઘાસના બે પુળા લાવી આપ્યા. એટલામાં એક જણે આવીને કહ્યું કે, ડોશીમા, પગમાં કાંટો બહુ વાગી ગયો છે તેથી ચાલી શકાતું નથી. સોય આપો તો કાંટો કાઢું. તુરત ડોશી સોઇ લેવા ઉઠયાં, અને એક ઝાકળામાં* ઘણો સામાન પડયો હતો તેમાંથી સોય શોધીને આપી. એટલામાં એક પાડોશણે આવીને કહ્યું કે, કાકી, મ્હારા છોકરાના પેટમાં બહુ દુઃખે છે તેથી ચીસેચીસ પાડે છે. હવે હું શું કરૂં ? એના બાપ તો સીમમાં ગયા છે. ડોશીએ કહ્યું: બ્હીમાં, મ્હારી પાસે ઝેરકોચલાની ફાકી છે તે ખવરાવ, એટલે હમણાં સારૂં થઇ જશે. એમ કહીને એક લોટકામાંથી ડોશીએ થોડી ફાકી તેની હથેળીમાં આપી. એટલામાં એક જણે

---

* એક જાતનું માટીનું વાસણ. ગામડાંના ગરીબ ખેડુતોને ઘેર પેટી કે કબાટો હોતાં નથી, તેથી તેઓ પરચુરણ ચીજો માટીના વાસણમાં નાંખી દાણાની ઉતરડમાં રાખે છે.

આવીને કહ્યું કે, મા, રામમંદિરવાળા સંતદાસજી આવ્યા છે. ડોશીએ કહ્યું:–વાહ વાહ, બહુ સારૂં. સંતદાસ પણ બહુ સારા મહાત્મા છે. કયાં છે? પેલાએ કહ્યું: રામા ચોવટીયાની ડેલીએ છે. ડોશીએ પોતાના બીજા દીકરાને કહ્યું: કાળા, સંતદાસને કહી આવ કે રાત્રે રોટલા ખાવા અમારે ત્યાં આવજો. એટલામાં એક જણે આવીને કહ્યું કે, માઇ, રોટી બન ગઇ, અબ જરા અન્નપવિત્ર ચઇએ. એમ કહીને ડોશી પાસે વાટકી મૂકી. ડોશી ઘી લેવા ઉઠી. એટલામાં ત્યાં એક મસ્ત બ્રહ્મચારી આવ્યો. મોટી જટા, ખુબ વિભૂતિ ચોળેલી, કપાળમાં મ્હોટો સીંદૂરનો ચાંલ્લો, ક્રોધ ભરેલી લાલ આંખ ને મ્હોટો ચીપીયો ખડખડાવતો બારણામાં આવીને પૂછવા લાગ્યો કે, કુંભારન ભગતણી કીધર હૈ? ઘીવાળા હાથ હોવાથી દૂરથીજ પગે લાગીને ડોશીએ કહ્યું: પધારો મહરાજ, ઓસરીમાં ખાટલા ઉપર બેસો. આ સાધુઓને જરા સમજાવીને હું હમણાં આવું છું, એમ કહી બાજુના ઢોરવાડમાં જ્યાં ત્રણ ચાર ચોકા ચાલતા હતા ત્યાં ડોશી ગઇ, ને સૌને જરા જરા ઘી આપી આવી. એટલામાંજ એક જણે આવીને કહ્યું કે, ડોશીમા, મંડળીવાળા બાવાજી ખાટલો ગોદડું માગે છે. તેણે કહ્યું: જો સામી ભીંતે ખાટલો પડયો છે તે લઇ જા ને લે આ ગોદડું. એટલામાં એક સાધુએ કહ્યું કે, માઇ, દમ લગાયા બીના મરજાતાહું. આજ ફજરસેં ચલમકી ફુંક નહિ મીલી હૈ. ડોશી તેને માટે ચલમ લેવા ઉઠી. એટલામાં તેણે કહ્યું કે, માઈ, ચલમ તો હમેરી પાસ હૈ, હમકું તો ગાંજા ચઇએ. ડોશીએ કહ્યું: ગાંજો આ ગામમાં નહિ મળે, બજર જોઇતી હોય તો આપું. સાધુએ કહ્યું: અચ્છા, વોભી સહી. એટલે ડોશીએ ઘરમાં જઇ કોઠીમાંથી તંબાકુની ગોટી કાઢીને તેમાંથી થોડી તંબાકુ કાપી આપી. આ બધું કરવામાં જરા વાર થવાથી બ્રહ્મચારીનો મિજાજ ગયો. તેથી તેણે ડોશીને કહ્યું

કે, હમને સુનાથા કે કુંભારન ભગતણી મૈયા અચ્છી હૈ, ઉસ બાસ્તે તુમકુ દેખનેકુ ઇધર આયે હૈ, લેકીન તુંતો બડી સિદ્ધ હો ગઈ હૈ! સચ્ચા સાધુકો તો પીછાનતીભી નહિ હૈ, ઔર કંગલાકી પીછાડી લગી હૈ! હમકુતો તેરા કુચ્છ નહિ ચૈતા હૈ, ખાલી દો બાત સુનાનેકુ આયાથા; લેકીન કુચ્છ આદરમાન નહિ. કુચ્છ બાતચીત નહિ, ઔર ગમારોકી પીછાડી ફીરતી હૈ! હમને દેખ લીયા તેરી સિદ્ધાઈ ઔર દેખ લીયા તેરી ભક્તિ! એમ કહીને મ્હોં ચ્હડાવીને ચીપીયો ખખડાવતો તે ઉઠયો. ડોશીએ કહ્યું: મહારાજજી! દયા રાખો, દયા રાખો, અમે તો અપરાધી જીવ છીએ, અમે તે સિદ્ધ શેનાં? તમને જો બ્રાહ્મણની રસોઇ ખપતી હોય તો જમવાનું તૈયાર છે, ને રસોઇ ન ખપતી હોય તો સીધું મોકલું. આપનો ઉતારો ક્યાં છે? બ્રહ્મચારીએ મોટા મિજાજથી કહ્યું: તેરા જેસા શુદ્રકા ઘરકા અન્ન હમ નહિ ખાતે હૈ. એ સાંભળીને ડોશીએ કહ્યું: અચ્છા મહારાજ, જેવી તમારી મરજી. એમ કહીને ફરીથી તેને પગે લાગી. આ જોઇને હું તો અજબ થઇ ગયો. આટલું અપમાન થયા છતાં જાણે કાંઈ જાણતીજ નથી! તેના મ્હોં ઉપર એવીને એવી શાન્તિ, જરાય ગરમ થઈ નહિ, ઉલટી નમી પડી!

એ જોઇને મ્હારાથી ન રહેવાયું, મ્હારો પિત્તો ઉછળી આવ્યો, પણ એ સાધુને મ્હોડે હું કાંઈ બોલી શક્યો નહિ; કારણ કે તેના તેજમાં હું અંજાઈ ગયો, ને તેના ગુસ્સાના ભયથી હું બ્હી ગયો, પરન્તુ એ ગયા પછી ડોશીને મ્હેં કહ્યું કે, "એવા લંગોટિયા જોગ-ટાઓ તો ઘણાએ આવે, એનું તે એવું એવું શા માટે ખમીએ? એના બાપની શું ઓશિયાળ છે?"

ડોશીએ કહ્યું:—"દીકરા, તું હજી બાળક છે. એને હજી અંતરનો રંગ લાગ્યો નથી, માટે પોતાનું તપ આવી રીતે ધોઈ નાંખે

. એની સાથે જો આપણે પણ એવાં થઇ બેસીએ તો આપણું કર્યું-
ારવ્યું પણ ધોવાઈ જાયને? એતો એમજ ચાલે. પાંચે આંગળી
ંઈ સરખી હોય? તેમાં પણ સાધુઓમાં તો અર્ધો અર્ધ મગજના
એલાજ હોય. ત્હેં તો આ એકજ જોયો, પણ મ્હારી પાસે તો એવા
ણાએ આવ્યા કરે છે, એ બધાની સાથે હું લઢ્યાં કરૂં તો મ્હારો
પારો ક્યાં આવે? તું કહેતો હતો કે હું તમને કાંઇક જ્ઞાન સંભળા-
શ, પણ ભાઈ, જો આવું જ્ઞાન સંભળાવે તો તો હું રખડી પડું. દીકરા,
ને ખબર છે?

ઘર બાળ્યે ઘર ઉગરે, ઘર રાખ્યે ઘર જાય.

પ્રભુને અર્થે ઘર ઉપર તુલસીપત્ર મૂકી દઇને જાતના અછોડા
ઢી નાંખીએ ત્યારે સાચું જ્ઞાન મળે. વાતોના જ્ઞાનમાં શું વળે? એ
સૌને આવડે. માટે ભાઈ, ત્હારો હજી માંહીલો મર્યો નથી તેને
ર, ને પછી મને જ્ઞાન સંભળાવવા આવ. એમ કાંઈ જ્ઞાન લૂંટમાં
ી પડ્યું!"

ડોશીની આ વાત સાંભળીને હુંતો એવો શરમાઇ ગયો કે કાંઈ
તજ ન પૂછો. ગુરૂ થવા ગયો તો, પણ હું તો એ કુંભારણનો
ોજ થઈ ગયો ને નીચું જોઇને ભોંય ખોતરવા મંડ્યો. બીજું
ઈ સૂઝ્યુંજ નહિ. એટલામાં વાઘરી જેવા કોઈ ભીખારીઓએ
વીને કહ્યું કે, મા, અમે ભુખ્યા છીએ, કાંઈક ખાવાનું આપો.
શીએ કહ્યું: લોટ લઇ જાઓ. ભીખારીએ કહ્યું: લોટ તો અમારી
ે છે, પણ અત્યારે હવે કરીએ ક્યારે ને ખાઇએ ક્યારે? જગ્યાની,
ાતણની, એ બધી માથાકુટ થઇ પડશે, ને આ છોકરાંઓ ભુખ્યાં
ં છે. ડોશીએ પૂછ્યું: કેટલા જણા છો તેઓએ કહ્યું: છ જણા
એ મા. ડોશીએ કહ્યું: વહુ જુઓને રોટલા કેટલાક છે? વહુએ

કહ્યું: સવારે સાતપાલીના રોટલા ઘડયાતા તેમાં હવે બે રોટલા રહ્યા છે! ડોશીએ કહ્યું: એ બે રોટલા આ છોકરાંઓને આપી દો. તે ખાતાં થાય તેટલામાં તમે બીજા ચારપાલીના રોટલા ઘડી નાંખો. દાળ થતાં વાર લાગશે માટે છાશ ને રોટલા આ અભ્યાગતને આપજો. હું જરા સંતદાસજી પાસે જઈ આવું.

સારાં કામ પ્રભુ પોતે ઉકેલે છે, માત્ર તે કરવાવાળા જોઇએ.

મહારાજજી, આતો હું માત્ર બે કલાકની અંદરની બાબત કહું છું, અને તેમાં પણ હજી તો ઘણુંએ ભૂલી ગયો છું, પણ તે દિવસ પાસેના ગામડાંમાં શિતળાના મેળાનો હતો એટલે ખાસ વધારે ધામધૂમ હતી; છતાં પણ એવું એવું થોડું ઘણું તો રોજજ ચાલતું હોય; અને તે એક બે દહાડા કે મહિનો પંદર દિવસ નહિ, પણ વીસ વરસ થયાં એવોને એવો રગડો એ ડોશી ચલાવે છે! મને અજાયબી એ લાગી કે આ બધો રોજનો ઠાઠ નભે છે કેમ? ડોશી પૈસા લાવે છે કયાંથી? બધી વાતના વેપ આવે પણ કાંઈ નાણાના વેષ આવે છે? નથી કાંઈ તેને ગામ–ગરાસ, નથી કાંઇ વ્યાજ–વટાવ, નથી કાંઇ એવો મોટો ધંધો–રોજગાર કે નથી કાંઈ ધર્માદાની બહારની આવક, ત્યારે એ બધું ચાલે છે કયાંથી? મ્હારા મનમાં એ બહુ ચટપટી થઈ ને મ્હારાથી તો ન રહેવાયું, તેથી મ્હેં એક વખત ડોશીને પૂછ્યું કે:-

"ડોશીમા, તમે કાંઇકિ રિદ્ધિસિદ્ધિવાળાં છો, એ વિના આવો કારભાર ચાલી સકે નહિ."

એ સાંભળી જરા હસતું મ્હોં કરી બહુ મીઠાશથી ડોશીએ કહ્યું:–"દીકરા, ભોળો ન થા, આપણે શું ચલાવશું? ચલાવ ાવાળો ચલાવે છે. મ્હારી રિદ્ધસિદ્ધ તો મ્હારા બે દીકરાઓ છે, એ કમાય છે

ને હું ખરચું છું. મોટો છોકરો ખેડ કરે છે, એ સાંતીની જમીન છે તેમાં દસ પંદર ખાંડી બાજરો થાય છે, ને કાંઈ થોડો ઘણો કપાસ થાય છે. કોઇ જતાં આવતાંને રોટલો આપવામાં મને મહીને ખાંડી બાજરાનું ખરચ છે. ખાંડી બાજરાના વીસ પચીસ રૂપિયા થાય એમાં મોટી વાત શું છે? સૌનાં નશિબે પ્રભુ એટલું આપી રહે છે. કોઇ વરસ નરમ ગરમ હોય તો વેપારી ભલો છે, તે ધીરે છે. બીજો છોકરો વાસણ ઘડે છે, તેમાંથી ઘરનું ખરચ નીકળે છે. સૌ હાથોહાથ કામ કરવા મંડે ત્યાં પછી પ્રભુ સામું જોયા વિના કેમ રહે? અમે કાંઈ ત્હારાં મુંબઇનાં માણસ જેવાં આપલપોપલીયાં થોડાંજ છીએ; અહિં તો ઘરે એ ભેંસ છે તેને સારૂ ખડની મોટલી પણ સીમમાંથી લઈ આવીએ, ને લાકડાંનો ભારો પણ હાથે કાપી આવીએ! અમને ગરીબ માણસને ખરચ શું ને વાત શું? જગ્યાભાડાનું ખરચ નહિ, નોકરોનું ખરચ નહિ, ને મોજ શોખની વાત નહિ; માત્ર દાળ રોટલા સાથે કામ, એટલે ત્રણસો રૂપિયા ઘરખરચ જુદું; બાકી પાંચસો રૂપિયામાં આખું વરસ ભર્યો ભર્યો થઈ રહે છે. બાકીતો દીકરા, તને ખબર છે? સારાં કામ પ્રભુ પોતે ઉકેલે છે, માત્ર કરવાવાળા જોઇએ."

ડોશીની આ સાચી વાત સાંભળીને હું વળી વધારે અજબ થયો. મને એમ લાગ્યું કે, માત્ર પાંચસો રૂપિયામાં આટલો બધો પરમાર્થ! રોજ વીસ પચીસ લાચાર માણસો જમે! અહો! કેવી મોટી વાત! માણસ ધારે તો થોડાંમાં પણ કેટલું બધું કરી શકે છે? પાંચસો રૂપિયા તો અમે અહિં વરસદહાડે જગ્યાના ભાડાંનાજ ખરચી નાંખીએ છીએ. હું તો એથી ચોગણું કમાઉં છું, ને તોપણ એક અર્ધો પણ ખરચી શકતો નથી! પ્રભુ, દયા કર, દયા કર. મહારાજજી, કોઇ કોઈ વખત આવા વિચાર આવી તો જાય છે ખરા, પણ જીવ એવો અભાગ્યો છે કે કાંઈ બનતું નથી.

શાસ્ત્રીઓ અને પ્રૉફેસરો વચ્ચે શામાટે જૂદાઈ છે?

મ્હેં કહ્યું:–મહારાજજી, પંડિતજીએ તો મજેની વાત કહી. હું તો જાણું કાંઇ અગડમ–બગડમ કરશે ને આપણો રસ તોડી નાંખશે, પણ એમણે તો ખુબી કરી. આપના મતને બરાબર પુષ્ટિ આપી.

મહારાજે કહ્યું:–પંડિતજી હજી સાવ લુખા છે, માત્ર મગજ-નાજ પંડિત છે, હૃદયના પંડિત નથી; તોપણુ હવે ધીરે ધીરે ગળતા જાય છે. આ એક વરસમાં તેમના અગાઉના ને હાલના વિચારમાં ઘણો ફેર પડી ગયો છે. માણસ કાંઇ એકદમ સુધરી શકે નહિ, અને તેમાં પણ શાસ્ત્રના તથા કૂળના અભિમાનવાળા પંડિતજી જેવા માણસો તો જલદી સુધરી શકેજ નહિ, તેમ છતાં પણ આપણી મંડળીના સંગથી પંડિતજી જરા જરા ઝુકતા જાય છે, માટે આપણે સૌએ ખુશી થવું જોઈએ.

માસ્તરે કહ્યું:–આપની વાત બરોબર છે. જો એમ ન હોય તો ખીમા સુતારના ઘરની બાસુંદીની ધામધૂમ મૂકીને પંડિતજી અહિં એટલો બધો વખત બેસે ખરા કે?

પ્રૉફેસરે કહ્યું:–ભલે તમે બધા કહો કે પંડિતજી સુધરતા જાય છે, પણ હું તે વાત માનતો નથી. મુંબઈની ગટરો સુધરી છે કે આપણા ગુરૂઓ સુધરે? યાદ રાખજો કે કોઇક દિવસ પણ ગામની ગટરો સુધરશે, પણ રૂઢીના, ધર્મના ને કૂળના અભિમાનવાળા, મિથ્યા-ચારની જાળમાં ફસાઇ ગએલા આપણા પંડિતો ને સાધુઓ સુધર-વાના નથી.

પંડિતજી સામું જોઇને જરા હસીને મ્હેં કહ્યું: કેમ, પંડિતજી, પ્રૉફેસર સાહેબ શું કહે છે?

પંડિતજીએ કહ્યું:–એકજ નાના કુંડાળામાં ફેરવવા માટે જેમ

ઘાંચીના બેલની આંખે આંધરીઓ બાંધે છે તેમ તમારા જેવા પ્રૉફે-સરોની આંખે ઉપલક યૂરોપિયન વિચારોની જે આંધરીયો બાંધેલી છે તે આંધરીયો જ્યારે ઉતરશે ત્યારે પંડિતો સુધરશે.

આ સાંભળી મહારાજે ખુશી થઇને કહ્યું:—બેટી, પંડિતજીએ બહુ જબરદસ્ત ફટકો માર્યો. ખરેખરૂં એમજ છે, બંનેની વાત સાચી છે. પંડિતો જેમ ઉચ્ચપણુના અભિમાનમાં ને ધર્મને નામે ચાલતાં રૂઢીનાં ધતીંગોમાં ફસાએલા છે, તેમ ઘણાખરા પ્રૉફેસરો પણ યૂરોપિયનોની નજરે જોવાવાળા અને ઇંગ્રેજીમાં જે હોય તેજ સાચું, એવા વિચારના થઈ ગયેલા છે, એટલે સનાતનધર્મનાં રહસ્યો તપા-સવામાં તેઓએ જાણે આંખે આંધરીયોજ બાંધેલી હોય એવું થઈ પડયું છે; અને તેથીજ બંને પક્ષ વચ્ચેની જૂદાઇ વધી ગયેલી છે. હજુ અપૂર્ણ રહેલાં યૂરોપનાં સાયન્સની ચાળણીમાં ચળાયા વિનાનો માલ આપણા ચસ્માધબ પ્રૉફેસરોને અને આપણા લેભાગુ સુધરેલાઓને ગમતો નથી, અને આપણા શાસ્ત્રીઓને પોલ વિનાનો ધર્મ—ડોળાડીમાક વિનાની સફાઇ ગમતી નથી, તેથી તેઓને યૂરોપનું બધું ખરાબજ લાગે છે; કારણ કે આપણા શાસ્ત્રીઓ સનાતન વૈદિકધર્મની રીતે પ્રાચીન ઋષિયોના શુભહેતુઓ અને કુદરતના નિયમો સમજીને નહિ, પણ હાલમાં ચાલતી રૂઢીયો, અંધશ્રદ્ધા તથા જૂના સાંકડા વિચારના લોકમતની આંખે શાસ્ત્રોનાં અર્થ કરે છે, તેથી બંને પક્ષ વચ્ચેની જૂદાઈ મટતી નથી. જોકે એ જૂદાઈ ઘડીકમાં મટે તેમ નથી, પરન્તુ ઇશ્વરકૃપાથી ભ્રાતૃભાવનો ઉદારધર્મ બંને પક્ષવાળા ધીરે ધીરે સ્વીકારતા જાય છે, એટલે બહારની ક્રિયાઓમાં કાંઇક જૂદા રહીને પણ આંતરધર્મમાં એક થઇ શકે તેમ છે. બેટી! આવી રીતે બહારની ક્રિયાઓની જૂદાઈ છતાં પણ ભ્રાતૃભાવનો ધર્મ—પરમાર્થનો ધર્મ આખી દુનિયાના લોકોને આંતરધર્મની એકજ

સાંકળમાં એટલે કે ઇશ્વરી–સગાઇમાં જોડી શકે છે, આટેજ–એ રહસ્યને લીધેજ અમે ખાસ ભ્રાતૃભાવના ધર્મની હીમાયત કરીએ છીએ.

અંતરની લાગણી વિના જીભના લબરકાથી કાંઈ વળે નહિ.

સ્વામીજીના આ જજમેન્ટથી બન્ને જણુ ચૂપ થઈ ગયા. ત્યારે માસ્તરે પૂછ્યું કે, કેમ પંડિતજી, હવે તમારે કાંઈ કહેવું છે?

પંડિતજીએ કહ્યું:–જો રજા હોય તો ઇશ્વરીજ્ઞાનની બાબતમાં મહારાજજીની વાતના ટેકામાં મ્હારે મ્હારા અનુભવનો એક બીજો દાખલો આપવો છે.

મહારાજે કહ્યું:–પંડિતજી! હવે તમે બેલાશક કહો; કારણ કે તમારા "દયાની દેવી"ના દાખલાથી આપણી મંડળી ખુશ થઈ છે.

પંડિતજીએ કહ્યું:–હવે મ્હારે એથી એક ઉલટો દાખલો આપવો છે. જોકે તે અમોને પોતાનેજ શરમ જેવો છે, કારણ કે એ અમારાજ વર્ગનો છે, અને અમારી ઓળખાણનોજ છે, પણ હવે જ્યારે તમે સત્ય શિખવતા જાઓ છો ત્યારે સત્ય કહ્યા વિના રહી શકતો નથી. અહિં એક શાસ્ત્રી છે, તે હુશિયાર માણસ છે. એક મંદિરમાં તેના બાપના વખતનો "પાટલો" છે તેથી ચોમાસામાં તે ત્યાં કથા કરે છે. વેદાંતના જ્ઞાનમાં પણ ઠીક છે, પણ આચરણ જોયાં હોય તો એમ કહેવું પડે કે પ્રભુ, દયા કરો! એક આંખે ફાંગો, ડાચું જોયું હોય તો વાંદરા જેવું ને વળી બળિએલ, કોઇ સાથે સીધી વાત કરે તો એનોજ બાપ મરે, ફળિયાનાં ન્હાનાં છોકરાંઓને ભુંડી ગાળો દીધા વિના તો બોલાવેજ નહિ, કોઈની પણ સાથે મીઠાશથી તો બોલેજ નહિ, સગાં–વ્હાલાંઓ સાથે બારમો ચંદ્રમા, હમ્મેશાં જ્યારે જોઇએ ત્યારે એરંડીયું પીધા જેવુંજ મ્હોં, એની નાતમાં કન્યાનો દુકાળ એટલે

છે વાંઢો, હવે બુઢ્ઢો થવા આવ્યો છે ને પાસે પાંચ પૈસાનો જીવ છે પણ ધરમને નામે મીડું, અને કોઇદી કૂતરાંને રોટલાનો કટકો નાંખવાના પણ સોગન !! હું તેની પાસે ન્યાયનાં થોડાં સૂત્રો સમજવા જતો, પણ અન્યાયની ઘણી વાતો સાંભળ્યા વિના તેની પાસેથી હું ન્યાય સાંભળી શકતો નહિ. જ્યારે વેદાંતની વાતો કરે ત્યારે કહે કે, માયા મિથ્યા છે, ને બ્રહ્મ નપુંસક છે, માટે જગત ખોટું છે; કારણ કે મિથ્યાપણાના ને નપુંસકના સંયોગથી કાંઇ થઇજ શકે નહિ, ત્યારે જગત કેવી રીતે સાચું થઇ શકે ? આતો બધું આભાસમાત્ર છે. આવી રીતે આખા જગતને ખોટું કહે, પણ પોતાની અરધી સાચી, પોતાને દોઢીયું ખરચવાની વાત નહિ ! બીજું તો રહ્યું પણ નાતમાં કોઇ મરી જાય તો આભડવા પણ જાય નહિ. પોતાના બાપના શ્રાદ્ધને દહાડે કાગવાસ પણ નાંખે નહિ અને લોકોનાં શ્રાદ્ધ ખાવાને તો તૈયાર ! મંદિરમાં કથા વાંચે તેથી પેંડા, બરફી, લીલો મેવો વગેરે ઘણુંએ આવે, પણ તેમાંથી કોઈ દિવસ પાડોશીનાં છોકરાંને પણ કટકો ચખાડે નહિ. વિદ્યા ઘણી છે, પણ મન દઇને કોઇને શીખવે નહિ. મહિનામાં બે ત્રણ ઘાટી બદલ્યા વિના રહે નહિ, બે ચાર દહાડા થાય ત્યાં ઘાટી સાથે તેરીમેરી કર્યા વિના રહેજ નહિ, એટલુંજ નહિ પણ તે બિચારા ગરીબ માણસોને કોઇને પૂરો પગાર પણ ન આપે. કોઇનું કાંઇ સારૂં થાય તેમ હોય તો તેમાં ધરાર ચાહીને ભાંગતી વાત કરી નાંખે. માત્ર પોતાનાં શરીરનીજ કાળજી, બીજાઓને માટે જરાએ દરકારજ નહિ. હું તેને જ્યારે જોઉં ત્યારે મને એમ વિચાર થાય કે, આવા વિદ્વાન શાસ્ત્રીનાં આચરણો આવાં કેમ હશે ? ભલાઇની જરાએ લાગણીજ ન મળે ! આખી દુનિયાં ખોટી છે, એમ લોકોને સમજાવવું અને પોતે અર્ધી સાર ઝેર ખાવું, એ જ્ઞાન તે કઈ જાતનું ? ગામડાંની અજ્ઞાન કુંભારણ અને આ અમારા વિદ્વાન

શાઇબંધને જોયા ત્યારથી આપણી તો ખાત્રી થઇ ગઈ કે ઇશ્વરીજ્ઞાન એ કાંઇક જૂદીજ વસ્તુ છે, એટલુંજ નહિ પણ પ્રભુપ્રીત્યર્થે ભલાં કામો કર્યા વિના માત્ર જીભના લબરકાથી કાંઈ સાચું જ્ઞાન મળે નહિ. માટે હવે તો દીન થઇને હમ્મેશાં એજ પ્રાર્થના કરૂં છું કે, હે પ્રભુ ! રૂડાં કામો કરી શકીએ એવી સદ્બુદ્ધિ આપો; એવી સદ્બુદ્ધિ આપો.

માત્ર જાણવું એનુંજ નામ જ્ઞાન નથી, પણ જાણ્યા પ્રમાણે પાળવું એનું નામ જ્ઞાન છે.

મહારાજે કહ્યું:-બેટી, પંડિતજીની આ બન્ને વાતો યાદ રાખવા જેવી છે, અને તેમાંથી આપણે એ શીખવું જોઇએ કે, ભલાં કામો કર્યા વિના માત્ર વાતો કરવાથી કે ચોપડીઓ વાંચવાથી કાંઇ ઇશ્વરી જ્ઞાન મળી શકે નહિ, કારણ કે એ તો

यथा खरश्चंदन भारवाहि भारस्य वेत्ता न तु चंदनस्य

ના જેવું છે. એતો પોપટના રામ રામ જેવું, અને બોલેલું પાછું બોલી બતાવે તેવા ફોનોગ્રાફના જેવું છે. એવા અનુભવમાં આવ્યા વિનાના જ્ઞાનથી કાંઈ કલ્યાણ થાય નહિ. સિદ્ધદશાને પામી ચૂકેલા આપણા મહાત્મા ઋષિઓએ શાસ્ત્રોમાં વારંવાર કહેલું છે કે, કર્મો કરવાથી એટલે કે ભલાંકામો કરવાથી અંતઃકરણની શુદ્ધિ થાય છે, અને અંતઃકરણની શુદ્ધિ થયા પછીજ ઇશ્વરીજ્ઞાન થાય છે. એ વિના બીજે કોઇ પણ રસ્તે સત્યજ્ઞાન થઈ શકતું નથી; માટે આપણા પવિત્ર સનાતન આર્યધર્મનો એ સિદ્ધાંત છે કે, માત્ર જાણવું એનુંજ નામ જ્ઞાન નથી, પણ જાણ્યા પ્રમાણે પાળવું એનું નામ જ્ઞાન છે; કારણ કે માત્ર જાણ્યાથી કાંઇ જાણેલી વસ્તુ આપણી પોતાની થઇ જતી નથી, અને જ્યાંસુધી જાણેલી વસ્તુ આપણી પોતાની માલેકીની ન

થાય તથા આપણી ઇચ્છા પ્રમાણે આપણા ઉપયોગમાં ન આવે ત્યાં સુધી તે આપણને શું કામની ? એમ તો આપણે સૌ જાણીએ છીએ કે ટ્રાન્સવાલમાં સોનાની ખાણો છે, કીંબર્લીમાં હીરાની ખાણો છે, સીલોનના દરિયામાં મોતી પાકે છે, ટીબેટમાં કસ્તુરી પાકે છે, અને બરમામાં માણેકની ખાણો છે; પરન્તુ એમ જાણવાથી તે કાંઇ આપણા બાપનું થઇ ગયું કે ? નહિજ. તેમજ ઇશ્વિરને લગતી શાસ્ત્રની કેટલીક વાતો માત્ર જાણવાથી તે જ્ઞાન કાંઈ આપણું થઇ જાય નહિ, પરંતુ જ્યારે એ પ્રમાણે આપણે પાળી શકીએ ત્યારેજ તેનો લાભ આપણને મળે, અને જ્યારે એવો લાભ મળે ત્યારેજ તે ચીજો આપણી કહેવાય. એમ ન થાય ત્યાં સુધી માત્ર ઉપલક રીતે જાણવાથી કાંઈ જ્ઞાની થઇ જવાય નહિ. જોકે માત્ર જાણવાથી કાંઇ જાણેલું આપણું થઇ જતું નથી, તોપણ જો જાણ્યું હોય તો ધીરે ધીરે કોઇક દિવસ પણ તેમાં રૂચિ થાય છે, અને જ્યારે અનુકૂળતા આવે ત્યારે કોઇક દિવસ પણ તે મેળવી શકાય છે; માટે શાસ્ત્રમાં કહેલું ઇશ્વિરીજ્ઞાન જાણવાની જરૂર છે, અને એ જાણ્યા પ્રમાણેનું મેળવવા સારૂ અંતઃકરણ શુદ્ધ કરવાની જરૂર છે, તથા અંતઃકરણને શુદ્ધ કરવા સારૂ કર્મો કરવાની એટલે કે ભલાંકામો કરવાની જરૂર છે. કારણ કે જીવો સાથેની ભ્રાતૃભાવની આપણી ઇશ્વિરીસગાઈ પરમાર્થને રસ્તેજ પ્રભુને દેખાડી શકાય છે, તથા ભલાંકામોની મારફતેજ જગતમાં ઇશ્વિરીસ્નેહ ફેલાવી શકાય છે; અને ઇશ્વિરીસ્નેહમાંથીજ ઇશ્વિરીજ્ઞાન ઉત્પન્ન થાય છે, માટે ઇશ્વિરીજ્ઞાન મેળવવા સારૂ આપણે આપણી પરમાર્થવૃત્તિને ખીલવવી જોઇએ.

ઇશ્વિરીજ્ઞાન ખીલવવાના નિયમો.

બેટી, હવે પરમાર્થનાં બળથી કેવી રીતે ઇશ્વિરીજ્ઞાન ખીલે છે તે આપણે જોવું જોઇએ. ભ્રાતૃભાવની અરસપરસની મદદથી જ્યારે

દુનિયાદારીના આપણા વ્યવહારની ગાડી બરાબર રીતે સડસડાટ આગળ ચાલી જતી હોય, જીંદગીને જરૂરનાં અનુકૂળ સાધનો સ્હેલાઇથી મળી શકતાં હોય, દેશમાં આબાદી હોય, પ્રજામાં ધર્મભાવના જાગ્રત હોય અને રાજ્યના કાયદાઓ પ્રજામતને અનુસરતા હોય ત્યારે એ બધાના સંયોગમાંથી કુદરતી રીતેજ ઇશ્વરીજ્ઞાન ખીલતું જાય છે. પ્રથમ વિદ્યાનું જોર વધે છે તેથી કુદરતના સ્થૂલભેદો ખૂલતા જાય છે, અને કુદરતની બહારની કરામતો સમજાતી જાય છે. એ પછી સૃષ્ટિના નિયમો જાહેરમાં આવતા જાય છે, તેથી જડવસ્તુઓ મનુષ્યના કાબુમાં આવતી જાય છે. એ પછી તેમાંથી નવી નવી મહાનશક્તિઓને માણસ પોતાના ઉપયોગમાં લઈ શકે છે, અને એમ થવાથી થોડા વખતમાં, થોડા ખરચમાં ને થોડી મહેનતમાં માણસો મોટા લાભ મેળવી શકે છે. એ પછી ઉત્તમવૃત્તિવાળાં માણસોની લાગણીઓ બહુ તિક્ષ્ણ, નાજુક અને ઉંડી અસરો ગ્રહણ કરી શકે તેવી થવા માંડે છે; અને તેઓનું ચિત્ત મંદવૈરાગ્યવાળું થઈ અધ્યાત્મજ્ઞાન તરફ વળવા માંડે છે. જ્ઞાનનો આ દરજ્જો જરા કઠિન છે. અહિં બહુ વખત ખોટી થવું પડે છે, અને તેના પ્રમાણમાં શરૂઆતમાં લાભ બહુ થોડો દેખાય છે; કારણ કે જે વૃત્તિઓ જમાનાઓ થયા દુનિયાદારીના પ્રપંચો તરફ વળી ગયેલી છે તેઓને આંતરજગતમાં લઇ જવાની છે. અને એ કામ કાંઈ સ્હેલું નથી, માટે જ્ઞાનની આ દશામાં બહુ ખોટી થવું પડે છે; એટલુંજ નહિ પણ તેમાં રોકડો નફો બહુ થોડો છે, અને અભ્યાસ ઘણો વધારે કરવો પડે છે, માટે ઘણું કરીને બધાં માણસો એ શરૂઆતના પગથિયાં પાસેજ અટકી જાય છે. એ પછી જેઓ આગળ વધી શકે તેઓ આંતરજગતમાં પ્રવેશ કરે છે. ત્યાંથી સાચી ને ખોટીવસ્તુ તેને સમજાઇ જાય છે. એમ થયા પછી તેની વૃત્તિ અંતરમાં ઠરવા લાગે છે ને ઉંડી ઉતરવાનું મન કરે છે, ત્યારે ન્હાના ન્હાના

ચમત્કારો બનવા લાગે છે, અને ધીરે ધીરે અદૃષ્યવસ્તુઓ સમજાતી જાય છે, તથા અદૃષ્યશક્તિઓ કાબુમાં આવતી જાય છે. એ પછી તે મહાત્મા જગતને સુખી કરવા તથા તેને આગળ વધારવાના ઈશ્વિરીઉદ્દેશમાં મદદ કર્યા કરે છે. એમ કરતે કરતે ઈશ્વિરીસ્નેહને લીધે જેમ જેમ તેનામાં પરમાર્થનું બળ વધતું જાય છે તેમ તેમ દુનિયાદારીના ભારથી હલકો થઇને, અહંભાવથી છૂટીને અને ઈશ્વિરીજ્ઞાનનાં ઉંડાં રહસ્યો અનુભવીને તે ઇશ્વરની નજીક જતો જાય છે. હજી આમાં ઘણા દરજ્જા અને ઘણી બાબતો કહેવાની રહી જાય છે, પણ એ બધી બારિકીની કાંઈ આ જગ્યોએ ખાસ જરૂર નથી. ટુંકામાં એટલુંજ કે આવો ઉંચો દરજ્જો દેશની આબાદીની મીલ બરોબર ચાલતી હોય અને દુનિયાદારીના આપણા વ્યવહારની ટ્રેન બરોબર દોડતી હોય ત્યારેજ પ્રાપ્ત કરી શકાય છે; માટે એ મીલ અને એ ગાડી બરોબર ચાલી શકે તે સારૂ આપણે તેમાં પરમાર્થનું તેલ પૂર્યા કરવું જોઈએ. જો આપણે એ તેલ ન પૂરીએ તો એ મીલમાં અને એ માયાના મોહમાં દોડી જતી ગાડીમાં આગ લાગી ગયા વિના રહે નહિ, માટે એ આગમાંથી બચવા સારૂ તથા આપણી સ્થિતિ સુધારવા અને ઈશ્વિરીજ્ઞાન મેળવવા સારૂ આપણી મીલ તથા ગાડીમાં ઈશ્વિરીસ્નેહ એટલે કે પરમાર્થનું તેલ પૂરવું જોઇએ.

જ્ઞાનીઓ ક્યારે પેદા થાય છે?

યાદ રાખજો કે જ્યારે આપણો દેશ આબાદ હતો અને જ્યારે આપણા પૂર્વજોને ગુજરાનનાં સાધનોની મુશ્કેલી નહોતી ત્યારેજ—તેજ કાળમાં—ભારતમાં સૌથી વધારે ઈશ્વિરીજ્ઞાન ફેલાયું હતું. જ્યારે અતિથિયો એટલે કે ગરીબોનો સત્કાર થતો, જ્યારે બ્રાહ્મણોની પૂજા થતી એટલે કે વિદ્વાનોની કદર થતી, જ્યારે દેશના દરેક છોકરાને

રાજાઓને ખરચે ઋષિયોના આશ્રમમાં રહીને મફત ખાવાનું ને મફત શિક્ષણ મળતું, જ્યારે ભાઇબંધી તોડી નાંખનારી આભડછેટનાં ખોટાં લફરાંઓ નહોતાં, જ્યારે **यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः** એવું જ્ઞાન હતું અને જ્યારે પ્રજામતને અનુસરતી ઉદાર રાજ્યનીતિ હતી ત્યારેજ આપણા દેશમાં સૌથી વધારેમાં વધારે ઇશ્વરીજ્ઞાન હતું, અને ત્યારેજ—એ વખતમાંજ ઉપનિષદોના કર્ત્તા, સ્મૃતિયોના કર્ત્તા, ષડ્શાસ્ત્રોના કર્ત્તા તથા પુરાણોના કર્ત્તા મહાત્માઓ પ્રકટ થયા હતા. એ વખતમાં ભ્રાતૃભાવની ઇશ્વરીસગાઇને લીધે પરમાર્થના લીધે, ઇશ્વરીસ્નેહને લીધે દેશ આબાદ હતો, પ્રજા સુખી હતી, ધાર્મિક વિચારમાં લોકો સ્વતંત્ર હતા એટલે કે હાલની પેઠે જૂદા જૂદા વાડામાં બંધાઇ ગયેલા નહોતા અને વિદ્યા અતિશય વધી ગઈ હતી, તેથી ઇશ્વરીજ્ઞાન ખીલી નીકળ્યું હતું.

ઇશ્વરીસ્નેહ અને ઇશ્વરીજ્ઞાનનો સંબંધઃ-

કારણ કે સૂર્યનો પ્રકાશ અને તેથી ઉપજતી ગરમી એ બન્નેને જેવો સંબંધ છે તેવો સંબંધ ઇશ્વરીસ્નેહ અને ઇશ્વરીજ્ઞાનનો છે. સૂર્યનો પ્રકાશ વધારે હોય અને ગરમી ઓછી હોય એમ બની શકેજ નહિ, તેમજ ગરમી વધારે હોય અને પ્રકાશ ઓછો હોય એમ પણ બની શકે નહિ, આપણે જોઈએ છીએ કે જ્યારે શિયાળામાં સૂર્યનું તેજ ઓછું હોય છે ત્યારે ગરમી પણ ઓછી હોય છે, અને જ્યારે ઉન્હાળામાં સૂર્યનું તેજ વધારે હોય છે ત્યારે ગરમી પણ વધારે હોય છે; તેમજ જે દેશમાં કે જે પ્રજામાં ઇશ્વરીસ્નેહ વધારે હોય એટલે કે અરસપરસને મદદ કરવાના ભાઇબંધીના નિયમો સારા હોય અને પરમાર્થ વધારે હોય ત્યાં ઇશ્વરીજ્ઞાન પણ વધારે હોય છે, અને જ્યાં ઇશ્વરીજ્ઞાન વધારે હોય ત્યાં ઇશ્વરીસ્નેહ પણ વધારે હોય છે.

આવી રીતે પ્રભુપ્રેમ અને બ્રહ્મજ્ઞાનનો સંબંધ છે, અને પ્રભુપ્રેમનું બહાર દેખી શકાય એવું સ્થૂલરૂપ તે પરમાર્થ છે, માટે જે કાળમાં અતિશય પરમાર્થ હતો તે કાળમાં ઇશ્વરીજ્ઞાન ધરાવનાર મહાત્માઓ પેદા થયા હતા. અને એમ થાય તેમાં કાંઇ નવાઈ પણ નથી, કારણકે આપણાથી જોઇ શકાય, સમજી શકાય અને અનુભવી શકાય એવું જે ઇશ્વરનું ઉત્તમરૂપ તે ઈશ્વરીસ્નેહ છે; એટલે જ્યાં પ્રભુપ્રેમરૂપે પ્રભુ પોતે હાજર હોય ત્યાં ઇશ્વરીજ્ઞાન હોય તેમાં નવાઇ શું? માટે જો ઇશ્વરીજ્ઞાન મેળવવું હોય તો ઇશ્વરીસ્નેહને વધારો; કારણ કે ઇશ્વરીસ્નેહ તે લોહચુંબક છે, અને ઇશ્વરીજ્ઞાન તે લોહચુંબકમાં રહેલી આકર્ષણ શક્તિ છે, એટલે જો લોહચુંબક મોટું હોય તો તેની આકર્ષણ શક્તિ પણ મોટી હોયજ, લોહચુંબક મોટું હોય અને તેની આકર્ષણ શક્તિ નાની હોય એમ બની શકેજ નહિ, કારણ કે લોહચુંબકના પ્રમાણમાંજ આકર્પણ શક્તિ હોય છે, તેમજ પ્રભુપ્રેમના પ્રમાણમાંજ ઇશ્વરીજ્ઞાન હોય છે, માટે જો ઇશ્વરીજ્ઞાન જોઇતું હોય તો પ્રભુપ્રેમને એટલે કે પરમાર્થને વધારો.

પરમાર્થની પેટીમાંજ ઇશ્વરીજ્ઞાન રહી શકે છે.

બેટી, આપણને સૌને ઇશ્વરીજ્ઞાનરૂપી ધન જોઇએ છે, પણ એ ધન રાખવાની આપણી પાસે જગ્યા કયાં છે? જ્યાંસુધી એ ધનને રાખવાની જગ્યા ન હોય ત્યાંસુધી એ ધન આપણી પાસે કેમ રહી શકશે? આપણાં મેલાં થઇ સડી જાય અને કીડાઓ ખાઇ જાય એવાં સેલાંઓ, સાડીઓ, ખત-પત્રો અને નોટોનાં બંડલોને સાચવવા માટે આપણે પડવાથી ફુટે નહિ, હવાથી ખરાબ થાય નહિ, ચોરોથી ચોરી શકાય નહિ, પાણીથી ભીંજાય જાય નહિ અને આગમાં બળે નહિ એવી ફાયરપ્રૂફ તીજોરીઓ માગીએ છીએ, પણ

અમૂલ્ય આત્મિકધન સાચવવા માટે—બ્રહ્મજ્ઞાન રાખવામાટે આપણી પાસે એવી જાતની મજબૂત તીજોરીઓ ક્યાં છે? પંડિતજી! યાદ રાખજો કે લાગણી વિનાનાં સૂકાંટાટ હૃદયમાં ઇશ્વરીધન રહી શકતું નથી, સ્વાર્થબુદ્ધિવાળાં અંતઃકરણમાં રહી શકતું નથી, ચંચળ મનમાં રહી શકતું નથી, અહંકારી સ્વભાવમાં રહી શકતું નથી, ફરજો બજાવ્યા વિનાનાં આળસુ જીવનમાં રહી શકતું નથી અને શાસ્ત્રના થોડાક શ્લોકો પરાણે પરાણે મોઢે ગોખી રાખીને મગજમાં ભરી રાખવાથી પણ કાંઇ એ ધન સાચવી શકાતું નથી; પણ એ આત્મિકધન તો માત્ર પરમાર્થની પેટીમાંજ રહી શકે છે, ભ્રાતૃભાવની સાંકળમાંજ બંધાઈ શકે છે, અને ઈશ્વરીસ્નેહની તીજોરીમાંજ સલામત રહી શકે છે. જો ઇશ્વરીજ્ઞાન જોઇતું હોય તો તેને રાખવા સારૂ પ્રથમ પ્રભુપ્રેમની એટલે કે પરમાર્થની તીજોરી ખરીદો અને પછી એ જ્ઞાન મેળવવાની તજવીજ કરો; કારણ કે અમે જોયું છે કે જેની પાસે ધન હોય પણ ધન સાચવવાનાં મજબૂત સાધનો ન હોય તેનું ધન ચોરાઇ જાય છે, બળી જાય છે, લૂંટાઇ જાય છે, અને ખવાઇ જાય છે; તેમજ સંત પુરૂષોના સંગથી કે આજુબાજુના કાંઇ સારા સંયોગથી થોડું ઘણું ઈશ્વરીજ્ઞાન મળી જાય, પણ જો તેને સાચવવાનાં સારાં સાધનો ન હોય તો તે થોડાજ વખતમાં ચાલ્યું જાય છે, એમ ઘણાએ સાધુ–સંતના, ગૃહસ્થોના અને મ્હારા પોતાના દાખલાથી હું જાણું છું. મને પણ એક વખત એક મહાત્માના સંગથી બહુ રંગ ચડી ગયો હતો! એ વખતે જો તમે મને જોયો હોત તો મ્હારી મસ્તી કાંઈ ઓરજ હતી! પણ એ પતંગનો રંગ તે કેટલા દહાડા રહે? એ અંતરમાં લાગ્યા વિનાનો બહારનો રંગ તે ક્યાં સુધી ટકી શકે? શેઠની શિખામણ તો ઝાંપા સુધીજ હોય, તેમ થોડા દહાડામાં મ્હારો એ રંગ પાછો ઉતરી ગયો અને આપણે તો જેવા હતા તેવાજ

પાછા થઇ ગયા ! ! કર્મ કર્યા વિના જ્ઞાન ટકી શકે નહિ, માટે આપણાં ઘડીકવારના ખોટા ધનને રાખવા સારૂ જેમ મજબૂતમાં મજબૂત ફાયરપ્રૂફ તીજોરી રાખીએ છીએ તેમ આત્મિકધન ભરવા માટે–ઇશ્વિરીજ્ઞાન સાચવવા માટે ઇશ્વિરીસ્નેહની એટલે કે પરમાર્થની પેટી રાખવી જોઇએ. ત્યારેજ એ ધન આપણી પાસે રહી શકે. જ્યાં સુધી એ સલામત તીજોરી આપણી પાસે ન હોય ત્યાં સુધી આવેલું ધન પણ પાછું ચાલ્યું જાય છે, માટે ભાઇઓ ! પ્રથમ પરમાર્થની તીજોરી મેળવો અને પછી ઇશ્વરીજ્ઞાન લેવા જાઓ.

હવે આપણે જ્ઞાન આપવાની ફેશન બદલવી જોઈએ.

ઇશ્વિરીજ્ઞાનનું સ્વરૂપ કેવું છે, અને ઇશ્વરીજ્ઞાનથી શું શું લાભ થાય છે, એ જણાવતાં પહેલાં ઇશ્વરીજ્ઞાન મેળવવાના રસ્તા અને મેળવેલું જ્ઞાન ટકી શકે એવા ઉપાયો મ્હારે તમને બતાવવા જોઇએ. એ બતાવવાને માટે–જૂદી જૂદી રીતે એ બાબત સિદ્ધ કરવા માટે હું આ બાબત લંબાવું છું. એ લંબાણથી પ્રૉફેસર સાહેબને કદાચ કંટાળો લાગતો હશે, અને પંડિતજીને એમ લાગતું હશે કે યોગવાસિષ્ઠના ને પુરાણોના દાખલાઓ છોડી દઇને લોહચુંબક, આકર્ષણ, પ્રકાશ, ફાયરપ્રૂફ તીજોરીઓ અને મીલોના દાખલા હું કાં આપું ? પણ પંડિતજી, તમારે જાણવું જોઇએ કે જેમ જમાનો બદલાયો છે તેમ લોકોના ટેસ્ટ પણ બદલાયા છે. લોકોના પોશાકો અને ખોરાકો પણ બદલાતા જાય છે, ભણવા–શિખવાના નિયમો પણ બદલાયા છે, લખાણની રીતિ પણ બદલાતી જાય છે, અને ધર્મના નિયમો પણ બદલાઇ ગયા છે, તેમજ ઇશ્વરીજ્ઞાનની રીતિમાં પણ જમાના અનુસાર ફેરફાર કરવો પડશે; કારણ કે હવે શ્રદ્ધાનો જમાનો મટતો જાય છે, ને બુદ્ધિબળનો જમાનો આવતો જાય છે.

હવે ઇશ્વરીજ્ઞાન કેવળ શ્રદ્ધા ઉપરજ રહી શકશે નહિ, પણ તેને સાયન્સની મદદની જરૂર પડશે, માટે શ્રદ્ધાને બાજુમાં રાખીને વિદ્યા–હુન્નરના નિયમ પ્રમાણે ઇશ્વરીજ્ઞાનનો ઉપદેશ કરવો જોઇએ. તોજ એ જ્ઞાન ભવિષ્યની પ્રજાને ઉપયોગી થઇ શકશે. વિદ્યા–હુન્નર અને જમાનાને અનુસરતા છુટાપણાને બાજુમાં રાખ્યા વિના જો ખાલી શ્રદ્ધાનુંજ જ્ઞાન આપવામાં આવશે તો તે જ્ઞાન સર્વમાન્ય થઇ શકશે નહિ. માટે ઇશ્વરીજ્ઞાન ફેલાવવામાં આપણે વિદ્યા–હુન્નરની મદદ લેવી જોઈએ.

આપણા અભ્યાસ તથા પોશાકમાં થયેલો ફેરફાર:–

પંડિતજી ! આપણી બધી બાબતોમાં ને આપણા રીતરીવાજોમાં કેવી રીતે ફેરફાર થયો છે, એ તમારે જાણવું છે? તો સાંભળોઃ તમારા ને મ્હારા દાદા જ્યારે ભણતા ત્યારે પંતુજી મહેતાજી શિખવતા કે, સીધો વર્ણો સમામનાયા; વળી ગોખાવતા કે, કક્કો કેવડો, ખખો ખાજલો, ગગા ગાઇ બ્યાઈ, એવું એવું તમે સરકારી નિશાળમાં શિખ્યાતા કે? કહો કે નહિજ. આજે તમારો છોકરો કીંડરગાર્ટનની રીતે શીખે છે; એ રીત તમે ભણ્યા ત્યારે જાણતા હતા કે? નહિજ. આવી રીતે જેમ આપણા અભ્યાસમાં ફેરફાર થાય છે તેમ વખત જતાં આપણા ધર્મજ્ઞાનમાં પણ ફેરફાર થવો જોઇએ. આજે તમે મુસલમાનોના પોશાક ઉપરથી પેદા થએલું પ્હેરણ પહેરો છો, એવું પ્હેરણ આપણા કોઈ ઋષિઓએ પહેર્યું હતું કે? આજે તમારા છોકરાને યૂરોપિયન ફેશનનું પાટલૂન પહેરાવો છો એવું પાટલૂન તમારા દાદાએ પહેર્યું હતું કે? આજે તમે જાકીટ પહેરો છો એ તમારા બાપે પહેર્યાં હતાં કે? આજે તમારી વહુ લેડીફૅશનનાં ગંજીફ્રાક ને કબજા ચોળી પહેરે છે, તેને પૂછી જોજો કે ત્હારી નાનીમાએ આવું પહેર્યું હતું કે? આવી રીતે લોકમત પ્રમાણે અને આજુ-

બાજુના સંયોગો પ્રમાણે જેમ આપણા પોશાકમાં ફેરફાર થાય છે તેમ જ્ઞાન આપવાની આપણી રીતિઓમાં પણ વખત પ્રમાણેના ફેરફાર થવા જોઈએ.

આપણા ખોરાકમાં થયેલો ફેરફાર:-

જેમ આપણા પોશાકમાં ફેરફાર થયો છે તેમજ આપણા ખોરાકમાં પણ ફેરફાર થયો છે. હું નથી ધારતો કે મ્હારા દાદાએ આઇસક્રીમ ખાધું હોય! પણ હવે હું તો વારે વારે આઇસક્રીમ ખાઉં છું! આપણા પૂર્વજોએ પાંઉં અને બીસ્કીટ ખાધાં હોય એમ આપણે જાણતા નથી, પણ આજે તો ઠેકાણે ઠેકાણે બ્રાહ્મણીયાં પાંઉં–બીસ્કીટ ખવાય છે! પચાસ સો વરસ અગાઉના આપણા ઘરડાઓ સોડાવૉટર, બીડી કે ચ્હા પીતા નહોતા, પણ હવે હાલની પ્રજાના ઘણા ભાગને તો તે બહુ જરૂરની ચીજો થઇ પડેલી છે. આવી રીતે ખાવા પીવાની ચીજોમાં પણ ઘણો ફેરફાર થતો જાય છે, તેમજ આપણી જ્ઞાન આપવાની રીતિઓમાં પણ ફેરફાર થવો જોઈએ.

આપણા વાચનમાં થયેલો ફેરફાર:-

થોડાં વરસ અગાઉના લોકો ગજરામારૂ, સદેવંત સાવળીંગા, બરાસ કસ્તુરી, ગુલબંકાવળી અને દિલચમન ગાયન જેવી હલકા પ્રકારની ચોપડીઓ વાંચીને ખુશી થઈ જતા અને નાટકના રાગડાઓ તાણવામાં આનંદ પામતા, પણ હવે એવી ચોપડીઓથી આપણને સંતોષ થશે કે? હવે તો આપણને વિદ્યા–હુન્નરનાં લખાણો, નવી નવી શોધ–ખોળની ખબરો, છુપીપોલીસના ભેદ–ભરમો, જૂદા જૂદા વિદ્વાનોના ઉંચી જાતના છુટાપણાના વિચારો, જનસ્વભાવનાં અસરકારક ચિત્રોવાળાં ઉત્તમ જાતનાં નૉવેલો અને પ્રાચીન ધર્મોનાં ઊંડાં રહસ્યો જોઈએ છે. આવી રીતે જેમ જેમ આપણી સમજશક્તિ

ચ્હડતા પ્રકારની થતી જાય છે તેમતેમ લખાણુની જાત તથા શૈલીમાં ફેરફાર થતો જાય છે, તેમજ ઇશ્વરીજ્ઞાન સમજાવવાની બાબતમાં પણ કંઇક સ્હેલાઇ થવી જોઈએ, અને તેની સાથે કાંઇક ઊંડાં ગુપ્તતત્ત્વો સ્પષ્ટ થતાં જાય એમ થવું જોઇએ. ત્યારેજ લખનારની ખુબી કહેવાય, ત્યારેજ લખાણુ ઉપયોગી થઇ શકે અને જ્યારે એમ થાય ત્યારેજ લખનારની મહેનત સફળ થઇ કહેવાય.

ધર્મના નિયમોમાં થયેલો ફેરફારઃ-

જેમ આપણો ખોરાક, પોશાક, લખાણુ, શિક્ષણ વગેરે બદલાયું છે તેમજ આપણા ધર્મના નિયમો પણ બદલાયા છે. જેમકેઃ વિશ્વામિત્ર ક્ષત્રિયકુળમાં ઉત્પન્ન થયા છતાં પણ પોતાના કર્મના જોરથી બ્રાહ્મણુ બની શક્યા હતા, પણ આજે તમે એવી રીતે કોઈને બ્રાહ્મણુ બનાવશો ખરા કે? દ્રૌપદી પાંચ વર સાથે પરણ્યાં હતાં અને છતાં પણ તે સતી ગણાય છે, એવી રીતે આજે આપણી બાઈડીઓ પાંચ વરને પરણી શકશે ખરી કે? અને જે પાંચ વરને પરણે તે ધર્મવાળું કામ ગણાય ખરૂં કે? શ્રીકૃષ્ણ પોતે રૂક્મિણી તથા જાંબુવતી વગેરેનું હરણુ કરી આવ્યા હતા તથા શ્રીકૃષ્ણની બ્હેન સુભદ્રાનું અર્જુન સાધુ બનીને હરણુ કરી ગયા હતા અને તે ધર્મ પ્રમાણેનું કામ ગણાયું હતું, પણ આજે એવી રીતે કોઈ સ્ત્રીનું હરણુ થઈ શકશે કે? અને જો કોઈ એમ હરણુ કરે તો તેને કાયદો છોડી દેશે કે? રામે ભીલડીનાં એઠાં બોર ખાધાં હતાં છતાં પણ તેમની નાતે તેમને નાત બહાર મૂક્યા નહોતા, પણ ઉલટું રામનું તે કામ વખણાયું હતું અને એ ધર્મનું કામ ગણાયું હતું, પણ આજે એમ થઇ શકશે કે? તમારી જાત સિવાયના બીજા કોઇ બ્રાહ્મણુનાજ ઘરની એઠી તો નહિજ પણ પવિત્ર રસોઇ જમી તો જુઓ,

અને પછી તમારી કેવી રેવડી થાય છે તે જુઓ! પુલસ્ત્ય ઋષિનો પુત્ર રાવણ જાતે બ્રાહ્મણ હતો, તેની સ્ત્રી મંદોદરી મહાસતી હતી, રાવણનો ન્હાનો ભાઇ વિભીષણ પરમભક્ત હતો અને ભગવાન રામચંદ્ર નીતિના ને ધર્મના અવતાર હતા, છતાં પણ તેમણે ખાસ પાસે રહીને મંદોદરી સાથે વિભીષણનું પુનર્લગ્ન કરાવ્યું હતું, અને એ ધર્મનું કામ ગણાયું હતું, એટલુંજ નહિ પણ વાલ્મિકી જેવા અસલના મહાનભક્ત અને તુલસીદાસ જેવા હાલના મહાનભક્તને પણ રામનું એ કામ ગેરવ્યાજબી લાગ્યું નહોતું, પણ ઉલટું એ બાબતનું તેઓએ રસીક ભાષામાં વર્ણન કર્યું છે; પણ આજે આપણામાંથી જો કોઇ પુર્નલગ્ન કરે તો તેની ઉપર કેવા હલકા પ્રકારના હુમલા થાય છે તે જુઓ! અસલના બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યો એક બીજાનું ખાતાં પીતાં વટલતા નહિ, એટલુંજ નહિ પણ બ્રાહ્મણો ક્ષત્રિય તથા વૈશ્યની કન્યા પણ વરી શકતા હતા અને તે ધર્મ ગણાતો હતો, પણ આજે માત્ર અસલના ધર્મની આટલી વાતો ખૂલ્લી રીતે કહેવી, એ પણ આપણા ધર્મગુરૂઓને પસંદ પડશે કે? નહિજ. કારણ કે દુનિયાની દરેક ચીજમાં જેમ વખત પ્રમાણે ફેરફાર થતો આવે છે તેમ ધર્મની બાબતમાં પણ બહુ ફેરફાર થઈ જાય છે, કોઇ પણ દેશના કે કોઈ પણ પ્રજાના એનેએ નિયમો છેવટ સુધી કાયમ રહેતા નથી, માટે જેમ જેમ એવી બાબતોમાં ફેરફાર થતો જાય તેમ તેમ એ ફેરફારને લાયક થવા માટે ઇશ્વિરીજ્ઞાન આપવાની આપણી રીતોમાં પણ ફેરફાર કરવો જોઇએ. જો એવી રીતે ફેરફાર ન કરીએ તો બદલાતા જતા જમાનાને અસલનું જ્ઞાન વ્યવહારૂ રીતે ઉપયોગમાં આવી શકે નહિ, તેથી તે જ્ઞાન રૂચિકારક થઈ શકે નહિ, અને જે રૂચિકારક ન હોય તે અસરકારક કેમ થઇ શકે? તથા જે અસર ન કરી શકે તે જ્ઞાન શું કામનું? આવું ન થાય માટે જ્ઞાન આપવાની આપણી

રીતિઓ સુધારવી જોઇએ, સ્હેલી બનાવવી જોઇએ અને વિદ્યા-હુન્નરને બાજુમાં લઇને કામ લેવું જોઇએ. જો એમ યુક્તિથી કામ લેતાં આવડશે તોજ પંડિતજી! હવેની પ્રજામાં તમારૂં પૉઝીશન રહી શકશે. બાકી જો એમને એમ

" શ્રી શુકદેવજી કહેતા હવા "

એમ કર્યાં કરશો તો તમારૂં કોઈ સાંભળશે નહિ, અને કદિ થોડીક બિચારી ગરીબ રાંડીરાંડ ડોશીઓ તમારૂં સાંભળશે તોપણ એની કાંઈ ખરી અસર થશે નહિ; કારણ કે હવેની પ્રજાને માત્ર શ્લોકના શબ્દોના અર્થજ નથી જોઇતા, પણ હવે તો લોકોને અંદરનું રહસ્ય જોઇએ છે. હવે માત્ર ખાલી શ્રદ્ધાનો નહિ, પણ બુદ્ધિબળનો જમાનો આવતો જાય છે, એટલુંજ નહિ પણ શ્લોકોના સાધારણ અર્થ સમજી શકે એટલું જ્ઞાન તો કેળવાયેલા વર્ગના મોટા ભાગને થઈ ગએલું છે, માટે હવે તો તેઓને કાંઇક વધારે ઉંચો માલ પીરસવો જોઇએ.

ભાગવત વાંચતે વાંચતે શ્લોકોનો માત્ર બહારનો શબ્દાર્થ કરીને સાંભળનારાઓને તમે કહો કે, " એ જાંબુના ઝાડમાંથી હાથી જેવડાં જાંબુ થતાં હવાં, પછી એ જાંબુ ફાટતાં હવાં ને તેના રસમાંથી નદીઓ ચાલતી હવી, અને તે નદીઓ સુવર્ણની થઇ જાતી હવી." વળી તમે કહો કે, " પ્રિયવ્રત રાજા રથ ચલાવતા હવા, એ રથના પૈડાંથી સાત સમુદ્ર અને સાત દ્વીપ થતા હવા, એવા તે રાજા સમર્થ હવા. એ સાત સમુદ્રમાં એક દહીંનો સમુદ્ર થયો, બીજો મધનો સમુદ્ર થયો, ત્રીજો શેરડીના રસનો સમુદ્ર થયો અને ચોથો ક્ષીરસાગર એટલે દુધનો સમુદ્ર થતો હવો." પંડિતજી! આ બધું શું? આમ ક્યાં સુધી ચાલી શકશે?. અંદરનું રહસ્ય સમજ્યા વિના માત્ર આવી રીતના

શબ્દોના અર્થથી હવેની પ્રજાના મનનું સમાધાન થશે કે? નહિંજ થાય. માટે જેમ આપણી બધી રીતોમાં ફેરફાર થયો છે તેમ હવે આપણી ઇશ્વિરીજ્ઞાન ફેલાવવાની રીતિમાં પણ ફેરફાર કરવો જોઇએ. જો એવો ફેરફાર કરતાં આવડે તો એનાએ શબ્દોના અર્થ બદલાઇ જાય અને તેમાં કાંઇ ઓરજ ખુબી આવી પડે. જો એમ કરતાં આવડે તો જે પુરાણોને આજે સુધરેલાઓ વાંચતા નથી અને વ્યાસના ગપોડા ગણે છે તેજ પુરાણોના માણસો દાસ બની જાય. પણ ખુબી બતાવવાવાળા જોઇએ; "દુનિયા ઝુકતી હૈ લેકીન ઝુકાનેવાલા ચઇએ."

નવી ફૅશનના જ્ઞાનની અસર:-

પંડિતજી! આ પ્રૅાફેસર જેવા અર્ધદગ્ધો આપણા પવિત્ર શાસ્ત્રોની ઉપર ગમે તેમ ટીકા કરે છે એમાં વાંક કોનો? ખરૂં પૂછો તો એમાં તમારા જેવા લેભાગુ શાસ્ત્રીઓનોજ વાંક છે. જો એના સવાલોના તમોને સંતોષકારક જવાબ દેતાં આવડતા હોય તો એનો કાન પકડીને બેસાડીએ, પણ ખાટલે મોટી ખોડ કે પ્રથમ પાયોજ કયાં છે? તમે બ્રાહ્મણોજ મ્હોટાં મીડાં, એટલે અમે કરીએ શું? જેના હાથમાં લગામ છે તે ધર્મગુરૂઓજ માંડીવાળેલ પાનીયાં, એટલે પછી ઉપાય શું? બાકી એ લોકો તો ઝુકવાને તૈયાર છે; કોઇ ઝુકાવવાવાળું તેઓને જોઇએ છે. જુઓને સાદી સમજવાળી વિદુષિ એની બીસેન્ટ જેવી એક પરદેશી બાઇ એવા લોકોમાં કેટલું બધું કામ કરી શકે છે? તમારા જેવા એક હજાર વ્યાસો એવા અંગ્રેજી ભણેલાઓમાં જેટલું કામ ન કરી શકે એટલું કામ એ બાઇએ કરેલું છે. આનું કારણ શું? એજ કે જમાનાની ફૅશન પ્રમાણે તેને જ્ઞાન આપતાં આવડે છે, અને તમોને તે નથી આવડતું; માટેજ અમે ઇશ્વરીજ્ઞાન આપવાની જૂની રીતોમાં જમાના પ્રમાણે ફેરફાર કરવાનું કહીએ છીએ. જ્યારે એક

પરદેશી બાઈ આપણા ધર્મમાં માથું મારીને થોડા વરસમાં એટલું બધું કામ કરી જાય ત્યારે જો કોઇ સારા વિદ્વાનોની પાસે એની બીસેન્ટના જેવી કુંચીઓ હોય, એટલે કે જ્ઞાન આપવાની રીતિઓ હોય તો તેઓ કેટલું બધું કરી શકે ? શું એવા વિદ્વાનો આપણામાં નથી? બેશક, ઘણાએ છે, પણ તેઓની પાસે જૂની ફૅશનની કુંચીઓ છે, અને

અંગ્રેજી ભણેલાઓનાં તાળાં કટાઈ ગયાં છે,

એટલે તેમાં એ કુંચીઓ લાગુ પડતી નથી. એમાં કાંઇ કુંચીઓનો દોષ નથી, કુંચીઓ તો એની એજ છે, પણ તાળાંજ બગડી ગયાં છે; માટે એ તાળાંને જરા ઘસવાં જોઇએ અને તેમાં જરા તેલ પૂરવું જોઇએ. એ કામ જેને આવડે તેઓ કરાવી શકે તેમ છે. સૌ લોકો પોતાનાં તાળાં ઉઘાડવા ઇચ્છે છે, અને તેમાં પણ આ પ્રૉફેસર જેવા ઉછાંછળાઓ તો પતંગીઆની પેઠે કૂદી પડે તેવા છે, પણ તમારી પાસે કટાઇ ગએલાં તાળાંઓને સારાં કરવાનું સાધન નથી, એટલોજ વાંધો છે. મતલબ કે સૌ લોકોને ધર્મનું જ્ઞાન જોઇએ છે, અને કુંચી એટલે કે સત્યઇશ્વરીજ્ઞાન તો હમ્મેશાં સર્વ દેશમાં અને સર્વ કાળમાં એનું એજ છે, પણ તાળાં કટાઇ ગયાં છે, એટલે કે જમાનો બદલાઈ ગયો છે, માટે સાદીસમજ વાપરીને હાલની ફૅશન પ્રમાણે કહેતાં આવડે એવા વિદ્વાનો અત્યારે આપણને જોઇએ છે. પંડિતજી !

તાળાં કટાઈ ગયાં તેનું કારણઃ-

તમે સમજ્યા કે ? એનું કારણ એજ કે વાચન અને વિચાર જૂદી જાતના મળ્યા, આહારવિહાર બદલાઇ ગયા, રીતભાતો બદલાઇ ગઈ, રાજ્યના કાયદાઓ બદલાઇ ગયા, મનુષ્યના સ્વભાવ બદલાઈ ગયા, મનુષ્યના શરીરનાં બંધારણ નબળાં પડી ગયાં, શ્રદ્ધા ઓછી થઇ ગઈ અને મગજની કેળવણી વધી ગઇ; પણ જ્ઞાન આપવાની

રીતિ તો એની એ જૂની ખખ અસલનીજ રહી ગઈ. હવે તમે વિચાર કરો કે એ ચાવી તે આ તાળાંને કેમ લાગુ પડે? ચાવી ઘણી એની એજ છે, પણ તાળાં માથે ઉપર મુજબનો કાટ ચડી ગયો છે. માટે અમે કહીએ છીએ કે જ્ઞાન આપવાની આપણી રીતો બદલવી જોઇએ, એટલે કે વિદ્યા–હુન્નરને સાથે રાખીને જમાના પ્રમાણેનું ઇશ્વિરીજ્ઞાન લોકોને આપવું જોઇએ. તે સારૂજ—આપણાં જૂનાં જ્ઞાનને હાલની ફેશન પ્રમાણે નવા રૂપમાં મૂકવા સારૂજ—અમે હાલના વખતને અનુસરતા દાખલાઓ* આપીએ છીએ.

આપણા ગુરૂઓનું જ્ઞાનઃ-

પ્રૉફેસર સાહેબ, પંડિતજી કહે છે કે અમે તો લેવાનુંજ કામ જાણીએ છીએ, આપવું તો શિખ્યાજ નથી; માટે તેઓને કદાચ એમ લાગશે કે, હું વારે વારે દરેક વાતમાં પરમાર્થને વચ્ચે કાં ઘુસાડી દઉં? અવતારની ફીલસુરીમાં પણ પરમાર્થ, પુનર્જન્મની વાતોમાં પણ પરમાર્થ, કર્મના કાયદા જાણવામાં પણ પરમાર્થ, ઈશ્વિરને અર્પણ થઇને રહેવાની રીતિમાં પણ પરમાર્થ, મૂર્તિપૂજામાં પણ પરમાર્થ, દુનિયાદારી ચલાવવામાં પણ પરમાર્થ અને ઈશ્વિરીજ્ઞાનમાં પણ પરમાર્થ!! આવું તો પરમાર્થનું આકુંલાકડું ક્યાંઈ ન જોયું! એમ પંડિતજીને લાગતું હશે, કારણ કે તેઓ આપવું શિખ્યા નથી. વળી પેલા ફાંગાભટ્ટ પાસેથી તેઓ એમ શિખ્યા છે કે, આત્મજ્ઞાન થાય એટલે એજ વખતે મુક્તિ, પછી ગમે તો કર્મ કરો અને ગમે તો ન કરો, ગમે તો પ્રારબ્ધના ભોગ પ્રમાણે શરીર રહે ત્યાં સુધી

* "સંસારમાં સ્વર્ગ" "સ્વર્ગનું વિમાન" અને "સ્વર્ગની કુંચી" ઇ૦ સ્વર્ગનાં પુસ્તકો એ જાતના નવિન દાખલાઓથીજ ભરપૂર છે, તેથી ઘેરે ઘેર ખાસ હોંશે હોંશે તે પુસ્તકો વંચાય છે.

સારાં કામ થાય કે ગમે તો માઠાં કામ થાય, તોપણ મુક્તિ તો આપણા બાપનીજ થઇ ચૂકી! કેમ પંડિતજી, એમજ કે?

પંડિતજીએ કહ્યું:—હા મહારાજ, હું તો એમજ શિખ્યો છું.

મહારાજે જરા માથું ઝુકાવી નિસાસો નાંખીને કહ્યું:—દયા કરો, પ્રભુ! અમારા આવા ગુરૂઓ ઉપર દયા કરો. એમ કહીને મહારાજે કહ્યું કે, તમે એમ શિખ્યા છો પણ હું એમ સમજ્યો છું કે,

પરમાર્થ એ બીજ છે, અને ઇશ્વરીજ્ઞાન તે ઝાડ છે.

બીજમાંથી ઝાડ થાય છે અને ઝાડમાંથી પાછાં બીજ થાય છે. જેમકેઃ આંબાની ન્હાની ગોટલીમાંથી આંબાનું મ્હોટું ઝાડ થાય છે, ઝાડ થયા પછી તેમાં ઘણી કેરીઓ થાય છે, અને કેરીઓમાંથી રસ ચુસી લીધા પછી વળી પાછી તેમાંથી ઘણીએ ગોટલીઓજ બાકી રહી જાય છે; તેમજ દુનિયાદારીના આપણા ન્હાના ન્હાના પરમાર્થ એ આંબાની ગોટલી જેવા છે, તેમાંથી ઈશ્વરીજ્ઞાનરૂપી આંબો થાય છે, એ આંબામાં ભગવદ્સ્વરૂપરૂપી કેરીઓ થાય છે, એ કેરીઓમાંથી બ્રહ્માનંદરૂપી રસ ચુસી લીધા પછી વળી પાછી ઘણીએ પરમાર્થરૂપી ગોટલીઓજ બાકી રહી જાય છે; માટે અમારે તો શરૂઆતમાં પણ પરમાર્થ છે, અને અંતે પણ પરમાર્થ છે. જેમ જેમ અમોને ઇશ્વરીજ્ઞાન થતું જાય તેમ તેમ અમારા અંતરમાં બ્રહ્માનંદ વધવાની સાથે અમારી આ જગત સાથેની પરમાર્થની ફરજો પણ વધતી જાય છે, કારણ કે અનંત બ્રહ્માંડના નાથ સર્વશક્તિમાન પરમકૃપાળુ પવિત્રપિતા મહાનપરમાત્માની અમે દાસભાવે સેવા કરવા ઇચ્છીએ છીએ, માટે અમોને તો શરૂઆતનું બીજ પણ પરમાર્થ છે, એટલે કે ઈશ્વરીજ્ઞાન મેળવવા માટેનું સાધન પણ પરમાર્થ છે, અને ફળ પણ બ્રહ્માનંદનો લ્હાવો લીધા પછી પાછું સેવાનું એટલે કે પરમાર્થનુંજ છે. જેમ

બીજથી ઝાડને જૂદું પાડી શકાય નહિ તેમ અમે પરમાર્થને ઇશ્વરીજ્ઞાનથી જૂદો કરી શકતા નથી. ઇશ્વરીજ્ઞાનથી પરમાર્થ જૂદો થઈ શકેજ નહિ, કારણ કે અમોને તો પરમાર્થ એટલે કે પ્રભુની સેવા એજ સાધન છે, અને એજ ફળ છે. મહાત્માઓએ પણ કહ્યું છે કે મુક્ત થયેલા જીવો હરિની હજુરમાં હાથ જોડીને હુકમની વાટ જોતા ઉભા રહે છે, કારણ કે પ્રભુના હુકમો પાળવા અને પ્રભુની સેવા કરવી એમાંજ તેઓનો આનંદ છે, અને એમ કરે છે માટેજ તેઓ મહાત્મા છે, તથા એમ કરેલું છે ત્યારેજ તેઓ મોક્ષધામમાં–ઇશ્વરની હજુરમાં પહોંચી શકેલા છે. તેઓ કહે છે કે અમારે તો શ્રીહરિની સેવા એજ સાધન છે, ને એજ ફળ છે, માટે સદાય અમારાથી સેવા બન્યા કરે એમજ અમે માગીએ છીએ.

મહાત્માઓ પ્રભુની સેવા કેવી રીતે કરે છે?

પંડિતજી! યાદ રાખજો કે મોક્ષધામમાં રહેલા મહાત્માઓને ત્યાં કાંઇ પ્રભુની સેવા કરવી પડતી નથી, કારણ કે ત્યાં કાંઇ પ્રભુને ભૂખ નથી લાગતી કે તેને માટે રસોઇ બનાવવી પડે, ત્યાં ઇશ્વરના ધામમાં કાંઇ કચરો નથી પડતો કે ઝાડુ કાઢવું પડે, ત્યાં કાંઇ પ્રભુને સુવું નથી પડતું કે તેને માટે બીછાનું બીછાવવું પડે, ત્યાં કાંઈ પ્રભુને ન્હાવું નથી પડતું કે જળની ગાગરો ભરવી પડે અને ત્યાં કાંઈ પ્રભુ માંદા નથી પડતા કે તેના ખાટલા પાસે બેસવું પડે!! ત્યારે પછી પ્રભુની સેવા શું? એજ કે પ્રભુનાં બાળકોનાં કલ્યાણ માટે –પ્રભુના જીવોના સુખને માટે દુનિયામાં અવતાર લેવો અને પ્રભુને અર્થે જગતની સેવા કરવી. એ મુક્તિ પામેલા પરમાત્માઓનો ધર્મ છે, માટે અમે તો જગતની સેવાનેજ સત્યધર્મ સમજીએ છીએ, અને ભ્રાતૃભાવની ઇશ્વરીસગાઇનેઅર્થે થતા પરોપકારનેજ સાચું

સ્વર્ગ સમજીએ છીએ. ધર્મની અમારી દરેક વાતમાં પહેલો, છેલ્લો ને વચ્ચે પણ પરમાર્થ, પરમાર્થ ને પરમાર્થજ આવશે; કારણ કે એજ ભગવદ્દઇચ્છા છે, માટે અમે મહાત્માઓના એજ સિદ્ધાંત ઉપર ચાલવા ઇચ્છીએ છીએ. અને તેમાં પણ આપણા ડૂબતા જતા દેશને તથા આપણા ગરીબડા ભાઇબંધોને તો ભ્રાતૃભાવના ધર્મની ખાસ જરૂર છે, એટલુંજ નહિ પણ દાંભિકપણામાં, બાહ્યાચારમાં અને જુદા વ્હેમોની જાળમાં ફસાઇ ગયેલા આપણા ભાઈબંધોને હવે સ્વતંત્રતાના જોસવાળા આંતરધર્મની જરૂર છે, માટે અમે પરમાર્થની બાબત ઉપર ખાસ ભાર મૂકીએ છીએ.

જો સાચું સુખ ભોગવવું હોય તો અંતરના રોગો મટાડવાની તજવીજ કરો.

બેટી, હવે હું પાછો ઇશ્વરીજ્ઞાનની અસલ વાત ઉપર આવું છું. આત્મિકધન સાચવવાની તીજોરી મેળવ્યા પછી આપણને કામ, ક્રોધ, લોભ વગેરે દરદો થએલાં છે તે મટાડવાની તજવીજ કરવી જોઇએ; કારણ કે ધન મેળવ્યા છતાં પણ જ્યાં સુધી શરીર રોગી હોય ત્યાં સુધી તે સુખથી ભોગવી શકાતું નથી, તેમજ ઇશ્વિરીધનનો પણ કામ ક્રોધ વગેરે માનસિક રોગોવાળાઓથી જેવો જોઇએ તેવો લાભ લઈ શકાતો નથી, માટે આત્મિકધનનો લાભ લેવા સારૂ આપણા માનસિક રોગો મટાડવા જોઈએ. પણ હાલની પ્રજા બહુ નાજુક થતી જાય છે, તેઓને કડવી ઝેર જેવી દવાઓના ઘુંટડા ગળે ઉતરતા નથી, અસલના વખતના ફાયદાકારક પણ મહેનત આપનારા ઉકાળા પીવાનો તેઓને બહુ કંટાળો લાગે છે, માટે વિદ્વાન ડૉક્ટરો તેઓને સારૂ સ્હેલા ઉપાયો શોધે છે, જેમ કે, હોમિયોપેથીક રીતે દરદો સારાં કરવાં, મેસ્મેરીઝમથી રોગો મટાડવા, વિજળીથી દરદો મટાડવાં, ફળો

ખવરાવીને દરદો મટાડવાં, હવાફેર કરીને દરદો મટાડવાં, ચંપી કરીને દરદો મટાડવાં, માત્ર પાણી પાઇને દરદો મટાડવાં, ચોક્કસ જાતની ગૅસોથી દરદો મટાડવાં, વાતો કરીને દરદો મટાડવાં અને રોશનીથી દરદો મટાડવાં. આવા આવા ઘણી જાતના ઉપાયો શોધાતા જાય છે. જો કે એ બધા ઉપાયો અપૂર્ણ છે, તોપણ જેઓને કડવી દવા પીવાનો કંટાળો હોય તેઓને માટે એ ઉપાયો સારા છે, અને તેમાં પણ કોઈ કોઇ ચોક્કસ દરદો ઉપર તો તે ખાસ ઉપયોગી થઈ પડે છે. એ બધા ઉપાયોમાં રોશનીથી દરદો મટાડવાનો ઉપાય આપણા દેશને ખાસ અનુકૂળ છે, કારણ કે આપણે ત્યાં જેટલી જોઈએ એટલી સૂર્યની રોશની સ્હેલાઇથી મળી શકે છે; તેમજ આપણાં માનસિક દરદો મટાડવા માટે પણ તપ, યોગ, યજ્ઞ, પૂજા, વ્રત, તીર્થ, સંન્યાસ વગેરે ઘણા ઉપાયો છે, પણ તે સર્વમાં પરમાર્થની રોશની સૌથી વધારે અસરકારક છે; કારણ કે હાલમાં આપણા દેશને અને આપણા બંધુઓને તેની ખાસ જરૂર છે. આપણાં માનસિક દરદો જેવાં કે કામ કરવામાં આળસ, વિદ્યા–હુન્નર તરફ બેદરકારી, જેવું સમજીએ છીએ તે પ્રમાણે પાળી શકતા નથી એવી મનની નબળાઇ, આપણા ભાઈબંધો તરફ વધારે ખૂલ્લે દિલે નહિ વર્તવાની ખામી, આપણા ધર્મમાં પોલમપોલ ચાલવા દેવાનું વલણ, અંદર અંદરની અદેખાઇ, નવરા બેઠા હોય ત્યારે નખોદ વાળવાની વાતો, અમે ઉંચા ને તમે નીચા એવું મિથ્યા અભિમાન અને ઇશ્વરને માટે મૂર્ખાઇ ભરેલા વિચારો; એ બધા આપણા વ્યવહારિક ને માનસિક રોગો છે. એ દૂર કરવા માટે આપણે

પરમાર્થની રોશની.

લેવી જોઇએ; કારણ કે શરીરના રોગો દૂર કરવા માટે વિજળી વાપરવી આપણને બહુ મોંઘી થઇ પડે છે, લાફીંગ ઇથર વગેરે ગૅસો

મેળવવામાં મુશ્કેલી છે, કુટની દવાઓ બધા રોગો ઉપર લાગુ પડે તેવી નથી, મેસ્મેરીઝમ કોઇકથીજ બની શકે તેવું છે, ચંપી બધી જાતનાં દરદો ઉપર અસરકારક થઇ શકતી નથી અને વાતોથી દરદો મટાડવાં એ પણ કાંઈ સ્હેલું કામ નથી; પણ રોશનીથી દરદો મટાડવાં એ આપણે માટે સૌથી સ્હેલો ઉપાય છે, કારણકે ઇશ્વરની કૃપાથી સૂર્યનો પ્રકાશ જેટલો જોઇએ તેટલો મળી શકે છે; તેમજ હાલના વખતમાં આપણાં નાજુક થઇ ગયેલાં શરીરોથી તપ થઇ શકશે નહિ, જ્યાં તાવડી તાના કરી રહી છે એવા કટાકટીના સમયમાં કાંઇ ખર્ચાળુ યજ્ઞો થઇ શકશે નહિ, હાલમાં પંચભેળ ખીચડા જેવા થઇ ગએલા ધર્મોની વચ્ચે રહીને કાંઇ દેવપૂજામાં સાત્વિકશ્રદ્ધા રહી શકશે નહિ, હાલના પ્રવૃત્તિકાળમાં યોગની કઠિન ક્રિયાઓ બની શકશે નહિ અને વધતી જતી હાજતો તથા વધતા જતા મોજ–શોખના વખતમાં કાંઇ સાચો સંન્યાસ પાળી શકાશે નહિ; માટે આપણાં માનસિક દરદો દૂર કરવા સારૂ આપણે પરમાર્થની રોશની લેવી જોઇએ. અસલથીજ–સ્વભાવથીજ આર્યોની નસેનસમાં પરમાર્થ ગુંથાઈ ગએલો છે, આપણે સાવ પાયમાલ થઈ ગયા છીએ અને આપણે છેક ગરીબ થઇ ગયા છીએ તોપણ હજી આપણે ઘેરથી ભીખારીઓને ચપટી લોટ મળે છે, એ ઇશ્વરની કૃપા છે. જો એવી દયા આપણા લોકોમાં ન હોત તો ૭ કરોડ ભીખારીઓનો બોજો ભુખ્યા ભારતથી ઉપડી શકત નહિ. એટલાં ભીખારીઓનો ભાર દર વરસે ભારતવાસીઓ ઉપાડે છે તેથી સિદ્ધ થાય છે કે હજી આપણી ઉપર ઇશ્વરની દયા છે. એથી સિદ્ધ થાય છે કે આર્યોનાં હૃદયના પડેપડમાં પરમાર્થ ગુંથાએલો છે. જો એમ ન હોય તો ૭ કરોડ ભીખારીઓનો બોજો ગરીબડા હિંદથી દર વરસે ઉપડી શકે નહિ. માટેજ અમે કહીએ છીએ કેઃ–

પરમાર્થ એ આર્યોના જીવનનું તત્ત્વ છે,

અને પરમાર્થ એ આર્યધર્મનું રહસ્ય છે; એટલે આપણાં માનસિક દરદો મટાડવામાં બીજાં કોઇપણ સાધનો કરતાં પરમાર્થ વધારે અસરકારક થઇ શકે તેમ છે, માટેજ અમે પરમાર્થની રોશની લેવાનું કહીએ છીએ. બીજું એ કે સૂર્યની રોશની લેવા માટે જેમ આપણને ક્યાંઇ બહાર જવું પડતું નથી તેમજ પરમાર્થ શિખવા માટે પણ આપણને ક્યાંઇ જવું પડે તેમ નથી, કારણ કે એ તો આપણા કુદરતી સ્વભાવને અનુસરતુંજ કામ છે, એટલુંજ નહિ પણ ખુદ પ્રભુએ પોતેજ પોતાનાજ દાખલાથી આપણને શિખવેલું છે કેઃ—

परोपकृति कैवल्ये तोलयित्वा जनार्दन ।
गुर्वीमुपकृतिमत्वाह्यवतारान् दशाग्रहीत ॥ १ ॥

ભાવાર્થ:–"પ્રભુએ પરોપકાર અને મુક્તિ બન્નેને તોળી જોયાં, તેમાં મુક્તિ કરતાં પરોપકારનો ભાર વધારે થયો, તેથી પ્રભુએ પોતે મોક્ષધામ છોડી દઇને પરોપકારને માટે દશ અવતાર ધારણ કર્યા."

આવી રીતે અસલના વખતમાં પ્રભુએ પોતેજ આપણા ગુરૂ થઇને આપણને પરમાર્થ શિખવેલો છે, અને ઇશ્વરકૃપાથી તે હજી સુધી કોઇને કોઇરૂપે આપણામાં થોડો ઘણો ચાલ્યો આવે છે, એટલે એ કાંઇ આપણને નવો શિખવાનો નથી; હવે તો જમાના પ્રમાણે માત્ર તેમાં થોડો ફેરફાર કરવાની જરૂર છે. મતલબ કે પરમાર્થનો દીવો તો બળે છે, અને તેમાં તેલ પણ પૂરેલું છે, પણ માત્ર વાટ સરખી કરવાનીજ ખામી છે, અને દીવાને બહારના પવનનો ઝપાટો લાગે છે એ અટકાવવાનીજ જરૂર છે. જો વાટ સરખી કરવામાં આવે અને પવનનો ઝપાટો રોકવામાં આવે તોપછી પ્રકાશ એની મેળેજ આવી પડે, તેમજ આપણો પરમાર્થનો દીવો બળે છે અને તેમાં

દયાધર્મનું તેલ પણ પૂરાતું જાય છે, પણ તેમાં માત્ર વાટ સરખી કરવાની જરૂર છે. એટલે કે એ

પરમાર્થને કેમ વાપરવો?

તેને કેમ સાર્વજનિક બનાવવો? તેને કેમ વધારે ઉપયોગી બનાવવો? અને તેને કેમ આપણું કલ્યાણ થાય તેવો બનાવવો? એ સમજવાની જરૂર છે; તથા તેને લાગતો પવનનો ઝપાટો અટકાવવાની એટલે કે નાતજાતનાં બંધનોમાંથી પરમાર્થને છુટો કરવાની અને ધર્મને નામે ચાલતાં કેટલાંક ધતિંગોમાંથી તેને બચાવી વધારે સારાં કામોમાં વાપરવાની જરૂર છે. જો આમ કરી શકીએ તો એની મેળે પ્રકાશ વધી જાય તેમ છે, અને એ વધેલા પ્રકાશથી આપણાં ઘણાં દરદો સાજાં થઇ શકે તેમ છે. માટે ઇશ્વરીજ્ઞાન મેળવતાં પહેલાં પરમાર્થના પ્રકાશથી આપણાં માનસિક દરદો સારાં કરવાં જોઇએ, કારણ કે માનસિક દરદીઓથી આત્મિકઆનંદ ભોગવી શકાતો નથી. બ્રહ્માનંદનો લ્હાવો લેવા સારૂ ઇશ્વરીજ્ઞાન મેળવવું જોઇએ, ઇશ્વરીજ્ઞાન મેળવવા સારૂ પરમાર્થનો પ્રકાશ જોઇએ, પરમાર્થનો પ્રકાશ કરવા સારૂ આપણાં માનસિક દરદો દૂર કરવાં જોઇએ અને આપણાં માનસિક દરદો પરમાર્થની રોશનીથીજ દૂર થઇ શકે છે; માટે વિદ્યા–હુનરને રસ્તે આપણે પરમાર્થને વધારવો જોઇએ.

તિતિક્ષા.

બેટી, ઇશ્વરીજ્ઞાન મેળવવા માટે માનસિક દરદો દૂર કરવાં એટલુંજ કાંઇ બસ નથી, પણ એ દરદો ફરીથી ન થાય એવો ઉપાય કરવો જોઇએ. અસલના વખતમાં એવા ઉપાયને ઋષિયો તિતિક્ષા કહેતા હતા. તિતિક્ષા એટલે કે ખમી ખાવું, ભગવદ્દઇચ્છા પ્રમાણે જેમ હોય તેમ નિભાવી લેવું, બહુ સુખનાં સાધનો હોય તોપણ તે

ભોગવવામાં વૃત્તિ ઉપર અંકુશ રાખવો, ઇશ્વરીજ્ઞાન તરફ આંતરવૃત્તિઓને વાળવા માટે દુનિયાદારીના વૈભવો તરફ મંદવૈરાગ્ય રાખવો અને સુખ–દુઃખ, માન–અપમાન તથા નફા–ટોટાની બહુ દરકાર રાખવી નહિ, એનું નામ તિતિક્ષા છે. એ તિતિક્ષાના બળથી અસલના લોકો શારીરિક ને માનસિક રોગથી બચી શકતા હતા. પણ હાલની પ્રજામાં એ જાતની તિતિક્ષા બિલકૂલ નથી, અને થોડા વખતમાં એ જાતની વૃત્તિયો એકદમ ખીલી જાય એવા કાંઇ પણ સંયોગો નથી; એટલુંજ નહિ પણ આર્ય તરીકેની હાલ આપણામાં જે સ્વાભાવિક તિતિક્ષા છે તે પણ રોજ રોજ ઓછી થતી જાય એવાં સાધનો વધતાં જાયછે, કારણ કે હાલના જમાનાનો પ્રવાહ નિવૃત્તિ તરફ નહિ, પણ પ્રવૃત્તિ તરફજ આપણને ઘસડતો જાયછે. યૂરોપનું શિક્ષણ મોજશોખ તરફજ આપણી વૃત્તિયોને વાળતું જાય છે. એ સિવાય બીજા પણ રોજ રોજ કેટલાક એવી જાતના સંયોગો વધતા જાય છે કે જેથી આપણી વાસનાઓ વધતી જાયછે, આપણી હાજતો વધતી જાયછે, જીંદગી જાળવવાનાં સાધનો મોંઘાં થતાં જાયછે, અને નાજુકાઇ વધતી જાય છે, એટલે હાલના વખતમાં આપણે અસલની તિતિક્ષા પાળી શકીએ તેમ નથી; અને તેમ છતાં પણ રોગોથી બચી શકીએ એવું કાંઇક સાધન તો આપણને જરૂર જોઇએ છે, માટે હાલના ડૉક્ટરોએ તિતિક્ષાને બદલે જૂદી જૂદી જાતનાં દરદો માટે જૂદી જૂદી જાતની રસી બનાવેલી છે, એ રસી શરીરમાં દાખલ કરવાથી એ જાતનો રોગ થતો નથી. જેમકે, નિયમપૂર્વક શિતળાની રસી મૂકાવ્યાથી ઘણું કરીને ફરીથી શિતળા નીકળતા નથી. તેવીજ રીતે બીજી ઘણી જાતનાં દરદો માટે રસી શોધાતી જાય છે. જેમ શિતળાની રસી મૂકાવ્યાથી શિતળાથી બચી શકાય છે, અને જેમ પ્લેગની રસી મૂકાવ્યાથી પ્લેગપ્રૂફ બની શકાય છે, તેમજ ઇશ્વરીજ્ઞાન મેળવવા માટે બહારના રોગોથી બચવા સારૂ આપણે

પરમાર્થની રસી

મૂકાવવી જોઇએ; કારણ કે યૂરોપિયન સુધારાએ આ જમાનાને જંતુઓનો જમાનો બનાવી મૂકેલોછે, એટલે આપણને ખબર પણ ન પડે તેવી રીતે આપણા દરેક ભાગમાં જંતુઓ દાખલ થઇ જાયછે. જેમકે, આપણા મનને હડકવાના જંતુઓ લાગી જાયછે, તેથી તે બધે ઠેકાણે ફોગટનાં વડચકાં નાંખ્યા કરેછે, અને દરેક જણ સામે દરેક બાબતમાં "હાઉ હાઉ" કર્યા કરેછે; ચિત્તને ક્ષયનાં જંતુઓ લાગી જાયછે, તેથી તે રોજ રોજ ખવાતું જાયછે; બુદ્ધિને કૉલેરાનાં જંતુઓ લાગી જાયછે તેથી તે શક્તિહીણ થઇ જાયછે; કૉલેરાવાળા દરદીને જેમ પગમાં ગોટલા ચ્હડે છે તેમ આપણી બુદ્ધિમાં ભારા-ઉભારા થાયછે, અને કૉલેરામાં જેમ ઝાડો ઉલટી થઈ પડે છે તેમ આપણી બુદ્ધિમાં પણ લગભગ એવુંજ થઇ પડેલુંછે; અને આપણા અહંકારને પ્લેગનાં જંતુઓ લાગી ગયાંછે, તેથી જેમ મરકીવાળા દરદીને મરકીની ગાંઠ નીકળેછે તેમ આપણને અમેજ ઉંચા ને અમેજ મ્હોટા એવા અહંકારની ગાંઠ નીકળેલીછે. આ પ્રમાણે હાલના જમાનામાં આપણાં અંતઃકરણો જંતુઓથી સપડાઈ ગયેલાં છે, માટે એવા રોગોથી બચીને ઇશ્વરીજ્ઞાનમાં આગળ વધવા સારૂ આપણે રસી મૂકાવવી જોઇએ. પંડિતજી! એ રસી કઇ, તે તમને ખબર છે? એ રસી પરમાર્થ અને પ્રભુનું નામસ્મર્ણ એટલે કે પ્રભુનો મહિમા જાણવો તે છે. એ રસીથીજ આપણાં જંતુઓ દૂર થઇ શકશે. એ સિવાય બીજા ઉપાયો લાગુ પાડવાનાં આપણી પાસે સાધનો નથી, અને એવો વખત પણ નથી; માટે જલદીથી પ્રભુનો મહિમા જણાવનારી પરમાર્થની રસી મેળવો; પરમાર્થની રસી મેળવો.

પરમાર્થની રસીની શું જરૂર છે?

યાદ રાખજો કે ભવિષ્યમાં થનારા રોગો પરમાર્થની રસી વિના

અટકી શકશે નહિ, કારણકે તિતિક્ષાનો અસલી ઉપાય નાબૂદ થતો જાયછે. શ્રીકૃષ્ણના બાપ બહુ સુખી માણસ હતા અને તે નાનકડા રાજા હતા, તોપણ શ્રીકૃષ્ણ પોતે બાળપણમાં અભ્યાસને વખતે ગુરૂને ઘેરે રહેતા હતા અને ગુરૂના યજ્ઞને સારૂ જંગલમાં સમિધ લેવા જવું પડે એટલે કે લાકડાં કાપવા જવું પડે તોપણ જતા હતા. હવે તમે સરખામણી કરી જુઓ કે ક્યાં જંગલમાં લાકડાં કાપવા જવું અને ક્યાં આપણી કૉલેજોની સગવડતા? હાલના ગરીબ છોકરાંઓ માટેનાં બહુ સારાં સાધનોવાળાં બૉર્ડીંગહાઉસ જુઓ અને શ્રીકૃષ્ણ જેવા રાજકુમાર સુદામા જેવા ગરીબની સાથે વખતે ચણા ફાકીને ગુરૂને ઘેર રહેતા હતા એ દેખાવ યાદ કરો!! વિચાર કરો કે એવી તિતિક્ષા હાલની પ્રજામાં આવી શકશે? મહારાજાધિરાજ દશરથના પાટવીકુંવર શ્રીરામચંદ્રજી ભારતનું ભૂષણ અને સૂર્યવંશમાં શિરોમણી હતા, છતાં પણ માત્ર ચૌદવર્ષની ઉમ્મરે ઋષિઓના યજ્ઞના રક્ષણ સારૂ રાક્ષસો સાથે લડયા હતા અને જય પામ્યા હતા; પણ પંડિતજી! તમને, પ્રૉફેસર સાહેબને, માસ્તરને અને મને પણ હું પૂછુંછું કે, આપણી સાત પેઢીમાંથી પણ કોઇએ હથિયાર વાપરેલું છે? અને ભલે આપણે રોટલાના કડકા વિના કુતરાને મોતે મરી જતા હોઇએ તોપણ આપણા ચૌદવર્ષના છોકરાને રાક્ષસો સામે લડાઇમાં મોકલીશું કે? નહિજ. કારણ કે એવી તિતિક્ષા આપણામાં નથી, એવો સ્વદેશપ્રેમ આપણામાં નથી અને એવું ધર્મબળ આપણામાં નથી; માટેજ અમે કહીએ છીએ કે ભવિષ્યની આફતોમાંથી બચવા સારૂ આપણે પરમાર્થની રસી મૂકાવવી જોઇએ.

અસલના લોકો જ્યારે માંદા પડતા ત્યારે કહેતા કે, **औषधं जाह्नवी तोयं वैद्यो नारायणो हरिः।** એટલે કે અમારૂં ઔષધ તો ગંગાજળ છે, અને અમારો વૈદ તો પરમાત્મા છે; અમોને વૈદની પણ

જરૂર નથી અને દવાની પણ જરૂર નથી. આમ તેઓ માત્ર મોઢે બોલતા એમ નહિ, પણ પાળી બતાવતા હતા; અને એમાંથી પણ ઇશ્વરકૃપાથી તેઓને આરામ થતો હતો, કારણ કે તેઓ પ્રકૃતિના નિયમ પ્રમાણે ચાલતા હતા, તેઓ પથ્ય પાળી શકતા હતા, તેઓના શરીરમાં ને મનમાં હાલના જેટલો કચરો ભરાએલો નહોતો અને તેઓ ભગવદ્ઇચ્છાને આધિન થઈ શકતા હતા, એટલે કે જેમ પ્રભુ રાખે તેમ આનંદથી રહી શકતા હતા, તેથી દવા વિના ભયંકર બિમારીઓમાંથી પણ તેઓ સારા થઈ શકતા હતા. પણ આજે એવી તિતિક્ષા આપણે રાખી શકશું કે? અને જો એવી તિતિક્ષા રાખવા જઈએ તો આપણા શું હાલ થાય, એ ખબર છે કે? તુરતજ આપણને સોનાપુરનો રસ્તો લેવો પડે; કારણ કે હાલમાં આપણે પ્રકૃતિના નિયમ પ્રમાણે ચાલતા નથી, એટલુંજ નહિ પણ આપણા ખાવાપીવામાં અને દવાદારૂમાં એટલા બધા ક્ષારો અને તેજાબો વપરાય છે, તથા આપણા મોજ–શોખની રમત–ગમતોમાં એટલી બધી લાગણી ઉશ્કેરનારી બાબતો આવે છે, અને આપણા પોશાકમાં, વ્યવહારમાં, રહેણીકરણીમાં તથા આચારવિચારમાં એટલી બધી નાજુકાઇ આવી ગઇ છે કે આપણાથી હાલમાં જરાપણ તિતિક્ષા પાળી શકાય તેમ નથી. સમસ્ત પ્રજાના અને આખા દેશના સંયોગો બદલાઇ ગયા છે, માટે આપણે અસલની રીત પ્રમાણે એકદમ કરી શકીએ નહિ. આવી રીતે જૂદી જૂદી ઘણીએ પ્રજાઓના અને ઘણાએ દેશોના સંયોગો બદલાઈ જાય તેને જમાનો બદલાઇ ગયો એમ કહે છે. જ્યારે એવી રીતે જમાનો બદલાઇ જાય ત્યારે અસલની સારી વાતો પણ હાલના વખતમાં કામ લાગે નહિ; તેમજ પ્રાચીન ઋષિયોની ઉત્તમ તિતિક્ષા પણ હાલમાં આપણને જેવા જોઇએ તેવા ઉપયોગમાં આવી શકે નહિ, માટેજ ઇશ્વિરીજ્ઞાન મેળવવા સારૂ આપણે

ભવિષ્યની આફતોમાંથી બચવું જોઈએ, અને એ આફતોમાંથી બચવા સારૂ આપણે પરમાર્થની રસી મૂકાવવી જોઈએ.

પરમાર્થના દીવા.

બેટી, ઉપર મુજબની માનસિક આરોગ્યતા મેળવ્યા પછી આપણે ઇશ્વરીજ્ઞાન શોધવા મંડી પડવું જોઇએ. હવે એવો નિયમ છે કે જો કોઇપણ ચીજને શોધવી હોય તો પ્રથમ પ્રકાશની જરૂર પડે છે, અંધારામાં ફાંફાં મારવાથી કાંઇ વળે નહિ, માટે જ્ઞાનને શોધવા સારૂ પણ કાંઇક પ્રકાશ જોઈએ. જો કે ઇશ્વરીજ્ઞાન જાતેજ પ્રકાશિત છે, તોપણ તેને જોવા માટે એક બીજા પ્રકાશની જરૂર પડે છે. જેમ કે, સૂર્ય પ્રકાશિત છે તોપણ તે પ્રકાશને જોવા માટે આંખના તેજની જરૂર પડે છે, આંધળાંઓથી કાંઈ સૂર્યનું તેજ દેખી શકાય નહિ; તેમજ ઇશ્વરીજ્ઞાન પ્રકાશિત છે, તોપણ તેને અનુભવવા માટે પરમાર્થના પ્રકાશની જરૂર છે, પરમાર્થ વિના કાંઈ ઇશ્વરીજ્ઞાન મળી શકે નહિ, માટે જો આપણને ઇશ્વરીજ્ઞાન જોઈતું હોય તો આપણે પરમાર્થના દીવા સળગાવવા જોઈએ. એ દીવામાં જેમ વધારે તેલ હશે તેમ તે વધારે વખત સુધી બળશે અને જેમ એ તેલ ઉંચી જાતનું હશે તેમ તેનો પ્રકાશ વધારે સારો આવશે, એમાં કાંઇ સંદેહ નથી. એ તો આપણા રોજના અનુભવની વાત છે. આપણે જોઇએ છીએ કે કોઈ કોપરેલ તેલના દીવા કરે છે, કોઇ એરંડીયા તેલના દીવા કરે છે, કોઇ તલના તેલના દીવા કરે છે, કોઇ ઘીના દીવા કરે છે, કોઈ ગ્યાસલેટના દીવા કરે છે, કોઈ મીણબત્તી વાપરે છે, કોઈ ગૅસ વાપરે છે, કોઈ લાકડાં સળગાવીને તાપણી કરે છે, કોઈ માછલીમાંથી નીકળતા તેલના દીવા કરે છે, અને કોઇ વિજળીના દીવા કરે છે; જો કે એ સર્વ પ્રકાશ છે, અને એવી સેંકડો રીતે પ્રકાશ થઇ શકે છે,

તોપણ તે સર્વે જાતના દીવાના પ્રકાશમાં ફેર છે, તેથી જે માણસ જે જાતના દીવા કરે છે, તેને તેજ જાતનો પ્રકાશ અને તેના પ્રમાણમાંજ લાભ મળે છે; તેમજ કુટુંબસેવા, ગામની સેવા, નાતની સેવા, રાજ્યની સેવા, સ્વદેશસેવા, વિદ્વાનોની સેવા, ગરીબોની સેવા, દુઃખીઓની સેવા, મહાત્માઓની સેવા, હુન્નર-કળાની સેવા, વિદ્યાદેવીની સેવા, પ્રાણીઓની સેવા, મનુષ્યજાતની સેવા, ધર્મની સેવા અને જગતની સેવા, એવી ઘણી જાતની સેવાઓ છે; એ દરેક સેવા તે ઇશ્વરીજ્ઞાન બતાવનારો એક એક એક દીવો છે. એમાંથી જે જાતનો દીવો કરશો તેવો પ્રકાશ મળશે, તેના પ્રમાણમાંજ ઇશ્વિરીજ્ઞાન મળશે, અને એ દીવામાં જેટલું તેલ પૂરેલું હશે તેટલા વખત સુધીજ એ દીવો બળી શકશે; માટે ઇશ્વિરીજ્ઞાન મેળવવા સારૂ પરમાર્થના દીવા સળગાવવવાનું મહાત્માઓ કહે છે.

પરમાર્થના દીવામાં કયું તેલ પૂરાય છે?

બેટી; સ્વાર્થત્યાગનું તેલ તેમાં પૂરાય છે, જગતના જીવોના સુખને ખાતર પોતે દુઃખ ખમી લેવાનું તેલ તેમાં પૂરાય છે, મહાન-ઇશ્વિરને અર્થે આત્માર્પણ કરવાનું તેલ તેમાં પૂરાયછે. જેઓએ પરમાર્થના દીવામાં—ભાઇબંધીના રસ્તામાં ઇશ્વિરીસ્નેહરૂપી તેલ પૂરેલું છે તેઓજ દુનિયામાં મહાત્મા થયા છે, તેઓજ અમર થયા છે, તેઓજ પ્રભુ પાસે મોટા થએલા છે, અને તેઓજ હરિની હજુરમાં-મોક્ષધામમાં ગયા છે. માટે જો સત્યઇશ્વરીજ્ઞાન મેળવવું હોય તો પરમાર્થના દીવામાં સ્વાર્થત્યાગનું તેલ પૂરો. એ તેલથીજ અનંત કાળ સુધી દીવા બળી શકે છે, અને એ ઇશ્વિરીસ્નેહથીજ ઇશ્વરીજ્ઞાન મેળવી શકાય છે. જો તમારે સાચું સ્વર્ગ મેળવવું હોય, પ્રભુના વ્હાલા થવું હોય અને જીંદગીની સાર્થકતા કરવી હોય તો

જગતની સેવાને અર્થે તમારા સ્વાર્થનું બળિદાન આપો. યાદ રાખજો કે એવો ભોગ આપ્યા વિના કદિ પણ ઇશ્વરીરસ્તામાં આગળ વધી શકાતું નથી.

સ્વાર્થત્યાગરૂપી ભોગ આપ્યા વિના ઇશ્વરીજ્ઞાન નહિ મળે.

જેઓનાં નામ જગતના ઇતિહાસમાં અમ્મર થયાં છે, જેઓએ દુનિયાનું ઘણું ભલું કરેલું છે, અને જેઓએ દુનિયાને સુધારવા વધારવાના ઇશ્વરીઉદ્દેશમાં મદદ કરીછે, તેઓજ મહાત્મા થયાછે, અને તેઓજ ઈશ્વરના વ્હાલા થઇ શકયા છે. તેઓ એવા થયા છે એટલુંજ નહિ પણ આપણે પણ એવા થઇએ એવીજ પ્રભુની ઇચ્છા છે; તે સારૂજ તેણે આપણને ઘણી જાતની અનુકૂળતા આપી છે. જો એમ ન હોય તો તો આપણાં આચરણો પ્રમાણે અને આપણા વિચારો પ્રમાણે તો આપણો કયારનો નાશ થઈ ગયો હોત, પણ કૃપાળુઇશ્વર સ્નેહ અને જ્ઞાનનુંજ સ્વરૂપ છે, માટે તે આપણી લાયકાતને ખાતર નહિ, પણ પોતાના સ્નેહને ખાતર આપણને નિભાવે છે; એવી આશાથી કે આપણે કોઇક દિવસ પણ રૂડા થઇશું. માટે બીજું કાંઇ નહિ તો આપણે આપણાંજ કલ્યાણ સારૂ પણ ઈશ્વરીસ્નેહમાં એટલે કે પરમાર્થના રસ્તામાં આવવું જોઇએ, કારણ કે ઇશ્વરીસ્નેહ વિના ઈશ્વરીજ્ઞાન મળી શકતું નથી, અને આપણાથી આપી શકાય તેવો ભોગ આપ્યા વિના ઈશ્વરીસ્નેહ મેળવી શકાતો નથી; માટે આપણે આપણા ગરીબ ભાઇબંધોને અર્થે, નિરાધારપણે રખડતાં અનાથ બાળકોને અર્થે, દુઃખી વિધવાઓને અર્થે, અજ્ઞાન ગામડીઆ લોકોને અર્થે, જંગલનાં ઝુંપડાઓમાં, ધર્મશાળાઓમાં અને રસ્તાપર પડેલાં બિમારોને અર્થે, હરિજનોને અર્થે, ભવિષ્યની પ્રજાનાં સુખને અર્થે, આપણા ગરીબડા દેશને અર્થે, આપણા પવિત્ર

સનાતન ધર્મને અર્થે અને સમસ્ત જગતની સેવાને અર્થે આપણે કાંઇક પણ ભોગ આપવો જોઇએ. ભોગ આપ્યા વિના કામ સિદ્ધ થતું નથી; કારણ કે ભોગ આપવો એ આપણી ત્યાગવૃત્તિની ગેરન્ટી છે, ભોગ આપવો એ ઇશ્વરીસગાઇ ઓળખવાની નિશાની છે, ભોગ આપવો એ ઇશ્વરીજ્ઞાન મેળવવાની આપણી લાયકાત માટેનું સર્ટીફીકેટ છે, અને ભોગ આપવો એ ઇશ્વરીસ્નેહની સાબિતી છે; માટે પ્રભુને અર્થે આ જગતમાં આપણે કાંઇક પણ આપણાથી બની શકે તેવો મોટો ભોગ આપવો જોઇએ. આપણે જોયે છીએ કે જમીનમાં બી વાવ્યા છતાં પણ તેમાં જોઈતું ખાતર નાંખ્યા વિના પૂરાં ફળ મળતાં નથી, તેલ પૂર્યા વિના દીવો બળતો નથી, કોલસા બાળ્યા વિના ઈંજીન ચાલતું નથી, બૅટરીમાં તેનો મસાલો નાંખ્યા વિના વિજળી મેળવી શકાતી નથી, રોગોને દવાઓનું બળિદાન આપ્યા વિના તે મટતા નથી અને ખાધા વિના આપણે જીવી શકતા નથી; કારણ કે દુનિયાની દરેક ચીજને કાંઇકને કાંઇક ક્રિયા—કાંઇકને કાંઇક બળિદાન—જોઇએછે. બળિદાન આપ્યા વિના કાંઇપણ કામ થતું નથી. આવો સૃષ્ટિનો નિયમ હોવાથી એ નિયમ ઉપરજ આપણા અસલના યજ્ઞોની સ્થાપના થએલીછે. એવા હેતુથી કે બહારના યજ્ઞોની મારફત ધીમે ધીમે આપણે આંતરના યજ્ઞમાં આવી શકીએ; કારણ કે આંતરના યજ્ઞ વિના કાંઇ ઇશ્વરીજ્ઞાન મળી શકે નહિ; અને ઇશ્વરીસ્નેહ વધાર્યા વિના એટલે કે ભાઈબંધી વધાર્યા વિના—પરમાર્થ કર્યા વિના આંતરનો યજ્ઞ થઈ શકે નહિ, તેમજ સ્વાર્થનો ભોગ આપ્યા વિના—ઇશ્વરને અર્થે જીંદગી ગાળ્યા વિના સાચો પરમાર્થ થઈ શકે નહિ, અને એવો ભોગ આપ્યા વિના કાંઇ બ્રહ્માનંદનો લ્હાવો લઈ શકાય નહિ. માટે પ્રભુને અર્થે આપણા સ્વાર્થનો ભોગ આપવાનું મહાત્માઓ કહેછે.

મહાત્માઓએ આપેલો ભોગ.

બેટી, સ્વાર્થનો ભોગ આપવાનું મહાત્માઓ કહે છે એટલુંજ નહિ પણ તેઓ કરી બતાવે છે; અને તે પણ દેખાદેખીથી નહિ, સંયોગને આધારે નહિ, અંતરમાં ઉંડી વાસનાઓ ભરી રાખીને નહિ, પણ અંતરના ઉમળકાથી પ્રભુપ્રીત્યર્થે અહર્નિશ ભોગ આપ્યા કરે છે; માટેજ તેઓ મહાત્મા છે, અને તેથીજ તેઓ પ્રભુના કૃપાપાત્ર છે. મહાત્મા બુદ્ધને કોણે કહ્યું હતું કે તમે તુરતના અવતરેલા પુત્રનું મ્હોં જોયા વિના રાજ્ય તજીને જંગલમાં ચાલ્યા જાઓ અને તપ કર્યા કરો? જગતગુરૂ શંકરાચાર્યને કોણે ફરજ પાડી હતી કે સંસારનાં સુખ ભોગવ્યાં પહેલાં ખીલતી જુવાનીમાંજ સંન્યાસ લઈ લ્યો અને કરોડો બૌધ્ધોની સામે થઇ જીંદગીને જોખમમાં નાંખો? ઇસુખ્રીસ્તને કોણે કહ્યું હતું કે તમે ક્રૉસ ઉપર બંધાઇને ખીલા ઠોકાવીને પાણીના ઘુંટડા વિના તરફડી તરફડીને મરી જાઓ? હઝરત મહુમ્મદને કોણે કહ્યું હતું કે તમે પહાડોમાં જઇને બંદગી કરો અને આખા દેશ તથા પ્રજાની વિરૂદ્ધ થઇ જીંદગીને જોખમમાં નાંખી દેશવટો ભોગવો? વસિષ્ઠને કોણે ફરજ પાડી હતી કે તમારા સો દીકરાઓને ખાસ ચાહીને મારી નાંખે તો પણ તમારે વેર ન લેવું કે દિલગીર ન થવું? ભગવાન વ્યાસજીએ જ્યારે જંગલમાં રહીને પ્રભુનો મહિમા જણાવનારાં પુરાણો લખ્યાં ત્યારે તે કઇ લાલચને ખાતર લખ્યાં હતાં? જેના ચરણમાં પરીક્ષિત્ જેવા મહારાજાધિરાજ પડતા હતા તે શુકદેવજીને લંગોટી વાળવા માટે શું કપડાંનો કટકો નહોતો મળતો કે તેઓ લંગોટી વિના રહેતા હતા? ભગવાન રામચંદ્રજી સ્વધામ પધાર્યા ત્યારે તેઓ એકલા જાય તો શું તેમને માટે મોક્ષધામના દરવાજા બંધ હતા કે તેઓ લાખો જીવોને પોતાની સાથે મોક્ષમાં લઈ ગયા? અને શ્રીકૃષ્ણભગવાને મોક્ષધામનાં અલૌકિક સુખ

છોડીને આ પ્રપંચી દુનિયામાં અવતાર લીધો એ શા માટે? કોણે તેમને ફરજ પાડી હતી? બેટી, યાદ રાખજે કે આવા મ્હોટા ભોગ આપ્યા વિના જગતનું કલ્યાણ થઇ શકતું નથી અને જગતનું કલ્યાણ કર્યા વિના બીજી કોઇપણ રીતે કોઇપિણ માણસનું કલ્યાણ થઇ શકતું નથી, માટે હું તને સાચું સ્વર્ગ મેળવવા સારૂ બીજાઓનાં દુઃખમાં ભાગ લેવાનું કહું છું; કારણ કે હાલના વખતમાં આપણાથી બની શકે એવો તે મહાયજ્ઞ છે. જો ત્હારે સાચું સ્વર્ગ મેળવવું હોય તો ઠાકોરજીને મેવા મીશ્રીની કટોરીનો ભોગ ધરવામાંજ નહિ રહી જતાં ત્હારા સ્વાર્થનો ભોગ આપીને દુઃખીઓની સેવા કર, અને જે ત્હારી પાસે ગુરૂ બનવા આવે, ઉંચા હોવાનો દાવો કરે, માન લેવા આવે, કે ઉપદેશ દેવા આવે તેઓને પૂછ કે,

પ્રભુને ખાતર તમે શું ભોગ આપેલો છે?

અને જગતના જીવોનું તમે શું ભલું કરેલું છે? જેઓએ એવું કાંઇપણ કરેલું ન હોય અને માત્ર દુનિયાદારીના વિષયોનાજ ગુલામ હોય તેઓ ઉંચા ગણાવાને લાયક નથી અને તેઓ ગુરૂ થવાને યોગ્ય નથી; કારણ કે આ જમાનામાં પ્રભુનો એવો હુકમ છે કે નાત જાત તરફ ન જુઓ, કૂળ તરપ ન જુઓ, દેશ તરફ ન જુઓ, વેશ તરફ ન જુઓ અને ઘસાઇપીસાઇ ગએલી અસલી વાતો તરફ ન જુઓ, પણ માણસોના કાંમની સામે જુઓ. કયા માણસે કઇ લાઇનમાં કેટલું કામ કરેલું છે એ તપાસો અને તે ઉપરથી તેને માનપાનનું ઇનામ આપો. ગમે તે લાઇનમાં, ગમે તે સ્થળમાં અને ગમે તે સ્થિતિમાં રહીને પણ માણસે કાંઇક રૂડું કામ કરી બતાવવું જોઈએ; કારણ કે જગતને આગળ વધારવાના ઇશ્વરીઉદ્દેશમાં કોઇ પણ રીતે મદદ કરવી એજ ઇશ્વરની સાચી

સેવા છે. એવી સેવા પરમાર્થનાં કામોથીજ બની શકે છે, માટે હવે નાત જાત ઉપર કે દેશ વેશ ઉપર નહિ, પણ ભલાઇનાં કામો ઉપરજ ભાર મૂકવાનું સંતો કહેછે; કારણ કે બીજા કોઇપણ ઉપાય કરતાં ભ્રાતૃભાવની ઇશ્વિરીસગાઇ સમજવાથીજ આપણા દેશનું વધારે કલ્યાણ થઇ શકે તેમ છે, માટે આપણે આપણા ભાઇબંધોને ખાતર કાંઇક ત્યાગ કરતાં શીખવું જોઇએ. પણ બેટી, યાદ રાખજે કે ઘરબાર તજવું એનું નામ કાંઇ ત્યાગ નથી, તેમજ બાયડી છોકરાં તજવાં એનું નામ પણ કાંઇ ત્યાગ નથી; એમ તો આપણા દેશમાં ઘરબાર વિનાના રખડતા તથા જેની પાસે એક ટંકનું પણ ખાવાનું ન હોય એવા કરોડો ભીખારીઓ છે, અને યૂરોપ અમેરિકામાં લગ્નના અભાવને લીધે, તથા આપણા દેશમાં ઘણી ટુંકી ટુંકી નાતોમાં કન્યા ન મળવાને લીધે લાખો વાંઢાઓ રખડેછે, ને પુનર્લગ્ન ન થવાથી લાખો બાળવિધવાઓ હેરાન થાય છે, પણ એથી કાંઇ વળે નહિ. એવી રીતે अशक्तिवान भवेत् साधु થવાથી કોઇનું પણ કાંઇ કલ્યાણ થાય નહિ. માટે અંતરનો સાચો ત્યાગ કરવો જોઇએ. એવો સાચો ત્યાગ તે જગતના હિતને અર્થે કાંઇપણ રૂડાં કામમાં મચેલા રહેવું તે છે, અને એથીજ આગળ જતાં ઇશ્વરીજ્ઞાન મેળવી શકાય છે; માટે ઇશ્વરીજ્ઞાન મેળવવા સારૂ જગતના જીવોનું કલ્યાણ થાય તેવા ઉપાયો લેવાનું તથા તેવો ત્યાગ કરવાનું અમે કહીએ છીએ. અને તે બધું પરમાર્થના દીવામાં ઇશ્વરીસ્નેહનું એટલે કે સ્વાર્થત્યાગનું તેલ પૂરવાથીજ થઇ શકે છે, માટે ઇશ્વરીજ્ઞાન મેળવવાને ખાતર અમે એ જાતનું બળિદાન આપવાનું કહીએ છીએ.

હાલના સાયન્સ પ્રમાણે ઇશ્વરીજ્ઞાનની ઉન્નતિનો ક્રમ.

બેટી, પરમાર્થના દીવામાં સ્વાર્થત્યાગનું તેલ પૂર્યાથી એટલું બધું અજવાળું થઇ જાય છે કે એની કાંઇ વાતજ ન પૂછો. એ તો

અનુભવીઓજ જાણે છે. એ અલૌકિક પ્રકાશથી હજી સુધી ભેદમાં રહેલો ઇશ્વરીમાર્ગ હવે ખુલ્લો થઇ જાયછે. આવો પ્રકાશ ન મળ્યો હોય ત્યાંસુધી જીવ દુનિયાદારીનાં સુખો સાથે રમ્યા કરેછે, અને પોતાના વ્યવહારની ગાડી બરોબર રીતે ચાલી જતી હોય તેથીજ રાજી થઈ જાયછે, પણ આવો પ્રકાશ મળ્યા પછી તેને એવો સંતોષ રહેતો નથી. દુનિયાદારીનાં ક્ષણિક સુખો કરતાં વધારે ઉંચા પ્રકારનાં સુખો તેની સામે દેખાય છે; પણ એ સાચાં સુખો હજી તેનાથી બહુ દૂર અને ઉંચા રહેલાં હોયછે, ત્યાં વ્યવહારની ગાડી પહોંચી શકતી નથી. એ સુખ મેળવવા માટે તો વિમાનમાં બેસવું જોઇએ. એ વિમાન કાંઇ યૂરોપીયનોના બલૂન જેવું કપડાંનું હોતું નથી, પણ એ વિમાન તો સ્વાર્થત્યાગની વૃત્તિઓમાંથી બનેછે, અને તેમાં ઇશ્વરીસ્નેહનો ગૅસ ભરવામાં આવેછે. હવે તમે જુઓ કે બળી ગએલા કાળા કોલસાની ગૅસ જડવસ્તુઓનાં બલૂનને જ્યારે હજારો ફૂટ ઉંચે આકાશમાં ચ્હડાવી દેછે, ત્યારે ઈશ્વરીસ્નેહની ગૅસ સ્વાર્થત્યાગની વૃત્તિઓનાં બલૂનને ઈશ્વરીજ્ઞાનના રસ્તામાં કેટલું બધું આગળ ખેંચી જશે? એ ખ્યાલ તો કરો. એ બલૂન જ્યારે ઉડે ત્યારે વ્યવહારની બહારની ઉપાધિ છૂટી જાયછે. એ પછી ઇશ્વરીજ્ઞાનના માર્ગમાં એ બલૂન જ્યારે બહુ આગળ નીકળી જાય ત્યારે તે સાધકની બુદ્ધિ સૂક્ષ્મદર્શકયંત્ર જેવી થઇ પડે છે, તેથી તેને ન્હાની વસ્તુઓ પણ મોટી દેખાય છે, એટલે ઈશ્વરને લગતી આપણને લાગતી ન્હાની ન્હાની વાતો પણ તેને બહુ આનંદ આપનારી થઇ પડે છે; અને પોતાની અગાઉની ન્હાની ભૂલો પણ તેને બહુ ભયંકરરૂપમાં દેખાઈ જાયછે, તેથી હવે પછી તે વધારે ચોખ્ખો, વધારે દૃઢ અને ઈશ્વરીસ્નેહ ફેલાવવામાં વધારે મસ્ત બને છે. એ પછી તેનું મન દૂરબીનના જેવું થઈ જાયછે, તેથી તે ઈશ્વરીજ્ઞાનને લગતી દૂરની બાબતો પણ પોતાની પાસેજ હોય

એમ અનુભવી શકેછે, એથી તેનો આનંદ અને તેનું કામ કરવાનું બળ વધી જાયછે. એ વખતે જગતમાં ઇશ્વિરીસ્નેહ ફેલાવવા સિવાય બીજું કાંઇ તેને સૂઝતું નથી, તેથી તે સ્નેહના કામોમાંજ મંડયો રહેછે. એ પછી ફોટોગ્રાફની પ્લેટ જેવું તેનું હૃદય થઇ જાયછે. ફોટોગ્રાફ પાડવાના કાચ ઉપર સૂર્યના પ્રકાશથી જેમ સ્હેલાઇથી છબી ઉતરી આવેછે, તેમ તેના હૃદયમાં ઇશ્વિરીસ્નેહના પ્રકાશથી ઇશ્વિરીજ્ઞાનનાં ચિત્રો પડતાં જાયછે. એ દિવ્યચિત્રો ગ્રહણ કરી શકે એવું હૃદય થઈ જવાથી તે ભક્તને અતિશય આનંદ થાયછે. એ વખતે પોતાના હૃદયમાં પડી ગએલી ઇશ્વરીજ્ઞાનની છબીઓ જોવામાં તેનું ચિત્ત સ્થિર થઇ જાયછે, અને સહજસમાધિના જેવી તેની દશા થઇ જાય છે. એ વખતનો તેનો વિશ્વાસ, એ વખતનો તેનો આનંદ અને એ વખતની તેની દીનતાનો આપણાથી કાંઈ પણ ખ્યાલ થઇ શકે તેમ નથી. એ પછી એવી તદાકાર વૃત્તિ જેમ જેમ ઠરતી જાય છે તેમ તેમ ફોટોગ્રાફનાં ચિત્રોને બદલે સીનેમૅટોગ્રાફના જેવાં હાલતાં ચાલતાં જીવતાં ચિત્રો તેને દેખાવા માંડે છે, કારણ કે જેમ જેમ ભક્ત બહારની ઉપાધિને ભૂલતો જાય અને અંતરજગતમાં જતો જાય તેમ તેમ કૃપાળુઇશ્વિર તેની ઉપર વધારે વધારે કૃપા કરતો જાય છે, અને તેને જલદી જલદી ઇનામ આપતો જાય છે. એ પછી જેમ ફ્રેનોલોજીસ્ટો માણસનું માથું જોઇને માણસના ગુણદોષ કહી શકે છે તેમ જગતની વસ્તુઓના ગુણદોષ તે સમજી જાય છે. કઈ વસ્તુ સાચી અને કઈ વસ્તુ ખોટી, એ તે સ્પષ્ટ રીતે જાણી જાય છે; એટલુંજ નહિ પણ એ વસ્તુઓને જગતનાં હિતને અર્થે કેમ વાપરવી એનું પણ તેને જ્ઞાન થઇ જાય છે. આ ભૂમિકામાં તેને ઉંચી જાતની રિદ્ધિ સિદ્ધિ પ્રાપ્ત થાય છે, પણ એમાં તે આસક્ત થતો નથી; છતાં પણ જો જરૂર પડે તો જગતમાં

ઇશ્વરીસ્નેહ વધારવાને ખાતર તેનો ઉપયોગ પણ તે કરી શકે છે. એ પછી વાયરલેસ ટેલીગ્રાફથી જેમ તાર વિના સંદેશો પહોંચી શકે છે, તેમ આપણને નહિ સમજાય તેવી રીતે બહારનાં સાધનો વિના તે ભક્તના હૃદયમાં ઇશ્વરીજ્ઞાનના અને ઇશ્વરીહુકમના સંદેશા આવતા જાય છે, કારણ કે એ સંદેશા ગ્રહણ કરી શકે એવું તેનું હૃદય થઇ ગએલું હોય છે. પછી મેસ્મેરીઝમ કરવાવાળો જેમ સબ્જેક્ટને પોતાના અખ્તિયારમાં લઇને તેનું પોતાનું ભાન ભૂલાવી દેછે, તેમ તે મહાત્મા પ્રભુના આકર્ષણથી મેસ્મેરાઇઝ થઇને પોતાનું પોતાપણું ભૂલી જાય છે, અને માત્ર પ્રભુના હુકમ પ્રમાણેજ કરે છે. એ વખતે પ્રભુ સિવાય બીજી કોઈ પણ વસ્તુનું તેને ભાન રહેતું નથી. આ ભૂમિકામાં તે મહાત્માની વાસના છૂટી જાય છે, તે ગુણાતિત થઈ જાય છે, તેની વૃત્તિ બ્રહ્માકાર થઈ જાય છે, અને તે બ્રહ્માનંદના અખંડાનંદમાં મસ્ત થઇને પડ્યો રહે છે. એ પછી થોટરીડીંગવાળો માણસ જેમ બીજા માણસના વિચારો જાણી જાય છે તેમ તે પ્રભુનો કૃપાપાત્ર મહાત્મા ઇશ્વરની ઇચ્છા જાણી લેછે. એ વખતે આખા જગતનું, અનંત બ્રહ્માંડોનું અને ઇશ્વરનું સત્યજ્ઞાન તેને થઇ જાય છે. એ પછી એકસરેઝ કીરણોથી જેમ દીવાલોની અંદરની વસ્તુઓ જોઈ શકાય છે, તીજોરીઓની અંદરનો માલ જોઈ શકાય છે, શરીરની અંદરની હીલચાલો જોઈ શકાય છે, અને દરેક ચીજ જેમ એ કિરણો પાસે ઉઘાડી થઇ જાય છે, તેમ તે મહાત્માની દૃષ્ટિ એકસરેઝ કિરણ જેવી થઈ જાય છે; તેથી દુનિયાની દરેક ચીજમાં તે અંદરની વસ્તુ એટલે કે આત્માને જોઇ શકે છે. એ પછી એ સ્થિતિ જ્યારે જામી જાય છે ત્યારે તે ભક્ત સર્વત્ર ઇશ્વરદર્શન કર્યા કરે છે. ઇશ્વરીજ્ઞાનની આ ઉંચામાં ઉંચી દશા છે. શ્રીકૃષ્ણભગવાને એવા જ્ઞાનીને માટે ગીતામાં કહેલું છે કેઃ—

बहूनां जन्मनामन्ते ज्ञानवान्मां प्रपद्यते ।
वासुदेवः सर्वमिति स महात्मा सुदुर्लभः ॥

અ૦ ૭, શ્લો૦ ૧૯.

ભાવાર્થઃ—"બધું ઈશ્વરનું રૂપ છે અને બધામાં ઈશ્વર છે, એવું જ્ઞાન જેને થઈ જાય છે તે ભક્ત મ્હારે શરણે આવે છે. એવો જ્ઞાની મહાત્મા બહુ દુર્લભ છે, કારણ કે ઘણા જન્મો પછી સાચું જ્ઞાન થઈ શકે છે."

આત્મજ્ઞાન થયા પછી જ્ઞાનીઓ શું કરે છે ?

બેટી, જ્યારે આવી સ્થિતિ થાય ત્યારેજ જીંદગીની સાર્થકતા થઇ શકે છે, અને તેનેજ અમે ઈશ્વરીજ્ઞાન કહીએ છીએ. માત્ર મ્હોડેથી વેદાન્તની થોડીક વાતો કરતાં આવડે અને **अहंब्रह्मास्मि** બોલી દે, તેજ કાંઇ ખરા જ્ઞાની નથી; કારણ કે ઇશ્વરીજ્ઞાનનો સંબંધ તો ઇશ્વરીસ્નેહની સાથે છે, એટલે જ્યાંસુધી જગતના જીવો સાથે ભલાઇ કરી દેખાડે નહિ ત્યાંસુધી કોઇપણ માણસ જ્ઞાની થઇ શકે નહિ. હજી આમાં ઘણી વાતો કહેવાની રહી જાય છે, પણ પંડિતજી ને પ્રૉફેસર સાહેબ બન્ને જણા સાવ સૂકાટાટ જેવા છે, એટલે ઝીણી ઝીણી ઉંડી બાબતોમાં તેમને કંટાળો લાગશે, એમ ધારીને કેટલીક બાબતો ખાસ છોડી દીધી છે. પંડિતજી ! જો કે ઇશ્વરીજ્ઞાનની અહિં સમાપ્તિ થાય છે, તોપણ ઈશ્વરના સત્યસંકલ્પ જાણી લેવાથી કેટલાક મહાત્માઓને ઈશ્વરીઉદ્દેશમાં મદદ કરવાની ઇચ્છા થાય છે. જો કે તેઓના સંકલ્પ નાશ પામેલા હોયછે, તેઓની વાસના બળી ગએલી હોયછે, અને તેઓ પોતાનું પોતાપણું ભૂલી ગએલા હોયછે, તોપણ જે સ્નેહથી તેઓ આવી પરમપદની સ્થિતિએ પહોંચ્યા છે તે સ્નેહ પોતાનાં સુખને ખાતર નહિ, પણ ઈશ્વરીજ્ઞાનને લીધે કુદરતી રીતે ફરીથી તેઓને

યાદ આવી જાય છે. જેમ કેરીનો રસ ચૂસી લીધા છતાં પણ ગોટલી બાકી રહી જાય છે, તેમજ બ્રહ્માનંદના આનંદમાં પણ ઇશ્વરી-સ્નેહનું બીજ રહી જાય છે, કારણ કે એ સ્નેહરૂપી ગોટલીમાંથીજ જ્ઞાનરૂપી આંબો થએલો છે, એટલે કુદરતી રીતેજ આંબામાં એ ગોટલી હોય છે. જો કે એ ગોટલી ફરીથી ન ઉગી શકે તેવી રીતે બળેલી હોયછે, તોપણ દિવ્યઇશ્વરીજ્ઞાનને લીધે ઇશ્વરનો ઉદ્દેશ, પોતાનો આનંદ અને જગતના જીવોનું દુઃખ, એ બધું જાણી લેવાથી તેને એમ લાગી જાયછે કે, હું આવા આનંદમાં પડયો રહું અને મ્હારા ભાઈ-બંધો દુઃખી રહે! છતાં સાધનોએ હું તેઓને મદદ ન કરૂં ત્યારે ધૂળ પડી મ્હારા આનંદમાં! એમ લાગવાથી તે જ્ઞાની મહાત્મા ફરીથી પોતાના સ્નેહને જગાડે છે, એટલે કે બળી ગએલાં બીજમાં તે પાછું નવું જીવન મૂકે છે, કારણ કે હવે પોતાને ખાતર તેને કાંઈ કરવાનું નથી, પણ હવે તો માત્ર જીવો ઉપરની દયાને લીધે અને ઇશ્વરીઉદ્દેશમાં મદદ કરવાને ખાતરજ તે ફરીથી જગતની સેવા કર-વાનું કામ કરવા ઇચ્છે છે, એટલે કર્મમાં બંધાઈ જવાની તેને ફિકર હોતી નથી; વળી એ સ્નેહનાં બીજને વધી જતાં પણ કાંઇ વાર લાગતી નથી, કારણ કે સ્વાર્થવૃત્તિનો ત્યાં અભાવ હોય છે, અને ઇશ્વરને ખાતરજ તેને વધવાનું હોય છે, એટલે જેટલું તેઓમાં ઇશ્વ-રીજ્ઞાન હોય તેટલોજ તેઓમાં ઇશ્વરીસ્નેહ પણ આવી જાય છે; એટ-લુંજ નહિ પણ જે મહાત્મા એવી સેવા કરવા ઇચ્છે છે તે પોતે પણ દેવોના દેવ જેવો હોયછે, એટલે તેની આગળ બધાં કામો સ્હેલાં થઈ પડે છે, તેથી તે જગતને બહુ મદદ કરી શકેછે. આવાં ઉત્તમ સાધનોવાળા મહાત્માઓને જગતના દુઃખી થતા જીવોની ઉપર દયા કરવાનું મન કેમ ન થાય? થાયજ. કારણકે ઇશ્વરીજ્ઞાનના બળથી તેઓ તો એમજ અનુભવતા હોય છે કે,

"મ્હારો આત્મા સૌમાં વ્યાપી રહેલો છે, અને સૌનો આત્મા મ્હારામાં પ્રકાશી રહેલો છે, એટલે આ આખું જગત એ મ્હારૂં અંગ છે. મ્હારી આંખોને હું ઠંડી રાખું અને મ્હારા પગને હું અગ્નિમાં બળવા દઈશ કે? મ્હારા નાકને હું ફૂલ સુંઘવા આપું અને મ્હારા હાથને હું કાપી નાંખવા દઈશ કે? મ્હારી જીભને રસ ચાખવા દઉં અને મ્હારો કાન ભલે કપાઇ જાય એમ હું ઇચ્છીશ કે? નહિજ, કારણ કે જેમ જીભ મ્હારૂં અંગ છે તેમજ કાન પણ મ્હારૂં અંગ છે, અને તેમજ આ આખું જગત પણ મ્હારૂં અંગ છે; હું આગળ વધી ગયોછું ને તે પાછળ રહી ગયા છે, એટલો સ્થિતિમાં ભેદ છે, પણ કાંઇ સ્વરૂપમાં ભેદ નથી, માટે મ્હારે તેને મદદ કરવી જોઇએ. હું આવા આનંદમાં પડયો રહું અને મ્હારા ભાઇબંધો દુનિયાદારીના દુઃખોમાં પડયા રહે એ હું જોયા કરૂં કે? પામરોની પેઠે જો હું પણ એમ જોયા કરૂં તોપછી મ્હારો આ દરજ્જો મને શું કામનો? ઇશ્વરની હજુરમાં પહોંચ્યા માટે શું પોતાનાજ આનંદમાં પડયું રહેવું? આવી સ્વાર્થવૃત્તિ કાંઈ અમોને શોભે નહિ, અને તેમાં પણ શ્રીહરિની હજુરમાં તો તે નજ શોભે, માટે અમારે તો સેવા સ્વીકારવીજ જોઇએ. જે જીવોને અમે મદદ આપી શકીએ તેમ છીએ તે જીવોને અમારે મદદ કરવી જોઇએ અને અમારી માફક તેઓ પણ જલદીથી શ્રીહરિની હજુરમાં આવે એમ અમારે ઇચ્છવું જોઇએ. અરે! જે સ્નેહથી—જે સેવાથી અમે આ દરજ્જે પહોંચ્યા તે સેવા હવે છોડી દઇએ કે? એ કેમ બને? અમારૂં અંગ રોકી રાખીને અમે કેમ સુખી રહી શકીએ? આ જગત તે અમારૂં અંગ છે, તેમાં ઇશ્વિરીજ્ઞાન એ આંખ છે, અને ઇશ્વિરીસ્નેહ એ હૃદય છે, આંખને સારી રાખીએ અને હૃદયને ખરાબ કરી નાંખીએ તો કેમ સુખી રહી શકીએ? માટે

મોક્ષધામમાં–ઇશ્વિરની હજુરમાં જવાથી કાંઈ ઇશ્વરીસ્નેહને તોડી નંખાય નહિ, એને તો ઉલટો વધારવો જોઇએ; કારણ કે જેમ જેમ એ વધે છે તેમ તેમ જગતરૂપી શરીર સુધરતું જાય છે. મ્હારો આત્મા એ મ્હારી આંખ છે, તેના શુદ્ધ સ્વરૂપથી મને જ્યારે આટલો બધો આનંદ થાય છે, ત્યારે જો મ્હારૂં આખું શરીર સારૂં હોય, એટલે કે જગતના બધા જીવો સુખી હોય, મુલકો આબાદ હોય, વિદ્યા–હુન્નર વધારે હોય, ભાઇબંધી વધારે હોય, ધર્મનું બળ હોય અને જેમ અમે આત્માનું શુદ્ધસ્વરૂપ સમજીને આનંદ પામીએ છીએ તેમ કરોડો લોકો એ સ્વરૂપ સમજીને અમારા જેવો ઇશ્વિરી આનંદ ભોગવતા હોય તો એ જોઇને અમોને કેટલો બધો આનંદ થાય? અને એવાં શુભ કામમાં ટેકો આપવાની અમોને તક મળે એ અમારૂં કેટલું બધું અહોભાગ્ય ગણાય? તથા એવાં મહાન કામમાં ટેકો આપવા માટે અમે પ્રભુના કેટલા બધા કૃપાપાત્ર થઈ શકીએ? એ ખ્યાલ તો કરો. જો બરાબર રીતે એ ખ્યાલ કરી શકતા હો તો તમોને એમજ લાગે કે જગતમાં ઇશ્વિરીસ્નેહ ફેલાવવો એટલે કે જગતની સેવા કરવી, એજ સાચો ધર્મ છે, એજ સાચું સ્વર્ગ છે, અને એમાંજ અદૃષ્ય ઇશ્વિરનું પ્રત્યક્ષ સ્વરૂપ છે; માટે અમે તો મોક્ષના આનંદ ભોગવ્યા પછી પણ અને બ્રહ્માનંદના લ્હાવા લીધા પછી પણ પાછા સેવાનીજ ઇચ્છિા રાખીએ છીએ, કારણ કે અમારે તો સેવા એજ સાધન છે, ને સેવા એજ ફળ છે."

બેટી, મુક્ત થએલા ને મોક્ષધામમાં રહેલા મહાત્માઓ આમ કહે છે, માટે જો ત્હારે સાચું સ્વર્ગ ભોગવવું હોય તો બહારનાં લફરાંઓ છોડીને જગતની સેવામાં લાગી જા. પંડિતજીની પેઠે ઢોંગસોંગમાં ને આપલપોપલીયામાં રહી જવામાં કાંઇ નહિ વળે, અને પ્રૉફેસર સાહેબની પેઠે દરેક વાતમાં "છટ નૉન્સન્સ" કરવામાં પણ

કાંઈ નહિ વળે; માટે આર્યધર્મના જે બે મહાન સિદ્ધાંત–પ્રભુપ્રેમ અને બ્રહ્મજ્ઞાન–કે જેમાંથી સનાતનધર્મ ઉત્પન્ન થયો છે, ને જેને આધારે ટકી રહ્યો છે; તે બે મૂળસિદ્ધાંતો સમજ, અને તે પ્રમાણે વર્ત્ત, એટલે સ્વર્ગ ત્હારા હૃદયમાંજ છે, અને પ્રભુ ત્હારી પાસેજ છે.

પ્રાચીન યજ્ઞોનું રહસ્ય.

આવી રીતે પ્રભુપ્રેમ અને બ્રહ્મજ્ઞાનમાંથી સનાતનધર્મ ઉત્પન્ન થએલો હોવાથી એ બંને અંગો જેમાં આવી જાય એવી કોઈ બહારની ક્રિયાની લોકોને જરૂર પડી. એ બહારની ક્રિયા તે આપણા અસલના યજ્ઞો છે. એમાં ઈશ્વરીસ્નેહ એટલે કે ભ્રાતૃભાવ અને બ્રહ્મજ્ઞાન એ બંને બાબત આવી જાય છે, માટેજ ઋષિયોએ યજ્ઞોની અતિશય સ્તુતિ કરેલી છે; કારણ કે ધર્મનાં બે મહાનતત્ત્વો એકજ ક્રિયાથી સિદ્ધ થાય એ બહુ ખુબીની વાત છે. યજ્ઞોમાં વેદના મંત્રોથી પ્રભુના ગુણ ગવાતા હતા અને બહારની ક્રિયાઓથી મનને કાબુમાં રાખવાનું તથા ભાઈબંધી વધારવાનું શીખવવામાં આવતું હતું. જ્યાં યજ્ઞ થાય ત્યાં હજારો ને લાખો રૂપિયાનું ખર્ચ થતું હતું, દેશ દેશાવરના વિદ્વાનોની યજ્ઞમંડપમાં સભા થતી હતી, તેમાં ધર્મચર્ચા ચાલી તેના નિર્ણય થતા હતા, યજ્ઞનાં દર્શન માટે આજુબાજુનાં સેંકડો ગામડાઓનાં હજારો લોકો આવતા, તેઓ તિતિક્ષા શિખતા અને તેઓમાં ધર્મભાવનાની જાગૃતિ ફેલાતી હતી. એ સિવાય જ્યાં યજ્ઞ થાય ત્યાં મેળા ભરાતા હતા. એ મેળામાં પ્રદર્શનો થતાં તેથી વેપાર વધતો હતો અને તેમાં ગુણીઓને આશ્રય તથા ગરીબોને મદદ મળતી હતી. વળી એ યજ્ઞમંડપમાં પંડિતોને નવા નવા વિદ્યાર્થીઓ મળતા હતા, અને વિદ્યાર્થીઓને જૂદા જૂદા વિષય જાણનારા ખાસ ગુરૂઓ મળતા હતા. દેશ દેશાવરના જૂદા જૂદા ગુણવાળા બહુ પ્રતિષ્ઠિત

લોકો ભેગા થતા હતા અને તેઓમાં પણ પોતપોતાની વિદ્યા તથા ગુણુ માટે હરિફાઈ ચાલતી હતી, એટલે એવા પ્રસંગોમાં વિદ્યા-હુન્નરમાં નામ મેળવવા સારૂ લોકોમાં બહુ કાળજી રહેતી હતી, તેથી લોકોમાં હુનર–કળા વધતાં હતાં. એ સિવાય યજ્ઞસભામાં હાજર થએલા વૈદ્યકશાસ્ત્ર જાણનારા પંડિતો તરફથી બિમારોને મફત દવા આપવાનું કામ પણ ચાલતું હતું, એટલે જે ગામમાં યજ્ઞ થાય તે ગામમાં સ્વાભાવિક રીતેજ ધર્માદાનું દવાખાનું પણ ખોલાઈ જતું હતું. એવી રીતે જો કોઇ વિદ્વાનને પુસ્તક બહાર પાડવું હોય તો પ્રથમ વિદ્વાનોની સભામાં પંડિતોને તે બતાવવામાં આવતું હતું, અને એ પંડિતો બહુમતે પુસ્તક પસંદ કરી તેમાં પોતાની સમ્મતિ આપે ત્યારેજ તે પુસ્તક બહાર પડતું હતું. વિદ્વાનોની સમ્મતિ લીધા વિના ધર્મ સંબંધી કોઇપણ પુસ્તક બહાર પડી શકતું નહિ, અને કદિ કોઈ માણસ વિદ્વાનોનો અભિપ્રાય લીધા વિના પોતાનું પુસ્તક બહાર પાડવાની હુલડાઈ કરે તો લોકો એ પુસ્તક વાંચવાની દરકાર રાખતા નહોતા. આવી રીતે હોવાથી કચ-રાપટી જેવાં ચીંથરીઆં પુસ્તકો બહાર પડી શકતાં નહોતાં, તેથી ધર્મસંબંધી બાબતોમાં હલકા પ્રકારના વિચારોથી પ્રજા બચી શકતી હતી. જો કે આગળ વધેલા કેટલાક બંધુઓને આ નિયમો સાંકડા વિચારના લાગશે, તોપણ દરેક દેશમાં ને દરેક કાળમાં સામાન્ય લોકોને માટે આવા કાંઇક નિયમો હોય છેજ. એ સિવાય જ્યાં યજ્ઞ થાય ત્યાં રાજાઓ હાજર થતા હતા, તેથી તેઓ પ્રજાના વિચારો અને પ્રજાનાં દુઃખો જાણી શકતા હતા, એટલુંજ નહિ પણ યજ્ઞમાં ભેળા થયેલા પંડિતોની રાજાઓ મુલાકાત લેતા હતા, એ વખતે તે પંડિતો પ્રજાની અગવડો રાજાને સમજાવતા હતા, અને જરૂર પડે તો બે કડવાં વચનો કહીને પણ કેટલાક ખાસ હક્કો પ્રજાને મેળવી આપતા હતા. ગુણિયલ કન્યા અને લાયક વર મેળવવા માટે પણ

યજ્ઞનો ઉત્સવ ઉપયોગી થઇ પડતો હતો. એ સિવાય યજ્ઞક્રિયામાં રહેલા ધર્મનાં બળથી સેંકડો માણસો પાપકર્મો છોડી દેવાના પોતાના મનમાં ઠરાવો કરતાં હતાં, અને સેંકડો માણસો ધર્મનાં કામો કરવાના સંકલ્પો કરતાં હતાં. આવો ઇશ્વિરીસ્નેહ હતો, આવો ભ્રાતૃભાવ હતો, આવો સ્વદેશપ્રેમ હતો અને આવો પરમાર્થ હતો, તેથીજ તે યજ્ઞો ફળિભૂત થતા હતા.

યજ્ઞો બંધ પડવાનું કારણઃ—

પંડિતજી ! આવી રીતે ઘણો કાળ ચાલવા પછી જમાનો બદલાયો, અને જ્યારે જમાનો બદલાય છે ત્યારે ઘણા આચારવિચારો અને ધર્મની રીતિઓ પણ બદલાઈ જાય છે.

"* જેમકે, આ સૃષ્ટિ તો અનાદિ કાળથી છે, પણ અમુક વખતે કુદરતના કાંઇ ચોક્કસ ભેદોને લીધે તેનો પ્રલય થઇ જાય છે. એ પ્રલય પછીના પહેલા કાળને સત્યુગ કહે છે. એ વખતે માણસો નિરોગી, લાંબા આયુષ્યવાળાં, ઓછાં સાધનોવાળાં અને સહનશિલ હોય છે, એટલે એ કાળમાં બીજાં કોઇપણ સાધનો કરતાં તપ કરવું તેઓને બહુ ફાવે છે, તેથી એ કાળમાં લાંબી મુદ્દત સુધી લોકો તપ કરતા હતા. એ પછી વખત જતાં જમાનો બદલાયો, પ્રજાની સમૃદ્ધિ વધી, ધંધો રોજગાર વધ્યા, જૂદાં જૂદાં રાજ્યો થયાં, મોજશોખ તરફ લોકોનું વલણ થયું અને માન મેળવવાની તથા નામ કાઢવાની ઇચ્છા પ્રબળ થઈ; તેથી તપ તરફ લોકોની અરૂચિ થવા લાગી, એટલે તે વખતે દેશસ્થિતિ અને લોકરૂચિ પ્રમાણે ઘણી ઘણી જાતના યજ્ઞો અને નવા નવા પ્રકારનાં કર્મકાંડ થવા લાગ્યાં. એ પછી ઘણાં વરસો થયા બાદ વળી સમય બદલાયો. એ

* "સ્વર્ગની કુંચી" નામના પુસ્તકમાંથી પાનું ૧૫૮.

વખતે લોકોનું ધર્મજ્ઞાન વધ્યું, યજ્ઞોના દેવથી તેઓને તૃપ્તિ થઇ નહિ, તેઓને કોઇ મૂર્તિમાન દેવની જરૂર લાગી, તેથી તેઓએ પોતપોતાની ઉંચામાં ઉંચી કલ્પના પ્રમાણે શિવ–વિષ્ણુની સુંદરમાં સુંદર મૂર્તિઓ બનાવી, અને તેની તેઓ ખરાભાવથી પૂજા કરવા લાગ્યા. આમ થવાનું બીજું પણ એક કારણ હતું, તે એ કે પાછળથી યજ્ઞમાં પશુઓનું બળિદાન આપવાનો રિવાજ ચાલ્યો હતો, એ કમકમાટી ઉપજાવનારાં બળિદાનની સામે મ્હોટો પોકાર ઉઠયો, અને તેની વિરૂદ્ધમાં જૂદા જૂદા ધર્મો ખડા થયા, એટલુંજ નહિ પણ એ વખતે દેશમાં પરદેશીઓ આવ્યા હતા, વસ્તી વધી ગઇ હતી અને સમૃદ્ધિના વિભાગ પડી ગયા હતા, એટલે ઘણા લોકો સ્હેલાઇથી યજ્ઞો કરી શકે તેમ નહોતું, અને મૂર્તિપૂજા તો એ વખતે સૌથી સ્હેલાઇથી બની શકે તેમ હતી, એટલે યજ્ઞ નાબૂદ થયા અને તેને બદલે મૂર્તિપૂજા થવા લાગી.”

અસલનાં મંદિરો ને પૂજારીઓ.

પંડિતજી ! આવી રીતે જમાના પ્રમાણે સ્વાભાવિક રીતેજ મૂર્તિપૂજાની સ્થાપના થઇ; કારણ કે યજ્ઞો કરતાં તેમાં વધારે સગવડતા હતી, અને એથી પણ યજ્ઞોના જેટલુંજ કલ્યાણ થતું હતું. એ વખતે મૂર્તિપૂજાનું બંધારણજ એવા પ્રકારનું હતું કે જેથી દેશને, લોકોને અને ધર્મને ફાયદો થયા વિના રહેજ નહિ; કારણ કે એ વખતે શિવાલય સિવાય બીજા કોઈ દેવ–દેવીનાં મંદિરો નહોતાં, દરેક નાનાં ગામમાં પણ શિવનાં મંદિરો હતાં. એ મંદિરોના પૂજારી નિમવાનું કામ ગામના મહાજનના અખ્તિયારમાં હતું, તેઓ કોઈ પરમાર્થી અને જ્ઞાનીબ્રાહ્મણને એ કામ સોંપતા હતા, એટલે ગામનાં છોકરાઓ તે મંદિરના પૂજારી પાસે ભણતાં હતાં. મંદિરની પાસે

ધર્મશાળા રહેતી, તેમાં મુસાફરો ઉતરતા હતા અને તે અતિથિઓનો સત્કાર મંદિરના પૂજારીઓ કરતા હતા. એ સિવાય મંદિરના પૂજારીઓ અને તેઓના શિષ્યોમાંથી કોઈ વૈદક પણ જાણતા હતા, એટલે બિમારોને દવા આપવાનું દયાનું કામ પણ મંદિરોમાંજ ચાલતું હતું. અનાથબાળકો, ગરીબભીખારીઓ, અને નિરાધારઅપંગોને મંદિરોની ધર્મશાળાઓમાંજ આશરો મળતો હતો. ધર્મને લગતા ગુંચવણ ભરેલા જે સવાલો ઉભા થાય તેનો નિર્ણય પણ મંદિરના જ્ઞાનીપૂજારીઓજ કરતા હતા. એ સિવાય ગામના લોકોને ધર્મ પળાવવામાં પૂજારી પોતાનો લાગવગ વાપરી શકતા હતા, રાજાના કારભારીઓ પણ પૂજારીની સલાહ માનતા હતા, એટલે ગામના હલકા વિચારના લોકો ઉપર પણ તેનો ધાક રહેતો હતો. એ સિવાય તહેવારો અને ઉત્સવોના દિવસમાં વરસમાં ઘણી વખત મંદિરો પાસે મ્હોટા મેળા ભરવામાં આવતાહતા, અને ઘણી જાતની સુંદર કારીગીરીની જૂદી જૂદી ઉત્તમરચનાઓ કરવામાં આવતી હતી. આ બધું ખરચ ગામના લોકો, શ્રીમંતો અને રાજાઓ આપતા હતા. ગામના લોકો મંદિરોનું ખરચ નિભાવે તે બદલ રાજાઓ તેમની પાસેથી ખાસ ઓછા કર લેતા હતા, અને રાજાએ છોડી દીધેલા કરનો ભાગ ગામના લોકો મંદિરો પાછળ ખરચતા હતા. આવી રીતે જ્યારે કોઇને ભારે ન પડે તેવી રીતની ઉત્તમ વ્યવસ્થા હતી, રાજા પ્રજા વચ્ચે આવી ઐક્યતા હતી, આવો પરમાર્થ હતો અને આવું ધર્મબળ હતું ત્યારે મૂર્તિપૂજાથી પણ પ્રાચીન ઋષિયોના પવિત્ર યજ્ઞોના જેટલુંજ આપણા પૂર્વજોનું કલ્યાણ થતું હતું; કારણકે ઇશ્વિરીસ્નેહની સામું જોઇનેજ ઇશ્વિર ઇનામ આપે છે, એટલે જે વખતે મંદિરોમાંજ ધર્મજ્ઞાન શિખવાની નિશાળો હોય, જે વખતે દુનિયાદારીમાં આગળ વધવાનું જ્ઞાન પણ મંદિરોમાંથીજ મળતું હોય, જે વખતે સદાવ્રતો

મળતાં હોય, જે વખતે દવાખાનાંઓ મંદિરોમાંજ હોય, જે વખતે ધર્મસભાઓ મંદિરોમાંથીજ ભરાતી હોય, જે વખતે મંદિરોમાંથીજ લોકોની નીતિ-રીતિ ઉપર દેખરેખ રાખવામાં આવતી હોય, જે વખતે મંદિરોમાંથીજ ન્હાના ન્હાના ઇન્સાફોનો ચુકાદો થતો હોય, જે વખતે મંદિરોમાંથીજ હુનર-કળાને ઉત્તેજન મળતું હોય અને જે વખતે મંદિરોમાંથીજ સત્યઇશ્વરીજ્ઞાન મળતું હોય ત્યારે દેશ આબાદ હોય, લોકો સુખી હોય અને પ્રજા ધર્મભાવવાળી હોય તેમાં નવાઇ શું ? જે વખતે આંતરનો-ઇશ્વરીસ્નેહનો-આવો સત્યધર્મ ચાલતો હોય ત્યારે મૂર્તિપૂજાથી પણ લોકો તરી જાય એમાં કાંઈ નવાઇ નથી.

મંદિરોની મહત્તાનું કારણઃ-

પંડિતજી ! આવી રીતે અસલના વખતમાં મંદિરોની સાથે પરમાર્થ જોડાએલો હતો, તેથીજ તેની મહત્તા હતી, અને તેથીજ લોકોનું કલ્યાણ થઇ શકતું હતું. આ વાતોથી તમારે ખુશી થવું જોઇએ, કારણ કે મૂર્તિઓ તો જડવસ્તુઓ છે, અને મંદિરો તો ઇંટ, પથ્થર, લાકડાં કે માટીનાં મકાનો છે, એટલે તેઓથી કાંઇ કલ્યાણ થઇ શકે નહિ; જે કલ્યાણ કરવાવાળી સાચીવસ્તુ છે તે તો આપણી ઉત્તમભાવનાઓ છે. એ ભાવનાઓને ખીલવનારા પૂજારીઓ છે, અને તે પૂજારીઓ બ્રાહ્મણો છે, માટે મંદિરો વિષે જે જે કહ્યું તે બધું બ્રાહ્મણોમાટે સમજવાનું છે; કારણ કે મંદિરોની પ્રથમ સ્થાપના કરનારા બ્રાહ્મણો હતા, મંદિરોના પૂજારીઓ બ્રાહ્મણો હતા અને ધર્મની ઉન્નતિ કરનાર બ્રાહ્મણો હતા; એટલે મંદિરોમાં જે ઇશ્વરીસ્નેહ હતો તે બ્રાહ્મણોની ભલાઈનુંજ ફળ હતું, અને મંદિરોમાં જે જ્ઞાન હતું તે બ્રાહ્મણોના નિસ્પૃહિપણાનુંજ પરિણામ હતું. જો કે મંદિરોની માલેકી મહાજનની હતી અને મંદિરોનું પોષણ રાજ્ય તથા ગામ

તરફથી થતું હતું, તોપણ તે ચલાવનારા તો બ્રાહ્મણો હતા. એ રીતે મંદિરોની મારફત ધર્મનું રક્ષણ થતું અને ધર્મનું રક્ષણ થવાથી દેશનું, રાજ્યનું તથા લોકોનું જે કલ્યાણ થતું હતું તેમાં બ્રાહ્મણોનો મુખ્ય હાથ હતો, એમ જગતનો ઇતિહાસ જાણનારા પરદેશીઓ અને પરધર્મીઓ પણ કબૂલ કરે છે.

અસલના પૂજારીઓનું નિસ્પૃહિપણું:-

પંડિતજી ! એ વખતે મૂર્તિપૂજાની મારફત બ્રાહ્મણો જગતનું એટલું બધું કલ્યાણ કેમ કરી શકતા, અને આજે આપણી મૂર્તિપૂજા "બચ્ચાંબાળના ખેલ" જેવી કેમ થઈ પડી છે, એનું કારણ તમે જાણો છો ? એનું કારણ અસલના બ્રાહ્મણોનું નિસ્પૃહિપણું એજ છે. એ નિસ્પૃહિપણાને લીધે જગતની સેવા કરવાને માટે* "લોકોને તેઓએ ઘણી જાતની ઉત્તમ સ્વાદિષ્ટ ચીજો શોધી આપી, પણ તેઓ પોતે તો માત્ર પવન ખાઇનેજ રહેતા હતા. સેંકડો જાતનાં કપડાં તેઓએ બનાવી આપ્યાં, પણ તેઓને તો ઝાડની છાલના રેસામાંથી બનાવેલી ચાર આંગળ પહોળી ને સવા હાથ લાંબી એક લંગોટીજ ખપતી હતી. સુંદર પલંગ, હીંડોળાખાટ, ગાદી-તકીયા અને બીજાં પણ કેટલાંક આસનો બનાવ્યાં હતાં, પણ પોતાને માટે તો ગાયના છાણથી લીંપેલી કઠિન જમીનજ પસંદ કરી હતી. સુગંધી તેલો, સુવાસિક અત્તરો અને ગુલાબજળ વગેરે મગજને તર કરનારી ખુશબોદાર વસ્તુઓ બહુ સ્હેલાઇથી મેળવવાની કૃતિ લોકોને બતાવી હતી, પણ પોતે તો ધૂણીની રાખનું મર્દન કરવામાંજ આનંદ માનતા હતા. વિશ્વકર્માના જેવી અદ્‌ભૂત કારીગીરીવાળાં ભવ્ય દેવાલયો, સુંદર મકાનો, વિશાળ પાઠશાળાઓ અને જેને જોતાં અલૌકિકભાવ ઉત્પન્ન થાય

* "કાઠીયાવાડી તોપ" નામના પુસ્તકમાંથી.

એવા મનોહર યજ્ઞમંડપો બાંધ્યા હતા, પણ પોતાને માટે તો માત્ર ચાર ચોરસ હાથની એક અંધારી ગુફાજ પસંદ કરી હતી. લોકો તેમને પિતા કહેતા, દેવ કહેતા, તેમની પૂજા કરવા ઇચ્છતા અને તેમની મૂર્તિ સ્થાપવાની આજ્ઞા આપવા વિનવતા હતા; પણ તે મહાત્માજી કહેતા કે,

"જેવા તમે મનુષ્ય છો તેવોજ હું પણ મનુષ્ય છું. તમે તમારા આત્માનો ઉદ્ધાર કરો. ભાઇઓ! તત્ત્વને શોધો, ફીણને વળગો માં. મળ-મૂત્રાદિથી ભરેલા દેહની એટલી બધી કાળજી કરોમાં. ઇશ્વરે દેહ એવી રીતનો બનાવેલો છે કે તેને જેવી સ્થિતિમાં રાખવાનો અભ્યાસ કરીએ તેવી સ્થિતિમાં રહી શકે છે. જેની દરકાર કરવાની છે તેને છોડીને માયામાંથી ઉત્પન્ન થએલાં ને માયામાં મળી જનારાં શરીરનાં કલ્પિત સુખની દરકાર ન કરો. જેને તમે સુખ કહો છો તે કાંઈ બહારની વસ્તુ નથી, તમારા મન સાથે સુખનો સંબંધ છે, સુખ દુઃખ કોઇ વસ્તુમાં નથી પણ તમારાં મનમાં છે. જેમ જેમ સુખને પકડવા જશો તેમ તેમ તે દૂર જતું જશે, જેમ જેમ તેને માટે વધારે તરફડીયાં મારશો તેમ તેમ માયામાં વધારે બંધાતા જશો, કારણ કે ભાઇઓ! યાદ રાખજો કે શરીરસુખમાંજ પુરૂષાર્થની સમાપ્તિ નથી, શરીરસુખ સાચવવાથીજ કાંઈ જીંદગીની સાર્થકતા થતી નથી; શરીર સુખ સિવાય બીજું પણ કાંઇક મહાતત્ત્વ-ગંભીર સત્વ-છે. એ તત્ત્વ સ્હેલાઇથી સમજી શકાય તેવું નથી, તેમ કઠિનતાથીજ મળે એમ પણ નથી. માત્ર ભલાઇ, શુભેચ્છા અને પરમાર્થદષ્ટિજ જોઇએ; એ સિવાય એ તત્ત્વ મેળવવાને માટે બીજો એકે સરલ રસ્તો નથી. મનુષ્યનું મન માત્ર વ્યવહારની જાળથીજ સંતોષ પામી શકશે નહિ, મનુષ્યની બુદ્ધિ સ્થૂલવસ્તુથીજ તૃપ્ત થઇ શકશે નહિ અને મનુષ્યના અંતઃકરણમાં જે કાંઇક સ્વાભાવિક ઝબકારો છે તે સ્વયંજ્યોતિ

જોયા વિના શાંત પડશે નહિ; માટે તમારે એ અનિર્વચનિય ભેદી-તત્ત્વ સમજવા યત્ન કરવો જોઇએ. જ્યાંસુધી એ તત્ત્વને તમે નહિ ઓળખો ત્યાંસુધી તમારો અંતરાત્મા તૃપ્ત થવાનો નથી; અને જ્યાં-સુધી અંતરાત્મા તૃપ્ત નહિ થાય ત્યાંસુધી શાંતિ થવાની નથી. એ નક્કી સમજજો."

"દેશને આબાદ કરી ઇશ્વરીજ્ઞાન ફેલાવ્યા પછી મહાત્માજી પરમપદને પામ્યા. એ વખતે ગળગળિત સાદે રોકયા છતાં મૂકાઈ જતા ધ્રુસકા વચ્ચે ત્યાંની સમગ્ર પ્રજાએ કહ્યું કે, "ઉત્તમ બંધારણોથી સુધારી વધારી સમૃદ્ધિવાન કરેલું રાજ્ય અમારી આજીજી છતાં પણ તેમણે ન રાખ્યું; ટાઢા છાંયડાના આબરૂદાર સમૃદ્ધિવાન વ્યાપારની પડખે પણ તેઓ ન વ્હડયા; જાતમહેનતથી ભૂમિમાતાની સેવા કરી સ્વતંત્રપણું જળવાય તેવી ખેતી પણ તેઓએ ન સ્વીકારી; જેમાં વાહવાહ થાય, તડાકો પડે અને લોકોને ગરજ ભોગવવી પડે એવી હુન્નર-કળા પણ તેમણે કબૂલ ન રાખી; આધાર વિનાને રસ્તો થઇ પડે અને આજીવિકા ચાલે એવી નોકરીને પણ તેમણે ઠોકર મારી; છેવટ ઉદરપોષણાર્થે ભીખ રહી, તેને પણ તેમણે ધિઃકારી કહાડી! બધાં સાધનો પોતાની પાસે તૈયાર છતાં પણ માત્ર લોકોની દયા ઉપરજ તેઓ રહ્યા! ભણવું-ભણાવવું, દાન દેવું તથા લેવું, અને ઇશ્વિરની ભક્તિ કરવી તથા કરાવવી, એ સિવાય જેમણે પોતાને માટે બીજું કાંઇજ રાખ્યું નહિ એવા નિસ્પૃહિ સજ્જનો ક્યાં છે? ક્યાં છે? અરે! જેના ચરણની રજથી અમે પવિત્ર થઇએ, જેના શ્વાસથી જગતમાં શાન્તિ પ્રસરી રહે, જેના શબ્દોથી માનવવૃત્તિયો જાગૃત થઈ જાય, જેના દર્શનથી હૃદય કોઈ ઉન્નતભાવમાં તણાય, જેના સ્મર્ણથી ધર્મભાવ સ્ફુરાયમાન થઇ જાય અને જેનાં ચરિત્રથી અમોને ઘણા પ્રકારનું ગુપ્તરીતે બળ મળે તે મહાત્મા ક્યાં ગયા?

ક્યાં ગયા ? અરે ! હવે અમારા દેશનું શું થશે ? એ રીતે લોકો વિલાપ કરતા હતા."

દેશ આબાદ હોય તોજ ધર્મનું જ્ઞાન વધી શકે.

પંડિતજી ! યાદ રાખજો કે જ્યારે આવા નિસ્પૃહિ બ્રાહ્મણો હતા ને જ્યારે આવા પરમાર્થી પૂજારીઓ હતા ત્યારેજ દેશ આબાદ હતો, અને દેશની આબાદીને લીધેજ લોકોમાં ધર્મજ્ઞાન વધ્યું હતું, તથા એ ધર્મજ્ઞાનને લીધેજ મૂર્તિપૂજાથી કલ્યાણ થઇ શકતું હતું. જો એ વખતે દેશ આબાદ ન હોત અને લોકોમાં ધર્મભાવના ખીલેલી ન હોત તો મૂર્તિપૂજાથી કાંઈ કલ્યાણ થઇ શકત નહિ; કારણ કે મૂર્તિ તો જડ છે, મૂર્તિમાં બળ નથી, પણ આપણી ભાવનામાં બળ છે; અને જ્યારે બહુ અનુકૂળતા હોય ત્યારેજ ઉત્તમભાવનાઓ ખીલી શકે છે, તથા દેશ આબાદ હોય ત્યારેજ એવી અનુકૂળતા હોય છે, માટે આપણું ઇશ્વિરીજ્ઞાન વધારવા સારૂ અમે સ્વદેશની સેવા કરવાનું કહીએ છીએ. જગતના ઇતિહાસથી સાબીત થાય છે કે કોઇપણ દેશમાં કે કોઇપણ પ્રજામાં ગરીબાઇ અને ગુલામગીરી જેવા દુઃખના વખતમાં ઈશ્વિરીજ્ઞાન વધ્યું નથી; એવા વખતમાં ધર્મઝનુન વધે છે, પણ સત્ય ઈશ્વિરીજ્ઞાન તો દેશની આબાદી અને શાંતિને વખતેજ વધે છે. અને એ પણ યાદ રાખજો કે ગરીબાઈ અને આબાદી વચ્ચે જેટલો ભેદ છે, દુઃખ અને શાંતિ વચ્ચે જેટલો ભેદ છે, અને સ્વતંત્રતા અને પરતંત્રતા વચ્ચે જેટલો ભેદ છે તેટલોજ ભેદ ઈશ્વિરીજ્ઞાન અને ધર્મઝનુનની વચ્ચે છે. જેમ જેમ આપણો દેશ પરાધીન થતો ગયો, જેમ જેમ પ્રજા ગરીબ થતી ગઇ અને જેમ જેમ લોકોમાંથી ઇશ્વિરીસ્નેહ એટલે કે ભ્રાતૃભાવ ઓછો થતો ગયો તેમ તેમ આપણું ઈશ્વિરીજ્ઞાન ડૂબતું ગયું છે; માટે પંડિતજી ! યાદ

રાખજો કે જે કારણોથી આપણું આત્મિકજ્ઞાન નાશ પામ્યું છે તે કારણો જ્યારે દૂર થશે ત્યારેજ એ જ્ઞાન ફરીથી પાછું સજીવન થઈ શકશે. એ અડચણો દૂર થયા વિના માત્ર મૂર્તિઓથીજ કાંઇ ઇશ્વરી-જ્ઞાન વધી શકશે નહિ, કારણ કે મૂર્તિપૂજાની સાથે જે ઇશ્વરીસ્નેહનું બળ જોઇએ તે હાલમાં ક્યાં છે?

મૂર્તિપૂજા ઉપર હુમલા થાય છે તેનું કારણઃ–

પંડિતજી! આ પ્રૉફેસર જેવાઓ તમારી મૂર્તિપૂજા ઉપર હુમલા કરે છે એનું કારણ શું છે? એનું કારણ તમારા જેવા પૂજારીઓનું સ્વાર્થીપણું એજ છે. મંદિરોના માલેકોને ઘેર પાલખીઓ હોય છે, પણ તેઓના મંદિરમાં એકે વિદ્યાર્થી હોય છે કે? મંદિરોના માલેકોની બાઇડીઓનાં શરીર ઉપર પાંચ દસ હજાર રૂપિયાના દાગીના હોય છે, પણ મંદિરોના માલેકો તરફથી કોઈ ગરીબ દરદીઓનાં ગુમડાં માટે મલ-મનું ચીંથું પણ મફત અપાય છે કે? મંદિરોની જગ્યા આલેશાન અને લાખો રૂપિયાની કિંમતની હોય છે, પણ તેમાં કોઇ અજાણ્યા મુસા-ફરને જરાવાર બેસીને વિસામો ખાવાની જગ્યા પણ મળે છે કે? મંદિરોના માલેકોનાં છોકરાંઓનાં લગ્નની ધામધૂમ પાછળ હજારો રૂપિયા ખરચાય છે, પણ પોતાના ધર્મને લગતાં જૂનાં પુસ્તકોનો ફેલાવો કરવા માટે કોઇએ એક પાઈ પણ ખરચી છે કે? મંદિરોમાં ચાંદી–સોનાનાં રમકડાંના ઢગલાઓ મળશે, પણ કોઈ પૂજારી પાસેથી જમા-નાને અનુસરતાં વિદ્યા–હુન્નરનાં પુસ્તકો મળશે ખરાં કે? જૂદા જૂદા ઉત્સવો વખતે મોજ–શોખમાં અને ધામધૂમમાં હજારો રૂપિયા ખર-ચાશે, પણ પોતાનો ધર્મ ફેલાવવા માટે ધર્મના ઉપદેશકો રાખવા પાછળ કોઇએ એક દોઢીયું પણ ખરચ્યું છે કે? મંદિરોમાં મૂર્ખ પગારદાર માણ-સોનું એક ન્હાનું જેવું લસ્કર દેખાશે, પણ તેમાં કોઈ વિદ્વાનને આશ્રય

મળશે કે? મંદિરોમાં પૂજારીઓ તરફથી મ્હોટી મ્હોટી શેઠાણીઓને આગળ આગળ જગ્યા મળે છે, પણ તેમની તરફથી કોઇ દુઃખીઓની ખબર લેવાય છે કે? મંદિરોમાં ઉંચા ઉંચા પલંગો, મ્હોટી મ્હોટી હીંડોળાખાટો, સુંદર ગાલીચાઓ અને પોચાપોચા ગાદી તકીયાઓ જેટલા જોઇએ તેટલા મળી આવશે, પણ વિધવાઓએ તજી દીધેલાં નિરાધાર બાળકોને પાવા માટે બે ચમચા દૂધની તેમની તરફથી મદદ મળશે કે? કેસર, કસ્તુરી અને અત્તર તથા ગુલાબજળના બાટલાઓ મંદિરોમાં જોઇએ તેટલા હશે, પણ ગરીબ વિદ્યાર્થીઓને ધર્મનાં પુસ્તકો અપાવવાની મહેરબાની તેઓ કરશે કે? પૂજારીઓએ સેંકડો રૂપિયા ખરચીને ગંગા–જમનાની ગાગરો મંગાવેલી હશે, એ તો રહ્યું, પણ કોઈ તરસ્યા ભીખારીને આપણાં મંદિરોમાંથી સાદા પાણીનો છાંટો પણ મળશે કે? ઘણાએ નાવારસોના માલ પૂજારીઓને પચી ગયા હશે, પણ તેઓ કોઇ દિવસ અનાથોની સામે જુએ છે કે? અને મંદિરોના પ્રસાદો–રાંધેલાં અનાજો જાહેર બજારમાં વેચાય છે, પણ કોઈ અભ્યાગતને તેમાંથી અન્નનો કોળિયો મળે છે કે? નહિજ; કહો કે નહિજ. જ્યારે આમ છે ત્યારે પરમાર્થ વિનાની મૂર્તિપૂજા સુધરેલાઓને મન રમકડાં જેવી થઈ પડે તેમાં નવાઈ શું? કારણ કે મૂર્તિપૂજાનું જીવનજ ઈશ્વરીસ્નેહ છે, એટલે જો મૂર્તિપૂજાની સાથે પરમાર્થ જોડાએલો ન હોય તો તે જીવી શકેજ નહિ. અને જે પોતેજ જીવી શકે નહિ, પોતેજ મરણ તુલ્ય હાલતમાં હોય તે બીજાંઓને જ્ઞાન કેવી રીતે આપી શકે? માટે પંડિતજી! યાદ રાખજો કે જ્યાંસુધી આપણી મૂર્તિપૂજાની સાથે સત્યપરમાર્થ ન જોડાય ત્યાંસુધી એકલી લૂખ્ખી મૂર્તિપૂજાથી કાંઇપણ કલ્યાણ થઇ શકે તેમ નથી. મૂર્તિપૂજામાં જે ચૈતન્ય છે તે મૂર્તિનું પોતાનું નથી, પણ ઇશ્વરીસ્નેહનું છે, અને ઇશ્વરીસ્નેહમાંથીજ મૂર્તિપૂજાની ઉત્પત્તિ થએલી છે, માટે

ઇશ્વિરીસ્નેહ વિનાની મૂર્તિપૂજા તે જીવન વિનાનાં રમકડાં જેવુંજ કામ છે; કારણ કે ધૂપ-દીવા કરવા, ઘંટા વગાડવા, મંદિરો શણગારવાં, દેવને બહુ ફૂલો ચ્હડાવવાં, સુંદર વસ્ત્રો બનાવવાં, પાલખીઓ ને વરઘોડા કાઢવા અને સારા સારા પ્રસાદો દેવને ધરીને પોતેજ પટકાવી જવા એજ કાંઈ મૂર્તિપૂજાનું જીવન નથી અને એથીજ કાંઈ તરી જવાતું નથી; પણ મૂર્તિપૂજાનું જીવન તો ઇશ્વરીસ્નેહ છે, મૂર્તિપૂજાનું જીવન તો પૂજારીઓ પાસેથી આપણે ઇશ્વિરીજ્ઞાન મેળવીએ તથા મંદિરમાં જઇ ખરા દિલથી પ્રેમપૂર્વક શુદ્ધ અંતઃકરણની પ્રાર્થનાઓ કરીએ તે છે, અને મૂર્તિપૂજાનું જીવન તો આપણાં આચરણો સુધારીએ તે છે. બહુ નાહીએ ધોઇએ, બહુ ઘંટા વગાડીએ, બહુ ધૂપ-દીપ કરીએ અને બીજાઓને અડી જવાની બ્હીકે લૂગડાં બહુ ઉંચાં લઇએ એજ કાંઈ મૂર્તિપૂજાનું જીવન નથી; એ તો ઇશ્વરીજ્ઞાનના શરૂઆતના અભ્યાસીઓને જરાવાર બહારની ચમક આપવાનાં સાધનો છે, એ કાંઈ તત્ત્વ નથી. છતાં પણ અફસોસ કે આજે આપણે એ જરાકવારની બહારની ચમકમાંજ રહી જઈએ છીએ, તેનેજ પૂજા સમજીએ છીએ, અને ઇશ્વિરીસ્નેહને ખાતર સ્વાર્થ ત્યાગનું બળિદાન આપવાની વાત કે જે મૂર્તિપૂજાનું જીવન છે, તેને તો ભૂલીજ જઇએ છીએ. આમ છે માટેજ આપણી મૂર્તિપૂજા "બચ્ચાં બાલાના ખેલ" જેવી થઈ પડી છે.

ધર્મની સાચી ટીકાઓ સહન કરો.

પંડિતજી ! આપણી મૂર્તિપૂજા હાલમાં અશ્રદ્ધાના રૂપમાં આવી પડી છે તેનાં ઘણાં કારણો છે, અને જો તમે તમારા ધર્મનું રક્ષણ કરવા ઇચ્છતા હો તો તમારે ખાસ ચાહીને એમાંનાં મુખ્ય કારણો સમજવાં જોઇએ; કારણ કે એ જાણવાથી આ પ્રોફેસર જેવા અર્ધા ભટકેલાઓ મૂર્તિપૂજાની વિરૂદ્ધ જે ટીકા કરે છે તેનો જવાબ દેવાનું

તમારામાં બળ આવી શકશે. આવી કડવી વાતો તરફ તમારે બેદરકારી ન બતાવવી જોઇએ, પણ ધ્યાન આપીને તે સાંભળવી જોઇએ, તેના ખુલાસા કરવા જોઇએ, તેના બચાવ કરવા જોઇએ અને તેમાં જે ભૂલ જણાય તેમાં સુધારા કરવા જોઇએ. તમારી ઉપર હુમલા થાય ને તેનો તમે જવાબ ન આપી શકો, એ કાંઇ તમારે માટે માન-ભર્યું કહેવાય નહિ. એથી તો ઉલટી તમારી નબળાઈ દેખાઈ આવે, અને તમારામાં પોલ ચાલતીજ હશે, એમ લોકોની ખાત્રી થઈ જાય. એવું થાય તે હાલના અશ્રદ્ધાના જમાનામાં સારૂં નહિ. એથી તો ધર્મને બહુ મ્હોટો ધક્કો પહોંચી જાય. એમ ન થાય માટે તમારે આવી જાતની ટીકાઓ તો ખાસ ચાહીને સાંભળવી જોઇએ, કારણ કે આ જમાનો છુટાપણાનો છે, એટલે એવી ટીકા તો થશેજ. અને તેમાં પણ મૂર્તિપૂજાના અસલના ને હાલના નિયમોમાં બહુ ફેરફાર થએલો છે, જેમકે, અસલ શિવનાંજ મંદિરો હતાં, પણ હાલમાં ઘણા દેવ થઇ ગયા છે, અને તે બધા સંપ્રદાયવાળાઓ પોતપોતાની અંદરજ એક બીજાના દુશ્મનો છે; શિવવાળાઓ વૈષ્ણવોની નિંદા કરે છે, વૈષ્ણવો શિવથી બળી મરે છે, રામાનુજવાળાઓને સ્વામીના-રાયણવાળાઓ ગમતા નથી, અને સ્વામીનારાયણવાળાઓને બીજા કોઇ ધર્મવાળાઓ ગમતા નથી; આવી રીતે આપણાજ લોકો એક બીજાના ધર્મ, એક બીજાનાં મંદિરો, એક બીજાની મૂર્તિયો, એક બીજાના ધર્મપુસ્તકો અને એક બીજાના પૂજારીઓથી વિરુદ્ધ છે; જ્યારે આપણાજ ઘરમાં આવી ફાટફુટ છે, અને જ્યારે આપણેજ આપણા ભાઇબંધોના સંપ્રદાયની ચેષ્ટા કરીએ છીએ, ત્યારે પરદે-શીઓ અને પરધર્મીઓ આપણા ધર્મો માટે ગમે તેવાં ગુલબાનો ઉડાવે તેમાં નવાઈ શું? એવાં ગુલબાનોથી દોરવાઇને આપણને આપણા સનાતનધર્મ તરફ અશ્રદ્ધા ન થઈ જાય, પણ આપણે

તેમાં સુધારો કરી શકીએ, અને આપણા ભ્રાતૃભાવને સાચવી શકીએ માટે એવી ટીકાઓ આપણે સાંભળવી જોઇએ.

પૂજારીઓ બગડયા તેનું કારણઃ-

પંડિતજી! જેમ અસલના વખતમાં જૂદા જૂદા સંપ્રદાયો નહોતા, તેમજ અસલના વખતમાં મંદિરોના માલેકો પૂજારીઓ નહોતા, પણ મંદિરો ગામના મહાજનની મિલ્કત ગણાતી હતી. પૂજારીઓની નિમણુંક મહાજન તરફથી થતી હતી, અને મંદિરો તથા પૂજારીઓનું ખરચ ગામના લોકો ચલાવતા હતા, એટલે જો કોઈ પૂજારી સારી ચાલનો ન હોય કે જ્ઞાની ન હોય તો તેને પ્રથમથી એ દરજ્જો મળતોજ નહોતો, અને કદિ પાછળથી પૂજારીની ચાલચલગત બગડે તો તેને રજા આપી બીજો લાયક પૂજારી તે જગ્યોએ રાખતા હતા; પણ આજે એવું કાંઈ નથી, આજે તો પૂજારીઓ પોતેજ માત્ર મંદિરનાજ નહિ પણ દેવોના પણ ધણીરણી થઈ બેઠેલા છે! તેમને પૂછે તેને પરમેશ્વર પૂછે! એટલુંજ નહિ પણ આજે તો ગમે તેવા નાલાયક હોય તોપણ વંશપરંપરાના પૂજારીઓ થઇ પડેલા છે, અને તે એકજ ઠેકાણે નહિ પણ આખા હિંદુસ્તાનમાં એવું ખાતું થઇ પડેલું છે, એટલે પછી તેઓ ફાટે તેમાં નવાઈ શું? તેઓને મુફતના માલ મળે, સ્ત્રીઓ તેમનો વિશ્વાસ કરે, લોકો તેમને માન આપે, કમાવા જવાની તેઓને ફિકર નહિ અને સેવકો તેમને જોઇએ તેટલું ધન આપે, એ બધી જાતના વૈભવો ભોગવવાની જેવી જોઇએ તેવી સગવડતા, અને જ્ઞાનના નામનું મીંડું!! આમ હોવાથી કોઈપણ જાતના અંકુશ વિનાના અજ્ઞાન પૂજારીઓ તરફથી સારાં આચરણની આશા કેવી રીતે રાખી શકાય*? તેઓ માત્ર પોતાનાં સુખ અને

* "મંદિર અને પૂજારીઓ" વિષે "હિંદુસ્તાનની ઉન્નતિ" નામે પુસ્તકમાં એનીબીસેન્ટનો લેખ વાંચવા લાયક છે.

પોતાના વૈભવની સામુંજ જુએ છે. તેમને કોઈ પૂછનાર નહિ હોવાથી અને તેઓ શૂન્ય અંતઃકરણના હોવાથી જે પૈસા ઈશ્વિરીસ્નેહને ખાતર ખરચાવા જોઇએ તે પોતાના ખાનગી મોજ–શોખ પાછળ ઉડાવી દે છે, અને જે બુદ્ધિ ઈશ્વિરીજ્ઞાનમાં વાપરવી જોઇએ તે બુદ્ધિ જૂદા જૂદા સંપ્રદાયવાળા પોતાના ભાઇબંધો સાથે મેરી–તેરી કરવામાં વાપરી નાંખે છે. હવે મને કહો કે જ્યારે આપણા પૂજારીઓની એટલે કે આપણા ગુરૂઓની આવી સ્થિતિ છે ત્યારે આપણી મૂર્તિઓ આપણને કેમ જ્ઞાન આપી શકે ? અને આપણાં મંદિરો જગતમાં ઇશ્વરીસ્નેહ કેમ ફેલાવી શકે ?

રાજાઓ અને ધર્મગુરૂઓનો સંબંધઃ-

આપણા પૂજારીઓ બગડ્યા અને આપણાં મંદિરોની સત્તા ઓછી થઈ તેનું એ પણ એક મુખ્ય કારણ છે કે તેઓને રાજ્યની મદદ નથી, કારણ કે રાજ્ય પરદેશીઓનાં અને પરધર્મીઓનાં થઈ ગયાં, એટલે આપણા ધર્મને રાજ્ય તરફથી જે ખાસ મદદ મળવી જોઇએ તે મદદ મળી શકતી નથી, તેથી પણ ધર્મ ઢીલો પડતો જાય છે. પુરાણોની મારફત જો અસલની હકીકત જોઇએ તો દરેક મ્હોટા રાજાની પાસે કોઈ પણ મ્હોટા ઋષિ સલાહકાર તરીકે દેખાય છે. જેમકેઃ જનકના દરબારમાં યાજ્ઞવલ્ક્ય ને અષ્ટાવક્ર વગેરે હતા, દશરથ તથા રામની પાસે વશિષ્ઠ મહારાજ હતા અને દુર્યોધનની પાસે દ્રોણાચાર્ય, કૃપાચાર્ય વગેરે હતા. એમ દરેક રાજાની પાસે તેઓની મદદમાં ધર્મગુરૂઓ રહેતા હતા, કારણ કે તેઓ સમજતા કે રાજ્યસત્તા એતો બહારની સત્તા છે, અને એકલી બહારની સત્તાથી કાંઈ માણસો સરખી રીતે ચાલી શકે નહિ, બહારની સત્તાની સાથે જ્યારે અંતરની સત્તા હોય ત્યારેજ ખરી રીતે પ્રજા સુધરી શકે; અને એવી અંતરની સત્તા

ધર્મમાં રહેલી છે, તથા ધર્મગુરૂઓની મારફત વૃદ્ધિ પામે છે, માટે રાજાઓ ધર્મગુરૂઓની મદદ લેતા હતા. તેઓ સમજતા કે કુંભારને ઘેર ચારે પગે બાંધી મૂકેલાં ગધેડાંઓ લાત ન મારે અથવા પીંજરાંમાં પૂરાઇ ગએલા સિંહ ઢીલા થઇને પડયા રહે એમાં કાંઈ નવાઈ નથી, પણ જ્યારે તેઓ છુટા હોય છતાં પણ તોફાન ન કરે ત્યારેજ ખુબી કહેવાય, તેમજ રાજ્યના ભયથી, લોકલાજથી કે આજુબાજુના હલકા ભારે સંયોગને લીધે માણસો પાપ ન કરે એમાં શું મ્હોટી વાત? પણ જ્યારે અંતરમાંથી એમ થઇ જાય કે, નહિ, હવે આપણને આવું ન શોભે, એમ સમજીને લાલચોમાં ફસાવાની તક હોય છતાં પણ તે છોડી દે; ત્યારેજ એ ઉત્તમત્તા કહેવાય; એવી ઉત્તમત્તા રાજ્યની બહારની સત્તાથી આવી શકતી નથી, પણ ધર્મની અંતરની સત્તાથી આવી શકે છે, માટે રાજ્યસત્તા કરતાં પણ ધર્મની સત્તા બહુ મ્હોટી છે, એમ સમજીને રાજાઓ ધર્મગુરૂઓને માન આપતા હતા અને પોતાની મદદમાં પોતાની જમણી બાજુએ તેઓને રાખતા હતા. રાજાઓ સમજતા કે, અમે તો બહારનું રાજ્ય કરીએ છીએ, પણ ધર્મગુરૂઓ તો માણસના અંતરમાં રાજ્ય કરે છે, તેથી જ્યાં અમારા કાયદાઓ પહોંચી શકે નહિ ત્યાં પણ ધર્મગુરૂની સત્તા પહોંચી જાય છે; જેમકેઃ કોઇ માણસ બીજાં માણસોને માટે પોતાના મનમાં અદેખાઈ રાખે તો તેને રાજ્યનો કાયદો કાંઈ અડચણ કરી શકે નહિ, કોઈ માણસ અતિશય લોભ રાખે તોપણ રાજ્યસત્તા તેમાં વચ્ચે પડી શકે નહિ, કોઇ માણસ પોતાના મનમાં વ્યભિચારના વિચાર કરે તો રાજાની સત્તાથી કાંઈ તે વિચારો અટકી શકે નહિ અને કોઇ માણસ કાયદાની જાળમાં ન આવે એવી રીતના પ્રપંચો કરે તો ગુન્હો સાબીત થયા વિના રાજા તેને કાંઈ શિક્ષા કરી શકે નહિ. આવી રીતે એવી જાતનાં ઘણાં પાપો છે કે જ્યાં રાજ્યના કાયદાઓ નિષ્ફળ થાય છે;

પણ તેજ પાપો ધર્મગુરૂઓના ઉપદેશથી અટકી શકે છે, માટે હમ્મેશાં રાજાઓ ધર્મગુરૂઓને પોતાની મદદમાં રાખતા હતા. માત્ર આપણા દેશમાં ને આપણા ધર્મમાંજ એમ હતું એમ નહિ, પણ પ્રાચીન ઈરાનીઓમાં, રોમનોમાં, મિસરીઓમાં, યાહુદીઓમાં, બૌદ્ધોમાં અને મુસલમાનોમાં પણ એમજ હતું; એટલુંજ નહિ પણ હજી આજે પણ ક્રિશ્ચિયન રાજ્યોમાં ધર્મગુરૂઓ રાજાઓ પાસે બહુ મ્હોટા દરજ્જા ભોગવે છે, કારણ કે પ્રજામાં નીતિ-ધર્મ વધારવામાં રાજ્યને તેઓ બહુ મ્હોટી મદદ કરે છે. રાજનીતિમાં ધર્મગુરૂઓને રાજ્યનું એક મ્હોટું અંગ ગણેલું છે, અને ધર્મગુરૂઓનું બહુ સન્માન રાખવું એમ ફરમાવેલું છે. આવી રીતે રાજાની મારફત રાજ્યની બહારની સત્તા અને ધર્મગુરૂઓની મારફત ધર્મની અંતરની સત્તા એ બે મહા શક્તિયો સાથે મળવાથી પ્રજાની સુલેહ-શાન્તિમાં, દેશની આબાદીમાં અને રાજ્યની મજબૂતીમાં વધારો થાય છે, માટે ખાસ ચાહીને રાજાઓ ધર્મગુરૂઓને પોતાની બાજુમાં રાખતા હતા; તેથી પરિણામ એ થતું કે, સુલેહના વખતમાં પ્રજામાં નીતિ-ધર્મ ફેલાવવામાં ધર્મગુરૂઓ રાજાઓને ઉપયોગી થઈ શકતા હતા અને ધર્મને લગતી કાંઈ આફતનો સમય આવ્યો હોય ત્યારે રાજાઓ ધર્મગુરૂઓના કહ્યા પ્રમાણે ધર્મનું રક્ષણ કરતા હતા; એથી રાજાઓની મદદથી ધર્મ સચવાતો હતો અને ધર્મગુરૂઓની મદદથી પ્રજામાં ગુન્હા થતા અટકતા હતા. આવી રીતે અરસપરસની મદદથી પ્રજા સુખી, દેશ આબાદ અને રાજ્ય મજબૂત રહેતાં હતાં, તેથી લોકોમાં હુન્નર-કળા અને ઈશ્વિરીજ્ઞાન વધતું જતું હતું.

અસલના વખતમાં ધર્મગુરૂઓની સત્તાઃ-

બહુ રૂડી વ્યવસ્થા રહી શકે માટે રાજાઓ જેમ પ્રાંતોના હાકેમો, મહાલોના વહીવટદારો અને ગામડાંઓમાં પટેલો નીમતા હતા,

તેમજ ધર્મગુરૂઓ પણ પોતાના હાથ નીચે જૂદા જૂદા પંડિતો રાખતા હતા અને તેઓને જૂદા જૂદા ભાગમાં ધર્મક્રિયા કરાવવાનો અધિકાર આપતા હતા. એ પંડિતોની દરેક ન્હાનાં ગામડાંઓનાં મંદિરોના પૂજારીઓ ઉપર સાધારણ સત્તા ચાલતી હતી. ગામડાંઓમાં ધર્મ સંબંધી બાબતમાં જ્યારે કાંઇ મતભેદનો સવાલ ઉભો થાય અને ત્યાંના મંદિરનો પૂજારી તેનો ખુલાસો ન કરી શકે અથવા પૂજારીના ખુલાસાથી લોકોને સંતોષ ન થાય ત્યારે તે પોતાના કસ્બાના રાજાનું પેન્શન ખાનારા મ્હોટા પંડિતને પૂછતા હતા, અને તેથી પણ સમાધાન ન થાય તો રાજાની જમણી બાજુએ રહેનાર રાજાના ગુરૂ પાસે જતા હતા. જો એ ગુરૂથી પણ મનમાનતો ખુલાસો ન થાય તો રાજાને ખરચે દેશદેશાવરના પંડિતોને બોલાવી ધર્મસભા ભરતા હતા, અને તેમાં વધુમતે જે નિર્ણય થાય, તે ઠરાવ દેશના સૌ લોકો કબૂલ રાખતા હતા. આવી વ્યવસ્થા હોવાથી સ્હેલાઇથી ધર્મગુરૂઓ બગડી શકતા નહોતા અને પોતાના સ્વાર્થને ખાતર ધર્મમાં નવાં નવાં લફરાંઓ ઘૂસાડી શકતા નહોતા, તેથી તેઓનાં રૂડાં આચરણ અને તેઓની પવિત્રતાની અસર લોકોમાં પહોંચી શકતી હતી. એ અસરને લીધે લોકોમાં ધર્મનું બળ રહેતું હતું, અને ધર્મના બળને લીધે તનથી, મનથી, ધનધાન્યથી તથા પુત્રપૌત્રાદિકથી પ્રજા સુખી રહી શકતી હતી. એ વખતે ધર્મગુરૂઓની સત્તા કાંઇ માત્ર મંદિરોનાં બારણાંમાંજ અટકેલી નહોતી, પણ રાજમહેલોમાં, ગામડાંઓનાં ઘરોમાં અને જંગલોનાં ઝુંપડાઓમાં પણ રાજ્યસત્તાની માફક જ ધર્મગુરૂઓના સત્યઉપદેશની પવિત્ર અસરો લોકોના અંતર જગતમાં રાજ્ય કરતી હતી, કારણ કે રાજાઓ જેમ ધમગુરૂઓને પોતાની મદદમાં રાખતા હતા તેમજ શ્રીમંત લોકો પણ ખાસ પોતાના ગુરૂઓ રાખતા હતા, અને ગામડાંના ગરીબ લોકો જેઓ પોતાને માટે ખાસ

ગુરૂ રાખી શકતા નહિ તેઓ મંદિરના પૂજારીઓની આજ્ઞામાં રહેતા હતા. એ પૂજારીઓની એ ફરજ હતી કે લોકોને ધર્મનો ઉપદેશ આપવો, સારે માઠે પ્રસંગે લોકોને ઘેર જઇને તેઓને ઘટતી સૂચનાઓ આપવી તથા ધર્મની ક્રિયાઓ કરાવવી અને કોઈ કોઇ વખત પોતાની હદમાં જે કાંઈ ન્હાના ન્હાના ગુન્હા થાય તેનો પંચ સાથે મળીને ઇન્સાફ કરવો. આવી રીતે હોવાથી કોઇપણ ગામડું રાજાના પોલીસ પટેલ, તલાટી, હવાલદાર કે સિપાઈ વિનાનું હોય નહિ તેમ કોઇપણ ગામ મંદિર અને તેના બ્રાહ્મણ પૂજારી વિના રહેતું નહિ, તેથી સીધી અથવા આડકતરી રીતે દરેક માણસ ઉપર ધર્મગુરૂની સત્તા ચાલી શકતી હતી, એટલે ધર્મ વૃદ્ધિ પામતો હતો. અને ધર્મની વૃદ્ધિમાંજ સર્વ પ્રકારનાં સુખ છે, તથા ધર્મની વૃદ્ધિ પવિત્રતા જાળવવાથીજં થઇ શકે છે, માટે મંદિરો વધારવાના અને પૂજારીઓને પવિત્ર રાખવાના બ્રાહ્મણોના દાખલાનું પાછળથી બૌદ્ધોએ બહુ સારી રીતે અનુકરણ કર્યું હતું; તે સારૂજ મહારાજા અશોકે મંદિરના પૂજારીઓ બનાવવા માટે પોતાના જુવાન પુત્રને તથા પોતાની કુંવારી દીકરીને ખાસ ચાહીને મઠમાં રહેવા સારૂ સાધુ બનાવ્યાં હતાં, અને ધર્મ ફેલાવવા માટે ઉપદેશક ધર્મગુરૂ તરીકે તેમને સીલોન, સુમાત્ર. વગેરે દેશમાં મોકલ્યાં હતાં.

ધર્મગુરૂઓને મદદ ક્યારે મળે?

મંદિરોમાંથીજ—ધર્મગુરૂઓના ઉપદેશની મારફતેજ દુનિયામાં ધર્મ ફેલાવી શકાય છે, એમ બૌદ્ધોએ ટુંક વખતમાં સિદ્ધ કરી આપ્યું હતું, તેથી એ પછી ખ્રીસ્તીઓએ પણ તેનું બહુ સારી રીતે અનુકરણ કરેલું છે. એટલું બધું સારી રીતે કે આપણે તેમના ઉપદેશકોની નકલ કરવી જોઇએ. ક્રિશ્ચિયન પાદરીઓ પોતાના ધર્મના ફેલાવા માટે

જેટલી મહેનત કરે છે, જેટલો અભ્યાસ કરે છે, જેટલે દૂર દેશ જાય છે, જેટલો વખત રોકે છે, જેટલા પૈસા ખરચે છે, જેવાં જોખમો ખેડે છે, અને જેવી રીતે પોતાની જીંદગી ધર્મને અર્પણ કરે છે તેવું હાલના આપણા કોઇ પણ હિંદુ ધર્મગુરૂએ કરેલું છે કે? કહો કે નહિજ. કારણ? કારણ એજ કે ધર્મને નામે બહારની લેભાગુ ક્રિયાઓથી તેઓએ પોતેજ પોતાના હાથપગ બાંધી લીધા છે, અને કહે છે કે અમોને જોઇતી મદદ મળતી નથી. બેશક, મદદ મળતી નથી એ પણ ખરી વાત છે, પણ મદદ ક્યારે મળે? "દુનિયા ઝુકતી હે, લેકીન ઝુકાનેવાલા ચઇએ." જે ઝુકાનેવાલા હોય તેઓનેજ મદદ મળી શકે છે. લેલેપેપે જેવા આપલપોપલીયાઓને કાંઇ મદદ મળી શકતી નથી. જેઓ પ્રથમ થોડું ઘણું પણ પોતાના જોર ઉપર ખેડે તેઓને ધીરે ધીરે મદદ મળે છે, પણ જેઓ કાંઇપણ કામ કર્યા વિના મદદની વાટ જોઇને પોતાના ઘરના ખૂણામાં ખુણાવાળી બાયડીની પેઠે બેઠા રહે તેઓને કાંઈ મદદ મળતી નથી; કારણ કે મહાત્માઓ એમ કહી ગયા છે કે, ધર્મ પાંગળો છે, તે પોતે પોતાની મેળે ચાલી શકતો નથી, તેને ચલાવવાવાળા જોઇએ, જેઓ તેને ચલાવે છે તેઓને તે મદદ કરે છે; પણ આપણા ગુરૂઓ તેને આગળ ચલાવતા નથી, એટલે આપણો ધર્મ આપણા ગુરૂઓને મદદ કરતો નથી.

ગુરૂઓની સત્તા પડી ભાંગી તેનું કારણઃ-

આપણા ધર્મગુરૂઓની સત્તા પડી ભાંગી તેનું એ પણ એક મ્હોટું કારણ છે કે, દેશમાં જૂદા જૂદા ઘણા સંપ્રદાયો થઈ ગયા, અને તે સર્વે મતના ચલાવનારાઓ વંશપરંપરાના ગુરૂ થઈ બેઠા, તેથી સેંકડો ને હજારો ગુરૂ થઇ પડ્યા, એટલે એકજ ગુરૂના ઘણા શિષ્યો રહી શક્યા નહિ, તેથી પણ ગુરૂની સત્તાને જે બળ મળવું

જોઇએ તે મળી શકતું નથી; કારણ કે એક મતવાળા ગુરૂની વાત બીજા મતના ગુરૂઓ અને તેના સંપ્રદાયવાળા લોકો માનતા નથી, તેથી આપણા ધર્મગુરૂઓની સત્તા બહુ ટુંકી હદમાં રહી જાય છે, એટલે તેઓથી કાંઈ મ્હોટાં કામો થઇ શકતાં નથી. આવી રીતે સેંકડો નવા નવા મતો થઈ જવાનું કારણ એજ છે કે આપણા દેશમાં પરદેશીઓ અને પરધર્મીઓનું રાજ્ય થવાથી રાજાની પાસે ગુરૂની સત્તા રહી નહિ અને રાજાઓ પોતે પરધર્મી હોવાથી તેઓને આપણા ધર્મની દરકાર રહી નહિ, પણ ઉલટું તેઓ આપણા ધર્મને તોડવાની તજવીજ કરવા લાગ્યા. આવી રીતે થવાથી ગુરૂઓ રાજ્યની મદદ વિનાના થઈ ગયા, તેથી અંકુશ વિનાના થવાથી પ્રથમ તેઓ પોતે બગડવા લાગ્યા અને પછી તેમનો બગાડો જોઇને બીજાઓ તેમની સામે થવા લાગ્યા. એમ માંહોમાંહી ઝઘડા થતે થતે વખત જતાં સ્હેજ ફેરફાર સાથે નવા નવા મતો સ્થાપન થવા લાગ્યા. પંડિતજી ! યાદ રાખજો કે પ્રાચીન ઋષિયોના વખતમાં સનાતન આર્યધર્મમાં કાંઈ જૂદા જૂદા મતો નહોતા, તેઓ તો વેદના મંત્રોથી એકજ ઇશ્વરની ભક્તિ કરનારા હતા; યજ્ઞ સિવાય બીજી કોઇ જાતની મૂર્તિપૂજા તેઓ જાણતા નહોતા; ત્રણ વેદ સિવાય બીજાં કોઇ ધર્મ પુસ્તક તેઓનાં નહોતાં; સત્ય સમજવું અને પાળવું એજ તેઓનો પરમ ધર્મ હતો; દેશની સેવા માટે નવી નવી જાતના શોધ કરવામાં મચ્યા રહેવું એજ તેઓનું તપ હતું; સર્વત્ર અભેદદષ્ટિ એજ તેઓની ઉત્તમતા હતી; અંતરની પૂર્ણ પવિત્રતા ને ઇશ્વિરનું સત્યજ્ઞાન એજ તેઓનું બ્રાહ્મણપણું હતું; જરૂર પડે તો સ્વદેશ તથા સ્વધર્મને અર્થે વીરત્વથી પોતાનો પ્રાણ આપવો એજ તેઓના આર્યત્વની ખુબી હતી; અને પરમાર્થમાં જીંદગી ગાળવી એજ તેઓનું મહાવ્રત હતું. એ સિવાયનાં લફરાંઓ તેઓ સમજતા નહોતા. એ

ધર્મને નામે મત-મતાંતરોની અને દેવ-દેવીઓની જે જાળો હાલમાં પથરાએલી છે તે સર્વ આપણા દેશમાં મુસલમાનો આવ્યા પછી છેલ્લાં એક હજાર વર્ષની અંદર થએલું છે; કારણ કે પરધર્મીઓનું રાજ્ય થવાથી આપણા ધર્મગુરૂઓને રાજ્યની મદદ મળી નહિ, એટલે રાજ્યની મદદ વિના ધર્મગુરૂની સત્તા ટકી શકી નહિ, તેથી એ તકનો લાભ લઇને નવા નવા મતો સ્થાપન થયા; અને એ મતોથી આપણી એટલી બધી ખરાબી થઈ છે કે એવી ખરાબી આપણા કટ્ટામાં કટ્ટા દુશ્મનથી પણ થઇ શકી નથી.

જૂદા જાદા મતોથી થએલી ખરાબીઃ-

જેમકેઃ કોઇ મતવાળાએ દયાને નામે આપણને બાયલા બનાવ્યા. કોઈ મતવાળાએ આપણી ડોકમાં એવી જાતનાં દોરડાં નાંખી દીધાં કે જેથી કરીને આપણું પુરૂષપણું નષ્ટ થઈ ગયું. કોઇએ આભડછટને નામે ભાઇબંધીનો રસ્તો તોડી નાંખ્યો. કોઇ મતવાળાએ હજારો માણસને વિનાકારણ નાહકના ધરાર હક્કદાર ભીખારીજ બનાવી મૂકયા. કોઇ મતવાળાઓ પોતે જાતેજ સાક્ષાત્ પ્રભુ બની બેઠા. કોઇ મતવાળાઓ પોતે પવિત્ર હોવાને નામે બીજાઓને ધિઃક્કારવા લાગ્યા. કોઈ મતવાળાઓ પોતાના સ્વાર્થનું બળિદાન આપવાને બદલે નિર્દોષ પશુઓનું બળિદાન આપવા લાગ્યા. કોઇ મતવાળાઓ પોતાની જીંદગીની ફરજો ભૂલી જઇને દેવ-દેવી તથા જંતર-મંતરના ભરોસા ઉપરજ રહેવા લાગ્યા. કોઇ મતવાળાઓ પોતાના શરીરને દુઃખ દેવામાંજ ધર્મ સમજવા લાગ્યા, અને કોઇ મતવાળાઓ કોઇ કોઇ જાતનાં હંબગોનેજ ધર્મ સમજવા લાગ્યા. આવી રીતે દરેક મતવાળાઓએ જૂદી જૂદી સેંકડો જાતના કલ્પિત ભય આપણા મનમાં ઠસાવી દીધા, તેથી પરિણામ એ થયું કે પ્રજા નમાલી થઇ ગઇ, કર્ત્તવ્યભ્રષ્ટ

થઇ ગઇ, પુરૂષત્વહીન થઇ ગઇ અને અરસપરસની મદદ વિનાની થઇ ગઈ. આપણામાં એટલું બધું બાયલાપણું આવી ગયું છે કે બે ચાર જંગલી કાબૂલી પઠાણો કે બે ચાર છાકટા થએલા સોલજરો મસ્ત થઇને નીકળે તો આપણાં આખાં ગામનાં ગામ ખાલી થઈ જાય; કોઇ માણસની તેને પકડવાની કે સામે થવાની હિમ્મત ચાલે નહિ. સૌ ઝપોઝપ ને તડોતડ પોતાનાં બારી–બારણાં બંધ કરી દે અને ઘરમાં બેઠે બેઠે પણ થરથર કમ્પવા લાગે! આ શું આપણી થોડી નાલાયકી છે? આ શું આપણી થોડી નબળાઇ છે? કોઇ પણ પ્રજાની આથી વધારે અધોગતિ તે બીજી શું હોય? યાદ રાખજો કે આવું બાયલાપણું કાંઇ આપણા અસલી ધર્મમાં નથી; આવું હીજ-ડાપણું તો પછવાડેના નવા નવા પંથોએ આપણા કાનમાં ખોટા ખોટા વ્હેમો ફુંકીને આપેલું છે. એક તરફથી આવું હીજડાપણું અને બીજી તરફથી આપણા ભાઇબંધો સાથેજ દુશ્મનાઇ!! તેઓને કહેવું કે તમે નીચા ને અમે ઉંચા, તમારા છાંટાથી અમે અભડાઇ જઇએ, તમને અડવાથી અમને નહાવું પડે!! ધણી બાઇડીના હાથનું જમે નહિ, દીકરો માના હાથનું રાંધેલું જમે નહિ, સાસુને વહુના હાથની રસોઈ ખપે નહિ અને વહુને સાસુના હાથની રસોઈ ખપે નહિ!! પોતાનાજ ઘરમાં એકજ કુટુંબનાં માણસો એક બીજાનો ખુલ્લો તિરસ્કાર કરે, એક બીજાને ઉંચાં નીચાં સમજે અને એક બીજાનું આવી રીતે ધર્મને નામે ધરાર અપમાન કરે, એ કરતાં વધારે ખરાબી બીજી શું? પવિત્ર આર્યધર્મનો ભ્રાતૃભાવ આવો હોય કે? સનાતન આર્યધર્મનો અભેદમાર્ગ આવો હોય કે? અને આપણા અહંભાવને છોડી સર્વત્ર આત્મદર્શન કરવાની રીતિ આવી હોય કે? પ્રભુ! દયા કર, દયા કર, અમારા સંપ્રદાયો ઉપર દયા કર; અને આવી નમાલી–આવી કઢંગી સ્થિતિમાંથી અમોને છોડાવ.

ગુરૂઓની સત્તા કેમ વધે ?

પંડિતજી ! આવી અધમસ્થિતિ થવાનું કારણ શું ? તે સમજ્યા કે ? એનું કારણ નવા નવા પંથો એજ છે, નવા નવા પંથો થવાનું કારણ ધર્મગુરૂઓની સત્તા તુટી એજ છે, અને ધર્મગુરૂઓની સત્તા તુટવાનું કારણ પરદેશીઓનું રાજ્ય એજ છે. અમે તમારી સત્તા તોડી નાંખવા માગતા નથી, પણ તમારી એટલે કે મંદિરો તથા પૂજારીઓની અને મંદિરો તથા પૂજારીઓની એટલે કે ધર્મની સત્તા વધારવા ઇચ્છીએ છીએ; કારણ કે ધર્મ, ધર્મગુરૂઓની મારફત અંતરજગતમાં પોતાની સત્તા ચલાવી શકે છે, માટે અમે તમારી એટલે કે બ્રાહ્મણોની–પૂજારીઓની અને મંદિરોની સત્તા વધે એમ ઇચ્છીએ છીએ. પણ એ સત્તા કયારે વધી શકે ? જ્યારે તમો સૌ સુધરો ત્યારેજ. એ વિના કાંઇ વાંદરાના હાથમાં તરવાર અપાય નહિ. એ સત્તા વધારવી એ કાંઈ અમારૂં કામ નથી, અમે તો માત્ર તમોને થોડી મદદ આપી શકીએ, અમે કાંઈ તમોને તેડીને ઉપાડી શકીએ નહિ. તમારે તમારા પોતાના જોરેજ ઉભું થવું જોઇએ. તમારા હાથમાં હજારો ને લાખો માણસની ભવિષ્યની જીંદગી છે, માટે તમારે તમારી પોતાની જીંદગી સુધારવાની પ્રતિજ્ઞા લેવી જોઇએ, કારણ કે તમારી જીંદગી ગુજારવાની રીતો ઉપર અને તમારા ઉપદેશ ઉપર બહુ લોકોનો આધાર છે, માટે તમારે ખાસ ચાહીને સુધરવું જોઇએ, એટલુંજ નહિ પણ મને તો એમ લાગે છે કે તમોને સુધરવુંજ પડે એવી તમારી ઉપર ખાસ ફરજ નાંખવી જોઇએ; કારણ કે તમે ધર્મનો માલ ખાનારા છો; દેશની મિલ્કતમાં વધારો કરનારા નહિ પણ હમણાં તો મફતનો ભાગ પડાવનારા છો, અને તમારા હાથમાં એવી સત્તા છે કે તમારી ઘણી વાતો ઘણા લોકોને ભાવેકભાવે પણ માનવી પડે છે; માટે તમોને સુધારવાના મહાજનો તરફથી કાંઇ ફરજીયાત નિયમો થાય તોપણ એમાં કાંઇ નવાઇ નથી.

પૂજારીઓ ઉપર મહાજનની સત્તાની જરૂરઃ-

ધર્મને અર્થે-પ્રભુને અર્થે આપવામાં આવેલા દ્રવ્યનો સારામાં સારો ઉપયોગ થાય તોજ સારૂં, એમ દરેક માણસ ઇચ્છે છે, એટલુંજ નહિ પણ દેવદ્રવ્યનો સદુપયોગ કરવો એવું આપણા ધર્મનું ફરમાન છે, માટે મંદિરોને મદદ કરનારા ગૃહસ્થો પૂજારીઓને તેની વ્યવસ્થા માટે પૂછી શકે, એવું બંધારણ થાય તો લોકોનો વિશ્વાસ વધે, મંદિરોને તેઓનો સારો કારભાર જોઇને વધારે મદદ મળે અને પૂજારીઓની સત્તા વધે. પણ એ બધું થવા માટે પૂજારીઓએ સુધરવું જોઇએ, અને તેઓ સુધરી શકે તે સારૂ તેઓની ઉપર મહાજનનો કાંઇક અંકુશ જોઇએ. એવા અંકુશ વિના પૂજારીઓ સુધરી શકે નહિ અને દેવદ્રવ્યનો સદ્ઉપયોગ થઇ શકે નહિ, માટે મંદિરોની મહત્તા અને પૂજારીઓની સત્તા વધે તે સારૂ મંદિરો મહાજનોના ટ્રસ્ટ નીચે આવે એમ અમે ઇચ્છીએ છીએ; કારણ કે અસલ જેમ ધર્મગુરૂઓ ઉપર રાજાઓનો અંકુશ હતો તેમ પરધર્મી રાજાઓને લીધે ધર્મ સંબંધી બાબતમાં ધર્મગુરૂઓ ઉપર રાજાનો અંકુશ હાલમાં થઈ શકશે નહિ, માટે મહાજનોના હાથમાં મંદિરોની સત્તા રહે એમ અનુભવીઓ ઇચ્છે છે. એવું થયા વિના પૂજારીઓ સુધરી શકે નહિ, પૂજારીઓ સુધરે નહિ ત્યાંસુધી મંદિરો ઉપર લોકોની પૂરી આસ્થા રહે નહિ અને જ્યાંસુધી એવી આસ્થા રહે નહિ ત્યાંસુધી મંદિરોને છુટથી મદદ મળી શકે નહિ તથા લોકોનું કલ્યાણ થઈ શકે નહિ; માટે દેશની આબાદી તથા ધર્મની ઉન્નતિ સારૂ ધર્માદાના પૈસાની જામીનગીરી બદલ પૂજારીઓએ લોકોના વિશ્વાસમાં આવવાના રસ્તા પકડવા જોઇએ.

હાલમાં થતો મૂર્તિપૂજાનો ઉપયોગઃ-

દેવદ્રવ્યનો જરા પણ ખરાબ ઉપયોગ ન થાય તેની અસલના

વખતમાં બહુ સંભાળ રાખવામાં આવતી હતી, એટલુંજ નહિ પણ પ્રભુને અર્થે ખાસ ખરચ કરવા માટે અને પોતાના ભાઈબંધોને મદદ કરવાને માટેજ ઋષિયોના વખતમાં મંદિરો બંધાતાં હતાં, પણ આજે તો કમાણી કરવા કરવા સારૂ મંદિરો બંધાય છે. કમાણી કરવા માટે જેમ લોકો કારખાનાં કાઢે છે અને તેમાં મજુરો મહેનત કરીને પોતાના શેઠને કમાણી કરી આપે છે તેમ હાલના વખતમાં પૂજારીઓ દેવોને પોતાના મજુરો તરીકે વાપરે છે! દેવો તેમને કમાઇ આપે છે ને પૂજારીઓ અમનચમન કરે છે! મ્હારી ઓળખાણવાળો એક માણસ હતો, તે મૂર્ખ અને આળસુ હતો, કાંઈ ધંધો–રોજગાર કરતો નહોતો. મ્હેં તેને કહ્યું કે, તું નકામો કેમ બેસી રહે છે? ત્યારે તેણે કહ્યું કે, કાંઇ ધંધો–રોજગાર મળતો નથી તેથી બેઠો છું. મ્હેં કહ્યું કે, ત્હારી મરજી હોય તો કોઇ નોકરી તને અપાવું. તેણે કહ્યું કે, નોકરી મ્હારાથી ન બને. મ્હેં કહ્યું કે, ત્યારે તું શું કરીશ? એમ બેઠે બેઠે જીંદગી કેમ જશે? ત્યારે તેણે કહ્યું કે, જ્યાં ઘણા અભણ લોકો રહેતા હશે ત્યાં એક ઓરડી લઇશ ને તેમાં કોઈ દેવની મૂર્તિ પધરાવીશ, પછી જોઇ લો મજા!

"અહિં એક હનુમાનવાળો મ્હારો દોસ્ત છે, તેણે કહ્યું કે, એ ધંધામાં ખુબ તડાકો પડે છે, દર શનિવારે દશ શેર તેલ આવે છે, ને દોઢ બે રૂપિયાનો ખુડદો તો જૂદો! મ્હેં પૂછ્યું કે, એ તેલનું શું કરો છો? ત્યારે તેણે કહ્યું કે, ભજીયાંપૂરી બનાવવાવાળા ક્યાં થોડા છે? તેને એ તેલ વેચાતું આપુંછું. મ્હેં કહ્યું કે, હાય હાય! એ તો બહુ ખોટું; હનુમાનજીને ચડાવેલું તેલ એ લે કેમ? ત્યારે તેણે કહ્યું કે, સસ્તું કોને ન ગમે? એ લોકો તો એવુંજ શોધતા હોય. મ્હેં કહ્યું કે હનુમાનને ચડાવેલા તેલની પૂરીઓ લોકોને ખવરાવીએ એતો બહુ મ્હોટું પાપ! તેણે કહ્યું કે, એતો એમજ ચાલે. એમ પાપ

બાપ ગણીએ તો આરો ક્યાં આવે? એવો સત્યવાદી તું ક્યારથી થયો? લોકો મૂર્ખા તેને આપણે શું કરીએ? હું નોકરી કરવા રહ્યો-તો ત્યારે કોઈ ચાર રૂપિયાનો મહિનો પણ નહોતું આપતું, અને હવે બે વરસ થયાં જ્યારથી મૂર્તિ પધરાવી ત્યારથી ત્રીશ રૂપિયાનો મહિનો પેદા થાય છે, ને દોઢીઆનું ખરચ નહિ, બધું પરભારૂં!! ઘણાના જપ બપ આવે તેમાં કામ ચાલ્યું જાય! મ્હેં કહ્યું કે, તને જપ કરતાં ક્યાં આવડે છે? ત્યારે તેણે કહ્યું કે, જપ કરતાં ન આવડે તો શું થયું? પણ ઢોંગ કરતાં તો આવડે છેને! દેવને આશરે બધું ચાલ્યું જાય! કોઇને પંજોછકો પણ બતાવી દઉં; એમાં આપણા બાપનું શું જાય? ભલે પછી એ પોક મૂકયા કરે, પણ આપણું તો કામ થઈ જાય! એવાં પાંખડ દેવને નામે ચાલ્યાં જાય તેમાં કોઈ ભાવ પૂછે નહિ. તને ખબર છે? પંદર રૂપિયાની મૂર્તિ લીધીતી, તેમાં આજે બે વરસમાં આઠસો તો પેદા કરી લીધા! આપણે તો બેઠે બેઠે ખાવું ને મોજ કરવી. કમાણી કરી આપવાવાળા હનુમાનજી ઘણી મ્હોટા છે, પછી આપણને શું ફિકર? માટે હવે તું રખડ્યા કરમાં, ને મ્હારી પેઠે કોઇ દેવની મૂર્તિ પધરાવીને ક્યાંક બેસી જા, એટલે પછી કાંઈ પંચાતી નહિ!"

મહારાજ, મને એની વાત ઠીક લાગી, કારણ કે મને કાંઈ ધંધો-રોજગાર કરતાં આવડે નહિ, નોકરી આપણાથી બને નહિ, સવારમાં ભાંગ પીવી જોઇએ, બપોરે બે ત્રણ કલાક ઉંઘવું જોઇએ અને રાતે ક્યાંઇ ભાઇબંધ-દોસ્તોમાં ફરવા હરવા પણ જવું જોઇએ; એ બધું કાંઇ નોકરી-ચાકરીમાં બને નહિ, માટે ક્યાંક મંદિર બાંધીને બેસી જવું એમ વિચાર કીધો છે.

આવી ખરાબીના જવાબદાર કોણ?

પંડિતજી! એ માણસની આ વાત સાંભળીને મ્હારૂં અંતર

એવું બળી ગયું કે કાંઈ વાતજ ન પૂછો. મને લાગ્યું કે, અરે હાય હાય! આપણા દેવની આવી દશા! અને આપણા પૂજારીઓની આવી હાલત! પૂજારીઓને કમાઈ કરી આપવા માટે દેવો! પૂજારીઓના મજુરો તરીકે દેવો! શરમ! શરમ! પ્રભુ! દયાકર, દયાકર. જે ઇશ્વરીસ્નેહમાંથી મૂર્તિપૂજાની ઉત્પત્તિ થયેલી છે તે મૂર્તિપૂજાનો આવો ઉપયોગ! અરે પ્રભુ! આમ તે કયાંસુધી ચાલશે! જ્યાં આવી સ્થિતિ હોય ત્યાં મૂર્તિપૂજાની વિરૂદ્ધ ટીકા થાય તેમાં નવાઇ શું! માત્ર ટીકાજ નહિ પણ પશ્ચિમના વિચારમાં ઉછરતી નવિન પ્રજાની અશ્રદ્ધા થાય તોપણ તેમાં નવાઈ શું? પંડિતજી! એવી અશ્રદ્ધાથી પરિણામે કેવી ભયંકર ખરાબી થાય એનો ખ્યાલ તો કરો? એ ભયંકર ખરાબીના જવાબદાર કોણ? તમે કહેશો કે પૂજારીઓ! પણ હું કહીશ કે પૂજારીઓ કરતાં પણ આપણે પોતે વધારે જવાબદાર છીએ, કારણ કે તેઓ તો મૂર્ખ છે, ને પોતાના સ્વાર્થમાં આંધળા બનેલા છે, એટલે સારૂં નરસું સમજી શકતા નથી, પણ આપણે સમજતા છતાં એવી બાબતોમાં સુધારા કરવાની તજવીજ નથી કરતા અને જાણી જોઇને આંખમીંચામણાં કર્યા કરીએ છીએ, માટે પૂજારીયો કરતાં આપણે પ્રભુની નજરમાં વધારે ગુન્હેગાર છીએ. જે અજાણતાં પાપ કરે તેને ઓછી શિક્ષા થાય છે, પણ જે સમજ્યા છતાં જાણી જોઇને પાપ કરે તેને ખાસ વધારે શિક્ષા થાય છે. આપણા પૂજારીઓ જે પાપ કરે છે તે અજ્ઞાનતાથી કરે છે માટે તેઓ દયાને પાત્ર છે, પણ તમારા જેવા પંડિતો, શ્રીમંતો તથા અધિકારીઓ કે જેઓ એવી બાબતોમાં કાંઇક પણ કરી શકે તેમ છે તેઓ એવી બાબતો તરફ જાણી જોઇને સમજ્યા છતાં આંખમીંચામણાં કરે છે, તેઓ શિક્ષાને પાત્ર છે.

પ્રભુને નામે ભીખ માગવી એ પ્રભુનું અપમાન કરવા જેવું કામ છે.

મૂર્તિપૂજાનો અસલ હેતુ એ છે કે, દેવોને અર્થે પૂજારીઓએ ભોગ આપવો જોઈએ, કારણ કે જગતમાં ઇશ્વિરીસ્નેહ ફેલાવવા માટે સ્વાર્થનો ભોગ આપવાની વૃત્તિમાંથીજ–પોતાના બંધુઓની સેવા કરવાને ખાતરજ મૂર્તિપૂજાની ઉત્પત્તિ થયેલી છે, માટે દેવોનું ખરચ પૂજારીઓએ પોતાના પુરૂષાર્થથી ચલાવવું જોઈએ; તેને બદલે હાલમાં દેવો પાસે પૂજારીઓ મજુરી કરાવે છે, અને પૂજારીઓનું પેટ મૂર્તિઓ ભરે છે! દેવોના નામની મૂર્તિઓ કે જેને આપણા લોકો ખુદ ઇશ્વિર તરીકે માને છે તેને માટે–તેના નામથી પૂજારી ફાળા કરે છે, ને જાહેર રીતે ભીખ માગે છે, એ કેટલું બધું શરમ ભર્યું છે, અને એ ઇશ્વરનું કેટલું મ્હોટું અપમાન છે, એ કાંઈ તમે જાણો છો? કોઈ મ્હોટામાં મ્હોટા શહેનશાહને માટે તેના હજુરીયાઓ એમ કહે કે, મહારાજાધિરાજને ખાવા માટે કાંઇ નથી, માટે મહેરબાની કરીને કોઇ જુવાર બાજરાનો ટુકડો રોટલો આપવાની દયા કરો, મહારાજાધિરાજને પહેરવા માટે કાંઇ નથી, માટે કોઈ સુવાં જીવતાંનાં જૂનાંપુનાં લૂગડાંનો કટકો આપવાની કૃપા કરો, અને મહારાજાધિરાજને બેસવાની કયાંઈ જગ્યો નથી માટે કોઇક ન્હાની એવી ઝુંપડી બાંધી આપવાની મહેરબાની કરો; આવી રીતે મહારાજાધિરાજના નામથી ઘરબારીઓ પાસેથી હજુરીયાઓ ભીખ માગે તો તે શહેનશાહને અપમાન લાગે કે નહિ? તેમજ જેને આપણે ઇશ્વર સમજીએ છીએ તે દેવો કે મૂર્તિઓના નામથી લોકોમાં ભીખ માગવી એ પણ બહુ શરમભર્યું છે. એ નહિ માફ થઇ શકે તેવો ગુન્હો છે, કારણ કે ઇશ્વરને અર્થે પોતાના બંધુઓની સેવા કરવાને બદલે પોતાને મોજ મારવા સારૂ પૂજારીઓ દેવો પાસે ભીખ મંગાવે છે, એ કરતાં

વધારે મ્હોટો ગુન્હો બીજો શું? આવું ન થાય માટે અસલના વખતમાં ઘર ઘરનાં મંદિર નહોતાં, એટલુંજ નહિ પણ ખાસ એવો ઠરાવ હતો કે, જે શ્રીમંતો કે રાજાઓ મંદિરો બંધાવે તેઓ તેના હમ્મેશના ખર્ચને માટે પણ જોગવાઈ કરે; એટલુંજ નહિ પણ એવી જોગવાઇ કર્યા છતાં પણ એ મંદિરો તેઓ મહાજનને કે રાજ્યને સોંપી દેતા હતા, પોતે તેના માલિક થઇને બેસતા નહોતા, એટલે સારે માટે કોઇ પણ વખતે દેવો તરફથી પૂજારીઓને ભીખ માગવી પડતી નહોતી. આવો પ્રબંધ હોવાથી આજની પેઠે ઘર ઘરનાં મંદિરો થઈ પડતાં નહોતાં અને જૂદા જૂદા દેવો નહિ હોવાથી તથા મંદિરના માલિકો પૂજારીઓ નહિ હોવાથી એક બીજા પૂજારીઓ વચ્ચે હરીફાઈ કે દ્વેષબુદ્ધિ થઇ શકતી નહોતી, તેથી ભ્રાતૃભાવ જળવાઈ રહેતો હતો, દેવનું માન સચવાતું હતું અને લોકોમાં પૂજારીઓની પ્રતિષ્ઠા રહી શકતી હતી; કારણ કે દેવને ખાતર અથવા પોતાને ખાતર ભીખ માગવા સારૂ કોઈ પાસે તેઓને લાંબો હાથ કરવો પડતો નહોતો, એટલે તેઓનો મોભ્ભો જળવાઈ રહેતો હતો.

સેવાનું ફળ વેચનારા પૂજારીઓ માટે શાસ્ત્ર શું કહે છે?

પંડિતજી! અસલના બ્રાહ્મણો મૂર્તિપૂજાને પોતાના ગુજરાનનાં સાધન તરીકે વાપરતા નહોતા, પણ પોતાના બંધુઓની સેવા કરી તેમાંથી પોતાની ઇશ્વરીભાવના ખીલવવાનાં સાધન તરીકે તથા લોકોને ધર્મનું શરૂઆતનું જ્ઞાન આપવામાં તેનો ઉપયોગ કરતા હતા. તેઓ પોતાની આજીવિકા વિદ્યાદાન, યજ્ઞ, કર્મ તથા ભગવદેચ્છાથી અનાશ્રિત રીતે જે આવી મળે તે ઉપરજ ચલાવતા હતા, એટલે એ વખતે ધર્મની શરૂઆતના પગથીયા તરીકે, ધર્મના મૂળાક્ષર તરીકે, ધર્મના બીજ તરીકે અને જગતમાં ઇશ્વરીસ્નેહ ફેલાવવાનાં સાધન તરીકે

મૂર્તિપૂજા ઉપર લોકોની શ્રદ્ધા ટકતી હતી, અને તેથી ફાયદો થતો હતો. પણ એ પછી જમાનો ફરવા લાગ્યો એટલે પૂજારીઓની દાનત બદલાવા લાગી, તેઓ પોતાના બંધુઓની સેવા કરવાને ખાતર દેવ-પૂજા કરવાને બદલે પૂજાનો બદલો માગવા લાગ્યા; અને ઇશ્વરીસ્નેહને ભૂલી જઇને, અંતરના ઉમળકાને દાબી દઈને તથા કર્ત્તવ્ય ભૂલી જઇને ભાડુતી ટટ્ટુની પેઠે મંદિરોની નોકરી કરવા લાગ્યા, અને ધીરે ધીરે મૂતપૂજાને પોતાના ગુજરાનનું સાધન બનાવવા લાગ્યા. આવું જોઇને મહાત્માઓને ફિકર થઇ, તેથી એ અધર્મ અટકાવવા માટે તેઓએ ઠરાવ કર્યો કે, જે પૂજારી મૂર્તિપૂજા ઉપર પોતાના ગુજરાનનો આધાર રાખે અને જે માણસ એવી રીતે પોતાની સેવાનું ફળ વેચી નાખે તે માણસ આર્યધર્મ પ્રમાણે નીચવૃત્તિના છે, માટે તેમના ઘરનું અન્ન કોઇએ ખાવું નહિ અને જો કોઇ પવિત્ર માણસ દેવ-પૂજા ઉપર ગુજરાન કરનારા પૂજારીના ઘરનું અન્ન ખાય તો શુદ્ધ થવા માટે તેણે પ્રાયશ્ચિત કરવું જોઇએ. એ માટે મનુસ્મૃતિમાં બહુ ખૂલ્લી રીતે કહ્યું છે કેઃ—

ઘરઘરનાં મંદિરો થઇને તેમાં ફાટફુટ ન થઈ જાય, પોતાનાં ગુજરાન માટે લોકો મૂર્તિપૂજાનો ધંધો લઇને ન બેસે, પ્રભુને નામે ભીખ માગવાનું પૂજારીઓ ન શીખે અને મંદિરો તથા પૂજારીઓની પ્રતિષ્ઠા જળવાએલી રહે માટે ત્રિકાળદર્શિ મહાત્માઓએ સ્વાર્થીપણાથી દેવપૂજા કરનારા પૂજારીઓને ઉતરતી પંક્તિના ગણેલા છે; કારણ કે એમ ગણવાથી પવિત્ર માણસો એવી હલકી વૃત્તિના પૂજારીઓ સાથે કોઇપણ જાતનો ખાસ સંબંધ રાખતા નહિ, તેથી દેવનું ને પોતાનું માનભંગ કરનારા એવા પૂજારીઓને મ્હોટાં માણસો તરફથી ઘટતી મદદ મળતી નહિ, એટલે આશ્રય નહિ મળવાથી વખત જતાં એવા પૂજારીઓ બીજા ધંધામાં લાગી સુધરી જતા; પણ આજે તો એથી—

ઉલટો પ્રવાહ

છે, આપણા પવિત્ર ધર્મશાસ્ત્રનાં એ ઉત્તમ વચનો તરફ કોઈ જોતું નથી અને પોતાની સેવાનું ફળ વેચી નાખનારા, દેવોની મૂર્તિઓને પોતાના મજુર બનાવનારા તથા બહારના આડંબરવાળા મહા અજ્ઞાન પૂજારીઓજ ઉંચા ગણાય છે. તેઓના ઘરના પ્રસાદજ પવિત્ર ગણાય છે, તેઓનાંજ ચરણામૃત લેવાય છે, અને ઇશ્વરીસ્નેહને ભૂલી જેઓ પોતાનાજ વૈભવમાં રહેનારા છે તેઓનેજ શ્રીમંતો તરફથી મદદ મળે છે, તેઓનીજ પધરામણીઓ થાય છે, તેઓજ વંશપરંપરાના ગરાસો ભોગવે છે, તેઓજ વંશપરંપરાના ગુરૂ ગણાય છે, અને દેવસેવાને નામે ભ્રાતૃભાવને તોડી ભોળા લોકોની ડોકમાં વ્હેમનાં દોરડાંઓની જાળો નાંખનાર પૂજારીઓજ જગતને ધૂતી ખાય છે!! આવી આપણી મૂર્તિપૂજાની અને આપણા પૂજારીઓની સ્થીતિ થઇ પડેલી છે, માટેજ આપણો ધર્મ ડામાડોળ થઈ ગયો છે, અને ધર્મની એવી નબળી સ્થિતિ હોવાથીજ ધર્મના બળ વિના આપણી ઉન્નત્તિ થઇ શકતી નથી; માટે આપણા દેશની આબાદીને ખાતર, આપણા પવિત્ર ધર્મમાં ઇશ્વિરીસ્નેહ એટલે કે પરમાર્થનું તત્ત્વ જેમ બને તેમ વધારે આવે એમ કરવું જોઇએ.

આ બધી વાતો કહેવાનું કારણઃ–

પંડિતજી! મ્હારા આ વિચારો તમને રૂચશે નહિ, પણ મને માફ કરજો, કારણ કે તમારી લાગણી દુઃખાવવાને ખાતર હું કાંઇ આવી નાપસંદ વાતો કરતો નથી, પણ મ્હારૂં અંતર બળે છે માટે તમારો કોપ ખેંચી લઇને પણ આ સાચીવાતો શુભેચ્છાથી તમને કહું છું. અમને કાંઈ તમારી ઉપર કે બીજા કોઇની ઉપર કાંઈ દ્વેષ નથી, તેમજ આ વાતો કોઇ અમુક ધર્મ, અમુક ગુરૂ, અમુક દેશ,

અમુક કાળ કે અમુક મંદિરોને માટે નથી, પણ આખી દુનિયાને લાગુ પડે તેવી આ સાર્વજનિક બાબત છે; કારણ કે આ સિદ્ધાંતો કાંઈ અમારા ઘરના કે અમારા બાપના નથી, પણ મહાત્માઓના અને ઇશ્વરીધર્મના સુપ્રસિદ્ધ સિદ્ધાંતો છે. એ જાણવાથી આપણી ભૂલો સમજાય, તેથી આપણને સુધરવાનું ચાન્સ મળે અને દુનિયામાં સત્યધર્મ તથા ભાઈબંધી વધે, એવા હેતુથી સનાતન આર્યધર્મની આ ઉંડી વાતો ખૂલ્લી કરીને કહેવામાં આવી છે; માટે તમારે મન બગાડ્યા વિના ને મ્હોં મરડ્યા વિના જેમ મૂર્તિપૂજાની સ્થાપનાની વાતો અને પૂજારીઓનાં–બ્રાહ્મણોનાં વખાણની વાતો સાંભળી હતી તેમજ મૂર્તિપૂજામાં સુધારો કરવાની આ વાતો પણ તમારે ધ્યાનથી સાંભળવી જોઇએ; કારણ કે મૂર્તિપૂજાના ખંડનને માટે આ વાતો નથી, પણ મૂર્તિપૂજાનું અસલ રહસ્ય સમજવા માટેની આ વાતો છે. મૂર્તિપૂજા એ ધર્મનું મ્હોટું અંગ છે, અને તે દુનિયાની કોઈ પણ પ્રજામાંથી પૂરેપુરી રીતે કદિપણ નાબુદ થઇ શકે તેવી બાબત નથી, માટેજ તેને ઉંચામાં ઉંચા રૂપમાં લઇ જવાનું અમે કહીએ છીએ; અને તેનું ઉંચામાં ઉંચું રૂપ તે ઇશ્વરીસ્નેહ છે, માટે કોઇ પણ જાતની મૂર્તિપૂજાની સાથે કાંઇક પણ ઇશ્વરીસ્નેહ જોડાએલો હોવોજ જોઇએ, એજ અમારો મુખ્ય મુદ્દો છે, અને તે સારૂજ આટલી બધી વાતો કહી છે; કારણ કે ઇશ્વરીસ્નેહમાંથીજ ઇશ્વરીજ્ઞાન ઉપજે છે, અને ઇશ્વરીસ્નેહ તથા ઇશ્વરીજ્ઞાન એ બન્ને મહાતત્ત્વ સ્હેલાઇથી મળી શકે એવી જે બહારની તથા આંતરની ક્રિયા તેનું નામ ધર્મ છે, અને એ ક્રિયામાં મૂર્તિપૂજા મુખ્ય છે, માટે તે ધર્મનું અંગ છે.

મંદિરો સાથે જોડાએલો પરમાર્થ લાંબા સમય સુધી નભી શકે છે.

આવી રીતે હોવાથી જગતમાં ઇશ્વરીસ્નેહ ફેલાવવામાં મૂર્તિપૂજા

બહુ ઉપયોગી થઈ શકે છે, કારણ કે ધર્મની મદદ વિના સત્યપરમાર્થ થઇ શકતો નથી, અને ધર્મને બાજુમાં રાખ્યા વિના જે પરમાર્થ થાય તેની અસર બહુ લાંબે સુધી પહોંચતી નથી, એટલે તેથી કાંઈ સંગીન ફળ પણ થતું નથી, માટે ધર્મને બાજુમાં રાખીને પરમાર્થ થાય એવા હેતુથીજ પ્રાચીન ઋષિયોએ યજ્ઞો અને મૂર્તિપૂજાની સ્થાપના કરેલી છે; કારણ કે મંદિરોની સાથે જે પરમાર્થ જોડાએલો હોય તે ભલે ન્હાનો હોય તોપણ તે લાંબા કાળ સુધી નભી શકે છે, અને રાજાઓ કે શ્રીમંતોનો નામ મેળવવાને માટે કરેલો પરમાર્થ ભલે મ્હોટો હોય તોપણ તે થોડા વખતમાં નાબૂદ થઇ જાય છે; કારણ કે તે પરમાર્થનો સંબંધ અમુક માણસોની સાથે અથવા સારા નરસા વખતની સાથે હોય છે, પણ મંદિરોની સાથે જે પરમાર્થ જોડાએલો હોય છે તે તો વંશપરંપરાનો અને સાર્વજનિક હોય છે; એટલુંજ નહિ પણ જૂદા જૂદા કારભારીઓની મરજી પ્રમાણે રાજ્યના હુકમો જેમ વારે વારે બદલાય છે તેમ ધર્મશાસ્ત્રના સિદ્ધાંતો કાંઇ વારે વારે બદલાતા નથી, તેથી શેઠીયાઓ કે રાજાઓના પરમાર્થ કરતાં મંદિરો સાથે જોડાએલો પરમાર્થ વધુ વખત સુધી નભી શકે છે. અમે જોયું છે કે ઘણાએ શેઠીયાઓનાં સદાવ્રતો સૂકાઈ ગયાં છે, પણ હરદ્વારમાં, ગિરનાર ઉપર, વ્રજનાં મંદિરોમાં અને કાશીના મઠોમાં જે સદાવ્રતો છે તે સેંકડો વરસ થયાં હજી પણ એમને એમ ચાલ્યાં આવે છે. અમે જોયું છે કે ઘણાએ રાજાઓની પાઠશાળાઓ બંધ થઇ છે, અને ઘણીએ મંડળીઓ તથા સમાજોના ઉપદેશકો ઉંઘી ગયા છે, પણ ગામડાઓનાં ન્હાનાં ન્હાનાં મંદિરોમાં જે હરિકથા થયા કરે છે તે હજીસુધી પણ બંધ પડી નથી; અને અમે જોયું છે કે મ્હોટી મ્હોટી ધર્મશાળાઓ પડી ગઇ છે, પણ ન્હાનાં મંદિરોનાં તુટેલાં છાપરાંઓમાં સેંકડો વરસ થયા હજી પણ મુસાફરોને ઉતારો મળ્યા કરે છે. આવી

રીતે મંદિરોની સાથે જોડાએલો પરમાર્થ લાંબો વખત સુધી ટકી શકે છે, માટેજ અમે મંદિરોની વ્યવસ્થા સુધારવાની હીમાયત કરીએ છીએ; અને તે સારૂજ આ પરમાર્થના વિષયમાં મૂર્તિપૂજાની બાબત લીધેલી છે, કાંઈ તમોને માઠું લગાડવાને ખાતર ખાસ ચાહીને આ વિષય લંબાવ્યો નથી. પંડિતજી! ધર્મ સંબંધી બાબતમાં તમે બહુ સાંકડા વિચારના છો માટે તમારૂં દિલ ન દુઃખાય તે સારૂ આ ખુલાસો કરવો પડે છે.

પંડિતજીની પોલઃ-

પંડિતજીએ કહ્યુંઃ-નહિ નહિ, મહારાજ, એમાં અમારૂં દિલ દુઃખાય તેમ નથી, કારણ કે અમે તો ખાસડાં ખાતાજ આવ્યા છીએ. અમે કાંઇ એવા નાજુક લાગણીના નથી. જો અમે એવા નાજુક લાગણીવાળા હોઇએ અને ઇસારામાં સમજી જતા હોઇએ તો અમારો આવો ફજેતો થાય પણ શું કરવા? આતો આખી દુનિયાના બધા ધર્મોને લાગુ પડે તેવી સાર્વજનિક બાબત છે, ત્યારે હું એકલો મ્હારે માથે શામાટે ઓઢી લઉં? તોપણ એટલું તો ખરૂં પૂજારીઓ માટેના તમારા બધા વિચારો મને ગમ્યા નથી. જો કે તમારી વાતો સાચી છે ને મધ્યમપણાની છે, તોપણ અમારી વિરૂદ્ધનું એવું સત્ય પણ અમે સાંખી શકતા નથી; કારણ કે એ પ્રમાણે પાળી શકીએ એવું અમારામાં બળ નથી, અને અમારી પાસે એવાં સાધનો પણ નથી, એટલે એ સત્ય સાંભળીને પણ અમારે મ્હોં બગાડવું પડે છે. તમારે મોઢે આમ કહુંછું કે તમારી વાતો સાચી છે, પણ જ્યારે અમારા મંડળમાં બેઠો હોઇશ ને તેમાંથી કોઈ એમ કહેશે કે, સ્વામીજી તો નાસ્તિક છે, એતો આપણા રોટલામાં પ્હાણો નાંખે છે, એની વાતો સાંભળીએ તો બુદ્ધિ બગડી જાય, ત્યારે એ બધાઓની સાથે હું

પણ તેમાં ટેકો આપીશ ! કારણ કે અમને સત્ય સાથે કામ નથી, અમને તો અમારા વ્યવહારનું રગશિયું ગાડું જેમ તેમ કરીને ધીમે ધીમે આગળ ચાલ્યું જાય એટલુંજ જોઇએ છે ! માંડ માંડ દુઃખેપાપે પેટ ભરીએ છીએ તેમાં વળી તમારા આવા વિચારો બહાર પાડીને "આવ બલા પકડ ગલા" એવું કયાં કરીએ ? માટે તમે હજી વધારે ફટકા મારશો તોય નીચું માથું કરીને બેઠા રહીશું; કારણકે અમને દુઃખ લાગે તોપણ ઉપાય કયાં છે? તમારી વાત ભલે અમને ન ગમે તોપણ તે છે સાચી, એટલે પછી અમારૂં શું ચાલે? અને તોપણ તમારૂં વાંકું તો અમે ધરાર બોલીશુંજ ! !

પંડિતજીની આ વાત સાંભળીને મહારાજે મ્હારા મ્હોં સામું જોયું. ત્યારે મ્હેં પૂછ્યું કેઃ—મહારાજજી ! આ સ્થિતિનો ઉપાય શું? આમ તે કયાંસુધી ચાલશે ?

જૂના તથા નવા વિચારના લોકોને જોડનારી કડીઃ-

મહારાજે કહ્યુંઃ-બેટી જ્યાંસુધી લોકોમાં ભ્રાતૃભાવની ઇશ્વરી-સગાઈ વધે નહિ ત્યાંસુધી આ સ્થિતિ સુધરી શકે નહિ, કારણકે આપણા લોકોમાં બે મ્હોટા પક્ષ પડી ગયા છેઃ એક સુધારાવાળો ને બીજો જૂના વિચારનો. એ બન્નેના હેતુઓ સારા છે, પણ તેઓની કામ કરવાની રીતિ જૂદી જૂદી છે, તેથી આપણે જેમ સાંસારિક સુધારા કરી શકતા નથી તેમ ધાર્મિક સુધારા પણ કરી શકતા નથી; કારણકે એ બંન્ને જાતના સુધારા જ્યારે આપણા ધર્મના મંદિરો-માંથી થાય-પૂજારીઓમાંથી થાય-ગુરૂઓમાંથી થાય ત્યારેજ તે સાર્વ-જનિક થઇ શકે છે. ધર્મની મદદ વિના-ધર્મને બાજુમાં રાખ્યાવિના કોઈ પણ સુધારો ટકી શકતો નથી, તેમજ ધર્મને બાજુમાં રાખ્યા વિના ભ્રાતૃભાવ પણ વધી શકતો નથી; અને ભ્રાતૃભાવ વધ્યા વિના

દેશની આબાદી થઈ શકતી નથી. આ બધું થવા સારૂ જૂના વિચારના અને નવા વિચારના લોકોને સાથે જોડી શકે એવી એક કડી આપણને જોઇએ છે, કારણકે એવી કડી ન હોય ત્યાંસુધી એ બે પક્ષ સાથે મળી શકે નહિ, અને જ્યાંસુધી એ બે શક્તિઓ સાથે મળે નહિ ત્યાંસુધી કાંઈ મ્હોટાં કામ થઇ શકે નહિ; કારણકે વરાળ હોય તોજ યંત્ર ચાલે. એ વરાળ પેદા કરવામાટે કોલસો ને પાણી બન્ને જોઇએ. સુધારાવાળા તે કોલસો છે, તેઓ પ્રકાશ આપવા ઇચ્છેછે, અને જેમ કોલસો જલદી જલદી બળી જાય છે તેમ તેઓ જલદી જલદી સુધારા કરવા ઇચ્છે છે; પણ જૂના વિચારના લોકો તે પાણી છે, અને તેમાં પણ ધર્મગુરૂઓ તો ઠંડા પાણીનાં માટલાં છે, તેઓ જલદી ગરમ થતા નથી. પાણી ને કોલસો બન્ને સાથે હોય નહિ ત્યાંસુધી યંત્ર ચાલી શકે નહિ, તેમજ સુધારાવાળાઓ તથા અસલી વિચારના લોકો જ્યાંસુધી સાથે મળીને કામ લે નહિ ત્યાંસુધી સંસારસુધારો કે સત્યપરમાર્થ થઈ શકે નહિ; કારણકે વિજળીમાં જેમ નેગેટીવ ને પોઝીટીવ એ બે શક્તિ છે, ને તે બન્ને તાર સાથે મળ્યા વિના કાંઈ કામ થાય નહિ, તેમજ ધર્મગુરૂઓમાં અને સુધારાવાળાઓમાં પણ જૂદા જૂદા પ્રકારની બે શક્તિ છે, ધર્મગુરૂઓમાં ખેંચવાની શક્તિ છે, એટલે કે પોતાની સત્તાથી ને લાગવગથી બીજાઓને ઝુકાવવાની શક્તિ છે, અને સુધારાવાળાઓમાં છોડવાની એટલે કે પ્રકાશ આપવાની તથા ખરાબ રિવાજો છોડવાની શક્તિ છે, માટે એ બંને શક્તિઓ સાથે મળીને કામ કરે નહિ ત્યાંસુધી ખરેખરો સંસારસુધારો કે ધર્મનો સુધારો ઝપાટા બંધ થઈ શકેજ નહિ. હવે જે વિચારવાનું છે તે એજ કે એ બંને પરસ્પર વિરૂદ્ધ સક્તિઓ એક બીજા સાથે કેમ મળી શકે? એ બન્ને શક્તિઓને જોડનારી એક મજબૂત કડી જોઇએ. એ કડી જ્યાંસુધી

આપણને મળે નહિ ત્યાંસુધી સંસારસુધારો કે સત્યપરમાર્થ થઇ શકે નહિ. ત્યારે હવે સવાલ એ છે કે એ કડી ક્યાં છે? એ કડી કાંઈ દૂર નથી, તે આપણી પાસે છે, તે આપણી સાથેજ છે. એ કડી તે બ્રાહ્મણો છે. સુધારકો અને જૂના વિચારના લોકોને જોડનારી કડી તરિકેનું કામ બજાવવાને તેઓ યોગ્ય છે કે નહિ? એક બીજાની ભાષા નહિ સમજનારા એટલે કે એક બીજાના હેતુઓ નહિ સમજનારા બે જૂદા જૂદા પક્ષો વચ્ચે દુભાષિયા તરીકેનું કામ કરવાને બ્રાહ્મણો યોગ્ય છે કે નહિ? એ બળવાન પક્ષો વચ્ચેની લડાઇમાં બન્ને પક્ષો વચ્ચે વજન પડે તેવી રીતે એલચી તરીકે કામ કરી શકે તેવી શક્તિ બ્રાહ્મણોમાં છે કે નહિ? એ બધા સવાલો આપણે વિચારવાના છે. જો એ બધાનો જવાબ "હા" હોય તોપછી એ બન્ને શક્તિઓને જોડનારી કડી તરીકે બ્રાહ્મણોને માનવામાં કાંઇ વાંધો નથી.

હિંદુ ઘર સંસારમાં બ્રાહ્મણોની સત્તા:-

આપણે જાણીએ છીએ કે હિંદુધર્મશાસ્ત્રોમાં બ્રાહ્મણોને ખાસ વજન આપવામાં આવેલું છે, એટલુંજ નહિ પણ હિંદુધર્મની કોઈ પણ ક્રિયા એવી નથી કે જેમાં બ્રાહ્મણોનું કામ પડતું ન હોય! લગ્નમાં, જન્મમાં, મરણમાં, તીર્થમાં, શ્રાદ્ધમાં, દેવળમાં અને બીજા દરેક કામમાં સર્વ લોકોને બ્રાહ્મણોની ખાસ જરૂર છે. હિંદુઓમાં એવો કોઇપણ માણસ નહિ હોય કે જેને કદિ પણ કોઇપણ બ્રાહ્મણનું કામ પડયું ન હોય! આવી રીતે હોવાથી સ્વાભાવિક રીતેજ બ્રાહ્મણો હિંદુઓના ગુરૂ જેવા છે. જૂના વિચારના લોકો તો જાણે બ્રાહ્મણોને આધિન છેજ, પણ ધર્મગુરૂઓ પણ બ્રાહ્મણોને માને છે; તેની ઉપર પણ જરૂર પ્રમાણે ને સમય પ્રમાણે બ્રાહ્મણો અસર કરી શકે છે. સુધારાવાળાઓનો પક્ષ જો કે નિરાળો છે, એટલે તેઓ જૂના વિચારના

લોકોના જેટલું બ્રાહ્મણોને વજન આપતા નથી, તોપણ તેઓને પણ બ્રાહ્મણો વિના ચાલતું નથી.

આ સિવાય આપણા લોકોમાં આભડછેટનું લાકડું બહુ મ્હોટું છે, અને બ્રાહ્મણોની પવિત્રતા માટે લોકોમાં બહુ માન છે, એટલે તેને લીધે ઘરગતુ દરેક કામમાં બ્રાહ્મણોનો હાથ છે. રસોયા તરિકે ઘણું કરીને ખાસ બ્રાહ્મણોનેજ પસંદ કરવામાં આવે છે, પાણી ભરવામાટે અને પાણી પાવામાટે પણ ઘણે ઠેકાણે બ્રાહ્મણોનેજ રાખવામાં આવે છે, ગામડાઓમાં વહુદીકરીને તેડવામૂકવા જવાનું કામ પણ ગોર લોકોજ કરે છે, વરને કન્યા મેળવી આપવાનું તથા કન્યાને વર મેળવી આપવાનું કામ પણ બીજાઓના કરતાં બ્રાહ્મણો વધારે કરે છે, નાતો ભેગી કરવાનાં કામ, નોતરાં આપવાનાં કામ ને ઘેરે ઘેરે "દયા પ્રભુની" કરવાનું કામ પણ બ્રાહ્મણોજ કરે છે. આવી રીતે હોવાથી ઘણું કરીને દરેક હિંદુભાઇને દરરોજ બ્રાહ્મણોના સમાગમમાં વારંવાર આવવું પડે છે. નિશાળે ભણવા જાય ત્યાં પણ બ્રાહ્મણ માસ્તરો વધારે; મંદિરમાં દર્શન કરવા જાય ત્યાં પણ બ્રાહ્મણ પૂજારીઓ; કાંઈ નવો ધંધો—રોજગાર કરવો હોય, વાસ્તુ કરવું હોય કે પરદેશ જવું હોય તોપણ મુહૂર્ત જોવાવાળા બ્રાહ્મણો; શેરનો, રૂનો કે અફીણનો સટ્ટો કરવો હોય તો ત્યાં પણ નબળા મનના લોકોમાટે મૂર્ખ બ્રાહ્મણો તૈયાર; અને કોઇ માંદુ પડયું હોય તો ત્યાં પણ ગ્રહ જોવામાટે તથા દાન દેવામાટે બ્રાહ્મણોની જરૂર!! ટુંકામાં હિંદુઓના દરેક કામોમાં બ્રાહ્મણોનો હાથ છે, અને તે માત્ર પુરૂષોમાંજ નહિ, પણ સ્ત્રીઓ સાથે પુરૂષો કરતાં પણ બ્રાહ્મણોનો વધારે સંબંધ છે, કારણ કે પુરૂષો કરતાં પણ સ્ત્રીઓનો વિશ્વાસ બ્રાહ્મણો ઉપર વધારે છે, અને સ્ત્રીઓની મદદ પણ બ્રાહ્મણોને વધારે છે. માત્ર સ્ત્રીઓમાંજ નહિ પણ જૂદા જૂદા મતના ધર્મગુરૂઓ પાસે પણ

બ્રાહ્મણોની સત્તા હોય છે, કારણ કે તે ધર્મગુરૂઓ પોતે બ્રાહ્મણોની પાસેથીજ ભણનારા છે, અને બ્રાહ્મણોને પોતાની પાસે પોતાની મદદમાં રાખનારા છે. હિંદુધરસંસારમાં બ્રાહ્મણોની આવી બળવાન સત્તા હોવાથી અને બ્રાહ્મણોનો લાગવગ આવો મ્હોટો હોવાથી નેગેટીવ અને પોઝીટીવ એ બે છેડાને જોડનારી કડી થવાને તેઓ યોગ્ય છે. આપણા દેશની ઉન્નત્તિને માટે જૂના વિચારના લોકો તથા નવા વિચારના લોકોને જોડનારી બ્રાહ્મણોના જેવી બીજી કોઈ પણ કડી મળી શકવાની નથી.

"પીર, બબરચી, ભીસ્તી, ખર"

આવી રીતે હોવાથી કુદરતી રીતેજ આપણે માગીએ છીએ તેવી કડીરૂપે બ્રાહ્મણો છે. ધર્મસંબંધી બાબતોને લીધેજ બ્રાહ્મણો કડીરૂપે છે એમ નહિ, પણ વ્યવહારિક રીતે પણ બ્રાહ્મણો સર્વેના મદદગાર છે. કેવી રીતે બ્રાહ્મણો મદદગાર છે, એ સમજાવવાની હિંદુભાઇઓને કાંઈ જરૂર નથી, કારણકે એ બાબત તેઓ પોતાના ઘરમાંજ જુએ છે, તોપણ એ ખાતે એક ટુંકો દાખલો આપવાનું પ્રસંગોપાત ઠીક થઈ પડશેઃ—

કોઇ એક હિંદુ સરદારને પહાડોમાં ને જંગલોમાં મુસાફરી કરવાની હતી, તેથી તેણે પોતાની સાથે રાખવા માટે નોકરોની માગણી કરી, પણ તેમાં એવી સરત હતી કે, "પીર, બબરચી, ભીસ્તી અને ખર," એવો નોકર મને જોઇએ. પીરનો પીર, બબરચીનો બબરચી, ભીસ્તીનો ભીસ્તી ને બોજો પણ ઉપાડનાર, એવો માણસ આખી દુનિયામાં બ્રાહ્મણ વિના બીજો કોણ મળનાર છે? બીજા કોઇ પણ ધર્મના ધર્મગુરૂઓ બબરચીનું, ભીસ્તીનું કે ખરનું કામ કરે નહિ; એતો બ્રાહ્મણોનીજ અત્યારે એવી પડતી દશા છે કે તેઓ પીર, બબરચી

ભીસ્તી અને ખર બને ! ! તેમજ જે બબરચી, ભીસ્તી ને ખર બને તેને બીજા કોઇ પણ ધર્મવાળા પીર તરીકે કબૂલ રાખે નહિ, પણ એતો હિંદુઓજ એવા ભોળા ને ભલા છે કે બબરચી, ભીસ્તી ને ખરને પણ પોતાના ગુરૂ તરીકે માની લે છે ! ! આવા પ્રકારના બ્રાહ્મણોને આપણે ગુરૂ તરીકે માનવા કે નહિ એ બાબત જૂદી છે, એ સવાલ સાથે આ જગ્યોએ આપણને કામ નથી, પણ હિંદુધરસંસારમાં બ્રાહ્મણો કેટલો બધો ભાગ લે છે, તે સમજવા માટે ઉપલો દાખલો જરૂરનો છે.

બ્રાહ્મણોને સુધારવાની જરૂરઃ-

આવી રીતે હિંદુધરસંસારમાં બ્રાહ્મણોની અતિશય સત્તા છે, માટે જૂના વિચારના તથા નવા વિચારના લોકોને જોડનારી કડી થવાને તેઓ યોગ્ય છે. પણ હવે જે મુદ્દાની વાત છે તે એજ છે કે એ કડીને સુધારવી જોઇએ ને તેને મજબૂત બનાવવી જોઇએ. માત્ર કડીને ખાતર કડી સુધારવાની આ વાત નથી, પણ બે મહાનશક્તિઓને જોડવા સારૂ કડી સુધારવાની જરૂર છે. જો બ્રાહ્મણો સુધરે તોજ મંદિરો સુધરી શકે, તોજ ભ્રાતૃભાવ વધી શકે, તોજ સંસારસુધારો થઈ શકે અને તોજ સત્યપરમાર્થ થઇ શકે. જ્યાંસુધી બ્રાહ્મણો સુધરે નહિ ત્યાંસુધી તે બધું થઇ શકે નહિ; કારણકે તેઓ બે જૂદી જૂદી શક્તિને જોડનારી કડીરૂપ છે, અને તેઓ આપણી ઉન્નતિનું મધ્યબિંદુ છે. પંડિતજી ! તમારામાં આટલું બધું બળ છે, પણ જમાનાને અનુસરતી કેળવણી ન હોવાથી લોકોમાં વ્હેમી વિચારો ફેલાવનારા અને સંસારસુધારા તથા ભ્રાતૃભાવની વિરૂદ્ધમાં ગંભીર પ્રકારનાં ગુલબાનો ઉડાવનારા પણ તમેજ થઈ પડયા છો. જો બ્રાહ્મણો સુધરે તોજ એવું ન થાય, અને જો બ્રાહ્મણો સુધરે તોજ સત્ય-

પરમાર્થ થઈ શકે, કારણકે પરમાર્થનો ધર્મની સાથે સંબંધ છે, અને ધર્મની ચાવી બ્રાહ્મણોના હાથમાં છે, એટલે જો બ્રાહ્મણો સુધરે તોજ પૂજારીઓ સુધરી શકે, મંદિરો સુધરી શકે, ગુરૂઓ સુધરી શકે અને લોકો પણ સુધરી શકે; કારણકે તે કડીમાં નેગેટીવ ને પોઝીટીવ એ બન્ને શક્તિઓ જોડાએલી છે, એટલે તુરતજ ધારેલું કામ થઇ શકે છે. પણ જો એ કડીની દરકાર કરવામાં નહિ આવે તો જૂની ને નવી એ બન્ને શક્તિઓથી પરસ્પર વિરૂદ્ધ રહીને તો સેંકડો વરસો વાતો કરતાં ચાલ્યાં જાય તોપણ કાંઇ ખરો લાભ થવાનો નથી. માટે આપણે બ્રાહ્મણોને સુધારવા જોઇએ, અને તેઓને સુધારવા સારૂ તેઓમાં કેળવણી વધે એવા ઉપાયો લેવા જોઇએ.

પંડિતજીનો ઘરસંસાર:–

આમ વાત ચાલે છે એટલામાં પંડતજીની છોકરી કપુરી દોડતી દોડતી ત્યાં આવી, ને કહેવા લાગી કે, કાકા, ચાલોને, મ્હારી બા વઢે છે.

પંડિતજીએ પૂછ્યું: કોની સાથે? કપુરીએ કહ્યું: ફૂઇની સાથે. પંડિતજીએ કહ્યું: આટલીવારમ ફૂઈ ત્યાં ક્યાંથી આવી? કપુરીએ કહ્યું: કોઇ વાણીઆને ત્યાં કાણ કુટાવા ગયાં હતાં ત્યાંથી આવ્યાં ને મ્હારી બા પાસે ન્હાવા સારૂ પાણી માગ્યું, ત્યારે મ્હારી બાએ કહ્યું કે, કુવે જઇને નાહી આવો, ઘરમાં ઉનું પાણી નથી. તમે કોઇકની કાણો કુટાવીને પાવલો–અધેો લઈ આવો ને હું તમારે માટે ગરમ પાણી તૈયાર કરી રાખું કાં? એવું શેઠાણીપણું મ્હારી પાસે નહિ ચાલે. કાણો કરાવી કરાવીને એટલું એટલું કમાઓ છો તેમાં મ્હારી કપુરીના હાથમાં કોઇ દિવસ એક દોઢીયું પણ આપ્યું છે? એમ મ્હારી બાએ કહ્યું, તેમાંથી લડી પડયાં.

પંડિતજીએ કહ્યું:–એતો રોજની લડાઈ છે, એમાં મ્હારૂં શું

ચાલે ? બ્હેન બિચારી દુઃખીઆરી, એટલે તેને કાંઇ કહેવાય નહિ, ને ત્હારી બા પાસે મ્હારૂં કાંઇ ચાલે નહિ ! હું આવીને શું કરૂં ? બાપાને બોલાવ, એટલે એ રાડો નાંખી સૌને ઠેકાણે લાવશે.

કપુરીએ કહ્યું:-આપણા યજમાનમાં કોક મરી ગયું તેથી બાપા તો નાતમાં ઉઠમણાનું કહેવા ગયા છે.

પંડિતજીએ કહ્યું:-બીજું તો કાંઇ નહિ પણ દાદરા ચ્હડતે ચ્હડતે ક્યાંક પડશે તો પીડા થશે. આખી નાતમાં ઉઠમણાનું કહેવા જવું પડે એ કાંઇ હવે એમનું કામ છે ? એવાં પાકાં માણસોએ તો ઘર પકડીને બેસવું જોઇએ.

કપુરીએ કહ્યું:-મ્હોટી માએ ન્હાનાકાકાને કહ્યું કે, તું ઉઠમણાનું કહેવા જા, ને ત્હારા બાપને ઘરમાં બેસવા દે. પણ ન્હાનાકાકાએ કહ્યું કે, આજે સોમવાર છે માટે હું તો મહાદેવે જઇશ. માએ ઘણુંએ કહ્યું, પણ ન સમજ્યા, ત્યારે મ્હારી બાએ કહ્યું કે, એ ઉઠમણાનું કહેવા જાય ત્યારે પછી મહાદેવના મંદિરમાં શેઠીઆઓના જોડા-છત્રી સાચવવાનો ધંધો કોણ કરશે ? પોતાનો અસલ ધંધો તે કોઇ મૂકે ? મ્હારી બાએ હસતે હસતે એમ કહ્યું, ત્યારે ન્હાનાકાકાએ કહ્યું કે, ત્હારો બાપ ધોબીના ને મોચીના ઘરનું અન્ન જમે છે એ કરતાં અમે સારા છીએ. એ ઉપરથી જરા ધામધૂમ થઈ પડી, તેથી ન્હાનાકાકા રીસાઇને ગયા છે તે હજી આવ્યા નથી. માએ તો બાપાને બહુ ના પાડી, ને કહ્યું કે, તમે હવે દાદરા નહિ ચ્હડી શકો. પણ એ કાંઈ માને ?

પંડિતજીએ કહ્યું:-મ્હોટો ભાઇ ક્યાં છે ? ઉઠમણાનું કહેવા એ કેમ ન ગયો ?

કપુરીએ કહ્યું:-એ તો વાડીમાં રસોઇ કરવા ગયા છે. તમે ગયા પછી મ્હારા લખુમામા કોઇકને સાથે લઇને આવ્યા હતા, તે અર્ધો રૂપિયો રોજ ઠરાવીને નાતની રસોઇ કરવા સારૂ બાપુકાકાને વાડીમાં

તેડી ગયા. તેની સાથે જે શેઠીયો આવ્યો હતો તે તમારી ખબર પૂછતો હતો, ને કહેતો હતો કે મ્હેં વ્યાસને જપ કરવાનું કહ્યું છે, તેથી હું તો જાણું ઘરમાં બેઠા બેઠા જપ કરતા હશે, પણ તે તો રખડતા ફરે છે! હવે એમનો ભરોસો કોણ કરશે! એમ તે કહેતો હતો. મ્હારા મામાએ કહ્યું કે, બહુ જરૂરનું કામ હશે તેથીજ બહાર ગયા હશે, નહિ તો જપ કરવા મૂકીને ક્યાંઈ જાય નહિ. એ સાંભળીને મ્હારી બા તો રાંધણીઆમાં ઉભી ઉભી હસી પડી. તેથી મ્હેં પૂછ્યું કે, બા, તું કેમ હસી? ત્યારે મ્હારી બાએ કહ્યું કે, મામાએ ત્હારા કાકાની ભોળ તાણી તે જોયુંને!! મને પરણ્યે પંદર વરસ થયાં તેમાં મ્હેં તો કોઈ દિવસ ત્હારા કાકાને જપ કરતાં જોયા નથી ને તોપણ મામાએ ખોટે ખોટું કહી દીધું કે જપ મૂકીને ક્યાંઈ જાય નહિ! એમ એક બીજાની આબરૂ રાખે ને પોતાનું કામ કાઢી લે એનું નામ તે ડહાપણ! ત્હારા કાકામાં એટલી આવડત ન મળે ને મ્હારો ભાઈ ગામડાંનો છે તોપણ બધી વાતે પૂરો! આમ કહીને કપુરી ચૂપ રહી.

પંડિતજીએ પૂછ્યું કે; બીજું કોઈ ઘેર આવ્યું હતું?

કપુરીએ કહ્યું:—બીજું તો કોઈ આવ્યું નથી, એક વાણીઆણી આવી હતી, તે કહે મ્હારે ઘેરથી સીધું લઇ જાઓ. બાએ કહ્યું કે, ભાઇ તો બહાર ગયો છે, માટે તમે કહો તો હું આવીને સીધું લઇ જાઉં. ત્યારે તે બાઇએ કહ્યું કે, વ્યાસના પગ ધોવા જોઇએ ને હાથજોડ કરાવવી જોઇએ, તે પછી સીધું અપાય, માટે વ્યાસ આવે ત્યારે મ્હારે ઘેર મોકલજો. આજે મ્હારી સાસુનો માસીસો છે, માટે બ્રાહ્મણને સીધું અપાયા પછી અમારાથી જમાશે, તે સારૂ વ્યાસને જલદી મોકલજો, ને જો વ્યાસને આવતાં વાર લાગે તો કોઇ બીજાને, જેને હાથજોડ કરાવતાં આવડે તેને મોકલજો. જો જો અમે વાટ જોઇને બેસી ન રહીએ હો! પેલી વખત તમે વ્યાસના ભાઇને મોકલ્યો હતો, પણ

એને તો હાથજોડ કરાવતાં પણ ક્યાં આવડે છે? એવા કોઈ ભોટ જોવાને મોકલશો નહિ.

પંડિતજીએ કહ્યું:–મહારાજજી, આ છોકરીની વાતો સાંભળી કે? જુઓ, થોડીવાર તમારી પાસે બેઠો તેમાં આટલો બધો ગોટાળો થઈ ગયો. તમે કહો છો કે "દેશ સુધારો, દેશ સુધારો," પણ અમારા ઘરના હાલ તો જુઓ? હવે મને રજા છે? જમીને તુરત પાછો આવીશ. એમ કહીને પંડિતજી ઉઠયા.

દેશની ઉન્નતિને ખાતર ધર્મની ચાવીને સુધારો.

પંડિતજીના જવા પછી મહારાજે મને કહ્યું કે, બેટી, જોયું! કપુરીની વાતો સાંભળી કે? આપણા ગુરૂઓના આવા હાલ છે, આપણા મંદિરોના પૂજારીઓના આવા હાલ છે, આપણા ધર્મની ચાવી જેની પાસે છે તે બ્રાહ્મણોના આવા હાલ છે, લોકોમાં ઘેર ઘેર જેનો એટલો બધો લાગવગ છે તે બ્રાહ્મણોના આવા હાલ છે, અને જે જૂના તથા નવા વિચારના લોકોને જોડનારી કડીરૂપ છે તેના આવા હાલ છે!! માટેજ અમે કહીએ છીએ કે આપણા દેશને સુધારવા સારૂ બ્રાહ્મણોને સુધારવા જોઇએ. એ સૌથી મ્હોટામાં મ્હોટું પુન્યનું કામ છે, કારણ કે હાલના વખતમાં ભ્રાતૃભાવની ઇશ્વરીસગાઈના ધર્મથીજ આપણો દેશ સુધરી શકે તેમ છે; પણ જ્યાંસુધી બ્રાહ્મણો જૂના વિચારના રહે ત્યાં સુધી તેઓ બહારના આડંબર અને પોલ-મપોલને છોડીને અંતરના ધર્મને એટલે કે ભ્રાતૃભાવને આગળ વધવા દે તેમ નથી, માટે આપણા દેશમાં અને આપણી પ્રજામાં આંતર-ધર્મ વધે તે સારૂ જૂના ને નવા વિચારના લોકોને જોડનારી કડીરૂપ જે બ્રાહ્મણો તેઓને સુધારવાનું અમે કહીએ છીએ. તેઓને સુધારવા માટે ચાહીને કોઈ ખાસ ઉપાયોથી તેઓમાં કેળવણી વધારવી જોઇએ.

બેટી, માત્ર બ્રાહ્મણોને ખાતર બ્રાહ્મણોને સુધારવાનું હું નથી કહેતો, પણ આપણા દેશને ખાતર, આપણા ઉત્તમ ધર્મને ખાતર અને આપણા પોતાને ખાતર હું બ્રાહ્મણોને સુધારવાનું કહું છું; કારણ કે બ્રાહ્મણોના હાથમાં આપણા ધર્મની ચાવી છે. સારે માઠે પ્રસંગે આપણા ઘરસંસારમાં વારે વારે તેઓનું કામ પડે છે, એટલુંજ નહિ પણ એ બહુ મ્હોટો ને અસરકારક વર્ગ છે. તે એવા પવિત્ર ને બુદ્ધિશાળી છે કે બીજા બહુ જાતના લોકો કરતાં તે જલદી સુધરી શકે તેમ છે, માટે અમે બ્રાહ્મણોને સુધારવા ઉપર ખાસ ભાર મૂકીએ છીએ; કારણ કે જેમ રાજ્યના અમલદારોની આપણી ઉપર બહારની સત્તા ચાલે છે તેમ આપણા ધર્મગુરૂઓ અને આપણા પંડિતોની આપણા અંતરમાં સત્તા ચાલે છે, માટે રાજ્યના કાયદા સારા થાય તે સારૂ જેમ આપણે સારા અમલદારોની ઇચ્છા રાખીએ છીએ, અને તેને સુધારવાની તજવીજ કરીએ છીએ, તેમજ આપણા ધર્મના સુધારા માટે આપણે ઉત્તમ ગુરૂઓની ઇચ્છા રાખવી જોઈએ; અને સામટી રીતે જોતાં આપણા ગુરૂઓ તે બ્રાહ્મણો છે, માટે બ્રાહ્મણો સુધરે તે સારૂ જેમ બને તેમ તેઓમાં કેળવણી વધારવી જોઇએ, કારણ કે મૂર્ખ બ્રાહ્મણોના સાંકડા વિચારો ભ્રાતૃભાવની ઇશ્વરીસગાઈ આગળ વધારવામાં બહુ અડચણરૂપ થઈ પડે છે, માટે એ અડચણ મટે અને જગતમાં ઇશ્વરીસ્નેહ ફેલાય તે સારૂ અમે બ્રાહ્મણોને કેળવણી આપવાનું કહીએ છીએ.

બૅરિસ્ટરની મુલાકાતઃ-

આમ વાત ચાલે છે એટલામાં ત્યાં બે ગૃહસ્થો આવી લાગ્યા. તેમને જોઇને મહારાજે કહ્યુંઃ ઓહો! ડૉક્ટર સાહેબ, તમે આજે ભૂલા પડયા એ શું કહેવાય?

ડૉક્ટરે કહ્યું: આ મ્હારા મિત્ર બૅરિસ્ટર સાહેબને ઘણો વખત થયાં આપના દર્શનની ઇચ્છા હતી, તેથી આજે વખત મળવાથી તેડી લાવ્યો છું.

મહારાજે કહ્યું: બહુ ખુશીની વાત. બૅરિસ્ટર સાહેબની મુલાકાતથી મને બહુ આનંદ થશે, કારણ કે અમે તો કામ કરી શકે એવાં માણસોજ માગીએ છીએ. વારૂ, બૅરિસ્ટર સાહેબને એવી ઇચ્છા થવાનું કાંઈ કારણ?

બૅરિસ્ટરે કહ્યું: પંડિતા સરસ્વતીબાઇ પાસેથી મ્હે સાધ્વી ભાનુકિશોરીબાઈની પરમાર્થવૃત્તિનાં બહુ વખાણ સાંભળ્યાં, તેથી હું તેમના દર્શનની ઇચ્છા રાખતો હતો. એ પછી પ્રસંગોપાત એ માટે વાત થતાં મ્હારા મિત્ર ડૉક્ટર સાહેબે કહ્યું કે, એમને ત્યાં તો હમ્મેશાં વિદ્વાનોની મંડળી મળે છે, અને કાંઈ કાંઈ રૂડી ચર્ચા ચાલ્યાજ કરે છે; જ્યારે જોઈયે ત્યારે બે ચાર જણ તો બેઠાજ હોય, અને દેશહિતની કે ધર્મની વાતો થતીજ હોય; કારણ કે તેઓએ પોતાની જીંદગી આપણા દેશ અને આપણા ધર્મને અર્થે અર્પણ કરેલી છે. એ પછી પંડિતજીએ પણ મને કહ્યું કે, દયાની દેવી બ્હેન ભાનુકિશોરી ઇશ્વરીસ્નેહની મૂર્તિ છે, અને સ્વામીજી ઇશ્વરીજ્ઞાનની મૂર્તિ છે, એઓના સત્સંગથી આપણામાં નવુંજીવન આવે છે, એમ જાણવાથી અહિં આવવાની મને ઇચ્છા થઇ; કારણ કે હું પણ કાંઇક કામ કરવા માગું છું, પણ મને રસ્તો મળતો નથી, તેથી આપના જેવા ગુરૂની મને જરૂર છે.

ગુરૂ શબ્દથી હું બહુ બીહું છું.

મહારાજે કહ્યું:–ગુરૂ શબ્દથી હું બહુ બીહું છું, કારણકે લેભાગુ ગુરૂઓએ આપણા દેશનું સત્યાનાશ વાળેલું છે. અમે લોકો તરફથી અમારા શિષ્ય થવાની નહિ પણ ભ્રાતૃભાવની–ઇશ્વરીસગાઇનીજ

આશા રાખીએ છીએ, અને અમે પોતે તો જગતના દાસ થવાજ ઇચ્છીએ છીએ; કારણ કે ઈશ્વરીસ્નેહને ખાતર અમે તો અમારા બંધુઓની સેવા કરવાનો ધર્મ સ્વીકારેલો છે, માટે અમારે ખાતર નહિ, પણ આપણા દેશ અને આપણા ધર્મને ખાતર જે ઈશ્વરી-ઉદ્દેશમાં મદદ કરે તે અમારા મુરબ્બીઓ છે, અને અમે તેના દાસ છીએ. તમે જો ઈશ્વરીસ્નેહ વધારવાનું કામ કરવા ઇચ્છતા હો તો અમારા મ્હોટા મિત્ર છો, અને અમારાથી જે બની શકે તે મદદ આપવા તૈયાર છીએ; કારણ કે જે માણસ ધર્મને ખાતર પ્રભુને અર્થે કોઈ પણ જાતની સેવા કરવા ઇચ્છે છે તે હરિજન છે, તે ભક્ત છે, તે પ્રભુના કૃપાપાત્ર છે, અને તે મહાત્મા છે. તેને દાસ બનાવવા એ અમારો ધર્મ નથી, પણ તેને તો શેઠ બનાવવા એજ અમારો ધર્મ છે; કારણ કે આપણે માણસોનાં ન્હાનાં ન્હાનાં કામ કે થોડાં થોડાં જ્ઞાન સામે જોવાનું નથી, પણ એ જ્ઞાન અને એ કામ જેને અર્થે વાપરે છે તે મહાનઈશ્વરની સામે જોવાનું છે; એટલુંજ નહિ પણ મનુષ્યનો આત્મા જેમાંથી પ્રકટયો છે અને અંતે જેમાં મળી જવાનો છે તેની સામે આપણે જોવાનું છે. બૅરિસ્ટર સાહેબ, જરા વિચાર કરીને જુઓ, એટલે ગુરૂ ચેલાપણું હમણાંજ ઉડી જશે, અને આપણે સૌ ભાઇઓ ઈશ્વરીસગાઈની એકજ સાંકળમાં જોડાઈ જઈશું.

જગતને મિથ્યા માનનાર એક સંન્યાસીઃ-

બૅરિસ્ટરે કહ્યુંઃ ઓહો! આતો બહુ મજેના વિચાર. જો અમારા ધર્મગુરૂઓમાંથી અમને કોઇ આવું શિખવતું હોય તો અમો તેના સિપાઇ બનવા તૈયાર છીએ. પણ મહારાજ! અમને તો ચોતરફથી એમજ કહેવામાં આવે છે કે તમે અમુક ગુરૂના ચેલા થાઓ. મ્હારા એક મિત્રને ત્યાં કોઈ સંન્યાસી વેદાંતની કથા કરતા હતા. ત્યાં હું

કોઈ કોઈ વખત સાંભળવા જતો. તે સંન્યાસીના મનમાં એવીજ ઇચ્છા કે, આ માણસ મને હજી વધારે માન આપે તો સારૂં. હું દૂરથી તેમની સામે હાથ જોડતો એથી તેમને સંતોષ થતો નહિ. તેમની ઇચ્છા એવી હતી કે હું તેમના પગમાં પડું તો સારૂં. હું તેમને "સ્વામી" કહું એટલાથી તે રાજી થતા નહિ, પણ હું તેમને ગુરૂ કહું તો સારૂં, એમ તે ઇચ્છતા હતા. ટુંકામાં એટલુંજ કે તે મને પોતાનો ચેલો બનાવવા ચ્હાતા હતા. અમે કોઈ વખત ફરવા જઇએ ત્યારે ગાડીમાં સામેની સીટ ઉપર બેસવું તેમને પસંદ પડતું નહિ, તે અમને સામેની બાજુએ બેઠેલા જોવા રાજી હતા, એટલુંજ નહિ પણ પાછળથી બીજાઓને મોઢે તે કહેતા કે, બૅરિસ્ટર મ્હારો ચેલો છે! એ સંન્યાસીની આવી વર્તણુંક જોઇને મને તો બહુ કંટાળો લાગ્યો. અમારી આગળ आत्मवत् सर्वभूतेषु એવી વાતો કરે, જગત ખોટું છે, એમ સિદ્ધ કરે, વૈરાગ્યનાં લાંબાં લાંબાં લૅક્ચરો આપે, માયા એ અજ્ઞાન છે, ભ્રમ છે, એવું સમજાવે, અને પોતે માન-પાનની તથા ચેલા-ચેલીની ઇચ્છા રાખે એ શું? આવું હબંગ તે અમારાથી કેમ ખમાય? બધા ગામઠી લોકો વાહ મહારાજ, વાહ મહારાજ કરે, એટલે એ મહારાજ જાણે મ્હારામાં કાંઈ આવી પડયું છે, પણ અમે તો જનસ્વભાવનાં રહસ્યો સમજીએ, એટલે અમારાથી કાંઇ તેની પોલ છૂપી રહે નહિ. આપણા દેશમાં જ્યાં જોયે ત્યાં બહારના મ્હોટા આડંબર અને અંદરથી આવું પોલેપોલું ખાતું છે, એટલે અમે તો એવી પોલથી કંટાળીને ઘેર બેઠેલા છીએ. આજે આપના મેલાપથી સંતોષ થયો, એટલે જાણે ખારા સમુદ્રમાં મીઠી વીરડી મળી ગઇ હોય એવો મને આનંદ થાય છે.

દીનતા એ આપણા ધર્મનું પહેલું પગથીયું છે.

મહારાજે કહ્યું: બૅરિસ્ટર સાહેબ, મને માફ કરજો, પણ મ્હારે કહેવું જોઇએ કે એ સંન્યાસીમાં જેમ માન લેવાની જીજ્ઞાસા હતી

તેમજ તમારામાં પણું બીજાઓને માન ન આપવાની લાગણી છે. જો કે એમાં તમારો કાંઈ ખાસ વાંક નથી, કારણકે સ્વાભાવિક રીતેજ એવી જાતની થોડી ઘણી અક્કડતા ઇંગ્રેજી કેળવણીમાં રહેલી છે, અને તેમાં પણ તમને તો મ્હોટો દરજ્જો, ઘણી વિદ્યા તથા બહુ ધન મળી ગયું અને વળી જુવાન અવસ્થા, એટલે પછી તમારી અક્કડતામાં બાકીજ શું રહે? પણ યાદ રાખજો કે દીનતા એ આપણા ધર્મનું પહેલું પગથીયું છે. દીનતાવિના અક્કડબાજ રહીને કદિ પણ ઇશ્વિરીરસ્તામાં આગળ વધી શકાતું નથી, કારણકે ઇશ્વિરીસ્નેહમાંથી દીનતા પેદા થાય છે, એટલે જેનામાં જેટલો ઇશ્વિરીસ્નેહ વધારે તેટલી તેનામાં દીનતા વધારે હોય છે. દીનતાવિના ઇશ્વિરીસ્નેહ દેખાડી શકાય નહિ, દીનતાવિના સેવા કરી શકાય નહિ, અને સેવા કર્યા વિના કલ્યાણ થઈ શકે નહિ; માટે જો ઇશ્વિરીજ્ઞાન મેળવવું હોય તો પ્રથમ આપણામાં દીનતા જોઇએ.

દીનતાનો અર્થ શું?

સા જીવોને આપણા બંધુ સમજવા, સૌના અપરાધો માફ કરવા, બીજાઓને ખાતર આપણા સ્વાર્થનો ભોગ આપવો અને જગતમાં ઇશ્વિરીસ્નેહ ફેલાવવા માટે એટલે કે બીજાઓને ઉંચે ચ્હડાવવા સારૂ આપણે આપણો અહંભાવ છોડીને નીચે ઉતરવું તેનું નામ દીનતા છે. નીચે ઉતરવું એમ વ્યવહારિક લોકોને લાગે છે, પણ ખરી રીતે જોતાં તો ઉપર ચ્હડવું, એટલે કે શ્રેષ્ઠ બનવું એજ દીનતાનો અર્થ છે. એવી દીનતા એટલે કે એવો ભ્રાતૃભાવ ઇશ્વિરીજ્ઞાનની કથા કરનાર તે સંન્યાસીમાં નહોતો તેથી તેને માનની ઇચ્છા રહેતી હતી, અને તમારામાં પણ એવી ઇશ્વિરીસગાઈ નહોતી તેથી તમે તેને માન આપી શકતા નહોતા; પરન્તુ જો સાચું સુખ મેળવવું હોય ને સાચું

જ્ઞાન મેળવવું હોય તો ભાઇબંધીના રસ્તામાં આવી જાઓ, ભાઈબંધીના રસ્તામાં આવી જાઓ. એ કરતાં બીજો સ્હેલો અને એ કરતાં બીજો સારો ઉપાય અમે જાણતા નથી, માટે ઇશ્વિરીસ્નેહ એજ અમારો બહારનો ઉપદેશ છે, એજ અમારો અંતરનો હેતુ છે, અને એજ અમારી જીંદગીનું કર્ત્તવ્ય છે; કારણકે એમાંજ સાચી દીનતા છે. ગુરૂ ચેલા બનવું એમાં તો એકે ઉંચું રહવું અને બીજાએ નીચું પડવું એવી વાત છે, પણ ભ્રાતૃભાવની ઇશ્વિરીસગાઇમાં તો બીજાઓનાં સુખને ખાતર પોતાના સ્વાર્થનો ભોગ આપવાનું, બીજાઓને ખાતર પોતે ખમી ખાવાનું અને જગતના જીવોનાં કલ્યાણ સારૂ પોતાનું પોતાપણું ભૂલી જવાનું છે. આવી સાચી દીનતા, સમાનતા, અંતરનો સંતોષ, દેશની આબાદી, ધર્મની ઉન્નતિ અને ઇશ્વિરની કૃપા, ભ્રાતૃભાવના ધર્મમાં છે, માટે અમે સેવા કરવા ઇચ્છીએ છીએ, અને કામ કરી શકે એવાં તમારા જેવાં માણસો માગીએ છીએ.

બૅરિસ્ટરે કહ્યું:–

કામ કરવાને હું તૈયાર છું, પણ મને રસ્તો મળતો નથી,

તેથી હું મનમાં ને મનમાં મુંઝાયા કરૂંછું. મને લાગે છે કે મ્હેં જરૂર જેટલા પૈસા પેદા કરેલા છે, નામ ને માન પણ મેળવ્યું છે, મ્હારૂં સંસારસુખ પણ સારૂં છે, મને મ્હારા ધંધાને લગતું જોઇએ તેટલું કામ પણ મળે છે, મ્હારૂં મિત્રમંડળ પણ સારૂં છે, અને મ્હારી તંદુરસ્તી પણ સારી છે; છતાં પણ મ્હારા અંતરમાં મને કાંઇક અસંતોષ રહે છે. મને જે જોઇએ છે તે હજી મળ્યું નથી, અને મને શું જોઇએ છે તે હું સ્પષ્ટ રીતે જાણતો નથી. દેશને અર્થે ભલાં કામોમાં કાંઇક થોડા ઘણા પૈસા ખરચવાની પણ મ્હારી ઇચ્છા છે, પણ તે હજી બનતું નથી; ઇચ્છા છે, પણ તેમાં હજી એટલો ત્યાગ

કરી નાંખવાનું બળ નથી; તેમજ કયા કામ પાછળ નાણાં ખરચવાથી વધારેમાં વધારે ફાયદો થશે, તે પણ હું હજી નક્કી કરી શક્યો નથી. તમારી પાસે ભેદ રાખવાની કાંઈ જરૂર નથી; મ્હારી પાસે લાખ રૂપિયાની દોલત છે, તેમાંથી હું હાલમાં પચીસ હજાર રૂપિયા ખરચવા માગુંછું. મ્હારી મા કહે છે કે, યાત્રામાં, મંદિરોમાં ને નાતો જમાડી લ્હાણું કરવામાં—ત્હારા બાપની પાછળ એ પૈસા ખરચવા જોઇએ; મ્હારા કાકા કહ છે કે, નાતની વાડીમાં આપણા નામથી એક મકાન બાંધી આપવામાં એ પૈસા ખરચવા જોઇએ; મ્હારો ભાઇ કહે છે કે, કોઈ તીર્થની જગ્યામાં સાધુઓને સદાવ્રત આપવામાં એ પૈસા ખરચવા જોઇએ; મ્હારી બૈરી કહે છે કે, હમણાં સબુર કરો. ધીરે ધીરે વાત, કાલની કોને ખબર છે? બધા દહાડા કાંઇ સરખા રહે છે? અને મ્હારી ઇચ્છા એવી છે કે આપણા દેશના કેળવાએલા યુવાનોને વિદ્યા—હુન્નરની ઊંચામાં ઊંચી ને છેલ્લામાં છેલ્લી શોધોનું જલદીમાં જલદી શિક્ષણ મળી શકે એવી પ્રજા તરફની એક સ્વતંત્ર યુનિવર્સિટિ સ્થાપવાની તજવીજ કરવી અને તેના ફંડમાં એ નાણાં આપવાં. પણ હજી કાંઈ નક્કી નથી અને ટુંક વખતમાં કાંઈ નક્કી કરી શકું એમ પણ મને લાગતું નથી, કારણ કે એ બધી બાબત માટે હજી કાંઈ પણ મ્હારા મનનું સમાધાન થયું નથી. મને લાગે છે કે,

હજી મ્હારામાં કાંઇક જોઇએ છે; પણ શું જોઇએ છે, તે હું સમજી શકતો નથી,

તેથી આટલી બધી અનુકૂળતા છતાં પણ મને જે સુખ મળવું જોઇએ તે હજી મળતું નથી. મ્હારો આત્મા અંદરથી જાણે બહાર આવવા તલપતો હોય અને કાંઇક માગતો હોય એમ મને લાગ્યા કરે છે, પણ તે શું માગે છે, અને એ કેમ બહાર આવી શકે, તે હું જાણતો

નથી. મ્હારાં બધાં સુખોમાં મને અપૂર્ણતા લાગે છે. એ અપૂર્ણતા મટાડવા માટે જો કોઈ પણ સુખ વધુમાં વધુ ભોગવવા જાઉં તો ઉલટું તે સુખ પોતેજ ફીકકું થઈ જાય છે, અને મને એ સુખનોજ કંટાળો લાગે છે. જેમકેઃ મને બહુ માનની ઇચ્છા છે, અને એ પ્રમાણે મને દરેક ઠેકાણેથી માન મળે છે, મ્હારાં ઘરાકો મને વખાણે છે, કૉર્ટમાં મને માન મળે છે, સભાઓમાં મને પ્રમુખપદ મળે છે, મ્હારા મિત્રો મ્હારૂં બહુ સન્માન રાખે છે, મ્હારી ટુંકી નાતમાં હું મ્હોટો ગણાઉં છું અને મ્હારા ઘરમાં પણ મ્હારૂં બહુ માન રહે છે; છતાં પણ મને તેમાંથી જે આનંદ મળવો જોઇએ તે મળતો નથી. ઉલટું જ્યારે જરૂર કરતાં વધારે માન મળે ત્યારે જાણે રોજના કરતાં એક પગથીયું નીચે ઉતરી ગયો હોઉં, એમ મને લાગી જાય છે. જ્યારે ખાવા પીવાની બહુ મજે પડે ને જ્યારે ખાસ ચાહીને વધારે જમાય ત્યારે પણ અજીર્ણ થવાથી એમજ થાય છે. કોઈ રમત–ગમતમાં બહુ વધારે વખત લાગે ત્યારે પણ ઉલટો તે રમત–ગમતનોજ કંટાળો લાગે છે. વધારે પૈસા મળે ત્યારે પણ ઘણી જાતની લાગણીઓ ઉપર વધારે દબાણ થવાથી એમજ થાય છે; અને વધારે વિષયો ભોગવું ત્યારે પણ ઉલટા મ્હારા બાર વાગી જાય છે. મને મજેના ગાડી-ઘોડા છે, મનગમતી સુંદર સ્ત્રી છે, રમાડવા જેવાં ખુબસુરત છોકરાં છે, કુટુંબમાં સંપ છે, મોજ–શોખને માટે જરૂર જેટલા પૈસા છે, જ્યાં જ્યાં જાઉં ત્યાં ત્યાં માન–પાન મળે છે, અને અમારા દેશ તથા અમારા લોકોમાં હું એક મ્હોટો માણસ ગણાઉં છું; છતાં પણ અંતરમાંથી મને જે સુખ મળવું જોઇએ તે સુખ મળતું નથી, એમ મને લાગ્યા કરે છે. મને કોઇ જાતની અડચણ નથી, એટલુંજ નહિ પણ મને કોઇ જાતનું વ્યસન નથી, હું બહુ નિયમિતપણે જીંદગી ગાળનારો છું, અને હવે ચોક્કસ હદ સુધી સ્વભાવને પણ કાબૂમાં રાખી શકું છું; છતાં પણ જે

ખરેખરૂં સુખ કહેવાય તે સુખ મને મળતું નથી, એમ મને મ્હારા અંતરમાંથી લાગ્યા કરે છે. આતે મ્હારા મનનો ભ્રમ છે કે એમાં કાંઈ સત્યતા છે? બીજાઓને મ્હારા સુખની અદેખાઇ લાગે છે, અને મને મ્હારાં સુખથી તૃપ્તિ થતી નથી, એનું કારણ શું છે? બહારની આટલી બધી સગવડતા છતાં પણ મ્હારો આત્મા અંદરથી હજી તલ-પ્યા કરે છે; જાણે તેને કાંઇક જોઇએ છે, પણ શું જોઇએ છે, તે હું સમજતો નથી.

સુખ મેળવવા માટે જૂદા જૂદા માણસોના વિચારો:-

મહારાજજી! આ સવાલ મ્હેં પેલા વેદાન્તી સંન્યાસીને પૂછયો, ત્યારે તેણે કહ્યું કે, "એમાં શું? માયા પોતેજ ખોટી છે, ત્યારે તેમાં સુખ હોયજ કયાંથી? જો સંસારમાં સુખ હોય તો મહાત્માઓ તેને અસાર શામાટે કહે? ब्रह्म सत्यं जगन्मिथ्या। જ્યારે આ આખું જગતજ મિથ્યા છે ત્યારે સુખ બિચારૂં કયાં રહે? સુખ–દુઃખ એતો માત્ર ભ્રમ છે." આવી આવી ઘણીએ વાતો કહી, પણ એથી મ્હારા મનનું કાંઇ સમાધાન થયું નહિ; કારણકે હું જોતો કે મહારાજને જ્યારે પુરણપોળી ને ખમણઢોકળાં ખાવા મળતાં તથા ભભકાદાર ગાડીમાં મ્હોટા લોકો સાથે ફરવાનું મળતું અને સભામાં પ્રમુખસ્થાન મળતું ત્યારે તેનો આનંદ કાંઇ ઓરજ હતો, અને જ્યારે કયાંઈ પગે ચાલીને જવું પડતું, ખીચડી ખાવી પડતી તથા કોઈ સભામાં પછ-વાડેના બાંકડા ઉપર બેસવું પડતું ત્યારે એ સ્વામીજીનો ચ્હેરો જોવા લાયક બનતો હતો. આવા જાતિઅનુભવ પછી સુખ–દુઃખ માત્ર કલ્પિત છે, એ સ્વામીજીની વાત હું કેમ માની શકું? એ પછી મ્હેં એક શાસ્ત્રીને એ બાબતનો ખુલાસો પૂછયો હતો. તેણે કહ્યું હતું કે, "ઉપા-ધિમાં સુખ કયાંથી હોય? તમે જેને સુખનાં સાધનો કહ્યાં તે તો

બધી ઉપાધિ છે. એ બધું તજી દો ત્યારેજ સુખ મળી શકે. જો દુનિયાદારીની વસ્તુઓમાં સુખ હોત તો ઋષિ-મુનિયો શામાટે તેનો ત્યાગ કરત?" મ્હારી પાસેથી દોઢીઆં કઢાવવા સારૂ તેણે આવી આવી ઘણીએ વૈરાગ્યની વાતો કહી હતી, પણ એથી મ્હારા મનનું સમાધાન થયું નહિ; કારણકે એવો ત્યાગ મ્હારાથી બની શકે તેમ નથી, એવો વૈરાગ્ય મ્હારા અંતરમાં આવ્યો નથી અને એવું જગ-તનું મિથ્યાપણું હું બરોબર રીતે સમજેલો નથી; તેમજ શાસ્ત્રીજી પણ પઢેલા પોપટની માફક રહસ્ય જાણ્યા વિના માત્ર મ્હોંડેથીજ બોલી જતા હતા, એટલે એમનો એ ઉપદેશ કાંઈ કામ લાગ્યો નહિ. એ પછી મ્હોટા ભક્ત ગણાતા એક બ્રહ્મચારી મહારાજને મ્હેં એ વાતનો ખુલાસો પૂછ્યો હતો. તેમણે કહ્યું હતું કે, "ઇષ્ટની સિદ્ધિ વિના કાંઇ થઇ શકતું નથી. સાચું સુખ મેળવવા માટે તો ઇષ્ટનું બળ જોઇએ. પછી એ ઇષ્ટ ગમે તો કાળી હોય, ભૈરવ હોય, વીર હોય, લક્ષ્મી હોય, બજરંગ હોય, ગણપતિ હોય, શિવ હોય કે શાલિગ્રામ હોય; ગમે તે હોય, પણ કાંઇક જોઇએ. એવા ઇષ્ટની મદદ વિના કોઇ પણ કામ સિદ્ધ થાય નહિ. જો તમારી ઇચ્છા હોય તો હું મંત્ર બતાવીશ. એમાં ઝાઝું ખરચ નથી ને ઝાઝી મહેનત પણ નથી. એકવીશ દિવસ જપ કરશો એટલામાં તો એનો ચમ-ત્કાર જોશો." .

સ્વામીજી, આવી વ્હેમી વાતો ઉપર મને કાંઈ શ્રદ્ધા નથી, એટલે એ સાંભળીને મ્હારૂં મન તો ઉલટું ખરાબ થયું, અને જે માણસ તે સાધુનાં વખાણ કરીને મને તેની પાસે તેડી ગયો તે માણસ ઉપર મને ગુસ્સો લાગ્યો; કારણ કે મને આવા વ્હેમી વિચારો જોઇતા નહોતા, એટલે તેથી કાંઇ મ્હારા મનનું સમાધાન થયું નહિ. એ પછી મ્હેં મ્હારા સંપ્રદાયના ગુરૂને એ વાતનો

ખુલાસો પૂછ્યો, પણ તે તો મ્હારો સવાલજ સમજ્યા નહિ. તેણે તો કહ્યું કે, "તમારા જેવો સુખી બીજો કોણ છે? પ્રભુએ તમોને દૂધ ને દહીં બધાં વાનાં આપ્યાં છે, માટે ખાઓ, પીઓ ને મોજ કરો. તમને શું કમી છે? જો અમને તમારા જેવું સુખ હોય તો અમે તો સાત મણની તળાઇ ઉપર સૂઈ રહીએ!" આવી આવી વાતો કરી તેથી તેની મૂર્ખાઈ ઉપર ઉલટો મને કંટાળો લાગ્યો. આ સિવાય એક

અમેરિકન વિદ્વાન

મુસાફર અહીં આવેલ, તેની સાથે પણ મને એ બાબતમાં ચર્ચા ચાલી હતી. તેણે કહ્યું કે, "પ્રવૃત્તિમાંજ સુખ છે. જીંદગીની હયાતીઃ છતાં પણ આળસુ થઇને બેસી રહેવું એવી જાતની નિવૃત્તિ એતો એક જાતની મૂર્ખાઈ છે. અમો અમેરિકનોએ ટુંક વખતમાં જે કાંઈ મેળવ્યું છે તે પ્રવૃત્તિના પ્રતાપ છે, અને હિંદુસ્તાને પોતાની જે અખૂટ સમૃદ્ધિ ગુમાવી છે તે નિવૃત્તિનું પરિણામ છે. આ તમારી નજર આગળ અનુભવસિદ્ધ પુરાવા છે, છતાં પણ સુખને માટે તમે નિવૃત્તિ તરફ દોડો તો એ બહુ દિલગીરી છે. બેશક, આપણને આપણા સંસારસુખની પારની કાંઇક વસ્તુ જોઇએ છે, એ વાત ખરી છે, પણ એ વસ્તુ નિવૃત્તિમાંથી નહિ મળે; કારણ કે નિવૃત્તિ આપણને અપૂર્ણતામાં રાખી દે છે, અને અપૂર્ણતામાં એ વસ્તુ નથી, એ વસ્તુ તો સંપૂર્ણતામાં છે; અને આપણે એવી સંપૂર્ણતાએ પહોંચી શકીએ કે નહિ? એ એક સવાલ છે. પણ જો કદાચ એવી સંપૂર્ણતાએ પ્હોંચી શકાતું હોય તો તે પ્રવૃત્તિથીજ પ્હોંચી શકાશે; માટે જીંદગીને અમર સમજીને કામ કરો, કામ કરો. આટલી ન્હાની ઉમ્મરમાં કામથી થાકી જઇને એમ ફાંફાં શું મારો છો? કામ કરો, એટલે સુખ

તો પોતાની મેળે તમોને શોધતું શોધતું દોડયું આવશે. જે કામમાંથી થોડાં વરસોમાં તમે આટલું બધું મેળવ્યું, તે કામ ઉપર તમોને વિશ્વાસ કેમ નથી આવતો? સુખ મેળવવાને માટે અમે તો પ્રવૃત્તિમાંજ લાગ્યા રહીએ છીએ, અને તેમાંથીજ સુખ મેળવીએ છીએ. પણ જો તમે આત્મિકસુખને માટે પૂછતા હો તો એ બાબત તો અમારે હિંદુસ્તાન પાસેથી હજી હવે શિખવાની છે. એ બાબતમાં હું તમારા મનનું સમાધાન કરી શકું તેમ નથી, કારણ કે અમારો સાયન્સથી તમારો વેદાંતનો આત્મા હજી બહુ દૂર છે."

એકલી પ્રવૃત્તિથી આપણે ખરૂં સુખ મેળવી શકીએ નહિ.

એ ફીલસુફની આ વાતો મને ગમી, પણ એથી જે જોઈતું હતું તે મને ન મળ્યું. કારણ કે હું જોઉં છું કે શારીરિક કામ કરવાની મ્હારી શક્તિઓ હવે ઢીલી પડતી જાય છે. મને હજી બેતાલીસ વરસ થયાં છે, પણ એટલામાં હું જોઉંછું કે વીસ વરસની ઉમ્મરે હું જેટલો અભ્યાસ કરી શકતો તેટલો અભ્યાસ હવે કરી શકતો નથી. પચ્ચીસ વરસની ઉમ્મરે મને મ્હારી સ્ત્રીનો જેટલો મોહ હતો તેટલો આજે નથી. સત્તાવીસ વરસની ઉમ્મરે જેટલો મુસાફરીનો શોખ હતો તેટલો હાલ નથી. ત્રીસ વરસની ઉમ્મરે મ્હારામાં જેટલું જોર હતું તેટલું જોર હવે નથી. બત્રીસ વરસની ઉમ્મરે હું જેટલું જમી શકતો તેટલું આજે જમી શકતો નથી. પાંત્રીસ વરસની ઉમ્મરે હું જેટલું કામ કરી શકતો તેટલું કામ આજે કરી શકતો નથી. અને ચાલીસ વરસની ઉમ્મર સુધી હું ચસ્મા વિના વાંચી શકતો, પણ હવે બેતાલીસ વરસની ઉમ્મરે ચસ્મા વિના ચાલતું નથી. આ પ્રમાણે શરીરના ફેરફાર સાથે આપણી રસવૃત્તિમાં, આપણા સ્વભાવમાં તથા આપણા જ્ઞાનમાં પણ કાંઇક ફેરફાર થતો જાય છે,

અને આપણી કામ કરવાની શક્તિઓ ઢીલી પડતી જાય છે, એટલે મને લાગે છે કે એકલી પ્રવૃત્તિથીજ આપણે ખરૂં સુખ મેળવી શકીએ નહિ; કારણકે વખત જતાં પ્રવૃત્તિને ઉશ્કેરનારાં સાધનો પોતેજ નબળાં પડતાં જાય છે, એટલે પ્રવૃત્તિ છેવટ સુધી નભી શકે નહિ. માટે જીંદગીના છેલ્લા શ્વાસ સુધી નભી શકે એવું કાંઇક હોવું જોઇએ કે જેમાંથી આપણે દિલાસો મેળવી શકીએ. પણ એવી કઈ ચીજ છે તે હું જાણતો નથી; માટે આપને પૂછુંછું કે જેમાં સાચું સુખ હોય તે મને કહો.

આત્મા પોતાના અસલ સ્વરૂપ માટે તલપે છે.

મહારાજે કહ્યું:–દેવી ભાનુકિશોરીએ પણ એજ સવાલ પૂછેલો છે, અને તે ઉપર આ ચર્ચા ચાલે છે. તેણે કહ્યું કે, "સુખને માટે હું બહુ બહુ રખડી, ઘણા વિષયો ભોગવ્યા, ઘણાં તીર્થો કર્યાં, ઘણા પંડિતોને મળી, ઘણાં પુસ્તકો વાંચ્યાં અને ઘણીએ ઉપરછલ્લી ભક્તિ કરી, પણ કયાંઈ મ્હારા આત્માને શાંતિ મળતી નથી, એટલે એની મેળે મેળે રોવું આવી જાય છે." બોરસ્ટર સાહેબ, તમને અને દેવી ભાનુકિશોરીનેજ એમ લાગે છે એવું કાંઈ નથી, પણ દરેક માણસનો આત્મા પોતાના સુખની કાંઇક ચીજ માગે છે, દરેક માણસનો આત્મા બહાર આવવા માગે છે, દરેક માણસનો આત્મા પોતાની ઉપરનો બોજો ઓછો કરવા ઇચ્છે છે, અને દરેક માણસનો આત્મા પોતાના અસલસ્વરૂપને માટે તલપે છે; પણ આપણે તેને એવી તક આપતા નથી, તેથી દરેક માણસનો આત્મા અંદરથી રોયા કરે છે. આત્માનું એ રૂદન બધાં માણસો જાણી શકતાં નથી, કારણકે તેઓ પોતાના અહંભાવમાં ને પોતાના સ્વાર્થમાં મશગુલ થએલાં હોય છે, તેથી માત્ર તમારા જેવા જીજ્ઞાસુઓના હૃદયમાંજ આત્માના એ રૂદનની

કાંઇક પ્રતીતિ થાય છે. દેવી ભાનુકિશોરી જેવાં ભક્તો એ રૂદન સ્પષ્ટ રીતે સાંભળી શકે છે, ઋષિઓના હૃદયમાં એ રૂદનના ધક્કા વાગે છે, મહાત્માઓ ઉપર એ રૂદન અમલ ચલાવે છે, અને દેવો એ આત્મિકરૂદનના તાલ–સુર ઉપર નાચ્યા કરે છે. બૅરિસ્ટર સાહેબ, એ રૂદનની તમોને પ્રતીતિ થઈ એ તમારાં ધન્યભાગ્ય છે, અને એ પ્રતીતિ ઉપરથી જીજ્ઞાસુ થઇને તમે શોધ કરોછો એ વળી વધારે મહાભાગ્ય છે; કારણકે એવી પ્રતીતિ તો ઘણાં માણસોને થાય છે, પણ તેઓ એનો ઉલટોજ ઉપયોગ કરે છે, તેઓ સમજે છે કે અમારા આત્માને સુખ જોઇએ છે, તેથી તેઓ સુખને માટે ફાંફાં મારે છે, પણ પોતાના આત્માને કઈ જાતનું સુખ જોઇએ છે, એ તેઓ સમજતાં નથી. તેઓને એમ પણ ખબર નથી હોતી કે.

"રોનારૂં ભીતરમાં રોતું,
લ્હોનારૂં ભીતર ન લ્હોતું!"*

રોનારૂં તો અંતરમાં રોય છે, અને લ્હોનારાંઓ તો બહારનાં આંસુ લ્હોય છે; કોઈ અંતરનાં આંસુ લ્હોઈ શકતું નથી. અને જ્યાંસુધી અંતરનાં આંસુ ન લ્હોવાય ત્યાંસુધી આત્મા કેવી રીતે સુખી થઈ શકે?

એકને બદલે બીજી ચીજ શું કામની?

બૅરિસ્ટર સાહેબ, તમે વિચાર કરો કે ×"આપણો આત્મા પ્રભુને માટે તલપી રહ્યો છે તે બીજી ચીજોથી કેમ રાજી થઈ શકશે? જે વખતે જેને જે ચીજની જરૂર હોય તે વખતે તેને તે ચીજ મળે તો આનંદ થાય છે, પણ જરૂર હોય એક ચીજની અને તેને બદલે બીજી ચીજ મળે તો તે શું કામની? આપણને જ્યારે બહુજ ભૂખ લાગી હોય ત્યારે કોઈ આપણી પાસે પાણીનો ઘડો ભરીને મૂકે તો

* કાન્ત. × "સ્વર્ગની કુંચી" માંથી દાખલો ૨૧૦

તેથી ભૂખ કેમ મટે? તેમજ કોઈ મુસાફરને બહુ તરસ લાગી હોય તેની પાસે મીઠાઈના ખુમચા ભરીને મૂકીએ તોપણ એથી તેની તરસ કેમ છીપે? આપણને બત્તી સારૂ ગ્યાસલેટ તેલ જોતું હોય અને તેને બદલે કોઇ સાહીની બાટલી આપી જાય તો તે એ વખતે શું કામની? આપણને કાંટાવાળી જગ્યામાં જવું હોય તેથી પગરખાં પહેરવા જોઇતાં હોય તેને બદલે કોઇ કહે કે આ મ્હારૂં ઘડિયાળ લેતા જાઓ, તો એ શું કામનું? અને આપણને તરવાર જોઇતી હોય એ વખતે તેને બદલે કોઇ સીસાપેન આપે તો એથી આપણે કેવી રીતે ખુશી થઇએ? તેમજ આપણા આત્માને પરમાત્માની ભૂખ લાગી છે, તેથી તે પ્રભુને જાણવા ઇચ્છે છે, અને પ્રભુમય થવા તલપે છે, તેને બદલે તેને સુખી કરવાના ઇરાદાથી આપણે તેને નાટકોમાં લઈ જઇએ છીએ, સરકસોમાં લઇ જઇએ છીએ, વરઘોડાઓમાં ફેરવીએ છીએ, મેળાઓમાં નવા નવા માલ દેખાડીએ છીએ, મીજબાનીઓમાં લઇ જઇએ છીએ, કમાણીની લાલચો આપીએ છીએ, બાઇડી છોકરાંઓનો સ્નેહ દેખાડીએ છીએ, અને તીખાં તમતમતાં ભોજનો જમાડીએ છીએ!! પણ એ એકે વાતથી તેને તૃપ્તિ થતી નથી, એ એકે ચીજથી તેને આનંદ થતો નથી; કારણ કે તેને તો માત્ર એક અખંડ સચ્ચિદાનંદસ્વરૂપ અનંત બ્રહ્માંડના નાથ પરમકૃપાળુ પરમાત્માનીજ ભૂખ લાગેલી છે. એ સાચીચીજ આપણે તેને આપતા નથી અને બીજી આડી અવળી વસ્તુઓ—ખોટાં ખોટાં રમકડાંઓ બતાવ્યા કરીએ છીએ, એટલે એવાં ખોટાં રમકડાંથી તે સાચીવસ્તુ કેવી રીતે ખુશી થઈ શકે? માટે ભાઇઓ, આપણો પવિત્ર આત્મા જેને મળવા માટે તલપી રહ્યો છે તે મહાન પ્રભુનો રસ્તો ખુલ્લો કરો, પ્રભુનો રસ્તો ખુલ્લો કરો. મતલબ કે ધર્મનાં કામો કરો, એટલે આત્મા પ્રભુમય થઇને શાન્તિ પામશે. એમ થવા માટે આપણે હમ્મેશાં એવી જ ભાવના રાખવી જોઇએ કે:—

પદ.

સૌનું કરો કલ્યાણ, દયાળુ પ્રભુ સૌનું કરો કલ્યાણ— ધ્રુવ૦
નરનારી પશુ પક્ષીની સાથે, જીવ જંતુનું તમામ—દયાળુ૦
જગના વાસીઓ સૌ સુખ ભોગવે, આનંદે રહી આઠે જામ—દયાળુ૦
દુનિયામાં દરદ દુકાળ પડે નહિ, લડે નહિ કોઈ ગામ—દયાળુ૦
સર્વે જગે સુખકારી વધે ને, વળી વધે ધન ધાન—દયાળુ૦
કોઈ કોઈનું બૂરૂં ન ઇચ્છે, સૌનું ઇચ્છે સૌ સમાન—દયાળુ૦
પોત પોતાના ધર્મ પ્રમાણે, સર્વે ભજે ભગવાન—દયાળુ૦"

બૅરિસ્ટર સાહેબ, આ ભજન પ્રમાણે થવા માટે આપણે ઇશ્વરીરસ્તો ખુલ્લો કરવો જોઇએ, કારણ કે ઇશ્વરીરસ્તો ખુલ્લો થવાથી જ આપણા આત્માને સુખ મળી શકે છે, અને ઇશ્વિરીસ્નેહથીજ ઇશ્વિરીરસ્તો ખુલ્લો થઈ શકે છે, જગતમાં ઇશ્વરીસ્નેહ ફેલાવ્યા વિના આપણાં અંતરનાં આંસુ લ્હોવાઈ શકે તેમ નથી, અને જ્યાંસુધી એ આંસુ ન લ્હોવાય ત્યાંસુધી બહારનાં થીગડાંઓથી—બહારનાં રમકડાંઓથી—બહારના ઉપલક દિલાસાઓથી આત્માને ખરૂં સુખ થઈ શકે તેમ નથી; માટે આપણા આત્માના સુખ સારૂ જગતમાં ઇશ્વિરીસ્નેહ ફેલાવવા સારૂ આપણે આપણા ભાઈબંધોની સેવા કરવી જોઇએ.

અતો ભ્રષ્ટ તતો ભ્રષ્ટ.

સાચું સુખ મેળવવા માટે વેદાન્તી સંન્યાસીએ તથા શાસ્ત્રીએ જગત્‌મિથ્યાનો અને વૈરાગ્યનો તમોને જે બોધ આપ્યો તે બોધ પોતે જાતે સારો છે, પણ તે અધિકાર વિનાનો છે, એટલે કાંઈ કામ કરી શકે તેમ નથી; કારણકે તમે જોયું છે કે જે શાસ્ત્રી તમોને વૈરાગ્યનો ઉપદેશ કરતો હતો તે પોતેજ તમારી પાસેથી પૈસા લેવાની ઇચ્છા રાખતો હતો અને જે સંન્યાસી તમોને આખું જગત્ મિથ્યા સમજા-

વતો હતો તથા સુખ–દુઃખને માત્ર ભ્રમ કહેતો હતો તેને પણ તમારી પાસેથી માન જોઇતું હતું; એ ઉપરથી વિચારવાનું છે કે જે ઉપદેશથી ઉપદેશ કરનારની પોતાનીજ વૃત્તિ ઠરી નથી તે ઉપદેશથી તમારી વૃત્તિ કેમ ઠરી શકશે? હું ધારૂં છું કે એ શાસ્ત્રી તમારા કરતાં કામકાજના ઓછા બોજાવાળો હશે, તમારા કરતાં ઓછી ઉપાધિવાળો હશે, તમારા કરતાં સાત્વિક આહાર કરવાવાળો હશે અને તમારા કરતાં જ્ઞાન–ધ્યાનમાં તથા પાઠ–પૂજામાં વધારે વખત ગાળનારો હશે; છતાં પણ જે જ્ઞાનથી તેને પોતાનેજ વૈરાગ્ય આવ્યો નહિ તે જ્ઞાનના ઉપદેશથી, તેના કરતાં બહુ વધારે ઉપાધિવાળા તમારા જેવા આશાભર્યા યુવાન માણસને વૈરાગ્ય કેમ આવી શકે? નજ આવી શકે, કારણ કે અધિકાર સમજ્યા વિનાનો એ ઉપદેશ છે, માટે હાલમાં તે તમોને કામ લાગી શકે નહિ. જો એ ઉપદેશ પ્રમાણે ત્યાગ કરવા જાઓ તો તે સાત્વિકત્યાગ કહેવાય નહિ અને એવા ત્યાગથી સાચું સુખ મેળવી શકો નહિ. એને માટે એ વેદાન્તી સંન્યાસીનોજ દાખલો જુઓને! વૈરાગ્યની વાતો સાંભળીને સંયોગને આધારે તેણે સંન્યાસ લઈ લીધો હશે ને ભગવાં કપડાં પહેરી લીધાં હશે, પણ હવે તેની "અતો ભ્રષ્ટ તતો ભ્રષ્ટ" જેવી સ્થિતિ થઈ છે, તે જુઓછો ને? મ્હોટા લોકોને મળવાની ઇચ્છા, માન મેળવવાની ઇચ્છા, દાડ–માડથી ગાડીમાં બેસીને ફરવાની ઇચ્છા, સારૂં સારૂં ખાવા–પીવાની ઇચ્છા અને શાન્તિમાં રહેવાને નામે ઘણી જાતની સગવડતા શોધવાનાં ફાંફાં જુઓછો ને? જો તેના સંન્યાસમાં સુખ હોય તો એમ શામાટે થાય? જો જગતનું મિથ્યાપણું તેને સમજાયું હોય તો એમ શામાટે કરે? અને સુખ–દુઃખ એ માત્ર ભ્રમ છે, એમ જો તેની ખાત્રી થઇ હોય તો ત્યાગી થયા છતાં પણ તેમાં શામાટે ફસાય? પણ એનું કારણ એજ છે કે મનમાં પૂર્ણ વૈરાગ્ય

આવ્યાવિના જે બહારની વસ્તુઓનો ત્યાગ કરે તેના એવાજ હાલ થાય છે; માટે જો તમે પણ તીવ્રવૈરાગ્ય આવ્યાવિના ત્યાગી થાઓ તો સુખ મેળવવાને બદલે ઉલટા તમારા પણ એવાજ હાલ થઈ પડે.

અંતરના ત્યાગવિના બહારનો ત્યાગ કામ નહિ આવે.

અમારા ગુરૂમહારાજ કહેતા કે, જ્યાંસુધી આપણે આપણું ઘર સાચવીને બેઠા હોઇએ ત્યાંસુધી કોઈ હેરાન કરે નહિ, પણ જ્યારે આપણે બહારગામ જવા તૈયાર થઇએ ત્યારે દાણાવાળો ઉઘરાણી કરવા આવે છે, ભાડાંવાળો ઉઘરાણી કરવા આવે છે, ઘીવાળો, દૂધ-વાળો, ધોબી, હજામ ને સગાં–વ્હાલાં સૌ હાજર થઈ જાય છે. એ વખતે કોઇને પોતાનું કરજ જોઇએ છે, કોઇને પોતાની થાપણ જો-ઇએ છે, કોઇને વ્યાજ જોઇએ છે, કોઇને પોતાના હક્ક જોઇએ છે, કોઇને ઇનામ જોઇએ છે, કોઇને દાન જોઇએ છે, અને કોઇને ભિક્ષા જોઇએ છે. એ બધાના હક્ક ચૂકવ્યાવિના જો બહારગામ ચાલ્યા જઇએ તો આપણે નાલાયક ગણાઇએ છીએ, અને જ્યારે એ લોકોને તક મળે ત્યારે તેઓ આપણી સામે આવીને ઉભા રહે છે, તથા આપણી રેવડી કરે છે; તેમજ તીવ્રવૈરાગ્ય આવ્યાવિના જ્યારે કોઈ ઘર છોડે છે, એટલે કે ત્યાગી થાય છે, ત્યારે તેના પણ એવાજ હાલ થાય છે, કારણ કે કામ, ક્રોધ, લોભ, મદ, અદેખાઈ વગેરે આપણી પાસે માગનારાઓ છે, આપણે તેના કરજદાર છીએ, તેઓનું કરજ ચૂકવ્યાવિના આપણે તેનો ત્યાગ કરીએ એટલે કે મનને માર્યાવિના અને વાસનાઓને નિર્મૂળ કર્યાવિના માત્ર વૈરા-ગ્યની વાતો સાંભળવાથીજ સંન્યાસ લઈ લઇએ કે સાધુ થઈ જઇએ તો તે લાગણીઓ આપણી સામે એવડું જોર કરે છે, કારણકે આ-પણે તેઓનું કરજ ચુકાવેલું હોતું નથી; તેથી જ્યારે તેઓને વખત

મળે ત્યારે તે વૃત્તિઓ આપણું અપમાન કરી આપણને નીચા પાડ્યા કરે છે. આમ ન થાય માટે તીવ્રવૈરાગ્યવિના માત્ર પેટ ભરવા સારૂજ, પૂજાવા સારૂજ કે સુખની આશાએ કોઇએ પણ માત્ર બહારનો ઉપલક ત્યાગ ન કરવો જોઇએ; કારણ કે અંતરના ત્યાગવિના બહારના ત્યાગથી કાંઈ સાચુંસુખ મળતું નથી, અને અંતરનો ત્યાગ સાચાજ્ઞાનવિના થઈ શકતો નથી, તથા સાચુંજ્ઞાન ઇશ્વરીસ્નેહવિના–પ્રભુપ્રેમવિના મળી શકતું નથી; માટે એ સંન્યાસીની વેદાન્તની વાતો સાચી છે, પણ જ્યાંસુધી પ્રભુપ્રેમથી તમારૂં હૃદય તરબોળ ન થાય અને એ તરબોળ થયેલા હૃદયમાં જ્યાંસુધી સ્વાભાવિક રીતે ઇશ્વરીજ્ઞાન ન પ્રકટે, ત્યાંસુધી તમોને જે સુખ જોઇએ છે તે સાચુંસુખ એ વાતોમાંથી મેળવી શકો નહિ; કારણ કે વેદાન્તની ઉંડી ઉંડી ફીલસુફી ભરેલી વાતોથી મગજને ભરી દેવું એથીજ કાંઈ કલ્યાણ થતું નથી, પણ એ વાતો પ્રમાણેની આપણી રહેણીકરણી થાય, અને એ વાતો પ્રમાણેનો આપણી હાલની જીંદગીમાં આપણને પ્રત્યક્ષ જાતિઅનુભવ થાય, ત્યારેજ તેથી ઉદ્ધાર થાય છે. અને એવું તો જ્યારે પ્રભુપ્રેમ ફેલાવવા માટે આપણા બંધુઓની સેવા કરવાનો ધર્મ સ્વીકારીએ ત્યારેજ ધીરે ધીરે બની શકે છે, માટે પ્રથમ વેદાન્તના સિદ્ધાંતો કે જે સમાધિની સ્થિતિએ ચ્હડેલા યોગીઓએ કહેલી પોતાના અનુભવની વાતો છે, તેના અધિકારી થવા માટે પ્રથમ આપણે અંતરનો ધર્મ એટલે કે ઇશ્વરીસ્નેહવાળો ભ્રાતૃભાવનો ધર્મ પાળવો જોઇએ.

નબળાં મનનાં માણસોની ઇષ્ટસિદ્ધિઃ–

સુખ મેળવવા માટે ઇષ્ટસિદ્ધિની બ્રહ્મચારીએ તમોને જે વાતો કહી એતો એક જાતની મનની નબળાઈ છે. જે માણસોને કાંઈ પણ પુરૂપાર્થ કરવો ન હોય અને તેમ છતાં મ્હોટું ફળ જોઈતું હોય તેઓને

રમાડવાની ને તેઓને ઉડાવવાની એ વાતો છે. તમોને જેમ એ વાતો ગમતી નથી તેમ હું પણ એ વાતો પસંદ કરતો નથી, તોપણ મને એવાં ઘણાં માણસો મળ્યા કરે છે, કારણકે એવાં નબળાં મનવાળાં સ્વાર્થી માણસો એમ સમજે છે કે, સાધુઓ પાસે કાંઇક એવી કરામત હોય છે કે જેથી તેઓ ધારે તેમ કરી શકે, એવા વ્હેમી વિચારોને લીધે લલચાઇને તેઓ ભગવાં કપડાંની પાછળ ફર્યા કરે છે, એટલે મને પણ એવા કોઇ કોઇ મળી જાય છે. તેઓ કહે છે કે, મહારાજ, કાંઇક એવું બતાવો કે ફલાણો શેઠ મને વશ થઇ જાય ને મનેજ દેખે, એવું કરી આપો. બીજો કહે કે, એવો દોરો કરી આપો કે કોઇ વાતની કમીજ રહે નહિ, બધું એની મેળે મેળે જ્યાં-ત્યાંથી ચાલ્યું આવે. ત્રીજો કહે કે, હું મ્હારો કેસ જીતું એવું કાંઇક કરી આપો, ખરચ થાય તે હું આપીશ, પણ કામ એવું કરો કે જડજની બુદ્ધિ ફરી જાય ને તે મ્હારા લાભમાંજ હુકમનામું કરી આપે. ચોથો કહે કે, મ્હારે ઘેર છોકરાં થાય એવું કાંઇક કરી આપો. પાંચમો કહે કે, મ્હારૂં ભવિષ્ય કહી આપો. છઠ્ઠો કહે કે, હું માંદો પડ્યા કરૂં છું, માટે માંદો ન પડું એવો કાંઇ જંતરમંતર બતાવો. અને સાતમો કહે કે, મહારાજ, કાંઇક એવો પંઝોછક્કો બતાવી દો કે બેડો પાર થઇ જાય; આખી જીંદગી સુધી કમાવું ન પડે એવું કાંઇક કરી આપો. તમારી મહેનત નહિ જાય, ચોથોભાગ તમારો! આવી આવી વાતો સાંભળીને મને કંટાળો લાગે, હસવું પણ આવે અને એવાં નબળાં મનનાં માણસોની ઉપર દયા પણ આવે. મૂર્ખાઓ એટલું પણ ન સમજે કે જો અમારાથી એમ બનતું હોય તો ત્રણ-ભાગ તમોને શું કરવા આપી દઇએ? જો અમારી પાસે એવી રિદ્ધિ-સિદ્ધિ હોય તો તમારે ઘેર ટુકડા માગવા શું કરવા આવીએ? જો અમોને એવી ઇચ્છા હોય તો ઘર શું કરવા તજીએ? અને જો

ઇશ્વરના એવા ગુપ્તભેદો અમોને મળ્યા હોય તો અમે પોતેજ ભાંગ-ગાંજાની ઇચ્છાવાળા અને કંગાળ મનવાળા કાં રહી જઇએ? પણ અફસોસ કે નબળાં મનનાં સ્વાર્થી માણસો એટલું પણ સમજતાં નથી. તેઓને તો દોરા–દોરી બાંધવામાંથી કે કંઠી કે માદરડીમાંથી કાંઇક જોઇએ છે! તેઓને તો ન્હાવા–ધોવામાંથી ને સાચી નહિ પણ ભાઇબંધી તોડનારી લેભાગુ આભડછેટમાંથી કાંઇક જોઇએ છે! તેઓને તો તુલસી–પીપળામાંથી ને ઉપવાસ–એકટાણાંમાંથી કાંઇક જોઇએ છે! તેઓને તો મંત્રના અક્ષરોમાંથી ને તીર્થની જગ્યાઓ-માંથી કાંઇક જોઇએ છે! તેઓને તો બ્રાહ્મણો, સાધુઓ ને ફકિરો-માંથી કાંઇક જોઇએ છે! તેઓને તો દેવ–દેવીઓની મૂર્તિઓ ને ભૂત-પ્રેતનાં નામોમાંથી કાંઇક જોઇએ છે! અને તેઓને તો ચોક્કસ જડ-વસ્તુઓમાંથી કાંઇક અલૌકિક સિદ્ધિઓ જોઇએ છે! જે જોઇએ છે તે બધું પોતાના સ્વાર્થનુંજ, અને તેમ છતાં મજે તો જુઓ કે એ બધું કરી કોઇક આપે! આવું અજ્ઞાનપણું તે ક્યાં સુધી ચાલશે? યાદ રાખજો કે જેઓમાં પુરૂષાર્થની ખામી હોય, જેઓમાં સાધારણ અક્કલની પણ ખામી હોય, જેઓમાં પ્રભુ ઉપરના વિશ્વાસની ખામી હોય, જેઓ પોતાના સ્વાર્થમાંજ મચેલા હોય, જેઓ નબળા મનના હોય અને જે માણસોમાં પોતાના પવિત્રધર્મનું મહાનબળ ન હોય તે માણસોજ દેવ–દેવીઓની, જંતર–મંતરની ને દોરા–ધાગાની મદદ માગે છે; પણ ઇશ્વરેચ્છાને આધીન રહેનારા હરિજનો તો જેમ પ્રભુ રાખે તેમ રાજી રહીને પોતાના પુરૂષાર્થમાંજ મસ્ત રહે છે; કારણકે તેઓએ પોતાનો સ્વાર્થ પ્રભુને સોંપી દીધેલો હોય છે, અને પ્રભુને ખાતર ઇશ્વરીઉદ્દેશમાં મદદ કરવા માટે તેઓને પુરૂષાર્થ કરવાનો હોય છે, એટલે તેઓને દોરા–ધાગાની કે જંતર–મંતરની મદદ લેવાની જરૂર પડતી નથી. તેઓની સિદ્ધિ કાંઈ માગાના પાશ કઈ જાતના છે તે

ઉપર રહેતી નથી, તેઓની ઉમેદ કાંઈ જમણા ડાબા હાથ ઉપર રહેતી નથી, તેઓની રક્ષા કાંઈ રાખડી બાંધવાથી થતી નથી, તેઓનાં દાન કાંઇ સંક્રાંત કે પુરૂષોત્તમ માસના વાયદા ઉંપર અટકતાં નથી, તેઓના મંત્ર કાંઈ ગ્રહણ કે કાળીચૌદસની વાટ જોતા નથી અને તેઓ ચરણામૃત કે પ્રસાદથી પાર પડી જવાનું સમજતા નથી; પણ તેઓ તો માત્ર પોતાની દઢભાવના, પોતાનો પુરૂષાર્થ અને પ્રભુકૃપા ઉપરજ આધાર રાખે છે. જો કે એ વસ્તુઓમાં પણ સંયોગને આધારે કાંઈ જરાતરા બળ રહે છે, એમાં કાંઇ સંશય નથી, પણ એટલા બળ સારૂ કરીને કાંઈ આપણી જીંદગી તેને સોંપી દેવાય નહિ, આપણો આત્મા તેને સોંપી દેવાય નહિ. માત્ર દોરા-કંઠીથી, ફળ તુલસીનાં અર્પણથી, પ્રસાદ-ચરણામૃતથી કે આપણી તરફથી કોઇક પાસે જપ કરાવ્યાથી કાંઈ સાચું સુખ મેળવી શકાય નહિ. જોકે સાધારણ લોકોને એ બધી ચીજો ચોક્કસ હદ સુધી જરૂરની છે, તોપણ જ્ઞાનીઓને એ બધી વસ્તુઓ અંતે જીવનવિનાની લાગે છે; તેઓ જોઈ શકે છે કે એ વસ્તુઓનું જીવન તો કાંઇક બીજુંજ છે, અને આપણે તો માત્ર મુડદાંઓ સાથેજ રમ્યા કરીએ છીએ. બૅરિસ્ટર સાહેબ, એ જીવન તે ઇશ્વરનો આપણી ઉપરનો સ્નેહ છે, એ જીવન તે આપણો ઇશ્વરની ઉપરનો સ્નેહ છે, એ જીવન તે ભ્રાતૃભાવની ઇશ્વિરીસગાઈ છે, અને એ જીવન તે જગતના જીવોની સેવા કરવાનો પરમાર્થ છે. આવા જીવનવિના ઉપલી વસ્તુઓ કાંઇ કામની નથી, માટે નબળાં મનનાં સ્વાર્થી માણસોની પેઠે જ્ઞાનીઓ તેમાં ફસાઈ રહેતા નથી, પણ તેઓ તો પોતાના આત્માના કલ્યાણ માટે પ્રભુને અર્થે પોતાના દેશની, પોતાના બંધુઓની અને પોતાના ધર્મની કરે છે, કારણ કે એમાંજ સાચું સુખ છે; માટે જો તમોને સાચું સુખ જોઇતું હોય તો પ્રભુપ્રીત્યર્થે જગતની સેવા કરો. એ સિવાય સુખનો બીજો માર્ગ અમે તો જાણતા નથી.

કર્મયોગ ને ભક્તિયોગ.

બૅરિસ્ટર સાહેબ, સુખ મેળવવા માટે કામ કરવાના અમેરિકન વિદ્વાને જે વિચારો તમોને બતાવ્યા તે પણ મનન કરવા યોગ્ય છે, છતાં પણ તેમાં કાંઇક અપૂર્ણતા છે, હજી તેમાં બીજું કાંઇકિ જોઇએ છે; કારણ કે એકલા કર્મથીજ આપણે સંતોષ મેળવી શકીએ નહિ; કામની સાથે કામમાંથી ઉપજતા કુદરતી આનંદ કરતાં બીજું પણ કાંઇક આપણને જોઇએ છે. એ જ્યાંસુધી ન મળે ત્યાંસુધી એકલા કામના આનંદથી આપણને તૃપ્તિ થાય નહિ; કારણ કે ગતિથીજ સાફ રહેનારાં યંત્રનાં જેવાં આપણે પુતળાંઓ નથી, પણ આપણે તો બુદ્ધિશાળી મનુષ્ય છીએ, માટે ગતિ સિવાય બીજું પણ કાંઇક આપણને જોઇએ છે. મહાત્માઓ કહે છે કેઃ—

" *કર્મ એ ઉત્પત્તિ છે, અને ઉત્પન્ન થવું એ રજોગુણનો સ્વભાવ છે. પણ માત્ર ઉત્પત્તિથીજ આપણને તૃપ્તિ થતી નથી, આપણને તો કર્મથી જે ઇશ્વરીલીલા ઉત્પન્ન થઇ છે તેની સ્થિતિ જોઇએ છે. પણ આપણે આપણા રોજના વ્યવહારમાં અનુભવીએ છીએ કે રજોગુણ તો ચંચળ છે, તેમાં સ્થિતિ નથી, તેમાં શાન્તિ નથી; અને કર્મો તો રજોગુણથી ઉત્પન્ન થએલાં છે, એટલે તેમાં સ્થિતિ–શાન્તિ ક્યાંથી હોય ? જ્યાંસુધી શાન્તિ ન હોય ત્યાંસુધી સુખ શાનું? દોલત આવીને તુરત જતી રહે, અધિકારનો હુકમ મળે પણ તે ભોગવ્યા પહેલાં બરતરફી થાય, પુત્ર આવીને મરી જાય અને બહુ મહેનતથી શોધેલી ઉત્તમ યોજના અમલમાં આવ્યા પહેલાં ભૂલી જવાય, એમાં શું સુખ છે? માત્ર ઉત્પન્ન થવું એટલુંજ બસ નથી, તેની સ્થિતિ થવી જોઇએ. ઉત્પત્તિ રજોગુણથી છે ને સ્થિતિ સત્વગુણમાં છે. કર્મ

* "સંસારમાં સ્વર્ગ"માંથી પાનું ૨૯૧–૯૨.

એ ઉત્પત્તિ છે, ને સ્થિતિ એ ભક્તિ છે, ઉત્પત્તિ વિના સ્થિતિ હોય નહિ, માટે પ્રભુએ પ્રથમ કર્મયોગ અને પછી ભક્તિયોગ કહેલો છે; કારણ કે ભક્તિ એ સ્થિતિ છે, તે સત્વગુણી છે, અને સત્વગુણમાં શાન્તિ છે. મહેનતથી–કર્મથી આપણે જે કાંઈ મેળવેલું છે, તથા જે કાંઈ મેળવીએ છીએ, તેનું નામ ઉત્પન્ન કરવું છે, અને તેને સુખથી ભોગવવું તેનું નામ સ્થિતિ છે."

"જેમ ઉત્પત્તિ વિના સ્થિતિ હોય નહિ એટલે કે કર્મ વિના ભક્તિ હોય નહિ તેમજ સ્થિતિવિના ઉત્પત્તિ કાંઈ લાભકારક નથી, એટલે કે ભક્તિવિનાનાં કર્મ કાંઈ ખરેખરો ફાયદો કરી શકતાં નથી. એને માટેનો દાખલો પણ કાંઈ દૂર લેવા જવો પડે તેમ નથી. આપણાજ બંધુઓ–આપણાજ પાડોશીઓ યૂરોપીયનોને જુઓઃ તેઓ કર્મયોગી છે, પણ આર્યોનો ભક્તિયોગ જાણતા નથી, માટે એ કર્મયોગ તેઓને જેટલો ફળિભૂત થવો જોઇએ તેટલો ફળિભૂત થઇ શકતો નથી. તેઓ કર્મયોગથી લાભ મેળવે છે, પણ ભક્તિયોગ વિના શાન્તિથી ભોગવી શકતા નથી. એથીજ તેઓમાં દુરાચાર વધતા જાય છે. એનારકીસ્ટો નીહીલીસ્ટો વગેરે બદમાસો, ડાઇનેમાઇટ વગેરે ભયંકર દારૂગોળાઓની શોધો, આપઘાતો, લગ્ન તરફ વધતો જતો અભાવ, ફોજદારી ગુન્હાઓનો વધારો, લશ્કરોનો અતિશય વધારો, ભારે કરના બોજાઓ તથા દીવાનાપણું, અતિશય રાજ્યલોભ અને છાકટાપણું વગેરે ભયંકર ખરાબીઓ, એ એકલા કર્મયોગનું પરિણામ છે; જો તેઓના મહાન કર્મયોગની સાથે આર્યોનો ભક્તિયોગ મળેલો હોય તો એનો રંગ કાંઇક જૂદાજ પ્રકારનો હોય. પણ જેમ આપણે કર્મયોગને સમજતા નથી તેમજ એ લોકો હજુ ભક્તિયોગને તેના ખરારૂપમાં સમજતા નથી, માટેજ એકલા કર્મયોગથી દિનપ્રતિદિન આવી ખરાબીઓ વધતી જાય છે; અને આપણે કર્મયોગને સમજતા નથી, તેથી

એકલી લુખીપુખી ભક્તિને પકડી રાખવાથી રોજ રોજ વધારે ને વધારે દરિદ્ર બનતા જઇએ છીએ. યાદ રાખજો કે એ દરિદ્રતાને અટકાવવાનો ઉપાય માત્ર મંદિરોના ઘંટા બજાવવામાંજ નથી, પણ તેની સાથે કર્મયોગમાંજ છે. મતલબ કે ભક્તિની સાથે કર્મ જોઇએ અને કર્મની સાથે ભક્તિ જોઇએ. જો એ બંને સાથે ન હોય અને એકલાં જૂદાં જૂદાં હોય તો, કાંતો આપણી ભૂખે મરતા ગરીબડા દેશના જેવી સ્થિતિ થઈ પડે, અથવા તો યૂરોપના મ્હોટા લોકોના જીવ જેમ અધર લટકતા રહે છે, અને વચલાવર્ગના લોકો જેમ ઘણા પ્રકારના હલકા પ્રપંચમાં જીંદગી ગુમાવે છે, તેવા હાલ થઈ પડે. એવા અનર્થ ન થવા માટે કર્મ ને ભક્તિ બંને જોડાજોડ જોઇએ.

બૅરિસ્ટર સાહેબ, સમજ્યા કે? એકલા કર્મથી તૃપ્તિ થાય નહિ; એની સાથે ભક્તિયોગ એટલે કે ઇશ્વિરીસ્નેહ જોઇએ. પ્રભુપ્રેમમાંથી પેદા થતી ઇશ્વરીસગાઇને ઓળખ્યાવિના અને એ સગાઇને અર્થે જગતની સેવા કરવા સારૂ જ્યાંસુધી ઉચ્ચભાવનાથી કર્મો ન થાય ત્યાંસુધી તે કર્મો આપણને ખરૂંસુખ આપી શકે નહિ, કારણ કે ઇશ્વિરીસ્નેહ એટલે કે ભ્રાતૃભાવ સમજ્યાવિના જે કર્મ થાય છે તે આપણા અહંકારમાંથી થાય છે, અને આપણા સ્વાર્થને માટે હોય છે, એટલે આપણને જે સુખ મળવું જોઇએ તે સુખ એ કર્મોથી મળતું નથી; પણ જ્યારે આપણે ઇશ્વિરીસગાઇને લીધે ઇશ્વરીઉદ્દેશમાં મદદ કરવાના હેતુથી બ્રહ્માર્પણ રીતે આપણા બંધુઓની સેવા કરવા માટે કર્મ કરીએ છીએ ત્યારે તેનો આનંદ કાંઈ ઓરજ હોય છે, માટે અમેરિકન ફીલસુફે બતાવેલા કર્મયોગની સાથે આપણા ભક્તિયોગ એટલે કે ઇશ્વિરીસ્નેહને જોડવો જોઇએ. તોજ તે કર્મો આપણી ચાલુ જીંદગીમાં આનંદ આપી શકે, મરતી વખત દિલાસો આપી શકે અને આપણા આત્માને પ્રભુ પાસે પહોંચાડી શકે.

ઇશ્વરીસ્નેહને બાજુમાં રાખીને જીંદગીની ફરજો બજાવો.

બૅરિસ્ટર સાહેબ, સાચું સુખ મેળવવા માટે ઉપર મુજબ જગતના મિથ્યાપણાનું જ્ઞાન તીવ્રવૈરાગ્યવિના કામનું નથી. દેવ-દેવીઓ તથા જંતર-મંતરનો આધાર પણ અંતે કાંઈ કામનો નથી, અને એકલો કર્મયોગ પણ શાંતિ આપી શકતો નથી. છતાં પણ એ દરેક બાબતનું આપણી જીંદગીમાં કામ પડે છે, માટે એ દરેક ચીજ રસમય થવા સારૂ તેમાં કાંઇક તત્ત્વ જોઇએ છે, એ દરેક ચીજ પૂર્ણ થવા માટે તેમાં કાંઇક વિશેષતા જોઇએ છે, એ દરેક ચીજ ખુબીદાર થવા માટે તેમાં કાંઇક રહસ્ય જોઇએ છે, એ દરેક ચીજ બહુ વ્હાલી લાગે એમ થવા માટે તેમાં કાંઇક સૌન્દર્ય જોઇએ છે, એ દરેક ચીજ આપણને સ્વર્ગ તરફ ખેંચી શકે તે સારૂ તેમાં કાંઇક આકર્ષણ જોઇએ છે; અને એ દરેક ચીજ સુખમય થઈ શકે માટે તેમાં કાંઇક આનંદ જોઇએ છે. એ તત્ત્વ, એ રહસ્ય, એ વિશેષતા, એ સૌન્દર્ય, એ આકર્ષણ અને એ આનંદ તે ઇશ્વરીસ્નેહ છે, માટે ઇશ્વરીસ્નેહને બાજુમાં રાખીને જીંદગીની ફરજો બજાવવાનું અમે કહીએ છીએ; કારણ કે જેમ સહી કર્યા વિનાનું દસ્તાવેજ નકામું છે તેમ પ્રભુપ્રેમ વિનાનાં આપણાં કામો વ્યર્થ છે. આપણી જીંદગીનાં રોજનાં કામો બહુ ન્હાનાં હોય છે, પણ મહાત્માઓ કહે છે કે, કામ ન્હાનું છે કે મ્હોટું એ તરફ પ્રભુ જોતો નથી, કારણ કે એ તો જેવા સંયોગ હોય તેવાં કામ થાય, પણ કયા હેતુથી આપણે કામ કરીએ છીએ, તેજ પ્રભુ જુએ છે. બૅરિસ્ટર સાહેબ, બોરની કિંમત કાંઇ મ્હોટી નથી, એતો દોઢીયાનાં ખોબો ભરીને મળે, પણ જો તે કોઈ મ્હોટા માણસને ભેટ આપ્યાં હોય તો મુઠ્ઠી બોરમાંથી પણ મ્હોટું ઇનામ મળી જાય; તેમજ જો આપણે આપણાં કર્મોને વેચી નાંખીએ એટલે કે હલકી વૃત્તિથી આપણા સ્વાર્થમાંજ વાપરીએ તો તેની કાંઈ વધારે કિંમત

ઉપજે તેમ નથી, પણ જો તે પ્રભુને અર્પણ કરી દઇએ એટલે કે શુભેચ્છાથી ને બ્રહ્માર્પણવિધિથી કરીએ તો એજ ન્હાનાં કર્મોનું મ્હોટું ફળ મળી જાય છે. બીજું જ્ઞાનીભક્તો એમ કહે છે કે, આપણાં કર્મો તે બલૂન છે, પણ જો તે આપણાજ સ્વાર્થને માટે થયેલાં હોય તો તે બલૂન આપણા અહંભાવના ખુંટા સાથે બંધાઈ જાય છે, અને તેમાં આપણા મનની નબળાઈનું વજન ભરાઇ જાય છે, તેથી તે ઉંચે ઉડી શકતાં નથી; પણ જો ઇશ્વરીઉદ્દેશમાં મદદ કરવા માટે સેવાધર્મની રીતે તે થતાં હોય તો તે કર્મોરૂપી બલૂનમાં ઇશ્વિરીસ્નેહની ગૅસ ભરાઇ જાય છે, તેથી તે અહંભાવના ખુંટાથી છુટીને મોક્ષધામમાં–ઇશ્વરની હજુરમાં પહોંચી જાય છે.

મનુષ્યજાતનો એવો સ્વભાવ છે કે જ્યાંસુધી તે પોતાની ફરજ પૂરેપૂરી બજાવે નહિ ત્યાંસુધી તેનો આત્મા શાન્તિ પામી શકે નહિ.

બૅરિસ્ટર સાહેબ, આપણાં રોજનાં કર્મો તે ફળ નથી પણ બીજ છે; અને બીજ તો હમ્મેશાં ન્હાનુંજ હોય છે, માટે આપણે ન્હાનાં બીજ સામે જોવાનું નથી, પણ તેમાંથી જે ઘણાં ફળો પેદા થશે તેની સામે જોવાનું છે. માટે હાલમાં જેમ બને તેમ સારામાં સારાં ને ઘણામાં ઘણાં બીજ આપણે વાવવાં જોઇએ. મોસમની વખતે જે ખેડુત પોતાનાં બધાં ખેતરોમાં સારાં સારાં બી વાવી દે છે તેનું મન બહુ આંશાભર્યું ને બહુ આનંદમાં રહે છે, પણ જે ખેડુત મોસમમાં બી વાવી શકતો નથી અથવા થોડાં બી વાવે છે તે અસંતોષી અને ઉદાસ રહે છે; કારણ કે પોતાની પાસેનાં બધાં બી વવાય નહિ ત્યાંસુધી તેને પૂરો આનંદ થતો નથી; તેમજ મનુષ્યજાતનો એવો સ્વભાવ છે કે જ્યાં-સુધી તે પોતાની ફરજ પૂરેપુરી બજાવે નહિ ત્યાંસુધી કોઇક ને કોઇક

જાતનો તેને અસંતોષ રહે છે, કારણ કે પૂર્ણપ્રભુએ પૂર્ણ થવા માટે આપણને આ જગતમાં મોકલ્યા છે, અને એ પૂર્ણતા આપણા કર્મો-માંથીજ થવાની છે, માટે જ્યાંસુધી આપણાથી ઘણામાં ઘણાં કર્મો ન થાય, સારામાં સારાં કર્મો ન થાય અને તે બ્રહ્માર્પણવિધિથી ન થાય, ત્યાંસુધી બહારનું બીજું ગમે એટલું સુખ હોય તોપણ આપણે અંતરનું ખરૂં સુખ મેળવી શકીએ નહિ.

સુખનો સંબંધઃ-

બહારની વસ્તુઓ સાથે સુખનો જેટલો સંબંધ છે તે કરતાં આપણી શારીરિક ક્રિયાઓ સાથે, આપણા મન સાથે, આપણી બુદ્ધિ સાથે અને આપણા આત્મા સાથે સુખનો વધારે સંબંધ છે; માટે જ્યાંસુધી આપણી શારીરિક ક્રિયાઓને, આપણા મનને, આપણી બુદ્ધિને અને આપણા આત્માને આપણે ખીલવીએ નહિ ત્યાંસુધી માત્ર બહારની વસ્તુઓમાંથીજ આપણે ખરૂંસુખ મેળવી શકીએ નહિ. જેમકેઃ દૂધ એ ઉત્તમ વસ્તુ છે, પણ જ્યાંસુધી આપણાં શરી-રને જોઇતી કસરત ન આપીએ ત્યાંસુધી તે પચી શકે નહિ. બહુ મજેનું ગાયન ચાલતું હોય પણ જો આપણે એ જાતની વૃત્તિઓને ખીલવી ન હોય તો તેમાં આપણને જેવો જોઇએ તેવો રસ આવી શકે નહિ. ઉંડી ફીલસુફીથી ભરેલું સુંદર પુસ્તક હોય પણ જો આપણી બુદ્ધિ ખીલેલી ન હોય તો આપણને તેમાંથી આનંદ મળે નહિ; અને આત્માને આનંદ થાય એવા જગતમાં ઘણા બનાવો બન્યા કરે છે, તથા આપણી જીંદગીમાં પણ એવા કેટલાએ પ્રસંગો આવી જાય છે, પણ જો આપણામાં જેવી જોઇએ તેવી પવિત્રતા ન હોય તો એ આનંદ લૂંટી શકાય નહિ. આવી રીતે દરેક બાબતમાં સમજવાનું છે. અને તેમાંથી એજ શિખવાનું છે કે, પરમકૃપાળુ

અખંડ સચ્ચિદાનંદ પરમાત્માએ તો આ જગતમાં સર્વત્ર સુખ જ ભરેલું છે, પણ આપણને તે સુખ લેતાં આવડતું નથી, તેથી રોયા કરીએ છીએ. આપણે બહારની વસ્તુઓમાં સુખને શોધીએ છીએ, અને અંતરને ભૂલી જઇએ છીએ. જેમકે: આપણને તો ભજીયાંમાં ને ઢોકળાંમાં સુખ જોઇએ છે, આપણને તો મીઠાઇમાં ને આઇસ-ક્રીમમાં સુખ જોઇએ છે, આપણને તો બાઇસીકલમાં ને નાટકમાં સુખ જોઇએ છે, આપણને તો ભભકાદાર મકાનમાં ને જરાકવાર રહે તેવાં રૂપમાં સુખ જોઇએ છે, આપણને તો ચંચળ વૃત્તિની અજ્ઞાન સ્ત્રીઓમાં ને ક્ષણભંગુર દેહમાં સુખ જોઇએ છે, આપણને તો ફૂલની પેઠે ઘડીકમાં કરમાઈ જાય તેવાં છોકરાંઓમાં અને પ્રપંચી વૃત્તિનાં માણસોમાં સુખ જોઇએ છે, અને આપણને તો જે ચીજો આપણા અખ્તીયારની નથી તેવી ચીજોમાં પણ સુખ જોઇએ છે! હવે વિચાર કરો કે એ બધાં બહારનાં ભાડુતી સુખ તે કેવાંક હોય? જો કે એ બધી વસ્તુઓમાં પણ કેટલાક પ્રસંગોએ ચોક્કસ હદ સુધી સુખ છે, તોપણ એ બધા કરતાં આપણાં શરીરની ક્રિયાઓમાં, આપણા મનની ખીલવણીમાં, આપણી બુદ્ધિની વિશાળતામાં અને આપણા આત્માની પવિત્રતામાં સૌથી વધારે સુખ છે; એટલુંજ નહિ પણ એ બધાં બહારનાં સુખો આપણી શારીરિક ક્રિયાઓ ઉપર, મનની લાગણી-ઓની ખીલવણી ઉપર, બુદ્ધિની વિશાળતા ઉપર અને આત્માની પવિત્રતા ઉપરજ આધાર રાખે છે. છતાં પણ અફસોસ કે એ બધી બાબતોને તો આપણે ભૂલીજ જઇએ છીએ અને બહારનાં સુખો ઉપરજ સૌથી વધારે ધ્યાન આપીએ છીએ, તેથીજ આપણે ખરૂં-સુખ મેળવી શકતા નથી; કારણકે જે સાચું સુખ છે તે તો ઇશ્વરી-સ્નેહમાં છે, ઇશ્વરીસ્નેહને લીધેજ એ બધી વસ્તુઓ સુખ આપી શકે છે. અને તેમ છતાં પણ એ સ્નેહને તો આપણે ભૂલીજ જઇએ છીએ!

ઉત્તમતા મેળવવાના ઉપાયોઃ-

જો આપણા હૃદયમાં પ્રભુપ્રેમ હોય તો આપણને એમ લાગે કે જગતના સૌ જીવો પ્રભુના પુત્ર છે, અને મ્હારા બંધુઓ છે; સૌ જીવોમાં પ્રભુનો અંશ છે, અને સૌમાં મ્હારા આત્માના જેવોજ આત્મા છે; માટે કોઈ પણ જીવને જરા પણ દુઃખ ન થવું જોઇએ; એટલુંજ નહિ પણ આવી ચોખ્ખી સમજ થઈ જવાથી મહાનપ્રભુને ખાતર પ્રભુનાં બાળકોની સેવા કરવાનું મન થઈ જાય છે, તેથી એની મેળે મેળે શરીરમાં ક્રિયાશક્તિ આવી જાય છે, અને જેમ જેમ શરીરની કામ કરવાની શક્તિ મજબૂત થતી જાય તેમ તેમ ઇંદ્રિયોની ગ્રહણશક્તિ વધતી જાય છે, તેથી નવા નવા અનુભવ થતા જાય છે, અને મનની શક્તિઓ ખીલતી જાય છે. એવી રીતે જગતની સેવા કરતાં કરતાં જ્યારે મનની શક્તિઓ ખીલી જાય ત્યારે મહાન-ઇશ્વરના અલૌકિક સ્વરૂપનું જ્ઞાન મેળવવાની ઇચ્છા થાય છે, તેથી જેમ જેમ સેવા વધતી જાય તેમ તેમ બુદ્ધિ વિશાળ થતી જાય છે, અને જેમ જેમ બુદ્ધિ વિશાળ થતી જાય તેમ તેમ જગતનું બહુરૂપ દેખાતું જાય છે, અને પછી જેમ જેમ જ્ઞાન વધતું જાય તેમ તેમ જગતનાં એ બહુરૂપનું મિથ્યાપણું સમજાતું જાય છે, તેથી કુદરતી રીતેજ પવિત્રતા આવતી જાય છે; અને જેમ જેમ પવિત્રતા વધતી જાય તેમ તેમ આત્મિકઆનંદ વધતો જાય છે. અને જેને આત્મિક-આનંદ મળી ગયો તેને પછી દુઃખ ક્યાં રહ્યું ?

એવું થવા માટે પ્રથમજ* " કર્મથી–ક્રિયાઓથી–મનોનિગ્રહથી–પુરૂષાર્થથી તમે પોતે શુદ્ધ બનો. (પ્રભુ કહે છે કે, यज्ञो दानं तपश्चैव पावनानि मनीषिणाम्) શુદ્ધ બન્યા પછી પુરૂષાર્થથી તમે જે ઉત્પન્ન

* " સંસારમાં સ્વર્ગ "માંથી, પાનું ૨૮૨–૮૩.

કરેલું હોય–મેળવેલું હોય તેનો લાભ લઈ બીજાઓને આપી ભક્તિથી તૃપ્ત બનો. અંતે એ સર્વથી તૃપ્ત થઇ તે સર્વમાં વૈરાગ્યદૃષ્ટિ કરી તેને અસાર સમજી તમારા પુરૂષાર્થનો તથા તમારા અનુભવનો લાભ તમારા બંધુઓને આપો, અને તમારે માટે કર્મમાંથી માત્ર શુદ્ધિ અને ભક્તિમાંથી માત્ર તૃપ્તિ રાખી જ્ઞાનદૃષ્ટિથી **त्वमेकं शरणम्** બની જાઓ, અને છેવટ તું હુંનો ભેદ પણ ભૂલી જઇ **तत्त्वमसि** નો સાક્ષાત્કાર કરી

જીવન્મુક્ત

બની રહો. સર્વ ક્રિયાઓનું–સર્વ ઉપાસનાઓનું એ ફળ છે, સર્વ પુરૂષાર્થનો એ પુરૂષાર્થ છે, સર્વ સિદ્ધિઓની એ સિદ્ધિ છે, સર્વ સંસારમાં જે કાંઈ પામવા જેવું છે–સાર છે તે એ છે, સર્વ આનંદોનો આનંદ એ છે, અને જીંદગીની સાફલ્યતા એ જીવન્મુક્તિજ છે. ધન્ય છે, ધન્ય છે, એ દશાને ધન્ય છે! જ્યાં ક્લેશ નથી, જ્યાં મેળવવાનું નથી, જ્યાં ખોવાનું નથી, જ્યાં હરીફાઇ નથી, જ્યાં અહંભાવ નથી, જ્યાં મનોવિકાર નથી, જ્યાં પુણ્ય–પાપ નથી, જ્યાં મ્હારૂં–ત્હારૂં નથી, જ્યાં ભય નથી, જ્યાં અખંડ શાન્તિ છે, જ્યાં **यत्र यत्र मनोयाति तत्र तत्र समाधयः** છે, જ્યાં જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેયનો ભેદ નથી, અને જ્યાં દૃષ્ટ–દૃષ્ટાપણું નથી, તે અખંડ સ્થિતિને–તે સ્થિતપ્રજ્ઞપણાને–તે બ્રહ્મનિષ્ઠપણાને–તે જીવન્મુક્તિને ધન્ય છે, ધન્ય છે, ધન્ય છે!"

બૅરિસ્ટરના મનનું સમાધાન.

આમ કહીને એ સ્થિતિનો આનંદ યાદ કરીને આંખો મીંચીને મહારાજ જરા વાર ચૂપ રહ્યા. ત્યારે મ્હેં પૂછ્યું કે, કેમ બૅરિસ્ટર સાહેબ, હવે તમારા મનનું સમાધાન થયું કે નહિ? જીંદગીના છેલ્લા શ્વાસ સુધી નભી શકે અને આપણે દિલાસો મેળવી શકીએ એવું

તત્ત્વ તમોને સમજાયું કે નહિ ?

ઍરિસ્ટરે કહ્યું: હા બાઈ, મ્હારા મનનું પુરતી રીતે સમાધાન થયું છે. પ્રભુપ્રેમ એટલે કે ભ્રાતૃભાવની ઇશ્વરીસગાઇ સમજી તે પ્રમાણે વર્તવાથીજ આપણું કલ્યાણ થઈ શકે છે, એમાં કાંઈ પણ સંદેહ નથી. આ ખુલાસો થવાથી મ્હારા હૃદયનો ભાર હલકો થયો છે, કારણ કે બહારનાં સાધારણ સુખોની પારની જે કાંઇક વસ્તુ હું શોધતો હતો તે મને મળી ગઇ છે. જો આવી ચોખ્ખી સમજ આપવાવાળા ઉપદેશકો અમોને જોઇએ ત્યારે અને જોઇએ એટલા મળતા હોય તો અમે કર્ત્તવ્ય બજાવવાની બાબતમાં આવી અધમદશામાં હોઇએ નહિ. મહારાજ કહે છે કે "ગુરૂ" શબ્દથી હું બીહું છું, પણ જે મહાત્મા આવી રીતના ખુલાસાથી અમારાં અંતરનાં તાળાં ખોલી નાંખે, અમારા સંશયો કાપી નાંખે, અમારા હૃદયમાં સુખનો ઝરો વ્હેતો કરી દે અને અમારામાં નવું જીવન મૂકી દે, તેને અમે ગુરૂ ન કહીએ તો બીજું શું કહીએ ? તેને અમે પગે ન લાગીએ તો બીજું શું કરીએ ? અને જો તેને અમે મદદ ન કરીએ તો પછી બીજું શું કરીએ ? એવું એવું કર્યાવિના અમારાથી તેના ઉપકારનો બદલો કેમ વળે ? અને અમારી ઉપર એવા ઉત્તમ પ્રકારનો ઉપકાર કરનારને મન, વચન કે કર્મથી કાંઇ પણ બદલો ન આપી શકીએ ત્યાંસુધી અમારા અંતરમાં સંતોષ કેમ થાય ? માટે ભલે મહારાજ ના પાડે, પણ અમે તો તેને "ગુરૂ મહારાજ" કહેશું. કેમ પ્રૉફેસર સાહેબ, તમારો શું અભિપ્રાય છે ?

હું જે કાંઈ જાણુંછું તે મ્હારા મનમાંજ રાખી મૂકીને મરી જવા હું ઇચ્છતો નથી.

આ સાંભળીને ડૉકટરે કહ્યું: હું વચ્ચે બોલુંછું માટે મને માફ

કરશો, પણ જો હમણાં આપણે "ગુરૂ"ની ચર્ચામાં ઉતરી પડશું તો મ્હારા મનમાં એક સંશય ઉભો થયો છે તે એમને એમ રહી જશે, માટે પ્રથમ તેનું સમાધાન થાય તો ઠીક; કારણકે આજે મ્હારા એક મિત્રને માનપત્ર આપવાનો મેળાવડો છે, તેમાં મ્હારે જવાનું છે.

મહારાજે કહ્યું: જે કાંઈ પૂછવું હોય તે ખુશીથી પૂછો. હું જે જાણતો હઇશ તે કહેતાં મને બહુ આનંદ થશે, કારણ કે હું જે કાંઇ જાણુંછું તે મ્હારૂં પોતાનું નથી, પણ એતો સાર્વજનિક મિલ્કત છે, અને તે જે કોઈ લઈ શકે તેને માટે છે, આવો શાસ્ત્રોનો ઠરાવ હોવાથી હું જે કાંઈ જાણુંછું તે મ્હારા મનમાંજ રાખી મૂકીને મરી જવા હું ઇચ્છતો નથી, પણ હું જે કાંઈ જાણુંછું તે મ્હારા ભાઇબંધોને જણાવી દેવાની ઇશ્વર મને તક આપે, એમજ હું ઇચ્છું છું; કારણ કે ભારે રહીને પ્રભુ પાસે જઇ શકાતું નથી, પણ હલકા થઇને પ્રભુ પાસે જઈ શકાય છે, એમ આર્યશાસ્ત્રનો ઉપદેશ છે, માટે મ્હારી પાસેનો બોજો તમારા જેવા લાયક ભાઇબંધોને સોંપીને હું તો હલકો થવા ઇચ્છુંછું.

માસ્તરે કહ્યું: તમારી પાસે ભાર ક્યાં છે? તમે તો પહેલેથીજ ભારને ફેંકી દીધેલો છે.

જ્ઞાનને છુપાવો માં.

મહારાજે કહ્યું:—પૈસાના ભાર કરતાં જ્ઞાનનો ભાર ઘણો વધારે છે. યાદ રાખજો કે ધન કરતાં જ્ઞાન જેટલું વધારે શ્રેષ્ઠ છે તેટલોજ તેનો ભાર પણ વધારે છે. જેમ કોઇ ધનવાન માણસ પોતાના ગરીબ ભાઇબંધોને અર્થે પોતાના ધનનો ઉપયોગ ન કરે તો તેને આપણે લોભીયો કહીએ છીએ, તેની તરફ તિરસ્કારની નજરે જોઇએ છીએ, અને તે નરકનો અધિકારી છે, એમ સમજીએ છીએ, તેમજ જો

કોઇ વિદ્વાન પોતાના જ્ઞાનને છુપાવે એટલે કે પોતાની હલકી ઇચ્છાઓને ખાતર પોતાના અજ્ઞાન ભાઇબંધોને પોતાના જ્ઞાનનો લાભ ન આપે, તો એ પણ એક બહુ મ્હોટો અપરાધ છે. એવા અપરાધથીજ આપણા ગુણો, આપણા હુન્નરો અને આપણું તત્ત્વજ્ઞાન નાશ પામ્યું છે, એવા અપરાધથીજ આપણો દેશ પાયમાલ થયો છે, અને એવા અપરાધથીજ આપણી અધોગતિ થઈ છે. એથી ઉલટું પેટંટ લઇને પોતાની શોધો ઝાહેર કરી દેવાથી તથા જૂદા જૂદા વિષયની સ્વતંત્ર રીતે ઝાહેરમાં ચર્ચા ચલાવ્યાથીજ યૂરોપ–અમેરિકાના લોકો સુધરી ગયા છે, એથીજ હુન્નર–કળામાં આગળ વધી ગયા છે, અને એથીજ એ મુલકો રાજ્યસત્તાવાળા તથા આબાદ થયા છે. કદિ પણ આપણું જ્ઞાન છુપાવાય નહિ એની બહુજ સંભાળ રાખવી જોઇએ, કારણ કે લોભીયાઓનું છુપાવેલું ધન તો પૃથ્વીમાંજ રહેશે, એટલે કોઈકે વખતે પણ તે કોઈકને પણ પાછું મળશેજ, એનો કાંઇ નાશ થઈ શકતો નથી, પણ કોઇને શિખવ્યા વિનાનું મનમાં ને મનમાં રહેલું–છુપાવલું જ્ઞાન તો મરનારની સાથે ચિતામાં બળી જાય છે, અથવા તો કબરમાં દટાઈ જાય છે, એ કાંઈ પાછળથી કોઇને મળી શકતું નથી, માટે દરેક ગુણી કે જ્ઞાની માણસે પોતાના ગુણ અને પોતાનું જ્ઞાન ખાસ ચાહીને યોગ્ય અધિકારીઓને શિખવવું જોઇએ. જો એમ ન થાય તો મરણ પછી કામલોકમાં એ વપરાયાવિનાનું જ્ઞાન તે જ્ઞાનીનું દુશ્મન થઈ પડે છે, અને જે જ્ઞાનથી તેને આનંદ મળવો જોઇએ, શાન્તિ મળવી જોઇએ, સુખ મળવું જોઇએ અને દિલાસો મળવો જોઇએ તેજ જ્ઞાન તેના હૃદયમાં શૂળની પેઠે ખુંચ્યા કરે છે, એ જ્ઞાનજ તેને દુઃખ દે છે, એ જ્ઞાનથીજ તેને પશ્ચાત્તાપ થાય છે, અને એ જ્ઞાનથીજ તેને નરકમાં જવું પડે છે; કારણકે જ્ઞાન એ કાંઇ આપણા બાપની મિલ્કત નથી, પણ એતો સાર્વજનિક મિલ્કત છે,

એતો ઇશ્વરની કૃપાનું ફળ છે, અને એતો ઇશ્વિરનું ઐશ્વર્ય છે; એટલે તેને મેળવવા ટાણે લાખો રૂપિયા ખરચવા પડે તો ખરચો, ગુલામગીરી કરવી પડે તો કરો, પૃથ્વીને પેલે છેડે જવું પડે તો જાઓ, નીચલોકોને નમવું પડે તો નમો, દુઃખ ભોગવવાં પડે તો ભોગવો, ભીખ માગવી પડે તો માગો, ઉજાગરા કરવા પડે તો કરો, લોહીનું પાણી કરી નાંખવું પડે તો કરો અને જ્ઞાન મેળવવા સારૂ જીંદગી જોખમમાં નાંખવી પડે તોપણ તે કબૂલ કરો, પણ જ્ઞાન આપવા વખતે એક દોઢીયાની પણ આશા રાખશો માં. ઇશ્વિરીજ્ઞાન ફેલાવવામાં એક પાઇની પણ આશા રાખશો માં.

જ્ઞાનને આપણા અખ્તિયારમાં બાંધી રાખવાનો આપણને કાંઇ પણ હક્ક નથી. જો આપણા નજીવા સ્વાર્થને ખાતર એને એવી રીતે બાંધી રાખીએ તો એનું પરિણામ બહુ ભયંકર આવે છે. ધનલોભીયાઓના કરતાં પણ જ્ઞાનલોભીયાઓની બહુ માઠી વલે થાય છે, કારણ કે લોભીયાઓએ સંગ્રહ કરેલું ધન તો પૃથ્વીમાંજ રહે છે, પણ લોભીયાજ્ઞાનીનું જ્ઞાન તો તેમનાં મ્હોતની સાથેજ જગતમાંથી નાશ પામે છે, માટે જ્ઞાન છુપાવવાનો ગુન્હો બહુ મ્હોટો છે. તે સારૂ અમને તો અમારા ગુરૂઓએ એમજ શિખવેલું છે કેઃ–

પ્રાચીન ઋષિઓની કામગીરીઃ–

ડૉક્ટર સાહેબ, ફળ ન મેળવવા માટે અને જ્ઞાન ફેલાવવા માટે મહાત્માઓ આટલું બધું કહે છે તેનું કારણ તમે જાણો છો કે? એનું કારણ એજ છે કે,

*" પ્રાચીન ઋષિઓએ પોતાને માટે પહેલામાં પહેલું કામ એજ રાખ્યું હતું કે ભણવું, બીજું કામ એ રાખ્યું હતું કે ભણાવવું, ત્રીજું

* સ્વર્ગના વિમાનની પ્રસ્તાવનામાંથી.

કામ એ રાખ્યું હતું કે યજ્ઞ કરવા, ચોથું કામ એ રાખ્યું હતું કે યજ્ઞ કરાવવા, પાંચમું કામ એ રાખ્યું હતું કે દાન દેવું અને છેલ્લું છઠ્ઠું કામ એ રાખ્યું હતું કે જરૂર પડે તો દાન લેવું. આવી ઉત્તમતાને લીધેજ તેઓ પૂજનીય હતા. બ્રાહ્મણો એટલે કે ઉચ્ચવૃત્તિવાળા ભક્તો કે જેઓએ કોઈ પણ રીતે પોતાના દેશને અર્થે, પોતાના ધર્મને અર્થે અથવા પોતાના બંધુઓને અર્થે જીંદગી અર્પણ કરી હોય તેઓનું પ્રથમ કામ પોતે ભણવું અને બીજાઓને ભણાવવા એજ હતું, અને તે સારૂજ, એ ગુણને લીધેજ તેઓ બ્રાહ્મણો એટલે કે બ્રહ્મને–ઈશ્વરને ઓળખનારા ગણાતા હતા; કારણકે ઇશ્વરીસ્નેહમાં ઈશ્વર પોતે છે, માટે જેઓ ઇશ્વરીસ્નેહવાળા હોય તેઓ બીજા સૌ કરતાં ઈશ્વરની વધારે નજીક હોવાથી તેઓજ સૌથી પહેલાં ઇશ્વરને ઓળખી શકે છે. જેઓ ઇશ્વરને ઓળખે તેઓજ બ્રાહ્મણ ગણાય છે, કારણ કે શાસ્ત્રોમાં એમ કહેલું છે કે, **ब्रह्म जानाति ब्राह्मणाः ।** અને બ્રહ્મ ઈશ્વરીસ્નેહથીજ જાણી શકાય છે, માટે પ્રાચીન ઋષિઓએ ભણવું ને ભણાવવું એ બે બાબત ઉપર ખાસ ભાર મૂકેલો છે. ભણવું ને ભણાવવું એ બે બાબત ઉપરજ દેશની આબાદીનો અને ધર્મની ઉન્નતિનો મુખ્ય આધાર છે, માટે મહાત્માઓએ એ બે બાબતને જીંદગીની પહેલી ફરજ ગણેલી છે, એટલુંજ નહિ પણ એ ખાતેજ તેઓ પોતાની જીંદગી અર્પણ કરતા હતા, તેથીજ હજુસુધી પણ આપણે માનપૂર્વક તેમનાં નામનાં તર્પણ કરીએ છીએ. આપણા દેશમાં જે અખૂટ સમૃદ્ધિ હતી, આપણા દેશમાં જે ઉત્તમ પ્રકારની રાજ્યનીતિ હતી, આપણા દેશમાં જે સાચી તંદુરસ્તી હતી, આપણી પ્રજામાં જે ઉત્તમ ધર્મ હતો, આપણા ઘરસંસારનાં જે મજબૂત બંધારણો હતાં, આપણા વડીલોમાં જે અસાધારણ પ્રકારની નીતિ હતી, આપણી સમસ્ત પ્રજામાં જે સંતોષ અને તાબેદારી હતાં અને

આપણામાં જે ઉચ્ચભાવનાઓ છે, તથા આખી દુનિયાના બીજા કોઇ પણ ધર્મો કરતાં આપણા ધર્મમાં જે ઊંડામાં ઊંડાં રહસ્યો છે, તે સર્વ "ભણવું અને ભણાવવું" એ બે મુખ્ય સિદ્ધાંત ઉપર પ્રાચીન ઋષિઓએ પોતાની જીંદગી અર્પણ કરેલી હતી તેમાંથી થએલું છે, માટે જ્ઞાન ફેલાવવાની બાબત ઉપર અમે ખાસ ભાર મૂકીએ છીએ, કારણ કે એ આપણા ધર્મનો પહેલો સિદ્ધાંત છે. અને જેઓ બ્રાહ્મણો છે, એટલે કે જેઓ ઉચ્ચવૃત્તિવાળા છે, પોતાના ભાઇબંધોનાં સુખો વધારવા માટે જેઓનાં જીગર તલપે છે, પોતાના દેશને માટે જરૂર પડે તો પ્રાણ આપવા પણ જેઓ તૈયાર છે, જેઓના હૃદયમાં સદાય શુભેચ્છા રહે છે, જેઓ હમ્મેશાં પોતાના કર્તવ્યમાં મચેલા રહે છે, જેઓ ધર્મની બાબતમાં ઊંડા ઉતરી શકે છે, જેઓ પ્રભુને જાણવા ઇચ્છે છે, અને જેઓ પ્રભુને અર્થે પોતાના સ્વાર્થનો ભોગ આપી શકે છે, તેઓની પહેલી ફરજ એ છે કે, ભણવું અને ભણાવવું; કારણ કે એ પછીજ યજ્ઞો કરવાની અને યજ્ઞો કરાવવાની એટલે કે પ્રભુને અર્થે સ્વાર્થત્યાગનું બળિદાન આપવાની તથા ઇશ્વરીજ્ઞાન સમજવાની શક્તિ આવે છે. એવી શક્તિ આવ્યા પછી પ્રભુપ્રેમ વધી જવાથી તથા જગતનું મિથ્યાપણું સમજાઇ જવાથી પોતાના ગરીબ તથા અજ્ઞાન બંધુઓને છુટથી દાન દઇ શકાય છે. એ પછી જેમ યુદ્ધમાં ઘાયલ થવાથી લોહી વહી જવાને લીધે દુબળો થઈ ગયેલો સિપાઈ પોતાના પરાક્રમને લીધે દુબળાપણાથીજ શોભે છે, અને ટુંકા પેન્શન ઉપર ગરીબાઇથી ગુજારો કરે છે, તેમ પોતાના બંધુઓને અર્થે પોતાની જીંદગી આપી દેનારા બ્રાહ્મણો એટલે કે ઉચ્ચવૃત્તિવાળાઓ કે જેઓ ભણવા–ભણાવવાના કામથી શરીરે તવાઇ ગયા હોય અને પોતાના સ્વાર્થ ઉપર પૂળો મૂકી જગતના હિતને અર્થે પોતાનું સર્વસ્વ આપી દઇ માત્ર ઇશ્વરની દયા ઉપરજ જેઓ રહેલા

હોય, તેવા સુપાત્ર બ્રાહ્મણો ભગવદેચ્છા પ્રમાણે જે આવી મળે તે દાન લેવાથીજ એટલે કે ઇશ્વરીસ્નેહને ખાતર પોતાના બંધુઓને પોતાનું સર્વસ્વ આપી દઇ ઇશ્વરાર્પણ જીંદગી ગાળવાથીજ શોભે છે."

દાન લેવાનો અધિકાર કોને છે?

બેટી, પંડિતજી અત્યારે નથી, નહિ તો તેઓને સમજાવત કે, ભટ્ટજી મહારાજ, દાન લેવાનો અધિકાર કોને છે, એ જરા જુઓ તો ખરા? આપણાં શાસ્ત્રો તો એમ કહે છે કે, પ્રથમ ખૂબ ભણો, પછી બીજાઓને ખૂબ ભણાવો, તે પછી તમે પોતે ઇશ્વરનું ચોખ્ખું જ્ઞાન મેળવો, એ પછ તે જ્ઞાન બીજાઓને આપો, એ પછી ઇશ્વિરી-જ્ઞાનથી તૃપ્ત થવા માટે પ્રભુને અર્થે પોતાના ભાઇબંધોને પોતાનું સર્વસ્વ આપી દો, એ પછી સુખ–દુઃખની વાસના તજીને, માન–અપમાનની ઇચ્છા છોડીને, યશ–અપયશની લાગણીઓ ભૂલીને જેમ પ્રભુ રાખે તેમ આનંદથી રહો; અને જ્યાંસુધી પ્રારબ્ધના ભોગ બાકી હોય ત્યાં સુધી જરૂર પડે ત્યારે છેવટ ભીક્ષાના ટુકડાથી ગુજારો કરો; કારણ કે એ ભીક્ષા પણ માનભરી છે, એવી જાતની ભીક્ષા એ આપણા અહંકારને તોડનાર હથિયાર છે, એવી જાતની ભીક્ષા તે ફરજ બજાવી ચૂકેલા બ્રાહ્મણોનું પેન્શન છે, અને એવી જાતની ભીક્ષા તે સાધુવૃત્તિનું ઇનામ છે. એ સિવાય પોતાની બાઇડીઓના દાગીના બનાવવા માટે દાન લેવું, એ તો એક જાતની નીચતા છે.

ડૉક્ટર સાહેબ, યાદ રાખજો કે બ્રાહ્મણો એટલે કે યોગ્ય અધિકારીઓ–ઉચ્ચવૃત્તિવાળા દૈવીજીવો–જગતમાં ઇશ્વિરીસ્નેહ ફેલાવનારા પરમાર્થીઓને કાંઇ દાન લેવા માટે પ્રભુએ પેદા કર્યા નથી, પણ તેઓ દાન આપે એવી ઇચ્છાથી પ્રભુએ તેમને પેદા કરેલા છે, અને તે સારૂજ ઇશ્વરીજ્ઞાન ગ્રહણ કરી શકે તેવી ઉત્તમ પ્રકારની બુદ્ધિ,

સારી નરસી તુરત અસર થાય તેવી નાજુક તીક્ષ્ણ લાગણીઓ, મનને રોકવાનું બળ, અંતરની પવિત્રતા, પોતાના સ્વાર્થનો ભોગ આપવાની શક્તિ, અલૌકિક આનંદ અનુભવ્યા કરે એવું આત્મિક-બળ અને જગતમાં ઇશ્વરીસ્નેહ ફેલાવવા માટે પોતાના અહંભાવને ખોઇ નાંખીને જગતની સેવામાં મચ્યા રહેવાની ઇચ્છા, એ બધા સદ્‌ગુણો પ્રભુએ કૃપા કરીને તેઓના આગલા ભવનાં રૂડાં કર્મોથી રાજી થઇને તેઓને આપેલા છે; અને એવી ઉત્તમતાને લીધેજ તેઓ બ્રાહ્મણો છે.

ચોરાસી લાખના ફેરામાંથી છોડાવી ઇશ્વરની હજુરમાં લઇ જનારૂં ઇશ્વરીજ્ઞાન ક્યાં? અને તેના બદલામાં થોડાક પૈસા ક્યાં?

આવા ઇશ્વિરના કૃપાપાત્ર ઉચ્ચવૃત્તિના જ્ઞાનીઓને થોડા પૈસા સારૂકરીને મહાનપ્રભુનું પવિત્ર નામ વેચવું ગમે કે? આવા દૈવી-જીવોને ચોરાસી લાખના ફેરામાંથી છોડાવી દેય તેવું ઇશ્વરીજ્ઞાન વેચ વાની ઇચ્છા થાય કે? નહિજ; કારણ કે હીરો આપીને કાંકરો લેવાની ઇચ્છા તે કોણ કરે? મણિ આપીને કાચનો કટકો લેવાની ઇચ્છા તે કોણ કરે? મોતી આપીને ધૂળની ચપટી લેવાની ઇચ્છા તે કોણ કરે? કલ્પવૃક્ષને છોડી બાવળીયાને વળગવા તે કોણ જાય? માળી-પણું મૂકી દઇને—ફૂલ વીણવાં છોડી દઇને હજામ થવા તે કોણ જાય? અને ત્રિલોકનું રાજ્ય છોડીને પાઇ પાઇની ભીખ માગવા તે કોણ જાય? જેમ એવી ઇચ્છા કોઇને થાય નહિ તેમજ જેને પ્રભુના નામની લેહ લાગી ગઇ છે, જેનાં હૃદય ઇશ્વરીસ્નેહથી ભીંજાઇ ગયાં છે, અને જે ઇશ્વિરીજ્ઞાનમાં મસ્ત થઈ ગયા છે તેવા બ્રાહ્મણોને પો-તાનું જ્ઞાન વેચવાનો ખ્યાલ પણ આવતો નથી; કારણ કે ક્યાં રાજા

ભોજ ને ક્યાં ગાંગો તેલી? એની સરખામણી કેવી રીતે થઈ શકે? તેમજ ચોરાસી લાખના ફેરામાંથી છોડાવી ઇશ્વરની હજુરમાં લઇ જનારૂં ઇશ્વરીજ્ઞાન ક્યાં? અને તેના બદલામાં થોડાક પૈસા ક્યાં? ઇશ્વિરીજ્ઞાનના બદલામાં અનંત બ્રહ્માંડો આપી દેવાય તોપણ તે થોડું-જ છે—એથી પણ તે જ્ઞાનની બરોબરી થાય નહિ; ત્યારે થોડાક રૂપિયા સારૂ કરીને જ્ઞાન વેચી નાંખવું એવી મૂર્ખાઇ તે સાચા બ્રાહ્મણો કેમ કરે? નજ કરે. માટેજ મહાત્મા ઋષિઓ પોતાની પર્ણ-કુટી (ઝુંપડી)માંજ પાઠશાળાઓ રાખતા હતા, બની શકે ત્યાંસુધી પોતાને ખર્ચેજ વિદ્યાર્થીઓને ભણાવતા હતા અને જ્ઞાન મેળવવા તથા ફેલાવવામાંજ પોતાની જીંદગી ગાળતા હતા; એટલુંજ નહિ પણ ઇશ્વિરનો ઉદ્દેશ સમજી જઇને તેઓએ શાસ્ત્રોમાં એમ કહ્યું છે કે, જેઓ પ્રભુનું નામ ને પ્રભુનું જ્ઞાન વેચીને પૈસા કમાય છે તેઓ હલકી વૃત્તિના છે, તેઓ જ્ઞાનની કિંમત સમજનારા નથી અને જેઓ ઇશ્વરીજ્ઞાન વેચે છે તેઓ ઇશ્વિરનો અગાધ મહિમા જાણતા નથી; એમ સમજવું.

જ્ઞાન લેવામાં કે દેવામાં કદિ પણ બેદરકારી રાખવી નહિ.

ડૉક્ટર સાહેબ, જ્ઞાન ફેલાવવા માટે પ્રાચીન ઋષિઓના આવાં સિદ્ધાંતો છે, અને આપણા શાસ્ત્રોની એવી આજ્ઞાઓ છે, માટે આપણે પણ ઉત્તમતા મેળવવા સારૂ પવિત્ર બ્રાહ્મણોને પગલે ચાલવાની ઇચ્છા રાખવી જોઇએ. એવી ઇચ્છાથીજ હું આગળ વધી શકું છું, અને એવી ઇચ્છાથીજ હું કેટલુંક કામ કરી શકું છું. મને મહાત્માઓ તરફથી એમ શિખવવામાં આવ્યું છે કે, બ્રાહ્મણોને એટલે કે ઉચ્ચ-વૃત્તિવાળાઓને જગતમાં દાન દેવા માટે એટલે કે ઇશ્વિરીસ્નેહ ફેલા-વવાને માટેજ ઉત્પન્ન કરવામાં આવ્યા છે, અને તે સારૂજ કદિ પણ

ન ખૂટે, એટલુંજ નહિ પણ દેવાથી ઉલટું વધે તેવું જ્ઞાન તેઓને આપવામાં આવેલું છે. જેમ બને તેમ પ્રભુપ્રીત્યર્થે જગતમાં જ્ઞાન ફેલાવવું જોઇએ, કારણ કે જ્ઞાનમાંજ દેશની આબાદી છે, જ્ઞાનમાંજ લોકોનું સુખ છે, જ્ઞાનથીજ ધર્મ વધી શકે છે, અને જ્ઞાનથીજ ઇશ્વરને ઓળખી તથા પામી શકાય છે; માટે જ્ઞાન લેવામાં કે દેવામાં કદિ પણ બેદરકારી રાખવી નાહ. જો એવી બેદરકારી રાખીએ તો એ મહા અપરાધ છે. એક ભક્તરાજ કહેતા કે, "જ્ઞાન મેળવવાની આટલી બધી આપણને તક છે છતાં પણ જો આપણે તેનો લાભ ન લઇએ, જ્ઞાનમાં આટલી બધી મહત્તા છે છતાં પણ જો આપણે તેનો ફેલાવો ન કરીએ, અને તે આપવાથી ઉલટું વધે છે છતાં પણ જો આપણે તે ન આપીએ તો પછી આપણા જેવું નીચ બીજું કોણ? અને એવી નીચતાને માટે નરકનાં બારણાં ખુલ્લાં હોય તો તેમાં નવાઈ શું?" ડૉક્ટર સાહેબ, છતાં સાધનોએ અને આટલું બધું સમજતાં છતાં શામાટે આપણે એવી નીચતામાં પડયા રહીએ? માટે તમારા મનમાં જે સંશય હોય તે ખુશીથી બેલાશક પૂછો. હું જે જાણતો હઇશ તે કહેતાં મને બહુ આનંદ થશે.

ડૉક્ટર સાહેબનો સવાલ:-બધાં માણસો પરમાર્થ કેમ કરી શકે?

ડૉક્ટરે કહ્યું: મહારાજ, તમે કહો છો કે જગતમાં પ્રભુપ્રેમ ફેલાવવો જોઇએ, એટલે કે પ્રભુને અર્થે સારાં કામો કરવાં જોઇએ, તોજ સાચું સુખ મળી શકે. તમારી એ વાત સાચી છે, પણ દરેક માણસ પરમાર્થનાં કામ કેમ કરી શકે? બધાંની સ્થિતિ એવી સારી ક્યાંથી હોય? બૅરિસ્ટર સાહેબ પાસે પૈસા છે, સત્તા છે, લાગવગ છે, વિદ્યા છે, એટલે તે કાંઇક કરશે ને અંતરનો સંતોષ મેળવશે, પણ

મ્હારા જેવા ધોળા હોય ને વળી ભુખરીબારસ હોય તેણે શું કરવું? અમારે કેવી રીતે દિલાસો મેળવવો? કારણકે મ્હારો અનુભવ એવો છે કે દરેક માણસ કાંઇ મ્હોટો પરમાર્થ કરી શકે નહિ, અને તેમ છતાં પણ દરેક માણસને અંતરનો સંતોષ ને સાચું સુખ તો જોઇએ છે. એનો શું ઉપાય? એ મ્હારો સવાલ છે.

મહારાજે કહ્યું: ડૉક્ટર સાહેબ, ઉપલક નજરે જોતાં એ સવાલ સાચો છે અને જરૂરનો છે, પણ આટલા બધા ખુલાસા પછી તમારા જેવા વિદ્વાન માણસના મનમાં એવો સવાલ ઉત્પન્ન થવો ન જોઇએ. આ ઉપરથી તો એમ લાગે છે કે તમારૂં ચિત્ત એ વખતે તમારા કોઈ દરદીના શરીરમાં ચાલ્યું જવાથી રોગી થઇ ગયું હશે, તેથી તમે અમારા હેતુઓ સમજ્યા નથી!

પરમાર્થના અર્થનો ખુલાસો:-

ડૉક્ટર સાહેબ, અંતરની શાન્તિ મેળવવા માટે માત્ર પરમાર્થજ જોઇએ, એટલુંજ અમે નથી કહેતા, પણ અંતરની શાન્તિ મેળવવા માટે પ્રભુપ્રેમ જોઇએ, એમ અમે કહીએ છીએ. બહારનો પરમાર્થ એ તો પ્રભુપ્રેમનો એક અંશ છે, માટે જ્યાં પ્રભુપ્રેમ હોય ત્યાં ગો પરમાર્થ તો હોયજ, પણ તેથી કરીને પ્રભુપ્રેમ એટલે માત્ર પરમાર્થજ અને બીજું કાંઇજ નહિ, એમ ન સમજો; કારણ કે પ્રભુપ્રેમના જો સોળભાગ કરીએ તો તેના એક ભાગનું નામ પરમાર્થ છે, અને બાકીના પંદરભાગ તો બાકીજ રહી જાય છે. તે પંદરભાગ કાંઇ એકલા પરમાર્થથી આવી શકે નહિ, પણ પ્રભુપ્રેમથી આવી શકે છે, માટે અમે જગતમાં પ્રભુપ્રેમ વધારવાનું કહીએ છીએ. પણ પ્રભુપ્રેમનો સાચોઅર્થ હજી તમે સમજ્યા નથી, માટે પ્રથમ ઇશ્વરીસ્નેહનો અર્થ સમજો, અને પછી સવાલ પૂછો.

ઈશ્વરીસ્નેહ એટલે શું?

મહાત્માઓ ઇશ્વરીસ્નેહ કોને કહે છે, એ તમે જાણો છો? ઇશ્વરીસ્નેહ એટલે સદ્વર્તન. ઇશ્વરીસ્નેહ એટલે સાચો પુરૂષાર્થ. ઇશ્વરીસ્નેહ એટલે મનુષ્યની જીંદગીમાં ઊંચામાં ઊંચી જાતની જે મધુરતા આવી શકતી હોય તે. ઇશ્વરીસ્નેહ એટલે આપણી જીંદગીમાં સ્વાભાવિક રીતે જે કાંઈ ઉત્તમતા રહેલી હોય તેનું બહાર પડવું તે. ઇશ્વરીસ્નેહ એટલે માણસોથી જે કાંઇ છેવટમાં છેવટનાં સારામાં સારાં તત્ત્વ મેળવી શકાય તે. ઇશ્વરીસ્નેહ એટલે સ્વાર્થવૃત્તિનો ત્યાગ થવો તે. ઇશ્વરીસ્નેહ એટલે પોતાનું પોતાપણું ભૂલી જઇને પ્રભુને ખાતર જીવવું તે. ઇશ્વરીસ્નેહ એટલે મનુષ્યમાં જે મનુષ્યત્વ છે તે. ઇશ્વરીસ્નેહ એટલે અંતરનાં તાળાં ઉઘડી જાય તેવી કુંચી. ઇશ્વરીસ્નેહ એટલે હૃદયનો બોજો હલકો થાય તેવી દવા. ઇશ્વરીસ્નેહ એટલે આત્માની આડાં આવતાં આવરણો સ્વાભાવિક રીતે ઓછાં થાય તેવી ખુબી. ઇશ્વરીસ્નેહ એટલે આપણો આત્મા પરમાત્માને માટે તલપ્યા કરે તે, અને ઇશ્વરીસ્નેહ એટલે આત્મા પોતાના અસલસ્વરૂપ તરફ ખેંચાતો જાય તે. આવી રીતની જે ક્રિયાઓ, આવી રીતના જે ફેરફારો, આવી રીતની જે લાગણીઓ અને આવી રીતના જે સ્પષ્ટ અનુભવો થાય તેને અનુભવીઓ ઇશ્વરીસ્નેહ કહે છે; અને એ સ્નેહથીજ અંતરનો દિલાસો તથા સાચુંસ્વર્ગ મળી શકે છે. એવા સાચાસ્નેહવિના સંક્રાંતની દોણીના દાનથી કે ગ્રહણ વખતે દેવાતાં ધાણીનાં દાનના પરમાર્થથી કાંઈ કલ્યાણ થાય નહિ.

ડૉકટર સાહેબના સવાલનો જવાબઃ–

ડૉકટર સાહેબ, ઇશ્વરીસ્નેહ અને તેનો સ્થૂલ અર્થ પરમાર્થ એ શબ્દ વાપરીને અમે શું કહેવા માગીએ છીએ, તે હવે તમે સમજ્યા

કે નહિ? આ બધાનો સાર શું? એનો સાર એજ કે માણસો પોતે પોતાને ઓળખે, પોતાના પંડ ઉપર ભરોસો રાખતાં શીખે, પોતાના જોર ઉપર ઉભા રહેતાં શીખે, પોતાના અંતરની સ્ફુરણાઓને બહાર આવવા દે, પોતાની લાગણીઓમાં ઉત્તમતા પકડવાની જે શક્તિ છે તેને વધવા દે, પોતાના હૃદયમાં જે સાચું બળ છે તેને બહાર પડવાની તક આપે, પોતાના હૃદયમાં જે સ્વયંજ્યોતિ છે તેનો પ્રકાશ પોતાના જીવનમાં અનુભવે, આત્મામાં જે સ્વાભાવિક આનંદ છે તે આનંદના દરિયામાં પોતે ડૂબેલો રહે, જાતિભેદના તથા બહારના બીજા ખોટા આડંબરનાં જે આવરણો છે તેની પાર સત્યતાના રસ્તામાં જઇ શકે અને પોતે એવું જીવન અનુભવી શકે કે જેની દરેક ક્ષણમાં કાંઇક નવું નવું તત્ત્વ હોય, જેની બધી દિશાઓમાં કાંઇક અલૌકિક આનંદ હોય, જેનાં બધાં કામોમાં કાંઇક ઉચ્ચહેતુઓ હોય, જેની ભાવનાઓ બહુ સ્પષ્ટ ને બળવાન હોય, આખા જગતની તમામ વસ્તુઓમાંથી જેને કાંઇક અપૂર્વ આનંદ મળતો હોય, પ્રાણીમાત્રનો જે સાચો મિત્ર બની ગયો હોય, જેના દરેક કલાક કાંઇક ઉંડા અભ્યાસમાં કે ભલાઇનાં કામોમાંજ જતા હોય, જેના અનુપમ જીવનમાંથી બીજા લોકો સ્પષ્ટ રીતે ઉત્તમતા લૂંટતા હોય, જેનું જીવન જગતને મીઠું લાગે તેવી માધુર્યતાથી ભરેલું હોય, જેનું જીવન જગતને ન સમજાય તેવી દૈવીભાવનાથી ભરેલું હોય, જેના જીવનમાંથી ઝરતા અમૃતથી દેવતાઓ પણ તૃપ્ત થતા હોય; અને જેનો આત્મા કેટલાક પડદાઓમાંથી—કેટલાંક આવરણોમાંથી—કેટલાક કોષોમાંથી પ્રકાશિતપણે જોસભેર બહાર આવવા માંડયો હોય; તેને અમે પ્રભુપ્રેમ કહીએ છીએ. ચપટી ચોખાના દાનને કે નામને ખાતર, ખરડામાં ભરેલા થોડા રૂપિયાના પરમાર્થને અમે ઇશ્વરીસ્નેહ કહેતા નથી, પણ પોતાનું પોતાપણું એટલે કે આત્માનું આત્માપણું સમજીને

આપણી પોતાની અને બીજાઓની જીંદગી સુધારવી, તેને અમે પ્રભુ-પ્રેમ કહીએ છીએ.

પ્રભુપ્રેમવાળાનાં લક્ષણ:-

ડૉક્ટર સાહેબ, જેના હૃદયમાં પ્રભુપ્રેમ આવે તેને પછી પોતાની જૂદી ઇચ્છા રહેતી નથી. તેની ઇચ્છા તો ભગવદેચ્છામાંજ મળેલી હોય છે, એટલે કે જેમ પ્રભુ રાખે તેમ આનંદથી રહે છે. જેના હૃદયમાં પ્રભુપ્રેમ આવે તેને એમ સમજાઇ જાય છે કે અમે માત્ર નજીવી વસ્તુઓમાં પડયા રહેવા સારૂજ કાંઇ પેદા થયા નથી, પણ અમે તો કાંઇક મહાઉત્તમતા અનુભવવાને સારૂજ અવતાર લીધો છે. જેના હૃદયમાં પ્રભુપ્રેમ આવે તેને માત્ર સમજાય કે દેખાય છે એમ જ નહિ, પણ બહુ ખુલ્લી રીતે એવો અનુભવ થાય છે કે અમારામાં તો અખૂટ બળ છે, અમે તો જે ધારીએ તે કરી શકીએ, એટલી બધી અમારા ઉપર ઇશ્વિરની કૃપા છે. જેના હૃદયમાં પ્રભુપ્રેમ આવે તેની બુદ્ધિ વિશાળ થઈ જાય છે, તેથી ભેદનાં બધાં તાળાં તેની નજર આગળ ઉઘડી જાય છે, અને તે અભેદમાંજ રમ્યા કરે છે. જેના હૃદયમાં પ્રભુપ્રેમ આવે તેની જીંદગી બદલાઇ જાય છે, કારણ કે પ્રભુ-પ્રેમને લીધે તેના જીવાત્માને નવી પાંખો આવે છે, તેથી વ્યવહારિક માણ-સોના ખ્યાલ, કયાસ અને કલ્પનાઓ પણ જ્યાં ન પહોંચી શકે તેવી ઉચ્ચભૂમિકામાં તેઓ ઉડયા કરે છે. જેના હૃદયમાં પ્રભુપ્રેમ આવે તેનામાં એક જાતની સ્વાભાવિક ખુમારી આવે છે, એ ખુમારીના બળથી તેની ચાલચલણમાં છુટાપણું, તેની નીતિ-રીતિમાં મજબૂત-પણું, તેના આચાર-વિચારમાં મસ્તપણું અને તેના હાવ-ભાવમાં કાંઇક ખાસ વિશેષતા હોય છે. જેના હૃદયમાં પ્રભુપ્રેમ આવે તેની ફરજો વધી જાય છે, કારણ કે આ જીંદગીમાં કામ કરવાની કેટલી બધી

જરૂર છે, અને એ કામ કરવા માટે આ જગતમાં કેટલું બધું બહોળું મેદાન છે, તથા દયાળુ પ્રભુએ આપણને કેટલી બધી મ્હોટી સત્તા આપેલી છે, એ બધું તે સમજી શકે છે, તેથી તેની ફરજો વધી જાય છે. જેના હૃદયમાં પ્રભુપ્રેમ આવે તે સુખ-દુઃખની કે જન્મ-મરણની બહુ દરકાર રાખતા નથી, કારણ કે પ્રભુને ખાતર એમાં પણ તેઓને તો આનંદજ હોય છે; અને જેના હૃદયમાં પ્રભુપ્રેમ આવે તે પોતે પ્રભુથી દૂર રહી શકતો નથી અને પ્રભુ તેનાથી છેટો રહી શકતો નથી, કારણ કે પ્રભુ પોતે પોતાના પ્રેમમાં રહે છે, અને પ્રભુમાં પ્રભુનો પ્રેમ રહે છે, માટે જેના હૃદયમાં ઇશ્વરીસ્નેહ આવે તેના હૃદયમાં ઇશ્વર પોતે આવી જાય છે, અને તે ઇશ્વરના હૃદયમાં જઈ શકે છે.

ઇશ્વરની અને આપણી વચ્ચે મધ્યસ્થ તરિકે કોણ રહી શકે ?

ડૉક્ટર સાહેબ, આવા ફેરફારો, આવી ઉચ્ચવૃત્તિઓ, આવી નિખાલસતા, આવો અભેદ, આવું ચોખ્ખું સત્ય, આવું આત્મિકબળ, આવો સ્વાર્થત્યાગ, બુદ્ધિની આવી વિશાળતા અને કાંઇક ખાસ અલૌકિકપણું કે જેનું વર્ણન શબ્દોથી થઇ શકે નહિ, પણ જે અનુભવથી જ જાણી શકાય, તેવી અદ્ભૂત સૌંદર્યવાળી તથા સાચાંસુખવાળી સ્થિતિને અમે પ્રભુપ્રેમ કહીએ છીએ. જેઓ એવી દૈવીસ્થિતિમાં જીંદગી ગાળતા હોય તેને અમે નમીએ છીએ, કારણ કે તેઓ ઇશ્વરનું ઐશ્વર્ય અને મનુષ્યની નબળાઇ એ બે છેડાની વચ્ચે જે જૂદાઇ છે તે જૂદાઇને જોડનારા કડીરૂપ મહાત્માઓ છે. ઇશ્વરની અને આપણી વચ્ચે મધ્યસ્થ તરિકે કામ કરી શકે એવી શક્તિ પ્રભુપ્રેમીઓમાં હોય છે, માટે તેઓના જીવનમાંથી આપણને નવુંજીવન મળી શકે છે, તેઓ જે અમૃત પી રહ્યા છે તેમાંથી તેઓની જીંદગીનું અનુકરણ કરવાથી આપણને પણ અમૃતનાં થોડાં ટીપાં મળી જાય છે, એટલુંજ

નહિ પણ તેઓ પોતાના આત્માનું જે જ્ઞાન તથા જે બળ જાણે છે તે જ્ઞાન તથા તે બળના આપણે પણ ભાગીદાર થઇ શકીએ, માટે અમે એવા પ્રભુપ્રેમીઓને નમીએ છીએ.

સાંભળનારનો રસ જાળવવાની જરૂર:-

ઇશ્વરીસ્નેહને માટે મ્હારા મનમાં હજી એટલા બધા ઉભરાઓ છે, અને મ્હારે એ માટે એટલું બધું કહેવાનું છે કે વરસોનાં વરસો ચાલ્યાં જાય અને ગ્રંથોના ગ્રંથો ભરાય તોપણ એ બાબત પૂરી થઈ શકે નહિ, પણ તમે બધા હજુ માત્ર મ્હોડેથી વાતો કરનારા છો, એ સ્નેહનો લ્હાવો લેનારાઓ નથી, એટલે તમારી આગળ પૂરેપુરૂં હૃદય ખોલી નાંખતાં મને જરા સંકોચ થાય છે; મને એમ લાગી જાય છે કે એ બાબતના સૂક્ષ્મભેદોમાં હું જો બહુ ઊંડો ઉતરી જઇશ તો તમોને કંટાળો લાગશે, અને મનમાં કદાચ એમ લાગી આવશે કે હવે સ્વામીજી આ પરડ છોડે તો સારૂં! એવા વિચારથી તમારો રસ જાળવવાને ખાતર મ્હારી ઇચ્છા ઉપરાંત ઘણી બાબતો આમાં ખાસ છોડી દઉં છું; અને તોપણ તમોને તો તે લાંબું થએલું લાગશેજ, પણ એ બાબત જેમ વધારે સમજાય તેમ વધારે સારૂં, એમ હું માનું છું, માટે હજી પણ પ્રભુપ્રેમની શરૂઆતનાં થોડાં લક્ષણો હું કહીશ.

પ્રભુપ્રેમની શરૂઆતનાં થોડાં લક્ષણો:-

ડૉક્ટર સાહેબ, બૅરિસ્ટર સાહેબ જે જાતની શાન્તિ માગે છે, જે જાતનો દિલાસો માગે છે, જે જાતનું સુખ માગે છે, અને જે જાતની પૂર્ણતા માગે છે, તે જાતની શાન્તિ, તે જાતનો દિલાસો, તે જાતનું સુખ અને તે જાતની પૂર્ણતા, તમે દોઢીયાની દવા આપીને રૂપિયો તફડમચી કરી લો, એ જાતની ચતુરાઈમાં નથી, નાતરીત પ્રમાણે કે પોતાની મ્હોટાઈ જણાવવાને ખાતર બાપનું બારમું કરવામાં

એ સુખ નથી, તીર્થમાં કે શ્રાદ્ધમાં પણ એ શાન્તિ નથી, માત્ર મ્હોડેથી ભજન ગાવામાં કે કથા સાંભળવામાં પણ અંતર ભીંજાયા વિના એ છેવટનો દિલાસો નથી, અને ધર્મને નામે ચાલતી બહારની ઘણી જાતની ઉપલક ક્રિયાઓમાં પણ એ જાતની પૂર્ણતા નથી; પણ એ સુખ, એ શાન્તિ, એ દિલાસો અને એ પૂર્ણતા તો પ્રભુપ્રેમમાં છે. માટે જગતમાં ઈશ્વરીસ્નેહ ફેલાવવામાં તમારી ચતુરાઇ વાપરો, એમ અમે કહીએ છીએ, કારણ કે તમોને જે કાંઈ જોઇએ છે તે બધું બહારનાં તરફડીયાંઓથી જેટલું મળી શકે તે કરતાં અંતરના પ્રભુપ્રેમથી એ સર્વ વધારેમાં વધારે મળી શકે તેમ છે; માટે આપણે આપણા પોતામાં અને આપણા બંધુઓમાં પ્રભુપ્રેમ વધારવો જોઇએ.

પ્રભુપ્રેમમાંથી મ્હારી બાઇડીને દાગીના ક્યાંથી મળે ?

તમને એમ લાગશે કે પ્રભુપ્રેમમાંથી મ્હારી બાઈડીને દાગીના ક્યાંથી મળે ? પ્રભુપ્રેમમાંથી મ્હારાં છોકરાંને ચોપડીઓ ક્યાંથી મળે ? પ્રભુપ્રેમમાંથી મ્હારી સાસુને કેમ રાજી કરી શકાય ? અને પ્રભુપ્રેમ-માંથી મ્હારા મિત્રને શું ભેટ આપી શકાય ? ડૉક્ટર સાહેબ, પ્રભુપ્રે-મનો સાચોઅર્થ તમે સમજી શકતા નથી, માટે તમોને એમ લાગે છે, પણ તમારા એ વિચારો બહારના છે; કારણ કે ઈશ્વરે પોતાના જે ઇશ્વરીસ્નેહમાંથી અનંત બ્રહ્માંડો રચ્યાં તે ઈશ્વરીસ્નેહ શું તમારાં છોકરાંઓને ચોપડીઓ નહિ આપી શકે ? જો આવા તમારા વિચારો હોય તો ઇશ્વરીસ્નેહ એટલે શું, એ બાબત તમે હજી બરોબર રીતે જાણતા નથી, એમ નક્કી સમજજો.

પ્રભુપ્રેમ એટલે શું ?

સાધુ થઈ જવું, ઘરબાર છોડી દેવું, ધંધા–રોજગારની દરકાર

કરવી નહિ અને "મફતનું ખાવું ને મસીદે સૂવું," એનુંજ નામ કાંઈ પ્રભુપ્રેમ નથી; બહુ ટીલાં-ટપકાં, બહુ ન્હાવું-ધોવું, બહુ વ્રત-ઉપવાસ અને બહુ માળા-કંઠીમાં પણ કાંઈ પ્રભુપ્રેમ નથી; અને ઠાકોરજીને ભોગ ધરીને પોતેજ તે પ્રસાદ આરોગી જવા, એમાંજ કાંઈ પ્રભુપ્રેમ નથી; પણ પ્રભુપ્રેમ તો જગતની સેવા કરવામાં છે. પ્રભુપ્રેમ તો રૂડી રીતે જીંદગીની ફરજો બજાવવામાં છે. પ્રભુપ્રેમ તો ઉચ્ચહેતુઓ રાખીને મરદાનગીભરીરીતે જીંદગીને કસવામાં છે, અને પ્રભુપ્રેમ તો પોતાનું પૉઝીશન સમજવામાં એટલે કે હું કોણ છું? મ્હારો દેશ કેવો છે? મ્હારો ધર્મ કેવો છે? મ્હારા પૂર્વજોનાં કામો કેવાં હતાં? મ્હારા પાડોશીઓ શું કરી રહ્યા છે? મહાત્માઓનો શો ઉપદેશ છે? શાસ્ત્રની શું આજ્ઞા છે? અને ઈશ્વર શાથી રાજી થાય છે? એ બધું સમજીને પોતાની ફરજ બજાવવામાં રૂડી રીતે જીંદગી ગાળવી તેમાં છે. માટે આપલપોપલીયામાં ન રહી જતાં મરી જતાં પહેલાં કાંઇક પણ સાર્થકતા કરી લો. ગમે તો તનથી, મનથી કે ધનથી, અને ગમે તો મનથી, વચનથી કે કર્મથી, ગમે તે રીતે પણ કાંઇક પુરૂષાર્થ કરીને જગતને તેનો લાભ આપો, અને પછી પ્રભુ પાસે તેનું ઇનામ માગો, એટલે આપણને સૌને જે સાચું સુખ જોઇએ છે તે મળશે; કારણ કે એ સુખ કાંઈ બહારનું નથી, પણ એ સુખ તે આપણા કર્તવ્યમાંથીજ આપણી જીંદગી દરમિયાનજ આપણે મેળવવાનું છે, એ સુખ તો જગતની સેવા કરી હોય તેનું ઈનામ છે, એ શાન્તિ તો રૂડી રીતે પ્રમાણિકપણે ઉદ્યોગી જીંદગી ગાળી હોય તેનું ફળ છે, એ દિલાસો તો પ્રભુને અર્થે બ્રહ્માર્પણ વિધિથી ઘણાં કર્મો કર્યાં હોય તેનો બદલો છે, અને એ પૂર્ણતા તો આપણાં દુનિયાદારીનાં કામોના કુહાડાથી આત્માની આડે આવતાં આવરણોની દીવાલ જેટલી તોડી હોય તેના પ્રમાણમાંજ હોય છે.

ઈશ્વરીસ્નેહ કાંઈ ખાલી મ્હોટા મ્હોટા શબ્દોથીજ નહિ પણ ક્રિયાઓથી બતાવી શકાય છે,

માટે ડૉક્ટર સાહેબ, છેવટસુધી બહારના આડંબરમાંજ ન રહી જાઓ, પણ હવે તો કાંઈક સત્ય સમજીને આંતરધર્મમાં એટલે કે પ્રભુપ્રેમમાં આવો. હજી સુધી તર્ક–વિતર્કની જાળમાં પડ્યા રહ્યા છો તેને બદલે હવે હૃદયની ભાવનાઓમાં આવો. હજીસુધી ફોકટની તમોગુણી સુસ્તીમાં પડ્યા રહ્યા છો તેને બદલે હવે કાંઈક ક્રિયાઓમાં આવો. હજીસુધી તમારો દેવ બહારના મંદિરમાં છે પણ હવે તો તેને અન્તરના મંદિરમાં લાવો. હજી સુધી તમારાં દાન તહેવાર ઉપર અને પૈસા–ટકામાં છે, પણ હવે તો અંતરનાં દાન કરો, અને દરેક પળ દાનમાંજ જાય એમ શીખો. હજી સુધી દેવ–દેવીના અને જંતર–મંતરના બળ ઉપર તમે રહ્યા છો, પણ હવે આત્માના બળ ઉપર રહેતાં શીખો. હજી સુધી તમારા પોતાનાજ સ્વાર્થમાં રમ્યા છો, પણ હવે જગતના હિતમાં રમવાનો આનંદ તો જુઓ! અને અત્યાર સુધી તમે મતમતાંતરના બહારના ઉપદેશ ઉપર આધાર રાખ્યો છે, પણ હવે જરા તમારા પોતાના અંતરનો અવાજ તો સાંભળી જુઓ! આવી રીતે કરવું તેને અમે પ્રભુપ્રેમ કહીએ છીએ, કારણ કે ઈશ્વરીસ્નેહ કાંઈ ખાલી મ્હોટા મ્હોટા શબ્દોથીજ નહિ પણ ક્રિયાઓથી બતાવી શકાય છે. માટે આપણાં આચરણો સુધારવામાં પ્રભુપ્રેમ કામ લાગે અને આપણું શરીર, આપણું મન તથા આપણી બુદ્ધિની ક્રિયાઓ જગતમાં પ્રભુપ્રેમ વધારવામાં કામ લાગે, એમ અમે ઇચ્છીએ છીએ. શાસ્ત્રમાં લખ્યું છે, મહાત્માઓએ કહ્યું છે, અને અમે જોયું છે કે પ્રભુપ્રેમથી જીવોનું જેટલું કલ્યાણ થાય છે તેટલું કલ્યાણ બીજી કોઇપણ રીતે થઈ શકતું નથી; માટે જેઓને પોતાનાં, પોતાના કુટુંબનાં, પોતાના દેશનાં અને જગતના સર્વ જીવોનાં કલ્યાણની ઇચ્છા

હોય તેઓએ પ્રભુપ્રેમમાં એટલે કે અંતરના ધર્મમાં–પુરૂષાર્થના ધર્મમાં –કર્તવ્ય બજાવવાના ધર્મમાં–ઉચ્ચહેતુઓથી બ્રહ્માર્પણ કર્મો કરવાના ધર્મમાં–ભ્રાતૃભાવની ઇશ્વિરીસગાઇના ધર્મમાં આવવું જોઇએ. આ જગતનાં સર્વે મનુષ્યોમાં અને સ્વર્ગના દેવતાઓમાં જે કાંઈ સદ્ગુણો છે તે સર્વ સદ્ગુણ એકલા પ્રભુપ્રેમમાં આવી જાય છે, માટે પ્રભુએ આપણને હુકમ કરેલો છે કે,

सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज।
अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ॥

ગી૦ અ૦ ૧૮ શ્લો૦ ૬૬.

ભાવાર્થઃ–"બધાં ધર્મો છોડીને મ્હારે શરણે આવ. તું શોક કર માં. હું તને બધાં પાપો (દુઃખો) થી છોડાવીશ."

એટલુંજ નહિ પણ વળી એમ પણ કહેલું છે કે,

तमेव शरणं गच्छ सर्वभावेन भारत।
तत्प्रसादात्परां शांति स्थानं प्राप्स्यसि शाश्वतम् ॥

અ. ૧૮, શ્લો. ૬૨.

ભાવાર્થઃ–"હે અર્જુન! સર્વભાવથી તેનેજ શરણે જા. તેની કૃપાથી તું પરમશાન્તિને અને નાશ ન પામે એવા સ્થાનને પામીશ."

એટલે કે બધાય ધર્મો છોડીને શરીરથી, મનથી, બુદ્ધિથી અને આત્માથી પરમાત્મા ઉપર પ્રેમ કરવો જોઇએ. એવો સાચોપ્રેમ કાંઈ માત્ર મ્હોડાના ખાલી શબ્દોથી થઇ શકતો નથી પણ ક્રિયાઓથી થાય છે, માટે

આપણો પ્રભુપ્રેમ વધારવા સારૂ આપણાં આચરણો સુધારવાં જોઇએ.

આપણે જોઇએ છીએ કે જેના હૃદયમાં પ્રભુપ્રેમ આવે તેનાં

નેણુ-વેણુ બદલાઇ જાય છે, અને તેને પોતાના મનમાં એમ લાગ્યા કરે છે કે:-

"*આ ઠેકાણે જવું મને વ્યાજબી નહોતું, આ શબ્દો બોલવામાં મ્હેં ઉતાવળ કરી છે, આ કામ આવી રીતે કરવું જોઈતું નહોતું, પેલા માણુસ સાથે જરા છુટ મૂકીને વર્ત્યો હોત તો સારૂં હતું, ફલાણી ફલાણી વાત સાંભળવાની મને કાંઈ જરૂર નહોતી, પેલા કામમાં હું નથી ગયો એ મ્હારી ભૂલ થઇ છે, આ જગ્યોએ મ્હેં જરા વધારે પડતો લોભ કીધો છે, આજ મ્હારો ઘણો વખત ફોકટ ગયો છે, પેલું કામ થઈ જાત પણ મ્હારા આળસથી રહી ગયું છે, આજે ભગવદ્સ્મરણ થઈ શક્યું નથી એ મોટી ખોટ ગઇ છે, અને આજે હું મહાનપ્રભુને અર્થે કાંઇ ધર્મ-દાન કે સારાં કામ કરી શક્યો નથી, પણ ઉલટા મ્હારા મનમાં આજે એક બે પાપી વિચાર આવી ગયા છે. પ્રભુ ! બચાવ, બચાવ. હવે મને આવું શોભતું નથી. આવી ભૂલોમાંથી હવે તે હું ક્યારે બચીશ ? હે દીનદયાળુ પિતા ! મને ત્હારા શરણુનું બળ આપ, બળ આપ. ત્હારી કૃપા વિના હું આવી ભૂલોમાંથી બચી શકું તેમ નથી."

ડૉક્ટર સાહેબ, પ્રભુપ્રેમની શરૂઆતમાં વ્યવહારિક માણસના મનમાં આવી જાતના વિચારો આવવા માંડે છે, એ પછી પ્રભુપ્રેમને લીધે ઇશ્વરને અર્થે જગતના જીવો તેને વ્હાલા લાગવા માંડે છે. એને માટે કહ્યું છે કે:—

"એક ગૃહસ્થે કોઇ મહાત્માને પૂછ્યું કે, મહારાજ, અમે પ્રભુના વ્હાલા થયા એમ કેમ સમજાય ? ત્યારે તે મહાત્માએ પૂછ્યું કે, તમારે કોઇ માણુસ સાથે વધારેમાં વધારે હેત છે ? ત્યારે તે ગૃહસ્થે કહ્યું કે, હા મહારાજ, મને મ્હારી બાઇડી ઉપર આખી દુનિયામાં

* "સ્વર્ગની કુંચી" નામના પુસ્તકમાંથી, પાનું ૧૧૪.

સૌ કરતાં વધારે હેત છે. ત્યારે મહાત્માએ પૂછ્યું કે, તમારૂં હેત જણાવવા માટે તમે શું કરો છો? તે ગૃહસ્થે કહ્યું કે, મ્હારૂં હેત જણાવવા માટે હું મ્હારી બાઇડીની દરેક વાતો માનું છું ને તેના કહ્યા પ્રમાણે કરૂં છું. મ્હારી બાઇડીનાં સગાંઓને બહુ માન આપું છું અને તેની સહીપણીઓની બહુ ખાતર–બરદાસ્ત રાખું છું–મ્હારી વહુને જે ચીજ વ્હાલી લાગે તેજ ચીજ મને પણ ગમે છે. પહેલાં મને ખીચડી ખાવાનો બહુ અભાવ હતો, પણ મ્હારી વહુને ખીચડી બહુ ભાવે છે, એટલે હવે તેની સાથે મને પણ ખીચડી ખાવામાં મજા પડે છે. પહેલાં મને છોકરાંઓ રમાડવાં ગમતાં નહિ, તેમનાં લીંટલાળ જોઇને હું સુગાયા કરતો, પણ મ્હારી વહુને તેના ન્હાનાભાઇ ઉપર બહુ પ્રેમ છે, એ છોકરો રોતીસુરત જેવો છે, તોપણ મ્હારી વહુ ઉપરના પ્રેમને લીધે હું તેને ખુશીથી મ્હારા ખોળામાં તેડું છું, અને હવે એ મ્હારો ન્હાનો સાળો વખતે મ્હારા ખોળામાં મૂતરી પડે તોપણ હું ચીડાતો નથી, પણ મ્હારી વહુ ઉપરના હેતને લીધે ઉલટો હસી પડું છું."

આ સાંભળીને તે મહાત્માએ કહ્યું કે, "ભાઇ, જેમ ત્હારી વહુ તને વ્હાલી છે, માટે તેનું કહ્યું માનવું તને ગમે છે, ને તેનાં વ્હાલાંસગાં તને વ્હાલાં લાગે છે, તેમજ જ્યારે પ્રભુ તને વ્હાલા થશે ત્યારે પ્રભુના હુકમો પાળવા તને ગમશે, અને પ્રભુનાં વ્હાલાંસગાં તને વ્હાલાં લાગશે. પ્રભુનાં વ્હાલાંસગાં કોણ એ તને ખબર છે? હરિજનો, વૈષ્ણવો, ભક્તો, સાધુઓ, જ્ઞાનીઓ, સતીઓ અને ધર્મગુરૂઓ, એ પ્રભુનાં વ્હાલામાં વ્હાલાં છે. જ્યારે હરિજનો ઉપર હેત આવે ત્યારે સમજવું કે પ્રભુ આપણને વ્હાલા થયા છે, અને આપણે પ્રભુના વ્હાલા થયા છીએ. જ્યાંસુધી હરિજનો ઉપર હેત ન આવે, જ્યાંસુધી પ્રભુનાં બાળકો ઉપર હેત ન આવે, જ્યાંસુધી પ્રભુનાં પવિત્ર નામ ઉપર પ્રેમ ન છૂટે, જ્યાંસુધી પ્રભુને અર્પણ થઇને રહેવાનું મન

ન થાય અને જ્યાંસુધી પ્રભુના સત્યહુકમો ન પળાય ત્યાંસુધી ભાઇઓ ! આપણે પ્રભુના વ્હાલા થએલા ગણાઇએ નહિ; માટે જેમ આપણે આપણાં વ્હાલાંઓનાં કહ્યાં માનીએ છીએ અને તેઓનાં સગાં-વ્હાલાંઓની ખાતર-બરદાસ રાખીએ છીએ, તેમ જ્યારે પ્રભુના હુકમો પાળીએ અને હરિજનો ઉપર હેત રાખીએ ત્યારે પ્રભુ આપણને વ્હાલા થયા અને આપણે પ્રભુના વ્હાલા થયા, એમ સમજવું. એવું થયા વિના માત્ર વાતો કરવાથીજ કાંઈ કલ્યાણ થઇ જવાનું નથી, એ યાદ રાખજો."

ભક્તોને નડતી અડચણો:-

આવી રીતે પ્રભુપ્રેમને લીધે જગતના જીવો જ્યારે વ્હાલા લાગે ત્યારે તેઓને ખાતર પોતાની શક્તિ પ્રમાણે કાંઇક કાંઈકિ કરવાનું મન થાય છે, પણ આપણામાં કહેવત છે કે "કરવું ને મરવું એ બે બરોબર છે," મતલબ કે કરવું કાંઇ સ્હેલું નથી, વ્યવહારિક માણસોને જેવું મરવામાં દુઃખ લાગે છે તેવુંજ તેઓને બીજાંઓને ખાતર કાંઇ કરવું પડે તેમાં પણ દુઃખ લાગે છે, પણ જેના દિલમાં પ્રભુપ્રેમ આવ્યો હોય તેને તો પોતાના બંધુઓની સેવા કરવામાંજ આનંદ આવે છે, તેથી પોતાની સ્થિતિ પ્રમાણે કાંઇ કાંઈ ભલાઈનાં કામો તે કર્યાંજ કરે છે. એ કામો તેની આજુબાજુના ઘણા લોકોને પસંદ પડતાં નથી, તેથી તેઓ તેની સામે થાય છે. જેમકે:-

"કોઇ ભક્તોને માબાપો નડયાં હતાં, કોઇને બાઇડીછોકરાં નડયાં હતાં, કોઇને નાત-જાતવાળાઓએ હેરાન કર્યા હતા, કોઇને રાજા-રજવાડાએ દુઃખ દીધાં હતાં, કોઇને અજાણ્યાં માણસોએ દુઃખ દીધાં હતાં, કોઇને ધર્મગુરૂઓએ પીડયા હતા, અને કોઇને દેવોએ દુઃખ દીધાં હતાં. ઇંદ્રે અપ્સરાઓ મોકલીને ઋષિઓનાં તપ ભંગ

કરાવ્યાં હતાં. આવી રીતે ભક્તની પરીક્ષા માટે કાંઇને કાંઈ પણ વિઘ્ન આવ્યા વિના રહેતું નથી, માટે એવાં જરાક્વારનાં વિઘ્નથી હારી જઈ અમૂલ્ય ભક્તિરૂપી હાથ આવેલો હીરો ખોઈ બેસશો નહિ; પણ એમજ સમજજો કે મ્હોટો નફો લેવા માટે થોડું જોખમતો ખેડવુંજ જોઇએ. પ્રભુને અર્થે પ્રભુનાં બાળકોની મૂર્ખાઇ ભરેલી મસ્તી પણ સહન કરવી જોઇએ, અને સર્વશક્તિમાન મહાન પવિત્રપિતા પ્રભુને અર્થે સર્વમનથી ને સર્વહૃદયથી આપણો આત્મા અર્પણ કરવો જોઇએ, ત્યારે પછી થોડો કામ, થોડો ક્રોધ કે જરાક લોભ મૂકી દેવો પડે, એમાં શું બિસાત? અને જો પ્રભુને ખાતર એટલું પણ ન મૂકાય તોપછી ભક્ત શાના? માટે ભાઇઓ, અનંતકાળના મોક્ષધામનાં સુખ મેળવવાને ખાતર લોકોના તાનાટપલા, સગાં વ્હાલાંઓનાં મ્હેણાં–ઓઠાં, ભાઇબંધ દોસ્તોનાં વાંકાંચુંકાં, ઘરનાં માણસોના બળાપા, નાતીલાઓની ચેષ્ટા, અદેખાઓની અદેખાઈ, નકામા બેસીને પારકી પાટો ભાંગનારાઓના બડબંડાટ અને તમારી યોગ્યતા કરતાં પણ ઘણા લોકો તમોને જે વધારે માન આપે છે તેઓના તાજીમતવાજો પ્રભુને અર્થે તમે સહન કરો."*

કારણકે,

"પ્રભુપ્રેમમાં જામી ગયેલા ભક્તો કહે છે કે, જે ઝાડમાં ફળ આવે તે ઝાડ ઉપર લોકો પથરા ફેંક્યા વિના રહે નહિ અને જે સારૂં ફળ પાકે તે ઉપર પંખીઓ ચાંચ માર્યા વિના રહે નહિ, તેમજ જે પોતાના વિકારો છોડી દઇને ભક્ત થાય તેને પણ કોઇને કોઈ રીતે લોકો હેરાન કર્યા વિના રહે નહિ, કારણ કે માણસોનો એવો અટકચાળો સ્વભાવ છે, અને તે ભક્તોની કસોટી છે."

* "સ્વર્ગની કુંચી" નામના પુસ્તકમાંથી, પાનું ૧૮૯ તથા પાનું ૨૭૬.

ડૉક્ટર સાહેબ, તમે, બૅરિસ્ટર સાહેબ કે પ્રૉફેસર સાહેબ આવી એવડી કસોટીમાં આવી શકો એમ છો કે? કહો કે "ના." એક તરફથી પારકાંઓના ભલા માટે તન-મન-ધનથી કાંઈક કરવું તેની મહેનત, અને બીજી તરફથી આપણી સાથે જેને કાંઈપણ લાગે વળગે નહિ, આપણા કામમાં વચ્ચે માથું મારવાનો જેને હક્ક નહિ, તેવા લોકો તરફથી ધરાર અપમાન, એ એવડો માર ખમવાની તમારામાં તાકાત છે કે? કહો કે નહિજ; અને એમ પણ કહો કે એ માર તો ભ્રાતૃભાવની ઈશ્વરીસગાઇ સમજનારા પ્રભુપ્રેમીઓજ ખમી શકે. આવી કસોટીમાંથી ઇશ્વરીસ્નેહવાળાઓ પસાર થઈ શકે છે, માટેજ ધીરે ધીરે લોકો તેઓને માન આપે છે, જગતમાં તેઓ વખણાય છે, બહુ કાળ સુધી તેઓનાં નામ અમ્મર રહે છે, અને પ્રભુપ્રેમને લીધે જગતના મિત્ર બની જવાથી તેઓ પ્રભુના વ્હાલા થાય છે; કારણ કે પ્રભુને ખાતર તેઓ પોતાના સ્વાર્થનો ભોગ આપે છે, એટલુંજ નહિ પણ પ્રભુપ્રેમને લીધે તેઓની ભાવના બહુ ઉંચી રહે છે, તેથી તેઓ ઘણી જાતનાં પાપમાંથી બચી શકે છે. માટે અનુભવીઓ કહે છે કેઃ—

ઈશ્વરીસ્નેહવાળાઓની ખુબીઃ-

"*ભક્ત બાઇડી હોય તો વાતવાતમાં ધણીનો જીવ ખાય નહિ, ભક્ત ધણી હોય તો "ધોકે જાર બાજરી ને ધોકે નાર પાધરી" એમ કરે નહિ, ભક્ત દીકરો હોય તો કુળનું નામ બોળે નહિ, ભક્ત પાડોશી હોય તો જરૂરને વખતે મદદ કર્યા વિના રહે નહિ, ભક્ત સગાં-વ્હાલાં હોય તો તે મ્હેણાં-ટોણાંના તાના-ટપલા માર્યા કરે નહિ, ભક્ત ડૉક્ટર હોય તો તે દરદીને માટે બેદરકાર રહે નહિ, ભક્ત મહેતાજી હોય તો તે વિદ્યાર્થીઓને પોતાનાજ દાખલાથી ચીરૂટ

* "સ્વર્ગની કુંચી" નામના પુસ્તકમાંથી, પાનું ૩૪૦.

ફુંકતાં શીખવે નહિ, ભક્ત નોકર હોય તો તે શેઠની ચોરી કરીને ભાગી જાય નહિ, ભક્ત સાસુ હોય તો તે વહુને દુ:ખ દે નહિ, ભક્ત વહુ હોય તો સાસુને વગોવે નહિ, ભક્ત શેઠ હોય તો ચાકરોના બાર વગાડે નહિ અને ભક્ત રાજા હોય તો બનતાં સુધી લડાઇઓ કરે નહિ કે રૈયત પાસેથી ગેરવ્યાજબી કર લે નહિ. ટુંકામાં આ દુનિયામાં ભક્તોની બલિહારી છે! માટેંજ પંડિતો કહી ગયા છે કે ભક્ત દુશ્મન પણ સારો, પણ નાસ્તિક દોસ્ત કામનો નહિ. માટે ભાઇઓ, જેમ બને તેમ જગતની સેવા કરીને સાચાભક્ત બનો, અને શાંતિદાયક પ્રભુના માર્ગમાં આવો; પ્રભુના માર્ગમાં આવો."

ડૉક્ટર સાહેબ, આવી રીતે પ્રભુપ્રેમથી માણસની સ્થિતિ બદલાઈ જાય છે, "*કારણ કે પ્રભુપ્રેમ એ સર્વે સદ્‌ગુણોની માતા છે, તેથી પ્રભુપ્રેમને લીધે તેઓમાં આપણા કરતાં વધારે સદ્‌ગુણો આવી ગએલા હોય છે, એટલે તેઓ આપણા કરતાં શ્રેષ્ઠ છે. કોઈ કોઇ ભક્તોમાં કદાચ બીજા ગુણો ન હોય તોપણ ભગવદ્ આશરાનું બળ તેઓમાં ભારે હોય છે, દુનિયાદારીનો મોહ તેઓમાં ઓછો હોય છે, પ્રભુને ખાતર તેઓ પોતાનાં ઘણાં સુખોનો ભોગ આપી શકે છે, અને દરેક ભક્તમાં ખાસ કરીને અતિશય ભલાઈ હોય છે. એ ભલાઈને લીધે આપણે તેને ચાહીએ છીએ."

એટલુંજ નહિ પણ ઇશ્વહીસ્નેહવાળાં માણસોમાં ખાસ એ ગુણ આવી જાય છે કે "+જેમ આંબા ઉપર વધારે ફળ લાગે તેમ તે ફળના ભારથી વધારે વધારે નમતો જાય છે, તેમજ જે માણસો ભક્તિમાર્ગમાં લાગી જાય છે—પ્રભુના રસ્તામાં આવી જાય છે, તેઓને પણ મ્હોટાં ફળ મળેલાં હોય છે, અને મ્હોટા લાભ મળવાના હોય છે,

* "સ્વર્ગની કુંચી" નામના પુસ્તકમાંથી, પાનું ૩૩૯.

+ "સ્વર્ગની કુંચી" નામના પુસ્તકમાંથી, પાનું ૨૦૫.

એટલે તેઓ પણ સૌને સદા નમતાજ રહે છે, અને સૌની સાથે ભલાઈજ રાખવા ઇચ્છે છે. પોતે ધસારો ખાઇને-ખોટ ખાઇને પણ સામાને રાજી રાખે છે, પોતે દુઃખ ખમીને પણ પારકાનું ભલું કરે છે, પોતે ભૂખ્યા રહીને પણ પોતાના કરતાં વધારે ભૂખ્યાઓને જમાડે છે, પોતે ભીખ માગીને પણ બીજાઓને મદદ કરે છે, બીજાઓની વગર મફતની ગાળો ખાઇને પણ પોતે ધર્મનાં કામો કરે છે, અને જાણે પારકાંના સુખને માટેજ પોતે અવતાર લીધો હોય તેવીજ રીતે પ્રભુપરાયણ રહીને તેઓ વર્તે છે. જેઓ એવી રીતે વર્તે છે તેજ સાચા સંત છે, ને તેજ ખરા ભક્ત છે. જ્યાંસુધી પોતાના આત્મા જેવો બીજાના આત્માને ન જાણે અને મ્હારૂં-ત્હારૂં ન છોડે ત્યાંસુધી ભક્ત શાના ?"

હરિજનો અને વ્યવહારિક માણસો વચ્ચેનો ભેદઃ-

ડૉક્ટર સાહેબ, ઇશ્વરીસ્નેહવાળા હરિજનો અને વ્યવહારિક સાધારણ માણસો વચ્ચે શું ભેદ છે, એ તમે જાણોછો ? જો એ ભેદ તમે ખુલ્લી રીતે જાણતા હો તો ઇશ્વરીસ્નેહવાળાં માણસોમાં શું ખુબી હોય છે, શું વિશેષતા હોય છે, અને શું આનંદ હોય છે, એ જાણી શકો, અને જો એ જાણી શકો તો ઇશ્વિરીસ્નેહ ઉપર મહાત્માઓ શા માટે એટલો બધો ભાર મૂકે છે તે સમજી શકો, અને એ સમજવાથી પ્રભુપ્રેમ ફેલાવવાના અમારા હેતુમાં તમે મદદગાર થઈ શકો; માટે બહુ લાંબું થાય છે તોપણ ઇશ્વિરીસ્નેહવાળા હરિજનો અને વ્યવહારિક માણસો વચ્ચે શું ભેદ હોય છે, તે વિષેના અનુભવની હજી પણ એક વાત સાંભળોઃ

*" છપ્પનીયા દુકાળે બહુ લોકોને મુંબઈ દેખાડયું હતું. એ વખતે

* " સ્વર્ગની કુંચી " નામના પુસ્તકમાંથી.

કાઠિયાવાડથી એક હરિજન એક ભક્તના સદાવ્રતના કામ માટે તજવીજ કરવા મુંબઈ ગયો હતો. તે પાછો પોતાને ગામ ગયો ત્યારે પેલા ભક્તે મુંબઈના સુખ–શાન્તિના સમાચાર પૂછ્યા, અને કહ્યું કે તમે, મુંબઈમાં શું શું જોયું? એ વાત કરો."

"ત્યારે તે વૈષ્ણવે કહ્યું કેઃ–ભાઈ ભાઇ! મુંબઇની તે શું વાત કરો છો? એતો અલબેલી નગરી છે! હું તો કહુંછું કે જેણે મુંબઇ નથી જોયું તેણે કાંઈજ નથી જોયું! ત્યાંની લક્ષ્મી ને ત્યાંના વૈભવો તો કાંઇ ઓરજ છે! એવા એવા શેઠીયાઓ પડયા છે કે આપણા ગામના રાજા જેવાને તો તે વેચાતા લઇ લે! ઘણાએ શેઠીયાઓને ત્યાં ઘોડાગાડીઓ જોઇ, ઘણાઓને ત્યાં ઉંચી તોખમના અરબ્બી તથા વિલાયતી સરતના ઘોડા જોયા, ઘણાઓને ત્યાં સુંદર વાડી–બંગલા જોયા, ઘણાઓને ત્યાં રેશમી સાટીનના ને મખમલના ખુરશી કૉચ જોયા, ઘણાઓને ત્યાં આરસપથ્થરની લાદીઓ ને બારિક કારીગીરીનાં પુતળાંઓ જોયાં, ઘણાઓને ત્યાં સુંદર ફુવારા અને આંખો ફાટીને ફાટી રહે તેવાં જોવાલાયક ચિત્રો જોયાં, ઘણાઓને ત્યાં ચાંદી–સોનાનાં ને ફક્કડ ચીનીકામનાં રાચ–રચીલાં જોયાં, ઘણાઓને ત્યાં રમવાનાં ટેબલો ને મેદાનો જોયાં, ઘણાઓને ત્યાં દરિયામાં સહેલ કરવાની જાલીબોટો અને મોટી કિંમતનાં કૂતરાંઓ જોયાં, ઘણાઓને ત્યાં હવા ખાવાના બંગલા ને રાંડોના નાચ જોયા, ઘણાઓને ત્યાં ઉંચા ઉંચા પલંગો ને વિલાયતી વાજાંઓ જોયાં, ઘણાઓને ત્યાં છપ્પન જાતની ઉંચી ઉંચી મીઠાઇઓ ખવાતી જોઇ, ઘણાઓને ત્યાં મ્હોટાં મ્હોટાં કારખાનાંઓ જોયાં, ઘણાઓને મ્હોટી મ્હોટી સભાઓ ગજવતા જોયા, ઘણાઓને મ્હોટા મ્હોટા અધિકારવાળા જોયા અને ઘણાએ માનપત્રોવાળા તથા ઘણાએ મ્હોટા મ્હોટા ખેતાબનાં પૂંછડાવાળા જોયા. એવું એવું તો ઘણુંએ જોયું, પણ ભક્ત, એક મૂળમુદ્દાની વાત કયાંઈ દેખાણી નહિ, એતો માત્ર તમારા જેવા ભક્તોને ત્યાંજ જોયું."

ત્યારે તે ભક્તે પૂછ્યું કે, "ભાઈ, એ વળી શું ?"

ત્યારે તે હરિજને કહ્યું કેઃ-"કોઈના બારણામાં સાધુ-સંતની ભીડ જોઇ નહિ. સૌને ત્યાં સારૂં સારૂં ને મોજ-શોખની વસ્તુઓ જોઈ, પણ કોઇને ત્યાં આંધળાં, લૂલાં, કાણાં, કુબડાં, કોઢીયાં ને ભૂખ્યાં-ઓની ભીડ જોઈ નહિ, કોઇને ત્યાં ગરીબ યાત્રાળુઓને રોટલાનો કટકો અપાતાં જોયો નહિ, કોઇને ત્યાં બિમારોના સારવાર થતી જોઈ નહિ, કોઇને ત્યાં રોજ દસ વીસ આવતા જતા ભક્તોની મંડળી જોઇ નહિ, કોઇને ત્યાં રોજ રોજ હરિકથા થતી જોઈ નહિ, કોઇને ત્યાં નિરા-ધારોને માટે એઘડી બેસવાની જગ્યા જોઈ નહિ, કોઇને ત્યાં ભીખા-રીઓને માટે ખીચડાંના ચરૂ ચડેલા જોયા નહિ, કોઇને ત્યાં તરસ્યાં-ઓને પાણી પીવા મળે એવું પણ દીઠું નહિ, કોઇને ત્યાં દુઃખીઓને દિલાસાના બે શબ્દો મળે એવું પણ દીઠું નહિ, કોઇને ત્યાં ગરીબોને માત્ર આવકાર મળે એવું પણ દીઠું નહિ, કોઇને ત્યાં નાગાંઓને વસ્ત્ર મળે એવું પણ દીઠું નહિ અને કોઇને ત્યાં દુઃખીયોના ખબર પૂછાય તેવું પણ દીઠું નહિ ! એ બધું તો માત્ર ભક્તોને ઘેરેજ અમે જોયું! ભીખ માગી માગીને સદાવ્રત ચલાવવાં અને સંતોની તથા દુઃખી-ઓની સેવા કરવી એ તો માબાપ તમારે ઘેરેજ અમે જોયું! તમે શા માટે સુખી છો, તેનું કારણ હવે હું સમજ્યો. એનું કારણ એજ કે તમારે ત્યાં આવીને ગરીબો પોતાનાં દુઃખ ભૂલી જાય છે અને તમારે ત્યાં ભૂખ્યા અતિથિઓનું આદર-સન્માન થાય છે, માટે એ સેવાને લીધે-એ પુન્યને લીધે તમારે ત્યાં સદાય આનંદ રહે છે."

"આહાઃ પ્રભુને ખાતર પ્રભુનાં બાળકોની સેવાનું ફળ કેટલું બધું મ્હોટું છે, એ જુઓ તો ખરા ? જેને ઘેર ચાર ચાર ઘોડાની ચોક-ડીઓ હોય તેઓના હૃદયમાં હોળીઓ બળતી હોય, તથા કંઈકિ જાતની કાણો મંડાણી હોય, અને જે ગરીબ ભક્તો દુઃખીઓની સેવા

કરવા સારૂ ભીખ માગતા હોય તેઓને ત્યાં સંતોની મંડળીઓ પ્રભુના નામનો જયજયકાર બોલાવતી હોય, એ શું ખૂબીની વાત નથી? હવે તમે કહો કે કોણ મ્હોટા? ભક્ત કે શ્રીમંત? અમને તો દાસભાવવાળા અને સેવાધર્મવાળા ભક્તો મ્હોટા લાગે છે; માટે કરૂણાના ભંડાર, નોધારાના આધાર, દેવોના દેવ, પરંમમંગળસ્વરૂપ આદિનાથ પૂર્ણપુરૂષોત્તમ સર્વેશ્વર શ્રીહરિને પ્રાર્થના કરીએ છીએ કે, હે પ્રભુ! ત્હારી સેવા કરી શકીએ તેવા અમોને ભક્ત બનાવ, ભક્ત બનાવ, ભક્ત બનાવ."

જગતના સૌ ધર્મ ઇશ્વરીસ્નેહમાંથી ઉત્પન્ન થયેલા છે.

ડૅાકટર સાહેબ, ઇશ્વિરીસ્નેહવાળા અને વ્યવહારિક માણસોની વચ્ચેનો તફાવત જોયો? એક પોતાના સ્વાર્થને ખાતર બીજાઓની દરકાર કરતા નથી, ત્યારે બીજાઓ પારકાઓને માટેજ મરી પડે છે! ઇશ્વિરીસ્નેહમાં આવી ખૂબી છે, માટે અમે તમને ભ્રાતૃભાવની ઇશ્વિરીસગાઇના ધર્મમાં આવવાનું કહીએ છીએ; કારણ કે આ સંસાર એ એક મ્હોટું ચક્ર છે, તેની ધરી તે પરમાત્મા છે, અને એ ચક્રનો મધ્યભાગ કે જેને નાભી કહે છે તે ઇશ્વિરીસ્નેહ છે. એ નાભીમાં જૂદા જૂદા આરા તે જૂદા જૂદા સદ્‌ગુણો છે, પણ એ બધા આરા એટલે કે બધા સદ્‌ગુણો એકજ નાભીમાંથી નીકળેલા છે. જેમ એક સૂર્યમાંથી ઘણાં કિરણો નીકળે છે તેમ એક ઇશ્વરીસ્નેહમાંથી ઘણા સદ્‌ગુણો નીકળે છે, માટે સૌ સદ્‌ગુણોનું મૂળ જે ઇશ્વિરીસ્નેહ છે તેને આપણે પકડવો જોઇએ; કારણ કે ઇશ્વરીસ્નેહમાંથી નીકળેલા સદ્‌ગુણોમાંથી થોડા થોડા સદ્‌ગુણો લઇને દુનિયાના સૌ ધર્મો ઉત્પન્ન થયેલા છે. જેમકેઃ કોઇએ સત્યનો આધાર પકડેલો છે, કોઇએ અહિંસાનો આધાર પકડેલો છે, કોઇએ પરમાર્થ ઉપર ભાર મૂકેલો છે, કોઇએ

યાગ ઉપર ભાર મૂકેલો છે, કોઇએ તપ ઉપર ભાર મૂકેલો છે, કોઇએ પવિત્રતા ઉપર ભાર મૂકેલો છે, કોઇએ મૂર્તિપૂજા ઉપર ભાર મૂકેલો છે, કોઇએ ભજન-કીર્તન ઉપર ભાર મૂકેલો છે, કોઇએ સત્સંગ ઉપર ભાર મૂકેલો છે, કોઇએ બળિદાન ઉપર ભાર મૂકેલો છે, અને કોઇએ વિચાર ઉપર ભાર મૂકેલો છે. એમ જૂદા જૂદા ધર્મવાળાઓ જૂદા જૂદા ગુણો ઉપર મુખ્ય આધાર રાખીને ચલાવ્યા જાય છે; પણ એ બધા ગુણો પ્રભુપ્રેમમાં આવી જાય છે, તેથી દુનિયાના બધા ધર્મો અને તેનું તત્ત્વ ઇશ્વરીસ્નેહમાં આવી જાય છે, માટે આપણાં પવિત્ર શાસ્ત્રોની આજ્ઞા પ્રમાણે અમે તમોને ઇશ્વરીસ્નેહમાં આવવાનું કહીએ છીએ; કારણ કે એ ઇશ્વરીસગાઇના ધર્મમાં સૌથી વધારેમાં વધારે કલ્યાણ છે. માટે હવે તો મ્હારી ઇચ્છા એવી છે કે,

તમે સૌ તમારા અનુભવ પ્રમાણે પ્રભુપ્રેમીઓની વાતો કરો.

ચોપડીઓમાં વાંચેલા અસલના દાખલાઓ મને નથી જોઇતા, પણ હાલમાં તમારી આજુબાજુમાં જે બનાવો બની રહ્યા હોય, જે કાંઇ તમે તમારી નજરે જોયું હોય અને જેમાં તમને કાંઇક વિશેષતા લાગી હોય તેની વાત કરો, કારણ કે એવી વાતોમાંથી પાત્રોનાં કામો જોઇને આપણામાં નવુંબળ આવતું જાય છે, અને આપણો સ્નેહ વધતો જાય છે; માટે હવે તો તમે બધા એવી જાતના આનંદની વાતો મને સંભળાવો.

એમ કહીને ઇઝીચૅર ઉપર લાંબા થઇને મહારાજ જરા વિસામો લેવા લાગ્યા. ત્યારે ડૅાકટર સાહેબે કહ્યું કેઃ—

મહારાજ, અમે સાધારણ માણસોની સાદી સાદી વાતો જાણતા હોઇએ એમાં તે શું કહીએ? તમે કાંઇક અદ્ભૂત બનાવોની વાતો કહો, કે જેમાં મજા પડે.

મહારાજે કહ્યું:-ડૉક્ટર સાહેબ, ગીલી ગીલી લાગે તેવી માત્ર ઉપલી અજાયબી તરફ ન જુઓ, પણ જે વસ્તુ આપણા જીવનમાં કામ લાગે તેને પકડો. તમે એમ સમજો છો કે અમે મ્હોટા માણસ છીએ, પણ ખૂબ સમજી રાખજો કે આપણે હજી માત્ર સાધારણ માણસ જ છીએ; માટે પ્રથમ રૂડી રીતે સાધારણ કામો કરીને પછી ધીરે ધીરે તેમાંથી મ્હોટાં કામો કરવાની યોગ્યતા મેળવવી જોઇએ.

બધાં માણસો કાંઇ મ્હોટાં કામો કરી શકે નહિ.

એટલુંજ નહિ પણ એ પણ યાદ રાખજો કે "*બધા કાંઇ મહાકવિ કાળિદાસ કે પરદુઃખભંજન વિક્રમ થઇ શકે નહિ, બધા કાંઈ મહા દાનેશ્વરી બળિ કે બાણાવળી અર્જુન થઈ શકે નહિ, બધા કાંઇ માંધાતા કે દિલિપ થઈ શકે નહિ, બધા કાંઇ ભરત કે હનુમાન જેવાં મહાભારત કામ કરી શકે નહિ, બધા કાંઈ શાક્યસિંહ કે શંકરાચાર્ય થઈ શકે નહિ, બધા કાંઈ અશોક કે અકબર થઈ શકે નહિ, બધા કાંઈ લીયોનીડાસ કે નોશીરવાન થઇ શકે નહિ, બધા કાંઇ મહારાણી વિકટોરીઆ જેવાં ભાગ્યશાળી કે નેપોલીયન બોનાપાર્ટ જેવા પરાક્રમી થઇ શકે નહિ અને બધા કાંઈ મહારાજા પૃથ્વીરાજ કે મહારાણા સંગ્રામસિંહ (સંગ) થઇ શકે નહિ. એવાં રત્નો તો વિરલજ હોય છે, અને એવા પ્રસંગો પણ ક્વચિતજ મળે છે; માટે એવાં મ્હોટાં ભાગ્ય ને એવાં મ્હોટાં કામોની વ્યર્થ આશામાં પડી નહિ રહેતાં આપણે આપણાં રોજનાં ન્હાનાં ન્હાનાં કામકાજો સરસમાં સરસ રીતે બજાવવાં જોઇએ. જો એ કામો આપણે સારી રીતે બજાવી શકીશું તો બીજાં વધારે મ્હોટાં કામોને માટે આપણી આગળ રસ્તો ખુલ્લો થશે, તેથી જ્યારે મ્હોટાં કામો

---

* "સંસારમાં સ્વર્ગ" નામના પુસ્તકમાંથી પાનું ૧૭૯.

કરવાનો શુભપ્રસંગ મળશે ત્યારે આપણે તે કામો બહુ હીમ્મતથી, બહુ સ્હેલાઇથી, બહુ સફાઇથી ને બહુ શાન્તિથી ફતેહભરી રીતે માનપૂર્વક બજાવી શકીશું. પણ જેઓને શરૂઆતનાં, દરરોજની જરૂરીયાતનાં, જેને આપણે સાધારણ અને માલ વિનાનાં કહીએ છીએ તેવાં કામો પણ કરતાં ન આવડે, તો એવાઓ તરફથી બીજાં મ્હોટા કામોની શી આશા રાખી શકાય?" માટે ડૉક્ટર સાહેબ, શરૂઆતમાં બહુ મ્હોટાં કામોના નહિ પણ આપણાથી બની શકે તેવા, આપણી વચ્ચેથી મળી આવતાં ભલાંકામોના દાખલાઓ જાણવાની આપણને જરૂર છે. એ જાણવાથી આપણા દેશમાં શું કરવાની જરૂર છે, તથા આપણે પોતે તેમાં શું કરી શકીએ તેમ છીએ, એ જાણી શકાયછે, અને એ જાણવાથી આપણો પ્રભુપ્રેમ વધી શકે છે; માટે પ્રથમ હું એવા સાદા દાખલા જાણવા ઇચ્છું છું.

શ્રીમંતાઈની ભૂલોનું પરિણામઃ-

ડૉક્ટરે કહ્યું:-મહારાજજી, તમે ખુશી થાઓ એવી જાતના ઉંચા દાખલાઓ તો હું નથી જાણતો, પણ મ્હારા મનમાં ઊંડી અસર કરી હોય એવા કેટલાક દાખલા જાણું છું. તેમાં પહેલો દાખલો એક ખરાબ સ્વભાવના શેઠીઆની ભલી સ્ત્રીનો છે. વાત બહુ સાદી છે. એ શેઠના કુટુંબનો હું ડૉક્ટર છું, તેથી મ્હારે વારંવાર તેમને ઘેર જવું પડે છે, એટલે આ માત્ર સાંભળેલી નહિ, પણ મ્હારા અનુભવની વાત છે. એ શેઠ પુખ્ત ઉમ્મરનો છે ને તેનો મિજાજ બહુ કડક છે, વાત વાતમાં તેરી-મેરી ઉપર આવી જાય છે, અને ગાળગલોચ વિના તો તે જાણે બોલીજ શકતો નથી. તેમાં વળી હાલમાં વેપારમાં ખોટ જવાથી તેને દીવાળું કહાડવું પડયું છે, તેથી એક તરફથી આબરૂની ખામી, બીજી તરફથી ગરીબાઈ, ત્રીજી તરફથી

પૈસાની ગરમીને લીધે મગજમાં ભરાઈ ગયેલા વિચિત્ર ફાંટાઓ, ચોથી તરફથી કુટુંબમાં કુસંપ અને પાંચમી તરફથી શરીરની બિમારી, એ બધાંને લીધે તેનો સ્વભાવ બહુ બગડી ગયો છે. ત્રણ વરસ થયાં અર્ધાંગવાયુને લીધે તે પથારીમાંથી ઉઠી શકતો નથી. પૈસાના મદને લીધે જુવાની ખરાબ રીતે ગાળેલી તેના પરિણામે હાલ વૃદ્ધાવસ્થામાં તે પીડાય છે. ગરમીના બૂરા રોગની અસર શરીરમાં રહી ગયેલી તે હાલની નબળાઇમાં તેને દુ:ખ દે છે. એ શેઠને ચાર જુવાન છોકરા છે, પણ તેમાં એક પણ આજે ખરે વખતે કામ આવતો નથી. મ્હોટા છોકરાને બે વરસ થયાં ક્ષયરોગ થયેલો છે, તેથી હવાફેરમાં ને આખો દિવસ દવા પીધા કરવામાં તેનો વખત જાય છે; વળી પોતાની બાઇડી સાથે તેને બનતું નથી, બાઇડીને કાઢી મૂકી છે, તેથી તે પીએરમાં રહે છે. દોકડાની આવડત નહિ ને મિજાજ બાર ખાંડી, કમાવાને નામે મીંડું ને ખરચમાં પાછું વાળીને જોવું નહિ, કરી પાળવાના સોગન ને મ્હોટા મ્હોટા ડૉક્ટરોને બોલાવવાનો શોખ, અને બાપનું મ્હોં દીઠું ગમે નહિ, પણ અક્કલના ઓથમીર એટલે બાપ પાસેજ પડયું રહેવું પડે!! બીજો છોકરો સ્વભાવનો સારો છે પણ મીંડા-મોળો છે, એટલે કાંઇપણ કામ કરતાં તેને આવડતું નથી. તે બાપનું કહ્યું માને છે પણ સાવ બાઘ્ઘીબા જેવો છે, મુદ્દલ હિમ્મત ન મળે. ક્યાંક બંદૂક ફૂટે તોપણ બ્હી જાય અને ફળીઆમાં કૂતરાં ભસે તો પણ પોતાના ઓરડાનાં બારણાં બંધ કરી માથે ઓઢી ધ્રૂજવા મંડે! ભાઈ સાહેબ સવારે નવ વાગે ઉઠે, તે પછી બરાબર અર્ધો કલાક સંડાસમાં થાય, અર્ધો કલાક દાતણ કરતાં લાગે, એક કલાક ન્હાતાં લાગે અને જરાકવાર હાથમાં છાપું લઇને આમતેમ ફેરવે એટલામાં જમવાનો વખત થઈ જાય! બાર વાગ્યે જમ્યા પછી જરા આડીઅવળી વાતો કરીને બીડી પીતે પીતે એક વાગે સૂઈ જાય. એ

કલાક સૂવું જોઇએ. સૂઇને ઉઠે ત્યાં ત્રણ વાગે. એ વખતે ચ્હા-દૂધ જોઇએ. એ પછી શેઠ આખો દિવસ કંટાળી ગયા હોય તેથી કાંઈ રમતગમત વિના ચાલે? ચ્હા પીને ચોપાટ રમવા બેસે. બે કલાક ચોપાટ રમ્યા પછી સાંજે સાડાપાંચ વાગે કપડાં પહેરવા લાગે. બહુ ઉતાવળ કરે ત્યારે માંડ માંડ પોણા કલાકમાં કપડાં પહેરી શકે!! તે પછી છ વાગે ફરવા જાય તે રાતે આઠ વાગે ફરીને ઘેરે આવે. હવે તમે કહો કે એ બિચારાને કામ કરવાનો ટાઇમિજ ક્યાં મળે છે? વચમાં વચમાં પેટ સાફ નહિ આવવાની ફરિયાદ, માથું તો વાતવાતમાં દુઃખી જાય, શરદી-ગરમી લાગતાં તો જરા પણ વાર ન લાગે, અજીરણ તો હમ્મેશાં હોયજ અને દરરોજ કાંઇને કાંઈ પેટંટ દવાની બાટલીઓ લીધા વિના તો તેને ચાલેજ નહિ!! એ શેઠ સાહેબની વહુને બે વરસ થયાં સુવાવડનો રોગ લાગુ પડયો હતો, તેથી તે પથારીમાંથી ઉઠી શકતી નહોતી; પણ તે શેઠ તેની કાંઈ તજવીજ રાખી શકતા નહોતા, કારણ કે તેમનો વખત તો ઝાડો સાફ નહિ આવવા માટે અને અનાજ નહિ પચવા માટે પેટ ઉપર હાથ ફેરવ્યા કરવામાં જતો હતો! અનાજ ન પચે એમાં કાંઇ નવાઈ પણ નહોતી, કારણ કે એનું ખાતું પણ ખુદા ખેર કરે એવું હતું; સવારમાં ઉઠીને બદામપાકનાં ચોસલાં ચડાવે, તે પછી દૂધ, તે પછી ચ્હા, તે પછી સવારનું જમવાનું, તે પછી બપોરનો નાસ્તો, તે પછી ફ્રુટ, તે પછી સાંજની ચ્હા ને દૂધ, તે પછી ફરવા જાય ત્યાં ખારી બદામ કાં લાલાદાળ, તે પછી રાતનું જમણું, તે પછી સૂતાં પહેલાં દૂધની કોરી!! પછી પેટનો વાંક શું? બાકી જે વખત રહ્યો તેમાંથી થોડોક વખત વારેવારે ચસ્મા લુછ્યા કરવામાં, વારેવારે ઘડિયાળ જોયા કરવામાં, વારેવારે ધોતીયાંની પાટલી સરખી કરવામાં અને વારેવારે કપાળ ઉપરની બાબરીના બાલનો સેંથો સરખો કર્યા કરવામાં તથા ઉંઘવામાં

જતો હતો. તેમને જરા પણ ફુરસદ ક્યાં હતી કે પોતાની બાઇડીની તબિયતના ખબર પૂછે ? તે કહેતા એ તો જન્મી ત્યારની માંદી છે, શું એને સારૂ કરીને હું કાંઇ મરી જઇશ ? આવી લાગણી તેઓમાં હતી ! ત્રીજો છોકરો*બહુ ઉડ્ડાંડી હતો. તે બહુ ખરાબ સોબતમાં ફરતો, નાટકોમાં, સરકસોમાં, સરતોમાં ને કલબોમાંજ તેનો વખત જતો હતો. તેની વહુ મરી ગઈ હતી તે પછી તે બે ચાર દહાડે ઘેરે આવી જતો, અને લાગ મળે તો કાંઈ ઘરેણુંગાંઠું તફડંચી કરી જતો. ઘરમાં કોઈ સાથે તેને બનતું નહિ. એ છોકરો જરા પાણીદાર છે, પણ પહેલેથી કેળવણી સારી નહિ, બહુ મોજ—શોખમાં ઉછરેલો ને માથે દેખરેખ નહિ એટલે તે હાથથી ગયો છે. ચોથો છોકરો હુશિયાર છે, તે પોતાના એક મિત્ર સાથે તેના ધંધામાં ભાગીદાર થયો છે, અને બાપ દીકરાને બનતું નથી તેથી તે જૂદો રહે છે. તે જૂદો થયો તેથી પોતાની આબરૂ ગઇ, એમ સમજીને ગુસ્સાને લીધે મમતમાં આવી જઇને તેના બાપે તેને કાંઈ આપ્યું નથી, તેથી તેણે પોતાના ભાગ માટે પોતાના બાપ ઉપર હાઇકૉર્ટમાં દાવો બાંધ્યો છે. એ કેસ હજી ચાલે છે. પાંચમો છોકરો હતો તે શેઠને સૌ કરતાં બહુ વ્હાલો હતો, પણ તે ચૌદ વર્ષની ન્હાની ઉમ્મરમાં ગુજરી ગયો. તેની બાળવિધવા વહુ એ શેઠના ઘરમાંજ છે. એ બાઇનું મગજ જરા ચસ્કેલું છે, મહીને બે મહીને થોડા દિવસ તે ગાંડાઈનાં ચિહ્નન દેખાડે છે, અને વારેવારે તેને હીસ્ટીરીયા થઈ આવે છે. તેની તબિયત હમ્મેશાં બહુ નબળી રહે છે, એટલે તે ઉદાસ જેવી થઇને પોતાના ઓરડામાંજ પડી રહે છે. ઘરના કામકાજમાં તે કાંઈ ભાગ લેતી નથી, પણ ઉલટું તેની સારવારમાં બીજાંઓને રોકાવું પડે છે. એ સિવાય તે શેઠને ત્રણ છોકરીઓ છે. તેમાં મ્હોટી છોકરી સારે ઘેરે આપેલી છે, ને તે સુખી છે, પણ તે બાલી ગઈ છે તેથી તેને કાંઈ છોકરાં છૈયાં થતાં નથી. એ છોકરી ભલી છે,

પણ તેના વર સાથે લેણદેણ માટે શેઠને કાંઈ બોલાચાલી થઈને તેમાંથી મ્હોટો વાંધો પડયો તેથી તે પોતાની વહુને તેને બાપને ઘેરે જવા દેતો નથી. બીજી છોકરી બચરવાળ છે, પણ તેનો વર ઉંધાધંધા કરે છે તેથી તે ગરીબ થઈ ગએલો છે, એટલે જેમ કુંભારને ગુસ્સો ચ્હડે ત્યારે તે ગધેડાંના કાન મરડે, તેમજ પોતાના ઉંધાધંધાથી પોતાને નુકસાન થાય ત્યારે તેનો ગુસ્સો તે પોતાની બાઇડી ઉપર ઉતારે છે, તેથી તેઓ બંને લડે છે, એટલે તે બાઈ રીસાઇને પોતાને પીએર ચાલી આવે છે. તેનો વર કહેતો કે, ત્હારા બાપ પાસે કયાં થોડું બળ્યું છે? તુંજ મને તેની પાસેથી મદદ નથી અપાવતી. જો તું સાચી થાય તો આપણે આવાં ભુખરીબારસ શું કરવા રહીએ? મ્હારી ઉપર ટાંચો શું કરવા આવે? મ્હારે નાસભાગ શામાટે કરવી પડે? અને મ્હારે એકના ચારગણા લખી આપવાના તથા ત્હારા દાગીના લઇ જઇને ગીરવી મૂકવાના ઉંધાધંધા શામાટે કરવા પડે? પણ ત્હારામાં માલ નહિ, તેથી હું દુઃખી થાઉં છું. આવી રીતે તે પોતાની બાઇડીને પજવતો હતો, તેથી કંટાળીને એ બાઈ પોતાના બાપને ઘેરે ભાગી આવતી, અને ધીરે ધીરે તેની બધી હકીકત તેના બાપના કાન ઉપર જતી; પણ શેઠ સ્વભાવના લોભીઆ તેથી પોતાના સારા વખતમાં કાંઈ મદદ કરી શકયા નહિ, અને પછી તો પોતેજ તંગીમાં આવી પડ્યા, એટલે એ દીકરી તરફની પીડા એમને એમ રહી ગઈ. એ બાઈના વરે આપઘાત કરવા સારૂ અફીણ ખાધું હતું, પણ જલદી ખબર પડી જવાથી અને વખતસર ઘટતી સારવાર થવાથી તે બચી ગયો છે. એ ગુન્હા માટે ત્રણ માસની કેદની સજા તેને થઈ હતી, તેમાંથી તે હમણાંજ છુટયો છે. ત્રીજી છોકરી બાળરાંડ છે, તે આખો દિવસ મંદિરોમાંજ પડીપાથરી રહે છે, તેની ચાલચલગત માટે લોકોમાં બહુ વાતો થાય છે.

એ કેસ પણ સુધરે તેવો નથી, કારણ કે તે પૈસાવાળી છે, વળી તેના સાસરામાં તેને કબજામાં રાખે એવું કોઈ માણસ નથી, અને જ્યાં વાડ પોતેજ ચીભડાં ગળી જાય ત્યાં શું ઉપાય ચાલે? જ્યાં પાપ છોડવા જઇએ ત્યાંજ પાપમાં બંધાઇ જવાય એ દુઃખ કોને કહેવું? આ બધી હકીકત તે બુઢ્ઢો શેઠ જાણે છે, પણ પીંજરામાં પૂરાએલા સિંહ તરફ જેમ છોકરાંઓ કાંકરા ફેંકે, તોપણ તે સિંહ જેમ કાંઈ કરી શકતો નથી પણ મનમાંજ બળ્યા કરે છે, તેમજ આ શેઠ પણ ધન વિનાનો, શરીરના જોર વિનાનો અને કુટુમ્બની મદદ વિનાનો થઈ પડવાથી કાંઈ કરી શકતો નથી. તે મનમાં ને મનમાં બળ્યા કરે છે, અને એ બળાપાના ઉભરામાં ખુલ્લા દિલે તે મને કહેતો કે, "ડૉક્ટર,

આ બધાં મ્હારા પાપનાં ફળ છે.

મ્હેં જેમ બીજાંઓની સાથે દગા–ફટકા કર્યા છે તેમ મ્હારાં છોકરાંઓ મ્હારી સાથે વર્તે છે. મ્હેં મ્હારા બાપની પાસે ઘાટી સોંપી મૂક્યો હતો તેમ હું આજે ઘાટીના હાથમાં સોંપાઈ ગયો છું. હું જેમ મ્હારા સારા વખતમાં મ્હારાં સગાંઓની તરફ તુચ્છકારની નજરથી જોતો તેમ તેઓ હવે મ્હારી પડતીના વખતમાં મ્હારી તરફ ધિઃક્કારની નજરથી જુએ છે. મ્હારાં છોકરાંઓ જ્યારે ન્હાનાં હતાં ત્યારે મ્હારે તેની સંભાળ લેવી જોઈતી હતી, તેને બદલે મ્હેં તેને ઘાટીઓ ને ઘોડાવાળાઓના હાથમાં સોંપ્યાં, તેથી તે ગુલામ જેવાં બની ગયાં છે. એમાં તેઓનો વાંક નથી, એ બધાં મ્હારાં કરમનાંજ ફળ છે! મ્હારા બાપને માથું દુઃખવાનું દરદ હતું, પણ મ્હેં કોઈ દિવસ મ્હારે હાથે તે ઉપર કોલનવૉટરનું પોતું મૂકવાની તસ્દી લીધી નહોતી, ત્યારે મ્હારા છોકરાઓ મ્હારા પગ ચોળવાની તસ્દી લે, એ

કેમ બને ? કારણ કે મ્હારો વ્યાસ કહે છે કે, પુત્ર એ પિતાનું બીજું રૂપ છે, માટે બાપનાં ઘણાં લક્ષણો દીકરામાં આવે છે, કારણ કે બાપને જે કામ કરવાનાં બાકી રહ્યાં હોય તે પૂરાં કરવા માટે તે પાછો પુત્ર-રૂપે અવતાર ધારણ કરે છે, એમ ઋષિઓએ કહેલું છે; અને એ વાત મ્હારાજ દાખલાથી મને સાચી લાગે છે. હું પોતેજ બાવળીયો, એટલે મ્હારાં બીજ તે આંબા કેમ હોય ? અભિમાન, પૈસા, માન અને મોજ–શોખ ભોગવી લેવાની ઇચ્છા, એ ચાર લાગણીઓનેજ મ્હેં ખીલવેલી, બીજી લાગણીઓની દરકારજ કરેલી નહિ, એટલે પછી મ્હારા આવા હાલ થાય તેમાં નવાઈ શું ? હજી તો હું વધુ દુ:ખી થાત, ને નાહકનાં ડાચીયાં નાંખતે નાંખતે કુતરાંને મ્હોતે મરી જાત, પણ કાંઇક પુણ્ય આડું આવ્યું તેથી ખારા સમુદ્રમાં મીઠી વીરડી મળી ગઈ છે, એટલે આજ સુધી બચી ગયો છું. હું આવી રીતે વાત કરી શકું છું તે એ દેવીનો પ્રતાપ, નહિ તો મને ને લાગણીને શું લાગે વળગે ? હાય હાય ! મ્હારામાં લાગણી ! એ બનેજ કેમ ! રેતીમાં તેલ હોય છે કે મ્હારામાં લાગણી હોય ? જો મ્હારામાં લાગણી હોય તો મ્હારા કુટુંબની આવી અધમસ્થિતિ કાં હોય ? જો મ્હારામાં પહેલેથીજ મરદાનગીભરી ઉંચી જાતની લાગણીઓ હોત તો મ્હારા છોકરાઓ આવા હીચકારા ને નમાલા શું કરવા થાત ? જો મ્હારામાં પહેલેથી ભલા ખવાસની નાજુક લાગણી હોત તો મ્હારૂં નાક કપાવે તેવી મસ્તાની છોકરીઓ થાત નહિ; જો મ્હારામાં કુટુંબ તરફના માનની લાગણી હોત તો મ્હારો બાપ ને મ્હારી ભાભી મ્હારી તરફનો અફસોસ લઇને મરત નહિ; અને જો મ્હારામાં કુટુંબને રાજી રાખવાની કાળજી હોત તો મ્હારી વહુઓ છતે જીવે મુડદાં જેવી થાત નહિ. પણ એ બધું થયું તે મ્હારી મૂર્ખાઈનુંજ–મ્હારી શેઠાઈનુંજ ફળ છે. એમાં કાંઈ કોઇનો વાંક નથી.

હજી મ્હારી વધારે ખરાબી થાત, પણ આ દેવીએ મને બચાવી લીધો છે.” એમ કહીને દૂધનો વાટકો લઈ આવતી પોતાની વહુ સામે તેણે જોયું.

મ્હેં કહ્યું:—ઓહો ! શેઠાણી ! એતો એક રત્ન છે. મ્હેં મ્હારી જીંદગીમાં બીજે કોઈ પણ ઠેકાણે એવી ભલીબાઈ જોઈ નથી.

સ્રીરત્ન—ખારા સમુદ્રમાં મીઠીવીરડી.

શેઠે કહ્યું:—“ખરેખરૂં ડૅાક્ટર, એમજ છે હો ! શું તેના ગુણની વાતો કરૂં ? પોતાને ત્રણ ન્હાનાં છોકરાં છે તેને સાચવે છે, મ્હારે માટે ઉજાગરા કરે છે, જન્મના ખોં ખોં (ક્ષયરોગવાળા મ્હોટા છોકરા) ની ખબર રાખે છે, પેલી હીસ્ટીરીઆવાળી સારૂ મરે છે, વલભીની લેલી-પેપી (બીજા છોકરાની વહુ) માટે પછડાય છે, પેલો કાફર ઘરમાંથી કાંઇ હાથ મારી જાય તેનાથી બચતી રહે છે ને તેને ટાઢો મીઠો રાખે છે, છોકરીઓની શરમ ભરેલી વાતો ઉપર ઢાંકપીછોડો કરે છે, મને જોઇએ ત્યારે ટપોટપ દાગીના કહાડી આપે છે, અને ત્રણ ચાકરડીઓ જેટલું કામ ન કરી શકે તેટલો ઢસડો એ ઢસડે છે ! ડૅાક્ટર, હું ખરૂં કહું છું હો, કે જો આ દયાની દેવી—આ રત્ન મને ન મળ્યું હોત તો હું અને મ્હારો ખોં ખોં તો ક્યારના બૂરા હાલે મરી ગયા હોત ! આટલું બધું મ્હોટું કુટુંબ, પણ તેમાં મને કોઈ પાણીનો ઘુંટડો પાય તેમ નથી, કારણ કે કુટુંબસ્નેહ એ કેવી ઉત્તમ વસ્તુ છે, તે હું સમજ્યોજ નહિ, હું તો મ્હારા પૈસાના જોરમાં ને અભિમાનમાંજ રહ્યો, એટલે મોજ—શોખ અને માન વિના મ્હેં બીજી કોઇ વસ્તુ સ્હામે જોયુંજ નહિ ! ધનના મદમાં મને એમ ખબર ન પડી કે પૈસાથી તો પૈસોજ મળે, પણ પૈસાથી કાંઇ સ્નેહ ન મળે ! સ્નેહ તો સ્નેહથીજ મળે છે, એ વાત તો મને આ દેવીએજ શીખવી. પણ ડૅાક્ટર, બહુ મોડું

થયું, રાંડયા પછીનું આ ડહાપણુ છે હો ! કેસ ભેળાઇ ગયો, બાજી બગડી ગઈ, ત્યારપછી રહી રહીને હું ચેત્યો. પણ હવે એ શા કામનું? તોપણ એથી મને દિલાસો મળે છે, એથી પશ્ચાતાપ કરવાની મને તક મળી છે, અને એથી હવે પછી મ્હારાં ન્હાનાં છોકરાંઓ ભલી લાગણીવાળાં થશે, એમ મને આશા રહે છે.” એમ કહીને શેઠે શેઠાણીના હાથે શાન્તિથી દૂધ પીધું. તે પછી શેઠાણી બહાર ગયાં. ત્યારે શેઠે મને કહ્યું કેઃ—

“ડૉક્ટર જુઓછો ને? અમારૂં ઘર એ જાણે એક ન્હાની ઇસ્પિટાલ બની ગયું છે, અને તે પાંચ દસ દિવસની નહિ પણ અમારી શ્રીમંતાઇને લીધે, અમારા મગજમાં ભરાઈ જતા ફાંટાઓ-માંથી થતી ખરાબીને લીધે જીંદગી સુધીની ઇસ્પિટાલ છે! તેમાં હું ત્રણ નર્સને રાખું તોપણ જેટલી માવજત ન થાય તેટલી માવજત આ એકલી સાત વરસ થયાં કરે છે! આ મ્હારી ચોથી બાઈડી છે, તેની ઉમ્મર હજી માત્ર બાવીસ વરસની છે. એવી ઉછરતી જુવા-નીમાં છેક નાનપણથીજ આવું ઠરેલપણું, એ શું થોડી ખુબી છે? જો બીજી કોઈ હોય તો પોતાનાં ઘરેણાં ગાંઠાંમાં, મોઢા ઉપર તેલ સાબુ ચોળવામાં ને લટકા મટકા કરી બહાર ફરવા–હરવામાંજ પડી રહે. એવીને મ્હારા જેવા અઠાવન વરસના બુઢ્ઢા ઉપર અંતરનું હેત ક્યાંથી આવે? પણ આ તો ઇશ્વરે કૃપા કરીને પોતાનો મહિમા બતાવવા સારૂ અને મ્હારી આગલી ચાલનો પશ્ચાત્તાપ કરાવવા સારૂ આ દેવીને મ્હારી પાસે મોકલી આપી છે. નહિ તો મ્હારા જેવા એકલપેટા સ્વાર્થીને આવું રત્ન ક્યાંથી મળે? ડૉક્ટર, તમને બીજી ખબર છે? એનાં માબાપ બહુ પૈસાવાળાં ને ખાનદાન છે, ત્યાં તે એવી સારી સ્થિતિમાં ઉછરી છે કે દુઃખ શું વસ્તુ છે, તે એને ખબર નહોતી, પણ જ્યારથી મ્હારા ઘરમાં આવી ત્યારથી સુખ શું વસ્તુ છે, તે એ

ભૂલી ગઈ છે; કારણુ કે આ ઘરનો મામલો તો તમે જુઓ છો ને? છોકરાઓ લફંગા ને માંડીવાળેલ, તેની વહુઓ ઘોરમાંથી ખોદી કાઢેલ મુડદાંઓ જેવી, છોકરીઓ રાંડો મસ્તાની, નાણુંની તંગી, ઘરમાં રોજની બિમારી, તેને ઉપરાઉપર સુવાવડ અને મ્હારા સ્વભાવનું ઠેકાણું નહિ ગાળ વિના તો હું બોલાવુંજ નહિ! આવી સ્થિતિમાં તેને સુખ તે ક્યાંથી હોય? છતાં પણ હસ્તું મ્હોં રાખીને તે બધું સાંખી જાય છે, અને પોતાનાં સુખની દરકાર નહિ કરતાં સૌને ફોસલાવી–પટાવી થાબડભાણાં કરીને રાજી રાખે છે. આમ કરવામાં તેને કેટલું બધું સહન કરવું પડતું હશે અને કેટલો બધો ભોગ આપવો પડતો હશે, એ તમે જાણો છો? તેમ છતાં પણ કોઇ દિવસ તેના મ્હોંમાં હલકું વચન નહિ કે ચ્હેરા ઉપર ઉદાસી નહિ, જ્યારે જોઇએ ત્યારે હસતીને હસતીજ હોય, અને સૌની સાથે જાણે હેતનો વરસાદજ વરસાવતી હોયની!! હેં ડૉક્ટર, આવી ધીરજ, આવી સહનશીલતા અને આવી ભલાઇ તે માણસમાં કેમ આવી શકતી હશે? મ્હારી સામે કોઇ બોલે તો મને તો એ વખતે એમજ થઇ જાય કે એને ખૂબ લગાવી દઉં તો ઠીક, પણ આની સામે તો આગલા ઘરના છોકરાઓ, તેની વહુઓ, દીકરીઓ વગેરે ગમે તેમ બોલે, પણ એને તો કાંઈ લાગે નહિ! મ્હારૂં દોઢીયું કોઇ લઇ જાય તો હું તો મરી પડું, પણ મ્હેં આ બે વરસમાં તેની પાસેથી દસ હજાર રૂપિયાના દાગીના લઇ લીધા, તોપણ તે જરા પણ દિલગીર થઈ નહિ! ઉલટી હજી એમ કહે છે કે બધું તમારૂંજ છેના? હજી પણ જે જોઇએ તે લેજો. જરા પણ મનમાં સંકોચ રાખશો નહિ. લાજ–આબરૂ હશે ને સૌ સાજાં–સમાં હોઈશું તો વળી સૌ સારાંવાનાં થઇ રહેશે. ડૉક્ટર, મને કહો તો ખરા? આ હૃદય તે કેવું? હું પાકી અવસ્થાનો ને વળી માંદો સાજો, તેને ન્હાનાં છોકરાં, અને મ્હોટા છોકરાંઓનાં લક્ષણ તો તે જાણે છે,

છતાં પણ આવું હાતમ જેવું દિલ તે કેમ રાખી શકતી હશે? મ્હારી બીજી બાયડી હતી તેને છોકરાંછૈયાં નહોતાં, એ વખતે મને વેપારમાં જરા અવળો પાસો પડયાથી હું થોડીક ભીડમાં હતો, તેથી મ્હેં તેની પાસે થોડા દાગીના માગ્યા, પણ તેણે સ્હેલાઇથી ન આપ્યા. અંતે તો હું થોડોજ છોડું તેમ હતો, પણ એ જરા ન લઈ શકી. એ બન્નેની જ્યારે હું સરખામણી કરૂં છું ત્યારે આને માટે મ્હારા મનમાં બહુ માન ઉત્પન્ન થાય છે, અને મને એમજ લાગેછે કે જો આ રત્ન મને ન મળ્યું હોત તો આવાં દુ:ખથી કંટાળીને ક્યારનો આપઘાત કરીને હું મરી ગયો હોત; પણ કોઇક પુણ્યને લીધે પોતાનો મહિમા બતાવી મને સુધારવા સારૂ ઇશ્વિરીસ્નેહને રસ્તે પ્રભુએ પોતાની કૃપા મ્હારી ઉપર મોકલી છે. કેમ ડૉક્ટર, તમારો શું મત છે? મ્હારા એ વિચાર સાચા છે કે ખોટા?"

વધારે જીવવાના ઉપાય:-

મ્હેં કહ્યું:-બરોબર છે શેઠ, તમારા એ વિચાર ખરા છે. મ્હારા વૈદ્યકીય ધંધાને લીધે મ્હારે ઘણા કુટુંબોમાં જવું આવવું થાય છે, પણ કોઇ પણ જગ્યાએ આ શેઠાણીના જેવી ભલી લાગણીવાળી બાઇ મ્હેં જોઇ નથી. એની સહનશીલતા તો કાંઇ ઓરજ છે. કેટલાક સાધુઓ જ્યારે બહુ કરે ત્યારે માત્ર પાંચજ ધૂણી તાપી શકે છે, અને એ ધૂણીનો અગ્નિ તો માત્ર ગરમીજ આપે છે, તે કાંઇ મ્હોડેથી બાણ મારતો નથી, પણ શેઠાણીને તો પચીસ પચાસ જાતની અગ્નિ ખમવી પડે છે, અને તેમાં વળી એ અગ્નિ કરતાં પણ વધારે સખ્ત મેણાં-ઓઠાંનાં બાણ તો જૂદાં! આ બધું અંતરના સ્નેહની ભલી લાગણીઓને લીધે ખમાય છે, નહિ તો તેનું પણ જીવતર ઝેર થઈ પડત. જો તેનામાં એવો સ્નેહ ન હોત તો તમે આપઘાત

કરત, એટલુંજ નહિ, પણ તેને પોતાને પણ એ દુઃખોની અંદર અંતર બાળી બાળીને અને રોઈ રોઇને મરવું પડત, કારણકે સ્વાર્થનું પરિણામ એવુંજ હોય છે; પરંતુ સ્નેહથી આવાં દુઃખ વચ્ચે પણ સ્વાભાવિક રીતેજ આવું હસતું મ્હોં રહી શકે છે, માટે વૈદ્યકશાસ્ત્ર કહે છે કે આપણે વધારે જીવવા સારૂ આનંદમાં રહેવું જોઇએ. એ આનંદમાં રહેવા સારૂ આપણા અંતરની ભલી લાગણીઓ ખીલવવી જોઇએ, અને એ લાગણીઓને ખીલવવા સારૂ આપણી શક્તિ પ્રમાણે નિયમમાં રહીને થોડો ઘણો પણ સ્વાર્થનો ભોગ આપીને પરમાર્થ કરવો જોઇએ. તોજ ખરૂં સુખ ને લાંબું આયુષ્ય મેળવી શકાય.

મહારાજજી ! હવે જ્યારે પણ મ્હારા કુટુંબમાં કાંઈ કડવાસનો પ્રસંગ આવે છે ત્યારે એ બાઇ મને યાદ આવી જાય છે, તેથી તેના સ્નેહનો દાખલો મ્હારી નજર આગળ તર્યા કરે છે, એટલે તેની અસરથી મ્હારા હૃદયમાં નવું બળ આવી જાય છે, તેથી મન ઉપર કાંઇપણ જોર કર્યા વિના સ્વાભાવિકરીતેજ હું જરા વધારે છૂટ મુકીને વર્તી શકું છું, એટલે કુટુંબમાં જે કડવાસ થવાની હોય તે મટી જાયછે; કારણકે હું જોઉં છું કે કુટુંબમંડળના અરસપરસના વાંધાઓ બહુજ નજીવી બાબતના ને ઘણાજ સાધારણ પ્રકારના હોય છે, એટલે જો એમાં માત્ર જરાકજ વધારે છૂટ મૂકી શકીએ ને જરાકજ વધારે સ્નેહ દેખાડી શકીએ તો તુરતજ સમાધાન થઇ જાય છે. અને એવો સ્નેહ ને એવી સહનશીલતા આવા મહાત્માઓનાં ચરણ સેવીએ ને આવી મંડળીઓના સત્સંગમાં પડયા રહીએ ત્યારેજ મેળવી શકાય છે.

મ્હેં કહ્યું:—ડૉક્ટર સાહેબ, તમે તો ભારે કરી. આવા સરસ દાખલાઓ તમે કહાડશો એમ અમોને ખબર નહોતી. હવે તો

કાંઈક બીજું પણ અમોને કહો.

કારણ કે તમોને કહેતાં આવડે છે, અને તમારો અનુભવ પણ

સારો છે, એટલે તમારી વાતમાં સૌને મઝા પડે છે. એમ કહીને મ્હેં મહારાજ સામું જોયું. ત્યારે મહારાજે કહ્યું કે, બેશક, ડૉક્ટર સાહેબનો અનુભવ બહુ કિંમતી છે. અંગ્રેજી કેળવણીથી છૂટાપણાને નામે આપણામાંથી કુટુમ્બસ્નેહ બહુ ઓછો થતો જાય છે તેવા વખતમાં આવા દાખલા ખાસ જરૂરના છે.

બૅરિસ્ટરે પ્રૉફેસર સામું જોઇને કહ્યું:—મહારાજજીએ તો ખુબી કરી! આવી રીતે આપણા સૌનો અનુભવ જો ભેગો કરીશું તો એમાંથી તો બહુ મ્હોટું તત્ત્વ નીકળી આવશે.

પ્રૉફેસરે કહ્યું:—એમાં શું સંદેહ? એમ થવુંજ જોઇએ. જો એમ ન થાય તો વિદ્વાનોની મહેનતનું ને તેઓના સત્સંગનું ફળ શું?

અમે આવી રીતે વાતો કરતાં હતાં એટલામાં પંડિતજી અમારા બીજા મિત્રો સાથે આવી પહોંચ્યા. તેઓમાં એક ઑનરેબલ શેઠ, એક મીસ્ત્રી, એક જોશી, એક વકીલ, એક બાવાજી, એક કારભારી અને એક ઠાકોર સાહેબ વગેરે હતા. તેઓ સર્વે વખતોવખત અમારે ત્યાં આવ્યા કરતા હતા અને સ્વામીજી પાસેથી કાંઈ નવું નવું સાંભળી જતા હતા.

સૌને જેસીતારામ કર્યા પછી બાવાજીએ પૂછ્યું:—ક્યા બાત ચલતી હય?

પ્રૉફેસરે કહ્યું:—પંડિતજીની વિરૂદ્ધની વાતો થાય છે! આજે ડૉક્ટર સાહેબે નવો પૉઇંટ કાઢ્યો છે, તે કહે છે કે, વૈદ્યકશાસ્ત્રનો એ સિદ્ધાંત છે કે આપણે વધારે જીવવું હોય તો આનંદમાં રહેવું જોઇએ, અને આનંદમાં રહેવા સારૂ આપણા અંતરના સ્નેહની ભલી લાગણીઓ ખીલવવી જોઇએ, તથા એ લાગણીઓને ખીલવવા સારૂ આપણી શક્તિપ્રમાણે નિયમમાં રહીને થોડો ઘણો પણ સ્વાર્થનો ભોગ આપીને

પરમાર્થ કરવો જોઇએ. તોજ સાચું સુખ મેળવી શકાય. હવે તમે વિચાર કરો કે આ વાતો પંડિતજીને કેમ ગમશે?

ઑનરેબલ શેઠે કહ્યું:-કેમ! શા માટે નહિ ગમે? એમાં શું ખોટું છે?

મ્હેં કહ્યું:—પંડિતજીનું સુત્ર તો એ છે કે "હું ને મ્હારી વહુ, ને એમાં આવ્યું સહુ".

ઠાકોર સાહેબે જરા હસીને કહ્યું:-પંડિતજી, બ્હેન શું કહે છે? એનો ખુલાસો કરો.

સેના દેના ખેરસલ્લા ઓર લડનેમેં મજબૂત!

પંડિતજીએ કહ્યું:-માણસોએ ઘણાં વરસ જીવવું જોઇએ એ વાત વ્યાજબી છે, કારણકે જો શરીર હોય તોજ ધર્મ-ધ્યાન થઈ શકે. મરી ગયા પછી શું થઇ શકે? માટે ડૉક્ટર સાહેબના એ મત સાથે હું મળતો છું, એટલુંજ નહિ પણ હું તો સૌને એજ આશીર્વાદ આપતો ફરૂંછું કે, "સો વરસ સુધી જીવો."

પ્રૉફેસરે કહ્યું;-પંડિતજી, જૂઠું ન બોલો, તમે કાંઇ સૌને એવો આશીર્વાદ આપતા નથી.

પંડિતજીએ કહ્યું:-મહારાજ, જુઓ તો ખરા? આવા મૂર્ખાઓ પણ પડ્યા છે ના! સૌને તે શા માટે આશીર્વાદ આપું? સૌના બાપનું કાંઈ ખાધું છે? શું આશીર્વાદ કાંઈ મફત અપાય છે? જે મને દાન-દક્ષણા આપે કે લાડુ જમાડે તેને હું આશીર્વાદ આપું! સૌને તે શા માટે આપું? એમાં ખોટું શું?

ઑનરેબલે કહ્યું:-પંડિતજી, તમારી એ ફીલસુફી તમારી પાસે રાખો, પણ ડૉક્ટર સાહેબના સિદ્ધાંત માટે શું કહો છો? તેનો તો ડૉક્ટર સાહેબને જવાબ દો.

પંડિતજીએ કહ્યું:–વધારે જીવવું જોઇએ એ બાબત આપણને પસંદ છે, અને વધારે જીવવા સારૂ આનંદમાં રહેવું જોઇએ એ વાત પણ મજાની છે, પણ દુનિયાદારીનાં એવાં લફરાંઓ વળગ્યાં છે કે મને તો કોઇ આનંદમાં રહેવાજ દેતું નથી. ડૉકટર સાહેબના એ બે સિદ્ધાંત બહુ સારા છે. ત્રીજો સિદ્ધાંત અંતરની સ્નેહની લાગણીઓને ખીલવવા માટે પરમાર્થ કરવો જોઇએ, એ પણ ઠીક છે, પણ તે અમારાથી પાળી શકાય તેમ નથી. ભ્રાતૃભાવની ઇશ્વિરીસગાઈ સમજીને પરમાર્થ કરવો જોઇએ, એમ તમારી દેખાદેખીથી તમારી સાથે મળીને માત્ર મ્હોડેથી અમે કહેવા લાગશું, પણ અમે પોતે કદિ પણ ભ્રાતૃ-ભાવ રાખવાના નથી, અમે તો બીજાઓને ધરાર નીચા કહેશું, વાતવાતમાં આભડછેટને આડી લાવી મૂકશું અને લેવામાં તૈયાર પણ આપવામાં તો સાવ મીંડુજ મૂકશું! એ વખતે શાસ્ત્રમાંથી બતાવશું કે બ્રાહ્મણનું ખાય તેના બૂરા હાલ થાય, અને વળી એવા પણ પૂરાવા આપશું કે, સુપાત્રને દાન કરવું જોઇએ, માટે અમારા કરતાં સુપાત્ર બીજું કોણ? અને અમે જો કુપાત્રને દાન આપીએ એટલે કે હલકી જાતના લોકોને દાન આપીએ તો ઉલટું અમારે નરકમાં જવું પડે! તમારો આનંદ પરમાર્થ કરવામાં છે ને અમારો આનંદ તો લેવામાં છે, કારણકે હાલમાં "લેના દેના ખેરસલ્લા ઓર લડનેમેં મજબૂત" એવું અમારૂં શુભ છે. હાલમાં આવું અમારૂં બ્રાહ્મણપણું છે, આવો અમારો ભ્રાતૃભાવ છે, આવી અમારા અંતરની લાગણીઓ છે, અને હજી તો આવી જાતના સંયોગોમાં અમે છીએ; એટલે હાલમાં તમારા ભ્રાતૃ. .ના ઇશ્વરીસ્નેહમાં અમારાથી ટેકો આપી શકાય તેમ નથી. અને તેમ . ાં પણ અમે એવો દાવો કરનારા છીએ કે, આખી દુનિયાના સૌ લોકો તથા સૌ ધર્મો કરતાં અમે વધારે પ્રભુપ્રેમવાળા છીએ! અમે જ્યારે તમારી ઉપર બહુ મહેરબાની કરશું ને બહુ

ખુલ્લું દિલ દેખાડશું ત્યારે અણગમતે મ્હોંએ એટલું કબૂલ કરશું કે, તમારી વાતો સાચી છે, પણ અમારાથી પાળી શકાય તેમ નથી. હાલમાં આવું અમારૂં જ્ઞાન છે, આવું અમારૂં સત્ય છે, આવું અમારૂં મનમાન્યું શાસ્ત્ર છે, છડે ચોક ઝાહેરરીતે અમે પોતે આવા છીએ! બોલો, હવે તમે શું કહોછો?

આ સાંભળીને સૌ ચૂપ રહ્યા. મહારાજે નિઃસાસો નાંખીને કહ્યું:—જે સૂતેલું હોય તેને જગાડવું સ્હેલું છે, પણ જે જાગતાં છતાં સૂઇ રહે તેને ઉઠાડવું મુશ્કેલ છે. બેટી, એ તલમાં તેલ નથી, ડૉક્ટર સાહેબની વાત આગળ ચાલવા દો.

ભલો વૈદ્ય.

ડૉક્ટરે કહ્યું:—ત્રીજો દાખલો એક બુઢ્ઢા દેશી વૈદ્યનો છે. એ વૈદ્ય દક્ષીણી બ્રાહ્મણ ગૃહસ્થ છે. કાશીમાં તેનું ધર્માદાનું દવાખાનું છે. એની દવા બહુ અકસીર છે, તેથી હજારો માણસ તેનો લાભ લે છે. દરરોજ સેંકડો માણસ તેને ત્યાં દવા લેવા આવે છે, એ બધાંને તે પોતાને ખરચે મફત દવા આપે છે. ગરીબોને ઘેર પગે ચાલીને તથા જરૂર પડે તો ગાંઠનું ભાડું ખરચીને પણ તે દરદીઓ પાસે જાય છે. કોઇપણ વખતે તેની પાસે બિમાર માણસ જાય તો તે કદિ પણ દવાની ના પાડે નહિ. ગરીબ રોગીઓને ખાતર તે પોતાની ખાવા-પીવાની કે ઉંઘવાની પણ દરકાર રાખતો નથી. આખી જીંદગી તેણે એ ખાતેજ ગાળેલી છે, અને એ સેવાના પ્રભાવથી તથા બહોળા અનુભવથી તેની દવામાં પણ કાંઇક એવું બળ આવી ગયું છે કે એતો જાણે એક જાતનો ચમત્કારજ હોઇની! તુરતજ ફાયદો થયા વિના રહે નહિ. હું યાત્રા કરવા ગયો હતો ત્યારે એ વૈદ્યની કીર્તિ સાંભળી તેથી હુંતો માત્ર તેની ચિકિત્સા જોવાજ ગયો હતો,

પણ એવી ખુબી જોઈ કે હું પોતેજ તેનો ચેલો બની ગયો! મ્હારે કહેવું જોઇએ કે એવો બીજો કોઇપણ ભલો માણસ મ્હેં જોયો નથી. ગરીબ બિમારો તરફની તેની માયાળુ લાગણી, તેની જાતમહેનત, તેની ઉદારતા અને તેની શાન્તિ જોઇને હું તો છકજ થઇ ગયો. મને લાગ્યું કે મુંબઇમાં હું બહુ સારો ડૉક્ટર ગણાઉ છું તોપણ એ વૈદ્યના પ્રમાણમાં તો હું સોમો ભાગ પણ કામ કરી શકતો નથી. મહારાજ, અસલના ઋષિની તથા દેવોની જે વાતો મ્હેં વાંચી હતી અને જેને હું કલ્પિત સમજતો હતો તેનો ખરો ખ્યાલ એ વૈદ્ય મહાત્માને જોયા પછી મને આવી શક્યો. હવે મને લાગે છે કે અસલની એ બધી વાતો સાચી હશે, પણ આપણે આપણા આત્માનું બળ સમજતા નથી અને ઇશ્વરીસ્નેહના રસ્તામાં લાગેલા નથી, તેથી હાલમાં એ બાબતો આપણુને સમજાતી નથી.

એક માણસ દરરોજ ત્રણસો ચારસો દર્દીઓને દવા કેમ આપી શકે અને એ બધાનું ખર્ચ કેમ નભી શકે? તે કાંઇ મ્હારાથી સમજાયું નહિ; તેથી એ બધી વાતો પ્રથમ તો મ્હેં અસંભવિત અને અતિશયોક્તિવાળી માની; પણ પછી એક દિવસ જ્યારે હું તેનું દવાખાનું જોવા ગયો ત્યારે મ્હારી ખાતરી થઇ કે જે પ્રમાણે એ વૈદ્યવિષે હું સાંભળતો હતો તેવુંજ તેનું કામ હતું. આ પ્રમાણે મ્હેં નજરે જોયું તોપણ તેનો ભેદ હું સમજી શક્યો નહિ, તેથી એ વૈદ્ય સાથે બહુ મિત્રાઇ થઈ ગયા પછી એક દિવસ મોડી રાત્રે અમે બન્ને જણા નિરાંતે અગાશીમાં ચાંદનીમાં બેઠા હતા તે વખતે મ્હેં ખુલાસો પૂછ્યો કે, મુરબ્બીજી, આ બધું તમે કેમ ચલાવોછો? રોજની આટલી બધી મહેનત કેમ બને છે? અને આ હજારો રૂપિયા ક્યાંથી કાઢોછો? એનો કાંઈ ભેદ તો મને કહો. તમારી પાસે તે કાંઇ કીમીયો છે કે રિદ્ધિ–સિદ્ધિ છે? આવું ખાતું તો મ્હેં ક્યાંઈ ન જોયું!

વૈદ્યરાજની કામ લેવાની યુક્તિઃ-

ત્યારે તેણે ખુશનુમા સ્વભાવથી જરા હસીને કહ્યું કેઃ-" રિદ્ધિ-સિદ્ધિને તમે માનો છો ! લોકો કહે છે તેવા રૂપમાં તો મ્હેં રિદ્ધિ-સિદ્ધિને જોઇ નથી, પણ મ્હેં તો કામમાં રિદ્ધિ-સિદ્ધિને જોઇ છે, અંતરની ભલી લાગણીઓમાં મ્હેં રિદ્ધિ-સિદ્ધિને જોઇ છે, અને જગતમાં ઇશ્વરીસ્નેહ ફેલાવવામાં મ્હેં રિદ્ધિ-સિદ્ધિને જોઈ છે. હું જે કામ કરી શકુછું તે કોઇ બહારની દેવી-દેવતાની મદદથી નહિ, પણ આત્મિકબળવડે કરી શકું છું, નિયમને લીધે કરી શકું છું, સાદી સમજશક્તિ વાપરવાથી કરી શકું છું, અને ઉત્તમ મનુષ્યજીંદગીની સાર્થકતા કરી લેવાનો હેતુ હૃદયમાં રમ્યા કરવાથી કરી શકું છું. મ્હેં મ્હારા વખતના ભાગ પાડેલા છેઃ પાંચ કલાક સૂવાના છે; ચાર કલાક ન્હાવું, ધોવું, ખાવું, પીવું તથા આશાએશ લેવાના છે; એક કલાક ઇશ્વિરના જ્ઞાન-ધ્યાનનો છે, અને બાકીના ચૌદ કલાક ગરીબ બિમારોને દવા આપવાના છે. બહુ લાંબા અનુભવને લીધે, કાંઇક નિસ્પૃહીપણાને લીધે, લોકોના ભલા આશીર્વાદને લીધે અને ઇશ્વિરીસ્નેહ વધારવાની અંતઃપ્રેરણાને લીધે ઇશ્વિરકૃપાથી હવે મ્હારામાં એવું બળ આવી ગયું છે કે દર્દીનો ચ્હેરો જોઉં અને જરાક તેની વાત સાંભળું એટલામાં તેનો રોગ અને તેને શું દવા આપવી એ બાબત મને સમજાઈ જાય છે, તેથી એક કલાકમાં સાઠ માણસને હું. સ્હેલાઇથી દવા બતાવી શકું છું. સવારના છથી અગ્યાર સુધીના પાંચ કલાકમાં દરરોજ બસો અઢીસો દર્દીઓ હું તપાસી જાઉંછું, એ પછીના રાત્રીના અગ્યાર વાગ્યા સુધીના કામ કરવાના નવ કલાકમાં બીજા સો સવાસો દર્દીઓ આવી જાય છે. ગોળીઓ, ફાકીઓ, પીવાની તથા ચોપડવાની દવાઓ મીલાવીને તેની શીશીઓ, ડબીઓ અને

પડીકાં અગાઉથી તૈયાર કરી રાખેલાં હોય છે, અને તેનાં ટુંકાં નામ ગોઠવી રાખેલાં છે, તે નામની છાપેલી ન્હાની ચોપડીઓ એક ટેબલનાં જૂદાં જૂદાં ખાનાંમાં ગોઠવી રાખેલી છે, એ ખાનાં પાસે બેઠેલો માણસ હું કહું તે જાતની ચીઠી દર્દીને આપે છે, એ ચીઠી પાસેના ઓરડામાં બેઠેલા દવા આપનાર માણસને તે દર્દી આપે છે, એટલે તરતજ તેને દવા મળે છે. દવા આપવાવાળા ચાર માણસો છે, તેઓને એ વખતે દવાની જૂદી જૂદી બાટલીઓ શોધવી કે મીલાવવી પડતી નથી, જે તૈયાર પડીકાં કે પ્રવાહી હોય તેમાંથી આપવાનું હોય છે, અને એ દવા કેમ વાપરવી, તથા શું કરી પાળવી, તેની સૂચના પણ તેઓજ આપે છે. સાધુ–સંતની સેવાથી મને કેટલીક એવી જાતની સ્હેલી દવાઓ મળી ગઇ છે કે એકની એક દવા જૂદાં જૂદાં અનુપાન સાથે આપવાથી ઘણી જાતના રોગ મટી શકે છે. આવી જાતની ઘણી દવાઓ મ્હારા અનુભવમાં આવી ગયાથી અગાઉથી દવા તૈયાર કરી મૂકવાની સગવડતા હું ભોગવી શકું છું. બીજું એ પણ મ્હારે જણાવવું જોઇએ કે હું જે કાંઈ થોડી ઘણી સેવા કરી શકું છું તેમાં મ્હારા કુંટુંબની પણ મ્હોટી મદદ છે. જો તેઓની એટલી મદદ ન હોય તો હું હાલ જેટલું કામ કરૂંછું તેટલું કરી શકું નહિ. મ્હારે ત્રણ છોકરાઓ છે, તેમાં મ્હોટો છોકરો બજારમાંથી, દેશાવરથી ને જંગલોમાંથી દવા મંગાવવાનું તથા ઘરનો વહીવટ ચલાવવાનું કામ કરે છે; વચલો છોકરો ધાતુઓની ભસ્મ બનાવવી, ઝેરોનું શોધન કરવું તથા બીજી માત્રાઓ બનાવવાનું કામ કરે છે; અને ન્હાનો છોકરો એ બધી દવાઓને સાચવવી તથા દરરોજને માટે ખપ પ્રમાણે તેની અગાઉથી મેલવણી કરી રાખવાનું કામ કરે છે. એ સિવાય તે છોકરાઓની મા તથા તેની વહુઓ પણ આખો દિવસ મને બહુ મદદ કરે છે. આવી રીતે કુટુંબની મદદથી મને

વિસામો મળે છે, મને દિલાસો મળે છે, મને શાન્તિ મળે છે, અને કામ કરવાનું મ્હારામાં નવું જોર આવે છે, તેથી હું ટુંકા ખર્ચમાં ને બેવડા ઉત્સાહથી કામ કરી શકું છું. કુટુંબસ્નેહ એ કેટલો બધો કિંમતી છે, અને કુંટુંબના સંપથી કેવું સુખી રહી શકાય છે, તથા કુટુંબોના એકતારપણાથી કેટલું બધું કામ કરી શકાય છે, એ જ્યારે હું જોઉં છું ત્યારે મને બહુ અજાયબી લાગે છે, બહુ આનંદ થાય છે, અને મનમાંથી એમ થઈ જાય છે કે દુનિયામાં બધાંય આવાં સુખી કુટુંબો હોય તો કેવું સારૂં ?

દેશી વૈદ્યકની ખુબી:-

આ બધી વ્યવસ્થાના ખર્ચ માટે પૈસા સંબંધમાં ઇશ્વરની કૃપા છે. મ્હારા બાપે વૈદ્યકના ધંધામાંથીજ બે લાખ રૂપિયા મેળવેલા છે, તે એમને એમ બધા મને સોંપી ગયા છે, તેમાંથી એક પાઈ પણ તેઓ પોતાની સાથે લઈ જઇ શકયા નથી. એ જોઇને મને વિચાર થયો કે ગમે એટલી ઉપાધિ કરીએ, ગમે એટલાં તરફડીયાં મારીએ, ગમે એટલા દગા–ફટકા કરીએ અને ગમે એટલું ધન મેળવીએ, પણ અંતે તો તે બધું અહિંજ મૂકીને ખાલી હાથે જવું પડે છે! મ્હારા બાપની પાસે બે લાખ રૂપિયા હોવા છતાં જેમ એક રાતી પાઈ પણ તેની સાથે ગઈ નહિ તેમજ હું ગમે એટલી હાયવૉય કરૂં તોપણ મ્હારી સાથે પણ કાંઈ આવવાનું નથી! ત્યારે કૃપા કરીને ઇશ્વરે આપેલી ભલાઇ કરી લેવાની તક હું શા માટે છોડી દઉં ? આવા વિચારો એક મહાત્માના ઉપદેશથી ન્હાનપણમાંથી મ્હારા મનમાં જામી જવાથી મ્હારા બાપના સ્વર્ગવાસ પછી મને વારસામાં મળેલા બે લાખ રૂપિયા મ્હેં સલામત જગ્યાએ વ્યાજે મૂકેલા છે, તેનું દર વરસે દસ હજાર રૂપિયા વ્યાજ આવે છે, તેમાંથી પાંચ હજાર રૂપિયા

હું મ્હારા કુટુંબના ખર્ચ સારૂ રાખું છું, અને પાંચ હજાર રૂપિયા દર વરસે ગરીબોને દવા આપવામાં ખરચું છું. તમને અજાયબી લાગશે કે પાંચ હજાર રૂપિયામાં દરરોજ બસો ત્રણસો દર્દીઓને એક વરસ સુધી દવા કેમ આપી શકાય? કારણ કે તમે બબ્બે ચાર ચાર રૂપિયાની વિલાયતી દવાની તૈયાર બાટલીઓ વાપરતા હશો, અને તમે હજાર બે હજાર રૂપિયાના મહિનાવાળા પગારદાર ડૉક્ટરો જોયા હશે, એટલે તમોને એમ લાગે; પણ મ્હારો વીસ વરસનો જાતિઅનુભવ છે કે આપણી દેશીદવા જો મ્હોટા પ્રમાણમાં બનાવવામાં આવે તો દરરોજ એક દર્દી પાછળ દવાના ખર્ચનું માત્ર એક દોઢીયું લાગે છે! એ એક દોઢીયાના ખર્ચમાં ધાતુની માત્રાઓ, સરબતો, અવલેહ અને ગોળીઓ, એ બધું આવી જાય છે; કારણકે મ્હેં જોયું છે કે એક દોઢીયાની મીંઢીયાવળ આઠ દર્દીને આપી શકાય છે. એક દોઢીયાના નેપાળાથી ત્રણસો જુલાબ થઈ શકે છે, એટલે જો એક દર્દીને પાંચ વખત દસ્ત થાય તેવી ગોળી આપવી હોય તો સાઠ દર્દીઓને કામ લાગે એટલી ગોળી એક દોઢીયાના નેપાળામાંથી બની શકે છે. એક દોઢીયાના કરીયાતાનું પાણી ત્રણ દિવસ સુધી દરરોજ પાંચ દર્દીઓને આપી શકાય છે, એટલે કે પંદર દર્દી ઉપર એક દોઢીયાનું કરીયાતું અસર કરી શકે છે, અને ગામડાઓમાંથી મેળવેલી એક દોઢીયાની કીડામારી એક વરસની અંદરનાં સો છોકરાંઓ માટે પણ ઘણી થઈ પડે છે. ધાતુઓની ભસ્મ બનાવતાં એક તોલા પાછળ ચારથી આઠ આના સુધી ખર્ચ લાગે છે, પણ એક તોલાની ઓછામાં ઓછી ચાળીશ પડીકી થઈ શકે છે. જ્વરાંકુશ વગેરેની ગોળીઓ કે જેમાં પારો વછનાગ વગેરે પડે છે તે ગોળીઓ એક આનાના પારા કે એક આનાના વછનાગમાંથી સો બસોથી વધારે બની શકે છે. ઝાડા બંધ કરવાની ગોળીઓ કે જેમાં હીંગળોક વગેરે પડે છે તે, તથા

ખાંસીની અને શક્તિની ગોળીઓ કે જેમાં અફીણ કેશર વગેરે પડે છે તે પણ એક આનાના અફીણ કે હીંગળોકમાંથી સો કરતાં વધારે ગોળી વળી શકે છે. આવી રીતે સમજીને આપણા ગરીબ ભાઇબંધો માટે જો દેશીદવાનો ઉપયોગ કરવામાં આવે તો આપણા ગરીબડા દેશ ઉપર ઇશ્વરની એટલી કૃપા છે કે બહુજ ટુંકા ખર્ચમાં આપણે ઘણું કામ કરી શકીએ. પણ અફસોસ એજ છે કે પોતાનું પોતાપણું સમજીને કામ કરે એવાં માણસોનીજ આપણા દેશમાં બહુ મ્હોટી ખોટ છે. હું ધારૂં છું કે તમારી ફી પણ બેચાર રૂપિયા હશે?"

મ્હે કહ્યું:-નહિ મુરબ્બી મ્હારી ફી દસ રૂપિયા છે. તેણે કહ્યું:- "ભાઈ, મ્હને માફ કરજો, પણ થોડાં કડવાં વચનો કહેવા દો."

તમને દસ રૂપિયા ફી લેતાં આવડે છે, પણ દરરોજ દસ ગરીબ દર્દીઓને મફત દવા દેતાં આવડે છે?

દસ રૂપિયા ફી લેવાની તમારામાં હીમ્મત છે પણ દસ દર્દીઓને વગર ફીએ દિલાસો આપવાની તમારામાં હીમ્મત છે? તમારા પરીક્ષકો પાસે પાસ થવાની તમે મહેનત કરી છે, પણ તમારા અંતઃકરણ પાસે પાસ થવાની તમે તજવીજ કરી છે? અને ગરીબ તવંગર બધાંને એક લાકડીએ હાંકી દસ રૂપિયા ખીસ્સામાં મૂકી દેવાની તમારામાં આવડત છે, પણ દર્દીની સ્થિતિ જોઇને તેની ઉપર દયા કરવાની તમારામાં આવડત છે? કહો કે નહિ. એતો બરોબર બની શકતું નથી.-શરમાવ છો શા માટે? એટલું તો કબૂલ કરો."

મ્હેં કહ્યું:-મુરબ્બીજી, આપની વાત સાચી છે, પણ મ્હારા બાપ કાંઇ બે લાખ રૂપિયા મૂકી ગયા નથી. મ્હારે તો મહેનત કરીને કમાઇ ખાવાનું છે; વળી હું કુટુંબવાળો માણસ છું, એટલુંજ નહિ પણ અમારૂં ખાનદાન બહુ સારૂં ગણાય છે, માટે મ્હારે મ્હારા

મોજ્મા પ્રમાણે રહેવું જોઇએ. હાલના વખતમાં દેખાદેખીના ને ફેક્ટની ફિશિયારીનાં ખર્ચ કેટલાં બધાં વધી ગયાં છે, તે તો તમે જાણોછો, એ બધું કાંઇ પૈસા વિના થાય નહિ, અને કડક રહ્યા વિના કાંઈ લોકો પાસેથી પૈસા કઢાવી શકાય નહિ, માટે મનમાંથી ઘણો સમજાંછું કે આ ગરીબ માણસ છે, ને મ્હારૂં એટલું બધું બીલ ચૂકવવાની તેની તાકાત નથી, તેથી મનમાંથી તેની ઉપર દયા આવે છે, તોપણ મ્હારા સ્વાર્થને ખાતર એ દયાની લાગણીને હું દાબી દઉંછું; કારણ કે મને એમ લાગે છે કે જો એવી રીતે બધાંની દયા ખાઇશ તો મ્હારી બાઇડી કાંઈ મોતીની માળા પ્હેરી શકશે નહિ, ને તેની સાથે ઘરની ઘોડાગાડીમાં બેસીને હું કાંઈ ગવર્નરની પાર્ટીમાં જઇ શકીશ નહિ. અલબત, મ્હારી પાસે આજે પાંચ પૈસાનો જીવ છે, હું કાંઇ સાવ ખાલી નથી, પાંચસો રૂપિયા દર મહિને કમાઉંછું, અને તોપણ હજી મને પૈસા તો જોઇએ છે. તમારા જેવો સંતોષ કાંઇ મ્હારાથી રહી શકે તેમ નથી.

પોતાનું પોતાપણું સમજીને કામ કરો.

વૈદ્યરાજે કહ્યું:—"ભાઈ, દરેક માણસોએ કમાવવુંજ જોઇએ, કારણ કે જે માણસો ન કમાય એટલે કે આળસુ થઇને બેઠા રહે તે ભીખ માગે અથવા મોજ–શોખમાં વખત ગાળે, તેનો બોજો દેશના બીજા કોઇક પણ લોકો ઉપર પડે છે, માટે દરેક માણસે પોતાની પાસે ગુજરાનનાં સાધન હોય તોપણ કાંઈક ને કાંઇક કામ તો કરવુંજ જોઇએ. આવું સમજતાં છતાં હું તમોને પૈસા મેળવવાની ના કેમ પાડું ? તમે પૈસા ન મેળવો એમ હું નથી કહેતો, પણ જરાક વધારે લાગણી રાખીને કામ કરો, એટલુંજ હું કહુંછું. આપણે મનુષ્ય છીએ, ઉત્તમતા મેળવવાના અધિકારી છીએ, અનુકૂળ સંયોગમાં

છીએ, અને બીજાઓએ આપણે માટે ઘણું કરેલું છે, એટલુંજ નહિ પણ આપણા ભાઈબંધો હાલમાં બહુ દુઃખી હાલતમાં છે, માટે આપણે પણ કોઇકસારૂ કાંઈક કરવું જોઇએ, એટલું ધ્યાનમાં રાખીને આપણે કામ કરવું જોઇએ, એમ હું કહું છું. પૈસા નહિ કમાવા, એમ હું કહેતો નથી, પણ પોતાનું પોતાપણું સમજીને કામ કરવું, એમ હું કહું છું."

"ભાઈ, શું તમે એમ સમજો છો કે ભલાં કામ કરવાવાળા ભૂખે મરે? કદિ પણ નહિ. એટલું ખરૂં કે શરૂઆતમાં દુનિયા, તેનો પોતાનો સ્વભાવ તથા ઈશ્વર તેની કસોટી કરે છે; અને કસોટી તો હમ્મેશાં આકરીજ હોય છે, એટલે થોડો વખત આપણા ન્હાના મ્હોટા કામના પ્રમાણમાં અને આપણી ઢચુપચુ ઇચ્છાના પ્રમાણમાં કાંઈક કાંઈક સહન કરવું પડે છે ખરૂં; પણ એ પરીક્ષામાં પાસ થઈ ગયા પછી તો ફતેહના ડંકાજ હોય છે. તમે થોડો વખત વધારે ખુલ્લું મન રાખીને દયાની લાગણીથી કોઈપણ ભલું કામ કરો અને પછી જુઓ કે તેમાંથી કેટલો બધો ફાયદો થાય છે! એ ફાયદા સામે તમે જોશો ત્યારે તમે અજબ થશો અને તમને એમ લાગશે કે મ્હારા જરાક જેટલાં ભલાંકામનું આટલું બધું મ્હોટું ઇનામ! જો જરાક વધારે ખુલ્લું દિલ રાખીને થોડાક જણાની ફી માફ કરશો અને થોડાક જણા ઉપર દયા કરશો તો યાદ રાખજો કે વરસ બે વરસમાં તમારી બેવડી ઘરાકી થઈ જશે. ભાઇ, તમારામાં હીમ્મત નથી, બાકી જો શુદ્ધ અંતઃકરણથી ગરીબોને મફત દવા આપવાનું શરૂ કરો તો બે ચાર વરસમાં એની મેળે તમને કોઈ પ્રભુનો લાલ મળી આવશે કે જે તમારૂં બધું ખરચ નિભાવશે, અને ઉલટું તમારૂં કામ વધારી આપશે. પણ એ બનવું મુશ્કેલ છે, એવી ધીરજ આપણે રાખી શકતા નથી, કારણ કે ઇશ્વરીસ્નેહની મહત્તા આપણે

સમજતા નથી, તેથી ગરીબોને ખાતર આપણે જે કાંઇ કરીએ છીએ તે સીધી રીતે ઇશ્વિરને પહોંચી જાય છે, એમ આપણે અનુભવી શકતા નથી, અને એવો અનુભવ અથવા એવી ચોખ્ખી સમજ ન થાય ત્યાંસુધી આપણે આપણા સ્વાર્થને છોડી શકતા નથી. ભ્રાતૃભાવની ઇશ્વરીસગાઇ એટલે શું ? એ સગાઈ પાળવામાં કેટલું બધું મ્હોટું ફળ છે ? અને એ સગાઇથી ભવિષ્યમાં આપણી પ્રજાનું કેટલું બધું કલ્યાણ થઇ શકે, એ તમે જાણોછો ? એ જાણવું હોય તો દૂર શા માટે જઇએ ? તમારા પોતાનાજ છોકરાના વિચાર જાણો, એટલે બસ છે. એના વિચાર જાણશો એટલે તમોને મનમાંથી એમ લાગી આવશે કે કાંઇ નહિ તો આ બચ્ચાંઓના દિલમાં સારા સંસ્કાર બેસાડવા માટે પણ મ્હારે ભલી લાગણી રાખવી જોઇએ. બોલો, તમારો છોકરો પોતાના ભવિષ્ય માટે શું ધારે છે ? તે આગળ જતાં કેવી રીતે જીંદગી ગુજારવા માગે છે ? એ માટેના તમે કાંઈ એના વિચારો જાણો છો ? જાણતા હો તો કહો."

છોકરાંઓમાં માબાપની અસરઃ-

મ્હેં કહ્યું:-મ્હારો બાપુ! ઓહોઃ એતો બડો તેજ છે! હાલમાં તેને દસમું વરસ ચાલે છે, એટલામાં તો તે કહે છે કે, બાપુકાકા, તમે બાઇસિકલ લીધી છે, પણ હું તો મ્હારે માટે મોટરકાર લઇશ. તમે દસ રૂપિયા ફી લો છો, પણ બંદો વીસ રૂપિયા ફી લેશે. તમે તો જે. પી. છો, પણ હું તો ઑનરેબલ થઇશ. તમે કાગળની બીડી પીઓ છો, પણ હું તો ચીરૂટ પીશ. તમે એક ઘોડાની ગાડી રાખો છો, પણ હું તો જોડીની ગાડી રાખીશ. તમારા દોસ્તોને ઘેર તમે છાનાછાના જમી આવો છો, પણ હું તો વિલાયત જઇને ગોરીગોરી મડમોના હાથનું ઝાહેર રીતે જમીશ. તમે સેકન્ડકલાસમાં મુસાફરી કરો

છો પણ બંદો તો ફર્સ્ટ કલાસમાં બેસશે. તમે એલ. એમ. છો, પણ હું તો એમ. ડી. થઈશ; અને તમે દર્દી પાસેથી રોજના ચાર આના ને છ આના લો છો, પણ હું તો રોજના આઠ આના, બાર આના ને રૂપિયો લઇશ !! જો એમ ન કરૂં તો મ્હારૂં નામ બાપુલાલ નહિ ! આવી આવી આપણને ગમ્મત ઉપજે એવી તે ઘણી વાતો કરે છે. જ્યારે તે ન્હાનો હતો ત્યારે તેની મા આવી આવી વાતો શીખવ્યા કરતી, તે હવે તેના મનમાં બરોબર જામી ગઇ છે.

વૈદ્યરાજે કહ્યું:–"જોયું ભાઇ! તમારો લોભ, તમારી મોજ- શોખની ઇચ્છા અને તમારી આગળ વધવાની હોંશ તેનામાં કેવી સીધીરીતે ઉતરી છે તે જોયું ? હવે મ્હારા શંકરના વિચાર જુઓ." એમ કહીને તેણે પોતાના મ્હોટા છોકરાના છોકરાને બોલાવ્યો. તેની ઉમ્મર સત્તર વરસની હતી. તેણે આવીને પૂછ્યું:–"કેમ દાદાજી, શું હુકમ ? "

વૈદ્યરાજે કહ્યું:–"આ ડૉક્ટર સાહેબ કહે છે કે તમારો શંકર બહુ હુશીયાર છે, તેને મ્હારી સાથે મુંબઈ મોકલો તો તેડી જાઉં."

શંકરે કહ્યું:–"હું મુંબઇ જઇને શું કરૂં"

વૈદ્યરાજે ખુશનુમા સ્વભાવથી જરા હસતે મુખે કહ્યું:–"આ ડૉક્ટર તને ડૉક્ટરી વિદ્યા ભણાવશે, એમાં તો બહુ તડાકો પડશે. પા અર્ધા કલાકના દશ પંદર રૂપિયા ફી મળે, ને એક એક ગોળીના કે એક એક પડીકીના ચાર ચાર છ છ આના મળી જાય. અહિં ત્હારો બાપ મફતનાં પડીકાં બાંધ્યા કરે છે તે બસ છે, હવે તું તો કાંઇક કમાતાં શીખ! મુંબઇ જઇશ તો ડાહ્યો થઇને આવીશ, વળી ત્યાં મ્હોટા મ્હોટા લોકોની ઓળખાણ થશે, તેથી ત્હારૂં માન બહુ વધી જશે ને તું મ્હોટો માણસ થઇ શકીશ. એ પછી જો અમલ- દારોની ખુશામત કરતાં આવડશે તો ખેતાબનાં પૂછડાં પણ મળશે,

અને તું પૂછડાંવાળો થાય તો અમને જોવાની મજા તો પડે! આપણી સાત પેઢીમાં કોઇ પૂછડાંવાળો નથી થયો, માટે તું થાય તો ઠીક. વળી ત્યાં નાટક—ચેટકના શોખવાળી ને દવાની બાટલીની દોસ્તીવાળી ગોરી ગોરી વહુ મળશે. કેમ બચ્ચા! શું વિચાર છે? ડૉક્ટર સાહેબ સાથે મુંબઇ જવું છે કે નહિ?"

શંકરે કહ્યું:—"શું દાદાજી, હું પૂછડાંવાળો થાઉં? વાહ, વાહ, વાહ! તમારે મને પૂછડાંવાળો કરવો છે કાં? પણ આ શંકર કાંઈ એવો કાચો નથી કે પૂછડાંના મોહમાં ગરીબોની સેવા ભૂલી જાય! આ ડૉક્ટર સાહેબ જેવા જેઓ પૂછડાંને યોગ્ય હોય તેને ભલે પૂછડાં મળે, વિશ્વનાથ મને એવાં પૂછડાં ન આપે! મ્હોટી ફી લેવા સારૂજ હું ડૉક્ટર થાઉં કે? ત્યારે ધૂળ પડી મ્હારા ડૉક્ટરપણામાં! પહેલેથીજ ફીની ઇચ્છા રાખીને કામ કરવું તેનો અર્થ તે એજ કે જેમ ડૉક્ટરના હાથમાં નસ્તર પકડેલું હોય છે તેમ તેના મનમાં પણ ફીરૂપી નસ્તર હોય છે. એવું ડૉક્ટરપણું મને નથી જોઇતું. મને અહિં તમારી પાસે શું કમી છે કે હું પહેલેથીજ એવી ફીની ઇચ્છા રાખીને કામ કરતાં શીખું? દાદાજી, તમારો શંકર એવો લોભીઓ થાય તોપછી થઈ રહ્યું! મ્હારી તો એવી ઇચ્છા છે કે, ચરક-સુશ્રુત પૂરાં થઈગયા પછી થોડો વખત સાધુ બનીને સાધુઓમાં ને ફકિરોમાં જંગલે જંગલે અને પહાડે પહાડે રખડવું છે, અને તેમાંથી ક્ષયની, કોઢની કે રક્તપિત્તની જડીબૂટી શોધવી છે. જ્યાંસુધી એવી કોઈપણ જાતની સિદ્ધદવા ન મળે ત્યાંસુધી હું જંપીને બેસવાનો નથી, અને ત્યાંસુધી હું લગ્ન કરવા પણ ઇચ્છતો નથી. મ્હારી મા લગ્ન માટે ઉતાવળ કરે છે, પણ તમે મ્હારી તરફેણમાં છો એટલે કાંઇ ફિકર નથી. હજી તો હું ન્હાનો છું, પણ જ્યારે મ્હોટો થાઉં ત્યારે પણ જ્યાંસુધી કાંઇ પણ સારૂં કામ બરોબર રીતે ન કરી શકું, ત્યાંસુધી હું લગ્ન કરવા ઇચ્છતો નથી; અને જ્યારે લગ્ન કરવાની

મરજી થશે ત્યારે પણ મુંબઇની આપલપોપલીયાંવાળી અને નાટક-ચેટકના શોખવાળી બાઇડી તો મને નહિજ જોઇએ; પણ હું તો ખાંડણી દસ્તો લઇને મ્હારી દવા કૂટી આપે અને ગરીબ દર્દીઓને પોતાના ભાંડુ જેવાં સમજીને તેનાં મળમૂત્ર ધુએ, તેવી બાઇડીને પસંદ કરીશ.”

“ દાદાજી, હું જોઉંછું કે અમે જ્યાં જ્યાં જઇએ છીએ ત્યાં ત્યાં અમો સૌને તમારા પ્રતાપે માન મળે છે, અમે જેને ન ઓળખતા હોઇએ તેવા અજાણ્યા લોકો પણ અમને ઓળખે છે, અને અમારી ઓળખાણ કરવા ઇચ્છા રાખે છે. આખા હિંદુસ્તાનમાં તમારૂં નામ છે, તમારા પરોપકારની વાતો સાંભળીને મ્હોટા મ્હોટા લોકો ખાસ ચાહીને તમને મળવા આવે છે. જો તમે ઇચ્છા રાખો તો ઘણા શ્રીમંતો તમને ધનની મદદ આપવા ખુશી છે. બીજાઓને ખ્યાલ પણ ન આવી શકે તેવા આશીર્વાદનો વરસાદ હમ્મેશાં આપણા કુટુંબ ઉપર વરસ્યાજ કરે છે. આપણી ઇચ્છા વિના પણ સેંકડો ગરીબો દેશના જૂદા જૂદા ભાગોમાં પોતાના હૃદયના ઉભરા ખાલી કરતે કરતે આપણી કીર્તિ ફેલાવ્યા કરે છે, અને હજારો લાચાર માણસો કે જે નિરાશ થઇને તમારી પાસે રોતાં રોતાં આવ્યાં હતાં તે હસતાં હસતાં પોતાને ઘેર ગયાં છે. એ શું થોડી વાત છે? આ કરતાં માણસો વધારે બીજું શું માગે? આ દુનિયામાં માણસોને ધન અને માન એ બે વસ્તુ જોઇએ છે, તે બન્ને વસ્તુ તો ગરીબોની સેવાને લીધે તમારા પગમાં લોટે છે! એ બધું છોડીને હવે વળી હું ફી લેવા તે ક્યાં જાઉં? એવી ફી તો આ ડૉક્ટર સાહેબ જેવાઓને માટેજ રહેવા દો, અને દાદાજી મને તો દવાઓની શોધ કરવા માટે જંગલમાં જવા દો.”

“ ડૉક્ટર સાહેબ, મુંબઇની મેડીકલ કૉલેજના અભ્યાસ માટે મ્હેં બહુ સારૂં સારૂં સાંભળેલું છે, એટલે તે જોવા માટે હું આવી

જઇશ, પણ ત્યાં રહેવાની મ્હારી ઇચ્છા નથી; કારણ કે ત્યાંતો ઘણુંએ ધર્માદાદવાખાનાંઓ છે, પણ આપણા યાત્રાનાં સ્થળો કે જ્યાં એવાં દવાખાનાંઓ નથી તથા નાતજાતના ભેદને લીધે, ગરીબાઇને લીધે, અને જ્યાંનાં હવા પાણી ખરાબ હોવાથી તથા સગવડતા નહિ સચવાવાથી સેંકડો લોકો બિમાર પડે છે તેવાં કોઇ સ્થળમાં આગળ જતાં હું ધર્માદાદવાખાનું ખોલવાની ઇચ્છા રાખુંછું.”

“ ડૉક્ટર સાહેબ, બીજી એક મ્હારી વાત સાંભળોઃ હું દાદાજીને કહુંછું કે તમે શક્તિવાન છો તેથી તમોને જોઇએ એટલી મદદ મળી શકે તેમ છે, માટે દસ વીસ દર્દીઓને આપણે ઘેર રાખવાની ગોઠવણ કરવી જોઇએ; કારણ કે હું જોઉંછું કે કેટલાક ઘરબાર વિનાના લોકો તો બહુજ દુઃખી હોય છે, કેટલાકોને ઘેરે કોઈપણ જાતની સગવડતા હોતી નથી, એટલુંજ નહિ પણ કેટલાક રોગ એવા હોય છે કે જેમાં વારે વારે વૈદ્યની મદદની જરૂર હોય છે. આ બધું જોઇને મને બહુ દયા આવે છે, માટે હું દાદાજીને કહુંછું કે એવા દર્દીના ખાટલા આપણા ઘેર રાખવાની ગોઠવણ કરો તો તેઓની સારવાર કરવાનું કામ હું ઉપાડી લઇશ, પણ દાદાજી કહે છે કે, એ ખરચ આપણને પાલવે નહિ, અને એવી ઉપાધિ એકલા હાથે ઉપડી શકે નહિ. દાદાજી ભલે એમ કહે, પણ જ્યાંસુધી એવી કાંઇ ગોઠવણ ન થાય ત્યાંસુધી મ્હારા દિલમાં સંતોષ થવાનો નથી; માટે હમણાં નહિ તો પાંચ વરસ પછી પણ એ કર્યે છૂટકો છે ! ડૉકટર સાહેબ, દાદાજી ગુસ્સે તો થશે પણ હજી એક વાત મને કહેવા દોઃ કોઇ કોઇ વખત કાપકૂપના કામ માટે બહુ અડચણ પડે છે, આટલા બધા દર્દીઓમાં એવા દર્દી પણ ઘણા આવે છે, પણ અમે કોઈ નસ્તર કે પ્લાસ્ટર મૂકવાની વિદ્યા જાણતા નથી, માટે એ કામ સારૂ જો તમે અહિં રહી જાઓ તો ઉપકાર બહુ થશે, પણ તેમાં સરત એટલીજ

કે અમારી પાસે ફી નથી, અમારી પાસે તો ખીચડું ખાવાનું છે. જો અંતરની દયાને લીધે ગરીબોને ખાતર ખીચડું ખાઇને રહેવું હોય તો તમારે માટે મેદાન તૈયાર છે. પાછળથી તમે કહો કે અમારા લાયક કાંઈ કામકાજ અમને કાં ન કહ્યું? તે સારૂ આ સૂચના કરૂંછું."

આ સાંભળીને વૈદરાજ જરા હસ્યા અને તેને કાંઇક કહેવાના હતા, એટલામાં મ્હેં કહ્યું કે, અહો! તમારો શંકર તો બડો પક્કો છે, મ્હારા કાન કાપી લે તેવો છે, પણ હું કાંઇ મ્હારી ફી છોડી દઉં તેવો કાચો નથી!

ભલાં કામોની અસર:-

વૈદરાજે કહ્યું:-"તમારી ફી તમોને મુબારક, પણ ભાઈ, આપણા ગુણો તથા આપણા અવગુણો આપણાં બચ્ચાંઓમાં કેવી રીતે ઉતરે છે, અને એથી ભવિષ્યની પ્રજા ઉપર આપણા હાલનાં કામોથી આપણે કેવી રીતે અસર કરી શકીએ છીએ, તે સમજવા માટે આ છોકરાઓની વાતો આપણે ધ્યાનમાં રાખવી જોઇએ. એ ઉપરથી શું તમોને એમ નથી લાગતું કે જો આપણે કોઈ પણ જાતનો સારો દાખલો બેસાડયો હોય તો તે હાલના વખતમાં ઉપયોગી છે, એટલુંજ નહિ પણ ભવિષ્યની પ્રજાને તે સારો દાખલો વારસારૂપ થઈ પડે છે, અને જ્યાંસુધી એ દાખલાની ભલી અસર દુનિયામાં રહે ત્યાંસુધી આપણે કીર્તિરૂપે જગતમાં જીવતા રહીએ છીએ. એ શું થોડું છે કે? ભાઈ, ભલાંકામથી હાલમાં આપણને કદાચ કાંઈ પણ લાભ ન થાય તોપણ આપણાં આચરણો સુધરે, આપણામાં કર્ત્તવ્ય કરવાનું બળ આવે, આપણા છોકરાંઓ સુધરે અને આપણે ભવિષ્યની પ્રજાને ભલાઇનો વારસો આપી શકીએ, તથા આપણે મરી ગયા છતાં કીર્તિરૂપે જીવતા

રહી શકીએ, એ શું થોડી વાત છે ? આપણાં ભલાંકામોથી કોઇપણ માણસના દિલમાં દયાની લાગણી જગાડવા જો આપણે શક્તિવાન થઈ શકતા હોઇએ, કોઈ પણ માણસના મનમાં મનુષ્યપણું જગાડી શકતા હોઈએ, કોઇ પણ માણસના દિલમાં તે પોતે પોતાને ઓળખી શકે એવી લાગણી જગાડી શકતા હોઇએ, કોઇપણ માણસના મનમાં પુરૂષાર્થનાં બી રોપી શકતા હોઇએ, કોઈપણ માણસની બુદ્ધિને નવો ખોરાક આપી શકતા હોઇએ, કોઈપણ માણસના મનમાં જ્ઞાનનાં બીજ રોપી શકતા હોઇએ અને કોઈપણ માણસના હૃદયમાં પ્રભુપ્રેમ જગાડી શકતા હોઇએ એટલે કે તેનામાં નવુંજીવન લાવી શકતા હોઇએ, તો એ શું ઓછું પુન્ય છે કે ? ભાઈ, એ વાતને ન્હાની સમજશો નહિ. આ બધું અને એ કરતાં પણ ઘણું વધારે આપણાં ભલાંકામોમાંથી થાય છે, માટે જેમ બને તેમ ઉચ્ચહેતુ રાખીને પ્રભુપ્રીત્યર્થે જેટલાં બને એટલાં દયાનાં કામો કર્યા કરવાનું અમે કહીએ છીએ; કારણ કે અમે તો એમ સમજ્યા છીએ કે જગતમાં ઇશ્વરીસ્નેહ ફેલાવવો એટલે કે જેમ બને તેમ કોઇને કોઇ રૂપમાં પણ જગતની સેવા કરવી, એજ સુખનો સાચામાં સાચો ઉપાય છે, અને એજ ઇશ્વરને પામવાનો માર્ગ છે; માટે અમે તો એજ રસ્તે જીવન ગાળવા ઇચ્છીએ છીએ, અને શુદ્ધ અંતઃકરણથી તમોને પણ એજ ભ્રાતૃભાવની ઇશ્વિરીસગાઇનો સનાતન ધર્મ સ્વીકારવાની ભલામણ કરીએ છીએ. ”

વાતોમાં ગળ્યા તેમાં શું વળ્યું ?

સ્વામીજી, તે બુઢ્ઢા વૈદરાજની આ વાતો સાંભળ્યાથી અને તદ્દન નિસ્પૃહિપણે તેને ઘેરે દરરોજ ચાલતો પરમાર્થ જોયાથી મ્હારા મન ઉપર બહુ ઊંડી અસર થઈ છે. મ્હારૂં જીવન હજી કેટલું બધું હલકું છે, અને મહાત્માઓનું જીવન કેવું ઉત્તમ હોય છે, તે એ

વૈઘરાંજનો સેવાધર્મ જોયા પછી હું બરોબર રીતે સમજી શક્યો છું. એ પછી હું બહુ મ્હોટો માણુસ છું, એમ જે મ્હારા મનમાં મોહ હતો તે મટી ગયો છે, અને ત્યારથી મ્હારી ખાત્રી થઈ છે કે, અમે તો હજી 'નહિ ત્રણુમાં, નહિ તેરમાં, ને નહિ છપ્પનના મેળમાં' એવાજ છીએ.

ઠાકોર સાહેબે કહ્યું:-સ્વામીજી, ડૉક્ટર તો ગળ્યા ! આપણી મંડળીમાંથી આવી રીતે ધીરે ધીરે જો સૌ ભાઇઓ ગળતા જાય તો તો ભારે થાય.

મ્હેં કહ્યું:-વાતોમાં ગળ્યા તેમાં શું વળ્યું ! કામમાં ગળવા જોઇએ. ડૉક્ટર સાહેબ, વાતો કરીને મફતનું માન ન લઈ જાઓ. જે આ બે દાખલા અમને કહ્યા એમાંથી તમે શું મેળવ્યું તે કહી બતાવો, ત્યારે તમારી ખુબી ! એવી રીતે વાતો કરતાં તો તમારા કરતાં આપણા પંડિતજીને વધારે આવડે છે, પણ "લેના દેના ખેરસલ્લા ઓર લડનેમેં મજબૂત," એમાં શું વળે ?

ડૉક્ટરે કહ્યું;-હું તો હજી ભેંસો છોડીને ખીલાનાં દાન આપી દઉં તેવો છું, હજી ખુલ્લા દિલે કામ લઈ શકતો નથી, તોપણ આ દાખલો જોયા પછી હૃદયમાં દયાનો ફણુગો ફુટી ચૂકેલ છે, એટલે જરાતરા પણ કાંઈ બને છે. જો કે એટલાથી મને સંતોષ થતો નથી, તોપણ મનને એમ સમજાવું છું કે બીજાઓ કાંઈ નથી કરતા તે કરતાં આપણે ઠીક કરીએ છીએ. મહારાજજી, હાલમાં તો મ્હારી આવી દશા છે, પણ આશા છે કે આપના સત્સંગથી આગળ જતાં કાંઇક સુધરી શકીશ.

મહારાજે કહ્યુ:-બેશક તમે સુધરી શકશો, કારણ કે તમારી ભૂલ તમે સમજો છો અને ઉચ્ચતા તરફ તમારૂં લક્ષ છે, એટલે તમારે માટે અમોને સારી આશા છે; પણ હવે એટલી ભલામણ છે કે

ઢીલાપણું રાખીને વખતની વાર જોયા કરો નહિ, પણ દૃઢતાથી ઝપાટાબંધ આગળ વધો, અને ઇશ્વરના કૃપાપાત્ર છો, એમ ખાત્રી કરી આપો. ડૉક્ટર સાહેબ, અમે તમને લેલેપેપે જોવા માગતા નથી, પણ અમે તો તમને એક મર્દ માણસ જેવા જોવા ઇચ્છીએ છીએ, માટે ઇશ્વરીસ્નેહના રસ્તામાં કાંઇક પુરૂષાર્થ કરીને જીંદગીની સાર્થકતા કરી લો. મનને જરાક વધારે મજબૂત કરો એટલે એ બધું સ્હેલાઇથી થઈ શકે તેમ છે. હવે તમે કાંઈ ઉમ્મરે ન્હાના નથી, ડહાપણમાં ઓછા નથી અને ઇશ્વરની કૃપા પણ તમારી ઉપર કાંઇ જેવી તેવી નથી, માટે હવે માત્ર વાતોમાંજ ન રહી જતાં ખુલ્લું દિલ રાખીને કાંઇક વધારે પુરૂષાર્થ કરી બતાવો, એમ અમે સૌ ઇચ્છીએ છીએ; કારણ કે તમે અમારા બંધુ છો, અને તમારા હિતમાં અમારૂં પણ હિત છે, માટે અમે પ્રાર્થના કરીએ છીએ કે પ્રભુ તમને સદ્‌બુદ્ધિ આપો, અને દિન પ્રતિદિન તમારે હાથે રૂડાંકામો થાઓ.

મહારાજજીના આવા અભિપ્રાય અને આવા આશીર્વાદથી ડૉક્ટર સાહેબમાં નવુંબળ આવ્યું. તેઓ આનંદમાં આવી ગયા અને મનમાં કાંઇક શુભવિચાર કરતા હોય એવા વિચારયુક્ત દેખાવા લાગ્યા. એ જોઇને મ્હેં કહ્યું કે, ડૉક્ટર સાહેબ, હવે આજથી તમારૂં માન વધ્યું છે, કારણ કે ઉચ્ચતા તરફ તમારૂં લક્ષ છે, ને તમે સુધરી શકશો એમ મહારાજજીએ તમોને સર્ટિફિકેટ આપ્યું છે, માટે એ ખાતે હું તમોને મુબારકબાદી આપું છું. એમ કહીને મ્હેં બૅરિસ્ટર સાહેબને કહ્યું કે, હવે કાંઇક તમારા અનુભવની ખુબીદાર વાત કહો.

બૅરિસ્ટર સાહેબનો અનુભવઃ-

ઠાકોર સાહેબે કહ્યુંઃ-બૅરિસ્ટર સાહેબનો અનુભવ બહુ બહોળો છે, એટલે તેમની પાસેથી આપણને ઘણું નવું જાણવાનું મળી શકશે.

ઑરિસ્ટરે કહ્યું:—નહિ નહિ, એટલું બધું તો કાંઈ નહિ, તો પણ બે ત્રણ દાખલા એવા જાણું છું કે જેણે મ્હારી જીંદગી ઉપર કાંઇ અસર કરી હોય.

બાવાજીએ કહ્યું:—એવાજ દાખલાઓનું આપણને કામ છે.

ઑરિસ્ટરે કહ્યું:—બાપુજી નામે એક મરાઠો ગૃહસ્થ છે, તે મીલમાં મુકાદમનું કામ કરે છે. તેનો કુટુંબી મીલ્કત સંબંધી કેસ મ્હારી મારફત હાઇકૉર્ટમાં ચાલતો હતો તેથી તે વખતો વખત મને મળ્યા કરતો હતો. એ માણસ ગરીબ સ્થિતિનો ને બચરવાળ હતો. મહિને સાઠ રૂપિયા તેને પગાર મળતો, તેમાં તે આનંદથી રહેતો હતો. તે બહુ ભણેલો નહોતો પણ એટલો બધો ભલો હતો કે હું તેની રીતભાત જાણીને બહુ અજબ થતો હતો. તેના પિત્રાઈ કાકાની સામે તેનો પચાસ હજાર રૂપિયાનો દાવો હતો, છતાં એ કામ માટે પણ તે મ્હારી પાસે ઘણીવાર વખતસર આવી શકતો નહોતો, તેથી હું ચીડાઇ જતો, અને તેને કહેતો કે, બાપુજી, આ શું? આવી બેદરકારી! પચાસ હજાર રૂપિયાનો કેસ છે, ને વળી સામે હરીફો મજબૂત છે, છતાં પણ જાણે કાંઈ જાણતાજ નથી! આવી બેદરકારી તો મ્હેં ક્યાંઈ ન જોઇ! જેની પાસે લાખો રૂપિયા છે તે પણ પૈસાની બાબતમાં તમારા જેવા બેદરકાર નથી હોતા, ત્યારે તમે ગરીબ માણસ એવી બેદરકારી કેમ રાખી શકો છો?

બાપુજીએ કહ્યું:—"સાહેબ, એ મ્હારી બેદરકારી નથી, પણ ગરીબોને કામ અપાવવા સારૂ મ્હારે રોકાઈ રહેવું પડે છે; કારણ કે હું જો કેસ હારી જઇશ તોપણ હું કાંઇ ભૂખે મરવાનો નથી, પણ જે ભૂખે મરે છે તેઓને ખાતર મ્હારે કાંઇક કરવું જોઇએ."

મને કાંઈ સમજાયું નહિ તેથી મ્હેં પૂછ્યું કે, તમે ગરીબોને માટે શું કરી શકો છો?

તેણે કહ્યુંઃ-"હું તેઓને જૂદી જૂદી મીલોમાં કામ અપાવું છું. દરરોજ બહારગામના સેંકડો મજુરો કામની આશાએ મુંબઇમાં આવે છે, પણ અહિં તેઓને કોણ ઓળખે ? એકદમ તેઓને કામ ક્યાંથી મળે ? અને તેઓની પાસે બેઠે બેઠે ખાવાના પૈસા તો હોય નહિ, તેથી તેઓના કેવા બૂરા હાલ થાય, એ કાંઈ તમે સમજો છો ? તેઓને મદદ કરવા માટે મને રોકાવું પડે છે, તેથી હું તમારી પાસે ટાઇમસર આવી શકતો નથી. આજે ગોવાની આગબોટ આવી છે, તેમાં એવાં નિરાધાર પચાસ કુટુંબો આવેલાં છે, તેને માટે તજવીજ કરવા સારૂ બીજા મુકાદમો પાસે હું ગયો હતો તેથી તમારી પાસે આવતાં વાર લાગી છે."

મહારાજજી, હું મ્હારા મિજાજમાં રહેતો અને કોઈ સાથે વધારે વાત કરતો નહિ, કામ જેટલા સવાલો ટુંકામાં પૂછી લીધા પછી જાણે તેને ઓળખતો પણ ન હોઉં તેમ હું મ્હારા ઘરાકો સાથે અક્કડતાથી વરતતો. તેઓ સલામ કરે તેના બદલામાં વળતી સલામ કરવાની પણ હું જરૂર સમજતો નહિ, અને તેઓના સવાલોનો હું ખુલ્લા દિલે સંતોષકારક જવાબ આપતો નહોતો, પણ ન ચાલે ત્યારે જાણે ઉપકાર કરતો હોઉં તેવી રીતે અક્કડતાથી કાંઈ કાંઇ બોલતો હતો. આવી મ્હારી રીતભાત હતી. બૅરિસ્ટરપણાના જ્ઞાનનું ફળ આવું અભિમાન હતું, યુનિવર્સિટીની ડીગ્રી જાણે મને કઠોર બનાવવાને માટેજ મળી હોય તેવાં મ્હારાં આચરણ હતાં, અને જાણે ગરીબોનો તિરસ્કાર કરવા માટે તથા ભાઇબંધીના રસ્તામાંથી નીકળી જવા માટે મને બૅરિસ્ટરનો ઝભ્ભો મળ્યો હોય એવી મ્હારી વર્તણુક થઈ ગઇ હતી; છતાં પણ બાપુજીની વાત એવી લાગણીવાળી હતી કે તે સાંભળવાની મને ઇચ્છા થઈ. ઈઝીચેર ઉપર પડીને બીડી પીતે પીતે મ્હેં તેને પૂછ્યું કે, બાપુજી, આ કામ કરવાની તમોને પ્રથમ

કેમ ઇચ્છા થઇ? આ સવાલ પૂછવાનું કારણ એ હતું કે, હું પોતે કાંઇક કાંઇક કરવા માગતો હતો, પણ કાંઈ કરી શકતો નહોતો, ઘણીએ ચોપડીઓ વાંચતો પણ તે અનુભવમાં આવી શકતું નહોતું, મનમાં તો ઘણી ઇચ્છા હતી કે હવે હું કાંઇક નમ્રતાવાળો થાઉં તો ઠીક, પણ તેમ થઈ શકતું નહોતું. આ વાત કરતી વખતે પણ બાપુજી ઉભો હતો અને હૉલમાં મ્હારી સામે પાંચ સાત ખાલી ખુરશીઓ પડી હતી, પણ બાપુજી, ખુરશી ઉપર બેસો, એમ મ્હારાથી કહેવાઇ શકાયું નહિ. કૉર્ટમાં લાંબાં લાંબાં ભાષણો આપવામાં હું હુશીયાર ગણાતો, અને અમારા મિત્રમંડળમાં પણ હું બહુ વાતોડો ગણાતો, એમાં મ્હારી જીભ થાકતી નહિ, પણ મને ફી આપી જનાર ઘરાકોને માત્ર ખુરશી ઉપર બેસવાનું કહેતાં પણ હું શરમાતો હતો!! મ્હારા પોતાના વિવેકને ખાતર પણ જ્યારે ગરીબોને માટે મ્હારી આટલી જીભ પણ ઉપડતી નહોતી ત્યારે તેઓના કલ્યાણમાં મ્હારા હાથ કામે લાગે, એમ તો ક્યાંથીજ બને? આવી મ્હારી સ્થિતિ હતી, તેમાંથી કેમ છુટી શકાય, અને બાપુજી જેવો સાધારણ માણસ એટલું બધું કામ કેમ કરી જાય છે, તે સમજવા સારૂ મ્હેં ઉપલો સવાલ પૂછ્યો હતો.

બાપુજીની વાતો.

દયાની લાગણી ખીલવાને લીધે બાપુજીનું આત્મિકબળ એટલું બધું વધી ગયું હતું કે તે કાંઈ મ્હારી અક્કડતાથી અંજાઈ જાય તેવો નહોતો, તેથી મ્હારા કહ્યા વિના મ્હારાથી જરા દૂરની ખુરશી ઉપર નિઃશંકપણે તે બેઠો, અને કહેવા લાગ્યો કે, " સાહેબ, એ બાબત બહુ દયાજનક છે. આજથી દસ વરસ ઉપર હું જ્યારે બહુ જુવાન હતો ત્યારે હાલના ઘણા જુવાનીયાઓની માફક હું પણ

કાંઈ બહુ સારી ચાલનો માણસ નહોતો, તેથી એક સ્ત્રી સાથે મને કાંઈ ખટપટ થઇ હતી. એ સ્ત્રીની ચાલ માટે હું શકની નજરે જોતો હતો, તેથી તેની ઉપર છુપી રીતે દેખરેખ રાખવાની હું તજવીજ કરતો હતો. એ વખતે એક દિવસ સાંજે મીલમાંથી છુટયા પછી વરલીના રસ્તા ઉપરનાં ખેતરોમાંનાં એક ઝાડ ઉપર હું છુપાઈ બેઠો, કારણ કે પેલી સ્ત્રીને નીકળવાનો એ રસ્તો હતો. થોડીવારમાં જરા અંધારૂં થતાં લથડતી લથડતી એક ઘાટણ આવી પહોંચી. તેણે આવી આજુબાજુ જોયું અને કોઇને નહિ દેખ્યાથી મ્હારી અજાયબી વચ્ચે પોતાનાં છોકરાંને કૂવામાં ફેંકી દીધું, ને તે પોતે પણ તેમાં પડવાની તૈયારીમાં હતી; એટલામાં મ્હેં ઝાડ ઉપરથી બૂમ પાડી, તેથી તે હેબતાઇ ગઈ, અને કૂવા પાસે નીચે પડી ગઇ. એ જોઇને ઝડપથી ભૂસકો મારીને ઝાડ ઉપરથી હું નીચે કૂદી પડયો. મને સ્વપ્નમાં પણ ખ્યાલ નહિ કે એ બાઇ પોતાનાં છોકરાંને કૂવામાં નાંખી દેશે! હું તેનો ઇરાદો પ્રથમથી સમજી શકયો નહિ, તેમજ એવી ઝડપથી તેણે છોકરાંને ફેંકી દીધું કે તેને બચાવી લેવા મ્હારા હાથમાં ટાઇમ રહ્યો નહિ. એ પછી બધાં લૂગડાંભેર તરત હું કૂવામાં કૂદી પડયો અને એ છોકરાંને બહાર કાઢયું. પણ અફસોસ કે તે મરી ગયું હતું. બિચારા એક વરસના ફૂલ જેવા ન્હાના બચ્ચાનું શું ગજું! હજી એ છોકરી મ્હારી નજર આગળ તર્યા કરે છે! એ છોકરીને મ્હેં કૂવામાંથી કાઢી એટલા વખતમાં તે બાઈ જરા શુદ્ધિમાં આવી હતી. મ્હેં તેને પૂછયું કે તમે કોણ છો? અને શા માટે આ છોકરીને કૂવામાં ફેંકી દીધી? એ સાંભળીને તે રોઈ પડી, ઘણી વારસુધી જવાબ દઈ શકી નહિ. છેવટ તેણે ખુલાસો કર્યો કે "અમે રત્નાગીરી જીલ્લામાં રહીએ છીએ. દેશમાં વરસાદની તાણને લીધે કાંઈ ધંધો–રોજગાર નહિ હોવાથી બહુ દુઃખી થતાં હતાં, તેથી મ્હારી નથ વેચીને જેમ

તેમ કરી આગબોટભાડાના પૈસા કરીને આજ નવ દિવસ થયાં અમે મુંબઇ આવ્યાં છીએ. હું મ્હારો વર ને બે ન્હાની છોકરીઓ. અમારી પાસે આગબોટનું નૂર બાદ કરતાં અહિં પહોંચ્યાં ત્યારે એક રૂપિયો ને સાડા છ આના હતા. અહિં અમારૂં સગુંવ્હાલું નથી, અમારા ગામવાળા બે ચારજણ અહિં છે, પણ તે ક્યાં રહે છે, તેનો કાંઇ પત્તો નથી. ઓરડી ભાડે લેવાના પૈસા ન હોવાથી અમે આ ખેતરમાં આવીને પડયાં છીએ. મ્હારો વર કાંઈ મજુરી શોધે છે, પણ હજી સુધી કાંઈ કામ તેને મળ્યું નથી. એક રૂપિયો ને થોડાંક દોઢીયાં તે આ મુંબઈ શહેરમાં અમો ચાર જણાંને કેટલા દિવસ ચાલે? એ પછી પીતળની તપેલી, થાળી ને લોટો હતો તે પણ મારવાડીને ત્યાં મૂક્યાં તોપણ ખરચી પૂરી થઇ નહિ. અમે સૌ કાલનાં ભૂખ્યાં છીએ. મ્હારો વર ભૂખ્યો ને ભૂખ્યો સવારમાં ઉઠીને મજુરી શોધવા ગયો છે, તે હજી સુધી પાછો આવ્યો નથી. ચાર વરસની મ્હોટી છોકરી ભૂખને લીધે રસ્તા ઉપર ઉભી ઉભી બહુ રોતી હતી, તેથી કોઇએ તેને દોઢી-યાના ચણા અપાવ્યા, તે ખાઇને ત્રણ વાગ્યાની સૂતી છે. મને ભૂખ્યે પેટે ધાવણ ક્યાંથી આવે? અને આ છોકરી મ્હારૂં લોહી પીતી હતી. મને ભૂખને લીધે માથામાં ચક્કર આવ્યાં ને આંખે તમ્મર આવ્યાં. એવી સ્થિતિમાં મને કાંઇ ભાન રહ્યું નહિ. બન્ને છોકરીઓનું રોવું મ્હારાથી ખમાયું નહિ. ન્હાની છોકરી ચણા ખાઇ શકે તેવી નહોતી, પણ તેને દૂધ ક્યાંથી અપાવું? હું કોની પાસે માગવા જાઉં? મને કોણ આપે? હાય હાય! મ્હારાથી ભીખ કેમ મંગાય? માગવાનો વિચાર આવ-તાંજ મને મનમાંથી કમકમાટી છુટે છે. મને મ્હારી માનાં લાડ યાદ આવ્યાં. મને મ્હારા સસરાનો સારો વખત યાદ આવ્યો. એક તરફ એ બધા વિચારો ને બીજી તરફ આવું દુ:ખ! દેશમાં પાછું જવા માટે પણ પૈસા ન મળે! રહેવાને માટે જગ્યો નહિ, જ્યાં જઇએ

ત્યાંથી ધક્કા મારીને લોકો કાઢી મૂકે ! આ નવ દિવસમાં અમે અઢાર ઠેકાણાં તો બદલી ચૂક્યાં. બે દિવસ થયાં આ ખેતરમાં પડયાં છીએ, ત્યાંથી પણ પોલીસ કહે છે કે ઉઠો. બે વખત તો સિપાઇ આવી ગયો. હવે ક્યાં જઇએ ? પંખીઓને પણ માળા હોય છે, કીડીઓને પણ દર હોય છે, વાઘ-વરૂને પણ ગુફાઓ હોય છે, અને સાપને પણ રાફડા હોય છે, પણ ભાઇ, અમોને આ તમારાં મુંબઈમાં ક્યાંઇ ઉભા રહેવાની જગ્યા નથી ! આવી હાડમારી તે ક્યાંસુધી ખમાય ? એ કરતાં મરી જાઉં તો છુટી જાઉં, એમ વિચારીને બીજું કાંઇ ન સૂઝવાથી એકાંત જોઇને હું તો આ કૂવામાં પડવા આવી છું. ભાઈ, છોકરાંઓ ભૂખે ટળવળે એ દુઃખ મ્હારાથી નથી જોવાતું. મ્હોટી છોકરી સૂઇ ગઇ છે એટલે તે બચી ગઇ, જો જાગતી હોત તો તેને પણ કૂવામાં ફેંકી દેત. હાય હાય ! પ્રભુએ અમને હાથપગ આપ્યા છે છતાં મ્હારાં છોકરાં ભીખ માગે ? એ દેખાવ વીકોબા પટેલની છોકરીથી નહિ જોવાય. એવી જીંદગી કરતાં મ્હોત શું ખોટું ? માટે ભાઇ, મને મરવા દો.” એમ કહી પાછી તે રોવા લાગી.

બૅરિસ્ટર સાહેબ, એ દેખાવ કેવો કરૂણાજનક હોય એ ખ્યાલ તમે કરી શકો છો ? વર ક્યાંક રખડતો હોય, છોકરી કોઇકના ખેતરમાં માટીના ઢેફાં ઉપર આખો દિવસ ઉઘાડી જગ્યામાં તડકામાં પડી રહી હોય, ત્યાંથી ઉઠાડી મૂકવા સિપાઇ ધક્કા મારતો હોય, પોતે બે દિવસની ભૂખી હોય, મનમાં જે કાંઈ સહનશીલતા હોય તે બન્ને છોકરાંઓની ભૂખની તાલાવેલીથી ખૂટી ગઈ હોય, આપઘાત કરવા નીકળી હોય તેમાંથી તુરતનીજ બચી ગઈ હોય, પોતાની છોકરીને પોતાના હાથે કૂવામાં ફેંકી દીધી હોય અને તેની લાસ પાસે પડી હોય, એ વખતે અજ્ઞાન ઘાટણના મનમાં કેટલું બધું દુઃખ થતું હશે, તે આપણે કેમ સમજી શકીએ ? એ વખતે મ્હોત વિના બીજા

તેને શું વિચાર આવી શકે? થોડીવારમાં ત્યાં ઘણાં માણસો ભેગાં થઇ ગયાં ને પોલીસ આવી પહોંચી. મુવેલી છોકરીની લાસ ઉપર જ્યુરી ભરાયા વિના તેને ઠેકાણે પડાય તેમ નહોતું, અને રાત્રિ પડી ગઇ હતી, તેથી તે બાઇને સિપાઇ પોલીસ ચોકીમાં લઇ ગયો ને તેની મ્હોટી છોકરીને હું મ્હારે ઘેર તેડી ગયો. એ પછી તે બાઇને ખાવાનું પહોંચાડીને હું તેના વરને શોધવા ગયો. બહુ તપાસ કર્યા પછી ઘણી વારે ખબર મળ્યા કે, ચીંચપોગલીના રસ્તા ઉપર એક માણસ બેહોશ થઇને પડેલો છે. રાત્રે નવ વાગે હું ત્યાં ગયો. એ વખતે ત્યાં માણસોનું ટોળું મળેલું હતું. કોઈ કહેતા હતા કે એ છાકટો થએલો છે, કોઈ કહેતા કે વાઈ આવી છે, કોઈ કહેતા હતા કે માંદો છે, કોઇ કહેતા હતા કે એ તો મરી ગયો છે; પણ કોઇ જાણતું નહોતું કે કામ ન મળવાથી ભૂખના દુઃખે તેના એવા હાલ થયા છે! બે દિવસનો ભૂખ્યો હોવાથી ને આખો દિવસ તડકામાં રખડવાથી ભૂખ તથા થાકની ગરમી મગજમાં ચડી હતી, અને મનમાં સેંકડો જાતના વિચારો આવવાથી તે જુવાન માણસ પોતાના મગજનું સમતોલપણું સાચવી શક્યો નહિ, તેથી ચક્કર આવતાં તે રસ્તામાં પડી ગયો હતો. સિપાઇ તેને હૉસ્પિટાલમાં લઇ જવાનું કહેતો હતો, પણ મ્હેં કહ્યું કે, તે મ્હારી ઓળખાણવાળો છે, અને તેણે કાંઈ ગુન્હો કર્યો નથી કે તે કાંઈ માંદો નથી, માટે મ્હારે ઘેર લઇ જવા દો, ને મ્હારૂં નામ ઠામ લખી લો. એ પ્રમાણે કરીને વિકટોરીયા ભાડે કરી હું તેને મ્હારે ઘેર લઇ ગયો. થોડીવારે તેણે પાણી પીધું, અર્ધો કલાક પછી દૂધ પીધું, કલાક પછી થોડું જમી શક્યો, ને બે કલાકમાં પાછો હુશીયાર થઇને સૂઈ ગયો. બીજે દિવસે જ્યુરી ભરાઈ, તેમાં એ બાઇએ કબૂલ કર્યું કે ભૂખના દુઃખથી કાયર થઇને મ્હેં તે છોકરીને કૂવામાં ફેંકી દીધી હતી, તેથી એ બાઇ ઉપર પોલીસકૉર્ટમાં

કેસ ચાલ્યો; પણ એ કેસનું પરિણામ આવતાં પહેલાંજ આ બનાવ બન્યા પછી ચોથે દિવસે તે ગુજરી ગઈ. તે જાતની ઘાટણ હતી છતાં પણ તે બહુ સારા ઘરની, ઘણીજ નરમ સ્વભાવની, બહુજ ચોખ્ખી અને ખરા સ્ત્રીભાવવાળી હતી, તેથી તેનાથી આ બધું દુઃખ, આવું અપમાન અને આવું પાપ ખમાયું નહિ; આ બધો બોજો તે બાપડી સીધે મારગે ચાલી જનારી અઢાર વરસની તદ્દન બીનઅનુભવી બાઈને બહુ ભારી થઈ પડયો; તેથી એ ફિકરમાં તે માંદી પડી, બે દિવસના તાવમાં તેને સન્નિપાત થઇ આવ્યો અને ચોથે દિવસે તે ચાલી ગઈ! બૅરિસ્ટર સાહેબ, સન્નિપાત વખતની તેની સ્થિતિને લગતા તેના કેટલાક બોલો એવા હૃદયભેદક હતા કે તે હજીસુધી હું ભૂલી શકયો નથી. એ બાઇ કાંઇ મ્હારી સગીવ્હાલી નહોતી કે મ્હારી જાતની પણ નહોતી, તોપણ તેના અકાળ મ્હોત માટે અને તેના હૃદયની લાગણીઓ માટે મને એટલું બધું લાગી આવે છે કે જ્યારે એ વાત મને યાદ આવી જાય છે ત્યારે મને રોવું આવી જાય છે.”

પુણેકર બોવાની કથા.

મહારાજજી, મ્હારી પાસે આ વાત કરતે કરતે પણ બાપુજીની આંખમાં આંસુ આવી ગયાં હતાં અને એ જોઇને મને પણ ગંભીર અસર થઈ હતી. એ પછી બાપુજીએ કહ્યું કેઃ “બીજે દિવસે રાત્રે આઠ વાગે હું પુણેકર બોવાની કથામાં ગયો. એ કથા પરેલમાં એક મેદાનમાં થતી હતી. તેમાં પુણેકર બોવા જ્ઞાનેશ્વરીગીતા સંભળાવતા હતા. દરરોજ આઠથી દસ વાગ્યાસુધી દોઢસો બસો માણસો તે કથા સાંભળવા આવતા હતા. પુણેકર બોવા સાથે મને બહુ સારી પીછાન હતી, તેથી તેણે મને પૂછયું કે, કાલે કેમ નહોતા આવ્યા? ત્યારે મ્હેં ગઇ કાલની બધી હકીકત સૌ માણસના સાંભળતાં તેમને કહી

બતાવી. એ સાંભળીને તે સાધુ મહારાજે કથા બંધ કરી ને પુસ્તક બાંધવા લાગ્યા. ત્યારે ઘણા લોકોએ પૂછ્યું કે, "મહારાજ આ શું ? કથા અધૂરી કેમ મૂકો છો ? હજી તો નવ વાગ્યા છે." મહારાજે કહ્યું:-

"કથા સુણી સુણી ફૂટયા કાન, તોય ન આવ્યું સાચું જ્ઞાન."

"ધૂળ પડી મ્હારી કથા કરવામાં, અને ધૂળ પડી તમારા સાંભળવામાં, જાઓ આ પુસ્તકને દરિયામાં ફેંકી દો, અને મને અહિં બાળી મૂકો ! એમ કહીને જોરથી તેઓએ પુસ્તકને મંડળી વચ્ચે ફેંકી દીધું, અને અતિશય ક્રોધાયમાન થઇને તેઓ એકદમ ઉભા થઈ ગયા." એ જોઇને ભાઉમાસ્તરે પૂછ્યું:-"મહારાજજી ! શું થયું ? બોલો તો ખરા ? આમ સૌને ગભરાવો છો કાં ?"

મહારાજે કહ્યું:-"હજી શું છે ? આપણી જાતવાળાઓ ભૂખના દુઃખે પોતાનાં છોકરાંઓને પોતાના હાથે કૂવામાં ફેંકી દે, અને હજી શું છે ? આવા પૈસાવાળા મુંબઈ શહેરમાં આપણા ધર્મબંધુઓ ભૂખે ટળવળી ટળવળીને મરી જાય ને હજી શું છે ? આપણા દેશીઓને કયાંઈ ઉભા રહેવાની જગ્યો ન મળે ને હજી શું છે ? શું છે પૂછતાં તમોને શરમ નથી લાગતી ? જાઓ, જાઓ, તમે બધા નાલાયક છો. તમારી આગળ કથા ! એવી કથામાં પલીતો મૂકો."

તાતીયા સાહેબે કહ્યું:-"પણ ગુરૂ મહારાજ ! એમાં અમે શું કરીએ ? એમાં અમારો શું વાંક ?"

તમે જે ધારો તે કરી શકો.

મહારાજે કહ્યું:-"તમે શું કરી શકો ! તમે જે ધારો તે કરી શકો. તમારો શું વાંક ! બધો વાંક તમારોજ છે. તમોને કામ લેતાં આવડતું નથી એ તમારો વાંક છે, તમારામાં સંપ નથી એ તમારો વાંક છે, તમારામાં સ્વદેશપ્રેમ નથી એ તમારો વાંક છે, તમે તમારો

ધર્મ સમજતા નથી એ તમારો વાંક છે. તમોને દારૂ પીવા પૈસા મળે, તમોને રાંડોના નાચ કરાવવા પૈસા મળે, તમોને કોર્ટો લડવા પૈસા મળે, તમોને વગર જરૂરના મોજ–શોખ કરવા પૈસા મળે અને તમારા બંધુઓનો અતિથિસત્કાર કરવાને માટે પૈસા નથી મળતા કાં? બેશક તમે ગરીબ છો, ઘણાજ ગરીબ છો, તોપણ જો લાગણીથી કામ લો તો તમે કાંઈ એવા ગરીબ નથી કે તમારા કોઇ પણ ભાઇને જરા મદદ આપી ન શકો.

ખરૂં છે કે કાંઈ દરેક માણસ કૂવા કે તળાવો ખોદાવી શકતો નથી, પણ જો ધારે તો ઘેર આવી ચડેલા કોઇ તરસ્યા માણસને પાણીનો લોટો તો આપી શકે તેમ છે. આપણે સડકો ને રસ્તાઓ ન બંધાવી શકીએ, પણ કોઇને આંગળી ચીંધીને રસ્તો બતાવી શકીએ તેમ તો છીએ, તથા રસ્તામાં પડેલા કાચના કટકા, પથ્થરા કે કાંટાઓને તો ઉપાડી શકીએ તેમ છીએ. આપણે સદાવ્રતો ન ચલાવી શકીએ પણ કોઇ ભૂખ્યાને ટુકડો રોટલો આપી શકીએ તેમ તો છીએ. આપણે ધર્માદાનાં દવાખાનાં ન ખોલી શકીએ પણ પાડોશીને જરૂરને વખતે સુંઠ, મરી કે હળદર તો આપી શકીએ તેમ છીએ. આપણે પાઠશાળાઓ ન ખોલી શકીએ પણ તેમાં આપણાં છોકરાંઓને મોકલી શકીએ, તથા કોઈ ગરીબ વિદ્યાર્થીને પુસ્તકોની મદદ કે સલાહ ને હીમ્મત આપી શકીએ તેમ તો છીએ. આપણે હમ્મેશાં બિમારોની સારવાર ન કરી શકીએ, તો પણ એકલી પડેલી કોઇ દુઃખી બુઢિયાંને કોઈ વખત દવાખાનેથી દવા લાવી આપી શકીએ તેમ તો છીએ. આપણે મ્હોટી મ્હોટી યાત્રાઓ ન કરી શકીએ, પણ પ્રાર્થના કરવા મંદિરમાં જઇ શકીએ તેમ તો છીએ. આપણે આખા ગામનું અંધારૂં દૂર ન કરી શકીએ, પણ બીજાઓને અજવાળું પડે તેવી રીતે આપણા ઘર પાસે ન્હાનો દીવો

મૂકી શકીએ તેમ તો છીએ. આપણે પુસ્તકો ન રચી શકીએ પણ તે વાંચી શકીએ તથા બીજાઓને વંચાવી શકીએ તેમ તો છીએ. આપણે દુનિયાને સુધારી ન શકીએ પણ આપણે પોતે સુધરી શકીએ તેમ તો છીએ. આપણે નવી શોધો ન કરી શકીએ તોપણ એવી શોધો કરનારને કોઇને કોઇ રીતે મદદ આપી શકીએ તેમ તો છીએ; અને કાંઇ નહિ તો મનમાં ભલા વિચારો રાખીને હસીખુશીથી, બીજાઓને રૂડી રીતે મીઠી જીભે બોલાવી શકીએ તેમ તો છીએ.

આવું આવું કાંઇ કાંઇ બને તોપણ ઘણું છે. ઇશ્વરીજ્ઞાનમાં આગળ વધવાનાં એ પગથિયાં છે, અને ગરીબમાં ગરીબ માણસોથી પણ એવું કાંઇ ને કાંઈ બની શકે તેમ છે, માટે ભલે ન્હાનું હોય તોપણ કાંઇક પણ ભલુંકામ કરો. ભલાંકામને ન્હાનાં નહિ સમજો. મહાત્માઓ કહે છે કે, ન્હાનાં બીજ તરફ નહિ, પણ મ્હોટાં ફળ તરફ જોઇને પ્રભુપ્રીત્યર્થે ભલાંકામો કરો. એની અસર ફોકટ નહિ જાય. અમે શું કરી શકીયે? એમ તમે કહો છો, પણ તમારૂં કેટલું બધું બળ છે, એ કાંઇ તમે સમજો છો? આ મુંબઇમાં મીલોમાં કામ કરનારા એંસી હજાર કામદારો છે, એ સૌ દરમહિને માત્ર એક એક આનો આપો તોપણ દર વરસે સાઠ હજાર રૂપિયાનું ફંડ કરી શકો તેમ છો. બોલો, તમારા ભાઇઓને અર્થે એક મહિનામાં શું એક આનો પણ તમે આપી શકો તેમ નથી? હું જોઉં છું કે તમારામાંના ઘણા જણા રોજ એક આનો તો પાન-તમાકુમાં ઉડાવી દે છે, ઘણા જણાઓ ચ્હામાં કે દારૂમાં રોજ ઘણા પૈસા ઉડાવી દે છે, અને ઘણા જણા રોજ બીડીમાં કે સોડાવૉટરમાં ઘણાં દોઢીયાં ખરચી નાંખે છે; ત્યારે આપણા દેશને ખાતર, આપણા ધર્મને ખાતર, અને આપણા બંધુઓને ખાતર શું તમે મહિનામાં એક આનો પણ ન ખરચી શકો? જો ધારો તો જરૂર ખરચી શકો તેમ છો, છતાં

પણ કદિ એક આનો પણ ન ખરચી શકાય તો રહ્યું, પણ એક મહિનામાં માત્ર એક દોઢીયું તો તમે પ્રભુને અર્થે આપી શકો તેમ છો કે નહિ ? જો તમે એંસી હજાર કામદારો એક એક દોઢીયું આપો તોપણ મહિનાનાં એંસી હજાર દોઢીયાં થાય, તેમાંથી દર વરસે પંદર હજાર રૂપિયાનું ફંડ કરી શકાય, અને આપણા ગરીબડા દેશમાં પંદર હજાર રૂપિયા શું થોડા છે ? ઈશ્વરની કૃપાથી તમારા વર્ગના લોકો હજી એવી ઓછી હાજતના છે કે માત્ર બે આનાના ખર્ચમાં આખો દિવસ આનંદમાં રહી શકે છે. હવે વિચાર કરો કે એ પંદર હજાર રૂપિયામાંથી દેશમાંથી આવેલા કેટલા બધા નિરાધાર અજાણ્યા લોકોને મદદ કરી શકાય ? અને તમારા એક એક દોઢીયામાંથી તમારા કેટલા બધા ભાઈબંધોને ટેકો આપી શકાય ? એ ખ્યાલ તો કરો. પણ

અફસોસ કે કરવું છે કોને !

તમારે તો ટાઢે પાણીએ ન્હાવાથી સ્વર્ગમાં ચાલ્યું જવું છે, તમારે તો ડોકમાં દોરડાંઓ બાંધી લેવાથી સ્વર્ગમાં ચાલ્યું જવું છે, તમારે તો માત્ર આ કાનેથી સાંભળીને આ કાનેથી કાઢી નાખો એવી રીતની કથા સાંભળીને સ્વર્ગમાં ચાલ્યું જવું છે, તમારે તો તમારાજ બંધુઓથી અભડાઇ જવામાંજ સ્વર્ગમાં ચાલ્યું જવું છે, તમારે તો મંદિરમાં દર્શન કરી આવવામાંથીજ સ્વર્ગમાં ચાલ્યું જવું છે, અને તમારે તો ગણુપતિ દેવ મોર્યા કરીનેજ તરી જવું છે કાં ? પણ ના, ના, એમ કાંઈ સ્વર્ગ લૂટમાં નથી પડયું ! જ્યાંસુધી આપણા દેશની સેવા કરો નહિ, આપણા ગરીબ બંધુઓની સેવા કરો નહિ, આપણા દુઃખી ભાઇબંધોની સેવા કરો નહિ, આપણા રોગી બંધુઓની ખબર રાખો નહિ, આપણા દેશી કારીગરોને મદદ કરો નહિ, આપણા વિદ્વાનોની કદર કરો નહિ, આપણા સાધુઓને સુધારવાની

સગવડતા કરી આપો નહિ, આપણા અમલદારોના જુલમને હદમાં રાખવાની કોશીશ કરો નહિ, આપણા રાજ્યના કાયદાઓને માન આપવાની લાગણી ધરાવો નહિ, આપણા ધર્મનાં મૂળસિદ્ધાંતો સમજી લેવાની મહેનત કરો નહિ, અને જ્યાંસુધી આપણા ધર્મના બંધુ-ઓને દુઃખી થતા જોઇને તમારૂં હૃદય બળે નહિ ત્યાંસુધી તમે ધર્મ પાળ્યો કહેવાય નહિ. યાદ રાખજો કે જ્યાંસુધી મનુષ્યજાત સાથે તમે ભલાઇ ન રાખી શકો ત્યાંસુધી તમારાં ટીલાં–ટપકાંથી, તમારી સેવા–પૂજાથી, તમારા ન્હાવા–ધોવાથી અને તમારી લેબાણુ આભડછેટથી કાંઇપણ શુકરવાર થઇ શકવાનો નથી. તમે આજે છ મહિના થયા મ્હારી પાસેથી કથા સાંભળો છો તેમાંથી શું સાર લીધો ? તમારા બંધુઓ ભૂખના દુઃખે પોતાનાં છોકરાંને પોતાને હાથે કરીને કૂવામાં ફેંકી દે, અને તમે કહો કે અમે એમાં શું કરી શકીએ ? એ મ્હારી કથાનો સાર કાં ? ધિઃક્કાર છે, એવી કથા વાંચનારને, અને શરમ છે એવા સાંભળનારાઓને ! મ્હારી છ મહિનાની મહેનત ઉપર તમે આજે પાણી ફેરવ્યું છે, મ્હારા શાસ્ત્રના અભ્યાસ ઉપર તમે આજે મીંડું મૂકયું છે, અને મ્હારી જીંદગીનાં બાવન વરસ તમે આજે ધૂળમાં મેળવ્યાં છે ! ! હાય હાય ! મ્હારી કથાનું આ ફળ ! આટલા બસો જણા સાંભળનારાઓ છે તેમાંથી કોઈનામાં પુરૂષાર્થ નહિ ! કોઇનામાં દયાની લાગણી નહિ ! કોઇનામાં ભ્રાતૃભાવની ઈશ્વરીસગાઈ-નહિ ! કોઇનામાં સ્વદેશપ્રેમ નહિ ! કોઈનામાં સનાતન આર્યધર્મનું બળ નહિ ! અને કોઇનામાં પ્રભુપ્રેમ આવ્યો નહિ ! ત્યારે ધૂળ પડી મ્હારી કથા કરવામાં ! જો આમજ હોય તો ખચિત હું મૂર્ખ છું–મ્હોટો મૂર્ખ છું ! અથવા તો તમે બધા નાલાયક છો !

હું શા માટે તમારી આગળ કથા વાંચું છું ?

એ જાણો છો ? મને કાંઈ તમારી પાસેથી ધન જોઇતું નથી, મને

કાંઇ માન જોઇતું નથી, મને કાંઈ ગુરૂ બનવું નથી કે ગાદી સ્થાપવી નથી, મ્હારે કાંઇ ચેલા–ચેલી મુંડવાં નથી, હું કાંઈ પંડિતાઈ બતાવવા માગતો નથી અને મ્હારે કાંઈ નવો ધર્મ ચલાવવો નથી; પણ મ્હારે તો તમોને તમારી ફરજો સમજાવવી છે, તમારામાં સ્વદેશપ્રેમ વધારવો છે, તમારામાં ભાઇબંધીની ઇશ્વિરીસગાઈ વધારવી છે, તમોને કલ્પિત વ્હેમની જાળમાંથી છોડાવવા છે, તમોને સ્વર્ગ દેખાડવામાં હું દીવાદાંડી થવા ઇચ્છું છું, તમે તમારૂં પોતાપણું સમજો ને તમે તમારૂં અસલસ્વરૂપ જોઇ શકો તે સારૂ હું તો તમારો અરીસો થવા ઇચ્છું છું, તમારામાં સાચી વિજળી આવવા માટે હું બૅટરીનો મસાલો થવા ઇચ્છું છું, તમારા બલૂનમાં ગૅસ ભરનારો પંપ થવા હું ઇચ્છું છું, તમારામાં નવુંજીવન આવવા હું જીવનીયગણની એક ઔષધિ થવા ઇચ્છું છું અને હું તો આપણામાં મનુષ્યત્વ આવવા સારૂ આપણે જે યજ્ઞ કરવો જોઇએ તેમાં હોમવાનું નાળીએર બનવા ઇચ્છું છું. મતલબ કે હું કાંઇ તમારો ગુરૂ બનવા ઇચ્છતો નથી, પણ હું તો તમારી સેવા કરવા ઇચ્છું છું, અને તે સારૂજ તમારી પાસે કથા કરૂં છું; હું કાંઈ તમોને આપલપોપલીયામાં રાખી મૂકવા સારૂ તમારી પાસે કથા વાંચતો નથી, હું કાંઇ તમોને દાંભીકપણામાં ને ડોળડીમાકમાં રમાડયા કરવા સારૂ તમારી પાસે કથા વાંચતો નથી, હું કાંઇ તમોને વગર મફતની ધરાર ઉભી કરેલી જાળોમાં બાંધી રાખવા સારૂ તમારી પાસે કથા વાંચતો નથી અને હું કાંઈ તમોને ઢીલાઢફ, પોચાપચ ને બાયલા જેવા નમાલા બનાવવા સારૂ તમારી પાસે કથા વાંચતો નથી; પરન્તુ જેમ શ્રીકૃષ્ણે–નારાયણે અર્જુનને નર બનાવ્યો તેમ તમે પુરૂષાર્થી થઈ શકો તે સારૂ–તમે નર બની શકો તે સારૂ નારાયણનાં વચનો તમને સંભળાવું છું. મ્હેં તમને શું સંભળાવ્યું છે, એ યાદ છે? શાસ્ત્રોની મારફત જણાએલી ઇશ્વરની ઇચ્છા મુજબ

આજ દિવસ સુધી ગીતામાંથી મ્હેં તમોને એમજ સમજાવેલું છે કે,

सर्वभूतहिते रताः ॥ (अ. ५ श्लो० २५)

" બધા જીવોના કલ્યાણમાં રાજી રહો. "

आत्मौपम्येन सर्वत्र ॥ (अ० ६ श्लो० ३२)

" તમારા આત્માના જેવાજ સૌને સમજો. "

सर्वभूतस्थमात्मानं सर्वभूतानि चात्मनि ॥

(अ० ६ श्लो० २९)

" પોતાના આત્માની અંદર સર્વ જગતને જુઓ અને જગતની સર્વ વસ્તુમાં પોતાના આત્માને જુઓ. "

यो मां पश्यति सर्वत्र सर्वं च मयि पश्यति ।

(अ० ६ श्लो० ३०)

" સર્વ ઠેકાણે ઇશ્વરને જુઓ અને ઇશ્વરમાં સર્વને જુઓ. "

અને છેવટે

वासुदेवः सर्वमिति ॥ (अ० ७ श्लो० १९)

એટલે કે બધું ઇશ્વરરૂપજ જુઓ, માત્ર એક ઇશ્વર સિવાય બીજું કાંઈ પણ દેખાવુંજ જોઇએ નહિ.

આવો અભેદ, આવું અદ્વૈતજ્ઞાન, આવો ઉત્તમધર્મ હું તમોને બતાવતો હતો. જેઓ એટલા બધા જ્ઞાનના–એટલા બધા અભેદના અધિકારી ન હોય તેઓને માટે શ્રીકૃષ્ણ ભગવાને એમ કહેલું છે કેઃ–

यज्ञदानतपः कर्म न त्याज्यं कार्यमेवतत् ।
यज्ञो दानं तपश्चैव पावनानि मनीषिणाम् ॥

(अ० १८ श्लो० ५)

ભાવાર્થઃ–" યજ્ઞ એટલે પ્રભુઅર્થે થનારાં કર્મ, દાન એટલે મનુષ્ય તથા પ્રાણીઓ તરફની આપણી ફરજ અને તપ એટલે મનને કાબૂમાં રાખવું તે, એ ત્રણ કર્મો કદિપણ તજવા યોગ્ય નથી. તે તો કરવાંજ

જોઇએ, કારણકે તે માણસોને પવિત્ર કરનારાં છે."

દાન કરવું જોઇએ, એટલુંજ નહિ પણ—

दातव्यमिति यद्दानं दीयतेऽनुपकारिणे ॥
देशे काले च पात्रे च तद्दानं सात्विकं स्मृतम् ॥

(અ૦ ૧૭ શ્લો૦ ૨૦)

ભાવાર્થ:-" દાન દેવા યોગ્યજ છે એવો નિશ્ચય કરીને, ઉત્તમ દેશમાં, ઉત્તમ કાળમાં તથા ફરીથી ઉપકાર નહિ કરી શકનાર માણસને જે દાન આપવામાં આવે છે તે દાન સત્વગુણી કહેવાય છે."

આવું પ્રભુપ્રેમ વધારનારૂં–ઇશ્વિરીસગાઇનું મ્હેં તમોને જે જ્ઞાન સમજાવ્યું તેનું ફળ શું? તમારા બંધુઓ છતા હાથપગે કામ નહિ મળવાને વાંકે ભૂખના દુ:ખથી પોતાને હાથે પોતાનાં છોકરાંઓને કૂવામાં ફેંકી દે અને તમે કહો કે અમે એમાં શું કરી શકીએ, એજ એનું ફળ કે? આ કરતાં વધારે નીચતા બીજી કઈ? એવા માઠા બનાવ બનતા અટકાવવા માટે

તમારા ભાઇબંધોને ખાતર તમે શું પુરૂષાર્થ કર્યો?

એતો મને કહો. કાંઈ પણ કર્યું હોય અને તેમાં પાર ન પડયા હો તો તે જૂદી વાત છે, પણ છતાં સાધનોએ કાંઇ પણ કર્યા વિના આવા દયાજનક પ્રસંગમાં પણ એવો જવાબ દઇ દો કે, અમે એમાં શું કરી શકીએ? ત્યારે તમારૂં કલ્યાણ કેમ થશે? ત્યારે ભારતનો ઉદય કેમ થશે? અને ત્યારે આપણો ધર્મ કેમ ટકી શકશે? તમે સૌ કાંઈ પણ કર્યા વિના અગાઉથીજ વિનાકારણ થાકી જઇને એમ કહી દો કે, અમે એમાં શું કરીએ? એ શું થોડી નાલાયકી છે? તમારા ભાઇબંધોને માટે, તમારી ભવિષ્યની પ્રજાને માટે, તમારા દેશને માટે, તમારા ધર્મને માટે અને તમારા પોતાને માટે જ્યારે તમે પોતેજ

કાંઈ નહિ કરી શકો ત્યારે તમારે માટે બીજું કોણ કરી દેશે? યાદ રાખજો કે આપણાં ભીતરનાં દુઃખો દૂર કરવા માટે કાંઇ પરદેશીઓ કામ લાગવાના નથી, આપણા દેશનાં દુઃખો દૂર કરવા માટે કાંઇ આસમાનમાંથી દેવો ઉતરી આવવાના નથી અને આપણા ધર્મનાં દુઃખો દૂર કરવા માટે કાંઇ પરધર્મીઓ કામ લાગવાના નથી; એ કામ તો આપણી શક્તિ પ્રમાણે આપણે સૌએ આપણી જાતેજ કરવું જોઇએ. એમ કરવું એનુંજ નામ પુરૂષાર્થ છે. પુરૂષાર્થનો અર્થ તમે સૌ લોકો બહુ કઠિન સમજો છો; પણ ખરી રીતે જોતાં તેનો અર્થ એવો કઠિન નથી. *"પુરૂષાર્થનો અર્થ કાંઇ એવો નથી કે પાતાળને આસમાનમાં ધકેલી આપવું, પુરૂષાર્થનો અર્થ કાંઇ એવો નથી કે આકાશના ટુકડા કરી નાંખવા, પુરૂષાર્થનો અર્થ કાંઇ એવો નથી કે ગ્રહને ફરવાના માર્ગ બંધ કરી નાંખવા, પુરૂષાર્થનો અર્થ કાંઈ એવો નથી કે સમુદ્રનાં પરમાણુઓને છુટાં કરી નાંખવાં, પુરૂષાર્થનો અર્થ કાંઈ એવો નથી કે પૃથ્વીના ને ગ્રહોનાં આકર્ષણને કાઢી નાંખવાં, પુરૂષાર્થનો અર્થ કાંઇ એવો નથી કે બ્રહ્માંડનાં પરમાણુઓની સ્વાભાવિક ગતિ અટકાવવી અને પુરૂષાર્થનો અર્થ કાંઈ એવો નથી કે ખુદ ચાંદા સૂર્યના સ્થૂળરૂપને પોતાનાં છોકરાંને રમવાનાં રમકડાં બનાવવાં; પણ પુરૂષાર્થનો અર્થ એટલોજ છે કે કૃપા કરીને ઇશ્વરે આપણને બક્ષેલી મહાનશક્તિનો સ્વાભાવિક ઉપયોગ કરવો. એ શક્તિની આગળ વધવાની સતતગતિને દાબી દેવી નહિ, તેમજ તેનો દુરૂપયોગ કરવો નહિ, પણ તેને સ્વભાવિકતાથી આગળ વધવા દેવી અને આગળ વધવાને તેનો રસ્તો સાફ રાખવો; એનુંજ નામ પુરૂષાર્થ છે, એનુંજ નામ સનાતનધર્મ છે. શું આટલું પણ તમારાથી નહિ બને? જરાક દયાની લાગણી પણ તમે નહિ રાખી શકો?

* "સંસારમાં સ્વર્ગ" નામના પુસ્તકમાંથી પા નું ૧૦૯.

જરાક સાદી સમજ પણ તમે નહિ વાપરી શકો? મહાનપ્રભુને અર્થે આપણી પવિત્ર જન્મભૂમિને અર્થે અને આપણા ગરીબડા બંધુઓને અર્થે થોડાંક દોઢીયાં પણ તમે ખીસ્સામાંથી નહિ કાઢી શકો? ભલાંકામો કરવા માટે પણ તમારા ટુંકા જથ્થામાં પણ તમે સંપ નહિ રાખી શકો? અને આપણા ઢીલા થતા જતા ધર્મને માટે પણ તમે કાંઇ નહિ કરી શકો? ત્યારે તમે મનુષ્ય શા માટે થયાં? તમોને પ્રભુએ ઉત્તમધર્મ આપ્યો, રૂડાદેશમાં જન્મ આપ્યો, વિદ્યા—હુન્નરનો વધારો કરનારૂં ને દરેક માણસની સ્વતંત્રતા જળવાય તેવું પ્રતાપી બ્રીટીશ રાજ્ય આપ્યું, તનદુરસ્તી આપી, થોડાક પૈસા પણ આપ્યા અને સારી બુદ્ધિ આપી; છતાં પણ કાંઇ પણ કર્યાવિના તમારા બંધુઓને જરાક ટેકો આપવામાં પણ તમે એમ કહો છો કે અમે શું કરી શકીએ! એનો અર્થ શું? એનો અર્થ એજ કે વિધાત્રીની ભૂલ થઈ ગઈ કે તમોને બધું કરી શકો અને મોક્ષ પર્યંત જઇ શકો તેવા મનુષ્ય બનાવ્યા! જ્યારે છતાં સાધનોએ તમે કાંઇજિ કરી શકતા નથી ત્યારે તો તમે કાંઇજ ન કરી શકો એવાજ તમોને બનાવવા જોઇતા હતા, કારણ કે છતાં સાધનોએ તમે તમારા ભાઇબિંધોની દયા ન આઓ ત્યારે તમારૂં મનુષ્યપણું શું કામનું? ત્યારે તમારો ઉત્તમધર્મ શું કામનો? અને ત્યારે તમારી ઉપર ઇશ્વરની કૃપા છે તે શું કામની?"

કામ ધંધો ન મળવાથી ગરીબોના કેવા બૂરા હાલ થાય છે એ તમે જાણો છો?

*"કમાણી હોય કે ન હોય પણ કાંઇ ભૂખ લાગ્યા વિના રહે છે? એ તો એનો વખત થયો કે પેટ પાછું ખાલીને ખાલીજ, અને

* "સ્વર્ગની કુંચી" નામના પુસ્તકમાંથી.

તેમાં પણ ગરીઓને તો ખાસ વધારે ભૂખ લાગે છે, કારણ કે તેનું મન આખો વખત ખાવાના વિચારમાંજ રહે છે, એટલુંજ નહિ પણ તેઓને વધારે મહેનત કરવી પડે છે એટલે વધારે ભૂખ લાગે લાગે છે; તેમજ ભૂખના પ્રમાણમાં તેઓને સારો ખોરાક મળતો નથી, તેથી તેઓને તૃપ્તિ થતી નથી, એટલે જ્યારે જોઇએ ત્યારે તેઓ ભૂખાળવાજ દેખાય છે. આવાં માણસોને જ્યારે કામ ન મળે ત્યારે તેઓ કેવી મુસ્કેલીમાં આવી પડે છે, એ વિચારવું કાંઈ મુસ્કેલ નથી. આ દુનિયામાં બહુ મ્હોટા મ્હોટા ખાડા પુરાય છે, લાખો રૂપિયાના ખાડા પુરાય છે, અને વખતે થોડોક સમુદ્ર પણ પુરાય છે, પણ પેટનો પાશેરનો ખાડો કોઇથી પૂરાતો નથી! મુંબાઇમાં સરકારે દરિયો પૂર્યો એ સૌ કોઈ જાણે છે, પણ છપ્પનીયામાં રખડતાં ગરીબ બિચારાં દુકાળીયાંઓનાં પેટનો ખાડો કોઈ પૂરી શક્યું નહોતું. આમ છે માટેજ આપણાં પવિત્ર શાસ્ત્રમાં અન્નદાનની કિંમત બહુ મ્હોટી માનેલી છે; અને તે કરતાં પણ ગરીઓને રોજી અપાવવાનું પુન્ય બહુ મ્હોટું છે. યૂરોપના લોકોના આચાર–વિચાર ભલે આપણને નહિ ગમે તેવા છે, અને તેઓનું ખાવું–પીવું બરોબર નથી, તોપણ તેઓ પોતાના ભાઇબંધોને રોજી અપાવવાના કામમાં આપણા કરતાં સેંકડોગણા સરસ છે. તેઓની જાતવાળો કોઈ પણ માણસ ધંધા–રોજગારવિના રખડતો ન હોવો જોઇએ, એ તેઓનો સિદ્ધાંત છે. તેઓની આગળ એ બાબતમાં આપણે ઉતરતા છીએ. આપણે ભલે ગમે તેટલા દયાળુ છીએ, ગમે તેટલા ઉંચા છીએ અને ગમે તેટલા સારા ધર્મવાળા છીએ, પણ જ્યાંસુધી આપણા ભાઇબંધોનું આપણા પેટમાં દાઝે નહિ અને જ્યાંસુધી આપણી શક્તિ પ્રમાણે તેઓને ધંધે–રોજગારે લગાડીએ નહિ ત્યાંસુધી આપણે પ્રભુની નજરમાં કાંઈ ઉંચા નથી. ભલે આપણે આપણા મનમાં ગમે તેવા મોતીના ચોક પૂર્યા કરીએ, પણ જ્યાંસુધી

આપણે નિરાધારોને આશરો ન આપીએ ત્યાંસુધી આપણું એ ઉચ્ચપણું કાંઈ પ્રભુના દરબારમાં કામ આવે તેમ નથી. માટે આપણે આપણા કલ્યાણ સારૂ આપણા ગરીબ ભાઇબંધોને ધંધે–રોજગારે લગાડી દેવાની ખાસ તજવીજ કરવી જોઇએ.”

પાપનું પ્રાયશ્ચિત.

“સાંભળો! હવે આજથી આપણી કથા બંધ છે, કારણકે ભેંસ આગળ ભાગવત સંભળાવ્યામાં કાંઈ વળે નહિ. તમારી સાથે મ્હારો પણ દોષ છે કે હું માત્ર વાતો કરવામાંજ રહી ગયો, મ્હેં પોતે મ્હારી જાતે કાંઈ કરી બતાવ્યું નહિ, તેથી તમોને કામ લેતાં ન આવડયું; કારણકે તમે ઘણો ખરો મ્હારી ઉપર આધાર રાખતા હતા, એટલે હું જેમ વાતોડો છું તેમ તમે બધા મગજના ચતુર થઇ ગયા, પણ આચરણ સુધારવામાં કાચા રહી ગયા છો, માટે એ પાપનું પ્રાયશ્ચિત મ્હારે કરવું જોઇએ. એનું પ્રાયશ્ચિત કામ શિખવું ને શિખવવું એજ છે, માટે હવે હું કામ કરવું શિખીને પાછો આવું ત્યાંસુધી રામ રામ.” એમ બોલીને અર્ધા ગુસ્સામાં પુસ્તક પડતું મૂકીને વિચારયુક્ત સ્થિર આંખોએ પુણેકર બોવા મંડળીમાંથી ચાલી નીકળ્યા.

બૅરિસ્ટર સાહેબ, એ વખતે પુણેકર બોવાનું રૂપ જૂદુંજ હતું. તેમની આંખોમાંથી જે અગ્નિ ઝરતો હતો તે અમે ઘણા જણા પ્રત્યક્ષ જોઇ શકયા હતા, તેની વાણીમાંથી આંતરનું જે બળ નીકળતું હતું તે ખુલ્લી રીતે અમારા હૃદયને ધક્કા મારતું હતું; તેના ચ્હેરા ઉપર જે ઈશ્વિરીસ્નેહનું તેજ છવાઈ રહ્યું હતું તે બુઠ્ઠી લાગણીવાળાઓ પણ જોઈ શકે તેવું હતું, તેની ભલી લાગણીઓના ઉછાળા જાણે અમારામાં નવી વિજળી લાવતા હોય એમ લાગતું હતું અને તેની અર્ધી ધોળી દાઢીમાંથી જાણે કાંઇક ઝરતું હોય એમ લાગતું હતું; તેથી

અમને સૌને એવી અસર થઈ ગઇ કે કાંઇ વાતજ ન પૂછો! એ વખતે અમે છ મીલના મુકાદમ તો ત્યાં મંડળીમાં હાજર હતા, અને બીજે દહાડે રવિવાર હતો, માટે અમે સૌએ નક્કી કર્યું કે કાલે આપણે

કામદારોની સભા

ભરવી, અને આપણા ગરીબ ભાઇબંધોને કામ મળે એવો કાંઈ ઉપાય કરવો. બીજે દહાડે સાંજે અમારી સભા થઈ, તેમાં સત્તર મીલના જૉબરો, મુકાદમો તથા માસ્તરો હાજર થયા. એ સૌએ મળી વિચાર કર્યો કે "દરરોજ બધી મીલના કાંઈ બધા કામદારો આવતા નથી, કોઇ બિમાર હોય છે, કોઇને ઓચિંતું કાંઈ કામ આવી પડે છે, કોઇ રજા ઉપર હોય છે, અને કોઈ કોઈ દિવસ કોઈ કોઈ કારખાનામાં ખાસ વધારે માણસની પણ જરૂર પડે છે; આવી રીતે બદલીમાં દરરોજ આપણે ઘણાં નવાં માણસોને કામ ઉપર લગાડી શકીએ તેમ છીએ. હમણાં ઘણી વખત આપણને જોઇએ એટલાં માણસો વખતસર મળતાં નથી, તેથી કારખાનાના માલેકોને નુકસાન થાય છે, અને આપણા ભાઇબંધ કામદારો કામવિના રખડે છે, માટે આપણે એવી યુક્તિ કરવી કે ધંધા–રોજગારવિના ભટકતા કામદાર માણસોને દરરોજ સવારમાં એક ચોક્કસ ઠેકાણે ભેગાં કરવાં; અને બીજું એ કરવું કે આવતી કાલે સવારમાં આપણાં કારખાનામાં કેટલાં નવાં માણસની જરૂર છે, તેની નોંધ દરરોજ રાત્રે એક ચોક્કસ માણસને પહોંચાડવી, એટલે બીજે દહાડે સવારમાં તે માણસ પેલા બીન રોજગાર માણસોને નંબર આપીને આપણી પાસે મોકલી આપશે; એથી નિરાધાર ભટકતા ગરીબ લોકોને કામ મળી શકશે, અને આપણા માલેકોને પણ એકજ ઠેકાણેથી તુરત માણસ મળવાથી ફાયદો થશે.

ભાઉ માસ્તરે કહ્યું:—રોજગારવિનાના માણસોને દરરોજ એક જગ્યાએ ભેગાં કેમ કરી શકાશે ?

રાધુબા પટેલે કહ્યું:—એમાં કાંઇ મુસ્કેલી નથી, એ તો આપણા લોકો પોતપોતાની મંડળીમાં સૌને વાત કરશે તેથી બધાને ખબર પડી જશે, એટલે એકજ ઠેકાણેથી કામ મળતું હોય તો ચાહીને કોઇ રખડવા શું કરવા જાય ? એ પછી જેમ જેમ ખબર પડતી જશે તેમ તેમ એની મેળે મેળે માણસો ભેગાં થતાં જશે; અને પ્રથમ થોડો વખત કદિ એને માટે ખાસ તજવીજ કરવી પડે તોપણ એમાં કાંઇ મ્હોટી વાત નથી, મીલોમાં, આગબોટો ઉપર અને ગોદીઓમાં ખબર આપી દઇશું કે બીન રોજગાર માણસોએ ફલાણે ઠેકાણે આવવું, એટલે સૌ પોતપોતાની ગરજે આવી પડશે. એમાં કાંઇ મુશ્કેલી નથી.

તાતીયા સાહેબે કહ્યું:—એ તો બરોબર છે, પણ કયા કારખાનામાં કેટલાં નવાં માણસોની જરૂર છે, એ દરરોજ સાંજે જાણવું અને દરરોજ સવારમાં નંબરો આપીને ત્યાં માણસો મોકલવાં, એ ફ્રૂટ બહુ મ્હોટી છે; એટલી બધી પંચાતી કોણ કરશે ? આપણે આજે ઉભી કરેલી " કામદારોના લાભ સાચવનારી " મંડળીનો હું ઑનરરી સેક્રેટરી થાઉં છું, પણ એ ઉપાધિ મ્હારાથી નહિ બને.

દયાનો પ્રતાપ:—

મ્હેં કહ્યું:—એ ઉપાધિ હું મ્હારે માથે લઉં છું. દરરોજ સાંજે તમોને સૌને હું મળીશ અને દરરોજ સવારમાં આપણા બેકાર ભાઇબંધોને હું નંબર આપીશ. કામ ઉપર જવામાં મને જરા મોડું થશે તેની ફિકર નહિ.

બૅરિસ્ટર સાહેબ, મ્હેં જે વખતે આમ કબુલ કર્યું એ વખતની મ્હારી સ્થિતિ તમને કહું ! એ વખતે મને માત્ર પચ્ચીસ રૂપિયાનો

મહિનો મળતો હતો, મ્હારો મેનેજર મિજાજનો કડક હતો, ઘરમાં વહુ સાથે બીયાબારૂં ચાલતું હતું અને લોકોમાં મ્હારો કાંઇ લાગવગ નહોતો; તોપણ પુણ્યકર બોવાના ઉપદેશથી મ્હારામાં એવી વિજળી ભરાઈ ગઇ હતી કે મ્હેં તે બીડું ઝડપ્યું. થોડો વખત તો એમાં બહુ તકલીફ પડી, પણ અંતે સૌ સારાં વાનાં થયાં છે. આજે એ દયાના કામના પ્રતાપે લીલાલહેર કરૂં છું. હવે સાઠ રૂપિયા મહિનો છે, અને તે પણ પેન્સન જેવોજ છે. ઘરબારે સુખી છું, નાત-જાતમાં ને લોકોમાં મ્હારી આબરૂ વધી છે, જ્યાં જાઉં ત્યાં એ મ્હારા ગરીબ ભાઇબંધોને નામે હું માન-પાન પામું છું, અને અંતરમાંથી પણ આનંદી રહી શકું છું; કારણકે હું ગરીબ માણુસ છું તોપણ દરરોજ પચીસ પચાસ માણસોને કામ અપાવી શકું છું. અને એટલાં બધાં નિરાધાર માણસોને રોજી અપાવવી એ શું થોડું પુન્ય છે? એ પુન્ય મેળવવા માટે કેટલી બધી મહેનત કરૂં છું, ક્યાં ક્યાં રખડું છું, કેવો હડધૂત થાઉં છું, કેવાં અપમાનો ખમું છું, કેવું ખર્ચ કરૂં છું, અને કેટલી બધી ઉપાધિ ભોગવું છું, એતો મ્હારૂં મન જાણે છે; પણ એ બધી જંજાળનો બદલો મને મ્હારા અંતરના સંતોષથી વળી રહે છે. બૅરિસ્ટર સાહેબ, એ સંતોષને ખાતર હું મ્હારા આ પચાસ હજારના કેસની પણ દરકાર કરતો નથી, અને એ સંતોષ મેળવવાને ખાતર હું તમારી પાસે ટાઇમિસર આવી શકતો નથી."

મને મ્હારી ભૂલ સમજાઈ ગઇ!

મહારાજજી, બાપુજીની આ વાત સાંભળ્યાથી મને બહુ અજાયબી લાગી, મન બહુ ખુશાલી લાગી અને મને મ્હારી ભૂલ સમજાઇ ગઈ! મ્હારાં સગાંઓ કે જેમની ચાલચલગત સારી હોય તેઓ કોઇ વખત મ્હારી પાસે નોકરી-ચાકરીનાં કામ માટે મ્હારી ભલામણ લેવા

આવે તોપણ હું તેમને ભલામણની ચીઠ્ઠી પણ આપતો નહિ, કારણ કે જે માણસ ઉપર હું ભલામણ લખું તે માણસ કદાચ મ્હારૂં માન નહિ રાખશે તો? અથવા જે માણસને હું ભલામણ આપું તે માણસજ કદાચ પાછળથી ખરાબ ચાલનો નીકળે તો? એવાં એવાં બ્હાનાં કાઢીને અને મ્હારી મ્હોટાઇના અભિમાનને લીધે એવા એવા વિચાર કરીને હું મ્હારાં સગાંઓને પણ, ભલામણનું એક ચીંથડું પણ લખી આપી શકતો નહોતો. મ્હારા ઘરના કે ઑફીસના નોકરો કદિ રજા લે તો હું તેમને મ્હારી ખુશીથી સારૂં સર્ટીફીકેટ પણ આપી શકતો નહોતો. આટલો બધો હું મિજાજનો કડક, મ્હોટાઇના અભિમાનવાળો અને લાગણીવિનાનો હતો; પણ બાપુજીની વાત સાંભળ્યા પછી મ્હારી આંખો ઉઘડી ગઇ. મને લાગ્યું કે, "એક ગરીબ ઘાટો આટલું બધું કામ કરી જાય અને મ્હારા જેવો મ્હોટો માણસ કાંઈ ન કરી શકે? ત્યારે ધૂળ પડી મ્હારા બૅરિસ્ટરપણામાં! હાય હાય! ત્યારે હું તો સાવ લાગણીવિનાનોજ છું? મ્હેં મ્હારા કુટુંબ સિવાય બીજા કોનું ખાસ ભલું કર્યું?" ઘણો વિચાર કર્યો, પણ એવો એકે દાખલો જડયો નહિ. બાપુજીને જેમ પુણેકર બોવાની અસર લાગી હતી તેમ મને પણ એ અસર લાગી ગઈ, તેથી મ્હેં એજ વખતે બાપુજીને કહ્યું કે, "આજથી તમે મ્હારા મિત્ર છો, તમે મ્હારા કરતાં ઘણા ચઢીયાતા છો, તમારા જેવા પરમાર્થી માણસ પાસેથી હું મ્હારી ફી લઇશ નહિ, તમોને બરોબર રીતે ઓળખ્યા છતાં તમોને મદદ આપવાને બદલે જો તમારી પાસેથી ફી લઊં તો મ્હારા જેવો નીચ બીજો કોણ? તમારા દોઢસો રૂપિયા મ્હારી પાસે અગાઉથી આવેલા છે તે તમે પાછા લઈ જાઓ; તમારા જેવા ઇશ્વરીસગાઈ સમજનારા મિત્રના રૂપિયા હું રાખી શકીશ નહિ. મ્હારા કરતાં તમે તેનો વધારે સારો ઉપયોગ કરી શકો છો." એમ કહીને પાસેના કબાટમાંથી દોઢસો

રૂપિયાની બે નોટ કહાડીને મ્હેં બાપુજીના હાથમાં મૂકી.

બાપુજીએ બહુ આનાકાની કરીને કહ્યું કે, "એટલા બધા ઉપકારને હું યોગ્ય નથી, તમારે દયા કરવી હોય તો મ્હારા કરતાં લાયક પાત્રો બીજાં ઘણાં છે, મને કાંઇ એટલી બધી રૂપિયાની જરૂર નથી; જે મારવાડીને ત્યાંથી મ્હેં આ રૂપિયા વ્યાજે લીધા છે તે મારવાડી મ્હારી ઓળખાણવાળો છે, એટલે રૂપિયા માટે બહુ ઉતાવળ કરે તેમ નથી."

મ્હેં કહ્યું:–બાપુજી, આ શું બોલો છો? માત્ર દોઢસો રૂપરડી! અને તે પણ મારવાડીને ત્યાંથી વ્યાજે! આ શું કહેવાય?

એક અસરકારક સરખામણી:–

બાપુજીએ કહ્યું:–"સાહેબ, એ તદ્દન સાચી વાત છે. મને સાઠ રૂપિયા મહિનો મળે છે, તેમાં બહુ કરકસરથી રહું છું ત્યારે ચાલીસ રૂપિયામાં ઘરખર્ચ નિભાવું છું. બાકી વીસ રૂપિયા તો આપણા બંધુઓને ખાતર બહુ ટાંટીયા તોડું છું તો પણ ગાડીભાડાના લાગી જાય છે. જો કે એને માટે મંડળી તરફનું ફંડ છે, તોપણ એમાંથી ગાડીભાડાના પૈસા ન લેતાં બનતાં સુધી હું ઘરનાજ પૈસા ખરચી નાંખું છું, કારણ કે હું એમ સમજું છું કે, ઘાસની ગંજીમાં આગ તો લાગી ચૂકી છે, માટે હવે તો જેમ બને તેમ તેમાંથી થોડા ઘણા પૂળા ખેંચી કહાડીને ગાયને ખવરાવી દેવા, એજ આપણા બાપનું છે. જો એટલો પણ પુરૂષાર્થ નહિ કરીએ તો કોઇના પણ ઉપયોગમાં આવ્યા વિના બધું ઘાસ ફોકટ બળી જશે, માટે બળતી ગંજીમાંથી બચાવી શકાય એટલા પૂળા બચાવી લેવા એજ આપણું કામ છે. આવી સમજને લીધે હું તો ફૂંકયે રાખું છું, ને દયાળુ પ્રભુની કૃપાથી મ્હારૂં રગસીયું ગાડું જેમ તેમ ચલાવ્યો જાઉં છું. હમણાં બીજે ઠેકાણે જાઉં તો મને દોઢસો રૂપિયા મહિનો મળી

શકે તેમ છે, પણ ત્યાં જવાથી હું મ્હારા ભાઈબંધોની જે સેવા કરી રહ્યો છું તે બની શકે તેમ નથી; માટે લોભમાં નહિ પડતાં ટુંકામાં નિભાવી લઉં છું."

બાપુજીની આ વાતથી તેને માટે મને વધારે માન ઉત્પન્ન થયું. આવો હલકી જાતનો, ખાલી ખીસ્સાંનો, લાગવગ વગરનો, સાધારણ ભણેલો માણસ આટલી બધી ઉત્તમવૃત્તિ રાખી શકે, એ જોઇને મને મ્હારે પોતાને માટે બહુ લાગી આવ્યું ! મને સમજાયું કે, "હું તો ક્ષત્રી છું, મ્હારી પાસે તો પૈસા છે, મ્હારી પાસે તો વિદ્યા છે, મ્હારા પક્ષમાં તો કામ કરી શકે તેવાં માણસો છે, અને વળી હું તો સત્તાવાન છું; છતાં પણ અફસોસ કે હું તો આ કોળીની બરોબરી પણ કરી શકતો નથી." એમ વિચાર થતાં ખાસ આગ્રહ કરીને મ્હેં બાપુજીને તેના રૂપિયા પાછા આપી દીધા. એ વખતે બૅરિસ્ટર થયાને મને બાર વરસ થયાં હતાં, પણ એ બાર વરસમાં મ્હેં મ્હારી ખુશીથી ને અંતરના ઉમળકાથા જો કોઇની પણ ફી માફ કરી હોય તો તે પ્રથમ બાપુજીનીજ હતી. મહારાજજી, એ પછી બાપુજીનો કેસ મ્હેં બહુજ ધ્યાનથી મ્હારા હાથમાં લીધો, અને ખાસ ચાહીને મ્હેં એ કેસનો અભ્યાસ કર્યો, તેથી એવા સરસ મુદ્દા મને મળી આવ્યા કે સામેવાળાનું કાંઇ પણ ચાલી શકે નહિ, તેથી અંતે બાપુજીના લાભમાં એ કેસનો ચુકાદો થયો. એથી મને બહુ આનંદ થયો, કારણ કે એ મ્હારી મહેનતનું પરિણામ હતું. જો હું મ્હારી અગાઉની હમ્મેશની રીતિ મુજબ મ્હારા કાયદા સંબંધી ઉંચા જ્ઞાનના મિજાજમાં રહીને સરખી રીતે એ કેસ ન તપાસત તો સામેવાળા એવા મજબૂત હતા કે બાપુજીને નુકસાન થયા વિના રહેત નહિ. બાપુજીના લાભમાં હુકમનામું થવાથી મને ખાસ વધારે ખુશાલી લાગી તેનું કારણ એ કે તે મ્હારી મહેનતનું

પરિણામ હતું, એટલુંજ નહિ પણ તેને હાથે એ પૈસાનો સદુપયોગ થશે, એમ મ્હારી ખાત્રી હતી.

બાપુજીની છેવટની પ્રાર્થના:-

અને હું કહેવાને ખુશી છું કે એમજ થયું છે. બાપુજીને એ કેસમાં પચાસ હજાર રૂપિયા મળ્યા પછી તેણે એ રૂપિયામાંથી ધીરે ધીરે પરેલ તરફ ગરીબ કામદારવર્ગોને માટે ત્રણ ચાલી બંધાવેલી છે. એ ચાલીમાં ગરીબ લોકોનેજ ખાસ ચાહીને તે ઓછે ભાડે રાખે છે. તે કહે છે કે એ ચાલી ઉપર ખરચેલા પૈસાના વ્યાજ જેટલું થોડું ભાડું મળ્યાં કરે એટલે મને સંતોષ છે. હાલમાં વળી તેનો મ્હોટો છોકરો બી. એ. ની પરીક્ષામાં પાસ થઇને બસો રૂપિયાના પગારથી કૉલેજમાં શિક્ષક નિમાયો છે. બાપુજી કહે છે કે, "એ બધો આપણા ગરીબ ભાઇબિંધોની સેવાનો પ્રતાપ છે, નહિ તો મ્હારા જેવા ગામડીયા માણસમાં આટલી બુદ્ધિ કયાંથી આવે? મ્હારા જેવા ગરીબ માણસના છોકરાને એટલું બધું ભણાવવાની સગવડતા કયાંથી મળે? મ્હારા જેવા હલકા વર્ગના માણસમાં એવી ઉચ્ચવૃત્તિ કયાંથી આવે? અને મ્હારા જેવો મજુર માણસ તમારા જેવા મ્હોટા માણસની કૃપા મેળવીને આટલું બધું કામ કેમ કરી શકે? પણ એ સૌ સેવાનો પ્રતાપ છે. આટલી જરાક જેટલી સેવામાંથી જ્યારે આટલું બધું થયું ત્યારે જો પ્રભુને ખાતર આપણા બંધુઓની સેવામાંજ જીંદગી અર્પણ કરી હોય તો કેટલો બધો આનંદ થાય? માટે હવે તો મ્હારી ઇચ્છા એવી છે કે ઇશ્વરકૃપાથી મને કાંઇ ખરચખુટણની પંચાતી નથી, માટે નોકરી છોડી દેવી, અને ગરીબોની સેવામાંજ જીંદગી ગાળવી. ઇશ્વર મને એવી તક આપે, એમ પ્રાર્થના કરૂં છું."

ફીલસુફીની ભાષા અને આત્મિકબળની ભાષા વચ્ચેનો ભેદ:-

બૅરિસ્ટર સાહેબની આ વાત સાંભળીને અમે સૌ બહુ રાજી

થયાં; તેથી મ્હેં કહ્યું કે, તમારા આ દાખલાએ તો અમારી ઉપર જાદુના જેવી અસર કરી છે. ભાઇ, તમે તો ખુબી કરી? તમારો અનુભવ તો બહુ કિંમતી છે. આત્મિકબળ મેળવવા માટે આવા દાખલાથી તો અમને બહુ લાભ થશે.

બૅરિસ્ટરે કહ્યુંઃ બ્હેન, હજી મને અંતરની લાગણીથી કહેતાં નથી આવડતું. હું તો માત્ર મ્હારી ભાષણ કરવાની બહારની ફીલસુફીની રીત પ્રમાણે કહું છું; એટલે બરોબર રસ નથી આવતો, પણ એજ વાત બાપુજીએ મને પોતાની જીગરની લાગણીથી કહી બતાવી ત્યારે તેની અસર કાંઈ ઓરજ હતી અને બાપુજી કહે છે કે, "એજ વાત મહારાજે જ્યારે પોતાના આંતરની સ્ફુરણાથી—આત્મિકબળથી કહી બતાવી ત્યારે તેનું બળ કાંઈ અલૌકિકજ હતું."

બાવાજીએ ···ર્યું:—એ આત્મિકબળવાળા પુણેકર બાવાના હાલમાં કાંઇ ખબર છે કે નહિ? ···ો ગુસ્સે થઇને ગયા હતા તેનું શું થયું!

પુણેકર બાવાનો યોગ.

બૅરિસ્ટરે કહ્યું:—હાલમાં તો તેની મને ખબર નથી, પણ ઘણા વખત ઉપર બાપુજીએ મને કહ્યું હતું કે, "મંડળીમાં પુસ્તક પછાડીને ગયા પછી બીજે દિવસે સવારમાં પહેલીજ ટ્રેનમાં કોઇને પણ ખબર આપ્યા વિના તેઓ હરદ્વાર તરફ રવાના થયા અને ત્યાં જઇને એક એકાંત ગુફામાં બેસી હઠયોગ સાધવા લાગ્યા. બે વરસ સુધી મહેનત કરી, પણ જે આનંદ મળવો જોઇએ તે આનંદ તેઓને મળી શક્યો નહિ, તેથી તેઓએ યોગ અધૂરો મૂક્યો અને ફરી પાછા દેશાટન કરવા લાગ્યા; કારણ કે બે વરસના યોગના અનુભવથી તેઓને લાગ્યું કે હજી મ્હારા સ્વભાવમાં નિવૃત્તિ કરતાં પ્રવૃત્તિ વધારે છે. હજી મ્હારા મનમાં સત્વગુણ કરતાં રજોગુણ વધારે છે. હજી મ્હારા મનમાં માન-

સિક સંતોષ કરતાં તૃષ્ણા વધારે છે. હજી મને એકાંત ગુફામાં બેસવા કરતાં મંડળીમાં ફરવું ગમે છે. હજી મને મુંગું રહેવા કરતાં ભાષણો આપવાં ગમે છે અને હજી ઇશ્વરીજ્ઞાન કરતાં ઇશ્વરીસ્નેહ એટલે કે જગતમાં ભ્રાતૃભાવની ઇશ્વરીસગાઇ વધારવાનું કામ મને વધારે ગમે છે, માટે યોગ સાધવા કરતાં જગતની સેવા કરવાને હું વધારે લાયક છું; એમ વિચારીને અને એ બાબતમાં પોતાના ગુરૂનો પણ એવોજ અભિપ્રાય જાણીને તેઓએ યોગ છોડી દીધો. તેઓ કહેતા કે, ખૂણાવાળી બાયડીની પેઠે ખૂણામાં ભરાઇ બેસે એવાં માણસો કરતાં જાહેર હીમ્મતથી કામકાજ કરી શકે એવાં માણસોની અત્યારે આપણા દેશમાં વધારે જરૂર છે. પ્રભુને નામે ભીખ માગીને દેશમાં બોજારૂપ થઇ પડે એવાં માણસો કરતાં ઉદ્યોગ હુન્નર કરીને જાતમહેનતથી પોતાની રોટલી કમાઈ ખાય એવાં માણસોની અત્યારે આપણા દેશને વધારે જરૂર છે. રાખમાં ભારેલા અગ્નિની પેઠે મનમાં સેંકડો વાસનાઓ ભરી રાખીને કાંઇ પણ મહત્ ઉદ્દેશવિના વિનાકારણ ઉછરતા જુવાનીયાઓ સાધુ થાય તે કરતાં એવાં માણસો રૂડી રીતે દુનિયાદારી ચલાવે એમાં આપણા ધર્મની વધારે શોભા છે; અને ન્હાનાં બચ્ચાંઓ કે જે દેશની ભવિષ્યની આશા છે તેઓ તથા ધર્મનું કાંઇ પણ રહસ્ય ન જાણનાર બીજા મૂર્ખાઓ આપણા ધર્મના પૂજનીય થવા સારૂ દીક્ષા લઇ પોતાના કાન ફુંકાવે, તે કરતાં તેઓ ખેતીવાડી કે મજુરી કરે એમાં દેશનું વધારે શ્રેય છે તથા વખત જતાં તેઓના આત્માનું એમાં વધારે કલ્યાણ છે. બે વરસના મ્હારા ગ્રોગના અનુભવથી અને ત્રીસ વરસના મ્હારા સાધુપણાના અનુભવથી હું કહું છું કે બહુ બહુ માથા-ફૂટ છતાં પણ, ઘણું ઘણું જ્ઞાન છતાં પણ, બહુ બહુ સાધુઓના સંગ કર્યા છતાં પણ, આગલી અવસ્થામાં મોજ-શોખ ભોગવી લીધા છતાં પણ અને હાલ પંચાવન વરસની ઉમ્મર થવા છતાં પણ હજી મ્હારા

અંતરની વાસનાઓ ગઇ નથી; હજી મ્હારામાં સાચું સાધુપણું આવ્યું નથી; હજી આપણા બંધુઓની સેવા કરવાનું બળ મ્હારામાં જેટલું જોઇએ તેટલું આવ્યું નથી; હજી પણ આપણા બંધુઓ સાથે હું અભેદદષ્ટિથી વર્તી શકતો નથી અને હજી પણ પ્રભુપ્રેમને લીધે મ્હારૂં હૃદય દ્રવ્યા કરતું નથી; માટે હું યોગને લાયક નથી, પણ હું સેવા કરવાને લાયક છું. આવા અનુકૂળ સંયોગ છતાં પણ જ્યારે હું પવિત્ર ધર્મની ઉત્તમ શાન્તિ મેળવી શક્યો નથી ત્યારે જે પોતાના ચેલા બનાવવા સારૂ વિનાકારણ બીજા અજ્ઞાનીઓનાં માથાં મુંડાવી નાંખી ભગવાં કપડાં પહેરાવી દે છે, તેઓના શું હાલ થતા હશે?

મૂર્ખાઓ પોતાને માટે ગાંજાની ચલમો ભરાવવા સારૂ, પોતાના ઘોડાની લાદ ઉપડાવવા સારૂ, પોતાને માટે ભીખ માગવા સારૂ અને પોતે સાધુ થવાની ખુમારીમાં મગજમાં જે પવન ભરી મૂક્યો હોય તે ગાળ–ગલોચને રસ્તે ખાલી કરવા સારૂ બીજા અજ્ઞાનીઓનાં માથાં મુંડાવી ભગવાં કપડા પહેરાવી દે છે ને ચેલા બનાવી લે છે, તેઓના શું હાલ થતા હશે? તેઓ આપણા દેશને, આપણા બંધુઓને અને આપણા ધર્મને શું મદદગાર થતા હશે? એતો વિચારો! પ્રભુ! દયા કર, દયા કર, એવાઓની ઉપર દયા કર."

યોગ ક્યારે સિદ્ધ થાય?

બાપુજી, તમે બધા સમજો છો કે પુણેકર બોવા મ્હોટા મહાત્મા છે; પણ નહિ ભાઇ, મ્હારા હજી આવા હાલ છે! હું પોતે યોગ ભ્રષ્ટ થએલો છું માટે હું સેવાધર્મ સ્વીકારૂં છું, કારણ કે પ્રભુને અર્થે પ્રભુના જીવોની સેવા કરીને અંતરનો સંતોષ મેળવ્યો હોય તોજ વખત આવ્યે યોગ સિદ્ધ થઇ શકે છે. જ્યાંસુધી આપણા દેશની, આપણા બંધુઓની અને આપણા ધર્મની સેવા ન કરી હોય ત્યાંસુધી અંતરનો સંતોષ મળી શકતો નથી અને એ અંતરના

સંતોષ વિના કદિ પણ સાધુપણું સિદ્ધ થઈ શકતું નથી, માટે મફ્તના સદાવ્રતના ટુકડા ખાવા છોડીને, જંગલ છોડીને, ગુફા છોડીને, પવિત્ર ગંગાનો કિનારો છોડીને અને અખંડ ઐશ્વર્યવાળો યોગ છોડીને હું તો આપણા બંધુઓની સેવા કરૂં છું. આ હકીકત સાંભળીને તમોને સૌને એમ લાગશે કે મહારાજ પડી ગયા, બાવાજી પાયરી ચૂકી ગયા, મહારાજને મોહ વળગ્યો અને મહારાજ ઉપાધિમાં પડી ગયા, એમ તમોને લાગશે; કારણ કે તમે યોગની રિદ્ધિ–સિદ્ધિયો તરફ અને યોગના માહાત્મ્ય તરફજ જુઓ છો, પણ યોગની જોખમદારીઓ અને યોગનો અધિકાર કોને છે એ તરફ જોતા નથી, એટલે હું પડી ગયો એમ તમોને લાગશે. ભલે તમને એમ લાગે, પણ હું તો મ્હારી હાલની સેવાની સ્થિતિમાં પવિત્ર ગંગા કિનારાની અંધારી ગુફા કરતાં વધારે સંતોષ લઈ શકું છું, કારણ કે મ્હારો આત્મા ઉન્નતિ પામી શકે તેવાં અહિં હું કામ કરી શકું છું અને તમારી વચ્ચે રહેવાથી મ્હારો ભોગ આપીને હું મ્હારા બંધુઓની સેવા કરી શકું છું. તમે સાંભળીને ખુશી થશો કે હરદ્વાર છોડયા પછી આ છેલ્લાં ત્રણ વરસમાં જૂદાં જૂદાં પાંચ શહેરોમાં નાવારસ નિરાધાર રખડતાં છોકરાંઓને માટે આશ્રમસ્થાન ખોલાવવા હું ભાગ્યશાળી થઇ શકયો છું; અને હાલમાં અહિં પણ એજ પ્રયાસ ચાલે છે. એવાં કામ કરવામાં કોઈ વખત કેટલું બધું ખમવું પડે છે, એ તમે જાણો છો ? ન જાણતા હો તો સાંભળો: એ જાણવાથી તમોને ખબર પડશે કે ભલાંકામો કરવાથી એની મેળે મેળે યોગ સિદ્ધ થઇ જાય છે. કેમ સિદ્ધ થઇ જાય છે તે જુઓ ! એમ કહીને પુણેકર બાવાએ કહ્યું કેઃ—

બાવાજીનું અપમાનઃ—

*રખડતાં ગરીબ નિરાધાર છોકરાંઓને માટે એક મકાન બંધા-

* " સ્વર્ગની કુંચી " નામના પુસ્તકમાંથી પાનું ૨૫૬.

વવાનું હતું, તે માટે ફંડ કરી તેમાં નાણાં ભરાવવાની જરૂર હતી. એ કામ એક ભલા માણસે ઉપાડી લીધું અને તે માટે તે બહુ મહેનત કરી ઘેરે ઘેર ફરી પોતાનો લાગવગ વાપરી ફંડમાં નાણાં ભરાવવા લાગ્યો. એક વખત તે માણસ કોઇ શેઠીયાને ત્યાં એ ફાળો લઇને નાણાં ભરાવવાની આશાએ ગયો. એ વખતે તે શેઠીયાને ત્યાં તેના પાંચ સાત બીજા મિત્રો બેઠા હતા અને તે બધા જુવાનીઆઓ મોજ–શોખની રમુજી વાર્તા કરી રહ્યા હતા, એટલામાં તે માણસ ત્યાં ફાળો લઇને ગયો. એ જોઇને પેલા શેઠીઆઓએ જાણ્યું કે, આ માણસ આપણી પાસે કાંઇ ભીખ માગવા આવ્યો છે, તેથી ગુસ્સે થઇને તેમાંથી એક તુમાખી જુવાનીયો તેની ઉપર થુંક્યો. એ પછી તેના થુંકવાની દરકાર નહિ કરતાં તે ફાળો લાવનાર માણસે કહ્યું કે, શેઠ આ ફંડમાં કાંઇક આપવાની મહેરબાની કરો. ત્યારે તે શેઠીયાઓમાંથી એક જણ બોલ્યો કે, હમણાં તને આપ્યું તે જોયું નહિ ? એટલે કે ત્હારી ઉપર થુંક્યા તોય તને લાજ નથી આવતી ? ત્યારે તે માણસે કહ્યું કે, એ તો મને આપ્યું, પણ આ ફાળામાં તો કાંઇક ભરો. એ સાંભળીને તેમાંથી એક જણાએ તે ફાળો તેની પાસેથી લઇને વાંચી જોયો, એટલે જણાયું કે, ઓહો ! આપણે ભૂલ્યા, આ તો નિરાધાર બચ્ચાંઓને માટે માગે છે. એ કાંઇ પોતાને માટે માગતો નથી. એમ જાણીને તે બધા શેઠીયાઓએ એ ફંડમાં નાણાંની મ્હોટી રકમો ભરી આપી.

અપમાન તરફ નહિ, પણ તે ખમવાથી મળતાં ઈનામો તરફ જુઓ.

"ભાઇઓ ! આવી રીતે અપમાન ખમીને પણ ભલાં માણસો પરમાર્થનાં કામો કરે છે અને પ્રભુના કૃપાપાત્ર થાય છે, પણ મૂર્ખાઓ

ને લોભીયાઓ પ્રભુના કૃપાપાત્ર છતાં પણ કાંઈ કરતા નથી ને ઉલટા પોતાને માટે નરકનો રસ્તો પસંદ કરે છે. માટે ભાઇઓ ! જો પ્રભુએ આપ્યું હોય તો પ્રભુને અર્થે ખરચવામાં હાથ સંકોડશો નહિ, અને જો ન આપ્યું હોય તો તન–મનથી મહેનત કરવામાં પછાત પડશો નહિ. યાદ રાખજો કે પ્રભુને અર્થે કરેલી તમારી મહેનત કાંઈ ફોકટ જવાની નથી, માટે ગરીબોને અર્થે પરમાર્થનાં કામો કરવા સારૂ કદિ અપમાન સહન કરવું પડે તોપણ મહાન પ્રભુને ખાતર તે સહન કરો; કારણ કે એવાં અપમાનનાં ઇનામો બહુ મ્હોટાં છે. માટે આપણે તુચ્છબુદ્ધિના માણસો તરફથી મળતાં અપમાનો સામું જોવાનું નથી, પણ સર્વ શક્તિમાન જગતપિતા તરફથી મળતાં ઇનામો તરફ જોવાનું છે–પ્રભુ તરપ જોવાનું છે, એ ધ્યાનમાં રાખજો.”

ભાઇઓ ! આ કાંઈ કલ્પિત વાત નથી, એ તુમાખી શેઠીયો કોની ઉપર થુંક્યો હતો એ તમને ખબર છે? આ તમારા પુણેકર બાવા ઉપર તે થુંક્યો હતો.

અમે સૌએ અજબ થઇને પૂછ્યું: હેં ! તમારી ઉપર ? અરરરર ! જો અમારા દેખતાં એમ થયું હોય તો અમે તો તેને માર્યા વિના રહીએ નહિ.

તાતીઆ સાહેબે કહ્યું:—“મહારાજ અહિં આવીને આવાં અપમાન ખમો છો ત્યારે તે કરતાં ગંગા કિનારાની ગુફા શું ખરાબ હતી ? આવું અપમાન તો એક હલકામાં હલકો માણસ પણ ન સાંખે, ત્યારે તમે મહાત્મા થઇને આવાં અપમાન કેમ સાંખો છો ? એવાં પંડ જાય જાહનમની ખાડમાં ! તમારે તે એવી ઉપાધિની શું જરૂર ? શાંતિથી માળા ફેરવો ને આપણા માટુંગાના બંગલામાં બેઠા રહો. એવી પીડામાં તે કોણ પડે ? ઑર્ફનેજ થાય તો થાય ને નહિ તો પડે ખાડમાં ! તેમાં તમારે શું ? તમે આવા મ્હોટા સાધુ

થયા ને તોપણ હજી એ પીડા ? ખરેખર તમારા અપમાનની આ વાત સાંભળીને મ્હારૂં તો માથું ફરી ગયું.

સેવાધર્મમાં અપમાનનો અર્થ:—

મહારાજે કહ્યું:–ભાઈ, એવાં અપમાન એ તો આપણા પાપનું પ્રાયશ્ચિત છે. દુનિયાનું આપણે જે કરજ કરેલું છે તેની એ ભરપાઇ છે. પરમાર્થને ખાતર ખમેલાં અપમાનો તે આપણે અગાઉ જે બૂરાં કર્મો કરેલાં છે તેને બાળનારાં લાકડાં છે. એવાં અપમાન તો પ્રભુને ખાતર આપણે કાંઇક કરી શકીએ છીએ એમ બતાવનારૂં સર્ટીફીકેટ છે. એવાં અપમાન તો અભેદમાર્ગમાં જવાનો રસ્તો છે. આપણા ભાઇબંધોને ખાતર એવાં અપમાન ખમવાં એ આપણા ઈશ્વિરીસ્નેહની સાબીતી છે. જગતમાં ભ્રાતૃભાવની ઈશ્વિરીસગાઇ ફેલાવવા આપણા કાંઇ પણ સ્વાર્થવિના એવાં પરમાર્થનાં અપમાન ખમવાં એ સાચો પુરૂષાર્થ છે, અને આપણી ફરજો બજાવતાં–આપણી ઉપરનું કરજ ચૂકાવતાં પ્રભુને ખાતર એવાં અપમાનો ખમવાં પડે એ તો મહાભાગ્યની વાત છે; કારણ કે એથી સત્વગુણ વધતો જાય છે, એથી અભેદમાર્ગમાં અવાતું જાય છે, એથી ઈશ્વિરીજ્ઞાન સમજવાની આપણી શક્તિ વધતી જાય છે અને એવાં પરમાર્થને ખાતર ખમેલાં અપમાનોથી ઈશ્વરની નજીક નજીક જવાતું જાય છે, માટે આપણે આપણી ઉપરનું કરજ ચૂકાવી દેવા સારૂ પરમાર્થમાં લાગવું જોઇએ અને આવી બને ત્યારે એવાં અપમાનો ખમી ખાવાં જોઇએ.

સાધુ ઊપર શેનું કરજ ?

તાતીયા સાહેબે કહ્યુ:–મહારાજ, હજી એવો ભ્રમ કાં રાખો ? તમે સાધુ થયા, હવે તમારી ઉપર શેનું કરજ ? ગુરૂમંત્ર લીધો ત્યા-

સ્થી દુનિયાદારીનાં કરજ તો બધાં બળી ગયાં. હવે એવી ઉપાધિ શા માટે ભોગવો છો?

મહારાજે કહ્યું:—સાધુ થવાથી કાંઈ ફરજો જતી રહે નહિ, ઉલટી ફરજો વધતી જાય છે; કારણ કે ફરજોનો સંબંધ કાંઈ લૂગડાંના બહારના રંગ ઉપર નથી, પણ ફરજોનો સંબંધ તો અંતઃકરણ ઉપર છે, બુદ્ધિ ઉપર છે, ત્યાગ—વૈરાગ્ય ઉપર છે, આજુબાજુના અનુકૂળ—પ્રતિકૂળ સંયોગ ઉપર છે અને જીંદગીની સાથે છે. જ્યાંસુધી આ સ્થૂલ શરીરની મારફત આ દુનિયામાં આપણી જીંદગીની હયાતી હોય ત્યાંસુધી આપણી ફરજો પૂરી થઈ શકતી નથી અને ત્યાંસુધી જગતનું આપણી ઉપરનું કરજ પૂરૂં થઈ શકતું નથી. ભાઇ, તમે કહો છો કે તમારી ઉપર કરજ શેનું? પણ શામાટે અમારી ઉપર કરજ નહિ? શું સાધુ થયા માટે અમારે ખાવું નથી જોઇતું? પાણી પીવા નથી જોઇતું? કપડાં નથી જોઇતાં? મળ—મૂત્રનો ત્યાગ કરવો નથી પડતો? અને શું શ્વાસ નથી લેવો પડતો? જ્યાંસુધી શરીરની ક્રિયાઓ ચલાવવા માટે આવું આવું કાંઈ પણ કરવું પડે છે ત્યાંસુધી અમે કરજમાંથી મુક્ત થઈ શકીએ નહિ, કારણ કે અમોને શ્વાસ લેવા માટે જે હવા જોઇએ છે તે હવા અમારે માટે કાંઇ બીજી દુનિયામાંથી આવતી નથી; આ દુનિયામાંથીજ તે મળે છે, માટે શ્વાસ લેવો તે આ દુનિયાનું કરજ છે. અમારે માટે પાણી કાંઈ સ્વર્ગમાંથી આવતું નથી, અમે સાધુ થયા માટે અમારૂં ભોજન કાંઇ બ્રહ્મલોકમાંથી આવતું નથી, અમારાં વસ્ત્રો કાંઇ દિશાઓની પારથી ચાલ્યાં આવતાં નથી, ફરવા—હરવા તથા સુવા—બેસવા માટે આ પૃથ્વી સિવાય અમે કોઈ બીજી પૃથ્વી ઉપર જતા નથી અને અમારી હયાતી સુધી દુનિયામાં અમે પણ મળ—મૂત્રની દુર્ગંધી ફેલાવનારા છીએ; માટે જગતનાં એ બધાં કરજના બદલામાં અમારે પણ કાંઈ કરવું જોઇએ. અભેદમાર્ગમાંથી અમે

એમ શીખ્યા છીએ કે આખી દુનિયાના ઉપકારમાં દબાયા વિના પાણીનો એક ઘુંટડો પણ આપણે પી શકીએ નહિ, આખી દુનિયાની મદદવિના આપણે રોટલીનો એક ટુકડો પણ મેળવી શકીએ નહિ અને ઈશ્વરની કૃપા વિના એક શ્વાસ પણ આપણે લઇ શકીએ નહિ; માટે દુનિયા તરફનું અને પ્રભુ તરફનું આપણું કરજ ચૂકાવવા માટે આપણે કંઈક પણ ભલાં કામો કરવાંજ જોઇએ.

આપણે આખી દુનિયાના ઉપકારમાં કેવી રીતે છીએ?

તાતીયા સાહેબે કહ્યું:—હું તો એક શેઠની નોકરી કરૂં છું, અને તેમાંથીજ બધું મેળવું છું; એટલે આખી દુનિયાના ઉપકારમાં દબાયાવિના પાણીનો એક ઘુંટડો પણ આપણે પી શકીએ નહિ અને આખી દુનિયાની મદદ વિના આપણે રોટલીનો એક ટુકડો પણ મેળવી શકીએ નહિ, એ બાબત હું સમજી શકતો નથી. એ કેવી રીતે?

મહારાજે કહ્યું:--એ સમજવા માટે કાંઈ બહુ દૂર જવું પડે તેમ નથી. તમારા શેઠનાજ ઘરના ભોજનની વાતો લો*"જૂદાં જૂદાં અનાજ જૂદા જૂદા દેશમાંથી આવેલાં છે અને તે જૂદાં જૂદાં માણસોએ બનાવેલાં છે. ચોખા બંગાળામાંથી આવેલા છે, તુરદાળ સુરતથી આવેલી છે, બાજરી કાઠિયાવાડથી આવેલી છે, ઘઉં ખંડવાથી આવેલા છે, ખાંડ મોરીસથી આવેલી છે, તેને લાવનારી સ્ટીમર જર્મનીની છે, ઘી પોરબંદરથી આવેલું છે, મસાલામાં મરી નાળીએર ને હળદર મલબારથી આવેલાં છે, મીઠું ચીમોરના અગરમાંથી આવેલું છે, બદામ, પીસ્તાં કાબુલથી આવેલાં છે, ધાણાજીરૂં ગુજરાતથી આવેલું છે, મરચાં ભાવનગરનાં છે, રાઇ જંબુસરની છે, બટાટા ધ્રાલીનાં છે, કોબી મદ્રાસથી આવેલી છે, વટાણા પૂનાના છે, આંબા ગોવાના છે,

* "સંસારમાં સ્વર્ગ" નામના પુસ્તકમાંથી પાનું ૧૮૫.

તાંદળજાની ભાજી બાબુલનાથની ટેકરીની છે, પરવર કલકત્તેથી આવેલાં છે, આમલી ગુજરાતની છે, હીંગ કાબુલની છે, ઠાકોરજીને મેવાનો પરસાદ ધરેલો છે તેમાં દાડમ મસ્કતનાં છે, નારંગી નાગપુરની છે, દ્રાક્ષ કાબુલની છે, સક્કરજન અમેરિકાનાં છે, શેરડી ઘાટના મુલકની છે, બોર બનારસથી આવેલાં છે, રસોઈ બનાવવા માટેનાં વાસણોમાં ત્રાંબુ અમેરિકાથી આવેલું છે, પીતળ નાસીકનું છે, પીતળમાંની કલઈ ચીનની છે, ચાંદી પૃથ્વીના ઘણા ભાગોમાંથી આવેલી છે, લોઢું વિલાયતનું છે, હાંલ્લાં કચ્છનાં છે, ચૂલાની માટી સાષ્ટી તાલુકાની છે, એ માટીમાં લાદ ભેળેલી છે તે ટ્રામ્વે કંપનીના ઑસ્ટ્રેલિયન ઘોડાની છે, આગ સળગાવવા માટેની દીવાસળી સ્વીડનની છે, લાકડાં દક્ષિણનાં જંગલનાં છે, તેમાં કાકડી મૂકવાનું કપડું વિલાયતી છે, ગ્યાસ્લેટ રૂશિયાનું છે, આટો દળનારી ડોશી દક્ષિણની છે, ઘંટીનો પથ્થર કાઠીયાવાડનો છે, શાક સમારવાનું ચપ્પુ શેફીલ્ડમાં બનેલું છે, દૂધ ભેંસનું છે, ભેંસ જાફરાબાદની છે, ગોવાળીયો વ્રજનો છે, ભેંસ માટેના કપાસીયા ભરૂચી જીનના છે, રસોઇ બનાવનાર ભટ્ટ સિદ્ધપુરનો છે અને શેઠ કચ્છના રહેવાશી છે. હજી આમાં ઘણી બાબતો કહેવાની રહી જાય છે. હવે તમે જુઓ કે, આમાં કેટલા બધા ખેડુતો, કેટલા મજુરો, કેટલા વેપારીઓ, કેટલા વહાણવટીઓ અને કેટલા બધા શોધકોનો હાથ હશે? એટલુંજ નહિ પણ એ બધી ચીજોનો શોધ કરતાં, તેના ગુણ–દોષ તપાસતાં, તેને ઉપયોગ લાયક બનાવતાં અને તેનો લાભ લેતાં કેટલાં બધાં વરસો સુધી કેટલાં બધાં માણસોએ કેટલી બધી મહેનત કરી હશે? અને હજુ પણ કેટલી બધી મહેનત કરી રહ્યાં છે? એ બધું જો આપણે બરોબર રીતે વિચારીએ તો આપણને એમજ લાગે કે ઇશ્વરની કૃપાવિના આપણે એક શ્વાસ પણ લઇ શકીએ નહિ; દુનિયાનાં ઘણાં તત્ત્વોની અને ઘણા લોકોની મદદ વિના આપણે

એક શબ્દ પણ બોલી શકીએ નહિ; આખી પૃથ્વીની મદદ વિના આપણે પાણીનો એક ઘુંટડો પણ પી શકીએ નહિ અને આખા બ્રહ્માંડના ઉપકારમાં દબાયા વિના ભોજનનો એક કોળીઓ પણ આપણે મેળવી શકીએ નહિ." એટલુંજ નહિ પણ

બીજાઓની બનાવેલી ચીજોનો આપણે લાભ લઇએ છીએ, માટે આપણે પણ બીજાઓને માટે કાંઈક કરવું જોઈએ.

પ્રભુની ઇચ્છા છે માટે ને શાસ્ત્રોની આજ્ઞા છે માટે દાન કરવું જરૂરનું છે, એટલુંજ નહિ પણ વ્યવહારિક રીતે પણ દાન કરવાને આપણે બંધાએલા છીએ; કારણ કે કોઇકનાં વાવેલાં ઝાડોનાં ફળ આપણે ખાઇએ છીએ, બીજાઓનાં લખેલાં પુસ્તકો વાંચીને આપણે જ્ઞાન મેળવીએ છીએ, બીજાઓએ ખોદાવેલા કૂવા-તળાવનાં પાણી આપણે વાપરીએ છીએ, બીજાઓએ બનાવેલાં કપડાંઓ આપણે પહેરીએ છીએ, બીજાઓએ વાવેલાં અનાજથી આપણે નભીએ છીએ, બીજાઓની જમીનપર આપણે ફરીએ-હરીએ છીએ, બીજાઓની ગાડીઓમાં આપણે બેસીએ છીએ, બીજાઓએ શોધેલી દવાઓનો આપણે લાભ લઇએ છીએ, બીજાઓએ બાંધેલાં ઘરોમાં આપણે રહીએ છીએ, બીજાઓએ શોધેલાં યંત્રો અને યુક્તિઓનો આપણે લાભ લઇએ છીએ અને આપણે આપણા પોતાથીજ નહિ પણ બીજાઓની મદદથીજ ઉત્પન્ન થયાં છીએ. ટુંકામાં આપણી જીંદગીનો દરેક શ્વાસ ઈશ્વર કૃપાથી ને બીજાઓની મદદથીજ લઇ શકાય છે. આમ હોવાથી જાણે કે અજાણ્યે પણ આપણે બીજાઓના ઉપકારમાં હમ્મેશાં દબાએલાજ છીએ, માટે આપણે પણ બીજાઓને માટે કાંઇક ને કાંઇક પણ ભલું કામ કરવુંજ જોઇએ. જે એવી રીતે ન કરે તે નગુણો છે. આપણી ઉપર કરેલા ઉપકારનો બદલો વાળવા તક ન લેવી-યત્ન ન કરવો એનુંજ

નામ પાપ છે, ને એજ અધમપણું છે; માટે એવા અધમપણાથી બચવા સારૂ ઇશ્વિરના પવિત્ર નામથી ઇશ્વિરને અર્થે આપણે આપણા ગરીબ ભાઇબંધોને યથાશક્તિ મદદ કરવી જોઇએ.

આપણે કોની સામે જોવાનું છે? એ તો જરા વિચારો.

ભાઇઓ! આવી રીતે આપણે માટે બીજાઓએ ઘણું કરેલું છે અને આપણે આખી દુનિયાના ઉપકારમાં દબાએલા છીએ, માટે આપણે બીજાઓને ખાતર તનથી મનથી અને ધનથી અથવા મનથી વચનથી કે કર્મથી પણ કાંઇક કરવું જોઇએ. એવી રીતે આપણા ગરીબડા દેશને અર્થે અને આપણા દુઃખી થતા ભાઇબંધોને માટે કાંઇપણ ભલાં કામો કરવાં એનુંજ નામ કર્ત્તવ્ય છે; અને એમાંજ કર્મ, ઉપાસના ને જ્ઞાન રહેલાં છે. સનાતન આર્યધર્મનો મૂળસિદ્ધાંત એજ છે કે જેમ બને તેમ જગતમાં ભ્રાતૃભાવની ઇશ્વિરીસગાઇ વધારવી, માટેજ હું અનાથ બચ્ચાંઓને રાખવાનાં આશ્રમસ્થાન બંધાવવા સારૂ પૈસાના મદમાં છકી ગએલા શ્રીમંતોની પાસે હડધુત થાઉં છું, તેમને ઘેર ઘેર ધકેલા ખાઉં છું, તેમનાં ઘરાર અપમાનો સહન કરૂં છું અને નિસ્પૃહી છતાં અનાથોને ખાતર તેઓના ફાંટાને આધીન થાઉં છું, કારણ કે એવું એવું સહન કર્યાવિના—એ જાતનો ભોગ આપ્યાવિના જગતમાં ઇશ્વિરીસગાઇ વધી શકે નહિ. મ્હારા ધર્મને અર્થે, મ્હારા આત્માના કલ્યાણ અર્થે અને પ્રભુને અર્થે હું મ્હારા ભાઇબંધોને ખાતર શ્રીમંતોનાં અપમાનો સહન કરૂં છું; કારણ કે આપણે કાંઇ બારદાન સામે જોવાનું નથી, પણ આપણે તો અંદરના માલ સામે જોવાનું છે. આપણો આત્મા—આપણો પરમાત્મા જે સૌમાં ઝબકી રહ્યો છે—સૌમાં ઝળકી રહ્યો છે—સૌમાં વ્યાપી રહ્યો છે અને સૌરૂપ થઇ રહેલો છે તેની સામે જોવાનું છે. ભલે લોકો મ્હારૂં અપમાન કરે અને

મ્હારી ઉપર થુંકે, પણ મ્હારે કાંઇ એવા અપમાનની સામે જોવાનું નથી. મ્હારે તો મ્હારા દેશની સામે જોવાનું છે, મ્હારે તો મ્હારા ગરીબડા બંધુઓની સામે જોવાનું છે, મ્હારે તો મ્હારા આત્માની ઉન્નતિ તરફ જોવાનું છે, મ્હારે તો મ્હારા અંતઃકરણના આનંદ તરપ જોવાનું છે, મ્હારે તો મ્હારા સનાતન સત્યધર્મ તરપ જોવાનું છે અને મ્હારે તો મ્હારા પ્રભુની તરફ જોવાનું છે; એટલે તાતીયા સાહેબ, તમે ભલે એવા અપમાનથી ભડકી જાઓ, પણ મ્હારે તો એવાં અપમાનોમાં પણ આનંદ છે; કારણ કે જે લોકો મ્હારૂં અપમાન કરે છે તેઓના ભલાને ખાતરજ હું મહેનત કરૂં છું, જે શ્રીમંતો હાલમાં મને હડસેલા મારે છે તેઓનોજ બોજો હું સ્વર્ગ સુધી ઉપાડી જાઉં છું, જે શેઠીયાઓ મને જોઇને પોતાનાં મ્હોં છુપાવે છે તેઓની ઉપર આશીર્વાદ ખેંચી લાવવાને માટેજ હું તરપડું છું, જે દોઢીયાંવાળાઓ મ્હારી મશ્કરી કરે છે તેઓની ઉપર પ્રભુની કૃપા વરસાવવા માટેજ હું તેઓને બારણે ધક્કા ખાઉં છું, જે અમલદારો મારી શુભયોજનાઓની દરકાર કરતા નથી તેઓને સદ્બુદ્ધિ આપવા માટેજ પ્રાર્થના કરૂંછું; પ્રજાના સુખને ખાતર હુ રાજાઓને મળવા માગું છું, પણ જે રાજાઓ પોતાના અભિમાનને લીધે મને નીચો સમજીને મળતા નથી તે રાજાઓ માટે સાંકડો થઈ ગયેલો સ્વર્ગનો રસ્તો પહોળો કરવાની હું મહેનત કરૂં છું; અને જે શ્રીમંતો ગરીબોના શળામાં પોતાનો હીસ્સો આપવાની આનાકાની કરે છે, તેઓને શરમાવીને, લલચાવીને, દબાવીને અને લાચારી ભોગવીને પણ હું તેઓની પાસે પરોપકાર કરાવું છું, અને તે એટલાજ હેતુથી કે ઇશ્વરની હજુરમાં તેઓની તરફથી તેમના ધર્મ માટે હું તેઓની સાક્ષી પૂરી શકું. મને કહો કે આ કરતાં વધારે સારો યોગ બીજો કયો? આ કરતાં વધારે ઉત્તમભક્તિ બીજી કઇ? અને આ કરતાં વધારે સત્યજ્ઞાન બીજું કયું? હું

અપમાન ખમું છું એટલે ગુફામાં બેસીને યોગ સાધવાથી જે ફળ ન મેળવી શકાય તે ફળ પરમાર્થને અર્થે સહન કરેલાં અપમાનમાંથી હું મેળવી જાઉં છું! તાતીયા સાહેબ, તમોને જગતમાં ઇશ્વરી સ્નેહ ફેલાવવા માટેનાં અપમાનો ગમતાં નથી, પણ મને કહો તો ખરા કે એવાં અપમાનો ખમ્યા વિના તરી જવાનો રસ્તો બીજો કયો છે? એક બાજુએ પરમાર્થ અર્થે ખમાતાં દુઃખો મૂકો અને બીજી બાજુએ સકામ કર્મકાંડના–વ્યવહારિક ભક્તિના–આનંદો અને સિદ્ધિઓ મૂકો અને પછી જુઓ કે કયું છાબડું વધારે નીચું નમે છે?

આપણા કલ્યાણ માટે પ્રભુએ બતાવેલો રસ્તો:—

તમને હજી ઇશ્વરીસ્નેહના આનંદનો રસ લાગ્યો નથી, એટલે પરમાર્થનું છાબડું કેટલું બધું નીચે નમે છે એ વાત બરોબર સમજી શકશો નહિ; પણ સંતોએ તો એને માટે એમ કહેલું છે કે,

परोपकृतिकैवल्ये तोलयित्वा जनार्दनः ।
गुर्वीमुपकृतिं मत्वा ह्यवतारान्दशाग्रहीत् ॥

(સુભાષિતરત્ન ભાંડાગારમાંથી.)

ભાવાર્થ:—"પ્રભુએ પરોપકારને અને મુક્તિને તોળી જોયાં, તેમાં મુક્તિ કરતાં પરોપકારનો ભાર વધારે થયો, તેથી પ્રભુએ પોતે મુક્તિ છોડીને પરોપકારને અર્થે દશ અવતાર ધારણ કર્યા."

હવે વિચાર કરો કે પ્રભુએ પોતે મુક્તિ કરતાં પણ પરોપકારને વધારે શ્રેષ્ઠ માનેલો છે; એટલુંજ નહિ પણ પરોપકારને માટે તેણે પોતે મુક્તિ છોડીને ખાસ અવતાર લીધેલા છે, ત્યારે પરોપકારને માટે આપણે થોડાં અપમાન ખમીએ કે થોડાં દુઃખ ભોગવી લઇએ તેમાં શું મ્હોટી વાત છે? આ દુનિયામાં સૌથી

મ્હોટામાં મ્હોટું દુઃખ જન્મ અને મરણનું છે, એ દુઃખ પોતાના સ્નેહને ખાતર–પરમાર્થને ખાતર–આપણે ખાતર સમર્થ પ્રભુ પોતે ભોગવી લે છે; એટલે કે પ્રભુ પોતાની પ્રભુતાને સંકેલીને, આપણા જેવા થઇને, અવતાર લઇને, આપણી વચ્ચે આવે છે એ તેમની કેટલી બધી દયા છે? એ તેમની કેટલી બધી મહત્તા છે? અને એમ કરવામાં તેમને કેટલો બધો મ્હોટો ભોગ આપવો પડે છે, એ કાંઇ તમે સમજો છો? પરમાર્થને ખાતર–આપણે ખાતર સર્વ શક્તિમાન, અનંત બ્રહ્માંડનો નાથ પોતે જ્યારે આપણી વચ્ચે આવી શકે એટલો બધો ન્હાનો થઈ જાય છે, ત્યારે તેના સ્નેહને ખાતર આપણે થોડાં દુઃખ કે થોડાં અપમાન ભોગવી લઇએ તેમાં શું મ્હોટી વાત છે? યાદ રાખજો કે ઇશ્વિરીસ્નેહને ખાતર ખમેલાં અપમાનનાં ઇનામો બહુ મ્હોટાં છે. મ્હેં તો મ્હારા જાતિઅનુભવથી જોયું છે કે, ગંગા કિનારે ગુફામાં બેસીને યોગ સાધવાથી હાલના જમાનામાં જે આનંદ ન મેળવી શકયો તે આનંદ ગરીબોને ખાતર ખમેલાં અપમાનો-માંથી મેળવી શકયો છું. દેવપૂજા કરવાથી અંતરની જે શાંતિ ન મેળવી શકયો તે શાંતિ અનાથ છોકરાંઓનાં આંસુ લુછવાથી મેળવી શકયો છું. ધર્મશાસ્ત્ર વાંચ્યા કરવાથી જે ઉત્તમતા ન મેળવી શકયો તે ઉત્તમતા ગામડાંનાં ગરીબ રોગી છોકરાંની સારવાર કરવાથી મેળવી શકયો છું, અને ધર્મને નામે ચાલતી આપણી બહારની ઉપલક ક્રિયા-ઓમાંથી જે તત્ત્વ ન મેળવી શકયો તે નવું જીવન દેશની ભવિષ્યની આશા જે ન્હાનાં બચ્ચાંઓ તેઓની જીંદગી સુધારવાના કામમાંથી મળતાં અપમાનો માંથી મેળવી શકયો છું; માટે મ્હારે મન તો પર-માર્થને ખાતર ખમેલાં અપમાનો સોના કરતાં પણ વધારે મૂલ્યવાન છે અને હું તો એજ પ્રાર્થના કરૂં છું કે, હે પ્રભુ! જગતમાં ત્હારો સ્નેહ ફેલાવવા માટે મને હજી વધારે અપમાન ખમવાની–વધારે નીચો

બનવાની–વધારે દીન બનવાની તક આપ; કારણ કે એથીજ ત્હારી કૃપા મેળવી શકાય છે, એથીજ ત્હારૂં દર્શન કરી શકાય છે અને એથીજ ત્હારૂં ધામ પામી શકાય છે, માટે અમે તો જગતના સૌ જીવોના કલ્યાણની સાથે અમારા કલ્યાણ સારૂ જગતની સેવાજ માગીએ છીએ.

હાય હાય! તમે અપમાનથી બીહો છો?

ભાઇઓ! જગતમાં ઇશ્વરીસ્નેહ ફેલાવવાનું મહાનકામ કરતાં તમે અપમાનથી બીહો છો! હાય હાય! આટલી બધી નબળાઇ તમારામાં ક્યાંથી આવી? તમે તમારૂં અપમાન કરનારાઓની સામે જુઓ છો; પણ કોને ખાતર એ અપમાન ખમો છો, એ તો જરા વિચારો! તમારૂં અપમાન કરનારાઓની આબરૂ શું છે, અને તમે જેને માટે અપમાન ખમો છો તેની મ્હોટાઈ શું છે, એ તો જરા વિચારો!

અરર હજી સુધી કોઇકના અપમાનનેજ તમે તમારા હૃદયમાં ભરી મૂકો છો? હાય હાય! તમારી પાસે અપમાનજ રહે કે? ત્યારે એ સભામાંથી એક માણસે કહ્યું કે, મહારાજ, એ અપમાન અમારી પાસે ન રહે તો બીજે ક્યાં જાય? ત્યારે મહારાજે કહ્યું કે, બેટા ત્હેં મને ગાળો આપી, પણ મ્હેં તે ન લીધી, ત્યારે કોની પાસે રહી? ત્યારે તે માણસે શરમાઈ જઇને કહ્યું કે, મહારાજ, એ મ્હારી ગાળો તો પાછી મ્હારી પાસેજ રહી.

મહારાજે કહ્યું:—બેટા, હવે બીજો વિચાર કર. તને કોઈ માણસ પોતાનો ડગલો આપવા આવે તો તું તે લેશે કે? તે માણસે કહ્યું કે નહિ. મહારાજે પૂછ્યું કે શા માટે નહિ લે? ત્યારે તે માણસે કહ્યું કે, ભીખારી હોય તે લેય. મ્હારાં જેવા ગૃહસ્થ માણસથી એમ કેમ લેવાય? એવી નજીવી ચીજ સારૂ કરીને શામાટે કોઇના ઉપકારમાં

આવીએ ? મહારાજે કહ્યું કે, બેટા, જેમ ત્હારા ગૃહસ્થપણા માટે તું કોઈની ચીજ ન લે, તેમ અમે અમારા સાધુપણા માટે પણ એવાજ મસ્ત છીએ. સાધુપણા સારૂ કરીને અમે ઘરબાર છોડેલાં છે, અને એ મસ્ત ફકીરી સારૂ કરીને સંસારનાં હજારો મોહક સુખો ઉપર અમે થૂંકીએ છીએ. એ બધું છોડીને—એ બધાં ઉપર પાણી ફેરવીને, હવે હું ત્હારી પાસેથી ગાળો લઉં કે ? વાહ ! વાહ ! વાહ ! લેવા જેવી ચીજ તો મજેની ! બેટા, ત્હારે ઘેરે કોઇ મીઠાઇનો ખુમચો લાવે તો એ લેવામાં પણ તું જરા આનાકાની કરે, ત્હારો દોસ્ત તને ઘડિયાળ ભેટ આપે તો એ લેવામાં પણ તું જરા હા ના કરે અને ત્હારો સસરો જમવા બોલાવે તો એમાં પણ–માલ માલ ઉડાવવામાં પણ જરાવાર લગાડે, પણ ત્હારા દુશ્મનની ગાળો લેવામાં તો તું તૈયાર ? એમાં તો જરાય વાર નહિ ! આનું નામ ગૃહસ્થપણું કે ? શરમ ! શરમ !

હવે ત્રીજો વિચાર કર, કે હમ્મેશાં ઘણું કરીને માણસો કઈ ચીજ લે છે ? જે ચીજ પોતાને પસંદ હોય તેજ લે છે. આપણે કોઇ શહેરના બજારમાંથી ચાલ્યા જતા હોઇએ તો રસ્તામાં ઘણાએ દુકાનદારો ને ફેરીવાળાઓ કહે છે કે લ્યો શેઠ, આ એક ચાકુ બહુ સરસ છે; આ ચસ્મો સસ્તામાં જાય છે; આવો આવો, ગરમ કાપડ આપું; જુઓ શેઠ, આ રૂમાલ તો જુઓ; આ હાફુસના આંબા સસ્તામાં જાય છે; આ પગરખાંની એક જોડી અર્ધી કિંમતે, આવી જાઓ; આ મારવાડીનું દેવાળું, છ દોઢીયામાં ગમે તે ચીજ ઉપાડો ! આવી રીતે આપણને ઘણા લોકો ઘણી ચીજ આપવા આવે છે, પણ વગર જરૂરની ચીજો આપણે લેતા નથી. તેમજ કોઇ આપણને ગાળ આપવા આવે તો તે આપણે શા માટે લેવી જોઇએ ? શું એ વિના આપણને ન ચાલે ? જેની પાસે જે માલ હોય તે આપે. જેની પાસે આંબા હોય તે આંબા આપે, જેની પાસે મીઠાઇ હોય તે મીઠાઇ

આપે, જેની પાસે કપડાં હોય તે કપડાં આપે, તેમજ જેના મનમાં ગાળોનો ખજાનો ભરેલો હોય તે ગાળ આપવા આવે, તેમાં આપણું શું ગયું? આપણે તે લઇએ શું કરવા? જો આપણે તે લઇએ તોજ તે આપણી પાસે આવેના? પણ નજ લઇએ તો શું? જેને ગાળની જરૂર હોય તે ભલે લે, આપણે તો પવિત્ર ઇશ્વરને ખાતર સૌને માફ કરતાં શીખવું જોઇએ અને સૌને આપણા એકજ પિતાના પુત્ર સમજી સૌનું ભલું ઇચ્છવું જોઇએ. તને ખબર છે? શ્રી કૃષ્ણ ભગવાને પોતાના દુશ્મન શિશુપાળના સો ગુન્હા માફ કર્યા હતા ત્યારે આપણે કોઇકના ખરાબ શબ્દોની માફી આપવી એમાં શું મ્હોટી વાત છે? માટે બચ્ચા, પરમદયાળુ પ્રભુની માફી મેળવવાની આપણને જરૂર છે, તે સારૂ રૂડું બોલતાં અને બીજાઓનાં વાંક માફ કરતાં શીખો.

હાલમાં આપણા દેશને કેવા વિચારોની જરૂર છે?

મહારાજજી! પુણેકર બાવા માટેની બાપુજીએ કહેલી આ વાતો સાંભળીને મને બહુ સારી અસર થઇ અને એમજ લાગ્યું કે, બેશક એવાજ વિચારોની અત્યારે આપણા દેશને જરૂર છે.

ઑનરેબલ સાહેબે કહ્યું:—મહારાજજી, બૅરિસ્ટર સાહેબે તો ખુબી કરી! તેઓએ આપણને એક નહિ પણ ત્રણ અસરકારક જીવનચરિત્રો સંભળાવ્યાં છે. એક તેઓનું પોતાનું, બીજું બાપુજીનું ને ત્રીજું પુણેકર બાવાનું. એ ત્રણેમાંથી આપણે ઘણું શીખી શકીએ તેમ છીએ.

ઠાકોર સાહેબે કહ્યું:—બૅરિસ્ટર સાહેબની ભભક કાંઇ ઓરજ છે; એટલુંજ નહિ પણ તેમનું કહેવું જમાનાને અનુસરતું ને સાર્વજનિક છે, માટે મને તો એમ લાગે છે કે તેઓની વાતો સાંભળ્યાજ કરૂં.

મ્હેં કહ્યું:—બૅરિસ્ટર સાહેબ, ઠાકોર સાહેબની ઇચ્છા છે માટે હજી પણ કાંઇક કહો.

બૅરિસ્ટરે કહ્યું:-હું સૌ ભાઇઓનો વખત ગુમાવતો હોઉં એમ ન થવું જોઇએ.

મહારાજે કહ્યું:-નહિ, નહિ, એવી ફિકર કરો નહિ. તમે અમને આનંદ આપો છો. એવી જાતના અનુભવ અને એવી જાતના વિચારો આપવા લેવા સારૂ તો આપણે અહિં મળીએ છીએ, માટે ખુશીથી અમને તમારા જાતિઅનુભવની વાતો કહો. એટલું યાદ રાખજો કે કલ્પના સાથે રમ્યા કરવું નહિ. આપણને હાલમાં અલાદીનના જાદુઇ ફાનસના જેવી ને અરેબીયન નાઇટસના જેવી તલેસ્માતિક વાતો નથી જોઇતી, પણ આપણને તો આપણે પોતે આપણી જીંદગી સુધારી શકીએ અને આપણા ભાઇબંધોને મદદ કરી શકીએ તેવા અનુભવના દાખલાઓ જોઇએ છીએ, માટે એ જાતની વાતો ખુશીથી કહો.

બૅરિસ્ટરની આગલી જીંદગી.

બૅરિસ્ટરે કહ્યું:—અગાઉ ઘણી વખત મને જૂઠું બોલવું પડતું હતું, અને તે કાંઇ મ્હારી ખુશીથી નહિ પણ મ્હારા ધંધાની રૂએ મને જૂઠું બોલવું પડતું હતું. એમ કહીને હું કાંઇ મ્હારા ધંધાને હલકો પાડવા માગતો નથી અથવા જૂઠ્ઠાઇનું તત્ત્વ ભેળાયાવિના વકિલાતનું કામ થઇ શકે નહિ એમ કાંઇ હું કહેતો નથી, પણ મ્હારી કહેવાની મતલબ એ છે કે, બીજા ઘણા ધંધાઓ કરતાં કાયદાની બારિકીઓમાંથી બચવા સારૂ અમારા અસીલોને અમુક પ્રકારની જુબાનીઓ રજુ કરવાનું અમારે કહેવું પડે છે. તેમાં ઘણી વખતે એમ બને છે કે દરેક કેસમાં વાદી પ્રતિવાદી પાસે બધી જાતના જોઇતા પુરાવા હાજર હોય નહિ; તેથી પોતાના લાભને ખાતર અમારી સલાહ અથવા માગણી મુજબ તેઓ ચોક્કસ પ્રકારની ઘાલમેલ કરે છે. જો કે એમાં

સીધી રીતે અમારો હાથ હોતો નથી, તોપણ ઘણી વખત અમે સમજી જઇએ છીએ કે આ કેસમાં કાંઇક ગોટાળો છે, છતાં પણ અમારા લાભને ખાતર જેમ હોય તેમ અમે ચલાવી લઇએ છીએ. આ કાંઇ હું મ્હારા સૌ ધંધાદારી ભાઇઓ માટે કહેતો નથી, પણ મ્હારે પોતાને માટે મ્હારા જાતિઅનુભવની વાત કહું છું કે ખાસ સત્યનેજ વળગી રહેવું, એવા નિયમ ઉપર હું ચાલી શકતો નહોતો; પણ મ્હારા હાથમાં આવેલા એક કેસમાં એક બાનકોટી ઘાટીના સત્યનો દાખલો જોયા પછી હું વધારે સત્ય પાળતાં શીખ્યો છું. મ્હારી આગલી જીંદગી અને હાલની જીંદગી વચ્ચેનો ફેર તમે સમજી શકો તે સારૂ આ વાત મ્હારે તમને કહેવી પડે છે.

પ્રૉફેસરે કહ્યું:–ઓહોઃ ત્યારે તો એ દાખલો બહુ મજેનો હશે !

પંડિતજીએ કહ્યું:–આ બૅરિસ્ટર સાહેબ જેવાઓ જ્યારે બાનકોટી ઘાટીને પોતાનો ગુરૂ બનાવશે ત્યારે અમારો–બ્રાહ્મણોનો ભાવ કોણ પૂછશે?

પ્રૉફેસરે કહ્યું:–તમારા જેવા બ્રાહ્મણોનો ભાવ થોડીક મુદ્દત રાંડીરાંડો પૂછશે! અમને બ્રાહ્મણો સાથે કામ નથી; અમને તો જેઓમાં બ્રાહ્મણપણું હોય તેઓની સાથે કામ છે.

બાવાજીએ કહ્યું:–એ વાત અબી છોડ દો, પીછુ ક્યા હુવા સો તો સુનો !

એક મ્હોટો કેસ.

બૅરિસ્ટરે કહ્યું:–થોડા વખત ઉપર એક બહુ ખટપટી કેસ મ્હારા હાથમાં આવ્યો હતો. કેસ મ્હોટો હતો અને તેના સંયોગો એવા હતા કે તેના ચુકાદાનો મુખ્ય આધાર એક ઘાટીની જુબાની ઉપર હતો. એ એક મુસલમાન ગૃહસ્થનો નિમકલાલ નોકર હતો. તે

ગૃહસ્થ ઉપર તેના ભત્રીજાએ ફરિયાદ માંડી હતી, અને પોતાના બાપે બનાવેલાં વીલનો નાશ કરવાનું તેણે પોતાના કાકા ઉપર તહોમત મૂક્યું હતું. એ ભત્રીજો બહુ દગલબાજ ને જોરાવર માણસ હતો, તેણે એ ઘાટીને પોતાના પક્ષમાં લઈ તેની પાસે જુઠ્ઠી જુબાની આપવા માટે બહુ મહેનત કરી, પણ તેમાં તેનું કાંઇ વળ્યું નહિ, તેથી તે કેસ હારી ગયો. એ પછી વાતચિત થતાં મ્હેં તેને પૂછ્યું કે, આવાં કાચાં કામે તમે કેસ કેમ માંડયો ? હું જ્યારે તમને પૂછતો ત્યારે તમે કહેતા કે, બધા પૂરાવા તૈયાર છે; અને આમ કેમ થયું ?

ગનુ ઘાટીની ખુબીઃ-

તેણે કહ્યુંઃ-"સાહેબ, એ હરામખોર ગનુડાના પ્રમાણિકપણાથી મ્હારી બધી ગણત્રી ઉંધી વળી છે. મ્હારા મનમાં એમ હતું કે "જર ચાહે સો કર" પૈસો એ દોઢ પરમેશ્વર છે, તેની આગળ એ ઘાટીડાનો શું ભાર છે ? વાત કરતાં કરતાં હું તેને ફેરવી નાખીશ; એમ મ્હારા મનમાં ઉમેદ હતી, તેથી હું આપને કહેતો હતો કે બધા પૂરાવા તૈયાર છે. મ્હેં જોયું કે પ્રથમ તમે પોતે પણ આ કેસ લેવાના નહોતા; પણ મ્હેં થોડા વધારે રૂપિયા આપવા માગ્યા એટલે તમે પણ લોભાણા, કૉર્ટમાં પણ મ્હેં લાગવગ લગાડયો, મ્હારા કાકાના એક દોસ્તદારને ફોડયો અને વકીલના માણસ સાથે પણ ઘાલમેલ કરી. આ બધું હું પૈસાના જોરથી કરી શકયો, એટલે મને આશા હતી કે એ બે બદામના ઘાટીડાને બદલી નાખવો એમાં શું મ્હોટી વાત છે? લોકોને ઉઠાં ભણાવતાં મને બહુ આવડે છે, તેમ વાતમાં ને વાતમાં એને સમજાવી લઇશ. એમ કરતાં પણ નહિ માને તો હજાર બે હજાર રૂપિયાની થેલી તેના હાથમાં મૂકી દઇશ. પૈસા દેખીને મુનિવર પણ ચળે, ત્યારે એનો શું ભાર છે? એમ છતાં પણ નહિ

માને તો છેવટ હું તેનાં હાડકાં ખોખરાં કરી નાંખીશ ! મ્હારા મગજમાં એમ ધ્રાંકો હતો કે હું સોનેરીટોળીવાળો છું અને મ્હેં કંઈકને ફસાવ્યા છે, ત્યારે એ બિચારા કબતરનો શું ભાર છે? મારથી તો ભૂત પણ નાસે, ત્યારે એ જૂઠું નહિ બોલે ને ક્યાં જશે? એમ મ્હારા મનમાં હતું, તેથી મ્હેં તમોને મુખ્ય સાક્ષી તરીકે એનું નામ આપ્યું હતું; પણ સાહેબ, દિલગીર છું, એમાં હું પણ ઠગાયો છું. મ્હેં બધી તજવીજ કરી જોઇ, તેને સમજાવ્યો કે આઠ રૂપિયાના પગારમાં ત્હારો દહાડો નહિ વળે, અને તું ગમે તેવો સાચો રહીશ તોપણ ત્હારો લોભી શેઠ ત્હારી કાંઇપણ કદર કરે તેમ નથી, માટે હું કહું તેમ તું જરાક ખોટું બોલ તો હું તને જન્મ સુધીનું પેન્સન કરી આપું. કહે તો ત્હારા દેશમાં ત્હારે સારૂ ખેતર–વાડી લઈ આપું, કહે તો ત્હારે નામે ચાર હજાર રૂપિયા વ્યાજે મૂકી આપું, અને જોઇએ તો લે આ રોકડા ! એમ કહીને મ્હેં તેની પાસે રોકડા બે હજાર રૂપિયાનો ઢગલો કર્યો; પણ તેણે તો નીચું માથું રાખીને બસ એટલુંજ કહ્યું કે, “એ બાલા નકો” એ મને નહિ જોઇએ. એ પૈસાની સામું પણ તેણે જોયું નહિ. મ્હેં ફરી પાછો બહુ સમજાવ્યો; ત્યારે પણ તેણે એટલુંજ કહ્યું કે, “મ્હેં જેના ઘરની રોટલી ખાધી છે તેની વિરૂદ્ધ હું નહિ બોલું.” એ પછી મ્હેં કહ્યું કે; ત્હારૂં મ્હોત આવ્યું છે, એમ સમજ. ત્યારે તેણે કહ્યું કે, “મેલાતર કાઈ ઝાલા? દેવાચી મરજી.” હું નિરાશ થઇને તેને લાત મારીને બે બે કટકા ગાળો દેતો ઉઠી ગયો. એ પછી લાગવગ વાપરીને, લાંચ–રૂસ્વત આપીને પોલીસના એક માણસને તે જમતો હતો તે વીશીમાં મોકલ્યો. તેણે તેને ખૂબ દમ ભરાવ્યો, અને કહ્યું કે જો અમારા કહ્યા મુજબ જુબાની નહિ આપીશ તો ત્હારી ઉપર કાંઇક ખોટું ત્હોમત ઉભું કરીને બે ચાર વરસ કેદમાં ઠોકી દઇશું. એ વખતે પણ તેણે એમજ કહ્યું કે, “મ્હારૂં ગમે તે થાઓ,

પણ હું મ્હારા શેઠને ફસાવીશ નહિ." એ પછી છેવટ લુચ્ચાઓ સાથે મળીને મ્હેં તેને ખૂબ માર મરાવ્યો. આઠ દિવસ સુધી તે ખાટલે પડયો અને આંખે લોહી આવે તેવો માર માર્યો, પણ તે એકનો બે થયો નહિ, એટલે હું લાચાર થયો. આપ મને ઠપકો આપો છો પણ એમાં મ્હારો વાંક નથી, હું તો મ્હારાથી જેટલું બને એટલું બધું કરી ચૂકયો, પણ એ કાફર જૂઠું ન બોલ્યો એટલે મ્હારો શું ઉપાય?"

બૅરિસ્ટર સાહેબે ગનુ સાથે કરેલી પોતાની સરખામણીઃ-

મહારાજજી, આ વાત સાંભળીને મને બહુ ઊંડી અસર થઇ. મને લાગ્યું કે એક તદ્દન ગરીબ મૂર્ખ ગામડીયો આટલી બધી નીતિ રાખી શકે, અને મ્હારા જેવો બૅરિસ્ટર કાવાદાવામાંજ પોતાની જીંદગી ગાળે! તે હલકા વર્ણનો ને હું ઉચ્ચવર્ણનો, તે મૂર્ખ અને હું વિદ્વાન, તે ગરીબ અને હું શ્રીમંત, તે પશુઓમાં ને જંગલીઓમાં રહેનારો ને હું વિદ્વાનોમાં ને અધિકારીઓમાં રહેનારો, તે ધર્મ નહિ સમજનારો ને હું શાસ્ત્રનો અભ્યાસ કરનારો, તે આબરૂવિનાનો ને હું આબરૂદાર અને તે મ્હારા જોડા ઉપાડનાર ને હું સૌમાં પૂજનીય; છતાં પણ તે સાચો ને હું જૂઠો! તે નિમકહલાલ ને હું નિમકહરામ! તે પ્રમાણિક ને હું અપ્રમાણિક! અને તે હૃદયના બળવાળો ને હું ઢીલો ઢપ! હાય હાય આ તે શું કહેવાય! તેને ઘેર તાવડી તનાના કરે તોપણ તે જૂઠું ન બોલે અને મ્હારા ઘરમાં સોનું-રૂપું ઉછળે તો પણ હું જૂઠું બોલું! તેને માર પડે તોપણ તે જૂઠું ન બોલે અને મારે તો જૂઠું બોલવું એ કાંઇ હિસાબમાંજ નહિ! તેને તેના પ્રમાણમાં અતિશય લાભ મળતો હોય તોપણ જૂઠું ન બોલે ને હું કાંઇ પણ લાભ ન હોય તોપણ પ્રપંચ કર્યા કરૂં! અને તે અમલદારોના ત્રાસ છતાં પણ જૂઠું ન બોલે અને મ્હારા હાથમાં

અમલદારો પોતેજ રમકડાં જેવાં હોય છતાં પણ હું જૂઠું બોલું! હાય! હાય! ધિક્કાર છે મ્હારી વિદ્યાને! શરમ છે મ્હારા અધિકારને! અને ધૂળ પડી મ્હારા ઉચ્ચપણામાં!! મ્હારા કરતાં તો એ ગનુ ઘાટી હજારો ગણો સારો છે! હું જે અંતરનું સાચું સુખ ભોગવી શકતો નથી તેનું કારણ મ્હારૂં પ્રપંચીપણુંજ છે.

હું શા માટે જૂઠું બોલું છું?

આવા આવા વિચાર આવતાં મને બહુજ પશ્ચાત્તાપ થયો, અને એમ લાગ્યું કે મને જે જોઇએ તે છે. સૌ લોકો પોતાની ગરજે મ્હારી પાસે આવે છે, ત્યારે મ્હારે શા માટે ઉંધા–ચતાં કરવાં જોઇએ? શું એમ કર્યાવિના મ્હારૂં ટટ્ટુ નહિ ચાલે? મ્હારા મિત્ર મી. ત્રુથનું કેમ ચાલે છે? રાવ સાહેબનું કેમ ચાલે છે? એ બધાં કરતાં તો હું વધારે નામવાળો ને વધારે ઘરાકીવાળો છું. ત્યારે મ્હારૂં કેમ ન ચાલે? અવશ્ય ચાલશેજ. ત્યારે મ્હારે શા માટે જૂઠું બોલવું જોઇએ? શામાટે જૂઠા કેસો લેવા જોઇએ? અને શામાટે અમુક જાતના ખોટા પૂરાવા ઉભા કરવાની લોકોને સલાહ આપવી જોઇએ? એવું કાંઇપણ ન કરૂં તોપણ મ્હારૂં કામ તો એવીને એવી રીતે ચાલી શકે તેમ છે, ત્યારે હું શામાટે જૂઠું બોલું છું? મને જૂઠું બોલવાની કોણ ફરજ પાડે છે? બહુ વિચાર કરતાં મને એમ લાગ્યું કે, કોઇ પણ જાતનું મ્હારી ઉપર એવું દબાણ નથી કે જેથી કરીને મ્હારે જૂઠું બોલવુંજ પડે, અને તેમ છતાં પણ હું જૂઠાણામાં કાં પડયો રહું? એનું કારણ મ્હારા મનની નબળાઇ છે, એનું કારણ રિવાજોને આધીન થવાનું વલણ છે, એનું કારણ નાનપણથી મનમાં સત્યનાં બીજ ન રોપ્યાં એ છે, એનું કારણ જરાક વધારે દઢતા ન રાખી એ છે, એનું કારણ કામકાજમાં ચોક્કસપણું ન રાખ્યું

એ છે, એનું કારણ ઉચ્ચવૃત્તિવાળા સંતજનોના સમાગમમાં ન રહ્યો તે છે, અને એનું કારણ મનને હલકી જાતના પ્રપંચોમાં રમાડયા કરવાની ટેવ પડી ગઇ છે એજ છે; એ સિવાય જૂઠું બોલવાનું મને બીજું કાંઈ પણ કારણ નથી. જૂઠું બોલું તોજ મ્હારો નિર્વાહ ચાલે એવું કાંઈ નથી, ખાસ લોભને ખાતરજ જૂઠું બોલું છું એમ પણ નથી, જૂઠું બોલવાથી કે સાધારણ પ્રપંચો કરવાથી કાંઇ વધારે માન મેળવી જાઉં છું એમ પણ કાંઈ નથી, અને જૂઠું બોલવાથી બુદ્ધિ કે જ્ઞાન વધે એમ પણ કાંઇ નથી; એટલુંજ નહિ પણ કાંઇ એવા ખાસ સંયોગ નથી કે જેથી મ્હારે ચાહીને જૂઠું બોલવુંજ પડે, અને છતાં પણ હું વારંવાર જૂઠું બોલું છું એનું કારણ તે શું? મને લાગ્યું કે એનું કારણ સાદીસમજની ખામી એજ છે, એનું કારણ ખાસ ધ્યાન આપ્યા વિના જેમ તેમ જીંદગી ગાળી નાંખવી એજ છે, એનું કારણ ઉત્તમવૃત્તિઓનાં સુખ જોયાં નથી એજ છે; અને એનું કારણ માનસિક નબળાઇ એજ છે. આમ સમજ્યા પછી મને બહુ દિલગીરી લાગી, મને લાગ્યું કે કાંઇપણ ખાસ કારણ વિના હું આવી નીચતામાં કાં પડયો રહું ? અરે હાય! હાય! આવી રીતે મનની નબળાઇથી તથા સાદી સમજ વાપર્યાવિના જેમ તેમ જીંદગી ગાળી નાંખવાથી વિનાકારણ મ્હેં કેટલી બધી ભૂલો કરી હશે? જો જરાકજ હું વધારે દૃઢ રહ્યો હોત અને જરાકજ વધારે વિચાર કર્યો હોત તો હું એટલી બધી ભયંકર ભૂલો કરત નહિ. કાંઇપણ ઠરાવ વિના અને જીંદગીના ઉચ્ચહેતુઓ ધ્યાનમાં રાખ્યાવિના સૌ લોકોની માફક હું પણ દુનિયાદારીના વ્યવહારના પ્રવાહમાં તણાઇ ગયો, તેથીજ મ્હેં મ્હારી પોણી જીંદગી વિનાકારણ જૂઠાણામાં ખોઈ નાખી છે! પ્રભુ! દયા કર, દયા કર.

સત્ય પાળવાનો ઠરાવ.

મહારાજજી, ગતુના પ્રસંગને લીધે આ વિચારો આવ્યા પછી

—સત્ય પશ્ચાત્તાપ થવાથી મ્હારા હૃદયનો ભાર હલકો થયો, એટલે મ્હારામાં વધારે હીમ્મત, વધારે બળ અને વધારે વિચારશક્તિ આવી; તેથી એજ વખતે મ્હેં ઠરાવ કર્યો કે હવે કદિ પણ જૂઠું બોલવું નહિ, જૂઠ્ઠા લાગે તેવા કેસ લેવા નહિ અને કોઈ કોઈ કેસમાં ચોક્કસ જાતના પૂરાવા ઉભા કરવાનું કે અમુક પ્રકારની જૂઠ્ઠી જુબાની આપવાનું ઘરાકોને કહેવું પડે છે તે કહેવું નહિ. મ્હારો આ ઠરાવ મ્હેં કેટલાક મ્હારા માનીતા મિત્રોને જણાવ્યો ત્યારે તેમાંથી કેટલાકોએ કહ્યું કે, "એમ કરશો તો રખડી પડશો. અહિં તો "મુંડે મારી પાવી" છે, આપણા દેશના લોકો હજી ગુણગ્રાહક થયા નથી, અહિં તો ગોળ ને ખોળ બધો સરખો છે, માટે જેમ ચાલે છે તેમ ચાલવા દો નહિતો દુઃખી થશો." બીજા કેટલાકોએ કહ્યું કે, "એ તમારો વિચાર બહુ સારો છે. જો કે વાર લાગે છે તોપણ હમ્મેશાં સત્યનોજ જય થાય છે. અમે જોયું છે કે પ્રમાણિકપણા માટે જે વેપારીઓ પંકાઇ ગયા છે તેઓ બીજાઓ કરતાં વધારે કમાય છે. પ્રમાણિક નોકરો પેન્સનો ખાય છે, નીતિથી ચાલનારા ધર્મગુરૂઓના ચેલાઓ વધતા જાય છે, સારી વર્તણુંકવાળા મહેતાજીઓની નિશાળો ધ્યાન ખેંચનારી હોય છે, લાગણીવાળા ડૉક્ટરોની ઘરાકી મ્હોટી હોય છે, મહેનતુ કારીગરને વધારે રોજ મળે છે, અને પોતાના કામમાં ઊંડા ઉતરનારા વકીલોને વધારે કામ મળે છે. પ્રમાણિકપણાથી અંતે કદિ પણ ખોટ જતી નથી, માટે સત્યને વળગી રહેવાનો તમારો ઠરાવ બહુ સારો છે. જો કે અમે પોતે એટલું સત્ય પાળી શકતા નથી તોપણ અમે એમ તો માનીએ છીએ કે સત્યનોજ અંતે જય થાય છે, માટે એવા રૂડા ઠરાવ સારૂ અમે તમોને મુબારકબાદી આપીએ છીએ અને ઇશ્વર તમારો એ ઉત્તમ ઠરાવ હમ્મેશાં નિભાવે એમ ઇચ્છીએ છીએ."

લુખ્ખા ઉપદેશથી નહિ પણ આચરણથી અસર થઇ શકશે.

આવી રીતે મ્હારા વિચારને ટેકો મળ્યાથી મ્હારામાં નવું બળ આવ્યું, તેથી બે વરસ થયાં મ્હારો એ વિચાર મ્હેં અમલમાં મૂક્યો છે. એથી હાથમાં આવેલા કેટલાક કેસો છોડી દેવા પડયા છે, તોપણ કહેવાને ખુશી છું કે પરિણામે તેથી મને બહુ ફાયદો થયો છે અને ભવિષ્યમાં એથી પણ વધારે ફાયદો થશે, એમ ખુલ્લી રીતે હમણાં-થીજ દેખાય છે; કારણ કે જ્યાંસુધી સત્ય પાળવાનો મ્હેં ઠરાવ કર્યો નહોતો ત્યાંસુધી મ્હારી જીંદગી સુકાન વિનાના ડોલાખાતાં વહાણના જેવી હતી, એટલુંજ નહિ પણ કયે બંદરે જવું છે તે જાણ્યા વિના ભરદરિયામાં હંકારી મૂકેલા વહાણના જેવી હતી, એવું વહાણ ઘડીકમાં આગળ ને ઘડીકમાં પાછળ જાય તેમાં નવાઈ શું? એવું વહાણ ભરતી–ઓટના વહેનમાં તણાઇ જાય તેમાં નવાઇ શું? એવું વહાણ જ્યાંનું ત્યાં ડોલા ખાયાં કરે તેમાં નવાઈ શું? અને એવું સુકાન વિનાનું વહાણ ખરાબીના ખડક સાથે અથડાઇ જાય તેમાં નવાઇ શું? જ્યાંસુધી સત્ય પાળવાનો મ્હેં ઠરાવ કર્યો નહોતો ત્યાંસુધી આવી મ્હારી સ્થિતિ હતી, આવી મ્હારી જીંદગી હતી અને આવી મ્હારી રીતભાત હતી; પણ જ્યારથી મ્હેં સત્યરૂપી સુકાનને પકડયું છે ત્યારથી એની મેળે મેળે સ્વાભાવિક રીતેજ સ્વર્ગનું બંદર ચોક્કસ થઈ ગએલું છે, એટલે હવે ઉચ્ચહેતુઓ ધ્યાનમાં રાખીને કામ કરી શકું છું; તેથી ધીરે ધીરે બહુ સારી સ્થિતિએ પહોંચતો જાઉં છું. મહારાજ! આ બધો પ્રતાપ એ ગનુ ઘાટીના દાખલાનોજ છે. આ પંડિતજીએ પોતાનું જ્ઞાન બતાવવા માટે પ્રસંગોપાત સંસ્કૃત શ્લોકો બોલી બતા-વીને સેંકડો વખત કહ્યું હશે કે સત્ય પાળવું જોઇએ, પણ તેની મને કાંઈ પણ અસર થઇ નહિ; કારણ કે તેઓ પોતે સત્ય પાળી શકતા નથી, પણ ગનુના વાંસામાં પડેલા સોટાઓનો માર જ્યારે મ્હેં નજરે

જોયો, અને દેશમાંથી આવેલા તેની વહુના કાગળમાં જ્યારે મ્હેં વાંચ્યું કે, "લેણદાર મારવાડી ઘર ઉપર ટાંચ લાવ્યો હતો અને ઘેરે એક ગાય હતી તે પણ હરરાજ કરી નાખી હતી," ત્યારે મ્હારી આંખો ઉઘડી. એ વખતે સત્યવાદી મહારાજા હરિશ્ચંદ્રનો નાટક જોયાથી મને જેટલી અસર થઇ હતી તે કરતાં પણ ઘણી વધારે અસર થઇ; કારણ કે હરિશ્ચંદ્રની વાત તો અસલના વખતની હતી, પણ આ તો મ્હારી નજર આગળનો બનાવ હતો, એટલે મને તેની સચોટ અસર થઈ. માટે ભલે પંડિતજીને માઠું લાગે પણ મને કહેવા દો કે, આપણા પંડિતજી કરતાં મને તો ગનુમાં વધારે બ્રાહ્મણપણું દેખાયું છે; અને હું તો ગુરૂ કરતાં પણ તેને વધારે સમજું છું, કારણ કે શાસ્ત્રના લુખ્ખા ઉપદેશથી જે કામ ન થઇ શક્યું તે મ્હારી જીંદગી સુધારવાનું કામ ગનુના આચરણથી થઈ શક્યું છે. માટે એવી જાતના આપણાથી બની શકે તેવા ઉત્તમ દાખલાઓ આપણી નજર આગળ રાખવાનો આપણો ઉદ્દેશ સ્તુતિપાત્ર છે.

મ્હેં કહ્યું—મહારાજજી, આપણી મંડળીમાં બૅરિસ્ટર સાહેબ તો એક રત્ન છે ! તેમના ઉપદેશથી આપણને બહુ સારી અસર થઈ છે.

બૅરિસ્ટરે કહ્યું:—નહિ બ્હેન, હું ઉપદેશ આપવા નથી આવ્યો, હું તો તમારી પાસેથી ઉપદેશ લેવા માટે આવ્યો છું.

મ્હેં કહ્યું:—જે લઇ શકે છે તે આપી પણ શકે છે. જ્ઞાનને માટે કાંઇ એવો નિયમ નથી કે તે અમુકજ ઠેકાણેથી મળવું જોઇએ. પ્રૉફેસર સાહેબ અને મહારાજજીજ જ્ઞાન આપી શકે અને તમે ન આપી શકો એમ કાંઇ નથી. તમે જ્યારે ગનુ ઘાટી પાસેથી જ્ઞાન લઈ શકયા ત્યારે અમે તમારી પાસેથી લઈ શકીએ એમાં શું નવાઇ?

બાવાજીએ કહ્યું:—ગુરૂ દત્તાત્રયે બાળક, વેશ્યા, પશુ, પક્ષી અને જડવસ્તુઓની પાસેથી પણ જ્ઞાન લીધેલું છે અને તેઓને પણ ગુરૂ

માનેલ છે, ત્યારે અમે તમારી પાસેથી જ્ઞાન લઇએ એમાં ખોટું શું છે?

આપણા બંધુઓ ઉચ્ચહેતુથી કામ કરતાં શીખે એમ કરો.

મીસ્ત્રીએ કહ્યું:—મહારાજજી, બૅરિસ્ટર સાહેબે આપણી જીંદગીને સુકાનવિનાના વહાણની સાથે સરખાવી, એ સરખામણી મને બહુ ધ્યાન ખેંચનારી લાગે છે; કારણ કે મ્હારી પોતાની જીંદગી પણ અગાઉ એવીજ હતી અને હજી આપણા ઘણા ભાઇબંધોની જીંદગી એવીજ છે. આપણા ઘણાએ જુવાનીયાઓ કાંઇ પણ ચોક્કસ હેતુવિના—કાંઇપણ શુભયોજનાને વળગી રહ્યાવિના—કાંઇપિણ ઉત્તમતા તરફ ખેંચાયાવિના અને અંતઃકરણના બળવિના—સંસારના પ્રવાહમાં પડે છે, તેથી તેઓ નમાલા, મંદ લાગણીવાળા અને સંયોગને આધારે ચાલનારા ઢીલા ઢફ થઇ જાય છે; તેઓને માત્ર દુઃખે—પાપે પેટ ભરવાનું મળે, જેમ તેમ કરીને લગ્ન થઇ જાય અને જેવાં તેવાં બાયડી છોકરાં મળે એટલે સંતોષ માની લે છે; જાણે એટલુંજ જીંદગીનું કર્ત્તવ્ય હોય, એમાંજ સંસારસુખની સમાપ્તિ હોય, એમાંજ મનુષ્યજીંદગીની સાર્થકતા હોય અને એમાંજ આત્માનું સર્વ સુખ આવી જતું હોય, એમ તેઓ માની લેય છે!! પરન્તુ આવી રીતે તેઓનું નિશાન બહુ ટુંકું હોવાથી માત્ર બાયડી, છોકરાં ને પેટ ભરવામાંજ તેઓની ઇચ્છા આવી જાય છે, તેથી તેઓ આગળ વધી શકતા નથી, અને તેથીજ સુકાનવિનાના ડોલતા વહાણ જેવી તેઓની હાલકડોલક સ્થિતિ થઇ જાય છે; માટે આપણા ઉછરતા જુવાન ભાઇબંધો પોતાની જીંદગીની કિંમત સમજીને કાંઇક પણ ઉચ્ચહેતુથી કામ કરતાં શીખે તે સારૂ બૅરિસ્ટર સાહેબના અનુભવની વાતો બહુ કામની છે.

મહારાજે કહ્યું:—તમને આ બાબતમાં બહુ રસ લાગ્યો છે તેથી મને લાગે છે કે તમે પણ અનુભવી માણસ છો, માટે તમારી જીંદગી

તમે કેમ સુધારી એ વાત અમને કહો. વળી તમે બહુ જંજાળી છો તેથી બહુ વખત રોકાઇ શકશો નહિ તેમજ ઑનરેબલ સાહેબ ઉતાવળા થાય છે તોપણ પ્રથમ તમારી વાત કહો.

ઑનરેબલે કહ્યું:–મીસ્ત્રી માટે હું માન ધરાવું છું, કારણ કે તેમનું પુઅર વર્કહાઉસ (ગરીબોને કામ શિખવવાનું ખાતું) જોઇને હું બહુ ખુશી થયો છું, માટે તેમના અનુભવની વાતો સાંભળવા હું તૈયાર છું. જો કે મ્હારો વખત બહુ કિંમતી છે, તોપણ મીસ્ત્રી જેવા પરોપકારી ગૃહસ્થના અનુભવની વાતો સાંભળવી એને હું વખતનો સદુપયોગ સમજું છું.

એક ભલી સ્ત્રીનો ઉપદેશ:-

મીસ્ત્રીએ કહ્યું:–મ્હારી જીંદગી જેવી જોઇએ તેવી સુધરી નથી પણ આપના જેવા શુભેચ્છક ભાઇઓની સેવાથી તે સુધારવાના રસ્તા ઉપર હું આવી ગયો છું, એ મ્હારી બાઇડીનો તથા મ્હારા મિત્ર મહેતાજીનો પ્રતાપ છે. જો એ બે મદદગારો મને ન મળ્યા હોત તો હું મ્હારી હાલની આનંદદાયક સ્થિતિએ પહોંચ્યો હોત નહિ, કારણ કે હું પોતે હાલના જમાનાની રીત પ્રમાણે કેળવાએલો નથી, અને વળી મ્હારી નાતમાં પણ કાંઇ વિદ્યા કે ઉચ્ચવૃત્તિ નથી, પણ બધાં મહેનતુ વર્ગનાં માણસો છે; એ સિવાય કાઠીયાવાડના એક નાનકડા ગામડામાં મ્હારો જન્મ થએલો છે ને ત્યાંજ મ્હેં અર્ધી જીંદગી કાઢી છે, એટલે મ્હારામાં શરૂઆતથીજ કાંઈ બહુ સારા સંસ્કાર નહોતા. એ પછી હું મુંબઇ આવ્યો ને ત્યાં કંત્રાટી કામ કરવા લાગ્યો. એમાં ફાવતે ફાવતે રેલ્વેનાં મ્હોટાં મ્હોટાં કંટ્રાકટો મળી જવાથી દસ વરસમાં પાંચ લાખ રૂપિયાની પુંજી મ્હારી પાસે થઇ ગઇ. પણ હું છકયો નહિ, કારણ કે મ્હારી બાઇડી બહુ ભક્તિમાન,

દરેલી ને લાંબી નજરવાળી હતી. સાધુ-સંત ઉપર તેને બહુ પ્રેમ હતો અને તેનાં માબાપ ગરીબ પણ ખાનદાન કુટુંબનાં હતાં, એટલે સ્વભાવથીજ તે ઉદાર દિલની હતી. અમારી વચ્ચે અતિશય હેત હતું અને દરેક કામ હું તેની સલાહ મુજબજ કરતો, એટલે ઘણી વખત આફતમાં પડતાં પડતાં હું બચી ગયો હતો. તેના એવા ડહાપણ માટે મને બહુ માન હતું, એટલે હું તેને બહુ જીગરથી ચાહતો હતો. તોપણ આપવા લેવાની બાબતમાં અમારી વચ્ચે જરા મતભેદ થઈ જતો હતો, કારણ કે હું જરા લોભી હતો અને તે છુટા હાથની હતી; તેથી જેમ જેમ મ્હારી સમૃદ્ધિ વધતી ગઇ તેમ તેમ પરમાર્થનાં કામો કરવાની તેની ઇચ્છા વધતી ગઈ, પણ હું જરા મન સંકોડતો, તેથી તે પોતાની ઇચ્છા મુજબ કરી શકતી નહિ, તેથી તે મને પ્રસંગોપાત વારંવાર કહેતી કે, "પૈસા જોઇને તમે લોભાઓ છો, પણ લક્ષ્મી કોઇની થઈ નથી હો, જેમ આવે છે તેમ જો ન ખરચીએ તો તે નિરાશ થઇને એની મેળે ચાલી જશે અને એ કોયલાની દલાલીમાં ઉલટા આપણા કાળા હાથ થઈ જશે, માટે કાંઇક વિચારો. તમે ધરમની જે તે વાતમાં ના પાડયા કરો છો, પણ આપણા ભક્ત બાપા વારે વારે સૌને કહે છે કે, " ઉપજના પ્રમાણમાં ધરમ કર્યા વિના માલ નહિ પચે ને જો એમને એમ માલ ભરી રાખશો તો કાંઇક એવો ધક્કો વાગી જશે કે પછી જીંદગી સુધી યાદ કર્યા કરશો." તે કહે છે કે જ્યારે મ્હોટો ફાયદો થાય ત્યારે તુરતજ કાંઇક મ્હોટું ધરમનું કામ કરી નાંખવું જોઇએ. જો એમ ન કરીએ તો સૌની નજરે ચડીએ, દેવતાઓ પણ દિલગીર થાય કે, હાય હાય ! આ મૂર્ખ તો જુઓ ! પ્રભુએ કૃપા કરી છે તોપણ તેનો લાભ લેતા નથી, અને લક્ષ્મી નિરાશ થઇને પાછી ચાલી જાય છે; કારણ કે તે કાંઇ તીજોરીમાં કેદ થવા કે જમીનમાં

ડટાવા સારૂ આપણી પાસે આવતી નથી, તે તો જગતનું હિત કરવા, આપણી કીર્તિ ફેલાવવા અને આપણને સ્વર્ગમાં લઇ જવા માટે આપણી પાસે આવે છે; છતાં પણ પણ જો આપણે તેને ન વાપરીએ તો તે આપણને શ્રાપ દે છે, તેથી થોડા વખતમાં પાયમાલી થઇ જાય છે. માટે આપણે આપણી શક્તિના પ્રમાણમાં કાંઇ પણ ભલું કામ કરવું જોઈએ. તમે કહો છો કે ધીરે ધીરે વાત, આ કામમાંથી નવરા થઈશું ત્યારે કરીશું, પણ કાલની કોને ખબર છે?" ભક્ત બાપા કહે છે કે,

*પછી કાંઈ થઈ શકશે નહિ, માટે જે કરવું હોય તે હમણાંજ કરી લો.

અમે જોયું છે કે, જેઓ એમ વિચાર કરતા કે અમે યાત્રા જઈશું ત્યારે ગંગા કિનારે દાન–પુણ્ય કરીશું, તેઓ યાત્રા જતાં પહેલાંજ ખપી ગયા છે, અને કાંઈ કરી શક્યા નથી. જેઓ એમ વિચાર કરતા કે અમે પ્રાચીના પીંપળાએ નારાયણબળી સરાવીને ત્યાં બ્રાહ્મણ જમાડીશું, તેઓ ત્યાં જઇ શક્યા નથી. એ વખતે ક્વૉરેનટાઇન તથા કૉલેરાની ધાસ્તી તેઓને નડી ગઇ છે, ને તેથી તેઓ કાંઇ કરી શક્યા નથી. જેઓ એમ ધારતા કે સૂર્યગ્રહણ વખતે કુરૂક્ષેત્રમાં જઇને ખૂબ દાન કરીશું, તેઓના મનોરથો પૂરા થયા નથી. તેઓના કુટુંબમાં એવી અડચણો આવી પડી છે કે દસ ગ્રહણો ચાલ્યાં ગયાં તોપણ તેઓ કુરૂક્ષેત્રમાં જઇ શક્યા નથી. જેઓ એમ ધારતા કે બે વરસ પછી વ્રજમાં જઇને યમુનાજીને કિનારે સપ્તાહની પારાયણ કરીશું અને બે ચાર હજાર રૂપિયા ખરચીશું, તેઓનાં એ વખત આવ્યા પહેલાં દેવાળાં નીકળી ગયાં છે, તથા ઘરબાર વેચાઇ ગયાં છે; અને

* "સ્વર્ગની કુંચી" નામના પુસ્તકમાંથી પાનું ૧૯૩.

જેઓ એમ ધારતા કે અમે મરતી વખત કાંઇક ઠીક ઠીક કરી જઇશું, તેઓ એમને એમ મરી ગયા છે, કાંઇ કરી શક્યા નથી; ઉલટી તેઓની મીલ્કત જ્યાંની ત્યાં પડી રહી છે, અને જેના "હાથમાં તેના મ્હોમાં" એમ થઈ ગયું છે. માટે ભાઇઓ! વૈધૃત, વ્યતિપાત અને ગ્રહણની વાટ જોયા કરવામાં ન રહી જાઓ, શાસ્ત્રમાં કહેલા સુપાત્ર મળે તોજ આપીએ એવી આશામાં ન રહી જાઓ અને તીર્થોમાં જઇશું ત્યારે દાન કરીશું, એવા વિચારોમાંજ ન રહી જાઓ; પણ જેમ બને તેમ અને જ્યારે બને ત્યારે ખરેખરા લાચારોને પ્રેમપૂર્વક યથાશક્તિ મદદ કરો. ભલે તે લાચાર નીચ જાતિનો હોય, તમે દાન આપો તે દિવસ પણ જોશીયોના મત પ્રમાણે ભલે સારો ન હોય અને દાન આપવાની જગ્યો પણ ભલે તીર્થની ન હોય; તોપણ યાદ રાખજો કે પ્રભુને અર્થે આપેલું વ્યર્થ જતું નથી. અંધારામાં સાકર ખાધી હોય તોપણ તે મીઠી લાગ્યા વિના રહે નહિ, તેમજ ગમે તે વખતે ને ગમે તે દેશમાં પણ જો ખરેખરા લાચાર માણસોને દાન આપ્યું હોય તો તેનું ફળ કાંઈ જતું રહેવાનું નથી. પ્રભુએ પણ કહેલું છે કે,

पार्थ नैवेह नामुत्र विनाशस्तस्य विद्यते।
न हि कल्याण कृत्कश्चिद्दुर्गतिं तात गच्छति॥

अ० ६. श्लो० ४०.

ભાવાર્થઃ—"હે અર્જુન! ભલુંકામ કરનાર કોઈ પણ માઠી ગતિને પામતો નથી. હે તાત! આ લોકમાં કે પરલોકમાં તેનો નાશ થતો નથી."

ભાઇઓ! પ્રભુનો આવો ખુલ્લો હુકમ છે અને આવી ખુલ્લી ગૅરેન્ટી છે, માટે પ્રભુને અર્થે ભલાં કામ કરવામાં ને દાન-પુણ્ય કરવામાં વાર લગાડશો નહિ, વાર લગાડશો નહિ; પણ દયાના હાથ જ્યારે બને ત્યારે લંબાવતાજ રહેજો. તોજ તે અખંડ દયાળુની દયા મેળવી શકશો."

શક્તિના પ્રમાણમાં ભોગ આપ્યા વિના સુખો ટકી શકશે નહિ.

આવી આવી રીતે મ્હારી બાયડી મને બહુ બહુ સમજાવતી અને ખુલ્લી રીતે કહેતી કે, "જો ધરમ નહિ કરો તો ઓચિંતો કાંઇક એવો મ્હોટો ધક્કો વાગી જશે કે જીંદગીસુધી ચંચવાળ્યા કરશો." મહારાજજી, તેની એ વાત મ્હેં એ વખતે માની નહિ, પણ અફસોસ કે તેની એ વાત સાચી પડી! એક દિવસ ઓચિંતો તાર આવ્યો કે કાંઇ નહિ જણાએલાં કારણોથી એકદમ મ્હારો મ્હોટો છોકરો ગુજરી ગયો છે! એ સાંભળીને હું માથું કૂટીને બેસી રહ્યો, પણ મ્હારી બાઇડીને એવો ઘા વાગ્યો કે તેની જીંદગી રદ થઈ ગઇ! તે ભક્તિમાન હતી ને સત્સંગમાં પડી રહેતી, એટલે તેની બહારની બહુ કળાપીટ નહોતી, પણ સ્ત્રીજાતિના સ્વભાવ પ્રમાણે અને પોતાના સ્નેહ પ્રમાણે તેને અંતરમાંથી એવી ઊંડી અસર થઈ કે એ બાબત તો અનુભવીઓજ સમજી શકે! દુનિયા તેને મન ફીક્કી થઈ ગઈ અને જીંદગી તેને ખારી લાગવા માંડી. જો કે મ્હારી સાથે તે બહુ સ્નેહથી વર્તતી, તોપણ તેના અંતરનો ઘા મ્હારાથી ખમાયો નહિ. તેની જીંદગી બગડવાની સાથે મ્હારી જીંદગી પણ બગડી. એ ઘાથી ધીરે ધીરે તેના શરીરમાં સજો દાખલ થયો અને તે ઘસાતી ચાલી. તેનો ફીક્કો ચ્હેરો, તેનું ઉદાસ મ્હોંઢું, તેની શિથિલ લાગણીઓ અને તેનું દુઃખી મન જોઈને મને બહુ લાગી આવ્યું. તેનો આગલો સ્નેહ મને યાદ આવ્યો. મ્હારી સમૃદ્ધિના વખતમાં તેના આવા હાલ થાય એ મને બહુ વસમું લાગ્યું. તેની ઉદાસી જોઇને મ્હારૂં દિલ અંદરથી ધડકવા લાગ્યું. મને એમ થવા લાગ્યું કે, આ ભલાઇની મૂર્તિને, પ્રેમની પૂતળીને અને આ સ્વર્ગની દેવીને હું કોઇ પણ રીતે ખુશી કરી શકું તેમ છું કે નહિ? અરે હાય હાય! હવે તે મરી જશે! શું તેને માટે હું કાંઈ પણ ન કરી શકું? શું આવી

ને આવી ઉદાસીમાં, આવી ને આવી નિરાશામાં તેને મરી જવા દઉં ? અરે જો તે એમ ને એમ દુઃખમાંજ મરી જાય તો પછી હું સુખેથી કેમ મરી શકીશ ? તેના પ્રેમનો બદલો ન મળે ત્યારે મ્હારા પચ્ચીસ વરસના ધરવાસનું ફળ શું ? તેના મનને સંતોષ ન થાય ત્યારે મ્હારી આટલી બધી સમૃદ્ધિ શું કામની ? હવે તે થોડા દિવસનું મહેમાન છે, માટે કોઇપણુ રીતે મ્હારે તેના મનને સંતોષ આપવો જોઇએ. એમ વિચારીને મ્હેં તેને પૂછ્યું કે, ત્હારી ઇચ્છા શું છે ? શા માટે તું આટલી બધી દુઃખી દેખાય છે ? હવે તો શાન્તિ રાખ. ત્યારે તેણુે કહ્યું કે, “ હું મ્હારે માટે દુઃખી નથી, પણ તમારે માટે મને બહુ લાગે છે; મ્હારો હવે એકનો એક છોકરો રહ્યો છે તેને માટે મને બહુ લાગે છે; તમને બન્નેને લાંબી જીંદગી આપે એમ હું ઇશ્વર પાસે માગું છું; કારણુ કે તમારા બન્નેને માટે મને ફિકર લાગ્યા કરે છે. મ્હોટો જે ગયો તે તો ગયો, ઈશ્વર ઇચ્છા, એમાં કાંઇ આપણો ઉપાય નથી. હવે હું તેનો અફસોસ નથી કરતી, પણ હું તો તમારા બન્ને માટે રોઉં છું. મને એમ લાગ્યા કરે છે કે આપણા ઘરમાં હજી કાંઇક માઠું થશે, કારણકે કુટુંબનું સુખ, પૈસાનું સુખ, શરીરનું સુખ, સંતાનનું સુખ અને લાજ—આબરૂનું સુખ, એ બધાં સુખો એક જગ્યોએ ઘણી વાર સુધી સાથે રહી શકે નહિ; એમાંથી કોઈ પણ વસ્તુનો પ્રભુને અર્થે મ્હોટો ભોગ આપવો જોઇએ, તોજ એ સુખ ટકી શકે. આપણાથી બની શકે તેવો અને આપણા અંતરાત્માને સંતોષ થાય તેવો ભોગ જ્યાંસુધી ન આપીએ ત્યાંસુધી દુનિયાદારીનાં બધાં સુખો ટકી શકે નહિ, અને જો એક પણ સુખ ખંડિત થાય તો બીજાં બધાં સુખોનો રસ ઉડી જાય છે; માટે હું તો જાઉં છું, પણ તમારાં બધાં સુખો ટકી રહે તે સારૂ કાંઈક ભોગ આપવાની મ્હારી ઇચ્છા છે.” મ્હારી મ્હોટી મા કહેતાં કે, “ એકદમ કાંઈ મ્હોટો

લાભ મળે ત્યારે તુરતજ કાંઈક પરમાર્થ કરવો જોઇએ." જો એમ ન કરીએ તો તુરતજ કાંઇ મ્હોટું નુકશાન ખમવું પડે, કારણકે સાચુંસુખ પરમાર્થમાં છે, એટલે પરમાર્થ વિના સુખ ટકી શકેજ નહિ; માટે જ્યારે પણ કાંઇ લાભ થાય ત્યારે પ્રથમ બીજાઓને કાંઈક પણ લાભ આપીને પછીજ આપણે આપણા લાભનો ઉપયોગ લેવો જોઇએ, તોજ તે લાભ ટકી શકે. તે કહેતાં કે, "ત્હારા મ્હોટા બાપા એક ગરાશીયાના કારભારી હતા, તેથી આપણે ત્યાં શેરડીના ભારા ચાલ્યા આવતા, ત્યારે તેમાંથી તુરતજ હું પાંચ સાંઠા મંદિરે મોકલી આપતી, અને પાંચ દસ સાંઠાના કટકા કરી પાડોશીનાં છોકરાંઓને વહેંચી આપતી, તે પછી મ્હારાં છોકરાંઓને શેરડી ખાવા આપતી, એટલે તે કોઈ દિવસ માંદાં પડતાં નહિ; અને મ્હારી જેઠાણી કોઇને કટકો આપતી નહિ, તેથી તેના ઘરમાં નાહકની શેરડી સૂકાઈ જતી, અને તેનાં છોકરાંઓ જો શેરડી ખાય તો તેને તુરત ઉધરસ થતી હતી. હું હમ્મેશાં સાધુ–સંતને, બ્રાહ્મણ-શ્રવણને દૂધની લોટી આપતી તથા ગરીબોને છાશ આપતી, તેથી મ્હારે ઘેરે બહુ દુઝાણું હતું; અને મ્હારી જેઠાણી કોઇને દૂધનો છાંટો દેખાડતી નહોતી કે કોઇને છાસ પણ આપતી નહોતી, ઘણી છાશ થાય તે ભેંસોને પાઈ દે, પણ બારણામાં ટળવળતી ભીખારણને વાટકી છાસ આપે નહિ, તેથી પાંચ વરસમાં તેનું બધું આથમી ગયું, અને મ્હારે ત્યાં પચાસ વરસ થયાં હજી પણ દુઝાંણું નભે છે. અમારે ઘેરે કેરીટાણામાં કેરીનાં ડાલાં ભર્યાં રહેતાં, તેમાંથી દરરોજ હું સૌને પાંચ પચીસ કેરી આપીને હાથ ઠારતી, અને મ્હારી જેઠાણી કોઇને કેરીનું ગોટલું પણ દેખાડતી નહિ, તેથી રોજ વાસ મારતી સડેલી કેરીના સુંડલા ઉપાડીને તેને ઉકરડે નાખવા જવું પડતું હતું. આવી રીતના ઘણા દાખલાઓથી મ્હેં જોએલું છે કે જો ધરમ કરીએ તોજ માલ પચે, કારણ કે પુણ્યે પાપ ઠેલાય, પુણ્ય વિના માલ પચે નહિ."

હું મ્હારે સારૂ નથી રોતી પણ તમારા ભલા સારૂ રોઉં છું.

મ્હારી મ્હોટી માનાં આ વચનો હું હજી ભૂલી નથી. એ સિવાય ગીતા સમજાવતી વખત માસ્તરે મને એમ કહ્યું હતું કે, "દરેક કર્મમાં, પછી તે ગમે તેવું સારૂં કે ગમે તેવું માઠું હોય, તોપણ તેમાં પુણ્ય ને પાપ તો છેજ. ભગવાને કહેલું છે કે, જેમ ધૂમાડા વિના અગ્નિ હોય નહિ તેમ દોષવિનાનું કોઇ કર્મ હોયજ નહિ. આવી રીતે વાવાથી જોકે લાભ મેળવવો એ પુણ્યનું ફળ છે, તોપણ તેમાં પણ કાંઇક પાપ તો છેજ, અને જેમ મ્હોટો લાભ તેમ તેમાં વધારે મ્હોટો દોષ પણ હોય છે." વ્હાલા! તમને બહુ મ્હોટો લાભ મળેલો છે, આપણે ગરીબ માણસને પાંચ લાખ રૂપિયા ક્યાંથી? દસ વરસ ઉપર તમારા પચ્ચીસ રૂપિયાના પગારમાં આપણે કેવી તંગી ભોગવતાં હતાં એ કાંઈ હું આજે ભૂલી ગઈ નથી. તમે ઘોડાગાડીમાં બેસીને ફરો ને મીસ્ત્રી સાહેબ, મીસ્ત્રી સાહેબ કહેવાઓ, એટલે કામની ઉપાધિમાં આગલા દિવસ ભૂલી જાઓ, પણ મ્હારા હાથમાં ઘંટી દળવાના જે છાલ્લાઓ પડેલા છે તે કાંઈ હજી રૂઝાયા નથી. છોકરાંઓના કપડામાં થીગડાં દેવાનું કામ કાંઈ હજી હું ભૂલી ગઈ નથી, અને મ્હારો લૂગડાં ધોવાનો ધોકો હજી કાંઇ ઘરમાંથી ભાગી ગયો નથી! આવી સ્થિતિમાંથી પ્રભુએ દયા કરીને આપણને આ દરજ્જે પહોંચાડ્યાં ત્યારે પ્રભુને ખાતર આપણે કાંઈ કરવું ન જોઇએ કે? મને કહો તો ખરા, તમે શું કર્યું? કાંઇપણ કર્યાવિના આ મ્હોટા લાભનો જે મ્હોટો દોષ લાગે છે તેનું નિવારણ કેમ થશે? અને દોષનું નિવારણ કર્યાવિના તમે કેમ સુખી રહી શકશો? માટે મ્હારા વ્હાલા, મ્હારૂં કહ્યું માનીને "આંજી સહો, પછવાડેથી ફુટી સહશો એમાં શું વળશે?" હું કાંઈ મ્હારે ખાતર ઉદાસ નથી, અને હું કાંઇ મ્હારે માટે રોતી નથી, પણ હું તો તમારા અને મ્હારા રામાના ભલા સારૂ રોઉં છું. તમારૂં સુખ

કાયમ રહે તેને માટે હું રોઉં છું. હવે મને મ્હારી દરકાર નથી, મ્હેં તો ઘણુંએ ખાધું–પીધું છે અને ઘણીએ મોજ ઉડાવી છે, તમારા છત્ર નીચે મ્હેં તો બહુ સુખ ભોગવ્યું છે, હવે મને મ્હારે માટે અફસોસ નથી, તમારા હાથમાં છુટી જાઉં ને ચુંદડી ઓઢીને જાઉં તો હું તો નસિબદાર કહેવાઉં. હવે મને કાંઈ અપેક્ષા નથી. મ્હોટા ભાઈ માટે દિલગીરી છે, પણ એમાં કાંઇ કોઈનો ઉપાય છે? દુનિયામાં બધાં સુખ તે ક્યાંથી હોય? તોપણ મ્હારે તો ભણેલો ગણેલો આંખ ઠરે તેવો જુવાન દીકરો છે, દીકરીઓ સૌ સૌને ઘેરે સુખી છે, તેનાં છોકરાંઓને ખૂબ હેતથી રમાડ્યાં છે, અને તમારો પ્રેમ છેવટ સુધી મ્હારી ઉપર હજી એવો ને એવોજ છે, એટલુંજ નહિ પણ દહાડે દહાડે તમારી સમૃદ્ધિ વધતી જાય છે! આ કરતાં વધારે તે બીજું શું જોઈએ? આવું સુખ મૂકીને મરૂં તો મ્હારા જેવું નસિબદાર બીજું કોણ? પણ મને જે દુઃખ થાય છે તે એટલુંજ કે મ્હારા ધણી દીકરાના ભલા માટે હું કાંઇ કરી શકી નહિ, આવા ભર્યાભાર્યા ઘરમાંથી હું ખાલી હાથે જાઉં છું, એ વિચારથી મ્હારૂં અંતર બળે છે." એમ કહીને તે રોઈ પડી. એ દેખાવ બહુ કરૂણાજનક હતો, તેથી મને બહુ લાગી આવ્યું. હું ગદ્દગદીત થઈ ગયો, મ્હેં મ્હારા ધોતીયાના છેડાથી તેનાં આસું લૂછ્યાં, અને મ્હારા હાથવતી તેની આંખો દાબી મ્હારા ખોળામાં તેનું માથું લઇને મ્હેં પૂછ્યું કે, બોલ, ત્હારી શું ઇચ્છા છે?

તેણે કહ્યું:—"મ્હારી ઇચ્છા! તમારૂં અને આપણા રામજીનું ભલું થાય, એ મ્હારી ઇચ્છા. બીજી મ્હારી ઇચ્છા શું હોય? મ્હેં તો તમારે માટે અવતાર લીધેલો છે, કારણ કે હું તમારી અર્ધાંગના છું, માટે તમારા કલ્યાણમાં મ્હારૂં કલ્યાણ છે; એટલે મ્હારી ઇચ્છા બીજી શું હોય? તમારૂં કલ્યાણ થાય એજ મ્હારી ઇચ્છા છે."

મ્હેં પૂછ્યુંઃ—"મ્હારૂં કલ્યાણ કેમ થાય ?

તેણે કહ્યુંઃ—"ધર્મ કરવાથી. પણ એ વાત તમે ક્યાં માનોછો?"

સ્નેહનું દબાણઃ-

મ્હેં કહ્યુંઃ—બોલ બોલ, તું કહે તેમ કરવા હું તૈયાર છું. ત્હારૂં હૈયું દુભાય એ મ્હારાથી નથી ખમાતું. તું દિલગીર થઇને મરીશ તો મ્હારૂં ભલું નહિ થાય. ત્હારી છેવટની ઇચ્છા પાર પાડવી એ મ્હારી ફરજ છે. મને માફ કરજે, આજ દિવસ સુધી મ્હેં તને ઓળખી નહિ. તું તો દયાની દેવીજ છે, મને તારવા માટે તું આવેલી છે, અને તોપણ અફસોસ કે મ્હેં ત્હારા કરતાં પૈસાને વ્હાલા ગણ્યા છે! પણ ત્હારા પુણ્યના બળથી અંતે હું મ્હારી ભૂલ સમજ્યો છું, માટે તું કહે તેમ કરવા તૈયાર છું. એમ કહેતાં કહેતાં મ્હારી આંખોમાં આંસુ આવી ગયાં.

તેણે કહ્યુંઃ—" મ્હારા હાથમાં પાણી મૂકો. " તરતજ મ્હેં ખાટલા નીચેથી પાણીનો લોટો લીધો. તેણે કહ્યુંઃ—"દર વરસે ખર્ચ કાઢતાં બાકી ચોખ્ખો નફો રહે તેમાંથી ચોથો ભાગ પરમાર્થમાં ખરચવાનો સંકલ્પ કરો."

આ કડવો ઘુંટડો ગળે ઉતારતાં એ વખતે મને બહુ વસમું તો લાગ્યું, પણ સંયોગ એવા હતા કે હું ચું કે ચાં કરી શક્યો નહિ. મ્હેં તેના હાથમાં સૌના દેખતાં એ પ્રમાણે પાણી મૂક્યું. એ વખતે તેને જે આનંદ થયો, તેના ચ્હેરા ઉપર જે તેજ છવાઇ રહ્યું અને તેને જે શાન્તિ વળી ગઇ, તે દેખાવ અત્યારે પણ જાણે મ્હારી સામેજ હોય એમ દેખાય છે. એ પછી થોડા દિવસમાં તે સ્વર્ગવાસી થઇ.

મહારાજજી, જો તેણે આવી રીતે મને ન સમજાવ્યો હોત, અને આવી રીતનું ભારે ન પડે તેવું, મીઠું મીઠું લાગતું સ્નેહનું

દબાણ તેણે મ્હારી ઉપર ન કર્યું હોત, તો હું મ્હારી ખુશીથી કદિ પણ આવો મ્હોટો પરમાર્થ કરી શકત નહિ. હું જે કાંઇ કરી શકું છું તે માટે મ્હારી બાઇડીનો આભારી છું. તેનું હૃદય કેટલું બધું ઉત્તમ હતું, અને તે મ્હારૂં કેટલું બધું ભલું કરી ગઇ છે, તે હું હવે સમજી શકું છું. ઓહો ! જો તે આ વખતે હયાત હોત તો હું તેને મ્હારી હથેળીમાં નચાવત, અને તેને દેવી તરીકે પૂજત ! પણ અફસોસ કે તેની હયાતીમાં હું તેની કિંમત સમજી શક્યો નાહ. એ વખતે તેને જેમ ઉદારતાનો રંગ લાગ્યો હતો તેમ જો મને પરમાર્થનો રંગ લાગ્યો હોત તો કાંઈ ઓરજ મજે આવત, પણ એ લ્હાવ મ્હારા નસીબમાં નહિ. ખેર, જે છે તે પણ ઘણું છે, તેની ભલી લાગણીથી આજે હું લીલાલહેર કરૂં છું, તેના પુણ્યથી ખૂબ કમાઉ છું અને તેણે વવરાવેલાં પરમાર્થનાં બીજમાંથી થયેલાં સુખનાં ફળો અમે ભોગવીએ છીએ. હું ધારૂં છું કે એ જોઇ જોઇને તે સ્વર્ગમાં પણ ખુશી ખુશી થતી હશે, અને ત્યાંથી પણ અમારે માટે ભલી ઇચ્છાઓ મોકલતી હશે. જો એમ ન હોય તો અમે આવા સુખી રહી શકીએ નહિં.

એક ગરીબ મ્હેતાજીએ કરેલી મ્હોટી અસર:-

મહારાજજી, જેમ મ્હારી ધણીયાણીએ મને નાણું ખરચતાં શીખવ્યું તેમ મ્હારા એક મિત્રે તેનો સદુપયોગ કરતાં મને શીખવેલું છે. મ્હારો એ મિત્ર તે અમારા ગામની નિશાળનો મહેતાજી છે. માત્ર પંદર રૂપિયાનો તેને પગાર મળતો, પણ તે એવો હુશીયાર માણસ છે કે મ્હોટા વિદ્વાનો પણ તેની આગળ પાણી ભરે ! તે જાતે બ્રાહ્મણ છે. હું જ્યારે ગરીબ હતો ને કાઠીયાવાડના શાન્ત એકાન્ત ગામડામાં નિરાંતે રહેતો હતો ત્યારે રોજ રાત્રે એ મહેતાજીને ઘેર હું રામકથા

સાંભળવા જતો હતો. તે સુધરેલા વિચારનો પણ અંતરમાંથી ભક્ત છે. તેની પાસે સરકારી લાઇબ્રેરીની જે ચોપડીઓ આવે તેમાંથી તે મને સારસાર સમજાવતા હતા, કારણકે હું એ વખતે ચોપડીઓનું ખરચ કરી શકું તેવી સ્થિતિમાં નહોતો. મહેતાજી મને જે કાંઈ સમજાવતા તે કાંઈ લાલચને ખાતર નહિ, પણ મને સારો માણસ સમજીને દોસ્તી ખાતર મ્હારામાં સારા સંસ્કાર બેસાડવા સારૂ તે મહેનત કરતા હતા. તેમની એ મહેનત મને સંસાર વ્યવહારમાં આગળ વધવામાં બહુ કામ લાગી. હું જે આવી રીતે તમારી સાથે છૂટથી બોલી શકું છું અને મ્હારા ધંધામાં મ્હેં ફતેહ મેળવી છે તેમાં એ મહેતાજીનો મુખ્ય હાથ છે. જો તેની મદદ મને ન મળી હોત તો હું આટલે દરજ્જે પહોંચી શકત નહિ. પ્રભુ કયા માણસને કયે રસ્તે મદદ કરે છે, એ કોણ સમજી શકે છે? એ મહેતાજીને કયાં ખબર હતી કે હું આગળ જતાં દસલાખનો આસામી થઇશ ને પરમાર્થ કરીશ! છતાં પણ મ્હારી ને તેની ગરીબીમાં પણ તેણે મ્હારામાં સારા સંસ્કાર બેસાડ્યા, એટલે મ્હારૂં "ગરીબોને કામ શીખવાનું ખાતું" તે એ સારા સંસ્કારોનું ફળ છે. એ ઉપરથી હું એમ શીખ્યો છું કે, જ્ઞાનનાં બીજ તો દરેક ઠેકાણે વાવવાં જોઇએ, એટલે વખત આવ્યે સારી-માઠી જમીન પ્રમાણે તેનાં હલકાં-ભારે કે થોડાં-ઘણાં પણ ફળ થયા વિના રહેશે નહિ. આવું સમજીને મ્હેં મ્હારી વ્હાલીના હાથમાં પાણી મૂક્યું હતું તે પ્રમાણે પૈસા ખરચવાનો ઠરાવ કર્યો. પણ એ પૈસા કેમ ખરચવા તે હું સમજ્યો નહિ. મ્હેં જાત્રા કરવા જવાનો વિચાર કર્યો, અને ત્યાં પચ્ચીસ હજાર રૂપિયા ખરચવા મ્હારી ઇચ્છા હતી. એ વિચાર મ્હેં મ્હારા દોસ્ત માસ્તરને જણાવ્યો.

ત્યારે તેણે કહ્યું કેઃ—" એ તમારો વિચાર બહુ સારો છે, પણ તમે યાત્રાના હેતુ સમજો છો? ત્યાં જઈને કેવી રીતે પૈસા ખરચશો?"

મ્હેં કહ્યું:–હું કાંઈ હેતુ બેતુ સમજતો નથી, જેમ સૌ જાય છે તેમ આપણે પણ જઈ આવીએ; એ મરી ગયા પછી મને કાંઈ ગમતું નથી, માટે ચાર છ મહિના બહાર ફરી આવીએ, ને પાંચ પૈસા તેની પાછળ વાપરીએ તો ઠીક, એટલું હું તો સમજું છું. તીર્થોમાં ગોરને રાજી કરીશું ને બ્રહ્મભોજન કરાવીશું, બીજું આપણે શું કરવું છે? રેલનું સુખ છે, એટલે કાંઈ અડચણ નથી. છ મહિનામાં કાશી, જગન્નાથ, ગયાજી, અયોધ્યા ને હરદ્વાર ફરીને પાછા ચાલ્યા આવીશું. આપણે બીજો શું મ્હોટો જગન કરવો છે? એટલું કરીએ તો સારૂં દેખાય. કેમ તમારો શું વિચાર છે?

તેણે કહ્યું:–" સરામણાં સરાવવામાં, ને બ્રાહ્મણો જમાડવામાં પચ્ચીસ હજાર રૂપિયા ખરચી નાખો એ વાત મને તો કાંઇ ગળે ઉતરતી નથી. માત્ર મંદિરો ને મૂર્તિઓ જોવા સારૂજ યાત્રા કરવા જવું એ તો યાત્રાના કામને ઉતારી પાડવા જેવું છે. જે પ્રાચીન ઋષિયોએ યાત્રા કરવા જવાના હુકમો આપ્યા તે મહાત્માઓની ઇચ્છા કાંઈ એટલીજ નહોતી. બેશક, એ પણ જરૂરનું છે, તોપણ એ કરતાં વધારે ઉચ્ચ વસ્તુ તો કાંઇક બીજીજ છે."

મ્હેં પૂછ્યું કે:–એ શું? ત્યારે મ્હારે શું કરવું જોઇએ?

તેણે કહ્યું:–"હવે જમાનો બદલાયો છે, માટે ગાડરીયા પ્રવાહમાં નહિ પડ્યા રહેતાં આપણે કાંઇક સાદીસમજ વાપરીને કામ લેવું જોઇએ. કેમ કામ લેવું, તે બરોબર રીતે મને કહેતાં નથી આવડતું, પણ એને માટે મ્હેં એક પુસ્તકમાં બહુ સારા વિચારો વાંચેલા છે, તે તમોને વાંચી સંભળાવું છું. એ સાંભળશો એટલે તમે જાણશો કે "તમારી ફરજ શું છે?" એમ કહીને તેણે પોતાની પાસે પડેલું પુસ્તક લીધું, અને તે ઉઘાડી વાંચવા લાગ્યા.

એ જોઇને મ્હેં પૂછ્યું કે:–તુરતજ એ પાનું કેમ મળી આવ્યું?

ત્યારે તેણે કહ્યું કે, તમોને વંચાવવા સારૂ એ પાના ઉપર મ્હેં નિશાની મૂકી રાખેલી હતી. એમ કહીને નીચે પ્રમાણે વાંચવા લાગ્યાઃ—

ભક્તિનું નવું સ્વરૂપ.

* "બેટી, કાળીને બકરાંનો ભોગ આપવાથી તને જેટલો આનંદ થાય, તે કરતાં સુકોમળ નિર્દોષ છોકરીઓની નિશાળમાં એટલીજ કિંમતના પુસ્તકો વહેંચવાથી વધારે આનંદ થાય, એમ શું તને નથી લાગતું? જેને ઘેર મ્હોટા ગિરાસ અને હાથી ઘોડા તથા પાલખીઓ છે તેવા તીર્થગોરોને દાન આપવાને બદલે, ટાઢે થરથરતા અને ભૂખે મરતાં ભલે ગમે તે જાતનાં હોય પણ ગરીબ માણસોને કાંઇ આપતાં શું તને સંતોષ નથી થતો? આપણી અગાઉની ચાલી આવતી લોકલાજની ભક્તિ એમ કહે છે કે, આપણે તીર્થગોરોને દાન આપવું જોઇએ, એ દાન અક્ષયગણું ફળ આપે છે; પણ નવીન ભક્તિ કહે છે કે, નહિ, જે ખરેખરા લાચાર હોય તેની ઉપર પ્રથમ દયા કરો. તમારા કાશીના, પ્રયાગના, ગયાના કે બીજા કોઇપણ પંડ્યાને તમે સેંકડો રૂપિયા આપો તોપણ તેને તૃપ્તિ થવાની નથી, તે હજુ વધારે ને વધારેજ માગશે, અને તેપણ દયાથી નહિ પણ હક્ક તરિકે, તમે તેને ગમે એટલું આપો તોપણ તેને સંતોષ વળવાનો નથી, અને તેનું અંતઃકરણ તમોને ખરેખરા આશીર્વાદ દઈ શકે તેમ નથી, કારણ કે તમોને નીચોવવાનો તે પોતાનો હક્ક સમજે છે, એટલુંજ નહિ પણ તમે જે આપો છો તેને તે થોડું સમજે છે, તથા તમારા કરતાં તેને વધારે આપવાવાળા પણ બીજા ઘણા મળે છે, એટલે તમે જે કાંઈ આપો તેની કિંમત તેના મનમાં આવી શકતી નથી, પણ ભીખારીઓ તો પાઇના ચણા-મમરામાં ને ફાટેલાં લૂગડાંના કડકામાં પણ

* "સંસારમાં સ્વર્ગ" નામના પુસ્તકમાંથી પાનું ૩૨૪.

રાજી થઇ શકે છે, એટલે સો રૂપિયા ગોરને આપ્યાથી જે પુણ્ય ન મેળવી શકીએ તે ખરેખરાં અનાથો વચ્ચે માત્ર એક રૂપિયો વહેં-ચ્યાથી મેળવી શકાય છે. ભ્રાતૃભાવની અને દેશસેવાની ભક્તિ આવી સ્હેલી છે, માટેજ તે આ યુગમાં આપણને આપવામાં આવેલી છે."

"શું તને એમ નથી લાગતું કે સુંદર ગંગાજળની ગાગરથી વિશ્વનાથ ઉપર ગંગાજળની ધાર રેડવામાં જેટલો આનંદ છે, તે કરતાં અનાથ દુઃખી બાળકોનાં આંસુની ધાર લૂછવામાં વધારે આનંદ છે? શું તને એમ નથી લાગતું કે ત્હારા ઠાકોરજીની માળા બનાવવામાં દરરોજ તું ત્રણ કલાક ગાળી નાંખે તેથી તને જેટલું પુણ્ય થાય તે કરતાં ત્હારી બ્હેનપણીઓને તું દરરોજ એક કલાક ઉપદેશ કરે તો વધારે પુણ્ય થાય? બેટી, દેવ અર્થે માળા બનાવવાનું કામ કાંઇ ખરાબ નથી, પણ તે જે બીજાં વધારે ઉપયોગી કામો ન કરી શકતાં હોય તેને માટે છે; ત્હારા જેવાં આગળ વધેલાંઓને માટે તે નથી. તે સારૂજ પ્રભુએ કહેલું છે કે, "જ્ઞાનીઓને કાંઇ પણ કર્મ કરવાનું બાકી રહેતું નથી, એટલે કે નિત્ય–નૈમિત્તિક કર્મોમાં તેમને વખત ગુમાવવાનો નથી." જ્ઞાનીઓ કે જેઓ જરાક પોતાની જીભ ફેલાવ-વાથી હજારો માણસનું કલ્યાણ કરી દે છે, જ્ઞાનીઓ કે જે આ સંસારમાંથી સાર લઇ શકે છે અને હજારો જીંદગીમાં અમૃત રેડી શકે છે, જ્ઞાનીઓ કે જેઓ સદાય મહા આનંદમાંજ નિમગ્ન રહે છે, અને જ્ઞાનીઓ કે જેઓ પોતાની શુભેચ્છાથીજ–પોતાની પવિત્ર બળ-વાન ભાવનાઓથીજ જગતનું કલ્યાણ કરી શકે છે, તેઓને તેમના પ્રમાણમાં જરા જેટલા કામમાં રોકી દેવા, એ કેટલો મ્હોટો ગુન્હો છે, તે લેભાગુ–મત–મતાંતરવાળા અને મિથ્યાચારવાળા આપણા ધર્મ-ગુરૂઓ સમજી શકે તેમ નથી; પણ ત્હારે તો એ સમજવું જોઇએ. ત્હારા જેવાં માણસો કે જેઓ ભ્રાતૃભાવની અને દેશસેવાની ભક્તિથી

અનેક રીતે જગતની સેવા કરી શકે છે, તેઓ પચાસ સો વખત હાથ-પગ ધોવામાંજ રહી જાય, તેઓ દેવ પાસે દીવા-બતી કરવામાંજ રહી જાય, તેઓ મંદિરની ઝાલર-ટોકરી વગાડવામાંજ રહી જાય, તેઓ દેવ સારૂ નહિ પણ મુખીયાજી સારૂ માત્ર ભાજી વીણવાના કામમાંજ રહી જાય, તેઓ "શિખા, ટીકા ને પીટિકાની" સફાઇમાંજ રહી જાય, તેઓ હાથે રસોઇ બનાવવાની પીડામાંજ રહી જાય, તેઓ કોઇકનો પાણીનો છાંટો ઉડી જશે તો, એવી ફિકરમાંજ રહી જાય, અને "હાય દર્શન થઈ ગયાં" એવી હાયવૉયમાંજ રહી જાય, એ તો શરમભર્યું ને દિલગીરી ઉપજાવનારૂં છે. કાંઇ પણ ગુન્હા વિના, વિનાકારણ માજીસ્ટ્રેટને કેદખાનું ઝાડવાનું કામ સોંપવું, હજાર રૂપિયાના પગારદાર ઇજિનેરને ત્રણ આનાના બેગારીનું કામ સોંપવું, મ્હોટા પંડિતને આટો દળવાનું કામ સોંપવું, પવિત્ર ધર્મગુરૂને બાળોતિયાં ધોવાનું કામ સોંપવું અને ચક્રવર્તિ મહારાજાને ભીખ માગવાનું કામ સોંપવું, એ જેટલું ખરાબ છે, તે કરતાં પણ જ્ઞાનીઓને મિથ્યાચારનાં લફરાંમાં વળગાડી રાખવા એ વધારે ખરાબ છે; માટેજ દયાળુ પ્રભુએ જ્ઞાનીભક્તોને કર્મકાંડનાં લપરાંમાંથી છોડવાનો ખુલ્લો હુકમ કરેલો છે; અને તેને બદલે-સાધારણ લોકોના કામનાં કર્મકાંડને બદલે-અજ્ઞાન બાળકોનાં રમકડાંને રમાડવાને બદલે ભ્રાતૃભાવની તથા દેશસેવાની ભક્તિનું પવિત્ર ને મહાનકામ સોંપેલું છે. આવી રીતે જ્ઞાનીભક્તો પાસેથી ન્હાનું કામ લઇને પ્રભુએ તેઓને બહુ જોખમનું મ્હોટું કામ સોંપેલું છે. આપણા લોકો હાલમાં જેમ સમજે છે, અને આપણા ઘણા સંન્યાસીઓ હાલમાં જેમ વરતે છે તેમ "મફતનું ખાવું ને મસીદે સૂવું," તે સારૂજ કાંઈ કર્મો છોડી દેવાનાં નથી; કર્મો છોડી દેવામાં તો આવી મ્હોટી જોખમદારી છે. બેટી, તું એ કોટીમાં જવાને લાયક છે, રમકડાં રમાડવાને લાયક

નથી. મ્હારા કહેવાથી કાંઈ એ લાયકાત ત્હારામાં આવી જવાની નથી, પણ ત્હારા અંતઃકરણને પૂછી જો કે, ઓચ્છવ વખતે મંદિરની ભીડાભીડમાં દર્શન કરવા જવામાં તને જેટલો આનંદ મળશે તે કરતાં વધારે આનંદ શું ગરીબોને રોજી અપાવવાના કામમાં તને નહિ મળે? વારે વારે ન્હાવાથી તું જેટલી પવિત્ર થાય તે કરતાં હમ્મેશાં અંતઃકરણમાં ભલી વાસના રાખવાથી શું તું વધારે પવિત્ર નહિ થઇ શકે? કાષ્ટની માળા કંઠી પહેરવાથી ને તિલક છાપાથી પ્રભુ જેટલો રાજી થાય તેટલો રાજી શું તે આપણાં બચ્ચાંઓને–ભવિષ્યની પ્રજાને સુધારવાથા નહિ થાય કે? આપણા ઉપવાસથી પ્રભુ જેટલો ખુશી થશે તેટલો ખુશી શું તે આપણી ગરીબ વિધવા બ્હેનોને મદદ કરવાથી નહિ થાય કે? આપણી નાશક–ત્રંબકની, ગોકુળ–મથુરાની, કે હરદ્વાર–રામેશ્વરની યાત્રાથી પ્રભુ જેટલો ખુશી થશે તેટલો ખુશી દેશનો વેપાર વધારવા માટે ચીન–જાપાન કે યૂરોપ–અમેરિકા જવાથી નહિ થાય કે? ગ્રહણ વખતે ન્હાવા માટે આપણે ગંગાજી કે કુરૂક્ષેત્રમાં જઇએ તેથી જેટલું પુણ્ય થાય તેટલું પુણ્ય આપણા ગરીબ બંધુઓને બરમા, સીલોન, આસ્ટ્રેલિયા કે આફ્રિકામાં ધંધે લગાડવાથી નહિ થાય કે? ગંગા–યમુનાના સંગમમાં દૂધ ચ્હડાવવાથી જેટલું પુણ્ય થાય તેટલું પુણ્ય તેજ દૂધ વિધવાઓએ લોકલાજથી તજી દીધેલાં નિરાધાર બાળકોને પાવાથી નહિ થાય કે? અને છાણ–માટીથી આપણાં જેટલાં પાપ ધોવાય તેટલાં પાપ શું રાજ્યમાં સુધારા કરવાના પ્રયત્નથી નહિ ધોવાય કે?"

નવા યુગની નવી ભક્તિ.

*"બચ્ચા, હાલના જમાનામાં જેમ બધી રીતિમાં સુધારા થાય છે, જેમકેઃ રાજ્યમાં, સંસારમાં, યંત્રમાં, વૈદકમાં, ભૂગોળમાં ને ખગો-

* "સંસારમાં સ્વર્ગ" નામના પુસ્તકમાંથી, પાનું ૩૩૦.

ળમાં સુધારા થાય છે, તેમ આપણી ભક્તિની રીતિમાં પણ સુધારા કરવા જોઈએ. હવે આપણે સમજવું જોઇએ કે દર શનિવારે હનુમાનને તેલ ચ્હડાવીએ તેથી જેટલું પુણ્ય થાય છે, તે કરતાં લોકોના કાગળો ટપાલમાં ઓછે દરે જઈ શકે એવા કાંઈ પ્રયત્નો થાય તો તેમાં વધારે પુણ્ય થઈ શકે તેમ છે. હવે આપણે સમજવું જોઇએ કે તીર્થગોરો કે જેઓને ઘણીએ ગાયોનું દાન મળે છે, એટલે તેઓ પાછળથી ગમે તેવાં ખરાબ ઠેકાણે ગાયોને વેચી નાંખે છે, તથા જેઓ દાન થઇ ગયેલી ગાયોનું ફરી ફરી દાન કરાવે છે, તેવાઓને ગોદાન આપવામાં જેટલું પુણ્ય છે, તે કરતાં રેલ્વેનું ભાડું સસ્તું થાય, અથવા કોઇ બીજી રીતે મુસાફરીની સગવડતા વધે એવું કરવામાં સેંકડોગણું વધારે પુણ્ય છે. પુરૂષોત્તમ માસમાં માલપુડાના સંપુટોનું દાન કરવાથી જેટલું ફળ થાય છે, તે કરતાં ગરીબ ખેડુતો ઉપરના ભારે કરના બોજા ઓછા થાય તેમ કરવામાં સેંકડોગણું વધારે ફળ છે. રાખડી પડવાને દિવસે રાખડી બંધાવવાથી આપણી જેટલી રક્ષા થાય છે, તે કરતાં વૈદ્યકશાસ્ત્રને મદદ કરવાથી આપણી અને આપણા બંધુઓની વધારે રક્ષા કરી શકાય છે. બ્રાહ્મણોને અગ્યારમા–બારમાના લાડુ ખવરાવવાથી મરનારની જેટલી સદ્‌ગતિ થાય છે, તે કરતાં તેઓને ભણાવવાની સગવડ કરી આપવાથી તેની વધારે સદ્‌ગતિ થાય છે. હોળી પૂજવામાં જેટલું પુણ્ય છે તે કરતાં દેશમાં ને લોકોના પેટમાં જે હોળી લાગતી જાય છે, તે બૂઝાવવામાં વધારે પુણ્ય છે. જયંતિયોના અપવાસ કરવામાં જેટલું ફળ છે, તે કરતાં આપણા કોઇ પણ બંધુને ખોરાક નહિ મળવાથી અપવાસી રહેવું પડે, એમ ન થાય, તેની તજવીજ રાખવામાં વધારે ફળ છે. અન્નકૂટ ભરવામાં જેટલું ફળ છે, તે કરતાં પ્રદર્શનો ભરવામાં કાંઈ ઓછું ફળ નથી. યાત્રા કરવામાં જેટલું ફળ છે, તે કરતાં દેશનો વેપાર વધારવા માટે દૂર દેશાવર

જવામાં કાંઈ ઓછું ફળ નથી. ભાગવતની સપ્તાહ બેસાડવામાં જેટલું પુણ્ય છે, તે કરતાં અનાથ બાળકોને વટલી જતાં બચાવવામાં કાંઈ ઓછું પુણ્ય નથી. ઠાકોરજીને દરરોજ મેવો–મિશ્રી ધરાવવામાં જેટલું પુણ્ય છે, તે કરતાં વિદ્યાર્થીઓ ઉપરનો બોજો ઓછો થાય, અને તેમના અભ્યાસમાં સરળતા થાય, એવા ઉપાયો યોજવામાં કાંઇ ઓછું પુણ્ય નથી. સત્યનારાયણની કથા સાંભળવાથી જેટલું ફળ છે, તે કરતાં પુસ્તકો રચવા–રચાવવામાં કાંઈ ઓછું ફળ નથી. ઓચ્છવ વખતે મંદિરોની ભીડમાં કચરાવાથી ને ઝાપટો ખાવાથી પ્રભુ જેટલો રાજી થાય છે, તે કરતાં અધ્યાત્મજ્ઞાનના અભ્યાસથી તે વધારે ખુશી થાય છે. વસંતમાં મંદિરોની રંગની પીચકારીઓ પોતાના શરીર ઉપર ઝીલવાથી સ્ત્રીઓનું જેટલું કલ્યાણ થાય છે, તે કરતાં આપણા સહવાસમાં આવતા આપણા ભાઈબંધોની સાથે સભ્યતાથી વર્તવાથી તથા જરા ખામોશ પકડવાથી તેઓનું વધુ હિત થાય છે. ગુરૂના પગ ધોઇને તે પાણી પીવાથી પ્રભુ જેટલો રાજી થાય છે, તે કરતાં ગુરૂઓને સુધરવાના રસ્તા સ્હેલા કરી આપવાથી પ્રભુ વધારે રાજી થાય છે. આપણા પિતૃઓને તૃપ્ત કરવા માટે તીર્થોમાં પાણીના ખોબા ભરીએ તેથી તેઓ જેટલા તૃપ્ત થાય, તે કરતાં લોકોને ચોખ્ખું ને સસ્તું પાણી પૂરૂં પાડવાના ઉપાયો લેવાથી પ્રભુ વધારે રાજી થાય છે. યજ્ઞમાં દસ–વીસ મણ ઘી હોમવાથી પ્રભુ જેટલો પ્રસન્ન થાય તે કરતાં નવા કૂવા ખોદાવવાથી કે નહેર બંધાવવાથી તે વધારે પ્રસન્ન થાય છે. પર્વણી વખતે વાસ મારતા જંતુવાળાં રોગિષ્ટ ગંદીલા પાણીમાં ન્હાવાથી જે ધર્મ થાય છે, તે કરતાં લોકોને તેમાં ન્હાતાં અટકાવવાથી તથા તેમને ન્હાવા–ધોવાની બીજી સારી સગવડતા કરી આપવાથી વધારે ધર્મ થાય છે. કુંજ અગ્યારસને દિવસે ઠાકોરજી પાસે કુંજ બાંધવાથી ઠાકોરજી જેટલા ખુશી થાય છે, તે કરતાં

દેશમાં નવાં ઝાડો રોપવાથી તે વધારે ખુશી થાય છે. દેવ પાસે અનાજના મંડપો ભરવાથી અને સાથીઆઓ પૂરવાથી પ્રભુ જેટલો રાજી થાય છે, તે કરતાં દેશી કારીગીરીને ઉત્તેજન આપવાથી પ્રભુ વધારે રાજી થાય છે. આપણું કામ સિદ્ધ થવા માટે દીપમાળા ભરવાની તથા ધજા ચ્હડાવવાની માનતાથી જેટલો ફાયદો થાય છે, તે કરતાં દેશની ભવિષ્યની આશા જેવા વિદ્યાર્થીઓને–ચળકતા તારા જેવા ઉત્સાહિત હુશિયાર ગરીબ વિદ્યાર્થીઓને સ્કૉલરશીપ આપવાની માનતા લેવાથી વધારે ફાયદો થાય છે. શિવલીંગ પાસે બં બં બં કરવાથી સદાશિવ જેટલા પ્રસન્ન થાય છે, તે કરતાં ન્હાનાં છોકરાંઓને એકડે એક ગોખાવવાથી તે વધારે પ્રસન્ન થાય છે. ગણપતિને ધામધૂમથી સમુદ્રમાં પધરાવ્યાથી તે જેટલા ખુશી થાય છે, તે કરતાં બાળકોને ધર્મનું શિક્ષણ આપ્યાથી તે વધારે ખુશી થાય છે; અને ગંગા-યમુના આપણને જેટલાં પવિત્ર કરી શકે, તે કરતાં આપણા અંતઃ-કરણની શુભેચ્છા આપણને વધારે પવિત્ર કરી શકે છે.”

મદનગોપાલે કહ્યું:–“મહારાજ, તમારી એ સર્વ વાત બરાબર છે, પણ ત્યારે શું મ્હારી અસલી રીત મુજબની ભક્તિ ખોટી છે? શું તેનું કાંઇ ફળ નથી? શું ત્યારે એટલા બધા લોકો માત્ર ભ્રમમાંજ છે ?”

મેં કહ્યું:–“નહિ બેટા, એની અસર પણ મ્હોટી છે. “કાંઈ પણ નહિ કરવું એ કરતાં કાંઇ પણ કરવું સારૂંજ છે,” એમ પ્રભુએ કહેલું છે. મ્હારૂં કહેવું તો એમ છે કે સૌ સૌની સ્થિતિ ને શક્તિના પ્રમાણમાં સૌએ કરવું જોઇએ. ત્હારી સ્થિતિ ને ત્હારી શક્તિ એટ-લુંજ કરીને બેસી રહેવા જેવી નથી. શું તને એમ નથી લાગતું કે તું પિતૃઓને દીવો પહોંચાડવા માટે તીર્થમાં દીવો બાળે તેથી ત્હારા પિતૃઓને જેટલો પ્રકાશ મળે તે કરતાં ત્હારા બાપદાદાઓની આબરૂ વધે એવાં કામો કરે તો તેઓને વધારે પ્રકાશ ન મળે ? ત્હારા

ઠાકોરજીને મીણના લેપડાઓ ચોપડી ચોપડીને બળાત્કારે દાગીના પહેરાવે તેથી તને જેટલું પુણ્ય થાય તે કરતાં ગરીબાઈને લીધે જે હજારો કુળવતી નવીન વહુઓના દરરોજ દાગીના ઉતરતા જાય છે તે નહિ ઉતરે તેવાં કામોમાં ને તેવી યોજનાઓમાં તું રોકાય તો વધારે પુણ્ય થાય, એ શું તું નથી માની શકતો? અનંત ભગવાનના નામનો દોરો હાથે બાંધી મૂકવાથી ભગવાન જેટલા પ્રસન્ન થાય, તેટલા પ્રસન્ન બેડીઓ તોડવાથી એટલે કે ગુન્હાઓ વધતા અટકે તેમ કરવાથી નહિ થાય કે? ગુંજાની માળાથી ત્હારા ઠાકોરજી જેટલા રાજી થાય તેટલા રાજી નિર્દોષ બાળિકાઓનાં મુખમાં પ્રભુનાં મધુરાં સ્તોત્રો મૂકવાથી તે નહિ થાય કે? ત્હારા દેવ પાસે ધૂપ કરવાથી જેટલો ફાયદો થાય તે કરતાં ત્હારા ગામની ગટરો સુધારવાના પ્રયત્નથી વધારે ફાયદો નહિ થાય કે? શ્રાદ્ધને દિવસે કાગવાસ નાંખવાથી ત્હારા પિતૃઓ જેટલા પ્રસન્ન થાય તેટલા પ્રસન્ન તને પશુઓને સુખી કરવા માટેની યોજનાઓ રચતો જોઇને તે નહિ થાય કે? અને માળા પહેરવાથી તું જેટલો ધાર્મિક થાય તેટલો ધાર્મિક શું સત્ય પાળવાથી તું નહિ થઇ શકે કે? બેટા, ત્હારી ભક્તિ તોડવાને માટે હું આમ કહેતો નથી, પણ ત્હારી ભક્તિ વધારવાને માટે અને ભક્તિને તેના ઉત્તમરૂપમાં સમજાવવા માટે તને હું આમ કહું છું. કોઈ પણ રીતે સાચી ભક્તિ વધે એવો મ્હારા અંતરનો હેતુ છે તે સારૂજ, તું અધિકારી છે તેથી ભ્રાતૃભાવની અને દેશસેવાની, કર્મને બાજુમાં લઇને ચાલનારી ભક્તિ તને બતાવી છે; અને તે નવીન મત નથી, પણ પ્રાચીન આર્ય ઋષિયોનો સિદ્ધાંત છે."

"આ સાંભળીને મ્હારી આંખો ખુલ્લી ગઈ. મને લાગ્યું કે, ઓહો! આપણે તો હજી ઘણું કરવાનું છે. જે ખરેખરૂં કરવાનું છે તે તો ધ્યાનમાં આવતું નથી, અને નાહકની પરડમાંજ જીંદગી ચાલી જાય છે! પ્રભુ દયા કર, દયા કર."

દાન આપવાના નિયમો.

માસ્તરે કહ્યું:–તમારે જ્યારે રૂપિઆ ખરચવા છે ત્યારે તો બહુ વિચાર કરીને જેમ તેનો સારામાં સારો ઉપયોગ થાય તેમ કરવું જોઇએ; કારણ કે પૈસા એ કાંઈ ફેંકી દેવાની ચીજ નથી, એ તો જો આવડે તો સાર્થકતા કરી લેવાની વસ્તુ છે. તમને તમારા ગોર અને તમારા જૂના વિચારના પાડોશીયો બતાવશે કે યાત્રા કરી આવો, ગોદાન કરો, બ્રાહ્મણો જમાડો, મંદિરોમાં સામગ્રી મોકલો, ને નાતમાં લ્હાણું કરો, એટલે બસ; પણ મને તો લાગે છે કે એટલાથી કાંઈ તમારી ફરજ પૂરી થયેલી ગણાય નહિ. તમારે તો એ કરતાં કાંઈક વધારે કરી બતાવવું જોઇએ. અમારા હેડમાસ્તર કહેતા કે, હવે તો આપણે જેમ વધારેમાં વધારે ઉપયોગી થઈ શકે તેવી રીતે દાન કરવું જોઈએ, કારણ કે* "આપણાં શાસ્ત્રોમાં દાન આપવાને માટે જે પાત્રો કહેલાં છે તેવાં જ્ઞાની, તેવાં તપસ્વી, તેવાં નિસ્પૃહિ ને તેવાં લાયક માણસો હાલના જમાનામાં મળી શકે તેમ નથી; આપણાં પુરાણોમાં દાન આપવાની જે જે ચીજો ગણાવેલી છે તેવી ચીજોથી હાલના જમાનાનાં માણસોની અંતરવૃત્તિ તૃપ્ત થઇ શકે તેમ નથી; આપણાં શાસ્ત્રોમાં દાન આપવાના જે જે સમય ને જે જે સ્થાનો નક્કી કરેલાં છે તે સર્વ પ્રસંગોને હાલના સર્વ લોકો પૂરેપૂરી રીતે જમાનાના ફેરફારને લીધે કબૂલ રાખી શકતા નથી, અને આપણાં શાસ્ત્રોમાં દાન આપવાની જેટલી આજ્ઞાઓ છે તેનો હજારમો ભાગ પણ હાલમાં આપણે પાળી શકતા નથી, માટે આપણી દાનવિધિઓમાં સ્હેજ ફેરફાર કરવો જોઇએ."

"આપણે સમજવું જોઈએ કે જે વખતે આપણા ઋષિયોએ

---

* "સ્વર્ગની કુંચી" નામના પુસ્તકમાંથી દાખલો ૯૦ મો.

દાન આપવાના નિયમો બનાવ્યા તે વખતે કાંઇ રેલ્વે ઉપડી જવાની ધાસ્તી નહોતી; તે વખતે કાંઈ હાલની પેઠે "બોલતાં બંધાય ને છીંકતાં દંડાય" તેવા કરોળીયાની જાળ જેવા કાયદાઓ નહોતા, તે વખતે કાંઈ પ્લેગ ને ક્વૉરેન્ટાઇન નહોતાં, તે વખતે કાંઈ વિલાયતી દવાઓની બાટલીઓની પધરામણી આપણા દેશમાં થઈ નહોતી, તે વખતે કાંઇ આબકારી અને જંગલ ખાતાના કાયદાઓ નહોતા, તે વખતે કાંઇ પરદેશીયોનો આટલો બધો સમાગમ નહોતો. તે વખતે કાંઈ દેશમાં હાલના જેવી દરિદ્રતા નહોતી, અને તે વખતે કાંઇ છપ્પનીયા જેવા ઉપરાઉપરી દુષ્કાળ પડતા નહોતા, તથા તે વખતે કાંઇ હાલના જેવા પ્રપંચીવૃત્તિનાં માણસો નહોતાં; એટલે તેઓના બધા નિયમો નભી શકતા હતા, પણ હાલમાં તો બધો મામલો ફરી ગયો છે; માટે આપણી દાનવિધિમાં પણ જમાના પ્રમાણે ફેરફાર કરવાની જરૂર છે."

"હવે તો આપણે ગરીબ વિદ્યાર્થીઓને મદદ કરવી જોઇએ. નવા શોધ કરી શકે તેવા કારીગરોને મદદ કરવી જોઇએ. નવા નવા રોગ વધતા જાય છે તે દૂર કરવા સારૂ વૈદ્યકશાસ્ત્રને મદદ કરવી જોઇએ. સારાં સારાં પુસ્તકોને ઉત્તેજન આપવું જોઇએ. આપણા ધર્મમાંથી જેઓ વટલી જાય છે તેઓને સમજાવીને પ્રાયશ્ચિત કરાવીને પાછા નાતમાં લેવામાં મદદ કરવી જોઇએ. નાતોમાં જે જે જૂલમ છે અને અને પ્રજામાં જે જે વ્હેમ છે તે દૂર થાય એવા ઉપાયો લેવામાં ધ્યાન આપવું જોઇએ. ધર્મના જે સેંકડો મતભેદ થઈ ગએલા છે તે બધા બહારના ઝઘડાઓ છોડી અંતરમાંથી એક થાય એવા પ્રયત્નમાં મદદ કરવી જોઇએ. અમલદારોના જૂલમ ઓછા થાય અને રાજ્યના કર ઓછા થાય તેવી જાતના સરકારના કાયદાઓમાં મદદ કરવી જોઇએ. ગરીબ બ્રાહ્મણો કે જેઓનું આપણાં પવિત્ર શાસ્ત્રોમાં અતિશય માન છે, તેઓનાં સંતાનો ઘેર ઘેર ભીખ માગે છે અને

અતિશય દુઃખી થાય છે તેઓને ધંધા–રોજગારે લગાડવામાં મદદ કરવી જોઇએ. આપણાં અતિ ઉત્તમશાસ્ત્રોના સાચા અર્થ લોકો સમજે એવા કામમાં મદદ કરવી જોઇએ. ગરીબ બિચારી વિધવાઓ હાડમારી ભોગવે છે તેઓને ભરતાં–ગુંથતાં શીખવવાની, લખતાં–વાંચતાં શીખવવાની ને આબરૂથી ગુજરાન કરી શકે તેવી જાતની સગવડ કરી આપવામાં મદદ કરવી જોઇએ. વેપાર–ધંધો ખીલવવા માટે લોકો પરદેશ જઈ શકે તેવી બાબતમાં મદદ કરવી જોઇએ. અનાથ નિરાધાર છોકરાંઓ કે જેઓ આપણે ગટરમાં ફેંકી દીધેલી પતરાવળીઓમાંથી ભાતના દાણા વીણ્યાં કરે છે તેઓને ઉદ્યોગશાળામાં લઈ જવાની મદદ કરવી જોઇએ. ઘણાએ ભક્તિ વિનાના મૂર્ખ સાધુઓ કે જેઓ ભીખ માગવાનુંજ કામ કરે છે, અને દેશમાં બોજારૂપ છે, તેઓને સુધારવામાં મદદ કરવી જોઇએ. જે નિરાધાર જીવોને આપણે આશરે પ્રભુએ સોંપેલા છે તેઓને બચાવવામાં મદદ કરવી જોઇએ, અને માન આપવા યોગ્ય ખરેખરા સાધુ–સંત, ધર્મનું તત્ત્વ જાણનારા શાસ્ત્રીઓ તથા હરિજનોને અને કોઈપણ જાતના વિદ્વાનોને તથા પોતાના જાતભાઇઓને સૌ લોકોએ જ્યારે બને ત્યારે યથાશક્તિ બનતી મદદ કરવી જોઇએ. એનુંજ નામ સત્યદાન છે. આવી રીતનાં જમાનાને અનુસરતાં દાન કરતાં જો આપણે શીખીશું તોજ આપણે અને આપણી પ્રજા સુખી થઈ શકીશું. માટે ભાઇઓ અને બ્હેનો! પરમ દયાળુ અનંત બ્રહ્માંડના નાથને રીઝવવા સારૂ જેમ દુનિયામાં ધર્મ વધે, આપણા દુઃખીઆરા ભાઇબંધો સુખી થાય અને આપણો પાયમાલ થતો દેશ આબાદ થાય એવી જાતનાં દાનો કરો. એ આપણાં પવિત્ર શાસ્ત્રોનો ઉપદેશ છે, અને એ ઇશ્વરની આજ્ઞા છે, માટે પ્રભુની કૃપા મેળવવા સારૂ ફળની આશા છોડી દઈને પ્રભુપ્રીત્યર્થે જમાના અનુસાર યથાશક્તિ અવશ્ય દાન કરો, દાન કરો.”

આપણે કેવી યાત્રા કરવી જોઇએ ?

આવી જાતનાં જમાનાને અનુસરતાં બધી જાતનાં દાન એક ઠેકાણે રહ્યાથી બની શકે નહિ, માટે એવી જાતનાં પાત્ર શોધવા સારૂ અને તેઓને આપણી શક્તિ મુજબ દાન આપવા સારૂ આપણે યાત્રા કરવી જોઇએ, એટલે કે દેશાટન કરવું જોઇએ. કાંઈ માત્ર મૂછો મુંડાવવાસારૂજ યાત્રા કરવા જવાનું નથી, પણ આપણામાં દીનતા લાવવા સારૂ યાત્રા કરવા જવાનું છે. ઠેકાણે ઠેકાણે ટાઢે પાણીએ ન્હાવા સારૂજ કાંઈ યાત્રા કરવા જવાનું નથી, પણ ભક્તોનાં દર્શન કરી તેઓના સત્સંગનો લાભ લઈ આપણાં આચરણો સુધારવા સારૂ યાત્રા કરવા જવાનું છે. ગોરના ચોપડામાં નામ લખાવી આવવા સારૂજ કાંઈ યાત્રા કરવા જવાનું નથી, પણ દુઃખીયાંની સંભાળ લેવા સારૂ યાત્રા કરવા જવાનું છે. લોટના પીંડ મૂકવા સારૂજ કાંઈ યાત્રા કરવા જવાનું નથી, પણ પ્રભુને આપણા અંતઃકરણના પીંડનું દાન આપવા સારૂજ યાત્રા કરવા જવાનું છે. ભુખ્યાં–તરસ્યાં રહીને અગવડો ભોગવવા સારૂજ કાંઇ યાત્રા કરવા જવાનું નથી, પણ બીજાંઓની અગવડતા દૂર કરવા સારૂજ યાત્રા કરવા જવાનું છે. હવાફેર કરવા તથા મોજ–મજા મારવા સારૂજ કાંઈ યાત્રા કરવા જવાનું નથી, પણ ગુણીઓને શોધવા તથા તેઓની સેવા કરીને તેઓની પાસેથી ગુણ શીખવા અને જે અધિકારીજનો હોય તેઓને આપણા ગુણ કે આપણી વિદ્યા શીખવવા સારૂ આપણે યાત્રા કરવા જવું જોઈએ. આજ દિવસ સુધી આપણે મુએલાંઓના કલ્યાણને માટેજ યાત્રા કરવા જઇએ છીએ. પણ હવે મહાત્માઓનો એવો હુકમ છે કે, મુએલાંઓની સાથે જીવતાંઓનું પણ કલ્યાણ થાય એવી રીતની સાચી યાત્રા કરો. આપણે કાશી, જગન્નાથ, મથુરા કે બદ્રી-નારાયણને મ્હોટીયાત્રા કહીએ છીએ, પણ હરિજનો કહે છે કે, જયાં

દુઃખીઓને દિલાસો મળતો હોય, જ્યાં અજ્ઞાનીઓને જ્ઞાન મળતું હોય, જ્યાં ભૂખ્યાંઓને ભોજન મળતું હોય, જ્યાં રોજગાર વિનાનાંને રોજી મળતી હોય, જ્યાં બિમારોની સેવા થતી હોય, અને જ્યાં ધર્મની ને પરમાર્થની ચર્ચા ચાલતી હોય તે જગ્યાઓજ સૌથી મ્હોટાં તીર્થ છે. આપણે માત્ર જૂદાં જૂદાં મંદિરોની મ્હોટાઇ ને ઠાઠમાઠ જોવા સારૂજ કાંઈ યાત્રા કરવા જવાનું નથી, પણ જૂદા જૂદા દેશના મહાન વિદ્વાનોનો સત્કાર કરવા સારૂ યાત્રા કરવાની છે. ભાઇબંધીને તોડનારી આભડછેટની તોકો ગળામાં ઘાલવા સારૂજ કાંઇ આપણે યાત્રા કરવા જવાનું નથી, પણ આપણે તો જગતમાં ભાઇબંધી વધારવા સારૂ યાત્રા કરવી જોઇએ, અને આપણે કાંઇ માત્ર જડમૂર્તિઓનાં દર્શન કરવા સારૂજ યાત્રા કરવા જવાનું નથી, પણ એ મૂર્તિઓની મારફત હૃદયમાં ઉત્તમ ભાવનાઓ ભરવા અને એ ભાવનાઓથી ખીલેલા પ્રભુપ્રેમનો આપણા જીવતા જાગતા ભાઇબંધો ઉપર વરસાદ વરસાવવા માટે આપણે યાત્રા કરવી જોઇએ. જો એવી યાત્રા કરી શકીએ તોજ યાત્રાની સાર્થકતા છે, બાકી અંતરમાંથી મુંડાયા વિના અને મનમાંથી ભીંજાયા વિના ટાઢે પાણીએ નાહી આવીએ ને દાઢી મુછ મુંડાવી આવીએ એથી કાંઇ કલ્યાણ થઇ જાય નહિ. માટે તમારા જેવા સમજુ ને શ્રીમંત ગૃહસ્થોએ તો આવી સાચી યાત્રા કરવી જોઇએ. તમારા જેવા આગેવાન માણસો કે જે દેશના સ્તંભ છો ને બીજાઓને દોરનારા છો, તે પણ જ્યારે રૂઢીના ગાડરીયા પ્રવાહમાં પડયા રહેશો ત્યારે પછી ભારતનો ઉદ્ધાર કેમ થશે? માટે બીજાઓ ગમે તેમ કરે પણ તમે તો તમારૂં સાચવો. બીજાઓની દેખાદેખીએ સમજતાં છતાં તમે શા માટે કૂવામાં પડો છો? તમારા જેવા હુશિયાર માણસથી કાંઇ એવી બહારની યાત્રા થાય નહિ, તમારે તો આવી રીતની અંતરની યાત્રા કરવી જોઇએ. બહારના પાણીના ખોબા

ભરવામાંજ કાંઈ તમારા જેવાથી રહી જવાય નહિ, તમારે તો આપણા ભાઈબંધોને અર્થે નાણાંના ખોબા ભરવા જોઇએ, અને આપણે તો મહાન પ્રભુને અર્થે આપણાં અંતઃકરણ અર્પણ કરવાં જોઇએ."

તમારી મહેનતનો લાભ મને આપો.

માસ્તરના આ વિચારો મને બહુ પસંદ પડયા, તેથી મ્હેં તેમને કહ્યું કે, તમે કહો છો તેમ કરવા હું તૈયાર છું, પણ હું કાંઈ બહુ ભણ્યોગણ્યો નથી, એટલે મ્હારા પોતાનામાં એટલી બધી આવડત નથી, અને અમને આવી રીતે ભાગલા પાડીને ખુલ્લું સત્ય બતાવવાવાળું પણ કોઇ મળતું નથી, માટે હવે તમે મ્હારી સાથે યાત્રામાં ચાલો. તમારા સત્સંગથી હું મ્હારા પૈસાની સાર્થકતા કરી શકીશ.

તેણે કહ્યું:—"એ કેમ બની શકશે? અમારી નોકરીની સખ્તાઈ તો તમે જાણો છો."

મ્હેં કહ્યું:—હવે તમારે એ નોકરીની જરૂર નથી. મને પ્રભુએ ઘણું આપ્યું છે, અને મ્હેં તમારી મિત્રાઇથી—તમારા સત્સંગથી બહુ લાભ મેળવ્યો છે, માટે હવે તમે મ્હારી પાસે રહો. હું તમોને તમારી હયાતી સુધી દર મહિને પચાસ રૂપિયા પેન્સન આપ્યા કરીશ. મ્હારા જેવા ગૃહસ્થની મિત્રાઇ છતાં તમારા જેવા વિદ્વાન માણસ પંદર રૂપિયાના પગારની કંટાળા ભરેલી નોકરીમાં પડ્યા રહે એ કાંઈ વ્યાજબી કહેવાય નહિ. મ્હારા આવા વૈભવ છતાં તમારી એવી ગરીબ સ્થિતિ રહે એ તો મને શરમભર્યું છે. તમને આટલી મદદ કરવાથી હું કાંઇ ગરીબ થઇ જવાનો નથી. ઉલટું તમારા જેવા વિદ્વાનને આશ્રય આપવાથી મ્હારી આબરૂ વધશે. આજ દિવસ સુધી મને એ વિચાર ન સૂઝયો એ મ્હારી બહુ ભૂલ થઈ છે. તમે તમારી મરજી પડે તેમ તમારી રૂચિ અનુસાર અભ્યાસ કર્યા કરો અને અમોને તેનો લાભ

આપ્યા કરો. મ્હારાથી કાંઇ આટલી ઉમ્મરે ને આવી જંજાળમાં અભ્યાસ થઈ શકે તેમ નથી, અને હાલના હરીફાઇના જમાનામાં જો આજુબાજુનો સંબંધ ન સમજું તો તો હું પાછળ પડી જાઉં, માટે તમે હવે મ્હારો જમણો હાથ થાઓ–તમારી મહેનતનો લાભ મને આપો અને તે બદલ તમે પેન્સન ખાયા કરો.

માસ્તરે ઉપકાર સાથે મ્હારી આ વાત કબૂલ કરી, એટલે તેને સાથે લઇને હું યાત્રા કરવા ગયો, તેથી મને તથા તેમને બહુ આનંદ થયો. માસ્તરની દિલસોઝ લાગણી અને શોધકબુદ્ધિ હોવાથી અમારી યાત્રા કાંઇ બીજા સાધારણ લોકો "જમનાપાન" કરી આવે છે તેવી નહોતી, પણ કાંઇક રહસ્યવાળી હતી. મને આ વખતે ઘણા જાણવાજેવા પ્રસંગો મળ્યા હતા. પણ એ બધી બાબતોનું વર્ણન કરી શકું એટલી કાંઈ આપણને ફુરસદ નથી, તો પણ તેમાંની એક બાબત તો કહ્યા વિના ચાલશે તેમ નથી, કારણકે એ બહુ જાણવા જેવી વાત છે.

ચક્રમ કવિ.

બંગાળાના એક ગામડામાં જૂનું મહાદેવનું મંદિર છે, તે જોવા માટે અમે ગયા હતા. તે વખતે અમે ભોમિયાને પૂછ્યું કે, આ ગામમાં કે આજુબાજુના પ્રગણામાં કોઈ જ્ઞાનીસાધુ, પરમાર્થીહરિજન, મ્હોટા પંડિત કે હુશિયાર કારીગર રહે છે કે નહિ? જો એવા કોઈ હોય તો અમારે તેને મળવું છે. ત્યારે તેણે કહ્યું કે, અહિં એક ચક્રમ કવિ રહે છે, બીજું તો કોઈ નથી. અમે "ચક્રમ કવિ" નામ સાંભળીને જરા અજબ થયા, તેથી પૂછ્યું કે, એ કોણ છે? અને એનામાં શું ગુણ છે? ત્યારે પેલા ભોમિયાએ કહ્યું કે, એ એક ગરીબ બ્રાહ્મણ છે. તે બહુ વિદ્વાન છે, પણ એના વિચારો બહુ આગળ

વધી ગએલા છે, અને એની અંતરલાગણી એટલી બધી ખીલી ગએલી છે કે સાધારણ લોકોથી તે બહુ જલદી જૂદો પડી જાય છે, માટે લોકો તેને ચક્રમ કહે છે. એ સાંભળીને માસ્તરે કહ્યું:-ત્યારે તો એ માણસને આપણે જોવો જોઇએ. ભોમિયાએ કહ્યું:-ચાલો ત્યારે આ ધર્મશાળાની પાસેજ તેનું ઘર છે.

તુરતજ અમે ત્રણે જણા એ ચક્રમ કવિને ઘેર ગયા. એ વખતે એ કવિરાજ એક ફાટેલી સાદડી ઉપર જરીપુરાણા તકીયાને આધારે લાંબા થઈને પડેલા હતા. હાથમાં એક પોતાનું લખેલું રફ પુસ્તક હતું ને આંખમાંથી આંસુની ધારા ચાલી જતી હતી. ભોમીયાએ કહ્યું:–કવિરાજ, આપને મળવા માટે આ કાઠીયાવાડી મુસાફરો આવેલા છે. કવિરાજે કહ્યું:–"ઓહો! બહુ સારૂં, મ્હારાં ધન્ય ભાગ્ય." એમ કહીને ઝટ ઉઠી બેઠા થયા, અને આજુબાજુ જોવા લાગ્યા, પણ પોતાના છાજવાળા ઝુંપડામાં બીજું કાંઇ બીછાવવાનું નહિ હોવાથી પોતાની ફાટેલી ટુંકી સાદડી ઉપર અમોને બેસાડ્યા. જરા શાંત થયા પછી માસ્તરે પૂછ્યું કે, કવિરાજ, શું વાંચો છો? દિલગીર કેમ છો? કવિરાજે કહ્યું:–"સ્વર્ગમાંથી નર્ક" નામે લેખ લખેલો છે તે વાંચું છું, તેથી રોવું આવે છે." પુસ્તકનું નામ નામ સાંભળીનેજ અમે તો અજબ થયા. તેથી મ્હેં પૂછ્યું કે, શું "સ્વર્ગમાંથી નર્ક!" ભોમીયાએ કહ્યું:–આટલીવારમાં અજબ કેમ થાઓ છો? હજી તો આ મંગળાચરણ છે! જો એમ ન હોય તો ચક્રમ કવિ કેમ કહેવાય?

કવિએ કહ્યું:–"હા ભાઇ, હું ચક્રમ છું, હું દિવાનો છું, પણ એવો દિવાનો પ્રભુ મને સદાય રાખે એમ હું માગું છું. હું શા માટે રોઉં છું એ તમે જાણો છો? હું મ્હારે માટે નથી રોતો પણ મ્હારા ગરીબડા દેશને માટે રોઉં છું, મ્હારા નિરાધાર બંધુઓને માટે રોઉં છું, મ્હારા પવિત્ર ધર્મને માટે રોઉં છું, અને આપણા

આત્માની જે અધોગતિ થઇ છે તેને માટે હું રોઉં છું. મ્હારા ઘરમાં રાત્રે દીવો કરવા માટે તેલ નથી તેની મને દરકાર નથી, પણ મ્હારા કરોડો બંધુઓ અજ્ઞાનના અતિશય અંધકારમાં છે તેમને માટે હું રોઉં છું. મ્હારા ઘરનું બારણું બંધ કરવા મ્હારી પાસે તાળું નથી તેની મને ફિકર નથી, કારણ કે ખાપરો કે કોડીયો પોતે આવે તો પણ મ્હારા ઘરમાંથી કાંઈ લઈ જઇ શકે તેમ નથી. ક્યાંથી લે? હોય તો લેના? પણ મ્હારા કરોડો બંધુઓ ઘરબાર વિનાના રખડે છે તેને માટે હું રોઉં છું. મને પગે ગુમડું થયું છે તેને ચોપડવા માટે મલમની પટ્ટી પણ મળતી નથી તેનું કાંઇ દુઃખ નથી, પણ દર વરસે આપણા લાખો બંધુઓ વિનાકારણ ગરીબાઇને લીધે માત્ર સગવડતા ન સચવવાથીજ રોગના ભોગ થઇને મરી જાય છે તેને માટે હું રોઉં છું." આમ કહે છે એટલામાં મીંયાંઉ, મીંયાંઉ, કરતી બિલાડી તેની પાસે આવી. તેને તેડી ખૂબ છાતી સાથે દબાવી બચી લઇને તેણે તેને કહ્યું:—"બા, મને માફ કર હો, આજે તને દૂધ પાવા મ્હારી પાસે દોઢીયું નથી. આજે તો ત્હારે લુખો ભાત ખાવો પડશે. જા, ડોશીમા પાસે જા." એમ બોલીને કહ્યું:—"ડોશીમા, "ઇશ્વરી ખુબી" ને થોડો ભાત આપવાની મહેરબાની કરજો." બિલાડી સમજીને ત્યાં ચાલી ગઈ. ત્યારે કવિરાજે કહ્યું:—"એ ડોશીની મને બહુ મદદ ને બહુ સંતાપ પણ છે. તે મ્હારી ઉપર દયા પણ બહુ રાખે છે, ને મ્હારા છુટા વિચારો તેને ન ગમે ત્યારે ગુસ્સે પણ બહુ થાય છે. કોઇ કોઇ વખત મ્હારી પાસે કંઇ ન હોવાથી હું ને મ્હારી "ઇશ્વિરી ખુબી" બારણાં બંધ કરીને ભુખ્યાં સૂઈ રહ્યાં હોઇએ ત્યારે ભુખી બિલાડીનો રડતો અવાજ સાંભળીને અર્ધી રાત્રે ઉઠાડીને તે મને જમાડે છે. આ બિલાડીને રોજ દોઢીયાનું દૂધ આપવાનો નિયમ છે, તેનો વખત થઇ જવાથી તે મીંયાંઉ મીંયાંઉ કરતી મ્હારી પાસે દૂધ માગવા

આવી હતી, પણ આજે મ્હારી પાસે પૈસો નથી તેથી તેને લુખો ભાત ખાવો પડશે. ઓ પ્રભુ! મ્હારી એ લાડકીને લુખો ભાત ખાતાં કેટલું વસમું લાગશે, અને એથી મ્હારૂં અંતર કેવું બળશે" એ દુનિયા કેમ સમજશે?" આ સાંભળીને મ્હેં મ્હારા ખીસ્સામાં હાથ નાંખ્યો ને પાકીટ કાઢ્યું. એ જોઈને કવિરાજે જરા હસીને કહ્યું:– "તમારી પાસેથી દોઢીયાં કઢાવવાની આ કાંઇ યુક્તિ નથી. સાહેબો, મને માફ કરજો. હું કોઇની ભેટ કબૂલ રાખતો નથી. જો એમ મ્હારે ભીખ માગવી હોત તો મ્હારી હાલત આવી શું કરવા રહે? તો તો હું પૈસાદાર થઇ પડું. પણ મને જાતમહેનત વિના મળેલું કોઇનું કાંઇ ખપતું નથી. અમને કામ આપો, પૈસા તમે ક્યાંસુધી આપી શકશો? હું જે આ વાતો તમારી આગળ કહું છું તે કાંઇ મ્હારૂં પોતાનું દુઃખ રડવા સારૂ નહિ, પણ આખા ભારતનું સામાન્ય ચિત્ર હું તમારી પાસે રજુ કરૂં છું. મ્હારી બિલાડી દૂધ વિના રહે તેની કાંઇ ફિકર નથી, પણ દર વરસે આપણા હજારો ગરીબ બંધુઓ જાહેરરસ્તા ઉપર રોટલાના ટુકડા વિના કૂતરાને મ્હોતે તરફડી તરફડીને મરી જાય છે, પણ તેનો કોઈ ભાવ પૂછતું નથી, તે માટે હું રોઉં છું. આખી દુનિયાના પંડિતો એક અવાજે વખાણે છે એવું આપણું અસલી તત્ત્વજ્ઞાન છે, પણ તે આપણી ચાલુ જીંદગીમાં ઉપયોગમાં આવતું નથી, તેને માટે હું રોઉં છું. આપણા દેશનાં ઝાડોમાં ફળો પેદા કરવાની પ્રભુએ કેટલી બધી મહાન શક્તિ મૂકેલી છે? પણ આપણે તેનો લાભ લેતા નથી તેથી તે ઝાડો રોય છે, એ જોઇને મને રોવું આવે છે. આપણા દેશના પહાડો, ખાણો અને મેદાનોમાં જૂદા જૂદા રૂપમાં બેસુમાર ખજાનો દટાએલો છે, પણ કોઇ તેને કહાડતું નથી, તેથી દિલગીર થઇને તેમાં છૂપાઇ રહેલું ઇશ્વરીઐશ્વર્ય નિસાસા મૂકે છે, તે જોઈને હું રોઉં છું. આપણા દયાળુ દેશનાં નિર્દોષ પશુઓનો

વિનાકારણ નાશ થાય છે તેથી તેના શ્રાપ લાગે છે, એ શ્રાપને હું તેના ભયંકરરૂપમાં પ્રત્યક્ષ રીતે જોઉં છું, માટે મ્હારાથી પરાણે પરાણે રોવાઈ જવાય છે. આપણી મહા નદીઓનાં પાણી ફોગટનાં સમુદ્રમાં ચાલ્યાં જાય છે, તેથી નદીઓ નિસાસા મૂકતી જાય છે, એ નિસાસા હું સાંભળું છું, તેથી મ્હારાથી રોવાઇ જવાય છે. આપણી અદ્‌ભૂત ગુણવાળી ચમત્કારી ઔષધીઓ આપણા પગ નીચે કચરાય છે, અને કોઇના પણ ઉપયોગમાં આવ્યા વિના તેનો નાશ થાય છે, તેથી તે છાતીફાટ રૂએ છે, એ રૂદન મ્હારાથી ખમાતું નથી, તેથી મ્હારાથી રોવાઈ જવાય છે. આપણા સનાતન પવિત્ર ધર્મમાં પાછળથી દાખલ થયેલા અનેક જાતના ગોટાળા અને સાંકડા વિચારો જોઇને સ્વર્ગમાં રહેલા ઋષિઓ દિલગીર થાય છે, તેથી હું રોઉં છું. આપણે આપણી કિંમત સમજતા નથી, આપણે આપણા આત્માનું બળ સમજતા નથી, આપણે આપણું પૉઝીશન સાચવતા નથી અને આપણે આપણી ફરજો બરોબર રીતે બજાવતા નથી તેથી દેવતાઓ દિલગીર થાય છે, એ જોઇને હું રોઉં છું. હું શું કરૂં ? મને માફ કરજો, હું મ્હારાં આંસુને બહુ બહુ રોકું છું તોપણ આવાં આવાં કારણોથી એની મેળે મેળે મ્હારાથી રોવાઈ જવાય છે.”

હું શામાટે રોઉં છું ?

બાઈઓ ! તમને ખબર છે ? હું મ્હારે માટે નથી રોતો, હું તમારે માટે રોઉં છું. હું આપણી ભવિષ્યની પ્રજાના હિતને માટે રોઉં છું. હું આપણી નાતોના જૂલમ માટે રોઉં છું. હું આપણા ફોગટના મૂર્ખાઇ ભરેલા વ્હેમોને માટે રોઉં છું. આપણું સત્યાનાશ કહાડનારી આપણી માનીતી આભડછેટને માટે હું રોઉં છું. આપણે આપણા ધર્મના હાથ પગ બાંધીને તેને ટુંકી હદમાં કેદ કરેલો છે

તેને માટે હું રોઉં છું. પ્રભુએ કૃપા કરીને આપણને જે મહાન બુદ્ધિ આપેલી છે તેનો આપણે ઉપયોગ કરતા નથી એ માટે હું રોઉં છું. આપણા દેશની ભવિષ્યની આશા જે ન્હાનાં બચ્ચાંઓ તેને યોગ્ય કેળવણી મળતી નથી એ જોઇને હું રોઉં છું. આપણા કરોડો બંધુઓ ભીખારીનો ધંધો લઇ બેઠેલા છે ને દેશ ઉપર બોજારૂપ થઇ પડેલા છે તેને માટે હું રોઉં છું. આપણી લાખો વિધવા બ્હેનો પોતાનાં હૃદય બાળે છે, ને છૂપાં પાપો કરે છે, તેને માટે હું રોઉં છું. આપણાં ચાલાક બાળકો દુનિયાદારીની હવા ખાધા પહેલાં મૂર્ખોને હાથે મુંડાઇ જાય છે, ને પોતાનો ભવ બાળી ભગવાં કપડાંને લજવે છે, તેને માટે હું રોઉં છું, અને આપણા પ્રાચીન ધર્મની ઉત્તમત્તા, આપણા દેશની અસલની સમૃદ્ધિ તથા આપણા વડવાઓની ભલાઇ યાદ કરી કરીને હું રોઉં છું. ભાઇઓ! મને રોવા દો, પેટ ભરીને રોવા દો. હું જેની આગળ હૃદય ખોલીને રોઇ શકું એવાં માણસો પણ ક્યાં છે? ભલે તમે મ્હારાં આંસુઓ લુછી ન શકો પણ મ્હારા હેતુઓ તો સમજો, અરે કોઇ મ્હારી વાત તો સાંભળો! હું મ્હારે માટે નથી કહેતો, મ્હેં તો તમારે ખાતર મ્હારી જીંદગી આપી દીધેલી છે, મ્હેં તો મ્હારા બંધુઓને ખાતર મ્હારી જીંદગી બ્રહ્માર્પણ કરેલી છે. હવે મને બીજાં સુખ નથી જોઇતાં, હવે તો મને પ્રભુને ખાતર હસવું ગમે છે, અને આપણા બંધુઓને ખાતર રોવું ગમે છે. માટે હજી મને રોવા દો, રોવા દો. દેશને ખાતર અર્પણ થવામાં જે મજા છે, આપણા બંધુઓના કલ્યાણને ખાતર રોવામાં જે આનંદ છે, અને આપણા ઉત્તમ ધર્મને ખાતર આપણા સ્વાર્થનો ત્યાગ કરવામાં જે મજા છે, તે તમે શું સમજો? નહિ સમજો, ભાઈ નહિ સમજો. એ સમજવું બહુ મુસ્કેલ છે. જો એમ ઘણા જણ સમજતા હોત તો આપણા દેશના, આપણા ધર્મના અને આપણા બંધુઓના આવા

હાલ હોત નહિ. માટે હજી મને રોવા દો. આપણા બંધુઓ પ્રભુને અર્થે આવી જાતનું રોવું શીખે ત્યાંસુધી મને રોવા દો, રોવા દો."

સ્વર્ગમાં નર્ક!

"આપણા બંધુઓ કૂતરાં–બિલાડાંથી અભડાતા નથી, સાપ–વીંછીથી અભડાતા નથી અને અમારા બંગાળામાં તો માંસ–મચ્છીથી પણ અભડાતા નથી, પણ અસલ એકજ બાપથી ઉત્પન્ન થએલા બ્રાહ્મણો બ્રાહ્મણથી અભડાઈ જાય છે! માણસો માણસથી અભડાઈ જાય છે! અને કેટલેક ઠેકાણે–કેટલાક મતમાં તો બાપ દીકરાથી અભડાઈ જાય છે, બાઇડી ધણીથી અભડાઈ જાય છે, અને ગુરૂઓ ચેલાથી અભડાઇ જાય છે!! પ્રભુ! દયા કર, દયા કર. આ પાપનું નિવારણ તે કેમ થશે? માણસો માણસોનો આટલો બધો તિરસ્કાર કરે તે પ્રભુ કેમ સાંખશે? આનું નામ ભ્રાતૃભાવ કે? આનું નામ અભેદ કે? આ આપણા ધર્મની ઉત્તમતા કે? અરે હાય હાય! અમારાં હૈયાં તે આવાં કેમ થઇ ગયાં હશે? આપણે કીડી–મંકોડી ઉપર દયા કરીએ, આપણે સાપ–વીંછી ઉપર દયા કરીએ, આપણે પશુ–પંખીઓ માટે પાંજરાપોળ રાખીએ, અને છેવટ આપણે ઝાડ–પાન ઉપર દયા રાખીએ, એ પણ બનતાં સુધી ન કાપીએ, અને માણુસ જાતનો એટલો બધો તિરસ્કાર કે એક બ્રાહ્મણ બીજા બ્રાહ્મણનું પાણી પીતાં અભડાઇ જાય!! આ કરતાં એક બીજાનું વધારે અપમાન તે બીજું શું? અરે જરાક વિચાર તો કરો કે આપણા બંધુઓનો આવો ખુલ્લો તિરસ્કાર કરીને, આપણા બંધુઓને હલકા ગણીને, આપણા બંધુઓને અપમાન આપીને અને આપણા બંધુઓની મદદમાંથી ખસી જઇને આપણે શી રીતે સ્વર્ગમાં જઇ શકીશું? હાય હાય! જો એમ કરવાથીજ સ્વર્ગમાં જવાતું હોય તો! હે પ્રભુ! મને નર્કમાંજ નાંખજે કે જ્યાં હું મ્હારા બંધુઓની સેવા

કરી શકું. બંધુઓ ! આવી રીતે આપણા સ્વદેશી-સ્વધર્મી બંધુઓનો તિરસ્કાર કરવો એ મહા અપરાધ છે, અને એમાં આપણા પવિત્ર સનાતન આર્યધર્મને વચ્ચે લાવવો એ ધર્મનું મ્હોટું અપમાન છે. આવી રીતે પોતાના ધર્મનું અપમાન કરવું અને પોતાના બંધુઓનો તિરસ્કાર કરવો એનું નામ સ્વર્ગમાં નર્ક છે, માટે આ નર્ક જોઈ જોઇને હું રોઉં છું."

"રામના વૈભવો યાદ કરો, શ્રીકૃષ્ણની સોનાની દ્વારિકા સામું જુઓ, યુધિષ્ઠિરના યજ્ઞનાં આખ્યાનો વાંચો અને છેવટ વીરવિક્રમ ને રાજા ભોજની સમૃદ્ધિ જુઓ ! જરાક ધ્યાન ધરીને એ વખતના હીરામાણેકના ઝળકાટ જુઓ, એ વખતના સોનારૂપાના ખડખડાટ સાંભળો, એ વખતના લોકોની આબાદી જુઓ, એ વખતની પ્રજાનાં સુખ જુઓ, એ વખતની દેશની શ્રેષ્ઠતા જુઓ, અને પછી હાલનું હિંદુસ્તાન જુઓ ! હાલનાં દુકાળીયાંઓના હાલ જુઓ ! હાલનાં ગામડાંઓની સ્થિતિ જુઓ ! હાલની તુરંગોમાં થતો ગુન્હેગારોનો ભરાવો જુઓ ! હાલના વખતમાં ઠેકાણે ઠેકાણે ચાલતા કૉલેરા ને મરકી વગેરે રોગોથી થતી પાયમાલી જુઓ ! હાલનાં ગુલામગીરી જેવાં લગનનાં સાટાં જુઓ ! હાલની બાળ વિધવાઓની દુઃખદાયક સ્થિતિ જુઓ ! હાલની પ્રજાની માનસિક હાયવૉય જુઓ ! હાલમાં જેની પાસે એક ટંકનું પણ ખાવાનું નથી એવાં છ કરોડ ભીખારીઓ જુઓ ! હાલના ખેડુતોની કંગાળ સ્થિતિ જુઓ ! હાલના વેપારીઓની અધીરત જુઓ ! અને યૂરોપીયનોની સમૃદ્ધિ તથા આપણા દુઃખીયારા ગરીબ ભાઈબંધોની ગરીબ સ્થિતિ તો જરા જુઓ ! એ બધું જોશો તો તમને એમ લાગશે કે આર્યાવર્ત સ્વર્ગ હતું-દેવભૂમિ હતું-પ્રભુનું કૃપા પાત્ર હતું, તેને બદલે આજે હિંદુસ્તાન અધમમાં અધમ થઈ ગયું છે. આપણા દેશની અને આપણી પ્રજાની આવી

કંગાળ સ્થિતિ તેનું નામ સ્વર્ગમાં નર્ક છે; અને હું રોઉં છું તે કાંઈ મ્હારે પોતાને સારૂ નહિ, પણ આવી રીતે સ્વર્ગમાં નર્ક થતું જાય છે તેને માટે હું રોઉં છું.

અસલના પંચયજ્ઞ.

સાહેબો, અસલનો આપણો સનાતનધર્મ જુઓ, તેની ઉત્તમતા જુઓ, તેના મહાન સિદ્ધાંતો જુઓ, તેનો અભેદમાર્ગ જુઓ, તેનો ભ્રાતૃભાવ જુઓ, આપણા સ્વદેશને માટે—આપણા બંધુઓને માટે—અતિથિ સત્કારને માટે ઉપનિષદોમાં શું કહ્યું છે, એ જરા સમજો તો ખરા! આપણી દરરોજની ફરજના પંચયજ્ઞની ખુબી તો જુઓ! બ્રહ્મયજ્ઞ એટલે પ્રભુ તરફની ફરજ, કે જેને ઈશ્વરીજ્ઞાન કહેવામાં આવે છે તે. દેવયજ્ઞ *એટલે અંતરની તથા બહારની ઈશ્વરીશક્તિઓને ઉપયોગમાં લેવાની સમજ, કે જેને કર્મકાંડ કહેવામાં આવે છે તે. પિતૃયજ્ઞ એટલે આપણા પૂર્વજોએ જે મહાન રૂડાંકામો કરેલાં છે તેમને પગલે ચાલવાની ઉત્તમવૃત્તિ, કે જેને આપણે ભક્તિ કહીએ છીએ તે. મનુષ્યયજ્ઞ એટલે આપણાં સગાંવ્હાલાંઓ તથા મનુષ્યજાત તરફની આપણી ફરજ, કે જેને ઈશ્વરીસ્નેહ કહેવામાં આવે છે તે. ભૂતયજ્ઞ એટલે જગતનાં પ્રાણીમાત્રનું કલ્યાણ થાય એવી વર્તણૂંક રાખવી તે, કે જેને આપણે મનુષ્યપણું કહીએ છીએ. આવી રીતે આ પંચયજ્ઞો એ આપણી દરરોજની ફરજ હતી. દરરોજ પ્રાતઃકાળમાં એ પાંચ ફરજોને યાદ કરીને તે ફરજો રૂડીરીતે બજાવાય તેવી રીતે આપણા પૂર્વજો જીંદગી

* એકજ ઈશ્વરની જૂદી જૂદી શક્તિઓનું જૂદાજૂદા દેવરૂપે વેદમાં વર્ણન કરેલું છે, માટે એ શક્તિઓને જગતના હિતને અર્થે વાપરવી તેનું નામ દેવયજ્ઞ કહેવાય છે.

ગુજારતા હતા. મ્હારા આ અર્થો તમને ગમશે નહિ, કારણકે તમારે તો **વિષ્ણુવેનમઃ। સૂર્યાયનમઃ। ચંદ્રાયનમઃ। સોમાયનમઃ। બુધાય-નમઃ।** કરીને બીજું કાંઇપિણ કર્યા વિના દેવયજ્ઞ મનાવી દેવો છે! તમારે તો અત્રિ, વસિષ્ઠ, વિશ્વામિત્ર ને ભરદ્વાજના નામના પાણીના ખોબા ભરીને કે કાગવાસ નાંખીને તેમનાં આચરણો પાળ્યા વિના પિતૃયજ્ઞ મનાવી દેવો છે! તમારે તો ગાયને કે કૂતરાને રોટલાનો ટુકડો નાંખીને ભૂતયજ્ઞ મનાવી દેવો છે! તમારે તો મનુષ્યયજ્ઞ એટલા અક્ષરોજ માત્ર મોઢેથી બોલીને એ યજ્ઞ પતાવી દેવો છે! અને તમારે તો સાચા જ્ઞાન વિના માત્ર જડવસ્તુઓની પૂજામાંજ બ્રહ્મ-યજ્ઞ મનાવી દેવો છે! પણ એમ કાંઈ થાય નહિ. એવી ફરજો બજાવ્યા વિના કાંઈ દેશોન્નતિ કે આત્મોન્નતિ થાય નહિ. અરે! એ ફરજો બજાવવી તો રહી, પણ એને બદલે હાલમાં આપણા દેશમાં કેવા યજ્ઞ થાય છે, એ તમને ખબર છે? બ્રહ્મયજ્ઞને બદલે–ઇશ્વરી-જ્ઞાન મેળવવા અને ફેલાવવાને બદલે, છેવટ સુધી રમકડાં સાથે રમ્યા કરવામાં ને ઇશ્વરને નામે ભીખ માગવામાં આપણા ગુરૂ મહારાજો રહી ગએલા છે! દેવયજ્ઞને બદલે–ઇશ્વરીશક્તિયોને પોતાના અખ્તીયારમાં લઇ જગતનું અને પોતાનું કલ્યાણ કરવાને બદલે–વિશ્વકર્મા એ ઇશ્વ-રનું પોતાનું નામ છે, અને સઘળી જાતની ઊંચામાં ઊંચી કારીગીરીના કર્ત્તા ઇશ્વર પોતે છે, એમ જાણતા છતાં પણ હાલમાં આપણે આપણા કારીગરોને હલકા સમજીએ છીએ! ખુદ વિશ્વકર્માનું–પોતાનું કામ કરવામાં આપણે લજવાઇએ છીએ! દરજી, મોચી, સુતાર, લુહાર, કુંભાર, કડીયા, ધોબી, વગેરે કારીગરોને આપણે હલકા સમજીએ છીએ! તેઓને મદદ કરવી તો બાજુએ રહી, પણ ઉલટો પ્રસંગોપાત તેઓનો તિરસ્કાર કરીએ છીએ, અને તેમ છતાં પણ આપણે દેવયજ્ઞ કર્યાનો ફાંકો રાખીએ છીએ! પ્રભુ! દયા કર, દયા કર. આવી સ્થિતિમાં રહીને તે અમારૂં

કેમ કલ્યાણ થશે? દેવયજ્ઞ એટલે કર્મકાંડ, અને જો તેનો વધારે ખુલ્લો અર્થ કરીએ તો તે એજ કે અંતરની ને બહારની ઈશ્વરી-શક્તિઓનો ઉપયોગ કરી તેનો લાભ લઈ જગતમાં સૌન્દર્ય ફેલાવવું, થોડામાંથી ઘણું કરવું અને પોતે આબાદ થવું તથા દેશને આબાદ કરવો, તેમજ એવી જાતના નવા નવા શોધખોળ અને મનુષ્યની સગવડતા સચવાય તેવી ઉત્તમ પ્રકારની સુંદર કારીગીરી વધારવી તેનું નામ દેવયજ્ઞ છે. ચક્રમ કવિ કહે છે કે, પ્રાચીન ઋષિઓ દેવયજ્ઞનો આવો અર્થ સમજતા હતા. એ બધું કરવું તો રહ્યું, પણ આપણે એટલા બધા નીચ બની ગયા છીએ કે આપણા જે બંધુઓ એવાં કામો કરી રહ્યાં છે તેને પણ આપણે હલકો ધંધો સમજીએ છીએ, અને તે કરનારાઓને—જાતમહેનતથી કમાઈ કરનારાઓને—જગતને આગળ વધવામાં મદદ કરનારાઓને અને પોતાના પરસેવાથી રોટલી કમાઇ ખાનાર પૂજનીય ઉદ્યોગીવર્ગને અમે ઉચ્ચવર્ણવાળાઓ હલકા સમજીએ છીએ! અને "ભોમાયનમઃ"માં દેવયજ્ઞ માની લઇએ છીએ! હે વિશ્વકર્મા! આવા ઉલટા યજ્ઞો કરવાથી તમારો શ્રાપ અમોને કેમ નહિ લાગે? અવશ્ય લાગશેજ, અને જ્યારે તમારો શ્રાપ લાગશે ત્યારે અમે કેમ સુખી થઈ શકીશું? માટે હે દયાળુ પ્રભુ! તમારા શ્રાપથી મુક્ત કરવા સારૂ વિદ્યા—હુન્નર તરફ ખેંચાવાની અમારા હૃદયમાં પ્રેરણા કરો.

પિતૃયજ્ઞ એટલે શું?

પિતૃયજ્ઞ એટલે આપણા પૂર્વજોએ જે મહાન રૂડાંકામો કરેલાં છે તેમને પગલે ચાલવાની ઉત્તમવૃત્તિ, કે જેને ઋષિઓ ભક્તિ કહેતા. તેને બદલે હાલમાં આપણે કેવા યજ્ઞ કરીએ છીએ એ તમને ખબર છે? આપણા ઘણાએ અર્ધદગ્ધ જુવાનીયાઓ પ્રાચીન રહસ્યો સમ-જ્યા વિના આપણા મહાન પૂર્વજોની નિંદા કરે છે, તેઓના

ત્યાગને બદલે આપણે આસક્તિ રાખેલી છે, તેઓની સાચીભક્તિને બદલે આપણે ઢોંગીપણું રાખેલું છે, તેઓની અંતરની શુભેચ્છાને બદલે આપણે વ્યવહારિક કપટ રાખેલું છે, તેઓ પવિત્રયજ્ઞનો ધૂમાડો આંખોથી સહન કરતા તેને બદલે આપણે બીડીઓ ને ચીરૂટના ધૂમાડા છેક અંતરમાં ઉતારીએ છીએ, તેઓ બુદ્ધિવર્ધક પવિત્ર સોમરસ પીતા તેને બદલે આપણા બંધુઓ ખાનાખરાબી કરનાર બબાની બાટલીઓનાં માથાં ફોડવાનું શીખતા જાય છે, અને તેઓ પિતૃયજ્ઞને નિમિત્તે મહાત્માઓ, દેવો તથા ખુદ પ્રભુના સદ્‌ગુણોનું અનુકરણ કરતા ત્યારે આજે આપણે ખાસ ચાહીને યૂરોપીયનોના અવગુણો શીખતા જઇએ છીએ, તથા તીર્થમાં લોટના પીંડ મૂકવા કે શ્રાદ્ધમાં કાગવાસ નાંખવી તેનેજ પિતૃયજ્ઞ માની બેઠા છીએ! આવા યજ્ઞોથી તમારો કેમ શુકરવાર થશે? એ જરા વિચાર તો કરો.

પિતૃયજ્ઞ એટલે શું? પાણીના ખોબા ભરવા તે? નહિ. એવા યજ્ઞથી કાંઇ વળે નહિ.- આપણા પૂર્વજોનો પાવર આપણામાં ભરવો, આપણા પૂર્વજોની શક્તિ આપણામાં લાવવી અને તેઓ વ્યવહારમાં તથા પરમાર્થમાં એટલે બધે ઉંચે દરજ્જે કેમ ચડ્યા, તેની કુંચીઓ આપણે મેળવવી, તેનું નામ અમે પિતૃયજ્ઞ કહીએ છીએ. અમે વિશ્વામિત્રના વંશના છીએ, વિશ્વામિત્રે આખી નવી સૃષ્ટિ રચી ત્યારે અમે એવાં કાંઇપણ મ્હોટાં કામ કાં ન કરી શકીએ? મહાત્મા યાજ્ઞવલક્યે જનકની મહાન સભાના પંડિતોને ઇશ્વરીજ્ઞાનમાં હરાવ્યા હતા, અમે પણ તેના વંશના છીએ, ત્યારે અમે એમાંનું થોડું ઘણું જ્ઞાન પણ કાં ન મેળવી શકીએ? વસિષ્ઠ મુનિ ભગવાન રામચંદ્રના પણ ગુરૂ હતા, રામ પોતે અવતારી પુરૂષ છતાં પણ વસિષ્ઠ મહારાજની સલાહ પૂછીને કામ કરતા હતા, એવા વસિષ્ઠ ડાહ્યા હતા; અમે તેના કુળમાં અવતરેલા છીએ ત્યારે અમે અમારા હાલના રાજાઓને સલાહ

આપી શકીએ એવા કાં ન થઈએ ? જમદગ્નિએ પોતાના પુત્ર પરશુરામમાં આખી દુનિયાને હરાવવાનું બળ ને વીરત્વ મૂક્યું હતું, અમે તેના વંશના છીએ ત્યારે અમારાં છોકરાં બાયલાં—નમાલાં કાં થાય ? મહાત્મા અત્રિઋષિ ગુણીયલ અનસૂયા જેવી મહાન સતી સાથે પરણ્યા હતા ત્યારે અમે તેમના બાળક છતાં અમારી સ્ત્રીઓને મૂર્ખ કાં રાખી મૂકીએ ? વાલ્મીકી હલકી જાતિના હતા છતાં તેઓ પ્રભુપ્રેમમાં એટલા બધા આગળ વધી ગયા ત્યારે અમે તેના કરતાં ઉચ્ચકુળના છતાં પ્રભુપ્રેમ કાં ન વધારીએ ! ગુરૂદત્તાત્રયે પોતાની માને જ્ઞાન આપ્યું હતું ત્યારે અમે અમારા કુટુંબમાં જ્ઞાન વધે એવું કાં ન કરી શકીએ ? અને ભગવાન રામચંદ્રે પોતે પાસે રહીને વિભીષણ જેવા મહાન બ્રાહ્મણ ભક્તનું પુનર્લગ્ન કરાવ્યું હતું, ત્યારે અમે રામને માનનારા છતાં તેમને પગલે કાં ન ચાલીએ ? આવી રીતે પૂર્વજોના ગુણ યાદ કરીને તેમને પગલે ચાલવાની કોશીશ કરવી અને એવી કોશીશથી તેઓની જીંદગીની ઉત્તમતાના ભેદો જાણીને આપણામાં નવું-બળ મેળવવું, તેને અમે પિતૃયજ્ઞ કહીએ છીએ. ટુંકામાં એજ કે આપણા પૂર્વજોની ઉત્તમતા સમજવી, એ ઉત્તમતાનાં કારણો જાણવાં, આપણા પવિત્ર ધર્મનું બળ સમજવું, આપણું સ્વમાન સમજવું અને આપણા આત્માનું બળ સમજવું તેને અમે પિતૃયજ્ઞ કહીએ છીએ. આવા ઉત્તમ પિતૃયજ્ઞને કાગવાસના રૂપમાં લાવી નાંખવો એનું નામ સ્વર્ગમાં નર્ક છે, અને તે માટે હું રોઉં છું.

બુઢ્ઢી ભીખારણ ને મરજાદણ.

આમ વાત ચાલતી હતી એટલામાં ત્યાં એક બુઢ્ઢી કંગાલ ડોશી ભીખ માગતી આવી ચ્હડી. તેણે ફાટયું તુટયું મેલુંધાણ એક લુગડું ઓઢયું હતું. પાસે એક ૭ મહિનાનું નાગું છોકરૂં હતું તે

ભુખથી રોતું હતું. તેને આવતી જોઇને ચક્રમ કવિના ઘરની સામેની બુઢ્ઢી પાડોશણે કહ્યું:—"જા રાંડ અહિંથી, ત્હારો પડછાયો લાગી જશે તો મને ન્હાવું પડશે! રાંડો વાઘરણો કોણ જાણે કયાંથી ચાલી આ-વીને અમારૂં ફળીયું અભડાવે છે. ચક્રમભાઇ તો જાણે ખરેખરા ચક્રમજ, એતો કાંઈ બોલવાનાજ નહિ, એને તો બધાની દયા; પણ એની દયા સારૂ કરીને કાંઇ હું મ્હારો ધર્મ બોળું? આમ ફળીયામાં વાઘરણો ચાલી આવે તે મ્હારાથી નહિ ખમાય, સાંભળે છે કે ચક્રમ? અહિં આવ, કાઢ આ રાંડને!"

એ સાંભળીને ચક્રમ કવિ ઉઠયા. તેણે કહ્યું:—શું છે ડોશી મા? ડોશીમાએ કહ્યું:—"આ રાંડ ત્હારી પાસે ઉભી છે ને હજુ શું છે? એનો પડછાયો મ્હારા આંગણામાં પડે છે તે જોતો નથી? એની આભડછેટ મ્હારાથી નહિ ખમાય! બધાં ત્હારે લીધે આવે છે, નહિ તો મ્હારા ફળીઆમાં કોઇને ઉભું રહેવા દઉં નહિ!"

ચક્રમ કવિએ કહ્યું:—ડોશીમા, જરા એની વાત સાંભળી લઉં એટલી વાર સબુર કરો.

ડોશીએ કહ્યું:—"અરરરર! એની વાત સાંભળીશ? એ રાંડ કોણ જાણે વાઘરણ હશે કે ઢેઢડી હશે. એવાં નીચ માણસ સામે ઉભો રહીને વાત કરીશ? ત્યારે તો ત્હારૂં બ્રાહ્મણપણું બહુ શોભશે હો!"

આ સાંભળીને ચક્રમ કવિનું હૃદય અંદરથી બહુ કમકમ્યું. તે ડોશીની સામે કાંઈ બોલ્યો નહિ, પણ અમારી તરફ જોઇને કહ્યું:—જોયા આ આપણા ધર્મના હાલ? જોઇ આ આપણી આભડછેટ? જોયો આપણો મનુષ્યયજ્ઞ? પ્રભુ, દયા કર, દયા કર. એમ કહીને તેણે તે ભીખારણને પૂછ્યું:—કેમ બાઇ, તું શું કહે છે?

ભીખારણે કહ્યું:—"મહારાજ, હું બહુ થાકી ગઈ છું ને આ છોકરૂં બહુ રૂવે છે, માટે આ ઝાડની નીચે જરાવાર બેસવા દો.

ખાવાનું આપવું તો રહ્યું, પણ કોઈ મને પોતાના ફળીઆમાં ઊભું રહેવા પણ દેતું નથી. આ થોડો ભાત મળ્યો છે તે તમે પાણી પાવાની દયા કરો તો ખાઇ લઉં. તડકો બહુ થયો છે ને બીજે ક્યાંઇ છાંયાવાળી બેસવાની જગ્યા નથી; ગામ બહાર જાઉં પણ એટલી હમણાં મ્હારામાં શક્તિ નથી, પેલા ફળીઆમાંથી કૂતરૂં કરડયું છે તેથી ચાલી શકાતું નથી. એમ કહીને તેણે ઓઢેલા ફાટેલા કપડાના છેડાથી પગ ઉપરનું લોહી લૂછયું."

આ સાંભળીને ચક્રમ કવિએ કહ્યું:—બેસ બાઇ, સુખેથી બેસ. તને આપવા માટે તો મ્હારી પાસે કાંઇ નથી, પણ પાણી તને ખુશીથી પાઇશ.

એ સાંભળીને તે ગરીબ બીચારી બુઢ્ઢી ભીખારણ ચક્રમ કવિના ઘરના ઓટલા પાસે આમલીના ઝાડ નીચે બેઠી, ને પોતાની પાસેની અર્ધી ભાંગેલી દાથરીમાંથી લૂખો વાસી ભાત ખાવા લાગી. છોકરૂં હજુસુધી ખોળામાં પડયું પડયું રોયાં કરતું હતું. ચક્રમ કવિની આવી વર્તણૂક જોઇને અને તેના ઓટલા પાસે ભીખારણના એઠા ભાતના દાણા પડેલા જોઇને તેની પાડોશણ ડોશીનું પાકી આવ્યું, તેનું કલેજું ઉથલી પડયું. તેને લાગ્યું કે, હાય હાય ! આવો અધર્મ કેમ સહન કરી શકાય? તેણે તો બૂમરાણ કરી મૂકયું, ને ચક્રમ કવિ માટે ન બોલવાનું બોલવા લાગી તથા ભીખારણને ફાટે ડાચે ગમે તેમ ગાળો ભાંડવા લાગી. ત્યાં ભેગાં થએલાં લોકોને તે કહેવા લાગી કે, "આ ચક્રમનો દિવસ ફર્યો છે તે તો જુઓ ! બ્રાહ્મણના ઘરમાં ઢેઢડીનું એઠું ! હાય હાય! આવો અધર્મ થશે તો તો પૃથ્વી રસાતળ જશે. મ્હારાથી હવે આના પાડોશમાં કેમ રહેવાય ? આવો ભ્રષ્ટવાડો મ્હારાથી કેમ ખમાય? આ અકરમીને હવે હું શું કરૂં ! અરે ભાઇ, કોઇ આ દીવાનાને મૅડહાઉસમાં મોકલો, નહિ તો તે આખા ગામને વટલાવશે." એવી રીતે ડોશી ઘણીએ વાતો કરવા લાગી અને ઘણી બાઇઓ

તેને ટકો આપવા લાગી, પણ ચક્રમ કવિ કાંઇ સમજ્યો નહિ. તે તો પોતાના ઘરમાં બેસીને એ લોકોની મૂર્ખાઈ ઉપર હસતો હસતો લાલ-મરચાં પીસવા લાગ્યો. એ પછી પોતાના જૂના ફાળીયાનો છેડો ફાડી તે ગરીબ બિચારી બીખારણને પગે કૂતરૂં કરડયું હતું ત્યાં પોતાને હાથે પાટો બાંધવા લાગ્યો. એ જોઇને મ્હેં કહ્યું:–કવિરાજ, આ બધાં માણસો ચીડાય છે ત્યારે મૂકો એ પંચાતી. આપણે લોક વિરૂદ્ધ શા માટે કરવું જોઇએ ? એ એનું ફોડી લેશે.

ચક્રમ કવિએ કહ્યું:–એવી જાતના નમાલા વિચારોને, એવી જાતના પોતાનું પૉઝીશન ભૂલાવી દેનારા વિચારોને, એવી જાતના સત્યધર્મને ઢાંકી દેનારા વિચારોને અને એવી જાતના ભ્રાતૃભાવની ઇશ્વરીસગાઇ તોડી નાખનારા તથા પ્રભુપ્રેમને વધતો અટકાવનારા વિચારોને હું સ્વર્ગમાં નર્ક સમજું છું. હાય હાય! તમે હજી આવા વિચાર ધરાવો છો ? એ તો બહુજ દિલગીરી. હું તો જાણું તમે સાચીયાત્રા કરવા નીકળ્યા છો માટે ઉંચા વિચારો ધરાવતા હશો, પણ તમારી આ વાત સાંભળીને તો હું તમારે માટે નિરાશ થયો છું.

જો તમે નિર્દોષ વસ્તુઓથી અભડાઈ જશો તો પ્રભુ તમારાથી અભડાઇ જશે.

આભડછેટ ! આભડછેટ એટલે શું ? એ તમારે જાણવું છે ? તો સાંભળો.

* "એક દિવસ હું સમુદ્ર કિનારે ફરતો હતો ત્યાં મુડદાંઓની રાખોડી નાખવાની જગ્યા હતી, તેથી થોડીવારમાં ત્યાં બે માણસો આવીને મુડદાંની રાખોડી, કોલસા, બળી ગએલાં હાડકાંનાં ફૂલો વગેરેની ઝોળી ભરીને નાખી ગયા. એ પછી જરાવારમાં ત્યાં એક માણસ

* "સ્વર્ગના સંદેશા" નામના પુસ્તકમાંથી.

આવ્યો, તેણે સમુદ્રનું આચમન લીધું, અને ત્યાંથી પોતાના ઘર સારૂ એ અડસઠ તીર્થના પવિત્ર પાણીની લોટી ભરી ગયો. એ જોઇને મ્હેં એક લ્હેરને પૂછ્યું કે, ઓ દેવી ! આ દૈવત્વ સમુદ્રમાં કેમ આવ્યું ? આ થોડે દૂર ગામની ગટરનો નળ દેખાય છે તેનું ગંદું પાણી તમારામાં આવે છે, અહિં મુડદાંની રાખોડી નંખાય છે, પાસે માછલીઓ મરાય છે, અને કિનારે દરિયાઇ પ્રાણીઓનાં હાડકાંઓ પડેલાં છે, છતાં પણ એજ જગ્યાએ તમારૂં આચમન કેમ લેવાય છે? એટલી બધી પવિત્રતા તમારામાં કેમ આવી જાય છે? ત્યારે તે લ્હેરે કહ્યું કે, જો એમ ન હોય તો મ્હોટાઓની મ્હોટાઈ શું! જો એમ ન હોય તો મ્હોટાઓની મ્હોટાઇનું બળ શું ? જો એમ ન હોય તો મ્હોટાઓના સત્સંગનું ફળ શું ? અને જો એમ ન હોય તો પછી મ્હોટાઓની મ્હોટાઇ શું કામની ? મ્હોટાઓની એજ મ્હોટાઇ છે કે ન્હાનાઓને તેઓ સુધારી લે છે, મ્હોટાઓની એજ મ્હોટાઈ છે કે ખરાબને પણ સારૂં બનાવી દે છે, મ્હોટાઓની એજ મ્હોટાઈ છે કે હલકાંને પણ ભારી બનાવી દે છે, અને મ્હોટાઓની એજ મ્હોટાઈ છે કે પાપીઓને પણ પવિત્ર બનાવી દે છે: એટલુંજ નહિ પણ જે ખરેખરા મ્હોટા હોય તે તો દરેક વસ્તુને પોતાના જેવીજ બનાવી દે છે. કુદરત પોતે દરેકે દરેક બાબતને અને ન્હાનામાં ન્હાની વસ્તુને પણ પોતાનું સૌન્દર્ય, પોતાનું ઐશ્વર્ય, પોતાનો સ્નેહ અને પોતાનું ચૈતન્ય આપે છે; એ શું તમે નથી જાણતા ? કુદરત પોતે આમ કરે છે માટે સ્વાભાવિક રીતેજ જગતની દરેક વસ્તુઓ તેની નકલ કરીને પોતાનો ગુણ પોતાના સંબંધની વસ્તુને આપવાની તજવીજ કરે છે. આવો નિયમ હોવાથી મહાન શક્તિયોની આગળ તેઓના બળના પ્રમાણમાં જગતની તમામ ચીજો પોતાનું પોતાપણું મૂકી દઇને તેઓના જેવી થતી જાય

છે, કારણ કે જો એમ થાય તોજ જગતની ઉન્નતિ થઈ શકે છે. દુનિયાની દરેક વસ્તુઓ કુદરતના એ મહાનિયમ પ્રમાણે ચાલે છે, માત્ર તમે માણસોજ એવા મમતીલા છો કે આભડછેટને નામે ઈશ્વરના એ મહાનિયમનો ભંગ કરો છો અને તમારામાં જે મહા સામર્થ્ય છે તેને નાહક ગુમાવી નાંખો છો. ઓ પ્રભુના ખજાનાની ચાવીઓના માલેકો ! તમારામાં કેટલું બધું બળ છે, એ તમને ખબર છે? જે સમુદ્રમાં તમે અડસઠ તીર્થ આવી ગએલાં માનો છો અને જેના આચમનથી તમે સૌ પવિત્ર થાઓ છો તે સમુદ્ર તો તમારો નોકર છે, એ સમુદ્રના તો તમે માલેક છો; કારણકે સમુદ્રનો વિસ્તાર તમે જોઈ શકો છો, સમુદ્રની ઊંડાઈ તમે માપી શકો છો, સમુદ્રને જરા આગળ પાછળ તમે કરી શકો છો, તમારી બોટો સમુદ્ર પાસે તમે ઉપડાવો છો, અને સમુદ્રની અંદરનાં રત્નો તમે કહાડી લોછો, એટલુંજ નહિ પણ હજી ભવિષ્યમાં તમે સમુદ્ર પાસેથી કેટલું બધું મેળવી શકશો એનો કાંઇ સુમાર છે? આ પ્રમાણે તમે સમુદ્ર તરી શકશો, પણ કાંઇ સમુદ્ર તમારૂં માપ કરી શકે તેમ છે? કહો કે નહિજ. ત્યારે હવે કોણ મ્હોટું? તમે કે સમુદ્ર? તમે મ્હોટામાં મ્હોટા પહાડ કરતાં પણ ઉંચા છો, કારણ કે પહાડનાં ઉંચામાં ઉંચા શિખર ઉપર તમે પહોંચી શકો છો અને તેથી પણ ઉંચું હોય તો ત્યાં પણ જવાને તમે તૈયાર છો; તમે પહાડોની લંબાઈ, પહોળાઇ, ને ઉંચાઈ માપી શકો છો; તેનાં વજનનો અંદાજ કરી શકો છો, અને તેની અંદરના પદાર્થોને જાણી શકો છો તથા મેળવી શકો છો; પણ પહાડથી તમારી શક્તિ જાણી જવાય તેમ છે? કહો કે નહિજ. માટે તમે પહાડથી ઉંચા છો. તમે પૃથ્વી કરતાં પણ મ્હોટા છો, કારણકે તમે પૃથ્વીની પ્રદક્ષિણા કરી શકો છો, પૃથ્વીનું કદ ને આકાર જાણી શકો છો, પૃથ્વીની ફરવાની ગતિ સમજી શકો છો, અને

પૃથ્વીનો ખજાનો ભોગવી શકો છો, માટે તમે પૃથ્વી કરતાં મ્હોટા છો; એટલુંજ નહિ પણ ઓ ઇશ્વરના વ્હાલાઓ! જો તમે તમારૂં સ્વરૂપ સમજો તો આકાશના તારાઓ તો તમારાં રમકડાં છે, સૂર્ય–ચંદ્ર તો તમારા વખતની નોંધ રાખનારા કારકુનો છે, અને વરસાદ વરસાવનારો ઇંદ્ર તો તમારો હજુરીઓ છે, એટલે વરસાદ તો તમારા નોકરનો પણ નોકર છે. આટલું બધું તમારામાં સામર્થ્ય છે, કારણ કે તમે પ્રભુના પુત્ર છો. અને તેમ છતાં પણ, હાય હાય! એ બધાં બળને ભૂલી જઇને તમે તમારા બંધુઓના છાંટાથી છોવાઈ જાઓ છો! શરમ છે! શરમ છે! તમારૂં મનુષ્યપણું આવું હોય? તમારો પવિત્ર ધર્મ આવો હોય? તમારૂં ઇશ્વરીજ્ઞાન આવું હોય? અને તમારો તમારા ભાઇબંધો ઉપરનો સ્નેહ આવો હોય કે? અરે હાય હાય! તમારૂં આત્મિકબળ ક્યાં ગયું? સમુદ્રમાં તો માત્ર અડસઠ તીર્થ છે, તેમ છતાં તે મુડદાંની રાખોડીને તથા ગટરોની ગંદકીને પવિત્ર કરે છે, અને તમે તો એ સમુદ્રને અંજલીમાં લઇને પી જનાર મહાત્મા અગસ્ત્ય ઋષિના વંશજ છો, તથા તમારામાં તો એ અડસઠ તીર્થનો માલેક પોતે રહેલો છે, છતાં પણ માત્ર પાણીના એક ટીપાંથી તમે અભડાઇ જાઓ છો! અરે આ દુઃખ તે કોને કહેવું? સમુદ્ર જેવી જડ વસ્તુ પોતાના સંબંધમાં આવનારી ખરાબમાં ખરાબ ચીજોને પણ પોતાના પ્રભાવથીજ–સ્વભાવથીજ સદાય પવિત્ર કરે અને સૌથી પવિત્રમાં પવિત્ર તમારો આત્મા તમારા બંધુઓના પાણીના છાંટાથી અભડાઇ જાય એ દુઃખ કોને કહેવું? મહા શક્તિવાળા મ્હોટામાં મ્હોટા દેવ પોતાની આસપાસ ઉડતાં પતંગીયાંને જોઇને તેની બ્હીકથી ભાગ્યા કરે, અને પોતાની આસપાસ ફરતી કીડી–મંકોડી જોઇને ડર્યા કરે, એ જેટલું ખરાબ છે, ને જેટલું નામોશી ભર્યું છે, તે કરતાં પણ તમે અનંત શક્તિવાળાં માણસો નજીવી વસ્તુઓથી અભડાઇ જાઓ એ વધારે

ખરાબ છે, અને વધારે નામોશી ભર્યું છે; કારણ કે તમે હમણાં જે ચીજોથી અભડાઇ જાઓ છો તે ચીજો કાંઇ તમારાથી મ્હોટી નથી અને તે ચીજોના તમે કાંઈ ગુલામ નથી, પણ તે ચીજોના તમે માલેક છો. ગુલામ શેઠથી બ્હીએ તે વ્યાજબી છે, તેમ જગતની તમામ વસ્તુઓ તમારો ડર રાખીને ચાલે, એટલે કે તમને આધીન થઇને તમારા હુકમ પ્રમાણે ચાલે તે વ્યાજબી છે, પણ શેઠ ગુલામથી ડરે એટલે કે તમે નિર્દોષ રોટલીના ટુકડાથી કે પવિત્ર પાણીના ઘુંટડાથી પણ અભડાઇ જાઓ એ તો અન્યાયબી છે, ને દિલગીરી છે. એવી જરૂરની નિર્દોષ ચીજોથી પણ જ્યારે તમે અભડાઇ જશો ત્યારે તમારા આત્માની ઉન્નતિ કેમ થઇ શકશે? તમારો ભ્રાતૃભાવ કેમ વધી શકશે? તમે જગતની સેવા કેમ કરી શકશો? અને તમે પ્રભુના વ્હાલા કેમ થઇ શકશો? માટે અમે તમને આ સ્વર્ગનો સંદેશો કહીએ છીએ કે, "જેમ અમે અમારા સંબંધમાં આવતી ખરાબ ચીજોને હલાવી હલાવીને રસાયણપ્રયોગથી શુદ્ધ કરી તેનો લાભ લઈ તેને અમારામાં મેળવી દઇએ છીએ, તેમજ તમે પણ તમારા સંબંધમાં આવતી વસ્તુઓને યોગ્ય ક્રિયાઓથી શુદ્ધ કરી તેનો લાભ લઈ લ્યો. તેને ફેંકી દો નહિ, તેનો તિરસ્કાર કરો નહિ, અને તેને નજીવી વસ્તુ સમજો નહિ; કારણ કે જે નિર્દોષ ચીજોનો તમે તિરસ્કાર કરો છો તે પણ પ્રભુની વસ્તુઓ છે, અને તમારા જે બંધુઓને તમે ધિક્કારો છો તે પણ પ્રભુના પુત્રો છે; માટે અમે તમને ફરીથી પણ આ સ્વર્ગનો સંદેશો કહીએ છીએ કે, જો તમે તમારા બંધુઓનો તિરસ્કાર કરશો તો સ્વર્ગમાં તમારો તિરસ્કાર થશે અને જો તમે નિર્દોષ વસ્તુઓથી અભડાઇ જશો તો પ્રભુ તમારાથી અભડાઇ જશે, એ યાદ રાખજો."

આપણા ધર્મનો પાયો કયો?

માસ્તરે કહ્યું:—કવિરાજ, તમારી વાતો સાચી છે, પણ તે પાળવાનો

સમય હજુ આવ્યો નથી; હજી તો એ વાતો વિચારવાનો સમય છે; હમણાં તો આપણે આપણી તરફેણમાં લોકલાગણી જાગૃત કરવાનું કામ છે; જો આપણે આપણી તરફેણમાં લોકલાગણી જાગૃત કરી શકીશું તોપછી ધીરે ધીરે એની મેળે મેળે આપોઆપ સુધારા થવા લાગશે; માટે હમણાં તો તમારે ધીરજ રાખવી જોઇએ. ઉતાવળે ફળ લેવામાં તમે આમ હડધૂત થાઓ છો ને "નહિ ત્રણમાં, નહિ તેરમાં ને નહિ છપ્પનના મેળમાં" એમ રખડો છો, તે જુઓ છો ને? એમ ન થાય માટે હમણાં તમારે તમારી એ બુઢ્ઢી પાડોશણનું કહ્યું માનવું જોઇએ.

ચક્રમ કવિએ કહ્યું:—નહિ, સાહેબો, એવું લેલાપેપાપણું તમારા ગુજરાતમાંજ રાખી મૂકો. મ્હારાથી એમ નહિ બને. કોઈને ખાતર હું મ્હારૂં અંતઃકરણ વેચી શકતો નથી. એ સારૂ તો અમે બંગાળીઓએ બ્રહ્મોસમાજ ને પ્રાર્થનાસમાજ જેવાં છુટા વિચારનાં મંડળો કહાડેલાં છે. તમે વિચાર તો કરો કે એવી બૂરી રૂઢીની જાળમાં હવે તે આપણે કયાં સુધી પડયાં રહીશું? યાદ રાખજો કે આપણો પવિત્ર સનાતન આર્યધર્મ કાંઈ એવી થોડીક બુઢ્ઢીઓની રૂઢી ઉપર રચાએલો નથી, આપણો ઉત્તમ ધર્મ કાંઇ થોડીક બુઢ્ઢી રાંડીરાંડોના સાંકડા વિચારો ઉપર રચાએલો નથી, આપણો ઇશ્વરીસ્નેહવાળો ધર્મ કાંઈ આભડછેટની કલ્પિત જાળ ઉપર રચાએલો નથી, આપણો પુરાતની ધર્મ કાંઈ વૈરકશાસ્ત્ર પ્રમાણે રચાએલો નથી અને આપણો મહાન ઉદાર ધર્મ કાંઇ થોડાક સૂર્ખાઓના નજીવા સ્વાર્થ ઉપર રચાએલો નથી; પણ આપણો સનાતન આર્યધર્મ તો અભેદ ઉપર રચાયલો છે. આપણા ધર્મનો પાયો ઇશ્વરીસ્નેહ છે, આપણા ધર્મનું મૂળ ભ્રાતૃભાવ છે, આપણા ધર્મની ઉત્તમતા અતિથિસત્કાર છે, આપણા ધર્મની મહત્તા બીજાઓને ખાતર આપણે કાંઇક પણ ભોગ આપવો જોઇએ એજ છે, આપણા ધર્મની ખુબી સમાનભાવ એજ છે, અને આપણા

ઇશ્વરીધર્મનું રહસ્ય, એજ છે કે દરેક વસ્તુમાં આત્માને જોવો અને આત્માને પરમાત્મામાં અનુભવવો. યાદ રાખજો કે આવા ઉંડા ને દૃઢ પાયા ઉપર આપણો ધર્મ રચાએલો છે, આપણો ધર્મ કાંઇ થોડીક બુદ્ધી રાંડીરાંડોના મનમાં ચોક્કસ મતવાળાઓએ ભરાવી દીધેલા ફાંટાઓ ઉપર રચાએલો નથી; માટે મહાન દયાળુ ઇશ્વરની કૃપાથી હવે જ્યારે આપણી આંખ ઉઘડી છે ત્યારે તેનો લાભ લેવો જોઇએ. હવે આંખો ઉઘડયા છતાં પણ જો આપણે સત્યને દાબી દઇએ તો પછી સ્વર્ગમાં નર્કના કર્ત્તા આપણે પોતેજ થઇ પડીએ, અને સ્વર્ગમાં નર્ક કરવું તે કરતાં સ્વર્ગમાંજ રહીને પ્રભુને અર્થે, આપણા બંધુઓને અર્થે, આપણા ધર્મને અર્થે, આપણે અર્પણ થઇ જવું; એજ મને તો વધારે સારૂં લાગે છે.

ભાઇઓ! તમને મ્હારૂં ધાર્મિક છુટાપણું ગમતું નથી ત્યારે મને રસ્તો બતાવો. હું શું કરૂં? મ્હારે ઘેર ભીખ માગવા આવેલી આ બાઇને હું ધક્કા મારૂં? આપવું મૂકવું તો બાજુએ રહ્યું, પણ તેને મ્હારા આંગણામાં જરાવાર ઉભી રહેવા પણ ન દઉં? એજ મ્હારો ધર્મ કે? પ્રભુ! એવા ધર્મથી મને બચાવ. મનુષ્ય પોતાના જાતભાઇઓનો તિરસ્કાર કરે એવી આભડછેટથી મને બચાવ. ખરેખરા લાચારોને જરાવાર આપણા આંગણામાં ઘડી બે ઘડી છાંયે બેસવા પણ ન દેવાય, એવા પાપથી મને બચાવ.

સુખ ક્યાં રહે છે?

ગૃહસ્થો! સુખ ક્યાં રહે છે એ તમને ખબર છે? પ્રાચીન ઋષિઓએ ઉપનિષદ્‌માં કહ્યું છે કે, "જ્યાં ગરીબ માણસો પોતાનાં દુઃખો ભૂલે, જ્યાં ભુખ્યા અતિથિઓને આદરસત્કાર થાય, જ્યાં આપણા દુઃખી ભાઇબંધોની સેવા થાય, અને જ્યાં જીવોને ઉન્નતિનાં સાધન કે વિસામો મળે ત્યાંજ સુખ વસે છે." આપણા બંધુઓને નીચા સમજી

તેમનો તિરસ્કાર કરવો, તેમનાથી અભડાઇ જવું, તેમની મદદમાંથી ખસી જવું, પ્લેગ કે કૉલેરાનાં જંતુઓથી દૂર રહીએ તેમ તેમનાથી દૂર રહેવું અને ચોક્કસ પ્રકારની મ્હોટાઇ કે ઉચ્ચકુળના અભિમાનમાં રહેવું તેથીજ કાંઇ સુખ મેળવી શકાય નહિ; કારણ કે પ્રભુને ત્યાં કાંઇ નાત, જાત કે ટીલાં ટપકાં જોવામાં નહિ આવે, પ્રભુને ત્યાં કાંઇ ઉંચાઈનું અભિમાન કે કુળની મ્હોટાઇ જોવામાં નહિ આવે અને પ્રભુને ત્યાં કાંઈ બહારની આભડછેટ કે ઉપરછરા ઢોંગ–સોંગ જોવામાં નહિ આવે, પણ ત્યાં તો જગતના જીવો સાથેની ભલાઈ અને અંતરનો પ્રભુપ્રેમજ જોવામાં આવશે. ઉપનિષદ્‌માં કહ્યું છે કે, "નચિકેતા યમને ત્યાં ગયો ત્યારે યમરાજા ઘેર નહિ હોવાથી ત્રણ દિવસ યમને ઘેર તેને ભુખ્યું રહેવું પડયું, તેથી યમને લાગ્યું કે, જેના ઘરમાં અતિથિ બ્રાહ્મણ ભુખ્યો રહે છે તે મૂર્ખ માણસની બધી આશા નાશ પામે છે; તેણે જે સત્સંગ કર્યો હોય, જે મીઠી વાણી બોલ્યો હોય, તેણે જે યોગ–યજ્ઞ વગેરે કર્યું હોય, તેણે જે કૂવા–તળાવ વગેરે બંધાંવ્યાં હોય, તે બધાંનું પુણ્ય નાશ પામે છે; તથા તેનો વંશ અને તેની લક્ષ્મીનો નાશ થાય છે; એમ વિચારીને એવું અનિષ્ટ ન થાય માટે યમે નચિકેતાને કહ્યું કે, હે બ્રાહ્મણ! તમને નમસ્કાર છે, તમે કૃપા કરશો તો મ્હારૂં કલ્યાણ થશે, કારણ કે તમે અતિથિ છો માટે નમવા યોગ્ય છો, છતાં પણ ત્રણ દિવસ મ્હારા ઘરમાં ભુખ્યા રહ્યા છો, માટે મ્હારા એ પાપનું નિવારણ કરી મ્હારૂં કલ્યાણ કરવા સારૂ તમારી મરજી પડે તેવાં મ્હારી પાસેથી ત્રણ વરદાન માગી લ્યો."

રામાયણની એક વાત.

યાદ રાખજો કે જ્યારે આપણા લોકોમાં અતિથિઓનો આવો આદરસત્કાર હતો ત્યારેજ હિંદુસ્તાન આબાદ હતું. તમે કહેશો કે એ તો બહુ જૂની વાત છે, તો એ પછીની રામાવતારની વાત સાંભળો:–રામાયણમાં કહ્યું છે કે, "પોતાના કુળના અભિમાનમાં, પોતાની

પવિત્રાઈના અભિમાનમાં અને પોતાના કર્મકાંડના જોર ઉપર મુસ્તાક રહીને બ્રાહ્મણો શબરી નામની ભીલડી ભગતણીનો બહુ દ્વેષ કરતા હતા, અને તેને નીચ સમજી બહુ હેરાન કરતા હતા, તેથી બ્રાહ્મણોની એ ભૂલ સુધારવાસારૂ દૈવેચ્છાએ તેઓના તળાવનું પાણી ખરાબ થઇ ગયું. બ્રાહ્મણોએ પાણી સુધારવા માટે બહુ બહુ ઉપાયો કર્યા, પણ તેઓના પુન્યથી એ પાણી સુધર્યું નહિ. અંતે જ્યારે બ્રાહ્મણો જેનો તિરસ્કાર કરતા હતા તે ભીલડીએ રામના કહેવાથી એ તળાવમાં પગ બોળ્યો, ત્યારે તેના પ્રભુપ્રેમના પ્રભાવથી એ તળાવનું પાણી સારૂં થયું." માટે હું એમ કહું છું કે, ભાઇઓ ! પ્રભુપ્રેમનું બળ રાખો, ભલાઇનું બળ રાખો અને અભેદનું બળ રાખો. નાત–જાત કે જે ઘડીકવારની રમત છે એનું અભિમાન તે શું કરો છો ? વળી એ કાંઇ આપણા અખ્તિયારની વાત નથી, આપણને ક્યાં જન્મ આપવો, એ તો પ્રભુની ઇચ્છા ઉપર છે, એમાં કાંઇ આપણો હક્ક નથી. આપણને નીચ જાતમાં કે હલકા કુળમાં જન્મ આપ્યો હોત તો આપણે શું કરત ? માટે જે બાબત હાલમાં આપણા હાથમાં નથી અને જે વસ્તુ મુઆ પછી કામની નથી એવી બાબતમાં તે અભિમાન શું કરો છો ? એવી જૂદાઇ વધારવામાં તે શા માટે શક્તિ ખરચી નાખો છો ? જે શક્તિ આપણા બંધુઓમાં વિરોધ વધારવામાં વાપરો છો તે શક્તિ ભલાઇ કરવામાં વાપરોને, કે જેથી તમારૂં કલ્યાણ થાય. આ દાખલો પણ જો તમોને જૂનો લાગે તો એ પછીની મહાભારતની વાત સાંભળો. તેમાં પણ કહ્યું છે કેઃ—

જો કૂતરાને અહિં મૂકી દેવો પડે તો મને સ્વર્ગ જોઇતું નથી.

* "ધર્મરાજા યુધિષ્ઠિર છેવટના મહાપ્રયાણ અર્થે હસ્તિનાપુરથી નીકળ્યા હતા, ત્યારે એક કૂતરો તેમની પાછળ પાછળ ગયો

* સેન્ટ્રલ હિંદુ કૉલેજના "**સનાતન ધર્મ**"ના ભાષાંતરમાંથી પાનુ ૨૧૦.

હતો અને તેમની સાથે ભારે વિપત્તિઓ વેઠીને મ્હોટું રણ પણ ઓળંગી ગયો હતો. તે પ્રયાણમાં નીકળેલાઓમાંથી યુધિષ્ઠિર અને તે કૂતરોજ જીવતા રહ્યા હતા. યુધિષ્ઠિરને સ્વર્ગમાં લઇ જવા માટે ઇંદ્ર પૃથ્વીપર આવ્યા હતા. તેણે તેમને કહ્યું કે, "આ વિમાનમાં બેસીને મ્હારી સાથે સ્વર્ગમાં ચાલો." નીચા વળીને યુધિષ્ઠિરે પાછળ આવેલા નિમકહલાલ કૂતરાનું માથું થાબડ્યું, અને કહ્યું:–"હે ભૂત અને વર્તમાનના અધિપતિ! આ કૂતરાનો મ્હારા ઉપર ઘણો ભાવ છે માટે તેને પણ સાથે લેવો જોઇએ. આ બિચારા પ્રાણી ઉપર મને બહુ દયા આવે છે." ઇંદ્રે ઉત્તર આપ્યો:–" સ્વર્ગ ભૂમિમાં કૂતરાને લઈ જવાય નહિ. હે રાજા! આજે તેં અમરપણું તથા મ્હારા જેવું પદ, બહોળો વૈભવ, મહાન્ વિજય અને સ્વર્ગનાં સર્વ સુખ મેળવ્યાં છે, માટે સ્વર્ગને રસ્તે આડા આવનાર આ કૂતરાનો ત્યાગ કર. એમ કરવામાં કાંઇ દોષ નથી. એ મનુષ્યલોકનું પ્રાણી મનુષ્યલોકમાં રહેશે." રાજા બોલ્યા:–" હે સહસ્ર નેત્રવાળા! હે નીતિમાન! કોઇ પણ આર્ય આર્યને ન છાજે એવું કૃત્ય કદિ પણ કરે નહિ. મ્હારા ઉપર ભાવ રાખનારનો ત્યાગ કરીને હું સ્વર્ગનું સુખ પ્રાપ્ત કરવા ઇચ્છતો નથી." ઇંદ્રે કરડી દૃષ્ટિથી કહ્યું:–" કૂતરાને સાથે લઇ આવનારને માટે સ્વર્ગમાં સ્થાન નથી. કૂતરાનો ત્યાગ કર અને ચાલ. વખત વહી જાય છે." રાજા બોલ્યા:–" ડાહ્યા પુરૂષો કહી ગયા છે કે, ભાવિકનો ત્યાગ કરવો એ પાપ છે–ઘોર પાપ છે. બ્રાહ્મણનો વધ કરવાથી જેવું ઘોર પાપ થાય છે તેવું પાપ નિર્બળનો ત્યાગ કરવાથી થાય છે. હે ઇંદ્ર! હે મહાબાહો! સુખ પ્રાપ્ત કરવા તરફ દોરાઇને હું આ કૂતરાનો ત્યાગ નહિ કરૂં." ઇંદ્રે રાજાને ઘણીએ આજ્ઞા કરી અને બહુ બહુ સમજાવ્યું તોપણ તે ડગ્યા નહિ. ઇંદ્રે કહ્યું:–" તેં ત્હારા ભાઇઓનો અને પત્નીનો ત્યાગ કર્યો ત્યારે આ કૂતરાનો ત્યાગ કેમ કરતો નથી?"

યુધિષ્ઠિરની અંતરદષ્ટિ એવી સંપૂર્ણ રીતે ખીલેલી હતી કે ઇંદ્રના યુક્તિ ભરેલા વાક્ચાતુર્યથી તેમની દઢતામાં જરા પણ ફેર પડયો નહિ. તે બોલ્યાઃ—"ગત થએલાંઓની સાથે સ્નેહ કે વૈર હોતાં નથી એ વાત ત્રિલોકમાં પ્રસિદ્ધ છે. મ્હારા ભાઇઓ અને કૃષ્ણ મરણ પામ્યા તેમને જીવતા કરવાની શક્તિ મ્હારામાં નહોતી, માટે મ્હેં તેમનો ત્યાગ કર્યો. તેઓના દેહમાં પ્રાણ હતો ત્યાં સુધી મ્હેં તેમનો ત્યાગ કર્યો નહોતો. આ કૂતરો તો જીવે છે. હે ઇંદ્ર! હું જાણું છું કે શરણાગતને ત્રાસ પમાડવાથી, સ્ત્રીહત્યા કરવાથી, બ્રાહ્મણની વસ્તુ ચોરવાથી તથા મિત્રને દુઃખ દેવાથી જેટલું પાપ થાય છે તેટલુંજ પાપ આવા ભાવિક પ્રાણીનો ત્યાગ કરવાથી થાય છે." યુધિષ્ઠિરનું બોલવું પૂરૂં થયું કે તરતજ તે કૂતરો અદૃષ્ય થઇ ગયો અને તેને સ્થાને ધર્મરાજાની દિવ્યમૂર્તિ દૃષ્ટિએ પડી. ઇંદ્ર અને ધર્મરાજા યુધિષ્ઠિરને સ્વર્ગ પ્રત્યે લઇ ગયા ત્યારે દેવો તથા ઋષિયોએ તેમના ગુણનું ગાન કર્યું."

આ સિવાય યુધિષ્ઠિરના યજ્ઞ પછી અર્ધા સોનાના શરીરવાળો નોળીઓ ત્યાં આવ્યો હતો, એ અતિથિસત્કારની પ્રસિદ્ધ વાત તમે જાણો છો, એટલે તે કહી બતાવવાની જરૂર નથી. જ્યારે આપણે ત્યાં આવો ભ્રાતૃભાવ અને આવો અતિથિસત્કાર હતો ત્યારેજ દેશ આબાદ હતો અને ત્યારેજ પ્રજા સુખી હતી. માટે અમે એવા આંતરધર્મમાં આવવાનું તમોને કહીએ છીએ. હજી એ પછીના શાસ્ત્રના દાખલા જાણવા હોય તો વિષ્ણુપુરાણમાં કહેલી રંતિદેવ રાજાની વાત સાંભળો.

અતિથિસત્કાર વિષે.

"રંતિદેવ રાજાએ એક સમયે પોતાના સેવકવર્ગ સહિત અડતાળીસ દિવસનો ઉપવાસ કર્યો. ઓગણપચાસમે દિવસે સવારમાં

તેને કેટલુંક ઘી, દૂધ, જવનો લોટ તથા પાણી મળ્યાં. આવા પદાર્થો-વડે તેઓ પારણું કરવાની તૈયારીમાં હતા તેવામાં એક અતિથિ બ્રાહ્મણ ત્યાં આવી ચ્હડયો. રાજાએ પોતે કાંઇ પણ ચાખ્યા પહેલાં તે બ્રાહ્મણને જમાડયો. પછી તે બ્રાહ્મણ ચાલ્યો ગયો એટલે જે કાંઇ અન્ન અવશેષ રહ્યું હતું તેના સમાન ભાગ કરીને રાજાએ સર્વેને એકેક ભાગ વહેંચી આપ્યો અને એક ભાગ પોતાને માટે રાખ્યો. પછી તે આહાર કરવા માંડે છે એટલામાં એક શૂદ્ર ત્યાં આવ્યો. રાજાએ પોતાના ભાગના થોડા અન્નમાંથી હર્ષથી તેને કાંઇક આપ્યું. શૂદ્રના ગયા પછી તે પારણું કરવાની તૈયારી કરે છે તેવામાં વળી શ્વાનનો સમૂહ લઇને એક માણસ ત્યાં આવ્યો. રંતિદેવે એક ઘુંટડો પાણી રાખીને સર્વ અન્ન તેને આપી દીધું. તેઓના ગયા પછી પોતાના સૂકાઈ ગએલા હોઠ આગળ તેણે આતુરતાથી પાણીનું પાત્ર ધર્યું, પણ એટલામાં "પાણી આપો, થોડુંક પાણી આપો" એવો કરૂણાજનક સ્વર તેને કાને પડયો. તેણે નજર ફેરવીને જોયું તો ચાંડાળજાતિનો દુઃખથી રીબાતો એક માણસ ભોંય ઉપર પડેલો હતો અને એ તેના હાથમાંનું પાણી લેવાને માટે દયામણી દૃષ્ટિથી જોઈ રહ્યો હતો. રંતિદેવે પોતાનાં પ્રેમાળ લોચન-વડે તેની તરફ દયાની દૃષ્ટિ કરીને તે ચાંડાળનું માથું ધીમેથી ઉંચું કર્યું, અને તેના સૂકાઇ ગએલા તથા ધૂળમાં ખરડાએલા હોઠ આગળ તે નિર્મળ શીતળ પાણી ધરીને તેને મમતાથી કહ્યું:–"હે ભાઈ, પાણી પી." તેણે નમ્રતા સાથે દયાભાવ દર્શાવ્યો તેથી એ પાણીનું દાન અમૂલ્ય થઈ પડયું. હવે તે ચાંડાળે પાણી પીધું ત્યારે પ્રેમાળ હૃદયવાળા રંતિદેવે હર્ષથી શ્રીહરિની સ્તુતિ કરી કહ્યું:–"હું અષ્ટસિદ્ધિની કે મોક્ષની યાચના કરતો નથી, મ્હારે અપેક્ષા માત્ર એટલીજ છે કે હું સર્વનાં સુખ–દુઃખ જાણું તથા તેમનીવતી તેમનાં દુઃખ હું ભોગવું; જેથી કરીને તેઓ સુખીજીવન ગાળે. આ પીડાતા મનુષ્યનો

જીવ ઉગારવાને મ્હેં આ પાણી આપ્યું તેને લીધે મ્હારી ભૂખ, તરસ, થાક, દુઃખ તથા તમ્મર, એ સર્વ નાશ પામ્યાં છે.* "

અતિથિસત્કારના, દુઃખીઓની સેવા કરવાના, ગરીબોને મદદ કરવાના ને સમાનભાવ રાખવાના પુરાણોમાં તથા ભક્તોના ચરિત્રોમાં આવી જાતના સેંકડો દાખલાઓ છે; પણ અફસોસ કે તેઓની તરફ કોઈ જોતું નથી. " એમ કહીને ચક્રમ કવિએ નિશ્વાસ નાંખ્યો.

મ્હારા જેવો સુખી બીજો કોણ છે ?

માસ્તરે કહ્યું:–"તમારી એ બધી વાત સાચી, પણ કવિરાજ ! જમાનો બદલાઇ ગયો, માટે એ દાખલો હાલમાં આપણને કામ ન લાગે. તમે બહુ દયાળુ છો ને બહુ પ્રમાણિક છો તેથી કેવાક સુખી છો એ તો અમને કહો? મને ધાસ્તી લાગે છે કે જો તમારી નાતવાળા પણ મ્હારી નાતવાળા જેવા હશે તો આ ડોશીની ધામધૂમ પ્રમાણે તેઓ તમોને નાત બહાર મૂકશે, એટલે ઉલટું તમારી ઉપર ધર્મ કરતાં ધાડ આવશે ! કવિરાજ ! હજી એટલી બધી ચોખ્ખાઇ ને એટલી બધી સ્વતંત્રતા આપણી રૂઢીઓ આપણને રાખવા દે તેમ નથી, માટે તમારી ભલી લાગણીઓને તમારા કબજામાં રાખો, નહિ તો આ તમારૂં ઘાસનું ઝુંપડું છે તેમાં પણ કોઇક આગ લગાડી દેશે ! "

ચક્રમ કવિએ કહ્યું:–" બેશક તમારી ધાસ્તી સાચી છે. મ્હારા ઝુંપડામાં આગ લાગી જાય અને મ્હારા માથામાં સોટા પડે તો એથી હું અજબ થાઉં નહિ. એ તો બનવાજોગ છે. એવું એવું તો કાંઇ કાંઇ થયાજ કરે છે. પણ તે સારૂ કરીને કાંઈ હું મ્હારૂં કર્ત્તવ્ય છોડી દઉં નહિ, તે સારૂ કરીને કાંઇ હું મ્હારૂં અંતઃકરણ વેચી નાંખું નહિ અને તે સારૂ કરીને કાંઇ હું આપણા ભાઇ-

* બનારસ સેન્ટ્રલ હિંદુ કૉલેજના " સનાતન ધર્મ "ના ભાષાંતરમાંથી પાનું ૨૧૪.

બંધો ઉપરનો પ્રભુપ્રેમ છોડી દઉં નહિ. તમે પૂછો છો કે, તમે શું સુખી છો ? પણ હું કહું છું કે, મ્હારા જેવો સુખી બીજો કોણ છે ? મ્હારા અંતરમાં શું શું યોજનાઓ છે ? મ્હારી લાગણીઓ કેવા ઉન્નતભાવમાં નાચી રહી છે ? મ્હારૂં હૃદય કયા તાર સાથે જોડાએલું છે ? મ્હારૂં મન કઇ વસ્તુમાં રમે છે ? મ્હારા અંતઃકરણમાં કેવા કેવા સ્વર્ગના સંદેશા ચાલ્યા આવે છે ? મ્હારી આંખો શું જોઇ રહી છે ? મ્હારા કાનો શું સાંભળી રહ્યા છે ? મ્હારૂં લોહી કયા ધબકારા ઉપર દોડી રહ્યું છે ? અને મ્હારો શ્વાસ કોને ખાતર કઇ ગતિમાં વહી રહ્યો છે, એ તમે શું સમજો ! માસ્તર સાહેબ, એ સમજવાને માટે તો નવુંજીવન જોઇએ. એ સમજવાને માટે તો ભગવદ્કૃપા જોઇએ. એ સમજવાને માટે તો જીગરની લાગણી જોઇએ. અને એ સમજવાને માટે તો પુરૂષાર્થ જોઇએ છે. એ બધું વ્યવહારિક લોકોમાં વિશેષતાથી કયાં છે ? અને જેટલું છે તેને પણ તેઓએ કયાં ખીલવેલું છે ? જ્યાંસુધી એ બધું અને એવુંજ બીજું ઘણું ન ખીલવો ત્યાંસુધી તમે અમારો આનંદ સમજી શકો નહિ. તમે મને દુઃખી સમજો છો, કારણકે મ્હારૂં છાજનું ઝુંપડું થોડા દિવસમાં પડી જવા જેવું થઇ રહ્યું છે, મ્હારી પાસે બત્તી સારૂ તેલ નથી, મને પહેરવા માટે ફાલતુ ધોતીયું નથી, મને દૂધ–ઘી ખાવા મળતું નથી, મ્હારાં પગરખાં ફાટી ગયાં છે, પણ તે હું બીજાં લઈ શકું તેમ નથી, અને મ્હારા ખીસ્સામાં દોઢીયાં નથી, તેથી તમે મને દુઃખી સમજોછો. બેશક, એ નજરે જોતાં હું દુઃખી છું; પરંતુ

હું દુઃખી છું એનું પરિણામ શું ?

એ તમે જાણો છો ? એનું પરિણામ હિંદુસ્તાનની ખરાબી એ છે. યાદ રાખજો કે જો અમારાં કોડીયામાં તેલ નહિ હોય તો

તમારા અંતરમાં જ્ઞાનનો દીવો નહિ બળે, અમારા પગમાં પગરખાં નહિ હોય તો તમને બેસવા ગાડી નહિ મળે, અમે જો ટાઢે ઠરીશું તો તમને બીજું કોઇ સાચી ગરમી નહિ આપી શકે, અમોને જો ખાવાનું નહિ મળે તો તમોને વૈભવો ભોગવવાનું નહિ મળે, અમોને જો રહેવાનું ઠેકાણું નહિ મળે તો તમારા ગામ—ગરાસ નહિ રહે, અને અમોને જો પુસ્તકો નહિ મળે તો તમોને સ્વર્ગ નહિ મળે; એટલુંજ નહિ પણ જો તમે અમારી ઉપર કૃપા નહિ રાખો તો તમારી ઉપર ઈશ્વર કૃપા નહિ રાખે; કારણ કે તમારા કરતાં અમે ઈશ્વરની વધારે નજીક ગએલા છીએ, તમારા કરતાં અમે વધારે મહેનત કરેલી છે, તમારા કરતાં અમે અમારા સુખના વધારે ભોગો આપેલા છે, તમારા કરતાં અમે જગતમાં ઈશ્વરનું સૌન્દર્ય ફેલાવવામાં વધારે કામ કરેલું છે, તમારા કરતાં અમે આપણા બંધુઓની વધારે સેવા કરી શકીએ તેમ છીએ, અને તમારા કરતાં અમે વધારે ઉચ્ચ-ભૂમિકામાં રમવાવાળા છીએ. અમારો તમારી ઉપર હક્ક છે, કારણકે અમે તમારા જમણા હાથ છીએ. આ કાંઈ હું મ્હારે પોતાને માટે નથી કહેતો, પણ આપણા દેશના સૌ વિદ્વાનો, સૌ ભક્તો, સૌ સદ્-વૃત્તિવાળા સાધુઓ, સૌ ઉંચી જાતના હુન્નરવાળા કારીગરો, સૌ ઉત્તમ લાગણીવાળી બાઇઓ અને સૌ ભલા ખેડુતો તથા દેશ પરદેશના સમગ્ર ગુણી માણસોને માટે હું આમ કહું છું કે, તેઓ તમારા જમણા હાથ છે. એ હાથને જો કાપી નાંખશો એટલે કે તેની દરકાર નહિ કરો—તેની કદર નહિ કરો—તેની કિંમત નહિ સમજો—તેની મદદ નહિ લો અને તેનો તિરસ્કાર કરશો તો ખાત્રી રાખજો કે તમે કદિપણ સુખી થઈ શકશો નહિ; કારણ કે ગુણી, જ્ઞાની ને પવિત્ર માણસોજ જગતનું કલ્યાણ કરનારા છે, જગતમાં આબાદી ફેલાવવામાં તેઓનો મુખ્ય હાથ છે, જીવોનાં સુખ વધારવામાં તેઓ

બહુ ઉપયોગના છે, અને તેઓ જગતને દોરનારા છે, તથા જીવોને આગળ વધવામાં મદદ કરનારા છે; માટે ભલે તેઓ વૈશ્ય હોય, શૂદ્ર હોય, મ્લેચ્છ હોય કે ગમે તે જાતના હોય, તોપણ જાતિભેદને બાજુએ મૂકીને, દેશ-વેશને કોરે રાખીને, મત-પંથને ભૂલી જઈને ગુણની કદર કરો, ગુણની કદર કરો."

ચારે વર્ણનો સબંધઃ-

"તમારા મત મુજબ ભલે બ્રાહ્મણ એ આ જગતનું અથવા ઇશ્વિરનું મુખ હોય, ક્ષત્રિ એ હાથ હોય, વૈશ્ય એ પેટ હોય અને શૂદ્ર એ પગ હોય તોપણ ભલે, તમે એમ માનો તેથી પણ કાંઈ અડચણ નથી; પણ મ્હારૂં કહેવું એટલુંજ છે કે આપણે પગને પણ સંભાળવા જોઇએ. પગમાં લકવો થઇ જાય, પગ ખોટકી જાય, અથવા પગ કપાઇ જાય તો યાદ રાખજો કે એ ખોટ કાંઈ જેવી તેવી નથી. જેના પગ કપાઈ જાય છે તેનું જીવતર ઝેર થઈ જાયછે, તેમજ આ કંગાલ ડોશી જેવો ગરીબ શૂદ્રવર્ગ તે આપણા દેશના પગ છે. એ પગ જો લૂલો થઇ જશે, એટલે કે તેમનો તિરસ્કાર કરીને આપણે જો તેમને વગર મ્હોતે મરવા દઇશું અને નાહક વટલી જવા દઇશું તથા છતાં સાધનોએ નાત-જાતના મમતને ખાતર જો આપણે તેઓની મદદનો લાભ નહિ લઇએ તો આપણો એ પગ લૂલો થઇ જશે. અને મને કહો તો ખરા કે આ હરીફાઇના જમાનામાં લૂલા પગે તમે ક્યાંસુધી આગળ વધી શકશો? યૂરોપીયનોની હજારો ટનની રાક્ષસી તોપોવાળી સ્ટીમરો, વિજળીક રેલ્વે અને આકાશી બલૂનોની આગળ લૂલે પગે તમે ક્યાંસુધી હરીફાઈ કરી શકશો? એ જરા વિચાર તો કરો. આવીજ રીતે જેમ પગને માટે તેમજ પેટ, હાથ, અને મુખને માટે પણ સમજવાનું છે. એ બધાં

અવયવો જ્યારે બરાબર હોય ત્યારેજ શરીર તંદુરસ્ત રહે છે, તેમજ આપણા દેશના એ ચારે વર્ગ જ્યારે સરખી સ્થિતિમાં આવશે ત્યારેજ દેશ આબાદ થઈ શકશે. માટે માસ્તર સાહેબ, કૂડી રૂઢી સામે હવે શું જોઇ રહ્યા છો? હવે તો ઇશ્વરની કૃપાથી આપણી આંખો ઉઘડી છે, માટે પ્રાચીન ઋષિઓના અંતરના હેતુ તરફ અને પવિત્ર શાસ્ત્રોના ઉત્તમ રહસ્ય તરફ જુઓ. અરે ભાઇઓ! જરા વિચાર તો કરો કે જે વેદે એમ કહ્યું કે, પ્રભુનું બ્રાહ્મણો એ મુખ છે, ક્ષત્રિઓ હાથ છે, વૈશ્ય પેટ છે, અને શૂદ્ર પગ છે, તે વેદ શું એમ કહેશે કે, વૈશ્યથી તમે અભડાઈ જાઓ ને શૂદ્રનો તમે તિરસ્કાર કરો? બેશક, એટલું ખરૂં કે હાથની, પગની, પેટની ને મોઢાની કામગીરી જૂદી જૂદી છે. પણ તેથી શું થયું? કામગીરી જૂદી હોવાથી કાંઇ આત્મા જૂદો છે? કામગીરી જૂદી હોવાથી પગને પેદા કરવાવાળો બીજો શું કોઇ સેતાન છે? તમારા પેટમાં અજીઠું અન્ન ભરેલું છે તેથી તમે અભડાઓ છો? તમારા પગને અડવાથી તમે અભડાઓછો? કહો કે નહિ. ત્યારે દેશરૂપી શરીરના બ્રાહ્મણ, ક્ષત્રિ, વૈશ્ય ને શૂદ્રરૂપી અવયવથી તમે શામાટે અભડાઇ જાઓ છો? શામાટે તેનો તિરસ્કાર કરો છો? આવા અન્યાયનો જવાબ ઇશ્વર તમારી પાસે નહિ માગે કે?"

આવી રીતે ખૂબ રસમાં આવી જઇને ચકમ કવિ અમારી સાથે વાતો કરતા હતા એટલામાં પેલી ભીખારણે ભાત ખાઇ રહેવાથી પાણી માગ્યું. ચકમ કવિએ તેની ભાંગેલી દાથરીમાં પોતાના ફૂટેલા ઘડાથી પાણી આપ્યું, એટલે તે દાથરી ધોઇને એ બાઇ પી ગઇ. પછી કવિએ તેને જરાવાર બેસાડીને પૂછ્યું કે, "તુ જાતે કોણ છે, અને આ છોકરૂં કોનું છે? આવી ગરીબીમાં તું કેમ આવી પડી?"

આપણાં ભીખારીઓની હાલત:-

આ સાંભળીને તે ભીખારણ રોઇ પડી. તેને આગલી પાછલી

માઇ આવી ગઇ. તેણે કહ્યું:—"ભાઇ, સાત વરસ થયાં હું આવી સ્થિતિમાં રખડું છું, પણ કોઇએ તમારી પેઠે હેતે કરીને મ્હારા ખબર પૂછ્યા નથી. બહુ તો ટુકડો રોટલો કે દોઢીયું ફેંકી દે, પણ કોઈ અમારાં સુખ–દુઃખ પૂછતું નથી. ભાઇ, તમે તો ધર્મરાજાના અવતાર જેવા છો." એટલી પ્રસ્તાવના કરીને પછી તે બાઈએ કહ્યું કેઃ—

"ભાઇ, હું જાતે કોલણ છું. મ્હારો વર ખેતીનો ધંધો કરતો હતો, પણ હાલનાં નબળાં વરસોમાં ખેતીનો ધંધો કેવો તુટી ગયો છે, અને સરકારના કર કેટલા બધા વધતા જાય છે, એ તો તમે જાણો છો. ખાતરની અછતને લીધે જમીનના રસકસ ઓછા થયા, માણસોનાં પાપને લીધે વરસાદ-પાણી ઓછાં થયાં, પરદેશીઓની દેખાદેખીથી ખરચો વધી ગયાં, જંગલોના કાયદાથી ઘાસ–ચારો મોંઘો થઇ ગયો તેથી ખેતીનાં જનાવરોનો ભાવ વધી ગયો, કળિકાળ પ્રમાણે માણસોનાં શરીર નબળાં થતાં ગયાં, ઉપજ ઘટી ગઇ અને કર તો વધતાજ જાય છે, એટલે અમે ગરીબ માણસો કયાંથી પૂરૂં કરી શકીએ ? મ્હારો વર જીવતો હતો ત્યાંસુધી તો દુઃખે–પાપે જેમ તેમ તાણી તોડાને ચલાવ્યું, પણ તે ગુજરી ગયા પછી હું આફતમાં આવી પડી. ઉપરા ઉપર બે વરસ નબળાં આવવાથી કરજ થઈ ગયું, તેથી બળદ તથા ઘરવખરી વેચીને માંડમાંડ સરકારનો કર ભર્યો, ને હું રખડતી થઈ ગઇ. એ પછી મજુરી કરવા લાગી. બે વરસ પછી દુકાળ પડયો એટલે મજુરી પણ ન મળી, તેથી ભીખ માગવા લાગી. ભાઈ, ભીખના દુઃખની તમને શું ખબર ? ભીખનો ટુકડો ખાધા પછી તો મ્હારાં હરામનાં હાડકાં થઇ ગયાં. હવે મ્હારા શરીરમાં જરા પણ કસ નથી. હું ધારૂં છું કે હજી પણ હું મજુરી કરીને પેટ ભરૂં તો સારૂં, પણ મને ક્યાંઈ હલકા પ્રકારની મજુરી મળતી નથી; અને ભીખની હાડમારીથી મ્હારૂં શરીર એવું

નબળું થઇ ગયું છે કે આકરી મજુરી હવે મ્હારાથી બની શકે તેમ નથી. આવી રીતે હું હાયવૉયમાં દિવસ કહાડતી હતી, એટલામાં ગયા દુકાળમાં મ્હારી છોકરી પણ રખડતી થઇ ગઈ. તાણી તોડીને દુકાળના નવ મહિના તો મહામુશ્કેલીએ તેણે કહાડયા, પણ પછી કાંઇ ઉપાય રહ્યો નહિ. તેનો વર બહુ આબરૂદાર હતો. તેણે કહ્યું કે, છોકરાંઓ ભૂખે ટળવળે તે મ્હારાથી નથી જોવાતું. હું લાંબો હાથ કરીને કોઇને ત્યાં ભીખ માગવા જઈશ નહિ. મને હવે મરવા દે. તું છોકરાંને લઇને જયાં જવું હોય ત્યાં ચાલી જા. મ્હારી છોકરીએ તેને ઘણુંએ સમજાવ્યો અને કહ્યું કે, પ્રભુ જેવા દિવસ આપે તેવા માથે ચ્હડાવી નિભાવી લેવું જોઈએ; પણ તેણે કહ્યું કે, નહિ મને મ્હારી આબરૂમાં મરવા દે, હું કાંઇ બ્રાહ્મણ-સાધુ નથી કે ભીખ માગું. લાખોપટેલ કાંઈ કોઈને બારણે લાંબો હાથ કરે નહિ. મ્હારી દીકરીએ થોડાક દિવસ જેમ તેમ ચલાવ્યું, પણ એવા આફતના સમયમાં ભીખ પણ કોણ આપે? છોકરાંઓ ભૂખે ન મરી જાય તે સારૂ છેવટ લાચાર થઇને મ્હારી દીકરી પોતાનાં ત્રણ ન્હાનાં છોકરાંઓને લઇને દસ બાર ગાઉ ઉપર દુકાળીઆંઓને ખીચડું મળતું હતું ત્યાં ગઇ. તેનો વર ઘરનાં બારણાં અંદરથી બંધ કરીને ભૂખ્યો ને ભૂખ્યો સૂઇ રહ્યો, તે પાછો ઘરની બહાર નીકળ્યોજ નહિ. છઠ્ઠે દિવસે તે ભૂખથી મરી ગયો. એ પછી બે મહિનાની અંદર ગરીબોને તળાવ ખોદાવવા ઉપર રાખ્યાં હતાં ત્યાં રોગ ચાલ્યો. તેમાં ચાર દિવસમાં મ્હારી છોકરીનાં ત્રણે છોકરાં મરી ગયાં, પણ તેને કોઇ ઉપાડવાવાળું મળ્યું નહિ! એ પછી તે ત્યાંથી ચાલી નીકળી. રસ્તામાં ઓચીંતાં મા દીકરી ઘણે દહાડે મળી ગયાં. પણ ભાઇ અમારા નસીબમાં સુખ કયાંથી? અમને કોણ ટેકો આપે? અમને કોણ મદદ કરે? અમને પરેલાંઓને કોણ ઉઠાડે? ઉલટા આપણા ઘણા લોકો તો આભડછેટને

નામે પડેલાંઓને પાટુ મારવાનોજ ધંધો લઈ બેઠેલા છે, એટલે અમે કેમ ઉઠી શકીએ? ભાઈ, અમે તો નીચેજ પડતાં જઈએ છીએ, કારણ કે ભીખ જેવું બીજું કાંઈ બૂરૂં નથી. ખાવા-પીવાનું ઠેકાણું નહિ, પહેરવા-ઓઢવાનું ઠેકાણું નહિ, સૂવા-બેસવાનું ઠેકાણું નહિ અને કેવાં કેવાં માણસોની વચ્ચે રહેવું પડે એનું પણ કાંઇ પ્રમાણ નહિ, એટલે અમારામાં નીતિ ક્યાંથી રહે? મ્હારી છોકરી ત્રીસ વરસની પાકી ઉમ્મરની હતી, તોપણ ભૂલમાં આવી ગઇ. એક ઠેકાણે અજાણતાં ઈચ્છાવિના સપડાઇ ગઈ. અમારી નીતિ કોણ બચાવે? અમે કોની પાસે ફરિયાદ કરીએ? અમારૂં કોણ સાંભળે? અમોને ધર્મજ્ઞાન કોણ આપે? અમોને તો સૌ હડધૂતજ કરે, એટલે પછી અમે એવા માઠા સંયોગમાં આવી જઇએ તેમાં નવાઈ શું? ભીખની હાડમારીઓને લીધે ને સ્વાર્થબુદ્ધિ તથા અજ્ઞાનને લીધે અમોને એ ભૂલો ન્હાની લાગતી હોય પણ પ્રભુ કાંઈ તેની શિક્ષામાંથી છોડે છે? તેથી તેને મહિના રહ્યા. આ છોકરો તેનો છે. એ પછી એક જંગલમાં આવેલા મહાદેવના દેવળ પાસેના પડી ગએલા ઉઘાડા ઘરમાં તેણે જણ્યું. એ વખતે શિયાળાના દિવસ હતા, ટાઢનું તોફાન બહુ મ્હોટું હતું અને અમારી પાસે ઓઢવા-પાથરવાનું કાંઈ નહોતું. મને લાગ્યું કે આ ટાઢમાં તે મરી જશે, તે સારૂ દેવતા સળગાવવા હું લાકડાં લેવા પાસેના જંગલમાં ગઈ. એટલામાં જંગલખાતાના સિપાઈએ મને પકડી અને તે મને તેના સાહેબ પાસે તેડી ગયો. હું બહુ કરગરી, મ્હેં મ્હારી સુવાવડી દીકરી જંગલમાં પડી છે, એમ વાત કરી, હું બહુ બહુ રોઇ; પણ મ્હારૂં કોણ સાંભળે? મ્હારી વાત સાચી કોણ માને? જમાદારે કહ્યું કે, એ તો બધા ઢોંગ છે, અને ઈન્સ્પેક્ટર તો ઉલટો રાજી થયો કે આપણે ગુન્હો પકડયો તેથી સાબાશી મળશે.

બે ચાર દોઢીયાંનાં લાકડાં સારૂ મને આઠ દિવસની કેદની સજા થઈ. કેદમાંથી છૂટીને જ્યારે હું તે મહાદેવના દેવળ તરફ ગઈ ત્યારે મ્હારી સાથેનો ઓળખાણવાળો એક ભીખારી મળ્યો. તેણે કહ્યું કે, ત્હારી છોકરી તો ટાઢે ઠરીને ત્હારા ગયા પછી ત્રીજે દિવસે મરી ગઈ છે, ને આ તેના બાળકને મ્હેં સાચવ્યું છે તે લે. મને આ વાત સાંભળીને કેવું વસમું લાગ્યું હશે, એ તમે કેમ સમજશો? ભાઇ, મરવું–જીવવું એ સંસારની રીતિ છે, એમાં કાંઈ કોઇનો ઉપાય નથી, પણ આવી રીતે કૂતરાંને મ્હોતે મરવું એ દુઃખ નથી ખમાતું! હવે એ તો જે થવાનું હતું તે થયું, એ બિચારી આફતમાંથી છૂટી ગઈ, વધારે જીવી હોત તો મ્હારી પેઠે વધારે હેરાન થાત હવે હું એને નથી રોતી, પણ આ પીડાને મ્હારે કેમ સાચવવી? એમ કહીને તેણે તે છોકરાં સામે જોયું. મને પેટ પૂરતું ખાવાનું મળતું નથી ને આને હું દૂધ ક્યાંથી પાઉં? જેને જોઇએ છે તેને છોકરાં નથી મળતાં, અને અમોને તો જાણે હજી અમારાં દુઃખ અધૂરાં હોય તેમ આવાં ગુમડાં વળગે છે! મ્હારે ત્યાં આવીને–મ્હારી પાસે રહીને આ જીવની શું સાર્થકતા થશે? ભૂખથી, ટાઢથી કે કંગાલીયતને લીધે લાગુ પડતા રોગથી થોડા વખતમાં તે મરી જશે! આ ફૂલને હું કેમ સાચવી શકું? અને કદિ મ્હારી પાસે મ્હોટો થયો તોપણ તે બિચારો આ હાલતમાં રહીને શું સારૂં કરી શકશે? અરે ભાઈ! અમારૂં તે કાંઈ જીવતર છે? અમે તો આ જગતમાં નરકના કીડા જેવાં છીએ.”

મહારાજજી, આ તો તે ભીખારણની વાતનો સાર હું તમોને કહું છું, પણ તેણે પોતાની ગામઠી ભાષામાં અંતરની હાય સાથે એવી લાગણીથી આ વાત કહી હતી કે ચક્રમ કવિ તો એ સાંભળીને રોઈ પડયા, અને અમોને પણ બહુ ગંભીર અસર થઈ. એ પછી ચક્રમ કવિએ અમોને કહ્યું કેઃ–

હે પ્રભુ ! આવી ઉચ્ચતાથી અમોને બચાવ.

"સાહેબો ! જોયો આપણો હાલનો મનુષ્યયજ્ઞ? આવી કંગાલ બુઢ્ઢીયાંને પાણી પાતાં આપણે અભડાઇ જઇએ છીએ ! આવી ખરેખરી દુ:ખીયારીને પગે પાટો બાંધતાં આપણે વટલી જઇએ છીએ ! આવા નિરાધારના ઓછાયાથી આપણને પાપ લાગી જાય છે ! પ્રભુ ! દયા કર, દયા કર. અરે ! અમોને ત્હારી દયા માગવાનો પણ હક્ક નથી, કારણ કે અમે સાચીદયામાં ક્યાં સમજીએ છીએ ? જનાવરોને માટે ઠેકાણે ઠેકાણે પાંજરાપોળ છે, પણ માબાપવિનાનાં નિરાધાર છોકરાંઓને રાખવાનું ક્યાંઈ ઠેકાણું છે? અમને ઝાડનું પાદડું તોડતાં પાપ લાગે છે, પણ આવાં નિરાધારોનો તિરસ્કાર કરી તેઓને ફાટે ડાચે ગમે તેમ ગાળો આપવામાં અમે ક્યાં પાપ સમજીએ છીએ ? પંડિતોને માટે તો સેંકડો સભાઓ છે, પણ આવાં રખડતાં લાખો ભીખારીઓને જ્ઞાન આપવા માટે કાંઇ છે ? નાતોમાં ને મીજબાનીઓમાં દૂધપાક–પૂરી ને આંબા–પૂરી તો ઠેકાણે ઠેકાણે ઉડે છે, પણ આવાં અભાગીયાંઓને ટુકડો રોટલો આપવાની ક્યાંઇ સારી સગવડ છે ? અરે, ભારત ! જ્યાંસુધી ત્હારાં સંતાનોની આવી દુર્દશા છે ત્યાંસુધી ત્હારૂં ભલું તે કેમ થશે? આપણે પોતે જ્યારે આપણા સ્વદેશીઓ અને સ્વધર્મી બંધુઓનો આવી ખુલ્લી રીતે તિરસ્કાર કરીએ ત્યારે પછી પરદેશીઓ ને પરધર્મીઓ આપણો તિરસ્કાર કરે તેમાં નવાઈ શું? આપણા બંધુઓ આવાં આવાં ભીખનાં દુ:ખો ભોગવે, આપણા બંધુઓ ગરીબાઇને લીધે ભૂખ્યા ને ભૂખ્યા ઘરમાં ને ઘરમાંજ મરી જાય, આપણા લોકોની લાજ–આબરૂ–નીતિ ન સચવાય, આપણી સુવાવડી બ્હેનો જંગલમાં ટાઢે ઠરીને મરી જાય, તેઓની લાસો કાગડા–કૂતરાં ચુંથે અને આપણાં નિરાધાર બચ્ચાંઓ બે ચમચા દૂધવિના તરફડી તરફડીને મરી જાય, અથવા જીંદગીના હેતુ સમજ્યાવિના પશુવૃત્તિથી ચોરનાં માથાંની પેઠે રખડે, તેનો

આપણે કોઇ ભાવ પૂછીએ નહિ ને વળી આપણે ઉંચા !! હે પ્રભુ ! એવી ઉચ્ચતાથી—એવી અધમતાથી અમને બચાવ."

"માસ્તર સાહેબ, આતો હજી આપણે એક દાખલો જાણ્યો છે, પણ આપણા દેશના કરોડો ભીખારીઓમાં આ કરતાં ભયંકર પાપના બીજા કેટલા બધા બનાવો બનતા હશે, એ જરા ખ્યાલ તો કરો ? એ વિચારતાં અમોને તો ત્રાસ છુટે છે; માટે અમે કહીએ છીએ કે, ભાઈઓ ! ભ્રાતૃભાવની ઇશ્વિરીસગાઇ સમજીને પ્રાચીન ઋષિયોના હેતુ મુજબ સાચા મનુષ્યયજ્ઞ કરો."

હવે તો આ નથી ખમાતું !!

"મને કહો કે મનુષ્યયજ્ઞ માટે હાલમાં આપણે શું કરીએ છીએ ? જો એ યજ્ઞની મહત્તા આપણે સમજતા હોઇએ તો આપણી આવી હાલત હોય કે ? અરે, જ્યારે આપણે આપણાં પોતાનાં બચ્ચાંઓનું હિત સમજતાં નથી ત્યારે બીજાંઓને માટે તે શું આશા રખાય ? સારા ઘોડા ઉછેરવાનાં ઘણે ઠેકાણે ખાતાંઓ છે, સારાં કૂતરાંઓનાં પણ પ્રદર્શન થાય છે, અને સારાં વાછરડાંઓ માટે પણ કાંઇક દરકાર રખાય છે, પણ ભવિષ્યમાં સારી પ્રજા થવા માટે આપણામાં ઉત્તમ લગ્નો થવાં જોઈએ એની કોઈ દરકાર રાખે છે ? મને કહો તો ખરા કે આપણા લોકોમાંથી કેટલાં માબાપો એ જાતના વિચાર કરે છે ? અને જે થોડાક જણા એ વિચાર કરે છે તેમાંથી પણ આપણાં વગર મફતનાં ધરાર ઉભાં કરેલાં બંધનોને લીધે કેટલા જણા એ વાતો પાળી શકે છે ? મ્હારો એક દોસ્ત છે તેને છ છોકરીઓ છે; તે બહુ હુશિયાર માણસ છે, ને તેણે પોતાની દીકરીઓને પણ સારી કેળવણી આપી છે; પણ તેની નાત બહુ ટુંકી ને અભણ છે, એટલે તે કન્યાઓને માટે લાયક વર તેને મળતા નથી.

હવે મને કહો કે તેણે શું કરવું ? ઇરાદાપૂર્વક ખાસ ચાહીને માત્ર નાતના રિવાજને ખાતરજ પોતાની વ્હાલી છોકરીઓને મૂર્ખોના હાથમાં સોંપીને કજોડું કરવું એજ કે બીજું કાંઇ ? આવી રીતે આપણાં છોકરાંઓનાં સુખને માટે પણ આપણે કાંઇ ન કરી શકીએ–એવી રીતે આપણા હાથ-પગ ને આપણાં મન–બુદ્ધિ સીકડાઇ જાય તેનું નામ શું ? તેનું નામ સ્વર્ગમાં નર્ક છે. મ્હારો એક બીજો મિત્ર છે, તે ઘણો વિદ્વાન છે, પણ તેની જાતના લોકો થોડા છે, અને તેઓ ગામડાંઓમાં બહુ જંગલી હાલતમાં રહે છે, તેથી તેને લાયક કન્યા તેવી પચાસ સાઠ ઘરની ટુંકી નાતમાંથી મળી શકે તેમ નથી માટે તે કુંવારો રહ્યો છે. આવી રીતે કુદરતના નિયમ વિરૂદ્ધ ફરજીયાત રીતે લોકોને કુંવારા રહેવું પડે એ કેટલું મ્હોટું પાપ છે, એ કાંઈ તમે સમજો છો ? બીજો એક મ્હારી ઓળખાણવાળો ગૃહસ્થ છે, તેની ઉમ્મર પંચાવન વરસની છે. તે બહુ પૈસાવાળો છે. તેને કાંઇ છોકરાં નથી ને પોતાનો પૈસો કોઇક ખાઈ જાય એ તેને પસંદ નથી, છોકરાંની તેના મનમાં બહુ ઉમેદ છે, તેથી હવે ચોથી વખત પરણવા ઇચ્છે છે, પણ તેની નાતમાં નવ વરસથી મ્હોટી ઉમ્મરની કન્યા મળી શકતી નથી, એટલે સમજતાં છતાં જાણી જોઇને એવી ન્હાની છોકરી સાથે તેને પરણવું પડ્યું છે; કારણ કે તે પોતાની લગનની ઇચ્છાને રોકી શક્યો નહિ. જો બીજી નાતમાંથી તે કન્યા પરણી શકતો હોત કે પુનર્લગ્ન કરવાનો રિવાજ હોત તો તે આવું કજોડું કરીને નવ વરસની બાળકીનો ભવ બાળત નહિ, પણ તે કહે છે કે મ્હેં તો લાચારીથી કર્યું છે; મ્હેં મ્હારી ખુશીથી આમ નથી કર્યું, પણ આપણા રિવાજોએ મ્હારી પાસે ફરજીયાત આમ કરાવ્યું છે. હવે તમે કહો કે આવી રીતે આપણી સમગ્ર પ્રજાના હાથ–પગ બાંધી લેવાનું આપણાં પવિત્ર શાસ્ત્રમાં કયું ફરમાન છે ? આવી રીતે આપણા મનને ગુલામગીરીની સાંકળમાં બાંધી રાખવાનો વેદનો કયો મંત્ર છે ? આવી

રીતે આપણી બુદ્ધિને વેચી નાંખવાનો આપણા સનાતનધર્મનો કયો હુકમ છે? આવી રીતે આપણાં વ્હાલાં છોકરાંઓને ગમે ત્યાં ફેંકી દેવાની કયા આચાર્યની આજ્ઞા છે? હજારો લાયક કન્યા છતાં આવી રીતે કન્યા નહિ મળવાના વાંકે કુંવારા રહેવાનો કયા ઋષિનો મત છે? આવી રીતે મડાંને મીંઢોળ બાંધવાનું કઇ સ્મૃતિ કહે છે? અને આવી રીતે આપણું મનુષ્યપણું નષ્ટ કરનારા હુકમો કયા શાસ્ત્રે આપેલા છે, એ જરા કહો તો ખરા? ઉત્તમ આર્યોનો મનુષ્યયજ્ઞ આવો હોય કે? હાય હાય! રિવાજનું આટલું બધું જોર! આપણાં વ્હાલાં છોકરાંઓની પણ આપણે દરકાર ન કરી શકીએ એટલું બધું રિવાજનું જોર! આપણા પોતાના શરીરની દરકાર ન રાખી શકીએ એટલું બધું રૂઢીનું બળ! આપણી ભવિષ્યની પ્રજાનું ભલું ન કરી શકીએ એટલું બધું વૈરકશાસ્ત્રનું બળ! આપણા લાચાર બંધુઓને મદદ ન આપી શકીએ એટલો બધો નાતોનો જૂલમ! આપણા પવિત્ર ધર્મના દરવાજા ન ખોલી શકીએ એટલો બધો વ્હેમ! અને આપણે સમજતાં છતાં પણ છેવટસુધી કરોળીયાની જાળ જેવી નમાલી જાળમાં રીબાઇ રીબાઇને પડયા રહીએ ને સજ્ઞા કરીએ એજ આપણો ધર્મ!! સાહેબો, નથી ખમાતું, હવે તો આ નથી ખમાતું! આવું અંધેર તે કયાંસુધી ચાલશે? આવું સ્વર્ગમાં નર્ક તે કયાં સુધી ચાલશે? - આપણા બૂરા રિવાજો શું સ્વર્ગમાંથી આવેલા છે? શું એ રિવાજો આપણી પ્રકૃતિ સાથે જોડાઇ ગયા છે? શું એ રિવાજો સૃષ્ટિનિયમ જેવા છે? શું એ રિવાજો પ્રભુ તરફથી મળેલા છે? અને શું એ રિવાજોને ટાળવાનો ઉપાય નથી કે આપણે તેના ગુલામ બનીએ? થોડાક સાંકડા વિચારોનાં માણસોનો આખી પ્રજા ભોગ થઇ પડે એ શું થોડી દિલગીરીની વાત છે? એ શું ઓછું પાપ છે? એમ ન થાય માટે હવે આપણે ત્રિકાળદર્શિ ઋષિયોએ બતાવેલો

સત્ય મનુષ્યયજ્ઞ કરવો જોઇએ. આપણા મહાન પૂર્વજો મનુષ્યયજ્ઞ કોને કહેતા, એ તમને ખબર છે? માબાપની બચ્ચાંઓ તરફની ફરજ, બચ્ચાંઓની માબાપ તરફની ફરજ, સગાં-વ્હાલાંની ફરજ, દોસ્તની ફરજ, પાડોશીઓની ફરજ, રાજાની રૈયત તરફની ફરજ, શેઠોની નોકરો તરફની ફરજ, નોકરોની શેઠો તરફની ફરજ, ધણીની ધણી-યાણી તરફની ફરજ, ધણીઆણીની ધણી તરફની ફરજ અને ટુંકામાં દુનિયામાં મનુષ્ય માત્ર સાથે આપણને જેટલી જાતના સંબંધ છે, તે સર્વ સંબંધમાં સર્વ પ્રસંગે ઇશ્વરને હાજર નાજર જાણીને, આપણા અંતઃકરણને પૂછીને, આપણા પૂર્વજોનાં પવિત્ર આચરણો યાદ કરીને અને દેશ, કાળ તથા આપણી સ્થિતિ વિચારીને જેટલી બને એટલી છૂટ મૂકીને સૌ સાથે ઉદારતાથી ને ભલાઇથી વર્તવું, તેને આપણા પૂર્વજો મનુષ્યયજ્ઞ કહેતા હતા. તેને બદલે

હાલમાં આપણે કેવા મનુષ્યયજ્ઞ કરીએ છીએ?

એ તમે ક્યાં નથી જાણતા? મનુષ્યયજ્ઞ માટે અસલ આપણાં બાળકોને પવિત્ર વેદના મંત્રો એટલે કે ઇશ્વરીજ્ઞાન શીખવતા, તેને બદલે હાલમાં આપણાં બાળકોને હોળીના ઘેરીયા બનાવી ભૂંડુ બોલતાં શીખવવામાં આવે છે, તથા આપણી બાલીકાઓને બિભત્સ ફટાણાં શીખવવામાં આવે છે! મનુષ્યયજ્ઞ માટે-આપણાં બચ્ચાંઓનું ભવિ-ષ્યનું સંસારસુખ વધારવા માટે-તેઓને સારે ઠેકાણે આપવાને બદલે માત્ર મૂર્ખાઈ ભરેલા રિવાજોને ખાતર તેઓને ગમે ત્યાં ખાડામાં ફેંકી દેવામાં આવે છે! મનુષ્યયજ્ઞ માટે આપણા જાતભાઇઓને અરસ-પરસ મદદ કરવાને બદલે તેમનાં છિદ્રો શોધવામાં, તેમને હલકા પાડ-વામાં અને તેમને નાત બહાર મૂકવામાં આપણી સત્તાનો ઉપયોગ કરવામાં આવે છે! મનુષ્યયજ્ઞ માટે લાચારોને મદદ કરવાને બદલે

તેમનો તિરસ્કાર કરી તેમનાથી દૂરના દૂર રહેવામાં અમે ધર્મ માની બેઠા છીએ! મનુષ્યયજ્ઞ માટે જગતમાં ભાઇબંધી વધારવા સારૂ આર્યોનો સનાતન ઇશ્વિરીધર્મ જગતમાં ફેલાવવાને બદલે જેઓ અમારામાંથી ભૂલા પડેલા હોય તેઓને પણ અમારી સાથે પાછા લેવાની અમે ના પાડીએ છીએ! મનુષ્યયજ્ઞ માટે આપણા ભાઇબંધોમાં ધર્મજ્ઞાન ફેલાવવાને બદલે આપણે ધર્મનાં ઉત્તમ રહસ્યો તેમનાથી છૂપાવીએ છીએ અને તેઓને બહારનાં ટીલાં–ટપકાં ને ન્હાવા–ધોવામાંજ રાખી મૂકીએ છીએ! મનુષ્યયજ્ઞ માટે આપણા ગુણોનો, આપણી દવાઓનો અને આપણા જ્ઞાનનો બીજાઓને લાભ આપ્યાવિના તે ઉત્તમવસ્તુઓને આપણા મરણની સાથે મારી નાંખીએ છીએ! મનુષ્યયજ્ઞ માટે સ્ત્રીઓને અર્ધાંગના માનવાને બદલે આપણા ઘણા ભાઇઓ સ્ત્રીઓને પોતાના પગનું ખાસડું માને છે! મનુષ્યયજ્ઞ માટે જગતમાં લગ્નસ્નેહ વધારવાને બદલે આપણે ખાસ કજોડાં કરીએ છીએ! મનુષ્યયજ્ઞ માટે રાજાઓ રૈયતને પોતાનાં છોકરાં જેવી સમજવાને બદલે રૈયતનો રસકસ ચૂસી લેનારી રાજનીતિ ચલાવે છે! મનુષ્યયજ્ઞ માટે ગુરૂઓને સુધારવાને બદલે હાલમાં તો જાણે વાંદરાઓના હાથમાં તરવાર મળી હોય એવું થઇ પડેલું છે! અને મનુષ્યયજ્ઞ માટે આપણા દેશમાં પ્રજા વધારવાને બદલે કેટલીક વિધવાના કાચા ગર્ભના પીંડનું બળિદાન આપવામાં આવે છે!! આવા યજ્ઞનું ફળ તે આપણી ખરાબીવિના બીજું શું હોય? આવી રીતે ઇશ્વિરીસ્નેહ તોડવાનું ફળ તે આપણી પાયમાલીવિના બીજું શું હોય? અને આવાં સ્વર્ગમાં નર્કનું ફળ તે પ્રભુથી વિમુખ થયાવિના બીજું શું હોય? માટે ભાઇઓ! ચેતો, ચેતો, અને જેમ બને તેમ આપણા પવિત્ર ધર્મ પ્રમાણે, આપણા પ્રભુ પરાયણ પૂર્વજોની ઇચ્છા પ્રમાણે અને ઇશ્વિરના હુકમ પ્રમાણે જગતમાં ભ્રાતૃભાવની ઇશ્વિરીસગાઈ વધે એવા યજ્ઞો કરો; એવા યજ્ઞો કરો."

ભૂતયજ્ઞ એટલે શું?

"હવે હું ભૂતયજ્ઞ કોને કહું છું એ જરા સાંભળો. માત્ર ગૌગ્રાસ અને શ્વાનભાગ કહાડવો, એનું જ નામ કાંઈ ભૂતયજ્ઞ નથી; પણ કોઈને કોઇ રસ્તે જગતના ઘણામાં ઘણા પ્રાણીઓનું કલ્યાણ થાય એવાં કામ કરવાં, તેને અમે ભૂતયજ્ઞ કહીએ છીએ. તમારી પાંજરાપોળમાં ખોડાંઢોરને ઘાસ નાખો એમાં શું નવાઇ? પણ આફ્રિકાનાં જંગલનાં ઉપયોગી પ્રાણીઓને રક્ષણ આપવાના કાયદા બંધાવી શકો ત્યારે તમારી બલીહારી! તમારા રામઘાટ ઉપર માછલી ન મરાય તેમાં શું? પણ તમારા સ્વધર્મી ભાઇબંધો જ્યારે એવી જાતનો આસુરી ખોરાક તજે ત્યારે તમારી ખુબી કહેવાય. તમારા ફળીયામાં કોઇ મીયાંભાઇના છોકરાને ચકલાંનાં બચ્ચાં પકડવા ન દો એમાં શું મ્હોટી વાત છે? પણ આસ્ટ્રેલીયામાં પશુ મરતાં બંધ કરો, ત્યાંના લોકોને વેજીટેરીયન બનાવો અને ત્યાં દયાધર્મ ફેલાવો ત્યારે તમારી મ્હોટાઈ કહેવાય. તમે તમારા ઘરમાં કીડી-મંકોડી બચાવ્યા કરો એમાં શું નવાઈ? પણ તમારા બચ્ચાંઓને યૂરોપીયન કેળવણી જે એમ શીખવે છે કે મનુષ્યમાં આત્મા છે, ગાયમાં નથી, તેને બદલે યૂરોપ-અમેરિકાની પ્રજાને તમારા ધર્મની ફીલસુફીથી એમ ખાત્રી કરી આપો કે દરેક પ્રાણીમાં આત્મા છે, ત્યારે તમારી ફતેહ થઇ કહેવાય. તમે તમારી પથારીમાં ભરાઇ ગએલા બે ચાર માકડ-મચ્છરને મારો નહિ એમાં તે શું મ્હોટી બહાદુરી? પણ જ્યારે યૂરોપ-અમેરિકાના માછલાં મારનારાઓમાં તમારા જ્ઞાનની કે તમારાં કામની અસર પહોંચે ત્યારે તમારી સાચી મર્દાઈ કહેવાય. તમારી છોકરીઓના માથાની જૂને તમારી બાઇડીઓ બચાવે એમાં તે શું રાજી થઇ જાઓ છો? રાજી તો ત્યારે થવું જોઇએ કે જ્યારે આફ્રિકાના માણસખાઉ લોકોને સુધારીને તેઓને

ધર્મમાં લાવી શકીએ અથવા તે મુલકમાં ખેતીની આબાદી કરીને મલીનચીજો કરતાં અનાજ સસ્તું વેચી શકીએ; અને કીથવા (એક જાતના બારિક કીડા) બચાવવા સારૂ રસોઈ કરતી વખત બેચાર લાકડાં–છાણાં ખંખેર્યા કરીએ એમાં શું વળે? જો સાચી દયા કરવી હોય તો દેશમાં ખૂબ અનાજ પેદા કરવાની યુક્તિઓ શોધો કે જેથી કરીને રૂશિયાની ઉત્તરના સાઇબીરિયા જેવા બરફ-વાળા મુલક કે જ્યાં બિલકૂલ અનાજ મળતું નથી અને લોકોને શીકાર ઉપરજ રહેવું પડે છે, તેઓને સસ્તું અનાજ મળી શકે એવું કરો તો તો તમારી બહાદુરી. જ્યાંસુધી આવી મ્હોટી યોજનાઓ અને ખરેખરાં કામ આપણી પ્રજામાંથી ન થાય ત્યાંસુધી ઉપર વર્ણવ્યાં તેવાં ન્હાની છોકરીઓનાં જેવાં કામોથી હાલના સુધરેલા વખતમાં કાંઇ દુનિયામાં આગળ વધી શકાય નહિ, અને ત્યાંસુધી કાંઇ પ્રભુના કૃપાપાત્ર થઈ શકાય નહિ; માટે જો સાચા ભૂતયજ્ઞ કરવા હોય તો આત્માનું બળ સમજીને, દુનિયાની અરસપરસની ઇશ્વિરીસ-ગાઈ સમજીને અને આપણા અંતરના ધર્મને આગળ રાખીને પ્રભુ-પ્રીત્યર્થે જેમ બને તેમ ઘણામાં ઘણાં, મ્હોટામાં મ્હોટાં અને ભલામાં ભલાં કામ કરો."

આ સાંભળીને મ્હેં કહ્યું કે, કવિરાજ, તમારી એ બધી વાત સાચી, પણ એવાં કામો આપણાથી કેમ બની શકે? એવાં સાધનો આપણી પાસે ક્યાં છે? એટલી સમૃદ્ધિ આપણી પાસે ક્યાં છે? એવું જ્ઞાન આપણા લોકોમાં ક્યાં છે? અને હજી ભ્રાતૃભાવની ઇશ્વ-રીસગાઇનો એવો સ્નેહ આપણા દેશમાં ક્યાં છે?

જરા લાંબો હાથ કરો.

ચક્રમ કવિએ કહ્યું:-" સાહેબો, તમે કહો છો તે બધું આપણા

દેશમાં ને આપણા લોકોમાં છે, પણ તે લેતાં આપણને આવડતું નથી; તેનો ઉપયોગ કરતાં આપણને આવડતો નથી. તમે કહો છો ને હું કહું છું તે બધું કાંઈ એકજ ઠેકાણે જથ્થાબંધ નથી, પણ જૂદે જૂદે ઠેકાણે ને જૂદાં જૂદાં રૂપમાં એ બધું ઘણુંએ છે. માત્ર આપણને જરા લાંબા હાથ કરવાની જરૂર છે, જરા મન મ્હોટું કરવાની જરૂર છે, જરા સાદીસમજ વાપરવાની જરૂર છે, અને જરાક આપણા મહાન ધર્મનું પવિત્ર બળ આપણામાં ભરવાની જરૂર છે. જો એટલું કરી શકીએ તો આપણે ઘણું કરી શકીએ તેમ છીએ."

મ્હેં કહ્યું:–પણ એજ મ્હોટો વાંધો છે ના ? ખાટલે મ્હોટી ખોટ કે પ્રથમ પાયોજ ક્યાં છે ? તમે તો ઝટપટ જીભેથી કહી ગયા કે, હાથ લાંબા કરો, ને મન મ્હોટું કરો, એટલે બધું થઈ જશે; પણ હાથ લાંબા થાય ક્યાંથી ? ને મન મ્હોટું કેમ થાય ? હાથ લાંબા કરવાનો કોઇ સંચો તો બતાવો ?

ચક્રમ કવિએ કહ્યું:–" હું જ્યારે ન્હાનો હતો ત્યારે મ્હારા બાપા સાથે મ્હારી વાડીમાં ફરવા જતો, ત્યાં ઝાડ ઉપર પાકેલાં જમરૂખ જોઇને તે તોડવાનું મને બહુ મન થઈ જતું, પણ મ્હારો હાથ ત્યાં પહોંચી શકતો નહિ, અને ઉંચી ડાળ હોય તો મ્હારા બાપાનો હાથ પણ ત્યાં પહોંચી શકતો નહિ, તેથી તેઓ મને તેડીને ઉંચો કરતા, એટલે હું ઉંચી ડાળ ઉપરનાં પાકેલાં ફળો તોડી શકતો હતો. હવે મ્હારી કહેવાની મતલબ સમજ્યા ? હાથ લાંબો કરવો એટલે કે બીજાંની મદદ લેવી. તમે શ્રીમંતો અમારા બાપા બનો, અમારા પાલક બનો, અમારા મદદગાર થાઓ, એટલે જે ફળોને તમારાથી લેવાતું નથી તે ફળો અમે તમોને લાવી આપીશું. યાદ રાખજો કે તમે અમોને બચ્ચાં બનાવશો તો અમારી પછવાડે તમે પણ ફળો

ખાઇ શકશો, પણ જો તમે અમારી દરકાર નહિ કરો તો તમે ઘણાં ફળો મેળવી શકશો નહિ; કારણ કે તમારા કરતાં અમે ફળના વધારે શોખીન છીએ, એટલે જો કે તમારી મદદથીજ, તોપણ અમારે લીધે તમોને વધારે ફળ મળી શકે તેમ છે. માટે અમો ઉપર હેત રાખવા, અમોને તેડવા, જરા ઉંચે કરવા, થોડોક અમારો ભાર ઉપાડવા અને સ્હેજ અમારા ટેસ્ટને મળતા થવા તમોને અરજ કરીએ છીએ. મહાન ઇશ્વરને ખાતર એમ કરવું, એનું નામ લાંબો હાથ કરવો. હવે બીજો દાખલો સાંભળોઃ–

અમને તમારાં ઝાડુ બનવા દો!

"દીવાળીના દહાડામાં ઘર સાફસુફ કરવાની આપણા લોકોની રીતિ છે, તે પ્રમાણે મ્હારી ડોશીમા પણ સાફ કરતાં; પણ તેઓ કદે ઠીંગણાં હતાં, તેથી ઘરના છજાંસુધી તેમનો હાથ પહોંચી શકતો નહિ, અને કરોળીયાનાં જાળાં તો ભારવટીયા પાસે ઘણાં થઈ જતાં, તે કાઢયાવિના પણ કાંઈ ચાલે નહિ; તેથી તેઓ એક બાંબુ સાથે ઝાડુ બાંધતાં, અને એ બાંબુ પોતાને હાથે ઉંચો કરતાં, એટલે તેથી બધો કચરો સાફ થઈ જતો હતો. સાહેબો, આવી રીતે આપણા દેશનો અને આપણા ધર્મનો કચરો કાઢવા સારૂ અમોને તમારાં ઝાડુ બનાવો. જ્યાંસુધી અમોને તમારાં ઝાડુ નહિ બનાવો, એટલે કે અમારી મદદ નહિ લો ત્યાંસુધી દૂર પડેલો કચરો તમારા હાથથી નીકળી શકશે નહિ. અમે ઝાડુ બનવાને તૈયાર છીએ. પણ અફસોસ કે તમારાથી ઝાડુ ઉપડી શકે એમ પણ કયાં છે? બીજું તો રહ્યું, પણ ઝાડુ કાઢતાં પણ તમોને કયાં આવડે છે? ઝાડુવાળા જેટલી પણ + + +"

માસ્તરે કહ્યું:–" અરે! અરે! કવિરાજ, આ શું? આવા

દાખલા ક્યાંથી લાવો છો ? તમે પણ બહુ વિચિત્ર માણસ છો !"

ભોમિયાએ કહ્યું:-"જો એવું કાંઈ ન હોય તોપછી ચક્રમ કેમ કહેવાય ?"

ચક્રમ કવિએ કહ્યું:—"ઝાડુ" એવું નામ સાંભળીને તમે શા માટે લજાઈ જાઓ છો ? ભગવદ્ મંદિરમાંથી ઝાડુ કોણ કાઢી શકે, એ તમને ખબર છે ? જે ભાગ્યશાળી હોય તેજ મંદિરમાંથી ઝાડુ કાઢી શકે છે. યાદ રાખજો કે મ્હોટા મ્હોટા સંતો મંદિરોમાંથી ઝાડુ કાઢતા હતા. ઝાડુ કાઢનારનો દરજ્જો શું છે, એ કાંઈ તમે સમજો છો ? ઝાડુ કાઢનાર માટે તો સ્વર્ગ છે! પણ એ તમે હાલમાં ક્યાંથી સમજો ? આ જગત તે પ્રભુનું મંદિર છે. તેમાં સુધારા વધારા કરવા ને તેને આબાદ કરવું તેનું નામ:ઝાડુ કહાડવું છે. મનુષ્યનાં હૃદય તે પ્રભુનાં મંદિર છે, તેમાનાં વિકારો દૂર કરવા અને લોકોને ધર્મમાં લાવવા તેનું નામ ઝાડુ કાઢવું છે. પણ એ તમારા નસીબમાં ક્યાંથી ? સાહેબો, અમે જ્યારે "ઝાડુ" બનવા એટલે કે તમારાં હથિયાર બનવા તૈયાર છીએ ત્યારે જગતની આબાદી અને પોતાના આત્માના કલ્યાણ સારૂ તેનો ઉપયોગ કરવાની તો કૃપા કરો. એવી રીતે દેશ-પરદેશનાં ગુણી ને જ્ઞાની માણસોની મદદ લેવી તેનું નામ "લાંબા હાથ" છે. એવી રીતે લાંબા હાથ કર્યાવિના દેશની કે ધર્મની ઉન્નતિ થઈ શકે નહિ. માટે આપણા કલ્યાણ સારૂ આપણા લાયકાતવાળા ભાઈબંધોને આપણે યથાયોગ્ય મદદ આપવી જોઈએ. હવે લાંબા હાથ કરવા બાબતનો મ્હારો ત્રીજો દાખલો સાંભળોઃ-

લાંબા હાથ કરવાના બીજા ઉપાયઃ-

"આપણને જ્યારે ઉંડા કુવામાંથી પાણી કહાડવું હોય ત્યારે કાંઈ આપણો હાથ કૂવાના તળીયા સુધી પહોંચી શકે નહિ, પણ દોર-

ડાંની મદદ લઇએ એટલે પાણી મેળવી શકીએ છીએ, તેમજ વિદ્યા–હુન્નરવાળા આપણા ગુણી ભાઇબંધોને આપણી મદદમાં રાખી તેમની મારફત નવા નવા શોધ–ખોળનો આપણે તુરતજ લાભ લેવો જોઈએ. જો એવો લાભ લેતાં વાર લગાડીએ તો તેનો રસ–કસ લૂંટાઇ જાય છે. વળી એ પણ યાદ રાખજો કે તમે ગમે તેટલા બાહોશ હો તોપણ તમારો એકલો હાથ કાંઇ કૂવાના તળીયા સુધી પહોંચી શકે નહિ, એ હાથ લાંબો કરવાની, એટલે કે દોરી વગેરેની મદદ લેવાની કે પંપ ચલાવવાની તમે મહેનત કરો ત્યારેજ તેમાંથી પાણી મેળવી શકો; તેમજ જ્યારે આપણા ગુણિયલ ભાઇબંધોની તથા વિદ્યા–હુન્નરના નવા નવા શોધ–ખોળની મદદ લઈ તમારા હાથ લાંબા કરશો ત્યારેજ આપણે આ હરીફાઇના વખતમાં ટકી શકીશું. જો તમે હાથ લાંબા કરવાની દરકાર નહિ કરો તો આ કટાકટીના વખતમાં આપણી એવી ખરાબી થઈ જશે કે જેનો વિચાર કરતાં પણ ત્રાસ છૂટશે. એમ ન થાય અને બગડેલી બાજી હજી પણ સુધરે માટે ભાઇઓ ! તમારા હાથ લાંબા કરો; તમારા હાથ લાંબા કરો."

"સાહેબો, જ્યારે તમે મ્હારી વાતો સાંભળવાસારૂજ ચાહીને મ્હારે ઘેર આવ્યા છો ત્યારે તો લાંબા હાથ કરવા માટેની હજી પણ મ્હારી એક વાત સાંભળો:– હું જ્યારે ન્હાનો હતો ત્યારે ગામને પાદરે રમવા જતો, ત્યાં એક પીપરનું મ્હોટું ઝાડ હતું, તેનું થડ બહુ જાડું હતું, તે મ્હારી બાથમાં આવી શકતું નહિ, તેથી અમે ચાર પાંચ છોકરાઓ એક બીજાના હાથ મીલાવીને તે ઝાડના થડની આસપાસ વિંટાળતા, એટલે તે મ્હોટું થડ અમારી બાથમાં આવી જતું હતું. હવે તમે વિચાર કરો કે જો અમે ઘણા જણ મળીને એવી રીતે લાંબા હાથ ન કરીએ તો એ મ્હોટું ઝાડ અમારી બાથમાં આવી શકે નહિ. અમે ન્હાનાં છોકરાંઓ એવા મ્હોટા ઝાડનો ઘેરાવો

આપી લઇએ તેથી એ વખતે અમોને બહુ આનંદ થતો. આ સાદી ને બનેલી વાત છે. જો કે આ વાતમાં કાંઈ વિશેષતા નથી, તોપણ આપણી થોડી શક્તિ છતાં પણ લાંબા હાથ કરવાથી છેક ક્યાંસુધી પહોંચી શકાય છે, તે સમજવા માટે આ દાખલો જરૂરનો છે."

ગુણી તથા જ્ઞાની માણસોની કામગીરીઃ-

"ભાઇઓ! યાદ રાખજો કે તમે ગમે તેવા સમર્થ હશો તોપણ એકલે હાથે તાળી નહિ પડે, માટે આપણે જગતના ગુણી ને જ્ઞાની માણસોને આપણી મદદમાં લઈ આપણા હાથ લાંબા કરતાં શીખવું જોઇએ. એ લોકો આપણી મદદમાં આવવા તૈયાર છે, તેઓ તમારાં યંત્ર બનવા તૈયાર છે, તેઓ તમારાં ઝાડુ બનવા તૈયાર છે, તેઓ તમારો જમણો હાથ બનવા તૈયાર છે, અને તેઓ તમારા નોકર બનવા તૈયાર છે; છતાં પણ યાદ રાખજો કે તેઓ તમારા મુકુટ ઉપર રહેવા યોગ્ય છે, તેઓની મહેનતના તમો આભારી છો, તેઓની મદદથીજ તમે સુખી છો, તેઓએ પોતાના સુખના ભોગે તમોને આબાદ કર્યા છે, અને જગતને આગળ વધારવામાં તેઓ દેવદૂત જેવા છે. તેઓ જગતનાં રત્ન છે, અને માનને યોગ્ય છે, એટલુંજ નહિ પણ ગુણી તથા જ્ઞાની માણસોની કામગીરી શું છે, એ તમે જાણો છો? સ્વર્ગ અને આ આપણી પૃથ્વીની વચ્ચે જોડાણ કરવું એ તેઓની કામગીરી છે. સ્વર્ગની સુંદર કારીગીરી, સ્વર્ગનું અખૂટ સામર્થ્ય, સ્વર્ગની બેસુમાર સમૃદ્ધિ, સ્વર્ગનું પવિત્ર દેવતાઇ જ્ઞાન અને ઇશ્વરીસ્નેહ એ સર્વને કોઇ ને કોઈ રીતે આ પૃથ્વીમાં ખેંચી લાવવાં, એ તેઓની કામગીરી છે. આવી ઉત્તમ ફરજ તેઓ બજાવે છે માટે તેઓ માન તથા દાનને પાત્ર છે. અને તેમ છતાં પણ જો તમે તેની કિંમત નહિ સમજો, તેઓને તમારી બાજુમાં નહિ લો, તેઓની

કદર નહિ કરો અને તેઓની દરકાર નહિ કરો, તો યાદ રાખજો કે પ્રભુ તમારે માટે દિલગીર થશે; કારણ કે તમારા હિતને માટે તમોને એવાં અમૂલ્ય રત્ન આપ્યાં છે. છતાં તમે તેની કિંમત ન સમજો એનો અર્થ શું? એનો અર્થ જ્ઞાનીઓ એમ કરે છે કે, ડુક્કરોને મોતી + + + + "

માસ્તરે કહ્યું:—"કવિરાજ ક્ષમા કરો. તમારી ટ્રેન તો બહુ હદ ઉપરાંત જાય છે!"

સાહેબ, કહેવું તો પડશે!

કવિરાજે કહ્યું:—"જો હું હદ ઉપરાંત ન જાઉં તો પછી હું ચક્રમ શેનો? ધરાર હું તો સાચું કહીશ, માઠું લાગે તો માફ કરજો, ને દુઃખ લાગે તો ઘેર જઇને બે રોટલા વધારે ખાજો, પણ સાહેબ, કહેવું તો પડશે! તમારા જેવા યોગ્ય અધિકારીઓ પાસે પણ જ્યારે અંતર ખોલીને સાચીવાતો નહિ કહીએ ત્યારે પછી અમારૂં અંતઃકરણ નહિ ડંખે કે? અને જ્યારે તમારા જેવા વિદ્વાનો પણ સાચું સાંભળતાં મ્હોં મરડશે ત્યારે પછી અમારે કોની આગળ અમારૂં દુઃખ રડવું? તમારે તો અમારો ઉપકાર માનવો જોઇએ, કારણ કે મ્હારા જેવા ચક્રમવિના પોતાના સુખ ઉપર પૂળો મૂકીને તથા તમારા જેવા મ્હોટા ગૃહસ્થોની નતિરાજી ખેંચી લઇને આવું સાચું બીજું કોણ કહે? માટે ભાઇઓ, મ્હોં બગાડો નહિ, પણ મ્હારા હેતુઓ સમજો. હું કોને ખાતર કહું છું તે સમજો. હું કેવી જાતની લાગણીથી કહું છું તે સમજો; અને મ્હારા અંતરમાં સ્વદેશ, સ્વધર્મ તથા આપણા બંધુઓને માટે ઇશ્વરીસગાઇના પ્રેમનો કેટલો બધો ખજાનો ભરેલો છે, એ તો જરા જુઓ? જો એ બધું તપાસશો તો તમારી ખાત્રી થઈ જશે કે તમારા હાથ લાંબા કરવાના હેતુથીજ કોઈ કોઈ વખત મ્હારાથી સખ્ત ભાષા વપરાઈ જાય છે."

લાંબા હાથ કરવા એટલે શું ?

"લાંબા હાથ કરવાથી બ્હી જાઓ નહિ. લાંબા હાથનો અર્થ કાંઇ એવો નથી કે તમારે બધું લૂંટાવી દેવું, લાંબા હાથનો અર્થ કાંઈ એવો નથી કે ઘર બાળીને તીર્થ કરવાં, લાંબા હાથનો અર્થ કાંઇ એવો નથી કે "પાડોશણને આટો આપો ને ઘરનાં ચાટે ઘંટી," અને લાંબા હાથનો અર્થ કાંઇ એવો નથી કે, "કાજી દુબળા કયું? તો કે સારા શહેરકી ફીકર;" પણ લાંબા હાથનો અર્થ એટલોજ છે કે દેશ–કાળ જોઇને, આપણી સ્થિતિના પ્રમાણમાં આપણા લાયક ભાઇબંધોને બની શકે એટલી કોઈપણ રસ્તે મદદ આપવી જોઇએ. એ મદદ અમુક જાતની કે અમુક રીતનીજ હોવી જોઇએ એમ કાંઈ નથી, પણ પોતાની અનુકૂળતા પ્રમાણે, પોતાના શોખ પ્રમાણે અને આપણા ભાઇબંધોની જરૂરિયાત પ્રમાણે તે હોવી જોઇએ. જો એમ થાય તો આપણુને ભારે ન પડે તેવી રીતે ઘણું કામ થઈ જાય છે. જેમકેઃ—મોજ–શોખમાં ઉછરેલા ગર્ભશ્રીમંતો અનેક જાતની ઉપાધિને લીધે પોતે વિદ્વાન બની શકે તેમ ન હોય, તોપણ જો તેઓ ધારે તો આગળ વધી શકે. તેવા હુશિયાર ગરીબ છોકરાને થોડી ઘણી મદદ આપી વિદ્વાન બનાવી શકે તેમ છે. આપણા રાજાઓ કે તેમના કારભારીઓ જમીનની અંદરની ખાણોનો શોધ કરવા જઈ શકે તેમ નથી, પણ જો તેઓ ધારે તો એવી જાતના શોધ કરનાર કેટલાંક માણસોને ઉત્તેજન આપી શકે તેમ છે. આપણા શેઠીઆઓને રસાયણશાસ્ત્રના પ્રયોગો કરવાની ફુરસદ નથી, અને તેઓનાં ભેજામાં મોજ–શોખનો પવન ભરાઈ ગયાથી એવી કડાકૂટની વાતો તેમના ગળે ઉતરી શકે તેમ પણ નથી, પણ જો તેઓ ધારે તો જે માણસો એવી જાતના પ્રયોગો કરી શકે તેમ છે એવા વેપાર વધારનારાઓને ટેકો આપી શકે તેમ છે.

આપણા મુદ્રાશાસ્ત્રીઓ હવે વિજળીનું શાસ્ત્ર શીખી શકે તેમ નથી, પણ જો તેઓ ધારે તો રખડતાં ભીખારીઓમાં, કેદીઓમાં ને ગામડાંઓના અજ્ઞાન લોકોમાં ધર્મનો ઉપદેશ કરી શકે તેમ છે. આપણા ડૉક્ટરો ધર્માદા દવાખાનાં કદાચ ન કહાડી શકે, પણ ખાનગી રીતે ન્હાના પાયા ઉપર મહાગુણવાળી અમૂલ્ય દેશીદવાઓનો શોધ કરી શકે તેમ છે. આપણા ધર્મગુરૂઓ યૂરોપ–અમેરિકા જઇને પોતાનો ધર્મ ફેલાવી શકે તેવા ન હોય, તોપણ જો તેઓ ધારે તો પોતાનાં મંદિરોમાં તો જમાના પ્રમાણે સુધારા કરી શકે તેમ છે. આપણે રાજ્યમાં સુધારા કરી શકીએ તેવા સંયોગોમાં નથી, તોપણ જો ધારીએ તો આપણી અગવડોની ચર્ચા ચલાવીને અરજ કરી શકીએ તેમ તો છીએ, અને જે આપણી તરફથી આપણા હક્ક માટે કાયદાપૂર્વક પ્રોટેસ્ટ કરવા ઉઠે તેની સાથે મળીને તેને ટેકો આપી શકીએ તેમ તો છીએ. આપણે આપણાં જ્ઞાતિબંધનોને લીધે કુંટુંબના મોહને લીધે, ઓછી હિંમતને લીધે તથા અહિં અનુકૂળતા હોવાને લીધે કદાચ દૂર દેશ ન જઈ શકીએ તો રહ્યું, પણ જેઓ દૂર દેશ જઇ શકે એવા ઉત્સાહી યુવાન ભાઇબંધો છે તેઓને કાંઇક સગવડતા કરી આપી શકીએ તેમ તો છીએ. કેટલાક માઠા સંસ્કારોને લીધે આપણે કદાચ ભક્તિ ન કરી શકત્તા હોઇએ, પણ જેઓ પ્રભુના રસ્તામાં-આગળ વધેલા છે, તથા પ્રભુના રસ્તામાં આવવા ઇચ્છે છે તેઓને કાંઇક ટેકો આપી શકીએ તેમ તો છીએ. ગરીબોને આપવા માટે તમારી પાસે ધન ન હોય તો રહ્યું, પણ તમારામાં ચોક્કસ બાબતની જે કાંઇક ખાસ કુશળતા છે તેનો ભેદ તો બીજા કોઇને શીખવો. આપણા સાધુઓ હજી ભલે પોતાની ગાંજાની ચલમો ફોડી ન શકે અને પોતાના મત–મતાંતરો છોડી ન શકે, પણ જે શિષ્યો વરસોનાં વરસો થયાં તેઓની સેવા કરે છે, અથવા બીજા જેઓ

લાયક છે તેઓને જ્ઞાનની ચાવીઓ, ભક્તિની ભાવનાઓ, યોગના ગુપ્ત ભેદો અને જડી–બુટ્ટીયોની ખુબીઓ કે એવું બીજું જે કાંઇ રહસ્ય પોતાની પાસે હોય તે શીખવી શકે તેમ તો છે. પોતાના મ્હોતની સાથે એવી ઉત્તમવસ્તુઓનો નાશ ન થાય તો સારૂં, એટલું તો તેઓએ જાણવું જોઇએ. બીજું કાંઇ પોતાથી ન બની શકતું હોય તો રહ્યું, પણ પ્રભુને ખાતર પોતાના ભાઇબંધોને એટલો વારસો તો આપી જવો જોઇએ. શું એવી જાતના લાંબા હાથ કરવાનું પણ આપણાથી નહિ બની શકે? અગાઉના જૂના વખતમાં સગવડતા ન હોવાને લીધે તમે બહુ ન ભણી શકયા હો તો ફિકર નહિ, પણ હવે ઇશ્વરકૃપાથી જ્યારે ઘણી જાતની અનુકૂળતા છે ત્યારે તમારાં છોકરાંઓને તો કાંઇક એ લાભ આપો; અને તમારી ડોશીઓ ન ભણેલી હોય તો રહ્યું, એ તો જાણે ચાલ્યું, પણ હવે તમારી વહુ, તમારી બ્હેનો ને તમારી દીકરીઓને તો થોડા ઘણા જ્ઞાનનાં ફળ ચખાડો; તે મને તો કેળવણીની નવીરોશની જોવા દો! ટુંકમાં એજ કે જો તમે લેખક હો તો ખુશામતના નહિ પણ ઉંચી જાતના દેશહિતના થોડા લેખો લખવાનો તો પરમાર્થ કરો. જો તમે ગવૈયા હો તો તમારો એ ઇશ્વરીહુન્નર કોઇક લાયક ગરીબ માણસને શીખવીને તેના તો આશીર્વાદ લો. જો તમે મહેતાજી હો તો થોડાંક માબાપોને સમજાવીને તેમનાં છોકરાંઓને નિશાળમાં તો લાવો. જો તમે છાપાવાળા હો તો પ્રજાના, રાજ્યના, અને દેશના હિતના સાચા વિચારો જાહેર કરવાની તો હિંમત રાખો, તથા યોગ્ય લેખકોને દેશસેવા માટે તમારી મારફત જાહેરમાં તો આવવા દો. જો તમે રાજ્યના અધિકારી હો તો પ્રજા સાથે જરાક વધારે છૂટ મૂકીને વર્તવા જેટલી તો ભલાઈ કરો. જો તમે વૈદ્ય હો તો તમારા અનુભવની કેટલીક અકસીર દવા કોઇ પરમાર્થ કરી શકે એવા

માણસને તો શીખવો. જો તમે કારીગર હો તો તમારો હુન્નર શીખીને તમારી પછવાડે બીજા કોઇ પણ પેટ ભરી શકે એવું તો કરો. જો તમે ખેડુત હો તો તમારા ખેતરમાં વધારે અનાજ પેદા થાય અથવા તમારા ગામમાં કોઇ નવી જાતનાં ફળ–ફૂલ થાય એવું તો કાંઇક કરો. જો તમે વેપારી હો ને નવીન શોધ કરી શકો તેમ ન હો તો નવીન શોધોને ઉત્તેજન આપીને–એવી શોધોનો જલદી લાભ લઇને તમારો વેપાર વધારવાની તો તજવીજ કરો. જો તમે વિદ્યાર્થી હો તો તમારી સાથે ભણનારા ગરીબ વિદ્યાર્થીને તમારી ચોપડી વાંચવા આપવાની તો મહેરબાની કરો. જો તમે લશ્કરી ખાતાના અમલદાર કે સિપાઇ હો તો તમારા ભાઇબંધોમાં વીરત્વ વધે એવું તો કરો. જો તમે ગામના પટેલ હો તો તમારા ગામમાં કોઈ પણ માણસ ઉપર કોઇ-પણ જાતનો ગેરવ્યાજબી જૂલમ ન થાય એટલી તો સંભાળ રાખો. જો તમે વકીલ હો ને તમારી મારફતના કેસનું શાન્તિથી સમાધાન થઇ શકે તેમ હોય તો તમારી ફી સારૂ કરીનેજ લોકોને લડાવી ન મારવા એટલી ભલાઇ તો કરો. જો તમે કોઇના ટ્રસ્ટી હો તો તમારે વિશ્વાસે પડેલાંઓ તમારે લીધેજ હેરાન ન થાય એટલી તો કાળજી રાખો. જો તમે સાધુ હો ને બીજું કાંઇ પણ કરી શકો તેમ ન હો તો તમારાં પવિત્ર આચરણોથી તો લોકોને સંતોષ આપો. જો તમે ધર્મગુરૂ હો તો બીજા તો રહ્યા, પણ તમારા ચેલાઓનાં દુઃખો દૂર કરવાની તો કાળજી રાખો; તમારીજ ભૂલોથી તેઓ ન વટલી જાય એટલું તો સંભાળો. જે માતાઓ હોય તેઓએ પોતાનાં છોકરાંઓ નમાલાં ન થાય એટલું તો સંભાળવું જોઇએ. જે વિધવાઓ હોય તેઓએ પોતાનું દુઃખ યાદ કરીને પોતાની બીજી લાખો બ્હેનપણીઓ પોતાના જેવીજ હોળીની ઝાળમાં સદાય ન બળ્યાં કરે એવો તો

કાંઇક દાખલો બેસાડવો જોઇએ. જે આગળ વધેલી સ્ત્રીઓ હોય તેઓએ પોતાની અજ્ઞાન બ્હેનપણીઓ સ્ત્રીઓનું સ્ત્રીપણું સમજે એવી તજવીજ તો કરવી જોઇએ. તમારાથી બીજું કાંઈ પણ ન બની શકે એવા તમે તદ્દન ગરીબ હો તોપણ કાંઈ ફિકર નહિ, એથી પણ દિલગીર થાઓ નહિ, કારણ કે જગતને આગળ વધારવાના ઇશ્વરી-ઉદ્દેશમાં મદદ કરવાની શુભેચ્છા રાખો અને એવાં કોઇપણ જાતનાં ભલાંકામોમાં વિરોધી ન થાઓ; તથા શુભકામમાં "મોભ, મોભ નહિ તો વળી, વળી નહિ તો સળી, અને જો સળી પણ ન આપી શકો તો છેવટ હાં મ્હારા બાપો" એમ લલકારો તો કરો. જો અંતરની લાગણીથી એમ લલકારો કરશો તોપણ દયાળુ ઇશ્વિર તમારી સેવા માની લેશે. સાહેબો, આવી રીતે મન, વચન ને કર્મથી તથા તન, મન ને ધનથી કોઇપણ રસ્તે જેનાથી જેટલી બની શકે તેટલી આપણા ભાઇબિંધોની સેવા કરવી તેને અમે લાંબા હાથ કરવા કહીએ છીએ."

તમે શું પરમાર્થ કરો છો?

આ સાંભળીને અમને બહુ ઉંડી અસર થઇ. એ પછી થોડી વાર રહીને માસ્તરે જરા રમુજમાં કહ્યું કે, "કવિરાજ તમારી વાતો બહુ ખુબીદાર છે, ને અંતરની લાગણીની છે, એમાં કાંઈ શક નથી. તમારા મેલાપથી અમને બહુ આનંદ થયો છે, એટલુંજ નહિ પણ અમે જે માગતા હતા તેજ અમોને મળી ગયું છે; એટલે કે તમારા મેલાપથી અમારી યાત્રા સફળ થઈ છે. પણ હવે અમને કહો કે તમે પોતે શું પરમાર્થ કરો છો? તમને માત્ર આમ વાતો કરતાંજ આવડે છે કે કાંઈ કામ પણ કરો છો? અમે નથી ધારતા કે તમે કાંઈ પરમાર્થ કરી શકતા હો; કારણ કે તમારી વ્હાલી "ઇશ્વિરી ખુબી" ભૂખે મીંયાંઉં મીંયાંઉં કરે છે, ને તમોને પહેરવા બીજું ફાળીયું પણ નથી, એટલે તમે ક્યાંથી લાંબો હાથ કરી શકો?"

અમે તો માત્ર પીરસણીઆ છીએ.

ચક્રમ કવિએ કહ્યું:—"હું ! મ્હારી વાત છોડી દો. હું ગરીબ છું માટે લાંબો હાથ ન કરી શકું એમ તમે કહો છો ? હું તો સ્વર્ગસુધી લાંબો હાથ કરી શકું છું, હું તો દેવતાઓને પકડીને અહિં લાવી શકું છું, અને હું તો ખુદ પ્રભુને માત્ર મ્હારા હૃદયમાંજ નહિ પણ તમારા હૃદયમાં પણ ખડા કરાવી શકું છું ! તમે બહુ પરમાર્થ કરશો તો બેચાર લાખ રૂપિયા ખરચશો, પણ હું તો હજારો માણસના હાથ લાંબા કરાવવાનું કામ કરૂં છું, તેમાંથી કોઈ એવા પણ નીકળી આવશે કે જેનાં કામોની અસર જમાનાઓના જમાના સુધી પહોંચશે ! તમે બહુ દયા કરશો તો થોડાંક જનાવરો બચાવશો, પણ હું તો માણસોમાં નવુંજીવન મૂકવાનું કામ કરૂં છું ! તમે એથી પણ વધારે ઉદાર થશો તો કોઈ પારધી પાસે પીંજરામાં પુરાએલાં થોડાંક પંખીઓને છોડાવી શકશો, પણ હું તો મનુષ્યને અજ્ઞાનની જાળમાંથી છોડાવવાનું કામ કરૂં છું. તમે બહુ કરશો ત્યારે થોડાક ગરીબોને ખીચડું અપાવશો, પણ હું તો આપણા ભાઈબંધોને આત્મિકબળ આપવાનું કામ કરૂં છું. તમે જ્યારે ઘણું કરશો ત્યારે તમારે પોતાને ખાતર તમારી મીલ્કતના પ્રમાણમાં પચ્ચીસ પચાસમો ભાગ દાન કરશો, પણ મ્હેં તો તમારે ખાતર મ્હારૂં સર્વસ્વ અર્પણ કરી દીધેલું છે. તમે જ્યારે તમારા કુટુંબમાં બહુ બહાદૂર થશો ત્યારે નાહકના કોઈકને નાત બહાર મૂકવા તમારી નાતમાંજ લડવા જશો, પણ હું તો આપણા દેશમાં સ્વર્ગમાં નર્ક થતું જાય છે તેની સામે લડાઈ કરૂં છું. તમે જ્યારે બહુ ધાર્મિક થશો ત્યારે દસવીસ જાતનાં વગર અર્થનાં લફરાંઓ તમારા ગળામાં ઘાલશો, પણ હું તો ઇશ્વરી અભેદ-માર્ગને ખાતર સૌનાં બનાવટી બંધનો કાપવાના ઉપાયો શોધું છું.

તમે જ્યારે બહુ મહેરબાની કરશો ત્યારે તમારા ખીસ્સામાં કે તમારી તીજોરીમાં હાથ નાંખશો, પણ હું તો સૌને મ્હારા હૃદયની આખી તીજોરી સોંપી દેવાનું કામ કરૂં છું. તમે જ્યારે બહુ કરશો ત્યારે તમારા બાપના શ્રાદ્ધને દિવસે બ્રાહ્મણોને લાડુમાં ખૂબ ઘી ખવરાવશો, પણ હું તો જે લઇ શકે તેને માટે સ્વર્ગમાંથી અમૃત ખેંચી લાવું છું; અને તમે બહુ કરશો તો તમારા નોકરો ઉપર તમારી સ્ત્રીઓ ઉપર થોડીવાર અધિકાર ચલાવશો, પણ હું તો જમાનાઓસુધી જ્ઞાનીઓના હૃદયમાં અધિકાર ભોગવી શકીશ. હવે તમે કહો કે અમારા પરમાર્થને તમે કેવી રીતે પહોંચી શકશો ? નજ પહોંચી શકો, કારણ કે અમે વિચારભૂમિકામાં કામ કરનારા છીએ, એટલે આખી દુનિયાનાં ભલાં માણસો અમારી મદદમાં છે, મહાત્માઓ અમોને દોરે છે, દેવો અમોને શીખવે છે, અને પ્રભુ અમારી પાસે રહે છે; એટલે તમે અમને પહોંચી શકશો નહિ. તોપણ એટલું ખરૂં કે એમાં અમારી કાંઇ બલિહારી નથી, અમે તો માત્ર પીરસણીયા છીએ, એ માલ તો કોઇ બીજાનોજ છે; જે અનંતતાના ઝરામાંથી એ બધું ચાલ્યું આવે છે તે ઝરાનો માલિક તો કોઈ જૂદોજ છે. અમે તો તેના દાસ છીએ. એ અનંતતાનો અખૂટ ઝરો જ્યારે તમે જોઇ શકશો ત્યારે તમે સાચોપરમાર્થ કરી શકશો ને ત્યારેજ તમારા જીવનની સાર્થકતા થશે. અમે જોએલો એ ઝરો ધીરે ધીરે ભવિષ્યમાં તમે જોઇ શકો તે સારૂ હાલમાં તમારાથી બની શકે તેવા ન્હાના ન્હાના પરમાર્થ કરવાનું અમે કહીએ છીએ, કારણ કે ભ્રાતૃભાવની ઈશ્વરીસગાઈ સમજીને તે પાળવાથીજ એ ઝરો જલદીમાં જલદી જોઇ શકાય છે; અભેદમાર્ગની ઈશ્વરી-સગાઇ સમજ્યા સિવાય બીજા કોઈપણ માર્ગથી એ ઝરો સ્હેલાઇથી જોઇ શકાય તેમ નથી. માટે અમે તમોને તમારાથી બની શકે તેવા પરમાર્થ કરવાની વિનંતિ કરીએ છીએ; કારણ કે અમે જે કાંઇ

તત્ત્વ મેળવેલું છે અને મેળવીએ છીએ તે ઇશ્વરીસ્નેહમાંથીજ મેળવેલું છે. યાદ રાખજો કે આ કાંઈ ઉપલક વાતોના તડાકા નથી, પણ અમારા અનુભવમાં આવી ગયેલી જીંદગી સુધારવાની કુંચી તમોને બતાવી દઇએ છીએ; અને પ્રાર્થના કરીએ છીએ કે, હે પ્રભુ! તમારા ઐશ્વર્યનાં તાળાં ખોલનારી પરમાર્થની કુંચી વાપરવાની સૌના હૃદયમાં પ્રેરણા કરો."

બીજાઓને આનંદ આપીએ, તોજ આપણે આનંદ મેળવી શકીએ.

મહારાજજી! ચક્રમ કવિની આ બધી વાતો એવી અસરકારક હતી કે એ સાંભળીને હું તો દંગજ થઈ ગયો! મ્હારા માસ્તર ઘણાં વરસ થયાં આમાંનું કાંઈકાંઇ કહેતા હતા, પણ તે તો ઘરનું માણસ, એટલે તેના બોલવાની મ્હારી ઉપર જેવી જોઇએ તેવી અસર થતી નહોતી; પરન્તુ ચક્રમ કવિના ઇશ્વરીસંગાઇના ઉંચી જાતના વિચારોથી હું અજબ થઈ ગયો, અને એવા વિશાળ હૃદયનાં શુદ્ધ સ્નેહવાળાં દેશહિતકારી આત્મજ્ઞ માણસોની પૂજા કરવી જોઇએ, એમ મને લાગ્યું, એટલુંજ નહિ પણ ત્યારથી મ્હારૂં જીવન બદલાયું. એજ વખતે તે ભીખારણ પાસેથી એ બચ્ચાને મ્હેં વેચાતું લઇ લીધું, અને ચક્રમ કવિએ એક કુળવાન ગરીબ વિધવાની સંભાળ નીચે તે બાળકને સોંપ્યું. એ બદલ દર વરસે તે બાઇને સો રૂપિયા આપવાનો મ્હેં ઠરાવ કર્યો, એથી તે બાઇ બહુ ખુશી થઇ. એ પછી તે ભીખારણને એક ખેડુતને ત્યાં રાખી આપી. એ ખેડુત તેને ખોરાકી–પોશાકી આપે અને એ બાઈ તેના ખેતરનું કામકાજ કર્યા કરે, એવો ઠરાવ હતો. તે ખેડુતને માણસની જરૂર નહોતી અને વળી તે ગરીબ તથા ભલો માણસ હતો, માટે મ્હેં તેને એ ડોશીના ખર્ચ સારૂ દર મહિને

બે રૂપિયા આપવાનું કબૂલ કર્યું. તમને લાગશે કે મહિને માત્ર બેજ રૂપિયા ! પણ સાહેબો ! બે રૂપિયામાં તો બે મણ બાજરી આવે છે, અને તે એક માણસને આખો મહિનો ચાલી શકે છે. ઇશ્વરની કૃપાથી આપણા દેશમાં સૌ ચીજો આવી સસ્તી છે, છતાં પણ આપણા બંધુઓ ભૂખે મરી જાય છે, તેનો કોઈ ભાવ પૂછતું નથી, એજ દિલગીરી છે. એ છોકરો પાંચ વરસનો થયા પછી મ્હેં તેને મ્હારે ઘેર તેડાવી લીધો. હાલ તે સત્તર વરસની ઉમ્મરનો થયો છે, અને તમે સાંભળીને ખુશી થશો કે આ સાલ તે મેટ્રિકમાં ચ્હડતે નંબરે પાસ થયો છે ! મહારાજજી ! હું જ્યારે એ છોકરાને જોઉં છું ત્યારે મને કાંઇક ખાસ આનંદ થાય છે. મને એમ લાગી જાય છે કે, ઓહો ! ઇશ્વરની ખુબી તો જુઓ ! પ્રભુએ તો આ દુનિયા રત્નોથીજ ભરેલી છે, પણ આપણે એ રત્નોને મેળવી જાણતા નથી, કેળવી જાણતા નથી, એ આપણીજ ખામી છે. એજ છોકરો જો તે ભીખારણની પાસે રહ્યો હોત તો તેના શું હાલ થાત ? ક્યારનો તે મરી ગયો હોત, અને કદિ જીવ્યો હોત તોપણ તે કેવી અધમ-સ્થિતિમાં હોત ? ખરેખર માણસો સંયોગને આધારે છે, માટે આપણા સૌ ભાઇઓને સારા સંયોગો મળે એવી તજવીજ કરવી, એ આપણી ફરજ છે. ક્યાં એ ભીખારણની સ્થિતિ ? ક્યાં એ છોકરાની માનું મ્હોત ? ક્યાં એ છોકરાનું ભૂખે રોવું ? અને આજે ક્યાં એ છોકરાનું કાલિદાસ ને શેકસપિયરનું વાચન ? આ બધી સરખામણી જ્યારે મ્હારી નજર આગળ તરી આવે છે ત્યારે મને એમ લાગી જાય છે કે બીજાનું જીવન સુધાર્યાથીજ આપણું જીવન સુધરે છે, બીજાઓને મદદ આપ્યાથીજ પરમાત્મા આપણને મદદ આપે છે, બીજાઓને અંધકારમાંથી ખેંચીએ તોજ આપણે ઇશ્વરીપ્રકાશમાં જઈ શકીએ છીએ, બીજાઓને આનંદ આપીએ તોજ આપણે આનંદ મેળવી

ચાહીએ છીએ, અને બીજાઓની ઉન્નતિ કરીએ તોજ આપણી ઉન્નતિ થઈ શકે છે. આ કાંઇ કલ્પિત વાતો નથી, પણ હું પ્રત્યક્ષ રીતે મ્હારા જીવનમાં અનુભવી શકું છું કે મ્હારી મદદથી જેટલે દરજ્જે એ છોકરો સુધરતો જાય છે તેટલે દરજ્જે મ્હારો આત્મા વિકાસ પામતો જાય છે, અને તેટલે દરજ્જે મ્હારો આનંદ વધતો જાય છે. હું આવો સિદ્ધાંત રજુ કરવાની હીમ્મત કરૂં છું તેનું કારણ એ છે કે મ્હારા માસ્તર તથા ચક્રમ કવિની મહેનતનાં ફળરૂપે થએલા મ્હારા "પુઅર વર્ક હાઉસ" માં આજે દસ વરસ થયાં એવી જાતના સેંકડો દાખલા હું અનુભવતો આવું છું. માટે મ્હારી તો સંપૂર્ણ ખાતરી થઈ ગઇ છે કે જો આપણે સુખી થવું હોય તો બીજાંઓને સુખી કરવાં જોઇએ; અને જો આપણે ઇશ્વરની દયા મેળવવી હોય તો આપણે આપણા ભાઇબંધોની ઉપર દયા રાખવી જોઇએ. ટુંકામાં એજ કે ચક્રમ કવિએ બતાવેલા પ્રાચીન ઋષિયોના પંચયજ્ઞની ખુબી સમજીને તે પ્રમાણે જો આપણે વરતીએ, તો આપણા દેશનું ભલું થઈ શકશે, આપણા સનાતનધર્મની ઉન્નતિ થઈ શકશે, અને જગતમાં પરમકૃપાળુ મહાનપિતા પરમાત્માનો જય જયકાર થઈ રહેશે. પણ એ બધું થવા માટે આપણે લાંબા હાથ કરવા જોઇએ, તથા મ્હોટું મન રાખવું જોઇએ, અને લાંબા હાથ તથા મ્હોટું મન ભ્રાતૃભાવની ઇશ્વરીસગાઈ સમજ્યાથીજ થઇ શકે છે; માટે એ સગાઈ વધારવા સારૂ આપણે આપણાથી બની શકે તેવો પરમાર્થ કરવો જોઇએ.

શ્રીમંતાઈ ઉપર એક જાતનું લાંછન

મહારાજજી, ચક્રમ કવિના સત્સંગનો લાભ લેવા સારૂ અમે ચાર દિવસ સુધી ખાસ ચાહીને ત્યાં રોકાઈ ગયા હતા, અને એ ચારે દિવસ બહુ આનંદમાં ગયા હતા. એ પછી જતી વખત એક

સારી જેવી રકમ હું તેને બક્ષીસ આપવા લાગ્યો, પણ તેમણે તે લેવાની ઉપકાર સાથે ના પાડી. તેમણે કહ્યું કે, "અમને કામ આપો, પૈસા આપીને ઉલટા અમોને વધારે ભીખારી શા માટે બનાવો છો?" છેવટે મ્હેં તેને એવી અરજ કરી કે, તમારાં પુસ્તકો છપાવવાની મને રજા આપો. એ માગણી તેમણે ખુશીથી કબૂલ કરી, તેથી તેમનાં પુસ્તકોનાં ભાષાંતર કરાવીને હું છપાવું છું, અને કોઈ કોઇ વખત છુપે નામે તેમને નાણું મોકલ્યાં કરૂં છું; કારણકે એવો વિદ્વાન માણસ એવી કંગાળ સ્થિતિમાં રહે તે અમારી શ્રીમંતાઈ ઉપર એક જાતનું લાંછન છે, અને આપણા દેશ ઉપર એ એક જાતનો શ્રાપ છે, એમ હું સમજું છું. તે તો વિચિત્ર અને ફાંટાબાજ માણસ છે, એટલે તેને કાંઈ દરકાર નથી, પણ ઇશ્વરકૃપા છતાં આપણે જો એવા ઉચ્ચભૂમિકાવાળા મહાત્માઓની ખબર ન રાખીએ તો તે આપણી બહુ મ્હોટી ભૂલ છે; માટે સમજવા છતાં એવી ભૂલ ન થાય તે સારૂ હું પ્રસંગોપાત કાંઈ કાંઇ તેને જાણ્યા કરૂં છું. હજી તો એ કવિના ઘણાએ વિચારો જાણવા જેવા છે, પણ આજે ટાઇમ થઈ ગયો છે, અને હજી આપણા બીજા ભાઇઓના અનુભવ પણ આપણે જાણવાના છે, માટે હું આ વાત બંધ કરૂં છું, અને સૌ ભાઇઓનો એટલો બધો કિંમતી વખત લેવા માટે હું માફ માગું છું.

મ્હારા પંડને સુધારવા મ્હેં કરેલી નોંધઃ-

મ્હેં કહ્યુંઃ—માય! ઓહોઃ એવો વખત તો સૌનો લેજો. મીરઝી સાહેબ, તમારી કાઠીયાવાડી ગામઠી પાઘડી જોઇને મને એમ નહોતું લાગતું કે તમે આવા ઉંચી જાતના ખુલા વિચારો ધરાવતા હશો. બેશક, તમે તો બહુ ઉંચી જાતનો માલ અમોને પીરસ્યો છે.

આ વખતે ગુણગ્રાહક વાચનારાઓને મ્હારે જણાવવું જોઇએ કે,

ચક્રમ કવિએ જે વાતો પોતાના જીગરના પ્રેમથી કહી તે વાતો તેવીજ લાગણીદાર ભાષામાં સત્તર વર્ષ પછી મીસ્ત્રી સાહેબ અમોને તેના જેવી અસરકારક રીતે કહી શકે નહિ, એટલુંજ નહિ પણ મીસ્ત્રી સાહેબે અમોને ખરાભાવથી પોતાના જાતિઅનુભવમાં આવેલી સાદી સાચી વાતો પોતાની મનોરંજક કાઠીયાવાડી ગામઠી બોલીમાં બધાંને હસાવતે હસાવતે એકટીંગ સાથે કહી તેવી રીતે કાંઈ મને લખતાં આવડે નહિ, કારણ કે આ પુસ્તકમાં આવેલા બધા પ્રસંગો ને બધી વાતો કાંઇ એકજ દિવસના કે એકજ ઠેકાણાના બનાવો નથી, પણ જૂદે જૂદે દિવસે ને જૂદે જૂદે વખતે બનેલા બનાવોની આ તો માત્ર નોંધ છે. એ નોંધ મ્હારી ફુરસદે સરખી રીતે ગોઠવીને મ્હારા સંતોષને ખાતર અને મ્હારા પંડને સુધારવા ખાતર મ્હેં લખેલી છે, એટલે તેમાં ચક્રમ કવિનું "સ્વર્ગમાં નર્ક" કે પુણેકર બોવાનું "આત્મિક બળ" બરોબર રીતે ન દેખાડી શકાય તો નવાઇ જેવું નથી.

એ પછી મહારાજજીએ કહ્યુ કેઃ—મીસ્ત્રી સાહેબ, તમે તો ખુબી કરી ! આ બધી વાતો ઉપરથી મને એમ લાગે છે કે આપણા વિચારોમાં તો ઉત્તમતા આવતી જાય છે, પણ હવે તે ઉત્તમતા આપણાં આચરણોમાં લાવવાની જરૂર છે. ઇશ્વરકૃપાથી તમારાં તો આચરણમાં પણ કેટલીક બાબતો આવી ગઇ છે, એ બહુ આનંદની વાત છે.

મીસ્ત્રીએ કહ્યુંઃ—મહારાજજી, એમાં કાંઇ મ્હારી ખુબી નથી. હું તો ભોળો અજ્ઞાન ગામડીયો હતો. એ ખુબી તો આપના જેવા મહાત્માઓના સત્સંગના પ્રતાપથી છે.

રાજદ્વારી સત્સંગ

ઑનરેબલે કહ્યુંઃ—બેશક, સત્સંગની ખુબી કાંઈ ઓરજ છે. મ્હેં કાંઈ સાધુ—સંતનો સત્સંગ નથી કર્યો, પણ મ્હેં તો રાજદ્વારી પુરૂષોનો

સત્સંગ કરેલો છે, અને તેમાંથી મને બહુ આનંદ મળેલો છે, એટલે હું ધારૂં છું કે એ સત્સંગમાંથી જેમ હું મ્હારી જીંદગી સુધારી શક્યો તેમ બીજા સત્સંગોથી પણ લોકો કાંઈ કાંઇ મેળવી શકતા હશે.

પંડિતજીએ કહ્યું:—સાહેબ, માફ કરજો, પણ મને કહેવા દો કે રાજદ્વારી ગોટપીટ એ કાંઇ સત્સંગ કહેવાય નહિ. અમે પંડિતો તો હમ્મેશાં એવાજ વિચારો ધરાવીએ છીએ કે રાજદ્વારી ખટપટો કરવી એ પ્રપંચી માણુસોનું કામ છે, એટલુંજ નહિ પણ "રાજને અંતે નરક છે," એમ અમે માનીએ છીએ, અને તમે રાજદ્વારી વિચારોને સત્સંગ કહો છો! પણ એ વાત અમારે ગળે કેમ ઉતરશે?

ઑનરેબલે કહ્યું:—એ વાત તમારે ગળે ઉતરતી નથી માટેજ તમોને ભીખ માગવી પડે છે, એ વાત તમારે ગળે ઉતરતી નથી માટેજ તમારે બાફણું બાફવાં પડે છે, એ વાત તમારે ગળે ઉતરતી નથી માટેજ તમારે અમારાં પાણી ભરવાં પડે છે, એ વાત તમારે ગળે ઉતરતી નથી માટેજ તમારે મંદિરોમાં અમારાં પગરખાં સાચવવાં પડે છે, અને એ વાત તમારે ગળે ઉતરતી નથી માટેજ તમે જેનો તિરસ્કાર કરો છો તેવા લોકોની સાથે તમારાં જનોઈ—કંઠી તોડીને તમારા બંધુઓને કેદખાનામાં રહેવું પડે છે!! યાદ રાખજો કે જ્યારે બ્રાહ્મણો રાજનીતિને પણ ધર્મનું એક અંગ સમજીને તેમાં ધ્યાન આપતા હતા ત્યારેજ તેમની પૂજા થતી હતી; અને ત્યારેજ દેશ આબાદ હતો તથા ધર્મ તેના પૂર બ્હારમાં હતો. જ્યારે બ્રાહ્મણો રાજ્યનું એક અંગ બનતા, એટલે કે રાજાની મદદમાં રહીને—રાજાના સલાહકાર થઇને રાજા જેમ પ્રજાની ઉપર બહારની હકુમત ચલાવે છે તેમ ધર્મગુરૂઓ જ્યારે લોકોના અંતરમાં હકુમત ચલાવતા ત્યારેજ હિંદુસ્તાન આખી દુનિયામાં સૌથી શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ હતું, ત્યારેજ રાજાઓ પોતાની ફરજો બરાબર બજાવતા હતા, અને ત્યારેજ—જ્યારે બ્રાહ્મણો

–જ્ઞાનીઓ રાજાઓની મદદમાં હતા ત્યારેજ–જગતને આગળ વધારનારા ને પ્રજાનું હિત કરનારા નવા નવા શોધ–ખોળ થયા હતા. એ બધું ભૂલી જઇને, આપણી આટલી બધી પડતી થઇ ગઈ છે. છતાં પણ હજી એમ કહો છો કે, “રાજને અંતે નરક છે!” આથી વધારે દિલગીરી બીજી શું?

રાજ્યને મદદ કરવી અને પોતાના હક્ક સંભાળવા, એ દરેક માણસની ફરજ છે.

બાવાજીએ કહ્યું:–દિલગીરી કાયકી? રાજ કે અંતે નર્ક નહિં તો ઓર કયા હે? રાજદ્વારી પ્રપંચોકુ હમ સત્સંગ કીસ તરેહસેં માને? ઐસા જ્ઞાન આપકી પાસહી રખના, હમ એ બાત કબહુ ન માનેગા!

ઑનરેબલે કહ્યું:–બાવાજી, જરા વિચાર કરીને બોલો. રાજને અંતે નરક છે, એમ કહેવાને બદલે, જૂલમને અંતે નરક છે, અંધર્મને અંતે નરક છે, પાપને અંતે નરક છે, ફરજ ન બજાવ્યાને અંતે નરક છે, અને મૂર્ખાઇને અંતે નરક છે, એમ કહો. જો રાજને અંતે નરક હોય તો ભગવાન રામચંદ્રજીએ હજારો વર્ષ રાજ્ય કર્યું હતું તેઓ ક્યાં ગયા? ધ્રુવે છત્રીસ હજાર વર્ષ રાજ્ય કર્યું હતું તેઓ ક્યાં ગયા? જનકવિદેહી ક્યાં ગયા? દ્વારિકાના રાજા શ્રીકૃષ્ણભગવાન ક્યાં ગયા? અને વિક્રમ તથા શાલીવાહન ક્યાં ગયા? મહારાજા દિલીપ તથા શિબિ, માંધાતા અને યુધિષ્ઠિર, સગર તથા પૃથુ અને હરિશ્ચંદ્ર તથા મનુ ક્યાં ગયા? શું એ બધા નરકમાં ગયા છે? જો રાજને અંતે નરક હોય તો એ બધા આપણા પૂજનિય પૂર્વજોના શું હાલ થાય? ભટ્ટજી મહારાજ, યાદ રાખજો કે નરક તો અજ્ઞાનને અંતે છે, નરક તો ગુલામગીરીને અંતે છે, નરક તો સ્વદેશાભિમાન ભૂલી જવામાં છે, નરક તો લોકોને બાયલા બનાવવામાં છે, નરક

તો લોકોને ઉંધેરસ્તે દોરવામાં છે, અને નરક તો પ્રભુને ભૂલી જવામાં છે. રાજ તરફની ફરજો બજાવવામાં કાંઈ નરક નથી. જો એમ ન હોત તો સહસ્રાર્જુનનો જૂલમ તોડવાથી પરસુરામ નરકમાં જાત. રામને રાજકીય સલાહ આપવાથી મહાત્મા વસિષ્ઠનું ઋષિપણું રહેત નહિ. ઈંદ્રના રાજકાજમાં ભાગ લેવાથી બૃહસ્પતિનું બ્રાહ્મણપણું મટી જાત. પોતાના માલેક તરફથી ઘોરયુદ્ધ કરવાથી દ્રોણાચાર્યને લાંછન લાગત, અને રૈયતને દુઃખ દેનાર અધર્મી વેનરાજાને મારી નાખનાર બ્રાહ્મણોને મ્હોટી શિક્ષા થાત. પણ એવું કાંઈ થયું નથી. એથી સિદ્ધ થાય છે કે રાજ્યને મદદ કરવી અને પોતાના હક્ક સંભાળવા, એ દરેક માણુસની ફરજ છે; કારણ કે રાજ્યની બાબત એટલી બધી મ્હોટી છે કે રૈયતની મદદવિના ગમે તેવો હુશિયારમાં હુશિયાર રાજા પણ સરખી રીતે રાજ્ય ચલાવી શકે નહિ, અને ગમે તેવું સારૂં રાજ્ય હોય તોપણ હમ્મેશાં ઘણા અમલદારો એવા સ્વાર્થી હોય છે કે જો રૈયત રાજ્યના કામકાજમાં ધ્યાન આપે નહિ તો તેમના બધા હક્ક સચવાયજ નહિ, માટે આપણા હક્ક સાચવવા સારૂ અને જે રાજા આપણા દેશનું, આપણા ધર્મનું તથા આપણી માલ–મિલકતનું રક્ષણ કરે છે તેને મદદ કરવા સારૂ આપણે રાજદ્વારી બાબતોમાં ધ્યાન આપવું જોઇએ. એવી ફરજ બજાવવાની બાબતને તમે નરક કહો છો એ જોઇને હું અજબ થાઉં છું. બોલો બાવાજી, હવે તમારે કાંઈ કહેવું છે ?

બાવાજીએ કહ્યું:–તુમ હજાર બાત કરો, હમ તો તુમ્હારી એકભી બાત નહિ માનેગા. હમ તો એકહી બાત સમઝતે હૈ કે રામજીકું છોડકે ઔર જો કુછ કરનાં સો સબ જૂઠા હૈ.

પ્રૉફેસરે કહ્યું:–આપણા બાવાજી મહાત્માઓ કાંઇ એમ સમજવાના છે? તેઓને ગાંજાની ચલમ ને સદાવ્રતનું ખીચડું મળ્યું

એટલે જાણે થઈ ચૂક્યું ! દુનિયા જાય જહાંનમની ખાડમાં, એની તેઓને ક્યાં દરકાર છે ! તેઓને ક્યાં વેરા ભરવા છે કે રાજ્યની ફિકર કરે ! ભરવાવાળા ભરશે ને મરનારા મરશે, તેમાં ગુરૂજીને કાંઈ સ્નાન-સૂતક છે ! કયું ગુરૂજી ! વાહરે વાહ ! ગુરૂ તો આવાજ જોઇએ હો !

જોશીએ કહ્યું:—મૂકોની એ પંચાતી, વગર મફતના બાવાજીને શા માટે ચીડવો છો ? "લેના દેના ખેરસલ્લા, ઓર લડનેમેં મજબૂત" એવું કાં કરો ? પરમાર્થની આનંદદાયક વાતો છોડીને આ વાંધાવાળી વાત હમણાં ક્યાંથી કહાડી ?

ઑનરેબલ સાહેબના રાજદ્વારી વિચારો:-

મ્હેં કહ્યું:—જરા આગળ જુઓ તો ખરા, એ પણ સાચાસ્વર્ગનીજ વાતો છે. જો એમ ન હોય તો ઑનરેબલ સાહેબ હમણાં એ વાત છેડત નહિ.

મહારાજે કહ્યું:—એ બાબત પણ જરૂરની છે. ઑનરેબલ સાહેબ, તમારા રાજદ્વારી વિચારો ઠાકોર સાહેબને જણાવો તો સારૂં. એથી ઠાકોર સાહેબને ફાયદો થશે.

ઠાકોર સાહેબે કહ્યું:—હું પણ પણ એજ કહેવાનો હતો, કારણ કે ઑનરેબલ સાહેબે જ્યારે રાજદ્વારી વિચારોનો ખાસ અભ્યાસ કરેલો છે ત્યારે તો આપણે જરૂર તેનો લાભ લેવો જોઇએ.

ઑનરેબલે કહ્યું:—સાહેબ, વીસ વરસ થયાં હું રાજદ્વારી બાબતોનો અભ્યાસ કરૂં છું, તેના પરિણામે હું એવાજ નિશ્ચય ઉપર આવ્યો છું કે જો આપણા દેશનું અને આપણી પ્રજાનું ભલું કરવું હોય તો આપણા દરેક બંધુઓએ જેટલું બની શકે એટલું રાજદ્વારી બાબતોમાં ધ્યાન આપવું જોઇએ; એટલુંજ નહિ પણ મને તો એમ પણ લાગે છે કે જેમ આપણે દરરોજ ધંધા-રોજગારના કલાકો

નીમીએ છીએ, ભક્તિનો વખત નક્કી કરીએ છીએ, કસરત તથા ફરવા—હરવાનો ટાઇમ લઇએ છીએ અને ઉંઘના તથા આરામેસના કલાકો લઇએ છીએ, તેમજ આગળ વધેલા દરેક માણસોએ હમ્મેશાં રાજદ્વારી બાબતો ઉપર ધ્યાન આપવાનો વખત પણ નક્કી કરવો જોઈએ. વળી મ્હારા જાતિઅનુભવથી મને તો એમ પણ લાગે છે કે જેમ આપણને હમ્મેશાં ચ્હા, કૉફી, બીડી કે પાન સોપારીની તલબ થાય છે, તેમ આપણને રાજદ્વારી બાબતોની તલબ થવી જોઈએ. જેમ આપણને ખોરાક ખાવાની ભૂખ લાગે છે તેમ રાજદ્વારી બાબતો જાણવાની ભૂખ લાગવી જોઈએ. જેમ આપણને પાણી પીવાની તરસ લાગે છે તેમ રાજ્યમાં સુધારા કરવાની તરસ લાગવી જોઈએ. જેમ આપણને ફ્રુટ કે મીઠાઇ ખાવાનો શોખ થાય છે તેમ રાજદ્વારી બાબતો જાણવાનો આપણને શોખ થવો જોઇએ. અને જેમ આપણને હમ્મેશાં ઉંઘવાની જરૂર પડે છે; તેમ આપણી ઉપરના રાજ્યમાં આપણો અવાજ હોવાની જરૂર સમજાવી જોઈએ.

પંડિતજીએ કહ્યું:—

રાજદ્વારી બાબતોમાં એટલું બધું ધ્યાન આપવાની શું જરૂર છે?

દરેક લોકો શામાટે એવી કૂટ કરે? લોકોને મમમમના વાંધા છે તે છોડીને રાજદ્વારી પ્રપંચોમાં પડવા તે કયાં જાય? અને આપણે એમાં શું કરી શકીએ?

ઑનરેબલે કહ્યું:—બેશક, આપણી એવી સ્થિતિ છે તેમાં કાંઇ પણ સંદેહ નથી. આપણી એવી સ્થિતિ થઇ છે તેનું મુખ્ય કારણ એજ છે કે, રાજદ્વારી બાબતોમાં આપણો અવાજ નથી. જો રાજદ્વારી બાબતોમાં આપણો અવાજ હોત તો આપણી એવી સ્થિતિ હોત નહિ, જો રાજદ્વારી બાબતોમાં આપણો અવાજ હોત તો

આપણે આવા નમાલા હોત નહિ, જો રાજદ્વારી બાબતોમાં આપણો અવાજ હોત તો આપણે આવા સુસ્ત હોત નહિ, જો રાજદ્વારી બાબતોમાં આપણો અવાજ હોત તો ઘણી જાતની બૂરી રૂઢીઓ આપણામાં હોત નહિ, જો રાજદ્વારી બાબતોમાં આપણો અવાજ હોત તો આપણને ઘણી જાતના ગેરઇન્સાફ થાત નહિ, અને જો રાજદ્વારી બાબતોમાં આપણો અવાજ હોત તો આપણા દેશની આવી દુર્દશા અને આપણી પ્રજાની આવી પાયમાલી થાત નહિ. પણ એ બધું થયું તેનાં ઘણાં કારણોમાં રાજદ્વારી બાબતોમાં આપણો અવાજ નથી, એ પણ એક મુખ્ય કારણ છે.

પંડિતજી! તમે કહો છો કે રાજદ્વારી બાબતોમાં એટલું બધું ધ્યાન આપવાની શું જરૂર છે? પણ હું કહું છું કે તેમાં આનંદ છે ને તે આપણી ફરજ છે. માત્ર આનંદ અને ફરજજ નહિ, પણ આપણું પોતાનું, આપણા દેશનું અને આપણી તથા દુનિયાની ભવિષ્યની પ્રજાનું તેમાં કલ્યાણ છે. તમે કહેશો કે રાજદ્વારી કેટલીક હકીકત જાણવી અને કેટલીક અરજો કરવી એમાં કલ્યાણ શાનું? પણ હું કહું છું કે એમાં બહુ મ્હોટો લાભ છે. અને લાભ થવાનો અર્થ ધન મેળવવું, સદ્‌ગુણો મેળવવા, સ્વતંત્રતા મેળવવી, વધારે હક્ક મેળવવા, તંદુરસ્તી મેળવવી અને દુનિયામાં આગળ વધી ઇશ્વરને રાજી કરવો એવોજ હોય તો, એ બધું રાજદ્વારી બાબતોમાં પ્રજા ધ્યાન આપે તેમાંથીજ થાય છે; માટે આપણે સૌએ જેટલું બની શકે એટલું રાજદ્વારી બાબતોમાં ધ્યાન આપવું જોઇએ.

પંડિતજી! તમે કહો છો કે,

લોકો શામાટે એવી કૂટ કરે?

પણ રાજદ્વારીઓ કહે છે કે, આપણામાં નવો જુસ્સો લાવવા માટે આપણે એ કામ કરવાં જોઇએ. આપણી ભાઇબંધ પ્રજાઓની સાથે

આપણે દુનિયામાં આગળ વધી શકીએ માટે આપણે એ કામમાં ધ્યાન આપવું જોઇએ. આપણને ઘણી જાતના ગેરઇન્સાફ થતા અટકે માટે આપણે એ બાબત સમજવી જોઇએ. આપણા સ્વભાવિક હક્કો લૂંટાઈ ન જાય માટે આપણે એ બાબતનો અભ્યાસ કરવો જોઇએ. આપણા હુન્નર–કળા અને આપણા ધંધા–રોજગાર સચવાય તથા તેમાં વૃદ્ધિ થાય તે સારૂ આપણે રાજ્યની મદદમાં રહેવું જોઇએ; અને આપણી ભવિષ્યની પ્રજાનાં સુખો વધે તે સારૂ આપણે રાજદ્વારી બાબતોમાં ધ્યાન આપવું જોઇએ. તમે કહેો છો કે, આપણને મમ–મમના વાંધા છે; એ વાત ખરી, પણ એમાં કોનો વાંક છે? એ આપણોજ વાંક છે. આપણામાં રાજદ્વારી જાગ્રતિ નથી તેનુંજ એ પરિણામ છે. યૂરોપ, અમેરિકા, આસ્ટ્રેલિયા, ટ્રાન્સવાલ અને જેપાનની જાહોજલાલી જુઓ ! એનું કારણ શું? એનું કારણ પ્રજાનો રાજદ્વારી જુસ્સો એજ છે. એ જુસ્સાની સાથેજ નીતિના, ધર્મના તથા ધંધા–રોજગારના જુસ્સાઓ વધે છે, અને એ જુસ્સામાંથીજ દુનિયાને આગળ વધારનારા બીજા જુસ્સાઓને પોષણ મળે છે. આવો કુદરતી નિયમ હોવાથી જે દેશની પ્રજામાં રાજદ્વારી જાગ્રતિ વધારે હોય, રાજદ્વારી છુટાપણું વધારે હોય અને જે રાજ્યમાં પ્રજાનો અવાજ વધારે હોય તે દેશ અને તે પ્રજાજ દુનિયામાં સૌ કરતાં વધારે આગળ વધેલી હોય છે; એથી ઉલટું જે પ્રજામાં રાજદ્વારી જુસ્સો ન હોય, જે પ્રજા પરાધીન સ્થિતિમાં હોય, જે રાજ્યમાં પ્રજાનો અવાજ ન હોય, જે રાજ્યમાં અમલદારો ઉપર પ્રજામતનો અંકુશ ન હોય, જે રાજ્યમાં પ્રજાના હક્કો સચવાતા ન હોય, જે રાજ્યમાં પ્રજામતની દરકારવિના એકતરફી કારભાર ચલાવવામાં આવતો હોય અને જે પ્રજા પોતાની અજ્ઞાનતા, નબળાઈ તથા પરાધીનતાને લીધે એ બધું ખમી લેતી હોય તે પ્રજા પાયમાલ હોય છે, અને તે પ્રજા કોઇપિણ ઉંચી જાતના આવેશ વિનાની

હોય છે. ચીન, ટીબેટ, અગાઉનું હિંદુસ્તાન, ઈરાન, રૂશિયા અને આફ્રિકાનાં દેશીરાજ્યોની અંદરની સ્થિતિ તપાસો, એટલે તમારી ખાત્રી થશે કે દરેક જાતની ઉન્નતિને રાજદ્વારી બાબતો સાથે સંબંધ છે, દરેક જાતની ઉન્નતિનાં મૂળ પ્રજાના રાજદ્વારી જુસ્સામાં રહેલાં છે, દરેક જાતના સુધારાનો રાજદ્વારી બાબતો સાથે સંબંધ છે, દરેક જાતની આબાદીનો રાજ્યની મદદ ઉપર આધાર છે, અને દરેક જાતનાં સુખ પ્રજાના અવાજવાળી ઉદાર રાજ્યનીતિમાં રહેલાં છે. આ બધું અને એ કરતાં પણ ઘણું વધારે પ્રજાની રાજદ્વારી જાગ્રતિમાં છે, એમ વિદ્વાનોની ખાત્રી થઈ છે, માટે હું કહું છું કે આપણા લોકોએ રાજદ્વારી બાબતોમાં ધ્યાન આપવું જોઇએ.

અંગ્રેજી રાજ્યની ખુબી

પંડિતજી, તમે કહો છો કે આપણે એમાં શું કરી શકીએ? પણ આપણે જો ધારીએ તો એમાં ઘણું કરી શકીએ તેમ છીએ, કારણ કે આપણી ઉપર અલ્લાઉદ્દીન, ઔરંગઝેબ કે ટીપુ સુલતાન જેવા જૂલમી બાદશાહનું રાજ્ય નથી, પણ ઇશ્વરકૃપાથી આપણે તો પ્રતાપી અંગ્રેજ સરકારના ન્યાય અને દયાના રાજ્યમાં છીએ. ધારા સભામાં તો ઘણી વખત મ્હારી ફરજની રૂએ નામદાર સરકાર તથા પ્રજાના હિતને ખાતર મ્હારે સરકારની વિરૂદ્ધમાં બોલવું પડે છે, પણ આજે જ્યારે આપણા મિત્રમંડળમાં એ વાત નીકળી છે ત્યારે તો મને આપણી ભલી સરકારનાં થોડાંક વ્યાજબી વખાણ પણ કરવા દો. હું મ્હારા ખરા અંતઃકરણથી કહું છું કે હાલના વખતમાં આખી દુનિયામાં નામદાર અંગ્રેજ સરકાર રાજદ્વારી દરેક બાબતમાં જેવી છૂટ મૂકીને વરતે છે તેવી છૂટની આશા પ્રજાસત્તાક સિવાય બીજા કોઈ પણ રાજ્ય તરફથી આપણે

રાખી શકીએ નહિ. અંગ્રેજ સરકારના રાજ્યમાં જેવો ઇન્સાફ ને જેવી દયા છે તેવો ઇન્સાફ ને તેવી દયા છેલ્લાં એક હજાર વરસમાં હિંદુસ્તાનને કદિ પણ મળ્યાં નથી. અંગ્રેજ સરકારના રાજ્યમાં પ્રજાને જે સગવડતા છે તેવી સગવડતાના અસલના લોકોને સ્વપ્નમાં પણ ખ્યાલ આવી શકતા નહોતા. અંગ્રેજ સરકાર પ્રજામતની જેટલી દરકાર રાખે છે તેટલી દરકાર બીજાં કોઇ પણ રાજ્યો રાખતાં નથી. અંગ્રેજ સરકાર પ્રજાના હિતને માટે જેટલું ખર્ચ કરે છે તેટલું ખર્ચ બીજાં કોઇકજ રાજ્યો કરતાં હશે; અને ભલે ધીમે ધીમે, પણ જેમ અંગ્રેજ સરકાર પ્રજાના હક્કો વધારતી જાય છે તેમ જૂના વિચારનાં દેશીરાજ્યો કદિ પણ એવા હક્કો આપેજ નહિ; એટલુંજ નહિ પણ પ્રતાપી અંગ્રેજ સરકારનું નસીબ એવું બુલંદ છે કે સિંહો તેની આગળ બકરી થઇ જાય છે, તે જ્યાં જ્યાં પગ મૂકે છે ત્યાં ત્યાં સોનાની ખાણોજ નીકળી પડે છે, તેની જ્યાં જ્યાં નજર પડે છે તે ઉજ્જડ મુલકો પણ આબાદ થઇ જાય છે, તેની આગળ પહાડો પોતાનો ખજાનો રજુ કરે છે, તેની આગળ પૃથ્વી પોતાના પેટમાંની ખાણો બતાવી દે છે, તેની આગળ નદીઓ પોતાના પ્રવાહો બદલે છે, તેની આગળ સમુદ્ર આધીન થાય છે, તેની પાસે આકાશીતત્ત્વો પોતાની ખુબીઓ ખુલ્લી કરે છે, તેની પાસે ઝાડો વધારે ફળો આપે છે, તેની પાસે પૃથ્વી વધારે રસકસવાળી થાય છે, તેની પાસે નવી નવી જાતનાં દૈવતાઈ હથિયારો હાજર થાય છે, અને જ્યાં જ્યાં તેની નજર પડે ત્યાં ત્યાં સોના-રૂપાનો વરસાદ વરસે છે!! આટલી મ્હોટાઇ, આવી કરામત, આવી ખુબી, આવું જાદુ, આવું જ્ઞાન અને આવું ભાગ્યશાળીપણું શ્રીકૃષ્ણના વખત પછી છેલ્લાં પાંચ હજાર વરસમાં આખી દુનિયામાં બીજે કયાંઇ પણ દેખાયું નથી. ઇશ્વરની ઇચ્છાજ એવી છે કે આપણે આપણી [illegible]

પ્રતાપી રાજ્યના ભાગમાં થવું જોઇએ, કારણ કે જો આપણે લાયક થઇએ તો એ ખજાના આપણે વારસદાર છીએ.

આપણા રાજ્યના ભાગ્યશાળીપણામાં આપણો ભાગ છે

અંગ્રેજપ્રજા એ નામદાર બ્રીટીશરાજ્યના મ્હોટા પુત્ર છે, અને આપણે ન્હાના પુત્ર છીએ. અમુક વખત સુધી મ્હોટા પુત્રનો હક્ક વધારે હોય તો એટલો વધારે હક્ક ભલે અંગ્રેજો ભોગવે, આપણને ન્હાના પુત્ર તરિકેના આપણા હક્કો મળે તોપણ ઘણું છે. ભલે પુત્ર ન્હાના હોય પણ અંતે તેના હક્કો કાંઇ ન્હાના હોતા નથી, અને એકજ બાપના બે દીકરા હોય તેમાં એક કાળો ને બીજો રૂપાળો હોય તેથી કરીને કાંઈ કાળા દીકરાના હક્ક ઓછા હોય નહિ. તેમજ આપણે કાળી ચામડીના છીએ તેથી કાંઈ આપણા હક્ક ઓછા હોય નહિ. તેમ છતાં આપણે જોઇએ છીએ કે આપણા હક્કોમાં ફેરફાર છે, અને એ ફેરફાર આપણને પક્ષપાત જેવો લાગે છે, પણ એનું કારણ એ છે કે મ્હોટા ભાઇને એટલે કે અંગ્રેજોને પોતાની શહેનશાહતની સેવા કરવાની જેવી તકો મળેલી છે તેવી તકો ન્હાનાભાઇને એટલે કે આપણને મળેલી નથી. ઇંગ્લેંડની પ્રજાએ પોતાના રાજ્યને માટે જેવા મ્હોટા ભોગો આપ્યા છે, તેવા ભોગો આપણે હજી આપી શકયા નથી. પોતાના બાહુબળથી, પોતાના ધનથી, પોતાની અકકલથી અને પોતાના લોહીથી અંગ્રેજપ્રજાએ પોતાની શહેનશાહત તરફ જેવી વફાદારી બતાવી છે તેવી વફાદારી બતાવવાની તકો હજી આપણને જેટલી જોઈએ તેટલી મળી નથી; કારણકે આપણામાં હજી રાજદ્વારી જુસ્સો જાગૃત થએલો નથી. આપણને આગળ વધારનારા જરૂર જેટલા હક્કો હજી મળેલા નથી, એટલે બ્રિટનના પ્રતાપી પુત્રો નેલસન, વૅલીંગટન, રૉબર્ટસન કે

ગ્લૅડસ્ટન જેવા નિડર સ્વદેશપ્રેમી રાજ્યભક્ત પુત્રો હાલમાં આપણા દેશમાં થએલા નથી, તેથી આપણને આપણા ભલારાજ્યની સેવા કરવાની મહાન તકો મળેલી નથી; અને એવી તકોમાં પૂરી કસોટી ન થાય ત્યાંસુધી આપણે જેટલા જોઇએ તેટલા શહેનશાહતના વિશ્વાસમાં આવી શકીએ નહિ; અને યાદ રાખજો કે જ્યાંસુધી વફાદારીનાં કામોથી આપણે આપણા પ્રતાપી રાજ્યનો સંપૂર્ણ વિશ્વાસ મેળવી શકીએ નહિ ત્યાંસુધી આપણે સંપૂર્ણ હક્કો મેળવી શકીએ નહિ, અને જ્યાંસુધી આપણને આપણા વ્યાજબી હક્કો ન મળે ત્યાંસુધી આપણે સુખી થઈ શકીએ નહિ; માટે રાજદ્વારી હક્કો મેળવવા સારૂ આપણી પ્રજામાં રાજદ્વારી જુસ્સો જાગૃત થવો જોઈએ.

પંડિતજી,

રાજદ્વારી જુસ્સાથી આપણે શું શું કરી શકીએ, એ તમે જાણો છો ?

રાજદ્વારી જુસ્સાથી આપણું જીવન બદલાઇ જાય છે. રાજદ્વારી જુસ્સાથી આપણામાં એક નવી જાતનું બળ પેદા થઈ જાય છે, તેથી આપણે આપણી માયાળુ સરકારને હાલના કરતાં વધારે મદદ કરી શકીએ છીએ, અને જેટલા આપણે સરકારના વધુ મદદગાર થઈ શકીએ તેટલા આપણા હક્કો વધતા જાય છે, અને જેટલા આપણા હક્કો વધે તેટલું આપણું સુખ વધતું જાય છે; એટલુંજ નહિ પણ રાજદ્વારી જાગ્રતિથી જેમ જેમ આપણી પ્રજામાં નવુંબળ આવતું જાય તેમ તેમ પ્રજામતનું રાજ્ય ઉપર મજબૂત દબાણ થતું જાય છે, તેથી વખત આવ્યે આપણા હક્કો આપણને મળ્યા વિના રહેતા નથી. આ બધું અને એ કરતાં ઘણું વધારે પ્રજાની રાજદ્વારી જાગ્રતિથી થઈ શકે છે, માટે મ્હારો તો એ ઠરાવજ છે કે આપણા

દેશની ઉન્નતિને ખાતર પ્રજાનો રાજદ્વારી જુસ્સો વધારવામાંજ મ્હારી જીંદગી ગાળવી.

મ્હારી શાન્તિ ને મ્હારૂં સ્વર્ગ ક્યાં છે?

પંડિતજી, તમારા જેવા જૂના વિચારના મ્હારા એક ભક્તમિત્ર છે, તે પણ મને કહે છે કે, "હવે તમે રીટાયર થઇને પ્રભુભજન કરો. આ ઉપાધિ તે ક્યાંસુધી કરશો? મ્હોતને કિનારે પહોંચ્યા, હવે તો કાંઇક સમજો! સરકારે આમ કરવું જોઇએ ને પ્રજાએ આમ કરવું જોઇએ, એમાં તમારૂં શું વળ્યું? ને એમાં તમે શું કર્યું? એમ કરતે કરતે મરી જશો તો અવગતે જશો. એ પંચાતી ઘણાં વરસ કરી, હવે તો કાંઇક ચેતો." જ્યારે ત્યારે તે મને આવું આવું ઘણું કહે છે, પણ તેની એ વાત મ્હારે ગળે ઉતરતી નથી. હું તેને એમ કહું છું કે, મ્હારી શાન્તિ કાંઇ રાંડીરાંડોની પેઠે ઘરના ખૂણામાં ભરાઈ બેસવામાં કે જંગલની અંધારી ગુફામાં બેસવામાં નથી, મ્હારી શાન્તિ કાંઇ આળસુ થઇને ગાદી–તકીએ કે પથારીમાં પડી રહેવામાં નથી, અને હું કાંઇ મરી ગયા પછીની શાન્તિ માગતો નથી, પણ હું તો મ્હારાં હાલનાં કામમાંથીજ આનંદ શોધું છું. હું તો મ્હારા ભાઇબંધોમાં પ્રવૃત્તિ વધારવામાંથીજ નિવૃત્તિ શોધું છું. હું તો મ્હારા બંધુઓ પોતાના હક્ક સમજતા થાય તોજ મ્હારૂં મ્હોત સુધર્યું એમ માનું છું. મ્હારા બંધુઓમાં રાજદ્વારી નવો જુસ્સો આવે તોજ મ્હારાં લાકડાં ઠંડાં થાય; અને હું તો એમજ માનું છું કે રાજ્યનો ને પ્રજાનો સંબંધ વધારે દૃઢ થવામાં હું કાંઈ પણ અંશે ઉપયોગી થઇ શકું, તોજ મને સ્વર્ગ મળે.

મ્હારૂં ભજન કયું? એ તમને ખબર છે?

મ્હારૂં ભજન મોઢેથી માત્ર રામ રામ કરવામાં નથી, પણ મ્હારૂં

ભજન તો "પ્રભુ અને મ્હારો હક" એમ લોકો સમજતા થાય એવા ઉપાયો કરવામાં છે. મ્હારૂં ભજન કાંઈ માત્ર મંદિરમાં જવાથીજ પૂરૂં થતું નથી, પણ મ્હારૂં ભજન તો લોકોના હૃદયમંદિરમાં તેઓની સાચી સ્વતંત્રતાનો સ્વાભાવિક જુસ્સો ભરવામાં છે. મ્હારૂં ભજન કાંઈ ટીલાં—ટપકાંમાં કે બહારના ડોળ—ડીમાકમાં નથી, પણ મ્હારૂં ભજન તો પ્રજાની ઉપરના કર ઓછા થાય તેવા પ્રયત્ન કરવામાં છે; અને મ્હારૂં ભજન કાંઈ એકજ જડમૂર્તિ પૂજવામાં નથી, પણ મ્હારૂં ભજન તો આપણા કરોડો ભાઇબંધોની સેવા કરવા માટે તેઓને થતો ગેરઇન્સાફ અટકાવવાના કામમાં મંડયા રહેવામાં છે.

રાજદ્વારી મહાત્માઓનું તપઃ–

પંડિતજી, તમે રાજને અંતે નરક કહો છો અને રાજદ્વારી બાબતોને પ્રપંચ કહો છો, પણ અમે એ પ્રપંચમાં પડયા રહીને તેમાંથીજ કેમ તપ કરીએ છીએ એ તમને ખબર છે? તમે અગ્યારસને દહાડે દસવીસ જાતનું બશેર ત્રણશેર ફરાળ કરીને ભૂખ્યા રહ્યાનો ડોળ ઘાલતા હશો અને તેને તપ સમજતા હશો, પણ અમે તો માલ માલ ખાઇએ છીએ, અને તોપણ રાજ્યના અમલદારો તરફની કેટલીક જાતની પોલ જોઇને તથા પ્રજાને ઘણી જાતના ગેરઇન્સાફ થતા જોઇને મ્હારૂં કલેજું અંદરથી એવું બળી જાય છે કે મ્હારૂં ખાવું—પીવું તો કયાંઇ ભસ્મ થઇ જાય છે; એટલે માલ માલ ખાધા છતાં પણ પરમાર્થની એ ફિકરને લીધે હું તો સાવ ભૂખ્યોજ રહું છું. તમે જન્માષ્ટમી, શિવરાત્રિ, રામનવમી કે એવાજ બીજા કોઇ મ્હોટા દિવસે જાગરણ કરીને રોજ કરતાં ઉલટી વધારે મોજ—મજા ઉડાવતા હશો અને તેને તપ સમજતા હશો, પણ મને તો આપણા દેશના રાજદ્વારી હક્કો માટે જ્યારે ત્યારે ઉજાગરા થાય છે. ઘણી વખત એ

ફિકરમાં મને પૂરી ઉંઘ પણ આવતી નથી. મ્હારાં ભાષણો તૈયાર કરવા માટે વારંવાર ઘણી રાત્રે મને ઉજાગરા કરવા પડે છે, અને આપણા બંધુઓના હિતને લગતા ચોક્કસ ખ્યાલોને લીધે ઘણીવાર હું ઉંઘમાંથી ભડકીને જાગી ઉઠું છું. તમે જન્માષ્ટમી જેવા મ્હોટા દિવસે પવિત્ર મંદિરોમાં બેઠા બેઠા પણ ઠઠ્ઠા–મશ્કરીમાં, ઢોંગ–સોંગમાં ને ગાવા–બજાવવામાં વખત ગાળો છો, અને હું મ્હારા મ્હોટા પલંગ ઉપર પોચાં પોચાં રેશમી ગાદલાંમાં સૂતો સૂતો પણ તમારા હિતનાજ વિચાર કરૂં છું. એ વિચારોની ધૂનમાં વાલકેશ્વરના ભભકાદાર બંગલાની સુંદર હવા તથા ફૅશનેબલ પલંગ છતાં પણ ઉંઘ આવતી નથી, ને ઉજાગરા થાય છે. તમારા મોજ–શોખના તેહેવારના ઉજાગરા એ તો જાણે તમારે મન શાસ્ત્ર પ્રમાણેનું તપ કહેવાય, પણ તમારે મન પારકી પીડાના આ મ્હારા ઉજાગરાને શું કહેવાય? એ કાંઇ કહેશો? ક્યું તપ સાચું, તે તો ઇશ્વિર જાણે! હું તીર્થોમાં ન્હાવા તો હજી નથી ગયો, પણ આપણા દેશને ખાતર, આપણા બંધુઓને ખાતર અને આપણા રાજ્યને ખાતર ઘણી વખત હું મ્હારાં આંસુથી તો ન્હાએલો છું. જેને તમે હાલની રૂઢી પ્રમાણે ધર્મ કહો છો તેને ખાતર તો મ્હેં કાંઇ અપમાન સહન કરેલાં નથી, પણ પ્રજાની સેવા બજાવતાં સરકારી અમલદારો તરફથી તો ઘણી વખત હું હડધૂત થએલો છું. જો હું જરાક "હાજી હા" શીખત તો મને બહુ માન-પાન મળત, જો હું થોડુંક માખણ વાપરત તો ચોક્કસ વર્ગમાં મ્હારી વાહ વાહ થઇ જાત, અને જો હું થોડીક ખુશામત શીખ્યો હોત તો ઘણી જાતના ભયમાંથી છૂટત, પણ આપણા લોકોના રાજદ્વારી હક્કોને ખાતર મ્હારાં એ બધાં ખાનગી સુખો ઉપર પૂળો મૂકીને ઉલટી મ્હેં થોડીક પંચાતી ખરીદેલી છે. ચોક્કસમત તરફ ઢળી ગએલા છાપાંવાળાઓ પ્રસંગોપાત અમારાં કેવાં છાલ ગોટલાં ઉડાડે છે, એ તમને ખબર

છે ? તમે ' પંચ ' વાંચો છો ? એમાં કોઇ વખત મને બિલાડો, કોઇ વખત કૂતરો, કોઇ વખત ગધેડો ને કોઈ વખત ફૂલના હાર પહેરેલો ચિત્ર છે ! એ ચિત્રો તમે જોયાં છે ? આ બધું કોને ખાતર ? કોઇપણ જાતના અંગત સ્વાર્થવિના રાજ્યના અને પ્રજાના હિતને ખાતરજ આવાં અપમાન સહન કરવાં એનું નામ તપ નહિ તો બીજું શું ? કેટલીક વખત સગાંમાં આભડવા જવું હોય તે છોડીને કૉર્ટમાં જવું પડે છે, કેટલીક વખત ભાણેજ ભત્રીજાના વરઘોડા મૂકીને સ્વદેશ-હિતની સભામાં જવું પડે છે, કેટલીક વખત બાયડી છોકરાં છોડીને પ્રજાહિતના કાયદાઓ સારૂ ઘરના ખરચે બહારગામ રખડવું પડે છે, અને કેટલીક વખતે ધંધામાં ધ્યાન નહિ આપી શકાવાથી કેટલીક જાતના ખાસ મ્હોટા લાભો છોડી દેવા પડે છે, એ કાંઈ તમને ખબર છે ? એ બધું કોને સારૂ ? આ પ્રપંચ કહેવાય કે તપ કહેવાય ? આ નરકનો રસ્તો કહેવાય કે સ્વર્ગની ટીકિટ કહેવાય ? આવી પ્રજાહિતની બાબતને જો તમે પ્રપંચ સમજશો તોપછી પ્રજામાં જાગ્રતિ કેમ આવશે ? અને જો આવી ઉપયોગી બાબતો તરફ પણ તમે બેદરકાર રહેશો તો પછી તમારા હકકો તમે કેમ મેળવી શકશો ? અને જો

હક્ક નહિ મેળવો તો દુનિયામાં કેમ આગળ વધી શકશો ?

યાદ રાખજો કે જો તમે તમારા રાજદ્વારી હક્કો નહિ મેળવી શકો તો જ્યાં જ્યાં જશો ત્યાં ત્યાં તમે ધબ્બાજ ખાશો. જો આપણી ભાઇબંધ બીજી પ્રજાઓના જેવા રાજદ્વારી હકકો આપણે નહિ મેળવી શકીએ તો આપણાં હાથપગ બંધાયલાજ રહેશે. જો રાજદ્વારી વ્યાજબી હકકો ન મેળવી શકીએ તો કોઇપણ જાતની ઉન્નતિની કદિ પણ આશા રાખવીજ નહિ, કારણ કે બધી જાતની ઉન્નતિ રાજ્યસત્તાને આધીન છે. જે પ્રજાના હકકો વધારે હોય તે પ્રજાજ દુનિયામાં

સૌથી આગળ વધી શકે છે. એને માટે અમેરિકન, અંગ્રેજ, જેપાન, આસ્ટ્રેલિયા, ટ્રાન્સવાલ, જર્મન અને ફ્રેંચ પ્રજાના દાખલા મશહુર છે. એથી ઉલટું આફ્રિકામાં ને આસ્ટ્રેલિયામાં આપણા લોકોની કેવી હાડમારી થાય છે તે જુઓ ? એ શા માટે ? જો રાજ્યમાં આપણો મજબૂત અવાજ હોય તો આપણા ભાઇબંધો એમ હડધૂત થાય કે ? આસ્ટ્રેલિયા ને ટ્રાન્સવાલ અંગ્રેજી સંસ્થાન છે, ત્યાંની પ્રજા આપણા દેશમાં દરેક જાતના હક્કો ભોગવી શકે છે, છતાં પણ આપણા દેશીઓને એ મુલકોમાં કોઇપણ જાતના હક્ક મળતા નથી, એટલુંજ નહિ પણ એ મુલકોમાં પગ મૂકવાની રજા મેળવતાં પણ મુશ્કેલી પડે છે ! શા માટે આમ થાય છે, એ તમે જાણો છો ? એનું કારણ રાજદ્વારી બાબતોમાં આપણી પ્રજાનો અવાજ નથી એજ છે. જો આપણા લોકોમાં વધારે રાજદ્વારી જાગ્રતિ હોય, જો આપણા પ્રજામતની રાજ્ય ઉપર મજબૂત અસર થતી હોય અને જો રાજ્યનો ને પ્રજાનો એકજ મત હોય તો આવી જાતના ગેરઇન્સાફ આપણને થાય નહિ. પણ હજી આપણામાં રાજદ્વારી જાગ્રતિ આવેલી નથી, એટલે આપણે રાજ્યની જેવી જોઇએ તેવી સેવા કરી શક્યા નથી, તેથી રાજ્યનો વિશ્વાસ મેળવી શક્યા નથી, એટલે આપણને આપણા વ્યાજબી હક્કો મળ્યા નથી. એ હક્કો મળ્યા નથી તેને લીધેજ બીજા સંસ્થાનવાળાઓ અને બીજા રાજ્યવાળાઓ આપણી ઉપર તેનો ગેરલાભ લઇ જાય છે. એવું ન થાય અને આપણે પાછળ ન પડી જઇએ તે સારૂ અમે રાજદ્વારી જાગ્રતિનો ઝુંડો ઉપાડેલો છે. એમાં મદદ કરવાને બદલે તમારા જેવા ધર્મના આગેવાન પંડિતો પણ જ્યારે એમ કહે કે, એ તો પ્રપંચ છે, એ તો નરકનું દ્વાર છે, અને એવાં ગોટપીટમાં કાંઈ વળે નહિ, ત્યારે પછી તમારા મતવાળાઓ અમારૂં કહ્યું કેમ માનશે ? અને અમારા મતવાળાઓ તમારૂં કહ્યું કેમ માનશે ? આવી રીતે

આપણામાંજ બે પાર્ટી પડી જાય એ શું સારી વાત છે? એવું ન થાય માટે, પંડિતજી! જરાક વિચારીને અભિપ્રાય આપતા જાઓ, નહિ તો તમારી પણ કિંમત થઈ જશે. યાદ રાખજો કે,

હવેનો જમાનો પોલનો નથી.

હવે લોકો પોતાનું હિત સમજવા લાગ્યા છે, સત્ય—અસત્ય તપાસવા લાગ્યા છે, અને બીજી પ્રજાઓના સુધારાનો વેગ તેઓમાં પણ આવતો જાય છે, માટે જો તમે કોચરાની સાલના જૂનાખખ સડી ગએલા વિચારો આપ્યા કરશો તો તમારૂં પોઝીશન રહી શકશે નહિ; કારણ કે હવે આ અંધશ્રદ્ધાનો જમાનો નથી, પણ હવે તો બુદ્ધિ-બળનો જમાનો આવતો જાય છે; માટે હવે તો સ્વમાન, આત્મબળ અને સ્વતંત્રતાના વિચારો લોકોને શીખવવા જોઇએ. જો એવા વિચારો આપીએ તોજ પ્રજા આગળ વધી શકે, તોજ આપણું કલ્યાણ થઈ શકે અને તોજ આપણું વજન રહી શકે, કારણ કે એવી જાતના ઉંચા વિચારોનીજ હવે જરૂર છે, અને એવી જાતના વિચારોજ લોકોને ગમતા જાય છે, એટલુંજ નહિ પણ આપણી વચ્ચે આપણા કેળવાયલા ભાઇઓના વિચારો તરફ ઝુકતાં આપણાં છોકરાંઓનો એક એવો વર્ગ ઉભો થતો જાય છે કે જેઓ ગુલામગીરી જેવા સાંકડા વિચારો ધરાવનાર બાયલા માણસોને દેશના, પ્રજાના, રાજ્યના અને ધર્મના શત્રુ સમજે છે. એવા ઉછરતા જુસ્સાવાળા નવા વર્ગની સામે તમે કેમ ટકી શકશો? એ કાંઈ વિચાર કર્યો છે કે?

પંડિતજીએ કહ્યું:—તમારી વાત તો ખરી છે, કારણ કે હું જોઉં છું કે એવો માથાફરેલ વર્ગ હવે વધતો જાય છે, અને તેઓ અમારા મતની જરાપણ દરકાર રાખતા નથી. એ જોઇને કોઈ કોઇ વખત અમને દિલગીરી લાગે છે, અને મનમાં એમ થઈ જાય છે

કે આ તે શું થઈ ગયું? માણુસો આટલાં બધાં બદલાતાં કેમ જાય છે? અમને ધાસ્તી લાગે છે કે જો આમ ને આમ ચાલશે તો તો દસ વીસ–વરસ પછી અમારો કોઇ ભાવ પણુ નહિ પૂછે.

પ્રૉફેસરે કહ્યું:—એમાં નવાઇ શું? એમજ થશે; અને એમ થશે ત્યારેજ તમે ઠેકાણે આવશો. ચાબુક પડયા વિના તમે સુધરો એવા ક્યાં છો?

તમે અમારા પીરસણીયા છો, પણુ તમોને પીરસતાં ક્યાં આવડે છે?

જેને કાંજી જોઇએ તેને હલવો આપો છો, જેને કુટ જોઇએ તેને ભાંગ પાઓ છો, જેને મીઠાઇ જોઇએ તેને ચણા–કુરમરા આપો છો, જેને તીખાં તમતમતાં ગરમાગરમ ભજીયાં–ઢોકળાં જોઇએ તેને મોળું ખાવાનું આપો છો, અને જેને મીઠીમલાઇ જોઇએ તેને જુવારની ઘેંસ આપો છો! આવી પીરસણીથી તે લોકો કેમ રાજી થાય? મતલબ કે હાલના વખતમાં જ્યારે અમોને છૂટાપણું જોઇએ છીએ યારે તમે અમારા હાથ–પગ બાંધી રાખવાની વાતો કરો છો, અમોને સ્વતંત્રતા જોઇએ છીએ ત્યારે તમે જૂની રૂઢીની ગુલામગીરી જેવી સાંકળ ચીંધી દો છો, અમોને આત્મિકબળ જોઇએ છીએ ત્યારે તમે અમોને નસીબ ઉપર મૂકી દો છો, અમોને નવા નવા હુન્નર–કળા શિખવા માટે દેશાવર જવાની જરૂર છે ત્યારે તમે કહો છો કે ત્યાં જવાય નહિ, અમોને અમારા દેશના કલ્યાણુ માટે તથા આપણી ઉપરના લશ્કરી ખરચો ઓછા થાય અને આપણા પ્રતાપી રાજ્યના અમે મદદગાર થઈ શકીએ તે સારૂ વૉલંટીયર થવાની ઇચ્છા છે, ત્યારે તમે કહો છો કે લશ્કરી નોકરીમાં ધર્મ સચવાય નહિ, અમોને અમારી વિધવા બ્હેનોની દયા આવે છે ત્યારે તમે કહોછો કે એને એનાં કર્મ ભોગ-

વવા દો, અમોને આપણા હલકી જાતના ગરીબ બંધુઓ કે જેઓ આપણી બેદરકારીથી બીજા ધર્મોમાં વટલી જાય છે અને પાછા આપણાજ ધર્મના દુશ્મનો થઈ ઉભા રહે છે તેઓને સુધારવાનું મન થાય છે, પણ એમાં તમોને આભડછેટનું પાપ લાગી જાય છે, અને અમોને જમાનાને અનુસરતું આપણી ઉન્નતિ થાય તેવું સંસારિક, ધાર્મિક અને રાજદ્વારી છુટાપણું જોઇએ છીએ, ત્યારે તમે કહોછો કે એ બધી બાબતોમાં ગુલામગીરીની સાંકળમાં પડ્યા રહો!! હવે વિચાર કરો કે આવું અંધેર તે કયાંસુધી ચાલી શકશે? તમારા આવા જંગલીમતની દરકાર તે લોકો ક્યાંસુધી રાખશે? પંડિતજી, યાદ રાખજો કે જેમ પવન ફરે છે તેમ સઢ નહિ ફેરવો તો તમારૂં વહાણ ડૂબી જશે. માટે પીરસતાં શીખો, નહિ તો "દેવ ગયા દ્વારકાં, પીર ગયા મક્કે, અંગ્રેજના રાજમાં ઢેઢ મારે ધક્કે" એવું થશે. જો તમે તમારા વ્હેમોને લીધે, તમારી આભડછેટને લીધે, તમારાં બૈરકશાસ્ત્રને લીધે અને તમારા દાંભીકપણાને લીધે નહિ સુધરો તો જે લોકો સુધરી જશે તેઓના ધક્કા ખાવા પડશે, એટલુંજ નહિ પણ પહેલું કોણ સુધરી જશે એ તમને ખબર છે? જેને તમે હલકા ગણો છો તે લોકોજ પહેલા સુધરી જશે; કારણ કે તેઓને બધી જાતનું છુટાપણું છે, અને તમે તમારા હાથ–પગ તથા તમારાં મનબુદ્ધિને પણ બધી રીતે બાંધી રાખેલાં છે, માટે તમે પાછળ પડી જશો, તેથી તમારે * * ના ધક્કા ખાવા પડશે. એવું ન થાય માટે સાંસારિક, ધાર્મિક અને હુનર–કળા વગેરે બધી જાતના જુસ્સા જેમાંથી પેદા થઇ શકે છે એવી રાજદ્વારી જાગ્રતિ આપણામાં આવવી જોઇએ.

આભ ફાટે ત્યાં થીગડું ન દેવાય!

ઑનરેબલે કહ્યું:–પંડિતજી, તમારી અને પ્રૉફેસર સાહેબની વચ્ચે બારમો ચંદ્રમા છે, એટલે તમે તેની વાત નહિ માનો, એ

હું જાણું છું, પણ સત્યને ખાતર મ્હારે કહેવું જોઇએ કે તેમની એ બધી વાતો સાચી છે; કારણ કે આજે કાંઇ રામનું રાજ્ય નથી, અને આજ કાંઇ મનુના બધા કાયદા ચાલતા નથી, એટલે રામે જેમ દંડકારણ્યમાં શૂદ્ર તપસ્વીને તપ કરવાના વાંક માટેજ મારી નાંખ્યો હતો તેમ આજે કાંઈ થઈ શકવાનું નથી. આજે તો તમે જેને નીચ ગણો છો તેવા લોકો તમારી સામે સિદ્ધ થઇ બેઠેલા છે, અને તમારા ઘણા બંધુઓ તેઓના ચેલા થએલા છે. ક્ષત્રિ જાતિનો નહિ હોવા છતાં એક ભીલ શસ્ત્રવિદ્યા શીખ્યો તે પાપ સારૂજ મહાત્મા દ્રોણાચાર્યે તેના પોતાનાજ હાથે તેનો પોતાનોજ જમણા હાથનો અંગુઠો કપાવી નાખ્યો હતો અને તેની મહા મહેનત તથા અદ્‌ભુત વિદ્યા ધૂળમાં મેળવી દીધી હતી, પણ આજે તમે કોઇની સામે ઉંચી આંગળી પણ ચીંધી શકશો ખરા કે? મધ્યકાળના બ્રાહ્મણો હલકી જાતિના લોકોના પડછાયાથી અભડાઇ જતા, પણ આજે ખુદ તમોને પોતાને હલકામાં હલકા લોકોની સાથે એકજ આગબોટમાં, રેલ્વેના એકજ ડબામાં અને ટ્રામની એકજ સીટ ઉપર બેસવું પડે છે, એ જુઓ છો કે નહિ? મનુના વખતમાં વ્યભિચાર કરવા માટે કે સખ્ત શિક્ષા થતી, અને હાલની આપણી કોર્ટોમાં શું શિક્ષા થાય છે, એ કેસ તમે છાપાંઓમાં વાંચો છો કે? અને મનુના વખતમાં બ્રાહ્મણોને સખ્ત શિક્ષા થતી નહિ, પણ આજે તમારા ઘણા ભાઇબંધો ગમે તે વર્ણની સાથે એકજ કેદખાનામાં પૂરાએલા છે, અને પોતાની ખુશીથી બધાઓની સાથે એકજ ઇસ્પીતાલમાં પડેલા છે, એ શું તમે નથી જાણતા? પંડિતજી, આભ ફાટે ત્યાં થીગડું ન દેવાય! જ્યાં જમાનો બદલાઇ ગયો, રાજ્ય બદલાઇ ગયાં, ધર્મ બદલાઈ ગયા, પ્રજાના આચાર–વિચાર બદલાઇ ગયા અને કેળવણી બદલાઈ ગઇ ત્યાં તમારા અમુક દેશ–કાળને લાગુ પડે તેવા હજારો વરસના જૂનાખખ વિચારો

શું કામ આવશે ?" માટે હવે જરા સમજો, અને ઇશ્વરની કૃપાથી આપણને જ્યારે ન્યાય અને દયાનું પ્રતાપી બ્રિટીશ રાજ્ય મળેલું છે ત્યારે તેના પ્રજાનું હુકમપણું જાળવનારા કાયદાનો લાભ લઈ તમારા હક સમજો. એ હકો મેળવવા સારૂ—રાજ્યના મદદગાર થવા સારૂ તમારામાં રાજદ્વારી જાગ્રતિ આવવા દો. રાજ્ય એટલે શું ? રાજ્ય તરફની આપણી ફરજ શું ? રાજ્યની અને આપણી વચ્ચે હાલમાં કેવો સંબંધ છે ? અને ભવિષ્યમાં રાજા–પ્રજાના હિતને ખાતર એ સંબંધ કેવો હોવો જોઇએ ? એ બધી બાબતો જ્યારે આપણે જાણીએ ત્યારેજ આપણે આપણા દેશને અને આપણા રાજ્યને મદદ કરી શકીએ છીએ અને ત્યારેજ આપણા હકો આપણને મળી શકે છે; અને એ બધું પ્રજાની રાજદ્વારી જાગ્રતિમાંથી થાય છે, માટે અમે કહીએ છીએ કે રાજ્યના મદદગાર થવું એ પણ ધર્મનું એક અંગ છે. પ્રજાનાં ઘણી જાતનાં સુખો રાજ્યને આધારે રહેલાં છે, એટલુંજ નહિ પણ આપણાં પ્રાચીન શાસ્ત્રોમાં તો એમ પણ કહ્યું છે કે, **"યથા રાજા તથા પ્રજા"** જેવા રાજા હોય તેવીજ પ્રજા થાય. આમ હોવાથી રાજ્યમાં કોઇપણ જાતનું અંધેર ન ચાલે એ સંભાળવાની પ્રજાની ખાસ ફરજ છે, કારણ કે રાજ્યની નાનકડી ભૂલની અસર પણ પ્રજામાં બહુજ મ્હોટી થઈ જાય છે, અને તેથી વખતે રાજા–પ્રજાને બહુ મ્હોટું નુકસાન થઈ જાય છે. એમ ન થાય માટે મહાન ઋષિઓ ધર્મની પવિત્ર ક્રિયાઓ છોડીને પણ રાજાઓને સલાહ આપવા માટે તેઓના દરબારમાં જતા હતા, કારણ કે રાજ્યને પણ તેઓ ધર્મનું એક અંગ સમજતા હતા, એટલુંજ નહિ પણ રાજ્યની જરાક જેટલી ભૂલથી પણ પ્રજાના ઘણા લોકોને બહુ ગેરઇન્સાફ થઇ જાય છે, અને થોડાક અન્યાયથી પણ પ્રજાના અજ્ઞાનવર્ગમાં તુરતજ મ્હોટી બેદિલી ફેલાઈ જાય છે. અને બેદિલી આવી ત્યાં પછી સુખ શેનું ? એવું ન

થાય માટે રાજા-પ્રજાના હિત સારૂ પોતાના તપનો ભંગ કરીને અને પોતાના ગ્નાનનો ભોગ આપીને ઈશ્વિરીસ્નેહને ખાતર જગતમાં શાન્તિ ફેલાવવા માટે પ્રભુના વ્હાલા પવિત્ર ઋષિઓ રાજાના દરબારમાં તેને સલાહ આપવા જતા હતા. હવે તમે વિચાર કરો કે રાજા અને પ્રજારૂપી બે જૂદી જૂદી સાંકળને જોડનારી મજબૂત કડી બનવાનું પવિત્ર કામ ક્યારે બને? રાજદ્વારી બાબતો જાણ્યા વિના, રાજદ્વારી જાગ્રતિ વિના, રાજ્યનો ને પ્રજાનો વિશ્વાસ મેળવ્યા વિના અને પોતાના સ્વાર્થનો ભોગ આપ્યા વિના એમ બને કે? યાદ રાખજો કે આવું આવું ઘણું કર્યા વિના એ મ્હોટું કામ બની શકતું નથી, માટે ભલે તમે રાજને અંતે નરક કહો, પણ પંડિતજી, અમારે તો એ નરકમાંથીજ સ્વર્ગ મેળવવાનું છે! મુછંડા જેવા હોવા છતાં તમારી પેઠે "દયા પ્રભુની" કરવામાંથી કે બાવાજીની પેઠે જગત સાથેની ભાઇબંધી તોડીને "ચલમો ફૂંકવામાંથી" અમારે કાંઈ સ્વર્ગ મેળવવું નથી; પણ અમારે તો અમારૂં પોતાનું અને અમારા બંધુઓનું જીવન સુધારીને તેમાંથી સ્વર્ગ મેળવવું છે અને એ બધું રાજદ્વારી જાગ્રતિથી જલદી બની શકે તેમ છે, માટે અમે આપણા બંધુઓને પોતાના હક્ક મેળવવા સારૂ રાજદ્વારી બાબતોમાં ધ્યાન આપવાનું કહીએ છીએ.

થોડીક આડી અવળી વાતો:-

આ સાંભળીને ઠાકોર સાહેબે મહારાજજી સામું જોઇને કહ્યું કે, ઑનરેબલ સાહેબની વાતો તો અભ્યાસ કરવા જેવી છે. હું નથી ધારતો કે પંડિતજી એનો કાંઇ સંતોષકારક જવાબ આપી શકે.

પ્રૉફેસરે કહ્યું:-સાહેબ, પંડિતજી પોતે જેમ શ્રાદ્ધના ને સરામણાના પરભારા મફતના માલમાલ ખાઇને ગોળમોળ બન્યા છે તેમ

તેમનો જવાબ પણ રાંડીરાંડોના રોદણા જેવો ગોળમોળ સમજવો!

ઠાકોર સાહેબે કહ્યુંઃ—એવો જવાબ હોવાનું કાંઇ કારણ?

પ્રૉફેસરે કહ્યું:— કારણ એજ કે તેમને સત્યનું ક્યાં કામ છે? તેમને તો બૈરકશાસ્ત્ર પ્રમાણે ચાલવું છે, એટલી જેવી સોબત તેવી અસર! એમાં નવાઇ શું?

ઠાકોર સાહેબે કહ્યું:—પંડિતજી! આ પ્રૉફેસર જ્યાં ત્યાં તમારી પાછળ કેમ લાગ્યા કરે છે? એનું મ્હોં બંધ થાય એવો કાંઇક જવાબ આપોને?

પંડિતજીએ કહ્યુંઃ—અન્નદાતા, એનાં કારણો બહુ ઉંડાં છે. એનો જવાબ હમણાં ન અપાય, કોઈ વખતે વાત.

ઑનરેબલે ઠાકોર સાહેબ સામું જોઇને કહ્યું કે, સાહેબ, આ તો પંડિતજીએ રાજને અંતે નરક કહ્યું તે સારૂ વાતો થઇ, પણ હજી આપને થોડીક કડવી બાબતો કહેવાની રહી ગઇ છે.

ઠાકોર સાહેબે કહ્યું:—ખુશીથી કહો, હું સાંભળવાને તૈયાર છું.

આ સાંભળીને પંડિતજી બહુ અજબ થયા, કારણ કે તેઓ તો એમજ જાણતા હતા કે રાજાને ‘ઘણી ખમ્મા અન્નદાતા, આપ તો પૃથ્વીપતિ છો, આપ તો જે ધારો તે કરી શકો અને અમે તો આપના ગુલામોના પણ ગુલામ છીએ,’ એમજ કહી શકાય; રાજાને મ્હોઢે જાહેરમાં કાંઇ પણ કડવાં વચનો કહેવાયજ નહિ; એમ તેઓ માનતા હતા, તેથી તેઓને અજાયબી લાગતી હતી. એટલામાં ત્યાં એક દોડતી ગાડી આવી ને તેમાંથી એક ગૃહસ્થ ઉતર્યો. તેણે આવીને ઑનરેબલ સાહેબને કહ્યું કે,

સાહેબ, આજે “દેશ હિતેચ્છુ” મંડળની સભા છે, એ સભાનું પ્રમુખસ્થાન લેવા જસ્ટીસ ગુપમેને કબૂલ કર્યું હતું, પણ તેમની તબિયત સારી ન રહેવાથી તેઓ આવી શકયા નથી, માટે આપ એ

પ્રમુખસ્થાન લેવા માટે ત્યાં પધારવાની મહેરબાની કરો તો સારૂં. સભાનો ટાઇમ થઇ ગયો છે, અને સૌની મરજી એવી છે કે આપ પ્રમુખ થાઓ તો ઠીક; તેથી આપને ત્યાં ટેલીફોન કર્યો, પણ ત્યાંથી ખબર મળ્યા કે આપ સ્વામીજીને ત્યાં ગયા છો, તેથી હું મારતી ગાડીએ અહિં આવી પહોંચ્યો છું.

ઑનરેબલે કહ્યું:-ચાલો, હું તૈયાર છું. એવો તે કોણ અભાગીયો હોય કે એવા દેશહિતના કામમાં આવવાની ના પાડે? એમ કહીને તેઓ ઉઠયા. ત્યારે ઠાકોર સાહેબે કહ્યું કે, મને પણ વખત થઈ ગયો છે, માટે કોઇ બીજે પ્રસંગે એ બાબતની વાતો કરીશું. બને તો રવિવારે બંગલે આવજો. એમ કહીને તે પણ રવાના થયા.

મ્હેં કહ્યું:–મહારાજજી ! હવે પ્રૉફેસર સાહેબનો વારો આવ્યોછે.

પંડિતજીએ કહ્યું:–ત્યારે તો હવે અમને રજા આપો.

મ્હેં કહ્યું:–કેમ ! એવી ઉતાવળ શું છે. ?

પંડિતજીએ કહ્યું:–પ્રૉફેસરની વાતોમાં કાંઇ માલ હોય નહિ ! એ તો મ્લેચ્છોની સાથે જમવાની ને પુનર્લગ્નની વાતો કરશે ! એવી ધર્મભ્રષ્ટ વાતો તે કોણ સાંભળે ?

પ્રૉફેસરે કહ્યું:–બેશક, જે સત્ય લાગશે તેજ કહીશું. તમારા જેવા સ્વાર્થીઓથી અમે કાંઇ થોડાજ ડરી જઈએ તેમ છીએ ? પણ આભડછેટની બાબત તો ચક્રમ કવિની વાતમાં થોડી ઘણી આવી ગઇ છે, અને પુનર્લગ્ન માટે વકીલ સાહેબ કહેવાના છે, માટે હું તો કાંઇ બીજીજ બાબતો કહીશ.

પંડિતજીએ કહ્યું:–ત્યારે અમે સાંભળવાને તૈયાર છીએ.

પ્રૉફેસરે કહ્યું:–તમે સાંભળીને પણ કયાં લીલું કરો એમ છો ? આ કાનેથી સાંભળીને આ કાને કહાડી નાંખશો ! જેને લાગણી હોય તેની વાત, લાગણી વિનાનાં માણસોને શું કહેવું ?

બૅરિસ્ટરે કહ્યું:—પંડિતજીમાં લાગણી નથી એમ કાં કહો ?

પ્રૅાફેસરે કહ્યું:—જેનામાં લાગણી હોય તે કાંઈ સત્ય સમજવાની ના પાડે ?

જોશીએ કહ્યું:—અરે ભલા માણસ, આપસઆપસમાં કાં લડયા કરો ? લડવાની જગ્યા કયાં થોડી છે? જેની સાથે લડવું જોઇએ તેની સાથે લડોની ! ભાઇઓભાઇઓમાં શું લડો છો ?

માસ્તરે કહ્યું:—એ બહારની લડાઈ છે, અંતરની લડાઈ નથી; એ મિત્રાઈની લડાઈ છે, દુશ્મનાઈની લડાઇ નથી; કારણ કે પંડિતજી પ્રૅાફેસરને બરાબર ઓળખે છે, અને પ્રૅાફેસર પંડિતજીને બરાબર ઓળખે છે.

દિનકરરાવ

એ પછી પ્રૅાફેસરે કહ્યું કે:— દીનકરરાવ નામે મ્હારો એક મહીસુરી મિત્ર છે, તેનાં ભલાંકામોએ મ્હારી ઉપર બહુ રૂડીઅસર કરેલી છે, માટે એ વાત હું કહી બતાવું છું. એ દિનકરરાવ અભ્યાસમાં બી. એ. સુધી પહોંચેલો ને પૈસા બાબતમાં સાધારણ સ્થિતિનો માણસ છે, પણ તેણે જે કામો કરેલાં છે તે અદ્દ્ભૂત છે. મનુષ્યજાત ઉપર તેનો જે પ્રેમ છે તે અજબ જેવો છે, અને તેમાં પણ બચ્ચાંઓ ઉપરનો પ્રેમ તો અવધિજ ! તેણે ચહેરા જોઇને, માથું જોઈને રેખાઓ જોઇને તથા ચાલ-ચલગત જોઇને માણસોના ગુણ-દોષ જાણવાની વિદ્યા કે જેને ફીઝીઓગ્નોમી, ફ્રેનોલોજી, સામુદ્રિકશાસ્ત્ર તથા કોકશાસ્ત્ર વગેરે કહે છે, તે બધાંનો થોડો ઘણો અભ્યાસ કરેલો છે, તે કહે છે કે,

માણસોના સ્વભાવો, ટેવો, ખુબીઓ, ખામીઓ, રિવાજો, લાગણીઓ અને તેનાં કારણો વગેરે હું થોડું ઘણું જાણી શકું છું.

જ્યારે કોઇ પણ માણસને હું જોઉં છું ત્યારે તેના મુખ્યમુખ્ય ગુણ–દોષ મને સમજાઇ જાય છે, તેથી મને બહુ દિલગીરી લાગે છે; કારણકે હું જોઉંછું કે કુદરતી રીતેજ દુનિયામાં ઘણાં માણસો બહુ ગુણવાળાંજ હોય છે, ખાસ અવગુણવાળાં માણસો તો કોઇકજ હોય છે, અને તેમ છતાં પણ વ્યવહારમાં જ્યાં જોઇએ ત્યાં આપણને ગુણો બહુ ઓછા દેખાય છે, ને જ્યાં ત્યાં ખાસ દુર્ગુણોજ વધારે દેખાય છે. એ જોઇને હું અજબ થવા લાગ્યો કે આમ કેમ છે?

આનો ભેદ શું છે?

પ્રભુએ માણસોને સદ્‌ગુણની ઘણી લાગણીઓ આપીને મોકલેલાં છે. એ લાગણીઓ આપણે બાળપણમાં જોઇ પણ શકીએ છીએ, અને તેમ છતાં પણ વખત જતાં એ ભલીલાગણીઓ કરતાં બૂરી-લાગણીઓ વધી જાય છે, તેનું કારણ શું?

હું જોઉં છું કે જે માણસો મ્હોટા વેપારી થઇ શકે તેવા હોય તેઓ ભીખારી થઈ જાય છે! જેઓ સારા કારભારી થઇ શકે તેવા હોય તેઓ ખલાસી થઈ જાય છે! જેઓ પ્રભુના કૃપાપાત્ર પવિત્ર બ્રાહ્મણો થઇ શકે તેવા હોય તેઓ હલકી નોકરીમાં લાગી જાય છે! જેઓ સારા કારીગર થઇ શકે તેવા હોય તેઓ બેગારીનું કામ કરે છે! જેઓમાં અજબ પ્રકારનું બુદ્ધિબળ હોય તેઓ નાટક–ચેટકમાં કે ઢોંગ–સોંગમાંજ રહી જાય છે! જેઓ સારા ગવૈયા થઇ શકે તેવા હોય તેઓ એં એં એં કરવામાંજ રહી જાય છે! જેઓ હુશિયાર વૈદ્ય થઈ શકે તેવા હોય તેઓ અલેલટપુપણામાંજ રહી જાય છે! જેઓ સારા વકીલ થઇ શકે તેવા હોય તેઓ બકરાંજ ચાર્યા કરે છે! જેઓ સારા ઇજીનિયર થઇ શકે તેવા હોય તેઓ હોકલી પીતા પીતા રેંટની માંચીમાં બેસી રહે છે! જેઓ દૂર દેશાવરની મુસાફરી કરી

શકે તેવા આગળ પડતા હોય તેઓ કેદખાનામાં પૂરાઇ જાય છે! જેઓ રાજ્યના ને દેશના દુશ્મનો સામે લડી શકે તેવા હોય તેઓ પોતાની નાતોની લડાઇમાંજ રહી જાય છે! જેઓ પચ્ચીસ–પચાસ માણસોનું પોષણ કરી શકે એવી સ્વાભાવિક શક્તિવાળા હોય તેઓ પોત–પોતાનાજ ઉદરપોષણાર્થે કોઇકના આશ્રયે જઈ બેસે છે! જેઓ સારા ચિતારા થઈ શકે તેવા હોય તેઓ ભીંતપર કોયલાના લીંટા કહાડવામાંજ રહી જાય છે! જેઓ સારા ખેડુત થઇ શકે તેવા હોય તેઓ ભીખમગા લંગોટીયા બાવા થઇ જાય છે! જેઓ મહેતાજી થવાને લાયક હોય તેઓ હલકા પ્રકારના સિપાઇ થઈ જાય છે! જેઓ નવી નવી જાતના શોધ–ખોળ કરી શકે તેવી ઝીણી નજરવાળા હોય તેઓ છોકરાં રમાડવામાંજ રહી જાય છે! જેઓ સારા સાધુ થઈ શકે તેવા હોય તેઓ આપલપોપલીયામાં રહી જાય છે! અને જેઓ રાજાઓની ઉપર સત્તા ચલાવી શકે તેવા હોય તેઓ ધંતર–મંતરમાં ને ગાંજા–તમાકુની ચલમોમાંજ રહી જાય છે!!

આ બધું જોઇને મને વારે વારે વિચાર થતો કે આ જૂલમ તે શું છે?

આવું અંધેર તે કેમ ચાલે છે? અરે! આ મદારી તો લીકોક જેવો ડિટેક્ટીવ થઈ શકે તેવો છે, તે રતનબુને રમાડવામાં કેમ રહી ગયો? આ અરજન કુંભાર જુલમગાર બ્હારવટીયાઓના કાન કાપે તેવો છે તે ગધેડાંનાજ કાન ચીમોરવામાં કેમ રહી ગયો? આ ગરીબદાસ બાવા મહાત્મા થઈ શકે તેવા છે, તે ચપટી ચપટી લોટ માગવામાંજ કેમ રહી ગયા? આ ત્રિભોવન કંસારો અમેરિકન કારીગરોને હઠાવે તેવો છે, તે ભાંગેલા વાસણોને રેણુ દેવામાંજ કેમ રહી ગયો? આ પ્રભુરામ માસ્તર કોઈ મ્હોટી કૉલેજના પ્રિન્સિપાલ થઇ

શકે એવી સ્વાભાવિક શક્તિવાળા છે, તે છોકરાંઓને "કક્કો કેવડો ને ખખ્ખો ખાજલો" શીખવવામાંજ કેમ પડયા રહ્યા ? આ રામજી સોની દિવાનગીરી સાચવી શકે તેવો ખટપટી ને નજરવાળો છે, તે હથોડો ઠોકવામાંજ કેમ રહી ગયો ? આ ભીમલો હજામ પટેલાઈ કરી શકે તેવો છે, તે બીજાઓના પગ દાબવામાંજ કેમ રહી ગયો ? આ ખાનસાહેબ હકીમ થવાને યોગ્ય છે, તે પોલીસના સિપાઈ કાં થઇ ગયા ? આ હુસેનિયો વાઘના કાન પકડે તેવો છે, તે પીપુડી વગાડવામાંજ કેમ રહી ગયો ? આ જગુશા ધણીએ પાંજરાપોળો સાચવી શકે તેવા છે, તેઓ બે ચાર કૂતરાનાં બચ્ચાંને દૂધ પાવામાંજ કેમ રહી ગયા ? આ ભીખો ભરવાડ જનરલ મરચંટ થઇ શકે તેવો છે તે થોડુંક બકરાનુ દૂધ વેચવામાંજ કેમ રહી ગયો ? આ મથુરભટ્ટ સરકસના મ્હોટા ખેલાડી થઇ શકે તેમ છે, તે આંગળીના વેઢા ઉપર મીન, મકર ને મેષ ગણવામાંજ કેમ રહી ગયા ? આ નેમચંદકાકા કમાન્ડર-ઇન-ચીફ થવાને લાયક છે, તે નવીકાકીને ધમકાવવામાંજ કેમ રહી ગયા ? પેલા મંદિરનો મુખીઆજી કેદખાનાનો ઉપરી થવાને યોગ્ય છે, તે ટોકરી વગાડવાના કામમાં કેમ ઘૂસી ગયો ? અને આ ભીખલો ઢેડ જમીનની અંદરની વસ્તુઓ પારખી આપે તેવો છે, તે ઝાડુ કાઢવામાંજ કેમ રહી ગયો ? અરેરે ! આતે શું જૂલમ ! માણુસોની શક્તિ આમ નકામી કેમ ચાલી જાય છે ?

હાલ સ્ત્રીઓ કેવી છે ? અને કેવી હોવી જોઇએ ?

જુઓ જુઓ ! આ ખુબસુરત છોકરી શું છાણના ટોપલા ઉપાડવાને યોગ્ય છે ? એના ચ્હેરામાંથી જેમ તેજનાં કિરણો નીકળે છે, તેમ તેના હૃદયમાંથી તો સ્નેહનાં કિરણોના ધોધ વહેવા જોઇએ. આ રોતી યૌવનાને જુઓ ! શું તે કુટણાં કુટવાને યોગ્ય છે ? તેનામાં

તો પ્રભુએ એવી શક્તિ મૂકેલી છે કે જો તે ધારે તો હજારો માણસોને રોતાં અટકાવી શકે. આ ઘરના અંધારા ખૂણામાં બેઠેલી કાળાં કપડાંવાળીને જુઓ! શું એ વિધવાપણાને યોગ્ય છે? એ ઘણાં છોકરાં જણી શકે તેવી છે, છતાં પણ ઓ પ્રભુ! દિલગીરીની વાત છે કે તે છોકરાં વિનાનીજ રહેશે. આ બાઈ શું ગાય છે, તે સાંભળો! એના મ્હોંમાં એવાં બિભત્સ વચનો શોભે છે? શું એની પ્રકૃતિમાં એવું તત્ત્વ છે કે એને એવું ખરાબ બોલવું પડે? નહિ, એની પ્રકૃતિ તો એથી વિરૂદ્ધ છે, એનો સ્વભાવ તો બહુ શરમાળ છે, પણ આપણા દુષ્ટ રિવાજો તેની પાસે એમ બોલાવે છે. આ ભીખારણ સામે જુઓ! તે બહુ સરસ નાટકકાર થઈ શકે તેવી છે, છતાં પણ હાથમાં કાચલીનો કટકો લઇને ભીખ માગતી ફર્યા કરે છે. જુઓ! આ વહુ શું બહારની ખોટીલાજના ઘુમટામાં રહેવાને યોગ્ય છે? એ તો હજારો માણસોને અંતરની સાચીલાજ શીખવે તેવી છે. આ બાઈ જે રોજ પોતાની પાડોશણો સાથે કજીયા કર્યા કરે છે તે શું તેની બુદ્ધિમાંથી કે હૃદયમાંથી નીકળે છે? નહિ, ભાઇઓ, એ તો પ્રતિકુળ સંયોગને લીધે છે, એ અજ્ઞાનતાને લીધે છે; એનામાં ઇશ્વરે આપેલી સાચી લાગણી તો બચ્ચાંઓ તરફના સ્નેહનીજ છે. આ બાઇને કઢી કે અથાણું બનાવતાં આવડતું નથી ને તેથી એની સાસુ મ્હેણાં માર્યા કરે છે, તથા વગોવ્યા કરે છે, એ શું તેનામાં કુદરતી ખામી છે? નહિ, એ એનાં માબાપનાં ખોટાંલાડનું પરિણામ છે. અરે, આ ભલીબાઇમાં આવા વ્હેમો જોઇએ કે? શું એનામાં કુદરતી એવી લાગણીઓ છે? નહિ, બંધુઓ, એ જૂના વિચારના કુટુંબોના જામી ગએલા સંસ્કારોનું પરિણામ છે; એની વૃત્તિઓ તો આગળ વધારનારી નવીનતાનેજ ઇચ્છે છે, પણ એ જૂના સંસ્કારો તેને ફરજીયાત રીતે બાંધી રાખે છે. શું આ બાઈ ન્હાવા-ધોવા ને ચોકા-

પાટલાના વેવલાપણામાં રહેવાને યોગ્ય છે? નહિ, એનામાં તો અજબ પ્રકારની પવિત્રતાની લાગણીઓ છે, પણ એ લાગણીએ મતવાદીઓના બહારના આડંબરોને લીધે ઉંધી વળી ગએલી છે. આ બાઈ વારેવારે વરથી રીસાયા કરે છે તેનું કારણ શું? શું એનામાં સ્નેહની લાગણી નથી? અરે ભાઇ, એ તો પ્રેમની પુતળી છે, પણ આપણા રિવાજોએ લગનના સાટામાં તેને કજોડું સોપેલું છે, તેથી એ પ્રેમની લાગણીજ તેની પાસે કજીઓ કરાવે છે. આ રસનાઘોયામાં, આ દયાનીદેવીમાં એટલી બધી અદેખાઇ જોઇએ કે? એ અદેખાઇ તેનામાં તેનો વર પરાણે લાવેલો છે, કારણ કે તે પોતાની મૂર્ખાઇથી અદેખાઈ કરવા જેવાં કામો કરે છે. અરે, આ બાઇ રાણી થવાને યોગ્ય છે તે દાસી કેમ? આ બાઇ સંસારમાં સ્વર્ગ ફેલાવી શકે તેવી છે છતાં તે પોતેજ નરકમાં કેમ? અને આ બાઇ બીજી મીરાંબાઈ થઇ શકે તેવી છે, છતાં વામમાર્ગીઓની મંડળીમાં કેમ? હું જ્યારેં આવું આવું જોઉં છું ત્યારે મને બહુજ દિલગીરી લાગે છે; અને તેમ છતાં પણ હું કમભાગ્ય છું અથવા તો ભારતની દુર્દશા છે કે જ્યાં ત્યાં આવાજ દેખાવો મ્હારા જોવામાં આવે છે!

પરમકૃપાળુ પરમાત્માએ કૃપા કરીને માણસોને આપેલી મહાશક્તિઓનો આમ દુરૂપયોગ થતો જોઇને, એ દૈવીશક્તિઓને દબાઈ ગએલી જોઇને અને એ અદ્‌ભુત બળવાળી કલ્યાણકારક શક્તિઓને ખીલતી અટકી જતી જોઇને હું બળી મરૂં છું; તેથી મને એમ લાગી જાય છે કે,

ગર્ભને તોડી પાડવો એ જેટલું પાપ છે, તે કરતાં પણ મનુષ્યમાં રહેલી મહાશક્તિઓને આગળ વધતી અટકાવવી, એ વધારે પાપ છે.

સૌભાગ્યવતી સ્ત્રીઓ વિનાકારણ પોતાને બચ્ચાં ન થાય એવા ઉપાય કરે, તે જેટલું ખોટું છે, તે કરતાં પણ માણસો પોતાની

શક્તિઓનો ઉપયોગ ન કરી શકે એ વધારે ખરાબ છે. અમેરિકન ઇજનેરોએ પાકી ગણત્રી કરીને કહ્યું છે કે, નાયગરાના ધોધમાંથી આઠ લાખ ઘોડાનું ચાલુ બળ ઉત્પન્ન કરી શકાય તેમ છે, એ બળ હજારો વરસ થયા ફોકટ વહ્યું જાય છે, પણ ભાઇઓ ! મનુષ્યની ઉન્નતિ પામવાની શક્તિઓ દબાઈ જાય, એ એ કરતાં પણ ઘણું વધારે નુકસાન છે; કારણકે જો થોડાંકજ માણસો ખીલેલાં આત્મિકબળવાળાં નીકળે તો નાયગરાના જેવા હજારો ધોધો ભેળા થાય તે કરતાં પણ વધારે બળવાળી ઉથલપાથલ કરી શકે છે. વિનાકારણ ફળદ્રુપ ઝાડો કાપી નાખવાં, સુંદર ઝરણાંવાળી મીઠી વાવો પૂરી નાંખવી અને પ્રભુનાં ભવ્ય વિશાળ મંદિરો પાડી નાખવાં, એમાં જેટલું પાપછે, તે કરતાં પણ મનુષ્યોની શક્તિને ખીલતી અટકાવવી, એ વધારે પાપ છે; એટલુંજ નહિ પણ જ્યારે મહાભયંકર દુષ્કાળ પડ્યો હોય ને અનાજ તથા પાણીવિના ભૂખે-તરસે તરફડી તરફડીને ટપોટપ માણસો મરી જતાં હોય ત્યારે, આપણી પાસે અનાજના મ્હોટા કોઠારો ભર્યા હોય તેને વિનાકારણ સડી જવા દેવા, પણ મરતાં દુષ્કાળીયાંઓને અનાજનો દાણો આપવો નહિ, તથા પાણીના ધોધ સમુદ્રમાં ફોગટ વહ્યા જતા હોય છતાં પણ મરતાં માણસોને પાણીનું ટીપું આપવું નહિ, એ જેવો મહાઅપરાધ છે, તે કરતાં પણ છતાં સાધનોએ મનુષ્યોની મહાશક્તિઓને ફોકટ જવા દેવી એ મ્હોટો અપરાધ છે, એમ મને લાગે છે, માટે હું બળી મરૂં છું. પણ અફસોસ કે મ્હારી એ અંતરની હોળી સામે કોઈ જોતું નથી.

બાળકોમાં રહેલી અદ્‌ભુત શક્તિઓઃ-

આ વાત મ્હેં મ્હારા એક મિત્ર આગળ કહી. એ મિત્ર બહુ વિદ્વાન ને અંતરદૃષ્ટિવાળો પવિત્ર બ્રાહ્મણ હતો. તેનું નામ મહાદેવ શાસ્ત્રી હતું. તેને મ્હેં કહ્યું કેઃ-

ઘણુંએ ન્હાનાં બાળકોના મ્હોં ઉપર હું એવું ઈશ્વરીતેજ જોઉં છું કે જે જોઇને મને બહુ આનંદ થાય છે; ઘણુંએ બાળકોના મગજમાં એવી અદ્દભુત શક્તિ જોઉં છું કે તેથી હું અજબ થાઉં છું; ઘણુંએ બાળકોને એવાં આનંદી જોઉં છું કે જેવો આનંદ મેળવવાની આપણે ઇચ્છા રાખીએ; ઘણુંએ બાળકોને એવાં ખુબસુરત જોઉં છું કે જે જોઇને આપણો આત્મા અંદરથી પ્રસન્ન થાય; ઘણુંએ બાળકોમાં એવા ઉંચા સદ્દગુણો જોઉં છું કે જેથી મ્હારી આશાઓનાં બારણાં એની મેળે મેળે ઉઘડી જાય છે; ઘણીએ બાલિકાઓમાં એવી સરલતા જોઉં છું કે જે સરલતાની હું અતિશય ઇચ્છા રાખું છું; ઘણીએ બાલિકાઓમાં એવો સ્વર્ગીય સ્નેહ જોઉં છું કે જે દેવતાઓને પણ શોભા આપે; ઘણીએ બાલિકાઓમાં હું એવો વિશ્વાસ જોઉં છું કે જેથી મ્હોટા ભકતો પણ અજબ થાય અને ઘણાએ ન્હાના છોકરાઓમાં હું એવી મ્હોટી હીમ્મત જોઉં છું કે એ જોઇને આપણે અજબ થયા વિના રહીએ નહિ. આ બધું અને એ કરતાં ઘણું વધારે દસ વરસની ઉમ્મરની અંદરનાં બાળકોમાં બહુ સારી રીતે દેખાય છે, પણ એ પછી જેમ જેમ ઉમ્મર વધે તેમ તેમ ચક્કર મંડળ બદલાતું જાય છે, અને જરા જુવાન થઇને જ્યાં પરણ્યા ને ધંધા—રોજગારમાં પડયા કે એ બધું ક્યાંઇનું ક્યાંઇ સુકાઇ જાય છે ! આમ કેમ થાય છે, તે હું સમજી શકતો નથી, તેથી મને એમ લાગે છે કેઃ—

હું જ્યાં ત્યાં ઝળકતા કોહિનૂર જોઉં છું તે થોડીવારમાં કોલસા કેમ થઈ જાય છે ?

હું જ્યાં ત્યાં આંબામાં મોર આવેલો જોઉં છું તે કેરીઓ થયા પહેલાં કેમ ખરી જાય છે ? હું જેનામાં ખુબસુરતી જોતો તેઓનાજ

મ્હેરા ઉરાંગઉટાંગ વાંદરાના જેવા કેમ બની જાય છે? હું સર્વ ઠેકાણે સુંદર ફૂલો જોઉં છું પણ તેમાં ફળો કેમ નથી લાગતાં? પવિત્ર ઉત્તમ વૃક્ષનાં મજેનાં મ્હોટાં સુંદર ફૂલોમાંથી કડવા પીતપાપડા કેમ થઇ પડે છે? આનંદી સ્વભાવો ઉદાસીપણામાં કેમ ફેરવાઇ જાય છે? આશાભર્યા ઉછરતાં બાળકો જુવાન થયા પહેલાં ઘરડાં કેમ થઈ જાય છે? અને જે વાદળીઓ વરસી શકે તેવી હોય તે વરસ્યાં પહેલાં કેમ વીખરાઈ જાય છે? આમ થવાનું કારણ શું? અને તેનો ઉપાય શું?

જખમો તપાસવામાં ન રહો, દેવીઓ તમારે માટે તાજ બનાવે છે.

આ સાંભળીને મહાદેવ શાસ્ત્રીએ કહ્યું કે "એક વખત હું સમુદ્ર કિનારે ફરતો હતો, ત્યારે સમુદ્રની લ્હેરોના સૌન્દર્યમાં ને લ્હેરોના આનંદમાં હું લીન થઈ ગયો હતો. એ વખતે મને જણાયું કે * દરેક લ્હેરોની આસપાસ થોડે દૂરસુધી ખાસ એક પ્રકારનું અદ્દભૂત તેજ દેખાય છે. દરેક લ્હેરોની નાજુકાઇમાં નાજુકાઇની નાજુકાઇ મને દેખાતી હતી. દરેક લ્હેરોની ખુબસુરતીમાં ખુબસુરતીની ખુબસુરતી મને દેખાતી હતી. દરેક લ્હેરોના બહારના નાચમાં એક અંદરનો નાચ મને દેખાતો હતો. દરેક લ્હેરોની રમતમાં રમતનો સ્વામી મને દેખાતો હતો. દરેક લ્હેરોના હાવભાવમાં હાવભાવની પેલી પારનું રહસ્ય મને દેખાતું હતું. દરેક લ્હેરોની મીઠાશમાં મીઠાશની મીઠાશને હું ચાખતો હતો, અને દરેક લ્હેરોના આનંદમાં આનંદના આનંદને હું અનુભવતો હતો. એ બધું જોઇને તે જોયા બાદ જ્યારે એ સ્થિતિ છુટી ત્યારે મને વિચાર થયો કે, આહા! શું પ્રભુની દયા છે? પાણીની લ્હેરોમાં આટલી બધી ખુબી?

* "સ્વર્ગના સંદેશા" નામના પુસ્તકમાંથી.

ત્યારે શું અમેજ એવા અભાગીયા છીએ કે અમારે માટે રોગ, અમારે માટે દુઃખ, અમારે માટે હાયવૉય, અમારે માટે જંજાલ, અમારે માટે ધાસ્તી, અમારે માટે ઘડપણ, અમારે માટે ગરીબાઇ, અમારે માટે અકસ્માતો, અમારે માટે બૂરાં વચનો, અમારે માટે લોભ, અમારે માટે ક્રોધ, અમારે માટે અદેખાઈ, અમારે માટે બૂરાં વ્યસનો અને અમારે માટે મ્હોત ! ! પ્રભુ ! આતે શું કર્યું ? ત્હારી દયા આવી હોય કે ? ત્હારો ઇન્સાફ આવો હોય કે ? લ્હેરો જેવી જડવસ્તુઓ સદાય આનંદમાં હસતી–રમતી રહે અને અમે મન, બુદ્ધિ તથા આ... વાળાં માણસો સદાય એરંડીયું પીધા જેવું મ્હોં કરીને વાંદરાની પેઠે દાંતીયા કચકચાવ્યાં કરીએ તથા કૂતરાંની પેઠે વડચકાં નાખ્યા કરીએ, એજ અમારૂં મનુષ્યપણું કે! અમારો આખો દહાડો જખમો તપાસવામાંજ ચાલ્યો જાય, આખા મહિનાઓ નકામી કુથલી કરવામાંજ ચાલ્યા જાય, આખાં વરસો કુટુંબ–કબીલા કે નાત–જાતના લડાઇ–ટંટામાંજ ચાલ્યાં જાય, અને આખો ભવ દુઃખોની ગણત્રી કર્યા કરવામાંજ ચાલ્યો જાય, એજ અમારૂં મનુષ્યપણું કે ! એજ અમારા જન્મની સાર્થકતા કે ? શું એને માટેજ અમોને જીંદગી આપવામાં આવી હશે ? ઓ સુખની મૂર્તિઓ ! ઓ કુદરતના આનંદની ઉર્મિઓ ! ઓ કુદરતની કરામતો ! મને કહો તો ખરાં કે તમારી ને અમારી જીંદગીમાં શું ફેર છે ? તમે હસતાં–રમતાં કેમ ને અમે રોતીસુરત કેમ ? તમે નિર્ભય કેમ ને અમે બ્હીકણ કેમ ? તમે આનંદની ઉર્મિઓ કેમ અને અમે દુઃખની મૂર્તિઓ કેમ ? ઓ દેવીઓ ! આનો ભેદ અમને કહો.

એ સાંભળીને એક લ્હેરે કહ્યું કે, "ઓ અમૃતના પુત્રો ! આ સ્વર્ગનો સંદેશો તમે સાંભળોઃ–અમારે માથે જેમ તેજ ઝળકે છે તેમ તમારે માથે સ્વર્ગનાં તાજ ઝળકવાં જોઇએ; તમારા અંગમાંથી રોગોની દુર્ગંધી આવે છે તેને બદલે દિવ્યસુગંધી નીકળવી જોઇએ; તમે

મેલાં ફાટેલાં કપડાંના કટકા વિના રખડો છો તેને બદલે તમારા શરીરમાંથી તેજની ત્રણ ત્રણ હારો નીકળવી જોઇએ; તમે તમારાં ગુમડાંઓ ચુંથવામાં રહી ગયા છો તેને બદલે તમારે કુદરતના નિયમોના અધિકારી બનવું જોઇએ; તમે દરેક નજીવી નજીવી ચીજની ફોકટની ધાસ્તી રાખ્યા કરો છો, પણ તમે જાણતા નથી કે જે બાબતોની–જે ચીજોની તમે ધાસ્તી રાખો છો તે બાબતો તો તમારીજ બનાવેલી છે, અને તે ચીજો તો તમારાજ અધિકારની છે; જે રોગોથી તમે બ્હીઓછો તે રોગો તો તમારા ગુલામ છે, તમે પોતે જ્યારે ખાસ ચાહીને તેને બોલાવો ત્યારે તે ડરતા ડરતા માંડમાંડ તમારી પાસે આવી શકે, એવો તમારામાં પાવર છે; જે ઘડપણ તમને ગમતું નથી તે ઘડપણ કાંઈ તમારા હુકમ વિના તમારી પાસે આવી શકે તેમ નથી, અને જે મ્હોતથી તમે ધ્રૂજો છો તે મ્હોત પોતે જો તમે તમારૂં સ્વરૂપ ઓળખો તો તમારાથી ધ્રૂજે તેમ છે. અસલના સેંકડો પવિત્ર ઋષિઓએ ઘણીએ વખત મ્હોતને પાછું વાળ્યું હતું એ શું તમે નથી જાણતા ? તમે એ ઋષિઓનાજ પુત્રો છો, તમે એ શાસ્ત્રોનાજ માલેક છો, અને તમે આખી દુનિયાની બીજી કોઇપણ વસ્તુ કરતાં પ્રભુના વધારે કૃપાપાત્ર છો; માટે ઓ ભાગ્યશાળી મનુષ્યો ! અમે તમને આ સ્વર્ગનો સંદેશો કહીએ છીએ કે, સ્વર્ગના દેવતાઓ પોતે તમારે માટે ઇશ્વરની હજુરમાં શોભે તેવાં તાજ બનાવી રહ્યા છે, અને દેવીઓ તમને વધાવી લેવા સારૂ અમૃતનાં ફૂલોના હાર તમારે માટે બનાવી રહી છે; કારણકે જો તમે તમારૂં સ્વરૂપ સમજો તો હમણાં જે દેવો તમારા સરદાર છે તે દેવો તમારા નોકર બનવાને તૈયાર છે. માટે ભાઇઓ ! તમે તમારૂં સ્વરૂપ સમજવાની તજવીજ કરો. ”

સુખ મેળવવા માટે તમારો અવતાર છે

* “એ પછી જ્યારે પણ હું સમુદ્રની તરફ જોતો ત્યારે મને

* “સ્વર્ગના સંદેશા” નામના પુસ્તકમાંથી.

એમ લાગતું કે દરેક લ્હેરો નાચી રહી છે, દરેક લ્હેરો હસી રહી છે, દરેક લ્હેરો શોભી રહી છે, અને દરેક લ્હેરો આનંદમાં રમી રહી છે. એ જોઇને એક વખત મ્હેં લ્હેરોને પૂછ્યું કે, ઓ બ્હેનો ! ઓ સુખની મૂર્તિઓ ! ઓ આનંદના અવતારો ! તમે શામાટે હસ્યા કરો છો ? તમે શામાટે એટલાં બધાં ખુશીમાં રહો છો ? અને તમે શામાટે એટલાં બધાં રૂપાળાં છો ? અરે, મને કહો તો ખરાં કે તમે તે એટલું બધું શું પુન્ય કર્યું હતું ? ત્યારે એક લ્હેરે કહ્યું કે,

" ઓ મનના માલેકો ! ઓ બુદ્ધિના સરદારો ! ઓ ઇશ્વરના કૃપાપાત્રો ! તમને તમારૂં સ્વરૂપ સમજાવવા માટે અમે એવાં દિવ્યસ્વરૂપવાળાં બન્યાં છીએ, કારણ કે કુદરતના મદદગાર થયા વિના સ્વર્ગના સંદેશા લાવી શકાય નહિ, અને જે કુદરતનું મદદગાર થાય તે સ્વર્ગના સુખ વિના રહી શકે નહિ, માટે તમને તમારૂં અસલ સ્વરૂપ સમજાવવા સારૂ પ્રભુએ અમને આવું અનુપમરૂપ ને અલૌકિક સુખ આપેલું છે; કારણ કે, એ રૂપ ને એ સુખ જોઇને તમે કુદરત તરફ ખેંચાઈ શકો, ને સ્વર્ગના સંદેશા સાંભળી શકો. માટે ઓ પ્રભુના પુત્રો ! હવે જ્યારે કુદરત તરફ ખેંચાયા છો ત્યારે અમારી તરફનો આ સ્વર્ગનો સંદેશો સાંભળોઃ—અમે વાજતે ગાજતે ડોકી બજાવીને ઢંઢેરો પીટાવીને કહીએ છીએ કે, સુખ મેળવવા સારૂજ તમારો અવતાર છે, કારણકે તમે પ્રભુમાંથી થયા છો, તમારો સંબંધ અનંતજીવનની સાથે છે, તમારૂં જ્ઞાન પરમાત્માના જ્ઞાનમાંથી નીકળેલું છે, તમારો સ્નેહ ઇશ્વરીસ્નેહના મૂળમાંથી થએલો છે, અને જગતની બીજી કોઇપણ વસ્તુ કરતાં તમે પ્રભુની વધારે નજીક ગએલા છો; અમારામાં તમોને જે કાંઈ વિશેષતા લાગે છે તે કરતાં પણ તમે શ્રેષ્ઠ છો, કારણકે તમારો આત્મા સીધી રીતે પરમાત્માની સાથે મળી શકે તેમ છે; માટે અમે તમને કહીએ છીએ કે તમે આનંદસ્વરૂપ થઈ

શકો તેમ છો, તમે સૌંદર્યના નમુનારૂપ થઈ શકો તેમ છો, તમે ઐશ્વર્યના અધિપતિ થઇ શકો તેમ છો, તમે સ્વર્ગના રાજા થઈ શકો તેમ છો અને તમે છેક ઇશ્વિરની હજુરમાં જઈ ઇશ્વિર જેવા થઈ શકો તેમ છો. માટે તમે તમારૂં સ્વરૂપ સમજીને તમારૂં અસલનું સામર્થ્ય મેળવો, એજ અમારો સંદેશો છે. "

પ્રભુના બાળકો ઉપર દ્વેષ રાખવો, એ પ્રભુપર દ્વેષ રાખવા જેવું છે.

* "કુદરતની લીલા અને કુદરતનું સૌંદર્ય જોવાનો મને અજબ જેવો શોખ છે, તેથી ઘણી વખત કલાકોના કલાકોસુધી હું આકાશ જોયા કરતો, તારાઓ જોયા કરતો, ઉદય અસ્ત થતા સૂર્ય–ચંદ્ર જોવા કરતો, ખીલતાં ફૂલો તપાસ્યા કરતો, ઝાડોનાં નવાં નવાં પાંદડાંઓ જોયા કરતો, વહેતી નદીઓનો ખળખળાટ સાંભળવા બેસી રહેતો, પહા-ડોના દેખાવ જોયા કરતો, ખીણોમાં ધ્યાન રાખી મૂકતો અને સમુદ્રની લીલા જોવાની કોઇપણ તક હું જતી મૂકતો નહિ; તેથી ઘણી વખત મ્હેં કુદરતને ધ્યાન આપીને તપાસી છે, પણ તેમાં ક્યાંઇ પણ મને વિષમપણું દેખાયું નથી, કોઇપણ દિવસ મને તેમાં બેડોળપણું દેખાયું નથી અને કદિ પણ મ્હેં કુદરતની પોતાની અંદર વિરૂદ્ધતા કે બડાઇ જોઇ નથી; તેથી મ્હેં એક લ્હેરને પૂછ્યું કે, ઓ બ્હેન ! તમે આટલી બધી લ્હેરો સાથે રહો છો તેમાં કોઇ મ્હોટી છે, કોઇ ન્હાની છે; કોઈ ઓછું કામ કરે છે, કોઈ વધારે કામ કરે છે; કોઇ જરા મેલી છે, કોઇ ચોખ્ખી છે; કોઇ ઉપર છે, કોઇ નીચે છે; કોઇ સારી જગ્યામાં રહે છે, કોઇ ખરાબ જગ્યામાં રહે છે; કોઇ જરાવાર રહે તેવી છે, કોઇ ઘણો વખત રહે તેવી છે; અને કોઇ

* " સ્વર્ગના સંદેશા " નામના પુસ્તકમાંથી.

ધીમી ચાલની તથા કોઇ ઉતાવળી ચાલની છે; છતાં પણ તમે કોઇ એક બીજામાં લડતાં કેમ નથી? એ સાંભળીને તે લ્હેરે કહ્યું કે,

"અરે હાય હાય! આ તમે શું બોલ્યા? કુદરતમાં લડાઇ! જો કુદરતમાં પોતપોતામાંજ લડાઇ હોય તો આ જગત ટકી શકે ખરૂં કે? ભાઇ, અમે કોની સાથે લડાઈ કરીએ? જો બે વસ્તુ હોય તો લડાઇ થાય, પણ અમે તો એકજ જોઇએ છીએ, એકજ જાણીએ છીએ, એકજ સમજીએ છીએ અને એકજ અનુભવીએ છીએ; એટલુંજ નહિ પણ વાસ્તવિક રીતે એકજ છીએ. ત્યારે અમે કોની સાથે લડાઈ કરીએ? જે લ્હેરો અમારાથી જૂદી જૂદી દેખાય છે તે પણ અમારા પિતા સમુદ્રનીજ લ્હેરો છે; જે લ્હેરો અમારાથી ન્હાની દેખાય છે તે પણ અમારીજ બ્હેનો છે, અને તે ઘડીકમાં અમારાથી પણ મ્હોટી થઈ જાય તેવી છે; જે લ્હેરો કિનારાના સંબંધથી મેલી દેખાય છે તે ઘડીકવાર પછી અંદર આવતાં ચોખ્ખી થઈ જશે, એટલુંજ નહિ પણ અમે પાછાં કઇ પળે મેલાં થઈ જઈશું તેની અમને ખબર નથી; જે લ્હેરો ઉંચે છે તે પળવારમાં નીચે પડી જશે અને જે નીચે છે તે પળવારમાં ઉંચી ચ્હડી જશે, ત્યારે ઉચ્ચ–નીચપણાનું અભિમાન રાખી નાહકનાં લ્હડી મરીએ એ શું કામનું? એ તો તમે માણસોજ એવા મૂર્ખાઓ છો કે ઉચ્ચ–નીચપણાને ખાતર, ન્હાના–મ્હોટાપણાને ખાતર, આગળ–પાછળ આવ્યા ગયાને ખાતર જૂદા જૂદા દેખાઓ છો; અને તેને લીધે–પવિત્રતા–અપવિત્રતાને લીધે, જૂદી જૂદી હલકી–ભારે કામગીરીને લીધે અને આજુબાજુના અનુકૂળ–પ્રતિકૂળ સંયોગને લીધે વિનાકારણ પોતાના બંધુઓ સાથે લડી મરો છો! પણ એમ વિચારતા નથી કે, તમે તમારી હાલની જે સ્થિતિ માટે મગરૂર થઇને બીજાઓને હલકા ગણી તેઓની સાથે લડો છો તે સ્થિતિનો તમે કંઈ અમ્મરપટ્ટો લઇને આવ્યા છો? પળમાં શું થશે,

તેની તો કોઇને ખબર નથી, છતાં પણ તમારા બંધુઓ સાથે વેર રાખીને મરી જાઓ છો એ શું થોડી દિલગીરીની વાત છે? જે સાધનો તમારા હાથમાં નથી, જે બાબતો તમારા અધિકારમાં નથી, જે બનાવો તમારા કાબૂમાં નથી, અને જે વાતો તમારી અક્કલની બહારે છે, તેને માટે તમે લડી મરો છો એ કરતાં વધારે મૂર્ખાઇ તે બીજી કઈ? સ્વર્ગના વારસદાર છતાં પોતાની મેળે પોતાને માટે નરક પસંદ કરનારા ઓ માણસો! તમે તમારા બંધુઓને હલકા સમજો છો, ને તેઓની સાથે લડો છો એ હલકાઈ ને એ લડાઈ કોની સાથે થાય છે, એ તમને ખબર છે? કોઈ મ્હોટામાં મ્હોટા, ભલામાં ભલા, પવિત્રમાં પવિત્ર, જ્ઞાનીમાં જ્ઞાની અને શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ શહેનશાહના માનીતા રાજકુમારને કહેવું કે, તું નીચ છે, તું હલકા કુળનો છે, તું અક્કલ વગરનો છે, તું ન્હાની ઉમ્મરનો છે, અને તું કાળો છે, એમ કહીને વિનાકારણ તેની સાથે લડવું, એ જેમ મ્હોટો ગુન્હો છે, તેમ સર્વશક્તિમાન પવિત્રપિતા પરમાત્માનાં બાળકોને નીચ સમજી તેઓની ઉપર દ્વેષભાવ રાખવો એ તેના કરતાં પણ વધારે મ્હોટો ગુન્હો છે; એટલુંજ નહિ પણ સ્વર્ગમાં એવો અનુભવ થાય છે કે, જગતના જીવો કે જે પ્રભુનાં બાળકો છે તેઓની ઉપર દ્વેષ રાખવો, એ પ્રભુની પોતાની ઉપર દ્વેષ રાખવા જેવું છે. માટે અમે તમને આ સ્વર્ગનો સંદેશો કહીએ છીએ કે, જેમ કુદરતમાં અભેદ છે તેમ તમે જગતમાં અભેદ રાખો; કારણ કે પ્રભુ સાથે વેર રાખીને પ્રભુના વ્હાલા થઇ શકાય નહિ. એ યાદ રાખજો."

વાડાઓમાં બંધાઇ ન રહો

*"એ પછી જરા વારમાં બીજી એક મ્હોટી લ્હેર આવી, તેણે આગલી લ્હેરની પાછળ પડેલો ખાડો પૂરી નાંખ્યો. પણ તેની પોતાની

* "સ્વર્ગના સંદેશા" નામના પુસ્તકમાંથી.

પાછળ ખાડો પડતો જતો હતો. એ લ્હેર આવી ત્યારે બીજી સૌ લ્હેરોએ રસ્તો આપીને તેને વધાવી લીધી, સૌ લ્હેરો દાસીઓની પેઠે તેની આગળ આગળ દોડવા લાગી, જેમ રાજાના પધારવાથી રૈયતમાં ઉત્સાહ આવી જાય તેમ સૌ લ્હેરોમાં નવો ઉત્સાહ આવી ગયો. ઘણી લ્હેરો તેમાં ભળી જવા લાગી, ઘણી લ્હેરો પોતાની બ્હેનપણીઓને એ મહાશક્તિ પધારવાની વધામણી આપવા લાગી અને ઘણી લ્હેરો તેને મદદ કરવા લાગી. એ જોઇને મને બહુ અજાયબી લાગી; કારણ કે ઘણાં માણસોની પેઠે હું પણ થોડો ઘણો સંપ્રદાયોની જાળમાં બંધાએલો હતો, એટલે કુદરતની સ્વતંત્રતા, કુદરતની સત્ય તરફની રૂચિ અને કુદરતનો અભેદ હું પાળી શકતો નહિ, તેથી મ્હેં તે લ્હેરોને પૂછ્યું કેઃ—

ઓ સ્વતંત્રતાની મૂર્તિઓ! ઓ અભેદની ઉર્મિઓ! તમે આમ કેમ કરો છો? જે લ્હેરોએ આવીને તમારી માનીતી આગલી લ્હેરોનાં કામો ભૂંસી નાખ્યાં તેને તમે માન કેમ આપો છો? હવે એ આગલી લ્હેરની તો તમારી પાસે નિશાની પણ રહી નહિ? તમારી સ્નેહની લાગણી આવીજ કે? તમે તો "જીવતાના જાનૈયા ને મૂવાના કાંધીયા" એમજ કે? હાય હાય! તમારામાં પણ આવું અંધારૂં? જે મ્હોટી લ્હેર તમને બહુ ફાયદો કરી ગઇ હતી તેની નિશાની જે લ્હેરે ભૂંસી નાખી તેને પણ માન! ને તેને માટે પણ ઉત્સવ! આ તો "ટકે શેર ભાજી ને ટકે શેર ખાજાં" એવું ખાતું થયું! જો અમારા મહાત્માઓ માટે કોઈ એમ કરે તો અમે તો તેનાં નાક કાન કાપી લઇએ! અમારાથી એવું ખમાય નહિ. ઓ દેવીઓ! મને કહો કે તમારામાં આવું અંધેર કેમ છે? એ સાંભળીને એક લ્હેરે કહ્યું કે, "સ્વર્ગના અધિકારી છતાં પણ નરકને પસંદ કરનારાં ઓ માણસો! આ સ્વર્ગનો સંદેશો તમે સાંભળોઃ—

સ્વર્ગમાં એવો અનુભવ થાય છે કે પૃથ્વી વિશાળ છે, કાળ અનંત છે, અને માણસોમાં અખૂટ સામર્થ્ય છે, માટે જેમ વિશાળ સમુદ્રમાં બેશુમાર લ્હેરોની અંદર ઘણી મ્હોટી લ્હેરો આવ્યા કરે છે તેમ જગતમાં ઘણા મહાત્માઓ પેદા થયાજ કરશે; કારણ કે જ્ઞાનની કાંઈ હદ નથી, કાળનો કાંઈ શુમાર નથી અને બ્રહ્માંડની કાંઇ સીમા નથી; માટે કોઈ એકજ મહાત્માના થોડાક સિદ્ધાંતોને છેવટસુધી વળગી રહેવું ને એ સિવાય બીજું કાંઈ સત્ય છે જ નહિ, એમ માનવું, એ બહુજ મ્હોટી મૂર્ખાઇ છે, ને એ બહુજ ખોટો દુરાગ્રહ છે. મહાનઈશ્વરનાં સર્વશક્તિમાનપણાને અને મનુષ્યના અખૂટ સામર્થ્યને એવી રીતે હદમાં લાવી મૂકવાનો તમને કાંઇ પણ અધિકાર નથી. દરેક મ્હોટી લ્હેરોમાં કાંઇક નવું તત્ત્વ ને નવો પાવર હોય છે, તેમજ દરેક મહાત્માઓમાં કાંઇક ખાસ ખુબી હોય છે, ને તેઓએ પોતાના જમાનાને અનુસરતો કાંઇક ખાસ અનુભવ મેળવેલો હોય છે, માટે જો તેઓના આચાર–વિચારમાંથી આપણે સત્ય ન લઇએ તો તેથી કાંઈ એ મહાત્માઓને ખોટ જતી નથી; પણ આપણેજ એટલા પાછળ પડી જઇએ છીએ. એ યાદ રાખજો. તમે એમ સમજો છો કે પાછળથી આવેલા મહાત્માના વિચારો આપણે લઇએ તો તે આગળના મહાત્માનું અપમાન કરવા બરાબર છે, પણ અમે એમ સમજીએ છીએ કે પાછળથી આવેલા મહાત્માના વિચારો જો આપણે લઇએ તો સ્વર્ગની સીડીનું એક પગથીયું આપણે વધારે ચ્હડી શકીએ છીએ, કારણકે દરેક મહાત્માઓ એ સ્વર્ગની સીડીના એક એક પગથીયા જેવા છે, માટે જ્યારે આપણે પહેલું પગથીયું છોડીને બીજા પગથીયા ઉપર ચ્હડીએ અને બીજાથી ત્રીજા ઉપર ચ્હડીએ ત્યારે આપણે જે ધર્મના કે જે મતના હોઇએ તે મતના અગાઉના મહાત્માઓ આપણી ઉપર રાજી થાય છે, કારણ કે તેઓનો મૂળહેતુ આપણને સ્વર્ગની

સીડી ઉપર ઉંચે ચ્હડાવવાનો છે, માટે તેઓનો એ હેતુ જેટલે દરજ્જે આપણે પાર પાડીએ તેટલે દરજ્જે તેઓ આપણી ઉપર રાજી થાય થાય છે; એટલુંજ નહિ પણ તેઓના પછી જે બીજા નવા મહાત્માઓ આવે તેનો તેઓ ઉપકાર માને છે, કારણકે પોતાના આગલા જૂના શિષ્યોને ઉંચે ચ્હડાવવામાં તે ટેકો આપે છે. જો નવા આવનારા બીજા મહાત્માઓએ એવો ટેકો નહિ આપ્યો હોત તો એ શિષ્યો એટલામાંજ રહી જાત, એથી પેલો આગલો મહાત્મા બહુજ દિલગીર થાત; કારણકે તમે જાણો છો કે પોપટને પીંજરામાં પૂરી મૂકવો એમાં પણ પાપ છે, ઘેટાંઓને પણ સાંકડી જગ્યામાં એક વાડામાં પૂરાઇ રહેવું ગમતું નથી અને ઝાડ–પાન પણ અંધારાવાળી સાંકડી જગ્યામાં સારાં થઈ શકતાં નથી—તેને પણ છુટાપણું જોઇએ છીએ, ત્યારે અનંતજ્ઞાન મેળવી શકે એવી શક્તિવાળાં, અખૂટ સામર્થ્ય મેળવી શકે એવી યોગ્યતાવાળાં અને મહાનઇશ્વરને પામી શકે એવાં પ્રભુના કૃપાપાત્ર માણસોને એક સાંકડા વાડામાં ઘાંચીના બેલની પેઠે આંખે અંધારી બાંધીને એકના એક ટુંકા કુંડાળામાં ફેરવ્યા કરવાં, એ કેટલો બધો મ્હોટો અપરાધ છે? એ કાંઈ તમે સમજો છો? એથી જગતનું કેટલું બધું અનિષ્ટ થાય છે, એથી આત્માની ઉન્નતિ થતાં કેટલી બધી વાર લાગે છે, અને એથી પ્રભુ કેવો દિલગીર થાય છે, એ તમને મતવાદીઓને ખબર છે? તમને એ ખબર નથી. જો બરાબર એ ખબર હોય તો તમે એવું મહાપાપ કરો નહિ. પણ તમે જે મહાત્માના પંથમાં છો તે મહાત્માને એ પાપની ખબર છે, તેથી એ મહાત્માને નામે તમે અમુક વાડામાં પૂરાઇ ગયા છો એમ જાણીને તે અતિશય દિલગીર થાય છે, કારણ કે તેના નામે તમે અંધારામાં પડયા રહો છો; માટે એ પાપમાંથી છુટવા સારૂ અને તમને આગળ વધારવા સારૂ તેઓ પ્રભુની પ્રાર્થના કરે છે, એટલે

તેઓની એ પ્રાર્થના સાંભળીને દયાળુ પ્રભુ તેઓની પાછળ પડી ગએલી પોલ પૂરવાસારૂ જમાનાને અનુસરતા બીજા નવા મહાત્માઓને અહિં મોકલે છે, પણ પીંજરામાં ખુલ્લા થઈ ગએલા પોપટને પીંજરૂં ખુલ્લું હોય તોપણ તેમાંથી ઉડી જવું ગમતું નથી તેમ સત્ય તમારી નજર આગળ છતાં તમોને તમારો વાડો છોડવો ગમતો નથી ! ઓ જગતની સર્વ વસ્તુ કરતાં શ્રેષ્ઠ મનુષ્યો ! જરા વિચાર તો કરો કે અનંતતાની આગળ ટીપાંને તે તમે ક્યાંસુધી પકડી શકશો ? તમે જેને મ્હોટામાં મ્હોટા અને માત્ર એક પ્રભુથીજ ઉતરતા સમજો છો, અથવા પ્રભુનુંજ સ્વરૂપ સમજો છો, તેવા મહાત્માઓ પણ અનંતતાની આગળ એક ટીપા કરતાં વધારે નથી; સર્વશક્તિમાન મહાનઇશ્વિરના અનંત બ્રહ્માડોમાં આવાં કેટલાં જગતો થઈ ગયાં, કેટલા યુગો થઇ ગયા, કેટલા મન્વંતરો થઇ ગયા, અને કેટલા બ્રહ્મા થઈ ગયા, એ તમે જાણો છો? જ્યાં જગતોનો અને બ્રહ્માદિ દેવતાઓનો પણ પત્તો નથી ત્યાં સમુદ્રની લ્હેરો તે કયાંસુધી ટકી શકશે ? અનંતતાની આગળ એ બધું કાંઇપણ બિસાતમાં નથી; માટે એ વાડાઓને ટકાવવાસારૂ કરીને પોલમાં પડયા રહીને તમારી જીંદગી બરબાદ કરી નાખો નહિ, કારણ કે તમારા મતના મહાત્માઓ જગતમાં વાડો બાંધી તમોને તેમાં પૂરી મૂકવા માટે નહોતા આવ્યા, પણ તમોને અનંતતાની સીડીનાં પગથીયાં ઉપર ચ્હડાવવાને આવ્યા હતા, માટે જ્યાંથી મળે ત્યાંથી હમ્મેશાં સત્ય ગ્રહણ કરો, અને જેમ પ્રભુના માર્ગમાં આગળ વધાય તેમ કરો. પ્રભુના માર્ગમાં આગળ વધાય તેમ કરો.”

સાસરા દો દિનકા આશરા !

એ પછી મહાદેવ શાસ્ત્રીએ કહ્યું કે, *“વારે વારે હું જોતો કે

* “ સ્વર્ગના સંદેશા ” નામના પુસ્તકમાંથી.

જ્યારે લ્હેરો સમુદ્ર તરફ પાછી ફરે છે ત્યારે બહુ ઉતાવળી ચાલની હોય છે, ત્યારે તેઓનો જોસ અજબ જેવો હોય છે, ત્યારે તેઓનું બળ ગજબ જેવું હોય છે, ત્યારે તેઓનું ખેંચાણ હદ બહારનું હોય છે, ત્યારે તેઓનું ઝનુન કાબૂમાં નહિ રહી શકે તેવું હોય છે, ત્યારે તેઓનો ઉત્સાહ ખાસ જોવાજેવો હોય છે, અને જેમ જેમ સમુદ્રની અંદર ઉતરતી જાય તેમ તેમ તેમ તે બળવાન થતી જાય છે; એથી ઉલટું જ્યારે લ્હેરોને કિનારા ઉપર આવવું હોય ત્યારે તેની ચાલ ધીમી હોય છે, ત્યારે તેનો જોસ નરમ હોય છે, ત્યારે તે નબળી થતી જાય છે, અને ત્યારે તે ઢીલી–ઢફ હોય છે. એ જોઇને મ્હેં તે લ્હેરોને પૂછ્યું કે, ઓ શાસ્ત્રના સિદ્ધાંતો ! ઓ પ્રભુની આજ્ઞાઓ ! ઓ કુદરતીજ્ઞાનના ભંડારો ! આમાં શું ભેદ છે ? નવી પરણેલી નવોઢાવહુ સાસરે જવા માટે પ્રથમ અનાકાની કરે, તેમ કિનારા ઉપર જવામાં તમે પાછા પાછા પગ કેમ ભરો છો ? અને તેજ વહુ માવતર પાસે જવા માટે ઉતાવળ કરે તેમ અંદર જવા માટે તમે દોડાદોડ કેમ કરો છો ? એ સાંભળીને તે લ્હેરે કહ્યું કેઃ—

"ઓ રસિકડા અનુભવી ! ઓ કુદરતી ખુબીઓને ખીલવનારા ! ઓ સ્વર્ગની ચાવીઓને શોધનાર જીજ્ઞાસુ ! તું કહે છે તેવાજ— નવોઢાવહુના જેવાજ અમારા હાલ છે, કારણ કે બાપને ઘેર જવું તે કોને ન ગમે ? સમુદ્ર અમારો બાપ છે, તેમાં જવા માટે ન દોડીએ તોપછી તેણે અમને પાળીપોશીને મ્હોટાં કર્યાં એ સ્નેહનો બદલો શું ? શું એટલી પણ લાગણી ન દેખાડીએ ? એ તો તમે માણસોજ એવાં કઠોર લાગણીવાળાં છો કે પરમકૃપાળુ પિતા પરમાત્માનો સ્નેહ ભૂલી જઇને તેને ઘેર જવામાં પાછા પગ ભરો છો. પણ યાદ રાખજો ભાઇઓ, કે,

"સાસરા દો દિનકા આશરા, તીસરે દીન રહે તો ખાઓ ખાસડાં !"

એવો આ સંસાર સાસરા જેવો તથા બે દહાડાના આશરા જેવો છે. તેમાં વધારે ઘૂસતા જાઓ તો ખાસડાં પડે તેવો છે. એ સારૂજ અમે અંદર જવાને એટલે કે બાપને ઘેર જવાને ઉતાવળ કરીએ છીએ, અને બહાર નીકળવામાં એટલે કે કિનારે જવામાં ઢીલા ટાંટીઆ કરીએ છીએ. તમે એથી ઉલટું કરો છો: બાપને ઘેર જતાં તમારા બાર વાગે છે, અને જગતનાં પાપોમાં ફસાવામાં તમારામાં સેતાનના જેટલું બળ આવી જાય છે! તમારી અને અમારી વચ્ચે જે ફેર છે તે એજ છે કે અમે કુદરત તરફ દોડીએ છીએ, અને તમે માયા તરફ દોડો છો. માટે અમે તમને આ સ્વર્ગનો સંદેશો કહીએ છીએ કે, અમારી પેઠે જો તમે બાપના ઘર તરફ દોડશો તો તમારામાં નવું જોર, નવું સૌંદર્ય, નવો ઉત્સાહ તથા નવો આનંદ આવશે; અને તમે "દો દીનકા આશરા" તરફ દોડશો તો ત્રીજે દહાડે તમારી ઉપર ખાસડાં પડશે. એ યાદ રાખજો."

તમે તમારૂં પોઝીશન સમજો

* "એ પછી મ્હેં જોયું કે લ્હેરો ઘણો વખત સમુદ્રમાં રહે છે, કિનારા ઉપર તો જ્યારે હુકમ થાય ત્યારે અથવા જ્યારે નાચવા-કૂદવાનું મન થઈ જાય ત્યારેજ આવે છે. એ જોઇને મ્હેં તેને પૂછ્યું કે, ઓ ઇશ્વરની ઇચ્છાઓ! તમે શું કહો છો? તમે કિનારા ઉપર બહુ કેમ આવતાં નથી? અને આવો છો ત્યારે પણ ત્યાં ઘણો વખત કેમ ટકતાં નથી? ત્યારે એક લ્હેરે કહ્યું કે:—

"ભાઇ! બાપનો ગરાસ છોડીને મર્દ માણસ કાંઈ સાસરાને ઘેર ઘણો વખત પડ્યો રહે નહિ; તેમજ અમને પણ બાપનું રાજ્ય છોડીને સાસરાના ઘર જેવા કિનારા તરફ જવાની ઇચ્છા થતી

* "સ્વર્ગના સંદેશા" નામના પુસ્તકમાંથી.

નથી. અને જઇએ છીએ તો તે ક્યારે? એ તમને ખબર છે? જ્યારે સાસરાને ત્યાં લગ્ન–વિવાહ કે એવાજ બીજા કાંઈ ઉત્સવો હોય, જ્યારે આંબા–પૂરી, શીરા–પૂરી કે દૂધપાક–પૂરી ઉડાવવાનાં હોય અને જ્યારે ફૂલના હારો પહેરી, અત્તરો ચોપડી ખૂબ બનીઠણીને વરરાજા થઇને જવું હોય ત્યારેજ ડાહ્યા માણસો સાસરે જાય છે; કારણ કે સાસરાનું ઘર મોજ–મજા ઉડાવવા તથા મીજબાનીઓ ખાવા માટે છે, કાંઇ ભૂખે મરવા માટે નથી. તેમજ હું તમને આ સ્વર્ગનો સંદેશો કહું છું કે, અનંતકાળનું મોક્ષધામ એ તમારા બાપનું રાજ્ય છે, એ તમારૂં પોતાનું સાચું ઘર છે, અને આ જગત તે તમારાં સાસરા જેવું છે માટે યાદ રાખજો કે અહિં તો તમોને થોડા દહાડા આનંદ ભોગવવા સારૂજ મોકલવામાં આવ્યા છે. પોતાના દીકરાને દુઃખ ભોગવવા સારૂ કાંઈ તેનો બાપ સાસરે મોકલે નહિ, તેમજ આ જગતમાં દુઃખ ભોગવવા માટે કાંઈ દયાળુ પ્રભુએ તમને મોકલ્યા નથી. અને તેમ છતાં આપણે જોઇએ છીએ કે આ જગતમાં ઘણાં લોકો બહુ દુઃખી થાય છે, તેનું કારણ એજ છે કે વરરાજામાં માલ ન હોય તો તેની સાસુ નાક તાણી જાય છે, તેના સાળાઓ પગરખાં છૂપાવી દે છે, તેની સાળીઓ ફટાણા બોલે છે, તેનો સાસરો દમ ભરાવે છે, પાડોશીના છોકરાઓ પાઘડીમાં હુચા ઘાલી જાય છે, મસ્તીખોર રમુજી બાઇડીઓ કપાશીયાનું રાઇતું ને કાળું મ્હોં થાય તેવાં પાન ખવરાવી દે છે, અને તેની વહુ છણકો–મણકો કર્યા કરે છે, તથા વરરાજા તે ક્યાંઇના ક્યાંઈ પડયા રહે છે, અને જાનૈયા મોજ કર્યા કરે છે. જે નમાલો વર હોય તેના સાસરાને ઘેર આવા હાલ થાય છે; તેમજ જે માણસો પોતાનું અસલસ્વરૂપ સમજે નહિ, પોતાનું પૉઝીશન સાચવે નહિ અને બાપના રાજ્યની દરકાર રાખે નહિ તેના પણ જગતમાં એવાજ હાલ થાય છે. માટે અમે તમને કહીએ છીએ કે, આ દુનિયા

તમારા સાસરાના જેવી ને એ દિવસના આશરાના જેવી છે, અને તે તમોને આનંદ ભોગવવા સારૂજ આપવામાં આવી છે, તેમ છતાં પણ જો તમે તેમાંથી આનંદ ન મેળવી શકો તો એ તમારીજ નાલાયકી છે, કારણ કે તમે વરરાજા છો, એટલે જો તમારામાં માલ હોય તો સાસરાનું આખું કુટુંબ તમારી સેવા કરવાને બંધાએલું છે, તેમજ જો તમારામાં યોગ્યતા હોય તો આ આખી દુનિયાની તમામ વસ્તુ તમારી દાસી બનવા તૈયાર છે, અને તમામ વસ્તુની પાસે જે કાંઈ ખુબી હોય તે ખુબી તમને નજરાણા તરીકે ભેટ આપવાને તેઓ તૈયાર છે; પણ વાત માત્ર એટલીજ કે તમારામાં એવી આવડત હોવી જોઇએ. જો એવી આવડત રાખશો તો નજરાણા મેળવશો, અને જો માલ વિનાના રહેશો તો ધખ્ખા ખાશો. હવે ધખ્ખા ખાવા કે નજરાણા મેળવવા, એ તમારી મુખત્યારી ઉપર છે, કારણ કે તમે વરરાજા છો, માટે ઘણી જાતનાં સુખ ભોગવવાનો તમને અધિકાર છે. છતાં પણ એટલું યાદ રાખજો કે એ રાજ સાડા ત્રણ દિવસનું છે, માટે જ્યાં અનંતકાળ સુધી રહેવાનું છે તે બાપના ઘરને ભૂલી જશો નહિ; સાસરાની મીજબાની ઉડાવતે ઉડાવતે પણ લક્ષ તો બાપના રાજ્ય તરફજ રાખજો. જો એમ વરતશો અને સાસરાને ઘેરથી ઘણી ભેટો લઇને જો બાપને ઘેર જશો તોજ બાપ ખુશી થશે, પણ જો સાસરાને ઘેર લૂંટાઇને ખાલી હાથે રોતા રોતા બાપને ઘેર જશો તો બાપ તમારો ધડો નહિ કરે; કારણકે કોઈ પણ બાપને નમાલા છોકરાઓ ગમતા નથી. પ્રભુને પણ જગતની માયામાં લૂટાઈ જાય તેવા રોતીસુરત ભક્તો જોઇતા નથી, તેને તો સદાય આનંદમાં રહી શકે અને બાપના ઘરનું અનંતકાળનું શાંતિનું રાજ્ય ભૂલી જાય નહિ તેવા પુત્રો જોઇએ છીએ, માટે ભાઇઓ! એવા થવાની કોશીશ કરો, એવા થવાની કોશીશ કરો."

ફતેહની ગર્જના કરો

* "એક દિવસ સમુદ્રમાં ઉભો ઉભો હું જ્યારે લ્હેરોનું અવલોકન કરતો હતો ત્યારે મને વિચાર થયો કે આ લ્હેરો ગર્જના ક્યારે કરે છે, તે તપાસવું. એ તપાસમાં મને સમજાયું કે જ્યારે લ્હેરો ખુબ ઉંચી ચ્હડે છે, અને ફતેહના જોસમાં ઉછાળા મારે છે, ત્યારે તે ઉછાળાના ધક્કાથી ગર્જના થાય છે, તેથી એમ લાગે છે કે જાણે સમુદ્ર ખડખડ હસતો હોયની? એ જોઇને મ્હેં એક લ્હેરને પૂછ્યું કે, ઓ મસ્તાની! તું ગર્જના કેમ કરે છે?" ત્યારે તેણે કહ્યું કેઃ—

"એ તો ફતેહની ગર્જના છે, એ તો અમારી જોસ ભરેલી ધમધમાટીવાળી ચાલનો અવાજ છે, એ તો પુરૂષાર્થને ખાતર અમારા પરમાણુઓમાં જે નવુંજીવન આવે છે તેનો સ્વાભાવિક અવાજ છે, અને એ તો કુદરતના નિયમને આધીન થવાથી અમારી ઉપર ઇશ્વિરના જે આશીર્વાદ ઉતરે છે તેનો અવાજ છે. ઓ કુદરતના આશકો! ઓ સૌંદર્યના ઉપાસકો! ઓ પ્રભુના કૃપાપાત્રો! એ અવાજ શું છે, તે જાણો છો? એ અવાજને જેઓ ઓળખે તેને માટે તે આકાશવાણી છે, એ અવાજને જે સમજે તેને માટે તે ઇશ્વિરીવેદના પવિત્ર મહામંત્રો છે, એ અવાજને જે સમજે તેને મન તે દિવ્યનાદ છે, અને એ અવાજને જે જાણે તેને મન તે અંતઃપ્રેરણાનો અવાજ છે; કારણ કે એ ફતેહનો અવાજ છે. માટે ભાઇઓ! ફતેહના સ્વાભાવિક અવાજને થવા દો, થવા દો."

"અમારા ફતેહના અવાજ સાંભળ્યા પછી હવે તમારે એ જાણવું જોઇએ કે તમારે માટે ફતેહના સ્વાભાવિક અવાજ ક્યા? ગરીબોને દાન દેવા માટે ધનવાનનું ધન ખડખડે એ ફતેહના અવાજ છે. નવી નવી જાતના હુન્નરો શોધી કહાડવા માટે કુશળ કારીગરોના હૃદયમાં

* "સ્વર્ગના સંદેશા" નામના પુસ્તકમાંથી.

મોહીના ધબકારા વધે એ ફતેહના અવાજ છે. લોકોને ઉપદેશ આપવા માટે વક્તાઓની જીભમાં સત્યનું જોર વધે એ ફતેહના અવાજ છે. દેશના બચાવ માટે દુશ્મનો સામે વોલંટીયરોનાં હથિયારો ખણુખણે એ ફતેહના અવાજ છે. ધર્મના ફેલાવા માટે ધર્મગુરૂઓ જીગરની લાગણીથી બહાર પડે એ ફતેહના અવાજ છે: બિમારોની સારવાર કરતાં જે ઝડપ વાપરીએ અને જે દિલસોજી દેખાડીએ તે ફતેહના અવાજ છે. દુઃખીઓને દિલાસો આપવા માટે જે ભલાંકામો કરીએ તે ફતેહના અવાજ છે; અને પ્રભુની સેવા કરવા માટે જે નિષ્કામ-કર્મો તથા જ્ઞાન–ધ્યાન કરીએ તે ફતેહના અવાજ છે. એવા ફતેહના અવાજો છોડીને–એવી સિંહગર્જનાઓ છોડીને, લોંકડીના જેવા ગરીબાઇના, દુઃખના, બિમારીના અને મ્હોતના અવાજમાં શું પડયા રહ્યા છો ? શું એવાં રોદણાં રોવા માટે તમારો અવતાર છે ? શું એવાં ચુંથણાં ચુંથવા માટે તમે મનુષ્ય બન્યા છો ? અને શું એવા નરકમાં પડયા રહેવા માટે તમે ઉત્પન્ન થયા છો ? નહિ, ભાઇઓ, હું તમને આ સ્વર્ગનો સંદેશો કહું છું કે, તમે પૃથ્વીનું રાજ્ય કરવા માટે પેદા થયા છો; તમોને જગતનું ધણીપણું કરવા માટે પ્રભુના પ્રતિનિધિ તરીકે આ જગતમાં મોકલવામાં આવ્યા છે; તમોને દેવતા બનવા માટે આ દુનિયામાં મોકલ્યા છે; અને તમે શ્રીહરિની હજુરમાં અનંતકાળના મોક્ષધામમાં જઇ શકો તે સારૂ તમને મનુષ્ય અવતાર આપવામાં આવ્યો છે. માટે દુઃખના અવાજમાં નહિ પડયા રહેતાં ફતેહની ગર્જના કરતાં શીખો, ફતેહની ગર્જના કરતાં શીખો."

તમે તમારી યોગ્યતા મેળવો, એટલે દેવો તમારી પૂજા કરવા તૈયાર છે.

*"હું જ્યારે શાન્ત મગજે નિરાંતે લ્હેરોની ખુબીઓ તપાસતો

* "સ્વર્ગના સંદેશા" નામના પુસ્તકમાંથી.

અને તેના સૌંદર્યમાં લીન થતો ત્યારે મને જણાતું કે દુનિયાના દરેક ધર્મશાસ્ત્રોમાં દેવતાઓ, દેવીઓ, ફીરસ્તાઓ તથા પરીઓના રૂપની, ગુણની અને મ્હોટાઈની જે જે વાતો કહેવામાં આવી છે તે સર્વે કરતાં સમુદ્રની લ્હેરોમાં, આકાશના રંગોમાં, વહેતા ઝરાઓમાં અને વસંતનાં ખીલતાં ઝાડોમાં મને વધારે ખુબી લાગતી હતી; કારણ કે ઘણા દેવોના રૂપ માટે મ્હેં કાંઈ કાંઇ ખોડ–ખાંપણની વાતો સાંભળેલી છે, પણ સમુદ્રની લ્હેરોના રૂપમાં મ્હેં કયાંઈ ખોડ–ખાંપણ જોઈ નથી; ઘણાએ ફીરસ્તાઓ લાલચમાં પડી ગયા હતા એવા હેવાલો મ્હેં વાચેલા છે, પણ કોઈપણ લ્હેરે પોતાની ફરજ બજાવવામાં વિનાકારણ ગફલતી કરી હોય એવું મ્હેં જોયું નથી; અને ઘણી દેવીઓ અમુક જાતના વિચારોમાં કે અમુક દેશમાંજ રહી ગયેલીઓ છે એમ શાસ્ત્રોથી જણાય છે, પણ લ્હેરો તો આખા બ્રહ્માંડમાં અભેદતાથી રમે છે; માટે દેવો કરતાં પણ સમુદ્રની લ્હેરોમાં વિશેષતા લાગવા માંડી. તેથી મ્હેં એક લ્હેરને પૂછ્યું કે,

ઓ કુદરતના સમરૂપ ! ઓ જ્ઞાનની કુંચીઓ ! ઓ અભેદની દેવીઓ ! આટલી બધી ખુબી તમારામાં કયાંથી ? દેવતાઓ કરતાં પણ તમારામાં વિશેષતા કેમ છે ? એ સાંભળીને એક લ્હેરે કહ્યું કે, "ઓ પ્રભુના કૃપાપાત્રો ! તમે દેવોના પણ દેવ છો એ વાત બરાબર રીતે સમજી શકો તે સારૂ અમને આવું સૌંદર્ય, આવી નિર્દોષતા, આવી કામગીરી અને આવો અભેદ આપવામાં આવ્યો છે; કારણ કે અમને જોઇને તમને એમ વિચાર થાય કે અમે તો કુદરતનું સ્થૂલરૂપ છીએ, અને તેમ છતાં આટલાં બધાં ખુબીદાર છીએ, ત્યારે તમે તો પોતેજ ખુદ કુદરત છો, તમારો આત્મા એજ કુદરત છે, ત્યારે અમારા કરતાં તમારામાં કેટલું બધું સામર્થ્ય ને કેટલી બધી

ખુબી હોય ? એ ખ્યાલ તો કરો. અમારા જેવી જડવસ્તુમાં—અમારા જેવી સ્થૂલકુદરતમાં જ્યારે તમોને દેવોના કરતાં વિશેષતા લાગે છે ત્યારે જરાક ઊંડા ઉતરો અને પછી જુઓ કે તમે કોણ છો ? તમારી ફરજો બજાવીને અને તમારૂં સ્વરૂપ ઓળખીને જ્યારે તમે મોક્ષધામમાં જશો ત્યારે તમારૂં વિમાન કોણ ઉપાડશે ? વિષ્ણુના પાર્ષદો કે બીજું કોઇ ? એ વિષ્ણુના પાર્ષદો દેવ નહિ તો બીજા કોણ છે ?એ દેવો જ્યારે તમારી પાલખી ઉપાડીને સ્વર્ગ સુધી લઇ જાય ત્યારે મ્હોટું કોણ ? તમે કે દેવ ? પાલખી ઉપાડનાર મ્હોટા કે પાલખીમાં બેસનાર મ્હોટા ? અસલના વખતમાં જ્યારે કોઇ પવિત્ર માણસો બહુ આકરૂં તપ કરતા ત્યારે સ્વર્ગ ડોલાયમાન થતું અને દેવતાઓના રાજા ઇંદ્રને ફિકર લાગતી કે, આ મ્હારૂં રાજ્ય લઇ લેશે, તેથી તેઓનું તપ ભંગ કરવા માટે ઇંદ્ર છળ–કપટ કરતો, એ હકીકત તમે નથી જાણતા ? એ શામાટે ? જો દેવોનો રાજા તમારા કરતાં મ્હોટો હોય તો તેને તમારી તરફની એવી ફિકર શામાટે લાગે ? માટે ભાઇઓ ! અમે તમને આ સ્વર્ગનો સંદેશો કહીએ છીએ કે, તમે દેવોના પણ દેવ છો. સ્વર્ગમાં તમારી પૂજા કરવા સારૂ દેવીઓ પૂજાપાના થાળ તૈયાર કરી રહી છે, અને તમારા પગ ધોવા માટે દેવતાઓ પાણીના લોટા લઇને ઉભા રહ્યા છે, એટલુંજ નહિ પણ રસજ્ઞ કવિ શુક્રાચાર્ય તમારા મહિમ્નનાં સ્તોત્ર બનાવી રહ્યા છે, અને ગુરૂ મહારાજ બૃહસ્પતિ તમારી આરતી ઉતારવા તૈયાર થઈ રહ્યા છે, તથા દેવોનો રાજા ઈંદ્ર તમારા હુકમની વાટ જોતો હાથ જોડીને ઉભો રહેલો છે, કારણકે તમે પ્રભુના પુત્રો છો ને તમારો આત્મા કાંઈ પ્રભુથી જૂદો નથી. તમે પોતેજ કુદરત છો, માટે ઓ પ્રભુના પુત્રો ! જો ઉપર મુજબ થવા દેવું હોય તો તમે તમારૂં સ્વરૂપ સમજીને તમારી અસલની યોગ્યતા મેળવો, અસલની યોગ્યતા મેળવો."

મનુષ્યની સંપૂર્ણતા–ઈશ્વર પોતે પુરૂષરૂપ થયો

* "એ પછી મ્હેં જોયું કે આ લ્હેરોમાં જ્યારે જોઉં ત્યારે આનંદ દેખાય છે, જ્યાંથી જોઉં ત્યાંથી ખુબસુરતી દેખાય છે, અને જે જે લ્હેર તપાસું તે દરેકમાં કાંઇક રહસ્ય દેખાય છે. કોઈપણ પરપોટો એવો નથી કે જેમાં ખુશનુમા રંગ ન હોય, કોઇપણ ફીણ એવું નથી કે જેની સફેતીમાં કાંઇ ખુબી ન હોય, કોઇપણ મોજો એવો નથી કે જેમાં કાંઈ આકર્ષણ ન હોય, લ્હેરોની ઉપર નાચતી કોઇપણ ન્હાની લ્હેર એવી નથી કે જેમાં મનોરંજકપણું ન હોય, લ્હેરોની ઉપર નાચતી ન્હાની લ્હેરોમાં પડતાં આકાશનાં પ્રતિબિંબોમાં કોઇપણ પ્રતિબિંબ એવું નથી કે જે મોહક ન હોય, અને કિનારા ઉપરની ભીની રેતીમાં કોઈપણ રજકણ એવું નથી કે જેમાં કાંઇક ચમક ન હોય! આવું આવું જોઇને બહુ ખુશી થઇને મ્હેં એક લ્હેરને પૂછ્યું કે, ઓ સૌંદર્યની દેવી! ઓ કુદરતની સખી! ઓ નાજુકાઇના નમુના! આવી ખુબી તમારામાં કેમ આવી? અમે એવો આનંદ મેળવી શકીએ તેમ છીએ કે નહિ? ત્યારે તે લ્હેરે કહ્યું કે, "ઓ મહાશક્તિ સાથેના સંબંધવાળાં મનુષ્યો! ઓ અનંતતામાં રમી શકો એવાં મનુષ્યો! ઓ સૌંદર્યના નમુનાઓ! તમે કોણ છો, એ તમને ખબર છે? તમે આનંદના અવતાર છો. તમે સુખના સમુદ્ર છો. તમે દેવોના દોસ્ત છો. તમે સ્વર્ગના વારસદાર છો. તમે પ્રભુના પ્રતિનિધિ છો. તમે આ જગતની સૌ વસ્તુ કરતાં શ્રેષ્ઠ છો, અને તમે સૌંદર્યના દેવ છો, એટલે જગતનું સર્વ સૌંદર્ય તમારાથી ઉતરતું છે. તે માટે વેદમાં એમ કહેલું છે કે,

પ્રભુએ જૂદી જૂદી જાતની વનસ્પતિ તથા પ્રાણી બનાવ્યાં, પણ

* "સ્વર્ગના સંદેશા" નામના પુસ્તકમાંથી.

એ જોઇ આત્માએ કહ્યું કે, એ અમારે માટે યોગ્ય નથી; પછી પ્રભુએ ગાય બનાવી, ત્યારે આત્માએ કહ્યું કે, એ અમારે લાયક નથી; પછી ઘોડો બનાવ્યો, ત્યારે આત્માએ કહ્યું કે, એ પણ હજી બરાબર નથી; પછી ઇશ્વરે પુરૂષ બનાવ્યો, ત્યારે ખુશી થઇને આત્માએ કહ્યું કે, એ સ્વરૂપ બરાબર છે, એ આકાર અમારે લાયક છે. એમ કહીને આત્માએ તેમાં પ્રવેશ કર્યો. આવી રીતે મનુષ્યદેહ આત્માની પસંદગીનું ને સંપૂર્ણતાનું રૂપ હોવાથી દેવોને પણ મનુષ્યના જેવાજ આકારના બનાવવામાં આવ્યા છે. વળી શાસ્ત્રમાં એમ પણ કહ્યું છે કે, પ્રભુએ પોતે પોતાને માટે પુરૂષનો આકાર પસંદ કર્યો, તેથી તે પુરૂષોત્તમ કહેવાય છે, એટલુંજ નહિ પણ જો માણસો પોતાનું સ્વરૂપ સમજે તો નરનો નારાયણ—જીવનો શિવ—ને આત્માનો પરમાત્મા થઈ શકે, એવી દયાળુ પ્રભુએ પવિત્ર શાસ્ત્રોમાં ખુલ્લી કબૂલાત આપેલી છે. આવી સંપૂર્ણતાવાળો મનુષ્યદેહ છે. માટે ઓ ભાઇઓ! તમારી ખુબીઓ આગળ અમારી ખુબી કાંઇજ બિસાતમાં નથી, તમારી શક્તિઓ આગળ અમારી શક્તિ કાંઇજ હિસાબમાં નથી, તમારા જ્ઞાન આગળ અમારૂં જ્ઞાન કાંઇજ કામનું નથી, અને તમારા સાચાપ્રેમ આગળ અમારો જડઅભેદ જરાવાર પણ ટકી શકે તેમ નથી. માટે અમે તમને આ સ્વર્ગનો સંદેશો કહીએ છીએ કે, જો તમે નિર્દોષ બનો, જો તમે અભેદ રાખો, જો તમે સ્નેહ રાખો અને જો તમે તમારૂં જ્ઞાન વધારો તો તમે આ જગતની સર્વવસ્તુઓના સરદાર છો; દરેક ચીજો તમારા હુકમમાં રહેવા માટે અને તમને આનંદ આપવા માટે પેદા થઈ છે; જગતના ભેદોની કોઇપણ ચાવી પ્રભુએ પોતાની પાસે રાખી મૂકી નથી, બધીએ ચાવીઓ તમારે માટે આ જગતમાં ફેંકી દીધેલી છે; માટે જેમ જેમ તમે નિર્દોષ થતા જશો તેમ તેમ એ ચાવીઓ મેળવી શકશો, અને

જેમ જેમ એ ચાવીઓ મેળવતા જશો તેમ તેમ તમારો આનંદ વધતો જશે, તથા અમારા કરતાં લાખોગણા શ્રેષ્ઠ થઈ શકશો. માટે અમારી ખુબીઓ જો તમને ગમતી હોય તો તમારૂં અસલનું સચ્ચિદાનંદ સ્વરૂપ સમજીને અમારા જેવા નિર્દોષ અભેદમાર્ગી થાઓ; એટલે સ્વર્ગ તમારૂંજ છે, પ્રભુ તમારોજ છે, અને તમે પ્રભુનાજ છો."

ખરા ગુરૂ કોણ?

મહાદેવ શાસ્ત્રીની આ વાતો સાંભળીને હું બહુ અજબ થયો, તેને માટે મને બહુ માન ઉત્પન્ન થયું, અને મને એમ લાગી ગયું કે ખરેખર આ એક મહાત્માજ છે. જો એમ ન હોય તો તેની વાણીમાં આવું દૈવીતત્ત્વ આવી શકે નહિ. મનુષ્યજાત ઉપર જેનો આટલો બધો પ્રેમ હોય, આત્મિકબળ માટે જેના આવા ઉચ્ચવિચારો હોય, જે કુદરતમાંથી જ્ઞાન મેળવી શકતા હોય અને જે સર્વશક્તિમાન મહાનપ્રભુને સાથે રાખીને જગતના કલ્યાણના રસ્તા બતાવતા હોય તે દુનિયાએ નમવા યોગ્ય છે. અમે તેના શિષ્ય થવાને તૈયાર છીએ, કારણ કે અમારૂં અંતઃકરણ પણ એજ બાબતો માગે છે, માટે જે અમને એવા રસ્તા બતાવે તે અમારા ગુરૂ છે. ભાઈ, મહાદેવશાસ્ત્રી માટે મને મ્હારા મનમાં એટલું બધું લાગી ગયું તેનું કારણ એ છે કે હું જે બાબતો માટે મ્હારા મનમાં વિચાર કરતો હતો તેજ બાબતો તેણે કહી હતી, અને તે પણ એવી સરસ રીતે કે એ પછી મ્હારા મનમાં કાંઇ શંકાજ રહી નહિ; તેથી મ્હારામાં નવુંબળ આવી ગયું અને મ્હારો રસ્તો સરળ થઇ ગયો. પ્રભુએ માણસોને અદ્દ્ભુત શક્તિ આપીનેજ આ દુનિયામાં મોકલ્યાં છે, એમ હું માનતો હતો, તેને ઉપલા વિચારોથી બહુ મ્હોટો ટેકો મળ્યો; એટલુંજ નહિ પણ એ મહાશક્તિઓને ખીલવવા માટે શું ઉપાયો લેવા, તે પણ મને

સમજાઇ ગયું; તેથી મ્હેં ઠરાવ કર્યો કે હવે આપણા બંધુઓમાં જેમ કેળવણી વધે તેમ કરવું, કારણ કે જ્ઞાન વિના દૈવીશક્તિઓનો મ્હોટો લાભ લઇ શકાતો નથી, અને છતાં સાધનોએ મ્હોટો લાભ ખોઈ નાખવો એ અપરાધ કાંઇ જેવો તેવો નથી. મને તો એમ લાગે છે કેઃ—

કોઇપણ છોકરૂં તેની સ્થિતિના પ્રમાણમાં ભણ્યા વિનાનું રહે એ આપણી ઉપર અને આપણા દેશની ઉપર એક શાપ સમાન છે.

માટે દરેક માણસની ફરજ છે કે, જેમ બને તેમ આપણા બંધુઓમાં સાચી કેળવણી વધે એવા ઉપાયો લેવા જોઇએ. જ્યાંસુધી એ બાબત ઉપર વધારેમાં વધારે ધ્યાન અપાશે નહિ ત્યાંસુધી આપણી ઘણીએ શક્તિ ફોકટ ચાલી ગયા વિના રહેશે નહિ, અને જ્યાંસુધી શક્તિ ફોકટ ચાલી જાય ત્યાંસુધી આપણી પોતાની, આપણા દેશની કે આપણા ધર્મની ઉન્નતિ થઈ શકશે નહિ; માટે આપણા બંધુઓમાં કેળવણી વધે એવા ઉપાયો લેવાનો મ્હેં ઠરાવ કર્યો. પણ અફસોસ કે ઘણી મુદ્દત સુધી એ ઠરાવ મ્હારા મનમાંજ પડયો રહ્યો, હું તે પ્રમાણે અમલ કરી શકયો નહિ; કારણ કે

જેવું મ્હારામાં વિચાર કરવાનું બળ હતું તેવું કામ કરવાનું બળ નહોતું,

તેથી મ્હારા ઠરાવ પ્રમાણે વર્તતાં હું શરમાયો કરતો હતો; મ્હારી યોજના પાર પડશે કે નહિ, તેને માટે હું ઢચુપચુ હતો; લોકો મ્હારે માટે શું કહેશે, તેની હું ફિકર રાખ્યા કરતો; આવી રીતે બહાર પડતાં કોઈ ઠેકાણે મ્હારૂં અપમાન થશે તો? એમ મનમાંથી ડર્યા કરતો; મ્હારા કામમાં હું પાછો પડીશ તો કેવો બેઆબરૂ થઇશ? તેના માઠા વિચારો આવતા; કોઈ વખત એમ પણ લાગતું કે મ્હારા કેસાં

ઘણાએ મ્હોટા વિદ્વાન, ઘણાએ ધનવાન ને ઘણાએ સત્તાવાન પડેલા છે, તેઓ કાંઇ કરી શકતા નથી, ત્યારે હું શું કરી શકીશ? તેઓની આગળ હું શું બિસાતમાં છું? તેઓ કાંઇ નથી કરતા ત્યારે મને શું ગરજ? ઉલટા તેઓ મ્હારી અદેખાઇ કરશે, ને નાહકના કનડશે, એ કરતાં ઘર પકડીને બેઠા રહીએ તો સારૂં, એવા નબળા વિચારો પણ આવી જતા; કોઇ વખત એમ લાગતું કે મ્હારી યોજના બહુ ઉત્તમ છે, પણ અજ્ઞાન લોકો તે કેમ માનશે? તેમને ગળે એ સાચીવાતો કેમ ઉતરાવી શકીશ? એવી ગણત્રી હું કર્યા કરતો; કોની મદદ મેળવું તો કામ થાય, એ જાણવા માટે દોસ્તોની સલાહ પૂછ્યા કરતો; જેની મદદની આશા રાખું છું તે મદદ આપશે કે નહિ, એ સવાલ વારે વારે મ્હારા મનમાં ઉભો થતો; હમણાં કદિ કામ શરૂ થઈ જાય પણ પાછળથી તે નભી શકશે કે નહિ, તેનો નિર્ણય થઈ શકતો નહિ; હું હાલ જેવી સ્થિતિમાં છું તેવી સ્થિતિમાં પાછળથી રહી શકીશ કે નહિ? જો સંયોગો બદલાઇ જશે તો મ્હારા શું હાલ થશે? એ ફિકર થયા કરતી; કોઈ કોઈ વખત એમ પણ લાગી આવતું કે મ્હારી યોજના પ્રમાણે કદિ થોડા ઘણા છોકરાં ભણતાં શીખે તોપણ એટલાથી દેશનું શું દારિદ્ર ફીટી જશે? વળી કોઈ વખત એમ પણ લાગતું કે શું આ કામ કરતાં બીજાં મ્હોટાં કામો કરવાનાં નથી કે એમાંજ હું પડયો રહું? આવી રીતે ઘણી જાતના વિચારો આવતા, પણ કાંઈ નિર્ણય થઈ શકતો નહિ. એ પછી જ્યારે કામ કરવાનો ઠરાવ કર્યો ત્યારે પણ પાછું એમ બનતું કે,

હમણાં નહિ, દીવાળી પછી વાત!

દીવાળી આવે ત્યારે એમ લાગતું કે હમણાં બરોબર અનુકૂળતા નથી, હોળી ઉપર વાત; હોળી આવે ત્યારે એમ વિચાર થતો કે

વૈશાખ મહિનામાં અખાત્રિજનું વગર પૂછ્યું મૂહૂર્ત, અખાત્રિજ ખાલી જવા દેવીજ નહિ! અખાત્રિજ આવે ત્યાં કાંઇક બીજું બ્હાનું મળી જતું, એટલે વળી બે મહિના ઉપર વાત જતી, અને બે મહિના થાય ત્યાં ચોમાસું આવી જતું! ચોમાસામાં તો ખેડુતોને કામનો મહિનો, એટલે ભણવાનું બને નહિ, માટે હવે દીવાળી ઉપર વાત! કામ કરવાનો ઠરાવ કર્યા પછી પણ આવી રીતે આજ–કાલ કરતે કરતે મ્હેં બે વરસ કાઢી નાખ્યાં, પણ હું કાંઇ કરી શક્યો નહિ. એ પછી બંગાળાના એક દેશીરાજાને ત્યાં પાટવીકુંવરનાં લગ્ન થયાં. એ રાજા સાથે અમારા રાજાને સારો સ્નેહ હતો તેથી ત્યાં પોશાક આપવા સારૂ એક અધિકારીને મોકલ્યા. તે અધિકારી સાથે મને પણ ત્યાં જવાની તક મળી. એ વખતે ત્યાં ભલી લાગણીવાળી એક વિદ્વાન બાઇનું કામ જોઇને મ્હારી જીંદગી ઉપર બહુ સારી અસર થઈ, અને ત્યારથી મ્હારૂં જીવન બદલાયું; કારણકે તેના સત્સંગથી મ્હારા ઢચુપચુ ઠરાવમાં નવું બળ આવ્યું.

શારદાદેવી

એ બાઇનું નામ શારદાદેવી હતું. તે બહુ ખાનદાન કુટુંબની અને જુવાન હતી. તેનો વર પણ બહુ ભણેલો અને સારા હોદ્દા ઉપર હતો. એ બાઈ પોતાની બ્હેનપણીઓને સુધારવા માટે જે મહેનત લેતી હતી તે તો અવધિજ! મ્હેં મ્હારી જીંદગીમાં કોઇ પણ એવી ભલી બાઈ જોઈ નથી. એવી ખુબસુરતી, એવી નાજુકાઇ, એવી શ્રીમંતાઇ, એવું ઉંચું કુળ, એવું જ્ઞાન, એવું સ્નેહી જોડું અને બીજાઓને અદેખાઇ ઉત્પન્ન થાય તેવી દરેક પ્રકારની સગવડતા છતાં એટલી બધી નમ્રતા, એટલી બધી પવિત્રતા અને એટલી બધી ભલાઇ કે એ જોઇને કોઈ પણ માણસને અજાયબી લાગ્યા

વિના રહે નહિ. "સ્ત્રીઓની ઉત્તમતા" નામે ચોપાનીયાની તે અધિપતિ હતી. એ સિવાય "સ્ત્રીઓની બપોરની શાળા" તથા "ઘરસંસારી કામકાજો શીખવનારી શાળા"ની તે માલેક હતી. એ બે ખાતાં તેની પોતાની દેખરેખ નીચે તેનાજ ઘરમાં ચાલતાં હતાં. બપોરની શાળામાં પરણેલી સ્ત્રીઓને એક વર્ગમાં શરૂઆતની કેળવણી આપવામાં આવતી હતી, એક વર્ગમાં સંસ્કૃત તથા અંગ્રેજી શીખવવામાં આવતું હતું, એક વર્ગમાં નીતિ–ધર્મનું વાચન ને ઉપદેશો ચાલતા હતા તથા બચ્ચાંઓને કેમ ઉછેરવાં તેની સમજણ આપવામાં આવતી હતી. એ વર્ગમાં પોતપોતાના વિચારો જણાવવાની તથા સવાલ જવાબ પૂછવાની સૌને વારાફરતી રજા આપવામાં આવતી હતી, એટલુંજ નહિ પણ જેની મરજી હોય તે સ્ત્રી એ ત્રણે વર્ગમાં અથવા જેને જે પસંદ હોય તે વર્ગમાં દાખલ થઇ શકતી હતી. એ બન્ને શાળાનું કામ દરરોજ બપોરના બાર વાગેથી સાંજના પાંચ વાગ્યા સુધી ચાલતું હતું. એ ટાઇમની અંદર જ્યારે પોતાના ઘરના કામકાજમાંથી પરવારે ત્યારે સ્ત્રીઓ આવે, એવી છૂટ હતી.

ઘરસંસારી કામકાજ શીખવનારી શાળા

માં હાથનું તથા સંચાનું ભરતકામ ને ગુંથણકામ, રસોઈ બનાવવાનું કામ, ચિત્રો વગેરેનું નકસીકામ, ઘાસની બાસકિટો ગુંથવાનું કામ, ઝાડ–પાનનાં બીજ વાવવાં, પાણી પાવું, ખાતર નાખવું તથા રોપા ઉછેરવા ને ફૂલોના હાર–તોરા બનાવવા વગેરે માળીનું કામ, બિમારોની સારવાર કરવાનું કામ, દાગીનાઓ તથા વાસણો પાલીસ કરવાનું કામ, વાસણો ઉપર ગીલીટ ચ્હડાવવાનું કામ, ટાઇપરાઇટીંગનું કામ, કપડાં વેતરવાં તથા સીવવાનું કામ અને ઘરસંસારી કામકાજમાં જ્યારે ત્યારે ઉપયોગમાં આવે એવા ઘણી જાતના સ્હેલા

પ્રયોગો શીખવવામાં આવતા હતા. એ સિવાય એ ખાતામાં સ્ત્રીઓને અક્ષરોનાં બીબાં ગોઠવવાનું કામ શીખવવામાં આવતું હતું. આ બધાં કામોમાંથી જેની જે મરજી પડે તે કામ શીખે એવી છૂટ હતી. કંપોઝનું કામ જોઇને મ્હેં પૂછ્યું કે, આનો શું ઉપયોગ? આપણી સ્ત્રીઓ ક્યાં નોકરી કરવા જાય તેમ છે? ત્યારે શારદાબ્હેને કહ્યું કે, "અમે અહિં એવો બંદોબસ્ત કરેલો છે કે જે બાઇને કંપોઝ કરતાં આવડે તેને જો કામ જોઇતું હોય તો પ્રેસવાળાઓ તેને ઘેર અર્ધા ફૉર્મના ટાઇપનું ચોકઠું ને છાપવાનું લખાણ મોકલી આપે, તેથી સ્ત્રીઓ પોતાની ફુરસદે કંપોઝ કરી રાખે, તે પછી નિમેલે વખતે પ્રેસવાળાનું માણસ તે લઇ જાય છે, ને બીજા ટાઇપનું ચોકઠું તથા લખાણ આપી જાય છે. અમે જોયું છે કે નિવૃત્તિએ છાપવાનાં લખાણોમાં આથી બહુ ફાયદો થાય છે, કારણ કે સ્ત્રીઓ પોતાની ફુરસદને વખતે બહુજ ઓછા ભાવથી કંપોઝ કરી શકે છે, એથી પ્રેસવાળાને ફાયદો થાય છે, અને સ્ત્રીઓને પોતાની ફુરસદનો સદુપયોગ થાય છે, તેથી મહેનતના પ્રમાણમાં થોડા ઘણા પૈસા મળ્યા કરે છે. જોકે આમ કરવાથી પ્રેસવાળાને વધારે ટાઇપ રાખવા પડે છે, પણ એ ખર્ચનો બદલો થોડા ખર્ચમાં વધારે કંપોઝ થાય તેથી વળી રહે છે, માટે અહિંના છાપખાના સાથે અમે એ જાતનો બંદોબસ્ત કરેલો છે." મને આ યોજના બહુ સારી લાગી અને એમ વિચાર થયો કે હિંદુસ્તાનમાં દરેક મ્હોટા શહેરોમાં આવી યોજના થાય તો કેવું સારૂં? એથી સ્ત્રીઓને કેટલું બધું ઉત્તેજન મળે? અને પુસ્તકો કેટલાં બધાં સસ્તાં છાપી શકાય?

શિક્ષણની રીતિ:-

"ઘરસંસારી કામકાજ શીખવનારી શાળા" માં જે શિક્ષણ

આપવામાં આવતું હતું તે માત્ર મ્હોંની વાતોનું કે ચોપડીઓનું નહિ, પણ અનુભવનું શિક્ષણ આપવામાં આવતું હતું. માળીકામને માટે ત્યાં મ્હોટો બગીચો હતો, એ બગીચામાં એક એક ન્હાનો ન્હાનો ક્યારો અથવા થોડી થોડી કુંડીયો તેમાં કામ શીખતી દરેક સ્ત્રીઓને આપવામાં આવતાં હતાં. ત્યાં સ્ત્રીઓ જ્યારે પોતાને હાથે રોપાને પાણી પાય, ખાતર નાખે, ઝાડોને સરખ રીતે કાપે અને હાથે ગુંથેલી ન્હાની ન્હાની બાસકીટોમાં સુંદર ફૂલો વીણે, તથા ઉત્તમ રીતે જૂદી જૂદી ફેશનથી તેને ગુંથે ત્યારે એ દેખાવ બહુ મનોરંજક લાગતો હતો. દર્દીની સારવાર કેમ કરવી, તે શીખવવા માટે પણ કંઇ મ્હોંની વાતો નહોતી, પણ ગામમાં રખડતાં નિરાધાર ગરીબ રોગીઓ માટે ત્યાં હમ્મેશાં પાંચ ખાટલા રહે, તેવો બંદોબસ્ત રાખ્યો હતો. એ રોગીઓને દવા આપવાનું કામ, તે દવાઓ તૈયાર કરવાનું કામ, પાટાપીંડીનું કામ તથા નર્સ તરિકેનું બધું કામ ત્યાં શીખવવામાં આવતું હતું. એ સિવાય તે દર્દીઓને જે ખોરાક અપાય તે પણ ત્યાંના રસોઇ શીખવવાના ખાતામાં એ સ્ત્રીઓજ બનાવતી હતી. એ રસોઇખાતું પણ જોઇને ખુશી થઇએ તેવું હતું. માત્ર જોઇને તેની બહારની સફાઇથી ખુશી થઇએ એટલુંજ નહિ, પણ જ્યારે તેનો સ્વાદ ચાખીયે ત્યારે તો એમજ થઈ જાય કે વાહરે વાહ ! ધન્ય છે, આ સદ્‌ગુણી સ્ત્રીઓને ! કપડાં સીવવાનું તથા ભરવાનું ને ચિત્રકામનું ખાતું પણ ખાસ જોવા જેવું હતું. એ સિવાય ગાવા–બજાવવાનું કામ, બીજાં કેટલાંક નકસીકામ તથા ઘરસંસારી સ્હેલા રસાયણી પ્રયોગોનું ખાતું જોઇને હું બહુ અજબ થયો હતો. આ બધાં કામમાં જે ઉત્સાહ, જે નિયમિતપણું, જે પરમાર્થવૃત્તિ અને જે અંતરની લાગણીનો ઉમળકો દેખાતો હતો તે કાંઈ ઓરજ હતો ! ત્યાંના દરેક ખાતામાં જાણે કાંઇક ખાસ ખુબી હોય, ત્યાંના દરેક કામમાં જાણે વિજળીની અસર હોય

અને ત્યાંની દરેક બ્હેનોમાં જાણે નવુંજીવન આવ્યું હોય એમ લાગતું હતું. આ બધું જોઇને મને બહુ અજાયબી લાગી, અને એમ વિચાર થયો કે ઘરસંસારની ઉપાધિવાળી એક નાજુક બાઈ આટલો બધો બોજો કેમ ઉપાડી શકતી હશે? આ ખાતાંઓ પાછળ કેટલી બધી મહેનત કરવી પડે? કેટલું બધું ખરચ કરવું પડે? કેટલાં બધાં માણસોનાં મન વશ કરવાં પડે? કેટલું બધું ખમવું પડે? અને કેટલો બધો મ્હોટો ભોગ આપવો પડે? તે માત્ર મોઢેથી વાતો કરવાવાળાં કે માત્ર બહુ ચોપડીઓજ વાંચવાવાળાં માણસો સમજી શકે નહિ; એ તો અનુભવીઓજ જાણી શકે. આ સિવાય શારદાબ્હેન કેટલીક કન્યાશાળાઓની પણ દેખરેખ રાખતાં હતાં, અને તે દેખરેખ માત્ર નામનીજ નહિ અથવા છાપામાં નામ છપાવવાનીજ નહિ, પણ ઉંડી અસર કરે તેવી હતી. એની દેખરેખ નીચે ચાલતી કન્યાશાળામાં પણ કાંઇક ગૂઢતત્ત્વ કામ કરી રહ્યું હતું, કારણ કે એનાં કામો કાંઈ બહારની ફેશન પ્રમાણેનાં કે "હોતી હે, ચલતી હે" જેવાં નહોતાં, પણ આંતરની પ્રેરણા પ્રમાણેનાં અને આત્મિકબળવાળાં હતાં; એટલે આપણે સમજી શકીએ તેવું અદ્‌ભુત બળ તેમાં હતું.

હું મ્હારી જીંદગી સુધારી શકું એવું કાંઇક તત્ત્વ મને બતાવો

પોતાની બ્હેનપણીઓને સુધારવા માટે શારદાબ્હેનના મનમાં પ્રેમની એવી ઊંડી લાગણી હતી કે એ લાગણીનો આપણને ખ્યાલ પણ આવી શકે નહિ, કારણ કે આપણે તો હજી બહાર ફેંકી દેવા લાયક છાલ ગોટલાઓમાંજ રહી ગએલા છીએ, અંદરનો રસ ચુસનારાંઓ તો જૂદાંજ છે, ઇશ્વિરીસ્નેહનો આનંદ લૂંટનારાંઓ તો બીજાંજ છે. જેને એ રસનો આનંદ મળી ગયો છે તે કાંઈ આપણી પેઠે આપલપોપલીઆંમાં રહી જાય નહિ; તેનું જીવન તો બદલાઈ જાય છે,

તેની કામ કરવાની શક્તિમાં ઈશ્વરીબળ આવી જાય છે, તેની બુદ્ધિમાં દૈવીસત્વો આવી જાય છે, તેની અંતઃપ્રેરણા બરોબર પ્રતિબિંબ ગ્રહણ કરી શકે તેવી—સાફ કરેલા અરીસા જેવી થઇ જાય છે, તેના અંતરનો ગુપ્ત ઈશ્વરીઅવાજ પકડી રાખવા માટે તેનું હૃદય મ્હોટામાં મ્હોટા ને સરસમાં સરસ ફોનોગ્રાફ જેવું થઇ જાય છે, અને એની દૃષ્ટિમાં એવું બળ આવી જાય છે કે જ્યાં જ્યાં એની નજર પડે ત્યાં ત્યાં કાંઇક અજબ જાતની ભભક ભરેલી વિજળીજ ફેલાઇ જાય છે; એટલુંજ નહિ પણ ઈશ્વરીસ્નેહને લીધે તેનામાં એવું આકર્ષણ આવી જાય છે કે કાંઈ પણ ખાસ કારણવિના સ્વાભાવિક રીતેજ હજારો માણસો તેના મદદગાર થઇ જાય છે. આવાં માણસો વિરલજ હોય છે. શારદાદેવી તેમાંની હતી, માટે હું તેના સ્નેહમાં સ્વાભાવિક રીતેજ ખેંચાયો હતો. બીજું એ પણ ખરૂં કે હું પણ કાંઇક કરવા ઇચ્છતો હતો, પણ તે કરી શકતો નહોતો, માટે એવાં માણસોની મદદની મને જરૂર હતી, અને શારદાબ્હેન પણ મ્હારા જેવા વિચારનાં માણસો શોધતાં હતાં, કારણ કે સરખા વિચારનાં ઘણાં માણસો મળવાથી ઘણું વધારે કામ કરી શકાય છે. એવી અંતઃપ્રેરણાવાળું એક માણસ હોય તેની સાથે બીજું તેવુંજ મળવાથી માત્ર બે નથી થતાં, પણ બે એકડા જોડે મળવાથી અગ્યાર થાય છે, અને એવાં બે માણસ હોય તેમાં તેવું એક ત્રીજું મળવાથી માત્ર ત્રણ નહિ પણ બગડાની ઉપર એકડો એટલે એકવીસ થાય છે, તથા એવાં ત્રણ માણસમાં ચોથું મળે એટલે ત્રણ ને એક ચાર નહિ, પણ ત્રગડાની ઉપર એકડો વ્હડે એટલે એકત્રીસ થાય છે. આવી રીતે સરખા વિચારના એક એક માણસ મળવાથી દસદસગણું બળ વધતું જાય છે, માટે ઈશ્વરીસ્નેહવાળાં માણસો પોતાના જેવાં માણસો જગતમાં વધારવા ઇચ્છે છે, તેથી દુનિયાદારીના બહારના વિવેકો પ્રમાણે હું શારદા-

કેદીના દરજ્જાને યોગ્ય નહોતો તોપણુ વિચારોની ઐક્યતાથી અમારી વચ્ચે બહુ જલદી સ્નેહ થઇ ગયો; તેથી ખુલ્લા દિલે મ્હેં તેમને કહ્યું કે, બ્હેન, તમારી પેઠે હું પણુ આપણા બંધુઓની સેવા કરવા માટે તેઓમાં કેળવણી વધારવા ઇચ્છું છું, પણુ મ્હારામાં હજી એટલી જાહેર હીમ્મત નથી, મ્હારામાં હજી એટલું બળ નથી અને હું મ્હારા મનમાંથી ડર્યા કરૂં છું, તેથી કાંઇ કરી શકતો નથી. એ બાબતના વિચારો મને બહુ આવે છે, એને માટે યોજનાઓ પણુ સારી સારી ગોઠવી રાખી છે, અને એ કામ કરવા માટે મેદાન પણુ બહુ મ્હોટું છે, છતાં પણુ હું બહાર પડી શકતો નથી. બ્હેન ! મને કહો કે તમે આટલું બધું કામ કેમ કરી શકો છો ? તમારામાં એ બળ કેમ આવ્યું ? તમારા દાખલાથી હું મ્હારી જીંદગી સુધારી શકું એવું કાંઇક તત્ત્વ મને બતાવો.

પુનુ સ્વામી નાઈડુ

શારદાબ્હેને કહ્યું:-" ભાઈ, હું પ્રથમ તમારા જેવીજ હતી, બલ્કે તમારા કરતાં પણુ વધારે નબળી હતી; કારણુ કે આપણા દેશમાં અને આપણા લોકોના રિવાજોમાં સ્ત્રી અને પુરૂષના છૂટાપણામાં કેટલો બધો ભેદ છે, એ કાંઈ તમારા ધ્યાન બ્હાર નથી. એવા ભેદને લીધે હું તમારા કરતાં વધારે બંધનમાં હતી; પણુ ઇશ્વિરકૃપાથી ઇશ્વિરી-સ્નેહને લીધે એ બધાં બંધનો ટૂટી ગયાં છે. અને એમાં મ્હારી કાંઇ ખુબી નથી, પણુ એ ઇશ્વિરની દયા છે, કારણુ કે કયા માણસને પ્રભુ કયે રસ્તે મદદ કરશે, એ કોણુ જાણી શકે છે ? હું પુનુ સ્વામી નાઇડુ નામે મદ્રાસી ગૃહસ્થ પાસેથી કર્ત્તવ્ય બજાવવાનો ઉપદેશ લઇ શકી છું. એ ગૃહસ્થ મ્હારા વ્હાલાના કૅાલેજના મિત્ર છે. તેઓ અગાઉ કલ-કત્તાની કૅાંગ્રેસ વખતે ત્યાં થઇને અમારે ત્યાં આવ્યા હતા, ત્યારે મને તેમના સત્સંગનો લાભ મળ્યો હતો. તેઓ કેદીઓને સુધારવાનું મહાપુણ્યનું કામ કરે છે. તેમની હકીકત જાણવા જેવી છે."

નવી રોશની

મ્હેં તેમને પૂછ્યું કે, "ભાઇ, કેદીઓને સુધારવાનું પ્રથમ તમને કેમ સૂઝ્યું ?" ત્યારે તેણે કહ્યું કે "નવી રોશની" નામે માસિકપત્રનો હું અધિપતિ હતો. એ પત્રના આગળ વધેલા છુટા વિચારો અમુક વર્ગના લોકોને પસંદ પડતા નહોતા, માટે તેઓ કોઇપણ રીતે એ પત્ર દાબી દેવા ઇચ્છતા હતા, તેથી તેઓના લાગવગનો હું ભોગ થઇ પડયો. અમોને હેરાન કરવાની મતલબથીજ એક જણાએ બદનક્ષીની ફરિયાદી માંડી. અમારી નિષ્ઠા ભલી હતી, પણ અમારાં વચનો સખ્ત હતાં, તેથી અમારા અંતરના હેતુઓ જોયા વિના બહારના શબ્દો જોઇને એક તરફી દોરવાઇ ગએલા ન્યાયાધીશે મને ત્રણ મહિનાની કેદની શિક્ષા કરી. એ વખતે તો મને બહુ વસમું લાગ્યું; નિસ્પૃહિપણે દેશની સેવા બજાવતાં આવું કડવું ફળ ભોગવવું પડે એ ઘા કાંઇ જેવો તેવો નહોતો; પણ થોડા દિવસમાં એ દુઃખ ખમવાની પ્રભુએ મને ધીરજ આપી, અને પછી તો એ દુઃખથીજ મને બહુ મ્હોટો ફાયદો થયો; એટલુંજ નહિ પણ મને એમ લાગ્યું કે આ કામમાં પ્રભુનો હાથ છે, મને સારૂં ચાન્સ આપવા સારૂજ આ તક આપવામાં આવી છે, કારણ કે એ પ્રસંગથી કેદીઓનાં દુઃખો હું સમજ્યો. એ દુઃખો જોઇને મ્હારા હૃદયમાં દયાની લાગણી જાગૃત થઇ અને એ લાગણી જાગૃત થયા પછી મ્હારૂં જીવન બદલાયું. મને લાગ્યું કે અરે પ્રભુ ! માણસો આટલી બધી અધમતામાં ! આ દુનિયામાંજ નરક ! આપણા બંધુઓની પશુઓ કરતાં પણ વધારે ખરાબ સ્થિતિ ! અરે હાય હાય ! ઉત્તમ મનુષ્યજીંદગીના આ હાલ ! જીવતાં છતાં નરકમાં ! હે પ્રભુ ! આ નરકમાં પડેલાઓને બચાવવાનો કાંઇ ઉપાય છે કે નહિ ?

કેદખાનું એટલે શું?

શું મનુષ્યને હેવાન બનાવવાનું ખાતું? નહિ નહિ, એમ ન હોય. બેશક, અપરાધી મનુષ્યને શિક્ષા કરવાની જરૂર છે, સખ્ત શિક્ષા કરવાની જરૂર છે, પણ શિક્ષાનો અર્થ કાંઇ એવો નથી કે ગુન્હેગારની લાગણીઓ કઠોર બનાવી તેને મનુષ્યસ્વભાવમાંથી બાતલ કરી નાખવો. શિક્ષા શબ્દનો અર્થ અને શિક્ષાનો હેતુ એજ છે કે અપરાધીઓને સુધારવા. શિક્ષાનો હેતુજ એ છે કે તેઓને ફરીથી ગુન્હો કરવાનું મન ન થાય તેવા બનાવવા. શિક્ષાનો હેતુજ એ છે કે તેઓને તેમની ભૂલ સમજાવવી. શિક્ષાનો હેતુજ એ છે કે તેઓને કર્તવ્યમાં લગાડવા. શિક્ષાનો હેતુજ એ છે કે તેઓને ધર્મમાં લાવવા. શિક્ષાનો હેતુ કાંઇ એવો નથી કે નિર્દયપણું રાખવું, ક્રૂર થવું, જૂલમ કરવો અને માણસોમાં જે મનુષ્ય તરિકેની લાગણીઓ છે તેને દાબી નાખવી. બ્હેન! આ કરતાં વધારે ખરાબી બીજી કઈ? અને તેમ છતાં પણ હાલમાં શું થાય છે? જ્યાં જોઇએ ત્યાં જેટલી બની શકે એટલી સખ્તાઇથી કેદીઓની સાથે વર્તવામાં આવે છે. કઠોર દેખાવવાળા અને કરડી નજરવાળા, ભરેલી રાઇફલ તથા તે ઉપર ચ્હડાવેલી સંગીનવાળા પ્હોરેગીરો વચ્ચે તેઓને રહેવાનું હોય છે. વાતવાતમાં તેઓને ડંડા મારવામાં આવે છે, પગલે પગલે તેઓને નિર્દયતાનો અનુભવ થાય છે, ખાવામાં તેઓની ઉપર અંકુશ હોય છે, પાણી પીતાં પણ તેઓને ફિકરમાં રહેવું પડે છે, સૂવામાં તો તેઓના બારજ વાગે છે, તેઓ એક બીજા સાથે છૂટથી વાતચીત પણ કરી શકતા નથી, અને શરીરની કુદરતી હાજતો માટે પણ તેઓની ઉપર સખ્તાઈ હોય છે. ઘણે ઠેકાણે તેઓને રહેવાનાં મકાનો ભૂત પણ બ્હીને ભાગી જાય તેવાં હોય છે. ટુંકામાં એજ કે સુખ શું વસ્તુ છે? ભલી લાગણી

કેવી હોય છે? માણસોની સાથે કેવી બાબતથી વર્તવું જોઇએ? એક બીજાના અપરાધો કેમ માફ કરવા જોઇએ? મનુષ્યજીંદગીની ઉત્તમતા શું છે? અને ધર્મ શું છે? એ દરેક બાબત કે જે ખાસ જરૂરની છે તેનાથી તેઓ બીલકુલ અજાણ્યા રહે છે; અને તેને બદલે દરેક પગલે, દરેક ઘડીએ, દરેક પ્રસંગે અને દરરોજ તેઓને કઠોરપણાનોજ અનુભવ થાય છે. ઉપદેશનો એકે શબ્દ તેઓને કાને પડતો નથી, ભલાઇનો એકે દાખલો ત્યાં તેઓના જોવામાં આવતો નથી, સત્સંગની જરા પણ ખુબી તેઓ અનુભવી શકતા નથી, અને હમ્મેશની સખ્તાઇમાં દબાઇ જવાથી પ્રભુના કાંઇ પણ વિચારો તેઓને આવી શકતા નથી. આનું પરિણામ શું? એનું પરિણામ એજ કે આપણી શિક્ષા અને શિક્ષાના હેતુઓ વ્યર્થ જાય છે, અને એથી ઉલટુંજ પરિણામ થાય છે. એથી ગુન્હેગારો ઉલટા વધારે ગુન્હા કરતાં શીખે છે, કારણ કે એવા સંયોગને લીધે એ જાતની લાગણી તેઓમાં દૃઢ થઇ જાય છે, તેથી પાછળથી તેઓ વધારે ગુન્હા કરે છે.

આ કાંઇ કલ્પિત વાત નથી

સરકારી દફતરોથી એ વાત સાબીત થએલી છે. આપણે ઘણી વખત છાપામાં વાંચીએ છીએ કે અમુક ડામીઝને સોળવાર શિક્ષા થઈ, અમુકને બાવીસવાર શિક્ષા થઇ અને અમુક જૂનો બદમાસ સતાવીસમી વખત સપડાયો! આ બધાનો સાર શું? જે લુચ્ચો સાતમી વખત, સત્તરમી વખત કે સત્તાવીશમી વખત સપડાયો, તે માણસ નહિ સપડાયો હોય ને ફાવી ગયો હોય એવા ગુન્હા તેના કેટલા બધા હશે? એ ખ્યાલ તો કરો. કારણ કે ચાર ગુન્હામાં માંડ એક ગુન્હો પકડાય છે, બાકીના તો અંધારામાંજ રહે છે; અને ચાર ગુન્હા થાય ત્યારે ન ચાલે તેવો માંડ એક ગુન્હો જાહેર કરવામાં આવે છે,

બાકીના લાગેવળગે કે બેદરકારીથી દબાઇ જાય છે. હવે વિચાર કરો કે શું શિક્ષાનું પરિણામ આવું હોય? જો શિક્ષાનું પરિણામ આવું હોય તોપછી શિક્ષાની જરૂર શું? અપરાધીઓ એવા સંયોગમાં મૂકાય કે જેથી તેઓને વધારે અપરાધ કરવાની ઇચ્છા થાય એવી શિક્ષા શું કામની? આ બધા ઉપરથી દિલગીર થઇને જ્યારે વિચાર કરીએ છીએ અને જ્યારે ગુન્હાઓની સંખ્યા દિવસે દિવસે વધતી જતી જોયે છીએ ત્યારે આપણને ખુલ્લી રીતે એમ દેખાઇ આવે છે કે આપણી શિક્ષાનો હેતુ જેવો જોઇએ તેવો પાર પડતો નથી. બેશક, એટલું તો આપણે કબૂલ કરવુંજ જોઇએ કે અગાઉના જમાનાની જુલમી શિક્ષાઓ કરતાં હાલની શિક્ષાઓ બહુજ નરમ પ્રકારની છે, અસલનાં અંધારાં ને ગંદીલાં કેદખાનાંઓ કરતાં હાલની જેલો ઘણીજ સારી છે, અને અસલના ગુન્હેગારો કરતાં હાલના કેદીઓ સાથે ઘણી રીતે નરમાશથી વરતવામાં આવે છે; છતાં પણ આપણે જોયે છીએ કે હાલની શિક્ષાઓની ગુન્હેગારો ઉપર કે પ્રજાનાં મન ઉપર જેવી જોઇએ તેવી ગંભીર અસર થઈ શકતી નથી, કારણ કે શિક્ષાનો હેતુજ એ છે કે ગુન્હાઓ અટકાવવા; તેને બદલે દરરોજ નવી નવી જાતના ગુન્હાઓ અને ગુન્હેગારો વધતા જાય છે. એ ઉપરથી મને તો એમ લાગે છે કે દુનિયા બીજી બધી બાબતોમાં ગમે એટલી આગળ વધી હોય, હુન્નર–કળાઓ કરી બતાવવામાં અને નીતિના નિયમો મોઢેથી કહી જવામાં ગમે એટલા સુધારા થયા હોય, અને ઘણી બાબતોમાં માણસોનું જ્ઞાન ભલે બહુ વધી ગયું હોય, છતાં પણ કેદીઓને સુધારવાની બાબતમાં તો આપણે હજી પહેલે પગથીએજ રહી ગયા છીએ; અને ગુન્હાઓની જાત તથા ગુન્હેગારોની સંખ્યાના વધારામાં તો બીજા કોઈ પણ જમાના કરતાં હાલનો જમાનો આગળ વધી ગયો છે! આ શું આપણી વધતી જતી કેળવણીને શરમાવનારૂં

નથી ? આવી રીતે ગુન્હાઓનો વધારો એ શું આપણા ધર્મોની ઉપર એક મ્હોટું કલંક નથી ? મનુષ્યસ્વભાવમાં કુદરતી રીતે રહેલી ભલી લાગણીઓને ખીલવવાની જરાએ તક ન મળે, પણ ઉલટી તે દબાઈ જાય એવી રીતની સખ્તાઇથી ગુન્હેગારો સાથે વર્તવું, એ શું હાલના ભ્રાતૃભાવના જમાનાને અનુસરતું છે ? અપરાધીઓ ન સુધરી શકે એવી જાતની શિક્ષા એ શું સાચી શિક્ષા છે ? અને આપણાં બધાં ખાતાંઓ સુધરે પણ કેદીઓની સ્થિતિ એવી ને એવી રહી જાય એ શું નામોશી ભરેલું નથી ? આ બધા ઉપરથી હું કાંઇ એમ કહેવા નથી માગતો કે શિક્ષાઓને ફૂલ જેવી હલકી સુગંધીદાર ને ભભકાદાર બનાવવી, હું કાંઈ એમ કહેવા નથી માગતો કે લોખંડની કઠિન બેડીઓને બદલે સુંદર સોનાના તોડા બનાવવા, હું કાંઈ એમ નથી કહેતો કે કેદખાનાંઓને સ્વર્ગ જેવાં બનાવવાં, અને હું કાંઇ એમ નથી ઇચ્છતો કે કેદીઓને મ્હોટા લૉર્ડની પેઠે સ્વચ્છંદપણે ફરવા દેવા; પણ મ્હારી કહેવાની મતલબ એટલીજ છે કે ધારેલી અસર થાય એવી શિક્ષા અપરાધીઓને કરવી જોઇએ. એમ કરતાં કદાચ હાલના કરતાં વધારે સખ્ત શિક્ષા કરવી પડે તોપણ એમાં કાંઇ ખોટું નથી; પણ એમનું જીવન સુધરે અને આપણા બંધુઓમાં ગુન્હાઓ વધતા અટકે, એમ થવું જોઇએ.

દયાની લાગણી ઉપર બહુ ધ્યાન આપવાથી મ્હારી પરમાર્થવૃત્તિ ખીલવા લાગી, અને એ વૃત્તિ ખીલવાથી મ્હારી બુદ્ધિ પ્રકાશિત થવા લાગી, તેથી એ પછી મને વિચાર થયો કે આ બાબતમાં હું કાંઈ કરી શકું તેમ છું કે નહિ ? મ્હારા બંધુઓને મ્હારી તરફથી હું કાંઇ ફાળો આપી શકું તેમ છું કે નહિ ? મ્હારા બંધુઓ બહારનાં કેદખાનાની સાથે અંતરના કેદખાનામાં પણ પુરાએલા છે તેઓનાં કોઈ પણ જાતનાં બંધન હું ઢીલાં કરી શકીશ કે નહિ ? અને મ્હારા સ્વધર્મી બંધુઓને મહાનપ્રભુના પવિત્ર નામની યાદી પણ કોઈ આપતું

નથી તેઓને હું પ્રભુનું કલ્યાણકારક નામ સંભળાવી શકીશ કે નહિ? ઓ પ્રભુ! ત્હારાં બાળકો જીવતાં છતાં આ દુનિયામાંજ નરકમાં પડેલાં છે તેની સામે તું જો. મનુષ્યમાં ત્હેં મૂકેલી દૈવીશક્તિઓ કેદખાનામાં પુરાએલાં ત્હારાં બાળકોમાંથી નાશ પામી જાય છે તે સામે તું જો. ઘણે ઠેકાણે કેદખાનામાં જૂલમ ગુજરે છે તે સામે લોકોને જોતાં તું શીખવ. અમારા અપરાધી બંધુઓને પગલે પગલે કઠોરતાનો અનુભવ થાય છે તેથી તેઓની લાગણીઓ કઠોર થઇ જાય છે, અને પછી તેઓ દુનિયા સાથે વધારે કઠોરતાથી વર્તે છે, તે સામે તું જો. અને હે પ્રભુ! અમારા બંધુઓ સાથે પશુઓ કરતાં પણ વધારે ખરાબ રીતે વર્તવામાં આવે છે તેઓની ઉપર દયા કરવાની તું અમારા હૃદયમાં પ્રેરણા કર. હું જોઉં છું કે કૂતરાંઓને સાંકળોથી બાંધેલાં હોય છે છતાં પણ તેને નિમકહલાલી શીખવવામાં આવે છે, પણ આપણા કેદીઓને કોઈ નીતિ શીખવે તેમ છે? વાઘ–વરૂને મજબૂત પીંજરાંમાં પૂરેલા હોય છે ત્યાં પણ તેઓને ભાવે તેવો પેટ પૂરતો ખોરાક આપવામાં આવે છે, પણ આપણા કેદીઓના ખોરાકની કોઇ દરકાર રાખે છે? મદારી પાસે બંધનમાં પડેલાં વાંદરાઓને પણ કમાણી કરી આપવાની કળા શીખવવામાં આવે છે, પણ અભાગીયા કેદીઓને તેઓ પોતાની રોટલી રળી ખાય એવા કાંઇ હુન્નર શીખવવામાં આવે છે? અથવા કોઇકને કદિ કાંઇ શીખવવામાં આવતું હોય તો પાછળથી તેમો તે લાભ લઈ શકે એવી કાંઈ તજવીજ કરી આપવામાં આવે છે? એકને એક ઠેકાણે બાંધી રાખવાથી બગડી ન જાય માટે ઘોડાઓને પણ વારે વારે જૂદે જૂદે ઠેકાણે ફેરવવામાં આવે છે, પણ જેલની નાનકડી કોટડી સિવાય આ દુનિયામાં કેદીઓને ફરવાની ક્યાંઇ જગ્યા છે? કાળોતરા નાગને નાનકડા અંધારા કરંડીયામાં પુરવામાં આવે છે તેને પણ મીઠીમોરલીના મધુરાનાદ સાથે

આનંદથી ડોલવા દેવામાં આવે છે, પણ આપણા કેદીઓને માટે આનંદનું એકે સાધન છે? અને પોપટોને પીંજરામાં પૂરેલા હોય છે છતાં પણ તેને રામનું નામ શીખવવામાં આવે છે, પણ આપણા ભૂલા પડેલા ભાઇઓને–અપરાધી જીવડાઓને કોઇ પ્રભુનો મહિમા સમજાવે તેમ છે? કહો કે નહિ. આમ છે માટેજ અમે કહીએ છીએ કે આપણા કેદીઓની સ્થિતિ પશુઓ કરતાં પણ વધારે ખરાબ છે. અને તેમ છતાં પણ અફસોસ કે હજી પણ આપણી આંખો ઉઘડતી નથી! અરે, છેવટ સુધી આપણી દયા તે આપલપોપલીયાંમાંજ રહી જશે કે? પ્રભુ! હવે તો બહુ થાય છે. દયા કર, અમારી ઉપર દયા કર, અને અમારા બંધુઓને સુખી કરી શકીએ એવી અમારા હૃદયમાં પ્રેરણા કર, તથા એવાં સાધનો અમોને આપ.

માઠું થાય તે સારાને કાજે!

બ્હેન, મ્હારી પ્રાર્થના સફળ થઈ, દયાળુ ઇશ્વરે મ્હારી અરજ સાંભળી, તેથી એજ વખતે હું ઠરાવ કરી શક્યો કે, કેદીઓને સુધારવા પાછળ મ્હારી જીંદગી ગાળવી. ધન્ય તે દિવસ! ધન્ય તે ઘડી! ધન્ય તે ઠેકાણું! હે દયાળુ પ્રભુ! એવા આનંદદાયક ઠરાવ કરવાના પ્રસંગો તો સૌને વારે વારે આપજે. "માઠું થાય તે સારાને કાજે" એ જૂની અનુભવી કહેવતનું રહસ્ય હું આજે સમજ્યો. કેદમાં જવાથી મ્હારી આબરૂ ગઈ એમ હું માનતો હતો, પણ એ પ્રસંગથી સ્વર્ગના દેવોમાં મ્હારી આબરૂ વધી જશે, એમ મને ક્યાં ખબર હતી? કેદખાનાને હું નરક માનતો હતો પણ એ નરકમાંથીજ પ્રભુએ મને સ્વર્ગ આપી દીધું! ઓહો! કયા માણસને મ્હારો વ્હાલો પ્રભુ કેમ તારી દેશે, એ કોણ સમજી શકે છે? ધન્ય, પ્રભુ ધન્ય! ત્હારી દયાને ધન્ય છે, ધન્ય છે, ધન્ય છે; અને તે દયા પામનારાઓને પણ ધન્ય છે!

જૂની ભાવનાઓને જે નવા રૂપમાં મૂકી શકે તેને માન આપો.

બ્હેન, વેગમાં આવી જઈને આવી રીતે પોતાના મનમાં જેમ મરજી પડે તેમ ઠરાવ કરવા, એમાં કાંઇ મ્હોટી વાત નથી; એમ તો ઘણાએ માણસો રોજને રોજ મનમાં રાંડે છે, ને મનમાં પરણે છે, પણ એથી કાંઈ વળે નહિ; કારણ કે ઠરાવ કરવો એ કાંઇક જૂદી વાત છે, અને ઠરાવ પાળવો એ કાંઇક જૂદી વાત છે. ઠરાવ પાળવા માટે તો હૃદયનું બળ જોઇએ છીએ, અને બહારની પણ કાંઇક મદદ જોઇએ છીએ. બહારની મદદ ગમે તો સત્સંગની હોય, ગમે તો પુસ્તકોની હોય, ગમે તો અનુભવેલા બનાવોની હોય, ગમે તો રાજ્યની, મિત્રોની કે સ્ત્રીની હોય, અને ગમે તો ધર્મની હોય; પણ કાંઇક પણ મદદ જોઇએ છીએ. જ્યાંસુધી એવી કોઇપણ જાતની મદદ ન હોય ત્યાંસુધી ઠરાવમાં મજબૂતી આવી શકે નહિ, અને મજબૂતી આવે નહિ ત્યાંસુધી ઠરાવ પાળી શકાય નહિ; માટે મનના ઠરાવને બળ આપવા સારૂં આવી રીતની કોઈ પણ જાતની મદદની જરૂર છે. મને આ બાબતમાં મ્હારા વાચને બહુ ફાયદો કર્યો. એ વાચનમાં પણ ખાસ થીઓસૉફીનાં પુસ્તકોથી મને બહુજ મ્હોટો લાભ થયો છે. મ્હારા મનમાં ભ્રાતૃભાવ જાગૃત થયો, મ્હારા હૃદયમાં ઇશ્વરીસ્નેહ દાખલ થયો અને મ્હારામાં નવું જીવન આવ્યું, તેને માટે હું થીઓસૉફીનો આભારી છું. એ સિવાય ફાધર ડેમીયન, વિક્ટર હ્યુગો, મોંસ્યુ રૂસો, હૉવર્ડ, ગેરીબાલ્ડી, આનવીલ શૉર્પ, જ્યોર્જ વૉશિંગ્ટન, કાઉંટ ટોલસ્ટૉય, મીસ ફ્લારેન્સ નાઇટીંગેલ, મેરી કાર્પેન્ટર, મેરી એડી, હેલન વીલ્હેમ અને એની બીસૅન્ટ વગેરેના વિચારો તથા ચારિત્રના ગ્રંથોનો પણ હું આભારી છું. જો એ સ્વદેશપ્રેમનો નવો જુસ્સો અને હાલના જમાનાને અનુસરતા ભ્રાતૃભાવની રીતિઓ મ્હેં ન જાણી હોત તો એકલા રામ-કૃષ્ણાદિની કથા સાંભળવાથી મ્હારામાં

આવું બળ આપી શકતા નહિ, કારણ કે એ પુરાણીભાવનાઓ હવે બહુ જૂની થઇ ગઈ છે. એ ભાવનાઓ આપણને બ્હારનાં મંદિરોમાં, મૂર્ત્તિઓમાં, ન્હાવા–ધોવામાં, ટીલાં–ટપકાંમાં અને ધૂપ–નૈવેદમાંજ રાખી મૂકે છે; પરન્તુ હાલમાં આપણા દેશને, આપણા ધર્મને અને આપણા બંધુઓને જે સ્વદેશાભિમાનની, જે સત્યતાની તથા જે સ્વમાનની જરૂર છે, તે સ્વદેશાભિમાન, તે સત્ય અને તે સ્વમાન આપણી જૂની ભાવનાઓ એ ને એ રૂપમાં રહીને આપી શકતી નથી; માટે આપણી એ જૂની ભાવનાઓને નવારૂપમાં મૂકવી જોઇએ. જો એમ થાય તોજ તે ધારેલી અસર કરી શકશે. જ્યાં સુધી તે ભાવનાઓ એને એ રૂપમાં રહે ત્યાંસુધી તે આપણને નવો જુસ્સો આપી શકે તેમ નથી. અને એમાં કાંઈ એ ભાવનાઓનો વાંક નથી, પણ જમાનો બદલાઈ ગયો એજ મુખ્ય કારણ છે. એ ભાવનાઓએ તો અસલના વખતમાં કરોડો માણસોનાં જીવન સુધારેલાં છે, અને હજી પણ લાખો માણસોમાં એ ભાવનાઓ પોતાના બળ પ્રમાણે કામો કરી રહી છે. માટે આપણી એ અસલ ભાવનાઓનું અસલપણું જાળવીને જે તેને નવારૂપમાં મૂકી શકે તેને આપણે ખાસ માન આપવું જોઇએ. એવું મહાન કામ આપણી વચ્ચે જો કોઈપણ કરતું હોય તો તે થીઓસૉફીકલ સોસાયટી છે, એટલુંજ નહિ પણ બ્રાહ્મણો અને ક્રિશ્ચીયનો કે જેઓ એક બીજાનું મ્હોં જોવામાં પણ રાજી થાય નહિ, મુસલમાનો અને જૈનો કે જેઓના સિદ્ધાંતો એક બીજાથી વિરૂદ્ધ હોય, પારસીઓ અને મુસલમાનો કે જેને એક બીજાનો તિરસ્કાર હોય, યાહુદીઓ ને વેદાંતીઓ કે જેઓનો સંબંધ ક્યાંઈ પણ મળતો ન હોય, વૈષ્ણવો ને શૈવો કે જેઓ એક બીજાની નિંદા કરવામાંજ જીંદગી ગાળતા હોય, બૌદ્ધો ને નાસ્તિકો કે જેઓના વિચારો કોઈ પણ રીતે મળતા ન હોય અને વામમાર્ગીઓ તથા યોગીઓ કે જેઓની ક્રિયાઓમાં

જમીન આસમાન જેટલો ફેર હોય, તેઓ સર્વે થીઓસોફીના પ્રતાપથી આજે સાથે બેસીને કર્ત્તવ્ય તથા ઇશ્વર માટે એકજ જાતના વિચારો કરી શકે છે; અને ધીમે ધીમે ઉપલક મતભેદો છોડી દઈ જગતનું તથા પોતાના આત્માનું કલ્યાણ કરી શકે એવી બહારની ક્રિયાઓમાં પણ એક થતા જાય છે. આ શું થોડી ખુબીની વાત છે? આમ છે માટે હું પોતે થીઓસૉફીસ્ટ નથી છતાં પણ થીઓસૉફીના કેટલાક હેતુઓ તથા કેટલાંક કામોને હું વખાણું છું; એટલુંજ નહિ પણ કેદીઓને સુધારવાનો હું જે ઠરાવ કરી શક્યો અને તે ઠરાવ પાળી શક્યો તે માટે હું એ મંડળનોજ આભારી છું; કારણ કે "યુનિવર્સલ બ્રધરહુડ" ની ભાવના હું એ મંડળમાંથીજ મેળવીને કેળવી શક્યો છું.

કેદીઓની માએ કાંઇ કેદીઓ જણ્યા નથી

બ્હેન, આવી રીતે સ્વદેશપ્રેમ તથા ભ્રાતૃભાવનાં પુસ્તકોની મદદથી હૃદયબળને મજબૂત કર્યા પછી કેદીઓને સુધારવાનો મ્હેં ઠરાવ કર્યો હતો, એટલે ઘણી જાતની અડચણોથી કાંઇ ડરી જાઉં તેમ નહોતો. પણ ઠરાવ કર્યા પછી હવે કામ કેમ લેવું, એ મુસ્કેલીનો સવાલ હતો, કારણ કે કેદખાનાં કાંઈ મ્હારાં બાપનાં ઘર નહોતાં, અને માથાં ફરેલ કેદીઓ કાંઈ મ્હારા દોસ્ત કે નોકર નહોતા, કે ઝટ લઇને મ્હારી વાત માની લે! છ ઠેકાણેથી રજા મેળવું ત્યારે તો માંડમાંડ કેદી સાહેબોનાં દર્શન થઇ શકે તેમ હતું! તોપણ કેદખાનાનો મ્હારો જાતિઅનુભવ એ વખતે મને બહુ કામ લાગ્યો. પ્રથમ મને એ વિચાર થયો કે હું કેદીઓને સુધારવા ઇચ્છું છું પણ કેદીઓ સુધરી શકે તેવા છે કે નહિ? એ બાબતની તપાસ કરતાં મ્હારી ખાત્રી થઇ કે કેદીઓ સુધરી શકે તેમ છે, કારણ કે કેદીઓની માએ

કાંઇ કેદીઓજ જણ્યા નથી, તેઓએ તો ખુબસુરત નિર્દોષ બાળકો જણ્યાં હતાં, માત્ર સંયોગને આધારેજ તેઓથી અપરાધો થઇ ગયાં છે. પ્રભુએ કાંઇ તેઓની ઉપર કેદીઓની છાપ મારીને મોકલ્યા નથી, દયાળુપ્રભુએ તો સૌ માણસોની પેઠે તેઓને પણ મોક્ષનો અધિકાર મેળવવા સારૂજ આ દુનિયામાં મોકલેલા છે, પણ જેટલો ઇશ્વરીસ્નેહ જગતમાં ફેલાવો જોઇએ તેટલો સ્નેહ મનુષ્યજાતિમાં હજી સુધી આવી શક્યો નથી, માટે તેઓથી કેટલાંક ન્હાનાં–મ્હોટાં પાપ થઈ જાય છે; પરન્તુ પ્રભુએ કાંઈપાપ કરવા સારૂ તેઓને અહિં મોકલ્યા નથી. ત્યારે તેઓ શા માટે ન સુધરી શકે ? અવસ્ય સુધરી શકેજ. એ પછી તપાસ કરતાં મને જણાયું કે સો કેદીઓમાં દસ કેદી ખાસ મ્હોટા ભારે પાપી હોય છે, પચ્ચીસ કેદીઓ મ્હોટા અપરાધી હોય છે, ત્રીસ કેદીઓ સાધારણ અપરાધવાળા હોય છે, અને પાંત્રીસ જણા હલકા પ્રકારના ગુન્હેગાર હોય છે. આવી રીતે ગુન્હાનો પ્રકાર જાણ્યા પછી ગુન્હેગારોના સ્વભાવ તપાસતાં જણાયું કે એ સો જણામાંથી સાઠ જણા સાદીસમજ વાપરીને કામ લઇ શકે તેવા સ્વભાવના હોય છે, વીસ જણા મહેનત પડે ત્યારે ઠેકાણે આવે તેવા હોય છે, દસ જણા કાંઇ પણ ધ્યાન ન પહોંચાડી શકે તેવા અક્કલ વિનાના હોય છે, અને દસ જણા ખાસ હઠીલા ને વિચિત્ર સ્વભાવના હોય છે. આ સિવાય તેઓની શિક્ષામાં પણ ભેદ છે. સેંકડે વીસ ટકા લાંબી મુદ્દતની ટીપવાળા હોય છે, ત્રીસ ટકા મધ્યમ પ્રકારની શિક્ષાવાળા હોય છે, અને પચાસ ટકા ઓછી મુદ્દતની શિક્ષાવાળા હોય છે. એ પછી ગુન્હાનાં કારણો તપાસતાં જણાયું કે, એ બધામાં ઇરાદાપૂર્વક ગુન્હો કરવાવાળા સેંકડે દસ ટકા હોય છે, પચાસ જણાથી તો સારા સંયોગોની ખામી અને અવળા સંયોગોની અનુકૂળતાને લીધેજ ગુન્હો થઇ ગએલા હોય છે; સેંકડે પચ્ચીશ ટકા તો ખાસ ગરીબાઇને લીધેજ ગુન્હો કરે છે, અને સેંકડે

અંદર જણાએ પોતાની મૂર્ખાઇને લીધે નજીવાં કારણો સારૂ જુસ્સામાં આવી જઇને ગુન્હો કરેલો હોય છે. આ બધાં પ્રમાણો કાંઈ કલ્પિત નથી, ઘણી જાતના આધારોથી એ પ્રમાણો શોધી કહાડેલાં છે, અને તેમ છતાં પણ સંયોગોને આધારે ઘણી જગ્યાએ એ પ્રમાણોમાં કાંઈ ફેરફાર હોય તોપણ તેમાં કાંઈ અજબ થવા જેવું નથી. જેમકેઃ દુકાળના વખતના ગુન્હા જૂદા હોય છે, લૂંટફાટ કરનારી તથા ચોરીનો ધંધો કરનારી કોમો અને મુલકોના ગુન્હા જૂદા હોય છે, સંસારિક ઉથલપાથલ વખતના ગુન્હા જૂદા હોય છે, પ્રજામાં ધર્મનો જુસ્સો ફેલાએલો હોય કે ધર્મની વિરૂદ્ધતા ચાલતી હોય તે વખતના ગુન્હા જૂદા હોય છે, અને રાજદ્વારી ખટપટોના ગુન્હા જૂદા હોય છે. આવાં કાંઇ કારણો હોય ત્યારે ઉપલાં પ્રમાણોમાં ફેર પડે એ બનવાજોગ છે, પણ એ પ્રમાણમાં ફેર પડવાથી ગુન્હેગારો ન સુધરી શકે એવું કાંઇ નથી. આવી રીતે તેઓના સ્વભાવમાં અને ગુન્હાઓમાં ભેદ છતાં પણ જો હુશીયારીથી કામ લેવામાં આવે તો દરેક જણ જૂદી જૂદી લાઇનમાં કાંઇક ને કાંઇક કામ કરી શકે તેવા હોય છે, તેથી બહુ વિચાર કરીને અંતે મ્હેં તેઓને સુધારવાની મહેનત કરવાનો ઠરાવ કર્યો.

કેદખાનામાં પ્રાર્થના

એ પછી જ્યારે હું કેદમાંથી છૂટયો ત્યારે મ્હારા ગામમાં એક બહુજ ભલો ને મ્હોટા લાગવગવાળો ગૃહસ્થ રહેતો હતો તેને મળ્યો. એ ગૃહસ્થ "નવી રોશની" નામે મ્હારા માસિકના લેખો માટે બહુ માન ધરાવતો હતો, અને મ્હારા શુભકામના આગળ વધેલા દરેક વિચારો તેને પસંદ પડતા હતા, તથા એવા કામમાં તે બહુ મદદ કરતો હતો, તેથી કેદીઓને સુધારવાની મ્હારી યોજના મ્હેં

તેને સમજાવી. એ વાત તેને બહુ ગમી, તેથી તેઓ ત્યાંના દિવાનસાહેબ પાસે મને તેડી ગયા. મ્હેં દીવાનસાહેબને એ યોજના સમજાવી. ત્યારે તેમણે કહ્યું કે—"તમારા હેતુઓ સારા છે, પણ કામ બહુ મુશ્કેલ છે. એ કમનસીબો સુધરી શકે એમ હું માનતો નથી, તોપણ જો તમારી ઇચ્છા હોય તો ભલે ખુશીથી ટ્રાય કરી જુઓ. હું જેલર ઉપર ચીઠ્ઠી આપીશ."

મ્હેં વિચાર્યું કે આપણી યોજનાને ઉત્તેજન મળતું જાય છે, માટે હવે બહુજ સંભાળથી કામ લેવું જોઇએ, આજે કેદીઓ પાસે પ્રાર્થના કરાવવાની રજા મળી તો બેચાર માસ પછી રાત્રિશાળાની પણ રજા મળી શકશે, પણ એ રજાનો અને એ પછીની બીજી યોજનાઓનો આધાર મ્હારાં હાલના કામ ઉપર છે, જો શરૂઆતમાંજ હું આ બાબત બરાબર નહિ બજાવી શકું તો મ્હારી બધી યોજનાઓ ધૂળમાં મળી જશે, માટે આ રજાથી ફૂલાઈ નહિ જતાં મ્હેં મ્હારા કામમાં ખૂબ ધ્યાન આપવાનો ઠરાવ કર્યો.

એ પછી દરરોજ સાંજે છ થી સાત સુધી એક કલાક કેદીઓ પાસે હું ઈશ્વરપ્રાર્થના કરાવવા લાગ્યો. પ્રથમ થોડા દહાડા જરા ઉથડક ઉથડક લાગ્યું, પણ પછી કેદીઓને તથા મને તેમાં આનંદ આવવા લાગ્યો. સેંકડે પોણોસો જણા પોતાની ખુશીથી પ્રાર્થનામાં હાજર થવા લાગ્યા. તેઓમાંના કેટલાકને દેશી ઢબનાં ને અસલી રાગોનાં જૂના ભકતોનાં ભજનો આવડતાં હતાં. તેઓ જ્યારે મંજીરા તથા તંબુરાની ધુન સાથે ભજન ગાતા ત્યારે બહુ આનંદ થતો હતો. એ વખતે તેઓ પોતાનું દુઃખ ભૂલી જતા. પ્રભુના પવિત્ર નામમાં રહેલી કુદરતી શાન્તિથી તેઓનો આખા દિવસનો થાક ઉતરી જતો. જૂદા જૂદા ભકતોની મસ્તી ભરેલી મીઠીવાણીથી તેઓના હૃદયમાં એક જાતનો તનમનાટ થઈ રહેતો, અને એ અસરનો કેફ જેઓના મનમાં જામી

શકતો તેઓની રાત્રિ આનંદમાં જતી હતી. કેદખાના જેવી જગ્યામાં બધા ગુન્હેગારો સાથે મળીને મહાનપ્રભુની ખુલ્લા દિલે પ્રાર્થના કરે, એ દેખાવ બહુ આનંદદાયક લાગે છે, એટલુંજ નહિ પણ જ્યારે ધૂનમાં આવી જઇને કેદીઓ ભજનો ગાતા હોય અને પ્રાર્થના કરતા હોય ત્યારે, એટલો વખત તેઓ કેદખાનાને ભૂલી જાય છે, અને તેઓને સ્વતંત્રતાનો અનુભવ થાય છે. ભજનમાં તંબુરો, મંજીરા અને કોઈ કોઈ વખતે હું ઝાંઝ–પખાજનો પણ ઉપયોગ કરતો હતો. કોઈ કોઈ વખત મ્હારા એક મિત્રની મદદથી તેઓને હારમોનિયમની ગમ્મત પણ ચખાડતો હતો. દુઃખીજીગરોમાં અને પાપીમનોમાં પણ સંગીત અને પ્રાર્થના કેટલી બધી અસર કરી શકે છે, એ જાણવું હોય તો કેદખાનાઓમાં થતી કેદીઓની પ્રાર્થના સાંભળવી જોઇએ. ત્રણ માસ પછી મ્હારી અરજ ઉપરથી કેટલાક અમલદારો સાથે દિવાનસાહેબ કેદીઓની પ્રાર્થના જોવા આવ્યા. એ જોઇને તેઓને બહુ સારી અસર થઈ, અને સૌ મંડળ બહુ રાજી થયું. એ પછી તેઓ સાહેબે મને પૂછ્યું કે, "હવે શું કરવા ઇચ્છો છો ?" મ્હેં કહ્યું કે, સાહેબ,

રાત્રિશાળા

ખોલવા મ્હારી ઇચ્છા છે. આઠથી દસ સુધી બે કલાક શીખવવું. જેની મરજી હોય તે શીખે. સ્લેટ, પુસ્તકો, માસ્તરો વગેરે અપાવવાની કૃપા કરો તો ઉપકાર. જો એ ન બની શકે તેમ હોય તો હું તજવીજ કરી લઇશ. તેમણે કહ્યું:–"તમે કેવી રીતે તજવીજ કરી શકશો?" મ્હેં કહ્યું:–મ્હારા એક બે ભલા મિત્રો માસ્તર તરિકે આવવા તૈયાર છે, અને સ્લેટ તથા ચોપડીઓના ફંડ માટે કેદીઓની તરફથી હું લોકો પાસે ભીક્ષા માગીશ. એ સાંભળીને દીવાનસાહેબે કહ્યું કે, "દરબારી કેદીઓ માટે તમે ભીખ માગો તે ઠીક ન કહેવાય એ માટે

બંદોબસ્ત થઇ રહેશે. એમાં કાંઇ મ્હોટી વાત નથી. પણ એ લોકો ભણતાં શીખે એને માટે મને શક છે." મ્હેં કહ્યું:—સાહેબ, સેંકડે પચ્ચીસ ટકાને માટે તો હું ખાત્રી આપું છું. દીવાનસાહેબે કહ્યું:— "ઠીક ત્યારે, કરો અજમાએશ!"

એ પછી થોડા દિવસમાં મ્હેં રાત્રિશાળા શરૂ કરી, અને કીન્ડરગાર્ટનની રીતિને મળતું કામ લેવા લાગ્યો. પ્રથમ તો સેંકડે દસ ટકાએ ઉત્સાહપૂર્વક ભણવાની હા પાડી, બાકીનાઓ તો એમ કહેતા કે, "હવે અર્ધી ઉમ્મર ગઈ ને શું ભણીએ? પાકેઘડે કાંઇ કાંઠા ચ્હડે?" એવું સમજીને કાંઇપણ મહેનત કર્યાવિના પ્રથમથીજ નિરાશ થઇ જતા; પણ મ્હારો રોજનો ઉપદેશ તથા કીન્ડરગાર્ટનની રમુજી રીતોથી તેઓને ગમ્મત પડવા લાગી, અને એ તરફ તેઓનું ધ્યાન ખેંચાવા લાગ્યું. મહિના પંદર દિવસમાં દસવીસ જણા પહેલી-બીજી ચોપડી વાંચતા થયા, તેથી એ જોઇને બીજાઓના મનમાં અસર થઇ; એટલે ધીમે ધીમે ઘણા જણા શીખવા લાગ્યા. તે એટલે સુધી કે છ મહિનામાં સેંકડે પચ્ચાસ જણા શીખવા લાગ્યા! છઠ્ઠે મહિને દિવાનસાહેબને અરજ કરી કે, હવે કેદીઓની પરીક્ષા લેવાનો વખત થયો છે, તેથી એક દિવસ મુકરર કરીને એજ્યુકેશનલ ઇન્સપેકટર સાથે દિવાનસાહેબ ત્યાં આવી પહોંચ્યા ને કેદીઓની પરીક્ષા લીધી. ન્હાનાં છોકરાંઓની સ્કૂલોનાં ધોરણો જેવાં કાંઈ કેદીઓ માટે ધોરણો ન્હોતાં, પણ તેઓને તો સારીરીતે લખતાં-વાંચતાં અને મુખ્યતાથી દુનિયાદારી ચલાવવાના વ્યવહારમાં ઉપયોગી થઈ શકે એવું સામાન્યજ્ઞાન આપવામાં આવતું હતું. પરીક્ષાથી સૌ બહુ રાજી થયા. એજ્યુકેશનલ ઈન્સપેકટર સાહેબે એ માટે બહુ સારો અભિપ્રાય આપ્યો, તેથી દિવાનસાહેબે મને કહ્યું કે, "તમે તો ખુબી કરો છો, અમે ધારી શકીએ તે કરતાં પણ તમે વધારે સારૂં પરિણામ લાવી શકો

છો, એ ખાતે તમોને મુબારકબાદી ઘટે છે." ત્યારે મ્હેં કહ્યું કે, સાહેબ, એમાં મ્હારી કાંઈ ખુબી નથી, એ આપની કૃપાનું ફળ છે. જો મને આપ સાહેબે ઘણી જાતની સગવડતા ન કરી આપી હોતે તો મ્હારી ઘણીએ ઇચ્છા છતાં પણ હું કાંઇ પણ કરી શકત નહિ; કદાચ હું ઘણાંએ સાધનો મેળવું તોપણ જ્યાંસુધી આપ કેદખાનામાં દાખલ થવાની રજા ન આપો ત્યાંસુધી એ શું કામનું ? માટે મને તો એમ લાગે છે કે,

રાજ્ય અને રૈયત એ બન્નેની મદદ વિના કોઈપણ મ્હોટાં કામ થઇ શકે નહિ.

બીજું એ પણ ખરૂં કે દયાળુ ઇશ્વિરે મનુષ્યમાં અને આ દુનિયામાં અનંત જાતની અખૂટ શક્તિઓ ભરી મૂકેલી છે; માત્ર તેને ખીલવવા માટે આપણે નિમિત્ત થવાની જરૂર છે. શક્તિઓને આપણે કાંઇ પેદા કરવાની નથી, માત્ર તેને વાપરવાનીજ છે. અને એ તો જો જરાક સાદીસમજ વાપરીએ તો ઘણા જણાઓથી બની શકે તેમ છે. માત્ર જરાક ટેકો, જરાક મદદ, જરાક ઉત્તેજન, થોડાક સારા શબ્દો, થોડુંક સ્વમાન અને થોડોક ઇશ્વિરીસ્નેહ જોઇએ છીએ. હવે આપ જરાક ઉત્તેજન આપવાની મહેરબાની કરો અને પછી જુઓ કે થોડીક ભલાઇમાંથી પણ કેવાં રૂડા પરિણામો નીપજી શકે છે!

એ પછી એક મ્હોટા યૂરોપીયન અમલદારની લેડીને હાથે દિવાનસાહેબે કેદીઓને ઇનામ અપાવ્યાં. એથી ગરીબ કેદીઓના મન ઉપર બહુજ સારી અસર થઈ. તે પછી કેદીઓ પોતાની રોટલી કમાઈ શકે તેવી જાતના હાથના ન્હાના ન્હાના સ્હેલા સ્હેલા હુન્નર શીખવવાનું કામ શરૂ કર્યું. એ ખાતું શરૂ થયાની અગાઉ કેદીઓ પાસે લોટ દળાવવો,

પાણી ભરાવવું, જમીન ખોદાવવી, પથ્થરો ફોડાવવા વગેરે મજુરીનાં કામ કરાવવામાં આવતાં હતાં, પણ તેઓને પોતાનો ઘરસંસાર ચલાવવામાં ઉપયોગી થાય તેવા વ્યવહારિક હુન્નરો શીખવવામાં આવતા નહોતા, કારણકે એમ કરવામાં ધ્યાન પ્હોંચાડવું પડે છે, અને ખર્ચ કરવો પડે છે; અને અપરાધીઓને ખાતર એવી મહેનત કરવા કોઈ તૈયાર નહોતું, કારણકે હજુસુધી આખી દુનિયામાં મુખ્યતાથી એવાજ વિચારો ચાલતા આવે છે કે ગુન્હેગારોને તો ખૂબ શિક્ષાજ કરવી જોઇએ. તેની ઉપર જયારે બહુજ દયા કરવામાં આવે ત્યારે એટલુંજ કે શિક્ષાની મુદ્દત ઓછી કરવામાં આવતી, પણ તેઓને સુધારવાની કોઈ દરકાર કરતું નહિ. આવી વંશપરંપરાની રીતિ હોવાથી કેદીઓ તરફ બેદરકારી રહે તેમાં કાંઈ નવાઈ નથી.

હાલમાં યૂરોપીઅનોનાં અનુકરણથી કેટલીક જેલોમાં થોડાક કેદીઓ પાસે શેત્રંજી વગેરે બનાવવાનું કામ કરાવવામાં આવે છે, પણ તે જેલની પેદાશ દેખાડવા માટે હોય છે; તે કામ કાંઈ કેદીઓને સુધારવાના હેતુથી થતું નથી, એટલે એ કામ લેતી વખત પણ કાંઇ કેદીઓ સાથે ભલીલાગણીથી વતરવામાં આવતું નથી, એ તો ડંડાથીજ કામ લેવાય છે, એટલે કેદીઓ ઉપર તેની જેવી જોઇએ તેવી સારી અસર થઇ શકતી નથી. એ સિવાય એ પણ સમજવાનું છે કે શેત્રંજી વગેરે વણવાનાં કે નેતર ભરવાનાં જે કામ કેદીઓ જેલમાં શીખ્યા હોય તે કામ કરવાનાં સાધનો તેઓને ઘેર હોતાં નથી, તેથી એ હુન્નરો પાછળથી ગામડાંઓમાં પોતાને ઘેર તેઓને કાંઇ કામમાં લાગતા નથી, માટે પોતાની રોટલી કમાઇ ખાવામાં ઉપયોગી થઇ શકે એવા હુન્નર તેઓને શીખવવા જોઇએ, અને કેદમાંથી છૂટયા પછી પોતાને ઘેર જઇને એ જાતના હુન્નર કરી શકે એવાં સાધનો તેઓને પૂરાં પાડવાની તજવીજ કરવી જોઇએ.

જેલમાંથી છુટયા પછી પોતાનું ગુજરાન કરી શકે એવા હુન્નરો કેદીઓને શીખવવા જોઇએ.

મ્હારી આ વાતો દિવાનસાહેબને ગળે ઉતરી, તેથી તેઓએ પાંચ હજાર રૂપિયાની મંજુરી આપી. એમાં થોડું ઘણું કામ કરી શકયો. ખેતીવાડીને તથા સુતાર–લુહાર કામને લગતાં હથિયારો, સીવવાના સંચા, ઘડિયાળ દુરસ્ત કરવાનું કામ, સાબુ બનાવવાનું કામ, છાપખાનાને લગતું હાથના પ્રેસનું કામ, પાંઉ–બીસ્કીટ બનાવવાનું કામ, સાકર બનાવવાનું કામ, કપડાં ધોવાનું તથા રંગવાનું કામ, પાલીસ કરવાનું કામ, પથ્થરો ઘડવાનું કામ, વારનીસ બનાવવાનું કામ, ગીલીટ કરવાનું કામ, રમકડાં બનાવવાનું કામ, નકસી કામ, ઉન ગુંથવાનું કામ, કપડાં વણવાનું કામ, નેતર, વાંસ તથા ઘાસની ટોપલીઓ વગેરે ગુંથવાનું કામ અને વિલાયતી નળીયાં જેવાં નળીયાં બનાવવાનું કામ વગેરે હાથે બની શકે તેવાં સાદાં સાદાં કામનાં ઓજારો, પુસ્તકો તથા તે શીખવી શકે તેવી લાગણીવાળા માસ્તરો ઇશ્વિરકૃપાથી મ્હેં મેળવ્યા. એ પછી છ મહિના બાદ દિવાન સાહેબે તે ખાતું ફરી તપાસ્યું, ને કેદીઓના હાથના હુન્નરો જોઇને તેઓ બહુ રાજી થયા. એ વખતે મ્હેં અરજ કરી કે, આ દરેક કેદીઓએ પોતાને હાથે કરેલાં કામોમાંથી જે ઉપજ થાય તેમાંથી તેઓને ચોથો ભાગ આપવાની કૃપા કરવી જોઇએ, એથી તેઓમાં કામ કરવાનો ઉત્સાહ વધશે, અને એ ઉત્સાહને લીધે આપણે તેઓને જેટલું આપીશું તેટલું તેઓ ખાસ વધારે કામ કરશે, એટલે એ આપવું આપણને ભારે પડશે નહિ; બીજું એ કે અહિંથી છૂટયા બાદ તેઓના હાથમાં થોડા ઘણા જરૂરની ખરચી જેટલા પૈસા હશે તો તેઓ અહિં શીખેલા હુન્નરનો ઉપયોગ કરી શકશે, અને ફરીથી તેઓને ગુન્હો કરવાનું મન થશે

નહિ; વળી તેઓને જે આપવાનું છે તે કાંઈ રાજ્યના ખજાનામાંથી આપવાનું નથી, પણ તેઓ રૂપિયો કમાઇ આપે ત્યારે તેમાંથી તેઓને પાવલી આપવાની છે, અને તે પણ હક્ક તરિકે નહિ પણ દયાને લીધેજ આપવાની છે; માટે જો એટલી દયા થાય તો એ બહુજ ઠેકાણાસર થએલી ગણાશે.

મને શુભ તકો આપો છો માટે હું તમારો ઉપકાર માનું છું.

ઈશ્વરકૃપાથી મ્હારી એ વિનંતિ પણ દિવાનસાહેબે મંજુર રાખી, અને વળી વધારે મહેરબાની કરીને ઉલટું પૂછ્યું કે, "હવે કાંઇ કહેવું છે?" ત્યારે મ્હેં કહ્યું કે, હા સાહેબ, હજી પણ એક અરજ કરવાની છે. હું આપને તસ્દી આપતો આવ્યો છું અને આપ તે ખમતા આવ્યા છો માટે હજી પણ જરા વધારે તસ્દી આપવાનું મન થાય છે, કારણ કે આપ કાંઈ એવો અર્થ કરો તેમ નથી કે હું મીઠાઝાડનાં મૂળ કાપું છું. દિવાનસાહેબે કહ્યું કેઃ—

"તમારા જેવા પરોપકારી માણસ માટે પણ જો હું એવો અર્થ કરૂં તો પછી હું સારો અર્થ ક્યાં કરી શકીશ? અપરાધીઓને પાપમાંથી બચાવી તેમને સારેરસ્તે મૂકનાર માટે પણ જો હું એવો અર્થ કરૂં તો પછી પ્રભુ મ્હારે માટે કેવો અર્થ કરશે? ભાઇ, તમે તસ્દી આપો છો તેવી મનુષ્યજાતનું કલ્યાણ કરનારી તસ્દી તો મને સૌ આપજો. કોઈપણ માણસને આપણે સ્વતંત્રતા અપાવી શકતા હોઇએ, કોઈપણ માણસનાં બંધનો આપણે ઢીલાં કરી શકતાં હોઇએ, કોઇપણ માણસના મનમાં આપણે જ્ઞાનનાં બીજ રોપી શકતા હોઇએ, કોઇપણ માણસના દુઃખમાં આપણે ભાગ લંઇ શકતા હોઇએ, કોઈપણ માણસને આગળ વધવામાં આપણે મદદ કરી શકતા હોઇએ, કોઈપણ માણસને આપણે પાપ કરતાં અટકાવી શકતાં હોઇએ, કોઇપણ માણસને આપણે સારે રસ્તે મૂકી શકતા

હોઇએ અને કોઇપણ માણસના હૃદયમાં આપણે ઇશ્વરીભાવના જગાડી શકતા હોઇએ, તો એ તસ્દી કહેવાય કે? હું તો એને ભાગ્યશાળીપણું સમજું છું. તમે અતિશય પરિશ્રમ ભોગવીને મને એવી શુભતકો આપો છો માટે હું તમારો ઉપકાર માનું છું. જો હું એવાજ મિજાજમાં રહ્યો હોત કે એ કમનસીઓ કદિ પણ સુધરે તેમ નથી, માટે તમારી યોજનામાં કાંઈ વળે તેમ નથી; તો મ્હારી કેટલી મ્હોટી ખરાબી થાત? આવા આનંદના દિવસો અને સેંકડો જણાના અંતરના આશીર્વાદો હું મેળવી શકત કે? એ બધું તમારીજ મહેનતનું ફળ છે. મ્હારે તો માત્ર "પારકી લેખણ પારકી શાહી ને મતુ કરે માવજી ભાઈ" એમજ કરવાનું છે. છતાં પણ ઘણી વખત અમારાથી એટલું પણ બનતું નથી ને ઉલટી આડી જીભ વળી જાય છે, માટે નાઇડુ સાહેબ, જે કહેવું હોય તે ખુશીથી કહો. મ્હારાથી જે બની શકે તે કરવા હું તૈયાર છું."

મ્હેં કહ્યું:—સાહેબ, હવે વિનંતિ એટલીજ છે કે જે સારી ચાલના કેદી હોય અને વધારે કામ કરતા હોય તેઓની પાસેથી ઓછા કલાક કામ લેવાની તથા તેઓને સારો ખોરાક આપવાની મહેરબાની કરવી જોઇએ. એમ કરવાથી આગળ વધેલાઓને ઉત્તેજન મળશે અને પાછળ રહેલાઓ તેઓના જેવા થવા સારૂ ઉત્સાહથી કામ કરતાં શીખશે, કારણકે ઓછો વખત કામકરવાનું અને સારો ખોરાક ખાવાનું કોને નહિ ગમે? આમ કરવાથી એકંદરે કાંઈ નુકસાન થવાનું નથી, કારણ કે તેઓને નિયમ પ્રમાણે સોંપેલાં કામમાંથી જેટલો વખત બચાવે તેટલો વખત તેઓને બીજાં વધારે સારાં કામો કરવા સારૂ આપવાનો છે, અને તેઓ પોતાની જાતમહેનતથી જે વધારે કમાણી કરી આપે તેમાંથી તેઓને તેઓના પ્રમાણમાં ખાવાનું આપવાનું છે; એટલે એ બન્ને બાબત બની શકે તેમ છે. જ્યાંસુધી

આવી રીતની સગવડો કરી આપીએ નહિ અને ગોળ તથા ખોળનો સરખો ભાવ રહે ત્યાંસુધી માણસો સુધરી શકે નહિ. માટે

જો આપણે કોઇને પણ આગળ વધારવા હોય તો ખાસ ચાહીને થોડીક વધારે છૂટ મૂકીને તેઓની સાથે વર્તવું જોઈએ.

બીજું એ કે હુન્નર–કળાને લગતાં પુસ્તકોની જેલમાં ન્હાની લાઇબ્રેરી રાખવાની મ્હેં તજવીજ કરેલી છે, તે પુસ્તકો વાંચવામાં તથા કાંઈ કાંઈ નવી નવી હુન્નર–કળા શીખવામાં કેદીઓની ફુરસદનો વખત જાય એવી ગોઠવણ કરીશું, એટલે તેઓ ફુરસદનો ગેરઉપયોગ કરી શકે નહિ અથવા નજર બહાર રહી શકે નહિ.

દિવાનસાહેબે કહ્યું:–"જો એટલી બધી ચોકસીથી કામ થઇ શકતું હોય તો પછી મને કાંઇ અડચણ નથી. મ્હારૂં કહેવું માત્ર એટલુંજ છે કે આપણી ભલમનસાઇનો કોઈ ગેરલાભ લઈ જાય અને આપણે બદનામ થઈએ, એમ ન થવું જોઈએ."

મ્હેં કહ્યું:–સાહેબ, એને માટે મને બહુજ ફિકર છે, કારણ કે જો શરૂઆતમાંજ એવું કાંઈ થાય તોપછી એ દાખલો જોઇને ઉલટાં ઘણે ઠેકાણે એવાં સારાં કામો થતાં અટકી પડે, માટે કોઇપણ જાતની ગફલતી ન થાય એને માટે હું બહુજ સંભાળ રાખું છું.

દિવાનસાહેબે કહ્યું:–"ત્યારે તમારી યોજના પ્રમાણે બે મહિના કરી જુઓ. જો ફાયદો દેખાય તો આગળ ચલાવીશું, નહિ તો પછી એ વિચાર માંડી વાળીશું."

બ્હેન, ઇશ્વરકૃપાથી એ યોજનામાં પણ ફતેહ મળી. એથી કેદીઓ બહુ રાજી થયા. થોડીક છૂટ મૂકવાથી તેઓમાં નવો ઉત્સાહ આવ્યો, તેથી તેઓ બેવડા જોરથી કામ કરવા લાગ્યા; અને કામના આનંદથી તથા ઉત્સાહના ઉભરાથી તેઓ પોતાનું અર્ધું દુઃખ ભૂલી ગયા.

તેઓ ખરા જીગરથી મ્હારો ઉપકાર માનવા લાગ્યા. એ વખતે મ્હારા મનને બહુજ સંતોષ થયો, અને એ વખતે મ્હારા આત્માને બહુ શાંતિ વળી; કારણ કે ઇશ્વરકૃપાથી મ્હારા દુઃખીયારા બંધુઓને જરૂરને વખતે હું મદદ કરી શકયો હતો, ચળકતા હીરાઓ કરતાં અને સ્વર્ગના તારાઓ કરતાં પણ પ્રભુના પુત્રોનાં આંસુની કિંમત વધારે છે, એવાં કિંમતી આંસુઓને વ્યર્થ જતાં હું રોકી શકયો હતો, અને જે પ્રવાહ નરક તરફ જતો હતો તેને સ્વર્ગ તરફ વાળવામાં હું મ્હારી જીંદગીના કેટલાક કલાકો કહાડી શકતો હતો, તેથી મ્હારા આત્માને આનંદ થતો હતો. હે પ્રભુ! મ્હારી પેઠે ઘણાં માણસો એવો આનંદ ભોગવી શકે એવા દિવસ કયારે આવશે?

ગુન્હા અટકાવનારી મંડળી

એ પછી કેટલાક ગૃહસ્થોની સહાયતાથી "ગુન્હા અટકાવનારી મંડળી" સ્થાપન કરી. એ મંડળીએ એક ફંડ કર્યું. એ ફંડમાંથી કેદમાંથી છુટેલા લાચારોને ગુજરાનનાં સાધનો અપાવવાનું કામ ચાલતું હતું. એ મંડળીનાં માણસો પોલીસની મદદથી તેઓની ઉપર દેખરેખ રાખવાનું તથા તેઓને ધંધે-રોજગારે લગાડી આપવાનું કામ કરતાં હતાં. આવી રીતે યુક્તિસર કામ લેવાથી થોડા વખતમાં, થોડા ખર્ચમાં અને થોડી મહેનતમાં બહુ સારૂં પરિણામ ઉપજી શકયું છે, અને તેની અસર બહુ દૂર સુધી ફેલાતી જાય છે. એ બધું જોઇ જોઇને હું તો એમજ શીખ્યો છું કે,

પરમાર્થમાંજ ખરૂં સુખ છે

બીજાઓને કોઇ ને કોઈ રસ્તે પણ મદદ કરવામાંજ આપણી મ્હોટાઈ છે, આપણા દુઃખીયારા ભાઇબંધોને દિલાસો દઈ શકાય એવાં કામો કરવામાંજ આત્માની ઉન્નતિ છે, જગતના જીવોના કલ્યાણમાં

રહેવું એજ જીંદગીની સાર્થકતા છે, મહાનપ્રભુને અર્થે પ્રભુનાં બાળકોસારૂ આપણાથી જેટલો બની શકે તેટલો આપણા અંગત-સ્વાર્થનો ભોગ આપવો એજ પુરૂષાર્થ છે, અને જગતમાં ઇશ્વરીસ્નેહ વધારવો એજ સાચું સ્વર્ગ છે. માટે બ્હેન, જો તમારે પણ સાચું સુખ મેળવવું હોય તો જગતની સેવામાં લાગી જાઓ. આવો અમૂલ્ય વખત અને આવી ઉત્તમ તકો કાંઇ વારે વારે નહિ મળે. તમે તો અત્યારે જે ધારો તે કરી શકો તેમ છો; છતાં પણ જો કાંઈ નહિ કરો ને ખાલી હાથે ચાલ્યાં જશો તો અંતકાળે પસ્તાવો બહુ થશે હો. માટે બ્હેનો, ચેતી લો, ચેતી લો."

હું શું નિર્દોષ બાલિકાઓને નહિ સુધારી શકું ?

શારદાબ્હેને કહ્યુંઃ—નાઇડુ સાહેબની આ વાત સાંભળીને મ્હારા મનમાં બહુ ઊંડી અસર થઈ, કારણ કે હું પણ કાંઇક ભલુંકામ કરવા ઇચ્છતી હતી. ઇશ્વરકૃપાથી મ્હારૂં અંતઃકરણ તો પહેલેથીજ ચોખ્ખું હતું, અને તેમાં પરમાર્થની લાગણીનાં બીજને પણ રોપાઈ ગયાં હતાં; એ બીજો ઉગી નીકળવાને માત્ર એક પાણીનીજ ખોટી હતી, અને તે પાણી ભલાભાઇ તરફથી મળી ગયું, એટલે પછી ફણગો ફૂટતાં વાર શી ? તેથી નાઇડુ સાહેબની વાત સાંભળીને તુરતજ મ્હારી આંખો ઉઘડી ગઈ. મને લાગ્યું કે માણસો જયારે ભેજાંફાટેલ અને દુનિયા ત્યાગ થએલા ગુન્હેગારોને પણ સુધારી શકે છે ત્યારે હું શું નિર્દોષ બાલિકાઓને નહિ સુધારી શકું ? જે માણસો ઇરાદાપૂર્વક ધરાર એમ કહે છે કે, " હેડ બેડીઓ તો મરદો માટે છે, કાંઇ રાંડી રાંડો માટે નથી ! " તે લોકો પણ અપરાધો છોડી શકે અને સ્વાભાવિક રીતેજ ધર્મની લાગણીવાળી મ્હારી બ્હેનો ધર્મને નામે અધર્મમાં રહે, તેમાં શું હું કાંઇજ ન કરી શકું ? મહા-

ભયંકર અપરાધ કરવાવાળા પાપીઓ પણ ખુલ્લા દિલે હમ્મેશાં મહાન ઇશ્વરની સ્તુતિ કરી શકે અને મ્હારી નિખાલસ બ્હેનો પરાણે પરાણે બાપના બાપને ને માની માને યાદ કરી કરીને કુટણાં કૂટવામાં ને રમકડાં રમાડવામાંજ રહી જાય, તેમાં હું કાંઇપણ ન કરી શકું કે ? મહાત્માઓ કહે છે કે "સ્ત્રીઓની આંખમાં શરમ હોય છે, મુખમાં મીઠાશ હોય છે, હૈયામાં હેત હોય છે, અને હાથમાં કામ હોય છે;" પણ પાપના વિચારમાંજ રચીપચી રહેલા હરામના હાડકાંવાળાં ઘણાએ ગુન્હેગારોમાં તેમાંનું કાંઇ છે ? જો હૈયામાં હેત હોય તો પાપ કેમ થાય ? આંખમાં શરમ હોય તો જેલમાં કેમ જવાય ? જીભમાં મીઠાસ હોય તો કજીયા કેમ થાય ? અને હાથમાં કામ હોય તો અધર્મ કરવાનું કેમ સૂઝે ? આવાં જેની પાસે કાંઇ પણ સારાં સાધન નહિ તે અપરાધીઓ પણ જગતને આગળ વધારનારા વિદ્યા–હુન્નરથી પોતાની રોટલી કમાઈ શકે, અને મ્હારી બ્હેનો સ્વાભાવિક રીતેજ એ બધા ગુણવાળી છતાં પણ પોતાના ધણીને કે કુટુંબને કાંઇપણ મદદ ન કરી શકે, એ દિલગીરી નહિ કે ? શું હું એ બાબતમાં કાંઈ ન કરી શકું ? અને જમના દૂત જેવા પ્હોરેગીરોની ભરેલી બંદૂક તથા ચઢાવેલાં સંગીનની અણી વચ્ચે રહેનારા પરાધીન ગુન્હેગારો પોતાનું જીવન સુધારી શકે, અને પતિને પોતાની હથેલીમાં નચાવનારી મ્હારી બ્હેનપણીઓ પોતાનાં અમૂલ્ય જીવનની કાંઇ પણ દરકાર કર્યાવિના નરકમાં પડી રહે ! ! પ્રભુ ! પ્રભુ ! આવું નમાલાપણું તે અમારામાં ક્યાંસુધી રહેશે ? ઇશ્વરકૃપાથી મ્હારા જેવી કાંઈ બે અક્ષર જાણુવાવાળી બાઇઓ પણ જ્યારે પોતાની બ્હેનોને સુધારવા માટે બહાર નહિ પડે ત્યારે કેમ આરો આવશે ? અરે પ્રભુ ! ભારતની સ્ત્રીઓને સુધારવા માટે કાંઇજ સાધનો નહિ ? અને કાંઈ ખાસ તજવીજ પણ નહિ ? ત્યારે આપણે કેમ આગળ વધી શકીશું ? ત્યારે આપણા દેશનું

કલ્યાણ કેમ થશે? કારણ કે સંસારરૂપી ગાડીનાં બે ચક્ર છેઃ એક સ્ત્રી ને બીજું પુરૂષ. તેમાંથી આપણે ત્યાં જો એક ચક્ર ભાંગેલું રહેશે તો ભારતનો ઉદ્ધાર કેમ થશે? અરે, આપણા શાસ્ત્રોમાં તો એ કરતાં પણ આગળ વધીને એમ કહેલું છે કે, "પુરૂષ એ જમણું અંગ છે, ને સ્ત્રી એ ડાબું અંગ છે; એ બન્ને અંગ મળે ત્યારે મનુષ્ય પૂર્ણ થાય છે." હવે વિચાર કરો કે જેનું ડાબું અંગ અર્ધાંગવાયુથી નકામું થઇ ગયું હોય તે માણસ તેવી સ્થિતિમાં રહીને શું શુકરવાર કરી શકશે? અને જ્યાં કરોડો માણસ એવી રીતના અર્ધા અંગવાળાં હોય તે દેશનું કલ્યાણ કેમ થશે?

નાઇડુ સાહેબની વાત સાંભળ્યાથી આવી રીતના વિચારો મ્હારા મનમાં ઘોળતા હતા, એટલામાં મ્હારૂં માનીતું પુસ્તક મને યાદ આવ્યું. તેમાં સ્ત્રીઓની ઉત્તમતા માટે, સ્ત્રીઓના સ્વભાવ માટે, સ્ત્રીઓના પ્રેમ માટે, સ્ત્રીઓના ગુણ માટે અને સ્ત્રીઓની કુદરતી ખુબીઓ માટે, બહુ જાણવાજેવા નવીન વિચારો હતા. તેમાંથી કેટલીક બાબતો મ્હેં ખાસ યાદ રાખી હતી. તેમાં લખ્યું હતું કે,

સેવા કરવા માટેજ સ્ત્રીઓનો અવતાર છે

*"યાદ રાખજો કે ગાંડી ગુજરાતના લોકો કહે છે તેમ સ્ત્રીઓનો આવતાર કાંઈ પુરૂષોના પગનાં ખાસડાં જેવો નથી, સ્ત્રીઓનો અવતાર કાંઇ પુરૂષોની ઘડીકવારની રમુજને માટે નથી, સ્ત્રીઓનો અવતાર કાંઈ સુથીયાં–સાવરણી માટેજ નથી, સ્ત્રીઓનો અવતાર કાંઇ માત્ર બાળોતીયાં ધોવા માટેજ નથી, સ્ત્રીઓનો અવતાર કાંઈ ઘરમાં ગોંધાઇ રહેવા માટેજ નથી, સ્ત્રીઓનો અવતાર કાંઇ મ્હોટા મ્હોટા લાજના ઘુમટા કહાડવા માટેજ નથી, સ્ત્રીઓનો અવતાર કાંઇ મૂર્ખ રહેવા માટેજ નથી, સ્ત્રીઓનો અવતાર કાંઈ કુટણાં કૂટવા માટેજ નથી,

* "સ્ત્રીઓનું સ્વર્ગ" નામના પુસ્તકમાંથી પૃષ્ઠ ૨૫.

સ્ત્રીઓનો અવતાર કાંઇ વેવાણોના વાંકાં બોલવાં અને દૂધમાંથી પોરા કહાડવા માટેજ નથી, સ્ત્રીઓનો અવતાર કાંઇ ખૂણામાં પડીને રોયા કરવા માટેજ નથી, સ્ત્રીઓનો અવતાર કાંઈ ગામની કુથલી કરવા માટેજ કે પાડોશણોની અદેખાઈ કરવા માટેજ નથી, સ્ત્રીઓનો અવતાર કાંઇ ગુલામગીરી ભોગવવા માટેજ નથી અને સ્ત્રીઓનો અવતાર કાંઈ છોકરાં જણવાના સંચા તરિકેનોજ નથી; પણ સુકોમળ પવિત્ર સ્ત્રીઓનો અવતાર તો આ જગતમાં દયાની દેવીઓ તરિકેનોજ છે. રસિકડી સ્ત્રીઓનો અવતાર તો આ જગતમાં નવુંજીવન લાવવા માટે છે. સુંદર સ્ત્રીઓનો અવતાર તો આ જગતમાં અલૌકિક સૌન્દર્ય ફેલાવવા માટે છે. મંદ મંદ હાસ્યવાળી સ્ત્રીઓનો અવતાર તો પુરૂષોમાં પુરૂષાર્થ વધારવા માટે છે. જેની હરણીના જેવી મનોરંજક અને માછલીના જેવી ચપળતાવાળી છતાં પણ સદૈવ દયાથી ભરેલી આંખો છે તેવી સ્ત્રીઓનો અવતાર તો આ જગતને પરમાર્થ શીખવવા માટે છે. સ્વભાવથીજ અંતરના ઊંડા ધર્મભાવવાળી સ્ત્રીઓનો અવતાર તો આ જગતમાં પ્રભુનો મહિમા ને પ્રભુની ભક્તિ ફેલાવવા માટે છે. કુદરતી રીતેજ મીઠી લાગતી નાજુકડી સ્ત્રીઓનો અવતાર તો આ જગતમાં શાન્તિ ફેલાવવા માટે છે. અંતરમાંથી દીનતાવાળી સ્ત્રીઓનો અવતાર તો જગતમાં મંગળકાર્ય કરવા માટે છે; અને પ્રકૃતિથીજ આધીનતાવાળી સ્ત્રીઓનો અવતાર તો આ જગતમાં સ્વર્ગના દેવોના પ્રતિનિધિ તરિકેનોજ છે. એમાં કાંઇપણ શક નથી."

સ્વર્ગમાં દેવ અને ઈશ્વરની વચ્ચે જેવો આધીનતાનો સંબંધ છે, તેવો સંબંધ આ દુનિયામાં સ્ત્રી અને પુરૂષની વચ્ચે હોવો જોઈએ.

*"આ દુનિયાનું ધણી—ધણીઆણીપણું તે સ્વર્ગનું "દેવ અને

---

* "સ્ત્રીઓનું સ્વર્ગ" નામના પુસ્તકમાંથી પૃષ્ઠ ૧૯.

ઇશ્વર"નું સમરૂપ છે. સ્વર્ગમાં—મોક્ષમાં—પ્રભુની હજુરમાં દેવ અને ઈશ્વરનો કેવો આનંદદાયક સંબંધ છે, એ આપણે બરાબર રીતે સમજી શકીએ, અને એ પ્રમાણે વર્તી આગળ જતાં આપણે પણ દેવ બની પ્રભુની હજુરમાં જઇ મોક્ષધામનો અખંડાનંદ ભોગવી શકીએ, તથા પ્રભુના સ્વરૂપમાં મળી શકીએ, તે શીખવવા સારૂ પ્રભુએ કૃપા કરીને દેવ અને ઇશ્વરના સંબંધનું સરખાપણું આ દુનિયામાં આપણને ધણી-ધણીઆણીરૂપે આપેલું છે.

દેવ અને ઇશ્વરનો સંબંધ કેવો છે, એ તમે જાણો છો? દેવો હમ્મેશાં દર પળે પ્રભુની આધીનતાને ચ્હાય છે, **દીનતા** એજ તેઓના જીવનનું તત્ત્વ છે, અને **આધીનતા** એજ તેઓનું કર્ત્તવ્ય છે. પ્રભુની હજુરમાં માનપૂર્વક હાથ જોડીને તેઓ પ્રભુના હુકમની વાટ જોતાજ બેઠેલા હોય છે. તેઓમાં હુંપણું કે પોતાપણું હોતું નથી. ક્યારે પ્રભુ અમને હુકમ ફરમાવે, અને ક્યારે અમે તે બરાબર રીતે બજાવીએ, એજ ભાવના તેઓના મનમાં રમતી હોય છે. તેઓને કોઇપણ જાતનાં સુખની કમી હોતી નથી, અને તોપણ તેઓનો આનંદ તો પ્રભુના સ્વરૂપનું ધ્યાન ધરવામાં અને પ્રભુના દર્શનમાંજ હોય છે. પ્રભુની ઇચ્છા એજ તેઓની ઇચ્છા, પ્રભુનો હુકમ એજ તેઓનું કર્ત્તવ્ય, પ્રભુનાં દર્શન એજ તેઓનું સુખ અને પ્રભુમાં તન્મય થઇ જવું એજ તેઓની સાર્થકતા છે. પ્રભુના હુકમ પાળવા સિવાય બીજું કાંઇપણ તેઓ જાણવા ચ્હાતા નથી, એટલુંજ નહિ પણ પોતાનું પોતાપણું તેઓ ભૂલી ગએલા હોય છે. આવી દીનતા અને આવી આધીનતાને લીધેજ તેઓ દેવ છે, અને તેસારૂજ શાસ્ત્રોમાં પ્રભુએ દેવોને મ્હોટા તથા પૂજનીય ગણેલા છે.

દેવો જ્યારે આવો ઉત્તમ સેવકભાવ રાખે છે ત્યારે પ્રભુ તેઓને માટે શું કરે છે? એ તમને ખબર છે? દેવોના સુખને માટે તે હમ્મેશાં

તત્પર રહે છે; દેવોને માટે તેણે સ્વર્ગ બનાવેલું છે; દેવોને માટે તેણે મનવાંચ્છિત ભોગો આપનારાં કામધેનુ, કલ્પવૃક્ષ ને ચિંતામણિ બનાવેલાં છે; અને દેવોના સુખને માટે તે અવતાર લે છે. દેવો જ્યારે ઉંઘે છે ત્યારે તેની આધિનતાથી ખુશી થઇને તેની ચોકી કરવા સારૂ પ્રભુ જાગે છે, દેવો જ્યારે પ્રભુના ગુણુ ગાય છે ત્યારે તેને રીઝવવા સારૂ પ્રભુ પોતે તેની પાસે નાચે છે, દેવો જ્યારે બેસ છે ત્યારે પ્રભુ તેની પાસે તેનાં સુખોની સગવડતાને માટે ઉભા રહે છે, દેવો જ્યારે ચાલવા ઇચ્છે છે ત્યારે પ્રભુ તેને તેડી લે છે, અને દેવોની જ્યારે ખાવા-પીવાની ઇચ્છા થાય છે ત્યારે અમૃત જેવી ઉત્તમમાં ઉત્તમ વસ્તુઓ પ્રભુ તેને પૂરી પાડે છે. ટુંકામાં એજ કે દેવોને સુખી જોઇને રાજી થવું અને દેવોનાં સુખને માટે મહેનત કર્યા કરવી, એ પ્રભુનો આનંદ છે. આવો સેવ્ય-સેવકનો ઇશ્વર અને જીવ વચ્ચેનો સંબંધ છે, અને તેજ સંબંધ આ દુનિયામાં સ્ત્રી-પુરૂષ વચ્ચે હોવો જોઇએ, એટલે કે જેમ દેવો પ્રભુને માટે કરે છે તેમ સ્ત્રીઓએ પોતાના પતિ માટે કરવું જોઇએ, અને જેમ પ્રભુ દેવોને માટે કરે છે તેમ પતિએ પોતાની પત્ની માટે કરવું જોઇએ. એ આર્યશાસ્ત્રની આજ્ઞા છે, અને એ ઇશ્વરની ઇચ્છા છે."

સ્વર્ગમાં દેવોની જે કામગીરી છે તેજ કામગીરી આ દુનિયામાં સ્ત્રીઓની છે.

*"સુખની મૂર્તિરૂપ સ્વર્ગના દેવોની કામગીરી શું છે, એ તમને ખબર છે? શાસ્ત્રો કહે છે કે, દયાળુ પ્રભુએ તેઓને દુનિયા ઉપર દયા કરવાનાં કામો સોંપેલાં છે. જેમકેઃ કોઇને વરસાદ વરસાવવાનું કામ સોંપેલું છે, કોઇને પ્રજા ઉત્પન્ન કરવાનું કામ સોંપેલું છે, કોઇને

* "સ્ત્રીઓનું સ્વર્ગ" નામના પુસ્તકમાંથી પૃષ્ઠ ૨૨.

રોગીઓ ઉપર દયા કરવાનું કામ સોંપેલું છે, કોઈને પવનને કબજામાં રાખવાનું કામ સોંપેલું છે, કોઇને મનુષ્યોનાં કર્મનો બદલો આપવાનું કામ સોપેલું છે, કોઇને અનાજ, ઔષધિ તથા ફળ-ફૂલમાં રસ પૂરવાનું કામ સોપેલું છે, કોઇને દિશાઓની ચોકી કરવાનું કામ સોપેલું છે, કોઇને અગ્નિનું ધણીપણું સોપેલું છે, કોઇને જગતમાં પ્રકાશ કરવાનું કામ સોંપેલું છે, કોઈને પાણીનું ધણીપણું સોંપેલું છે, કોઇને મરણ પામેલાંઓ પાછળની ક્રિયાઓનું ફળ પ્હોંચાડવાનું કામ સોંપેલું છે, કોઇને જગતમાં જ્ઞાન ફેલાવવાનું કામ સોંપેલું છે, કોઇને ઉંચામાં ઉંચી જાતની કારીગીરી બનાવવાનું કામ સોંપેલું છે, કોઇને જગતમાં ઐશ્વર્ય ફેલાવવાનું કામ સોંપેલું છે, કોઇને દુષ્ટોનો સંહાર કરવાનું કામ સોંપેલું છે, કોઇને ભગવદ્સેવા તથા ભક્તિ શીખવવાનું કામ સોંપેલું છે, અને કોઇને જગતમાં મંગળ કરવાનું કામ સોંપેલું છે. આવી રીતે જૂદા જૂદા દેવોને મહાનપ્રભુએ જીવોનાં કલ્યાણને માટે જૂદાં જૂદાં દયાનાં કામો સોંપી દીધેલાં છે. એવાં મહાનકામો આપણે સ્પષ્ટ રીતે સમજી શકીએ નહિ તેવી રીતે-અદ્રશ્યપણે પણ બરોબર રીતે દેવો બજાવ્યા જાય છે; પણ દેવો સૂક્ષ્મ સૃષ્ટિમાં કામ કરે છે, અને આ આપણું જગત તો સ્થૂલરૂપવાળું છે, માટે આ જગતમાં ખુલ્લી રીતે કામ કરી શકે એવી શક્તિઓની પ્રભુને જરૂર લાગી, તેથી દેવોનાં જેવાં રૂપવાળી અને દેવોનાં જેવાં દયાનાં કામ કરવાવાળી શક્તિઓને પ્રભુએ બનાવી. એ શક્તિઓ તે આ જગતની સ્ત્રીઓ છે. દેવો દેવોના પ્રમાણમાં અને સ્વર્ગના પ્રમાણમાં કામો કરે છે, અને સ્ત્રીઓ આ જગતના પ્રમાણમાં તથા પોતાના પ્રમાણમાં દયાનાં કામો કરે છે; કારણ કે સ્ત્રીઓ દેવોનું સમરૂપ છે, એટલે કે દેવોના જેવું પણ તેથી જરા ઉતરતા પ્રકારનું દેવોનું બીજું રૂપ તે આ જગતની સ્ત્રીઓ છે, એટલે કે દેવોની માફક દયાનાં કામો કરવા સારૂજ પ્રભુએ

તેઓને નિર્માણ કરી છે. ટુંકામાં એજ કે દેવોનું બીજું રૂપ અથવા દેવોનો બીજો અવતાર તે આપણી સ્ત્રીઓ છે, કારણ કે દયાનાં કામો કરવા માટે એટલે કે દુનિયાની સેવા કરવા માટે અને જગતમાં પ્રભુપ્રેમ ફેલાવવા માટે પ્રભુએ દેવોના બીજા અવતાર તરિકે સ્ત્રીઓ બનાવી છે.

આ વાત મ્હારા ઘરની નથી, પણ પ્રાચીન ઋષિઓના સિદ્ધાંતની અને આર્યશાસ્ત્રની મહત્તાની વાત છે. આપણાં શાસ્ત્રોમાં ઠેકાણે ઠેકાણે સ્ત્રીઓનું દેવી તરિકે–ભગવતી તરિકે વર્ણન કરેલું છે, એટલુંજ નહિ પણ એમ પણ કહેલું છે કે મહાનઋષિઓએ વ્રજની ગોપીઓ-રૂપે સ્ત્રીઓનો અવતાર લીધો હતો. આ બધી વાતોનો ભેદ શું છે? એજ કે સ્ત્રીઓ દેવોનું સમરૂપ છે, અને તે આ જગતમાં સેવા કરવા માટે તથા પ્રભુપ્રેમ ફેલાવવાને માટેજ ઉત્પન્ન થએલી છે."

સેવા કરવાની તક મળે તોજ સ્ત્રીઓને આનંદ થાય છે

દયાનાં કામો કરવા માટેજ સ્ત્રીઓનો અવતાર હોવાથી પ્રભુએ સ્ત્રીઓની પ્રકૃતિજ એવી બનાવેલી છે કે જો તેઓને સેવા કરવાની તક મળે તોજ તેઓને આનંદ થાય. બીજાં ગમે એટલી જાતનાં સુખ હોય તોપણ સેવા કર્યા વિના સ્ત્રીઓને ખરૂં સુખ મળી શકેજ નહિ. એમાં જો કાંઈ શંકા હોય તો તું મને કહે કે,

*"ત્હારો આનંદ શેમાં છે? ત્હારા વ્હાલાની તાબેદારી કરવામાં કે ત્હારા વ્હાલાપર ધણીપણું ચલાવવામાં? બેટી, શરમાઈશ નહિ, મને ખુલ્લા દિલે જવાબ દે, તને શું ગમે છે? ત્હારા વ્હાલાને માટે સારૂં સારૂં ખાવાનું બનાવવાનું તને મન થાય છે કે નહિ? ત્હારે ઘેરે રસોયા છે તોપણ ઘણી વખત ત્હારે હાથે ત્હારા વ્હાલા માટે

* "સ્ત્રીઓનું સ્વર્ગ" નામના પુસ્તકમાંથી પૃષ્ઠ ૩૭.

કાંઇ કાંઈ ચીજ બનાવવાની ઇચ્છા થાય છે કે નહિ? ત્હારો વ્હાલો જ્યારે પાણીનો લોટો માગે ત્યારે તે માગ્યા પહેલાં અગાઉથીજ તૈયાર રાખવામાં તને મજા પડે છે કે નહિ? તને ગમે એટલું કામ હોય તોપણ તે બધું છોડીને ત્હારા વ્હાલા માટે દૂધ તૈયાર કરવામાં તને આનંદ આવે છે કે નહિ? ત્હારી વ્હાલામાં વ્હાલી બ્હેનપણી સાથે તું મીઠામાં મીઠી છૂપી વાતો કરતી હોય ને એ વખતે ત્હારો વ્હાલો આવી ચ્હડે તો તેને જોઇને એ વખતે તું રાજી થાય કે ગુસ્સે થાય? હું જાણું છું કે અવસ્થાના ભેદ પ્રમાણે અને આજુબાજુના સંયોગો પ્રમાણે તને મ્હોટાઈ મેળવવાનું અને સભાઓમાં જવાનું મન થતું હશે, પણ હું તને પૂછું છું કે કોઈ સભામાં તું પ્રમુખપદે હોય અને ત્હારા ભાષણથી ખુશી થઇને લોકો તને તાળીયોથી વધાવી લેતા હોય એથી તને જેટલી ખુશાલી લાગે તે કરતાં ત્હારો વ્હાલો કાંઇ પ્રસંગોપાત "જા જા ઘેલુડી" એમ કહીને જરા હસ્તે હસ્તે ત્હારા ગાલ ઉપર આસ્તેથી બે આંગળીઓ મારે તો તને વધારે આનંદ થાય કે નહિ? ધાર કે ત્હારા વ્હાલાનું માથું દુઃખતું હોય તો નોકર પાસે તેનું માથું દબાવીને તું રાજી થઇશ કે તું પોતે ત્હારે હાથે માથું દાબીશ ત્યારે સંતોષ પામીશ? ત્હારાં બિમાર બાળકને દવા પાવાનું કામ આયાને સોંપવાથી તને ખુશાલી લાગે કે ત્હારે હાથે પાવાનું મન થઈ જાય? એ મને કહે. ત્હારે ઘેર ત્હારા વ્હાલાના દોસ્ત મહેમાન તરિકે આવ્યા હોય ત્યારે તેની પરોણાગત કરવાનું કામ તને ગમે કે નહિ? ત્હારે ઘેર કાંઈ નવાં ફળ-ફૂલ આવ્યાં હોય ત્યારે તેમાંથી ત્હારા પાડોશીને આપવાની તને ઇચ્છા થાય કે નહિ? ત્હારે ઘેર ઘણાએ નોકરો છે પણ ત્હારા વ્હાલાને ત્હારે હાથે કપડાં પહેરાવવાનું કોઇ દિવસ મન થઈ જાય છે કે નહિ? ત્હારા વ્હાલાના રૂમાલમાં સેંટ નાંખી સરખો કરી તેને આપતાં તને શામાટે મજા

પડે છે? અને ત્હારા વ્હાલાના કપાળ ઉપરના બાલના ગુચ્છા સરખા કરવાનું શામાટે તને મન થઇ જાય છે? બેટી! એનું કારણ એજ કે સ્ત્રીઓની પ્રકૃતિમાંજ પ્રભુએ આધીનતા મૂકેલી છે, અને સ્ત્રીઓના અંતઃકરણમાંજ "સેવાધર્મ" રહેલો છે, માટે કુદરતી રીતેજ સ્ત્રીઓ, સેવા કરવાને ઉત્પન્ન થએલી છે, તેથી સેવામાંજ—પ્રેમમાંજ પ્રભુએ તેઓનો આનંદ મૂકેલો છે."

સ્ત્રીઓને તેઓની સેવાનો શું બદલો મળે છે?

સ્ત્રીઓનો અવતાર દેવોના પ્રતિનિધિ તરિકેનો છે, અને સેવા કરવા માટેજ સ્ત્રીઓનો અવતાર છે, એટલુંજ નહિ પણ સેવા ન કરે ત્યાંસુધી બીજાં ગમે એટલાં સુખ છતાં પણ સ્ત્રીઓ આનંદ મેળવી શકેજ નહિ, એવી તેઓની પ્રકૃતિ છે, એ જાણ્યા પછી હવે આપણે એ જાણવું જોઇએ કે સ્ત્રીઓને તેઓની સેવાનો શું બદલો મળે છે? એને માટે કહેલું છે કેઃ—

*"બાબુ સાહેબ, મને કહો કે તમારી વ્હાલામાં વ્હાલી ઇચ્છા શું છે? તમારૂં જીગર શાને માટે તલપી રહ્યું છે? અને તમોને કયે ઠેકાણે શાંતિ મળે છે?"

મ્હારા વ્હાલાએ કહ્યુંઃ—મહારાજ! મ્હારી વ્હાલામાં વ્હાલી ઇચ્છા એ છે કે મ્હારી વ્હાલીને હું કેમ સુખી કરી શકું? મ્હારૂં જીગર હમ્મેશાં મ્હારી વ્હાલીના પ્રેમને માટેજ તલપી રહ્યું છે, અને આ જગતમાં જો કયાંઇ પણ મ્હારે માટે શાંતિ હોય તો તે આ મ્હારી નાજુકડીના ચહેરામાંજ છે! મહારાજ, ધણીધણીઆણીના અંતરના પ્રેમની તમારી પાસે વાતો કરતાં હું જરા અચકાઉં છું, કારણ કે તમે સંન્યાસી છો; પણ આજે જયારે એ સવાલજ નીકળેલો છે ત્યારે

* "સ્ત્રીઓનું સ્વર્ગ" નામના પુસ્તકમાંથી પૃષ્ઠ ૪૦.

એક મિત્રની માફક ખુલ્લા દિલે મને કહેવા દો કે મ્હારૂં સ્વર્ગ તે મ્હારી પ્રિયા છે! એમ કહીને મ્હારૂં માથું તેઓએ પોતાની છાતી સાથે દાબ્યું. મ્હારૂં માથું વિજળીની બેટરી જેવું હોય અને તેમાંથી જાણે કાંઇ નવો પાવર તેઓએ મેળવેલો હોય તેમ આનંદના જોસમાં આવી જઈને તેઓ બોલ્યા કે, મહારાજ, આ દુનિયાદારીની કઠિન જંજાળો અમે ભોગવીએ છીએ, તે કોને માટે ? આવાં ખુલખુલોને માટેજ ! આ અસાર સંસારના ભયંકર તાપમાં અમોને કેટલું બધું તપવું પડે છે, એ તમો ત્યાગીઓ શું જાણો ? એ બધું કોને માટે ? આ દુનિયામાં અમે જે કાંઇ સાહસો કરીએ છીએ, અને જે જે મહાભારત જોખમો ઉઠાવીએ છીએ, તે કોને માટે ? અમારા સ્વાર્થનો ભોગ આપીને અમે રાત દહાડો રખડીએ છીએ તે કોને માટે ? ઘણી વખત જેનું મ્હોં જોવામાં પણ અમને અપમાન લાગે તેવાં માણસોની ગુલામગીરી કરીએ છીએ તે કોને માટે? અમારી પાઘડીઓમાં ડુચા ઘાલીને પણ અમારી બાઇડીઓને દાગીના પહેરાવીએ છીએ તે શા માટે ? અને અમે ટાઢ–તડકામાં રખડીને અમારી બાઇડીઓને ઘરના ટાઢા છાંયડામાં બેસાડી રાખીએ છીએ, તે શા માટે ? મ્હારાજજી ! આ બધું અમે સ્ત્રીઓને માટેજ કરીએ છીએ. તેઓની આધીનતાજ અમારી પાસે એટલું બધું કરાવે છે. જો સ્ત્રીઓમાં આધીનતા ન હોય–સેવાધર્મ ન હોય તો અમે આમાંનું કાંઇ પણ કરી શકીએ નહિ, અમે એકલા હોઇએ તો પાંચ રૂપિયામાં અમારૂં ચાલી શકે, અને બાઇડી પરણીએ તો પચીસ રૂપિયામાં પણ પૂરૂં થાય નહિ. આવી રીતે સ્ત્રીઓને ખાતર અમોને કેટલી બધી જંજાળ ભોગવવી પડે છે ? અને તોપણ તે અમે કેટલી બધી શાંતિથી–ઉલટા કેવા ખુશી થઇને ભોગવીએ છીએ, એ તમે ક્યાં નથી જાણતા? એ બધું શા માટે? માત્ર સ્ત્રીઓની "**સેવા**"નેજ

માટે. અમારામાં ધણીપણું રહેલું છે તેને લીધે અને સ્ત્રીઓને તેઓની સેવાનો બદલો આપવા માટેજ અમે આટલી બધી જંજાળો ઉઠાવીએ છીએ; કારણ કે સ્ત્રી અને પુરૂષનો દેવ અને ઇશ્વરના જેવો સંબંધ છે, એટલે દેવોનાં સુખને માટે જેમ પ્રભુ અવતાર લે છે તેમજ સ્ત્રીઓના સુખને માટે કુદરતી રીતેજ અમારો અવતાર છે, એટલે જાણ્યે કે અજાણ્યે, ખુશીથી કે નાખુશીથી, પણ સ્ત્રીઓની સેવાનો અમારે બદલો વાળવો પડે છે; અને એ સેવાનો—એ ધણીપણાનો બદલો વાળીએ ત્યારેજ અમારા આત્માને શાંતિ વળે છે."

*"એ પછી મ્હારા વ્હાલાએ મ્હારી સામું જોઇને મ્હારી સાડીના છેડા ઉપરની કોર સાથે રમતાં રમતાં કહ્યું કે, મ્હારાં સ્વર્ગ! તને ખબર છે? તમારૂં હસતું મ્હોં જોવા માટે અમે આફતના મુખમાં જઈએ છીએ, તમારી મધુરીવાણી સાંભળવા સારૂ અમે સેંકડો અને હજારો ગાઉ દૂરથી ઘણાં દુઃખ વેઠીને તમારી પાસે હાજર થઇએ છીએ, તમારા ચુંબન સારૂ કરીને અમે સ્વર્ગને લાત મારીએ છીએ, તમારાં આંસુનાં ટીપાંને બદલે અમે લોહીની ધારાઓ ચલાવીએ છીએ, તમારી નાજુકાઇને ખાતર અમે રણસંગ્રામમાં કમોતે મરીએ છીએ, તમારા મીઠડા હાવભાવને ખાતર અમે અમારા સ્વાર્થ ઉપર પૂળો મૂકીએ છીએ, તમે નિર્દોષ બચ્ચાંઓને રમાડી શકો તે સારૂ અમે તરવારની ધારો અને તોપના ગોળાઓ સાથે રમીએ છીએ, તમે સુખેથી ઘરમાં રહી શકો માટે અમે પરદેશ વેઠીએ છીએ, તમારા જેવી ભૂતલની દેવીઓની સુંદર વસ્ત્રાલંકારથી પૂજા કરી શકાએ તે સારૂ અમે હજારો જંજાળો ભોગવીએ છીએ, તમારાં રૂડાં ચારિત્રની કિંમત સમજી શકીએ અને તમને વધારે સુખી કરી શકીએ તે સારૂ અમે જ્ઞાન મેળવીએ છીએ, તમારી સુંદરતા કાયમ રાખવા સારૂ

* "સ્ત્રીઓનું સ્વર્ગ" નામના પુસ્તકમાંથી પૃષ્ઠ ૪૪.

હજારો ઉપાધિઓ વેઠીને અમે કુરૂપડા બનીએ છીએ, તમારી રસિકતાને ખાતર અમે દુનિયાદારીનાં મુશ્કેલ હડદલ્લાઓ ખમીએ છીએ, તમોને ગમ્મત આપવાને ખાતર અમો અમારી મોજ-મજાનો ભોગ આપીએ છીએ, અને ઓ મીઠડી! યાદ રાખજે કે સ્ત્રીઓના સુખને માટેજ પુરૂષોનો અવતાર છે! વ્હાલુડી! આ બધું શા માટે? માત્ર તમારી સેવાનેજ માટે; તમારા પ્રેમનેજ માટે.

સેવા એટલે શું? સ્ત્રીઓ પાસેથી કઈ જાતની સેવા અમે માગીએ છીએ?

તમારે માટે અમે આટલું બધું કરીએ તેના પ્રમાણમાં તમારે અમારે માટે શું કરવાનું છે? એક માત્ર સેવા, અને સેવા એટલે શું? અમે તમારી પાસેથી કેવા પ્રકારની સેવા માગીએ છીએ? અમે તમારી પાસે લશ્કરી બરાખોની પેઠે ખડા ચોકી પ્હોરા નથી માગતા, અમે તમારી પાસે મુલકો જીતીને ફતેહ કરી આપવાનું નથી માગતા, અમે તમારી પાસે ઘાંચીના બેલના જેવી કામગીરી નથી માગતા, અમે તમારી પાસેથી દરિયાપાર જવાની સેવા નથી માગતા, અમે તમારી પાસેથી ધન કમાઈ આપવાની સેવા નથી માગતા, અમે તમારી પાસેથી પાવડા-કોદાળીની સેવા નથી માગતા, અમે તમારી પાસેથી બળદોને બદલે તમને હળે જોડવાની સેવા નથી માગતા, અમે તમને એમ નથી કહેતા કે ભૂત-પ્રેતના ભયવાળા સ્થાનમાં જઇને તમે અમને બચાવો, અમે તમને એમ નથી કહેતા કે સમુદ્રમાં નવા બેટો શોધીને આબાદ કરી આપો, અમે તમને એમ નથી કહેતા કે દુશ્મનોની તોપના ગોળા સામે જઇને અમારી સેવા કરો અને અમે તમારી પાસેથી કાંઈ આફ્રિકાના ગુલામો જેવી ગુલામગીરીની સેવા નથી માગતા; પણ અમે તો માત્ર તમારા અંતરનો પ્રેમ માગીએ

છીએ, અમે તો માત્ર તમારા ચારિત્રની શુદ્ધિજ માગીએ છીએ, અમે તો માત્ર હમ્મેશાં તમારૂં હસતું મ્હોંજ જોવા માગીએ છીએ, અને અમે તો તમારા જેવી ભાગ્યશાળી દેવીઓના માત્ર આશીર્વાદજ લેવા ઇચ્છીએ છીએ: કારણ કે તમારી પ્રસન્નતાથીજ અમારૂં કલ્યાણ થવાનું છે, અને તમારી પ્રસન્નતાથીજ અમારા ઘરમાં દેવતાઓ રમવાના છે, માટે ઓ મ્હારાં સ્વર્ગ! અમે તમારી પાસેથી સેવાધર્મ એટલે કે પ્રેમ અને આધીનતાજ માગીએ છીએ; અને તેનું સ્થૂલરૂપ તમારૂં હસતું મ્હોં એજ છે, માટે હસતું મ્હોં એજ તમારી સેવા છે. એ સિવાય બીજું કાંઇ પણ અમે ઇચ્છતા નથી.

મહારાજે મ્હારી સામું જોઇને કહ્યું:–બેટી, ત્હારા વ્હાલાએ તો ખુબી કરી! સેવાધર્મનો અર્થ હવે તું સમજી કે નહિ?

મ્હેં કહ્યું:–હા મહારાજ, સેવાનો અર્થ હવે હું બરાબર સમજી. પશ્ચિમના લોકો શાસ્ત્રના હેતુ અને સેવાનો ખરો અર્થ સમજતા નથી, તેથીજ તેઓ એમ કહે છે કે, હિંદુશાસ્ત્રમાં સ્ત્રીઓના હક્ક છુંદી નાખેલા છે; પણ અહિં તો તેથી ઉલટુંજ છે. આહા: કેવો મજેનો અર્થ! મ્હારી બીજી બ્હેનપણીઓની પેઠે પ્રથમ હું પણ એમ સમજતી કે સેવાધર્મ એટલે કોણ જાણે શુંનું શું હશે, પણ આ તો સેવામાંથી એટલે કે દાસપણામાંથી પૂજાવાનું નીકળી પડયું! અમારાં હસતાં મ્હોં એજ અમારી સેવા! વાહ વાહ વાહ!! મ્હારા વ્હાલુડા વાહ! ધન્ય છે તમને! આ સૂત્ર તમે ક્યાંથી શોધી કાઢ્યું? ખરેખરૂં એમજ છે, કારણ કે પ્રેમ પવિત્રતા આપે છે, પવિત્રતા આનંદ આપે છે, અને શરીરનાં બીજાં સૌ અંગ કરતાં મુખ ઉપર આનંદ વધારે સ્પષ્ટ રીતે પ્રકટ થાય છે; માટે અમારે હમ્મેશાં હસતાં મ્હોં રાખવાં એજ અમારી ઉત્તમ સેવા છે. ઓહો: શું અમારી ઉપર પ્રભુની કૃપા છે! સ્ત્રીજાતિ ઉપર પ્રભુની આટલી બધી કૃપા છે, એમ

હું જાણતી નહોતી. હમ્મેશાં ખુશીમાં રહેવું એજ અમારી સેવા! વાહ વાહ વાહ!! ત્યારે બીજું શું જોઇએ? પણ અફસોસ કે એટલું પણ અમારી બ્હેનપણીઓથી થઇ શકતું નથી. અરે કેવી દિલગીરીની વાત છે કે એવો આનંદ લૂટવાનું પણ અમારાથી બનતું નથી!"

પવિત્ર સ્ત્રીઓ હસે છે ત્યારે દેવતાઓ રાજી થાય છે

આજ જાતના વિચારો મ્હેં એક બીજા પુસ્તકમાં પણ વાંચ્યા હતા. તેમાં લખ્યું હતું કે, "*મસ્તીખોર રમુજી યુવાન છોકરીઓ જ્યારે ભેગી થઇ હોય ત્યારે વાત વાતમાં ખડખડ હસી પડે છે, તેમ ઘણી વખત મ્હેં મસ્તીખોર લ્હેરોને હસતી જોઇ છે. લ્હેરો કેમ હસે છે, એ તમને ખબર છે? કુદરતનું ને મનુષ્યનું હસવું ઘણે દરજ્જે સરખુંજ હોય છે, કારણ કે મનુષ્ય એ કુદરતની નકલ છે. મનુષ્ય બરોબર મનુષ્યરૂપમાં હોય ત્યારે તે કુદરતની આબેહુબ નકલ છે, મનુષ્ય મનુષ્યના દેખાવમાંજ હોય ત્યારે તે કુદરતની અધૂરી નકલ છે, અને જ્યારે મનુષ્ય પૂર્ણરૂપમાં પહોંચે ત્યારે તે પોતેજ કુદરત બની જાય છે. આવો નિયમ હોવાથી કુદરતનું હસવું કેવું હોય છે, તે સમજવા સારૂ આપણે સમુદ્રની લ્હેરોનું હસવું તપાસવું જોઇએ. એ તપાસતાં મને જણાયું છે કે, જ્યારે લ્હેરો હસે છે ત્યારે તેનો ઉછાળો વધી જાય છે, તેનો જોસ વધી જાય છે, તેની મસ્તી વધી જાય છે, તેમાંથી મીઠડો શાંત અવાજ નીકળ્યા કરે છે, તેનું તેજ વધી જાય છે, તેના હાવભાવમાં મીઠાશ આવી જાય છે, તેનામાં સ્વાભાવિક સુંદરતા આવી જાય છે, અને જ્યારે તેની ઉપર નિર્દોષતા દેખાડનારાં પ્રફુલ્લિત શ્વેત ફીણ આવી જાય છે ત્યારે અમે તેને 'લ્હેરોનું હસવું'

* 'સ્વર્ગના સંદેશા' નામના પુસ્તકમાંથી. આ પુસ્તકનું નામ આ પુસ્તકમાં ઘણે ઠેકાણે આવ્યું છે તે પુસ્તક તૈયાર થાય છે.

કહીએ છીએ. આવું લ્હેરોનું સ્વાભાવિક હાસ્ય હું જ્યારે જોતો ત્યારે મને એમ લાગતું કે આવું આનંદ વધારનારૂં હાસ્ય અમારી બ્હેનોમાં હોય તો કેવું સારૂં? આમ વિચાર થવાથી મ્હેં તે લ્હેરને પૂછ્યું કે, ઓ હાસ્યના અવતાર! ઓ આનંદની મૂર્ત્તિ! ઓ કુદરતનાં સમરૂપ! તમે કેમ હસો છો? તમારી પેઠે અમારી બ્હેનો હસી શકે એવી કાંઇ તમારી પાસે દવા છે કે નહિ? એવી કાંઇ તમારી પાસે ચાવી છે કે નહિ? એ સાંભળીને એક લ્હેરે કહ્યું કેઃ—

"ઓ કુદરતના વ્હાલાઓ! ઓ જગતના સ્તંભો! ઓ સંસારનાં અમૂલ્ય રત્નો! તમારી બ્હેનોને આ સ્વર્ગનો સંદેશો કહેજો કે, ઓ સંસારમાં સ્વર્ગ લાવનારીઓ! તમારો દરજ્જો બહુ ઉંચો છે. તમારા હાસ્યથી દેવતાઓ પ્રસન્ન થઇને જગત ઉપર આશીર્વાદના વરસાદ વરસાવે છે, કારણ કે જ્યારે સુખ હોય ત્યારેજ હસવું આવે છે, અને જ્યારે હસવું આવે ત્યારે અમારી માફક તમારામાં પણ ઘણી જાતના ફેરફાર થઇ જાય છે, જેમકેઃ પવિત્ર સુકોમળ સ્ત્રીઓ હસે છે ત્યારે તેઓનો ચ્હેરો મલકાય છે, તેઓની આંખો ચળકે છે ને તેમાં એક જાતની મસ્તી આવે છે, તેઓના હોઠ પ્રફુલિત થાય છે ને તેમાંથી ઝીણો મધૂરો અવાજ નીકળે છે, તેઓના ગાલ ઉપર રતાશ ચ્હડે છે, તેઓના શરીરનું તેજ વધે છે, તેઓના મનમાં એક નવી જાતનો તનમનાટ થાય છે, તેઓના શરીરમાં એક ખાસ પ્રકારનો જોસ આવે છે, અને તેઓની ઇંદ્રિઓમાં આપણને ધક્કો પ્હોંચાડે એવી રસજ્ઞતા આવી જાય છે; એટલુંજ નહિ પણ હસવાને વખતે અંતઃકરણમાં સ્નેહનો ઉભરો ભરાઇ આવે છે, તેમાંથી જગતમાં આનંદનો ઝરો વ્હેવા માંડે છે. આવી આનંદદાયક સ્થિતિને આપણે હસવું કહીએ છીએ. સ્વર્ગમાં એવો અનુભવ થાય છે કે, જ્યારે સ્વર્ગની દેવીઓના જેવી ને કુદરતની સખીઓના જેવી સુકોમળ

પવિત્ર સ્ત્રીઓ હસે છે ત્યારે દેવતાઓ રાજી થાય છે, જ્યારે યુવાન છોકરીઓ હસે છે ત્યારે જગતમાં મીઠાશ ફેલાય છે, જ્યારે નિર્દોષ કુમારીકાઓ હસે છે ત્યારે જગતમાં પવિત્રતા ફેલાય છે, જ્યારે સુકોમળ યૌવનાઓ હસે છે ત્યારે લક્ષ્મી પ્રસન્ન થાય છે, જ્યારે નાજુકડી સ્ત્રીઓ મીઠડું હાસ્ય કરે છે ત્યારે પુરૂષોમાં નવુંજીવન આવે છે, જ્યારે રસિકડી મુગ્ધાઓ હસે છે ત્યારે જગતમાં આનંદ ફેલાય છે, અને જ્યારે સહૃદયવાળી સ્ત્રીઓ આનંદના ઉભરાઓ બહાર પાડવા માટે હસે છે ત્યારે જગતમાં ઇશ્વરીસ્નેહ ફેલાય છે: માટે ઓ ભાઇઓ ! સ્વર્ગનો એજ સંદેશો છે કે, તમારી સ્ત્રીઓને સુખી રાખજો, કારણ કે હાસ્ય એ સુખનાં ફૂલડાં છે, અને આનંદના ઉભરાઓ છે; દેવતાઓ કહે છે કે, હસવું ઉત્પન્ન કરનારી દવા સુખ છે, અને સુખ મેળવવાની ચાવી નિર્દોષ હાસ્ય છે; માટે હમ્મેશાં આનંદમાં રહેવાય એમ કરો; અને એમ થવા માટે તમારી સ્ત્રીઓ સુખી રહે તેમ કરો."

સ્ત્રીઓ આનંદનો અવતાર છે તેનાં કારણો:-

* " આહા: સેવા ! એમાં તો સર્વસ્વ છે. જીંદગીની ફરજ, મનુષ્ય જન્મની સાર્થકતા, દેવોનું સ્વર્ગ, પ્રભુની કૃપા અને મોક્ષધામનાં સુખડાં, એ બધું સેવામાં છે. એવી મહાનસેવા તે અમારાં હસતા મુખડામાંજ આવી ગઈ! આહા: આથી વધારે આશ્ચર્ય બીજું શું હોય ? આથી સ્હેલું બીજું શું હોય ? મહારાજજી ! મને કહો તો ખરા કે શામાટે મહાનપ્રભુએ સ્ત્રીઓ ઉપર એટલી બધી કૃપા કરી હશે કે તેઓનાં હસતાં મ્હોંડામાંજ તેઓની સેવા એટલે કે મુક્તિ આવી જાય ?

મહારાજે કહ્યું:-બેટી, તું જાણે છે કે પ્રભુ આનંદ સ્વરૂપ છે,

* "સ્ત્રીઓનું સ્વર્ગ" નામના પુસ્તકમાંથી પૃષ્ઠ ૪૬.

તેથી પ્રભુના ભક્તો—દેવો પણ આનંદ સ્વરૂપ છે; અને સ્ત્રીઓ દેવોનું બીજું રૂપ છે—દેવોના પ્રતિનિધિરૂપે છે, આ દુનિયામાં દયાની દેવીઓ તરીકેનોજ સ્ત્રીઓનો અવતાર છે, તેથી સ્ત્રીઓ પણ આનંદનીજ મૂર્તિ છે. પ્રભુએ એ આનંદની મૂર્તિઓને એટલાજ માટે અવતાર આપ્યો છે કે તેઓ દેવોના પ્રતિનિધિ તરીકે આનંદથી જીંદગી ગુજારે, અને જગતમાં આનંદ ફેલાવ્યાં કરે. આનંદ પ્રેમમાં, સૌન્દર્યમાં ને આધીનતામાં છે, એ ત્રણે અલૌકિક વસ્તુ પ્રથમથીજ સ્ત્રીઓની પ્રકૃતિમાં ભરીને પછીજ પ્રભુએ તેઓને પેદા કરેલી છે, એટલે જાણ્યે અજાણ્યે પણ કુદરતી રીતેજ પ્રેમ, સૌન્દર્ય ને આધીનતા કે જે આનંદને રહેવાનાં સ્થાન છે તે સ્ત્રીઓમાં સ્વભાવથીજ રહેલાં છે, માટે સ્ત્રીઓ આનંદની મૂર્તિઓ છે," એટલુંજ નહિ પણ પ્રેમ તથા આધીનતા એ બે સ્વર્ગનાં મહાતત્ત્વ છે, તેમાંથી સેવા પેદા થાય છે, અને એ સેવા સ્ત્રીઓની પ્રકૃતિના મૂળમાંજ રહેલી છે, માટે સ્ત્રીઓ આનંદનો અવતાર છે. સૌન્દર્ય ને આનંદ સેવામાં રહેલાં છે, માટે સેવા એ સ્ત્રીઓનું ભૂષણ છે, સેવા એ સ્ત્રીઓનું સુખ છે, સેવા એ સ્વર્ગના દેવોની કામગીરી છે, અને જગતના જીવોની સેવા મારફત જગતમાં ઈશ્વિરીસ્નેહ ફેલાવવા માટેજ પ્રેમની પુતળીઓ, આનંદની મૂર્તિઓ ને દયાની દેવીઓનો અવતાર છે. માટે બેટી, જો સાચુંસુખ મેળવવું હોય તો સેવા તો કરવીજ જોઇશે.

માણુસો ધારે તે કરી શકે છે

આ વિચારોથી મ્હારામાં નવુંબળ આવી ગયું, તેથી મ્હેં મ્હારી બ્હેનોની સેવા કરવાનો ઠરાવ કર્યો. મ્હારા વ્હાલાએ એ બાબતમાં મને ઘણી જાતની સગવડતા કરી આપી, તેથી સ્વર્ગની દેવીઓ જેવી મ્હારી બ્હેનોની સેવા કરવાનો આનંદ હું લઇ શકું છું.

ભાઇ, તમને પણ વિનંતિ કરૂં છું કે, જો તમારે સાચુંસુખ મેળવવું હોય, આ સંસારમાં કાંઇ સાર જોવો હોય અને પરલોકમાં કાંઇ કમાણી લઇ જવી હોય તો તમે તમારા બંધુઓને સુધારવાના જે વિચાર કરો છો તે વિચારો પાર પાડવાનો ઠરાવ કરો અને **देहंपा-तयामि किंवा अर्थ साधयामि ।** એ મહામંત્રનું સેવન કરો; એટલે ભાઇ, પ્રભુ તમારો મદદગાર થશે. એમાં કાંઇ મ્હોટી વાત નથી. જો માણસો ધારે તો સાપની મૂછના બાલ ખેંચી શકે છે, સિંહના મ્હોંમાં પોતાનું માથું મૂકી શકે છે, તોપના ગોળાની સામે જઇ શકે છે, છેડાયલા ભયંકર વાઘની સાથે લડી શકે છે, ઝેરના પ્યાલા પી શકે છે, અને દેવો પણ અજબ થાય તેવાં કામો કરી શકે છે; ત્યારે તમે ગરીબ વિદ્યાર્થીઓને શામાટે ભણાવી નહિ શકો ? એ કાંઇ ખોટું કામ નથી કે એમાં શરમાવું જોઇએ. એવાં ભલાં કામમાં પણ જો એમ શરમાયા કરશો ને એવા ઢીલા રહેશો તો શું કરી શકશો ? માટે ભાઇ, જો સુખ મેળવવું હોય તો હીમ્મત રાખી પ્રભુને યાદ કરીને જગતની સેવામાં લાગી જાઓ, એટલે પરિણામે ફતેહ, ફતેહ ને ફતેહજ છે."

પંડિતજીની આભડછેટ !

આમ વાત ચાલતી હતી એટલામાં માસ્તર ત્યાં ચ્હાના પ્યાલા લઇ આવ્યા. સૌ ચ્હા પીવા લાગ્યા. પંડિતજીએ એક પ્યાલો ચ્હા પી લીધા પછી બીજો પ્યાલો ભરાવતે ભરાવતે માસ્તરને પૂછ્યું કે, ચ્હા ચોખ્ખી છે કે ગડબડવાળી છે ?

માસ્તરે કહ્યું:—ચ્હામાં વળી ગડબડ શું હોય ? ચિનાઇ ચ્હા છે ને માટલાનું પાણી છે !

પંડિતજીએ કહ્યું:—અરરરરરર ! માટલાનું પાણી ! !

પ્રૉફેસરે કહ્યું:–કેમ ? એમાં શું ગજબ થઇ ગયો ? માટલાનું નહિ ત્યારે શું ગટરનું પાણી જોઇએ ?

પંડિતજીએ કહ્યું:–ગટર કરતાં પણ વધારે ખરાબ પાણી તો તમારા જેવા સુધરેલાઓને જોઇએ, અમોને તો બ્રાહ્મણીઆ પાણી જોઇએ. એમ કોઇના માટલાનું પાણી કોઇને પવાય ? સારૂં છે કે અહિં કોઇ મ્હારી નાતવાળા નથી, નહિ તો હમણાંજ મને નાત બ્હાર મૂકે !

માસ્તરે કહ્યું:–તમારી નાતવાળાઓ બીજી નાતવાળાઓનું જમે છે, એવા પચ્ચીસ જણને હું ઓળખું છું.

પંડિતજીએ કહ્યું:–એમાં શું ? એમ તો હું સો દોઢસો માણસો માટે જાણું છું, એટલુંજ નહિ પણ એવી કઇ નાત છે કે જેમાં ખાનગી રીતે ગડબડ ચાલતી ન હોય ?

પ્રૉફેસરે કહ્યું:–ત્યારે એવાઓને ખુલ્લા પાડીને નાત બહાર કેમ નથી મૂકતા ?

પંડિતજીએ કહ્યું:–એ બાબત કોણ નથી જાણતું ? સૌ નાતવાળાઓ ને નાતના પટેલીઆઓ થોડુંઘણું જાણે છે, પણ કોઇ બોલતા નથી, ને સૌ પોલમપોલ ચાલવા દે છે; કારણ કે કહેવત છે કે "ઘર ફૂટે ઘર જાય !" ઘર ફૂટેલાં એટલે કરીએ શું ? અમે પોતેજ બગડેલા એટલે કહીએ કોને ? અને કદિ કોઇ પોતે સારા હોય તો કાકાના, મામાના, માસીના, ફઇના કે સાળા–સાળીનાં કોઇક પણ બગડેલાં હોય, ને તેને કાંઇ કહી શકીએ નહિ, એટલે પછી બીજાઓને કેમ કહેવાય ? જો કહેવા જઇએ તો ઉલટી પોલ વધારે ખુલ્લી થાય; માટે "તેરી બી ચૂપ ને મેરી બી ચૂપ" એમ ચલાવીએ છીએ ! બીજું એ પણ ખરૂં કે દરેક નાતમાં છુટા વિચારના માણસો એટલા બધા વધતા જાય છે કે નાતના શેઠીઆઓ

કે પટેલીઆઓ તેઓને દાબી દેવા ધારે તોપણ તેઓનું કાંઇ ચાલી શકે નહિ; વળી મનમાં એમ પણ સમજીએ છીએ કે વાતમાં કાંઇ માલ નથી, કારણ કે અસલના ઋષિઓ કોઇ પણ જાતના પવિત્ર માણસો સાથે ખાવા-પીવાનો વ્યવહાર રાખતા હતા, તેઓ માણસોની જાત, દેશ, ભાષા, કે રંગ તરફ જોતા નહિ, પણ માણસોનાં આચરણો તરફ જોતા હતા, માણસોના ગુણ તરફ જોતા હતા, માણસોના જ્ઞાન તરફ જોતા હતા અને માણસોના પ્રભુપ્રેમ તરફ જોતા હતા, તેથી શાસ્ત્રનો કાંઇ એ સિદ્ધાંત નથી કે બ્રાહ્મણો બ્રાહ્મણથી અભડાઇ જાય; વળી એમ પણ સમજાતું જાય છે કે હાલના વખતમાં છુટાપણામાં જેટલો લાભ છે તેટલો લાભ બંધનોમાં નથી, અને ભવિષ્યમાં એવાં બંધનો ટકી શકે એમ પણ નથી. આમ હોવાથી સ્વાભાવિક રીતેજ એવી બાબતોમાં માણસોના મનમાં મોળાપણું આવતું જાય છે, ને નાતોનાં બંધનો ઢીલાં પડતાં જાય છે.

આ સાંભળી મહારાજ સામું જોઇને પ્રૉફેસરે કહ્યું:—પંડિતજીના આ વિચારો સાંભળીને હું અજબ થાઉંછું, કારણ કે પંડિતજી તરફથી મ્હેં આવા છૂટા વિચારોની આશા રાખી નહોતી. એમ કહીને પ્રૉફેસરે પંડિતજીને કહ્યું કે, એ તો તમે બીજાના વિચારોની વાત કરી, પણ એ બાબતમાં તમારા પોતાના વિચારો શું છે? એ તો કહો.

પંડિતજીએ કહ્યું:—મ્હારા વિચારો! મ્હારા વિચારોમાં તમારૂં કાંઈ વળે નહિ. તમારી ચ્હા પીધી તે જોયું નહિ? એ મ્હારા વિચારો!

પ્રૉફેસરે કહ્યું:—મહારાજજી! પંડિતજી વટલ્યા! હવે આપણે એ જાતના વિચારોનાં એમની પાસે ભાષણો અપાવીએ.

પંડિતજીએ કહ્યું:—હાથીને બે જાતના દાંત હોય છે: એક ચાવવાના ને બીજા દેખાડવાના; તેમજ અમે બે જાતના વિચારો રાખીએ છીએ: એક ખાનગી વિચારો ને બીજા જાહેરમાં કહવાના

વિચારો! ઉપર કહ્યા તે મ્હારા ખાનગી વિચારો છે, એ કાંઇ ઝાહેરમાં મૂકાય નહિ. હું કાંઇ એવો મૂર્ખો નથી કે ઝાહેરમાં એવા વિચારો બતાવીને મ્હારા રોટલામાં પ્હાણો નાખું, ને મ્હારી નાતમાં વરઘોડો કરૂં? એમ તો પ્રસંગોપાત હું ઘણીએ જાતના બ્રાહ્મણોની રસોઇ જમું છું, પણ તે મ્હારી બાઇડીને પણ કહું નહિ; ત્યારે નાતીલા આગળ તો કેમજ કહું? ભાષણોનું કામ તમારૂં; અમારી પાસે તો સાચું-ખોટું જેવું હોય તેવું નવું-જૂનું એક ટીપણું ને થોડાંક શાસ્ત્રી અક્ષર લખેલાં પાનાં હોય એટલે બસ!

પ્રૉફેસરે કહ્યું:-તમે અહિં ચ્હા પી ગયા તે વાત હું તમારી નાતમાં ઝાહેર કરૂં, ને તમારી નાતવાળાઓ તમને પૂછે, તો તમે શું જવાબ દો?

પંડિતજીએ કહ્યું:-ધરમના સોગન ખાઇને કહું કે એ વાત જાણે છે કોણ? એ તો દુશ્મનાઇથી બોલે છે! અરરર! કાંઇ બ્રાહ્મણનો દેહ અભડાવાય? ચ્હાના પાણી સારૂ કરીને કાંઈ હું વટલું? એમ તે કાંઈ બને? જરા વિચાર તો કરો, એ તો અદાવત કરે છે! આ લાભભાઇને પૂછી જુઓ, આ ત્રિવેદીને, આ ઉપાધ્યાને, આ જોશીને, કે આ ભટ્ટને ગમે તેને પૂછી જુઓની કે હું કેવો માણસ છું! એ સૌ અમારા ભાઇબંધ ને અમારી પેઠે પોલમાં ખેડનારા!! ભલા માણસ, સાચું કહું તો "ચોરના ભાઈ ઘંટી ચોર જેવા" તે બધા મ્હારી સાક્ષી પૂરે, ને મ્હારી તરફથી સોગન ખાઇને કહે કે, પંડિતજીમાં કાંઇ ભૂલ હોયજ નહિ ને એમાં કાંઇ ફેર પડે તો અમે જવાબદાર! આવી રીતે ધરાર જુઠું બોલીને કેસ ઉડાવી નાખીએ ને અમારે માટે કાંઇ પણ વિરૂદ્ધ બોલનારની રેવડી કરી તેના બાર વગાડીએ ત્યારેજ જંપીને બેસીએ. માટે માબાપ, તમને ચેતાવી દઈએ છીએ કે એવી જાતનું અટકચાળાપણું કરશો મા, નહિ તો તમને પણ ભારે પડી જશે!

પ્રૉફેસરે કહ્યું:—પંડિતજી! તમારો રેચ તો ઘણો નેપાળાનો છે, પણ તે અમને લાગુ પડે તેમ નથી, કારણ કે અમે સત્યના પક્ષમાં છીએ; તેથી કાયદો અમારી મદદમાં છે, સરકાર અમારી મદદમાં છે, દેશના ડાહ્યા માણસો અમારી મદદમાં છે, શાસ્ત્રો અમારી મદદમાં છે, અને ભવિષ્યની ઉછરતી પ્રજા અમારી મદદમાં છે, એટલે તમે તમારા ટુંકા સરકલમાં અમારી રેવડી કરો તેથી કાંઇ અમે બ્હી જઇએ તેમ નથી. પણ એટલી હદ સુધી જવાની કાંઇ જરૂર નથી, તમે બ્હીઓ નહિ, હું કાંઇ તમારી નાતવાળાઓને ઓળખતો નથી ને એવી પંચાતી કરવાની મને ફુરસદ પણ નથી. પણ હું તમને એ પૂછું છું કે, એવી રીતે જુઠું બોલવું એ પાપ નહિ કે? અરેરે! તમારા જેવા શાસ્ત્રીઓ પણ એમ કરે?

પંડિતજીએ કહ્યુ:—એમ ન કરીએ તો શું કરીએ? કાંઈ નાતબહાર થઈએ? જે જુઠું બોલાવે તેને પાપ, અમને પાપ શેનું? શું કાંઇ અમારી ખુશીથી જુઠું બોલીએ છીએ? રૂઢીનાં બંધન તથા નાતોના જૂલમને લીધે ફરજીયાત જુઠું બોલવું પડે તેનું પાપ અમારે માથે શેનું? એ પાપ તો જે પાપ કરનાર હોય તેને માથે!

પ્રૉફેસરે કહ્યું:—વાહરે વાહ પંડિતજી! તમારી પંડિતાઇને પણ ધન્ય છે હો! એમ કહીને મ્હારી સામે જોઈને પ્રૉફેસરે કહ્યું:—બ્હેન, શું આ બાબતો વિચારવા જેવી નથી?

મ્હેં કહ્યું:—એ બાબતો પણ કાંઈ મહારાજજીના ધ્યાન બહાર નથી, પ્રસંગોપાત એ અધ્યાય પણ ઉઘડશે, પણ હવે દિનકરરાવની વાત તો પૂરી કરો.

જ્ઞાનની ઉત્તમતા:—

પ્રૉફેસરે કહ્યુ:—એ પછી દિનકરરાવે કહ્યું કે, "દેવી શારદાબ્હેનની એ વાત સાંભળીને અને તેમનું કામ નજરે જોઇને મને

બહુજ ઊંડી અસર થઈ, તેથી મ્હારામાં નવુંબળ આવ્યું. એ બળને લીધે મને એમ લાગ્યું કે ઇશ્વિરકૃપાથી મ્હારી આંખો ઉઘડેલી છે, છતાં પણ સુસ્ત થઈને અંધકારમાં હું કેમ પડ્યો રહું છું ? મ્હારા ગામડીઆ બંધુઓનાં લાખો ને કરોડો છોકરાંઓ કેળવણીવિના રખડે છે છતાં પણ મને હજી ઉંઘ કેમ આવે છે ? અરે પ્રભુ ! અમારી સુસ્તી તે હવે ક્યારે ઉડશે ? મને લાગે છે કે સોનાની ખાણોનો નાશ થવાથી દુનિયાને જેટલી નુકસાની થાય, મોતી પકાવનારી સર્વ કાલુમાછલીઓ મરી જવાથી જેટલી નુકસાની થાય, કોલસાની ખાણો પૃથ્વીના પેટમાં ગરક થઈ જવાથી જેટલી નુકસાની થાય, ગ્યાસલેટના ઝરાઓમાં આગ લાગી જવાથી જેટલી નુકસાની થાય, લોઢાની ખાણો ખોવાઇ જવાથી જેટલી નુકસાની થાય, મોસમ બગડી જવાથી જેટલી નુકસાની થાય, ધરતીકંપથી જેટલી નુકસાની થાય, સમુદ્રના ભયંકર તોફાનથી જેટલી નુકસાની થાય, રાજ્ય ઉપર દુશ્મનો ચ્હડી આવવાથી જેટલી ખરાબી થાય, મ્હોટી વિજળી પડવાથી જેટલી ખરાબી થાય, સમુદ્રમાં કોઇ મ્હોટા ટાપુઓ ગરક થઈ જવાથી જેટલી નુકસાની થાય અને આપણા માનીતા પવિત્ર દેવોની સુંદર મૂર્તિઓનાં કોઈ દુશ્મનો નાક કાન કાપી જાય એ જેવું મ્હોટું અપમાન છે, તે કરતાં પણ જો કોઈ પણ માણસ મૂર્ખ રહે તો તેથી વધારે નુકસાન થાય છે, અને તે આપણું તથા આપણા ધર્મોનું સૌથી મ્હોટામાં મ્હોટું અપમાન છે. મ્હારી આ વાત ઘણા માણસો માની શકશે નહિ, પણ તે સત્ય છે; કારણ કે પરમકૃપાળુ પ્રભુએ માણસોને કેટલી બધી મહાનશક્તિ આપીને મોકલ્યાં છે, તે માણસો જાણતાં નથી, માટે તેઓને અજ્ઞાનપણું ન્હાનું લાગે છે, પણ જો જ્ઞાનને તેના સંપૂર્ણરૂપમાં સમજે તો તુરતજ પ્રત્યક્ષ એમ થઈ જાય કે અમે પ્રભુના પુત્ર છીએ, જગતની સર્વ ચીજોની ચાવી અમારા અંતઃકરણમાં રહેલી છે, જગતની સર્વશક્તિઓ

અમારા ઉપયોગને માટે છે, અમે મોક્ષના અધિકારી છીએ, અને અમે સર્વશક્તિમાન અખંડાનંદરૂપ ઈશ્વરને પામી શકીએ તેમ છીએ. આ બધું જ્ઞાનથી બની શકે છે, અને અજ્ઞાનથી એ બધું ચાલ્યું જાય છે. હવે વિચાર કરો કે મનુષ્યમાં રહેલી એવી અદ્દભુત શક્તિ નાશ પામી જાય તેની આગળ દુનિયાની બીજી કોઈપણ મ્હોટામાં મ્હોટી નુકસાની તે શું હિસાબમાં છે? કારણકે જો જ્ઞાન હશે તો માણસો સમુદ્રમાંથી નવા બેટો શોધી શકશે, વિજળીને કાબૂમાં લઈ શકશે, નવી નવી જાતની ખાણો શોધી શકશે, રેડીયમ જેવી હીરા કરતાં વધારે મૂલ્યવાન વસ્તુ મેળવી શકશે, મરજી પડે ત્યારે વરસાદ વરસાવી શકશે, સૂર્યમાંથી રંગો મેળવી શકશે, રસાયણી પ્રયોગોથી હવામાંથી, પાણીમાંથી ને માટીમાંથી ખોરાક મેળવી શકશે, વિજળી કરતાં વધારે સૂક્ષ્મ તથા વિજળી કરતાં વધારે કામ કરી શકે તેવી હજારો જાતની અણદીઠ શક્તિઓ મેળવી શકશે, અને દેવતાઓ પણ જે કામોને દુર્લભ માને છે તે કામો કરતાં પણ ઘણું વધારે, ઈશ્વરીસ્નેહથી અને જ્ઞાનથી માણસો કરી શકશે. આવું અમૂલ્યજ્ઞાન, આવું ઉત્તમજ્ઞાન, આવું છેડાવિનાનું જ્ઞાન દબાઈ જાય અને તેને બદલે અજ્ઞાનપણું રહે, તે કેટલું બધું ખરાબ છે? એ જરા વિચાર તો કરો. અને તે અજ્ઞાન પણ કાંઈ એક બે ઠેકાણે નહિ, પણ આપણા કરોડો બંધુઓમાં જમાનાઓ થયા વંશપરંપરાનું ચાલ્યું આવે છે, છતાં પણ આપણી આંખો ઉઘડતી નથી, એ કરતાં વધારે ખરાબી બીજી કઇ? હે પ્રભુ! આનો શું ઉપાય? અજ્ઞાન એજ નરક છે, અને જ્ઞાનમાંજ પ્રભુ છે, એમ અમે ક્યારે સમજીશું? આ બધા વિચારો તેના યથાર્થરૂપમાં સ્પષ્ટ થયાથી હવે હું સ્વર્ગ અને નરકને માનસિક રીતે પ્રત્યક્ષ જોઈ શકું છું, તેથી નરક જોઇને જેવો ત્રાસ થાય ને જેવી દયા ઉપજે તેવો ત્રાસ ને તેવી દયા મ્હારા અજ્ઞાન બંધુઓને જોઇને

મને થાય છે; અને સ્વર્ગ જોવાથી જેવો આનંદ થાય ને જેવી આત્માની ઉન્નતિ થાય તેવો આનંદ ને તેવી ઉન્નતિ વિદ્વાનો, નવીન શોધકો, જ્ઞાનીસાધુઓ, પ્રેમીભક્તો ને સતીસ્ત્રીઓ પાસેથી હું લઈ શકું છું; માટે હું કહું છું કે જ્ઞાનમાંજ પ્રભુ છે, ને અજ્ઞાન એજ નરક છે. આમ સમજ્યા પછી નરકનાં દુઃખોનો જરા ખ્યાલ તો કરો. હૈયામાં હોળી, જીંદગીનું બરબાદપણું, ઇશ્વરીશક્તિઓનો દુરૂપ-યોગ અને ચોરાશી લાખનો ફેરો!! પ્રભુ! પ્રભુ! નરકનાં આ દુઃખોમાં પડયા રહેનારા નારકીઓની—અરે આપણા બંધુઓની—અરે આપણી પોતાની તમોને દયા નથી આવતી?

તમે શરીરના જખમો સામું જુઓ છો, પણ જરા મનના જખમો સામું તો જુઓ!

કોઈ માણસની આંખ ફૂટી જાય તે જોઇને આપણને દયા લાગે, કોઈ માણસને કાંઇ બહુ વાગી જાય તો આપણને ત્રાસ છૂટે, કોઇ માણસનું શરીર રક્તપીત જેવા રોગથી બગડી જાય તો તેની આપણને ગ્લાની લાગે, કોઇ માણસ એક બે દિવસનું ભૂખ્યું હોય તો વ્હાઇને આપણે તેને જમાડીએ, કોઈ માણસનું ધન ચોરાઇ જાય તો આપણને અફસોસ થાય, કોઇ માણસને બ્હારવટીઆ પકડી જાય તો આપણને ગુસ્સો લાગે, કોઈ માણસને કેદમાં જવું પડે તો આપણને તેની દયા લાગે, અને કોઈ માણસનું ભયંકરરીતે અકાળ મ્હોત થઈ જાય તો આપણે રોઈ પડીએ; પણ આપણા બંધુઓ અજ્ઞાનરૂપી નરકમાં ગોથાં ખાયા કરે છે એની કોઇને દયા આવે છે? જે દેહ ઘડીકવારમાં નાશ પામવાનો છે, અને સ્મશાનમાં બળી જવાનો અથવા કબરમાં દટાઈ જવાનો છે, તેની દયા ખાતાં તો તમોને આવડયું, પણ જે મન અનંતકાળ સુધી રહેવાનું છે, અને

સર્વશક્તિમાન પરમકૃપાળુ પિતા મહાનઈશ્વર સુધી પહોંચવાનું છે, તેને સુધારવાનો કોઈ ખરા દિલથી યત્ન કરે છે? ઓ ભાઇઓ! તમે શરીરના જખમો સામું જુઓ છો, પણ જરા મનના જખમ સામે તો જુઓ! શરીર એક ટંક પણ ભૂખ્યું ન રહે તેની દરકાર રાખો છો, પણ મન જમાનાઓના જમાનાઓ થયા ભૂખ્યું છે તેની સામે તો કોઇ જુઓ! તમે બ્હારવટીઓના હાથમાં પકડાઈ જવાથી બીહો છો, પણ આપણે જમના હાથમાં પકડાઇ જઇએ છીએ એ દુ:ખ સામે તો કોઈ જુઓ! અને આપણને થોડાક દિવસ જેલમાં જવું પડે તો મરવા જેવું થાય છે, પણ આપણું મન આખી જીંદગી સુધી હજારો જાતના વ્હેમનાં બંધનોમાં પૂરાઈ રહે છે તેની સામ તો કોઇ જુઓ! આ બધું અજ્ઞાનથી થાય છે, તે સારૂ મહાત્માઓ કહે છે કે, અજ્ઞાન એ નરક છે, અને શાસ્ત્રો કહે છે કે, જ્ઞાનમાં પ્રભુ છે, માટે અમે તમને કહીએ છીએ કે જેમ બને તેમ જ્ઞાન મેળવો, અને બની શકે ત્યાંસુધી તમારો કોઇપણ બંધુ કે કોઇપણ બ્હેન અજ્ઞાનપણામાં રહી જાય નહિ તેની ખૂબ સંભાળ રાખો.

આપણી પાયમાલી થાય છે તેનાં ઊંડાં કારણો:-

બન્ધુ! તમે તો ગુણજ્ઞ છો, એટલે અજ્ઞાન કેટલું બધું ખરાબ છે તે સમજી શકો છો, પણ આપણા ઘણા બંધુઓ એ બાબત બરોબર રીતે સમજતા નથી. જો એ બાબત સ્પષ્ટ રીતે સમજાતી હોય તો ઈશ્વરના કૃપાપાત્ર આપણા પવિત્ર દેશની આવી દુર્દશા હોય નહિ. અજ્ઞાનની મહાભારત ખરાબીઓ તેના ભયંકરરૂપમાં હજી આપણા બંધુઓ બરોબર રીતે સમજતા નથી, તેથીજ આપણો નાશ થાય છે, માટે હજી પણ મને કાંઇક કહેવા દો.

આપણા ઘરમાં વખતે અઢી શેર ઘી ઢોળાઈ જાય તો આપણો

જીવ બળીને રાખ થઇ જાય છે, પણ આપણા બંધુઓનું મનુષ્યપણું ફોકટ ચાલ્યું જાય છે એને માટે કોઇનો જીવ બળે છે? આપણી ગાય એક દિવસ દોહવા ન દે તો એ બશેર ત્રણ શેર દૂધ સારૂ આપણે ઘણી જાતના ઉપાયો કરીએ છીએ, પણ અજ્ઞાનપણાને લીધે આપણા બંધુઓમાં રહેલી હજારો જાતની દેવતાઇ મહાશક્તિઓ ફોકટ ચાલી જાય છે, એ માટે કાંઇ તજવીજ કરવાનું કોઇ દિવસ મન થાય છે? કોઈ દિવસ જરા કઢી બગડી જાય કે ખીચડી કાચી રહે તો આપણે રસો-ઇઆના બાર વગાડીએ છીએ, પણ જેઓ મોક્ષનો પરવાનો લેવા માટે આ જગતમાં આવેલા છે તે પ્રભુના પુત્રો આપણી બેદરકારીથી બગડી જાય છે, અને નિર્દોષ બચ્ચાંઓ કે જેઓ પ્રત્યક્ષ દેવો છે તેઓ કાચા રહી જાય છે, એનું કાંઈ ધાર્યું? એને માટે તમે કોઈ દિવસ તમારા મનને ઠપકો આપ્યો છે? આપણા આંબામાં કે ગુંદામાં કોઇ વરસ ફળ ન લાગે તો એ વરસ ખાલી જવા માટે આપણે અફસોસ કરીએ છીએ, પણ આપણા કરોડો બંધુઓનાં માત્ર એક બે વરસજ નહિ, પણ જમા-નાઓ થયાં આખી જીંદગીની જીંદગી ફોકટ ચાલી જાય છે, એને માટે કાંઇ અફસોસ થાય છે? આપણો છોકરો કોઇ વરસ નાપાસ થાય તો આપણને બહુ વસમું લાગે છે કે હાય હાય! એક વરસ નકામું ગયું! પણ એ છોકરો તો બીજે વરસ પાસ થશે, પણ આપણા કરોડો ભીખારીઓ કોઇ દિવસ કે કોઈ વરસ પાસ થવાના છે? એને માટે કોઇને દયા લાગે છે? અને આપણી નાનકડી છોકરીને રમવાનું બે દોઢીયાંનું માટીનું રમકડું ફૂટી જાય તો એ છોકરીની સાથે આપણે તેના દુઃખમાં ભાગ લેવા લાગીએ છીએ, પણ અજ્ઞાન-પણાને લીધે આપણા લાખો બંધુઓ વગર મ્હોતે ટપોટપ મરી જાય છે, એની કોઇને દરકાર છે? બુચીના બે દોઢીયાંનાં રમકડાં માટે જેટલી કાળજી રખાય છે, તેટલી કાળજી પણ આપણા અજ્ઞાન બંધુઓમાંથી

અજ્ઞાન દૂર કરવા માટે રખાય છે કે? કહો કે નહિજ. એજ આપણી પાયમાલીનું કારણ છે, ને એથીજ આપણે નરકમાં છીએ.

ભાઇ, હું એમ નથી કહેતો કે દરેક માણસોએ ખાસ વિદ્વાનજ થવું જોઇએ, પણ હું માત્ર એટલુંજ કહું છું કે જીંદગીના હેતુ સમજી શકાય એટલું જ્ઞાન તો અવશ્ય આપણામાં હોવું જોઇએ. આપણી કલ્યાણકારી કૉંગ્રેસ શું કહે છે? આપણા શુભહેતુઓવાળાં કૉન્ફરન્સો શું કહે છે? આપણી ભાઇબંધ પ્રજાઓ કેવી રીતે કામ કરી રહી છે? આપણી ઉપર કેવા પ્રકારની રાજ્યનીતિ ચાલે છે? આપણા દેશને અત્યારે કઇ વસ્તુની જરૂર છે? આપણી પ્રજામાં કઇ કઇ જાતની એબદારી છે? આપણે કેમ આગળ વધી શકીએ? આપણો ધર્મ આપણને શું કહે છે? આપણા ભાઇબંધો તરફ આપણી શું ફરજ છે? અને આપણે કેમ સુખી થઈ શકીએ? તથા આપણો દેશ કેમ આબાદ થઈ શકે? એ માટેના વિદ્વાનોના વિચારો વાંચી શકે તથા સમજી શકે એવું શરૂઆતનું જ્ઞાન તો તેઓને જરૂર આપવું જોઇએ.

ગામડાંના લોકોમાં સ્હેલી ને સસ્તી રીતે વિદ્યા ફેલાવવાના ઉપાયો:—

આ બધા વિચારો સ્પષ્ટ રીતે મ્હારા અંતઃકરણમાં જામી જવાથી મ્હારામાં નવું જોર આવી ગયું, મ્હારી ખોટી શરમ તૂટી ગઇ, મ્હારૂં ઢીલાપણું નીકળી ગયું અને હું છેક બદલાઈ ગયો. એ પછી મ્હેં તુરતજ કામ કરવાનો આરંભ કર્યો. મ્હારૂં કામ ગામડાઓના અભણ લોકોમાં કેળવણી ફેલાવવી એજ હતું. સસ્તામાં સસ્તી રીતે વધારેમાં વધારે કેળવણી કેમ ફેલાવી શકાય, એ મ્હારી મુખ્ય યોજના હતી. મને લાગ્યું કે નિશાળો માટે સુંદર મકાનો લઇએ, મ્હોટા

પગારના માસ્તરો રાખીએ, ખુરસી ટેબલો ને કબાટોનો આડંબર રાખીએ, અને સમૃદ્ધિવાન સુધરેલા દેશોમાં ચાલતાં જ્ઞાન આપવાનાં ફૅશનેબલ સાધનો રાખીએ, તો તે આપણા ગરીબ દેશને શરૂઆતના વખતમાં પાલવી શકે નહિ; માટે જેમ બને તેમ ટુંકામાં ટુંકા ખર્ચમાં શરૂઆતની કેળવણી આપી શકાય એવી કોઇ કુંચી આપણે મેળવવી જોઇએ. એ પછી બારિક તપાસ કરતાં મ્હારી ખાત્રી થઇ કે એક ગામડાં પાછળ વરસ દહાડે માત્ર જો સો રૂપિયા ખરચીએ તો છોકરા તથા છોકરીઓ મળીને ઓછામાં ઓછાં વીસ છોકરાંઓ દરરોજ ભણી શકે છે; કારણ કે પરમાર્થની સ્કૂલને મકાનનું ખર્ચ પડતું નથી, તે તો ગામના ચોરામાં, કોઇના ખાલી પડેલા મકાનમાં, પટેલની ઓશરીમાં અથવા મહેતાજીને ઘેર છોકરાંઓ ભણી શકે છે. વળી એ નિશાળ ઘણું કરીને રાત્રિનીજ હોય છે, જો કે કોઇ કોઈ ઠેકાણે થોડા કલાક દિવસના પણ હોય છે, પણ એમાં માત્ર મહેતાજીને થોડો પગારજ આપવાનો હોય છે. ગુજરાતી છઠ્ઠું—સાતમું ધોરણ શીખેલ ગરીબ બ્રાહ્મણોના છોકરાઓ તથા એટલું શીખેલા ગામડાઓના રહેનારા બીજા ગરીબ માણસો એ કામ કરી શકે છે. તેઓને આખો દિવસ અથવા દિવસનો ઘણો ભાગ પોતાનો ખાનગી ધંધો—રોજગાર કરવાની રજા હોય છે, એટલે ટુંક પગારમાં તેઓને પાલવી શકે છે. સારી રીતે લખતાં—વાંચતાં, થોડા હિસાબ—કીતાબ, આજુબાજુનું સામાન્યજ્ઞાન તથા તેઓના ધંધાને લગતી મુખ્ય મુખ્ય બાબતો જાણે એટલે તેઓની શરૂઆતની કેળવણી પૂરતી ગણાય છે. એ પછી આગળ વધારે અભ્યાસ કરવો હોય તો તેઓએ પોતાના ગામડાની આજુબાજુની કોઇ મ્હોટી નિશાળમાં જવું જોઈએ. શરૂઆતની કામચલાઉ નિશાળોમાં મ્હોટી ઉમ્મરના ગામડીયા છોકરાઓ બે વરસમાં આટલું સ્હેલાઇથી શીખી શકે છે. એ છોકરાઓ અગીઆરસ, અમાસ તથા તેહેવારોને દિવસે જ્યારે ખેડુતો

નવરા હોય ત્યારે તેઓના ડાયરાઓમાં બેસીને જાણવાજેવી વાતો તેઓને સમજાવે છે, ધર્મની બાબતો ઉપર તેઓનું ધ્યાન ખેંચે છે, કેળવણીના ફાયદા તેઓને સમજાવે છે, અને નવા નવા શોધ–ખોળની તથા રાજદરબારની જાણવાલાયક વાતો કરી તેઓના મનમાં નવું નવું જાણવાની ઇચ્છા થાય એવી લાગણીઓને જાગૃત કરે છે. આમ કરવું એ પણ એ જાતના મહેતાજીઓની ઉપર અમે ખાસ ફરજ નાખી હતી.

થોડા રૂપિયામાં આટલો મ્હોટો પરમાર્થ થઇ શકે છે, એમ મને ખબર નહોતી.

હવે કામ મ્હેં કેમ શરૂ કર્યું, તેની વાત કહું છું. મને મહિને સો રૂપિયા પગાર મળતો તેમાંથી હું વરસ દહાડે સાતસો રૂપિયા ખરચતો હતો, બાકી પાંચસો રૂપિયા વધતા હતા, તે રૂપિયા ગામડાઓમાં નવી સ્કૂલો કહાડવામાં વાપરવાનો મ્હેં ઠરાવ કર્યો. માત્ર ઠરાવ કર્યો એમ નહિ, પણ બે મહિનામાં ચાર ગામોમાં નિશાળ ખોલી. એ નિશાળો ઉપર બહુ ધ્યાન આપીને હું દેખરેખ રાખતો હતો. છ મહિના પછી દૈવેચ્છાથી અનાયાસે એ સ્કૂલોને લગતી હકીકત સાંભળવાથી એક શેઠીઆએ તે સ્કૂલો તપાસી. તેમાં તેને બહુ સંતોષ થયો. એ પછી તેણે મને હકીકત પૂછી, ત્યારે મ્હેં તેને સવિસ્તર હકીકત જણાવીને કહ્યું કે, માત્ર સો રૂપિયામાં આખું વરસ નિશાળ ચાલી શકે છે, અને વીસ–પચ્ચીસ છોકરાઓ સ્હેલાઇથી શીખી શકે છે. હજી આગળ ચાલતાં આ બાબતમાં હું કાંઇક વધારે સુધારો કરી શકીશ. મ્હારી ઇચ્છા એવી છે કે જે ગરીબ વિધવાઓ થોડું ઘણું ભણેલી હોય અને જેને ગુજરાનનાં કાંઈ સાધનો ન હોય તેવી બાઇઓને પાંચ સાત રૂપિયા પગાર આપીને ગામડાંઓમાં રાખવી. તેવી બાઇઓ

પોતાના મકાનમાં પંદર વરસની ઉમ્મર સુધીના છોકરા તથા છોકરી-ઓને શરૂઆતની કેળવણી સ્હેલાઇથી આપી શકશે. એ સિવાય મ્હોટી ઉમ્મરની બાઇઓને પણ લખતાં-વાંચતાં તથા ભરતાં-ગુંથતાં શીખવી શકશે. એથી એક કામમાં બે કામ થશે. આધાર વિનાની ગરીબ વિધવાઓને મદદ પણ આપી શકાશે અને ટુંકા ખર્ચમાં ગામ-ડાઓમાં શરૂઆતની કેળવણી પણ ફેલાવી શકાશે. આ બાબતના ઝાહેર છાપાઓમાં આવેલા મ્હારા લેખો એ ગૃહસ્થે વાંચેલા હતા, તેથી એવી જાતનું પરમાર્થનું કાંઇ કામ કરવા તેની ઇચ્છા હતી, અને તે સારૂજ તે મને મળવા માગતા હતા. તેની એ ઇચ્છાને મ્હારી સ્કૂલો જોયા પછી બહુ ટેકો મળ્યો, તેથી તેણે મને કહ્યું કે, "થોડા રૂપિયામાં આટલો મ્હોટો પરમાર્થ થઇ શકે છે, એ મને ખબર નહોતી. વરસ દહાડે પાંચ હજાર રૂપિયા તો કાંઇપણ શુકરવાર કરી શકે નહિ એવા અલેલટપુઓ માન-ચાંદનાં ફોકટીયાં ફંડો માટેજ મ્હારી પાસેથી લઈ જાય છે, માટે હવેથી એવો પોલમપોલનો ધર્માદો બંધ કરી સત્યપરમાર્થમાં પૈસા ખરચવા મ્હારી ઇચ્છા છે. રાવસાહેબ, તમે મ્હારી ઠીક આંખો ઉઘાડી છે. હવેથી પાંચ વરસ સુધી દર વરસે પાંચ હજાર રૂપિયા હું તમને આપીશ. એથી ઘણીએ વિધવાઓને મદદ આપી શકાશે, અને દર વરસે ઓછામાં ઓછાં એક હજાર માણસોને લખતાં-વાંચતાં શીખવી શકાશે. ઓહોઃ આટલા ટુંકા ખર્ચમાં આટલું બધું કલ્યાણ થાય છે, એમ મને ખબર નહોતી."

અમે કામ કરી શકે એવાં માણસો માગીએ છીએ

"રાવસાહેબ, મને કહો કે તમે આવી કરકસરથી કેમ ચલાવી શકો છો?" એ સાંભળીને મ્હેં કહ્યું કે, સાહેબ, અંતરની લાગણીથી એવાં કામો બની શકે છે, જરા ઘસારો ભોગવી લેવાથી એવાં કામો

થઇ શકે છે, થોડોક સ્વાર્થનો ભોગ આપવાથી એવાં કામો થઇ શકે છે, અને ફેશનોને તથા આડંબરોને બાજુએ રાખી જીગરની લાગણીથી કામ કરવાથી એવો ફાયદો થઈ શકે છે; ભાડુતીટટ્ટુઓથી કાંઈ એવા ટુંકા ખર્ચમાં કામ થઇ શકે નહિ. સૌને પેટ વળગ્યું છે એ વાત ખરી, અને સૌને થોડાં ઘણાં ગુજરાનનાં કાંઇ કાંઇ સાધન જોઇએ એ વાત પણ ખરી, ભૂખે પેટે કાંઇ કામ થાય નહિ, માટે ઘટતાં સાધનો ન હોય તે માણસોને આવી જાતના ધર્માદાનાં ખાતાંઓ પાસેથી પણ પગાર નિમિત્તે કાંઈ પૈસા લેવા પડે એ જૂદી વાત છે; છતાં પણ દેશદાઝની લાગણી એ કાંઇક જૂદીજ વસ્તુ છે, સ્વધર્મની લાગણી એ કાંઇક અલૌકિકજ બાબત છે, ઇશ્વિરીસ્નેહની લાગણીની ખુબી કાંઇ ઓરજ છે, અને પોતાના બંધુઓની સેવા કરવા માટે અંતઃકરણ-માંથી તાળી લાગી જાય એની મજે કાંઇક ઓરજ છે ! ! આવાં તાળી લાગી ગએલાં માણસો થોડાખર્ચમાં, થોડા વખતમાં અને થોડી મહેનતમાં ઘણું કામ કરી જાય છે; માટે અમે કામ કરી શકે એવાં માણસો માગીએ છીએ.

વિધવાઓને મદદ કરનારી મંડળી

આ સાંભળીને તે ગૃહસ્થે કહ્યું કે, "તમારી વાત ખરી છે, આપણે ત્યાં દેશનું હિત સમજીને કામ કરી શકે એવાં માણસોની બહુજ ખોટ છે. જો એવાં માણસોની છુટ હોય તો આપણા બંધુ-ઓના બૂરા હાલ શામાટે હોય ? માટે રાવસાહેબ, તમારી યોજના સારી છે, પણ કામ કરી શકે તેવી ભણેલી ગરીબ વિધવાઓ જેટલી જોઇએ તેટલી મેળવી શકો એને માટે મને શક છે."

એ સાંભળીને મ્હેં કહ્યું:—આપની એ ધાસ્તી ખરી છે. મને પણ લાગે છે કે એ કામ જરા મુશ્કેલીનું છે. બહુ ટુંકા પગારે અજાણ્યાં

ગામડાંઓમાં શહેરની રહેવાશી બાઇઓ જવાનું કબૂલ કરે એ શક ભર્યું છે. છતાં પણ "વિધવાઓને મદદ કરનારી મંડળી" મને આશા આપે છે કે, અમે થોડી ઘણી બાઇઓને મોકલી શકીશું; અને મને ખાત્રી છે કે હું પણ કેટલીક ગરીબ બ્હેનોને એવાં ભલાંકામોમાં લગાડી શકીશ. હમણા આપણને એમાં મુસ્કેલી લાગે છે પણ થોડાં વરસોમાં એ મુસ્કેલી રહેશે નહિ, કારણ કે સ્ત્રીકેળવણી વધતી જાય છે, પ્લેગ જેવા ભયંકર દરદોને લીધે તથા લગનનાં ગુલામી સાટાંઓને લીધે અસલના કરતાં સેંકડોગણી વિધવાઓ વધતી જાય છે, લોકોમાં પશ્ચિમની રીત પ્રમાણેનું છુટાપણું વધતું જાય છે, એ છુટાપણાને લીધે કુટુંબસ્નેહ ઓછો થતો જાય છે, અને દિન પ્રતિદિન ખરચો વધતાં જાય છે; છતાં પુનર્લગ્ન કરવા માટે લોકો તૈયાર થતા નથી, એનું પરિણામ બીજું શું આવશે? લાચાર બાળરાંડ બિચારીઓ શું કરશે? અંતે જરૂર તેઓને આવી રીતે કોઇપણ જાતનાં આબરૂદાર કામમાં લાગીને પોતાની રોટલી પોતાને હાથેજ પેદા કરવી પડશે; માટે હમણાંથીજ તેઓને સારૂ એવી જાતનાં મેદાનો તૈયાર કરી રાખવાની જરૂર છે. આપ એવાં ભલાંકામને મદદ કરો છો એ ખાતે આપને ધન્યવાદ આપું છું, અને પ્રાર્થના કરૂં છું કે, હે પ્રભુ! અમારા ઘણાએ શ્રીમંતોને એવી સદ્‌બુદ્ધિ આપો.

હવે માણસો પોતાનું ભલું શેમાં છે, તે સમજવા લાગ્યા છે.

એ પછી ઇશ્વરકૃપાથી એ પાંચહજાર રૂપિયામાંથી એક વરસની અંદર બીજાં પચાસ ગામોમાં નિશાળો ખોલવા હું શક્તિમાન થયો. એ પચાસ સ્કૂલોમાંથી પંદર સ્કૂલો વિધવા સ્ત્રીઓના ઉપરીપણા નીચે ચાલતી હતી, અને તે સૌ સ્કૂલોનું કામ શરૂઆતના પ્રમાણમાં બહુ

સારી રીતે ચાલતું હતું. આપણે ગામડીઆઓ તરફથી આશા રાખી શકીએ તે કરતાં પણ ઘણાં વધારે છોકરાં તેમાં ભણતાં હતાં; કારણ કે હવે વિદ્યા માટે, હુન્નર–કળા શીખવા માટે, પરદેશ જવા માટે, છૂટાપણું મેળવવા માટે, સત્ય જાણવામાટે, પોતાના હક્ક સમજવા માટે, ભ્રાતૃભાવ માટે, સ્વદેશસેવા માટે અને પોતપોતાના ધર્મ સમજવા માટે લોકો તૈયાર થઇ ગયા છે; હવે તો તેઓને થોડેક સુધી દોરનારા દોસ્તો અને જરાક ટેકો આપનારા મુરબ્બીઓ જોઇએ છે. જો એટલું હોય તો તેઓ જે કહીએ તે કરવાને તૈયાર છે. આપણી અગાઉના જે જે વિદ્વાનો લોકલાગણી જાગૃત કરવા માટે મહેનત કરી ગયા છે, તેની મહેનતનાં એ ફળ છે. હવે એકલી વાતો કરવાનો આ વખત નથી, પણ હવે તો આપણે તેઓને દોરવા જોઇએ છે, અને જેની ઉપર ઇશ્વિરે દયા કરી હોય તેણે તેઓને ટેકો આપવો ઘટે છે. વીસ વરસ ઉપર ગામડાના સારા પટેલીઆઓ પણ પોતાના છોકરાઓને ભણાવવાની દરકાર રાખતા નહોતા, અને ન્હાનાં શહેરોના મ્હોટા ગૃહસ્થો પણ પોતાની છોકરીઓને ભણાવવાની જરૂર સમજતા નહોતા, એ વખતે બહુ મહેનત કરતાં છતાં પણ ગામડાંઓમાં ભણનારાઓ મળતા નહોતા, અને કન્યાશાળાઓમાં કન્યાઓ મળતી નહોતી; પણ આજે ગામડાના ગરીબમાં ગરીબ ખેડુતો પણ પોતાના છોકરાઓને ભણાવવા તૈયાર છે, અને છોકરીઓ પણ ઘણીએ ભણી શકે તેમ છે. આવી રીતે અગાઉના વિદ્વાનોની મહેનતથી પોતાનું હિત સમજવા લોકો તૈયાર થઇ રહેલા છે, માટે ભાઇઓ ! એ તકનો આપણે લાભ લઈ લેવો જોઇએ, કારણ કે આપણને તો ખેડાઈ ગએલા તૈયાર ખેતરો મળે છે; માત્ર તેમાં બીજ વાવવાનીજ ખોટી છે. જો એટલું કામ પણ આપણે નહિ કરી શકીએ તોપછી થઇ રહ્યું ! તૈયાર ખેતરોમાં બીજ પણ ન વાવી શકાય તોપછી

ફળની આશા ક્યાંથી ? અને ફળ ન થાય એ તો દુકાળ સમજવો. અને દુકાળ પાડીને કોઈ સુખી થાય છે કે આપણે પણ થઇએ ? માટે બંધુ ! તૈયાર થએલાં ખેતરોમાં બીજ વાવો. બીજ વાવો. જ્ઞાનનાં બીજ વાવો.

પ્રભુને અર્થે કરેલાં ભલાંકામોમાં મદદ મળ્યાવિના રહેતીજ નથી

ભાઈ, એ પછીના બીજા વરસમાં બીજા પાંચ ગૃહસ્થો તરફથી એ પરમાર્થના કામમાં હજાર હજાર રૂપિયાની મદદ મળી, તેથી તે વરસમાં બીજી પચાસ નિશાળો હું ખોલી શકયો. એકંદર એકસો ચાર નિશાળો મ્હારા હાથ નીચે ચાલતી થઈ. એ વરસમાં તો મ્હેં નોકરી છોડી દીધી, કારણ કે થોડાક રૂપિયાના લોભ સારૂ કરીને આવાં મહા-પરોપકારી કામમાં બેદરકારી રાખવી, એ મને ગમ્યું નહિ. બીજું એ પણ ખરૂં કે બે વરસ થયા મ્હારો ન્હાનો ભાઈ એલ. એલ. બી. ની પરિક્ષામાં પાસ થયો હતો, અને તેનો ધંધો ઠીક ચાલતો હતો, એટલે ઘરખર્ચ માટે મને મુંઝાવું પડે તેમ નહોતું, કારણ કે અમે બન્ને ભાઇઓ સાથે રહેતા હતા, અને મ્હારી મદદથી તે ભણેલો હતો; વળી તેનો સ્વભાવ બહુ સારો છે, અને મ્હારાં કામોની કિંમત તે સમજે છે, એટલે તેની એવી મદદ સ્વીકારવામાં મને પણ કાંઇ અડચણ નહોતી. ભાઈ, આ પ્રસંગે મ્હારે તમોને એક વાત કહેવાની છે, અને તે એજ કે, જે છ ગૃહસ્થો તરફથી મને મદદ મળી તે અનાયાસે મળેલી છે; મ્હારૂં નિસ્વાર્થી કામ જોઇને તેઓના અંતઃકરણમાં પ્રેરણા થવાથી તેઓએ મને મદદ કરેલી છે. કોઇપણ જાતનો લાગવગ મ્હેં વાપર્યો નથી કે કોઇપણ રીતની યાચના મ્હેં કરેલી નથી, એટલુંજ નહિ પણ મને મદદ કર-નારા માણસોને હું પૂરા ઓળખતો પણ નથી, છતાં પણ એની મેળે

મેળે તેઓએ મને મદદ કરી છે. આ ઉપરથી મને તો એમ લાગે છે કે ભલાંકામો પ્રભુને વ્હાલાં છે, માટે તેમાં તેનો છૂપો હાથ હોય છે, એટલે એ કામો એની મેળે મેળે પૂર્ણ થતાં જાય છે, અને સ્વાભાવિક રીતેજ તે અસરકારક હોય છે. બીજું એ ઉપરથી હું તો એમ પણ સમજું છું કે જે કામ વ્યાજબી હોય, આંતરની પ્રેરણાથી થતાં હોય અને મહાનપ્રભુને અર્થેજ થતાં હોય તેને કદિપણ મદદ મળ્યા વિના રહેતી નથી. ભલાંકામો હોય છતાં પણ જો તેને મદદ ન મળે તો સમજવું કે એ કામના આગેવાનો બરાબર લાયક નથી, શુભહેતુથી કામ કરવાવાળા નથી, અને કદિ શુભહેતુ હોય તોપણ આંતરના જેટલા બળથી એ કામ કરવું જોઇએ તેટલા બળથી એ લોકો કામ કરી શકતા નથી; માટેજ તેઓને મદદ મળતી નથી. જો આવી કોઇપણ જાતની ખામી ન હોય તો મહાન દયાળુઇશ્વિર ગમે તે રસ્તે મદદ કરી દે છે. હું તો આમાંથી પણ એ શીખ્યો છું કે પ્રભુને અર્થે કરેલાં ભલાંકામોમાં મદદ મળ્યા વિના રહેતીજ નથી. માત્ર સાચાભાવે હૃદયબળથી કામ કરવાવાળાં માણસો જોઇએ. પણ અફસોસ કે એવાં માણસોનીજ ખામી છે, બાકી તો બધું તૈયાર છે. હે પ્રભુ ! એવાં માણસો આપ, અમોને કર્તવ્યમાં લગાડે એવાં માણસો આપ, અમારામાં ઉત્સાહની વિજળી ભરે એવાં માણસો આપ, અમોને ભ્રાતૃભાવની ઇશ્વિરીસગાઇ સમજાવે એવાં માણસો આપ, અમોને અમારા હક્ક અપાવે એવાં માણસો આપ, અમોને અજ્ઞાનપણાનાં, રૂઢીઓનાં તથા બનાવટી ધર્મોનાં બંધનોમાંથી છોડાવે એવાં માણસો આપ, સત્યના બળથી અમારી આંખોનાં પડળ ખોલે એવાં માણસો આપ, અને અમારી જીંદગીમાં અમૃત રેડી અમોને સંસારમાં સ્વર્ગ દેખાડીને ત્હારા રસ્તામાં ખેંચી લાવે એવા દેવો અમોને આપ.

પરમાર્થનાં કામો ચાલુ કેમ નભી શકે ? તે વિષની યોજના:—

આ પ્રમાણે શરૂઆતમાં એકસો ચાર સ્કૂલો ચાલતી હતી અને હજી બીજી વધતી જતી હતી, છતાં પણ મને હમ્મેશાં એ ફિકર રહેતી કે આ ખાતાંઓ ચાલુ કેમ નભી શકશે? બાળકો ન્હાનાં હોય ત્યાંસુધી માતાઓ તેઓને ધવરાવે છે, જાનવરોનાં બચ્ચાંઓ ન્હાનાં હોય ત્યાંસુધી તેની ખાસ સંભાળ લેવામાં આવે છે, અને રોપાઓ ન્હાના હોય ત્યાંસુધી તેને પૂરતું પાણી પાવામાં આવે છે, પણ મ્હોટા થયા પછી તેને કોઇ પ્રથમના જેટલી મદદ કરે નહિ; પછી તો તેણે પોતાના જોર ઉપરજ રહેવું જોઇએ. જે હમ્મેશાંને માટે પારકી મદદ ઉપરજ રહે તે લાંબો વખત નભી પણ શકે નહિ, તેમજ આવાં ખાતાંઓની શરૂઆતની બાલ્યાવસ્થામાં તેને મદદ મળે એ વ્યાજબી છે, પણ એ મદદ ઉપર લાંબો આધાર રહે નહિ, માટે એ ખાતાંઓ ચાલુ કેમ નભી શકે એવી ગોઠવણ કરવાની જરૂર હતી. એને માટે હું હમ્મેશાં ફિકરમાં રહેતો હતો, કારણ કે સ્કૂલો કાંઇ વરસ બે વરસ ચલાવીને બંધ પડાય તેમ નહોતું, તેમજ કોઇપણ એક જણથી એ બધો બોજો ઉપડી શકે તેમ પણ નહોતું, માટે કોઇને ભારે ન પડે ને એ ખાતું લાંબા વખત સુધી ચાલ્યા કરે, એવી કાંઈ ગોઠવણ કરવાની જરૂર હતી. ઘણી જાતના વિચારો પછી અને ઘણાજણની સલાહ પછી અંતે એમ નક્કી થયું કે જે ગામડાં- ઓમાં આવી શરૂઆતની નિશાળો થાય તે નિશાળોનું અર્ધું ખરચ તે ગામના લોકો આપે, બાકી અર્ધું ખરચ રહ્યું તેમાંથી અર્ધો ભાગ પરમાર્થી ગૃહસ્થોની "ગામડાંઓની નિશાળોને મદદ કરનારી મંડળી" આપે, અને બાકીનો અર્ધો ભાગ આપવાની નામદાર સરકારશ્રી મહેરબાની કરે. જો આમ થાય તો કોઇની પણ ઉપરે વધારે બોજો પડયાવિના ફતેહમંદ રીતે સ્કૂલો ચાલી શકે. ઘણાં

ગામડાંઓની વસ્તીની ગણત્રી ઉપરથી અમે અનુમાન કહાડેલું છે કે ઘણે ઠેકાણે દર વરસે તેઓને દરેક ઘરદીઠ અરધા રૂપિયા કરતાં વધારે આપવું પડશે નહિ. જો કે આવી મોંઘારત અને આવી ગરીબીના વખતમાં તેઓની પાસેથી વરસ દહાડે અર્ધો રૂપિયો લેવો એ પણ દયા ઉપજાવનારૂં છે, કારણ કે આ વખતમાં એ અર્ધો રૂપિયો તેઓને સોનામ્હોર કરતાં પણ વધારે કિંમતી છે, વખતે એ અર્ધો રૂપિયો તેઓની સો રૂપિયાની ગરજ સારે છે, અને એ અર્ધો રૂપિયો માત્ર પરસેવાથીજ મેળવેલો નહિ, પણ લોહીના ટીપાંઓને ભોગે મેળવેલો હોય છે, માટે તેમની પાસેથી એવા મોંઘામૂલ્યનો અર્ધો રૂપિયો લેતાં પણ અમોને તો બહુ દિલગીરી લાગે છે, અને બહુ ત્રાસ છૂટે છે, પણ બીજો ઉપાય નથી, એટલે એમ કરવું પડે છે; કારણ કે નામદાર સરકાર પોતાને ખરચે દરેક ન્હાનાં ગામડાંઓમાં નિશાળો ખોલે એવો વખત હજી આવ્યો નથી, એવું ભાગ્યશાળીપણું હજી બહુ દૂર છે; તેમજ આપણે ત્યાં એટલા બધા દયાળુ અને એટલા બધા સમૃદ્ધિવાન શ્રીમંતો પણ નથી કે જે ચાલુનું મ્હોટું ખર્ચ ઉપાડી શકે; માટે અમોને તો ઉપલી યોજના સારી લાગે છે; કારણ કે પ્રથમ તો બહુજ ટુંકા ખર્ચમાં એ કામ થઇ શકે તેમ છે, અને એ ટુંકા ખર્ચમાંથી પણ રાજ્યને માત્ર ચોથો ભાગ આપવાનો છે, એટલે શરૂઆતની કેળવણી વધારવાની ઇચ્છા રાખનાર રાજ્યો ખુશીથી એટલી મહેરબાની કરી શકે તેમ છે, તેમજ આવાં અગત્યનાં કામમાં શ્રીમંતોને પણ કાંઇ એટલો પરમાર્થ ભારે પડે તેમ નથી; અને ગરીબ ખેડુતોને એ અર્ધો રૂપિયો ભારી પડશે એમાં કાંઇ શક નથી, પણ પોતાનાં છોકરાંઓનાં હિતને ખાતર એટલો ભાર તેઓએ ખમવો જોઇએ. જેમ તંબાકુ પીવામાં તેઓ એ કરતાં વધારે પૈસા ખરચી નાંખે છે, અને જેમ વધતા જતા સરકારી વેરાઓના પૈસા મજુરી

કરીને પણ તેઓ ભરે છે, તેમ ભારે પડે તોપણ પોતાના છોકરાંઓના ભલાં સારૂ તેઓએ કેળવણીના કામમાં પોતાની તરફનો હીસ્સો આપવોજ જોઈએ.

આ યોજના પ્રમાણે ત્રીજા વરસમાં સાઠ ગામોમાં નિશાળો ખોલવા હું ભાગ્યશાળી થયો છું. એ પરમાર્થી ગૃહસ્થોની મદદથી શ્રીમંતો તરફનો ફાળો તૈયાર છે, અને સાથે રાજ્યની તરફના ફાળા માટે અરજો ચાલુ છે. ગામડાંઓ તરફનો ભાગ કેટલાંક ગામડાંઓમાં ઝાંપલી ખાતેથી અને કેટલાંક ગામડાંઓમાં મોસમ વખતે ઘેરે ઘેરેથી ઉઘરાવીને પટેલીઆઓ અમોને આપે છે. આ ઉઘરાણા માટે ભવિષ્યમાં હજી આ કરતાં કાંઈકિ વધારે સારૂં ધોરણ થઇ શકશે. એ બાબતમાં દિવાનસાહેબ તથા કલેકટરસાહેબ સાથે પ્રસંગોપાત વાતચીત થયા કરે છે, ત્યારે તેઓ આશા આપે છે કે ધીરજ રાખશો તો સૌ સારાવાનાં થઇ રહેશે; અને એમ પણ કહે છે કે આવી રીતે દરેક બાબતમાં જ્યારે લોકો પોતે પોતાની મેળે ફરજ સમજીને પોતાનું કર્તવ્ય બજાવશે ત્યારેજ દેશનું કલ્યાણ થઇ શકશે.

જો સુખ મેળવવું હોય તો બીજાઓને સુખી કરો

ભાઈ, ચકચકીત તારાઓ કે જેઓ ઉગ્યા પહેલાં આથમી જાય છે તેઓને માટે હું આ પ્રમાણે તજવીજ કરૂં છું, અને ઈશ્વરકૃપાથી મને તેમાં ફતેહ મળતી જાય છે, તથા એ ફતેહની સાથે મ્હારો આનંદ પણ વધતો જાય છે; માટે ભાઈ હું તો તમને સૌને ખાસ એજ ભલામણ કરૂં છું કે, જો સુખ મેળવવું હોય તો બીજાઓને સુખી કરો. જો અમ્મર થવું હોય તો બીજાઓના જીવનમાં અમૃત રેડો. જો ઈશ્વરીજ્ઞાનનો પ્રકાશ જોવો હોય તો બીજાઓને જ્ઞાન આપો; અને જો પ્રભુના રસ્તામાં ઉંચે ચ્હડવું હોય તો પ્રથમ આપણા બંધુઓને

ઉંચે ચ્હડાવો. એવું એવું કાંઇપણ કર્યા વિના માત્ર એ. બી. સી. ડી. નાં પૂછડાંઓથી કાંઈ આરો આવવાનો નથી, અને ચીરૂટનો ધૂમાડો કાઢયા કરવાનો કે લાંબા ટાંટીયા કરીને પડવાની ઇઝીચૅરનો આરામ કાંઈ આપણને સાચું સુખ આપી શકશે નહિ. એ યાદ રાખજો."

સાંભળો: ભાઇઓ, પ્રોફેસર સાહેબ સાતડે સાત છે!

મહારાજજી! મ્હારા વ્હાલા મિત્ર દિનકરરાવની આ વાતો સાંભળીને અને તેનાં કામો જોઇને મને બહુજ સારી અસર થઈ. એકલી વાતોથી મને કાંઈ બહુ અસર થાય તેમ નહોતું. પચ્ચીસ વરસ થયાં જૂદા જૂદા વિદ્વાનોના ઉત્તમમાં ઉત્તમ વિચારોનાં પુસ્તકો હું વાંચતો આવું છું, અને છતાં પણ હું કાંઈ કરી શકયો નથી; કારણ કે વાચન એ કાંઇક જૂદી વસ્તુ છે, અને પ્રત્યક્ષ દાખલો એ કાંઇક જૂદી વસ્તુ છે. બેશક, સરલ હૃદયનાં માણસો ઉપર વાચનની અસર પણ બહુ સારી થાય છે, પણ બહુ વાચનથી ઉલટું મ્હારૂં હૃદય તો એવું કઠોર થઇ ગયું હતું કે સાધારણ વિચારોની તો મને કાંઈ બહુ અસરજ થતી નહોતી. ઉત્તમ વિચારો તો વિચારમાંજ રહેતા હતા, કાર્યમાં તે આવી શકતા નહોતા. આવી મ્હારી સ્થિતિ હોવાથી હું વિચારમાં બહુ ડાહ્યો હતો, પણ તે ડહાપણના વિચારોને મ્હારા આચરણમાં કે મ્હારાં કામોમાં હું ઉતારી શકતો નહોતો. એ પછી મુંબઇની શાળાઓનો જાતિઅનુભવ લેવા સારૂ મહીસુરથી દિનકરરાવ જ્યારે અહિં આવ્યા ત્યારે મ્હારે તેમની સાથે પીછાન થઇ. એ પછી એક વખત રજાનો દોઢ માસ દિનકરરાવને ઘેર ગાળી આવ્યો, ત્યારે તેનાં કામોમાંથી મને સમજાયું કે હું તો હજી સાવ સાતડે સાતજ છું, અને હું તો સાવ મ્હોટું મીંડુંજ છું! મીંડાને પૂછડું લગાડીએ એટલે જેમ સાતડો થઈ જાય ને ગોટાપોટા વળી જાય તેમ મને પણ બી. એ. નાં

ને એમ. એ. નાં પૂછડાં લાગવાથી ગોટાપોટા વળીને હું પણ સાતડે સાત જેવોજ થઇ ગએલો છું !

આ સાંભળીને અજબ થઇને પંડિતજીએ કહ્યુઃ—હેં ! આ શું કહો છો ? આ સાચી વાત છે ? એ પછી ખુશાલીમાં આવી જઇને ઉંચા હાથ કરીને પંડિતજીએ કહ્યુઃ—સાંભળોઃ ભાઇઓ, પ્રૉફેસર સાહેબ સાતડે સાત છે ! એમ કહી પ્રૉફેસર સામું જોઈને કહ્યું કે, જો હવે ફરી જતા નહિ !

પ્રૉફેસરે કહ્યુંઃ—એમાં ફરી જવાનું કાંઇ કારણ નથી. અમે તો સાતડે સાત છીએજ, પણ તમે કેવા છો ? એ તો જરા કહો.

પંડિતજીએ કહ્યુંઃ—અમે ! અમે તો પહેલા નંબરના ! અમે તો સોનામ્હોર જેવા ! જ્યાં હોય ત્યાં અમે તો આગળના આગળજ ! માટે અમે તો તો એકડે એક ! અમે કાંઇ તમારા જેવા સાતડે સાત નહિ !

પ્રૉફેસરે કહ્યુંઃ—વાહરેવાહ ! તમે એકડે એક છોને ? ત્યારે તો કાંઈ ફિકર નહિ, કારણ કે એકડા કરતાં સાતડાની કિંમત સાત ગણી વધારે છે.

આ સાંભળીને સૌ હસી પડયા, કારણ કે પંડિતજી મહાત્ થઇ ગયા, અને તે માથું ખંજવાળતે ખંજવાળતે નીચું જોઇને શું જવાબ દેવો, તેનો વિચાર કરવા લાગ્યા. એટલામાં પ્રૉફેસરે કહ્યું કેઃ—

પ્રૉફેસર સાહેબની આગલી તથા હાલની સ્થિતિઃ—

મહારાજજી ! હું જ્યારે કૉલેજમાં હતો ત્યારે મ્હારી જીંદગી જૂદાજ પ્રકારની હતી. ત્યારે મ્હારા મિત્રોમાં હું આગેવાન ગણાતો, ઘણી બાબતો ઉપર હું છૂટથી બોલી શકતો, મ્હારા અભિપ્રાય જાણુવાની મ્હારા મિત્રો કાળજી રાખતા અને ભવિષ્યમાં હું એક લીડર થઇશ, એમ તેઓ માનતા હતા; કારણ કે દેશની આબાદીના અને સંસારસુધારાના વિચારો ઉપર હું બહુ ધ્યાન આપતો હતો, અને એ વખતે

મ્હારી ઇચ્છા પણ એવી હતી કે એ બાબતો ઉપાડીને બહાર પડવું. પણ એ પછી જ્યારે લટકમટકવાળી બૈરી મળી, છેલ્લી પરીક્ષામાં પાસ થઈ ગયો અને એક ગૃહસ્થની લાગવગથી અઢીસો રૂપિયાના માસિક પગારથી કૉલેજમાં નોકરી મળી ગઈ એટલે બધું ચક્કરમંડળ બદલાઈ ગયું ! કૉલેજના બૉર્ડીંગની સાડાત્રણ ફીટની કોટડીને બદલે એક સુંદર બંગલો ભાડે લીધો, કસરત કરવાને બદલે લાંબા ટાંટીયા કરીને ઈઝીચૅરમાં સુવાનું શીખ્યા, વિદ્વાનોના વિચારો સાથે રમવાને બદલે તંબાકુના ધૂમાડા સાથે રમવું શીખ્યા, દેશહિતનાં પુસ્તકોને બદલે કલ્પિત પ્રેમનાં નૉવેલો વંચાવા લાગ્યાં, પ્રૉફેસરોનાં ઉમદા ભાષણોના કરતાં પણ બાઇડીઓની નજીવી કુથલીઓ સાંભળવામાં વધારે રસ પડવા લાગ્યો, વીશીની મરચાંવાળી દાળનાં ગંગાજળને બદલે કઢેલાં કેસરીયાં દૂધ મળવા લાગ્યાં, અમે બીજાઓને ઘેર ધક્કા ખાતા તેને બદલે તેજ લોકો અમારા ઘેર ધક્કા ખાવા લાગ્યા, કાંઇક નવીન વિષય સમજવા સારૂ હું માસ્તરોને ઘેરે જતો તેને બદલે મને હારમોનિયમ શીખવવા સારૂ માસ્તર મ્હારે ઘેર આવવા લાગ્યો, અગાઉ ફુરસદનો જે વખત વાંચવામાં કે વિચારમાં જતો તે વખત હવે ઢુંઢું ને ટીંટીં કરવામાં જવા લાગ્યો, કૉલેજની જીંદગીમાં હું જૂદા જૂદા વિદ્વાનોના ફોટોગ્રાફ જોયા કરતો અને તેનાં લક્ષણો સમજવાની કોશિશ કરતો, તેને બદલે હવે હું મ્હારી વ્હાલીની છબી ને તેના હાવભાવ જોવા લાગ્યો, અને અગાઉની મ્હારી ઓરડીના મચ્છરો મને પરાણે પરાણે જગાડતા ને વ્હેલો ઉઠાડતા, તેને બદલે હવે છત્રીપલંગની અંદરનો પંખો ચાહીને મને વધારે વધારે ઉંઘાડવા લાગ્યો ! ! આવી રીતે સંયોગો બદલાઈ ગયા, એટલે મહારાજજી, અમે પણ બદલાઈ ગયા, તેથી દેશહિતની વાતો દૂર રહી ગઈ, તથા સંસારસુધારાની વાતો ચોપડીઓમાં રહી ગઈ; અને અમારા મગજમાં

માન-મર્તબાના ખ્યાલો ભરાઈ ગયા, તથા અમારી નજર આગળ મોજ-શોખ ખડા થઇ ગયા. આમ થવાથી હું સવારે આઠ વાગ્યા પછી ઉઠતો, ઉઠીને તુરત ચ્હા પીતો, પછી ઉપલકપણે ન્યુસપેપર તપાસી જતો, દાતણ કરવાની કાંઈ રોજ રોજ જરૂર નહોતી, સંધ્યા-પૂજા તો બાપાની સાથે ગયાં હતાં ! અમારો ધર્મ તો માત્ર એક ઇશ્વિર છે, એમ કોઈ કોઇ વખતે કહેવામાંજ આવી રહ્યો હતો ! એ પછી ટુંકું ને ટીંટીંનું લેસન ચાલતું. તે પછી જમીને કૉલેજમાં જતો. ત્યાં જે ફુરસદ મળે તે ધૂમાડા સાથે રમવામાં જતી. વખતે વખતે વાતોના તડાકા પણ ચાલતા, પણ એ તડાકાનો સારમાં સાર એજ કે અમારો કક્કો ખરો, અને પરિણામ શૂન્યમ શૂન્યમ ! ! સાંજે કૉલે-જમાંથી છુટયા પછી મીસીસને સાથે લઇને ગાડી દોડાવતા ફરવા જતા. છોકરાં-છૈયાંની પીડા નથી, અમે હુતો ને હુતી બેજ જણાં છીએ, એટલે જેમ રખડીએ તેમ રખડાય એવું હતું ! બંદા જેમ છેલ-બટાઉ જેવા હતા તેમ મીસીસ પણ આપણા હાલના સુધારાની ટોચે પહોંચેલાં દોઢચતુર હતાં, એટલે કાંઈ અડચણ આવે તેમ નહોતું ! વળી અમારા બાપદાદાએ કોઈ દિવસે ગાડી જોઇ નહોતી, અને અમે ઘરની ગાડી રાખી હતી, એ પણ એક લ્હાવ હતો, ત્યારે પછી ઘોડાનો જીવ લેવામાં શામાટે બાકી રાખીએ ? મહારાજજી ! અગા-ઉના મ્હારા જીવનમાં આવી આવી તો ઘણીએ ખુબીઓ હતી, પણ તે બધી કહી બતાવીને આપને કંટાળો આપવાની કાંઇ જરૂર નથી, કારણ કે સ્થિતિના ફેરફારો ઘણાં માણસોથી જીરવી શકાતા નથી, એ બાબત કાંઇ આપના ધ્યાન બહાર નથી.

સ્વતંત્રતાથી કામ કરનારા માણસોજ દુનિયાને આગળ વધારી શકે છે

મને તો લાગે છે કે વગર મહેનતે વારસાનો દલ્લો મળવાથી

જેમ ઘણાં માણુસો બગડી જાય છે, ને પોતાની સત્તા તથા પૈસાનો દુરૂપયોગ કરે છે, તેમજ સાધારણ સ્થિતિના યુવાન માણુસોને એકદમ મ્હોટા પગારની બહુ સગવડતાવાળી નોકરી મળે, લાંબી રજા મળે, બહુ કામ કરવાનું ન હોય, ને વધારે સ્વતંત્રતા હોય, એ પણુ તેઓને બગાડે છે, ને એથી પણુ તેઓના વખત તથા સત્તાનો દુરૂપયોગ થાય છે; કારણુકે મ્હેં જોયું છે કે અમારા કૉલેજના દોસ્તોમાંથી જેઓ વકીલ થયા તેઓ બહાર પડતા માણુસો છે, જેઓ બૅરિસ્ટર થયા તેઓ છુટાપણુાના વિચારવાળા છે, જેઓ ડૉકટર થયા તેઓ પણુ પોતાના પ્રમાણુમાં ઠીક ઠીક રહી શકે છે, અને જેઓ વેપારી થયા તેઓ પણુ પોતાના સરકલમાં ખીલી નીકળેલા છે, કારણુકે એ બધાને જાતમહેનત કરીને યુક્તિ-પ્રયુક્તિથી કમાઇ ખાવાનું છે, એટલે સ્વાભાવિક રીતેજ ખાસ ચાહી ચાહીને તેઓ બહાર પડતા રહી શકે છે, પણુ મ્હારા જે મિત્રોએ પોતાનું નસીબ વેચી નાખ્યું ને નોકરીમાં લાગી ગયા તે બધા ઘણું કરીને મ્હારી પેઠે સાતડે સાત થઇ ગયા છે, અને તેમાં પણુ જેઓ રાજ્યની નોકરીમાં લાગ્યા ને બડેખાં બન્યા તેઓના તો સાવ બારજ વાગી ગયા છે, તેઓની તરફથી તો બહુજ થોડી આશા રાખી શકાય. આવું મ્હેં સેંકડો ઠેકાણે જોએલું છે, તેથી હું તો એજ ઠરાવ ઉપર આવ્યો છું કે, અમારી પેઠે પોતાનું નસીબ વેચી નાંખનારા માણુસો પોતે આગળ વધી શકશે નહિ, અને દુનિયાને આગળ વધારી શકશે નહિ, પણુ જેઓ સ્વતંત્રતાથી કામ કરનારા છે તેઓજ આગળ વધી શકશે અને તેઓજ જગતને આગળ વધારી શકશે; કારણુ કે હું જોઉં છું કે જ્યારે હું બહુ કરૂં છું ત્યારે એટલુંજ કે કોઈ મંડળીવાળા આવીને કહે કે અમુક વિષય ઉપર ભાષણુ આપવાની મહેરબાની કરશો? ત્યારે મ્હારી મરજી હોય તો હું હા પાડવાની મહેરબાની કરતો. આવી

રીતે સામી માગણી થાય ત્યારે બે ચાર મહિને એક બે ભાષણો આપવાં અને બહુ તો જે વિષય મને બહુ પસંદ હોય અથવા જેની સામે મને ખાસ વાંધો ન હોય તે બાબત ઉપર કોઇ કોઇ વખત કાંઇ આર્ટીકલ લખી નાંખવો, એમાંજ બધું આવી રહેતું હતું: એ સિવાય હું અને મ્હારા ઘણાએ ગ્રૅજ્યુએટ ભાઇબંધો કાંઇ પણ વધારે કરતા નથી. ઇશ્વિરકૃપાથી અમોને જે જ્ઞાન મળેલું છે તે જ્ઞાનને વ્યવહારમાં ઉપયોગી કરવા માટે અમે ઘણુંએ કરી શકીએ તેમ છીએ, છતાં પણ અફ્સોસ કે અમે કાંઈ પણ કરતા નથી.

વિદ્યાર્થીઓ ઉપર તેઓના પ્રમાણમાં બહુ વધારે બોજો છે, તે ઓછો કરવો જોઇએ

મહારાજજી! કૉલેજમાંથી છૂટીને છોકરાઓના પ્રૉફેસર સાહેબ થયા પછી આવી રીતે પંદર વરસ મ્હેં ફોકટ ગુમાવી નાખ્યાં. એ પછી મ્હારા મિત્ર દિનકરરાવના ચારિત્રથી મને ગંભીર અસર થઈ; એટલુંજ નહિ પણ હવે કાંઇક સંયોગો પણ બદલાયા હતા, મ્હારી લટકમટક જરા માંદી–સાજી રહેતી, તેથી અંતે હારીને ધર્મ તરફ તેનું મન વળ્યું હતું, એટલે તે જરા ઠરી હતી, અને અવસ્થાના ભેદ પ્રમાણે તેની તરફનું મ્હારૂં ખેંચાણ પણ બહુ હદમાં આવી ગયું હતું; અને બહુ ઘોડા દોડાવીને પણ હવે હું થાકયો હતો, એટલુંજ નહિ પણ મ્હારી પછીના તથા મ્હારાથી ઓછા જ્ઞાનવાળા કેટલાક માણસો ખીલી નીકળ્યા હતા, એ બધું જોઈને મને લાગ્યું કે મ્હારે પણ હવે કાંઇક કરવુંજ જોઇએ. આમ નકામી જીંદગી જાય તે કાંઈ ઠીક નહિ. એ પછી મ્હેં વિચાર કર્યો કે મ્હારી લાઇનને અનુકૂળ થાય અને હું સ્હેલાઇથી કરી શકું એવું કયું કામ છે? મને જે વખતે આ જાતના વિચારો આવતા હતા તે વખતે " વિદ્યાર્થીઓ ઉપર તેઓના

પ્રમાણુમાં વધારે બોજો છે, તેથી ગ્રૅજ્યુએટોમાં મરણનું પ્રમાણ વધારે થાય છે, '' એ જાતની ચર્ચા કેટલાંક છાપાઓમાં ચાલતી હતી, તે તરફ મ્હારૂં લક્ષ ખેંચાયું. મને એ વાત ખરી લાગી, કારણ કે એ બાબતમાં ઘણાં વરસનો મ્હારો ખાસ અનુભવ છે. હું જોઉં છું કે દરેક સ્કૂલોમાં, કન્યાશાળાઓમાં અને કૉલેજોમાં ફરજીયાત રીતે એવું ઘણું શીખવવામાં આવે છે કે જે વ્યવહારમાં સીધીરીતે કાંઈ-પણ ઉપયોગમાં આવી શકતું નથી, એટલુંજ નહિ પણ એવા નકામા બોજાને લીધે જીંદગીમાં ઉપયોગી થઇ શકે તેવી ઘણી બાબતો શીખવવાની રહી જાય છે. આ ખોટ કાંઈ આપણા પાછળ પડેલા દેશને જેવી તેવી નથી. એ સિવાય સ્હેજ ભૂલ સારૂ નાપાસ થયેલા વિદ્યાર્થીઓને પાછું આખું વરસ ફોકટ ગુમાવવું પડે, અને એક બે વિષયમાં નાપાસ થએલા હોય છતાં પણ બધા વિષયોમાં ફરીથી પરીક્ષા આપવી પડે, એ દુઃખ પણ કાંઇ ન્હાનુંસૂનું નથી. આપણા ગરીબડા દેશના લાચાર સ્થિતિના વિદ્યાર્થીઓને પારકી ભાષામાં બધી જાતના વિષયો શીખવા પડે, અને તેમ છતાં આવી રીતે તેઓનાં વરસો નકામાં જાય, તથા જે વખતમાં બીજું વધારે સારૂં નવું જ્ઞાન મેળવી શકાય, તે વખત પાછો દળેલું દળવામાંજ જાય, એ મુસ્કેલી પણ કાંઇ જેવી તેવી નથી. એ બધી બાબતોમાં જેમ બને તેમ જલ-દીમાં જલદી સુધારા કરવાની જરૂર છે, તેથી યુનિવર્સીટીમાં એ બાબ-તની મ્હેં જબરી ઝુંબેસ ઉઠાવીને ઘણા વિદ્વાનોને મ્હારા પક્ષમાં લીધા. એ પછી લખાણોથી, ભાષણોથી, દેશપરદેશનાં કેળવણીનાં ધોરણોમાં થએલા ફેરફારો ઉપરથી, જૂદા જૂદા દેશના જૂદા જૂદા વિદ્વાનોના અભિ-પ્રાયો ઉપરથી અને કેળવણીનો મુખ્ય હેતુ શું છે, તથા આપણા કચરાઇ ગયેલા દેશ અને આપણા મુફલેસ ભાઇબંધોને કઈ જાતની કેળવણીની ખાસ જરૂર છે, તે બધાં ઉપરથી અમે પ્રજાની ખાત્રી કરી આપી કેઃ—

"આપણા વિદ્યાર્થીઓ ઉપર અભ્યાસનો બોજો જોઇએ તે કરતાં ઘણો વધારે છે, માટે તે બની શકે એટલો ઓછો કરવો જોઇએ."

એમ થવા માટે પ્રથમ સૌથી મુખ્ય જરૂરની બાબત એ છે કે,

૧–આપણા દેશની ભાષામાં કેળવણી આપવી જોઇએ. અને અંગ્રેજી ભાષા બીજી ભાષા તરિકે રાખવી જોઇએ. થોડાક પરદેશી પ્રૉફેસર સાહેબોને આપણી ભાષા ન આવડે તે સારૂ આપણા લાખો વિદ્યાર્થીઓને અજાણી ભાષામાં બધી જાતના વિષયો શીખવવા, અને આપણી સ્વભાષાને મરવા દેવી, એ ખરાબી પણ કાંઇ જેવી તેવી નથી; માટે જેમ બીજા સૌ દેશોમાં ત્યાંની પ્રજાને પોતાની સ્વભાષામાં કેળવણી આપવામાં આવે છે, તેમ જો આપણી દેશીભાષામાં આપણા વિદ્યાર્થીઓને કેળવણી અપાય તો તેઓની ઉપરથી અર્ધો અર્ધ ફોકટનો બોજો ઓછો કરી શકાય.

૨–આપણાં હાલનાં ધોરણોમાં વ્યવહારમાં ઉપયોગી ન થઇ શકે એવી કેટલીક બાબતો છે, તે કહાડી નાંખવી જોઇએ.

૩–નાપાસ થએલા વિદ્યાર્થીઓની ટુંક મુદ્દતમાં ફરીથી પરીક્ષા લઇ શકાય એવી સગવડ થવી જોઇએ.

૪–નાપાસ થએલા વિદ્યાર્થી જે વિષયમાં પાસ થઈ ગયા હોય તે વિષયોની ફરીથી પરીક્ષા ન લેવાય, એમ થવું જોઈએ.

૫–શરૂઆતની કેળવણી ફરજીયાત થવી જોઈએ.

૬–જેમ બને તેમ મુફત કેળવણી અપાય એવી તજવીજ કરવી જોઇએ.

૭–ઉંચામાં ઉંચી જાતના વિદ્યા–હુન્નરની કેળવણી આપણા દેશમાંજ આપી શકાય, એવી ગોઠવણ કરવી જોઇએ.

૮–જીંદગીમાં ઉપયોગી થઈ શકે એવું કેટલુંક વ્યવહારિક જ્ઞાન આપવાની યોજના થવી જોઇએ.

આ આઠ મુખ્ય બાબતો તથા તેના પેટામાં આવતી બીજી કેટલીક બાબતો ઉપર ખૂબ ચર્ચા ચલાવીને અમે પ્રજાની ખાતરી કરી આપી કે, "આપણા વિદ્યાર્થીઓ ઉપર અણઘટતો જૂલમ ગુજરે છે, એનું કારણ બીજું કાંઇજ નથી પણ એવી બાબતોમાં આપણું અજ્ઞાનપણું ને આપણી બેદરકારી એજ છે; માટે જેમ બને તેમ આપણા ગરીબ નિર્દોષ નાનકડા વિદ્યાર્થીઓ ઉપરનો બોજો ઓછો થાય, અને તેઓ વધારેમાં વધારે લાયક થાય, એવી તજવીજ આપણે કરવી જોઇએ." મ્હારી આ ચર્ચામાં ઘણાએ છાપાવાળાઓએ મને બહુ મદદ કરી, તેઓએ મ્હારી ચર્ચા ઉપાડી લીધી, તેથી લોકો વધારે જાગૃત થયા. એ પછી ધીરે ધીરે ઘણે ઠેકાણે એવી બાબતોમાં હવે કાંઈ કાંઈ સુધારા થતા જાય છે.

આપણા તેહેવારોમાં દેશોન્નતિનો જુસ્સો લાવવો જોઇએ

ત્રણ વરસ સુધી ખાસ આ ચર્ચા ચલાવીને તેનું કાંઇક સારૂ પરિણામ જોયા પછી શિવાજીજયંતિ અને તેને અંગે થતા મેળાઓ જોઇને, તથા તેમાંનાં સ્વદેશપ્રેમનાં ગાયનો સાંભળીને, એક બીજી બાબત તરફ મ્હારૂં ધ્યાન ખેંચાયું. મને લાગ્યું કે આવી જાતનો જુસ્સો આપણા કેટલાક તેહેવારોમાં અને આપણા ઘરસંસારના વ્યવહારમાં જો ઉતરી શકે તો બહુ મ્હોટું કામ થઈ જાય, કારણ કે આપણી મ્હોટી મ્હોટી સ્કૂલોમાં ને કૉલેજોમાં સ્વદેશપ્રેમને માટે જે પાઠો શીખવવામાં આવે છે તે બહુજ ટુંકા સરકલમાં રહી જાય છે, અને તે કોઇ કોઇ વખતેજ યાદ આવે છે, પણ આપણી જીંદગીના ન્હાના–મ્હોટા બનાવોમાં જો એવાં તત્ત્વોને ભેળી દીધાં હોય તો તેની સાર્વજનિક અસર થાય છે, અને થોડા થોડા વખતને અંતરે વારંવાર આખી જીંદગી સુધી તે અસર થયા કરે છે. આમ હોવાથી સૈકાઓના સૈકાઓ ગયા છતાં

પણ કેળવણી ખાતું જે કામ ન કરી શકે, જે સુધારા ન કરી શકે, જે લાગણીઓ ન બદલી શકે, તે કામને, તે સુધારાને અને તે લાગણીઓને આપણા તેહેવારોમાં ને આપણા ઘરસંસારના વ્યવહારોમાં ભેળી દેવાથી બહુજ થોડાં વરસોમાં, બહુજ સ્હેલાઇથી ને બહુજ સારી રીતે તે કામો થઇ શકે તેમ છે. એમ કરવામાં આપણને કાંઈ મ્હોટા ખડકો તોડીને નવા પ્રવાહો ચલાવવાના નથી, પણ જે પ્રવાહ ખારા સમુદ્રમાં ફોકટ વહ્યા જાય છે તેજ પ્રવાહને ફેરવવાના છે; એ પ્રવાહને નકામા વહી જતા અટકાવવા માટે તેની આડા માત્ર એક નાનકડા બંધની જરૂર છે; જો એવો બંધ બાંધી શકીએ તો એ મ્હોટા પ્રવાહથી ખેડાઇ ગએલાં હજારો ખેતરો લીલાંછમ રહી શકે તેમ છે, અને વગર ખેડાએલાં લાખો ખેતરો એથી ભીંજાઇ શકે તેમ છે. ધર્મ નિમિત્તે થતી ક્રિયાઓની સાથે તથા વાર્ષિક ઉત્સવોની સાથે જે બાબતો જોડાઇ જાય તે સાર્વજનિક અને વંશપરંપરાની થઈપડે છે, એટલુંજ નહિં પણ ન્હાનાં છોકરાંઓ કે જે દેશની ભવિષ્યની આશા છે તેઓના મનમાં એ સંસ્કારો બાળપણથીજ જામી જાય છે, તેથી જે કામો આજે આપણે મુશ્કેલીથી પણ કરી શકતા નથી તેજ કામો આપણા વ્યવહારમાં ઉતરવાથી આપણાં બાળકોમાં ન્હાનપણથીજ તેના સંસ્કારો બેસી જાય છે, તેથી ભવિષ્યમાં તેજ કામો તેઓનાથી સ્વાભાવિક રીતેજ થઇ જાય છે; માટે સ્વદેશપ્રેમને, ભ્રાતૃભાવને, આપણા હક્કને, આપણી સ્વતંત્રતાને, આપણા સ્વમાનને અને આપણા ધર્મને આપણાં જીવનનાં તત્ત્વ બનાવવાં જોઇએ; અને એને જીવનનાં તત્ત્વ બનાવવા માટે આપણા તેહેવારોમાં, આપણી ધાર્મિક ક્રિયાઓમાં, અને પ્રાસંગિક બનાવોમાં તેને મેળવી દઇ આપણા હમ્મેશના દુનિયાદારીના વ્યવહાર સાથે તેને એક રસ કરી નાખવાં જોઇએ. એમ કરવામાં કાંઇ બહુ મહેનત પડે તેમ નથી, માત્ર

સાદી સમજવાળા થોડાક આગેવાનો જોઇએ છીએ. જો એવા આગેવાનો હોય તો પુનામાં તથા મુંબઇમાં જેમ દક્ષિણી ભાઇઓ ગણપતિના ઉત્સવ નિમિત્તે મેળા કરે છે, તેમ હોળી તથા નવરાત્રિના મેળાઓ થઈ શકે તેમ છે.

હોળીમાં વાલમભાઈનાં પુતળાં બનાવે છે, તેને બદલે ગુલામગીરીનાં પુતળાં બનાવી તેનો નાશ કરો.

આપણે જોઇએ છીએ કે હોળી વખતે લોકોને કાંઇ ઘેરે ઘેરે બોલાવવા જવા પડતા નથી, એની મેળે મેળે ગમ્મતને ખાતર લોકો ભેગા થઈ જાય છે, પણ સાચી ગમ્મત કેવા પ્રકારની હોવી જોઇએ, તેની સમજ અજ્ઞાન લોકોને નહિ હોવાથી તથા એ જાતનાં સાધનો નહિ હોવાથી ગાળગલોચમાં, કાદવ–કચરો ઉડાવવામાં અને વખતે મારામારી કરવામાં એ તેહેવારો પૂરા થાય છે. એથી ન્હાનાં બચ્ચાંઓ ભુંડું બોલતાં શીખે છે, સ્ત્રીઓ નિર્લજ થાય છે, અને બીજી પણ તેની ઘણીએ માઠી અસરો થાય છે; પણ લોકોના મોજ–શોખના એજ વેગને જો સ્વદેશપ્રેમમાં વાળી દીધો હોય તો તેનાં શુભ પરિણામો કાંઈ ઓરજ થાય છે. અને એમ કરવામાં કાંઈ ઝાઝી મુસ્કેલી પણ નથી; માત્ર એટલુંજ કે જે લોકો હોળીમાં વાલમભાઇનાં પુતળાં બનાવે છે, ને તેને ખાસડાંનો હાર પહેરાવી ગધેડાં ઉપર બેસાડી વરઘોડો કાઢી ફજેતો કરે છે, તેને કહો કે તમે ગુલામગીરીનાં પુતળાં બનાવો, ગુલામગીરી કેવી ખરાબ છે, એ બાબતનાં ગાયનો જોડો, ઢોલ નગારાં સાથે એ ગીત ગાઓ અને વાલમભાઈનાં પુતળાંને બદલે ગુલામગીરીનાં પુતળાંને બેઆબરૂ કરી ગધેડે બેસાડી ગામ બહાર કહાડી ઉજ્જડ કૂવામાં, નદીના ઊંડા ધ્રોમાં કે દરિયામાં નાંખી આવો. પ્રતાપી અંગ્રેજ સરકારના રાજ્યમાં કોઈ પણ જાતની ગુલામગીરી

શોભે નહિ, એ ન્યાયી રાજ્યમાં તો "પ્રભુ અને મ્હારો હક્ક" એ મહાવાક્યજ પ્રજાના આચારવિચારમાં રમી રહેવું જોઇએ, માટે સાંસારિક, ધાર્મિક અને બીજી જે જે બાબતોમાં ગુલામગીરી હોય તેનો નાશ કરવાના પ્રયત્ન કરો. અંદર અંદર ગાળો દીધામાં શું વળવાનું છે? એવી રીતે ગાળાગાળી કરવી એ આપણી નાલાયકી છે, અને એ સરકારી કાયદાનું અપમાન કરવા બરોબર છે, માટે એનો પોલીસ અટકાવ કરી શકે તેમ છે, પણ આપણે જો સ્વદેશ-પ્રેમનાં તથા રાજા–પ્રજાનું કલ્યાણ થાય એવાં ઉન્નતિનાં ગીતો ગાતા હોઇએ, અને નામદાર સરકારને જે જાતની ગુલામગીરી ગમતી નથી તે જાતની ગુલામગીરીમાંથી છૂટવાના જો આપણે રીતસર ઉપાયો લેતા હોઈએ, તો સરકારી અમલદારો પણ આપણા એ પ્રયાસમાં આપણને મદદ આપી શકે તેમ છે; માટે આપણે હોળીના ઉત્સવમાં ગાળગલોચમાંજ નહિ રહેતાં, આપણા હાથપગ જેથી બંધાઇ ગએલા છે તે ગુલામગીરીનો નાશ થાય અને આપણને ધાર્મિક, સાંસારિક તથા કાયદા પ્રમાણે રાજદ્વારી સ્વતંત્રતા મળે એવા ઉપાયો કરવા જોઇએ; અને જેમ અસલના વખતમાં છોકરાંઓએ હોળિકા નામની રાક્ષસીનો નાશ કર્યો હતો તેમ આપણે હાલના સુધરેલા જમાનામાં ગુલામગીરીનો નાશ કરવો જોઈએ. હવે વિચાર કરો કે હોળી નિમિત્તે આખા દેશમાં ને સમસ્ત પ્રજામાં જે જાગ્રતિ ને જે જુસ્સો આવી જાય છે, તે જાગ્રતિ ને તે જુસ્સો સ્વદેશપ્રેમમાં લાગી જાય તો આપણું કેટલું બધું કલ્યાણ થાય? એ વિચાર તો કરો. એટલી બધી જાગ્રતિ ને એટલો બધો જુસ્સો માત્ર ગાળાગાળીમાં ને ધીંગામસ્તીમાંજ ચાલ્યો જાય, એ શું દિલગીરીની વાત નથી? એમ થાય એ કેટલી બધી મ્હોટી હાની છે, એ જરા ખ્યાલ તો કરો. આવી મ્હોટી ખરાબીઓ થતી અટકે અને તેને બદલે મ્હોટા લાભ થાય તે સારૂ અમે કહીએ છીએ કે,

આપણા તેહેવારો તથા ધાર્મિક ક્રિયાઓમાં સમયને અનુસરતા ફેરફાર કરી આપણી ચાલુજીંદગીમાં તેનું રહસ્ય ઉતરી શકે એવા તેને બનાવવા જોઇએ. જો એમ કરી શકીએ તો આપણી સેંકડો મંડળીઓથી, હજારો ચોપડીઓથી ને લાખો ભાષણોથી જે કામ ન થઈ શકે તે મહાભારત કામ થોડાં વરસમાં બહુજ સ્હેલાઇથી એની મેળે મેળે થઈ જશે; કારણ કે દરેક માણસોમાં ધર્મ નિમિત્તે તથા મોજશોખને અર્થે કાંઇક ને કાંઇકિ કરવાની લાગણી હમ્મેશાં જાગૃત રહેલી છે, એ લાગણીને જો સારે રસ્તે ન વાળીએ તો તે ખોટે રસ્તે ઉતરી જાય છે, માટે એજ લાગણી જે ડાબી બાજુએ વહે છે તેને જમણી બાજુએ વાળવી એટલુંજ આપણે કરવાનું છે, અને એમ કરવું એમાં કાંઇ બહુ મુસ્કેલી નથી; માટે અમે કહીએ છીએ કે જેમ બને તેમ એવા સ્વાભાવિક પ્રસંગોનો આપણે ઉત્તમમાં ઉત્તમ રીતે લાભ લઇ લેવો જોઇએ.

વિજયાદસમીએ અપણે કઇ જાતનો વિજય મેળવવો જોઇએ?

નવરાત્રિની ગરબીનો પ્રસંગ પણ ખાસ લાભ લેવા જેવો છે, એ વખતે પણ લોક લાગણી બહુ જાગૃત થએલી હોય છે, છતાં પણ અફસોસ કે એ જુસ્સો ફોકટની તાળીઓ પાડવામાં ને બાઇલાઓના જેવાં ગીતો ગાવામાંજ ચાલ્યો જાય છે! એ વખતે જમાનાને અનુસરતી નવી જાતની રમત–ગમ્મત સાથે જો છુટાપણાનાં ગાયનો ગાવામાં આવે, અને સ્વદેશપ્રેમનો જુસ્સો ભરવામાં આવે, તો ખુશીથી લોકો તે પ્રમાણે વર્તી શકે તેમ છે. એ વખતે દેશના આગેવાનોએ લોકો પાસે એવી જાતનાં ગાયનો ગવરાવવાં જોઈએ કે વિજયાદસમીએ જેમ દેવીએ અજ્ઞાની મહીષાસુર રાક્ષસને માર્યો, ભગવાન રામચંદ્રે જેમ અહંકારી રાવણને માર્યો અને નપુંસક બનેલા અર્જુને જેમ પુરૂષાર્થમાં આવી

જઈ હથિયાર ધારણ કરી કૌરવોના સૈન્યને હરાવ્યું, તેમ આપણે પણ મહીષાસુર જેવા આપણા અજ્ઞાનપણાનો નાશ કરવો જોઈએ, અને જાતિભેદ માટેનો આપણો અહંકાર કે જે રાવણ કરતાં પણ મ્હોટો છે તેનો નાશ કરવો જોઇએ, વિરાટ્ રાજાને ત્યાં છૂપાઇ રહેલા અર્જુને વિજયાદસમીને દિવસે જેમ નપુંસકપણું છોડી થઈ હથિયારો ધારણ કરી દુશ્મનોને હરાવ્યા તેમ આપણે બાઇલાપણા જેવી સુસ્તીને છોડી દઈ હાલના જમાનાનું મુખ્ય સાધન જે હુન્નર–કળા તેનાં ઓજારો લઇ વેપારમાં ફતેહ મેળવવી જોઇએ અને અર્જુન જેમ વિરાટ્ રાજાની ગાયોને પોતાના હથિયારોના બળથી દુશ્મનો પાસેથી પાછી વાળી લાવ્યા તેમ આપણે આપણી લક્ષ્મીને હુન્નર–કળાનાં ઓજારોથી પરદેશીઓ પાસેથી પાછી લાવવી જોઇએ; તથા દુશ્મનોને જીતવા સારૂ જેમ અસલના રાજાઓની સ્વારીઓ વિજયાદસમીને દિવસે પોતાની સીમની બહાર જતી હતી તેમ ઘણી બાબતોમાં વિજય મેળવવા સારૂ હાલના જમાનામાં આપણે આપણી બૂરી રૂઢીઓની બહાર જવું જોઇએ. આવું આવું કરવાને બદલે માત્ર પાવૈયાઓની પેઠે તાળીઓ પાડવામાં અને બાઇલાઓના જેવાં નકામા ગીતો ગાવામાંજ રહી જઈએ, એ શું શરમભરેલું નથી ? જો કાંઇપણ મહદ્દુદ્દેશથી તાળીઓ પાડવામાં આવતી હોય તો એ તાળીઓમાં પણ સાર્થકતા છે, પણ કાંઇપણ શુભહેતુ વિના માત્ર "પાય વાજે છે ઘુઘરીના ધમકા" કરવામાંજ વિજયાદસમીનો વિજય આવી જાય એ તો બહુજ દિલગીરી ભરેલું છે. માટે મને લાગે છે કે નવરાત્રિ નિમિત્તે લોકોમાં જાગૃત થએલા જુસ્સાનો આપણે લાભ લઈ લેવો જોઇએ, અને આપણા દેશનો, આપણા ધર્મનો તથા આપણી પ્રજાનો ખરેખરી રીતે વિજય થાય એવી રીતે વિજયાદસમીનો ઉત્સવ ઉજવવો જોઇએ.

સા. સ્વ. ૩૬.

બધા તેહેવારોમાં નવો જુસ્સો લાવી શકાય તેમ છે

મહારાજજી ! આવીજ રીતે વસંતપંચમી, રામનવમી, ભીમઅગીઆરસ, બળેવ, જન્માષ્ટમી, ગણેશચોથ, પિતૃઓની યાદગીરી માટેના શ્રાદ્ધના દિવસો, દીવાળીની ખુશાલીની બેઠકો અને બેસતા વર્ષની મુબારકબાદીની મુલાકાતોમાં આપણે ઘણાએ સુધારા કરી શકીએ તેમ છીએ; તથા એ પ્રસંગોમાંથી આપણે ઘણુંએ તત્ત્વ મેળવી શકીએ તેમ છીએ. જો એ બધી બાબતનો આપણે બરોબર રીતે તેના ખરા સ્વરૂપમાં ઉપયોગ કરી શકીએ તો એમાંથી નવુંજીવન મેળવી શકીએ તેમ છીએ; માટે અમે એવી બાબતોનો નાશ કરવાનું કહેતા નથી, પણ તેમાં જમાનાને અનુસરતા ફેરફાર કરવાનું કહીએ છીએ, તેની ઉપર જે કાટ ચ્હડી ગયો છે તે કહાડી નાખવાનું કહીએ છીએ, અને આપણી હાલની જીંદગીમાં પ્રત્યક્ષ રીતે ફાયદાકારક થઈ શકે એવી રીતનો તેનો વ્યવહારમાં ઉપયોગ થાય એમ અમે ઇચ્છીએ છીએ

સ્ત્રીઓની જીંદગીમાં કાંઈક નવી ઉત્તમતા ભેળી તેને રસમય બનાવો

મહારાજજી ! જેમ પુરૂષોને માટે ઉપર પ્રમાણે ઘણી બાબતોમાં સ્હેજસ્હાજ ફેરફાર કરવાની અને તેને પાલીસ કરી જમાનાને અનુસરતો નવો ઓપ આપવાની જરૂર છે, તેમજ સ્ત્રીઓને માટે પણ એવી જાતના ફેરફાર અને એવા નવી જાતના ઓપની ખાસ જરૂર છે; કારણ કે માત્ર ભવિષ્યની પ્રજાનીજ નહિ પણ ભવિષ્યની પ્રજાનાં ભાગ્યની દોરી પણ સ્ત્રીઓનાજ હાથમાં છે, માટે સ્ત્રીઓને તો એવા ફેરફારોની ખાસ જરૂર છે; એટલુંજ નહિ પણ સ્વાભાવિક રીતેજ પુરૂષોના કરતાં સ્ત્રીઓમાં ધર્મભાવના ખાસ વિશેષ રહેલી છે, અને એ ભાવનાની જાગ્રતિ પણ તેઓમાં વધારે હોય છે, માટે ધાર્મિક

પ્રસંગો અને ક્રિયાઓનાં રહસ્યો વધાર્યાથી પુરૂષોને જેટલો લાભ થાય તે કરતાં પણ સ્ત્રીઓને એથી વધારે લાભ થઇ શકે તેમ છે; કારણ કે પુરૂષોને માટે તો એવા પ્રસંગો કોઈ કોઇ વખતે આવે છે, પણ સ્ત્રીઓની તો આખી જીંદગીજ એવા પ્રસંગોમાં જાય છે; માટે એવા પ્રસંગોની ઉપરનો જૂનો કચરો દૂર કરી તેને રસમય બનાવવાથી તથા તેમાં કાંઇક ઉત્તમતા ભેળવવાથી કાંઇકિ નવોજ ચમત્કાર બની શકે તેમ છે. જો એમ કરી શકાય તો આપણે આપણી પ્રજાનું અર્ધું ભાગ્ય સુધારી શક્યા છીએ એમ કહી શકાય, જો એમ કરી શકાય તો આપણે આપણી ભવિષ્યની પ્રજા માટે સ્વર્ગમાંથી અમૃત લાવી શક્યા છીએ એમ કહી શકાય, અને જો સ્ત્રીઓની જીંદગી રસમય બનાવી તેમાં ઉત્તમતા લાવી શકીએ તો આપણે આપણા દેશની ઉપર મહાનઇશ્વરના પવિત્ર આશીર્વાદ લાવી શક્યા છીએ એમ સમજવું; કારણકે સ્ત્રીઓના હાથમાં ભવિષ્યની પ્રજાના ભાગ્યની દોરી છે, સ્ત્રીઓનાં હૃદયમાંથી બાલકોને પોષણ મળવાનું છે, અને મ્હોટાં થયાં પછી પણ જમણા–ડાબા અંગ તરિકે સ્ત્રીઓના પડખામાં પુરૂષો રહેવાના છે. આમ હોવાથી દરેક પ્રસંગોએ, દરેક કામોમાં, દરરોજ અને દરેક ઘડીએ, દરેક પુરૂષ ઉપર સીધી અથવા આડકતરી રીતે થોડી ઘણી પણ સ્ત્રીઓની અસર ચાલ્યાજ કરે છે. કોઈ પણ રીતે સ્ત્રીઓના હૃદયમાં ઉત્તમતા ભરવાની ખાસ જરૂર છે, કારણ કે પુરૂષોની ઉત્તમતા સ્ત્રીઓને બહુ થોડી અસર કરી શકે છે, પણ સ્ત્રીઓની ઉત્તમતા પ્રજા ઉપર તુરતજ અસર કરે છે; કારણ કે પુરૂષો એ વાવ છે, અને સ્ત્રીઓ તે હવેડા છે, વાવમાંથીજ હવેડા ભરાય છે એ ખરૂં, પણ પશુઓને પાણી પીવા માટે હવેડા જેટલી વાવ ઉપયોગી થઇ શકે નહિ, તેમજ સ્ત્રીઓની મારફત બચ્ચાંમાં જેટલી લાગણી ખીલી શકે તેટલી પુરૂષોની મારફત ખીલી શકે નહિ; માટે અમે કહીએ છીએ કે પુરૂષો કરતાં સ્ત્રીઓ

વધારે અસર કરી શકે છે. આમ છે માટે સ્ત્રીઓનાં દરેક કામમાં, દરેક તહેવારોમાં અને દરેક ધાર્મિક ક્રિયાઓમાં કાંઇક નવીન રહસ્ય મૂકવું જોઇએ. આપણા દેશમાં હાલના વખતમાં એ બાબતમાં સ્ત્રીઓ પોતે પોતાની મેળે કાંઇ પણ સુધારો વધારો કરી શકે તેમ નથી, પણ જો આપણે એવાં સાધનો પૂરાં પાડીએ તો તેનો લાભ લેવા તૈયાર થાય એવો એક નવો વર્ગ સ્ત્રીઓમાં તૈયાર થતો જાય છે. લગ્નમાં, સીમંતમાં, જનોઇમાં, ગરબીઓમાં, દેવમંદિરોમાં અને ફુરસદને વખતે ગાવાનાં ગીતોમાં તથા છેવટ હાલરડાંનાં ગીતોમાં પણ સુધારા થવા જોઇએ. તદ્દન સાધારણ વિચારોનાં સેંકડો વરસોનાં જે ગીતો ચાલ્યાં આવે છે, અને પાછળથી લોકોની હલકા પ્રકારની વૃત્તિઓની તેમાં જે ભેળસેળ થઈ ગઈ છે તે સુધારવાની કોઇએ દરકાર કરી છે? લાખો સ્ત્રીઓ વરસોનાં વરસો થયાં એનાં એ ગીતો ગાય છે, પણ કોઇ પણ સ્ત્રીઓ ગીતોના ખરા અર્થ સમજે છે? કહો કે નહિજ. ત્યારે વિચાર કરો કે એવાં ગીતો તેની જીંદગી ઉપર શું અસર કરી શકે? અને જે તેની જીંદગી ઉપર અસર ન કરી શકે તે આપણને શું ફાયદો કરી શકે? શું આપણામાં કોઇ એવા કવિઓ નથી કે જે પ્રસંગોને અનુસરતાં, સ્ત્રીઓને રૂચે તેવાં, ઉત્તમ પ્રકારનાં, નવીનભાવનાવાળાં અને ખુલ્લાઅર્થનાં એવાં ગીતો બનાવી શકે? બેશક, કોઈને કોઈ પણ એવા કવિઓ હોવાજ જોઇએ. પણ અફસોસ કે એવી અગત્યની બાબતો ઉપર કોઇ ખરેખરી મહેનત લેતા નથી, ને પ્રેમને નામે નજીવાં ગાયનો જોડવામાંજ પોતાનો વખત ને મહેનત ગુમાવી દે છે! જો કે હાલના આપણા કવિઓનાં એવાં કેટલાંક ગીતો છે, પણ અસલી ગીતોની માફક તે સાર્વજનિક થઇ શક્યાં નથી, દરેક ઠેકાણે બધી જાતની સ્ત્રીઓ હોંસે હોંસે શીખે અને ગાય એવી જાતનાં નવીન ભભકવાળાં ગીતો હજી આપણા કવિઓ

બનાવી શક્યા નથી; અને જ્યાંસુધી દરેક પ્રસંગનાં એવાં ઉત્તમતા-વાળાં ગીતો ઘેરે ઘેરે ગવાતાં ન થાય ત્યાંસુધી આપણા દેશની સ્ત્રી-ઓના વિચારમાં સ્વભાવિક ઉત્તમતા આવી શકે નહિ, અને જ્યાંસુધી સ્ત્રીઓનાં હૃદયમાં સ્વદેશપ્રેમની નવી રોશનીનો પ્રકાશ પડે નહિ ત્યાં સુધી દેશનો કાંઈ શુક્રવાર થાય નહિ; માટે જેમ બને તેમ જલદીમાં જલદી અને સ્હેલામાં સ્હેલી રીતે સ્ત્રીઓના હૃદયમાં ઉત્તમમાં ઉત્તમ સંસ્કારો બેસાડી શકીએ એમ આપણે કરવું જોઈએ. એમ કરવું એ આપણી પહેલી ફરજ છે.

આપણી બ્હેનોનાં ગીતો

મહારાજજી ! જ્યારે આ જાતના વિચારો મ્હારા મનમાં રમતા હતા ત્યારે હું મ્હારા મિત્રોને કહેતો કે, શું તમોને એમ નથી લાગતું કે,

" હાલરડું ને હુલરડું
ને ઘીને ખીચડી ચટાડું ! "

એવાંજ હાલરડાંઓમાં આપણી બ્હેનોએ રહી જવું જોઇએ કે ? અરે હવે તો તેઓએ એવાં હાલરડાં ગાવાં જોઇએ કે " ઓ પવિત્ર બાલકો ! તમે પ્રભુના પુત્ર છો, તમે દેશની આશા છો, તમને પ્રભુએ મહાશક્તિ આપીને મોકલ્યા છે, અને જેમ તમને અમારા હૃદયનાં અમૃત પાઇએ છીએ તેમ તમે તમારા બંધુઓના હૃદયમાં અમૃત રેડતાં શીખજો. બચ્ચાંઓ ! ડરશો નહિ, આપણો માલીક મ્હોટો છે. તમને બ્હીવા માટે નહિ પણ બહાદુરી કરી બતાવવા માટે પ્રભુએ અહિં મોકલ્યા છે. ઓ મ્હારા બાપલીયા ! તમે રૂવો નહિ, રોવું તો નરકમાં છે, તમોને તો સંસારમાં સ્વર્ગ લાવવા માટે મનુષ્યનો અવતાર આપવામાં આવ્યો છે, માટે શાંતિમાં રહો, જગતમાં આનંદ વધારનારૂં સ્વાભા-વિક સ્મિત હાસ્ય કરો અને તમારી ફરજો બજાવવાને યોગ્ય થાઓ."
ભાઇઓ ! આવાં હાલરડાંને બદલે

"વાટકો ચાટશે મ્હારો કીબલો ભાઈ!"

એવાં હાલરડાં આપણી બ્હેનો ગાય એ શું દિલગીરી ભરેલું નથી? એ શું આપણા ઘરસંસારની નાલેસી નથી? અને એ શું હાલના બુદ્ધિબળના તથા ભ્રાતૃભાવના જમાનાને અનુસરતાં ગીતો છે? કહો કે નહિજ. છતાં પણ એવી અગત્યની બાબતમાં સુધારો કરવાનું કામ કોઈએ પણ ઉપાડેલું છે? જ્યાંસુધી દરેક કુટુંબોમાં અસર કરી શકે એવી જાતની આવી ઘરસંસારી બાબતો ઉપર ખાસ ધ્યાન આપવામાં નહિ આવે ત્યાંસુધી આપણા સંસારસુધારાની મંડળીઓના હૉલમાં થતાં ખાલી ભાષણોથી કાંઈ શુકરવાર થવાનો નથી; કારણ કે એ ભાષણોની બાબતો બહુ સારી હોય છે, પણ તે માત્ર ચોપડીઓમાંજ લખેલી રહી જાય છે, અથવા તો થોડા દિવસ પછી તે ભૂલી જવાય છે, પણ અમે જે કહીએ છીએ તે બાબત તો આપણા રોજના અનુભવમાં આવી શકે તેવી છે, પ્રત્યક્ષ ફળ દેખાડે તેવી છે, અને ભવિષ્યની પ્રજામાં તથા આજુબાજુના લોકોમાં સારા સંસ્કાર બેસાડે તેવી છે, એટલુંજ નહિ પણ તે કરવામાં કાંઈ ખાસ ખરચ કે મ્હોટી મહેનત કરવી પડે તેમ નથી; કારણ કે મનુષ્ય સ્વભાવને ગમે તેવાં ગીતો પોતાની મેળે મેળે હોંસે હોંસે લોકો શીખે છે, વળી એવાં ગીતોનું સૌને કામ પડે છે, એટલે તે જો લોકપ્રિય થઇ જાય તો સૌને ઘેર ઘેર કાંઈ શીખવવા જવું પડતું નથી, સૌ પોતાની ખુશીથી શીખે છે. જો આપણે સાચાસુધારા કરવા હોય અને જગતમાં ઈશ્વિરીસ્નેહનો ઉંચામાં ઉંચો ધર્મ ફેલાવવો હોય તો ન્હાનાં બચ્ચાંઓના કાનમાં પ્રથમથીજ સ્વદેશપ્રેમના અને આત્મિકબળના શબ્દો પડે એમ કરો. એમ કરવા માટે આગળ વધવાની ઇચ્છા રાખનારાં ઉત્તમ વિચારવાળા હાલના આપણા ભાઇબંધ કવિઓની

તથા પોતાની બ્હેનપણીઓનું કલ્યાણ ઇચ્છનારી આપણી ભણેલી બ્હેનોની આપણે મદદ લેવી જોઇએ; અને ઇશ્વરકૃપાથી હવે આપણા દેશમાં એવી જાગ્રતિ આવતી જાય છે કે ઘણી જાતની મદદ કરવા આપણાં ઘણાંએ ભાઇબ્હેનો તૈયાર થતાં જાય છે, માટે આપણે આપણાં કલ્યાણ સારૂ જેમ બને તેમ જલદીથી એવા શુભ પ્રસંગોનો લાભ લેવો જોઇએ. જો સાર્વજનિક રસમય પ્રસંગોનો આપણે સુંદર રીતે લાભ લઈ શકીશું તો થોડાજ વખતમાં આપણે કાંઇક ચ્હડતી સ્થિતિના આનંદો ભોગવવા ભાગ્યશાળી થઇ શકીશું. અમે ઇચ્છીએ છીએ કે એવા આનંદો પ્રભુ આપણને જલદીથી આપે.

હવે લગ્નમાં ગીતો કેવાં હોવાં જોઈએ? તે સાંભળો.

"ઓ વ્હાલા વીરા! આજ દિવસ સુધી તમે અપૂર્ણ હતા પણ હવે પૂર્ણ થાઓ છો, માટે હવે તમારી ફરજ વધી છે. એ ફરજ બજાવવાને તમે ભાગ્યશાળી થાઓ, એમ અમે પ્રાર્થના કરીએ છીએ. તમારો સ્નેહ બહુ સારે ઠેકાણે થયો માટે અમે તમને મુબારકબાદી આપીએ છીએ, અને અમરવેલીની પેઠે તમારો સ્નેહ વધે એમ ઇચ્છીએ છીએ. તમારૂં જોડું બહુ સુખી થશે, કારણ કે કન્યા બહુ ગુણવાન મળેલી છે. ઓ ભલા વહેવાઇઓ! તમે આવું અમૂલ્ય રત્ન અમારા પુત્રને આપ્યું માટે અમે સૌ તમારો ઉપકાર માનીએ છીએ. તમે અમારો બહુ સારો સત્કાર કર્યો છે, એ ખાતે તમને ધન્યવાદ છે. આ રત્ન આપીને તમે અમને મ્હોટા બનાવ્યા છે. હવે આપણો સૌનો સ્નેહ દિન પ્રતિદિન વધતો જાય અને એક બીજાની ભૂલો માફ કરી શકીએ એમ અમે ઇચ્છીએ છીએ. વ્હાલા પુત્ર! આ લગ્નથી તમે આપણા પિતૃઓને રાજી કર્યા છે, ધર્મને ટેકો આપ્યો છે, સંસારના પ્રવાહને આગળ વધાર્યો છે, અને ઘણી જાતના ભયમાંથી તમે

આવ્યા છો. હવે તમારે ઘેર સગાંઓનો સ્નેહ વધશે; બાળકોનો આનંદ વધશે, માબાપોની સેવા વધશે અને અતિથિઓનો આદર થશે; માટે તમે ધન્યભાગ્ય છો. લગ્નની પવિત્ર ફરજ તમે બજાવી માટે હે વરરાજા! તમારા સંબંધીઓ તમોને કિંમતી ભેટો આપે છે. કન્યાને પસંદ કરીને મનુસ્મૃતિ પ્રમાણે તેને સુખી રાખવાનો ઠરાવ કરીને તમે પરણ્યા અને સ્વાર્થનાં નહિ પણ સ્નેહનાં લગ્ન કર્યા માટે પ્રભુ તમારી ઉપર રાજી થયા છે. ઇશ્વરકૃપાથી અમારી સૌભાગ્યવતી વહુની પધરામણી અમારા કુટુંબમાં મંગળદાયક થાઓ, અને એ બન્ને આત્માની પૂર્ણતા કરવામાં આ લગ્ન સફળ થાઓ."

ભાઇઓ! આપણાં પવિત્ર લગ્નોમાં આવી જાતનાં અર્થવાળાં ગીતો જોઇએ કે નિર્લજ ફટાણાં જોઇએ? જરા ખ્યાલ તો કરો! ક્યાં હોળીના ઘેરીઆના જેવા ભુંડાં ફટાણાં ને ક્યાં આવી ઉચ્ચત્તા? જરા જુઓ તો ખરા! જો એ બન્ને બાજુ તપાસશો તો તમારી ખાત્રી થઈ જશે કે જ્યાંસુધી આપણા ઘરની અંદરના રિવાજોમાં ઉત્તમતા આવે નહિ ત્યાંસુધી એકલી કૉલેજોની કેળવણીથી આરો આવશે નહિ; માટે હવે તો આપણા દરેક ભાઇઓએ પોતાને અનુકુળ હોય તે લાઇનમાં કાંઈકિ ને કાંઇક કામ કરી બતાવવું જોઇએ. હવે માત્ર લુખી વાતોનો વખત નથી, હવે તો એ વાતોને આચરણમાં ઉતારવાનો સમય છે; કારણ કે એવી ચીજો ગ્રહણ કરવાને લોકો તૈયાર થઈ રહેલા છે, માત્ર તેઓને રસ્તો દેખાડનારા થોડાક દોસ્તો તથા તેઓને દોરનારા થોડાક આગેવાનોજ જોઇએ છે. જો એવા હૃદયબળવાળા થોડાક આગેવાનો હોય તો હાલમાં થોડા વખતમાં ઘણું થઈ શકે એવો જોગ આવી ગયો છે. અરે! આવી મ્હોટી તકનો લાભ લેનારા મહાત્માઓ ક્યાં છે? કોઇકની મહેનતથી તૈયાર થએલાં પાકનાં ખેતરો મળે છે છતાં પણ અરે! હાય

હાય ! કોઈ કાપણી કરનાર ન મળે ! ગુજરાત ત્હારા નસીબમાં પાછળ પડવાનુંજ છે હો ! ભારત ! ત્હારી દુર્દશા હજી દૂર થવાની નથી કાં ? જો એ દશા દૂર થવાની હોય તો આવી અમૂલ્ય તકનો લાભ લેનાર વીરલા હીરલાઓ કેમ ન નીકળે ?

સીમંતનાં ગીતો

બંધુઓ ! હવે સીમંતનાં ગીતો કેવાં હોવાં જોઈએ, તે સાંભળો: "ધન્ય છે આ મંગળદાયક દિવસો ! આજે અમે એક વધામણી સાંભળી છે ! અમારે ઘેરે થોડા વખતમાં એક પવિત્ર આત્માની પધરામણી થવાની છે ! બ્હેનો ! એ પવિત્ર આત્માનો આપણે કેવી રીતે સત્કાર કરવો ? એ મહાશક્તિને આપણે કેવી રીતે વધાવી લેવી ? અને એ ઇશ્વિરીઅંશને આપણે કેવી રીતે રાજી રાખી શકીએ ? તે અમને કહો. ઓ વહુરાણીજી ખુશી થાઓ, ખુશી થાઓ, ઇશ્વિરની તમારા ઉપર કૃપા ઉતરી છે! તમે ધન્યભાગ્ય છો, કારણ કે મહાનઇશ્વિરે વિશ્વાસલાયક ગણી પોતાની કિંમતી થાપણ તમોને સોંપી છે. એવી આશાથી કે તમે તેનો સદુપયોગ કરશો. વહુ દીકરા, હવે તમારે બહુ સંભાળીને ચાલવું જોઇએ, તમારાં ફૂલને ખીલવવા માટે તમારે ઉપરછરા કેટલાક મોજ–શોખ અને બહારનાં કેટલાંક સુખોનો ભોગ આપવો જોઇએ. બ્હેની ! તમારાં લગ્નની સાર્થકતા થઈ છે, પવિત્ર આત્માદ્વારા તમારી ઉપર ઇશ્વિરની કૃપા ઉતરી છે, તમે પ્રભુના બાળકનો ભાર ઉપાડયો છે, અને ઇશ્વિરનું ઐશ્વર્ય જગતમાં લાવવામાં તમે મદદગાર થઇ શક્યાં છો; માટે ખુશી થઇને દેવતાઓ તમારી ઉપર ફૂલોના વરસાદ વરસાવે છે ! આપણને કાંઇકિ નવીન ચીજો મળે, સુંદર રમકડાંઓ મળે, રમુજી જાનવરો મળે, સારૂં ખાવાનું મળે, કયાંઇથી માન મળે, અથવા થોડા–ઘણા પૈસા મળે તોપણ આપણે કેવા ખુશી થઇ

જોઇએ છીએ ? ત્યારે આપણે ઘેર પવિત્ર આત્મારૂપે પ્રભુ પોતે પધારે ત્યારે આપણે કેટલા બધાં ખુશી થવું જોઇએ ? એ ખ્યાલ તો કરો. આવા આનંદમાં દુઃખ ક્યાં રહી શકે ? માટે ઓ દેવી ! તમે સદાય પ્રસન્ન રહો, અને તમારૂં બાલક જગતમાં નમુનારૂપ થઇ પડે એવા ઉપાય કરો."

આવી રીતના સીમંતનાં ગીતો જોઇએ કે ગર્ભવતીની લાગણી દુઃખાય એવાં ગીતો જોઇએ ? જ્યાંસુધી આવી સાર્વજનિક ઘરસંસારી બાબતમાં આપણે ધ્યાન આપીએ નહિ ત્યાંસુધી સાચા સુધારા થઈ શકે નહિ. માટે હું તો મ્હારા મિત્રોને વારંવાર એજ ભલામણ કરૂં છું કે, ભાઇઓ પ્રથમ તમારૂં ઘર સુધારો, કારણ કે દરેક જાતના સુધારા પ્રથમ ઘરમાંથી શરૂ થાય છે; અને ઘર ગૃહિણીથી છે, માટે પ્રથમ આપણી સ્ત્રીઓમાં અને આપણા રિવાજોમાં ઉત્તમભાવનાઓ આવે એમ થવું જોઇએ. હજી સુધી આપણા દેશની સ્ત્રીઓમાંથી સોમાં એક બાઇડી પણ પૂરૂં ભણેલી નથી, છતાં પણ એવી આશા રાખીએ કે સ્ત્રીઓ સુધરશે એટલે એની મેળે મેળે સુધારા થવા લાગશે, તો એ સુધારા તો સેંકડાઓ ઉપર જાય તેમ છે, પણ અનુભવીઓના મત મુજબ અમે જે કહીએ છીએ તે તો થોડાં વરસોમાં બની શકે તેમ છે, માટે આપણા રિવાજોમાં ઉત્તમતા દાખલ થાય એમ કરો, એટલે આપણાં આચરણોમાં તે સ્વાભાવિક રીતેજ આવવા માંડશે. મહારાજજી ! પંડિતજીને આ વાતો સાંભળીને કંટાળો લાગતો હશે પણ મ્હારી યોજના હજી લાંબી છે.

કાંઈક આપવું જોઇશે, આપ્યા વિના કામ નહિ થાય.

પંડિતજીએ કહ્યું:—નહિ નહિ, મને કાંઇ કંટાળો લાગતો નથી, ઉલટું તમારે માટે મ્હેં ધાર્યું હતું એ કરતાં તમે ઘણું વધારે સારૂં કહો છો. માત્ર એકજ વાતની તેમાં ખામી છે !

મ્હેં પૂછયું:—શું ખામી છે?

પંડિતજીએ કહ્યું:—લગ્નની ને અધરણીની વાતો આવી જાય ને તેમ છતાં અમારાં સીધાંની વાત નહિ ! ! એ શું થોડી ખામી ? આપણે તો નિર્ણય કરી મૂકયો છે કે,

લાડુ તે એકમ, ઘૃત શેર બેકમ;
ખોબલી તે ખાંડમ, સર્વ દુઃખ છાંડમ્ !

એ બાબત ન આવે ત્યાંસુધી બધી વાતો અધૂરી ! આ સાંભળીને સૌ હસી પડયા. એ પછી મ્હેં કહ્યું કે, પંડિતજી ! દેશહિતના કામમાં તો ભોગ આપવાનો છે, એમાં પણ તમોને લાડુ જોઇએ ! કેવી શરમની વાત ! પંડિતજીએ કહ્યું:—બ્હેન કોરે ભાણે કયાંઇ આશીર્વાદ હોય ? એવાં મ્હોટાં કામોમાં તો ખૂબ માલ માલ જોઇએ. પછી અમને નહિ, તો આ પ્રૉફેસર જેવાઓને કે બીજા કોઈ પૂછડાવાળાઓને પણ કાંઇક આપવું તો જોઇશે. આપ્યા વિના કામ નહિ થાય. જો કામ કરવાં હોય તો તો માલ લૂંટાવવા જોઇએ. માટે અમારૂં પણ કાંઇક કરો,' નહિ તો અમારી મદદ વિનાતમારી બધી વાતો કુરરરરરરર કુ કરતી હવામાં ઉડી જશે !

પંડિતજીની આ વાત ઉપર પ્રૉફેસરે કાંઇ ધ્યાન આપ્યું નહિ, પણ મહારાજજીએ કહ્યું કે, પંડિતજીનો માનીતો “ લાડુ ” શબ્દ સાંભળીને આપણે ભડકી જવું જોઇએ નહિ, પણ તેના હેતુ સમજવા જોઇએ. બેશક, જો બ્રાહ્મણોને આપણી મદદમાં રાખીએ તો આપણે ઘણું કામ કરી શકીએ; પણ એ બાબત અગાઉ ચર્ચાઇ ગઈ છે, માટે પ્રૉફેસર સાહેબ, તમારી વાત આગળ ચલાવો.

જનોઇનાં ગીતો કેવાં જોઇએ ?

પ્રૉફેસરે કહ્યું:—પવિત્ર ફરજો લાવનારાં જનોઈનાં ગીતો કેવાં

હોવાં જોઇએ, તે હવે સાંભળો: "મ્હારા લાડકડા બેટા, હવે તમને પવિત્ર જનોઈ પહેરાવવામાં આવશે, એથી તમે હવેથી દ્વિજ ગણાશો. દ્વિજ એટલે બીજો જન્મ. આજ સુધી તમે બાળક ગણાતા હતા, હવે તમે બ્રહ્મચારી ગણાશો. હવે તમારે સંધ્યા–પૂજા તથા ધર્મની બીજી બાબતોમાં ધ્યાન આપવું જોઇએ અને વિદ્યાભ્યાસ કરવો જોઇએ. જનોઈના ત્રણ ત્રાગ છે તેનો હેતુ તમોને એવી યાદી આપવાનો છે કે તમે મન, વચન ને કર્મથી પવિત્ર રહો. જનોઈના જૂદા જૂદા ત્રણે તાર જનોઈની બ્રહ્મગ્રંથિમાં એક થઇ જાય છે તેમ પરમાત્માની જૂદી જૂદી મહાશક્તિઓ–શિવ, બ્રહ્મા ને વિષ્ણુ–બ્રહ્મમાં એક થઇ જાય છે, માટે તમે એક ઇશ્વરને માનનારા અભેદ દૃષ્ટિવાળા થાઓ. એ મ્હારા નાનકડા બ્રહ્મચારીજી ! તમે જે ખાખરાનો દંડ પકડયો છે તેનો હેતુ એજ છે કે એ પ્રમાણે તમે ધર્મનો દંડ પકડતાં શીખો. તમને મૃગચર્મ આપવામાં આવ્યું છે તેનો હેતુ એજ છે કે તમે મોજ–શોખને અંકુશમાં રાખીને જેમ હોય તેમ નિભાવી લો, અને વિદ્યાભ્યાસ કરો. તમને લંગોટી બંધાવી છે તેનો હેતુ એ છે કે વિદ્યાભ્યાસ પૂરો કરતાં સુધી હમણાં નિસ્પૃહી બાવા જેવા બની જાઓ, અને તમારી પાસે ભીક્ષાનદેહી કરાવવામાં આવે છે, તેનો હેતુ એજ છે કે ભીખ માગવી પડે તો ફિકર નહિ, પણ પોતાના આત્માનું અને દેશનું કલ્યાણ થાય એવું જ્ઞાન મેળવો. બંધુ ! આખી દુનિયામાં સૌ મંત્રો કરતાં શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ એવો ઉત્તમ બુદ્ધિવર્ધક ગાયત્રીમંત્ર તમોને આપવામાં આવ્યો છે, એ મંત્રના બળથી તમે તમારી બુદ્ધિને ખીલવો, અને છેક ઇશ્વર સુધી પહોંચાય તેમ કરો. ઓ નાનકડા ભાઇ, તમે હવે દ્વિજ થયા છો એટલે કે તમોને નવી પાંખો આવી છે, એ પાંખોના જોરે જ્ઞાન મેળવવા સારૂ જ્યાંસુધી ઉડી શકાય ત્યાંસુધી ઉડો. જેમ વધારે દૂર ઉડી શકશો તેમ વધારે ખુબી મેળવી શકશો.

બંધુ, અસલના ઋષિકુમારો જેમ મહાત્માઓના આશ્રમમાં જતા, એ પછીના બ્રાહ્મણોના બાળકો ભણવા માટે જેમ કાશી જતા, તેમ આપણી હાઇસ્કૂલોમાં, આપણી કૉલેજોમાં અને વિદેશી યુનિવર્સિટીયોમાં નવી નવી જાતના અભ્યાસ કરો, અને તમારૂં તથા જગતનું કલ્યાણ થાય તેમ કરો. ઓ બ્રહ્મચારીજી, તમે દેશના ભવિષ્યની આશા છો, તમારી ઉપર તમારી બહોતેર પેઢીને રાજી થવાનો આધાર છે, આપણાં કુળમાં તમે કીર્તિરૂપ થાઓ, આપણા દેશમાં તમે દીવા જેવા થાઓ, આપણા ધર્મમાં તમે આગેવાન થાઓ, અને ભવિષ્યની પ્રજામાં તમે નમુનારૂપ થાઓ. આ બધું થવાનો આધાર તમારા બ્રહ્મચર્યના બળ ઉપર, તમારા સત્યજ્ઞાન ઉપર, તમારા સ્વદેશપ્રેમ ઉપર, અને તમારા પુરૂષાર્થ ઉપર છે; માટે ઓ વ્હાલુડા પુત્ર ! આપણા પૂર્વજોની આબરૂ સામે જોઇને, આપણા દેશની હાલની દશા સામે જોઇને, અને તમારૂં આત્મિક બળ સમજીને શુભહેતુથી વિદ્યાભ્યાસ કરો, એટલે પ્રભુ તમારા મદદગાર થશે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ”

બંધુઓ ! જનોઇ વખતનાં ગીતોમાં આવા ઉપદેશો જોઇએ કે *બરબોઠાનાં ફારસો જોઇએ ? મામો કહે કે, તું કાશી ભણવા માટે ન જા તો હું તને પિતાંબર લઇ આપું, વીંટી લઇ આપું, ઘડીયાળ લઇ આપું અને છેવટ કહે કે તને મ્હારી છોકરી પરણાવીશ, પણ તું કાશી ભણવા ન જા. આવી રીતના સંસ્કારો બાળકોના મનમાં બેસાડવા એ સારી વાત છે કે અમે કહીએ છીએ તેવી જાતના વિચારો બાળકોના મનમાં ઠસાવવા એ સારી વાત છે ? એની તુલના કરીને પછી તમોને જે વ્યાજબી લાગે તે કરો. અમે તો જોયું છે કે બર-

* જનોઈ આપ્યા પછી વિદ્યાર્થી કાશી જવાનું કહે છે, તેને મામો મનાવા જાય છે, અને થોડે દૂરથી પોતાને ખભે બેસાડીને તેડી લાવે છે, તેને “ બરબોઠો કહે છે. ”

ઓઢાના ફારસમાં જે હસાહસ થાય છે તેમાં જનોઇની ગંભીરતાનું અને જનોઇનું ખરૂ રહસ્ય ઉડી જાય છે. આપણી વ્યવહારિક અને ધાર્મિક ક્રિયાઓમાં જે કચરો ભરાઇ ગયો છે તે દૂર કરીને તેની ઉત્તમતા સમજાવવી, અને તે ઉત્તમતા આપણા અનુભવમાં આવી શકે તેમ કરવું, એ અમારી મુખ્ય ઇચ્છા છે, માટે આટલું લંબાણથી કહું છું.

હવે ફુરસદ વખતે ગાવાનાં ગીતો કેવાં હોવાં જોઇએ, તે સાંભળો.

"આવો આવો બ્હેની, આજે આપણને થોડી ફુરસદ મળી છે તેનો કાંઇક સદુપયોગ કરી લઇએ. ચાલો ચાલો, જલદી કરો, ભૂખ્યાંને ભોજન આપીએ, તરસ્યાંને પાણી પાઇએ, ભૂલાં પડેલાંને રસ્તો બતાવીએ, માંદાની સારવાર કરીએ, દુઃખીઓનાં આંસું લુંછીએ, અને અજ્ઞાનીઓને જ્ઞાન આપીએ. બ્હેનો ઉતાવળ કરો, ખોટી થાઓ નહિ, વખત ચાલ્યો જાય છે, ચાલો ચાલો, અનાથોની ખબર કહાડીએ, વિધવા બ્હેનોને કર્તવ્યમાં લગાડીએ, તડકામાં બળતા હોય તેને છાયામાં લાવીએ, ટાઢે ઠરતા હોય તેને વસ્ત્ર આપીએ, મુસાફરોને આશ્રય આપીએ, અને દુઃખીયોને દિલાસા આપીએ. બ્હેનો, આપણાં ધન્ય ભાગ્ય છે કે પ્રભુએ આપણને સદ્બુદ્ધિ આપી છે. આવો આવો, આપણે બધાં સાથે મળીને એ બુદ્ધિનો રૂડો ઉપયોગ કરીએ. એ બુદ્ધિથી કન્યાઓના હૃદયમાં સ્નેહ ભરીએ, બાળકોના મગજમાં જ્ઞાન ભરીએ, સૌભાગ્યવતી બ્હેનોને વ્યવહારીક ડહાપણ આપીએ, વિધવા બ્હેનોને દયાની દેવીઓ બનાવીએ, ભાઇઓને પુરૂષાર્થની ઉશ્કેરણી કરીએ, ન્હાનાં બચ્ચાંઓની ઉચ્ચવૃત્તિઓ ખીલવીએ અને સાધુઓને માન આપી સંસારમાં સ્વર્ગ લાવી શકીએ તેમ કરીએ. બ્હેનો! શું આ બધું તમોને નથી ગમતું? બેશક ગમે છે. ત્યારે વાર કેમ લગાડો છો?

ચાલો અમારી સાથે મહાનપ્રભુએ આપણને પવિત્ર ધર્મ આપ્યો છે, ઉત્તમ મનુષ્ય અવતાર આપ્યો છે, અને કિંમતી તકો આપી છે, માટે એ બધાંનો લ્હાવો લઇએ, એ બધાંની કાંઇક સાર્થકતા કરી બતાવીએ, અને એ બધામાંથી આપણા આત્માને સંતોષ થાય એવું કાંઇકિ તત્ત્વ મેળવી લઇએ. એવું તત્ત્વ મેળવવા માટે બ્હેનો આવો આપણે કાંઇક તપ કરીએ. આપણું અબળાઓનું તપ કયું ? કુંટુંબમાં સ્નેહ રાખીએ, બીજાંઓના વાંક માફ કરીએ, ક્રોધીઓના ક્રોધ છૂટે એવા ઉપાયો કરીએ, લોભીઓને માયાનું મિથ્યાપણું સમજાવીએ, પશુવૃત્તિ-વાળાઓનાં મનમાં ધર્મનો ઉદય થાય તેમ કરીએ, અદેખાંઓની અદેખાઈ (મહત્વાકાંક્ષા) ઉચ્ચહેતુઓમાં વપરાય તેમ કરીએ, અને જેમ બને તેમ આપણાં બાલકોમાં તથા આપણા સંબંધમાં આવતાં સૌ માણસોમાં સારા સંસ્કાર બેસે એમ વરતીએ. તમે કહેશો કે આપણી પાસે એવાં સાધનો કયાં છે ? પણ બ્હેની, પ્રભુએ આપણી ઉપર દયા કરીને સ્વભાવિક રીતેજ આપણી આંખમાં શરમ, હાથમાં કામ, મુખમાં મીઠાશ અને હૈયામાં હેત આપેલું છે, એ શું થોડું છે ? બહારનાં બીજાં સાધનોવિના પણ એટલાંથીજ આપણે ઘણું કરી શકીએ તેમ છીએ. આપણે મધુરાંહાસ્યથી જગતમાં મીઠાશ ફેલાવી શકીએ તેમ છીએ. આપણે માત્ર અમીનીદષ્ટિથી માણસોનાં અર્ધાં દુઃખ ઓછાં કરી શકીએ તેમ છીએ. આપણે મીઠાંવચનોથી આપણા દુઃખી બંધુઓને શાન્તિ આપી શકીએ તેમ છીએ, અને આપણે હૈયાના હેતથી સંસારમાં સ્વર્ગ લાવી શકીએ તેમ છીએ. બ્હેનો! આપણી પાસે કાંઇપણ ન હોય તો પણ ફિકર નહિ, બહારનાં સાધનો વિના પણ ઇશ્વરકૃપાથી આપણી અંતરની ભલીલાગણીઓથીજ આપણે ઘણુંએ કરી શકીએ તેમ છીએ, કારણ કે સર્વશક્તિમાન પરમકૃપાળુ પરમાત્માએ આપણુંને અખૂટ સામર્થ્ય આપીને અહિં મોકલેલાં છે,

તેથી ઇશ્વરીસ્નેહના બળવડે આપણે જે ધારીએ તે કરી શકીએ તેમ છીએ. આવો બ્હેનો, આપણે ભૂખ્યાં વાછરડાંઓને ધવરાવીએ, તરસી ગાયોને પાણી પાઇએ, દુઝણી ગાયોને દોહી લઇએ, રોપાના કુંડામાં ખાતર નાખીએ, મંદિરોમાંથી કચરો કહાડીએ, બગીચામાંથી ફૂલો વીણીએ, સૂર્યનો પ્રકાશ આવવા માટે બારી–બારણાં ઉઘાડીએ, અને દેવો માટે ફૂલના હાર ગુંથીએ. શું એટલું પણ આપણાથી નહિ બને? જો ધારીએ તો જરૂર બની શકે. છતાં પણ કોઈ બ્હેનોથી કદાચ એટલું પણ ન બની શકે તો પણ કાંઈ ફિકર નહિ, પણ જગતમાં સૌનું કલ્યાણ થાઓ, એમ પ્રાર્થના કરી શકીએ તેમ તો છીએજ. એ પણ એક જાતનું તપ છે, અને હમ્મેશાં એટલું બને તો એ પણ કાંઇ ઓછું નથી, માટે આવો બ્હેનો, સૌ સાથે મળીને જગતના કલ્યાણ માટે આપણે પ્રાર્થના કરીએ કે,

પદ

સૌનું કરો કલ્યાણ, દયાળુ પ્રભુ સૌનું કરો કલ્યાણ– (ટેક)
નર નારી પશુ પક્ષીની સાથે, જીવ જંતુનું તમામ– દયાળુ૦
જગના વાસીઓ સૌ સુખ ભોગવે, આનંદે રહી આઠે જામ– દયાળુ૦
દુનિયામાં દરદ દુકાળ પડે નહિ, લડે નહિ કોઇ ગામ– દયાળુ૦
સર્વે જગે સુખકારી વધે ને, વળી વધે ધન ધાન– દયાળુ૦
કોઇ કોઇનું બૂરૂં ન ઇચ્છે, સૌનું ઇચ્છે સૌ સમાન– દયાળુ૦
પોત પોતાના ધર્મ પ્રમાણે, સર્વ ભજે ભગવાન– દયાળુ૦

બંધુઓ! આપણી બ્હેનોનાં ફુરસદના વખતનાં ગીતો આવાં જોઇએ, કે "ચાલ તને મ્હારો મ્હેલ દેખાડું" એવાં જોઇએ? શું આ બાબતો વિચાર કરવા જેવી નથી? સંસાર સુધારો, સંસાર સુધારો, એમ સૌ કહે છે, અને હજી બીજાં સો વરસોમાં પણ ન બની શકે

એવા મ્હોટા વાંધા ભરેલા સવાલો આપણા સુધારાવાળાઓ સૌથી આગળ કરે છે, પણ જે ખરેખરી અગત્યની, જેની અસર તુરત થાય તેવી અને જે થોડા વખતમાં, થોડા ખરચમાં અને થોડી મહેનતમાં સ્હેલાઇથી બની શકે તેવી જાતની આવી અગત્યની ઘરસંસારી બાબતો તરફ કોઈ જુવે છે? કહો કે નહિજ. આવી બાબતો કે જેની દરરોજ આપણી જીંદગી ઉપર કાંઇક ને કાંઇક અસર થયા કરે છે, જે આપણા સાંસારિક અને ધાર્મિક રિવાજોમાં વારંવાર ઉપયોગની છે, અને જે બાબતો વિના ઘડી પણ ન ચાલે એવી જે ઘરગતુ થઈ ગએલી છે તે બાબતોમાં ધ્યાન આપવું એ શું આપણી પહેલી ફરજ નથી? અમે તો માનીએ છીએ કે જ્યાંસુધી આવી બાબતોમાં ઉચ્ચતા આવે નહિ ત્યાંસુધી આપણામાં નવો જુસ્સો આવી શકે નહિ, અને ત્યાંસુધી દેશની ચ્હડતી થઈ શકે નહિ; માટે ભાઇઓ! જેમ બને તેમ જલદીથી આપણા સાંસારિક અને ધાર્મિક રિવાજોમાં ઉત્તમતા આવી શકે તેમ કરો.

દેવમંદિરમાં ગાવાનાં ભજનો

મિત્રો! હવે દેવમંદિરોમાં ગાવાનાં આપણાં ભજન–કીર્તનો કેવી જાતનાં હોવાં જોઇએ તે સાંભળો. "ઓ દીનદયાળુ પરમકૃપાળુ પરમાત્મા! અમે અપરાધી જીવો છીએ, અમારા સ્વભાવમાં દોષો રહેલા છે, દુનિયાદારીની ત્હારી માયામાં અમે અંજાઈ જઇએ છીએ, તેથી અમે અમારા મનને કાબૂમાં રાખી શકતા નથી, અને ઘણી વખત અમારૂં કલ્યાણ શેમાં છે, તથા તને રાજી કરવા માટે અમારે શું શું કામો કરવાં જોઇએ, તે પણ અમે સમજી શકતા નથી; કારણ કે અમે અમારા અહંભાવમાં, જૂદા જૂદા મતોની સ્વભાવિક અસરોમાં, વંશપરંપરાના રિવાજોમાં, અને અજ્ઞાનમાં ગુંચવાઇ ગએલા છીએ;

તેથી હે અનંત બ્રહ્માંડના નાથ ! અમે તમારો મહિમા જાણી શકતા નથી. ઓ પરમકૃપાળુ પિતા ! જેમ બાપ દીકરાના વાંક માફ કરે છે, ધણીધણીયાણીના ગુન્હા માફ કરે છે, અને મિત્ર મિત્રના અપરાધ માફ કરે છે, તેમ તમે અમારા અપરાધ ક્ષમા કરો. હે સર્વશક્તિમાન દેવાધિદેવ ! તમારો હુકમ એવો છે કે, બધા ધર્મ છોડી દઇને સર્વ ભાવથી એક મ્હારેજ શરણે આવ, એટલે હું તને બધાં પાપથી છોડાવીશ; પણ હે પ્રભુ ! મ્હારૂં મન એવું ચંચળ થઈ ગએલું છે કે તે તમારામાં ઠરતું નથી, મનને તમારી તરફ ખેંચુ એટલામાં બુદ્ધિ બગડી જાય છે, બુદ્ધિને તમારી તરફ ખેંચુ એટલામાં ઇંદ્રિઓ મસ્ત બની જાય છે, ઈંદ્રિઓને ખેંચું એટલામાં દેહ શિથિલ થઇ જાય છે, અને દેહની દરકાર રાખવા જાઉં એટલામાં મન ફટકી જાય છે; તેથી હે પ્રભુ ! હું સર્વ ભાવથી **त्वमेकं शरणं** થઈ શકતો નથી; માટે ઓ શાંતિદાતા પિતા ! મ્હારા મનમાં શાંતિ આપવાની કૃપા કરો. હે દેવાધિદેવ ! સૂર્ય ચંદ્ર ત્હારે આધારે છે, પવન ત્હારા હુકમથી વાય છે, મૃત્યુ ત્હારા હુકમથી દોડે છે, અને અનંત બ્રહ્માંડો ત્હારી ઇચ્છાથી ચાલી રહ્યાં છે. ગુણ ગાવા લાયક તુંજ છે, દેવોનો દેવ તુંજ છે, આદિ અંત વિનાનો તુંજ છે, સર્વ પ્રકારની શક્તિ દેવાવાળો તુંજ છે, અને શાંતિનો દાતા તથા મોક્ષ આપનારો તુંજ છે. ટુંકામાં એજ કે તું અમારા જીવનનું સર્વસ્વ છે; માટે સર્વભાવથી અમે ત્હારાજ શરણમાં છીએ, ત્હારાજ શરણમાં છીએ. હે પ્રભુ ! એવા દિવસ તે ક્યારે આવશે કે જ્યારે જગતનાં સર્વ માણસોને અમારા આત્મા તુલ્ય અમે સમજીએ ? સર્વ પ્રકારના અંધકારમાંથી છૂટીને એક ત્હારૂંજ શરણું લઇએ ? અમારાં બધાં કર્મ તને અર્પણ કરીને ત્હારે અર્થેજ અમે કર્મ કરીએ ? જગતમાં ત્હારો સ્નેહ અને જ્ઞાન ફેલાવનારા અમે ત્હારા દાસ થઇએ ? અમારા બંધુઓનાં દુઃખ જોઇને અમારો આત્મા

અંદરથી ક્રમક્રમે અને તેઓને મદદ કરવા માટે પોતાનો ભોગ આપે ? ત્હારો અગાધ મહિમા જાણીને તેમાંજ તૃપ્ત થઈએ, ને તેથી આ દુનિયાદારીનાં કામકાજમાં લાગ્યા છતાં પણ ત્હારામાંજ ચિત્ત પરોવાઇ ગએલું રહે, અને ત્હારા દાસોના દાસ થઈ શકીએ, તથા ત્હારામાંજ અમારૂં સર્વસ્વ આવી રહે, અને તુંજ અમારો સર્વસ્વ થઈ રહે, એમ તે હે પ્રભુ! હવે ક્યારે થશે ? ક્યારે થશે ?

હે મંગળ સ્વરૂપ! હે આનંદ રૂપ! ઓ શાન્તિદાતા! અમોને તારવા માટે તેં અમારી ઉપર ત્રણ ફરજ મૂકેલી છેઃ **यज्ञ, दान** અને **तप**. યજ્ઞ એટલે ત્હારી તરફની ફરજ, દાન એટલે જગત તરફની ફરજ અને તપ એટલે મનને વશ રાખવું તે. એ ત્રણે ફરજમાંથી અમે પૂરેપૂરી એકે ફરજ બજાવી શકતા નથી, કારણ કે અમે હજી ત્હારો મહિમા સમજી શક્યા નથી, અને ત્હારી આજ્ઞા ન પાળવાથી કેટલી બધી મહાભારત ખરાબી થાય છે તે સમજી શક્યા નથી; માટે ઓ પરમકૃપાળુ પ્રભુ! ત્હારો મહિમા સમજવા માટે અમને સદ્બુદ્ધિ આપ, અને ત્હારી આજ્ઞાઓ પાળવા માટે અમારા હૃદયમાં બળ આપ, બળ આપ.

ઓ કરૂણાના ભંડાર! ઓ નોધારાના આધાર! ઓ અનાથના નાથ! ઓ દેવાધિદેવ! ઓ અનંત બ્રહ્માંડના નાથ! તને અમે કેવી રીતે ખુશી કરી શકીએ? અમારાં મન, વચન કે કર્મ ત્હારી પાસે પહોંચી શકે તેમ નથી, અને અમારી બુદ્ધિ પણ ત્હારા સર્વ શક્તિમાનપણા આગળ હારીને પાછી ફરે છે, માત્ર આત્માવડેજ તને પકડી શકાય તેમ છે; પણ ઓ નિરંજન નિરાકાર! અમારામાં એટલું આત્મિકબળ ક્યાં છે? પોતાના આત્મા જેવા સૌને જાણવા, એમ ત્હારો હુકમ છે, પણ એ પ્રમાણે અમે વરતી શકતા નથી, અને એમ ન વરતીએ ત્યાંસુધી તું અમોને ત્હારૂં ખરૂં સ્વરૂપ બતાવતો નથી; માટે

હે પરમકૃપાળુ પ્રભુ! અમારા બંધુઓ સાથે તથા જગતના સૌ જીવો સાથે અમે પ્રેમભાવથી વરતીએ, સૌનાં કલ્યાણમાં અમારૂં કલ્યાણ સમજીએ, કોઇને પણ આગળ વધારવામાં અમે મદદગાર થઇએ, બીજાઓને ખાતર અમે અમારા સ્વાર્થનો ભોગ આપીએ, અને અમારાં સર્વ ભલાંકામો તને અર્પણ કરીને ત્હારે અર્થેજ અમે જગતમાં જીવી શકીએ, એવી અમારા હૃદયમાં પ્રેરણા કર. હે દેવાધિદેવ! મ્હોટામાં મ્હોટો તું છે, ઐશ્વર્યનો અધિપતિ તું છે, ગુણોનો ભંડાર તું છે, જીવોનું જીવન તું છે, અગાધ મહિમાવાળો તું છે, સૌન્દર્યનો સ્વામી તું છે, જ્ઞાનનો ભંડાર તું છે, આનંદોનો આનંદ તું છે, અને મોક્ષદાતા તુંજ છે. ટુંકામાં એજ કે સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ એ ત્રણે લોકમાં જે સારમાં સાર વસ્તુ છે તે તું છે, અને અમોને જે મ્હોટામાં મ્હોટી, સારામાં સારી, ભલામાં ભલી, અને મુશ્કેલમાં મુશ્કેલ વસ્તુ જોઈતી હોય તે સર્વ આપી શકે એવો તું સર્વશક્તિમાન છે; છતાં પણ ત્હારા શરણનું બળ છોડીને અમે અપરાધી જીવો નજીવા નજીવા સ્વાર્થમાં ને ખોટા ખોટા મતમતાંતરમાં પડ્યા રહીએ છીએ!! હે દયાળુ પ્રભુ! અમોને સદ્બુદ્ધિ આપ, ને ત્હારા રસ્તામાં દોરવ. હે મોક્ષદાતા! ત્હારી હજુરમાં અખૂટ અમૃતની નદીઓ વહ્યા કરે છે, ત્હારી વાડીમાં મનવાંછિત ફળ આપનારાં કલ્પવૃક્ષો શોભી રહ્યાં છે, પારસમણિથી જડેલા ત્હારા રસ્તાઓ છે, મહાનદેવો ત્હારા બગીચાના માળીઓ છે, ત્હારી કૃપાદૃષ્ટિમાંથી જીવનના મહાસાગરો ઉત્પન્ન થાય છે, અને સર્વ જાતના પ્રકાશ ત્હારા પ્રકાશવડે પ્રકાશિત છે, છતાં પણ ઓ પ્રભુ! ત્હારી પ્રભુતાને ધન્ય છે કે તું અમારો ગોવાળ છે! અમો ગરીબ ગાયોને ચરાવનાર તું ગોપાલ છે! અને તેમ છતાં પણ અમારી અધમતા તો જુઓ કે નહિ ખાવાની ચીજો ખાવાનું અમોને મન થઈ જાય છે! દયા કર,

પ્રભુ ! દયા કર; અમારી એ નીચતા સામું નહિ જોતાં ત્હારી પ્રભુતા સામે જોઇ અમોને ત્હારા રસ્તામાં દોરવાની દયા કર, દયા કર.

હે અવિનાશી ! જ્યારે આ સૂર્ય ચંદ્ર નહોતા ત્યારે પણ તું હતો, જ્યારે આકાશ ને પૃથ્વી નહોતાં ત્યારે પણ તું હતો, જ્યારે સ્વર્ગ અને પાતાળ નહોતાં ત્યારે પણ તું હતો, અને જ્યારે એ સર્વ નાશ પામશે ત્યારે પણ તું રહેવાવાળો છે. આવો તું અજન્મા છે, આદિ–અંતરહિત છે, સર્વ વ્યાપક છે, સર્વ જાણનાર છે, તથા સર્વશક્તિમાન છે; અને અમારી જીંદગી તો ક્ષણિક છે, પાણીના પરપોટા જેવી છે, અમારાં સુખો પણ દુઃખોથી ભરેલાં છે, અને જરાકજવારનાં છે, અને અમારૂં ધાર્યું કાંઈ પણ થતું નથી, છતાં પણ અમે ખોટી માયામાં ફસાઇ જઇને તને ભૂલી જઇએ છીએ ! ક્યાં અનંતકાળ અને ક્યાં સો વરસની અંદરની ટુંકી જીંદગી ! અમે આ ઘડીકવારના વિસામા જેવા મુસાફરખાનામાં લોભાઈ જઇને, હે અનંત બ્રહ્માંડના નાથ સર્વશક્તિમાન પિતા ! ત્હારા ઘરનાં અનંતકાળનાં સુખોને અમે ભૂલી જઇએ છીએ ! એમ ન થાય માટે ઓ દેવાધિદેવ ! અમને સદ્‌બુદ્ધિ આપ, અને હે કરૂણાના ભંડાર ! અમોને ત્હારા રસ્તામાં ચાલવાનું બળ આપ.”

ભાઈઓ ! આપણાં પવિત્ર મંદિરોમાં આવી જાતની ઉત્તમ ભાવનાઓવાળાં ભજન–કીર્તનો જોઇએ કે મલીનભાવ ઉત્પન્ન થાય તેવાં ગીતો જોઇએ ? બોલો, હવે તમોને શું ગમે છે ? એ બેમાંથી જે તમોને પસંદ હોય તે કબૂલ કરો. મહારાજજી ! આવી રીતે હું જ્યારે મ્હારા મિત્રોને કહેતો ને બંને બાજુની સરખામણી કરી બતાવતો ત્યારે તેઓ અજબ થતા, અને મ્હારી યોજનાઓને અંતરમાંથી માન આપતા હતા; છતાં પણ અફસોસ કે વખત આવે ત્યારે તેઓ અને હું પોતે પણ એ પ્રમાણે વરતી શકતા નહોતા !

આ એક આપણા લોકોની બહુજ મ્હોટી ખામી છે, અને એ ખામી સુધરે નહિ ત્યાં સુધી આપણી ઉન્નતિ થઇ શકે તેમ નથી; કારણ કે એ ખામી કાંઈ માફ થઇ શકે તેવી નથી, સત્યને સમજ્યા છતાં તે પાળી શકાય નહિ એ ગુલામગીરી કાંઇ જેવી તેવી નથી, અને એ જુલમ કાંઈ ન્હાનોસુનો નથી; છતાં પણ આપણે બધાં એ ગુલામગીરીમાં સપડાએલા ને એ જૂલમગાં દબાએલા છીએ. પ્રભુ! દયા કર, દયા કર, અને અમોને સત્ય પાળવાનું બળ આપ.

ડાબું અંગ સુધરે તેમ કરો

મહારાજજી, જેમ આવી રીતે સ્ત્રીઓનાં ગીતોમાં સુધારો થઇ શકે તેમ છે, તેમજ તેઓના તેહેવારોમાં નવી જાતની ઘણીએ ભભક ભરી શકાય તેમ છે. વીરપસલી, શીતળા સાતમ, બોળ ચોથ, નાગપાંચમ, નવરાત્રિ અને ગોરમાતા વગેરેના ઉત્સવોમાં આપણે ઘણીએ ઉત્તમતા લાવી શકીએ તેમ છીએ. એ દરેક તેહેવારોની ઉત્પત્તિની કે હકીકતની કાંઇ કાંઇ વાર્તાઓ છે. એ વાર્તાઓમાં કેટલીક સામાન્ય બોધ લેવાલાયક અને કેટલીક હલકા પ્રકારની છે. એ બધાનો સંગ્રહ કરી તેને સુધારી જો તેના સાચા અર્થો સમજાવવામાં આવે તો એ રસ્તે પણ આપણી બ્હેનોમાં આપણે કેટલીક જાતની ઉત્તમભાવનાઓ લાવી શકીએ તેમ છીએ. જો આપણા ડાબા અંગમાં ઉત્તમ ભાવનાઓ આવી શકશે તો આપણું જમણું અંગ તેને ક્રિયાઓમાં મૂકી શકશે, પણ જો ડાબું અંગ અર્ધાંગવાયુથી લાગણી વિનાનું બની ગએલું હશે તો કાંઇ તેને ઉપાડીને જમણું અંગ ચાલી શકશે નહિ, ઉલટું એ ડાબા અંગની બિમારીને લીધે જમણા શરીરને પણ ડાબાની સાથે જ્યાં ને ત્યાં પડ્યું રહેવું પડશે; માટે જેમ આપણું જમણું અંગ સુધરતું

જાય છે તેમ આપણું ડાબું અંગ પણ સુધરતું જાય એમ કરવું જોઇએ. આપણે સત્ય સમજતા છતાં પાળી શકતા નથી તેનું કારણ હવે સમજ્યા ? એનું કારણ ડાબા અંગમાં એટલે કે સ્ત્રીઓમાં ઉત્તમ ભાવનાઓ હોય તો જમણું અંગ એટલે કે પુરૂષો એ ભાવનાઓને ક્રિયાઓમાં મૂકવાને તૈયાર છે, માટે આપણે આપણા સંસારિક ને ધાર્મિક રિવાજોની મારફત આપણા ઘરસંસારમાં ઉત્તમતા આવે એમ કરવું જોઇએ; કારણ કે એ સ્હેલાઇથી બની શકે તેમ છે, અને એથી સાર્વજનિક અસર થઇ શકે તેમ છે; માટે સાદી સમજવાળાં સૌ ભાઇબ્હેનોએ એ બાબત ઉપર ધ્યાન આપવાની મહેરબાની કરવી જોઇએ.

દરવાજા ખોલ દો !

મહારાજજી, આવા વિચારો કરીને અને મિત્રમંડળમાં આવી ચર્ચા ચલાવીને પછી એ વિચારો લોકોમાં ફેલાવવા સારૂ એ બાબતનું એક પુસ્તક મ્હેં છપાવ્યું, પણ અફસોસ કે એક વરસમાં તેની દોઢસો નકલો પણ ખપી નહિ ! હું તો પ્રૉફેસર સાહેબ હતો, એમ. એ. ની મદદવાળો હતો, વળી છાપામાં ચ્હડેલો હતો, અને લાગવગગવાળો હતો, એટલે બીજી રીતે જો કે મ્હારાં પુસ્તકોનો ગમે તેવી રીતે ઉઠાવ કરાવી શકું તેમ હતો, એ જૂદી વાત છે, પણ સંસારસુધારાને ખાતર, પુસ્તકોને ખાતર પુસ્તકો ખપ્યાં નહિ. આ વખતમાં મ્હારો એક ગરીબ મિત્ર પણ એજ વિષય ઉપર બહુ સારૂં લખતો હતો, તેણે કરજ કરીને પોતાનાં બે પુસ્તક છપાવ્યાં, પણ એનું ગાડું પણ ચાલ્યું નહિ. ઉલટો તે બિચારો વગર મફતનો આપદામાં આવી પડયો. આ જોઇને અને મ્હારો પોતાનો દાખલો જોઇને મને વિચાર થયો કે આ અડચણ પણ કાંઇ જેવી તેવી નથી. લોકોની આંખો ઉઘા-

ફેલાવવામાં છાપાઓ ને પુસ્તકો જેટલું કામ કરી શકે તેટલું કામ બીજાં કોઇ પણ સાધનથી થઇ શકે નહિ. છતાં પણ સારાં પુસ્તકો પણ ન ખપે એ શું થોડી દિલગીરીની વાત? આવી રીતે મંગળાચરણમાંજ જો પ્રથમનાજ દરવાજા બંધ થઇ જાય તો પછી કેવી રીતે જ્ઞાનની વૃદ્ધિ થઇ શકે? દુનિયાના બધા મહાત્માઓ અને બધા ધર્મો કહે છે કે "દરવાજા ખોલ દો" અંતરના દરવાજા ખોલ દો, પણ આવી રીતે જ્યાં શરૂઆતનાજ બહારનાજ દરવાજા બંધ હોય ત્યાં અંતરના દરવાજા ક્યાંથી ખુલ્લી શકે? અને એ દરવાજા ન ખુલ્લે ત્યાંસુધી આપણા જીવનની સાર્થકતા થાય નહિ. એ દરવાજા ખોલવાને લાયક થવા સારૂ જેમ બને તેમ સારામાં સારાં પુસ્તકોનો વધારેમાં વધારે લાભ લેવાવો જોઇએ, પણ ઘણાં ભાઇબ્હેનોથી એ લાભ ક્યારે લઈ શકાય કે જ્યારે પુસ્તકો બહુજ સસ્તાં હોય ત્યારે. માટે અમે કહીએ છીએ કે ઉત્તમ પુસ્તકો જેમ બને તેમ સસ્તી કિંમતે વેચી શકાય એવી કાંઈ યોજના આપણે કરવી જોઇએ.

પુસ્તકો તે દેવો છે

બંધુઓ! સારાં પુસ્તકો એટલે શું? એ તમે જાણો છો? સારાં પુસ્તકોની કિંમત તમે સમજો છો? ભાઇ, હજી આપણે એ નથી સમજતા, જો સમજતા હોઇએ તો આપણી હાલત આવી ન હોય. મને તો લાગે છે કે જ્ઞાન એ આકાશ છે, અને પુસ્તકો એ તેમાં શોભી રહેલા ચળકતા તારાઓ છે. જ્ઞાન એ સમુદ્ર છે, અને પુસ્તકો તે એ સમુદ્રનો લાભ લઇ શકાય તેવાં વહાણો છે. જ્ઞાન એ સૂર્ય છે, અને આપણા ઘરમાં આવી શકે એવો તેનો પ્રકાશ તે પુસ્તકો છે. જ્ઞાન એ સોનાની ખાણ છે, અને પુસ્તકો તે તેમાંથી બનાવેલા આપણને બંધ બેસતા થાય તેવા દાગીના છે. જ્ઞાન એ મ્હોટામાં

મ્હોટી કિંમતી નોટો છે, અને પુસ્તકો તે આપણા રોજના ઉપયોગમાં આવી શકે એવા ચલણી સીક્કાઓ છે. જ્ઞાન એ વાયુ છે, અને પુસ્તકો તે એ વાયુને ખેંચી લાવી ઠંડક આપનાર પંખાઓ છે. જ્ઞાન એ અગ્નિ છે, અને પુસ્તકો તે એ અગ્નિમાંથી પ્રકટાવેલા દીવા છે. જ્ઞાન એ પૃથ્વી છે, અને પુસ્તકો તે આપણને રહેવા લાયક મકાનો છે. જ્ઞાન તે અનાજનો ભંડાર છે, અને પુસ્તકો તે રોટલા છે. જ્ઞાન તે મેઘ છે, અને પુસ્તકો તે આપણા ઘરમાં રહી શકે તેવાં પાણી ભરેલાં માટલાં છે; અને જ્ઞાન તે સર્વશક્તિમાન પરમાત્મા છે, અને પુસ્તકો તે એનો રસ્તો દેખાડનાર પૂજનિય દેવો છે. આમ હોવાથી મને એમ લાગે છે કે સારાં પુસ્તકોનો ફેલાવો કરવો એ સૌથી મ્હોટામાં મ્હોટું પુણ્યનું કામ છે, એ સૌથી ઉત્તમમાં ઉત્તમ ધર્મ છે, એ સૌથી મ્હોટામાં મ્હોટી સેવા છે, અને બીજાં ઘણી જાતનાં ઉપાંડો કરતાં એ સૌથી સાચામાં સાચો રસ્તો છે; માટે હું તો સૌ ભાઇ-ઓને એજ વિનંતિ કરૂં છું કે જેમ બને તેમ સારામાં સારાં પુસ્તકો સસ્તામાં સસ્તી કિંમતે વેચાય તેમ કરો.

સારાં પુસ્તકોનો ફેલાવો થાય તેમ કરો

મહારાજજી, આ બાબતમાં આપણે મીશનરીઓ પાસેથી ઘણું શીખી શકીએ તેમ છીએ. તેઓનાં કેટલાંક ચાર ચાર આનાની કિંમત હોઈ શકે તેવાં પુસ્તકો એક એક દોઢીએ મળે છે, અને ચાર ચાર રૂપિયાની કિંમતના જેવડાં પુસ્તકો ચાર ચાર આને મળે છે; ત્યારે આપણી ચાર આનાની ગીતાની ચોપડીનો એક રૂપિયો! અને જે ગીતા કાંઇક ઠીક ટીકાવાળી ગણાતી હોય તેના બે, ત્રણ, ચાર, પાંચ, છ અને પંદર રૂપિયા પણ હોય! હાલમાં આખી દુનિયા જેની કદર સમજવા લાગી છે એવાં કિંમતી ઉપનિષદો કે જેના અભ્યાસમાં

પ્રાચીન ઋષિઓ આખી જીંદગી ગાળતા હતા તે અમૂલ્ય પુસ્તકોની કિંમત ગરીબ લોકો લઈજ શકે નહિ તેવી ! છપામણીના ખરચ કરતાં ચાર ગણી વધારે ! ભાગવત, રામાયણ, મનુસ્મૃતિ અને યોગવાસિષ્ઠ વગેરે પુસ્તકોમાં પણ એમજ ! આ બાબતમાં વધારે અફ્સોસ એજ છે કે આવાં ધર્મનાં પુસ્તકો કે જે બનતાંસુધી ગરીબોમાં મુફતજ અથવા માત્ર નામનીજ કિંમતે વેચાવાં જોઇએ તેમાં પણ સ્વાર્થ ! અને તેની કિંમત ત્રણ, ચાર, પાંચ, કે છ ગણી વધારે ! ! આવી જાતનાં ધર્મનાં પુસ્તકોની ગેરવ્યાજબી કિંમત માટે મને જેટલો અફ્સોસ થાય છે તે કરતાં પણ તે છપાવનારા માણસો માટે મને વધારે દિલગીરી લાગે છે. જો તે મૂર્ખાઓ હોત ને નફાને આધારેજ ટકી રહેનારા ગરીબ વેપારીઓ હોત તો હું તેની દરકાર કરત નહિ, કારણ કે એવા સંયોગને આધારે એમ થાય એમાં કાંઈ નવાઇ નથી, પણ આમાં તો ઘણાએ પોતાને આગળ વધેલા સમજનારા હોય છે, પૈસાવાળા હોય છે, લોકો પણ તેઓને ચાહે છે, ધર્મના તેઓ આગેવાન ગણાય છે, અને છતાં પણ ધર્મનાં પુસ્તકો લોકો સ્હેલાઇથી ન વાંચી શકે એવી આકરી કિંમત તેઓ પોતાનાં પુસ્તકોની રાખે છે. એ શું દિલગીરીની વાત નથી ? એ શું ધાર્મિકપણાની બાબત છે ? આપણા ધર્મનાં કોઈ પણ પુસ્તક લો: ગીતા, ભાગવત, રામાયણ, મહાભારત, યોગવાસિષ્ઠ, ઉપનિષદ, બ્રહ્મસૂત્ર, પંચદશી, સ્મૃતિઓ, બીજાં કોઇ પુરાણો, વેદાંતનાં કે યોગનાં ગમે તે પુસ્તકો લો, અને પછી જુઓ કે તેની કિંમત શું છે ? અને તેનું લખાણ કેવું કઠિન છે ? તેની કિંમત આપણા ગરીબ ભાઇઓને પાલવે તેમ છે ? આપણી લાચાર વિધવાબ્હેનો તે ખરીદી શકે તેમ છે ? શરૂઆતની મૂળ કેળવણીવાળા આપણા વિદ્યાર્થીઓ તેનો લાભ લઇ શકે તેમ છે ? અને સ્હેલાઈથી આપણી બ્હેનો તથા

છોકરીઓના ઉપયોગમાં તે આવી શકે એવાં છે? કહો કે નહિજ. મહારાજજી! આપણા દેશના સારા સારા લેખકો પણ ધર્મનાં પુસ્તકોની પણ કિંમત ઘણી વધારે રાખે છે, એમાં તો કાંઇ શક જેવું નથી; પણ એમ શા માટે થાય છે એ પણ આપણે તપાસવું જોઇએ. એ બીજી બાજુ તપાસીએ નહિ ત્યાંસુધી આપણે લેખકોને ઇન્સાફ આપ્યો કહેવાય નહિ. એ બીજી બાજુ તપાસતાં મને એમ લાગે છે કે પોતાનાં પુસ્તકોની વધારે કિંમત રાખે છે એમાં લેખકોનો કાંઇ પણ દોષ નથી, બલ્કે આગળ વધીને કહીએ તો ફરજીયાત રીતે તેઓને વધારે કિંમત રાખવી પડે છે, કારણ કે આપણા દેશમાં હજી પુસ્તકોની કદર બહુ ઓછી છે, એટલે બહુજ થોડાં પુસ્તકો ખપે છે, અને તે પણ ડોળા તણાવી તણાવીને! બીજું ઘણાં પુસ્તકો ખપે નહિ માટે તે થોડાં છપાવવાં પડે છે, અને થોડાં છપાવતાં વધારે ખર્ચ લાગે છે, તેથી પણ પુસ્તકોની કિંમત વધી જાય છે. ત્રીજું પુસ્તકો પ્રસિદ્ધ કરનારી કંપનીઓ નહિ હોવાથી તે છપાવવાનો બોજો લેખક ઉપર આવી પડે છે, અને લેખકોમાં ઘણું કરીને સેંકડે પોણોસો ટકા હમ્મેશાં ગરીબ હોય છે, એટલે લાચારીથી તેઓને વધારે કિંમત રાખવી પડે છે; કારણ કે પ્રેસના ધક્કાઓ, પ્રૂફ તપાસવાની મગજમારી, લાજે-દાજે મફત આપવાનાં પુસ્તકો, પ્રેસનાં બીલો, નાણાનું વ્યાજ, પુસ્તકો ખપાવવા માટેની ખુશામતો અને ઝાહેરખબરોના ખરચોની જેને ખબર છે તેઓજ સમજી શકે કે પુસ્તકોની કિંમત વધારે છે કે ઓછી? મ્હારા એક મિત્રે મને કહ્યું હતું કે, મ્હેં મ્હારા પુસ્તક માટે તેત્રીશ રૂપિયા ઝાહેરખબરના ખરચ્યા ત્યારે ત્રણ પુસ્તકોનો ઉઠાવ થયો! પહેલાં હું એમ સમજતો કે પુસ્તકોની કિંમત લોકો બહુ વધારે રાખે છે, પણ પછી જ્યારે મ્હેં પુસ્તક છપાવ્યું અને તેમાં લાખના બાર હજાર થયા ત્યારે મ્હારી ખાત્રી થઇ કે જ્યાંસુધી સારૂં અને "સસ્તું

વાચન ફેલાવનારી મંડળી" થાય નહિ ત્યાંસુધી લેખકોને અને વાચકોને ફાયદો થઇ શકે નહિ. આ બાબતમાં બીજો પણ મને કડવો અનુભવ મળેલો છે, અને તે એજ કે વર્તમાનપત્રો તથા માસિકો તરફથી પુસ્તકોને જે ઉત્તેજન મળવું જોઇએ તે ઘણાં તરફથી બરોબર રીતે મળતું નથી. પુસ્તકોની ઝાહેરખબરો માટે ખાસ રહેમ હોવી જોઇએ પણ તેવું બહુજ થોડું છે, અને પુસ્તકોના રિવ્યુ લેવામાં પણ આપણા ભાઇબંધો બહુ પછાત છે. જાણે સારાંને સારૂં કે ખરાબને ખરાબ કહેવામાં પાપ લાગી જતું હોય, જાણે કોઈ પુસ્તકનો સારો રિવ્યુ લેવાથી પોતાનું પત્ર અભડાઈ જતું હોય, જાણે પોતાનો કોઇ ભાઇબંધ ઝાહેરમાં આવી જાય તો મ્હોટું નુકસાન થઇ જતું હોય, અને જાણે કોઇકનાં વધારે પુસ્તકો વેચાય તો પોતાને ખોટ જતી હોય, તેમ ઘણાએ વર્તમાનપત્રો તથા માસિકવાળાઓ કરે છે. એથી પણ લેખકોને તથા પ્રજાને હાનિ થાય છે. મહારાજજી, પંડિતજી જેવાઓને લાગશે કે મ્હારાં પુસ્તકની કદર ન થઈ માટે હું આવી ટીકા કરૂં છું, પણ નહિ સાહેબો, એમ નથી; પ્રજાના સામાન્ય લાભને ખાતર હું આ બાબતો કહું છું. પુસ્તકો સસ્તાં વેચવામાં શું અડચણો છે તે લોકો સમજી શકે, અને લાગણીવાળા માણસો તેના ઉપાયો શોધી શકે, તે સારૂ પ્રસંગોપાત આ બાબત કહેવી પડે છે; અને તે એવી આશાથી કે જો ઉપલી મ્હોટી અડચણો ઓછી થાય તો ભવિષ્યમાં વિદ્વાનોને ફાયદો થાય અને લોકોને સસ્તું વાચન મળી શકે.

જ્ઞાન દાન સૌથી શ્રેષ્ઠ છે

મહારાજજી ! ઉપર મુજબની અડચણોને લીધે પુસ્તકોની કિંમત વધારે રાખવી પડે છે, તેથી આપણા બંધુઓમાં જ્ઞાનનો ફેલાવો

થતાં વાર લાગે છે; તેમજ ધર્મપુસ્તકોના ભાષાન્તરોની કઠિન ભાષાથી પણ જ્ઞાનને આગળ વધારવામાં બહુ મુશ્કેલી પડે છે, કારણ કે આપણા લોકોનો મ્હોટો ભાગ હજી કેળવણી વગરનો છે, માટે જેમ બને તેમ આપણાં ધર્મપુસ્તકોનાં ભાષાન્તર સ્હેલી ભાષામાં થવાં જોઇએ. આપણાં સૌ ભાઇબ્હેનો સ્હેલાઇથી તેનો લાભ લઇ શકે એવી સ્હેલી ભાષામાં તેનાં ભાષાંતરો કરાવવાં એ શું પુણ્યનું કામ નથી ? એમાંથી આંતરનાં રહસ્યો તારવી આપવાં એ શું વિદ્વાનોની ફરજ નથી ? તેમાંથી દેશની ઉન્નતિ થાય તેવા જમાનાને અનુસરતા વિચારો ચુંટી ક્હાડવા એ શું જરૂરનું નથી ? તેમાંથી મત–ભેદની વાતો બાજુએ છોડી દઈ સાર્વજનિક ઉપદેશની બાબતો લોકોને પૂરી પાડવી એ શું મહત્વનું કામ નથી ? અને એ બધાં કરતાં પણ સારાં પુસ્તકો સસ્તામાં સસ્તી કિંમતે વેચાય એવી તજવીજ કરવી એ શું ધર્મનું કામ નથી ? બેશક છેજ. કારણ કે પ્રાચીન ઋષિઓનો એ સિદ્ધાંત છે કે જ્ઞાન ફેલાવવાના કરતાં વધારે સારૂં કામ આખી દુનિયામાં બીજું કાંઈ છેજ નહિ. શાસ્ત્રોમાં વારંવાર કહ્યું છે કે, જ્ઞાનનું દાન આપો, જ્ઞાનનું દાન આપો. જ્ઞાનનું દાન આપવા સારૂજ મહાત્મા ઋષિઓ ભણવું ને ભણાવવું એ બે કામ પાછળજ પોતાની જીંદગી ગાળતા હતા. એજ તેઓનાં માનીતાં કામ હતાં, એમાંજ તેઓ પોતાની જીંદગી ગુજારતા હતા અને એમાંથીજ તેઓ ઈશ્વરને રાજી કરી છેક મોક્ષ સુધી પહોંચી શકતા હતા. જ્ઞાન ફેલાવવાની કિંમત આટલી બધી મ્હોટી છે, અને તેની અસર બેહદ લાંબી છે, માટે જ્ઞાન ફેલાવવા સારૂ સારાં પુસ્તકો સસ્તી કિંમતે વેચવાનું અમે કહીએ છીએ.

મહારાજજી, મહાત્માઓ કહે છે કે, અન્નથી જરાકવારની તૃપ્તિ થાય છે, એટલુંજ નહિ પણ મને તો એમ લાગે છે કે ભૂખે મરતાં દુઃખી અપવાસીઓને સારૂં ભોજન જમાડ્યાથી જેટલું પુન્ય

થાય છે તે કરતાં પણ જગતમાં જ્ઞાન ફેલાવ્યાથી વધારે પુન્ય થાય છે; રેતીના રણમાં પાણી વિના તરફડતા મુસાફરને પાણી પાવાથી જેટલું પુન્ય થાય છે તે કરતાં પણ લોકોને ધર્મનું જ્ઞાન આપ્યાથી વધારે પુન્ય થાય છે; વ્રત કરવાથી અને નિયમો પાળવાથી જેટલું ફળ મળે છે તે કરતાં પણ લોકોને સારૂં વાચન પૂરૂં પાડયાથી વધારે ફળ થાય છે; અને જગતમાં જેટલી જાતમાં ભલાંકામો છે તે બધાં કામોમાંથી કોઇ પણ જાતનાં કામ કરતાં આપણા બંધુઓમાં સસ્તું વાચન ફેલાવવું એ વધારે ઉત્તમ કામ છે; કારણ કે બીજાં કામો થોડાકજ માણસોને ફાયદો કરી શકે છે, એટલે તેની અસર ટુંકી હદમાં રહી જાય છે, પણ સસ્તું વાચન ફેલાવવાથી તો બહુ અસર થાય છે, એનો લાભ તો આપણી મહેનતના પ્રમાણમાં હજારો, લાખો કે કરોડો માણસોને મળી શકે તેમ છે, એટલે એમાંથી કોઇ એવો પણ કોહીનૂર નીકળી આવે કે જે આખા દેશને દીપાવે, અને પ્રભુનો રસ્તો પણ ખુલ્લો કરી શકે. આ બધું અને એ કરતાં ઘણું વધારે સારાં તથા સસ્તાં વાચનમાંથી થઇ શકે છે, અને બીજા દેશોમાં તથા બીજા ધર્મોમાં એ પ્રમાણે થએલુંજ છે; એટલુંજ નહિ પણ અસલ આપણા દેશમાં જ્યારે બ્રાહ્મણો વિદ્યાર્થીઓને મફત ભણાવતા હતા ત્યારે દેશમાં કાંઇક અજબ જાતનું ગૌરવ હતું કે નહિ? એ પછી બૌદ્ધોના વખતમાં જ્યારે ઠેકાણે ઠેકાણે અશોકની ધર્મઆજ્ઞાના સ્થંભો તથા ઉપદેશક સાધુઓ ફરતા હતા ત્યારે પણ દેશમાં કાંઇક નવીન રંગ હતો કે નહિ? અને એ પછી આજે જ્યારે મીશનરીઓ એક રૂપિયાનું પુસ્તક એક આનામાં આપે છે ત્યારે તેઓના દેશમાં, તેઓની પ્રજામાં અને તેઓના ધર્મમાં કાંઇક નવીન ભભક છે કે નહિ? કહો કે છે. એનું કારણ શું? એનું કારણ સસ્તું વાચન પૂરૂં પાડવું એજ છે; માટે અમે કહીએ છીએ કે જેમ બને

તેમ સારામાં સારાં પુસ્તકો સસ્તામાં સસ્તી કિંમતે વેચી શકાય એવી કાંઇ યોજના કરવી જોઇએ.

શ્રીમંતોને દાન આપી રાજી કરવાની સહેલી યુક્તિઃ-

મહારાજજી, સસ્તું વાચન પૂરૂં પાડવું એ કેટલું બધું ભલુંકામ છે તે વિષે જ્યારે હું વિચાર કરૂં છું ત્યારે મને બહુજ નવા નવા ઉભરાઓ આવે છે, અને ત્યારે મને બહુજ અજાયબી લાગે છે કે ઓહો! થોડાક પૈસામાં આટલું મ્હોટું કામ! દાખલા તરીકે દસ રૂપિયા ખરચીને કોઈ બહુ અગત્યની બાબતનો એક ફૅાર્મ છપાવો, અને તે લોકોમાં મુફત વ્હેંચો, પછી જુઓ પડાપડી! હવે વિચાર કરો કે તમારી પાઈ, દુકાની અથવા દોઢીયું શ્રીમંતોને અને રાજાઓને તમે કેવીરીતે આપી શકો? અને એટલા પૈસાથી તેઓને કેવીરીતે રાજી કરી શકો? પણ એટલાજ પૈસાનું પુસ્તક કે છુટા લેખો આપો, એટલે તેઓ ખુશીથી તમારી ભેટ કબૂલ રાખશે, અને જો એ લખાણમાં માલ હશે તો તમારી એ અર્ધીદુકાનીના માલથી પણ રાજી થઈ જશે. બંધુઓ! આ શું ન્હાની વાત છે? જરા ખ્યાલ તો કરો કે આ રસ્તે થોડાક પૈસા પણ કેટલું બધું કામ કરી શકે છે? મને કહો કે ટુંકા ખરચમાં, થોડી મહેનતમાં, થોડા વખતમાં ને માનભરી રીતે આ સિવાય બીજી કઇ રીતે આપણે આપણા બંધુઓની વધારે સારી સેવા કરી શકીએ? અને એ કરતાં બીજી કઇ રીતે આપણે આપણા પૈસાનો વધારે સદુપયોગ કરી શકીએ? કારણ કે "સસ્તું વાચન ફેલાવનારી મંડળી" તરફથી ગીતાની દશ હજાર નકલો છપાતી હોય તે ફંડમાં આપણે એક રૂપિયો ભર્યો હોય તો એ એક રૂપિયો પણ કેટલું બધું કામ કરે? એ જરા વિચાર તો કરો. એ એક રૂપિયાથી તો દશ હજાર પુસ્તકોમાં આપણા પુન્યનો ભાગ

રાખી શકાય છે. આ સિવાય સસ્તું વાચન પૂરૂં પાડનારી મંડળીથી બીજો એ પણ ઉપકાર થઈ શકે છે કે તેથી સારા લેખકોની ને વિદ્વાનોની કદર થાય છે, કારણ કે વિદ્વાનોને મદદ કર્યાવિના સારા લેખો મળી શકે નહિ, અને "સસ્તું વાચન ફેલાવનારી" મંડળી વિદ્વાનોની મદદ વિના નભી શકે નહિ, માટે મંડળીને મદદ કરવાથી વિદ્વાનોનો પણ સત્કાર થઈ શકે છે. અને

વિદ્વાનોનો સત્કાર કરવો એ દેવ પૂજ્યા બરોબર છે,

કારણ કે એ આપણા પવિત્ર ધર્મની ઉત્તમતા બતાવનારૂં મહાનપરમાન છે. શ્રીકૃષ્ણભગવાને ગીતામાં કહેલું છે કે, જ્ઞાનીઓની સેવા કરવી એ શરીરનું તપ છે; કારણકે જ્ઞાનીઓ અજ્ઞાનીઓને નવીરોશની દેખાડી શકે છે, જ્ઞાનીઓ ભવિષ્યની પ્રજા માટે નવા રસ્તાઓ ખુલ્લા કરે છે, જ્ઞાનીઓ જગતનું ઐશ્વર્ય ને સૌન્દર્ય વધારવામાં મદદ કરે છે, જ્ઞાનીઓ જગતના જીવોનાં દુઃખો ઓછાં કરવાના યત્નો કરે છે, જ્ઞાનીઓ કુદરતના છુપાભેદોની ચાવીઓ શોધી કહાડી જગતને તેનો વારસો આપી જાય છે, જ્ઞાનીઓ લોકોને આગળ વધારવા માટે ઘણી જાતનાં ઉત્તમ દૃષ્ટાંતો પૂરાં પાડે છે, જ્ઞાનીઓ મનુષ્યની ઉત્તમ લાગણીઓને ખીલવવામાં બહુ મદદ કરે છે, જ્ઞાનીઓ માણસોને પાપથી બચાવવાના રસ્તા શોધી શકે છે, જ્ઞાનીઓ જગતમાં ધર્મ વધારી શકે છે, અને જ્ઞાનીઓ સંસારમાં સ્વર્ગ લાવી શકે છે, તથા પરમકૃપાળુ મહાનપરમાત્માનો મહિમા વધારી શકે છે; માટે જ્ઞાનીઓ પૂજનીય છે. તે સારૂ જ્ઞાનીઓની—વિદ્વાનોની સેવા કરવી જોઇએ. એ સેવા કરવા સારૂ "સસ્તું વાચન ફેલાવનારી" મંડળીને મદદ કરવાથી એક કામમાં બે કામ થઈ જાય છે, એક તો એથી વિદ્વાનોને મદદ કરી શકાય છે, અને બીજું આપણા ભાઈબ્હેનોમાં જ્ઞાન ફેલાવી શકાય છે.

માટે મહારાજજી, હું તો હાલમાં એજ યોજના પાછળ મંડેલો છું. એમાં કેટલાક વિદ્વાનોની મદદ મેળવી શક્યો છું, પણ હજી કોઇ શ્રીમંતોની મદદ મેળવી શક્યો નથી, અને શ્રીમંતોની મદદવિના કાંઈ થઇ શકે તેમ નથી, માટે એ ખાતે આપને તસ્દી આપવી પડશે.

પરમાર્થનાં કામ કરી શકે તેવાં માણુસો મળે તો પૈસા આપવા અમે તૈયાર છીએ

મહારાજે કહ્યું:—બહુ ખુશીની વાત, કેટલાક ભલા શેઠીયાઓને હું ઓળખું છું, તેઓની સાથે હું તમારી ઓળખાણ કરાવી આપીશ. તમારી યોજના તેઓને સમજાવજો, એટલે હું ધારૂં છું કે દેશહિતના કામમાં જરૂર તેઓ મદદ કરશે.

પંડિતજીએ કહ્યું:—મહારાજજી, એ વાતમાં આપની ભૂલ થાય છે, મને શ્રીમંતોનો અનુભવ છે, એ લોકો કોઇ દોઢીયાં કહાડે તેવા નથી. હું ઘણી વખત એવાઓ પાસે ધક્કા ખાઇને હડધૂત થઇ આવ્યો છું.

મહારાજજીએ કહ્યું:—શામાટે તમે તેઓની પાસે પૈસા માગવા ગયા હતા ?

પંડિતજીએ કહ્યું:—મ્હારી દાદી ગુજરી ગયાં ત્યારે તેની ક્રિયામાં નાત જમાડવા માટેનો ફાળો લઇ ગયો હતો, બીજી વખત અમારા ગામની પાસેના ગામડામાં મ્હારી ઓળખાણવાળા ઇશ્વિરભટ્ટ મંદિર બંધાવવા ઇચ્છે છે, તે બાબતનો ફાળો લઇને ગયો હતો, ત્રીજી વખત મ્હારા એક ગરીબ દોસ્તની દીકરીને પરણાવવી હતી તે બાબતનો ફાળો હતો, ચોથી વખત એક બુઢ્ઢા અપંગ બ્રાહ્મણને યાત્રા કરવા જવું હતું તે બાબતનો ફાળો હતો, અને પાંચમી વખત મ્હારી માસીની દીકરીની દીકરી હમણાં બાળરાંડ થઇ છે ને તેને કાંઇ આધાર નથી, એ માટેનો ફાળો લઇ ગયો હતો; પણ એ દરેક ફાળામાં મને ચોપાળ ઓઢવો પડયો છે, અને દરેક વખતે મને ઝાડુ મળેલું છે; માટે

હું કહું છું કે શેઠીઆઓમાં તમારૂં કાંઇ નહિ વળે, એ કરતાં ગરીબો સાત સારા કે તેમને ત્યાં કોઇ ધક્કા તો ન મારે ને વાત તો સાંભળે!

મહારાજે કહ્યું:–પંડિતજી, તમે શેઠીઆઓને ગેરઇન્સાફ કરો છો, એવા નકામા ફાળાઓમાં તેઓ ન ભરે તે ઉપરથી કાંઇ તેઓને માટે એવું મત બંધાય નહિ. તમારાથી ઉલટો મ્હારો તો એવો અનુભવ છે કે હાલના ઘણા શ્રીમંતો દેશહિતની વાતો સમજવા લાગ્યા છે, એટલુંજ નહિ પણ તેમાં મદદ કરવાને પણ તેઓ તૈયાર છે; માત્ર કામ કરી શકે તેવા વિશ્વાસલાયક માણસોનીજ ખામી છે. બે ચાર ગૃહસ્થોએ પ્રસંગોપાત મને કહ્યું હતું કે, અમારી પાસે ધર્માદાના ઘણાએ પૈસા પડેલા છે, પણ અમે એવા ઉપાધિમાં પડેલા છીએ કે અમારાથી જાતે મહેનત લઇને કાંઇ બની શકે તેમ નથી, અને તે કેવી રીતે ખર્ચવાથી તેનો વધારો સારો ઉપયોગ થઇ શકે, તે હજી સમજાયું નથી, જો એવી કોઇ યોજના અમારા ધ્યાનમાં ઉતરે અને કામ કરી શકે તેવા વિશ્વાસ લાયક માણસ મળે તો અમે પૈસા આપવા તૈયાર છીએ. અમે તો એવાં કામો અને માણસોનેજ શોધીએ છીએ, પણ એવા કોઇ મળતા નથી, ને જે મળે છે તે મૂર્ખાઇભરેલા ફાળાઓ લઈને ચાલ્યા આવે છે, એટલે તેથી કંટાળીને કેટલાકોને તો ચોખ્ખી ના પાડીએ છીએ, અને ઘણાઓને જરાએ શ્રદ્ધા–ભક્તિવિના શરમાશરમે ભરી આપવું પડે છે. પંડિતજી, જે શ્રીમંતોએ તમોને ના પાડી હશે તેજ શ્રીમંતો અમારા ફાળામાં મ્હોટી રકમો ભરી આપશે, એટલુંજ નહિ પણ તે પોતે પગે ચાલીને અમારી સાથે આવશે અને અમારીવતી પોતાના મિત્રો પાસે ભીખ માગવા લાગશે; કારણ કે અમારા ફાળા દેશહિતના એટલે કે સૌને ગમે તેવા પરમાર્થના હોય છે તમે હડધૂત થાઓ છો તેનું કારણ એ છે કે તમારા ફાળા તમારા પોતાનાજ સ્વાર્થના હોય છે. માટે યાદ રાખજો કે આપણો

સ્વાર્થજ આપણને હડધૂત કરાવે છે, અને બીજાઓને માટે હલકા ભારે વિચાર કરાવે છે, પણ સત્યપરમાર્થ તો સૌનાં હૃદયમાં ઉતરી શકે તેવોજ હોય છે, અને એને માટે તો સૌનાં દ્વાર સદાય ખુલ્લાં હોય છે. માત્ર સત્ય સમજાવનારા ને કામ કરનારા માણસો જોઇએ. કેમ બૅરિસ્ટર સાહેબ! આ બાબતમાં તમારો શું અભિપ્રાય છે?

બૅરિસ્ટરે કહ્યું:—આપની વાત ખરી છે; મ્હારો પણ એજ અનુભવ છે કે અમુક બાબતમાં નાણાં ખરચ્યાથી બહુજ ભલું થશે, એમ જો ખાત્રી થાય તો લોકો નાણાં આપવાને તૈયાર છે. પ્રૉફેસર સાહેબની યોજના મને બહુ વ્યાજબી લાગી છે, માટે સસ્તું વાચન ફેલાવવાના કામમાં પાંચ હજાર રૂપિયા આપવા હું તૈયાર છું. આ સાંભળીને અજબ થઇને પંડિતજી તો બૅરિસ્ટરના મ્હોં સામુંજ જોઇ રહ્યા!

મહારાજે કહ્યું:—જોયું પંડિતજી! બૅરિસ્ટર સાહેબ તમને પાંચ દોઢીયાં પણ આપે તેમ છે? અને અહિં પાંચ હજાર રૂપિયા! કારણ ઇશ્વિરીસ્નેહનું બળજ કાંઇ અજબ જેવું છે! સાચા પરમાર્થની ખુબીજ કાંઇ ઓર છે!

માસ્તરે કહ્યું:—આપણી વાતોમાંથી ને આપણા અનુભવોમાંથી જ્યારે આટલાં બધાં ભલાંકામો ને આટલો બધો આનંદ નીકળી આવે છે ત્યારે બ્હેનના ને મહારાજના અનુભવમાંથી તો કોણ જાણે કેવાં અમૂલ્ય રત્નો નીકળશે?

બૅરિસ્ટરે કહ્યું:—બેશક, એમનો અનુભવ આપણા કરતાં ઘણો વધારે ચ્હડીયાતો છે, એમાંથી આપણે ઘણું ખાસ નવું શીખી શકીશું. તેઓ આમ વાતો કરતા હતા એટલામાં મ્હેં પ્રૉફેસરને કહ્યું કે, તમારી વાતોથી ને તમારાં કામોથી અમે બહુ રાજી થયા છીએ, પણ તમારી લટકમટકનું શું થયું? એ તો કાંઇક કહો. તે બાઇસાહેબને તમારી કાંઇ અસર લાગી છે કે નહિ?

પંડિતજીએ કહ્યું:—બ્હેન, હવે હું રજા લઉં?

મ્હેં કહ્યું:—મહારાજજીને હવે સ્નાનનો વખત થયો છે, માટે પ્રૉફેસર સાહેબની વાત પૂરી થાય એટલે આપણે સૌ ઉઠીએ. મહારાજજી કાલે બદ્રીનારાયણ તરફ જવાના છે, અને મને સંસાર સુધારાના વાર્ષિક મહોત્સવ માટે પૂને જવાનું છે, માટે હાલમાં થોડો વખત આપણો અહિંનો સત્સંગ બંધ રહેશે.

જ્યારે મ્હારી લટકમટક સુધરી ત્યારેજ હું સુધર્યો છું

પ્રૉફેસરે જરા હસતે હસતે રમુજમાં કહ્યું:—ઓહો! મ્હારી લટકમટક! બ્હેન, હવે તે એવી નથી રહી હો! હવે તો મીરાંબાઇ બની છે! જો તે એવી ને એવી રહી હોત તો હું આવો ક્યાંથી થાત? તે લટકમટક હતી ત્યાંસુધી હું પણ છેલબટાઉ હતો, પણ જ્યારે તે સુધરી ત્યારેજ હું સુધર્યો છું. તેણે પાન ખાવાં ઓછાં કર્યાં ત્યારે આપણે બીડી ઓછી કરી, તેણે ભજીયાં—ઢોકળાં ઓછાં કર્યાં ત્યારે આપણે સોડા—સરબત ઓછાં કર્યાં, તેણે ચ્હા—કૉફી ઓછાં કર્યાં ત્યારે આપણે પણ એમજ કર્યું, તે ભજનમંડળીમાં જાય છે ત્યારે આપણે સભાઓમાં જઇએ છીએ, તે પૂજામાં બેસે છે ત્યારે આપણે લખવા બેસીએ છીએ, તે વાંચવા બેસે છે ત્યારે આપણે તેના માસ્તર બનીએ છીએ, અને તે માળા ફેરવે છે ત્યારે હું મ્હારી યોજના વિચારવા બેસુંછું. આ બધો ફેરફાર પ્રથમ કુદરતે કરેલો છે, અને પછી એક ભક્ત મળી ગયા તેણે અમારી બંન્નેની જીંદગી સુધારી છે. કુદરતી ફેરફાર એજ કે અગાઉ અમે બહુ મોજ—શોખમાં રહેતાં હતાં, ખાવું, પીવું, ફરવું, હરવું, રમત—ગમ્મત કરવી, નાટક—ચેટક જોવાં, નવાં નવાં ખેણુ—ખોતક કરવાં, જ્યાં ત્યાં ધરારપટેલ બની બેસવું, મનમાં મનમાં "હમબી નવાબ ભરૂચ કે" એમ સમજ્યા કરવું, આખી દુનિયામાં જેટલું ડહાપણ છે તેના દસ ભાગ કરીએ તો તેમાંથી નવ ભાગ તો અમને બન્નેજ મળેલા છે, અને બાકીના એક ભાગમાં આખી દુનિયા છે, એવો પવન મગજમાં

ભરી રાખવો અને ધૂમાડાના બાચકા સાથે રમ્યા કરવું, એમાંજ અમારી જીંદગી ચાલી જતી હતી. એ વખતે અમને ખબર નહિ કે કુદરત વ્યાજ સાથે વેર લે છે. પણ અમે ધ્યાન ન રાખ્યું તે સારૂ કાંઇ કુદરતના નિયમ ફરી જાય નહિ, એ ભજીયાં ને ઢોકળાં, ઘારીપુરી ને હલવા, બાસુંદી ને દૂધપાક, ખમણપહુવા ને આઇસક્રીમ, સોડા ને શરબત, પાનપટી ને બીડી અને ચ્હા તથા કૉફી દિવસમાં ત્રણ ત્રણ વખત ઉડાવતાં હતાં, તથા નાટકોમાં ને પાર્ટીઓમાં ઉજાગરા કરતાં હતાં, નોકરો ઉપર મિજાજ બગાડતાં હતાં, નજીવા નજીવા ફાંટાઓ સારૂ મનમાં કચરો ભરતાં હતાં, ઉપર છરા માન-મર્તબા સારૂ પછાડા ખાતાં હતાં, બહુજ નાજુક બની જઈને આપલપોપલીયાં જેવી બાબતોમાં પરદેશી અજાણી દવાઓની બાટલીઓ ઉડાવતાં હતાં, અને જેમ રખડે તેમ મનને રખડવા દીધું હતું, તેનો બદલો લેવાનું કાંઈ કુદરત ભૂલી જાય કે? યુવાનીના વખતનો અમારો એ ઉપાડો ઘણાં વરસ સુધી કુદરતે જેમ તેમ ચલાવી લીધો, પણ પછી જ્યારે અવસ્થા બદલાવા માંડી ત્યારે કુદરત વ્યાજ માગવા લાગી. મ્હારી લટક-મટકને જૂનું અજીર્ણ થયું ને તેમાંથી ઉલટીનું દરદ શરૂ થયું, અને મને મીઠીપીસાબનો રોગ લાગુ પડયો. એ પછી બે વરસ સુધી તે બહુ હેરાન રહી, અને "આજ મરે કાલ મરે" એવી થઈ ગઇ. એ વખતે હવાફેર કરવા સારૂ અમે વાલકેશ્વરમાં રહેતાં હતાં, ત્યાં અમારા પાડોશમાં એક વિધવા ભાટીયાણી રહેતી હતી, તેની સાથે મ્હારી લટકમટકને ઓળખાણ થઈ. એ બાઇ પુખ્ત ઉમ્મરની ને બહુજ જામેલા વિચારોની હતી. તેની શ્રદ્ધા-ભક્તિ અજબ જેવી હતી. તેનો કર્મકાંડ, તેના યમ-નિયમ, તેનો સાત્વિકત્યાગ અને તેનો પ્રભુ-પ્રેમ જોયે ત્યારે એ જોઇને આપણું હૃદય પણ દ્રવિભૂત થયા વિના રહે નહિ. એ બાઇના આચરણથી મ્હારી વ્હાલીને બહુ અજાયબી

ને ખુશાલી લાગી, અને તેની અદ્‌ભુત પ્રેમવાળી ભક્તિ જોઈને તેના અંતરમાં ધર્મભાવ જાગૃત થયો, તેથી તેણે પૂછયું કે, "બ્હેન તમે આ બધું કેમ પાળી શકો છો ? તમે મનને કેમ જીવી શકયાં છો ? અને તમને આટલું બધું ઈશ્વિરીજ્ઞાન કયાંથી મળ્યું ?"

એક મહાનભક્તની ભલી અસર

ત્યારે તે ભલીબાઈએ કહ્યું કે, "એક મહાનભક્ત છે તે દરરોજ મંદિરમાં ઉપદેશ કરે છે, ને લોકો પાસે ભજન કરાવે છે, હમ્મેશાં સેંકડો માણસો તેનો લાભ લે છે, એ ભજનમંડળમાં જઇ તે મહાનભક્તના સત્સંગનો લાભ લેવાથી મ્હારી જીંદગી સુધરી છે.

બ્હેન, શું હું એ ભક્તની વાત કરૂં? તે બોલવા ઉઠે છે ત્યારે જાણે ગંગાજીનો પ્રવાહ ચાલતો હોય એવી પવિત્રતા ફેલાવી દે છે ! તેની વાણીમાંથી અમૃત ઝરે છે, અને એ અમૃતના પાનથી મ્હારાં જેવાં સેંકડો પાપી માણસો સુધરી ગયાં છે. જાણે સાક્ષાત સરસ્વતીજ તેની વાણીમાં હોયની ! આગલી જીંદગીમાં ભૂલો કર્યા પછી એ દસકો વિત્યા બાદ છેલ્લાં બાર વરસ થયાં મનની શાન્તિ મેળવવા માટે હું બહુ બહુ ઠેકાણે રખડી છું. ચાર ધામની યાત્રા કરી આવી છું, ધણા સાધુ-સંતને મળી આવી છું, ધણા પંડિતો ને સંન્યાસીઓ મ્હારી પાસે આવી ગયા છે, અને મ્હારા મ્હોટા સસરાના જાણીતા નામને લીધે ધણા સારાં સારાં માણસોનો સમાગમ મને થયો છે, પણ આ ભક્તવિના કયાંઈ મ્હારૂં મન ઠર્યું નથી; માટે હું તો એના ચરણમાં પડી છું, ને એથી મ્હારી જીંદગી સુધરી છે."

આ વાત સાંભળીને મ્હારી વ્હાલીને એ ભક્તને મળવાની ઇચ્છા થઇ. પણ તે હાલી-ચાલી શકે તેવી સ્થિતિમાં નહોતી, મરવાને તેને ઘડીઓ જતી હતી. મ્હોટો ડૉક્ટર મ્હારો મિત્ર છે, તે કહી ગયો હતો કે, હવે એને માટે કાંઈ આશા નથી, મોડો વ્હેલો પણ એ કેસ ખોટો

છે. તે પોતે પણ એમ સમજતી હતી કે હું આમાંથી નહિ બચું. આવી સ્થિતિમાં હતી પણ હજી તેની હુશિઆરી ગઇ નહોતી, તેથી તેણે કહ્યું કે, "બ્હેન, ગમે તેમ કરીને મને એ ભક્તનાં દર્શન કરાવો, મરતાં પહેલાં એવા મહાનભક્તની વાણી સાંભળી લઉં તો સારૂં. ગમે એટલું ખર્ચ થાય પણ એ ભક્તનાં મને દર્શન કરાવો."

એ સાંભળીને તે ભક્તિમાન બાઇએ કહ્યું કે, "બ્હેન એ ભક્ત ગૃહસ્થ છે, છતાં એવા નિસ્પૃહિ છે કે એના જેવા નિસ્પૃહિ તો લંગોટીવિનાના ગુફામાં બેઠેલા યોગીઓને પણ મ્હેં જોયા નથી. એ કદિપણ કોઇની પણ પાઇની આશા રાખતા નથી. પોતાના ઓળખાણવાળા ખાસ હરિજન ન હોય તેવાં માણસોની કાંઇ ભેટ–સોગાદ પણ તે કબૂલ રાખતા નથી. તે ચાહીને કોઈ ઠેકાણે જતા નથી, પણ મ્હારી ઉપર તે બહુ કૃપા રાખે છે, ને તમારી તબિયત આટલી બધી નબળી છે, એટલે મને આશા છે કે અહિં પધારવાની કૃપા કરશે. ઘણું કરીને આજ સાંજ સુધીમાં હું તેને તમારી પાસે તેડી લાવીશ."

આપણે તો થોડે દૂર ઇઝીચૅર ઉપર પડયા પડ્યા આ વાતો સાંભળીને મનમાં ને મનમાં હસતા હતા કે આજના વખતમાં કેવા ભક્ત ને કેવી વાત! બધું ઢોંગ! બાયડીઓમાં જો અકકલ હોય તોપછી બીજું જોઇએ શું? ડૂબતો ફીણને વળગે તેવી આ વાતો છે! જો મ્હારી લટકમટક સાજી સમી હોત તો તેને એમ લાગત કે આ બાઇ બહુ વ્હેમી છે, આટલી બધી સેવાની કૂટ શું? આટલું બધું ન્હાવું–ધોવું શું? આટલી બધી અંધશ્રદ્ધા શું? અને આટલીબધી મરજાદની કઠિન વિધિઓ પાળવી તે શું? એ બધું નબળા મનનું કામ છે, એમ સમજીને તે પોતે પણ આ બાઇની ચેષ્ટા કરત; પણ લાંબા વખતના મંદવાડને લીધે તેનું મગજ ખાલી પડી ગયું છે, તેથી આ બાઇની ધર્મભાવના તેને સારી લાગે છે. ઠીક છે, એમાં કાંઇ આપણને

અડચણ જેવું નથી, કાંઇ લેવું-દેવું પડતું નથી, કે કાંઇ વ્હેમ જેવું પણ નથી, ત્યારે એની છેવટની ઇચ્છા પાર પડે તો સારૂં એમ ધારીને મને કોઇ ઉપર શ્રદ્ધા નહોતી, છતાં પણ હું એ બાબતમાં વચ્ચે પડયો નહિ.

એ પછી તે બાઇની બહુ લાગણી જોઇને તેને ખાતર અને મ્હોતને બીછાને પડેલ માણસને છેવટનો દિલાસો દેવાને ખાતર તે ભક્ત અમારે ઘેર આવ્યા. તેને બારણાંમાંથી આવતા જોઇને મ્હારી વ્હાલીને એટલો બધો હર્ષ થયો કે જાણે તે કોઈ ફીરસ્તાને કે દેવને જોતી હોયની તેમ અતિશય ખુશાલીમાં આવી જઇને પોતાની મેળે પથારીમાં બેઠી થઇ ગઇ, ને ભક્ત સામે હાથ જોડી હર્ષના ઉભરામાં રોઇ પડી! એ જોઇને મને બહુ અજાયબી લાગી કે, આ શું? મહિનો દિવસ થયાં બે જણની મદદ વિના તે પડખું ફરી શકી નહોતી ને આજે કોઇની મદદ વિના ઉઠી કેમ શકી! હું આમ અજબ થતો હતો એટલામાં ભકતે ખાટલા પાસે આવીને કહ્યું કે, જયશ્રીકૃષ્ણ બાઇ ફિકર કરો નહિ પ્રભુઉપર વિશ્વસ રાખો, ઇશ્વિર સૌ સારૂં કરશે. તમે સૂઇ જાઓ. બહુ પરિશ્રમ પડે એમ ન કરો." એ પછી આસ્તેથી મ્હેં તેને સુવારી.

મ્હારી વ્હાલીએ કહ્યું:-"તમારા દર્શનથી હું કૃતાર્થ થઇ. આ બ્હેને તમારે માટે વાત કરી ત્યારથી તમને મળવાની મને બહુ ઇચ્છા થઇ. તમે મ્હારી ઉપર બહુ દયા કરી છે. તમારા દર્શનથી હું મ્હારૂં બધું દુઃખ હમણાં ભૂલી ગઇ છું. તમે હજારો માણસોનાં જીવન સુધાર્યાં છે, હવે મ્હારૂં મ્હોત સુધારો, હું થોડા વખતની મહેમાન છું. એટલામાં મને શાંતિ મળે એવો કાંઇક રસ્તો બતાવો."

ભકતનો ઉપદેશ

ભકતે કહ્યું:-" બાઇ, પ્રભુને યાદ કર્યા કરો, એટલે દુઃખના ખ્યાલો ઓછા થઈ જશે, તેથી તમે જલદી સાજાં થઇ શકશો.

મ્હોતના વિચારને બદલે પ્રભુના મહિમાના વિચાર કરો. જાણે-અજાણે જે પાપ થઇ ગયાં હોય તે માટે પશ્ચાતાપ કરી પ્રભુની માફી માગો. ફરીથી નવાં પાપ ન થાય એવા ઠરાવ કરો, અને જે પાપ થઇ ગએલાં છે તેનો નાશ કરવા માટે હવે બીજાં ભલાંકામો કરો, એટલે શાંતિ મળશે. પ્રભુ ભાવના ભૂખ્યા છે, વસ્તુના ભૂખ્યા નથી; માટે અંતરમાંથી સાચોભાવ રાખો. હાલમાં બિમાર છો ત્યાંસુધી અરર, ઓય ઓય, ને હાય માડીરે કરવાને બદલે જરા કઠિન થઈને મનમાં મનમાં પ્રભુનું નામસ્મર્ણ કર્યા કરો. કોઇ પાસેથી વિષ્ણુસહસ્ત્ર નામના અર્થ સાંભળ્યા કરો. એથી થોડા વખતમાં તમને શાન્તિ મળશે. બાઇ, દુઃખના વિચારો તો ઘણા વરસ થયા કરો છો, મોજ-શોખના વિચારો પણ ઘણા વરસ કર્યા છે, પૈસાના ને માનના વિચારો પણ ઘણાં વરસ ક્ર્યા છે, અને રાગ-દ્વેષના વિચારોમાં તો આજ દિવસ સુધીની જીંદગી કહાડી છે, પણ હવે એ બધા વિચારોને બાજુએ મૂકીને થોડીવાર સર્વશક્તિમાન પરમકૃપાળુ પિતા સચ્ચિદાનંદ પરમાત્માના વિચાર કરો; અને પછી જુઓ કે એનો આનંદ કેવો છે? બાઇ, આજસુધી તમે ઘણી જાતની કડવી દવાની ગોળીઓ લીધી છે, પણ હવે જરા રામનામની મીઠી ગોળી તો લઈ જુઓ? આજસુધી તમે ઘણી જાતની ગરમ દવાઓ પીધી છે, પણ હવે જરા ધર્મની ઠંડી દવા તો પી જુઓ? આજ દિવસસુધી તમે ઘણાએ તીખા તમતમતા માલ ઉડાવ્યા છે, પણ હવે મન ઠરે તેવો જરા પરમાર્થનો માલ તો ચાખી જુઓ? અને આજ દિવસ સુધી તમે ઘણી જાતની હાયહાય કરી જોઇ છે, પણ હવે જરા પ્રભુને ખાતર જીગરની લાગણીથી તરફડી તો જુઓ! બાઇ, દયાળુ પ્રભુ બૂરાંકામો માટે જેમ વ્યાજ સાથે વેર લે છે તેમ ભલાંકામોનો તે અનંતગણો બદલો આપે છે, અને તે ટગાવી ટગાવીને નહિ, કે મુવા પછી નહિ, મુવા પછીનો

બદલો તો વળી જૂદો, પણ આ તો તુરતજ એજ વખતે તે ઘણુંએ આપે છે. ભોજનના દરેક કોળીઆમાં જેમ તૃપ્તિ, આનંદ, ભૂખની શાન્તિ અને શક્તિ રહેલી છે, તેમજ પ્રભુના દરેક નામમાં અંતરનો સંતોષ, પાપ અટકાવવાનું બળ, કર્તવ્ય બજાવવાની શક્તિ અને સ્વાભાવિક આનંદ રહેલો છે; માટે હમણાંજ જરાવાર આંખો મીચી બીજા વિચારો છોડી દઇ મન શાન્ત કરીને મહાનપ્રભુના પવિત્ર નામની એક માળા ફેરવો; અને પછી જુઓ કે કેટલો બધો ફાયદો થાય છે?" એમ કહીને તે ભક્તે પોતાના હાથમાંથી માળા મ્હારી વ્હાલીના હાથમાં આપી, કારણ કે અમે તો પ્રૉફેસર સાહેબ એટલે અમારા ઘરમાં માળા કયાંથી હોય? શાન્તિમાં રહીને પાંચ મિનિટ તેણે માળા ફેરવી. એ વખતે જાણે તેમામાં નવું જીવન આવ્યું હોય એમ મને લાગ્યું; કારણ કે જાણે તેના હૃદયનો ભાર હલકો થઇ ગયો હોય, જાણે તેનું દુઃખ ઓછું થઇ ગયું હોય, જાણે તેને કાંઇક માનસિક દિલાસો મળી ગયો હોય, જાણે તેને કાંઇક ગુપ્તબળ મળી ગયું હોય, જાણે તેના મનમાં કાંઇક નવી આશા આવી હોય, અને જાણે તે કાંઇક મીઠડું સ્વપ્નું જોતી હોય એવો આનંદ તેના ચ્હેરા ઉપર ખીલી નીકળ્યો ! એ વરસના મંદવાડમાં કોઈ દિવસ મ્હેં તેની આવી શાંતિદાયક સ્થિતિ જોઇ નહોતી. મને લાગે છે કે,

એ ભક્તના પ્રતાપે મ્હારી લટકમટકમાં ધર્મભાવના જાગૃત થઇ

એ ભાવનાથી તેનામાં નવુંજીવન આવ્યું, અને એ જીવનના બળથી તે મરતી બચી. એ પછી તેની તબિયત સુધરતી ચાલી. પંદર દિવસમાં તે ઘરમાં હરતી-ફરતી થઈ ગઈ, અને એક મહિનાની અંદર તે ભક્તના ભજનમંડળમાં જવા લાગી; કારણ કે તે ખાત્રીપૂર્વક એમ સમજે છે કે એ ભક્તના પ્રતાપેજ હું મ્હોતના મ્હોડામાંથી છૂટી છું. ખુબીની વાત એ છે કે સ્મશાન વૈરાગ્યની

પેઠે સાજી થયા પછી તેનામાંથી એ ભાવના ઘટી ગઇ નથી, પણ રોજ વધતી જાય છે, તેથી પ્રથમ અમારા દિવાનખાનાનું વાતાવરણ બીડીઓના ધુમાડાથી ભરાતું તેને બદલે હવે ઇશ્વરની સ્તુતિઓના પડધાઓથી ભરાય છે; અમારા કબાટો સાધારણ પ્રકારનાં નૉવેલો ને નાટકોથી ભરાતાં તેને બદલે હવે ધર્મપુસ્તકોથી ભરાય છે; અમારા ઓરડામાં હીંગ, મરચાં ને કાંદાની બાસ આવ્યા કરતી તેને બદલે હવે પૂજાના ઓરડામાંથી સુખડ, અગરબતી ને કપૂરની વાસ આવ્યા કરેછે; અમારે ત્યાં પ્રથમ દરજી, કાપડીઆઓ, ધોબીઓ ને મોચીઓનાં મુખ્યતાથી દર્શન થતાં તેને બદલે હવે શાસ્ત્રીઓ ને ભકતોનાં દર્શન થવા લાગ્યાં; અમારી ગાડી પાલવા ને બૅંડસ્ટેન્ડ તરફ દોડતી તેને બદલે હવે મહાત્માઓને ઘેર ને ભજનમંડળમાં દોડવા લાગી; અમારા દિવાનખાનામાં પ્રથમ સોડાની બાટલીઓ ને સોગઠાંઓના ખખડાટ થતા તેને બદલે હવે માળાના પારાના ખખડાટ થવા લાગ્યા, અને અગાઉ અમારૂં દિવાનખાનું અર્ધા નાસ્તિકોથી ભરાતું તેને બદલે હવે દયાની દેવીઓથી ભરાવા લાગ્યું. આ બધું જોઇને મ્હારી ઉપર પણ તેની ગંભીર અસર થવા લાગી, તેથી મ્હારી લટકમટકની સાથે થોડો થોડો હું પણ સુધરવા લાગ્યો.

મહારાજજી, મને અજાયબી એ લાગે છે કે એ ભક્તમાં એટલો બધો પાવર કેમ આવ્યો હશે? કારણ કે હું જ્યારે ત્યારે બહુ ખુલ્લી રીતે જોઇ શકું છું કે મ્હારી વ્હાલી જ્યારે થોડો વખત સત્સંગમાં જઈ આવે છે ત્યારે તેનું બધું રૂપજ બદલાઇ જાય છે! જો કોઇ સ્થૂલરૂપ સાથે તેની સરખામણી કરૂં તો પ્રભુપ્રેમમાં મીઠો નીસ્સો હોવાથી જાણે ઉંચીજાતના દ્રાક્ષારસની મીઠી ખુમારીમાં હોયની, એવો તેનો દેખાવ થઇ જાય છે! એ વખતે તેનો સ્વભાવ આનંદી બની જાય છે, તેનો મિજાજ કાબૂમાં આવી જાય છે, તેની આંખમાં શરમ આવી જાય છે, તેની જીભમાં મીઠાસ આવી જાય છે. તેના હૃદયમાં

દયા આવી જાય છે, તેના વિચારો ઉંચા પ્રકારના થઇ જાય છે, તેની સુસ્તી ઉડી જાય છે, તેનું કામ કરવાનું બળ વધે છે, તેની ખમી ખાવાની શક્તિ વધે છે, તેના અંતરની શાંતિ વધે છે, અને એક જાતનો સ્વાભાવિક આનંદ તેના ચ્હેરા ઉપર તરવર્યા કરે છે. આ બધું નજરે જોવાથી ને સ્પષ્ટરીતે અનુભવમાં આવવાથી મને એમ લાગે છે કે એ ભક્તમાં કાંઇક મહાશક્તિ છે, અને તેનામાં કાંઇક ખાસ ખુબી છે, એમાં તો કાંઇજ શક નથી; કારણ કે એક હજાર માસ્તર રાખું તો પણ મ્હારી લટકમટકનો મિજાજ કોઇથી ઠેકાણે આવી શકે તેમ નહોતું, એક લાખ રૂપિયા ખરચું તોપણ તેનું અભિમાન જાય તેમ નહોતું, અને ચાબુકે ચાબુકે મારૂં તોપણ તે પોતાની રીતભાત બદલે તેવી નહોતી; પણ કાંઇ પણ ક્રિયાવિના કે જરાએ જોરજૂલમવિના માત્ર એ ભક્તનાં દર્શનથીજ એ બધું એની મેળે મેળે બદલાઈ ગયું; માટે મને લાગે છે કે એ ભક્ત ઉપર ઇશ્વિરની કૃપા છે. છતાં પણ અફસોસ કે હું હજી એના સત્સંગમાં ભળી શકતો નથી, મ્હારાં બૂટ ને પાટલુન ભક્તની સાદડી ઉપર બેસવામાં મને નડે છે!! મને મ્હારા મનમાંથી એમ લાગ્યા કરે છે કે, એ ભક્ત તો સારા માણસ છે, પણ તેની પાસે બેઠેલા મેલા ઘેલા મૂર્ખાઓની વચ્ચે બેસવું એ

મ્હારૂં પૉઝીશન

નહિ, એમ સમજીને હું ત્યાં જઇ શકતો નથી. પણ મ્હારી વ્હાલી મને વારે વારે કહે છે કે, “દારૂડીઆઓની સાથે દોસ્તી રાખો એ તમારૂં પૉઝીશન, તમારા દોસ્તોના કૂતરાઓ સાથ એક કૉચ ઉપર બેસો એ તમારૂં પૉઝીશન, નાસ્તિકોની સાથે મળી ધર્મની નિંદા કરો એ તમારૂં પૉઝીશન, ખાનપાનમાં ભ્રષ્ટાચારવાળાઓની સાથે ભળો એ તમારૂં પૉઝીશન, અને આપણે ફરવા જઇએ ત્યારે વિક્ટોરીયા ગાર્ડનમાં

વિલ:યતી વાંદરાઓની ખુશામત કરો એ તમારૂં પૉઝીશન; પણ હજારો માણસોને ધર્મના રસ્તામાં લાવનાર ઇશ્વરના કૃપાપાત્ર ભક્ત પાસે બેસવામાં તમારૂં પૉઝીશન નહિ !! વાહરે વાહ ! ધન્ય છે તમારા પૉઝીશનને !" આવી રીતે મ્હારી લટકમટક લટકામટકા કરતે કરતે મને ફટકાઓ મારી લેતી, અને વળી સમજાવીને પણ કહેતી કે, "તમે તમારા પ્રૉફેસરપણા સામું જોઇ રહ્યા છો, પણ એ ભક્તનાં ભલાં-કામો તરફ તો જુઓ ! હજારો માણસોના મનમાં તે ધર્મનાં બીજ વાવે છે, સેંકડો માણસોને પાપથી બચાવે છે, હજારો માણસો એ ભક્તને લીધે પોતાની ભૂલો સમજતાં થયાં છે, સેંકડો માણસો એ ભક્તના ઉપદેશથી પરમાર્થમાં લાગેલાં છે, એ ભક્તની ભલીવાણીથી સેંકડો કુટુંબોના ઘરસંસાર સુધરેલા છે, એ ભક્તનાં રૂડાં આચરણથી ઘણાએ નવા ભક્તો થઇ શક્યા છે, એ ભક્તની ભક્તિના પ્રતાપે ઘણાએ ભાવિક માણસોનાં શરીરનાં ને મનનાં દરદો મટયાં છે, અને જગતમાં પ્રભુનો મહિમા વધારી સદ્ધર્મ ફેલાવવા સારૂ એ ભક્તે પોતાના દરેક જાતના સ્વાર્થનો ભોગ આપેલો છે, એવા મહાત્મા પાસે જતાં તમે શરમાઓ છો !! પ્રભુ ! એવી શરમ ઉપર દયા કરો. જે માણસને જોવાથી આપણી આંખો ઠરે, જેની વાણી સાંભળ્યાથી આપણું મન ઠરે, જેના હૃદયના ભાવ સમજ્યાથી આપણી બુદ્ધિ ઠરે અને જેનાં આચરણો જોવાથી આપણું અંતર ઠરે, તે ભક્ત પાસે બેસતાં તમારૂં પૉઝીશન જાય છે ! શાબાશ છે, તમારા પૉઝીશનને ! અરે જેની વાણીમાંથી ઇશ્વરીજ્ઞાનનો પ્રવાહ વહે છે, જેની આંખોમાં ઇશ્વરીસ્નેહ ઝબકી રહ્યો છે, જેના ચ્હેરામાં અખંડાનંદ પ્રકટી રહ્યો છે, જેના મનમાં પોતાના બંધુઓના કલ્યાણની ભાવનાઓ રમી રહી છે, જેની જીભમાં પ્રભુ વસી રહ્યો છે, જેના લોહીમાં પરમાર્થ ફર્યા કરે છે, અને જેના શ્વાસમાંથી શાન્તિ વહ્યા કરે

છે, તેની પાસે બેસતાં તમારૂં પૉઝીશન ઘટે છે કાં? જો ડાહ્યા હો તો વ્હાલા, તેના દાસ બનો; કારણ કે આપણને દોરી શકે એવી તેનામાં મહાશક્તિ છે, માટે જો જીવન સુધારવું હોય તો એ ભક્તના દાસ થાઓ; અને દાસ ન થઈ શકો તો દોસ્ત થાઓ. એમ કર્યાવિના—એવી બેટરીની મદદ લીધાવિના આપણામાં સાચુંબળ આવી શકશે નહિ; માટે જો કલ્યાણની ઇચ્છા હોય તો એ ભક્તના મદદગાર થાઓ."

બહારની લુખીપુખી ભક્તિથી ખરો આનંદ મેળવી શકશો નહિ

મહારાજજી, આવી રીતના મ્હારી વ્હાલીના રોજના ઉપદેશથી મ્હારી શરમ ઓછી થઇ, અને પ્રસંગોપાત હું પણ એ ભક્ત પાસે જવા લાગ્યો. આ પ્રસંગે મ્હારે કબૂલ કરવું જોઇએ કે એ ભક્તના પ્રતાપે મ્હારી વ્હાલી સુધર્યા પછીજ ધીમે ધીમે હું સુધરી શકયો છું, અને મ્હારામાં સુધારો થયા પછીજ મ્હારા ભલામિત્ર દિનકરરાવનાં પરોપકારી કામોની મને અસર થઈ શકી છે. હવે મ્હારી લટક–મટક બીજી નાનકડી મીરાંબાઈ બનતી જાય છે, અને હાલમાં તેણે વળી એક નવું કામ ઉપાડેલું છે, કારણ કે ભક્તરાજે તેને કહ્યું કે, "જ્યાં સુધી તમે તમારા પ્રમાણમાં મન, વચન ને કર્મથી, તથા તન, મન ને ધનથી જગતની સેવા કરી નહિ શકો ત્યાંસુધી બહારની ઉપરછરી લુખીપુખી ભક્તિથી તમે મહા આનંદ મેળવી શકશો નહિ." તે ઉપરથી બહુ ધ્યાન આપીને ઘરખર્ચમાં તેણે ઘણો બચાવ કરેલો છે, અને એ બચાવેલા પૈસા તે ધર્માદામાં ખરચવા ઇચ્છે છે. મ્હેં તેને એવી યોજના ઘડી આપી છે કે મેટ્રીકથી આગળ વધેલા હોય તેવા આપણી ન્યાતના પાંચ ગરીબ વિદ્યાર્થીને તેઓનો અભ્યાસ પૂરો થતાં સુધી આપણે ત્યાં આપણે ખરચે રાખવા. એક વિદ્યાર્થી પાછળ મહિને દસ રૂપિયા ખોરાકના લાગે છે, એટલે પાંચ જણ માટે પચાસ રૂપિયા

લાગશે. આપણો બંગલો મ્હોટો છે તેમાં થોડું ખર્ચ કરીશું એટલે બધાનો સમાસ થઇ શકશે. આપણને મહિને સવાસો રૂપિયા બચે છે, એટલે તેમાંથી એ ખર્ચ કાંઇ ભારે પડવાનું નથી. આપણી નાતના એટલા વિદ્યાર્થીઓ ન મળે તો બીજા કોઇ લાયક વિદ્યાર્થીઓને રાખવા, અને તે પાસ થઈ જાય ત્યારે તેની જગ્યા બીજા નવા વિદ્યાર્થીઓને આપવી. એકંદર આપણે ત્યાં પાંચ વિદ્યાર્થીઓ નભ્યા કરે એમ કરવું. એથી આપણે સત્સંગમાં રહી શકીશું અને તેઓના મનમાં સારા સંસ્કાર બેસાડી શકીશું. પ્રભુએ આપણને છોકરાં ન આપ્યાં તો રહ્યું, પણ કોઇકના છોકરાંઓ ઉપર સ્નેહ રાખવાનો ને તેને ભણાવવાનો લ્હાવ તો લઇએ! મ્હારી આ યોજના મ્હારી વ્હાલીને પસંદ પડી, કારણ કે એ કાંઇ ઠાકોરજીના રમકડાંઓમાં, બહારના મેવા–મીશ્રીમાં અને કારણવિનાનાં વાઘા–વસ્ત્રમાં પૈસા ઉડાવી દે તેવી મૂર્ખ નહોતી. જડ ઠાકોરજી કરતાં જીવતા દેવામાં તેને વધારે પ્રેમ છે, તેથી હાલમાં પાંચ વિદ્યાર્થીઓ અમારે ઘેર છે. બે જાતવાળા છે, ને ત્રણ બીજી જાતવાળા છે; તેમાંથી બે ડૉક્ટરનો અભ્યાસ કરે છે, એક વકીલાતનો, એક ઇજીનીયરનો ને એક ખેતીવાડી ખાતાનો અભ્યાસ કરે છે. એ બધા છોકરાઓ ઉપર મ્હારી મીરાંબાઇ બહુ હેત રાખે છે, અને તેઓને બહુ સાચવે છે. આ યોજના થયા પછી તે હમ્મેશાં બહુ આનંદમાં રહે છે, કારણ કે જે પૈસા ખર્ચમાં નકામા જતા-તેમાંથી જરાક વધારે ધ્યાન આપવાથી ને થોડી કરકસર કરવાથી આટલો બધો પરમાર્થ થઈ શકે છે; અને એ બચાવ તેણે પોતે કરેલો છે, એટલે તેને વધારે સંતોષ થાય છે. આ સિવાય સ્ત્રીઓમાં ધર્મનું શિક્ષણ ફેલાવવાની ઇચ્છાથી તે એક શાસ્ત્રી પાસે ધર્મશાસ્ત્રનો અભ્યાસ કરે છે, અને ભક્તરાજ મહારાજ પાસેથી તેની સ્હેલી કુંચીઓ શીખે છે. મહારાજજી! આવી રીતે એ ભક્તની કૃપાથી અમારૂં જીવન

સુધરેલું છે, તેથી અમે આનંદમાં રહી શકીએ છીએ; અને અગાઉ મ્હારી લટકમટક હારમોનીયમ સાથે "અવર મદન અલબેલો" ચલાવતી તેને બદલે હવે મ્હારી મીરાંબાઇ ગાય છે કેઃ—

સ્વર્ગગીત

+ "ખોવાયેલાંને બોલાવોઃ
સ્વામીનો સન્દેશો કહાવોઃ
પગ ધોવાને પાણી લાવોઃ
ખોવાયેલાંને માટે !
આવો, મ્હેલ ઉઘાડો, આવોઃ
દોરી દોરી દોરી લાવોઃ
આવોને ગાતાં સ્વામીને
ખોવાયાં સાથે !
ભૂખ્યાંને ભોજનમાં લાવોઃ
તરસ્યાંને દ્રાક્ષાસવ પાઓઃ
પાથરજો હૈયાં થાકયાંને;
લાવો ખોવાયાં સૌને !
ના ખોવાયાં ના તરસ્યાં છેઃ
ખોવાયાં ભૂખ્યાં તરસ્યાં છેઃ
સાથ તજી એવામાં જાઓઃ
ખોવાયાં લાવો !"

મતલબ કે આપણા જે બંધુઓ ખોવાઇ ગએલા છે, એટલે કે પ્રભુના રસ્તામાંથી બહાર નીકળી ગએલા છે, તેઓને પાછા પ્રભુના રસ્તામાં લાવો, અને તેઓને પ્રભુનો સંદેશો કહો કે, ભાઇઓ, બીહેનો, ચાલો અમારી સાથે, તમારે માટે સ્વર્ગનાં બારણાં ઉઘાડાં છે, અને તમોને દોરી દોરીને અમારી સાથે લઇ જવા અમે તૈયાર છીએ, તથા તમારા

+ "કલાપીના કેકારવ" નામના પુસ્તકમાંથી પૃષ્ઠ ૪૭૭

પગ ધોવા સારૂ અમે પાણી લઇને ઉભેલા છીએ, માટે ઓ ભૂલા પડેલા ભાઇઓ ! પ્રભુના ગુણ ગાતા ગાતા અમારી સાથે સ્વર્ગમાં ચાલો.

જે પ્રભુના રસ્તામાંથી ખોવાઇ ગએલા છે તે ભૂખ્યાં છે, તે તરસ્યાં છે, તે અજ્ઞાની છે, ને તે દુઃખી છે; માટે જાગેલા જીવોને એટલે કે મહાત્માઓને પ્રભુ કહે છે કે, જે મ્હારા રસ્તામાં છે તે દુઃખી નથી, પણ જે ખોવાઇ ગએલાં છે તે દુઃખી છે, માટે તમે એવાઓમાં જાઓ અને જે ખોવાઇ ગએલાં છે, તેઓને અહિં લાવો. એટલુંજ નહિ પણ જે ભૂખ્યાં છે તેને દ્રાક્ષારસ પાઓ, અને જેનાં હૈયાં થાકેલાં છે તેઓને દિલાસો આપો, અને એ બધાને સાથે તેડીને તમે સ્વર્ગમાં આવો.

બંધુઓ ! આ વખતનો અમારો આનંદ કેવો અલૌકિક હોય છે તે સહૃદયોજ સમજી શકે છે. અમે ઇચ્છીએ છીએ કે પ્રભુ સૌને ઇશ્વરીસ્નેહનો આ આનંદ લૂટવાની અને તેમાં રહેલું સાચું સ્વર્ગ ભોગવવાની તક આપે. તથાસ્તુ.

॥ ॐ शांतिः शांतिः शांतिः ॥

॥ जय सच्चिदानंद ॥

કર્મવીર મહાત્મા ગોખલેનો સ્વર્ગવાસ.

मरना भला हय उसका, जो अपने लिये जिये
जीताहय वो, जो मरचुका इन्सानके लिये.

જે સમયે યૂરોપમાં જાગેલા મહાવિનાશક–ઘોર યુદ્ધમાં ભારત માતાના લક્ષાવધિ વીરપુત્રો જીવનની આશા ત્યજીને ભારતીય વીરત્વનો મહિમા ઝળકાવી રહ્યા છે, અને નિત્યપ્રતિ તેમાંના સહસ્ત્રાવધિ વીરવરો એ મહા સમરયજ્ઞમાં પોતાના પ્રાણુની આહુતિ હસતે મુખડે પૂર્ણ વફાદારીથી આપી રહ્યા છે; તેવા સમયમાં પણ જે વ્યક્તિના (તા. ૧૯–૨–૧૫ની રાત્રે થયેલા) દેહાવસાને પ્રત્યેક સમજુ ભારતવાસીનાં ચિત્ત આકર્ષીને પ્રબળ શોક–સમુદ્રમાં ડૂબાવી દીધાં છે; તે ભારતમાતાના અનન્ય સેવક અને આદર્શ પુત્ર, મહાત્મા ગોખલેના સંબંધમાં કાંઇ પણ લખવા કરતાં, તેવીજ કોટીના એક સર્વત્યાગી પુરૂષ–હરદ્વાર ગુરૂકુળના સ્થાપક–મહાત્મા મુન્શીરામના અતિ શોકપૂર્ણ–છતાં તેટલાજ બોધપ્રદ–હૃદયોદ્‌ગાર તેમનીજ હિંદી ભાષામાં નિવેદન કરીશું.

બ્રાહ્મણ કી શિક્ષાપ્રદ મૃત્યુ.

"તાર ચારોં ઓર ખડ્ક ગયા! "ઑનરેબલ ગોપાલ કૃષ્ણ ગોખલે, સી૦ આઇ૦ ઇ૦ ભારત કો સૂના છોડ઼કર પરલોક સિધાર ગએ" ઇસ સમય સારે ભારતવર્ષમેં શોકસભાએં હો રહી હૈં; ઘર ઘર મેં ઐસી ઉદાસીનતા છાઇ હૈ માનો અપના પ્યારાસે પ્યારા જુદા હો ગયા. સમુદ્રપારસેભી સહસ્રોં તાર આવેંગે. વહાંભી સૈકડ઼ોં શોક સભાએં હોંગી."

"ભારતનિવાસી ઇસ લિએ શોક પ્રકટ કરતે હૈં કિ જનની જન્મભૂમિ કા યશ અપને મસ્તિષ્ક કે મહત્વ સે બઢ઼ાનેવાલા રાજ-

નૈતિક અગુઆ ઐસા ઇસ સમય ઢૂંઢે નહીં મિલતા. બૃટિશગવર્નમેન્ટ કે અગ્રણી ઇસ લિએ હમારે સાથ સહદુઃખતામેં સમ્મિલિત હોતે હૈં કિ ઉન કે ચક્રવર્ત્તી રાજ્ય કો ભારત મેં દઢ કરનેવાલા એક ઉચ્ચ સ્તમ્ભ ગિર ગયા; ઔર એંગ્લો ઇન્ડિયન, પાયોનિયરાદિ અખબાર, હમારે ઘાવ પર ઇસ સમય ભી નિમક છિડકનેસે ન રૂકતે હુએ ઔર હમારે મૃત ભાઇ કી દેશભક્તિ કો કૃત્રિમ બતલાતે હુએભી યહ મનાને કે લિએ બાધિત હૈં કિ બૃટિશ રાજ કા એક અદ્વિતીય રક્ષક ઉઠ ગયા. જબ એસી અવસ્થા હૈ તો મેરે દુઃખ કી તો સીમા હી નહીં કિ જિસકા ત્યાગસમ્પન્ન ગોખલે કે સાથ કુછ અનૂઠા હી વ્યાક્તિક સમ્બન્ધ થા. મૈં ઉસ સમૂહમેંસે એક હૂં જો ગોખલે-કી ધીરતા, સચ્ચી વીરતા ઔર ધર્મપરાયણતા પર મોહિત રહે હૈં. અપને શિષ્યોં, અપને પુત્રોં કે સામને મૈં યહી એક વર્તમાન સમયકા આદર્શ જીવન રખતા રહા હૂં કિ જિસ કી પૂર્ત્તિ મૈંને મહાત્મા ગાંધી કે "મહાવ્રત" મેં અનુભવ કી થી. ઇસ લિએ મુઝે તો શોક–સાગર મેં ડૂબ જાના ચાહિએ થા—ઔર ઐસા પહેલે દીન, સમાચાર પાતે હી હુઆ ભી થા; પરન્તુ ઇસ સમય મૈં શાન્તિ સરોવર મેં સન્તોષ સે બૈઠા હૂં ઇસ કા કારણ ક્યા હૈ?"

"જિસ દૃષ્ટિ સે લોગ ગોખલે કો દેખતે થે, ઉસ કા મુઝ પર કુછ ભી પ્રભાવ નહીં પડ઼તા થા. વિસ્તૃત વિદ્વત્તા, અપૂર્વ રાજનૈતિક બુદ્ધિ, અદ્વિતીય તર્કનાશક્તિ–યહ ગુણ વર્તમાન સભ્યતાકે દાસોં કો હિ મોહિત કર સકતે હૈં; મુઝ સે આદર્શ–વાદી ઇન કે ફન્દે મેં નહીં ફસતેં. જિસ પ્રકાર સ્વામી રામ* કીં મૃત્યુ પર મૈંને ઇસ લિએ શોક પ્રકટ કિયા થા કિ વર્તમાન સમય મેં ફિર સે ત્યાગ સંન્યાસ કો ઉસ ને સિખાના ચાહા થા, ઇસી પ્રકાર ગોખલે કી મૃત્યુ ને ભારત નિવા-

* રામતીર્થ.

સિયોં કે આગે સચ્ચે બ્રાહ્મણ કા આદર્શ ઉપસ્થિત કર દિયા. જહાં ભારતવર્ષ મેં ઇસ સમય રાજનીતિ ભી એક પેશા બન રહા હૈ, ઔર દેશસેવાકે નામસે લોગ માલામાલ હો રહે હૈં; વહાં સકામ ભાવ કો લાત માર કર સચ્ચે બ્રાહ્મણ કા જીવન વ્યતીત કરતે હુએ એક ગોખલેને હી પ્રાણ દિએ હૈ. પરન્તુ ફિર ભી તો દારૂણ દુખકા અવસર હૈ કિ બ્રાહ્મણત્વકા આદર્શ લોપ હો ગયા ! પરન્તુ મૈં ઇસ ઘટનાકો ઇસ બાહ્ય દષ્ટિસે નહીં દેખતા."

"યદ્યપિ કુછ કાલસે સર્વપ્રિય ગોખલેકી શારીરિક દશા બહુત બિગડ રહી થી; યદ્યપિ ઉસકે હૃદય પર વિરોધિયોંકે અનુચિત કટાક્ષોંકે ઘાવ પર ઘાવ લગ ચુકે થે; તથાપિ ક્યા કારણ હૈ કિ પ્રાણ પયાણ કરનેસે રૂકે રહે ? પ્રશ્ન હોતા હૈ કિ ક્યોં મહાત્મા ગાંધી કે આશ્રમમેં પ્રવેશ કરનેકે પશ્ચાત્ હી રાજર્ષિને યાત્રાકી તય્યારી કરલી ? મેરે લિયે ઉત્તર સ્પષ્ટ હૈ. ક્યા ઇસમેં સન્દેહ હૈ કિ ગોખલેકા મહાન્ આત્મા ઉત્તરાધિકારીકી પ્રતીક્ષા મેં બૈઠા થા, ઔર ઉસકે પ્રવેશ કરતે હી સાંસારિક કષ્ટોંસે નિવૃત્ત હો ગયા,"

"સંન્યાસીકા આસન જહાં સંન્યાસીકો મિલના ચાહિએ, વહાં બ્રાહ્મણકા ચોલા બ્રાહ્મણકે હી શોભા દેતા હૈ. ભારત-પુત્રોંકો ગોખલેકે વિયોગમેં દુઃખ માનકર ઉસકે મહાનાત્માકો ભી દુખિત નહીં કરના ચાહિએ. ઇન્હેં ઉસકે ઉત્તરાધિકારી મહાત્મા ગાંધીકા શાસન સ્વીકાર કરકે સચ્ચે બ્રાહ્મણ બનનેકા પ્રયત્ન કરના ચાહિએ. જબ સંસાર ભર એક યુદ્ધક્ષેત્ર બન રહા હૈ; જબ ગોલોંકા ભીષણનાદ શાન્તિ ઔર ધર્મકે સન્દેશકો દબાએ હુએ હૈ; વહ સમય એક બ્રાહ્મણકી જીવની પર વિચારકા શયદ નહીં હૈ; પરન્તુ સમય આયેગા જબ ભારત-વર્ષમેં રાજક્રાન્તિકા ઇતિહાસ લિખા જાયગા; ઔર ઉસ સમય જબ શાન્તચિત્ત હો કર ઇતિહાસ-લેખક વિચાર કરેગા, તો

ઉસે માનના પડેગા કિ જિન મહાન આત્માઓંને ભારતનિવાસિયોંકો આત્મવિશ્વાસકા પાઠ પઢાયા ઉન મેં ગોખલેકા ભી બહુત ઉચ્ચાસન હૈ."

પણ્ડિત ગોપાલ કૃષ્ણ ગોખલેકી અકાલ મૃત્યુસે એક ઔર શિક્ષા ભારત સન્તાનકો મિલતી હૈ. કંઈ વિચારશીલોંકા ખયાલ હૈ કિ જો વિવાદ મહાશય તિલકકે સાથ ઇસ સમય ચલ રહા થા, ઉસને ગોખલેકો મૌતકે સમીપ પહુચાને મેં સહાયતા દી. મૈં જાનતાહૂંકિ ગોખલે બાતકો બહુત માનને વાલે થે, ઔર ઇસ લિએ સંભવ હૈ કિ મહાશય તિલકકે અનુચિત કટાક્ષ ઉન્હેં બહુત ચુભે હોં. ક્યા હમારે દેશકે સમાલોચક અબભી કુછ ચેતેગે? ક્યા ઉન્હેં જ્ઞાત નહીં કિ ઉનકે અનુચિત કટાક્ષોંસે કંઈ એક દેશ તથા ધર્મકે સેવકોંકે દિલ ચલની હો જાતે હૈં ઓર ઇસ પ્રકાર કઈ યોગ્ય પુત્રોંકી સેવાસે ભારત માતા વંચિત રહિજાતી હૈ? પરમેશ્વર ભારતનિવાસિયોકે હૃદયોંકો પ્રેરિત કરેં જિસસે વે અપને સચ્ચે સેવકોંકો નિરાશ કરનેકે સ્થાનમેં આશા-સમ્પન્ન બનાને મેં કૃતકાર્ય હો સકેં."

(મુન્શીરામ.)

સ્વર્ગસ્થ મહાત્મા ગોખલેના એક બોધપ્રદ મરાઠી પત્રનો ભાવાર્થ.

"હમણાં આપણે આપણા દેશ માટે અનેક બાજુથી અહોનિશ પ્રયત્ન કરવો જોઇએ. ઉજવળ દેશભક્તિથી પ્રેરિત થઈ જો આપણે આપણા દેશને સર્વાંગ સુંદર બનાવવા માટે પ્રયત્ન કરીએ તો હાલની શરમાવનારી સ્થિતિ લાંબો વખત ટકે નહિ તે ખુલ્લું છે. આજે જે તરફ નજર કરીએ તે તરફ કામનો ડુંગર પડયો છે. તે ઉંચકવાને માટે હજારો સુશિક્ષિતોએ પોતાનો જન્મ ગુમાવવો જોઇએ. પોતાના ઉપર પ્રચંડ જવાબદારી છે એમ લાગી તેઓને સ્ફુરણ થવું જોઇએ. જે ક્ષણ દેશકાર્ય સિવાય બીજા ઉદ્યોગમાં ગઇ તે ફોગટ ગઇ, એવી

મનની તાલાવેલી થવી જોઇએ. જેનું ચિત્ત દેશમય થયું, તેને ઇશ્વર માતૃભૂમિનો ઉદ્ધારક બનાવ્યા સિવાય રહેશે નહિ."

તા. ૨૯ મી અકટોબર ૧૯૦૯. ગોપાળ કૃષ્ણ ગોખલે.

ઉક્ત મહાન વ્યક્તિની આકાંક્ષા અને ઉપદેશને વ્યક્ત કરનાર ઉપલા પત્ર પ્રમાણે યથાશક્તિ સ્વાર્થત્યાગ પૂર્વક વર્તવામાં આવે એજ તેમની પ્રત્યેના સદ્ભાવનું ખરેખરૂં અને સાક્ષાત્ ચિહ્ન છે. અમુક સંયોગ પ્રાપ્ત થાય તો અમુક કરીયે ને તમુક કરીયે એમ જેઓ કહ્યા કરે છે, તેવાઓ દેખાડવા માત્રની અથવા તો ભ્રાન્તિમય લાગણી-વાળાજ હોય છે. સ્વાર્થત્યાગ, સાદાઈ અને એક કાર્યમાં નિરંતર મંડી રહેવાના ગુણોનું અવલંબન કરવાથી એક ગરીબ સ્થિતિમાં જન્મનાર, અને લાક્ષાધિપતિ થઇ શકવાની સગવડ છતાં પણ માત્ર દેશસેવાને ખાતર મરતાં સુધી ગરીબજ રહેનાર પુરૂષ બીજાઓને માટે શું કરી શકે છે, તેનો ઉત્તમ આદર્શ આ મહાત્માના જીવનમાંથી પ્રત્યક્ષ થાય છે.

મંત્રી.

સહાય સ્વીકાર.

નીચેની રકમોની આ ખાતાને મળેલી સહાય આભાર સહિત સ્વીકારવામાં આવે છે.

૫) ચિમનલાલ છોટાલાલના પુન્યાર્થે હા. કીશનલાલ લલુભાઈ
૧૫) મણિલાલ મગનલાલ શાહ, ઠે. ઝવેરીવાડ, અમદાવાદ.
૫) વિઠ્ઠલદાસ કહાનજી ઠક્કર, કોટ, મુંબઇ.
૧। લાલજી દેવજી પટેલ, ઠે. ભીંડી બજાર, મુંબઇ.
૧૦) કાશીભાઇ બાપુભાઇ દેશાઇ, મુ. રોહ (ઉ. ગુજરાત.)
૨) તુલસીદાસ હાથીભાઈ પટેલ, મુ. ધર્મજ (ખેડા)
૫) એક વૈષ્ણવ તરફથી. નડિયાદ.

ગ્રંથ સ્વીકાર.

નીચે જણાવેલા ગ્રંથોનો સપ્રેમ સ્વીકાર કરી તે મોકલનારા સજ્જનોનો આભાર માનવામાં આવે છે. ગુજરાતી ભાષામાં નીકળતી જૂદી જૂદી ગ્રંથમાળાઓનાં પુસ્તકોનો પણ આ વિષયમાં સમાવેશ કરેલો જણાશે. અનેક સજ્જનો પૂછે છે કે,–ફલાણી માળાના કહાડનાર તથા પુસ્તકો કેવાં છે? તે માળા હજી ચાલુ છે કે કેમ અને તે ચાલુ રહે એમ લાગે છે કે કેમ? પ્રથમથી લવાજમ ભરવામાં હરકતતો નથી ને? ફલાણી જા૦ ખ૦ વિવિધમાળામાં છપાઇ હોવાથી વિશ્વાસ રાખીયે? આં વિષે જૂદા જૂદા જવાબ આપવાનું ફાવે તેમ ન હોવાથી અત્ર જણાવવા રજા લઇશું કે એવી બાબતોની માહિતી મેળવવાનું તેમજ પૂરી પાડવાનું તેમજ આ માળામાં અપાતી જાહેર ખબરો વિષે તેવી ચોકસી કરી ખુલાસો લખવાનું કાર્ય અમારૂં નથી.

આ તરફ મોકલાતાં પુસ્તકોની સમાલોચના માટે લખનાર સજ્જનોને સવિનય જણાવવાનું કે, અવલોકનના અવકાશને અભાવે માત્ર ગ્રંથનું નામ, કદ, મૂલ્ય, ઈ૦ બાબતો બબ્બે ચાર ચાર લાઇનમાં આપવાનું ધોરણજ, આ વિષય શરૂ કર્યો ત્યારે જણાવવામાં આવેલું છે.

જણાવવાને દિલગીર છીએ કે સંસ્થાના ચાલુકાર્યના બોજાને લીધે, વિના મૂલ્યે તેમજ સસ્તાપણાના ધોરણે નીકળતાં પુસ્તકો ઈ૦ વિષે કેટલુંક વિવેચન આપતા રહેવાની ઇચ્છા પણ હવે અમારે માંડી વાળવી પડી છે. 'મંત્રી.'

અપવાસ—અથવા મનુષ્યને થતાં દરદોનું જડમૂળ કાઢી શરીરને રોગ રહિત અને પવિત્ર કરવાનો એકલો ખરો કુદરતી ઈલાજ; ચિત્રો સાથે લખનાર અને પ્રકટ. કરનાર. બેરામજી પીરોજશા માદન, હેલ્થ-કલ્ચર ડીપો. સાન્ટાક્રુજ, મુંબઈ. ડેમી આઠપેજી પૃષ્ઠ ૩૬૦, પાકુ પૂઠું. રૂા. ૨)

પ્રગતિ—(શ્રી પ્રાતઃકાળની અગીયારમા વર્ષની ભેટ) પ્રસિદ્ધ-કર્તાઃ—પંડિત જગન્નાથ પ્રભાશંકર, તંત્રી 'પ્રાતઃકાળ' વડોદરા. રોયલ બાર પેજી પૃષ્ઠ ૧૫૬, ગ્લેજ કાગળ, સાદું પૂઠું મૂલ્ય રૂ. ૦ાા

મહત્વાકાંક્ષા અને તેની સિદ્ધિ—પ્રાતઃકાળની ૧૨ મા વર્ષની ભેટ. પ્રસિદ્ધકર્તા—પંડિત જગન્નાથ પ્રભાશંકર, તંત્રી 'પ્રાતઃકાળ' વડોદરા. રોયલ બારપેજી પૃષ્ઠ ૧૫૦ ગ્લેજ કાગળ મૂલ્ય ૦ાા

શ્રી ગાયત્ર્યર્થ પ્રકાશ—મહિમા સમેત. અનુવાદક શાસ્ત્રી પ્રાણુ-જીવન હરિહર પંડયા, સંપાદક અને પ્રકાશક મણિલાલ જાદવરાય ત્રિવેદી—કપડવંજ, હાલ વીરમગામ ઠે. કાજીના લીંબડા પાસે. રોયલ સોળપેજી પૃષ્ઠ ૯૦, ગ્લેજ કાગળ, સાદું પૂઠું મૂલ્ય ૦)=

ગાયત્રી-સ્તવરાજ—(વિશ્વામિત્રઋષિ પ્રણીત) ગુજરાતી ભાષાન્તર સહિત; પ્રસિદ્ધ કર્તા—મણિલાલ જાદવરાય ત્રિવેદી—કપડવંજ હાલ વીરમગામ, ઠે. કાજીના લીંબડા પાસે. રોયલ સોળ પેજી પૃષ્ઠ ૪૮, ગ્લેજ કાગળ, સાદું પૂઠું મૂલ્ય ૦)=

આદર્શ પુરૂષ યાને ગુરૂ મેળવવાનો માર્ગ—(વિદુષી એની-બીસેન્ટનાં વિવિધ પુસ્તકો ઉપરથી) અનુવાદક અને પ્રસિદ્ધકર્તા—મણિલાલ નથુભાઇ દોશી, બી. એ. રતનપોળ, અમદાવાદ, રોયલ સોળ પેજી પૃષ્ઠ ૧૨૮, ગ્લેજ કાગળ, બોર્ડ પટ્ટીનું પૂઠું. મૂલ્ય ૦)=

કુસુમાંજલિ—(કાવ્યો) રચનાર મગનભાઇ ચતુરભાઇ પટેલ, બી. એ., એલ. એલ. બી., અમદાવાદ. રોયલ સોળ પેજી પૃષ્ઠ ૧૮૬, ગ્લેજ કાગળ, પાકું સોનેરી પૂઠું. મૂલ્ય ૦ાા=

અભિજ્ઞાન શાકુંતલ—ગુજરાતી ભાષાન્તર કર્તા અને પ્રકાશક મગનભાઇ ચતુરભાઇ પટેલ, બી. એ., એલ એલ બી., બારિસ્ટર-ઍટ લૉ. પાંચકૂવા—અમદાવાદ. રોયલ બાર પેજી પૃષ્ઠ ૧૬૪, ની એન્ટીક કાગળ, પાકું સોનેરી પૂઠું મૂલ્ય ૧)=

ઓપકાવ્યો—(માર્ગદર્શક ટીકા તથા શ્રીયુત રણજીતરામ વાવાભાઇ મ્હેતા, બી. એ, એમની પ્રસ્તાવના સાથે) સંગ્રહ કર્તાઃ કલ્યાણજી વિઠ્ઠલભાઇ મ્હેતા અને ચુનીલાલ રામચન્દ્ર સેલત. સુરત. પ્રકાશકઃ કુંવરજી વિઠ્ઠલભાઇ મ્હેતા, તંત્રી–'પટેલ બન્ધુ' ઠે. પારસીશેરી, સુરત સુપરરોયલ સોળ પેજી પૃષ્ઠ ૧૭૮, ગ્લેજ કાગળ, પાકું પૂઠું મૂલ્ય ૦॥

બાલપ્રાર્થના—(પાટીદાર યુવક મંડળ ગ્રંથમાળા–મણકો ૪થો) સંગ્રહ કરનાર–કલ્યાણજી વિઠ્ઠલભાઇ મ્હેતા, ઓનરરી, સુપ્રીન્ટેન્ડન્ટ 'પાટીદાર બૉર્ડીંગ હાઉસ' ઠે. સૈયદપરા, સુરત. પૃષ્ઠ ૪૮, ગ્લેજ કાગળ, સાદુ પૂઠું મૂલ્ય ૦) ૦॥

રસીલી વાર્તાઓ—લેખક અને પ્રકાશક–રામમોહનરાય જશવંતરાય–સુન્દરીસુબોધ મંદિર અમદાવાદ 'સુન્દરીસુબોધ'ની અગીયારમા વર્ષની ભેટ. રોયલ સોળપેજી પૃષ્ઠ ૧૫૨, ગ્લેજ કાગળ સાદુ પૂઠું, મૂલ્ય ૦॥

ખલીફનાં અદ્ભુત પરાક્રમ.—લેખક–મણિલાલ કેશવલાલ પરીખ, પ્રકાશક–હીરાભાઇ દાદાભાઇ દેશાઇ, લાછરસ–નાંદોદ. 'વિવેચક'ના ગ્રાહકોને સને ૧૯૧૩–૧૪ ની ભેટ. રોયલ સોળપેજી પૃષ્ઠ ૨૨૬, રફ કાગળ, સાદુ પૂઠું. મૂલ્ય ૧)

હિન્દના મહાન પુત્રોનાં ટુંકા જીવનચરિત્રો—ભાગ ૧ લો, સંપાદક અને પ્રકાશક–હીરાભાઇ દાદાભાઇ દેશાઇ. 'વિવેચક' માસિક પત્રની ઑફીસ લાછરસ–નાંદોદ. રોયલ સોળ પેજી પૃષ્ઠ ૫૨ રફ કાગળ સાદુ પૂઠું મૂલ્ય ૦)≈

વિમલ પ્રબન્ધ.—પં. લાવણ્ય સમય કૃત, સંશોધક અને પ્રકાશક મણિલાલ બકોરભાઇ વ્યાસ, નાગરફળીઆ–સુરત. રોયલ સોળ પેજી પૃષ્ઠ ૫૩૬, કાગળ ગ્લેજ, પાકું સોનેરી પૂઠું રૂ. ૧॥

જ્ઞાનદીપ.—રચનાર સ્વર્ગવાસી શાસ્ત્રી વેદનાથ રાજારામ

ભટ્ટ, ભાષાન્તરે કર્તા. છોટાલાલ નરભેરામ ભટ્ટ, પ્રસિદ્ધકર્તા–ગંગાશંકર કરૂણાશંકર ભટ્ટ, અમદાવાદ. રોયલ સોળ પેજી પૃષ્ઠ ૮૦, ગ્લેજ કાગળ, પાકું સોનેરી પૂઠું. મૂલ્ય ૦l

પાપ અને પશ્ચાત્તાપ—પ્રથમ ભાગ–પાપનું સ્વરૂપ. લેખક ઠક્કુર ઉદ્ધવજી તુલસીદાસ તન્ના, ધી ર. ચ. કચ્છી લોહાણા ઓર્ફનેજ, કાંદાવાડી–મુંબઇ. રોયલ સોળપેજી પૃષ્ઠ ૧૬૦, કાગળ ગ્લેજ સાદુ પૂઠું. રૂ. ૦ll

પાપ અને પશ્ચાત્તાપ—દ્વિતીય ભાગ–પશ્ચાત્તાપનો માર્ગ, લેખક–ઠક્કુર ઉદ્ધવજી તુલસીદાસ તન્ના, ધી ર. ચ. કચ્છી લોહાણા ઓર્ફનેજ, કાંદાવાડી–મુંબઇ. રોયલ સોળપેજી, પૃષ્ઠ ૨૪૦, કાગળ ગ્લેજ, પાકુ પૂઠું રૂ. ૧) સાદુ પૂઠું રૂ. ૦ll

ગુજરાતી પુસ્તકાલયો વાસ્તે ૧૦૦૦) પુસ્તકોની વર્ગીકૃત યાદી–તૈયાર કરનાર—ચીમનલાલ ડાહ્યાભાઇ દલાલ, એમ. એ. લાઇબ્રેરી મીસલેની માટે પ્રસિદ્ધ કર્તા–બેહેરામજી મેહેરવાનજી દાદાચાનજી, બી. એ. વડોદરા. રોયલ આઠપેજી પૃષ્ઠ ૧૦૦, ગ્લેજ કાગળ, સાદુ પૂઠું. મૂલ્ય ૦ll.

શ્રી કૃષ્ણની રાસક્રીડાનું આધ્યાત્મિક સ્વરૂપ—લેખક– જયરામ કેશવ અસનારે, બી. એ. એલ. એલ. બી. અમરાવતી, અનુવાદક અને પ્રકાશક–મગનલાલ માણેકલાલ ઝવેરી, ઠે. અરદેશર દાદી સ્ટ્રીટ ગીરગામ–મુંબઈ. સુપરરોયલ સોળપેજી પૃષ્ઠ ૫૬, કાગળ ગ્લેજ, સાદુ આર્ટપેપરનું પૂઠું મૂલ્ય ૦l.

શ્રી કૃષ્ણ રાસલીલા–આધ્યાત્મિક રહસ્ય—લેખક–શિષ્ય. પ્રકાશકઃ આણંદજી ગોપાલજી પારેખ ઠે. મેતાશેરી–ભાવનગર પૃષ્ઠ ૩૨ વિના મૂલ્યે.

દેશ દેશની રસમય વાતો—લેખક–હરિલાલ માણેકલાલ દેશાઈ, બી. એ., અને કલ્યાણરાય નથુભાઇ જોશી, બી. એ., વડો-

દરા, પ્રકાશક-મોહનલાલ મનસુખલાલ શાહ. ઠે. લ્હેરીપુરા-વડોદરા. રોયલ સોળ પેજી પૃષ્ઠ ૬૪, ગ્લેજ કાગળ કપડાનુ પૂઠું રૂ. ०।⌢

પ્રેમવાણી ભજનમાળા—ભાગ ૧ લો તથા ૨ જો. બનાવનાર હરિભક્ત સોમનાથ બુલાખીદાસ ભાવસાર. પ્રસિદ્ધ કરનાર-લુહાર હરજીવનદાસ મૂલજી-સરસપુર-અમદાવાદ. રોયલ સોળ પેજી પહેલા ભાગનાં પૃષ્ઠ ૮૦, બીજા ભાગનાં પૃષ્ઠ ૬૪, ૨૬ કાગળ, સાદુ પૂઠું ।વના મૂલ્યે મળે છે.

જ્ઞાનગીતા અને મહાત્માશ્રી સરયૂદાસ—લેખક-સ્વામીશ્રી સ્વયંપ્રકાશ તીર્થ, પ્રસિદ્ધ કરનાર-પ્રભુલાલ જેઠાલાલ પરીખ, ઠે. માંડવીની પોળ-અમદાવાદ. ડેમી આઠ પેજી પૃષ્ઠ ૧૨૦, ગ્લેજ કાગળ, પાકુ પૂઠું મૂલ્ય ०।।⌢

મૃણાલિની—અનુવાદક-કવિ બાલકૃષ્ણ કાશીનાથ વિદ્વાંસ જામનગર. ડેમી આઠ પેજી પૃષ્ઠ ૨૦૪, ગ્લેજ કાગળ, પાકુ પૂઠું રૂ. ૧।

ગૃહસ્થાશ્રમ—રચી પ્રસિદ્ધ કર્તા-પ્રભુશંકર નરભેરામ વ્યાસ, તંત્રી 'ચન્દ્રપ્રકાશ' ઠે. ભાગાતલાવ-સુરત. રોયલ સોળપેજી પૃષ્ઠ ૩૮० ગ્લેજ કાગળ, પાકુ પૂઠું મૂલ્ય ૧।

આરોગ્ય—રચી પ્રસિદ્ધ કર્તા-પ્રભુશંકર નરભેરામ વ્યાસ, તંત્રી ચન્દ્રપ્રકાશ' ઠે. ભાગાતલાવ-સુરત. રોયલ બાર પેજી પૃષ્ઠ ૧૬०, ગ્લેજ કાગળ, સાદુ પૂઠું મૂલ્ય ०।।⌢

શ્રી દેવ ચિંતામણી—પ્રેરક તથા પ્રકાશક દેવશંકર રામચન્દ્ર રાવળ-વઢવાણ શહેર. ડેમી બાર પેજી પૃષ્ઠ ૩૨૪, ગ્લેજ કાગળ, સાદુ પૂઠું રૂ. ०।।

શ્રીમાન આર્યમુસાફર ધર્મવીર લેખરામનું જીવનચરિત્ર લખનાર તથા પ્રસિદ્ધ કરનાર-હરિશંકર મોરારજી વ્યાસ. જેતપુર (કાઠિયાવાડ). મળવાનું ઠેકાણું—આર્ય સમાજ પુસ્તક ડીપાર્ટમેન્ટ ઠે. કાકડવાડી; ગીરગામ-મુંબઇ પૃષ્ઠ ૩૨, મૂલ્ય ०)⌢

ખોરાક અને તંદુરસ્તી—લેખક-છગનલાલ વિ. પરમાણુંદદાસ નાણાંવટી, છપાવી પ્રસિદ્ધ કરનાર—લલુભાઇ ગુલાબચંદ ઝવેરી, ઓનરરી મેનેજર શ્રી જીવદયા જ્ઞાનપ્રસારક ફંડ, ૩૦૯ શરાફબજાર, મુંબઇ. પૃષ્ઠ ૩૨, વિનામૂલ્યે.

આનંદશાસ્ત્ર—લેખક અને પ્રકાશક:-ડૉકટર ગોપાલજી પ્રયાગજી કોઠારી—કચ્છ—કોટડા રોહાવાલા, રોયલ સોળપેજી પૃષ્ઠ ૨૧૮, સાદુ પૂઠું, સાદા કાગળ રૂ. ૦।, પાકુ પૂઠું સારા કાગળ રૂ. ૦।≈, સોનેરી પૂઠું સારા કાગળ મૂલ્ય ૦॥.

પ્રસૂનાંજલિ—(કાવ્યો) પ્રયોજક અને પ્રકાશક-સીતારામ જે શર્મા. મુ. કડી. રોયલ સોળપેજી પૃષ્ઠ ૬૪, ગ્લેજ કાગળ; સાદુ પૂઠું મૂલ્ય ૦।.

શ્રી સુદામાજીના ચરિત્રમાંથી મળતો બોધ—લેખક—અમૃતલાલ સુંદરજી પઢીયાર ચોરવાડકર. પ્રકાશક—મણિશંકર દ્વિવેદી, નડિયાદ. રોયલ સોળપેજી પૃષ્ઠ ૨૪, ગ્લેજ કાગળ, સાદુ પૂઠું. મૂલ્ય નથી.

ધર્મનીતિબોધિની—ભાગ ૧ લો—(પુરાણોની કથા ઉપરથી) પ્રસિદ્ધ કર્તા—ભીમભાઇ લાલભાઈ દેશાઈ—સુરત, રોયલ સોળપેજી પૃષ્ઠ ૬૪, ગ્લેજ કાગળ, સાદુ પૂઠું. ૦)≈

ધર્મનીતિબોધિની—ભાગ ૨ જો—(પુરાણોની કથા ઉપરથી) લેખક—શુભેચ્છક. પ્રસિદ્ધ કર્તા—ભીમભાઈ લાલભાઇ દેશાઇ. સુરત, રોયલ સોળપેજી પૃષ્ઠ ૧૦૪, ગ્લેજ કાગળ, સાદુ પૂઠું. ૦)≈

ધર્મનીતિબોધિની—ભાગ ૩ જો—લેખક—શુભેચ્છક. પ્રસિદ્ધકર્તા—ભીમભાઇ લાલભાઇ દેશાઇ—સુરત, રોયલ સોળપેજી પૃષ્ઠ ૪૮, એન્ટીક જાડા કાગળ, સાદુ પૂઠું. રૂ. ૦।.

ગૃહિણી કે દેવી ?—(સ્ત્રીનું આદર્શ જીવન) લેખક—વ્રજલાલ જાદવજી ઠક્કર, પ્રકાશક—વૈદ્ય ભગવાનલાલ ત્રિભુવન, ' સુબોધિની

પ્રિન્ટિંગ પ્રેસ' ૩૦૫ બજાર ગેટ કોટ મુંબાઇ. રોયલ સોળ પેજી પૃષ્ઠ ૨૪૮, ૨૬ કાગળ, સાદુ પૂઠું મૂલ્ય ૧)

જોન વેનેમેકર—પ્રયોજક–દ્વિવેદી જયશંકર અંબાલાલ,પ્રકાશક–હમીદશા ભીખાશા દીવાન ચાંગા (ગુજરાત). પૃષ્ઠ ૧૬ ૦)ાા

શ્રી મસ્તરામજી બોધ વચનમાળા—છપાવી પ્રસિદ્ધ કરનાર શ્રી શ્રેયઃસાધક જિજ્ઞાસુ મંડળ–મોરબી. પૃષ્ઠ ૩૨, સદુપયોગાર્થે ભેટ.

૨ યશોદાબેટીજી મહારાજકૃત કાવ્યઃ–પ્રસિદ્ધ કરનાર સુરત વૈષ્ણુવ ધર્મ પ્રસારક મંડળી. રોયલ સોળપેજી, પૃષ્ઠ ૩૦૦ કાગળ ગ્લેજ, પૂઠું સોનેરી કિં. રૂા. ૦ાા

મહાન ગોભકત ઓધવજી રામજી પશુરક્ષાના હિમાયતી—પ્રસિદ્ધ કરનાર–એક ગોભક્ત, મહુવા (કાઠિયાવાડ) રોયલ બારપેજી પૃષ્ઠ ૧૨૦, ગ્લેજ કાગળ, સાદુ પૂઠું, વિનામૂલ્યે.

શ્રુતિસંગીતકમ્—વેદમાંથી ચુંટી કહાડેલાં ટાંચણો સંસ્કૃત અને અંગ્રેજીમાં. જી. જી. મ્હેતા, સુબોધિની પ્રેસ કોટ મુંબઇ. રોયલ બત્રીસપેજી, પૃષ્ઠ ૮૨ એન્ટ્રિક કાગળ, સાદુ આર્ટનું પૂઠું, કેટલાંક ચિત્રો સાથે. મૂલ્ય લખ્યું નથી.

લગ્નાદિક શુભ પ્રસંગે ગવાતાં માંગલિક ગીતો.—સંગ્રહ કર્ત્તા–બ્હેન જશકોર કુંવરજી આણંદજી, અ. સૌ. મર્હુમ બાઇ સમસ્થ સ્મારકમાળા મણુકો ૫ મો. પ્રસિદ્ધ કર્ત્તા–તે માતાના ચરણકિંકરો. રોયલ સોળપેજી પૃષ્ઠ ૧૭૬, ગ્લેજ કાગળ, સાદુ પૂઠું. વિનામૂલ્યે મળવાનું સ્થળ કાપડીઆ મોતીચંદ ગિરધર સોલીસીટર મુ. ભાવનગર (કાઠિયાવાડ)

ઉત્તમ બોધ—મર્હુમ કાપડીઆ ઉત્તમચંદ ગિરધરલાલના સ્મારકરૂપે સંગ્રહ કર્ત્તા–ઉત્તમનું મિત્રમંડળ. (પ્રસિદ્ધ કર્તા ઇ. ઉપર મુજબજ) રોયલ સોળપેજી પૃષ્ઠ ૧૨૦, કાગળ ગ્લેજ, બોર્ડપટીનું પૂઠું કિં. અમૂલ્ય (મળવાનું સ્થળ ઉપર મુજબ.)

શ્રી સ્થૂલિભદ્રજીની શીયલ વેલ—(પંડિત શ્રી વીરવિજયકૃત) (પ્રસિદ્ધ કર્તા ઇ૦ ઉપર મુજબજ) રોયલ સોળપેજી પૃષ્ઠ ૪૮ ગ્લેજ કાગળ, પૂઠું સાદુ, કિં. અમૂલ્ય. (મળવાનું સ્થળ ઉપર મુજબ.)

સુમતિ અને ચારિત્રરાજનો સુખદાયક સંવાદ—યોજક મુનિરાજશ્રી કર્પૂરવિજયજી મહારાજ, છપાવી પ્રસિદ્ધ કર્ત્તા શેઠ જેઠુભાઇ પુંજાભાઇ–કચ્છ–કોઠારા. સ્વધર્મી ભાઇઓ બ્હેનોને શ્રી કચ્છ કોઠારાવાળાં સ્વર્ગવાસી સૌ. બાઇ મેઘબાઇ મુળજીના સ્મરણાર્થે ભેટ, રોયલ સોળ પેજી પૃષ્ઠ ૧૩૬, કાગળ ગ્લેજ, પૂઠું સાદું.

સદ્‌વક્તા—યોજક–શ્રીયુત્ ફતેહચંદ કર્પૂરચંદ લાલન, પ્રકાશક–મેસર્સ મેઘજી હીરજી એન્ડ કું. બુકસેલર. પાયધૂની–મુંબઇ. ડેમી બાર પેજી પૃષ્ઠ ૧૬૬, ગ્લેજ કાગળ, સાદું પૂઠું, રૂ. ૦ાા

આત્માવબોધ કુલક અથવા આત્મજ્ઞાન—(શ્રીમદ્ જયશેખરસૂરિ વિરચિત) ગુજરાતીમાં યોજક–પંડિત લાલન. પ્રકાશક—મેસર્સ મેઘજી હીરજીની કું. બુકસેલર, પાયધૂની–મુંબઇ ડેમી આઠ પેજી પૃષ્ઠ ૧૦૪, ગ્લેજ કાગળ, પાકું પૂઠું રૂ. ૦ાા સાદું ૦ાર

લેખમાળા—મણકો ૧ લો–લગ્ન. લેખક–કુંવરજી આણંદજી શાહ, પ્રસિદ્ધ કર્તા–શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર. પૃષ્ઠ ૩૨, ૦)૦ાા જાહેર સંસ્થાઓ વગેરેને વિના મૂલ્યે.

શ્રી ગૌતમ સ્વામીનો રાસ—(વિજયભદ્ર મુનિની પ્રાચીન કૃતિ ઉપરથી) તૈયાર કરનાર–કુંવરજી આણંદજી શાહ, પ્રસિદ્ધ કર્તા–શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર. પૃષ્ઠ ૨૪, મૂલ્ય છાપ્યું નથી.

પિસ્તાલીશ આગમની પૂજા—શ્રી ગંભીર વિજયજી ગણીવિરચિત. પ્રસિદ્ધ કર્તા શા. નાનચંદ ગાંડાભાઇ ઘોઘાવાળા, રોયલ સોળ પેજી પૃષ્ઠ ૨૬, ગ્લેજ કાગળ, સાદુ પૂઠું, મૂલ્ય નથી.

મુનિશ્રી નાનચંદ્રજી યોજિત પુસ્તકો

શ્રી સુબોધ સંગીતમાળા—ભાગ ૧-૨-૩ (એકજ પુસ્તકમાં બાંધેલા) પ્રકાશક ઓઘડ જીવણુશાહ-લીંબડી-કાઠિયાવાડ. રોયલ સોળ પેજી, પૃષ્ઠ ૩૯૨, કાગળ ગ્લેજ, પૂઠું પાકું. રૂ. ૦ાા

જૈન પ્રશ્નોત્તર કુસુમાવલી—પ્રકાશકઃ-શ્રી અજરામર જૈન વિદ્યાશાળાના સેક્રેટરી લીંબડી-રોયલ સોળ પેજી, પૃષ્ઠ ૯૬, ગ્લેજ કાગળ, સાદુ પૂઠું. ૦)=

સત્સંગતિ—પ્રકાશક ભાઇચંદ જુઠા શાહ-મોટા અંકેવાળીઆ. પૃષ્ઠ ૪૮, મૂલ્ય સદુપયોગ.

સુબોધ કુસુમાવલી—પ્રકાશકઃ-શ્રી અજરામર જૈન વિદ્યાશાળાના સેક્રેટરી, લીંબડી. ૬૪ મૂલ્ય ૦)-

રેસીટેશનો—(સંવાદો, ભાષણો તથા ગાયનો) પ્રકાશકઃ-શ્રી અજરામર જૈન વિદ્યાશાળાના સેક્રેટરી, લીંબડી. (કાઠિયાવાડ) રોયલ સોળ પેજી પૃષ્ઠ ૬૮, ગ્લેજ કાગળ, સાદુ પૂઠું. રૂ. ૦)=

સંસ્કૃત કાવ્યાનંદ—સોળ પેજી પૃષ્ઠ—ગ્લેજ કાગળ, સાદુ પૂઠું. મૂલ્ય ૦)=

'દિગમ્બર જૈન' માસિકપત્રની ભેટો

શ્રી શ્રીપાલ ચરિત્ર—(નંદીશ્વર વ્રત માહાત્મ્ય હિન્દી) કાઉન સોળ પેજી પૃષ્ઠ ૧૫૪, ગ્લેજ કાગળ, સાદુ પૂઠું. રૂ. ૧)= અનુવાદક-માસ્ટર દીપચંદજી, ઉપદેશક-નરસિંહપુર (સી. પી.)

શ્રી જમ્બૂસ્વામી ચરિત્ર—હિન્દીભાષાનુવાદક-માસ્ટર દીપચંદજી ઉપદેશક, નરસિંહપુર (સી. પી.) કાઉન સોળ પેજી પૃષ્ઠ ૬૬, ગ્લેજ કાગળ, સાદુ પૂઠું. મૂલ્ય ૦ા

શ્રી મહાવીર ચરિત્ર—નિર્વાણકાંડ ભાષા-ગાથા ઔર મહાવીર જિન પૂજા સહિત હિન્દી, પૃષ્ઠ ૩૨, મૂલ્ય ૦)-

શ્રી કુંદકુંદાચાર્ય ચરિત્ર—(ઇ. સ. પૂર્વે ૫૦૦ વર્ષનો જૈનોનો સંક્ષિપ્ત ઇતિહાસ) રોયલ સોળ પેજી પૃષ્ઠ ૫૬, ગ્લેજ કાગળ સાદું પૂઠું. ૦)=

શ્રાવિકાબોધ સ્તવનાવલી—સંગ્રહકર્તા—શ્રીમતી જીવકોરબાઇ જંબૂસરવાળાં, શ્રાવિકાશ્રમ–મુંબઇ, પૃષ્ઠ ૧૬, રૂ. ૦)–

દાનવીર શેઠ હુકમચન્દજી—(ઇન્દોર) નું જીવનચરિત્ર, પ્રકાશક મેનેજર " જૈનમિત્ર " પૃષ્ઠ ૮ વિના મૂલ્યે.

ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી તરફથી નીકળેલાં પુસ્તકો.

વનસ્પતિ શાસ્ત્ર—(આર્થિક દ્રષ્ટિએ) કર્તા–છોટાલાલ બાલકૃષ્ણ પુરાણી. એમ. એ. દયાનંદ એંગ્લો વૈદિક કૉલેજ, લાહોર. સુપરરોયલ સોળપેજી પૃષ્ઠ ૬૦૦, ગ્લેજ કાગળ, પાકુ સોનેરી પૂઠું રૂ. ૧)

યૂરોપના સુધારાનો ઇતિહાસ—(ગીઝોના અંગ્રેજી પુસ્તક પરથી) તૈયાર કરનાર–અતિસુખશંકર કમળાશંકર ત્રિવેદી એમ. એ., એલ્. એલ્. બી., બરોડા કોલેજ. બરોડા. સુપરરોયલ સોળપેજી પૃષ્ઠ ૨૬૦, ગ્લેજ કાગળ, પાકું સોનેરી પૂઠું મૂલ્ય ૦ાાા

સર સૈયદ એહેમદનું ચરિત્ર—કર્તા મહેબુબમીયાં ઇમામબક્ષ કાદરી બી. એ. એલ્. એલ બી, સબ જડ્જ, ઉમરેઠ. સુપરરોયલ સોળપેજી પૃષ્ઠ ૧૫૬, ગ્લેજ કાગળ, પાકુ પૂઠું મૂલ્ય ૦ાા

અગ્નિમાંદ્ય.—ભાષાન્તર કર્તા—ડૉ. સત્યપ્રસાદ ભગવાનલાલ બાદશાહ, સબ ઍસીસ્ટન્ટ સરજન–અમદાવાદ. સુપરરોયલ સોળપેજી પૃષ્ઠ ૧૧૬ ગ્લેજ કાગળ, બોર્ડપટીનું પૂઠું મૂલ્ય ૦ા=

શાહાનશાહ જ્યોર્જ પાંચમાનું જીવનચરિત્ર. કર્ત્તા–ડાહ્યાભાઇ પીતામ્બરદાસ દેરાસરી, બેરિસ્ટર ઍટ–લૉ–અમદાવાદ. ક્રાઉન

સોળપેજી પૃષ્ઠ ૨૭૨, ગ્લેજ કાગળ, પાકુ સોનેરી પૂઠું મૂલ્ય ૦ાા

નિરોગી રહેવાના ઉપાય—લેખક સ્વ. ડૉ. હોરમસજી બહેરામજી દસ્તુર (ચીફ મેડીકલ ઓફીસર–પાલીતાણા) રોયલ સોળપેજી પૃષ્ઠ ૫૪ ગ્લેજ કાગળ સાદુ પૂઠું મૂલ્ય ૦)=

કૉલેરા—ભાષણકર્તા ડૉ. હોરમસજી ધનજીશાહ મ્હેતા, એલ. એમ એન્ડ એસ. રોયલ બત્રીસપેજી પૃષ્ઠ ૪૮, ગ્લેજ કાગળ, સાદુ પૂઠું રૂ ૦)–

સસ્તી વાર્તામાળાનાં પુસ્તકો.

પ્રકાશક—રા. રા. ડાહ્યાભાઇ રામચન્દ્ર મ્હેતા મુંબઈ નં. ૧૩. સુપર રોયલ સોળપેજી વાર્ષિક પૃષ્ઠ ૧૫૦૦, ગ્લેજ કાગળ. સાદાં પૂઠાં રૂ. ૨, પાકાં ગીલ્ટેડ પૂઠાં રૂ. ૩, પોષ્ટેજ માફ.

રાજપૂત કથાકુંજ—પૃષ્ઠ ૨૯૦. લેખક ડાહ્યાભાઇ રામચન્દ્ર મ્હેતા.

મહારાણા બાપારાવ—પૃષ્ઠ ૨૭૬. કર્તા, લલ્લુભાઇ ગોકુળદાસ પટેલ નડિયાદ.

બાદશાહી કથાકુંજ—પૃષ્ઠ ૨૭૨. લેખક, ડાહ્યાભાઇ રામચન્દ્ર મ્હેતા.

વીરશ્રેષ્ઠ મહારાજા પ્રતાપસિંહ—પૃષ્ઠ ૨૭૦. લેખક, ડાહ્યાભાઈ રામચન્દ્ર મ્હેતા.

બ્રહ્મચારિણી—પૃષ્ઠ ૩૬૮. લેખક ડાહ્યાભાઇ રામચન્દ્ર મ્હેતા.

કથાકુંજ નવલકથામાળાનાં પુસ્તકો.

લેખક, પ્રકાશક અને વ્યવસ્થાપક વ્રજલાલ જાદવજી ઠક્કુર મુ. અમદાવાદ ઠે. રાયપુર. દર વર્ષે પૃષ્ઠ ૧૫૦૦, રોયલ સોળપેજી ગ્લેજ કાગળ મૂલ્ય રૂ. ૨) પો. માફ. પૂઠાં બોર્ડ પટીવાળાં.

સમાજ યાને સુખાહાસિનીનું અનુસંધાન–પૃષ્ઠ ૨૬૦ મૂલ્ય ૧)

વાર્તાવિહાર–નવ ઐતિહાસિક પ્રેમકથાઓ, પૃષ્ઠ ૨૫૬ મૂલ્ય ૦ાા.

સનાતન ધર્મની ગર્જનાઓનાં પુસ્તકો.

છપાવી પ્રસિદ્ધ કરનાર—મણિલાલ મગનલાલ ત્રિવેદી, મંત્રી, શ્રી સનાતન ધર્મ પુસ્તક પ્રસારક મંડળ ઠે. રાયપુર—**અમદાવાદ.** રોયલ સોળ પેજી, વાર્ષિક પૃષ્ઠ ૪૦૦, ગ્લેજ કાગળ, સાદુ પૂઠું, વાર્ષિક મૂલ્ય રૂ. ૦। પોસ્ટેજ ૦)≈ જુદું.

ગર્જના ૨ જી—સજ્જન દુર્જનના સ્વભાવાદિકનું નિરૂપણ તથા મુમુક્ષુ-કંઠા ભરણ—યોજનાર શ્રીમન્નાથ યોગેશ્વર—બીલખા. પૃષ્ઠ ૪૦.

ગર્જના ત્રીજી—બ્રહ્મ નામાવલિ સ્તોત્ર તથા કેટલાંક ઉપનિષદોનો સાર-યોજનાર—શ્રીમન્નાથ યોગેશ્વર પૃષ્ઠ ૩૨.

ગર્જના ચોથી—આધ્યાત્મિક કાવ્ય સંગ્રહ—યોજનાર—શ્રીમન્નાથ યોગેશ્વર. પૃષ્ઠ ૩૨.

ગર્જના પાંચમી—શ્રી શંકરાચાર્યકૃત સદાચાર સ્તોત્ર તથા હિતશિક્ષા રત્નમાલિકા—યોજનાર—શ્રીમન્નાથ યોગેશ્વર. પૃષ્ઠ ૩૨.

ગર્જના ૬ અને ૭ મી—ગૃહસ્થાશ્રમથી મોક્ષ થાય કે ત્યાગથી? યોજનાર—પીતામ્બર ગોવિંદરામ ભટ્ટ—પૃષ્ઠ ૬૪.

ગર્જના ૮ ૯, ૧૦ મી—વિનય મહિમા તથા મહાપુરૂષો શું ના કરી શકે? યોજનાર—પીતામ્બર ગોવિંદરામ ભટ્ટ પૃષ્ઠ ૧૧૨

ગર્જનાના ૧ થી ૫. વર્ષ બીજું—સાસરે જતી પુત્રીને પિતાનો પ્રબોધ—રચનાર-પીતામ્બર ગોવિંદરામ ભટ્ટ. પૃષ્ઠ ૧૩૬.

ઉપયોગી ગ્રન્થમાલા—મણકો ૧ લો—**માનસિક ઉન્નત્તિ**—લેખક અને પ્રકાશકઃ—રત્નસિંહ દીપસિંહ પરમાર, પ્રેસીડેન્ટ ધર્મોત્તેજક મંડળ ઠે. નવાવાસ—દાણાપીઠ—અમદાવાદ. રોયલ સોળ પેજી, પૃષ્ઠ ૩૨ ૨૬ કાગળ, સાદુ પૂઠું, મૂલ્ય ૦)॥

શ્રી સયાજીરાવ ગાયકવાડ બેઆના માળા.

પ્રકાશકઃ—લક્ષ્મીશંકર મહાશંકર જોશી, મંત્રી **સાહિત્ય પ્રકાશ કાર્યાલય** મુ. નડીઆદ તરફનાં પુસ્તકો.

શ્રી રામકૃષ્ણ વાક્‌સુધા ભાગ ૧ લો. અનુવાદક-ત્રિવેદી જયશંકર અમ્બાલાલ ચાંગાકર, રોયલ સોળપેજી પૃષ્ઠ ૯૬, ગ્લેજ કાગળ, સાદુ પૂઠું રૂ. ૦)≡

વડોદરાને વડલે—રા. લલિતનાં નવાં કાવ્યો. રોયલ સોળપેજી પૃષ્ઠ ૯૬, ગ્લેજ કાગળ, સાદુ પૂઠું રૂ ૦)≡ાા

છોટી છોટી બતીયાં—અડધા આના સીરીઝ.

પ્રસિદ્ધ કર્તા-ડૉ. દત્તાત્રય બાબા વેરણેકર, ઠે. ભૂતડીના ઝાંપે, નારોશ્રીપતના વાડામાં વડોદરા. લેખક, વેણુવિહારી દરેકનું કદ રોયલ સોળપેજી પૃષ્ઠ ૧૬, સાદુ પૂઠું, રફ કાગળ, દરેકનો ૦)ાા

નં. ૧—**ગુપ્તપત્રદૂત.** નં. ૨–૩—**મંજુબાળા અને આશાલતા.** નં. ૪—**ભરમભર્યું ખૂન અને રમણતારા.** નં. ૫—**રમણતારા.** નં. ૬—**માધવગુપ્ત.**

ધી ગુજરાત પેની સીરીઝ પુષ્પમાળા.

પ્રથમ તથા દ્વિતીય પુષ્પ, દરેકની કિંમ્મત એકેક આનો સ્થળઃ—છગનલાલ મે. ખંભાતી, મેનેજર, "પુષ્પમાળા" સુરત.

હિંદના મહાન પુત્રો અને મિત્રોની ચરિત્રમાળા.

મહાન દેશભક્ત દાદાભાઇ નવરોજજીનું ચરિત્ર—ભાષણો વગેરે **લેખક**—ડૉ. હરિપ્રસાદ વ્રજરાય દેશાઇ. **પ્રકાશક**—પાંડુરાવ જીવણલાલ દેશાઇ ઠે. રીચીરોડ—અમદાવાદ. રોયલ સોળપેજી પૃષ્ઠ ૧૩૬, ગ્લેજ કાગળ, સાદું પૂઠું ૦)≡, પાકું પૂઠું ૦ા.

કર્મવીર મોહનદાસ કરમચંદ ગાંધીનું ચરિત્ર—ભાષણો

લખાણો તથા સત્યાગ્રહની લડતનો હેવાલ. પ્રકાશક—પાંડુરાવ જીવણ-લાલ દેશાઈ, બુકસેલર અને પબ્લીશર, ઠે. રીચીરોડ—અમદાવાદ. રોયલ સોળપેજી પૃષ્ઠ ૧૬૦, ગ્લેજ કાગળ, સાદું પૂઠું રૂ. ૦। પાકુ પૂઠું રૂ. ૦।=

સુમનમાળા—(સચિત્ર).

સુમન ૧ લું અને બીજું મળ્યું છે. દરેકમાં ટુંકી ટુંકી વાતો છે. દરેક અંક ક્રાઉન સોળપેજી, પૃષ્ઠ ૩૨, કાગળ ગ્લેજ, પૂઠું સાદું રંગીન છે. કિં. દરેક અંકનો ૦)- મળવાનું ઠેકાણું, સુમનમાળા ઓફીસ મુંબઈ નં. ૪.

મિત્ર મંડળ ગ્રંથમાળાનાં પુસ્તકો.

મિસ્ટર થીઓડોર રૂઝવેલ્ટનું જીવન ચરિત્ર (પુસ્તક ૧ લું) લેખક દ્વિવેદી જયશંકર અંબાલાલ ચાંગાકર, પ્રકાશક હમીદશા ભીખાશા દીવાન, ચાંગા (ગુજરાત) રોયલ બત્રીશપેજી, પૃષ્ઠ ૪૦, કાગળ ગ્લેજ, પૂઠું સાદુ કિં ૦)૦။

જૉન વેને મેકર (પુસ્તક ૨જું) લેખક દ્વિવેદી જયશંકર અંબાલાલ ચાંગાકર. પ્રકાશક હમીદશા ભીખાશા દીવાન ચાંગા (ગુજરાત) રોયલ બત્રીશપેજી, પૃષ્ઠ ૧૬ કાગળ ગ્લેજ, પૂઠું સાદુ કિં. ૦)૦။

રિપોર્ટ, હિસાબ.

નડીઆદ હિન્દુ અનાથાશ્રમનો ૩૧—૭—૧૯૧૩ સુધીનો રિપોર્ટ.

અમદાવાદ રા. સા. મહીપતરામ રૂપરામ અનાથાશ્રમનો ૧૯૧૧ નો રિપોર્ટ.

સિદ્ધપુર શ્રી ગોપાલકૃષ્ણ અનાથાશ્રમનો સં. ૧૯૭૦ સુધીનો રિપોર્ટ.

શ્રી ફત્તેહસિંહરાવ આર્ય અનાથાશ્રમનો ૧૯૧૨ નો રિપોર્ટ.

ગુરૂકુળ વિદ્યાલય-નાસિકનો સંવત્ ૧૯૬૯ નો રિપોર્ટ.

મથુરા અને વ્રજ ચોરાસી કોસમાં ઘાસ ચારાનો દુષ્કાળ પડયો તે વાસ્તે મુંબઇમાં ખોલેલા ફેમીન ફંડનો રિપોર્ટ તથા હિસાબ.

શ્રી જીવદયા જ્ઞાન પ્રસારક ફંડનો ત્રીજો વાર્ષિક રિપોર્ટ ડીસેમ્બર ૧૯૧૩ સુધીનો.

ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીનો ૧૯૧૩ ની સાલનો રીપોર્ટ.

વસો સાર્વજનિક પુસ્તકાલયનો ૧૯૧૩-૧૪ નો રિપોર્ટ.

મરાઠી ગ્રંથો.

संसार असार! (નવલકથા) લેખક વિઠ્ઠલ સીતારામ ગુર્જર, પ્રકાશક-મનોરંજક ગ્રંથ પ્રસારક મંડળી ગિરગામ-મુંબઇ પૃષ્ઠ ૫૫૦, ગ્લેજ કાગળ બોર્ડ પટીનું પૂઠું, રૂ. ૧ાા

श्री रामकृष्ण-અનુવાદક રા. નાગેશ વાસુદેવ ગુણાજી બી. એ. એલ. એલ. બી. ડીસ્ટ્રીકટ પ્લીડર બેલગામ. પ્રકાશક-મનોરંજક ગ્રંથ પ્રસારક મંડળી-ગીરગામ,-મુંબઇ. સુપરરોયલ સોળ પેજી પૃષ્ઠ ૩૧૫, કાગળ ફેધરવેઇટ, પૂઠું સાદું, કિં. રૂા. ૧ા.

स्वामी रामतीर्थ--ભાગ ૧ થી ૭ દરેક ભાગ જૂદો નીકળેલો છે. સંપાદક-ભાસ્કર વિષ્ણુ ફડકે અને રામકૃષ્ણ વાસુદેવ બર્વે, ઠે. હીરજી આસુચીવાડી, માહિમ-મુંબઇ, ડેમી આઠ પેજી. દરેક ભાગમાં પૃષ્ઠ ૧૨૫ થી ૧૫૦ તથા સ્વામીજીનાં જૂદા જૂદા પ્રકારનાં ચિત્રો આપેલાં છે. ગ્લેજ કાગળ, સાદુ પૂઠું. દરેક ભાગનો રૂ. ૦ાા પાકું પૂઠું રૂ. ૧)

माझी कहाणी—કુટુંબ શિક્ષણમાલા પુષ્પ ત્રીજું. લેખક સહાકરિ-કૃષ્ણ, પ્રકાશકઃ-મેસર્સ ગનૂ આણિ મંડળી, ૧૫૩, બુધવાર, પૂના. રોયલ સોળ પેજી પૃષ્ઠ ૮૮, ગ્લેજ કાગળ, સાદુ પૂઠું. ૦)=

હિંદી પુસ્તકો

हमारे देशकी प्राचीन उन्नति—પ્રકાશક તેજૂમલ મુરલીધર કનલ–મેનેજર ઉત્તમ ખૈરાતી ભંડાર–તલોદ (અમદાવાદ) સુપર રૉયલ સોળપેજી, પૃષ્ટ ૧૭૨, કાગળ ગ્લેજ, પૂઠું સાદુ, કિ. રૂ ૦ાા

सूर्य चक्रवेध—અર્થાત્ (આત્મશક્તિ પ્રકાશ) સચિત્ર. લેખક અને પ્રકાશક શિવચન્દ્ર ભરતિયા–તોપખાના–ઈંદોર, સુપરરોયલ સોળપેજી, પૃષ્ઠ ૧૭૫, કાગળ ગ્લેજ સારા, પુઠું રેશમી પાકું, કિ. રૂા. ૧ા

गायत्री भाष्यम्—સચિત્ર. લેખક–રા. પંડિત હરિહરાચાર્ય દીક્ષિત–પ્રકાશક ગોરખા ગ્રંથ પ્રચારક મંડળી–મુંબઈ. સુપર રૉયલ સોળપેજી, પૃષ્ઠ ૨૭૫, કાગળ ગ્લેજ, પુઠું સાદું, કિ. લખી નથી.

विचार दर्पण सहित श्रीमद्भगवद्गीता–भाषाटीका

સચિત્ર. લેખક અને પ્રકાશક રા. પંડિત સત્યાચરણજી શાસ્ત્રી તથા ચૂરૂ નિવાસી પંડિત શ્રીરામ શર્મા–ડે. ૧૫૦ સુતાપદી–કલકત્તા. સુપર રૉયલ બત્રીશ પેજી પૃષ્ઠ ૬૬૫, કાગળ ગ્લેજ, પુઠું પાકું, મૂલ્ય રૂ. ૦ાા. હિંદીપુસ્તકાલયોને, વિદ્યાર્થીઓને તેમજ સાધુ બ્રાહ્મણોને ૦)=ની પોષ્ટની ટીકીટો મોકલ્યેથી મફત મળે છે. કમમાં કમ ૨૦ હિન્દુઓને સંભળાવવાની પ્રતિજ્ઞા લખી મોકલવી જોઇયે.

चौबेका चिट्ठा—(બાબૂ બંકિમચન્દ્ર ચટોપાધ્યાય કે 'કમલા કાન્તેર દફતર' કા હિન્દી અનુવાદ)—અનુવાદક પંડિત રૂપનારાયણ પાણ્ડેય, પ્રકાશક–હિન્દી ગ્રન્થ રત્નાકર કાર્યાલય, મુંબાઇ ક્રાઉન સોળ પેજી પૃષ્ઠ ૧૭૦, ગ્લેજ કાગળ, બોર્ડપટીનું પૂઠું રૂ. ૦ાા=

શાન્તિ કુટિર—(ગાર્હસ્થ્ય ચિત્ર) અનુવાદક–પંડિત રૂપનારાયણ પાણ્ડેય, પ્રકાશક–હિન્દી ગ્રન્થ રત્નાકર કાર્યાલય–મુંબઇ ક્રાઉન સોળ પેજી પૃષ્ઠ ૧૮૦, ગ્લેજ કાગળ, સાદુ પૂઠું ૦ાા, પાકું પૂઠું રૂ. ૧)

સ્વર્ગકી સુન્દરિયાં—વૈદ્ય અમૃતલાલ સુંદરજી પઢીયારના 'સ્વર્ગની સુંદરીઓ' નામક પુસ્તકના અનુવાદક અને પ્રકાશક મહાવીરપ્રસાદ ગહમરી, સ્વર્ગમાલા કાર્યાલય મુરાદપુર જી૦ બાંકીપુર (બે પુસ્તકમાં) ક્રાઉન સોળ પેજી પૃષ્ઠ ૨૪૦, ગ્લેજ કાગળ, સાદુ પૂઠું રૂ. ૦॥।

અથ સત્પુરૂષ વાક્ય રત્નાવલિ—સંગ્રહ કર્તા હૃષીકેશનિવાસી શ્રી ગોવિંદાનંદ પરમહંસ—ડેમી સોળ પેજી પૃષ્ઠ ૧૫૨, ગ્લેજ કાગળ, સાદુ પૂઠું, મૂલ્ય છાપ્યું નથી.

સંસ્કૃત પુસ્તકો

અથ નિગમાગમ વાક્ય રત્નાવલી—શ્લોકસંગ્રહકર્તા હૃષીકેશનિવાસી શ્રી ગોવિંદાનંદ પરમહંસ—નાની સાઇઝ પૃષ્ઠ ૯૬, ગ્લેજ કાગળ, સાદુ પૂઠું, મૂલ્ય છાપ્યું નથી.

અંગ્રેજી પુસ્તક

The Karma Philosophy. (કર્મ ફિલૉસોફી) એમાં સ્વ. વીરચંદ રાઘવજી ગાંધીએ અમેરિકામાં આપેલાં ભાષણો અને લેખોનો સંગ્રહ છે. સ્વ. જૈન પત્રકાર શ્રીયુત્ ભગુભાઇ કારભારી તેના સંગ્રહ કર્તા છે. પાકું પૂઠું, પૃષ્ઠ ૧૭૦, ડીમી અષ્ટપત્રી મૂલ્ય માત્ર ૦।~, પ્રકાશક: શેઠ દેવચંદ લાલભાઇ જૈન પુસ્તકોદ્ધાર ફંડ. મુ. સુરત.

આ ગ્રંથના કર્ત્તાનાં બીજાં પુસ્તકો

સ્વર્ગનું વિમાન

સોનેરી પૂઠું, પૃષ્ઠ ૪૦૦
(કિં. રૂ. ૧)

આ પુસ્તકની ત્રણ આવૃત્તિ થઇ ચૂકી છે એજ એની ઉપયોગિતા અને લોકપ્રિયતા બતાવી આપે છે. તેમાં ન્હાનાં બાળકો, સ્ત્રીઓ અને ગામડાના અભણ લોકો પણ સ્હેલાઇથી સમજી શકે તેવા ભક્તિ—જ્ઞાનના ૨૨૫ દાખલાઓ સ્હેલી ભાષામાં આપેલા છે. જેમકેઃ—"મહેતાજીએ પૂછ્યું કે ઈશ્વિર કયાં છે? છોકરાએ કહ્યું કે ઈશ્વિર કયાં નથી? સારા માણસ પાસે કરેલી માગણી વ્યર્થ જતી નથી તો ઈશ્વિર પાસે કરેલી જીગરની પ્રાર્થનાઓ કેમ વ્યર્થ જશે? સ્વર્ગમાં કોણ છે? બધાય છે; માત્ર આળસુઓજ ત્યાં નથી, ખરા બહાદુર કોણ? ભક્ત કે યોદ્ધા?" વગેરે વગેરે ઉત્તમ દૃષ્ટાન્તોથી આ પુસ્તક ભરેલું છે.

સ્વર્ગનાં રત્નો

સોનેરી પૂઠું, પૃષ્ઠ ૩૮૪
(કિં. રૂ. ૧)

ભક્તિમાર્ગની ચોથી ચોપડી હાલમાંજ બહાર પડી છે. ભક્તિ, જ્ઞાન, પ્રભુપ્રેમ, સત્સંગ, પ્રાર્થના, પરમાર્થ, પાપ, પુન્ય, ધર્મ, કર્મ, ગુરૂ, ભક્તો, મહાત્માઓ, સંતો, સુખદુઃખ, હરિદર્શન, અર્પણ, વગેરેના ઊંડા ખુલાસાવાળા ૧૦૧ દાખલા આ પુસ્તકમાં આપેલા છે. હરિજનો અને જિજ્ઞાસુઓનાં દ્રષ્ટાન્તો સાથે રસિક ભાષામાં એ દાખલાઓ હોવાથી હોંસે હોંસે વાંચવાનું મન થાય છે, તે પુસ્તક હાથમાં લીધા પછી મૂકવું ગમતું નથી.

વૈદ્ય અમૃતલાલ સુંદરજી પઢીયાર—મુંબઈ નં. ૨

સ્વર્ગની કુંચી

સોનેરી પૂઠું, પૃષ્ઠ, ૫૦૦ છતાં કિં. રૂ ૧)

સ્વર્ગની કુંચી હરેક કુટુંબમાં ખાસ વંચાવવા લાયક અને મિત્રોને, વિદ્યાર્થીઓને તથા હરિજનોને ભેટ આપવા લાયક છે; કારણ કે એની ભાષા બહુજ સ્હેલી છે, વિચારો બહુજ ઉત્તમ છે, દાખલા ચમત્કારિક છે, અને એમાં ધર્મની તથા પ્રભુનીજ વાતો છે. જેમકેઃ—એક સારૂં શાક ખાવામાં કેટલી મજા પડે છે ? અખંડ પ્રભુની દયા તો જુઓ કે જેના વિના ચાલે નહિ તે અનાજ સસ્તું કર્યું અને મોતી મોઘાં કર્યાં ! મ્હોટા લોકો ગરીબોને મળવા ન્હાતા નથી પણ મહાન પ્રભુ તો સૌને મળવા સદા તૈયારજ છે. પળની ખબર નથી ત્યારે ભલાં કામો આવતી કાલ ઉપર શું કરવા રાખો છો ? મરતી વખત તો **રામ રામ** ને બદલે **લામ લામ** થઇ જાય છે માટે હમણાથીજ ચેતો. વગેરે.

સ્વર્ગની સડક

સોનેરી પૂઠું, પૃષ્ઠ ૫૨૫ કિં. રૂ. ૧)

ભક્તિમાર્ગની પાંચમી ચોપડી જેવું આ પુસ્તક હાલજ નીકળ્યું છે. તેમાંના દાખલા જિજ્ઞાસુ અને હરિજનોને ખાસ જાણવા લાયક છે. જેવા કેઃ—વૃદ્ધોને શીખામણ, અંતરમાં રહેલાં પાપ કેમ કહાડવાં તેનો ખુલાસો, સત્સંગથી થતા લાભો, ભક્તિની ખુબી, કુટુંબસુખ મેળવવાના ઉપાય, પ્રભુને અર્પણ થઇ જવું એટલે શું ? જ્ઞાનીઓનાં લક્ષણ, ભક્તનો મહિમા, પ્રભુનું સ્વરૂપ, ૯૦ ૯૦ બાબતના લંબાણ ને સ્પષ્ટ ખુલાસાવાળા ૧૬૬ દાખલા આ પુસ્તકમાં છે.

વૈદ્ય અમૃતલાલ સુંદરજી પઢીયાર—મુંબઈ નં. ૨

લાયબ્રેરીના શોખીનોને ખુશ ખબર.

ફક્ત છ માસ માટે ઘટાડેલી કિંમત!!!

નામ.	મૂળ કીં.	ઘટાડેલી કીં.
૧ ધર્મવીર પં. લેખરામનું જીવનચરિત્ર.	૦—૧—૦	૦—૦—૬
૨ ઈશોપનિષદ્ (સટીક)	૦—૪—૦	૦—૨—૦
૩ ગર્ભાધાન વિધિ.	૦—૧૦—૦	૦—૮—૦
૪ મહર્ષિ અંક—એક ભાગ.	૦—૬—૦	૦—૪—૬
૫ મહર્ષિ અંક બન્ને ભાગ. આ ગ્રંથમાં મહર્ષિ દયાનંદ સંબંધી ભારતના પ્રસિદ્ધ વિદ્વાનોના અંગ્રેજી, હિંદી, તથા ગુજરાતી લેખોનો અદ્વિતીય સંગ્રહ છે.	૦—૧૦—૦	૦—૮—૦
૬ પુરૂષાર્થ પ્રકાશ (ગૃહસ્થાશ્રમ પ્રકરણ) ભારતભૂષણ સ્વામી શ્રી નિત્યાનંદજી કૃત.	૦—૧૦—૦	૦—૮—૦
૭ જ્ઞાતિ બંધારણ (પ્રાચીન અર્વાચીન ઇતિહાસ)	૦—૪—૦	૦—૩—૦
૮ પં. ગુરૂદત્ત વિદ્યાર્થી (એમ. એ.)ના લેખો અને તેમનું સંક્ષિપ્ત જીવન (પૂર્વાર્ધ.) વેદોના અર્થોની આ ખરી ચાવી છે. ગુજરાતી ભાષામાં આવું એકપણ પુસ્તક નથી.	૦—૮—૦	૦—૭—૦

ખાસ ધ્યાન આપો—ઉપરની બધી ચોપડીઓની છુટક કિંમત રૂ. ૩।~ અને ઘટાડેલી કીંમત. રૂ. ૨॥~ છે, પરન્તુ આખો સટ એક સામટો લેનારને અમે તે માત્ર **દોઢ રૂપિયામાં** આપીશું. પોસ્ટેજ જૂદું.

"**આર્યપ્રકાશ**" જેવા સંસાર તથા ધર્મ સુધારક પત્રના ગ્રાહક બની અથવા આપના મિત્રોને બનાવી, દેશમાં પ્રગતિ તથા ઉન્નતિનો વાયુ વ્હેવરાવો. ઇત્યોમ્

વિજયાદશમી ૧૯૭૦ } **પરધુભાઈ વ્હાલાભાઈ શર્મા.**

ગીરગામ—મુંબઈ } અધિપતિ તથા મેનેજર, **આર્યપ્રકાશ.**

આપણા ઋષિ મુનિયો પોકારીને કહે છે કે અનાથોને અન્ન-
દાન આપવું તેજ એક ગણું દાન અને હજાર ગણું પુન્ય છે.
જો પ્રભુએ આપ્યું હોય તો સતપાત્રે દાન કરી
પરલોકનું ભાથું બાંધી લ્યો.

બસો રૂપૈયામાં

અન્નદાન સાથે અમર નામ.

રૂ ૨૦૦) દાન આપનાર દાતાના નામથી તે કહે તે એક દિવસે દર વર્ષે દાતાના સ્મરણમાં અનાથોને ભોજન અપાય છે; તથા આરસની તખતીમાં નામ-ઠામ કોતરી ઑફીસમાં ચોટાડી યાદગીરી કાયમ રખાય છે.

ઉપલી રીતે ટુંક સમયમાંજ ૪૫ દીવસો અન્નદાન ખાતે દાતાઓ તરફથી રોકાઈ ગયા છે.

આ આશ્રમમાં અનાથ નિરાધાર બાળકો, ત્યજાએલાં ધાવતાં બાળકો, વૃદ્ધ અશક્ત અપંગો વગેરેને પોષવામાં આવે છે. દરેક જાતનાં દાન લેવાય છે.

રૂ ૨૫) દાન આપવાથી આશ્રમને ગૌદાન આપેલું ગણી તેના વ્યાજમાંથી દર વર્ષે એક દિવસ અનાથોને દૂધ આપવામાં આવશે.

એક રૂપીઆથી વધુ દાન આપનારનાં નામ વાર્ષિક રીપોર્ટ કે જે મફત મળે છે તેમાં પ્રસિદ્ધ થાય છે, માટે દાન મોકલી જરૂર દયા લાવી રીપોર્ટ મંગાવવા લખોઃ—

મંત્રી—હિંદુ અનાથાશ્રમ, નડીઆદ.

શ્રી ગોપાળકૃષ્ણ અનાથાશ્રમ

જીવનનો લ્હાવો ! સુપાત્રે દાન !

दरिद्रान्भर कौंतेय मा प्रयच्छेश्वरे धनम् ।
व्याधितस्यौषधं पथ्यं नीरुजस्य किमौषधैः ॥

યોગેશ્વર શ્રી કૃષ્ણ ભગવાન્ અર્જુન પ્રત્યે કહે છે કેઃ— જે દુઃખીઓ આ વિશ્વમાં—અશક્ત—યાને અનાથ છે તેઓને અર્થે દ્રવ્યનો વ્યય કર; અને તેજ સાર્થક છે, કારણ કે વ્યાધિવાળાને ઔષધ અપાય તેજ ઉપયોગી છે, વ્યાધિ વિનાનાને ઔષધ આપવાથી શું ?

દાનવીર શ્રીમંતો ! શાસ્ત્રાજ્ઞાનું પાલન કરવું તે મનુષ્ય માત્રનું કર્તવ્ય છે. ઉપરની તે આજ્ઞા પ્રમાણે વર્તો. અમારી સંસ્થામાં અનાથ બાળકો, નિરાધાર વિદ્યાર્થીઓ, ગરીબ વિધવાઓ તથા વ્યાધિગ્રસ્ત કંગાલ મનુષ્યોનું પોષણ થાય છે. તો બંધુઓ કરકમલ લંબાવો અને ઈશ્વરનો પ્રેમ મેળવો. વ્યવસ્થા સંપૂર્ણ સહીસલામત રીતે પ્રતિષ્ઠિત ગૃહસ્થોના હાથમાં છે. દાન આપનાર દાતાને પહોંચ મોકલાય છે. તેમજ પેપરોમાં નામ પ્રસિદ્ધ થશે. એક રૂપીઆથી વધુ દાન કરનાર દાતાને વાર્ષિક રીપોર્ટ મોકલવામાં આવશે. દયા લાવી લખોઃ—

મણીલાલ રામશંકર ઠાકર.

'મંત્રી' શ્રી ગોપાળકૃષ્ણ અનાથાશ્રમ-સિદ્ધપુર

સનાતન ધર્મની ગર્જનાઓ.

ફક્ત રૂ. ૧।।માં બાર માસનાં ૧૬૦૦ પૃષ્ઠો!!!

ગર્જનાઓના ગ્રાહક થનારને અનેક લાભો મળવાના છે. વિશેષ ખુલાસા માટે નીચેને સરનામે રૂ. ૦-૦-૬ની ટીકીટો બીડીને એકદમ લખો.

પ્રથમ ગર્જના શ્રીમાર્કંડેય ઋષિનું અદ્ભુત જીવનચરિત્ર લખાયું છે. તમે ઘણાં પુસ્તકો વાંચ્યાં હશે; પરંતુ ગર્જનાઓની ખુબી તો ઓરજ છે. તમે અમારી પાસેથી વિશેષ ખુલાસો મંગાવશો એટલે તમે પોતેજ ૧૬૦૦ પૃષ્ઠોની ગર્જનાઓ મફત મેળવવા ભાગ્યશાળી થશો.

મણિલાલ મગનલાલ ત્રિવેદી.

મંત્રી, શ્રી સનાતન ધર્મ પુસ્તક પ્રસારક મંડળ.

ઠે૦ રાયપુર, નાઈવાડા આગળ રસ્તા ઉપર. અમદાવાદ.

શંકર સંગીતાવલિ.

કવિ મહારાણીશંકર શર્માએ તૈયાર કરેલું, ઈશ્વર, રાજ્ય તથા દેશની ખરી ભક્તિ, ખરૂં આર્યત્વ, વેદ ઉપર જાતીયતાની રક્ષા, ખરો સુધારો, આત્મિક ધૃતિ, સત્ય નિષ્ઠા, બ્રહ્મચર્ય, ગુરૂકુળ મહિમા, વર્ણાશ્રમની મર્યાદા, નારી મહત્વ આદિ અનેક ઉપયોગી ઉત્તેજનામય ઉપદેશથી ભરપુર; વીર, શાંત, હાસ્ય તથા પ્રેમરસનાં ઉત્તમોત્તમ સવાબસો કાવ્યોનું પુસ્તક કીં. ટપાલ ખર્ચ સાથે રૂ. ૦–૧૨–૦.

જ્ઞાનનો ફેલાવો કરવા સારૂ પડતર કીંમતે પ્રસિદ્ધ થયેલાં પુસ્તકો.

અર્વાચીન શાસ્ત્ર ને શાસ્ત્રીય વિચાર.	૦–૮–૦
હર્બર્ટસ્પેન્સર તત્ત્વદર્શન, જીવન સાથે.	૦–૮–૦
રામાયણનું રહસ્ય.	૦–૬–૦
મનુ સ્મૃતિ.	૧–૦–૦

સારા અભિપ્રાયો મળેલા છે. નમુના સારૂ લખોઃ—

રામપ્રસાદ નારાયણભાઈ.

ખાડીઆ લાખીઆની પોળ—અમદાવાદ.

ગોદરેજની તીજોરી અને મોતી.

ગોદરેજની તીજોરીઓના સંબંધમાં ઝવેરીઓ વારેવારે એવો સવાલ ઉઠાવે છે કે એ તીજોરીઓમાં આગની વખતે કાગજ બળતા નથી એ ખરૂં છે, છતાં તીજોરીની અંદર મેલેલાં મોતીનું આબ ઉડી જાય કે નહિ ?

ગયા નવેમ્બરમાં ગીરગામ બેક રોડ ઉપર શેઠ લાલજી દયાલનાં મકાનમાં મોટી આગ થઇ તે ઘરમાં શેઠ ગોરધનદાસ પટેલની માલેકીની એક તીજોરી ગોદરેજની બનાવેલી હતી અને તેમાં કાગજ ઉપરાંત મોતીની એક પોટલી હતી તે મોતીની હાલત આગ પછી કેવી હતી તે શેઠ ગોરધનદાસે ગોદરેજ ઉપર લખેલા નીચલા કાગજ ઉપરથી સમજી શકાશે—

મેસર્સ ગોદરેજ અને બાઇસ જોગ—

થોડા દહાડા ઉપર ગીરગામ બેક રોડનાં મારાં ઘરમાં આગ લાગી ...ને મારા વપરાસમાં તમારી એક તીજોરી હતી. મારી રહેમથળું બળીને રાખ થઇ ગયું હતું અને જ્યાં આગ ...તી ત્યાં તમારી તીજોરી હતી. તીજોરીમાં કરનસી ...પરાંત સોનાના દાગીના હતા અને થોડાંક છુટાં ...ા. તીજોરી ગોદરેજની બનાવેલી એટલે સૌની ...ર સલામત રહેશે પણ મોતીની હાલત ...કેટલાકોને શક હતો. તીજોરી ખોલતાં ...ચ્ચે કાગજો તેમજ મોતી સંપૂર્ણ

...ક,—ગોરધનદાસ વી. પટેલ

...નું—ગેસ કંપની પાસે, પરેલ—મુંબઇ.

...બા—રીચીરોડ—અમદાવાદ.

અગત્યની જાહેરખબર

અગત્યની જાહેરખબર—બહુ ખુલ્લું મોઢું (બહુ વાચાળપણું), એ હૃદય તેટલુંજ ખાલી હોવાની જાહેરખબર છે; અને જ્યાં ત્યાં દોડતી ફરતી દ્રષ્ટિ, એ મન ઠેકાણે નહિ હોવાની જાહેરખબર છે.

શરમ અને ફેશન—ફાટેલાં કપડાં શીવીને અને મેલાં કપડાં ધોઇને પહેરવામાં જરા પણ શરમાશો નહિ. વળી ફેશનની બિલકુલ પરવા ન કરતાં તમારાં પગરખાં તથા કપડાં તંગને બદલે થોડાંક ઢીલાં રાખજો.

શરદી અને ગરમી—ઋતુઓને લઇને માલુમ પડતી બહારની શરદી કે ગરમીને તમે ન ખમી શકો તો નક્કી સમજજો કે તમે નાજુક નહિ પણ મુરદાલ છો; અથવા તો તેના સામે સાદા ઉપચારોથી રક્ષણ કરવા જેટલી સામાન્ય અક્કલ પણ તમારામાં નથી. તમારી સામાન્ય ફરજો બજાવવામાં એ શરદી–ગરમીથી અટકાવ નજ પડવો જોઇએ.

જીવ્યાથી મુવા ભલા—તમે દિવસે દિવસે એવા બનતા જાઓ કે જેથી નિષ્કામતાપૂર્વક તમારા દેશને કાંઈ પણ લાભ પહોંચાડી શકો. જેઓ એવા બનવાને ન ઇચ્છે તેમણે જીવવા કરતાં મરી જવું એ વધારે સારૂં છે.

સભ્યતા—જો તમે કોઈને સલામ કરો તો તેની સાથે તેની સામે સભ્યતાપૂર્વક જુવો પણ ખરા.

જનરલ નોગી—એ નામના જાપાનના મહાન દેશાભિમાની યોદ્ધાએ ત્યાંના યુવકો માટે જે સાત નિયમો ઘડી આપ્યા હતા, તેને આધારેજ ઉપલી પાંચ બાબતો અહિં આપેલી છે.

જુવાનનો વૃદ્ધ—જીવનચરિત્રો અને ઇતિહાસના વાંચનથી મનુષ્ય જુવાનનો વૃદ્ધ બની જાય છે ખરો; પણ તેથી કાંઈ ડોસાની પેઠે તેના વાળ સફેદ બની જતા નથી કે નથી તેની આંખો બેસી જઇને ગાલપર કરચલીઓ પડતી. હા, તે વૃદ્ધ મનુષ્યના જેવો અનુભવી–ડાહ્યો બને છે ખરો; પણ કાંઈ ડોસાજી જેવો ખડખડ પાંચમ (શક્તિહીન) બની જતો નથી.